પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૧ • જાન્યુઆરી ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

પ્રાચીન-અર્વાચીન વિવિધ મુદ્રાવાળી
શ્રી સરસ્વતીદેવી-શારદાદેવી

જિન-વચન

પ્રાણીનો વધ કરનાર પોતાનું વેર વધારે છે

सयं तिवायए पाणे अदुव ऽ न्नेहिं घायए ।
हणंतं वा ऽ णुजाणाइ वेरं वड्ढइ अप्पणो ।।

સૂત્રકૃતાંગ ૧-૧-૩

જે માણસ પોતે પ્રાણીઓનો ઘાત કરે છે અથવા બીજા પાસે ઘાત કરાવે છે અથવા કરનાર વ્યક્તિનું તે માટે અનુમોદન કરે છે, તે પોતાનું વેર વધારે છે.

A Person who kills any living being either himself or gets it killed by someone else or supports someone who is killing, eventually increases his own enmity.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯થી૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

સૌને બદલાવું પડે છે

સમય, સંજોગો અને સમાજ અનુસાર સૌને બદલાવું પડે છે. જે બદલાતા નથી તે બધા દુઃખી થાય છે અને બીજાને દુઃખી કરે છે.

દીકરો મોટો થતાં દીકરાના બાપને બદલાવું પડે છે, દીકરી મોટી થતાં દીકરીની માને બદલાવું પડે છે અને વહુ ઘરમાં આવતાં સૌને બદલાવું પડે છે.

દીકરો જેમ જેમ મોટો થાય છે, ભણતો થાય છે, કમાતો થાય છે, તેમ તેમ તેનું માબાપ પ્રત્યેનું વર્તન બદલાય છે અને તેના પરણ્યા પછી વધારે બદલાય છે. તેમજ માબાપ સાથે ઘરમાં ભેગા રહેવાનું થતાં અને સંતાનો થતાં, પરિસ્થિતિ પ્રમાણે દીકરા અને વહુને બદલાવું પડે છે.

તેવી જ રીતે સંજોગોવશાત્ દીકરા અને વહુના ઘરમાં માબાપને ભેગા રહેવાનું થતાં, દીકરાના માબાપને બદલાવું પડે છે અને દાદા/દાદી બનતાં વધારે બદલાવું પડે છે.

આમ વેપાર, ધંધા, કુટુંબ, સમાજ, સમય, સંજોગો અને દેશકાળ પ્રમાણે સૌને બદલાવું પડે છે. જે બદલાતા નથી અને દીવાલની જેમ આડા ઊભા રહે છે, તે દુઃખી થાય છે અને બીજાને પણ દુઃખી કરે છે. જે બદલાય છે, તે બધા સુખી થાય છે અને બીજાને સુખી કરે છે. આમ જેઓ પવન પ્રમાણે સઢ ફેરવે છે, તેઓ જ કિનારે પહોંચે છે. +++

□ ધીરુભાઈ શાહ
હ્યુસ્ટન - ટેક્સાસ (યુ.એસ.એ.)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ગાંધી હત્યા, વધ કે બલિદાન	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	આચાર્ય સમંતભદ્ર તથા મહાત્મા ગાંધી : એક તુલનાત્મક દૃષ્ટિ	હિંદી : ડૉ. રામજીસિંહ અનુવાદ : પુષ્પા પરીખ	૬
(૩)	સમર્થ સંતો સાથે પ્રો. ડેવિડ હાર્ડિમનનો વાર્તાલાપ	શશિકાંત લ. વૈદ્ય	૮
(૪)	સંત-ભજનિકોની અવળવાણી	ડૉ. નિરંજન રાજ્યગુરુ	૯
(૫)	આગમ દિવાકર પૂ. જનકમુનિ મ. સા.	ગુણવંત બરવાળિયા	૧૩
(૬)	પાંચ સમવાયનું સ્વરૂપ	પારુલબેન ભરતકુમાર ગાંધી	૧૪
(૭)	માર્ગ અકસ્માત : પત્રચર્ચા	ડૉ. યોગેન્દ્ર પારેખ	૧૬
(૮)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૧૮
(૯)	૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	દક્ષા જાની	૧૯
(૧૦)	આગમ મહોત્સવ અને સાહિત્ય જ્ઞાનસત્ર-૭	ગુણવંત બરવાળિયા	૨૧
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૨૪	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૩
(૧૨)	જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ-૧૮ : શ્રી પ્રજ્ઞાપના સૂત્ર	ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી	૨૬
(૧૩)	અવસર	પુષ્પાબેન પરીખ	૩૦
(૧૪)	શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે સામયિકનું મહત્ત્વ	ડૉ. મિલનબેન એમ. લંગાળિયા	૩૧
(૧૫)	નેમજીનો ચોક	ડૉ. કવિન શાહ	૩૩
(૧૬)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૫
(૧૭)	પંથે પંથે પાથેય : અંતે શ્રદ્ધા ફળી	જયસુખલાલ વોરા	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૧ ● જાન્યુઆરી ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● પોષ સુદ-તિથિ-૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ગાંધી હત્યા, વધ કે બલિદાન?

હમણાં 'જન્મભૂમિ-પ્રવાસી'માં વાંચ્યું કે મરાઠી સાહિત્ય સંમેલનની ૮૪મી બેઠકની સ્મરણિકામાં મહાત્મા ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેને મહાનુભાવ તરીકે પ્રગટ કર્યો. જેઓની જન્મ શતાબ્દિ ઉજવવામાં આવી રહી છે તે ૨૫ મહાનુભાવોમાં નથુરામ ગોડસેનો સમાવેશ કરવામાં આવ્યો!

જો કે રાષ્ટ્રવાદી કોંગ્રેસના વિધાન સભ્ય જિતેન્દ્ર આવ્હાડેનો વિરોધ થતાં સંમેલનના આયોજકોએ સ્મરણિકા-માંથી આ વાંધાજનક સંદર્ભ દૂર કર્યો, અને આયોજન સમિતના વડા પી. કે. દાતારે આ અંગે માફી પણ માંગી.

આ અંકના સૌજન્યદાતા

શ્રી માણેકલાલ એમ. સંગોઈ

સ્મૃતિ : પૂ. શ્રી મગનલાલ હીરજી સંગોઈ અને

પૂ. માતુશ્રી રાજબાઈ ટોકરશી વીરજી વીરાના સ્મરણાર્થે

પરંતુ આ નામ પછીથી દૂર કરવું અને માફી માંગવી, એના પહેલાં આ સ્મરણિકાના સર્જન વખતે પ્રક્રિયા શું થઈ હશે? મરાઠી સાહિત્ય સંમેલન જેવી મહાન ઘટના બની રહી હોય ત્યારે આ સ્મરણિકાની તૈયારી માટે એમાં કોણ કોણ મહાનુભાવ સંકળાયેલા હતા, એ મહાનુભાવોની વિચાર વિભાવના શું હતી? એની તપાસ જરૂરી નથી? ધૂંવાડો દેખીને આગ શોધવા જઈએ તો કશુંક તો જરૂર મળે જ.

આ 'માફી' અને 'સંદર્ભ દૂર' કર્યાનો હવે શું અર્થ? એક વિચાર તો સમાજ સમક્ષ મૂકી દીધો ને! ગાંધીજીનો હત્યારો મહાન હતો! આ વિચારના વર્તુળો રોકાવાના નથી જ.

જે મહાનુભાવોએ આ 'વિચાર'ને વહેતો કરવો હતો એનું તો કામ પાર પડી ગયું, ઉલટાનું આ 'માફી' પ્રતિક્રિયાથી એના વિચારને વધુ પ્રચાર મળ્યો. તિર કે ગોળી છૂટે પછી કોઈ ને કોઈ તો ઘાયલ થાય જ. આખલાઓને ખેતરમાં છોડી દયો, પાકનો વિનાશ થઈ જાય પછી આખલાને પાછા વાડામાં પૂરવાનો શો અર્થ?

ગાંધી હત્યાના નથુરામ ગોડસેના કૃત્યને 'યોગ્ય' સમજનારા ત્યારે પણ ઘણાં ભારતીય હતા, આજે પણ એ હવાની લહેરખી મોજુદ છે એની આ પ્રતીતિ! 'ગાંધીજીના ગુરુ (ગોપાલ કૃષ્ણ ગોખલે) અને ગાંધીજીના પટશિષ્ય (વિનોબા ભાવે) બન્ને મરાઠીભાષી બ્રાહ્મણ હોવા છતાં મહારાષ્ટ્રનો બ્રાહ્મણ સમાજ ગાંધીવિરોધી રહ્યો છે એનાં ઘણાં કારણ છે. મરાઠીભાષી સમાજમાં લાંબા સમયથી બ્રાહ્મણ-બ્રાહ્મણોતર સમાજ વચ્ચે ઉગ્ર દ્વેષ અને ધિક્કારની લાગણી પ્રવર્તે છે.

આજે પણ આ વિખવાદ મરાઠી રાજકારણનો પ્રધાન પ્રવાહ છે. પછાત વર્ગો અને દલિતોના પક્ષકાર એવા ગાંધીજી માટે બ્રાહ્મણોનાં મનમાં અતિશય ધિક્કાર હોય એમાં નવાઈ નથી. લોકમાન્ય ટિળકની આગેવાની ગાંધીએ ખતમ કરી એવું પણ સમજવામાં આવે છે. ગાંધીજી કોંગ્રેસના સર્વમાન્ય આગેવાન બન્યા ત્યારથી અમુક મરાઠી બ્રાહ્મણ આગેવાએ કોંગ્રેસ છોડી અને બ્રાહ્મણો ખસી જવાથી મરાઠા આગેવાનો ૧૯૨૮થી કોંગ્રેસમાં જોડાયા. મહારાષ્ટ્રમાં આજે પણ કોંગ્રેસ મરાઠાઓની સંસ્થા ગણાય છે. ગાંધી પ્રત્યેનો ધિક્કાર વધતો ચાલ્યો અને એમની હત્યા થઈ ત્યારે બ્રાહ્મણોએ કરેલી ઉજવણીના

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

પરિણામે મહારાષ્ટ્રમાં મોટા પાયા પર બ્રાહ્મણવિરોધી હુલ્લડ થયેલાં.' (ચિત્રલેખા, ૧૦ જાન્યુ. અંક)

ગાંધીજીના અણુઅણુને સમજ્યા વગર આપણા બૌધિકોએ ગાંધીજીને અપાર અન્યાય કર્યો છે.

થોડા સમય પહેલાં જ વિદ્વાન પ્રાધ્યાપક મિત્ર ડૉ. યોગેન્દ્ર પારેખે મરાઠીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર નરહર કુરુંદકરની યોગેશ કામદાર દ્વારા મરાઠીમાંથી ગુજરાતીમાં અનુવાદિત, ગાંધી સ્મારક સંગ્રહાલય પ્રકાશિત ૨૩ પાનાની નાની પુસ્તિકા મને મોકલી, શિર્ષક છે, 'શહીદીઃ ગાંધીની કે ગોડસેની!', આ પુસ્તિકા સાથે 'નિરીક્ષક'માં પોતાનો છપાયેલો લેખ પણ મને મોકલ્યો. આ પુસ્તિકાનું વિચાર આકાશ સ્પષ્ટ પણે ખુલે એટલે મિત્ર યોગેન્દ્ર પારેખના એ લેખનો પહેલો પરિચ્છેદ ઋણ સ્વીકાર સાથે વાચક સમક્ષ પ્રસ્તુત છેઃ

'ગાંધીજીની હત્યાના ગુના બદલ જનમટીપની સજામાંથી નથુરામ ગોડસેના ભાઈ ગોપાળ ગોડસે ઑક્ટોબર ૧૯૬૪માં છૂટ્યા. છૂટકારા બાદની 'નવરાશ'ના દિવસોમાં તેમણે પુસ્તક લખ્યું: 'ગાંધીહત્યા આણિ મી'. મૂળ મરાઠીમાં આ પુસ્તક લખાયું. પ્રકાશકે મરાઠીના સુપ્રસિદ્ધ બૌદ્ધિક નરહર કુરુંદકરને પ્રસ્તાવના લખવા કહ્યું. કોઈ પણ કાપકૂપ વગર છાપવાની શરતે નરહર કુરુંદકરે પ્રસ્તાવના લખવાનું સ્વીકાર્યું. પુસ્તકમાં ગાંધીહત્યાને એક અનિષ્ટ તત્ત્વના વધ તરીકે અને હત્યારા નથુરામને શહીદ તરીકે રજૂ કરેલા. આ વિધાનનો સર્વાંગ અને કુશાગ્ર ચર્ચાપૂર્વક પરિહાર કરતી કુરુંદકરની પ્રસ્તાવના પહેલી આવૃત્તિમાં તો છપાઈ ગઈ, પણ પછીની આવૃત્તિઓમાંથી ગાયબ! પછીથી કુરુંદકરે પોતાના નિબંધસંગ્રહ 'શિવરાત્ર'માં આ પ્રસ્તાવના છાપી.'

હવે આ પ્રસ્તાવના પુસ્તિકામાંથી કેટલાંક વાક્યો આપની સમક્ષઃ

'૩૦ મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ગાંધીજીની હત્યા થઈ તે એક ક્રૂર ઘટના તો હતી પણ સાથે સાથે મહાત્માના જીવનની એક ઉજ્જવળ અને નાટ્યાત્મક ઘટના પણ હતી. જેમ ઈસુને અને સોક્રેટિસને તેમના પોતાના જ લોકોએ માર્યા તેવું જ ગાંધીજીનું થયું અને માનવતાની વેદી પર જેમનું બલિદાન આપનાર મહાપુરુષોની યાદીમાં એક વધુ નામ ઉમેરાયું. જેણે અપકાર કર્યો જ હોય તેનું પણ ભલું જ કરવું તેવો તેમનો આગ્રહ. પોતાના આવા ધ્યેયવાદી ગાંડપણનો ભય વ્યવહારુ જીવન જીવનારાઓ જીરવી નહિ શકે તેનું ભાન હોવા છતાં તેઓએ પોતાનો રસ્તો બદલ્યો નહીં. તેમના નિધનથી પરોપકારની આ જ્યોત વધુ પ્રજ્વલિત થઈ...મારી દૃષ્ટિએ અને મારા જેવા કરોડો લોકો માટે તેઓ (ગાંધીજી) નવા ભારતના ઉદ્‌ઘોષક હતા. ભારતની પ્રજાના સર્વોચ્ચ અને શ્રેષ્ઠ પ્રતિનિધિ હતા અને રાષ્ટ્ર પિતા હતા.

આ કરોડોમાંના દરેકને ગાંધીવાદી સ્વીકાર્ય હતો જ તેમ નહોતું.. મહારાષ્ટ્ર એ ગાંધીજીના કટ્ટર વિરોધીઓનો પ્રાંત હોવા ઉપરાંત ચુસ્ત અનુયાયીઓનો પણ પ્રાંત છે...(ગાંધી હત્યા પહેલાં) જ્યાં હુલ્લડો ફાટી નીકળેલાં, તે પણ ગાંધીજીની હત્યાથી શાંત પડી ગયા...મહારાષ્ટ્ર એક જ એવો પ્રાંત હતો ત્યાં ગાંધીજીની હત્યાને પગલે તોફાનો થયા અને આ તોફાનો એવા લોકોએ ભડકાવ્યાં જેમને ગાંધીજી માટે કોઈ પ્રકારની શ્રદ્ધા નહોતી...શૈલીની દૃષ્ટિએ ગોપાળ ગોડસેનું આ પુસ્તક પ્રભાવશાળી અને આકર્ષક છે પણ વિગતોમાં ધૂર્તપણું અને હકીકતોમાં મરોડ છે...સજા ભોગવીને ગોપાળ ગોડસે હવે છૂટ્યા છે, ગાંધીજીની હત્યા કરવાનું કાવતરું ઘડાયું હતું કે? પોતે આ કાવતરામાં ભાગીદાર હતા કે? આ બન્ને પ્રશ્ને આજે પણ ગોપાળ ગોડસે કોઈ સ્પષ્ટતા કરતા નથી...ગોડસે ભાઈઓની હિંદુરાષ્ટ્ર પ્રત્યે કે ભારત દેશ પ્રત્યેની નિષ્ઠા માટે કોઈના મનમાં શંકા નહીં ઉપજે, મારા મનમાં પણ નહીં, પણ મૂળ સવાલ એ છે કે **એક વ્યક્તિનો દેશ પ્રેમ તેને હત્યા કરવા સુધી લઈ જાય તો તેવા હત્યારાને શહીદ કેવા સંજોગોમાં ગણવો?**...સરદારે (વલ્લભભાઈ પટેલ) મોટું મન દાખવ્યું અને મહારાષ્ટ્રને કે બ્રાહ્મણ વર્ગને ગાંધીજીની હત્યા માટે જવાબદાર ન ગણ્યા. સરદારના સવાલનો અને અન્ય નિકટના લોકોના લખાણો ગવાહી પૂરે છે કે સરદાર દૃઢપણે માનતા કે ગાંધીજીની હત્યા માટે મહારાષ્ટ્રનો હિંદુત્વવાદ જ જવાબદાર હતો...હકીકતમાં તો ગાંધીજીની હત્યાના કાવતરા વિશે કાંઈ પણ કહેવા ગોડસે તૈયાર નથી... તો પછી એક જ વાત બાકી રહે છે–ગાંધીજી પર બોમ્બ ફેંકી તેમનો જાન લેવો અને આમ કરતા થોડા નિર્દોષોનો જાન જાય તો પણ કાંઈ વાંધો નહીં–આ હતું મૂળ કાવતરું. પણ આ નિષ્ફળ ગયું એટલે ગોળી મારીને (ગાંધીજીનો) જાન લીધો...ગાંધીજીની પ્રાર્થના સભામાં ધાંધલ પેદા કરવાનું કામ હિંદુત્વ વાદીઓ સતત કરતા આવ્યા હતા તેના પુષ્કળ પુરાવાઓ છે...૧૩મી જાન્યુઆરીએ નથુરામે પોતાનો વીમો ચંપૂતાઈ આપટેના નામે કર્યો તેનો અર્થ એ કે ત્યારે નિર્ણય લેવાઈ ગયેલો કે ગાંધીજીની હત્યા બોમ્બ ફેંકીને કરવી અને તેમાં સફળ ન થવાય તો પછી ગોળીઓ મારી તેમનો જાન લેવો. આ બંન્ને નિર્ણયો લેવાઈ ચૂક્યા હતા. આનો નિષ્કર્ષ એટલો જ કે પાકિસ્તાનને ૫૫ કરોડ રૂપિયા આપવાના નિર્ણય પહેલાં અને ગાંધીજીના ઉપવાસ પહેલાં જ કાવતરું પૂરેપૂરું ઘડાઈ ચૂકેલું ને કાવતરાની દરેક વિગતો પણ નક્કી થઈ ગઈ હતી...લાહોરનો બદલો દિલ્હીમાં લેવામાં આ સજ્જન (ગાંધીજી) નડવાનો હતો એટલે તેને દૂર કરવા આ કાવતરું ઘડાયું. કાવતરાખોરોએ એમ ધારેલું કે જાતિવાદનો બદલો લેવામાં

ગાંધીજીને ખતમ કરવાથી મોકળાશ થશે...માઉન્ટબેટનનો જવાબ માર્મિક હતો, 'ખુની હિંદુ જ હોવો જોઈએ, તે જો મુસલમાન હશે તો આપણે કોઈ નહિ બચીએ.' જરા કલ્પના કરો. ગાંધીજીનો હત્યારો જો મુસલમાન હોત તો? પણ તે હતો હિંદુ...ગાંધીજીની હત્યાનો એવો તો આઘાત લાગ્યો કે આખો દેશ હચમચી ગયો. કોમી રમખાણો અટકી ગયા...**ભારતનો મુસલમાન એકદમ સુરક્ષિત થઈ ગયો**...હિંદુઓનો સામનો કરવા માટે એક કાયમી હથિયાર મુસલમાનોને મળી ગયું...૧૯૪૮ પછી મુસલમાનોનું પ્રચાર તંત્ર એક વાક્ય ઉપર કેન્દ્રિત થયું છે એમ કહી શકાય. તે વાક્ય તે એટલે, 'જેમને પાકિસ્તાન જવું હતું તે જતા રહ્યા. જે ભારતમાં રહ્યા તે આ દેશને વફાદાર છે. **મહાત્માની હત્યા કરવાની હદ સુધી જાય તેવો કોમી ઉન્માદ મુસલમાનોમાં ક્યારેય નહોતો...**' ગાંધીજીની હત્યા તો તેમની જિંદગીની એક ઉજ્જવળ ઘટના હતી તે વાક્યનો ઉત્તરાર્ધ એ છે કે તેના કારણે આપણા દેશમાં બિન સાંપ્રદાયિકતા (સેક્યુલારિઝમ) ટકી રહી...દેશ પ્રેમ હોય તો દરેક વ્યક્તિને શહીદ કેમ કહી શકાય?...નથુરામને તો હું કોઈ સંજોગોમાં શહીદ નહીં ગણું. શહીદીની એક ઊંચી નીતિમતા હોય છે. નથુરામ ગોડસે નામના આરોપીએ મોહનદાસ કરમચંદ ગાંધીની હત્યા કરવાનો ગુનો કર્યો છે તેથી તેને ફાંસીની સજા થવી જોઈએ તેવા અદાલતી નિર્ણય સામે ગોપાલ ગોડસેની કોઈ ફરિયાદ નથી–ખુદ નથુરામની પણ નહોતી. કાયદા મુજબ એ આ સજા યોગ્ય હતી તેમાં કોઈ મતભેદ નથી...બોમ્બ ફેંકી ગાંધીજીની હત્યા કરવાનો પ્રયત્ન કરનાર નથુરામને મોતનો ડર નહોતો અને તે ધૈર્યથી ફાંસીએ ચડ્યો પણ આવા ધૈર્યને કારણે **નથુરામ શહીદ થયો એમ કહેવાય કે?...**'

(આ પુસ્તિકાનું પ્રાપ્તિસ્થાન : ગાંધી સ્મારક સંગ્રહાલય, હરિજન આશ્રમ–અમદાવાદ–પ્રથમ આવૃત્તિ ૧૯૯૯. આવી વિશિષ્ટ પુસ્તિકાની એક દાયકામાં એક જ આવૃત્તિ: જય હો વાંચે ગુજરાત!!)

દાયકા પહેલાં 'ગાંધી કે ગોડસે' (લેખક જયસુખ સવરાણિયા) શિર્ષકથી નાટક રજૂ થયું હતું, એમાં લેખક મહાશયે ગાંધીની 'હત્યા'ને સ્થાને 'વધ' શબ્દ યોજીને નથુરામ ગોડસેના આ કૃત્યને ગૌરવાંતિક કરવાનો પ્રયત્ન કરેલો. જોડણી કોશમાં 'હત્યા'નો અર્થ છે 'ઘાતક', વધ, જીવ લેવો તે, પ્રાણીને મારવાથી લાગતો દોષ અને 'વધ'નો અર્થ છે 'કાપીને મારી નાખવું'–આ બન્ને શબ્દની ક્રિયામાં વિશેષ ભેદ નથી, પણ આપણા પ્રાચીન શાસ્ત્રમાં અનિષ્ટના નાશને વધ તરીકે પ્રયોજાયો છે, જેમ કે કંસનો વધ, દુર્યોધનનો વધ વગેરે. તો ગાંધીજીના અહિંસા, ભાઈચારા, ત્યાગ અને શાંતિના તત્ત્વને અનિષ્ટ કહેશું? ગોડસે આણિ મંડળીને સંસારના આ શુભ તત્ત્વો અનિષ્ટ લાગ્યા? આ સમય દરમિયાન કે આગળ પાછળ મરાઠી લેખક દળવી મહાશયે 'મિ. નથુરામ ગોડસે બોલતો ય' નાટ્ય પ્રસ્તુત કર્યું હતું. આ નાટકમાં પણ નથુરામના કૃત્યને યોગ્ય ઠરાવવા પ્રયત્ન થયો. જો કે વિચારક વર્ગે ખૂબ જ ઉહાપોહ કર્યો અને આ નાટક ઉપર પ્રતિબંધ આવ્યો, અને ઘણું ઘણું થયું. પરંતુ એક કુત્સિત વિચારને વહાવી દીધા બાદ આ બધું બન્યું, એ અતિ દુ:ખદ તો છે જ.

વ્યક્તિનું હનન કરવાથી એના વિચારનું હનન ક્યારેય થતું નથી, ઊલટાનું એ વિચારને ત્યાગ અને બલિદાનનું તેજ અને ચિરંજીવતા મળે છે, ગાંધીજીના શરીરના હનનથી એમના આ વિચારો તો જગતના અણુએ અણુમાં ચિરંજીવ માર્ગદર્શક બની ગયા.

૧૯૪૭-૪૮નું વર્ષ ભારતના આ ઇતિહાસનું પાનું સ્વાતંત્ર પ્રાપ્તિનું ઉજ્જવળ પાનું છે તો દેશના ભાગલા, ગાંધી હત્યા-શહાદત અને ત્યારે સર્જાયેલો ક્યારેય ન ઉકેલાય એવો અને સદા યુદ્ધ-હિંસાના નગારા વગાડતો કાશ્મીરનો પ્રશ્ન એ આ જ ઇતિહાસના બીજા પાના ઉપર લખાયેલા કાળી શાહીના શબ્દો છે.

ગાંધી એક વ્યક્તિ હતા, પોતાના પરિવારની મુખ્ય વ્યક્તિ હતા, માનવ હતા, સ્વાતંત્ર્ય સેનાની હતા, અને મહાત્મા હતા તેમજ ભારતના રાષ્ટ્રપિતા હતા અને સર્વદા રહેવાના.

આ વ્યક્તિની નીજી વિચારધારા હતી, જેના તરફ સમગ્ર જગત આકર્ષાયું હતું અને આજે પણ વિશ્વ શાંતિનું માર્ગદર્શન જગતના ચિંતકો એમની વિચાર ધારામાંથી જ શોધે છે, કારણ કે એ વિચારધારામાં એક તપ હતું, સત્યના પ્રયોગો હતા, ઈશ્વર પ્રેરિત સિદ્ધાંતો હતા, ગહન વાંચન, ચિંતન અને પરિશિલન હતું જે સમગ્ર માનવજાતને એક 'દર્શન' પાસે લઈ જાય છે.

આપણા બૌદ્ધિકોએ ગાંધીના વિવિધ પાસાને અવલોક્યા છે, મૂલવ્યા છે અને ક્યાંક ગાંધી વિચાર સાથે સંમત ન થવાય એવી ભૂમિકા પણ ઊભી થઈ હતી કે સત્યાગ્રહી ગાંધી ક્યાંક દુરાગ્રહી કે હઠાગ્રહી શબ્દોથી નવાજાયા પણ છે. ગાંધીની કેટલીક વાતોથી સંમત ન પણ થવાય, પણ એથી એ દોષી નથી બનતા. ગાંધી જેટલા **સત્યાગ્રહી** હતા એટલાં જ, કદાચ એથીય વિશેષ એઓ **સત્યગ્રાહી** પણ હતા. વિશ્વના સમગ્ર શુભ સત્યોને એઓ આવકારતા અને ગ્રહણ કરતા.

આ ગાંધી મહાત્મા તરીકે સફળ થયા અને પિતા તરીકે નિષ્ફળ થયા એવી ઘટના ગાંધીજીના જીવનમાંથી શોધીને સૌ પ્રથમ આપણી સમક્ષ વિદ્વાન સર્જક દિનકરભાઈ જોષી 'પ્રકાશનો પડછાયો' નવલકથા લઈને પધાર્યાં. આ ઉત્તમ કૃતિમાં એવો સૂર વહેતો દેખાયો કે ગાંધીજીએ પુત્ર હિરાલાલને જાણે અન્યાય કર્યો હોય, જો કે નવલકથામાં આ વિચાર ક્યાંય પ્રબળ ભાવથી પ્રગટ નથી થયો. લેખક સભાન રહ્યાં છે. હિરાલાલની ઘટના અને ગાંધીના મનોમંથનને ખૂબ જ સૂક્ષ્મ રીતે નવકથાકારે શબ્દ દેહ આપ્યો છે, ગાંધીના કૌટુંબિક દોષ જોવાનો કોઈ ઈરાદો પણ સ્પષ્ટ થતો નથી.

હિરાલાલને ગાંધીજીએ એમના ભણતર માટે વિલાયત જવાની સગવડ ન કરી આપી એટલે આ બધાં વંટોળ ઊભા થયા. આ સમયે ગાંધી માનવમાંથી મહાત્મા થઈ ચૂક્યા હતા, માત્ર ગાંધી કુટુંબના જ પિતા ન હતા. એમના વિચાર અને વર્તન ઉપર સમગ્ર ભારતના વળાંકો ઊભા હતા, અને ગાંધીજી આ વળાંકો માટે પણ સભાન હતા, એમને જે 'સત્ય' અને 'ન્યાયી' લાગ્યું તે કર્યું. એક પિતા તરીકેની એમાં કોઈ નિષ્ફળતા ન હતી. પ્રસિદ્ધ વ્યક્તિઓની આ જ કરુણતા છે કે એમના સંતાનો પોતાની લાયકાત વિચાર્યા વગર પિતાની પ્રસિદ્ધિને કારણે અશક્ય મહત્ત્વાકાંક્ષા પોતાના જીવનમાં ઊભી કરે અને પિતાની લાકડીનો ટેકો ન મળે, જે અન્યાયી અને અયોગ્ય માંગણી હોય–ત્યારે પોતાની નિષ્ફળતાઓનો દોષ અને આક્રોશ આવા પિતા ઉપર જ ઊતારે. 'ગાંધી-હિરાલાલ'ની ઘટનાને આ દૃષ્ટિ કોણથી જોવાની જરૂર છે. આ નવલકથા ઉપરથી 'ગાંધી વિરુદ્ધ ગાંધી' નાટક બન્યું ત્યારે તો એ નાટ્યકારે હિરાલાલને ખોબલે ખોબલે સહાનુભૂતિ મળે એવું પાત્રાલેખન કર્યું! ગુજરાતી, હિંદી, મરાઠી કે અંગ્રેજીમાં આ નાટક ભજવાયું ત્યાં પ્રેક્ષકોની સહાનુભૂતિ હિરાલાલ તરફ જ ઢળી. અને નાટક આર્થિક રીતે સફળ પણ રહ્યું. આ નાટક ઉપરથી ફિલ્મકાર ફિરોઝખાને ફિલ્મનું સર્જન કર્યું ત્યારે ફિરોઝખાને 'ગાંધીઃ માય ફાધર'ના નામે એ ફિલ્મમાં આ ઘટનાનું સમતુલન આબાદ રીતે કરવા પ્રયત્ન કર્યો છતાં સર્જકની આ સભાનતા હિરાલાલને પૂરો ન્યાય આપવામાં થોડી ઊણી પણ ઉતરી. મહાન પાત્રને લઈને કૃતિનું સર્જન કરાય ત્યારે પાત્રની મહાનતાથી અજાણ્યે પણ પ્રભાવિત થઈ જ જવાય. એમની આ ફિલ્મ સંદર્ભે ફિલ્મકાર ફિરોઝખાન સાથે મારે ફોન ઉપર વિગતે વાત થઈ, લગભગ ૩૦ મિનિટ સુધી, અને મારી પાસે આ કલાકારે એટલા બધાં સંદર્ભો ફોન ઉપર ખડકી દીધા કે હું તો સ્તબ્ધ બની ગયો! પ્રબળ પુરુષાર્થ અને સ્વચિંતન પોતાની કલાકૃતિમાં ભળે તો જ ઉત્તમ કલાકૃતિ સર્જાઈ જાય એની પ્રતીતિ આ સર્જકે મને કરાવી દીધી.

જાન્યુઆરી માસ આવે ત્યારે જ્યારે ગાંધીજીની શહાદતને અંતર નમન કરતું હોય એવા સમયે કોઈ અયોગ્ય વિચાર–હત્યા–વધ અને પિતા પુત્ર સંબંધ વગેરે ક્યાંક ઉપસે ત્યારે હૃદય દ્રવી ઊઠે જ.

હમણાં 'નવનીત સમર્પણ' અને પછી 'ભૂમિપુત્ર'માં પ્રગટ થયેલ શરીફા વીજળીવાળાએ જેમનો ગાંધીજી પાસે પુત્રવત ઉછેર થયેલો એ પૂ. નારાયણભાઈ દેસાઈની લીધેલી દીર્ઘ મુલાકાતમાંથી એક અંશ અત્રે પ્રસ્તુત કરું છું.

સવાલ :– તમારા (નારાયણ દેસાઈ) પ્રેમલગ્ન હતા? કયા ગુણોથી તમે આકર્ષાયેલા? લગ્નમાં કોઈ અવરોધ ખરો?

ઉત્તર :– અમે બન્નેએ જ એક બીજાની પસંદગી કરેલી. અવરોધ તો જરાય નહીં, પણ અમારી એક મૂંઝવણ હતી. બાપુએ (ગાંધીજીએ) નક્કી કરેલું કે તેઓ એવાં જ લગ્નમાં હાજરી આપશે જેઓ બેમાંથી એક પાત્ર હરિજન અને બીજું સ્વર્ણ હોય. અમે બન્ને સ્વર્ણ હતાં. અમારા વતી નરહરીભાઈએ (ગાંધીજી પાસે) બહુ વકીલાત કરી. પણ બાપુએ ફેંસલો આપ્યો. 'મારા આશીર્વાદ તો બાબલાને (નારાયણભાઈને બધાં બાબલો કહેતા) હોય જ. પણ **એ ઘરનો-છોકરો છે. માટે અપવાદ ન કરાય.** એને આશીર્વાદ મળશે. મારી હાજરીની અપેક્ષા ન રાખે!'

ગાંધીની શહાદત અને બલિદાન અને ગાંધી સિદ્ધાંતોને કોટિ કોટિ વંદન.

❑ **ધનવંત શાહ**
drdtshah@hotmail.com

'સર્વોદય તીર્થમિદં તવૈવ'

આચાર્ય સમંતભદ્ર તથા મહાત્મા ગાંધી એક તુલનાત્મક દૃષ્ટિ

□ હિંદી–ડૉ. રામજીસિંહ • અનુવાદક–પુષ્પા પરીખ

(વિદુષી અનુવાદક પુષ્પાબેન પરીખ, આ સંસ્થા તેમ જ 'પ્રબુદ્ધ જીવન'ના સક્રિય કાર્યકર અને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા સાહિત્યના અભ્યાસી ચિંતક છે.)

'સર્વોદય' શબ્દ ભલે સંસ્કૃત સાહિત્યમાં નથી જોવા મળતો પરંતુ સર્વોદયની ભાવના પ્રાચીન વૈદિક આર્ય તથા નીતિગ્રંથોમાં પર્યાપ્ત રૂપે જાણીતો છે. આનું એક કારણ એ હોઈ શકે કે 'સર્વ' અને 'ઉદય'–આ બે શબ્દોનો બનેલો સમાસ એટલે 'સર્વોદય'. ભલે શબ્દકોષમાં આ શબ્દ ન હોય પરંતુ આ શબ્દની પાછળની ભાવના અતિ સુરમ્ય અને પ્રખર છે. 'વાચસ્પત્યમ્ કે શબ્દકલ્પદ્રુમ' જેવા બૃહદ્ શબ્દકોષમાં પણ આ શબ્દ નથી જણાતો. સંપૂર્ણ વેદ, ઉપનિષદ્, ગીતા તથા વાલ્મીકીય રામાયણમાં પણ આનો પ્રયોગ જણાતો નથી. છતાં વૈદિક સંસ્કૃતિમાં સર્વોદયની ભાવના રૂપે એ શબ્દ વિદ્યમાન છે. આશ્ચર્ય તો ત્યારે થાય છે કે જ્યારે જૈનાચાર્ય સમન્તભદ્રના પુસ્તક 'યુક્તાનુશાસન'માં 'સર્વોદય' શબ્દ 'સર્વોદય' તીર્થના રૂપે વપરાયો છે. 'સર્વોદય'માં 'સર્વ' શબ્દનો બહુવચન તરીકે પ્રયોગ જણાય છે. 'સર્વ'નો બીજો અર્થ છે 'હરેક રીતે' યા 'દરેક પ્રકારે'. સર્વ પ્રકારનો અર્થ ભૌતિક–આધ્યાત્મિક, પ્રેય-શ્રેય, સિવાય આર્થિક, સામાજિક, રાજનીતિક, સાંસ્કૃતિક આદિ સર્વેમાં વપરાય છે.

મહાત્મા ગાંધીજીએ સર્વોદયના ઉપર જણાવેલા અર્થ ઉપરાંત એક નવો અર્થ પણ જણાવવાનો પ્રયોગ કર્યો છે. તેઓના આ

અર્થ પાછળની પ્રેરણા એમને બાઈબલ તથા જૉન રસ્કિનના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ'માંથી મળી હોય એની સંભાવના છે. કદાચિત્ આજ કારણે જ્યારે ગાંધીજીએ આ પુસ્તકનો ગુજરાતીમાં છાયા અનુવાદ કર્યો ત્યારે એનું નામ 'અંત્યોદય' રાખ્યું. બાઈબલમાં એક અત્યંત હૃદયસ્પર્શી સ્થાનમાં સર્વોદયની ભાવના અંતિમ વ્યક્તિને ધ્યાનમાં રાખીને જ શરૂ થવી જોઈએ એવું જણાવવામાં આવ્યું છે. આ દૃષ્ટાંતને ધ્યાનમાં રાખીને જ ગાંધીજીએ કહ્યું છે કે જ્યારે આપણે કોઈ અસંમજસમાં હોઈએ ત્યારે તેનો નિર્ણય લેતા પહેલાં આપણા નિર્ણયથી કે આપણા કાર્યથી સૌથી વધુ લાભ અંતિમ વ્યક્તિ સુધી થવાનો હોય તો તેને પ્રથમ પ્રેફરન્સ આપવો જોઈએ. આની પાછળ માનવતાનો પરમ ઉત્કર્ષ તો છે જ સાથે સાથે એક આધ્યાત્મિક વિચાર પણ દૃઢ બને છે કે ભગવાન દરિદ્રનારાયણ છે. જે વ્યક્તિ દીનહીન, દુઃખી, દરિદ્ર તથા અકિંચન છે એમાં ભગવાનના દર્શન કરવામાં જ સાર્થકતા છે. રવીન્દ્રનાથ ટાગોરે ગીતાંજલિમાં પણ કહ્યું છે કે ભગવાનનું ચરમ સ્થાન તો પદદલિત તથા દુઃખી વ્યક્તિમાં જ છે. રામકૃષ્ણે તો 'જેઈ જીવ તેઈ ઈશ્વર' કહીને જીવને જ ઈશ્વર કહ્યા છે. ગાંધીજીના આધ્યાત્મિક શિષ્ય સંત વિનોબા ભાવેએ તો તેમના પુસ્તક 'સ્વરાજ શાસ્ત્ર'માં સર્વોદયના વિચાર પ્રમાણે રાજ્ય વ્યવસ્થા સર્વાયતન હોવી જોઈએ એમ પણ જણાવ્યું છે. પાશ્ચાત્ય નીતિશાસ્ત્રો પ્રમાણે 'આધ્યાત્મિક લોકોને અધિકતમ સુખ હોવું જોઈએ' એવા વિચારનો પ્રચાર કરી ઉપયોગીતાવાદનું નવું દર્શન ઉપજાવ્યું; પરંતુ સર્વોદય વિચારનો મંત્ર ન હોવાથી વૈદિક વાંઙ્મયમાંથી 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે ભવન્તુ નિરામયા, સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિદ્ દુઃખ ભાર્ગવેત'નો અધિક વ્યાપક આદર્શનો સ્વીકાર કરવામાં આવ્યો.

'સર્વોદય' શબ્દમાં ઉદય શબ્દ કેવળ ભૌતિક ઉદયનો નિર્દેશ નથી કરતો. ઉપનિષદમાં જેવી રીતે પ્રેય અને શ્રેય તથા ધમ્મપદમાં 'પિય સિયઞ્ચ વગ્ગો' તથા ન્યાયવૈશેષિકમાં 'અભ્યુદય નિઃશ્રેયસ' છે, સામ્યસૂત્રમાં 'અભિધેય પરમસામ્ય'માં બધાનો સમન્વય છે તેવી જ રીતે સર્વોદયમાં ઉપયોગીતાવાદનો અર્થ સમાયેલો છે. સમન્તભદ્રજીના મતે સર્વોદયની અવધારણા મૂળમાં આધ્યાત્મિક છે જ્યારે ગાંધીજીના મતે આધ્યાત્મિકની સાથે સાથે લૌકિક પણ છે. ગાંધીજીના મતે જીવનના સમસ્ત પહેલુઓ આવી જાય છે. ગાંધીજીના સર્વોદયને આપણે 'સંરચનાત્મક' સર્વોદય કહી શકીએ.

આચાર્ય સમન્તભદ્રએ અન્ય સંતોની માફક વ્યક્તિગત સાધના તથા વ્યક્તિગત સમાધિના પ્રયોગોમાં પણ સફળતા પ્રાપ્ત કરી છે. કર્મ દ્વારા મનુષ્ય બંધનમાં પડે છે અને કર્મના ક્ષયથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. ગાંધીજીએ વ્યક્તિગત સદાચારને ઓછી મહત્તા નથી આપી પરંતુ જ્યાં સંત આદિએ અંતર્મુખતાને કારણે કેવળ જીવન-શુદ્ધિ પર ભાર દીધો છે ત્યાં ગાંધીજીએ સાથે સાથે દેશકાળ તથા પરિસ્થિતિ અનુસાર વ્યક્તિની સાથે સાથે સમાજને પણ ધ્યાનમાં રાખીને વ્યવસ્થાની પવિત્રતા ઉપર પણ ધ્યાન રાખ્યું છે. સમાજ-સાધનાને પણ સર્વોદયમાં શામેલ કરવા માટે જ ગાંધીજીએ 'પ્રાયેણ દેવ મુનયઃ સ્વમુક્ત'ને મહત્ત્વ આપ્યું છે. જીવન સાધના માટે એકાદશ વ્રત તથા સમાજ સાધના માટે અઢાર રચનાત્મક કાર્યક્રમ બતાવ્યા છે. તે ઉપરાંત અન્યાયનો પ્રતિકાર કરવા તેઓએ સત્યાગ્રહ રૂપી અહિંસક શસ્ત્ર પણ આપ્યું છે. આ રીતે સમંતભદ્ર ઉચ્ચ કોટિના સંત હતા તો ગાંધીજી સંત હોવા ઉપરાંત યોદ્ધા પણ હતા. તેઓના યુદ્ધના પણ અહિંસાનો જ પ્રયોગ હતો. ગાંધીજીના મતે જીવન એક સમગ્રતા છે જેમાં સમાજનીતિ, રાજનીતિ, ધર્મનીતિ બધું પરસ્પર એક બીજાને પ્રભાવિત કરે છે. જેવી આપણી સમાજનીતિ હશે તેવી જ આપણી રાજનીતિ પણ હશે, પરંતુ ગાંધીજીએ વ્યક્તિગત શુદ્ધતાને સર્વનો આધાર માન્યો છે. અને તેને લીધે સાધનશુદ્ધિ પર પણ તેટલો જ ભાર આપ્યો છે. આઈન્સ્ટાઈને પણ અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરતાં જણાવ્યું છે કે અધ્યાત્મ વગર વિજ્ઞાન પાંગળું છે તો વિજ્ઞાન વગરનું અધ્યાત્મ પણ પાંગળું છે. ગાંધીજીના શિષ્ય વિનોબાજીએ વેદાન્તને માનવા છતાં શંકરાચાર્યની ઉક્તિ 'બ્રહ્મ સત્ય્ જગત્ મિથ્યા'ને બદલે 'બ્રહ્મ સત્યમ્ જગત્ સ્ફૂર્તિ હિ જીવાનામ્ સત્ય શોધનમ્' કહીને માયાવાદનું ખંડન કર્યું છે. આધુનિક યુગમાં યોગીરાજ શ્રી અરવિંદે પણ ભૌતિકવાદનો નિષેધ કર્યો છે. ગાંધીજીએ રાજનીતિ અને અર્થનીતિનું આધ્યાત્મિકરણ કરીને તથા શિક્ષણ અને વિજ્ઞાનને પણ આધ્યાત્મ સાથે જોડીને સર્વોદય વિચારને પરિપૂર્ણ અને ગતિશીલ બનાવી જૈન દર્શનના અનેકાંતવાદ અને સ્યાદ્વાદનો પણ સ્વીકાર કર્યો. તેઓ સત્યને પોતાની વ્યક્તિગત મૂડી નહોતા માનતા. સત્ય સાપેક્ષ હોય છે માટે પોતે સાચા અને બીજા ખોટા એમ કહેવું તે પણ એક જાતની હિંસા જ કહેવાય. અપરિગ્રહ વગર અહિંસા શક્ય નથી અને વિનમ્રતા કે સદાચાર વગર સત્યધર્મ પાળવો અશક્ય છે, એટલા માટે ગાંધીજીએ જૈનધર્મના સર્વોદય વિચારને યુગાનુકૂલ તથા વ્યવહારિક બનાવવા માટે એને વ્યક્તિગત ઉત્કર્ષની સાથે સાથે સામાજિક તથા સાંસ્કૃતિક ઉત્કર્ષ માટેનું પણ સાધન બનાવ્યો.

ઉપસંહાર–

આચાર્ય સમંતભદ્ર અને ગાંધીજી બંનેના વિચારો મળતા આવે છે અને બંનેની માન્યતા હતી કે વ્યક્તિગત જીવનશુદ્ધિ વગર સમાજશુદ્ધિની કલ્પના ન કરી શકાય. આચાર્યશ્રી સર્વોદય વિચારની ઈંટ છે તો ગાંધીજી સર્વોદયરૂપી ભવ્ય ભવનનો કળશ છે. સમંતભદ્રના મતે સર્વોદય તીર્થ વ્યક્તિને તારીને મોક્ષ મેળવવામાં સહાય કરે છે તો ગાંધીજીનો સર્વોદય વ્યક્તિને મુક્તિ તો અપાવે જ છે સાથે સાથે સમાજને પણ સર્વતોભદ્ર રૂપે વિકસિત કરે છે.

જૈન પરંપરાએ પશુબલિનો વિરોધ કર્યો તો ગાંધીજીએ પૂરા વિશ્વમાં અહિંસાનો પ્રચાર કર્યો. આચાર્ય સમંતભદ્રએ જૈન શાસ્ત્રોના હિસાબે જ સર્વોદય તીર્થનું પ્રતિપાદન કર્યું તો ગાંધીજીએ કેવળ પોતાના ધર્મ પ્રતિ શ્રદ્ધા અને નિષ્ઠા વ્યક્ત કરવા ઉપરાંત સર્વ ધર્મ સમભાવની ભાવનાને વેગ આપ્યો. અનેકાન્ત વિચાર અનુસાર કેવળ અમારો ધર્મ જ સર્વશ્રેષ્ઠ છે એમ કહેવું ઉચિત નથી તેથી ગાંધીજીએ અહિંસાને વૈશ્વિક અને સર્વધર્મ અવલંબીત બનાવી અનેકાન્તવાદને જ સશક્ત બનાવ્યો. અનેકાન્ત કેવળ શબ્દ નથી પણ ભાવનાનું પણ નામ છે એ કદાચ અતિશયોક્તિ નહીં લાગે. ✷ ✷ ✷

૬/બી, ૧લે માળે, કૅનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ટે.: ૨૩૮૭૩૬૧૧; મો.: ૯૮૨૦૫૩૦૪૧૫

સમર્થ સંતો સાથે પ્રોફેસર ડેવિડ હાર્ડિમનનો વાર્તાલાપ...

□ શશિકાંત લ. વૈદ્ય

૭૮ વર્ષની ઉંમરના આ લેખક નિવૃત્ત શિક્ષક અને સામાજિક કાર્યકર છે.

શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષક તરીકે વર્ષો સુધી કાર્ય કર્યું. ખેડા જિલ્લાના વીરસદમાં ઘણા સમય સુધી કામ કર્યું. આ સમયમાં મને જે શૈક્ષણિક દૃષ્ટિએ અદ્વિતીય અનુભવ થયો, તે મારા શિક્ષણ ક્ષેત્રની મૂડી બની ગઈ છે. અમારી શાળાના કેળવણી મંડળના પ્રમુખ જ્યોતિ લિ. કંપનીના શ્રી નાનુભાઈ અમીન સાહેબ હતા. માનનીય અમીન સાહેબે લંડનથી આવેલ પ્રોફેસર ડેવિડ હાર્ડિમનને અમારી શાળામાં સંશોધન કાર્ય માટે મોકલ્યા. મને આ સમય દરમિયાન પ્રો. ડેવિડ હાર્ડિમન સાથે ફરવાનું મળ્યું. હું એમનો દુભાષિયો (ઈન્ટરપ્રિટર) હતો. હું પ્રો. ડેવિડ સાથે ખૂબ ફર્યો અને ઘણા સારા અનુભવો પણ થયા–જે મને સદાય યાદ રહી જશે. હું જે નહોતો જાણતો, તે જાણ્યું. પ્રો. ડેવિડ યુ.કે.ની સસેક્ષ યુનિવર્સિટીમાં પ્રોફેસર હતા. તે ખૂબ અભ્યાસુ અને મૌલિક લેખક પણ ખરા. ભારતીય ઈતિહાસના ખાસ અભ્યાસુ હતા. આમ તો મને ઘણા અનુભવો થયા, પણ એમની સાથે રહીને મારો બે સંતોના મિલન અંગેનો અનુભવ યાદ રહી જાય તેવો છે. એક દિવસ મને ડેવિડે કહ્યું, 'વૈદ્ય સાહેબ, **મારી ઈચ્છા કોઈ દિગંબર જૈન મુનિને મળવાની છે.**' મેં આ અંગે તપાસ કરી અને જાણવા મળ્યું કે સોજિત્રામાં (પેટલાદ તાલુકા) એક જૈન મુનિ આવ્યા છે. હું ત્યાં વર્ષો પહેલાં હાઈસ્કૂલમાં ભણેલો. મારા પિતાનું ત્યાં દવાખાનું હતું, (તેઓ આયુર્વેદાચાર્ય હતા) એટલે ત્યાં પરિચય હતો. પ્રભુ કૃપાએ પૂ. જૈન મુનિ સાથે મુલાકાત ગોઠવાઈ. જૈન મુનિ એક મંદિરમાં રહેતા હતા. રાત્રે ત્યાં જ રહે અને સવારે આહાર માટે જાય...પછી ત્યાં ધ્યાન-સાધના કરે. જૈન મુનિને હિન્દી આવડે અને મને ગુજરાતી અને અંગ્રેજી ફાવે, હિન્દી આવડે નહિ. છતાં કામ ચાલતું. પ્રો. ડેવિડ જે કંઈ અંગ્રેજીમાં પૂછે તેનું હું (મારી રીતે) હિન્દી કરું અને મહારાજ સાહેબને કહું. ચર્ચા ઘણી થઈ. કહેવાની જરૂર નથી કે દિગંબર મુનિનું જીવન ખૂબ કઠિન હોય છે, જૈન ધર્મના નિયમોને તે વળગી રહે છે અને તે પ્રમાણે જ જીવન જીવે છે. પ્રો. ડેવિડે જે મુનિ મહારાજ સાથે વાર્તાલાપ કર્યો તે ખરે જ ખૂબ જ્ઞાનબદ્ધ હતો. આ વાર્તાલાપનો અંશ કંઈક આવો હતો. (પ્રશ્નોત્તરી)

પ્રો. ડેવિડ : તમે રાત્રે પણ આ મંદિરમાં જ રહો ?

જૈન મુનિ : હા, રાત્રે અમે ક્યાંય જતા નથી. અમે મંદિરમાં જ રહીએ.

પ્રો. ડેવિડ : ધારો કે મંદિરમાં એકાએક આગ લાગે, શું તમે મંદિર ન છોડો ? મંદિરની બહાર ન જાવ ? (પ્રશ્ન આશ્ચર્ય જન્માવે તેવો છે, પણ જવાબ પણ એવો જ છે)

જૈન મુનિ : કોઈ પણ સંજોગોમાં અમે બહાર ન જઈએ. ભલે ગમે તે થાય. અમારો આ નિયમ છે.

આટલું કહ્યા પછી દિગંબર જૈન મુનિ મહારાજે મને કહ્યું-'માસ્તર સાહેબ, ડેવિડ સાહેબને કહો કે જૈન મુનિ આગમાં ખતમ થશે, પણ મંદિરની બહાર નહીં જાય. મને આ શરીરનો મોહ જ નથી. તેના પ્રત્યેની આસક્તિ પણ નથી. **હું મરીશ પણ ધર્મના નિયમનું ઉલ્લંઘન નહિ કરું. આ અમારો આનંદ છે. આ અમારું તપ છે.**'

આ જવાબ સાંભળીને ડેવિડને ખૂબ આશ્ચર્ય થયું. ડેવિડને થયું કે જૈન મુનિ એમના નિયમમાં અડગ હોય છે. જૈન મુનિની ધર્મ-શ્રદ્ધાથી ડેવિડને ખૂબ આશ્ચર્ય અને આનંદ પણ થયો. એમને થયું કે જૈન ધર્મની એક આગવી મૌલિક વિચારધારા છે. એના કેન્દ્રમાં 'અહિંસા પરમો ધર્મ'નો મૌલિક સિદ્ધાંત છે. ઈતિહાસમાં આવી જ એક નોંધ છે. વિશ્વ વિજેતા સિકંદર જ્યારે ભારતમાં આવેલો ત્યારે આવા જ એક મસ્ત અલગારી ફકીરને મળેલો. સિકંદરને પણ આ સંત ફકીરને મળીને આશ્ચર્ય અને આનંદ થયેલો. તે તેને નમી પડેલો !

ક્રાંતિકારી વિચાર ધરાવતા સ્વામી સચ્ચિદાનંદ (દંતાલીવાળા) સાથે મારો વર્ષો જૂનો નાતો છે. કદાચ પ્રો. ડેવિડે એમના વિશે જાણ્યું હોય...પણ એક દિવસ ડેવિડ સાથે એમના આશ્રમમાં જવાનું થયું. સ્વામીજી આશ્રમમાં જ હતા તેથી એમનો સંપર્ક થઈ શક્યો. મેં પ્રો. ડેવિડનો પરિચય સ્વામીજીને આપ્યો. આ પછી સ્વામીજી અને પ્રો. ડેવિડ વચ્ચે થોડી ચર્ચા થઈ. પૂ. સ્વામી સચ્ચિદાનંદ ધર્મના તો ખૂબ ઊંડા અભ્યાસી છે, પણ વિશ્વ ઈતિહાસના પણ ખૂબ ઊંડા અભ્યાસુ છે.

પ્રો. ડેવિડે સ્વામીજીને પૂછ્યું, 'શું ભારતે એટમ બૉમ્બ બનાવવો જોઈએ ?'

સ્વામીજીએ કહ્યું, 'હું મક્કમ પણે માનું છું કે ભારતે બોમ્બ બનાવવો જ જોઈએ.' (આ સમયે દેશમાં તેની ચર્ચા થઈ રહી હતી.)

'શું તમે ગાંધીજીની વિચારધારા સાથે સંમત નથી ?' 'ના–આ બાબતમાં નહિ.' સ્વામીજીએ કહ્યું.

'હું માનું છું કે દેશનું રક્ષણ કરવું હોય તો દેશ લશ્કરી રીતે સજ્જ હોવો જોઈએ અને તેની પાસે એટમ બૉમ્બ હોવો જોઈએ.' સ્વામીજીએ ડેવિડને કહ્યું, 'શું યુ. કે. પાસે બૉમ્બ નથી ?'

ડેવિડે કહ્યું, 'છે.' 'તો પછી અમારી પાસે અમારા રક્ષણ માટે આ બૉમ્બ હોવો જરૂરી છે જ.' ચર્ચા ખૂબ રસપ્રદ હતી. સ્વામીજીના ક્રાંતિકારી વિચારોથી ડેવિડને ખૂબ આશ્ચર્ય થયું.

–પ્રો. ડેવિડને સ્વામીજીએ પૂછેલું કે જો એમને આર્થિક મદદ જોઈએ તો પણ સ્વામીજી તેની વ્યવસ્થા કરશે. ડેવિડે ખૂબ સુંદર જવાબ આપ્યો. 'સ્વામીજી, મને યુ.કે.ની યુનિવર્સિટી તરફથી પૂરતી

સહાય મળે છે. મારે કોઈ આર્થિક સહાયની જરૂર નથી.' અને આમ કહીને એમણે સ્વામીજીનો આ માટે ખૂબ આભાર માન્યો.

સ્વામીજીએ મને કહ્યું, 'વૈદ્ય સાહેબ, જોઈ ડેવિડની પ્રમાણિકતા અને નિષ્ઠા? આપણો કોઈ ભારતીય વિદ્યાર્થી હોત તો કદાચ શું કહે...તે કહેવાની જરૂર નથી.'

ત્યારબાદ અમે એક દિવસ માટે વિસનગર એક સંગીત કાર્યક્રમમાં સ્વામીજી સાથે (ડેવિડ પણ ખરા) ગયેલા...ત્યાં એમણે ભારતીય સંગીતનો રસાસ્વાદ માણ્યો. એમને સંગીતમાં પણ રસ હતો. મેં પૂછેલું, 'શું તમે ગુજરાતી ફિલ્મ જોઈ છે? એમણે કહેલું, 'હા, તાના રિરિ.' પ્રો. ડેવિડ હાર્ડિમન ખૂબ જિજ્ઞાસુ વિદ્યાર્થી હતા.

અભ્યાસના અંતે એમણે `Peasant Nationalists of Gujarat' Kheda District 1917-1934. પુસ્તક લખ્યું–જે મારી પાસે આજે પણ છે જ. આ લખવામાં આ પુસ્તકનો સંદર્ભ પણ મેં લીધો છે જ. મારા મન પર પ્રો. ડેવિડની જે છાપ પડી તે પણ અહીં જો નોંધીશ તો અસ્થાને નહિ ગણાય. અહીં આવતા પહેલાં પ્રો. ડેવિડ હાર્ડિમને ભારતીય ઈતિહાસનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. લંડન લાઈબ્રેરીમાંથી ઘણા બધા જૂના રેકર્ડ પણ અભ્યાસપૂર્ણ રીતે જોયા. ભારતીય ધર્મ અને પરંપરાનો પણ અભ્યાસ કર્યો... જે વિદ્યાર્થીઓ માટે ખૂબ પ્રેરક બની રહે. પ્રો. ડેવિડ હાર્ડિમન એક વિદ્યાર્થી તરીકે ખૂબ કર્મઠ, અભ્યાસુ, મહેનતુ, પ્રમાણિક અને નિષ્ઠાવાન હતા. ✷ ✷ ✷

૫૧, 'શિલાલેખ' દુપ્લેક્ષ, અરુણોદય સર્કલ પાસે, નંદનવન સોસાયટીની બાજુમાં, અલકાપુરી, વડોદરા-(ગુજરાત) ૩૯૦૦૦૭.

સંત–ભજનિકોની અવળવાણી

❑ ડૉ. નિરંજન રાજ્યગુરુ

ડૉ. નિરંજન રાજ્યગુરુ ગુજરાતી સંત-ભક્તિ સાહિત્યના સંશોધક અને એ વિષયક ગ્રંથોના સર્જક છે. ગોંડલ પાસેના ઘોઘાવદર ગામમાં સાહિત્ય અને લોકસેવાની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત આનંદ આશ્રમના સ્થાપક છે અને એઓશ્રીનો આશ્રમમાં પરિવાર સહિત આજીવન સમર્પિત સ્થિર વાસ છે.

સૌરાષ્ટ્રની કંઠોપકંઠ જળવાયેલી પરંપરિત સંતવાણીમાં કેટલાંક એવાં ભજનો પ્રાપ્ત થાય છે કે જે અવળવાણી પ્રકારના છે. ખાસ કરીને ગોરખ અને કબીરના નામાચરણ સાથે સધક્કડી ભાષામાં ગુજરાતીકરણ પામેલાં આ પરંપરિત ભજનોમાં અનેક જાતના પાઠાંતરો અને રૂપાંતરો થતા રહ્યા છે પણ મૂળની પ્રતીકાત્મકતા કે રૂપકાત્મકતા આજ સુધી અવિચ્છિન્નપણે જળવાતી આવી છે. આ સંત કવિઓ અને એની પરંપરામાં આજ સુધી થયેલા અનુભવવાદી મરમી કવિઓ પોતે જે અતિન્દ્રિય અનુભવો કરે છે અથવા તો માનવ જીવનના તદ્ન સ્થૂળ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ ક્ષેત્રોમાં જે અનુભવ વિહાર કરે છે એ અલૌકિક મર્માનુભવ જ્યારે વ્યવહારની ભાષામાં પ્રયોજવાનો હોય ત્યારે કૂટ કે ગૂઢ વાણી કે ઉલટવાણી કે અવળવાણીનો વિનિયોગ કરવો પડે. વળી જીવ, જગત, માયા, બ્રહ્મ અને જે વિષયો તર્કાતીત છે, જેને બુદ્ધિથી સમજાવી શકાય તેમ નથી એવું અનિર્વચનીય તત્ત્વ કે જે વૈખરી વાણીમાં ન ઉતરી શકે અને જેને સમજાવવા માટે, ગ્રંથોના ગ્રંથો ભરવા પડે છતાં પુરેપુરા પામી ન શકાય એને એકાદ સાખીમાં કે બે ચાર કડીના નાના પદમાં મૂકવા માટે આ સંત કવિઓએ અવળવાણીનો આશ્રય લીધો છે. જે અનુભવ અનંત છે, અસીમ છે, માનવની સીમિત બુદ્ધિમાં આવી શકે એમ નથી અને છતાં અધ્યાત્મના ક્ષેત્રમાં એની જાણકારી, સૂઝ, સમજ અનિવાર્ય છે, જેને ઈન્દ્રિયો દ્વારા પામી શકવા મનુષ્ય અસમર્થ છે અને વાણીની પાર પહોંચીને જ જેનો અનુભવ થઈ શકે છે એવો ગૂઢતમ વિષય પોતાના સર્જનમાં આ સંત કવિઓએ સ્વીકાર્યો છે. ઈન્દ્રિયો દ્વારા જ અતિન્દ્રિયનો બોધ કરાવવો એ અધ્યાત્મમાર્ગી સંત કવિઓનું જીવન લક્ષ્ય હતું.

સમગ્ર બ્રહ્માંડમાં મનુષ્ય નામનો જીવાત્મા તદ્ન નગણ્ય અને ક્ષુદ્ર જંતુ સમ છે. જેમ આપણા જીવન વ્યવહારમાં–જીવસૃષ્ટિમાં કીડીને આપણે નાનકડું ક્ષુદ્ર જંતુ ગણીએ છીએ એમ આ સંતોએ અનુભવ કર્યો કે જીવાત્મા તો કશું જ મહત્ત્વ ન ધરાવનારી કીડી જેવો છે. પણ એ જીવાત્મા આકાશમાં ઊડીને સૂર્યને ગળી જઈ શકવાની શક્તિ પણ ધરાવે છે. ભોજા ભગતે ગાયું હોય કે 'કીડી બિચારી કીડલી રે કીડીના લગનિયા લેવાય, હાલો કીડી બાઈની જાનમાં.' સ્થૂળ ભૂમિકા પસાર કરીને અધ્યાત્મ સાધનાના સૂક્ષ્મ માર્ગે આરોહણ કરતી ચેતના કે સુરતાના વિવાહ બ્રહ્મતત્ત્વ સાથે થઈ જાય તો એના પોતાના ઘટમાં જ અંદર ઉતરીને સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય સમજી શકે અને સમજાવી શકે. પોતાની આંખોથી જ જે જગત દેખાય છે તે આભાસી જગત છે. અને સાધકને ગુરુકૃપાથી જે દૃષ્ટિ મળે છે એ દૃષ્ટિ દ્વારા જીવનના તમામ રહસ્યોના પરદા ખૂલી જાય છે. મરાઠી સંત એકનાથ પોતાના આધ્યાત્મિક અનુભવો વર્ણવતા ગાય છે કે-

'નાથ કે ઘર કી ઉલટી નિશાની, બેહદ પ્યાલા હો ગયા પાની,
ભીતર ગાગર બાહર પાની, પાની સે મિલ ગયા દેખો પાની
આજ મૈંને એક અજૂબા દેખા, ઓસતિ કા પાની મૂંડેર તક ગયા
કૃષિકારને ખેતકો બોયા, ખેત રખવાલે કો નિગલ ગયા
કંડી ખા ગયે ચાવલ ડાલ દિયા, બકરે કે સામને દેવતાકો કાટ લિયા
એકા જનાર્દની માર્ગ કે ઉલટા, જો જાને વહી ગુરુકા હે બેટા,

નામદેવને નામે મળતા આ મરાઠી પદની પરંપરા ભારતીય સંત સાહિત્યમાં સૈકાઓથી પ્રવાહિત થતી રહી છે. વેદોમાંની ઋચાઓમાં બ્રહ્મતત્ત્વને જાણવા માટે ઋષિઓએ કરેલ પ્રશ્નો અને

તેના ઉત્તર કે જેમાં આપણને આ પરંપરાના બીજ દેખાય. એ ગૂઢાર્થવાણી ઈ.સ.ની આઠમી સદીથી બૌદ્ધ સિદ્ધોના ચર્યાપદોમાં, સંધાભાષાના પદોમાં એટલે કે લોકબોલીમાં ઉતરી આવ્યા અને એ પછી લૌકિક વ્યવહારના અનેક રૂપક કે પ્રતીકને લઈને નાથસિદ્ધોની વાણી અને એના પ્રમુખ કવિ ગોરખનાથ તથા ભારતીય સંત સાહિત્યના આદિ સંત તરીકેનું બિરૂદ જેને મળ્યું છે એવા કબીર સાહેબની વાણીમાં આ બીજ વિશાળ વટવૃક્ષનું રૂપ ધારણ કરે છે. આપણા ભજનસાહિત્યમાં રહસ્યગર્ભ વાણી, કૂટકાવ્ય, સમસ્યા, પ્રહેલિકા કે અવળવાણીની એક સમૃદ્ધ પરંપરા લાંબા સમયથી ચાલી આવે છે. યોગસિદ્ધ ગોરખનાથ અને સંત કબીર એના વિરલ પુરસ્કર્તા છે. ગુજરાતી સંતવાણીમાં મળતી અવળવાણી વિષયક રચનાઓ આમ બારસો વરસની સુવિશાળ અધ્યાત્મ સાધના અને સાહિત્યની પરંપરાનું સીધું અનુસંધાન ધરાવે છે. ગુજરાતમાં ગોરખનાથની અને કબીરની રચનાઓ ઘણા બધા પાઠાંતરો અને રૂપાંતરો પામીને પણ એનું મૂળ રહસ્ય બીજ જાળવી રાખતી કંઠોપકંઠ ધારાઓ સચવાતી રહી છે.

અવળવાણીનો વિનિયોગ ક્યારેક સંતોએ પોતાના બ્રહ્માનુભવને વર્ણવવા, ક્યારેક અન-અધિકારી વ્યક્તિથી પોતાની સાધનાને છૂપાવવા તો ક્યારેક વ્યવહારધર્મની શિખામણ આપવા માટે કર્યો છે. ખરેખર તો અવળવાણીમાંની રહસ્યાત્મક ઊક્તિઓ જે તે ક્ષેત્રના અનુભવી સાધકો માટે તો સરળવાણી જ હતી. કારણ કે પરંપરાથી ચાલી આવેલી સંત સાધનાની પરિભાષાને જાણનારો સાધક એના રહસ્યાત્મક અર્થોથી જ્ઞાત જ હોય. એની સામે 'ગગન મંડળમેં ગૌઆ વિયાણી' શબ્દ આવે ત્યારે ગાય એટલે ઈન્દ્રિયો અને ગગન મંડળ એટલે ચિદાકાશ, એવો મર્મ તુરત જ પ્રગટ થઈ જાય. સંત સાધનાના ક્ષેત્રમાં પડેલા તદ્ન ગ્રામ્ય, દેશી, તળપદા ભજનિકો અંદરોઅંદર પરસ્પર સત્સંગ માટે બેઠા હોય ત્યારે આવી ગૂઢાર્થવાણીના રહસ્યોની ચર્ચા થતી રહે. આમાં ઘણી વાર સંપ્રદાયે-સંપ્રદાયે અને પંથ પરંપરાએ નવા નવા મૌલિક અર્થઘટનો પણ થતા રહે અને એનો પ્રવાહ પણ વહેતો રહે. એકની એક વાણી હોય એનું અર્થઘટન નાથ સંપ્રદાયમાં યોગમૂલિક અભિગમથી કરવામાં આવે તો કબીર પરંપરામાં શબ્દ સૂરત યોગની સાધના મુજબ કરવામાં આવે. પાછળથી સંત સાધના સાથે કે યોગ સાધના સાથે જેનું કશું જ અનુસંધાન ન હોય એવા કહેવાતા પંડિતો અને વિદ્વાનો પણ પોતપોતાની મતિ-શક્તિ અને બૌદ્ધિક કૌશલ્ય મુજબ અવનવા અર્થઘટનો કરતા રહે.

અધ્યાત્મ ક્ષેત્રના તમામ ધર્મ કે સંપ્રદાયની સાધનાધારાઓમાં પિંડ શોધન અને ત્યારબાદ આત્મ સાક્ષાત્કાર સુધીની જુદી જુદી ભૂમિકાઓ વિશે સમજૂતિ આપતા પદો-ભજનોની વિપૂલ સંખ્યા જોવા મળે છે. મૂલાધારથી માંડીને સહસ્રાર સુધીની સુરતાની યાત્રા શરૂ થાય શ્વાસની ગતિ ઉલટાવીને...સામાન્ય રીતે આપણો શ્વાસ નાકથી શરૂ થઈને ફેફસાં સુધી ચાલતો હોય છે. તેની ગતિ બહારથી અંદરની તરફ ચક્રાકારે હોય છે. જ્યારે પ્રાણાયામ જાણનારો યોગી કે સંતસાધનાને અનુસરનારો સંત એ શ્વાસની ગતિને પલટાવે છે. જેને ભજનિકોની પરિભાષામાં ઉલટા શ્વાસ ચલાયા કે ઉલટા અશ્વ ચલાયા કહેવાય છે.

'પવન રૂપી મેં ઘોડો પલાણ્યો, ઉલ્ટી ચાલ ચલાયો રે,
ગંગા-જમના ઘાટ ઉલંઘી, જઈ અલખ ઘર ધાયો રે...
સદ્‌ગુરુએ મુંને ચોરી શીખવાડી...'

એમ દાસી જીવણ ગાતા હોય ત્યારે શ્વાસની ગતિ ઉપર જેનું સંપૂર્ણ નિયંત્રણ છે અને એ ગતિને પોતે ધારે ત્યારે ઉલ્ટાવી શકે છે. એવી સાધના પરંપરાની આ વાત છે. સામાન્ય વ્યવહારમાં 'પવન રૂપી ઘોડો' એ શબ્દપ્રયોગ કેંક અવળવાણી કે ગૂઢ રહસ્યાત્મક ઉક્તિ લાગે. પણ તેને જ્યારે કોઈ સંત સાધક શ્વાસની ક્રિયા સાથે જોડીને તેનો અર્થ સમજાવે ત્યારે એ ઉલટી વાણી સરળ વાણી બની જાય. સાધકની સુરતાની યાત્રાના જુદા જુદા મુકામો અને ત્યાં-ત્યાં થતી અલૌકિક અનુભૂતિઓને વ્યવહારની ભાષામાં પ્રયોજવા માટે આપણા સંતો આ રીતે ઉલટી વાણીનો આશ્રય લે છે.

કબીરસાહેબ પોતાના સમકાલીન નાથયોગીઓને ઉદ્દેશીને ગોરખને ઉદ્દેશીને એટલે કે, ગોરખને નિમિત્ત બનાવીને સમસ્ત હઠયોગીઓની જમાતમાં ફરનારા ત્યાગી અવધૂતો કઠિન તપશ્ચર્યાને બાહ્ય ક્રિયાકાંડોમાં બદ્ધ, પંથસંપ્રદાયોના બંધનોમાં બંધઈને પરંપરિત વિધિવિધાનોનું આંધળું અનુસરણ કરનારા અનુસરણ કરાવનારા સાધુ-સંન્યાસીઓને શીખ આપે છે કે સંસારનો, માયાનો ને બ્રહ્મનો ભેદ-ભરમ જાણવો હશે તો બધું જ છોડીને માત્ર ને માત્ર ભજનનો આશરો લેવો પડશે. ભજન એટલે જીવનસાધના, ભજન એટલે જીવતરનો મરમ, ભજન એટલે અક્ષરાતીતમાં ઓગળી જવું તે. અને એટલે જ કબીરસાહેબ શબ્દસાધના એટલે શું તેનું પ્રમાણ આપતાં ગાય છેઃ

સાધો ! શબદ સાધના કિજૈ...જેહી શબદ તે પ્રગટ ભયે સબ...
સોઈ શબદ ગ્રહી લિજૈ...સાધો !
શબદ ગુરુ સુન શિખ ભયે હૈ, શબદ સો વિરલા બૂઝૈ,
સોઈ શિષ્ય સોઈ ગુરુ મહાતમ, જેહિ અંતરગતિ સૂઝૈ...
સોઈ શબદ ગ્રહી લિજૈ...સાધો !
શબદે વેદ પુરાન કહત હૈ, શબદે સબ ઠહરાવૈ,
શબદે સુર મુનિ સંત કહત હૈ, શબદ ભેદ નહીં પાવૈ...
સોઈ શબદ ગ્રહી લિજૈ...સાધો !
શબદે સુન સુન ભેખ ધરત હૈ, શબ્દે કહે અનુરાગી,
ષડ્‌દર્શન સબ શબદ કહત હૈ, શબદ કહે વૈરાગી...
સોઈ શબદ ગ્રહી લિજૈ...સાધો !
શબદે કાયા જગ ઉતપાની, શબદે કેરી પસારા,
કહે કબીર જંહ શબદ હોત હૈ, ભવન ભેદ હૈ ન્યારા...
સોઈ શબ્દ ગ્રહી લિજૈ...સાધો !

અલગારી, મસ્ત, ઓલિયા બનીને સંસાર-વ્યવહારમાં રહેવા

છતાં એના તમામ વળગણોથી મુક્ત બનીને સાધક નિરપેક્ષભાવે બધું જ જોયા કરે એને કશું જ સ્પર્શતું નથી. કેવળ તત્ત્વચિંતન કરીને, જે આદિ શબ્દ–આદિ ધ્વનિ–આદિ સ્વરથી આ સમસ્ત બ્રહ્માંડનું સર્જન થયું છે એ મૂળ શબ્દની પિછાન કરે અને એના મરમ લગી જાય છે એ યાત્રાનું નામ સાચું ભજન.

કબીરજીના નામે ગવાતું આ નીચેનું ભજન તેનું ઉત્તમ ઉદાહરણ છે. સાધક શિષ્ય પોતાના ગુરુને કહે છે કે મારા આટલા પ્રશ્નોના સાચા ઉત્તર આપો પછી જ હું તમારી દીક્ષાનો સ્વીકાર કરીશ, આટલું સમજ્યા અને મને સમજાવ્યા પછી જ મારો હાથ પકડજો. એક જાગ્રત શિષ્યની આ ચેલેન્જ છે. એક સાત્ત્વિક આહ્‌વાન છે.

ઈતના ભેદ ગુરુ : હમકો બતા દો, હમકો બતા દો,
સમજ પકડો ગુરુ મોરી બૈયાં રે... હો... હો... જી...
જલ કેરી મછિયાં જળમાં વિયાણી... જલ કેરી મછિયાં...
ઈંડા એના અધર સમાયા રે,
ઈંડા એના અધર જમાયા... હો... હો... જી...
ઈ રે ઈંડામાં છીંડાં રે નોતા... ઈ રે ઈંડામાં...
પવન એમાં કહાં સે પધરાયા રે... હો... હો... જી... –ઈતના ભેદ ગુરુ...
ધરતી પર બાવે ચૂલા રે બનાયા... ચૂલા રે બનાયા...
આસમાન તવા રે ઠેરાયા રે... હો... હો... જી...
ચાર ચાર જુગ કી લકડી જુલાઈ...ચાર ચાર જુગ કી...
ધુંવા એના કહાં રે સમાયા રે... હો... હો... જી...–ઈતના ભેદ ગુરુ...
ગગનમંડળમાં ગૌવા રે વિયાણી... ગૌવા રે વિયાણી...
ગોરસ અધર જમાયા રે... હો... હો... જી...
સંતોએ મિલકર કિયા રે વલોણા... સંતોએ મિલકર...
માખણ કોક વિરલે પાયા રહે... હો... હો... જી... –ઈતના ભેદ ગુરુ...
શૂન રે શિખર પર ભમરગુફા મેં, આસન અધર ઠેરાયા રે...
કહત કબીરા, સુનો ભાઈ સાધુ !
સમજ્યા સોઈ નરને પાયા રે... હો... હો... જી... –ઈતના ભેદ ગુરુ...

'જળ કેરી મછિયાં જળમાં વિયાણી...' સમગ્ર સૃષ્ટિનું સર્જન થાય છે રજ અને બીજના સંયોગથી. સ્ત્રી-પુરુષના રજ-બીજ આમ તો જળમય જ છે ને ! પાણીની માછલી શુક્ર પાણીમાં જ રજમાં જ પ્રસવ કરે છે અને અધર ગર્ભાશયમાં ઈંડું બંધાય છે. આ ઈંડામાં ક્યાંય છિદ્ર તો છે નહીં તો પછી એમાં પ્રાણતત્ત્વ ક્યાંથી આવે છે ?

'ધરતી પર બાવે...' યોગીસાધક મૂલાધારચક્રથી શરૂ કરીને પોતાની સુરતા સહસ્ત્રાર સુધી લઈ જાય છે. મૂલાધારચક્રનો આધાર પૃથ્વીતત્ત્વ છે, એની જાગૃતિથી છેક બ્રહ્મરંધ્ર સુધી યોગાગ્નિ પ્રજ્વલિત થાય છે અને કલિ, દ્વાપર, ત્રેતા અને સત્યયુગ સુધીની જુદી જુદી સ્થૂલથી સૂક્ષ્મ સુધીની ભૂમિકાએ સાધક સુરતાની યાત્રા કરે છે, અજ્ઞાન માયા બળીને ખાક થઈ જાય છે. 'ગગનમંડળમાં...' તમામ ઈન્દ્રિયોની શક્તિ કેન્દ્રિત થઈને ચિદાકાશમાં એકત્ર થઈ છે. ઈન્દ્રિયો રૂપી ગાયે જ્ઞાનરૂપી વાછરડાને જન્મ આપ્યો છે અને ઋષિ-મુનિ-સંત-ભક્તોના તત્ત્વચિંતનમાંથી મંથનમાંથી પરમ સત્યરૂપી સત્ત્વ–માખણની પ્રાપ્તિ થઈ છે. આ રહસ્ય કોઈક વિરલા જ જાણે છે અને તેનો આનંદ માણે છે. યોગીપુરુષોનાં અમનસ્ક ધ્યાન–સમાધિ અવસ્થાની સ્થિતિ વર્ણવતું આ ભજન આપણી અણમૂલી મૂડી છે. સામાન્ય બુદ્ધિને અર્થહીન જણાતી અને ગૂંચવી નાખતી આ વાણી એના મરમી સાધકો માટે સાધનાની કૂંચી બની જાય છે. એને સમજવા માટે ભાવકની ચોક્કસ ભૂમિકા જોઈએ. 'નાવ મેં નદિયા ડૂબી જાય...' કે 'ચિંટી કે મુખ હસ્તિ સમાઈ...' જેવી ઉક્તિઓમાં એક અનાદિ અનંત સ્વરૂપ આત્માના નિર્મલ ધ્યાનરૂપી નૌકામાં અનેકવિધ સાંસારિક વૃત્તિઓ રૂપ નદીઓ ડૂબી જતી હોય કે હાથી જેવડા અતિ બળવાન પ્રાણી જેવું મન કીડી જેટલી ક્ષુદ્ર વૃત્તિઓ અને વાસનાઓના મુખમાં સમાઈ જતું હોય એવા સાધનાત્મક અર્થ તો છે જ પણ વ્યવહારમાં પણ હાથી જેવડા વિશાળ વડનું બીજ નાનકડા કણ કે કીડી જેવડું જ હોય એમાંથી જ વિશાળ વટવૃક્ષ ઊગી ને પાંગરી શકે. આપણી વિષયતૃષ્ણારૂપી વાસનાઓનું બીજ તો નાનકડું જ હોય પણ એને તક મળતાં તો તે હાથી જેવડું બની જાય ને હાથી જેવા સમર્થ મનને તથા પ્રાણને ખાઈ જાય.

સંતો ! અચરિજ રૂપ તમાશા...
કીડી કે પગ કુંજર બાંધ્યો, જળમેં મકર પિયાસા..
સંતો ! અચરિજ રૂપ તમાશા...
કરત હલાહલ પાન રુચિધર, તજ અમૃત રસ ખાસા,
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં, કાચ શકલકી આશા...
સંતો ! અચરિજ રૂપ તમાશા...
બિન બાદર બરસા અતિ બરસત, બિન દિગ બહત બતાસા;
વજ્ર ગલત હમ દેખા જલ મેં, કોરા રહત પતાસા...
સંતો ! અચરિજ રૂપ તમાશા...
વેર અનાદિ પણ ઉપરથી, દેખત લગત બગાસા,
ચિદાનંદ સોહિ જન ઉત્તમ, કાપત યમકા પાસા...
સંતો ! અચરિજ રૂપ તમાશા...

અવળવાણી પ્રકારના આ પદમાં અધ્યાત્મ યોગી સંતકવિ ચિદાનંદજી કહે છેઃ આશા-તૃષ્ણા જેવી સૂક્ષ્મ વાસનાઓના પગે અનંત શક્તિવાળો આત્મા બંધાઈ ગયો છે. અને આત્મજ્ઞાનરૂપી જળથી ભરેલા સંસાર સાગરમાં જીવ રૂપી મગર કાયમ તરસ્યો જ રહે છે. એની તૃષા છીપાતી નથી. સત્ય, સાધના, તપ, ત્યાગના અમૃત રસનો ત્યાગ કરીને જીવ કાયમ વિષય વાસના અને અહંકારનું હળાહળ ઝેર પીતો રહે છે. રત્નચિંતામણિ રૂપી ધર્મ કે અધ્યાત્મને ત્યજીને સાંસારિક ક્ષણિક વસ્તુઓ કે જે કાચના ફૂટેલા કટકા જેવી છે એની આશા કર્યા કરે છે, ને એને પ્રાપ્ત કરવા અનેક પ્રપંચો કરે છે. આ સૃષ્ટિની અજાયબી કેવી છે ? સાધના અનુભૂતિ થાય ત્યારે વિના વાદળીએ વર્ષા થાય, આંખ વિના બધું જ જોઈ શકાય, એમાં અહંભાવ જેવા વજ્રકઠિન ભાવો ઓગળી જાય ને પ્રેમભાવ જેવું કોમળ પતાસું કોરું જ રહી શકે. બગલાની જેમ

ધ્યાન ધરીને સાધનાનો ખોટો દેખાવ કરનારા કરતાં જે પોતાના બંધન કાપી શકે તે ઉત્તમ.

પરંપરિત સાધનાત્મક પરિભાષા જાણ્યા વિના આવી અવળવાણીનો સાચો અર્થ ન સાંપડે. જીવ, જગત, માયા, બ્રહ્મ, બ્રહ્માનુભૂતિ, વૈરાગ્ય, ભક્તિ, યોગ અને આત્મા વિશે આપણા સંતોએ પ્રતીકાત્મક રીતે ગૂઢ–રહસ્યમય વાણીમાં ઘણું ચિંતન આપ્યું છે. એક એક શબ્દ સંતો માટે જીવનસાધના હતો. શબ્દબ્રહ્મની ઉપાસના કરતાં કરતાં જે નવનીત આ સંતોને મળ્યું તે પોતાની વાણીમાં વ્યક્ત કર્યું છે. 'સમજ્યા સોઈ નર પાયા...' જે આ રહસ્યને સમજી શક્યા છે તે જ પૂર્ણ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરી શક્યા છે, તેમ કબીરજીએ અમસ્તું નથી કહ્યું. કવિઓની શબ્દલીલા સામે સંતોની શબ્દસાધના એનું પ્રમાણ છે.

અલખને લખવા આપણી સામાન્ય બોલી કે ભાષા કામ નથી આવતી, એ માટે તો આશરો લેવો પડે અવળવાણીનો. ગૂઢ રહસ્યાત્મક ઊક્તિઓની આ પરંપરાના મૂળ છેક વેદો સુધી પહોંચે છે પણ સંતવાણી પ્રવાહમાં કબીર એના વિશિષ્ટ ને વિરલ પુરસ્કર્તા છે. કબીર-ગોરખની અવળવાણી શબ્દ ફેર–ભાષાફેરે આજ સુધીના તમામ ભજનિક કવિઓ સુધી વિસ્તરતી રહી છે.

સભામાં શ્રોતા સોઈ જન મળે,
મૂંગા, બહેરા, નકટા, આંધળા પ્રભુની ખોજમાં ફરે,
સભામાં શ્રોતા સોઈ જન મળે...

વક્તા પુરુષનો વેશ જ બહેરો, વેદ વાણી ઓચરે,
પ્રેમ થકી પરને પરમોદે પણ પોતે નહીં સાંભળે... સભામાં.
સત અસત બે ય શબદની, મૂંગો પરીક્ષા કરે,
ભલી બૂરીનું ભાન ખરું પણ મુખથી ના ઓચરે... સભામાં.
અત્તર ફૂલેલ કળી કેવડો, તે નકટાની નજર ચડે,
પદારથ પરખે ખરો પણ, બાસ જરી ના મળે... સભામાં.
અંધો સુગંધી સરવે લેવે, ખાસ ખુશબોઈને કળે,
ભભકામાં ભરપુર રહે પણ વસ્તુ નજરે નવ ચડે... સભામાં.
શીત ઉષ્ણને સહન કરી, મહા અજર જરણા જરે,
ત્રણે ઋતુની ખમે તીતીક્ષા, દુ:ખથી કદી નવ ડરે... સભામાં.
આખા જગતમાં આ પાંચ જિગનાસુ, છક્કો પંડિતાઈ કરે,
ઉપાગ કરે આપું ટાળવા પણ ઊલટું અંગમાં ફળે... સભામાં.
આ આંટી કોઈ વિરલા કાઢે, જે પારખ સતગુરુ મળે,
હારજીત હારે તો પલમાં અવિચળ પદવી ફળે... સભામાં.
આ પાંચને જે પરમોદે, પાંચે લાવે એક ઘરે,
દાસ સવો એવા હરિજન સે'જે સે'જે ભવજળ તરે... સભામાં...

દાસ સવો

જીવનવ્યવહારમાં કેવી વિચિત્રતાઓ છે એની સમજણ આપતું આ ભજન આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પંચેન્દ્રિય દ્વારા માનવીને થતાં જ્ઞાન અને એની મર્યાદાઓ દર્શાવે છે.

પરમાત્માની ખોજમાં નીકળેલી આ પાંચે ઈન્દ્રિયની જમાતના લક્ષણો કેવાં છે! સંસારસભામાં મૂંગો, બહેરો, નકટો, આંધળો વગેરે પાત્રો પોતપોતાની રીતે દરેક વસ્તુને મૂલવવાનો પ્રયાસ કરે છે પણ એ પાત્રો જેના તાબામાં છે એ છઠ્ઠું પાત્ર–માલિક મન એ તમામને એક થવા દેતું નથી એટલે જુદા જુદા વિષયોમાં આમતેમ અથડાયા કરે છે.

વેદવાણી ઉચ્ચારનારી જીભ બીજાને ઉપદેશ આપે છે. પણ પોતે તો બહેરી જ છે! પોતે જે બોલે છે તે સાંભળી શકતી નથી, સાંભળવાનું કામ તો કરે છે કાન. એ કેવું–કેટલું સાંભળે છે એની જાણ જીભને ક્યાંથી થાય?

કાન સાચા-ખોટા શબ્દની પરીક્ષા કરી શકે છે પણ તે છે મૂંગા. પોતાનો પ્રતિભાવ નથી આપી શકતા. આંખ સુગંધિત પુષ્પો, અત્તર, ભોજનપદાર્થો જોઈ શકે છે પણ એની સુગંધ નથી લઈ શકતી. જ્યારે નાક સુગંધ લે છે તો એને જોઈ શકાતું નથી એટલે આંધળું છે. ત્વચા ઠંડ–ગરમ, લીસું–ખરબચડું જાણી શકે છે. પણ એ વ્યક્ત કરવા તો જીભનો જ આશરો લેવો પડે. આ દરેક પોતે જે અનુભવ કરે છે તેની મૂલવણી કોઈ બીજું કરે છે એટલે દરેકને બોધ આપ્યા કરીને આ પંડિતાઈ કરતું મન આ બધા ઉપર કાબૂ ધરાવે છે. એ કારણે તો આત્માને સાચી વસ્તુની પરખ થતી નથી.

મન ઉપર જો આત્માનો કાબૂ આવી જાય તો આ પાંચે ઈન્દ્રિયોની મર્યાદિત શક્તિ શત–સહસ્રગણી થઈ જાય. અંતર્મુખી થયેલી વૃત્તિઓ નિર્વિકાર સ્વરૂપે સ્થિર થઈને અમૃતતત્ત્વનું આચમન કરી શકે.

મન ઘણીવાર અધ્યાત્મના–સાધનાના પંથે ચડીને અહમ્ ટાળવાનો પ્રયાસ કરે છે પણ એનું હું પદ તો ઊલટું અંગેઅંગમાં વ્યાપી રહે છે. જો સત્‌ગુરુની કૃપા થાય તો એની આંટી–ગાંઠ છૂટે.

હાર–જીત, સુખ–દુ:ખ, હરખ–શોકના દ્વંદ્વ જો હારી જાય, પંડેથી છૂટી જાય તો પલકવારમાં અવિચળ પદવી પ્રાપ્ત થઈ જાય. આ પાંચને જે પરમોદે કંઠી બાંધી વશ કરી લ્યે અને પાંચેને એક ઘરે લાવી શકે તે સાધક સંત સહેજે સહેજે આ ભવસાગર તરી જાય છે.

આત્મસાધના અને પંચીકરણ જેવા ઉપાયો દ્વારા પોતાના ચિત્ત ઉપર તથા ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવીને સાક્ષાત્કાર કરવાની પ્રક્રિયા આપણા દરેક સંત-ભજનિકે પોતાની વાણીમાં બતાવી છે.

અલખની ઓળખાણનો પોતાનો અનુભવ લગભગ તમામ સંત–કવિઓએ પોતાની વાણીમાં વર્ણવ્યો છે. અષ્ટાંગ યોગ દ્વારા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર સુધીના ષટચક્રો ભેદીને કુંડલિની શક્તિ સહસ્ત્રારમાં આવે અને પરમાત્મ–સાક્ષાત્કાર થાય ત્યાં સુધીમાં સાધકને જુદાજુદા અનેક અલૌકિક અનુભવો થતા હોય છે. આ સ્વાનુભવ શબ્દ દ્વારા વ્યક્ત કરવો હોય તો પરંપરિત રૂઢ પરિભાષા દ્વારા જ થઈ શકે. અને એનો અર્થ સંતવાણીની પરંપરા કે પદાવલિના જાણકાર-મરમી પાસેથી જ સાંપડે. ✷ ✷ ✷

આનંદ આશ્રમ, ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ-૩૬૦૩૧૧.
Phone : 02825 –271 582, 271 409. Mobile : 98243 71904

અણગારના અજવાળા

આગમ દિવાકર પૂ. જનકમુનિ મ.સા.

❑ ગુણવંત બરવાળિયા

(વિદ્વાન લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, ઉપરાંત જૈન ધર્મના ઊંડા અભ્યાસી અને જૈન આગમ વિશેના અને અન્ય જૈન સાહિત્ય વિષયક પુસ્તકોના કર્તા તેમ જ ગુજરાતી સાહિત્યના પણ લેખક છે. ઉપરાંત જૈન સાહિત્ય જ્ઞાન સત્રના સંયોજક છે.)

સૌરાષ્ટ્રની ધરાએ ઘણાં સંતરત્નો આપ્યા છે. આ સૌરાષ્ટ્રની ધન્યધરા પર ગરવા ગિરનારની ગોદમાં આવેલું જુનાગઢ શહેર. આ શહેરની અંતર્ગત આવેલ પલાસવા નામનું રળિયામણું ગામ. આ ગામમાં જૈન સંતોનું આવાગમન. શ્રેષ્ઠીવર્ય પોપટભાઈ દેસાઈના ધર્મપત્ની ધર્મવત્સલા લાભકુંવરબેનની કુક્ષીમાં વિ. સ. ૧૯૩૩ શ્રાવણ વદ-૧૧ બુધવારના મંગલ દિને પુત્રરત્નના જન્મથી આનંદ છવાયો. આ આશાસ્પદ બાળકનું 'જનક' નામકરણ થયું.

જનકે જુનાગઢની શાળામાં ચાર ગુજરાતી અને એ. જી. સ્કુલમાં ત્રણ અંગ્રેજી સુધીનો અભ્યાસ કર્યો. ધાર્મિક અભ્યાસમાં રૂચિને કારણે જૈનશાળાની પ્રવૃત્તિમાં જોડાયા. સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મહારાજ પધાર્યા. ગુરુદેવની નજર જનક પર પડી. પાસે બોલાવ્યો જનકે વિધિવત્ વંદના કરી ગુરુદેવના ચરણ સ્પર્શ કર્યાં.

ગુરુ ચરણે જ્ઞાનમાં ઓતપ્રોત બની વારંવાર સત્સંગ કરતા. ૨૦૧૩ માગશર વદ ૧૧ના દિવસે બોધ દાતા ગુરુ પ્રાણનો વિયોગ થયો. તપસમ્રાટ પૂ. રતિલાલજી મ.સા. સાથે શાસ્ત્રાભ્યાસ ચાલુ રાખ્યો. વિ. સં. ૨૦૧૪ના ફાગણ સુદ બીજના મંગલ દિને વેરાવળ મુકામે પૂ. રતિલાલજી મ.સા. પાસે દીક્ષા મહોત્સવ ઉજવાયો અને 'જનકમુનિ' રૂપે નામ જાહેર થયું.

જ્ઞાનપિપાસાની તીવ્ર ઝંખનાએ આગમના વધુ અભ્યાસ કરવા માટે પૂ. ગુરુદેવ રતિલાલજી મ.સા. પાસે આજ્ઞા મેળવી, બહુશ્રુત પૂ. શ્રી સમર્થમલજી મ.સા. પાસે આગમ વાચના લેવા માટે રાજસ્થાન ખયન નગરે પધાર્યા. આગમની વાચના માટે પૂ. શ્રી સમર્થમલજી મ.સા. સાથે રહી રાજસ્થાનની ધરા પર ગંગાશહેર અને જોધપુર બે ચાતુર્માસ કર્યા.

જ્ઞાનદાદા ગુરુ પૂ. સમર્થમલજી મ.સા. સાથે સૌરાષ્ટ્રમાં રાજકોટ અને દામનગર એમ બે ચાતુર્માસ કરી આગમજ્ઞાનમાં વૃદ્ધિ કરી ૩૨ આગમની અધુરી વાચના પૂર્ણ કરી.

સન ૧૯૬૭માં ગોંડલ સંપ્રદાયના પૂ. રંભાબાઈ મ., દરિયાપુરી સંપ્રદાયના પૂ. તારાબાઈ મ. લીંબડી ગોપાલ સંપ્રદાયના પૂ. શ્રી લીલાવંતીબાઈ મ.સ. જી આદિ ઠાણાઓએ રાજકોટ વીરાણી પૌષધશાળામાં પૂ. ગુરુદેવ શ્રી જનકમુનિ મ.સા. પાસે શ્રી ભગવતી સૂત્રની વાચના લીધી. પૂ. ગુરુદેવના આગમજ્ઞાનથી પ્રભાવિત થઈ જાહેર પ્રવચનમાં ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં 'આગમ દિવાકર'ની પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા ત્યારથી સમાજમાં આગમ દિવાકર રૂપે પ્રસિદ્ધિ પામ્યા.

બાવન વર્ષના દીક્ષા પર્યાયમાં બિહાર, બંગાળ, ઝારખંડ, ગુજરાત, મહારાષ્ટ્ર વિગેરે ૧૦ રાજ્યોમાં વિહાર યાત્રા દ્વારા જિનશાસનની અપૂર્વ પ્રભાવના કરી છે.

પૂ. ગુરુદેવે અશાંતિમાં શાંતિને પરાવર્તિત કરવા, કુટુંબથી લઈ વિશ્વ શાંતિ માટે મહાપ્રભાવક પાંસઠિયા યંત્રની આરાધનાનો માર્ગ બતાવ્યો. ગુરુદેવ અનેકવાર હજારો માનવ મેદનીના સમૂહમાં પાંસઠીયા મંત્ર જાપની અભુતપૂર્વ આરાધના કરાવેલ.

બોરીવલી ચાતુર્માસ સમયે પૂ. શ્રી પ્રસન્ન મુનિને સંથારો કરાવેલ. આ સમયે પૂ. જનકમુનિ તથા પૂ. શ્રી મનોહરમુનિએ પ્રસન્નમુનિની અદ્‌ભુત વૈયાવચ્ચ કરેલી.

પૂજ્યશ્રી ગુજરાતી ઉપરાંત સંસ્કૃત પ્રાકૃત, હિન્દી, મરાઠી, અંગરેજી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા.

૨૦૦૭માં પોતાના જન્મસ્થળ પલાસવામાં નવી કુમારશાળા શરૂ કરાવવા પ્રેરણા આપી. આ ઉપરાંત વિસાવદર, ઉના અને રાજકોટમાં હૉસ્પિટલ શરૂ કરવા પ્રેરણા આપી જુનાગઢ અને રાજકોટમાં કન્યા છાત્રાલય માટે પ્રેરણા કરી.

અમરાવતીના ચાતુર્માસ પરિવર્તનના દિવસે રાજદિપ નેતાઓ, મહાનુભાવો અને વિવિધ સંપ્રદાયના સંતોની ઉપસ્થિતિ- મહામંડલેશ્વર ઓફ નેપાલ, અખિલ ભારતીય સાધુસમાજ, શ્રી શંકરાચાર્યના પ્રતિનિધિ સંતો, જૈન આગેવાનોની ઉપસ્થિતિમાં હજારોની માનવ મેદની વચ્ચે ચંદ્રાસ્વામીના હાથે 'વિશ્વના વિશિષ્ટ સંત'નું બિરુદ આપવામાં આવેલ.

પૂ. જનકમુનિ મ.સા.ને આગમ દિવાકર, બહુશ્રુત, અનાસક્ત યોગી જેવા બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગત વર્ષે એમના ૭૮માં જન્મદિને મહારાષ્ટ્રના મંત્રી ગણેશદાદા નાયકના હસ્તે એમને રાષ્ટ્રીય સંતનું બિરુદ એનાયત કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રીની શ્રુત સંપદા વિશિષ્ટ પ્રકારની હતી આગમના અભ્યાસ પછી તેમણે ભગવતી ઉપક્રમ, પન્નવણા ઉપક્રમ અને સમર્થ સમાધાન ગ્રંથો લખ્યા, ઉપરાંત ગોંડલ સંપ્રદાયના જ્યોતિર્ધરો, દેવોના અંગુલિનિર્દેશ, જીવનનું રહસ્ય, પૃથ્વી સાથેના માનવીય સંબંધો પ્રકાશના પંથે, શ્રમણ આલોચના, અશાંતિનું મૂળ મોહભાવ, જીનવાણી વિગેરે ૨૦ જેટલા ગ્રંથોની રચના કરી છે.

રાજકોટમાં ચાતુર્માસમાં તબિયત બગડતા થોડા દિવસ રાજકોટ સારવાર કર્યા બાદ મુંબઈની એશિયન હાર્ટ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં.

સતત ચાલીશ દિવસ સુધી મુંબઈમાં શાસ્ત્ર વિશારદ પૂ. મનોહરમુનિ અને યુવા હૃદયસમ્રાટ પૂ. નમ્રમુનિએ પૂ. જનકમુનિ મ.સા.ની અગ્લાનભાવે વૈયાવચ્ચ કરી.

પૂ. જનકમુનિ મ.સાહેબે સંથારાની ભાવના વ્યક્ત કરતાં તેમને ઘાટકોપર મુકામે પૂ. મનોહરમુનિએ, પૂજ્યશ્રી નમ્રમુનિ, અનેક સંત-સતીવૃંદ અને ચતુર્વિધ સંઘની હાજરીમાં ૩૦ ડિસેમ્બર, ૨૦૧૦ના સંથારાના પચ્ચખ્ખાણ સવારે ૭ વાગે આપ્યા. ૯ અને આઠ મિનિટે સંથારો સીજી ગયો.

શ્રાવકને ત્રણ મનોરથ હોય છે. હું બારવ્રતધારી શ્રાવક બનું. પંચ મહાવ્રતધારી સાધુ બનું અને મને સમાધિમરણ પ્રાપ્ત થાય તેમ સાધુને ત્રણ ત્રણ મનોરથ હોય છે. એહ, હું આગમ શાસ્ત્રોને આત્મસાત કરું, બીજું હું ભિખ્ખુની અગિયાર પડિમા (ભિક્ષુની અગિયાર પ્રતિમા)નું પાલન કરું અને સંથારા સહ સમાધિમરણને પ્રાપ્ત કરું.

પૂજ્ય જનકમુનિએ જીવનના ત્રણે મનોરથને ચરિતાર્થ કરી કાંચનમણિ યોગનું સર્જન કર્યું છે. તેમની પાલખી યાત્રામાં અનેક રાજકીય નેતાઓ, ઉદ્યોગપતિઓ, હજારો ભક્તિવંત શ્રાવકો જોડાયા હતા અને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપી ગુણાનુવાદ કર્યો હતો. એવા દિવંગત પૂજ્ય જનકમુનિ મ.સા.ને ભાવપૂર્વક વંદના.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર. Mo.: 9820215542.
gunvant.barvalia.@gmail.com

પાંચ સમવાયનું સ્વરૂપ

❑ પારૂલબેન ભરતકુમાર ગાંધી

વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી અને પત્રકાર છે. આ શ્રાવિકા ગૃહિણીના જૈન તત્ત્વજ્ઞાન વિષયક નિબંધો પુરસ્કૃત થયા છે તેમ જ પત્રકારત્વ ક્ષેત્રે પણ એઓશ્રીએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

ભારતમાં દાર્શનિક વિચારધારાનો જેટલો વિકાસ થયેલ છે એટલો અન્યત્ર ક્યાંય થયો નથી. ભારતવર્ષ એ જુદા જુદા દર્શનો અને દાર્શનિકોની જન્મભૂમિ છે. અહીં ભિન્નભિન્ન દર્શનો દ્વારા ભિન્નભિન્ન વિચારધારાઓ કોઈપણ પ્રકારના અવરોધ વિના ફૂલી-ફાલી છે. જો ભારતના બધા જ પ્રાચીન દર્શનોનો પરિચય આપવામાં આવે તો એક દળદાર ગ્રંથ તૈયાર થાય. પરંતુ ભારતમાં વિકસેલા મુખ્ય પાંચ દાર્શનિક વિચારો આપણે જોઈએ તો...

(૧) કાળવાદ (૨) સ્વભાવવાદ (૩) કર્મવાદ (૪) પુરુષાર્થવાદ અને (૫) નિયતિવાદ

ઉપરના પાંચેય દર્શનોની વિચારધારામાં પરસ્પર ભયંકર સંઘર્ષ છે. પ્રત્યેક એકબીજાના મતોનું ખંડન કરે છે અને પોતાના વિચારો દ્વારા જ કાર્ય સિદ્ધ થઈ શકે છે તેવો દાવો કરે છે. પરંતુ આ બધાનો વ્યવસ્થિત રીતે અભ્યાસ કરીએ તો ખ્યાલ આવે કે એકેયનો દાવો સાચો નથી. પરિણામે જૈન ધર્મમાં આ પાંચેયનો સમન્વય કરતો સમન્વયવાદ વિકસ્યો. જે બધી સમસ્યાઓની માસ્ટર કી સમાન છે. આ દુનિયાને ભગવાન મહાવીરની અમર ભેટ કહો કે જૈન ધર્મની અમર ભેટ કહો તે છે સમન્વય. હવે આપણે આ પાંચેયને વિસ્તારથી જોઈએ-

(૧) કાળવાદ : એ લોકોની માન્યતા છે કે આ જગતમાંના સર્વ પદાર્થો કાળના કબજામાં છે. કાળનું બધા પર આધિપત્ય છે. સ્ત્રી ગર્ભાધાન વિષે વિચાર કરીએ તો યોગ્ય ઉંમરના સ્ત્રી-પુરુષના સંયોગથી સ્ત્રી ગર્ભ ધારણ કરે છે. આ જ સ્ત્રી વૃદ્ધા થયા પછી પુરુષનો સંયોગ થવા છતાં ગર્ભ ધારણ કરી શકતી નથી.

તેવી જ રીતે ગર્ભ અમુક સમય ગર્ભમાં રહે પછી જ પાકે છે. બાલરૂપે પૃથ્વી પર જન્મ ધરે છે. યોગ્ય ઉંમરે તે બોલશે, ચાલશે, ભણશે. યુવાન થતાં ઈંદ્રિયોના વિષયો વિષે સમજશે. વૃદ્ધ થતાં વાળ ધોળા થશે, દાંત પડી જશે, શક્તિ ઘટશે, સમય થતાં મૃત્યુ પામશે.

માણસની જેમ અન્ય કાય જેમ કે વનસ્પતિકાય, અગ્નિકાય, પૃથ્વીકાય વગેરે પર પણ કાળની સત્તા છે. વનસ્પતિને પણ કાળ પરિપક્વ થાય ત્યારે જ બીજાંકુર ફૂટે, શાખાઓ થાય, પાંદડાઓ આવે, ફળ-ફૂલ આવે તથા સમય થતાં સૂકાઈ જાય છે, નાશ પામે છે.

તેવી જ રીતે દુનિયા આખી કાળ પ્રમાણે જ ચાલે છે. સૂર્ય-ચંદ્ર પોતાના સમયે ઊગે અને આથમે છે. સમય પ્રમાણે ઋતુ બદલાય ઠંડી-ગરમી-વરસાદ પડે છે. છ આરા પૂર્ણ સમય પ્રમાણે આવે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ વગેરે યોગ્ય કાળે જ ઉત્પન્ન થાય છે. અરે! સંસારમાં જન્મ-મરણ અને કર્મોથી મુક્તિ યાને મોક્ષ પણ સમય આધારિત જ છે.

આ માટે કાળવાદી કહે છે કે સર્વશ્રેષ્ઠ કાળ જ છે. કાળને જ કર્તા માને છે તે એકાંતરૂપે મિથ્યાત્વી છે પરંતુ કાળને બીજા સમવાય સાથે મેળવે તે સ્યાદ્‌વાદી સમકિતી છે.

(૨) સ્વભાવવાદ : જે કંઈ થાય છે તે સ્વભાવથી જ થાય છે. આ લોકોની માન્યતા છે કે સ્વભાવ પ્રમાણે જ બધું થાય છે. વનસ્પતિના હજારો પ્રકાર છે પણ દરેક વનસ્પતિમાં તેના સ્વભાવ પ્રમાણે જ રસ પ્રગટે છે, ફૂલ આવે છે, કોઈને ફળ આવે છે તો કોઈને ફળ આવતા જ નથી. જળચર, સ્થળચર, ઉરપર, ભુજપર અને ખેચર પોતાના સ્વભાવ પ્રમાણે આપોઆપ કરવા લાગે છે. પક્ષીઓના રંગ, અવાજ વગેરે જુદા જુદા હોય છે. પૃથ્વીમાં કઠિનતા, પાણીમાં રહેલી પ્રવાહીતા અને ઠંડક તથા અગ્નિમાં રહેલી ઉષ્ણતા સ્વભાવગત છે. પાંચ ઈન્દ્રિયો પોતાના કાર્યો કરે તેમાં સ્વભાવની

પ્રધાનતા ભાગ ભજવે છે. સૂર્યમાં રહેલી ગરમી અને ચંદ્રની શીતળતા પણ સ્વભાવગત છે. નરકમાં દુઃખ, સ્વર્ગમાં સુખ વગેરે કોણ બનાવે છે? કોઈ જ નહિ. આમ સ્વભાવવાદી માને છે કે સ્વભાવથી જ બધું થાય છે. પણ જો તેમ જ થતું હોય તો–

પુરુષ યુવાન થતાં દાઢી-મૂઢ ઊગે છે તે સ્ત્રીને શા માટે નથી ઊગતા? વંધ્યા સ્ત્રીને સંતાન-પ્રાપ્તિ કેમ થતી નથી? હથેળીમાં વાળ શા માટે ઊગતા નથી? આવા ઘણા પ્રશ્નો થાય છે. આથી સ્વભાવવાદી સ્વભાવની જ શ્રેષ્ઠતા માને છે તે સાચું નથી પરંતુ જો બીજા સમવાયો સાથે સમન્વય કરી તે રીતે મૂલવે તો જ યોગ્ય જવાબ મળી શકે છે.

(૩) નિયતિવાદ : નિયતિવાદી, કાળવાદી અને સ્વભાવવાદી બંનેને જૂઠા માને છે. એ લોકો માને છે કે જે કાળે જે થવાનું હોય તે થઈને જ રહે છે. તેમાં ગમે તેવા દેવ, તીર્થંકર કે ચક્રવર્તી પણ ફેરફાર કરી શકતા નથી.

વસંતઋતુમાં આંબા પર મબલખ મોર આવે છે, પરંતુ તેમાંથી ખરવાના હોય એટલા ખરી જાય છે અને જેટલા ફળો આવવાના હોય તેટલા જ આવે છે. જે બનવાનું છે તે કોઈ કાળે મિથ્યા થતું નથી. રાવણને તેના સગાઓએ કેટલો સમજાવ્યો પણ તેનું મોત સીતાના નિમિત્તે હતું તેથી તેને અવળી બુદ્ધિ જ સુઝી. દ્વારકાનો નાશ છે તે કૃષ્ણ જાણતા હતા. તેમણે તેને બચાવવા પ્રયત્નો કર્યા. જરાકુમારને પણ ખબર હતી કે પોતાના હાથે કૃષ્ણનું મોત છે તેથી તેઓ દ્વારિકા છોડી જંગલમાં ગયા છતાં માંડ્યું મિથ્યા ન થયું. દ્વારકાનો નાશ થયો જ અને કૃષ્ણનું મૃત્યુ પણ જરાકુમારના હાથે જ થયું.

આવા તો ઘણા દૃષ્ટાંતો છે જે નિયતિની પ્રધાનતા પુરવાર કરે છે. ઘણી વખત એવા દૃષ્ટાંતો જોવા મળે છે કે ધરતીકંપમાં સેંકડો લોકો દટાઈ મર્યા હોય પરંતુ બે-પાંચ જણા કલ્પના પણ ન કરી શકીએ તે રીતે બચી જાય છે. ઘણી વખત માર્ગ અકસ્માતો થતાં હોય છે. તેમાં ક્યારેક બચી જનાર વિષે કલ્પના પણ ન થઈ શકે. ત્યારે લાગ્યા વગર રહેતું નથી કે નિયતિ બળવાન છે. પરંતુ માત્ર આ બાબતથી જ એ પુરવાર નથી થતું કે એકાંતે નિયતિનું જ પ્રાધાન્ય છે. ક્યારેક તેનું પ્રાધાન્ય હોઈ શકે પરંતુ અન્ય ચાર સમન્વય પણ તેમાં સંકલિત હોય જ છે. આમ એકાંતે નિયતિની પ્રધાનતા છે તેમ ન કહી શકાય. બધા સમવાયનો સમન્વય જ વાસ્તવિકતા છે.

(૪) કર્મવાદ :- કર્મવાદી કાળ, સ્વભાવ અને નિયતિને માનતા નથી. તે તો એમ જ માને છે કે જે થાય તે સઘળું કર્મના આધારે જ થાય છે. 'જેવી કરણી તેવી પાર ઊતરણી', 'વાવે તેવું લણે' અને 'કરે તેવું પામે'. આ વાતો જ સત્ય છે. જેવી રીતે જગતમાં પંડિત, મુર્ખ, દરિદ્ર, શ્રીમંત, રોગી, સ્વરૂપવાન અને કુરૂપ વગેરે જે જે દેખાય છે એ સર્વ પોતપોતાના કર્મને લીધે જ છે. એક માના બે દીકરા–એક મહેલમાં મહાલતો હોય બીજાને રોજનું ખાણું પણ ન મળતું હોય. બે વ્યક્તિ બંને સરખું ભણેલા હોય, શક્તિ પણ સરખી હોય છતાં એક ૨૫-૩૦ હજાર મહિને પાડતો હોય જયારે બીજાને ૧૦,૦૦૦ પણ ન મળતા હોય. આ બધી કર્મની વિચિત્રતા છે.

કર્મના પ્રભાવે જ ભગવાન ઋષભદેવ બાર-માસ સુધી ભૂખ્યા-તરસ્યા રહ્યા. ચરમ તીર્થંકર મહાવીરના જીવને ભિક્ષુકકુળે ઉત્પન્ન થવું પડ્યું એટલું જ નહિ તેમના કાનમાં ખીલા ઠોકાયા. ગજસુકુમાર રાજકુમાર હોવા છતાં માથા પર ખેરના અંગારા મુકાયા. ચંદનબાળા પણ રાજકુમારી હોવા છતાં દાસી તરીકે રહી. અરે! સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રો એક સાથે મરી ગયા અને સનત ચક્રવર્તીના શરીરમાં ૭૦૦ વર્ષ સુધી રોગો રહ્યા. આવા મહાન પુરુષોને પણ કર્મરાજાએ છોડ્યા નહિ તો બીજાનું તો શું ગજું?

કર્મ જ જીવને ઊચ્ચ-નીચ ગોત્ર, જાતિ, કુળ વગેરે આપે છે. જુદી જુદી ગતિમાં લઈ જાય છે. મોક્ષ પણ આપે છે ને સંસારમાં પણ રખડાવે છે. માટે કર્મ જ મહાન છે. કર્મથી જ બધું થાય છે. પરંતુ આ વાત પણ સત્ય નથી. કોઈ પણ કાર્ય થાય તેની પાછળ એક સમવાયની પ્રધાનતા હોઈ શકે પણ ચાલકબળ તરીકે બીજા ચારેય સમવાય હોય જ છે અને એ જ વાસ્તવિકતા છે.

(૫) પુરુષાર્થ (ઉદ્યમ)વાદી :- જગતમાં પુરુષાર્થ જ પ્રધાન છે એમ માનવાવાળો પણ એક વર્ગ છે. એ પણ એમ જ માને છે કે પુરુષાર્થ સિવાય કશું શક્ય નથી. સ્વભાવ, કાળ, નિયતિ અને કર્મથી કશું જ શક્ય બનતું નથી.

જેમ કે પુરુષની ૭૨ કળા અને સ્ત્રીની ૬૪ કળા ઉદ્યમ કરવાથી જ શીખી શકાય છે. અરે! હાથી, ઘોડો, પોપટ વગેરે પણ ઉદ્યમથી અમુક વસ્તુઓ શીખી શકે છે. વળી મકાનો, જુદી જુદી રસોઈ, આભૂષણો વગેરે ઉદ્યમથી જ શક્ય બને છે. તે બધું એમ ને એમ બની જતું નથી. ખાણમાંથી સોનું, છીપમાંથી મોતી અને દરિયામાંથી રત્નો પણ ઉદ્યમથી જ મળી શકે છે. ઉદરનિર્વાહ અને ઉદ્યમ જરૂરી છે. સામે જ થાળી ભરીને ભોજન પડ્યું હોય પણ જો જમવાનો પુરુષાર્થ ન કરે તો પેટ ભરાઈ જતું નથી. આળસુ મનુષ્ય, નિરુદ્યમી કીડી તથા નિરુદ્યમી પંખી ભૂખે મરે છે. રામે સીતાને ફરી પાછા મેળવવા પુરુષાર્થ કરવો પડ્યો છે. મોક્ષ મેળવવા પણ પુરુષાર્થ કરવો જ પડે છે. આમ પુરુષાર્થ જ મહાન છે તેમ આ વાદવાળા માને છે.

પાંચ સમવાયનો વિવાદ અનાદિકાળથી ચાલી રહ્યો છે. એ પાંચે વાદવાળા પોતાની પ્રધાનતા પુરવાર કરવા બીજા સમવાયને ખોટો કહે છે. પોતાનો પક્ષ તાણી બીજાને ના પાડે છે. પરંતુ આ વાત સત્ય નથી. કોઈપણ બાબતની પાછળ પાંચેય સમવાયનો ફાળો રહેલો જ હોય છે. એકની પ્રધાનતા હોય તો બીજાની ન્યૂનતા હોય; પરંતુ માત્ર એકથી જ ક્યારેય કોઈ કાર્ય થતું નથી. તે માટે દૃષ્ટાંત જોઈએ તો:-

એક જીવ જ્યારે મોક્ષ મેળવે છે તેમાં પાંચે સમવાય છે જ. ૧. સર્વ પ્રથમ **કર્મને** લઈએ તો બધા કર્મોને જીવથી અલગ કર્યા. ૨. કર્મને જીવથી અલગ પાડવા માટે કઠિન **પુરુષાર્થની** જરૂર પડે જ છે. ૩. મોક્ષ જે સમયે થાય છે તે જ્યારે સમય પાકે ત્યારે થાય છે.

આમ **કાળ** એ સમયનો પર્યાય જ છે. ૪. ભવી હોય તે જ મોક્ષની સાધના કરી શકે કારણ તેનો **સ્વભાવ** તેવો છે માટે તે તેવી રીતે કરી શકે છે. ૫. જીવનો મોક્ષ થવાનો છે તે કેવળી ભગવાને પણ પોતાના જ્ઞાનમાં જોયેલું હતું તેથી એમ કહી શકાય કે તેની **નિયતિ** પણ તે જ હતી. આ રીતે પાંચેય સમવાય સાથે જ રહે છે.

એવી જ રીતે જ્યારે એક બીજાને વાવવામાં આવે ત્યારે પાંચેય સમવાય ભેગા થાય પછી જ કાર્ય થાય છે જેમ કે ૧. બીજને વાવવામાં આવે છે તેનો **સ્વભાવ** છે કે તેમાંથી અંકુર ફૂટે છે. ૨. પરંતુ બીજ વાવીએ ત્યારે તેને ખાતર-પાણી-રક્ષણ વગેરે **ઉદ્યમ** કરવો જરૂરી છે. ૩. તેનો **સમય** થાય ત્યારે જ તેમાંથી અંકુર ફૂટે, શાખા નીકળે, પાંદડા અને ફળ-ફૂલ આવે. ૪. આ બધું કર્યા પછી તેની **નિયતિ** જો હોય તો તે બીજ ફૂલી-ફાલી વૃક્ષ બની શકે છે. ૫. પરંતુ જો તે ફાલી-ફૂલી ન શકે તો તેની પાછળ **કર્મ** રહેલું છે. તેનું આયુષ્ય ન હોય. આમ આ બંને દૃષ્ટાંતો દ્વારા ખ્યાલ આવે છે કે કોઈપણ કાર્યમાં એક સમવાયની પ્રધાનતા હોય તો પણ અન્ય ચારેય ન્યુન પ્રમાણમાં હાજર તો હોય જ છે.

આમ કોઈપણ કાર્યમાં પાંચે સમવાય રહેલા હોય છે જ તે જ હકીકત છે. સમકિતી હોય તે એ રીતે જ માને છે. જ્યારે મિથ્યાત્વી એકાંતવાદથી વાતને ગૂંચવી નાંખે છે. કોઈ ગમે તેવા દૃષ્ટાંતો આપે પણ એક જ સમવાયની પ્રધાનતા ક્યારેય પુરવાર થતી નથી. ભગવાન મહાવીરની આ ભેટ–**સમન્વયવાદની** જગતને સંઘર્ષથી દૂર રાખી એક-બીજાની નજીક લાવે છે. આજના વિષમ સમયમાં દુનિયા પર પડતા યુદ્ધોના ઓછાયા દૂર કરવામાં સમન્વયવાદ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે એ જ જૈન ધર્મની મહાનતા છે. ✷✷✷

ઉષા સ્મૃતિ, ભક્તિનગર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૨.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૭૯૫. મોબાઈલ : ૦૯૮૨૪૪ ૮૫૪૧૦૧.

માર્ગ અકસ્માત : પત્ર ચર્ચા

વર્તમાન યુગમાં જૈન સાધુ સમાજે આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવો જોઈએ?

પૂ. સાધુ-સાધ્વીશ્રીઓનો ચાતુર્માસ પૂર્ણ થતા હવે વિહાર આરંભાયા છે. શાસન દેવને પ્રાર્થના કરીએ કે કોઈ પૂજ્યશ્રીને માર્ગ અકસ્માતનો ભોગ ન બનવું પડે, પરંતુ હમણાં જ સાધ્વીશ્રીઓના અકસ્માતના સમાચાર મળ્યા !!

જુલાઈ-૨૦૦૯મા આ વિશે અમે ચર્ચા શરૂ કરી હતી અને એ સંદર્ભે આવેલા આઠ પત્રો અમે 'પ્ર.જી.'માં પ્રગટ કરેલા. વિહારના સંજોગ શરૂ થઈ ગયા હોઈ આ નવમો પત્ર 'પ્ર.જી.'ના વાચકના કર કમળમાં ચિંતન અને મંથન માટે અર્પણ કરીએ છીએ. પત્રલેખક જૈન તત્ત્વના અભ્યાસી ચિંતક અને જાગૃત શ્રાવક અને ગુજરાતી ભાષાના અધ્યાપક તેમ જ લેખક છે.

(૧૦)

જૈન ધર્મ : દશા અને દિશા

જુલાઈ (૨૦૦૯) માસનો તંત્રી લેખ : 'વિહાર : માર્ગ અકસ્માત અને આધુનિકતા'–પ્રાગટ્ય બાદ જન્મેલી ચર્ચાને આપે પ્રસિદ્ધિ આપી તે આવકાર્ય અભિગમ છે. જૈન ધર્મમાં જનધર્મ બનવાની વ્યાપક અને સૂક્ષ્મ શક્યતાઓ પડેલી છે. પંચ-મહાવ્રતની પ્રસ્તુતતાના બળે તો મોહનદાસ કરમચંદ ગાંધી મહાત્મા ગાંધી બન્યા. (ગાંધીજીએ તો અગિયાર વ્રતની વાત કરી છે; તે ફરી ક્યારેક). જૈન સાધુ પંચમહાવ્રતધારી હોય છે. વર્તમાન સમયમાં તપ-ત્યાગની ઉત્કૃષ્ટ અવસ્થાએ સહુથી વિશેષ આદરની સ્થિતિમાં હોય તો જૈન સાધુ છે. ચંદ્રકાન્ત બક્ષી જેવા નિરીશ્વરવાદી–નાસ્તિક, બૌદ્ધિક જૈને પણ જૈન સાધુતાને એકવીસમી સદીની અજાયબી ગણાવેલ છે. મબલખ મૂલ્યો છે જૈન સાધુમાં અને શ્રાવકોમાં. નિરંતર સ્વાધ્યાય, તપ, ત્યાગ, અવિરત વિદ્યાતપ, જૈન સાધુની અનિવાર્ય ઓળખ છે. પણ આધુનિક સમયમાં શિથિલાચાર ઊડીને આંખે વળગે એવા છે. એમ થવાના કારણે સાધુનો પ્રભાવ ઘટ્યો છે. મોંઘીદાટ ચીજવસ્તુઓ ધનવાન શ્રાવકો પાસે મંગાવનાર સાધુઓની સંખ્યા નાની નથી. મોબાઈલ ધારકની બાજુમાં ઊભા રહીને વાત થાય છે. સંસારની લપ છૂટતી નથી. મોટી કંપનીના પી.આર.ઓ. જેવું વ્યાપક નેટવર્ક ધરાવતા એકાદ વહિવટી કુશળ સાધુ પાસે શ્રીમંતો-ધનવાનોના ફોન નંબરની યાદી જીભના ટેરવે હોય છે. ડાયરી તો ખરી જ. 'સાધુ તો ચાલતા ભલા'નું વિસ્મરણ એટલી હદે કે કાયમી સંપર્કનું એકાદ વળગણ તો રાખવું જ પડે અને પ્રસિદ્ધ પણ કરાવવું પડે. સંસારનો ત્યાગ ખરો પણ વળગણ મુક્તિ નહિ. સૂક્ષ્મ અહંકારને પોષનારા, ઈચ્છા મુજબ મેળાવડાઓ ગોઠવી આપનારા અને એ રીતે 'અહો રૂપમ્, અહો ધ્વનિ'માં રાચનારા શ્રાવકો–સાધુઓ સમગ્ર ધર્મ પરંપરા અને તત્ત્વજ્ઞાનને લૂણો લગાડે છે. સાધુ-સાધ્વીનો પ્રભાવ ઘટે છે એટલે પર્યુષણ જેવું મહાપર્વ પણ તપસ્વીઓના આંકડાની મહાજાળ સિવાય વિશેષ ઉપલબ્ધિ વગર સમાપ્ત થઈ જાય છે. પર્યુષણપર્વ સાચા અર્થમાં પ્રાપ્તિપર્વ કઈ રીતે બને? દર્શનયાત્રાનો કારોબાર ધમધમે છે પણ અંતરયાત્રા સૂનકાર પડી છે. દુનિયાભરના તીર્થસ્થાનો ફરી–ઘૂમી વળનાર શ્રાવકને અંતર તરફ વળીને જોવાની ફુરસદ નથી. આંખ બંધ કરીને; બાહ્ય જગત તરફથી દૃષ્ટિ અંદરની તરફ વાળીને માત્ર આત્મપરીક્ષણ, સૂક્ષ્મ નિરીક્ષણ કરીએ તો પણ આંશિક વિતરાગભાવ કેળવાય. ક્ષમતા મુજબ સિદ્ધ પણ થાય! 'ગુરુજી અમારો અંતર નાદ, અમને આપો

આશીર્વાદ'નું સરઘસ આત્મકલ્યાણની સીડીનું એક પગથિયું પણ ન ચડવા દે. આવી ખર્ચાળ શોભાયાત્રા કે વરઘોડાની આગળ બેન્ડવાજા વગેરે હોય જ હોય. આ વિતરાગ માર્ગ નથી એવી સીધી સાદી સમજ ધરાવનાર પ. પૂ. આચાર્ય ભગવંત અને શ્રદ્ધાશીલ શ્રાવક–શ્રાવિકાઓને ધર્મક્રિયાનો દેખાડો અને ઘોંઘાટ પસંદ છે. પર્યુષણપર્વના આઠ દિવસ વસ્ત્ર-અલંકારોના પ્રદર્શન અને મતિમૂઢતાના દિવસો બની જાય એટલી હદે સહુને નિરાંત છે. જાહેરમાં ક્યારેક આ બાબતે ટકોર કરવાનો અનુભવ આ લખનારનો એવો છે કે બીજી વાર કોઈ વ્યાખ્યાન માટે બોલાવે નહિ! 'ભલું થયું ભાંગી જંજાળ!' એમ માની શ્રી ગોપાળને સુખે ભજવાની મજા તો કાંઈ ઓર જ છે! પણ જૈનકૂળમાં જન્મ લીધો છે એટલે વિશ્વધર્મ બનવાની ક્ષમતા ધરાવતા જૈન ધર્મને જ્યાં જ્યાં લૂણો લાગેલો છે તેના વિષે વિચાર કરવો એ કર્તવ્ય છે. ધર્મકાર્ય છે; એમ સમજાય છે.

જૈન દર્શનના મહાન સિદ્ધાંતોમાં જગતની તમામ સમસ્યાઓનો ઉકેલ છે. એ અર્થમાં જૈનદર્શન શાશ્વત મૂલ્ય ધરાવે છે. ગ્લોબલ વોર્મિંગ અને આતંકવાદથી ત્રસ્ત વિશ્વને માટે પર્યાવરણવાદી અભિગમ અને અહિંસક જૈન જીવનશૈલી સદા–સર્વદા પ્રસ્તુત છે. અપરિગ્રહનું વ્રત ગરીબી જેવા ભયાનક દૂષણને નાથવામાં અને સંપત્તિની યોગ્ય વહેંચણી માટે ઉપકારક સિદ્ધ થઈ શકે. સુવિદિત છે કે અનેકાન્તવાદ વિશ્વની અનેક વિષમતાઓ, સમસ્યાઓના ઉકેલ માટે માર્ગદર્શન પૂરવાર થઈ શકે. પણ આ સિદ્ધાંતોનું તપપૂર્વક આચરણ જ્યારે શિથીલ બને ત્યારે જ ચર્ચા-સમીક્ષા-પુનર્મૂલ્યાંકન થાય. ધર્મ અને સિદ્ધાંતોની મહાનતા કહો કે સર્વકાલીનતા ઓછી થવાની નથી પણ ધર્મ-દર્શનના વર્તમાન સમયના પુરસ્કર્તાઓની શિથીલતા વધવાના કારણે તેમની વાતનું વજન પડતું નથી અને પરિણામે લોકજીવનને–સમાજને જે લાભ મળવો જોઈએ તે મળતો નથી.

શહેરીકરણ, ભૌતિકવાદ અને ટેકનોલોજીગ્રસ્ત સાધુતાએ ગામડું તો સાવ વિસારે પાડી દીધું છે. મહાન સાધુઓનાં ચાતુર્માસ મહાનગરોમાં જ થાય છે. ગુજરાતના ગામડાઓમાં ઠેર ઠેર ચાતુર્માસ થતાં જ નથી. કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા તીર્થસ્થાનો સૂના પડ્યા છે. દોઢસો-બસો વર્ષ જૂના દેરાસરો-ઉપાશ્રયોની ભવિષ્યમાં કોણ સંભાળ લેશે એ પ્રશ્ન છે. છતાં વગડામાં કરોડોનાં ખર્ચે તીર્થધામો બાંધવાનો મોહ હજી છૂટ્યો નથી. આ પણ એક પ્રકારનો પરિગ્રહ છે. પણ કોણ કહે? કોને કહે? ક્યાં ટકવું અને ક્યાં અટકવું–એ બાબત સમ્યક સૂઝ અને વિવેકનો અભાવ છે. ધન હજી પણ પારાવાર છે પણ ઉપયોગ ઘણી વખત કુમાર્ગે–કુપાત્રે થાય છે. ગ્રામવિસ્તારમાં વસવાટ કરતા જ્ઞાતિબંધુઓ રોજગારી–આવકના પ્રશ્ને ખૂબ આર્થિક કટોકટી અનુભવે છે. ખાસ કરીને ગુજરાતના ગામડામાં વસતાં જૈનોની સ્થિતિ ખૂબ દયાજનક છે. પરંપરાગત અગાઉ ભોગવેલી શેઠાઈના કારણે હજી શ્રમકાર્ય માટે આપણો સમાજ તૈયાર નથી. અને અગર કોઈ શ્રમ કરે તો તેનું સમાજમાં ખાસ માન, સ્થાન નથી. કોઈ જૈનબંધુ રિક્ષા ચલાવતો હોય તો તેની સામાજિક પ્રતિષ્ઠા ખલાસ થઈ જાય. ઉપાશ્રયમાંથી માનવરાહત યોજનાનું મફત ખાનારાને વાંધો નથી પણ કોઈ જૈન મજૂરી કરતો હોય કે વર્ગ-ચારનો કર્મચારી (પટાવાળો) હોય તો તેના પુત્ર-પુત્રીને પરણાવવામાં નેવાના પાણી મોભે લઈ જવા જેટલી તકલીફ થાય! ગામડામાં વસતા જૈનો તરફની સાધુઓ, શ્રીમંતોની ઉદાસીનતાના કારણે ઘણાં સામાજિક પ્રશ્નો વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂક્યા છે. ભાવનગર, સુરેન્દ્રનગર, પાલિતાણા, મહુવા, કડી, કલોલ, પાલનપુર, પાટણ જેવા શહેરોમાં પણ જૈન છોકરીઓ પરણવા તૈયાર નથી. બધાને મુંબઈ, વડોદરા, અમદાવાદ જવું છે. છ વર્ષ પૂર્વે આ લખનારે એક સર્વે કરાવ્યો હતો. તે મુજબ પાંત્રીસથી ચાલીસ વર્ષની વયના ગ્રામ વિસ્તાર કે નાના નગરમાં વસતા જૈન યુવાનો (આધેડો)ની સંખ્યા ચોંકાવનારી છે, આઘાતજનક છે.

માત્ર પરંપરાગત ખર્ચાળ ઉત્સવો કરવાથી નહિ ચાલે. ધર્મકાર્યમાં ઉજવણીમાં, પારણામાં પૈસાનું મહત્ત્વ અને સંપત્તિ પ્રદર્શન તપના પુણ્યને ધોઈ નાંખે છે. જૈન ધર્મની સાથે સાથે ગ્રામ વિસ્તારમાં વસવાટ કરતા જૈન સમાજની પણ ચિંતા જરૂરી છે. ધર્મકાર્ય માટે વપરાતી વિરાટ ધનરાશિને શિક્ષણના માર્ગે વાળવાની જરૂર છે. મહાવીર જૈન વિદ્યાલય જેવી અનેક સંસ્થાઓની જરૂર છે. આર્થિક રીતે પછાત એવા જ્ઞાતિબંધુના તેજસ્વી સંતાનને ચોપડા-નોટબુક કે સ્કોલરશિપનો એકાદ ટૂકડો ફેંકી દેવાથી કાંઈ નહિ વળે. બહુ નાનો છે આપણો સમાજ. એક તરફ પારાવાર સંપત્તિનો સમુદ્ર ઘુઘવે છે અને બીજી તરફ પેટનો ખાડો પૂરવાના ફાંફા છે એવી વિષમતા–અસમાનતાની ખાઈના દિવસોમાં ધર્મગુરુઓનું કર્તવ્ય પણ બદલાય છે. શિક્ષણના નવા તીર્થો ક્યારે ઊભા કરીશું?! પચાસ–પંચોતેર–સો વર્ષ જૂનાં જૈન છાત્રાલયો કે વિદ્યાલયોમાં ભણી ગયેલાં અને સમૃદ્ધિની છોળોમાં રમતાં ધનવાન શ્રાવકોને કેમ શિક્ષણ ક્ષેત્રે વિરાટ કાર્યો કરવાનું સૂઝતું નહિ હોય? જૈન યુવક સંઘ–મુંબઈ બેઠાં–બેઠાં દર વર્ષે એક સામાજિક–શૈક્ષણિક કે સેવાનિષ્ઠ સંસ્થાને માતબર સહાય કરવા પર્યુષણ પર્વે દાનની ટહેલ નાંખે છે. આવા કાર્યો કરવાનું બીજા કોઈને કેમ સૂઝતું નથી. ખર્ચાળ ઉત્સવો, પારણામાં થતાં બેફામ સંપત્તિ પ્રદર્શનો, રંગબેરંગી નિમંત્રણપત્રો, શોભાયાત્રાઓ વગેરે વીતરાગમાર્ગ નથી. હે! સુશ્રાવકો! લોકો આજે પણ મહાવીરને યાદ કરે છે; યુગો સુધી યાદ કરશે કારણ કે મહાવીરે કદી અહંકાર અને સંપત્તિના પ્રદર્શન જેવી શોભાયાત્રા કાઢી નહતી. આત્મમંથન કરીએ. મિચ્છામી દુક્કડમ્.

❑ **ડૉ. યોગેન્દ્ર પારેખ**
જી.એમ.ડી.સી. પ્રેરિત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, નખત્રાણા–૩૭૦૬૧૫. જિ. કચ્છ. M : 94279 03536, 97252 74555.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

[મુંબઈના પ્રાર્થના સમાજ ચંદ્રપ્રભુ જિન મંદિરમાં વર્ષ ૨૦૬૬માં પૂ. આચાર્યશ્રીએ ચાતુર્માસની સ્થિરતા દરમિયાન ઉપરના વિષય ઉપર ૨૫ પ્રવચનો આપ્યાં હતાં. આ પ્રવચનો સ્થાનિક કેબલ ઉપર પ્રસારિત થયા હતા, અને જિજ્ઞાસુઓની પ્રશંસા પામ્યાં હતાં. ધર્મક્રિયા સાથે એ ક્રિયાનો અર્થ અને એમાં રહેલાં ગર્ભિત રહસ્યોનું જ્ઞાન ભક્તિ કરનારને થાય તો એ ભક્તિમાં અનેરા ભાવ અને પ્રાણ સ્થાન પામે. પૂજ્યશ્રી પોતાની સરળ વાણીમાં આ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરે છે જે હૃદયસ્પર્શી છે.

'પ્રબુદ્ધજીવન'ના જિજ્ઞાસુ વાચકને હવે પછી દર અંકે પૂજ્યશ્રીના બે પ્રવચનો અહીં પ્રાપ્ત થશે.]

(૧)

જૈન ધર્મ આત્માનો ધર્મ છે. જૈન ધર્મ પારસમણિ સમાન છે. જૈન ધર્મનો સ્પર્શ જે આત્માને થાય છે તે પરમાત્મા બની જાય છે.

આજકાલ આપણો પંડિત વીરવિજયજી મહારાજ રચિત મહામંગલકારી સ્નાત્રપૂજાનો સ્વાધ્યાય કરીએ છીએ. પૂજાની રચના કરતાં પૂર્વે આ મહાન કવિએ પોતાની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરી છે, અને પોતાનું અધ્યયન શ્રેષ્ઠ બનાવ્યું છે. આ પૂજાસંગ્રહની રચના અનેક મહાપુરુષોની કૃપાથી થઈ છે. પૂજાસંગ્રહ સૌના હિત માટે છે, સૌના કલ્યાણ માટે છે, સૌના ભલા માટે છે.

સ્નાત્રપૂજામાં ભગવાન જિનેશ્વર દેવના જન્મકલ્યાણકનું પવિત્ર વર્ણન છે. આ વર્ણન જે કરે છે, આ વર્ણન જે સાંભળે છે તે સૌનું કલ્યાણ થાય છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાંની વાત છે. શ્રેણિક મહારાજાના બગીચામાં શતદલ કમળ ખીલ્યું છે. મોસમ વિના ખીલેલું શતદલ કમળ જોઈને સુદાસ માળી ખૂબ આનંદ પામે છે. આવું સુંદર શતદલ કમળ જોઈને માલણ સુદાસને કહે છે કે આ કમળ શ્રેણિક રાજાના ચરણકમળમાં મૂકો તો તમને થોડાંક સોનૈયા ભેટમાં મળશે અને આપણને ખૂબ કામ આવશે.

સુદાસ ઉત્સાહમાં આવી ગયો. તે કમળ લઈને દોડ્યો. એ સમયે રાજગૃહીના શ્રેષ્ઠી ધન્નાશેઠ સામે મળ્યા. તેમણે કમળ જોઈને સુદાસને કહ્યું કે, તું તારું કમળ મને આપ, હું તને સો સોનૈયા આપીશ.

તે જ સમયે બાજુમાંથી રથ પસાર થયો. તેમાં મહારાણી ચેલ્લણાદેવી બેઠા હતા. તેમણે સુદાસના હાથમાં કમળ જોયું અને કહ્યું કે, સુદાસ, કમળ મને આપ. હું તને હજાર સોનૈયા આપીશ.

ધન્નાશેઠે દસ હજાર સોનૈયા આપવાની તૈયારી બતાવી, તો ચેલ્લણા રાણીએ એક લાખ સોનૈયા આપશે તેમ કહ્યું.

સુદાસ માળી વિમાસણમાં પડ્યો. એને થયું કે આ લોકો એક કમળ માટે આટલા બધા સોનૈયા શા માટે આપે છે? તેણે આ પ્રશ્ન ચેલ્લણા રાણી અને ધન્નાશેઠને કર્યો. ત્યારે ચેલ્લણા રાણીએ કહ્યું કે, અમે આ કમળ આજે જ રાજગૃહીમાં પધારેલા શ્રમણ ભગવાન મહાવીરના ચરણોમાં મૂકીશું.

'ઓહ!' સુદાસની વિમાસણ વધી ગઈ. તેણે પૂછ્યું કે, 'તમે ભગવાનના ચરણમાં કમળ ધરશો, પછી પ્રભુ તમને શું આપશે?'

ચેલ્લણા રાણી અને ધન્નાશેઠે આકાશ તરફ હાથ જોડીને કહ્યું કે, 'પ્રભુ અમને સંસારસાગર તરી જવાના આશીર્વાદ આપશે!'

'તો પછી એ આશીર્વાદ હું જ પ્રાપ્ત કેમ ન કરું?'

–એમ કહેતો સુદાસ પ્રભુના ચરણકમળમાં શતદલ કમળ મૂકવા દોડ્યો અને પ્રભુના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

ભગવાનના ચરણમાં નતમસ્તક જવાનું છે. ભગવાનનું શરણ જીવનમાં સુખ આપે છે, કર્મનો ક્ષય આપે છે, પરમ પદની નજીક લઈ જાય છે. સ્નાત્રપૂજા પ્રભુની પાસે લઈ જતું ભાવમધુર ગીત છે. એમ સમજી લો કે સ્નાત્રપૂજા એટલે ભક્તિરસનું દિવ્યસંગીત છે, સંસ્કાર શીખવતી પાઠશાળા છે. સ્નાત્રપૂજાનું માત્ર સમૂહમાં ગાન કરી જવાનું નથી, પરંતુ પ્રત્યેક શબ્દમાંથી અનંત ઉપકારી પરમાત્માના જીવનનો પરિચય પામવાની કોશિશ કરવાની છે.

(૨)

જ્યાં સુધી હૃદયમાં કંઈ હલચલ ન થાય ત્યાં સુધી કંઈ ન વળે. કોઈ પ્રેરણા જરૂર કરે પણ સન્માર્ગે ચાલવું તો આપણે પડે. કોઈની પ્રેરણા પામીને ભક્તિ કરવા લાગ્યા અને ત્યાં જ અટકી ગયા. સન્માર્ગે ચાલે અને ભક્તિ કરે તેને પરમાત્માની કૃપા મળે. તમે ભક્તિ કરો છો પણ સન્માર્ગે ચાલો છો એવું નક્કી નથી. શ્રદ્ધાનો દીપક હૃદયમાં પ્રગટાવવો જોઈએ.

જ્યારે સૂર્ય આથમવાની તૈયારી હતી ત્યારે સૂર્યએ સૌને પૂછ્યું કે, મારા ગયા પછી અજવાળું ફેલાવશે કોણ? ત્યારે એક નાનકડા દીપકે કહ્યું કે, હે પ્રભુ, એ કામ હું કરીશ.

હૃદયમાં શ્રદ્ધાનો દીપક પ્રગટ થાય ત્યારે આમ બને.

એક ઊંચી ઈમારતના ૧૧૭મા માળે રહેતો પિતા પોતાના બાળકને લઈને બાલ્કનીમાં જાય છે. છ મહિનાના પોતાના દીકરાને હાથમાં ઉછાળીને રમાડે છે. બાળક ખિલખિલાટ હસે છે. તેને બિલકુલ ડર નથી. તેને પિતા પર શ્રદ્ધા છે. એ બાળક જાણે છે કે મારો પિતા મને પડવા નહીં દે.

છ મહિનાના બાળને જે શ્રદ્ધા છે પિતા પર,
એ જ શ્રદ્ધા હે માનવ, રાખ તું પરમપિતા પર!

તમે તમારા હૃદયમાં શ્રદ્ધાનો દીપક પ્રગટાવ્યો કે નહીં તે સ્વયંને

પૂછો. શ્રદ્ધાની જ્યોત જલાવો.

તમારું કામ થતું નથી, કામમાં વિઘ્ન આવે છે એનું કારણ એ છે કે પુણ્યનો પનો ટૂંકો પડે છે.

જગતમાં એક પણ ધર્મ એવો નથી કે જ્યાં સંપૂર્ણ તત્ત્વદર્શન હોય. જૈનધર્મમાં સંપૂર્ણ તત્ત્વદર્શન પ્રાપ્ત છે. જગતના ધર્મો આત્મા છે કે નહીં, આત્મા નિત્ય છે કે નહીં, આત્મા મુક્તિ પ્રાપ્ત કરે છે કે નહીં તેની હજી મથામણ કરે છે ત્યારે જૈનધર્મ એમ માને છે કે આત્મા છે, આત્મા શાશ્વત છે અને આત્મા મુક્તિ પણ પામે છે. જે જીવ રાગ અને દ્વેષ છોડે છે તેનું સંસાર પરિભ્રમણ પૂર્ણ થાય છે. તે મુક્તિ પામે છે. જે જીવ માયાની ઘટમાળમાં ફસાય છે તેનો સંસારમાં રઝળપાટ ચાલુ રહે છે. જે જીવ ભવી છે, જે જીવ સમકીતી છે તેને મોક્ષમાં જવાનો અધિકાર છે. જે જીવ મોક્ષમાં જાય તે અમારા ભગવાન છે. સમ્યક્‌ત્વની પ્રાપ્તિ માટે મનુષ્ય ભવ જેવો બીજો કોઈ અવતાર નથી. આજથી નક્કી કરો કે જિનેશ્વર મારા ભગવાન છે ને તેમણે બતાવેલો પંથ મારો ધર્મ છે.

ધર્મના પંથે ચાલતા સ્વાર્થી બનો. એકપણ પળ ચૂક્યા વિના ધર્મની ઉપાસના કરો. ધર્મના પંથે ચાલતા સ્વાર્થી બનતા ન આવડ્યું તો સમજી લો કે તમે ઘણું બધું ચૂકી ગયા છો.

જિનેશ્વર ભગવાન સ્વયં તર્યા અને એમના પદે પદે જે ચાલ્યા તે પણ તર્યા.

ભગવાનની પૂજા કરી, ભગવાનનું સ્તવન ગાયું એટલા માત્રથી એવા ભ્રમમાં ન રહો કે આપણું કામ થઈ ગયું. નવમા ગ્રૈવેયકમાં પહોંચેલો આત્મા માત્ર પોણાચાર મિનિટનું આયુષ્ય વધારે પામ્યો હોત તો તે મોક્ષમાં પહોંચી ગયો હોત. ક્ષણ કેટલી કીમતી છે અને ધર્મ કેટલો મહાન છે અને આપણામાં કેટલી આળસ છે તે સત્ય પારખવા કોશિશ કરો.

પૂર્વજો મહાન છે તે બરાબર પરંતુ માત્ર એટલું યાદ કરીને સંતોષ પામી જવાથી કેમ ચાલશે? આપણે પણ તે પંથે ચાલીએ તો? **(ક્રમશઃ)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

૭૬મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

❑ દક્ષા જાની

૭૬મી પર્યુષણ વ્યાખ્યામાળાના શેષ વ્યાખ્યાન અહીં પ્રસ્તુત છે.

વ્યાખ્યાન-૧૨

'સત્ય ધર્માય' વિશે ભાગ્યેશ ઝા

જગતમાં સત્ય પાયાનું તત્ત્વ છે. ગુજરાતીઓનો સત્ય સાથે નિકટનો સંબંધ છે. મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથાને સત્યના પ્રયોગો નામ આપ્યું હતું. સ્વામી દયાનંદ સરસ્વતીએ 'સત્યાર્થ પ્રકાશ' નામનું પુસ્તક લખ્યું હતું. દક્ષિણ આફ્રિકાના નેતા નેલ્સન મંડેલાને જેમાંથી પ્રેરણા મળી હતી તે સત્યાગ્રહ શબ્દ પણ ગાંધીજીએ આપ્યો હતો. ઈશાવાસ્ય ઉપનિષદના ૧૫મા શ્લોકમાં જણાવવામાં આવ્યું છે કે સત્ય ઉપર હરણાના મુખનું આવરણ છે. તે સત્યના સૂર્યને ઉઘાડો. જેથી અમે તેને જોઈ શકીએ. સત્યની આસપાસ જ જીવન છે. સત્ય માટે જ લડાઈ છે. અદાલતમાં પણ જુબાની આપતા પૂર્વે હું સત્ય જ બોલીશ એવા સોગંદ ખાવા પડે છે. સત્યના બે પ્રકાર લૌકિક સત્ય અને આધ્યાત્મિક સત્ય એ છે. સત્ય એક જ છે પણ વિદ્વાનો તેને અલગ અલગ રીતે રજૂ કરે છે. ધર્મનું આચરણ જ સત્ય ભણી લઈ જાય છે. માહિતી તંત્રજ્ઞાનના જમાનામાં એટલી બધી માહિતી મળે છે કે સાચું શું છે તે સમજવાનું મુશ્કેલ બને છે. તંદુરસ્તી જળવાઈ રહે એવો સાબુ અને પૂર્ણ પુરુષ થવાય એવું કાપડ–એ જાહેરખબર સમજાતી નથી. જૈન ધર્મમાં અનેકાંતવાદનો સિદ્ધાંત છે. તેને સમજવાથી મેનેજમેન્ટના અભ્યાસમાં મદદ મળે છે. ગુલાબ સુંદર છે એવું કહેવા વનસ્પતિશાસ્ત્રજ્ઞ ચાલે નહીં. તે માત્ર ભક્ત કે કવિ જ કહી શકે. કોઈ બાબતનું સત્ય સમજવા માટે તેને બધી બાજુએથી તપાસવું પડે. સત્યની શોધ આચરણ દ્વારા કરવી જોઈએ. સત્યની ઉપાસના કરનારે સતત સાવધાન રહેવું પડે છે. સત્યના પંથે ચાલનારમાં મગરૂરી આવે છે.

વ્યાખ્યાન-૧૩

'જૈન ધર્મ કે અનુષ્ઠાનોં મેં છીપા હુઆ રહસ્યમય વિજ્ઞાન' વિશે યતિવર્ય ડૉ. વસંત વિજયજી મહારાજ

જૈન ધર્મ એ યોગ અને ધ્યાનનો માર્ગ છે. આ માર્ગે આગળ વધીએ તો જ સાચા જૈન કહેવાઈએ. આપણે પ્રભુચરણની ભક્તિ પુણ્ય રળવા માટે કરીએ છીએ. તે માટે જૈન મંદિરમાં પણ જઈએ છીએ. ઘરમાં ભાવથી નામસ્મરણ કરીને પણ ભક્તિ કરી શકાય છે. તો પછી જૈન મંદિરમાં શા માટે જવું? એવો પ્રશ્ન જાગે. જૈન મંદિરનો શીલાન્યાસ કરતી વેળાએ મૂર્તિ બેસાડવાની જગ્યામાં નીચે તાંબાનો પાઈપ નાંખવામાં આવે છે. તાંબુ એ ઈલેકટ્રીક કંડક્ટર છે. પ્રભુની પ્રતિમા પાઈપના ઉપરના ભાગમાં બેસાડવામાં આવે છે. આ મૂર્તિની બરાબર ઉપર શિખર હોય છે. તે તાંબાના પાઈપમાંથી પૃથ્વીની ઉર્જા મૂર્તિમાં પ્રવેશે છે. શિખર ઉપર સોનું, પિત્તળ કે તાંબાનો કળશ બેસાડવામાં આવે છે તે આકાશ, વાયુતત્ત્વ અને અગ્નિતત્ત્વ (સૂર્ય)માંથી એલીમેન્ટલ એનર્જી ખેંચીને અંદર છોડે છે. આ તત્ત્વોથી ઈલેકટ્રીક અને મેગ્નેટીક શક્તિ આવે છે. મૂર્તિના સ્પર્શ સમયે ઈલેકટ્રોનના કણોને લીધે ઉર્જા પેદા થાય છે. સૂર્યના અંશને કારણે તેમાં ગરમી હોય છે. તેથી વાયરમેન કામ કરતી વેળાએ શૉકથી બચવા હાથમાં 'ગ્લોવ્ઝ' પહેરે છે. તે પ્રકારે આંગળી માટે ચંદન 'ગ્લોવ્ઝ'નું કામ કરે છે અને ગરમીનું શમન કરે છે. પૂજા કરવા માટે આપણે ટચલી આંગળીની બાજુની આંગળીનો ઉપયોગ કરીએ છીએ. આ આંગળીનું હલન-ચલન સ્વતંત્રપણે થઈ શકતું નથી. અર્થાત્ તેને હલાવીએ ત્યારે આસપાસની આંગળીઓ પણ હાલે છે. આ આંગળી મણિબંધ અને ત્યાંથી મગજ સાથે જોડાયેલી હોય છે. તેથી પૂજામાં આપણે

મગજ સાથે શામેલ થઈએ છીએ. નવ અંગ પૂજામાં પણ વિજ્ઞાન છે. તેની પૂજાથી જમીનમાંથી મૂર્તિમાં આવેલા ઈલેકટ્રોન સાથે આપણે સંપર્કમાં આવીએ છીએ. જૈન મંદિરમાં શિખર પરની ધજાનું કપડું રેશમનું બનેલું હોય છે. રેશમના કાપડને હાથથી બે ઈંચ ઉપર પકડી રાખીએ તો રોમરોમ ઊભા થઈ જાય છે. તે ધજા હવામાં લહેરાય ત્યારે ખરાબ ઉર્જાને ઉપર ફેંકી દે છે. તેથી જૈન મંદિર પવિત્ર રહે છે. જૈન મંદિરમાં જઈએ એટલે આપણા મનમાંથી ખરાબ વિચાર નાશ પામે છે. સામાયિકનો અર્થ સમભાવમાં લીન થવું. સ્તુતિ અને સ્તવન કરવાથી પુણ્ય વધે છે. ધ્યાન અને સાધના જીવનનું લક્ષ્ય છે. ભગવાન કાઉસગ્ગ મુદ્રામાં બેસે છે તે રીતે આપણે પાંચ મિનિટ શાંતિથી બેઠા છીએ? એવો પ્રશ્ન પોતાને પુછવો જોઈએ.

વ્યાખ્યાન-૧૪

'ટૉલ્સટોયથી ગાંધી : અભિનવ ધર્મયાત્રા' વિશે પ્રકાશ ન. શાહ

રશિયાના મહાન લેખક ટૉલ્સટોયે આદરેલી અભિનવ ધર્મયાત્રા મહાત્મા ગાંધીજીએ આગળ ધપાવી હતી. ટૉલ્સટોય ઝાર રાજાના ઉમરાવના પુત્ર હતા પરંતુ તેમણે આદર્શો ખાતર સામાન્ય નાગરિકની જેમ જીવન જીવવાનું પસંદ કર્યું હતું. તે પ્રકારે મોહનદાસ ગાંધી પણ બેરિસ્ટર હતા. તેમના પિતા દિવાન હતા. તેઓ સુખસુવિધામાં જીવતા હતા. આમ છતાં તેમણે સત્ય અને અહિંસાના સિદ્ધાંતો ખાતર સાદું જીવન પસંદ કર્યું હતું. ટૉલ્સટોય અને ગાંધીજી પોતાના ઉછેર-કુળને વટીને નવી દુનિયાને લાયક થયા હતા. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ રાજવી પરિવારમાં જન્મ્યા હતા. પરંતુ તેઓએ સુખસગવડો છોડીને આધ્યાત્મના માર્ગે જઈને તકલીફોવાળી જીંદગી પસંદ કરી હતી. અમેરિકામાં પણ ગુલામીની પ્રથા નાબુદ કરવા માટે ગોરાઓ સામે ગોરા લડ્યા હતા.

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી કરાંચીથી પ્રકાશિત થતાં 'પાકિસ્તાન ટાઈમ્સે' લખ્યું હતું કે અગાઉ અમે ઘણીવાર ગાંધીજીની ટીકા કરી હતી. આમ છતાં એક બાબતે આશ્વસ્ત છીએ કે ઉપખંડમાં એક વ્યક્તિ એવી છે કે જે સીમાની બંને બાજુએ વસતા લોકોની ચિંતા કરે છે. મહાત્મા ગાંધી વર્ષ-૧૯૧૦ના અરસામાં દક્ષિણ આફ્રિકામાં લડત ચલાવતા હતા ત્યારે ટૉલ્સટોયના જીવનના અંતિમ મહિનાઓ હતા. તેમણે ગાંધીજીને પત્ર લખ્યો હતો. ટૉલ્સટોયે લખ્યું હતું કે તમે જે કામ કરી રહ્યા છો તે કામ માત્ર દક્ષિણ આફ્રિકા માટે નથી. તે આખા વિશ્વ માટે સંદેશ સમાન છે. તમે જે કામ કરો છો તે અંગે મેં રશિયામાં લખ્યું છે. તમે વધુ માહિતી આપો તો હું યુરોપમાં પણ તે વિશે લખી શકું છું. તેથી તમારી લડતને બળ મળશે. જગતના કોઈ દેશના રાષ્ટ્રપિતાએ લઘુમતી માટે જાન ગુમાવ્યો હોય એવું માત્ર ભારતમાં જ બન્યું છે. ઇતિહાસમાં નવમી સપ્ટેમ્બરનો દિવસ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. નવમી સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે અમેરિકાના ગ્રીન ટાવર પર આતંકવાદી હુમલો થયો હતો. નવમી સપ્ટેમ્બર ૧૮૯૩ના દિવસે શિકાગોમાં મળેલી સર્વ ધર્મસભામાં સ્વામી વિવેકાનંદે ઐતિહાસિક વક્તવ્ય આપ્યું હતું. ટૉલ્સટોયે પોતાના અંતિમ દિવસોમાં નવમી સપ્ટેમ્બરે, ૧૯૬૦ના દિવસે ગાંધીજીને પત્ર લખ્યો હતો.

વ્યાખ્યાન-૧૫

'સમયસાર' વિશે પૂ. સંતશિરોમણિ ૧૦૮ આચાર્ય શ્રી વિદ્યાસાગરજી મહારાજના સુશિષ્યા બા. બ્ર. સુશીલાદીદી

આચાર્ય કુન્દકુન્દાચાર્ય રચિત 'સમયસાર' ગ્રંથમાં જૈન ધર્મનું ગહન તત્ત્વજ્ઞાન છે. તેને શબ્દોમાં વર્ણવી શકાય નહીં. માત્ર તેની અનુભૂતિ કરી શકાય. પાપ અને રાગનું વિસર્જન કરીએ તો આત્મા અરિહંત બનવાની દિશામાં આગળ વધશે. આપણે પરમાત્મા બની શકીએ છીએ. તેના માટે આત્માએ બહાર તરફની બારી બંધ કરીને આપણી અંદર જોવું જોઈએ. આપણે શરીરની ઈચ્છાઓના ગુલામ બનવું ન જોઈએ. તેના બદલે આત્માનો ગુલામ શરીર બને એ માટે પ્રયત્ન કરવો જોઈએ. પર્યુષણ પૂરા થાય પછી આપણે સ્વતંત્ર થઈ ગયા અને હવે પાર્ટીમાં મોજમજા કરવી એ યોગ્ય નથી. મનને ભૌતિક સુખો માણવાની ઘણી લાલસા હોય છે. ઈશ્વરભક્તિ કે ધ્યાન માટે બેસવામાં અસુવિધા થાય છે. તે વૃત્તિ ઉપર કાબૂ મેળવવા માટે મનને સંયમમાં રાખવાની ટેવ પાડવી જોઈએ. આત્માનું ભોજન જ્ઞાન છે. મીઠા (નમક)માં રહેતી કીડીને સાકરના ગળ્યા સ્વાદનો અનુભવ હોતો નથી. તેની જીભ પરથી નમકનો સ્વાદ દૂર થાય પછી જ સાકરની મીઠાશ તે માણી શકે. આપણે ભૌતિક સુખોમાં રમમાણ છીએ. ત્યાં સુધી જ્ઞાન અને ભક્તિની મીઠાશના આનંદનો અનુભવ થવો મુશ્કેલ છે. આત્મા અને શરીર આપણા છે એવું આપણે માનીએ છીએ. તે બંને અલગ છે. એક દિવસ આત્મા શરીર છોડીને જતો રહેશે એ હકીકત સમજી લેવાની જરૂર છે.

વ્યાખ્યાન-૧૬

'ક્ષમાપનાનું હાર્દ' વિશે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

જૈન ધર્મનું દ્વાર ક્ષમા નામની ચાવીથી ખુલે છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે ક્ષમા મોક્ષનું દ્વાર છે. 'ક્ષ'નો અર્થ ગાંઠ અને 'મા'નો અર્થ છોડવી એવો થાય છે. માણસને પોતાની ભૂલ સામાન્ય અને બીજાની ભૂલ અસામાન્ય લાગે છે. યુદ્ધ જીતવા કરતાં મનને જીતનાર મહાન છે. એટલું જ નહીં પરંતુ યુદ્ધથી શાંતિ સ્થપાતી નથી એ વાત જૈન દર્શને કરી છે. ક્ષમાના ભાવથી મૈત્રી જાગે છે. મન પૃથ્વી જેવું હોવું જોઈએ. પૃથ્વીને ગમે એટલી લાતો મારીએ કે ખાડો ખોદીએ તે આપણને માફ કરે છે. સામી વ્યક્તિ આપણા ઉપર ગુસ્સે થઈ તેનું કારણ આપણા આગલા ભવના કર્મ છે. ક્ષમા આપવી અને ક્ષમા માંગવી એ બંને કામ મુશ્કેલ છે. આપણને જે ક્ષણે સમજાય કે ભૂલ થઈ છે તે ક્ષણે જ ક્ષમા માંગવી જોઈએ. ક્ષમા માંગ્યા સિવાય ગળેથી થૂંક પણ ઉતારવું ન જોઈએ. વર્તમાન સમયમાં ક્ષમા માંગવાની રીતનું જાણે રાયતું થઈ ગયું છે. અર્થાત્ તેમાં ઔપચારિકતા આવી છે. જે મન, વચન અને કાયાથી પ્રતિક્રમણ કરે છે તે પાપ કરતો નથી. શ્રાપ આપે તેને આશીર્વાદ આપો. જે બુરું ઈચ્છે તેનું તમે કલ્યાણ ઈચ્છો એ જ ભગવાન મહાવીરનો ઉપદેશ છે. મહાવીર કહે છે કે તારા મનમાં મૈત્રીભાવ છે તો જ તું શ્રમણ છે. સામી વ્યક્તિના મનમાં મૈત્રીભાવ જાગૃત કરતો નથી તો તું શ્રમણ નથી. ક્ષમા માંગવા અને આપવા અહંકારનું વિસર્જન કરવું જરૂરી છે. ક્ષમાથી દોષની તીવ્રતા ઘટે છે. ક્રોધ સમુદ્ર જેવો બહેરો છે અને આગ જેવો ઉતાવળો છે. ક્રોધી વ્યક્તિ આખા પરિવારને બાળે છે. ક્રોધ પ્રેમનો નાશ કરે છે. માસક્ષમણ કરવું કે ઉછામણી બોલવી સરળ છે પણ સાચા મનથી ક્ષમા માંગવી મુશ્કેલ છે. ઉકળતા પાણીમાં પ્રતિબિંબ જોવું મુશ્કેલ છે તેમ ક્રોધીત વ્યક્તિ પોતાના દોષ જોઈ શકતી નથી. ક્ષમા એ અમૃત, સ્નેહસર્જક, મૈત્રી, સ્વભાવ, તારક, સંસ્કૃતિ, કમળ, નિગ્રહ અને સમતા છે. જ્યારે ક્રોધ એ વિષ, દ્વેષસર્જક, વેરભાવ, મારક, વિકૃત, વિગ્રહ અને વિષમતા છે.

* * *

આગમ મહોત્સવ અને જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭ પારસધામ ઘાટકોપરમાં સંપન્ન થયું

❑ ગુણવંત બરવાળિયા

ભગવાન મહાવીરના ઉપદેશ ગ્રંથો 'આગમ' ઉપર ચિંતન, મનન અને સંશોધન દ્વારા પ્રાપ્ત સત્ય અને તથ્યની અનુભૂતિ કરનાર પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. પ્રેરિત અઢાર દિવસનો આગમ મહોત્સવ ઘાટકોપર પારસધામ ખાતે યોજાયો.

સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ આગમ બત્રીશીના પુનઃ પ્રકાશન અંતર્ગત આગમ વાચના, આગમ શોભાયાત્રા, આગમનો લોકાર્પણ સમારોહ તથા પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં જ્ઞાનપૂજન રાખવામાં આવેલ.

પૂજ્ય ગુરુદેવે દરરોજ ત્રણ કલાક આગમ વાચના દ્વારા આગમની સમજણ આપી હતી અને શ્રુતજ્ઞાનનો મહિમા સમજાવ્યો હતો.

આગમ શોભાયાત્રામાં ભગવાન મહાવીરે ૨૫૦૦ વર્ષ પહેલાં જગતના સર્વ જીવોના કલ્યાણ અર્થે આપેલ ઉપદેશ ગ્રંથો 'આગમ' પ્રત્યે અહોભાવનું પ્રાગટ્ય કરાવતા હતા.

દોઢ દિલોમીટર લાંબી શોભાયાત્રામાં ૫૦ કરતાં વધુ સાધુ-સાધ્વીજીઓ, ૨૦,૦૦૦ થી વધુ માનવ મહેરામણે ભવ્યતાનો અનુભવ કરેલ.

શણગારેલી ૩૨ કાર અને ૩૨ ઓપન ટ્રક્સમાં ભગવાન મહાવીરનો સંદેશ આપતા સ્લોટસ ઋજુવાલિકા નદી...જ્યાં પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આગમ ગ્રંથસ્થ કરતાં આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ અને અન્ય આચાર્યો, શ્રી ઉપાસક દશાંગ સૂત્ર, મંગલકુંભ, કમલાસન પર આગમ, શમવસરણ ભગવાન મહાવીરની દૃષ્ટિમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણમાં સરસ્વતીની સુંદર પ્રતિકૃતિ અર્હમ પરિવારના યુવક-યુવતીઓ, લુક એન્ડ લર્નના બાળકો, આર્મી, નેવી અને એરફોર્સના ડ્રેસમાં બાળકો વી.આઈ.પી. મહેમાનો સાફામા, બે પ્રકારના બેન્ડ. સ્ટ્રીટ પ્લે સ્ટીક વોક્ર, બીગ પાઈપર બેન્ડ, કચ્છી ઘોડીડાન્સ, અદ્‌ભુત રીતે શણગારેલ, આગમ ગ્રંથ, અહોભાવ સાથે મસ્તક પર ધારણ કરેલ બહેનો, લુક એન્ડ લર્નના (જૈન પાઠશાળા)ના બાળકોના પેરન્ટસ, ભાંગડા, ડાન્સ, અર્હમ્ પરેડ અને વિશાળ સંખ્યામાં આગમ પ્રેમી ભાઈ-બહેનો અને બાળકો આ આગમ શોભાયાત્રા...જ્ઞાનયાત્રાનું આકર્ષણ હતું.

બેટરી-રીમોટથી ચાલતા મીની હેલિકોપ્ટરમાંથી પવિત્ર પદાર્થોની વર્ષાના વધામણા આગમ ગ્રંથો પર થયા અને આ આગમ યાત્રાનો શુભારંભ થયો હતો.

આગમની પહેચાન અને જાગૃતિ અર્થે આયોજિત ભવ્ય અને આકર્ષક આગમ જ્ઞાન યાત્રા ઘાટકોપરના રાજમાર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે સૌ આશ્ચર્ય ચકિત થઈ જતા હતા અને સૌના મસ્તક અહોભાવથી ઝૂકી જતા હતા.

ઘાટકોપરના રાજમાર્ગ પર દરેકના ચહેરા પર એક વિસ્મય હતું જૈન ધર્મ ગ્રંથ આગમ રૂપે ઓળખાય અને એ ધર્મગ્રંથ પ્રતિ બહુમાન ભાવ કેળવવા આ શોભાયાત્રા નીકળી હતી. આ વાત પહેલીવાર તેઓ જાણી રહ્યા હતા. હજારોની જન મેદનીમાં જૈન આગમમાં રહેલ અલભ્ય સત્યને પ્રતિસાદ કરતી આગમ મહોત્સવની કડીરૂપ શોભાયાત્રા મુંબઈ વાસીઓ માટે અવિસ્મરણીય રહી હતી.

આગમ પર ડ્રોઈંગ, આગમ ક્વીટ્સ અને આગમ પ્રોજેક્ટ કોમ્પિટીશન યોજવામાં આવેલ.

તા. ૧૩મી ડિસે. ૨૦૧૦ના આ અઢાર દિવસના મહોત્સવના પુર્ણાહૂતિ સમારોહ ઘાટકોપરના વિશાળ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં હજારોના જન મહેરામણ વચ્ચે ઉજવવામાં આવેલ.

પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ના આગમ પરના ચિંતનસભર પ્રવચન દ્વારા કાર્યક્રમ શરૂ થયો ત્યાર પછી વિધિસર જ્ઞાનપૂજન કરાવવામાં આવેલ.

અદ્‌ભૂત રીતે શણગારેલ હાથણી અને હાથી આ કાર્યક્રમનું આકર્ષણ બની ગયેલ.

હસ્તી રત્નની રાજાશાહી અંબાડીમાં ઈન્દ્ર, ઈન્દ્રાણીનું ૩૨ આગમો સાથે બેન્ડ વાજા અને રાજવી ઠાઠભર્યું આગમન સલામી આપી એક એક આગમને અર્પણ કરતી હસ્તિ અને ભાવથી ઝીલતા મહાસતીજીઓ...આગમને અહોભાવ સાથે મસ્તક પર ધારણ કરી નૃત્ય દ્વારા આગમના વધામણા કરતી લુક એન્ડ લર્નની ૩૨ દીદીઓ (લુક એન્ડ લર્ન જૈન પાઠશાળાની ૩૨ જ્ઞાનદાતાઓ) એક સાથે ૩૨ આગમોનું ભાવથી વિમોચન કરતાં ૩૨ દાતાઓ પરમાત્માને કેવળજ્ઞાન પ્રાપ્તિ સ્થાન ઋજુવાલિકાની પ્રતિકૃતિથી શોભિત સ્ટેજ પરના સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુના કટ-આઉટ પાસે દાતાઓએ આવીને આગમ અર્પણ કરેલ.

'આગમનો ઉદ્‌ભવ' નાટિકાની અર્હમ અને લુક એન્ડ લર્નના બાળકોએ સુંદર રજુઆત કરી હતી. યુવક-યુવતીઓ દ્વારા ભગવાન મહાવીરના સિદ્ધાંત અને વિજ્ઞાન ઉપરની ઝલક અને 'ત્રિપદી' નૃત્ય એ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધાં હતા.

વિશ્વની હર એક વ્યક્તિ આગમથી પરિચિત થાય અને ભગવાન મહાવીરની સત્યવાણીના પ્રભાવથી વિશ્વશાંતિ સ્થપાય એ લક્ષ સાથે www.jainaagam.ong વેબસાઇટ લોંચ કરવામાં આવેલ.

યુવાનો અને બાળકોમાં ભગવાન મહાવીર વિશે જાણવાની જિજ્ઞાસા અને જાગૃતિ થાય. વિશ્વની દરેક લાઈબ્રેરીમાં આગમ ગ્રંથને સ્થાન મળે એ શુભભાવ સાથે આગમના ઈંગ્લીશ અનુવાદને પ્રકાશિત કરવાની પૂ. ગુરુદેવની ભાવનાને ઉપસ્થિત સમુદાયે હર્ષથી

વધાવી લીધી હતી.

મંગલપાઠે વાયુ મંડળને દિવ્યતાથી સભર કર્યું અને આગમ મહોત્સવની પુર્ણાહૂતિ થઈ.

જૈન સાહિત્ય જ્ઞાનસત્ર–૭

અર્હમ્ સ્પીરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ-પારસધામ, ઘાટકોપર પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૭નું આયોજન બુધવાર, તા. ૮–૧૨–૨૦૧૦ના અને ગુરુવાર, તા. ૯–૧૨–૨૦૧૦ના રોજ સવારે ૧૦–૦૦ થી ૧૨–૦૦ અને બપોરના ૨–૩૦ થી ૫–૦૦ના સમયે ઘાટકોપર પૂર્વના તિલક રોડ સ્થિત પારસધામમાં પૂ. શાસન અરૂણોદય મુનિશ્રી નમ્રમુનિ મ. સાહેબના પાવન સાનિધ્યમાં અને ગુજરાતી સાહિત્યના લબ્ધ પ્રતિષ્ઠિત સર્જક પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ દેસાઈના પ્રમુખસ્થાને સાનંદ સંપન્ન થયું હતું.

અનેક રીતે વિરલ અને વિશિષ્ટ એવા આ જ્ઞાનસત્રમાં (૧) જિનાગમ–આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ (૨) ચતુર્વિધ સંઘને જોડતી મજબૂત સાંકળરૂપ કડી–સમણશ્રેણી, સુવ્રતી સમુદાય કે ધર્મ પ્રચારકની આવશ્યકતા, સ્વરૂપ અને નિયમો અને (૩) જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા. એ ત્રણ વિષયો પર યોજવામાં આવી હતી. જેના સત્ર પ્રમુખ તરીકે અનુક્રમે (૧) ડૉ. જિતેન્દ્રભાઈ શાહ (૨) ડૉ. ધનવંતભાઈ શાહ અને (૩) ડૉ. બિપિનભાઈ દોશી ઉપસ્થિત રહ્યા હતા.

જિનાગમ–આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ-એ વિષય પરની પ્રથમ બેઠકમાં (૧) પૂ. ડૉ. તરુલત્તાબાઈ મહાસતીજી (૨) ડૉ. અભયભાઈ દોશી (૩) ડૉ. રસિકભાઈ મહેતા (૪) ડૉ. શેખરચંદ્ર જૈન (૫) ડૉ. પ્રવીણભાઈ શાહ (૬) ડૉ. કોકિલાબેન શાહ (૭) તરલાબેન દોશી (૮) ડૉ. જવાહરભાઈ શાહ (૯) ડૉ. કેતકીબેન શાહ (૧૦) ડૉ. ધનવંતીબહેન મોદી (૧૧) ડૉ. નલિનીબેન શાહ (૧૨) ડૉ. રેખાબેન ગોસલીયા (૧૩) ડૉ. રતનબેન છાડવા (૧૪) ફાલ્ગુનીબેન ઝવેરી (૧૫) પારુલબેન ગાંધી (૧૬) રમેશભાઈ ગાંધી અને (૧૭) જયશ્રીબેન દોશીએ પોતાનું પેપર્સ પ્રસ્તુત કર્યા હતા.

'ચતુર્વિધ' સંઘને જોડતા મજબૂત સાંકળરૂપ કડી શ્રમણશ્રેણી સુવ્રતી સમુદાય કે ધર્મ પ્રચારકની આવશ્યકતા સ્વરૂપ અને નિયમો'-એ વિષય પરની બીજી બેઠકમાં (૧) ડૉ. રશ્મિભાઈ ઝવેરી (૨) ડૉ. ઉત્પલાબેન મોદી અને (૩) જશવંતભાઈ શાહે પોતાનો નિબંધ રજૂ કર્યો હતો.

'જૈન શાળાના બાળકો માટેના આદર્શ અભ્યાસક્રમની રૂપરેખા'-એ વિષય પરની ત્રીજી બેઠકમાં (૧) ચીમનલાલ કલાધર (૨) ડૉ. રેણુકાબેન પોરવાલ (૩) ડૉ. છાયાબેન શાહ (૪) સેજલબેન શાહ (૫) ડૉ. રમણીકભાઈ પારેખ (૬) ડૉ. બીનાબેન ગાંધી (૭) ડૉ. રેખાબેન વોરા (૮) કિશોરભાઈ બાટવીયા (૯) રશ્મિબેન સંઘવી અને (૧૦) નરેન્દ્રભાઈ દોશીએ પોતાનો શોધપત્ર (નિબંધ) પ્રસ્તુત કર્યો હતો.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંતભાઈ બરવાળિયાએ સેંટરની વિવિધ લક્ષી પ્રવૃત્તિઓ અને જ્ઞાનસત્રની પૂર્વભૂમિકા કહી અને જ્ઞાનસત્રના પ્રમુખ અને સત્રપ્રમુખોનો પરિચય આપ્યો હતો.

ઉદ્‌ઘાટન પ્રવચનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ 'જૈન ધર્મની નૂતન ક્ષિતિજો અને પડકાર' એ વિષય પર પ્રવચન આપેલ. ડૉ. બળવંત જાનીએ 'પૂ. વીર વિજયજીનું જૈન સાહિત્યમાં યોગદાન' એ વિષય પર પ્રવચન આપેલ.

આગમ વિષય પર પૂજ્યશ્રી નમ્રમુનિ મ.સા. તથા પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ.જી.એ મનનીય વાતો કહી.

ડૉ. જિતેન્દ્ર શાહે આગમ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ વિષય પર પોતાના અભ્યાસપૂર્ણ મંતવ્યો રજુ કરી સમાપન કરેલ.

ડૉ. ધનવંતભાઈ શાહે 'ચતુર્વિધ સંઘને જોડતી મજબુત સાંકળરૂપ કડી સમણશ્રેણી ધર્મ પ્રચારક કે સુવ્રતી સમાજની આવશ્યકતા વિષય પર સાધુ-સંતોની સમાચારી-વિહારની આવશ્યકતા સાથે વિકટતા અને સાંપ્રત યુગમાં જૈન ધર્મ પ્રચારની આવશ્યકતાના સંદર્ભે ચિંતનસભર વક્તવ્ય સાથે સમાપન કર્યું હતું.

ડૉ. બિપીન દોશીએ 'જૈનશાળાના બાળકોના અભ્યાસક્રમની આદર્શ રૂપરેખા' વિષય પર સમાપન પ્રવચન વેળાએ પોતે જૈન પાઠશાળામાં ભણતાં તેના રસપ્રદ સંસ્મરણો રજુ કરી અને અભ્યાસક્રમમાં સમાવવા જેવા વિશિષ્ટ મુદ્દાઓનું વિશ્લેષણ કર્યું હતું.

પોતાની કલમ દ્વારા જૈન શાસનની સુંદર સેવા કરનારા જૈન પત્રકારો (૧) મણીલાલ ગાલા (જન્મભૂમિ) (૨) મધુરીબેન મહેતા (દશાશ્રીમાળી) (૩) સંધ્યાબેન શાહ (ઝાલાવાડ સ્થા. જૈન પત્રિકા) (૪) રમેશભાઈ સંઘવી (જાગૃતિ સંદેશ) (૫) પ્રતિમાબેન બદાણી (પ્રાણપુષ્પ) અને (૬) રૂચિતા શાહ (જન્મભૂમિ)નું આ જ્ઞાનસત્રમાં વિશિષ્ટ અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ જ્ઞાનસત્રની તમામ બેઠકોનું સંચાલન શ્રી યોગેશભાઈ બાવીશીએ ખૂબ સુંદર રીતે કર્યું હતું. જ્ઞાનસત્રના સંયોજક શ્રી ગુણવંતભાઈ બરવાળીયાએ આભારવિધિ કર્યા બાદ દિવસના આ ઐતિહાસિક જ્ઞાનસત્રની સમાપ્તિ જાહેર થઈ હતી.

આ જ્ઞાનસત્રમાં બંને દિવસે બપોરની અને સાંજની સાધર્મિક ભક્તિ રખાઈ હતી. દરેક વિદ્વાનોને પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. આ જ્ઞાનસત્રને યશસ્વી, યાદગાર અને અવિસ્મરણીય બનાવવા માટે જ્ઞાનસત્ર આયોજન સમિતિના સભ્યો સર્વશ્રી ગુણવંતભાઈ બરવાળીયા, પ્રવીણભાઈ પારેખ, યોગેશભાઈ બાવીશી, ડૉ. રસિકભાઈ મહેતા, સુરેશભાઈ પંચમિયા, પ્રકાશભાઈ શાહ અને પ્રદીપભાઈ શાહે ભારે જહેમત ઉઠાવી હતી. ✷✷✷

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર
gunvant.barvalia.@gmail.com Mo.: 9820215542

જયભિખ્ખુ જીવનધારા : ૨૪

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[જીવનની આસપાસનાં પરિબળો સર્જકની મનોસૃષ્ટિનું ઘડતર કરે છે. સર્જક જે પરિવેશની વચ્ચે જીવતો હોય છે, એ પરિવેશનો પ્રભાવ એના સાહિત્ય-સર્જન પર દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી સાહિત્યમાં મૂલ્યનિષ્ઠ સાહિત્યસર્જન કરનાર અને જિંદાદિલીભર્યું જીવન જીવનાર 'જયભિખ્ખુ' ના સર્જક જીવનમાં શિવપુરીના વાતાવરણનો પ્રભાવ જોવા મળે છે અને એ વિશે વિચારીએ આ ચોવીસમા પ્રકરણમાં]

માંગલ્ય દૃષ્ટિનું બીજ

ગ્વાલિયર શહેરની પાસે આવેલા શિવપુરીના ઘનઘોર જંગલોની વચ્ચે જૈન ગુરુકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી જયભિખ્ખુએ ગુજરાતથી ખૂબ દૂર હોવા છતાં ગુજરાતી સાહિત્યનું વાંચન સતત ચાલુ રાખ્યું. આ ગુરુકુળમાં ધર્મ અને દર્શનનાં પુસ્તકો સુલભ હતાં; પરંતુ ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો અતિ દુર્લભ હતાં. વિદ્યાર્થી જયભિખ્ખુના મનમાં પોતાની ભાષા અને સાહિત્ય માટે ઊંડો પ્રેમ હતો અને ક્યારેક એ એકલા આ જંગલોમાં ટહેલવા નીકળતા, ત્યારે કવિ ખબરદારની એ પંક્તિઓ ગણગણાવતા હતાઃ

'ગુણવંતી ગુજરાત અમારી ગુણવંતી ગુજરાત,
નમીએ નમીએ માત! અમારી ગુણવંતી ગુજરાત.'

અને આ પંક્તિ બોલતી વખતે એમને પોતીકી ભોમકા ગુજરાતનું સ્મરણ થતું. વીંછીયાની શેરી, બોટાદનું પાદર, સાયાલની લાલજી ભગતની જગાઅને વરસોડાના સાબરમતીને કાંઠે આવેલાં કોતરો યાદ આવતાં. આ સ્મરણ આંખમાં ઝળઝળિયાં લાવી દેતું; પરંતુ એમનો દોસ્ત ખાન શાહઝરીન પોતાના આ મિત્રને હિંમત આપતો અને કહેતો કે છેક પેશાવરથી રિશ્તેદારોને છોડીને અહીં આવ્યો છે, છતાં એ ગમના બોજને ભૂલી શકે છે તો જયભિખ્ખુ કેમ એમના દિલના બોજને ભૂલી શકતા નથી? વળી જયભિખ્ખુના પિતરાઈ ભાઈ શ્રી રતિલાલ દેસાઈ ગુરુકુળમાં એમની સાથે જ અભ્યાસ કરતા હતા. એમનાથી વયમાં પણ મોટા હતા એટલે વડીલબંધુની છત્રછાયા મળી હતી. જોકે જયભિખ્ખુની આંખને સગા-વહાલાનું સ્મરણ ભીની કરતી નહોતી; પરંતુ પ્રકૃતિની યાદ એમને ભીંજવતી હતી. એમાંય છેલ્લે છેલ્લે વરસોડામાં હતા, ત્યારે જયભિખ્ખુને એ ધરતી સાથે ભારે હેત બંધાઈ ગયું હતું.

શિવપુરીના જંગલોમાં આવતા ગુરુકુળની ઊંચા, કદાવર અને હિંમતબાજ ચોકીદાર ખાન શાહઝરીન સાથે દોસ્તી થઈ. એક વાણિયાની અને એક પઠાણની આ દોસ્તી અત્યંત વિરલ હતી; પરંતુ આ દોસ્ત સાથે રહેવાથી એક જુદી જ તાકાતનો અનુભવ થયો. બાળપણમાં ડરતા, ગભરાતા, વહેમો ધરાવતા જયભિખ્ખુમાંથી આ વિદ્યાર્થીકાળમાંથી ભીરુતા અલોપ થઈ ગઈ. કોઈથીયે નહીં ડરવાનું એક ખમીર જાગ્રત થયું. અન્યાય સામે મૂંગે મોંએ બેસી રહેવાને બદલે કશાયની પરવા કર્યા વિના ઝઝૂમવાની એક તાકાત પેદા થઈ અને આથી જ પોતાના ગુરુકુળના સ્મરણોને યાદ કરીને 'હિંમતે મર્દા' પુસ્તકની પ્રસ્તાવનામાં જયભિખ્ખુ નોંધે છેઃ

'એક પઠાણ, એક વાણિયો. અમે બંને છાના છાના ઘણું ફરતા. અમે સાથે પ્રવાસ ખેડેલો. બે-ચાર વાર ખાનગીમાં બંદૂક ફોડવાના લહાવા લીધેલા. એક વખતે નિયામકોની નજર ચૂકવી ઘોર રાતે, ગાઢ જંગલમાં, જળાશયના તીરે, વાઘ-મહારાજાના દર્શને પણ ગયેલા. જવાંમર્દના વાચકોને 'જગત'નો પરિચય નવો નથી. પેશાવર ને લંડીકોતલ સાથે ઘૂમવાનાં સ્વપ્ન પણ સેવેલાં.'

આ સંદર્ભમાં ગુજરાતી બાળસાહિત્યના લેખક વયોવૃદ્ધ શ્રી વસંતલાલ પરમારે એક સ્મરણ નોંધ્યું છે. તેઓ લખે છેઃ

'શિવપુરીના આશ્રમમાં એક વાર વિહાર કરતા-કરતા આવેલા ચાર જૈન સાધુઓએ રાત્રે રોકાણ કર્યું હતું. 'સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે બીજે દિવસે સવારે આ સાધુ-મહારાજોને સામે ગામ જવાનું હતું. વચ્ચે શિવપુરીનું ગાઢ જંગલ આવતું હતું. સાધુઓને મૂકવા જનારા માણસોએ જંગલમાંથી પસાર થઈને સામે ગામ જવાની ના પાડી, કારણ કે આ જંગલ એ ગ્વાલિયરના રાજાઓનું શિકારસ્થળ હતું. એમાં વાઘ અને બીજાં હિંસક પ્રાણીઓની ઘણી બીક રહેતી હતી. આખરે કોઈ જવા તૈયાર ન થયું, ત્યારે જયભિખ્ખુ જવા માટે તૈયાર થયા. એમના સાથીઓએ કહ્યું કે જંગલમાં વાઘનો મોટો ભય છે; પરંતુ એ વાત ગણકાર્યા વગર જયભિખ્ખુ સાધુ-મહારાજો સાથે નીકળ્યા. આગળ તેઓ ચાલે અને એમની પાછળ પાછળ ચારેય સાધુ-મહારાજો ચાલતા હતા. શિવપુરીના જંગલની અધવચ્ચે પહંચ્યા હશે, ત્યાં વાઘની ગર્જના સંભળાઈ. સાધુઓમાં એક પ્રકારનો ભય વ્યાપી ગયો, ત્યારે જયભિખ્ખુએ એમને ઇશારાથી જણાવ્યુંકે સહેજે ડર્યા વગર ચૂપચાપ મારી પાછળ ચાલ્યા આવો. થોડાંક ડગલાં આગળ ગયા હશે, ત્યારે વાઘ એમની સામે આવતો દેખાયો. સાધુઓ તો ધ્રુજવા લાગ્યા, ત્યારે એમને દિલાસો આપીને જયભિખ્ખુએ વાઘ ભગાડવાની જે યુક્તિઓ શીખ્યા હતા તેના દ્વારા ગર્જના જેવો અવાજ કાઢ્યો. આ સાંભળી વાઘને એમ લાગ્યું કે સામેથી બીજો વાઘ આવે છે એટલે એ ત્યાંથી ફંટાઈને દૂર જતો

રહ્યો અને જયભિખ્ખુ અને સાધુઓ નિર્વિઘ્ને સામા ગામમાં પહોંચ્યા. સાધુઓને મૂકીને જયભિખ્ખુ એ જ રસ્તેથી આશ્રમમાં પાછા આવી ગયા.'

આ સંદર્ભમાં વસંતલાલ પરમાર કહે છે કે, 'જયભિખ્ખુ જંગલી પ્રાણીઓની ખાસિયતો અને એમની બોલીના અચ્છા જાણકાર હતા. વાઘની ગર્જના જેવો અવાજ કાઢવાની યુક્તિ તે સ્થાનિક શિકારીઓ પાસેથી શીખ્યા હતા. આવી યુક્તિ શિકારકથાઓના અંગ્રેજ લેખક જીમ કોર્બેટ અને દક્ષિણ ભારતના શિકારી કેનેલ એન્ડર્સન પણ અજમાવતા હતા. ભારતીય શિકારી શ્રી નિધિ સિદ્ધાલંકાર તો પોતાના થેલામાં શંખ રાખતા અને એ વગાડીને વાઘની ગર્જનાઓ જેવો અવાજ કાઢીને વાઘને ભગાડતા હતા.'

એ નોંધવું જોઈએ કે શ્રી વસંતલાલ પરમારે શિકારકથાઓનાં અનેક પુસ્તકોનું વાંચન કર્યું છે તેમજ ગુજરાતી બાળસાહિત્યમાં શિકારકથાઓ આલેખીને મહત્ત્વનું પ્રદાન પણ કર્યું છે.

આમ દિલોજાન દોસ્ત ખાન શાહઝરીન સાથે જયભિખ્ખુ એક જુદી જ દુનિયામાં વિહરવા લાગ્યા. એમના ચિત્તમાં નવી નવી કલ્પનાઓ ઊભરાવા લાગી અને બીજી બાજુ ગુરુકુળના જૈન સાધુઓનાં તપ-ત્યાગમય જીવન અને ઊંડા જ્ઞાન પ્રત્યે આકર્ષાવા લાગ્યા. આ આકર્ષણ એટલું બધું પ્રબળ બન્યું કે જયભિખ્ખુએ ૧૯૨૭માં એમનું પહેલું પુસ્તક 'ધર્મજીવન' લખ્યું. જેમાં શિવપુરીના ગુરુકુળના પ્રેરક શાસ્ત્રવિશારદ જૈનાચાર્યશ્રી વિજયધર્મસૂરિશ્વરજીનું દસ પાનાનું સંક્ષિપ્ત જીવનચરિત્ર લખ્યું. ગુરુકુળના આ વાતાવરણમાં વિદ્યાર્થી જયભિખ્ખુનું જીવનદર્શન ઘડાવા લાગ્યું. રમણીય પ્રકૃતિના આનંદભર્યા અનુભવની સાથોસાથ ઉત્તમ ધર્મપુરુષોના સત્સંગે વિદ્યાર્થી જયભિખ્ખુના જીવનમાં પાવન અને મહેકની વસંતનું સર્જન કર્યું. એ જૈન ગુરુકુળમાં રહીને વિદ્યાર્થીઓને શાસ્ત્રાભ્યાસ કરાવવાનો અથાગ પુરુષાર્થ કરનારા સાધુજનોના ઉચ્ચ જીવન અને એમના ઊંડા જ્ઞાનને જોઈને ધન્યતા અનુભવતા હતા. ધીરે ધીરે જૈન સાધુજીવનનો મહિમા એમને સમજાવા લાગ્યો અને વિચાર કરવા લાગ્યા કે આ સાધુઓ કેવું આત્મકલ્યાણ અને જગતકલ્યાણ સાધે છે! એમની પાસે જ્ઞાનનો કેવો ઊંડો પ્રકાશ છે અને પ્રકાશને કેવી સરસ રીતે ચોતરફ વેરી રહ્યા છે!

'ધર્મજીવન' કૃતિ ભિક્ષુ સાયલાકરના ઉપનામથી લખી હતી. એ પછી ચારેક વર્ષ બાદ ઈ. સ. ૧૯૩૧માં ૪૨ પૃષ્ઠની નાનકડી જીવનકથા લખી. એ જીવનકથાનું નામ રાખ્યું 'મંગલ જીવનકથા' અને આ 'મંગલ જીવનકથા'માં આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીના શિષ્ય પ્રવર્તકશ્રી મંગલવિજયજી મહારાજનું જીવન આલેખ્યું. સર્જન જયભિખ્ખુને ચોપાસ પવિત્ર, જ્ઞાનમય અને મંગલતાપૂર્ણ વાતાવરણ મળ્યું અને એને કારણે એમની જીવનદૃષ્ટિ પણ માંગલ્યદર્શી બની. તપ, ત્યાગ કરતા સાધુઓ, જ્ઞાનોપાસના કરતા પંડિતો, શાસ્ત્રાભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને પોતાની ચોકીદારીનું કાર્ય પૂરી ઈમાનદારીથી બજાવતા ખાન શાહઝરીન જેવા નેકદિલ ઈન્સાન મળ્યા હતા. આ વાતાવરણે જયભિખ્ખુમાં માંગલ્ય દૃષ્ટિ જગાડી જે એમના સમગ્ર સાહિત્યમાં પ્રતિબિંબિત થતી રહી. આથી એમના ૧૯૩૧માં લખાયેલા 'મંગલ જીવનકથા' પુસ્તકમાં ૨૩ વર્ષનો આ યુવાન પોતાની કલમને મોકળા મને વિહરવા દે છે. 'ધર્મજીવન' એ પુસ્તિકા જૈનાચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની હતી; પરંતુ એમાં જયભિખ્ખુ પાસે એમના માર્મિક જીવનપ્રસંગો નહોતા. જીવનકથાની ઝીણી માંડણી કરી શકે એવી વિગતો અને ઘટનાઓનો અભાવ હતો. આથી માત્ર એક અર્ધ્યરૂપે આ પુસ્તિકા રચી હતી; પરંતુ ૧૯૩૧માં 'મંગલ જીવનકથા' લખે છે, ત્યારે યુવાન જયભિખ્ખુ પાસે આગવી શૈલી છે, ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ છે અને વર્ણન કરવાની વિશિષ્ટ સૂઝ પણ જોવા મળે છે. શ્રી મંગલવિજયજી મહારાજ મહેસાણા જિલ્લાના લીંચ ગામમાં જન્મ્યા હતા તે વિગતને લક્ષમાં રાખીને ગરવી ગુજરાતના યશોગાનથી કૃતિનો પ્રવાહી શૈલીમાં છટાદાર પ્રારંભ કર્યો. તેઓ ગુજરાતની વિચિત્રતાને ઉપસાવતા લખે છેઃ

'એ જ કવિ ખબરદારની રસભરી કવિતાની માનીતી રસવંતી ગુજરાત અને આજની પોતાના નવકુસુમ જેવા કોમળ બાળકોની સામે કુરબાનીઓથી શૌર્યવંતી બનેલી 'ગુજરાત' અને આજે સમયધર્મની હાકલ પડતાં અનેક મોંઘા પુત્રોની કુરબાની આપનાર પણ એ જ ગુજરાત કે જેના ખોળામાં જેના સંતાનોએ તલવારના ખેલો પણ ખેલ્યા છે–હજારો વિલાસો પણ ભોગવ્યા છે, અરે જેના કેટલાંક બાળકો નિરક્ષર ભટ્ટાચાર્યો પણ થયાં છે, જ્યારે કેટલાંકે તો વિદ્યાના ક્ષેત્રમાં અદ્વિતીય કાર્યો કર્યા છે; કેટલાંકે જર, જમીન અને જોરુને માટે માથાં પણ મેલ્યા છે અને કેટલાંકે તેનો તૃણવત્ ત્યાગ પણ દીધો છે, કેટલાંક વિલાસોમાં લપટાયા પણ છે અને કેટલાંક શ્રેષ્ઠતાએ પણ પહોંચ્યા છે. આવી વિચિત્રસ્વરૂપી ગુજરાતના એક ત્યાગી અને વિદ્વાન મહાજનની આ રેખામાં જીવનકથા છે.'

અહીં વાતાવરણને ઉપસાવવાની જયભિખ્ખુની આગવી ખાસિયત જોવા મળે છે. એ પછીના એમના સાહિત્યસર્જનમાં છટાદાર ભાષા અને એના દ્વારા વાતાવરણ ઊભું કરવાની કુશળતા જોવા મળે છે, એનાં બીજ અહીં જોવા મળે છે. એ જમાનામાં સાધુજનોનાં ચરિત્રોનો પ્રારંભ વિશેષણોની ભરમારથી થતો હતો અને એક પછી એક મોટાં-મોટાં વિશેષણો આપીને સાધુપુરુષનું નામ આપવામાં આવતું હતું.

અહીં જયભિખ્ખુએ ચરિત્રનો જુદી જ રીતે પ્રારંભ કર્યો અને એ રીતે જૈન સાધુઓના ચરિત્રઆલેખનમાં એક નવો ચીલો પાડ્યો. લીંચ ગામના ધર્મિષ્ઠ મહેતા કુટુંબમાં ભગવાનદાસ મહેતાને ત્યાં

એમનાં પત્ની અંબાદેવીની કૂખે જન્મેલા બાળક મનસુખની વાત કરે છે અને ત્યારે વિ સં. ૧૯૩૩ના માગશર મહિનામાં જન્મેલા મનસુખની વાત કરતા પૂર્વે માગશર મહિનાનું થોડું પ્રકૃતિ અને પરિસ્થિતિનું વર્ણન પણ આપે છે. તેઓ લખે છેઃ

'સંવત ૧૯૩૩ની સાલ હતી. હેમંત ઋતુનો માગશર મહિનો પસાર થતો હતો. ખેતરોમાં જુવારના છોડો પાકી ચૂક્યા હતા. કેટલેક ઠેકાણે તો વાવણી પણ શરૂ થઈ ચૂકી હતી. ખેડૂતો ખેતરોમાં અનિલની મંદમંદ લહરીમાં ડોલતા દાણાથી ભરેલાં ડૂંડાઓ જોઈને આનંદ પામતા હતા. આવેલા ભાતા ઉપર ભવિષ્યની મહેલાતો ઘડતાં આનંદથી પૈસા ઉડાવતા દુકાનદારો પોતાના ધીરેલા પૈસા બેવડા વ્યાજે મળશે એમ વિચારીને મલકાતા હતા. બાળકો પણ શિયાળાની મીઠી ઠંડીમાં પોતાના પાઠો બહુ આનંદપૂર્વક યાદ કરતા હતા. રાત્રે ઊગતી ચાંદનીમાં સગડીની આસપાસ બધાં ટોળે વળી પોતપોતાની કહાણીઓ કરતાં-કોઈ દુઃખ રડતું, કોઈ સુખ કથતું તો કોઈ પરી અને અપ્સરાની વાતો કરતું એમ જાણે સર્વદેશીય કૉન્ફરન્સ ભરાતી. આવા સુંદર માસની એક ચંદ્રમાવાળી રાત્રિના અંતિમ ભાગે આપણા જીવનકથાના નાયક મહાત્માનો જન્મ થયો.'

આ રીતે મહાત્માના જન્મનો મહિમા વર્ણવવા પ્રયાસ કરે છે. આ 'મંગલ જીવનકથા'માં લેખક સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી કાવ્યપંક્તિઓને વણી લે છે. એમાં વૈરાગ્યશતકનો શ્લોક કે કોઈ માર્મિક સુભાષિત મળે છે. નરસિંહ મહેતા, કલાપી કે ખબરદારની સાથોસાથ બાર વ્રતની પૂજાની પંક્તિઓ પણ ગૂંથી લેવામાં આવી છે. મનસુખના ચિત્તમાં સતત એ વિચાર ચાલતો હતું કે શું લગ્ન એ જ જીવનનું સાચું સુખ છે? અને લગ્નના ચારેક દિવસ બાદ એના મોટાભાઈનું અવસાન થતાં મનસુખના હૃદયમાં ઝંઝાવાત જાગે છે. સર્જક જયભિખ્ખુ આ મનોમંથનનું ઝીણું નકશીકામ કરે છે અને સાથોસાથ મનસુખના મનમાં વારંવાર જાગતા પ્રશ્નોને દર્શાવે છે. એણે સ્મશાનમાં મોટાભાઈનું સુંદર શરીર સર્વભક્ષી અગ્નિજ્વાળાઓમાં સ્વાહા થતું જોયું અને સાથે જ એના મનમાં વિચાર ઊઠ્યોઃ 'શું સાચું સુખ આ છે?'

અહીં યુવાન લેખક જયભિખ્ખુએ મોટાભાઈના લગ્નના ઉલ્લાસસભર વાતાવરણની અનેએની સામે એમની અંતિમક્રિયાનું ચિત્ર મૂકીને સતત એક પ્રશ્ન ખડો કર્યો છે અને તે એ કે 'સાચું સુખ ક્યાં છે અને એ કેવું છે?' પરિવર્તિત થયેલા વાતાવરણનો આલેખ આપતા યુવાન લેખક જયભિખ્ખુ લખે છેઃ

'થોડા સમય પહેલાંના આનંદને બદલે અત્યારે ઘરમાં શોકની ઘેરી છાયા પથરાયેલી હતી. બધાના મુખો ઉદાસ હતાં. પેલી નવોઢા જેના હાથો પર અને શરીર પર સુંદર આભૂષણો શોભતાં હતાં તેના શરીર પર આજે એક પણ આભૂષણ અસ્તિત્વમાં નો'તું. એ એક શ્યામલ વસ્ત્રથી પોતાના શરીરને વીંટાળી ખૂણામાં બેઠી હતી. એનું મુખ જાણે અનંત વર્ષોની ચિંતાઓથી કરમાઈ ન ગયું હોય તેવું થઈ ગયું હતું. અરેરે! જે સુખનો અંત દુઃખમાં છે, તે સુખ શાનું?

એ પછી મનસુખ આચાર્ય વિજયધર્મસુરીશ્વરજી મહારાજ પાસે જઈને આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લે છે અને ધીરે ધીરે પોતાનું જીવન વૈરાગ્યમય બનાવવા પ્રયાસ કરે છે. શંખેશ્વરની નજીક આવેલા સમી ગામમાં જઈને પોતાના ગુરુ સમક્ષ પોતાની દીક્ષા લેવાની ઈચ્છા પ્રગટ કરે છે, ત્યારે આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી એમને ફરી એક વખત ઘેર જઈ સગાં-સ્નેહીઓની રજા લેવાનું કહે છે. મનસુખ હતોત્સાહ થઈને વિજયધર્મસૂરિને કહે છે કે મારા સ્નેહીઓ એમ કંઈ રજા આપે ખરા? એમની પાસે હું વધુ શું કહી શકું?

વિજયધર્મસૂરિજીએ હસતે મુખે જવાબ વાળ્યો કે, સાધુ થનારમાં આટલી શક્તિ ન હોય, તો પછી સાધુ થઈને શું કરશો? તમારે હૃદય મજબૂત રાખી સ્નેહીઓને સમજાવીને તેમની રજા મેળવીને આવવું જોઈએ, નહીં તો દીક્ષા નહીં મળે.'

આ રીતે આચાર્યશ્રી મનસુખના ખમીરની કસોટી કરે છે અને અંતે વખત જતા મનસુખ મુનિરાજશ્રી મંગલવિજયજી બને છે. આ પછી પોતાના ગુરુદેવ પાસે રહીને ઊંડો અભ્યાસ કરે છે અને પછી ગુરુ સાથે કાશી તરફ પ્રયાણ કરે છે. સમય જતાં તેઓ ગ્રંથો અને દર્શનોનો અભ્યાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરે છે અને સાહિત્ય અને ધર્મોપદેશમાં પોતાનું જીવન વ્યતીત કરે છે. જુદી જુદી ધાર્મિક સંસ્થાઓની સ્થાપના કરે છે અને પુનઃ કાશીમાં જઈને શિવપુરીમાં પોતાની વિદ્વતાથી અનેક યુવાનોને અભ્યાસ કરાવે છે.

આ કૃતિમાં યુવાન લેખક જયભિખ્ખુની પ્રવાહી શૈલી જોવા મળે છે, પણ સાથોસાથ મુનિરાજ શ્રી મંગલવિજયજીના જીવનમાં અનેકવિધ વળાંકોનું તેઓ રસપ્રદ આલેખન કરે છે. આવા ઊર્ધ્વ જીવનનું આલેખન કરતી વખતે લેખકના હૃદયનો ઉલ્લાસ એમના કથનમાં સતત અભિવ્યક્ત થતો રહે છે. સામાન્ય રીતે સાધુ પુરુષોના ચરિત્રમાં જોવા મળતી વિશેષણોની પરંપરા અહીં નથી. ઉત્સવો, મહોત્સવોની સ્થૂળ માહિતી નથી, આલેખનમાં ક્યાંય અતિશયોક્તિ નથી અને ચમત્કારની વાતોથી તો લેખક સો ગાઉ દૂર રહ્યા છે. આ કૃતિએ સર્જકની મંગલમય દૃષ્ટિનું ઘડતર કર્યું અને સાથોસાથ વાચકને એના પ્રવાહમાં ઘસડી જાય એવી વેગવંતી અને જોગવંતી શૈલીનો અનુભવ કરાવ્યો.

એક સર્જકની માંગલ્ય દૃષ્ટિ કેવી રીતે ઘડાય છે એનું બીજ 'મંગલ જીવનકથા' બની રહી. **(ક્રમશઃ)**

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ–૧૮ : શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

❑ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

(લેખિકા કચ્છી વાગડ સમાજના ગૃહિણી છે. જૈન તત્ત્વજ્ઞાનના વિષય સાથે લાડનૂ વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને મુંબઈ યુનિવર્સિટી દ્વારા ડૉ. કલા શાહના માર્ગદર્શન હેઠળ કવિ ઋષભદાસની કૃતિ 'જીવવિચાર રાસ' ઉપર શોધ નિબંધ તૈયાર કરી પીએચ.ડી.ની ડીગ્રી આ વિદૂષી લેખિકાએ પ્રાપ્ત કરી છે.)

(૧) ગ્રંથનું નામ–શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
(૨) ગ્રંથના કર્તા–શ્રી શ્યામાચાર્ય
(૩) ગ્રંથની ભાષા–અર્ધમાગધી ભાષા
(૪) ગ્રંથનો રચનાકાળ–વીર સંવત ૩૩૫–૩૭૬
(૫) ગ્રંથનો વિષય–સર્વભાવોની પ્રજ્ઞાપના કરવામાં આવી છે.

ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનું સ્થાન :

ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનું એક વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ સ્થાન છે તે માત્ર અક્ષરદેહથી જ વિશાળ અને વ્યાપક નથી પરંતુ જ્ઞાન–વિજ્ઞાન, ન્યાયનીતિ, આચાર-વિચાર, ખગોળ–ભૂગોળ, દાર્શનિક–તાત્ત્વિક, અધ્યાત્મ અને અનુભૂતિનો અક્ષય ખજાનો છે. જૈન સાહિત્યે ભારતીય સાહિત્યને આધ્યાત્મિક ગરિમા તથા દિવ્ય-ભવ્ય જ્ઞાનની તેજસ્વીતા પ્રદાન કરી છે.

જૈન સંતોના સાત્ત્વિક, તાત્ત્વિક, માર્મિક, સાહજિક અને શ્રેષ્ઠ સાહિત્ય સર્જનોએ સમર્થ સાહિત્યકારોને પણ પ્રભાવિત કર્યા છે. જૈન સાહિત્ય ભારતીય સાહિત્યનું આવિભાજ્ય અંગ છે.

જૈન સાહિત્ય–જૈન સાહિત્યના મુખ્યત્વે બે ભેદ પાડી શકાય. આગમ સાહિત્ય અને આગમેતર સાહિત્ય.

(૧) **આગમ સાહિત્ય**–જૈન પરંપરાના પ્રાચીનતમ ગ્રંથોને સામાન્ય રીતે આગમ કહેવાય છે.

આગમનો અર્થ = આ ઉપસર્ગ અને ગમ્ ધાતુથી આગમ શબ્દ બન્યો છે. આ = અર્થપૂર્ણ ગમ = ગતિપ્રાપ્ત. જેમાં અર્થપૂર્ણ ગતિ થાય તે આગમ. અથવા આ = આત્મા, ગમ = જ્ઞાન અર્થાત્ આત્માનું જ્ઞાન કરાવે તે આગમ. જૈન દૃષ્ટિએ જેઓએ રાગદ્વેષને જીતી લીધા છે તે જિન તીર્થંકર અને સર્વજ્ઞ છે. તેઓનું તત્ત્વચિંતન, ઉપદેશ અને વિમલવાણી આગમ છે.

આગમના મુખ્ય બે ભેદ છે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય.

(i) **અંગપ્રવિષ્ટ**–શ્રી તીર્થંકર પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે તે વખતે વિશિષ્ટ પ્રકારની બુદ્ધિના ધણી એવા ગણધર ભગવંતોને પ્રભુ ઉપનેવા–વિહ્ને વા–ધ્રુવે વા'રૂપ બીજમંત્રની ત્રિપદી આપે છે. એ ત્રિપદીના આધારે બીજબુદ્ધિના ધારક ગણધર ભગવંતો તે જ સમયે દ્વાદશાંગી રચના કરે છે તે અંગપ્રવિષ્ટ શ્રુત કહેવાય છે. આચારાંગાદિ ૧૨ અંગને દ્વાદશાંગી કહેવાય છે. હાલ બારમાંથી ૧૧ અંગ વિદ્યમાન છે. છેલ્લું દૃષ્ટિવાદ સૂત્ર વિચ્છેદ ગયું છે. જોકે દિગંબર પરંપરા બારેબાર અંગને વિચ્છેદ ગયેલા માને છે.

(ii) **અંગબાહ્ય**–અંગપ્રવિષ્ટને આધારે અન્ય બહુશ્રુત શ્રમણો દ્વારા રચાયેલા તદનુસારી શ્રુતજ્ઞાન અંગબાહ્ય આગમ કહેવાય છે. ગણધરો કેવળ ૧૨ અંગની રચના કરે છે. પરંતુ કાલાંતરે આવશ્યકતા અનુસાર અંગબાહ્ય આગમોની રચના ૧૦ પૂર્વથી ૧૪ પૂર્વજ્ઞાનના જ્ઞાતા હોય એવા સ્થવિર ભગવંતો કરે છે. એમની રચનાઓ અવિરોધી અને આગમ તરીકે માન્ય ગણાય છે. તેઓ સૂત્ર અને અર્થદૃષ્ટિથી અંગ સાહિત્યના પૂર્ણજ્ઞાતા હોય છે તેથી તેઓની રચના અવિરોધી હોય છે. તેમાં ઉપાંગ, મૂળ, છેદ, આવશ્યક અને વ્યાખ્યા સાહિત્યનો સમાવેશ થાય છે.

(૨) **આગમેતર સાહિત્ય**–આગમ સિવાયના સાહિત્યને આગમેતર સાહિત્ય કહેવાય છે. આગમ સાહિત્યના ભાવ, રહસ્ય સમજવાના જ્યારે કઠિન પડવા લાગ્યા, ભણવા-ભણાવવાનો પુરુષાર્થ ઓછો થતો ગયો, વાંચવાનો સમય ઓછો પડવા લાગ્યો, પરંપરામાં ભુલાવા લાગ્યા ત્યારે સામાન્ય મનુષ્યને એ આગમનું જ્ઞાન પીરસવા માટે એમાંનો જ એક કે અધિક વિષય લઈ એના પર પ્રકરણ, સમાસ, પુરાણ, કાવ્ય કથા આદિ અનેક સાહિત્યો રચાયા તે આગમેતર સાહિત્ય છે. તેની સૂચિ અત્યંત વિશાળ છે.

અંગબાહ્ય જૈનાગમ સાહિત્યનું એક મહત્ત્વનું સૂત્ર ચતુર્થ ઉપાંગ 'પ્રજ્ઞાપના સૂત્ર' નું એક સંક્ષિપ્ત વિવેચન અહીં પ્રસ્તુત છે.

પ્રજ્ઞાપના સૂત્રની ઝાંખી–

અંગબાહ્યમાં ચતુર્થ ઉપાંગનું સ્થાન ધરાવતું પ્રજ્ઞાપના સૂત્ર, વીર સંવત ૩૩૫–૩૭૬ વચ્ચે આર્ય શ્યામાચાર્ય દ્વારા અર્ધમાગધી ભાષામાં રચાયેલું છે. જૈન દર્શનના તાત્ત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત વિશ્વકોશ મનાતા આ સૂત્રની એક ઝાંખી અહીં પ્રસ્તુત છે.

પ્રજ્ઞાપના નામકરણ–

આર્ય શ્યામાચાર્યે આનું સામાન્ય નામ અધ્યયન અને વિશેષ નામ પ્રજ્ઞાપના આપ્યું છે. એનો ખુલાસો કરતાં એમણે લખ્યું છે કે 'ભગવાન મહાવીરે સર્વભાવોની પ્રજ્ઞાપના કરી છે એ જ રીતે હું સર્વભાવોની પ્રજ્ઞાપના કરવાનો છું માટે આનું નામ પ્રજ્ઞાપના સૂત્ર છે.'

પ્રજ્ઞાપના સૂત્રની નામ વિષયક વિચારણા કરતા ત્રણ મહત્ત્વના મુદ્દા નજર સામે આવે છે.

(૧) આ આગમના પ્રથમ પદનું નામ પ્રજ્ઞાપના હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના સૂત્ર છે.

(૨) પ્રશ્નોત્તરના માધ્યમથી તત્ત્વનું પ્રતિપાદન કરવું તેને પ્રજ્ઞાપના કહે છે. આમાં પ્રશ્નોત્તર શૈલી છે માટે તેનું નામ પ્રજ્ઞાપના સૂત્ર છે.

(૩) જે રીતે ભગવાન મહાવીરે તત્ત્વભાવોની પ્રરૂપણા કરી છે તે જ રીતે સર્વભાવોની પ્રરૂપણા કરી હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના છે. તેનું પ્રાકૃત નામ પન્નવણા છે.

આ ત્રણે રીતે વિચારતા પ્રજ્ઞાપના નામ સાર્થક, નિર્વિકલ્પ અને નિર્વિવાદ છે.

પ્રજ્ઞાપનાનો અર્થ–આચાર્ય મલ્લધારી હેમચંદ્રએ એનો અર્થ કરતાં લખ્યું છે કે–'यथावस्थितं जीवादिपदार्थज्ञापनात् प्रज्ञापना' યથાઅવસ્થિત રૂપથી જીવાદિ પદાર્થોનું જ્ઞાન કરાવવાવાળું હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના છે.

આચાર્ય મલ્લગિરિ અનુસાર–'प्रकर्षेण नि:शेषकुतीर्थि तीर्थंकरासाध्येन यथावस्थितनिरूपण लक्षणेन ज्ञापयन्ते शिष्यबुद्धावारोपयन्ते जीवाजीवादय: अनयेति प्रज्ञापना।'

અર્થાત્–જેના દ્વારા શિષ્યોને જીવ-અજીવ આદિ તત્ત્વોના યથાવસ્થિત સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે, જે વિશિષ્ટ નિરૂપણ કુતીર્થિક પ્રણેતાઓ માટે અસાધ્ય છે તે પ્રજ્ઞાપના છે. પ્ર=વિશિષ્ટ પ્રકારથી જ્ઞાપન એટલે નિરૂપણ કરવું.

પ્ર+જ્ઞાપના પ્રકર્ષરૂપે–અંતર્બાહ્ય–સર્વ પ્રકારે ભેદ–પ્રભેદથી જાણવા તેને પ્રજ્ઞાપના કહે છે.

પ્રજ્ઞાપના એટલે ભગવાનના ઉપદેશની પ્રરૂપણા. એ ઉપદેશને મૂળ આધાર બનાવીને આ આગમની રચના થઈ છે.

પ્ર=પ્રકર્ષથી, જ્ઞા=જાણવું, પના=પદાર્થો અર્થાત્ જેના વડે પદાર્થોનું પ્રકર્ષ એટલે વિશિષ્ટ રીતે જ્ઞાન થાય તે પ્રજ્ઞાપના.

ગોંડલગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ એ પન્નવણાનો નવીન રીતે અર્થ કરતાં લખ્યું છે કે પણ્ણ+વણા=પ્રજ્ઞ+વર્ણા=પ્રજ્ઞવર્ણા. પ્રજ્ઞ પુરુષ એટલે અરિહંત ભગવંતો, વર્ણ એટલે અક્ષરશ્રુત=તત્ત્વસમૂહ એટલે તીર્થંકરો દ્વારા વ્યક્ત થયેલું તત્ત્વજ્ઞાન.

આમ પ્રજ્ઞાપના નામ અર્થસભર છે.

ઉપાંગ સૂત્ર :

ઉપાંગની વ્યાખ્યા-ઉપ+અંગ=અંગસૂત્રના પેટા વિભાગને ઉપાંગ કહેવાય છે. અંગસૂત્રમાં આત્મસ્વરૂપની સન્મુખ થવા માટેની યોગ્ય પ્રવૃત્તિઓના પ્રકારોની વિધિ હોય છે. જ્યારે ઉપાંગ સૂત્રોમાં અંગસૂત્રમાં કહેલ આચારની ભૂમિકાને જીવનમાં પરિપક્વ બનાવી વિકાસ કરનાર મહાપુરુષોની ચર્ચાનું વર્ણન હોય છે. અંગશાસ્ત્ર જૈન દર્શનનો પાયો છે તો ઉપાંગસૂત્ર એનું માળખું છે. પ્રત્યેક અંગસૂત્રનું એક ઉપાંગ મનાય છે એટલે ઉપાંગસૂત્ર પણ બાર છે. અંગોના રચયિતા ગણધર છે અને ઉપાંગના રચયિતા વિભિન્ન સ્થવિર ભગવંતો છે. એટલે અંગ અને ઉપાંગનો પરસ્પર એકબીજાથી સંબંધ નથી તો પણ આચાર્યોએ પ્રત્યેક અંગનું એક ઉપાંગ માન્યું છે. આચાર્ય અભયદેવે ઔપપાતિકને આચારાંગનું ઉપાંગ માન્યું છે. આચાર્ય મલયગિરિએ રાયપ્રશ્નીયને સૂત્રકૃતાંગનું ઉપાંગ માન્યું છે. પણ ઊંડાણથી અનુચિંતન કરતાં બાકીના અંગ–ઉપાંગોનો સંબંધ સિદ્ધ થતો નથી. આ ક્રમ પાછળ એ યુગની શું પરિસ્થિતિ હતી એ એક સંશોધનનો વિષય છે. જોકે ઔપપાતિક સૂત્ર પરંપરાથી સ્વીકૃત ૧૨ ઉપાંગશાસ્ત્રના ક્રમમાં પ્રથમ ઉપાંગસૂત્ર છે. આ ઉપાંગસૂત્રોના ક્રમના વિષયમાં કોઈપણ પ્રકારે સ્પષ્ટીકરણ પ્રાપ્ત થતું નથી. તેમ છતાં આ સૂત્રનું સ્થાન પ્રથમ કેમ છે? આધુનિક ચિંતકોનો મત છે કે ઔપપાતિકનું પ્રથમ ઉપાંગ તરીકેનું સ્થાન ઉચિત નથી કારણકે ઐતિહાસિક દૃષ્ટિથી પ્રજ્ઞાપનાનું સ્થાન પ્રથમ હોવું જોઈએ. પ્રજ્ઞાપનાના રચયિતા શ્યામાચાર્ય જે મહાવીર નિર્વાણના ૩૩૫મા વર્ષમાં યુગપ્રધાન આચાર્ય પદ પર વિભૂષિત થયા હતા. એ દૃષ્ટિથી પ્રજ્ઞાપના પ્રથમ ઉપાંગ હોવું જોઈએ. પરંતુ પ્રજ્ઞાપના જૈન આગમ સાહિત્યનું ચતુર્થ ઉપાંગ છે એવું પ્રજ્ઞાપના ટીકા પત્ર–૧ થી સિદ્ધ થાય છે. इयं च समवायाख्यस्य चतुर्थाङ्गास्योपांगम् तदुक्तार्थप्रतिपादनात्।'

પ્રજ્ઞાપનાના આ રચયિતા શ્યામાચાર્યનો અભિમત છે કે એમણે પ્રજ્ઞાપનાને દૃષ્ટિવાદમાંથી લીધું છે. એમાં દૃષ્ટિવાદનો નિષ્કર્ષ છે. એમણે પોતે પ્રજ્ઞાપનાની ગાથા ૩ માં લખ્યું છે કે–

अज्झवर्णामणं चित्तं सुयरयणं दिट्ठिवायणीसदं ।
जह वणियं भगवया अहमवि तद वणइस्सामि।।३।।

પરંતુ આપણી પાસે હાલ દૃષ્ટિવાદ ઉપલબ્ધ નથી તેથી સ્પષ્ટ રૂપથી જાણી ન શકાય કે પ્રજ્ઞાપનામાં પૂર્વ સાહિત્યમાંથી શું શું લીધું છે. છતાં પણ એ તો નિશ્ચિત જ છે કે જ્ઞાનપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદની સાથે આના વસ્તુ નિરૂપણનો મેળ બેસે છે. પ્રજ્ઞાપના અને દિગંબર પરંપરાનો ગ્રંથ ષટ્‌ખંડાગમનો વિષય પ્રાયઃ સમાન છે. આચાર્ય વીરસેને પોતાની ધવલા ટીકામાં ષટ્‌ખંડાગમનો સંબંધ અગ્રાયણી પૂર્વ સાથે જોડ્યો છે. તેથી આપણે પણ પ્રજ્ઞાપનાનો સંબંધ અગ્રાયણી પૂર્વ સાથે જોડી શકીએ છીએ.

પરંતુ આચાર્ય મલયગિરિના મતે તો પ્રજ્ઞાપના સમવાયાંગનું જ ઉપાંગ છે. સમવાયાંગમાં જે વર્ણન છે એનો જ વિસ્તાર પ્રજ્ઞાપનામાં થયો છે. તેથી પ્રજ્ઞાપના સમવાયાંગનું ઉપાંગ છે. જોકે સ્વયં શાસ્ત્રકારે એનો સંબંધ દૃષ્ટિવાદ સાથે બતાવ્યો છે. તેથી એનો સંબંધ સમવાયાંગ કરતા દૃષ્ટિવાદ સાથે વધારે છે એમ માનવું પડે. પણ દૃષ્ટિવાદમાં મુખ્યરૂપથી દૃષ્ટિ (દર્શન)નું જ વર્ણન હતું જ્યારે સમવાયાંગમાં મુખ્યરૂપથી જીવ-અજીવ આદિ તત્ત્વોનું નિરૂપણ છે. તેથી પ્રજ્ઞાપનાને સમવાયાંગનું ઉપાંગ માનવામાં કોઈ પણ પ્રકારનો બાધ નથી. તેથી તેને ચોથું ઉપાંગસૂત્ર માનવું વધારે યોગ્ય છે. સમવાયાંગ સૂત્રના ભાવો વધારે સ્પષ્ટ કરવા દૃષ્ટિવાદનો આધાર લીધો હોય એ શક્ય છે.

પ્રજ્ઞાપનાની મહત્તા અને વિશેષતા–જૈન આગમ સાહિત્યમાં જે

સ્થાન પંચમ અંગસૂત્ર ભગવતીનું છે તે જ સ્થાન ઉપાંગ શાસ્ત્રોમાં પ્રજ્ઞાપનાનું છે. પાંચમા અંગનું નામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ છે અને એનું વિશેષણ ભગવતી છે. પ્રજ્ઞાપનાને પણ ભગવતી વિશેષણ આપ્યું છે. અન્ય કોઈ આગમને આ વિશેષણ નથી આપ્યું. હસ્તપ્રતોમાં મૂળ પાઠમાં પ્રત્યેક પદને અંતે 'પણ્ણવણાએ ભગવઈએ' નો પાઠ આવે છે જે પ્રજ્ઞાપનાસૂત્રની વિશેષતાનો સૂચક છે. પ્રશ્નોત્તરને કારણે એને લઘુ ભગવતીના નામથી પણ નવાજવામાં આવ્યું છે જે એની મહત્તાનું સૂચક છે. કોઈ કોઈ એને દૃષ્ટિવાદ સૂત્રની 'લઘુતમ આવૃત્તિ' પણ માને છે.

પ્રજ્ઞાપના ઉપાંગ હોવા છતાં એના પદોનો હવાલો ભગવતી સૂત્રમાં આપવામાં આવ્યો છે પણ પ્રજ્ઞાપના સૂત્રમાં કોઈપણ સૂત્રનો હવાલો આપવામાં આવ્યો નથી. કારણકે તેમાં જે જે વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે તેમાં તે વિષયોનું સંપૂર્ણ કથન છે, સંગોપાંગ વર્ણન છે તેથી જૈન દર્શનના તાત્ત્વિક પદાર્થોનો સંક્ષિપ્ત એન્સાઈક્લોપીડિયા મનાય છે. સમવાયાંગ અને જીવાભિગમમાં પણ આ સૂત્રનો હવાલો છે, જે એની વિશેષતાને પૂરવાર કરે છે. આ સૂત્ર વિવિધ શ્રુતરત્નોનો ખજાનો છે.

રચના શૈલી–ભાષા–પ્રજ્ઞાપના સૂત્ર ઉપાંગસૂત્રોમાં સૌથી મોટું સૂત્ર છે. આ સૂત્રમાં એક જ અધ્યયન છે. એ ૩૬ પ્રકરણોમાં વિભક્ત છે. એમાં ૩૬ વિષયોનો નિર્દેશ છે માટે એના ૩૬ પ્રકરણ છે. પ્રત્યેક પ્રકરણના અંતમાં પ્રતિપાદ્ય વિષયની સાથે પદ શબ્દ વ્યવહૃત થયો છે માટે પ્રકરણ પદના નામે ઓળખાય છે. આચાર્ય મલયગિરિ અનુસાર 'पदं प्रकरणमर्थाधिकारः इति पर्यायाः' તેવી અહીં પદનો અર્થ પ્રકરણ અને અર્થાધિકાર સમજવો જોઈએ. સમગ્ર ગ્રંથની રચના પ્રશ્નોત્તર રૂપમાં છે. પ્રથમસૂત્રથી લઈને એક્યાશીમા સૂત્ર સુધી પ્રશ્નકર્તા અને ઉત્તરકર્તા કોણ છે એની કોઈ સૂચના નથી. પછી બ્યાશીમા સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીર અને ગણધર ગૌતમનો સંવાદ છે. ત્યાશીથી બાણુંમા સૂત્ર સુધી સામાન્ય પ્રશ્નોત્તર છે. ત્રાણુમા સૂત્રમાં ગણધર ગૌતમ અને ભગવાન મહાવીરના પ્રશ્નોત્તર, ત્યારબાદ ચોરાણુમા સૂત્રથી લઈને ૧૪૭મા સૂત્ર સુધી સામાન્ય પ્રશ્નોત્તર છે. પછી દ્વિતીય પદમાં ૧૪૮ થી ૨૯૧ પદ સુધી, તૃતીય પદમાં ૨૨૫થી ૨૭૫ પદ સુધી અને ૩૨૫, ૩૩૦ થી ૩૩૩ સુધી તેમજ ચોથા પદથી લઈને બાકી બધા પદોના સૂત્રોમાં ગુરુ ગૌતમ અને ભગવાન મહાવીરના પ્રશ્નોત્તર છે. આમ સંપૂર્ણ ગ્રંથ ૭૮૮૭ ગાથા પ્રમાણ છે. એમાં કુલ ૨૭૨ ગાથાઓ છે અને શેષ ભાગ ગદ્ય છે. પ્રાયઃ પદોમાં ૨૪ દંડકોમાં જીવોને વિભાજિત કરીને વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રજ્ઞાપનાના સમગ્ર પદોનો વિષય જૈન સિદ્ધાન્તથી સમ્મત છે. શ્રી ભગવતી સૂત્રમાં અમુક સ્થળે અન્ય તીર્થિકોનો મત દઈને પછી સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન છે. જ્યારે આ સૂત્રમાં અન્યમતની ક્યાંય ચર્ચા નથી. સર્વત્ર પ્રાયઃ પ્રશ્નોત્તર શૈલીમાં સ્વસિદ્ધાંત વિષયક ગ્રંથો અને ઉત્તરો સંકલિત છે. આ એક દ્રવ્યાનુયોગનો ગ્રંથ છે. છતાં ક્યાંક ગણિતાનુયોગ તેમ જ પ્રસંગોપાત ઇતિહાસ આદિના વિષય પણ એમાં સમાયેલા છે. જીવાદિ દ્રવ્યોનું આમાં સવિસ્તર વર્ણન છે.

પ્રજ્ઞાપના સર્વભાવોની કરાય છે. જીવ–અજીવ, પુણ્ય–પાપ, આશ્રવ, સંવર, બંધ નિર્જરા અને મોક્ષ એ ભાવો છે. પ્રજ્ઞાપના સૂત્રમાં જીવ અને અજીવની પ્રજ્ઞાપના છે. ઉપરાંત આશ્રવની, બંધની, સંવર, નિર્જરા અને મોક્ષની પ્રજ્ઞાપના છે, સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ બધા ભાવોની પ્રરૂપણા પણ છે. આના સિવાય બીજો કોઈ પ્રજ્ઞાપનીય પદાર્થ નથી. જીવ–અજીવમાં દ્રવ્યની, સ્થાપનામાં ક્ષેત્રની, સ્થિતિ પદમાં કાળની અને વિશેષ પદોમાં પુણ્ય, પાપ સંખ્યા, જ્ઞાનાદિ પર્યાય, વ્યુત્ક્રાંતિ, ઉચ્છ્વાસ વિગેરે ભાવોની પ્રજ્ઞાપના કરાઈ છે. પ્રજ્ઞાપના વિવિધ અધિકારોથી યુક્ત હોવાને કારણે ચિત્ર છે, શ્રુતરત્ન છે, જ્ઞાનનો ગહન ભંડાર છે.

પ્રજ્ઞાપનાની ભાષા–આ સૂત્રની ભાષા અર્ધમાગધી પ્રાકૃત છે. આ એક દેવભાષા છે. આધુનિક વિદ્વાનોના મત મુજબ પ્રજ્ઞાપનાની ભાષા પર મહારાષ્ટ્રી પ્રાકૃતની અસર પડી છે.

અન્ય ભાષામાં અનુવાદ-અનુવાદ યુગમાં શાસ્ત્રોદ્ધારક આચાર્ય શ્રી અમોલકઋષિ મહારાજ સાહેબે બત્રીસ આગમોનો અનુવાદ કર્યો એટલે પ્રજ્ઞાપનાનો હિન્દી અનુવાદ થયો છે. આત્મારામજી મહારાજનો પણ હિંદી અનુવાદ છે. પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજે સંસ્કૃત–હિન્દી–ગુજરાતી અનુવાદ સહિત ત્રણ ભાષામાં ટીકા લખી છે. પુણ્ય વિજયજીએ પણ ગુજરાતી અનુવાદ કર્યો છે. અંગ્રેજી ભાવાનુવાદ પણ થયેલ છે. જનશ્રુતિ અનુસાર જર્મની ભાષામાં પણ અનુવાદની શક્યતા છે. પણ કોઈ ઠોસ પુરાવા નથી મળ્યા. પ્રાણ જિનાગમ સમિતિ દ્વારા પૂ. લીલમબાઈ મહાસતીજી દ્વારા ગુજરાતીમાં અનુવાદ થયો છે.

પ્રજ્ઞાપનાના રચનાકારનો પરિચય–

પ્રજ્ઞાપના સૂત્રના રચયિતા શ્યામાચાર્ય છે. પ્રજ્ઞાપના મૂળ સૂત્રમાં ક્યાંય એના રચનાકારનો નામનિર્દેશ નથી, પરંતુ પ્રારંભની મંગલ ગાથાઓને આધારે આચાર્ય હરિભદ્ર અને મલયગિરિએ આ રચના શ્યામાચાર્યની છે એમ ઉલ્લેખ કર્યો છે. જે કાલકાચાર્ય તરીકે પણ પ્રસિદ્ધ હતા.

પટ્ટાવલિના આધારે જ્ઞાત થાય છે કે કાલકાચાર્ય નામના ત્રણ આચાર્ય થઈ ગયા છે. આ ત્રણ કાલકાચાર્યમાંથી 'શ્યામાચાર્ય' તરીકે પ્રથમ કાલકાચાર્ય પ્રસિદ્ધ છે. તેઓ પોતાના યુગના મહાપ્રભાવક આચાર્ય હતા. જે વીર નિર્વાણ પછી ૩૭૬માં કાળધર્મ પામ્યા હતા. દ્વિતીય કાલકાચાર્ય ગર્દભિલ્લને નષ્ટ કરવાવાળા કાલકાચાર્ય હતા. જેમનો સમય વીર નિર્વાણથી ૪૯૩ છે. તૃતીય કાલકાચાર્ય જેમણે સંવત્સરી મહાપર્વ પંચમીના સ્થાન પર ચતુર્થીના મનાવવાનું શરૂ કર્યું એમનો સમય વીર નિર્વાણથી ૯૯૩ છે. એમાંથી

ત્રીજા કાલકાચાર્ય પ્રજ્ઞાપનાના રચયિતા હોવાનો સંભવ નથી. કારણકે ૯૯૩ સુધી તો પ્રજ્ઞાપનાની રચના થઈ ચૂકી હતી. બાકીના બે કાલકાચાર્યોને કેટલાક આધુનિક વિદ્વાનો એક જ માને છે. ડૉ. ઉમાકાંતનો અભિમત છે કે જો બન્ને કાલકાચાર્યને એક માનવામાં આવે તો અગિયારમી પાટે જે શ્યામાચાર્યનો ઉલ્લેખ છે તે અને ગર્દભિલ્લ છેદક–ગર્દભિલ્લ રાજાને નષ્ટ કરવાવાળા–કાલકાચાર્ય એ બંને એક સિદ્ધ થાય જ્યારે પટ્ટાવલિમાં એમને અલગ અલગ ગણ્યા છે. ત્યાં પણ એકની તિથિ વિ. સં. ૩૭૬ અને બીજાની તિથિ વિ. સં. ૪૫૩ છે. બંને વચ્ચે ૭૭ વર્ષનું અંતર છે. એટલે બેમાંથી જેણે રચના કરી હોય તે પણ એટલું તો નિશ્ચિત જ છે કે વિક્રમ સંવત પૂર્વે થવાવાળા કાલકાચાર્ય જ પ્રજ્ઞાપના સૂત્રના રચયિતા છે.

આમાં પ્રથમ કાલકાચાર્ય 'શ્યામાચાર્ય' તરીકે પ્રસિદ્ધ છે. માટે પ્રજ્ઞાપનાના કર્તા તરીકે એમને માનવા વધારે યોગ્ય છે.

શ્યામ આચાર્ય–નો જન્મ વીર નિર્વાણ ૨૮૦ (વિ. પૂ. ૧૯૦) ના થયો હતો. ૨૦ વર્ષની ઉંમરે સંસારથી વિરક્ત થઈને દીક્ષા લીધી હતી. એમનું નામ શ્યામ હતું. પરંતુ વિશુદ્ધતમ ચારિત્રની આરાધનાથી તેઓ અત્યંત સમુજ્જવલ પર્યાયના ધણી હતા જેને કારણે વીર સં. ૩૩૫ના એમને યુગ-પ્રધાનાચાર્યના પદ પર વિભૂષિત કરવામાં આવ્યા. પરંપરાની દૃષ્ટિથી આચાર્ય શ્યામની નિગોદ વ્યાખ્યાતાના રૂપમાં અત્યંત પ્રસિદ્ધિ હતી. એકવાર મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીના સમવસરણમાં શકેન્દ્ર મહારાજે સૂક્ષ્મ નિગોદની વિશિષ્ટ વ્યાખ્યા સાંભળી. પછી એમણે પૂછ્યું કે 'હે ભગવાન! શું ભરતક્ષેત્રમાં પણ નિગોદ સંબંધી આ પ્રકારની વ્યાખ્યા કરવાવાળા કોઈ શ્રમણ, આચાર્ય, ઉપાધ્યાય છે?' ત્યારે ભગવાન સીમંધરે શ્યામાચાર્યનું નામ સૂચવ્યું. શકેન્દ્ર વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ બનાવીને આચાર્ય પાસે આવ્યા. આચાર્યની પરીક્ષા કરવા માટે એમણે પોતાનો હાથ એમની સામે ધર્યો. દીર્ઘાયુ હસ્તરેખાના આધારે એમણે કહી દીધું કે તમે માનવ નહીં શકેન્દ્ર છો. જેથી સંતુષ્ટ થયેલા દેવે એમને નિગોદ સંબંધી જાણકારી આપવાનું કહ્યું. આચાર્ય શ્યામે નિગોદનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વિવેચન કરીને શકેન્દ્રને પ્રભાવિત કરી દીધા. દેવ આફરીન પોકારતા બોલી ઉઠ્યા કે મેં જેવું વિવેચન સીમંધર સ્વામી પાસે સાંભળ્યું એવું તમારી પાસે સાંભળવા મળ્યું છે. દેવ પોતાના આગમનના પુરાવા રૂપે ઉપાશ્રયનો દરવાજો પૂર્વમાંથી પશ્ચિમમાં કરીને અદૃશ્ય થઈ જાય છે. ઈન્દ્ર આગમનની પ્રસ્તુત ઘટનાનો ઉલ્લેખ પ્રભાવક ચરિતમાં કાલકસૂરિ પ્રબંધમાં આચાર્ય કાલક સાથે કરવામાં આવ્યો છે. તેમ જ વિશેષાવશ્યકભાષક, આવશ્યકચૂર્ણિ પ્રભૃતિ ગ્રંથોમાં આર્યરક્ષિત સાથે પણ આ ઘટના આપી છે.

આ ઘટનાથી ખ્યાલ આવે છે કે તેઓશ્રીની મેધા અત્યંત તીક્ષ્ણ હતી. તેમજ તેમણે પોતાના જ્ઞાન દ્વારા કલિયુગમાં સત્યુગ સર્જ્યો હતો. તેઓ ૧૦ પૂર્વધર હતા માટે જ એમની રચના આગમરૂપે માન્ય થઈ છે.

સૂત્રકાર આર્ય શ્યામાચાર્યએ સૂત્રના આરંભમાં સિદ્ધોને નમસ્કાર કરીને ત્રિલોકી ગુરુ ભગવાન મહાવીરને નમસ્કાર કર્યા છે. જે નીચેની ગાથાથી સ્પષ્ટ થાય છે.

ववगयजर–मरण भये सिद्धे अभिवंदिऊण तिविहेणं।
वंदामि जिणवरिंद तेल्लोकगुरुं महावीरं ।।१।।

આમ સૂત્રની શરૂઆત મંગલાચરણથી કરી છે. મંગલ ત્રણ પ્રકારના છે.

(૧) આદિમંગલ–શાસ્ત્રરચનામાં કોઈપણ જાતનું વિઘ્ન ન આવે તે માટે કરવાનું હોય છે.
(૨) મધ્યમંગલ–શાસ્ત્રના અર્થની સ્થિરતા માટે કરવાનું હોય છે.
(૩) અંત્યમંગલ–શિષ્ય–પ્રશિષ્યોની પરંપરાનો વિચ્છેદ ન થાય માટે કરવાનું હોય છે.

જોકે આગમ સ્વયં મંગલ સ્વરૂપ છે તેથી મંગલાચરણ અનિવાર્ય નથી છતાં રચયિતા પોતાની નમ્રતા ટકાવવા મંગલાચરણ કરે છે.

પ્રજ્ઞાપના સૂત્રમાં પ્રથમ ગાથામાં આદિમંગલ છે. ઉપયોગ પદમાં હે ભગવાન ઉપયોગ કેટલા પ્રકારના છે? વિગેરે જ્ઞાનાત્મક પદો દ્વારા મધ્યમંગલ અને છત્રીસમાં સમુદ્‌ઘાત પદમાં છેલ્લે સિદ્ધોના અધિકારથી અંત્યમંગલ કર્યું છે.

અનુબંધ ચતુષ્ટય–શાસ્ત્રના પ્રારંભમાં સમસ્ત ભવ્યજીવો તેમ જ બુદ્ધિમાનોને શાસ્ત્રમાં પ્રવૃત્ત કરવા માટે ચાર અનુબંધ–વિષય, અધિકારી, સંબંધ અને પ્રયોજન અવશ્ય બતાવવા જોઈએ જે શરૂઆતની બીજી–ત્રીજી ગાથા દ્વારા સ્પષ્ટ થઈ જાય છે એ પ્રમાણે આ ગ્રંથનો **વિષય** સર્વભાવોની પ્રજ્ઞાપના કરવાનો છે. **અધિકારી** ભવ્ય જીવો **સંબંધ**–ગુરુપર્વક્રમરૂપ છે. **પ્રયોજન**–વિવક્ષિત અધ્યયનના અર્થનું પરિજ્ઞાન થવું. તેમજ મોક્ષ પ્રાપ્તિ અધ્યયનના અર્થનું પરિજ્ઞાન થવું. તેમજ મોક્ષ પ્રાપ્તિ.

વિષય નિરૂપણ–

આ એક તાત્ત્વિક ગ્રંથ છે. આમાં દ્રવ્યાનુયોગના વિષયોનું સુંદર નિરૂપણ થયું છે. શરૂઆત અજીવ-જીવ દ્રવ્યથી થઈ છે. નિગોદથી માંડીને નિર્વાણ સુધી પહોંચાડનાર સિદ્ધ જીવોનું પણ તલસ્પર્શી પ્રરૂપણ થયું છે. આ સૂત્રનું એક જ અધ્યયન છે પણ ૩૬ પદો દ્વારા ૩૬ વિષયોનું સર્વાંગીણ દિગ્દર્શન થયું છે. અંતે સિદ્ધના શાશ્વત સુખનું વર્ણન કરીને સમાપ્તિ કરવામાં આવી છે.

ભારતીય શાસ્ત્રકારો જ્યારે પોતાના વિષયનું શાસ્ત્ર રચે છે ત્યારે તે પોતાના વિષયના નિરૂપણના અંતિમ ઉદ્દેશ તરીકે પ્રાયઃ મોક્ષને જ મૂકે છે. પછી ભલે તે વિષય અર્થ, કામ, જ્યોતિષ કે વૈદ્યક જેવો આધિભૌતિક હોય કે તત્ત્વજ્ઞાન અને યોગ જેવો

આધ્યાત્મિક દેખાતો હોય. બધા જ મુખ્ય મુખ્ય વિષયોના શાસ્ત્રોના પ્રારંભમાં તે તે વિદ્યાના અંતિમ ફળ તરીકે મોક્ષનો જ નિર્દેશ હોવાનો અને તે તે શાસ્ત્રના ઉપસંહારમાં પણ છેવટે તે વિદ્યાથી મોક્ષ સિદ્ધ થયાનું કથન આવવાનું. આમ મોક્ષ સર્વ તત્ત્વનો સાર છે. એ મોક્ષ એટલે જ કર્મરહિત સિદ્ધ અવસ્થા જેનું વર્ણન અહીં અંતિમ પદના અંતિમ ભાગે આલેખાયું છે. આખું પન્નવણા ધ્યાનપૂર્વક વાંચવાથી અનેક રત્નોની પ્રાપ્તિ થાય છે. અનેક રહસ્યો ઉદ્‌ઘાટિત થાય છે. સ્વાધ્યાયનો અનોખો લાભ મળે છે. પણ બધા માટે એ શક્ય નથી માટે અહીં એના ૩૬ અધ્યયનની એક ઝાંખી રજૂ કરવામાં આવી છે. ✷✷✷

(શ્રી પ્રજ્ઞાપના સૂત્રનો શેષ ભાગ આવતા અંકે)

જેઠવા નિવાસ, ડૉ. આંબેડકર રોડ, માટુંગા–કીંગ સર્કલ, મુંબઈ–૪૦૦૦૧૯.
ફોન : ૦૨૨–૨૪૦૧૧૬૫૭. મો.: ૯૮૬૯૭૮૭૬૯૨

અવસર

પ. પૂ. મુનિશ્રી ૧૦૮ અમોઘકીર્તિજી મુનિરાજની ૩૦મી જન્મ જયંતી

તા. ૧૯ ડિસેમ્બર રવિવાર ● સ્થળ: યોગીનગર બોરીવલી (પ.)

આયોજક : ભારતવર્ષીય દિગંબર જૈન તીર્થક્ષેત્ર કમિટી

ભારતવર્ષીય દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટીના ઉપક્રમે પ. પૂ. બાલયોગી મુનિશ્રી ૧૦૮ અમરકીર્તિજી તથા પ. પૂ. બાલયોગી મુનિશ્રી ૧૦૮ અમોઘકીર્તિજનો ચાતુર્માસ પ્રવેશ તીનમૂર્તિ પોદનપુર બોરીવલી (પૂ.) ખાતે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. ત્યાર બાદ મુનિશ્રી અમોઘકીર્તિજી મહારાજનો ૩૦ મો જન્મ જયંતિ મહોત્સવ યોગીનગર દેરાસર બોરીવલી (પ.) ખાતે ધામધૂમથી ઉજવવામાં આવ્યો. આ સાથે ભારતવર્ષીય દિ. જૈન તીર્થક્ષેત્ર કમિટી મુંબઈ વિભાગનું એક અધિવેશન પણ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી પી. કે. જૈન આઈ.પી.એસ. મુખ્ય અતિથી તરીકે બિરાજમાન હતા. ભારત ભરમાંથી અતિથિ વિશેષ તરીકે દિ. સમાજની વિશિષ્ટ વ્યક્તિઓએ પણ હાજરી આપી હતી.

આ પર્સંગે સિદ્ધચક્ર વિધાન તથા અન્ય પૂજાઓનું આયોજન કર્યું હતું. પ. પૂ. મુનિશ્રીએ અભિષેક કર્યા બાદ મંગળાચરણ નવકાર મંત્રની ધૂન, પ્રવચન, બાળકોનો ધાર્મિક નાટક વગેરેનો પ્રોગ્રામ, મહિલા મંડળનો પ્રોગ્રામ વગેરે રજુ કરવામાં આવ્યા હતા. પ. પૂ. મુનિશ્રીને ૩૦ શાસ્ત્રોની પ્રતો આપી વિનયાંજલિ અર્પી હતી. મુનિશ્રીના પ્રવચનમાં તેઓએ તેમના જન્મદિન નિમિત્તે કોઈ પણ ભેટ ન સ્વીકારતાં જીજ્ઞાસુઓને એક સુંદર અપીલ કરી હતી કે 'જો આપને કોઈ વ્યસન હોય તો એ વ્યસન છોડવાનું મને વચન આપો એ આ પ્રસંગે સુંદર ભેટ ગણાશે.'

❑ **પુષ્પા ચં. પરીખ,** ટે. નં. : ૨૩૮૭૩૬૧૧

શ્રદ્ધાંજલિ : અમારા–મુકુંદભાઈ ગાંધી

આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પરિવાર જેવા, ઉત્સાહી, પ્રેરણાદાયક, વિચારક અને સેવાભાવી દાનવીર તેમજ 'પ્રબુદ્ધ જીવન'ના જિજ્ઞાસુ વાચક શ્રી મુકુંદલાલ વાડીલાલ ગાંધીના પવિત્ર આત્માએ તા. ૨૧મી ડિસેંબરે દેહત્યાગ કર્યો.

મુકુંદભાઈના દેહનું ૮૯ની ઉંમરે વિલીન થવું એ કાળની એક પ્રક્રિયા હતી, પરંતુ જીવન ભર જે દેહાતીત ગુણોથી એમનું જીવન ઉજ્જવળ બન્યું હતું એ સમાજને નિત્ય પ્રેરણા આપતું રહેશે.

દેહની માંદગીને એમણે આનંદથી સ્વીકારી હતી. હૃદયમાં ૧૪ સ્ટેન્ટ બેસાડ્યા હતા. આ હકીકતનું એઓ ત્રિશલામાતાના ૧૪ સ્વપ્નો, જૈન ધર્મના મોક્ષગામી ૧૪ ગુણસ્થાનો અને રામના૧૪ વરસના વનવાસ તરીકેનું અર્થઘટન કરતા હતા.

૨૮ નવેંબર ૧૯૨૨માં ગુજરાતના કપડવંજ ગામમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન પરિવારમાં જન્મેલા મુકુંદભાઈએ અનેક વ્યવસાયમાં નોકરી-વ્યાપાર કર્યા, પ્રબળ પુરુષાર્થ કરી મુંબઈ મરીન લાઈન્સ સ્થળે 'રોયલ કેમિસ્ટ'માં નોકરી કરી, અને પછી એ કંપની જ ખરીદી લીધી, ૧૯૫૭ની સાલમાં મુંબઈની બાબુ પન્નાલાલમાં શાળા શિક્ષણ પછી એલ્ફિન્સ્ટન કૉલેજમાં વિજ્ઞાન શાખામાં ઈન્ટર સુધીનો અભ્યાસ કર્યો. ૧૯૪૨માં સ્વાતંત્ર સંગ્રામમાં જોડાયા એટલે કૉલેજ છોડી. દામ્પત્ય અને કુટુંબ જીવન સમૃદ્ધ, મુકુન્દભાઈ કહેતા કે 'સુખ જોવું હોય તો આવજે મારે ત્યાં. ફરીને પચાસ વર્ષ હું નાનો થઈશ ને દામ્પત્ય જીવનમાં સુખના અવનવા રંગો હું તમને બતાવીશ, ને તમો ખુશખુશાલ. જાણે આ જ સાચું જીવન. સ્વર્ગીય આનંદ.'

આ ઉદાર દિલ મુકુંદભાઈએ કપડવંજમાં મંદ બુદ્ધિના બાળકો માટે શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટના નામથી, પોતાના જ રૂા. એક કરોડના દાનથી સંસ્થા શરૂ કરી. તેમજ વતનમાં શારદા સ્કૂલની સ્થાપના કરી. જીવનની અંતિમ પળ સુધી આ સંસ્થા માટે એઓ કાર્યરત રહ્યા. ઉપરાંત સમાજ કલ્યાણ અને આર્થિક ધાર્મિક પ્રવૃત્તિઓમાં શ્રી મુકુન્દભાઈ સક્રિય રહ્યા અને તન–મન–ધનથી પોતાની સેવા આ પ્રવૃત્તિને અર્પી.

બહુશ્રૂત અને જિંદાદિલ એવા મુકુન્દભાઈએ સંયુક્ત સમૃદ્ધ કુટુંબનું નિર્માણ કર્યું. કૌટુંબિક ક્ષેત્રે એમની આ મોટી સિદ્ધિ છે જે ભાવિ પેઢીને પ્રેરણા આપતી રહેશે.

આ સંસ્થા દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાન માળામાં એઓ વર્ષોથી નિયમિત પધારતા અને અમને ઊમંગથી, સાચા હૃદયથી પ્રોત્સાહિત કરતા. સફેદ વસ્ત્રોમાં સજ્જ એવા હાકોટો કરતા અને સદાય હસતા મુકુંદભાઈ હવે જોવા નહિ મળે? આ વિચાર જ અમને વેદના જગતમાં લઈ જાય છે.

પરમાત્મા આ ઉત્તમ આત્માને પરમ શાંતિ અર્પો.

–મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર

શિક્ષણ અને સંશોધનક્ષેત્રે સામયિકનું મહત્ત્વ

□ ડૉ. મિલનબેન એમ. લંગાળિયા

પ્રસ્તાવના:

આઝાદી પહેલાનાં સમયગાળા દરમિયાન વિવિધ મહાપુરુષો દ્વારા પ્રકાશિત સામયિકો લોકોમાં ક્રાંતિની જ્યોતને પ્રજ્જવલિત કરતાં, પરંતુ આઝાદી બાદ આ પ્રમાણ ખૂબ જ ઘટવા પામ્યું હતું. છેલ્લા દસ વર્ષથી ફરી સામયિકોએ પોતાનું સ્થાન શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રોમાં મજબૂત કર્યું છે. આમ તો બધાં જ ક્ષેત્રોમાં સામયિકોની શ્રેષ્ઠતા બરકરાર છે.

પહેલાના જમાનામાં શિક્ષણ અને સંશોધન ખૂબ જ મુશ્કેલ બાબત હતી પરંતુ હવે તો તમે એક સામયિક ખોલો તો તમને બધી જાતની માહિતી મળી રહે છે. આજે સામયિકમાં ઝીણામાં ઝીણી વિગતોનો પણ સમાવેશ કરવામાં આવે છે કે જેથી કરીને માનવી પોતાની જ્ઞાનપિપાસા સંતોષી શકે. આજે સામયિકનું બજાર વિસ્તરતું જાય છે. આજે એવું એક પણ ક્ષેત્ર નથી જ્યાં આ સામયિક પહોંચ્યું ન હોય, તેથી જ તો કહેવાય છે કે...

`Magazines are super power in this age of Information.'

આદિમાનવી આધુનિક માનવ સુધીની અવસ્થામાં પહોંચતા સુધીમાં મનુષ્યે જીવનમાં અને વાતાવરણમાં અનેક ફેરફારો કર્યા છે. અવનવી શોધોથી સદાય તેણે જીવનને વધુ ને વધુ સગવડભર્યું બનાવવાનો પ્રયત્ન કર્યો છે અને ફળસ્વરૂપે સતત નવી ટેકનોલોજીનો પણ વિકાસ થતો ગયો છે. સંશોધન એ અધૂરા જ્ઞાનને પૂર્ણ કરવાનો એક પ્રયત્ન છે અને સદીઓથી મનુષ્ય આ પ્રયત્નોમાં જોડાયેલો છે.

સતત સંશોધનમાં રત રહેલા મનુષ્ય માટે એ પણ જરૂરી છે કે તે પોતાના સંશોધનના ક્ષેત્રમાં થઈ રહેલ પરિવર્તનો અને પ્રગતિથી વાકેફ રહે અને આ કાર્ય સામયિકો વિના શક્ય નથી. બદલાતી ટેકનોલોજીએ સામયિકોની વ્યાખ્યા પણ બદલી નાંખી છે. **માહિતી વિસ્ફોટનો આજનો ઈલેકટ્રોનિક યુગમાં પરિવર્તીત થઈ ચૂક્યો છે,** ત્યારે ઈ-જર્નલો (વિજાણુકીય સામયિકો) એ સંશોધનની એક અગત્યની નિપજ બની ગઈ છે.

સામયિક એટલે શું ?:

સામયિકો એ માહિતી પ્રાપ્તિ માટેનો પ્રાથમિક સ્રોત છે. તે પુસ્તક કરતાં પણ વધુ ચોક્કસ અને ઝડપી માહિતી પૂરી પાડે છે. સામયિકોમાં આવતી માહિતી એ પુસ્તકમાં આવતી માહિતી કરતાં વધુ ઝડપી અને અદ્યતન હોય છે. જે માહિતી સામયિકોમાં પ્રકાશિત થાય છે તે ક્યારેક પુસ્તકમાં આવતા એકાદ વર્ષ પણ નીકળી જાય છે. આ જ કારણે સામયિકોના અંકોને બંધાવવામાં આવે છે.

એનસાઈક્લોપીડીયા ઓફ લાયબ્રેરિયનશીપ (૧૯૬૬) મુજબ :

'સામયિક એટલે એવું પ્રકાશન કે જે એક વિશિષ્ટ નામની અંતર્ગત અનિશ્ચિત અથવા નિયમિત સમયાંતરે અનુક્રમિત સંખ્યામાં પ્રકાશિત થાય છે. અન્ય ક્રમિક પ્રકાશનો કે જે આ જ પ્રક્રિયામાં પ્રકાશિત થતાં હોય છે, તે અલગ છે, તેનું પ્રકાશન કાલાન્તરે નહીં પણ ક્રમિક હોય છે.'

શિક્ષણ અને સંશોધનમાં સામયિકો:

લગભગ ૧૭મી સદીના અંત સુધી ગ્રંથો વિચારોના પ્રત્યાયનના મુખ્ય સાધન હતા. જેમ જેમ સંશોધન વધતું ગયું તેમ તેમ ગ્રંથો માહિતીમાં પ્રત્યાયન માટે અપૂર્ણ જણાવા લાગ્યા. વિજ્ઞાનક્ષેત્રે ૧૬૬૫માં અંગ્રેજી સામયિક ફિલોસોફીકલ ટ્રાન્ઝેક્શનનો જન્મ થયો ત્યારથી લઈને આજ સુધી સામયિકો, માહિતી પ્રત્યાયનના મહત્ત્વના સ્રોત તરીકે વિકાસ પામતા રહ્યા છે. ઉદાહરણ તરીકે જોઈએ તો સંશોધન, આર્થિક વિકાસ, કેમિકલ એબસ્ટ્રેક્ટ, વિવિધ ડાયજેસ્ટ, પુસ્તકાલય, ઉપરાંત વિવિધ વિષયો ઉપર પ્રકાશિત થતા સામયિકો વિવિધ સંશોધનમાં મદદરૂપ થતા હોય છે.

કોઈપણ વિદ્યાશાખામાં સામયિકો હવે એક સર્વવ્યાપી અગત્યના માહિતીસ્રોત તરીકે સ્વીકારાઈ ગયા છે. અવિરત ચાલુ રહેતી સંશોધન પ્રવૃત્તિના પરિણામોના પ્રત્યાયન માટે સામયિક અજોડ સાધન છે. સામાજિક અને માનવીય વિદ્યાશાખાઓમાં પણ સામયિકોએ તેમનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જેમ જેમ સંશોધનોનો વ્યાપ વધતો ગયો છે તેમ તેમ સામયિકોની સંખ્યા પણ વધતી ગઈ છે. સંશોધન પ્રવૃત્તિના પાયામાં રહેતું હોઈ, અદ્યતન માહિતી પ્રત્યાયનના માળખામાં અન્ય માધ્યમોની સરખામણીમાં સામયિકોનું સ્થાન નોંધપાત્ર રહે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો સંશોધન, આર્થિક વિકાસ, પુસ્તકાલય, કેમિકલ એબસ્ટ્રેક્ટ જેવા અનેકવિધ વિષયના સામયિકોનો ઉપયોગ સંશોધન ક્ષેત્રે થતો જોવા મળે છે.

માહિતી વિસ્ફોટ અને ટેકનોલોજીના પરિણામે આજે ઈ-જર્નલનો ખ્યાલ પણ અસ્તિત્વમાં આવ્યો છે. ઈ-જર્નલની વ્યાખ્યા નીલોફરના શબ્દોમાં જોઈએ તો...

'પ્રિન્ટ સામયિક જે સીડી-રોમમાં પ્રાપ્ત થાય છે જેમકે એડોનીસ, ઓનલાઈન રૂપમાં ડાયલોગ અથવા ઈન્ટરનેટ કેબીનેટથી ઉપયોગમાં લેવાય છે.'

ઈ-જર્નલ લવાજમ ભરીને અથવા લવાજમ વગર લાયસન્સ કરાર દ્વારા મેળવી શકાય છે.

સામયિકોની અગત્યતા :

કોઈપણ પ્રકારના ગ્રંથાલયોમાં પુસ્તકો અને સામયિકો ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઘણા ગ્રંથાલયોમાં સામયિકો માટે અલાયદો ખંડ કે વિભાગ રાખવામાં આવે છે. તમામ પ્રકારના ગ્રંથાલયોમાં સામયિકોને માહિતીના સ્રોત કહી શકાય. સામયિકોમાં તાજેતરની ઘટનાઓની અદ્યતન વિગતો મળી શકે છે.

૧. વિષય વસ્તુ મુજબ :

સામાન્ય અને વિશિષ્ટ. સામાન્ય પ્રકારના સામયિકોમાં પણ વાચકવર્ગ મુજબ અલગ અલગ પ્રકાર છે. જેમ કે બાળકો માટે ચંપક, ઝગમગ, બુલબુલ ઈત્યાદિ. મહિલાઓ માટે સ્ત્રી, શ્રી ઈત્યાદિ. રમતગમત માટે સ્પોર્ટસ ઈત્યાદિ. સામાન્ય જ્ઞાન માટે લેટેસ્ટ ફેક્ટસ ઈન જનરલ નૉલેજ, કોમ્પિટિશન સક્સેસ રિવ્યુ, પ્રતિયોગિતા દર્પણ, પ્રતિયોગિતા કિરણ ઈત્યાદિ.

જ્યારે વિશિષ્ટ પ્રકારના સામયિકોનું સર્ક્યુલેશન મર્યાદિત વર્ગના વાચકો પુરતું જ સિમિત રહેલ હોય છે જેથી તેને હાઉસ જર્નલ્સ કહેવાય છે. યુનિવર્સિટી ન્યૂઝ, આઈ.એલ.એ. ન્યૂઝ, સી.બી.આઈ.પી. ન્યૂઝ ઇત્યાદિ.

૨. પ્રકાશન સમયના આધારે:

સામયિકો તેના પ્રકાશન મુજબ અઠવાડિક, પખવાડિક, માસિક, દ્વિમાસિક, ત્રૈમાસિક, અર્ધવાર્ષિક, વાર્ષિક એમ અલગ અલગ હોય છે અને દરેકનો એક વર્ષનો એક ભાગ વોલ્યુમ ગણવામાં આવે છે.

૩. ભૌતિક સામગ્રીના આધારે:

સામયિકો તેની ભૌતિક સામગ્રીના આધારે વળી બે સ્વરૂપે વિભાજીત થાય છે.

૩.૧. મુદ્રિત સ્વરૂપ :

મુદ્રિત સ્વરૂપના સામયિકો છપાયેલ સામગ્રી રૂપે હોય છે.

૩.૨. બિન મુદ્રિત સ્વરૂપ :

બિન મુદ્રિત સ્વરૂપ સામયિકોનું ભૌતિક સ્વરૂપ ફ્લોપી ડિસ્ક, સી.ડી.રોમ, માઈક્રો-ફિલ્મ, ઑડિયો-વિડિયો ટેપ, માઈક્રો ફિશ વગેરે સ્વરૂપમાં હોય છે.

૪. ઈલેકટ્રોનિક જર્નલ્સ :

કૉમ્પ્યુટરની શોધ થયા બાદ, ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઈલેકટ્રોનિક સ્વરૂપે સામયિકો જુદા-જુદી વેબ-સાઈટ પરથી પણ ઉપલબ્ધ થઈ શકે છે તે અંગે ગ્રંથાલયોનું આર્થિક પાસું પણ ધ્યાનમાં લઈને આવા વિવિધ પ્રકારના સામયિકો ડાઉનલોડ કરી શકાય છે.

ઉપસંહાર :

આમ આજના આધુનિક યુગમાં શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે સામયિકો ખૂબ જ ફળદાયી નીવડશે. સામયિક વિભાગની દરેક ગ્રંથાલયોમાં અલગ વ્યવસ્થા કરવામાં આવે તે જરૂરી છે. સામયિકો કોઈ ચોરી જશે અથવા ફાટી જશે એ બીકે લોખંડી તાળાઓમાં કેદ ન રાખવા જોઈએ કારણ કે આ સામયિકો પોતાનો મોક્ષ થાય એની રાહ જોઈને બેઠાં હોય છે.

* * *

ગ્રંથપાલ, શૈશવ ટ્રસ્ટ, ભાવનગર-૩૬૪૦૦૧.
E-mail : mlangalia@yahooo.com / mmlangalia@gmail.com

વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૫-૨-૨૦૧૧ના રોજ સાંજના ૫-૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૦૯-૧૦ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સને ૨૦૧૦-૧૧ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણૂંક કરવી.

(૪) સને ૨૦૧૦-૧૧ ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂંક કરવી.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૩૧-૦૧-૨૦૧૧ થી તા. ૦૩-૦૨-૨૦૧૧ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કાર્યાલયનું નવું સરનામું :
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪મી ખેતવાડી, A.B.C.ટ્રાન્સપોર્ટની
બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

નેમજીનો ચોક

❑ ડૉ. કવિન શાહ

(ડૉ. કવિન શાહ બારવ્રતધારી શ્રાવક, વિદ્વાન પ્રાધ્યાપક, જૈન સાહિત્યના સંશોધક-સંપાદક-લેખક અને સાધક છે.)

જૈન સાહિત્યમાં નેમનાથ ભગવાનના જીવનને કેન્દ્રમાં રાખીને વિવિધ કાવ્ય પ્રકારો અસ્તિત્વ ધરાવે છે. નેમનાથ **પ્રબંધ**, નેમિનાથ **રાસ-ફાગુ,** નેમિકુમાર **ધમાલ, ધવલ**-વિવાહલો, નેમનાથ **બારમાસ,** નેમિ ચરિત્ર **માલા,** નેમિનાથ **રાસ-વસંત**-વિલાસ, નેમનાથ રાજિમતી સ્નેહવેલી, નેમ રાજુલ નવભવ, નેમિ **વિવાહ,** નેમનાથ **શીલ રાસ,** નેમનાથ **ઝીલણાં, છંદ, ચંદ્રાઉલા,** નેમિનાથ **વિનલી નવરસો, હમચડી, ઉલંભો,** નેમિ પરમાનંદ **વેલિ,** નેમિનાથ **વસંત ફૂલડાં,** નેમ રાજુલ **લેખ,** નેમનાથ રાજિમતી **ગીત, સ્તવન,** નેમિનાથ **ચતુષ્પાદિકા,** નેમનાથ રાજિમતી બારમાસ **સવૈયા,** નેમિનાથ **શ્લોકો, લાવણી, ખ્યાલ,** વગેરે કાવ્યો રચાયાં છે. કાવ્ય પ્રકારોનો વિવિધતાની સાથે સમૃદ્ધિનો પરિચય થાય છે.

નેમજીનો **ચોક** એ કાવ્ય પ્રકારની સમૃદ્ધિમાં પૂરક બને છે. ચોકની માહિતી નીચે મુજબ છે.

ચોક એટલે ગામ કે નગરનો મુખ્ય માર્ગ, ચાર રસ્તાવાળી મુખ્ય જગા–સ્થળ, એક પ્રકારની ગાવાની રીત કે શૈલી, ચોક એટલે લાવણી કાવ્યમાં આવતી એક કવિતા. જેમાં ચાર કે આઠ કડીનો સમાવેશ થાય છે. એક કડી અસ્તાઈની, ૨-૩ કડી અંતરાની, ૩-૪ કડી ઝૂલની, છેલ્લી કડી વાળવાની ટેક રૂપે હોય છે. ચોક એટલે ભક્તિમાર્ગની પ્રભુ ગુણ ગાવાની સ્તવન શૈલીની રચના. ચોક એટલે ઘરના પ્રવેશદ્વાર પહેલાની ખુલ્લી જગા અથવા મકાન સાથે જોડાયેલી ખુલ્લી જગા કે જ્યાં સામાજિક અને ધાર્મિક પ્રસંગોએ જનસમૂહ ભેગા થઈને ઉત્સવની આનંદપૂર્વક મઝા માણે છે. ચોકમાં લગ્ન કે દીક્ષાના પ્રસંગે ગીત ગાવાનો અનેરો અવસર યોજાય છે.

મધ્યકાલીન કાવ્ય રચનાઓમાં 'ચોક'નો શબ્દ પ્રયોગ થયો છે. કવિ ઉદયવંતના ગૌતમ સ્વામીના રાસમાં નીચે પ્રમાણેની માહિતી મળે છે.

કુમકુમચંદ છડો દેવરાવો માણેક મોતીના **ચોક** પુરાવો.

અહીં ચોકનો અર્થ શોભા-શણગારના અર્થમાં છે. જિન મંદિરમાં પણ ચોક મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રતિષ્ઠા-પર્યુષણ અને અન્ય ધાર્મિક તહેવારોમાં ચોકમાં ભક્તો ભેગા થઈને પ્રભુ ભક્તિ કરે છે. કવિ સમયસુંદરના સીમંધર સ્વામીના સ્તવનમાં ચોકનો સંદર્ભ છે.

'ઈંદ્રાણી કાઢે ગહુંલીજી, મોતીના ચોક પુરેશ'.

અહીં ભગવાનની દેશના પ્રસંગે શણગારનો અર્થ પ્રાપ્ત થાય છે. ગહુંલી કાઢીને મોતીથી ચોકની જગા શણગારવામાં આવે છે એટલે ભગવાનનું ઉત્તમ દ્રવ્યથી સન્માન થાય છે એમ સમજવાનું છે. આવા સૌન્દર્યમય ચોકમાં પ્રભુની દેશનાનું શ્રવણ કરીને ભવ્યાત્માઓ વિરતિ ધર્મનો સ્વીકાર કરે છે. ચોકમાં વિવિધ રીતે પ્રસંગોચિત શણગાર કરવાની પ્રણાલિકા ધાર્મિક અને સામાજિક તહેવારોમાં નિહાળી શકાય છે. વિવિધ પૂજા સંગ્રહમાં ભાવનાના લઘુગીતમાં ચોકનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

'મારા નાથની વધાઈ બાજે છે.

'ઈંદ્રાણી મિલ મંગલ ગાવે, મોતીયન **ચોક** પુરાવે છે.'

અહીં પ્રભુ ભક્તિના સંદર્ભનો ઉલ્લેખ થયો છે.

મૃત્યુલોકના માનવીઓ તો ભક્તિ કરે પણ સ્વર્ગમાં રહેતી ઈંદ્રાણી પણ પ્રભુ ભક્તિમાં લીન બનીને મોતીના ચોક પુરાવી મંગલ ગીત ગાય છે, એટલે ચોકમાં પ્રભુ ગુણ ગાવાનો સંદર્ભ મહત્ત્વનો ગણાય છે.

'ચોક' વિશેની ઉપરોક્ત માહિતીની ભૂમિકા પછી 'ચોક' પ્રકારની રચનાઓનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

૧. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા કવિ અમૃતવિજયજીએ નેમનાથ અને રાજીમતીના ચોવીશ ચોકની રચના કરી છે. તેમાં મુખ્યત્ત્વે નેમનાથ ભગવાનનો ચરિત્રાત્મક પરિચય પ્રાપ્ત થાય છે. પ્રભુના ચરિત્રને ૨૪ ભાગમાં વિભાજિત કર્યું છે અને ચોવીશ ચોક નામ આપ્યું છે. ૨૪મા ચોકની માહિતી નીચે પ્રમાણે નોંધવામાં આવી છે. તે ઉપરથી રચના સમય અને પ્રભુ અવિચળ પદ પામ્યા તેનો ઉલ્લેખ થયો છે.

પ્રભુ હિતકારી સંજમ આપી, થાપી શીવપદ નારી,
જાઉં બલિહારી.
સિદ્ધ નવમેં ભવ જિન રાજે પહિલાં તારી તોડી જોડી.
સહસાવન સગલી.
શિવ પહોંતા, કરમ ભસ્મ તોડી
નેમ-રાજુલ અવિચળ થઈ જોડી ।। ૧।।
મિલી ગોપી સંવાદ સુણાયો છે,
શ્રી નેમ વિવાહ મનાયો છે.
તે અધિકાર બનાયો છે.
કીઓ **ઓગણચાલીશ અઢારે** કાર્તિક વદી પંચમી રવિવારે
એ ચોવીશ **ચોક** ચાતુર ધારે.
મુનિ રત્નવિજય પંડિતરાય, બુધ શીશ વિવેકવિજય ભાયા.
તસ શીસ **અમૃત વિજય** ગુણ ગાયા.

ઈતિશ્રી નેમનાથ રાજીમતીના ૨૪ ચોક સંપુર્ણ.

લિ. પ્રેમચંદ

કવિએ સં. ૧૮૩૯માં ચોકની રચના કરી છે. સમગ્ર કૃતિના વિભાજન માટે 'ઢાળ' શબ્દપ્રયોગ કર્યો છે. ૨૪મી ઢાળમાં 'ચોક'નો નિર્દેશ થયો છે. ઢાળમાં ૩ અને ૪ કડીનો પ્રયોગ થયો છે. કવિએ મધ્યકાલીન સાહિત્યમાં 'પદ' રચના પ્રચલિત થઈ હતી તેમાં નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો અને કૃષ્ણભક્તિ વિષયક પદોની હારમાળાના પદો રચાયાં છે તેની સાથે 'ચોક'ની રચના નેમનાથ વિષયક 'હારમાળા' સમાન રચના થઈ છે. પ્રભુના જીવનના પ્રસંગોનું નિરૂપણ કૃત્રિમ રીતે થયું છે. 'પદ'માં ઓછામાં ઓછી ત્રણ કડીની મર્યાદા છે તે પ્રમાણે 'ચોક'માં કવિએ ત્રણ અને ચાર કડીમાં વસ્તુ વિભાજન કર્યું છે. આ એક લાક્ષણિક કાવ્ય રચનાનો નમૂનો છે. આ કૃતિનો પરિચય અપ્રગટ હસ્તપ્રતનો આધારે નોંધવામાં આવ્યો છે.

ચરિત્રાત્મક કાવ્ય કૃતિઓમાં વસ્તુ વિભાજન માટે ઢાળ, ઠવણી, કડવાં જેવા શબ્દ પ્રયોગો થયા છે. અહીં 'ઢાળ' શબ્દ પ્રયોગ અને 'ચોક'નો નિર્દેશ પ્રભુના ગુણગાનના સંદર્ભમાં છે. ગરબા ગાવાની પ્રણાલિકાના સંદર્ભમાં પણ આવી રચના ચોકમાં ગવાય તેવી છે એટલે ભક્તિ માર્ગની એક વિશિષ્ટ રચના તરીકે પણ સ્થાન ધરાવે છે.

૨. કવિ અમૃત વિમળજીએ 'નેમજીનો ચોક'ની ચરિત્રાત્મક રચના ત્રણ ઢાળમાં કરી છે. રચનાનો આરંભ નેમકુમારના લગ્નના વરઘોડાથી થયો છે અને પશુઓના પોકાર સાંભળીને લગ્નના માંડવેથી રાજુલનો ત્યાગ કરી ગઢ ગિરનાર જઈને દીક્ષા અંગીકાર કરી કર્મનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્તિ કરે છે. રાજુલ પણ નેમજીના પગલે ચાલીને આત્માનું કલ્યાણ કરે છે. આ વિષયને કેન્દ્રમાં રાખીને 'ચોક'ની રચના કરી છે. કવિએ રાજુલની મનોવેદનાને વાચા આપી છે. તેમાં રાજુલ નેમકુમારને ઓલંભો આપે છે તેનો ઉલ્લેખ થયો છે. ત્રણ ઢાળની આ રચના રસાસ્વાદ માટે વાચક વર્ગને અનુકૂળ બને તેવી છે. કાવ્યનો આરંભ નેમકુમાર રાજવી ઠાઠથી લગ્નને માંડવે આવે તે પ્રસંગથી થયો છે. કવિના શબ્દો છેઃ

આ જોને બેની જાદવપતિ આવે ઠાઠમાં,
હાં રે ઘણાં વાજંત્ર વાગે તાનમાં. ।। ૧।।
આજે મારે ઘેર આનંદનો દિન છે
હાં રે મારે જડ્યું ચિંતામણી હાથમાં ।।૨।।

લગ્નના પ્રસંગે રાજુલ નેમકુમારની પ્રતીક્ષા કરી રહી છે. અને હૈયામાં હરખ માતો નથી.

કવિ જણાવે છે કે-
હું વાટ જોઉં આવો ને નેમ અલબેલા
ખીણ ખીણ પલપલ પ્રીતમ નીરખે
હાં રે મારે હરખ ન માયે મનમાં ।।૧।। ઢાળ-૨

પશુઓનો કરૂણાર્દ્ર સ્વર સાંભળીને નેમકુમાર રાજીમતીનો ત્યાગ કરીને ગઢ ગિરનાર જઈ સંયમ સ્વીકારે છે.

સહેસાવન જઈ સંયમ લીધો
હાં રે જીતી લીધો મોહ મહીમાન.

ત્રીજી ઢાળમાં રાજુલ હૈયાની વેદનાને વ્યક્ત કરવામાં આવી છે.

સ્વામીનો મને વિરહો ઘણું દુઃખ દે છે,
બળ અનંતુ સુરનર કહે છે.
હાં રે એક નારી દેખી શું બીએ છે?
તમે મૂકો પણ હું નહિ મૂકું,
હાં રે એમ કહી જઈ સંયમ લીએ છે.
અમૃતવિમળ કહે ધન્ય એ રાજુલ,
હાં રે મને વાંછિત સુખ દીએ છે.

કવિએ કાવ્યને અનુરૂપ મધુર પદાવલીમાં રચના કરીને પ્રસંગોનો મિતાક્ષરી પરિચય કરાવ્યો છે.

૩. માણેક મુનિએ નેમિનાથની લાવણી સંજ્ઞાવાળી કાવ્ય રચના ચાર ચોકમાં કરી છે. આ રચનામાં ચોક શબ્દ પ્રયોગ નેમનાથના ચરિત્રના પ્રસંગોના વિભાજન માટે થયો છે. દરેક ચોકમાં ચાર કડી છે એટલે લાવણીનો સંદર્ભ પ્રાપ્ત થાય છે. ગેય પદાવલીઓ દ્વારા ચરિત્રાત્મક માહિતીનું નિરૂપણ થયું છે. ચોથા ચોકની નમૂનારૂપ પંક્તિઓ નીચે પ્રમાણે છે.

છોડીને પશુનો વૃંદ રથડો વાલે,
ઘર આવી પ્રભુ દાન સંવત્સરી ચાલે.
સુણી વાતને રાજુલ મૂર્છા ધરણી ઢળતી,
હે નાથ! શું કીધું કોડી વિલાપો કરતી.
લઈ સંજમ દંપતી કરમ કઠિનને તોડે. પ્રભુ... ।।૩।।
અબ ઉપનું કેવળજ્ઞાન મુગતિમાં જાવે,
પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પદવી પાવે.
ગુરુ રૂપકીર્તિ ગુણ ગાવે રંગે સવાયા,
મેસાણે રહી ચોમાસ શ્રી જિનગુણ ગાયા,
મુનિ માણેક લાવણી ગાવે મનને કોડે. પ્રભુ...।।૪।।

ભક્તિ માર્ગની રચનાઓમાં ચોક વિશેની ઉપરોક્ત માહિતી કાવ્ય પ્રકારોની વિવિધતાની સાથે નવીનતા દર્શાવે છે. જૈન સાહિત્યની સમૃદ્ધિના પ્રતીક સમાન આ રચના આમનજતાના હૃદયમાં ગૌરવવંતુ સ્થાન ધરાવે છે.

* * *

C/103, જીવનજ્યોત એપાર્ટમેન્ટ, નરિમાન પોઈન્ટ,
બીલીમોરા-૩૯૬ ૩૨૧.
ટેલિફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

પુસ્તકનું નામ : **ગ્રંથત્રય અનુશીલન**
સંકલન : સુનંદાબેન વોહોરા
પ્રકાશક : **આનંદ સુમંગલ પરિવાર**
અમદાવાદ-અમેરિકા.
પ્રાપ્તિ સ્થાન : સુનંદાબહેન વોહોરા ૫, મહાવીર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : (૦૭૯) ૨૬૫૮૭૯૫૪,
સમય-સાંજે ૫ થી ૭.
મૂલ્ય : અમૂલ્ય, આવૃત્તિ : પ્રથમ, માર્ચ-૨૦૧૦.

શાંત સુધારસ : આ ગ્રંથમાં ચિંતક સુનંદાબહેન વોહોરાએ 'શાંત સુધારસ', 'પ્રશમરતિ ગ્રંથ' અને 'યોગદૃષ્ટિ સમુચ્ચય' આ ત્રણ ગ્રંથો પરનું પોતાનું ચિંતન રજુ કર્યું છે.

લગભગ ત્રણસો વર્ષ પહેલાં પૂ. ઉ. વિનય વિજયજીએ ગદ્ય અને પદ્યની અમૂલ્ય રચનાઓ કરી તેમાં 'શાંત સુધારસ' તેમનું એક ઉત્તમ સર્જન છે. સુનંદાબહેને આ ગ્રંથનું અધ્યયન કર્યું અને બાર ભાવનાઓની અનુપ્રેક્ષા કરી. વિશ્વમાં સૂક્ષ્મ જંતુથી માંડીને મહામાનવોની ચેતના શક્તિના પ્રવાહમાં સમ-વૈષમ્ય જોવા મળે છે. તેને પ્રસ્તુત ગ્રંથમાં વિવિધ ભાવનાઓમાં ચિંતન દ્વારા અવતરિત કર્યું છે. ભૌતિક પદાર્થો અને અનેક સંયોગો સાથે નિરંતર સંબંધ ધરાવતી ચેતનની અનન્ય અને અદ્‌ભુત શક્તિને સામાન્ય બુદ્ધિથી સમજી શકાતી નથી. ઘેરા ચિંતન દ્વારા તેને સમજી શકાય તેમ છે. તેનું માધ્યમ આ ભાવનાઓ છે. આ ગ્રંથમાં જીવનની શાંતિ પ્રાપ્ત કરવાની અનેક ચાવીઓ આપી છે. વાસ્તવમાં આ ભાવનાઓ જીવો માટે વૈરાગ્ય પ્રેરક, હિતકારી અને શાંતિદાતા છે. દરેક ભાવના સ્વને ઉદ્દેશીને ચિંતન રૂપે છે. જે આ ચિંતનયાત્રા કરશે તેનું જીવન સાર્થક થશે.

પ્રશમ રતિ :

લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે પ્રશમરતિ ગ્રંથના રચયિતા પૂજ્યપાદ આચાર્ય શ્રી ઉમાસ્વાતિ થઈ ગયા. શ્વેતાંબર-દિગંબર બંને આમાન્યને માન્ય એવા બહુશ્રુત મહર્ષિએ રચેલ આ ગ્રંથમાં તેઓએ પ્રશમ ગુણમાં મોક્ષ સુખ અનુભવીને એ માર્ગના પથિકોને પ્રશમ સુખનો આસ્વાદ માણવા અદ્‌ભુત રહસ્યો દર્શાવ્યા છે.

લેખિકાએ સમજાવ્યું છે કે પ્રશમ રતિ એટલે પ્રશમ ભાવ-વૈરાગ્ય ભાવમાં પ્રીતિ. જીવે પ્રશમ-વૈરાગ્યના પવિત્ર જળમાં સ્નાન કરવું. આ રીતે પ્રશમભાવ પરનું ચિંતન સંક્ષિપ્તમાં આલેખ્યું છે.

સર્જન-સ્વાગત

□ ડૉ. કલા શાહ

યોગદૃષ્ટિ સમુચ્ચય :

લગભગ બસો વર્ષ પૂર્વે શ્રી હરિભદ્રસૂરિએ યોગમાર્ગને વિવિધ ગ્રંથો દ્વારા ખૂલ્લો કર્યો. પૂજ્યશ્રીએ વિવિધ ગ્રંથોના સાર રૂપે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથની રચના કરી છે. જિજ્ઞાસુઓ માટે આ ગ્રંથનો અભ્યાસ સરળ છે અને અધ્યાત્મની રૂચિવાળા જીવો માટે પ્રેરક છે. આમ યોગમાર્ગ વિષયક લેખિકાનું ચિંતન આ ગ્રંથમાં નિરૂપ્યું છે. 'ગ્રંથત્રયનું અનુશીલન' ગ્રંથની યાત્રા કરવી જરૂરી છે.

xxx

પુસ્તકનું નામ : **ભક્તામર તુલ્યં નમઃ**
સંકલન : ડૉ. રેખા વોરા
પ્રકાશક : **જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
પ્રાપ્તિ સ્થાન : ડૉ. રેખા વ્રજલાલ વોરા
સી-૧, સી/૫૫, મહાવીર જૈન સોસાયટી,
શંકર લેન, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭.
મૂલ્ય :રૂા. ૪૦૦/-, પાના : ૫૨૪, આવૃત્તિ : પ્રથમ-૨૦૦૯.

જૈન ધર્મનું પ્રખ્યાત સ્તોત્ર 'ભક્તામર' એ સ્તોત્ર સાહિત્યનું એક અનુપમ ભક્તિકાવ્ય છે. બેન રેખા વોરાએ 'સ્તોત્ર સાહિત્ય' અને 'ભક્તામર' જેવા ગંભીર, વિશાળ અને ગહન વિષય પર સંશોધન કરી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી અને આ ગ્રંથ પ્રકાશિત કર્યો. આ વિષય પર સંશોધન કરવાનું કપરૂં કામ રેખા વોરાએ કર્યું છે તેની પ્રતીતિ આ ગ્રંથ વાંચતા થાય છે.

પાંચસો પાનામાં તૈયાર કરેલ આ ગ્રંથમાં જૈન સ્તોત્રનું સ્વરૂપ, વિશ્વના અન્ય ધર્મોમાં સ્તોત્રો, ભક્તામર સ્તોત્રનું ભક્તિકાવ્ય તરીકે મૂલ્યાંકન અને તેમાં રહેલ સાહિત્યિક કાવ્યત્વનું વિવેચન વિસ્તારપૂર્વક કરેલ છે. પ. પૂ. માનતુંગસૂરીશ્વરજી રચિત 'ભક્તામર' સ્તોત્ર એ જૈન ધર્મ અને સાહિત્યનું એક એવું સ્તોત્ર છે જેની પંક્તિએ, પંક્તિએ શબ્દે શબ્દે અને અક્ષરે અક્ષરે કવિના હૃદયનો નર્યો નિર્ભેળ ભક્તિભાવ નીતરે છે અને તે સહજ રીતે કાવ્યમાં અવતર્યો છે, તેની રસપ્રદ સમીક્ષા આ ગ્રંથમાં કરી છે.

જૈન સાહિત્યમાં રસ ધરાવનાર વાચકોને આ ગ્રંથ વસાવવા અને મનન કરવા જેવો છે.

xxx

પુસ્તકનું નામ : **સમ્મત્તમ્ (મહાનિબંધ)**
લેખક : ડૉ. ભાનુબેન સત્રા (શાહ)
પ્રકાશન, પ્રાપ્તિ સ્થાન : **અજરામર જૈન સેવા સંઘ, મુંબઈ,** C/o અજરામર સ્થાનકવાસી જૈન સંઘ ૪૦, ટાયકલવાડી, ધર્મોલય, ભગત લેન, માટુંગા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૬.
ફોન : ૦૨૨-૨૪૩૧૬૯૭૯
મૂલ્ય : રૂા. ૨૦૦/-, પાના : ૫૦૨, આવૃત્તિ : ૧. ઈ. સ. ૨૦૧૦.

જૈન સાહિત્યના ક્ષેત્રે અનેક વિદ્યાર્થીઓ સંશોધન કરી મુંબઈ વિદ્યાપીઠ દ્વારા પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી રહ્યા છે. તેમાં ડૉ. ભાનુબેન સત્રા (શાહ)નું નામ ઉમેરાયું છે. તેમણે લાડનૂ જૈન વિશ્વભારતી સંસ્થાનમાંથી એમ.એ. (જૈનોલોજી) કરી મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરવા જૈન શ્રાવક કવિ ઋષભદાસ કૃત 'સમકિતસાર રાસ'ની હસ્તપ્રત ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટમાંથી મેળવી. લગભગ સાડાત્રણસો વર્ષ પહેલાં લખાયેલી હસ્તપ્રતનું ગુજરાતીમાં અવતરણ કરી, તેના તત્ત્વજ્ઞાન, કાવ્ય, ભાષાશૈલી વગેરેનો અભ્યાસ કરી રાસા તરીકે મૂલ્યાંકન કર્યું છે.

આ ગ્રંથની વિશેષતા એ છે કે તેમાં સમ્યગ્‌દર્શન જેવા વિષયને અનેક આગમો તથા ગ્રંથોને આધારે સમજાવવામાં આવેલ છે. વિક્રમની સત્તરમી સદીના શ્રાવક કવિ ઋષભદાસે સમકિતસાર રાસની રચના કરી છે જેના આધારે ભાનુબેને જૈન દર્શનમાં સમ્યક્‌ત્વનું સ્વરૂપ દર્શાવેલ છે. આ મહાનિબંધમાં પ્રારંભમાં અમૂલ્ય જ્ઞાનનો વારસો હસ્તપ્રતોના સ્વરૂપે ગ્રંથાલયોમાં સચવાયેલો છે તેનો ઇતિહાસ તથા કવિ ઋષભદાસના જીવનનો પરિચય, સમકિતના ૬૭ બોલનું વિશદ વર્ણન જેમાં લેખિકાએ નિશ્ચય અને વ્યવહારનું સાંગોપાંગ વર્ણન કર્યું છે. સમકિત જેવા ગહન વિષયને લેખિકાએ સામાન્ય જનોને સમજાય તેવી રીતે આલેખ્યો છે.

આ ગ્રંથનું વાંચન-મનન વાચકોના હૃદયને સમ્યક્‌દર્શનની અનુભૂતિ જરૂર કરાવશે.

xxx

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

અંતે શ્રદ્ધા ફળી

□ જયસુખલાલ વોરા

અમોને યાત્રા પ્રવાસનો ખૂબ જ શોખ. કોઈપણ પર્યટન-રિસોર્ટ જવા કરતાં નવા નવા યાત્રા સ્થળોએ જવામાં અમોને અનેરો આનંદ આવે છે. બે વર્ષ પહેલાંની વાત છે. મારી નાની બહેન રંજન બીજાપુર-કર્નાટકથી આવેલ. અઠવાડિયું રોકાવાની હતી. વાત વાતમાં અમોએ શંખેશ્વર જવાનું નક્કી કર્યું. સાથે મારા મોટા ભાઈના દીકરા મુકેશભાઈ વિગેરે હતા. કન્ફર્મ ટિકિટ મળી ગઈ.

બોરીવલીથી ટ્રેન રાત્રે સવા નવ વાગ્યે હતી. જવાનું હતું એજ દિવસે જોગાનુજોગ મારા પુત્ર હેમંતને પણ ઑડિટ માટે અમદાવાદ જવાનું હતું અને એજ સૌરાષ્ટ્ર મેઈલમાં રીઝર્વેશન હતું. અમે અંધેરી ઈસ્ટમાં હાઈવે પાસે રહીએ છીએ. અંધેરીથી બોરીવલી ટ્રેઈનમાં પહોંચતાં વધીને અડધો કલાક લાગે એ ગણતરીથી ૭-૩૦ કલાકે નીકળ્યાં કે જેથી ટ્રાફીક હોય તો પણ ૦૧-૦૧૫ કલાક વહેલાં પહોંચી જઈએ. અમે ચાર વ્યક્તિ હતાં. હાઈવેથી ટેક્સી પકડી. ૭-૩૦ વાગે નીકળેલ ને ટ્રેન ૯-૧૫ની હતી. પોણાબે કલાકનો સમય હતો. શાંતિથી પહોંચી જઈશું એવી આશા હતી. પરંતુ કુદરતે કાંઈક બીજું જ નક્કી કર્યું હશે. ટેક્સી માંડ ૬૦-૭૫ મીટર ચાલી હશ-જોગેશ્વરીનો બ્રીજ આવે એ પહેલાં તો એટલો બધો ટ્રાફીક કે ન હવે આગળ કે ન પાછળ જવાય. ચારે બાજુ બસ વાહનો જ. અડધો-પોણો કલાકે ગોરેગામ બ્રીજ આગળ પહોંચ્યાં. ઘડિયાળ ઘડિયાળનું કામ કરી હતી. ઘડિયાળ આગળ વધતી હતી પરંતુ ટેક્સી આગળ વધતી ન હતી. ૮-૩૦ થવા આવ્યા. છેવટે હેમંતે ટેક્સી ડ્રાઈવરને ટેક્સી ઈસ્ટમાં મલાડ સ્ટેશન લઈ જવા કહ્યું. ૦૧૫ કલાકે મલાડ પહોંચ્યાં. છાતી ધક ધક થતી હતી. ફટાફટ સામાન ઉપાડ્યો. ટેક્સીના ભાડાના રૂપિયા દીધા. બ્રીજ ચડ્યાં. જાણે પાછળ વાઘ પડ્યો હોય એમ ભાગ્યા. હેમંત દોડાદોડ ટિકિટ લઈ આવ્યો. ટ્રેન આવી. ખાસ ગીરદી ન હતી. ટ્રેન તો પકડી. જ્યાં કાંદિવલી ગયું ત્યાં ફાસ્ટ ટ્રેક ઉપર એક મેઈલ ટ્રેન જતી જોઈ. દરવાજા આગળ ઊભેલા પ્રવાસીને પુછ્યું કઈ ટ્રેન છે ? બોર્ડ જોઈ કહ્યું કે સૌરાષ્ટ્ર મેઈલ છે. ત્યાં લગભગ બોરીવલી સ્ટેશન આવી ગયું હતું. પરંતુ નસીબ બે ડગલાં આગળ હતું. બોરીવલી પ્લેટફોર્મ બહાર પુલ નીચે એકાદ મિનિટ ઊભી રહી ગઈ. જીવ તાળવે ચોંટી ગયો. અમને થઈ ગયું ખલાસ હવે ટ્રેન નહિ મળે. અંદર અંદરની વાતો સાંભળી બીજા પ્રવાસીઓએ પ્લેટફોર્મ આવતાં ટ્રેનમાંથી અમને પ્રથમ આગળ આવી ઉતરવા દીધા. સામાન પણ ઉતરાવ્યો. સામાન ખભે નાખી ફટાફટ બ્રીજ ચડવા લાગ્યા. થયું જો આ ટ્રેન જશે તો હવે બીજી ટિકિટ પણ મળશે નહિ. દાદાના દર્શનનો લાભ મળશે નહિ. ફાસ્ટ ટ્રેક ઉપર જોયું ટ્રેન ઉભી હતી. ચાર પગથિયાં ઉતરવાના બાકી હતાં ત્યાં ટ્રેન ઉપડવાની વ્હીસલ મારી. સિગ્નલ મળી ગયું હતું. બબ્બે પગથિયાં એક સાથે ઉતરી સામે જે ડબો આવ્યો તેમાં મંજુલા અને રંજનબેનને ચડાવ્યાં ત્યાં ટ્રેન શરૂ થઈ ગઈ હતી. અમે બાપ દીકરો માંડ માંડ ટ્રેન પકડી. અંદરના પેસેન્જરોએ ખૂબ જ સહકાર દીધો. સામાન લઈ લીધો. વગર રીઝર્વેશનનો ડબો હતો.

મનમાં શંખેશ્વર દાદાની ભક્તિ કરવાની શ્રદ્ધા હતી. ટ્રેન ચૂકી ન જઈએ એટલે પોણા બે કલાક વહેલાં નીકળેલ. જ્યારે શ્રદ્ધા ડગમગવા માંડે છે ત્યારે ફરી ભગવાન કોઈ પણ સ્વરૂપે સહાય કરવા આવી જાય છે. શ્વાસ ભરાઈ ગયો હતો. પાંચ-દસ મિનિટે શાતા વળી. ટ્રેન પકડતાં ભગવાનનો આભાર માન્યો. તપાસ કરતાં ખબર પડી કે જે ડબામાં આપણું રીઝર્વેશન છે એ ડબો તો એન્જિનથી બીજો છે. જ્યારે આ ડબો તો સૌથી છેલ્લો ડબો હતો. ખેર ટ્રેન પકડી એ આનંદ હતો. શાંતિનો શ્વાસ લીધો. હજીય અમારી યાત્રા માટેની પરીક્ષા ચાલુ જ હતી. લગભગ રાત્રે ૧૦ વાગ્યે પાલઘર આવ્યું. જે સાઈડમાં સ્ટેશન હતું ત્યાં સામાન લઈ તૈયાર ઊભા હતા. ટ્રેન ઊભી રહેતાં તુરત જ એન્જિન તરફ લગભગ દોટ મૂકી. કવાયત શરૂ થઈ. લગભગ બે કે ત્રણ ડબા ચાલ્યા હોઈશું ત્યાં ટ્રેન ઉપડવાની વ્હીસલ વાગી. જે ડબો આવે એ પકડવા માંડ્યા. ડબો પકડ્યો. શ્વાસ ચડી ગયો હતો. સામાન વચ્ચે મુક્યો. હવે એક કલાકે વાપી આવતું હતું. સાઈડમાં ઊભા રહી ગયા. પરંતુ એવા થાકી ગયાં હતાં કે વાત ન પૂછો. થાક શારીરિક કરતાં માનસિક વધુ હતો. પરંતુ બીજો કોઈ રસ્તો ન હતો. ૧૧ વાગે વાપી આવ્યું. વળી સામાન લઈ આગળ ભાગ્યા. અમે બંને થોડાંક આગળ નીકળ્યાં. બંન્ને સ્ત્રીઓ પાછળ રહી ગઈ. સીગ્નલ મળતાં જે ડબો આવે એ પકડવા ટ્રેનમાં ચડ્યા. પરંતુ અહીંયા છુટા પડી ગયા. વચ્ચે ફર્સ્ટ કલાસ ડબો હતો. ટ્રેન ડાયરેક્ટ ન હતી. અમને ખૂબ જ ચિંતા થઈ કે એ બન્નેએ ડબો પકડેલ હશે કે કેમ ? આ તો જે અનુભવે એને જ ખબર પડે. અમને જેમ ચિંતા હતી એમ એ બન્નેને અમારી ફીકર હતી. પરંતુ આનો કોઈ જ ઉપાય ન હતો. શંખેશ્વર દાદાનું નામ અત્યારે જપ્યા વિના છુટકો જ ન હતો. એ એક જ ઉપાય હતો. દાદાનો જાપ મનમાં શરૂ કર્યો.

પોણા બાર વાગ્યે વલસાડ આવ્યું. અને બાકી રહેલ મંજીલ પૂરી કરી. વલસાડ ટ્રેન ઘણો સમય ઊભી રહે છે તેથી રીઝર્વેશનવાળા અમારા ડબામાં પહોંચી ગયા. ભત્રીજા મુકેશને મોબાઈલ કરેલ એટલે ટી.સી.ને વાત કરી રાખી હતી. અડધી રાત આમ ને આમ પસાર થઈ ગઈ હતી. પરંતુ હજી કસોટી બાકી હતી.

વિરમગામ ઉતર્યા. ત્યાં ખબર પડી કે વરસાદના કારણે શંખેશ્વર જતા રસ્તામાં આવતો પુલ તૂટી ગયો છે. સુમો-બસ નાના નાના ગામડાંઓમાં થઈને જશે એમ સમાચાર મળ્યાં. જેને સમય વધુ લાગ્યો અને રૂપિયા વધુ લીધા; પરંતુ છુટકો ન હતો. દિલમાં એક જ વાત હતી ગમે તમે કરી શંખેશ્વર દાદા તને ભેટવું છે. શંખેશ્વર દાદા નજીક આવતા જતા હતા. પરંતુ રેલ્વેના દરેક પ્લેટફોર્મ ઉપર ટ્રેન ઊંચી હોવાથી સામાન લઈ બાવડાં દુખવા આવ્યાં હતાં. થાક સખત હતો. રસ્તો ખૂબ જ ખરાબ હતો. પરંતુ દિલમાં ભક્તિભાવ હતો. અમારા એવા કોઈ કર્મ હશે અથવા ભક્તિ કરવા જતાં કાંઈક મનમાં ઉણપ હશે એટલે દાદાએ કસોટી કરી પણ એનો રસ્તો પણ બતાવતા રહ્યા.

અને અનેક પરીક્ષાઓ પાસ કરી આવી ગયા શંખેશ્વર. સામાન રૂમમાં મુક્યો ન મુક્યો અને સૌથી પહેલાં શંખેશ્વર દાદાના દર્શન કરવા ઉપડ્યાં. દાદાને જોઈ મન ભરાઈ ગયું. અંતે અમારી શ્રદ્ધા ફળી. દાદાને જોતાં બધો જ થાક ઉતરી ગયો. મન પ્રફુલ્લીત થઈ ગયું. + + +

C-44, પદ્માનગર, ચકાલા, અંધેરી-કુર્લા રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૯.
ટે. ૨૮૩૭૯૨૭૩. મો. : ૯૮૧૯૫૫૦૦૧૧

પંથે પંથે પાથેય...

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૨ • ફેબ્રુઆરી ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

શ્રી સરસ્વતી દેવીના વિવિધ મુદ્રામાં
નયન રમ્ય પાંચ ફોટાઓ

જિન-વચન

ઇન્દ્રિયોને સંયમમાં રાખો

साहरे हत्थपाए य मणं सव्विंदियाणि य ।
पावगंच परिणामं भासादोसं च तारिसं ।।

सूत्रकृतांग १-८-१७

સાધુઓએ પોતાનાં હાથ, પગ, મન, અને પાંચ ઇન્દ્રિયોને સંયમમાં રાખવાં જોઈએ. પાપમય પરિણામવાળી પ્રવૃત્તિઓનો અને ભાષાદોષનો પણ તેઓએ ત્યાગ કરવો જોઈએ.

Ascetics should have control over their hands and feet, mind and all the five senses. They should avoid faulty language and such activities which may result in sin.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯ચ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી
+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા પાક્ષાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

વાણીના ઘા

૧૪ વર્ષની ઉંમરના એક છોકરાનું મગજ ખૂબ તેજ હતું. તે વાતવાતમાં ગુસ્સે થઈ જાય ને તોડફોડ શરૂ કરી દે. તેના માતા-પિતા ખૂબ હેરાનપરેશાન થઈ ગયા હતા. તેને ઘણી વાર સમજાવ્યો, ધમકાવ્યો પણ પથ્થર પર પાણી!

છેવટે તેના પિતાએ એક ઉપાય શોધી કાઢ્યો. છોકરાને થોડા ખીલા અને હથોડી આપીને કહ્યું, 'જ્યારે તને ગુસ્સો આવે ત્યારે એક-એક ખીલો દીવાલમાં લગાવી દેવો.'

પ્રથમ દિવસે છોકરાએ દીવાલમાં ૩૮ ખીલા લગાવી દીધા પણ જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ ખીલાઓ લગાવવાનું પ્રમાણ ઘટતું ચાલ્યું. એક દિવસે એણે દિવાલમાં એક પણ ખીલો ન લગાવ્યો.

પિતાજીએ છોકરાને કહ્યું, 'ખૂબ સરસ! હવે તને જેટલી વાર ગુસ્સો ચડે અને તું એને બરાબર કાબૂમાં રાખી શકે તેટલી વખત તારે દીવાલમાંથી એક એક ખીલો કાઢતો જવાનો.'

ધીરે ધીરે છોકરાએ ગુસ્સા પર સંયમ રાખતા દીવાલમાંથી બધા ખીલા નીકળી ગયા. પિતાએ દીકરાને દીવાલ પાસે લઈ જઈને કહ્યું, 'બેટા! તેં ઉત્તમ પ્રયત્ન કર્યો છે પણ આ દીવાલ સામે તેં જોયું? એમાં પડી ગયેલા કાણાં જોયા? આ દીવાલ હવે પહેલા જેવી નહીં બની શકે.' દીકરો સજળ નયને પિતાની વાત સાંભળી રહ્યો.

તમે જ્યારે ગુસ્સામાં બીજાને અપમાનજનક વેણ કહી દો છો ત્યારે એ શબ્દો પણ સાંભળનારના હૃદયમાં આવો છેદ મૂકી જતા હોય છે. એ ઘા પછી કાયમ માટે રહી જતો હોય છે. 'માફ કરી દો' એમ કહેવાથી સામેની વ્યક્તિ એ ઘાને કદાચ ભૂલી શકે પરંતુ એણે કરેલો દિલ પરનો ઉઝરડો ક્યારેય રૂઝાતો નથી. શબ્દોનો ઘા આત્માને દુઃખી કરે છે.

(સૌજન્ય જીવનનૈયા)

ક્યુસ્ટન - ટેક્સાસ (યુ.એસ.એ.)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	શ્રીમંતો, શ્રીમંતાઈ અને ધર્મ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	પ્રાચીન વલભી રાજ્ય, વલભી વિદ્યાપીઠ અને જૈન ધર્મ	ડૉ. ગંભીરસિંહ ગોહિલ	૬
(૩)	મન સંબંધી સર્વ દર્શનોની વિચારણા	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૧૦
(૪)	જૈન સંસ્કૃતિમાં નારી	ડૉ. કલાબહેન શાહ	૧૨
(૫)	ક્રોધ	ડૉ. રણજિત પટેલ	૧૫
(૬)	શ્રીમદ્ દેવચંદ્ર રચિત :અતીત ચોવીસીના નવમા તીર્થંકર શ્રી દામોદર જિન સ્તવન	સુમનભાઈ શાહ	૧૬
(૭)	ગૌતમકથા	—	૧૮
(૮)	એ પદ કબીરજીનું જ : સંશોધનાત્મક સત્ય	ડૉ. નિરંજન રાજ્યગુરુ	૧૯
(૯)	સ્વરાજ આશ્રમ, વેડછી ચેક અર્પણ કાર્યક્રમ	મથુરાદાસ ટાંક	૨૦
(૧૦)	જયભિખ્ખુ જીવનધારા : ૨૫	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૩
(૧૧)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૬
(૧૨)	જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ-૧૮ : શ્રી પ્રજ્ઞાપના સૂત્ર	ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી	૨૮
(૧૩)	જૈનો જાગો! સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ	સુબોધીની સતિશ મસાલિઆ	૩૪
(૧૪)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૫
(૧૭)	પંથે પંથે પાથેય : 'કાંતા : જે ક્યારેય હારશે નહીં'	ગીતા જૈન	૩૬
	અંતરાત્માનો અવાજ	ભોગીલાલ શાહ	૩૩

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૨ ● ફેબ્રુઆરી ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● માઘ સુદ–તિથિ-૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

શ્રીમંતો, શ્રીમંતાઈ અને ધર્મ

હમણાં આ લગ્નની 'સિઝન'માં એક ઉદ્યોગપતિ મિત્રની સુપુત્રીના લગ્નનું સહકુટુંબ આમંત્રણ એક 'ભવ્ય' 'રજવાડી' કંકોત્રી અને મોંઘી ભેટ સાથે મળ્યું, એ પહેલાં મહિના પહેલા 'ઈન્ટિમેશન' પત્ર પણ મળ્યો હતો કે આ દિવસોમાં પોતાની સુપુત્રીના લગ્ન અને અન્ય સમારંભો છે એટલે, આપની ડાયરીમાં આ તારીખોની નોંધ કરી રાખશો. કાર્યક્રમ આ પ્રમાણે હતો:

સોમવારે પંચ તારક હૉટલના ભવ્ય રૂમમાં 'કોકટેઈલ પાર્ટી' અને અંદર જ ઘોંઘાટભર્યા સંગીત સાથે ડી. જે., મંગળવારે આવી જ બીજી હૉટલમાં ગઝલ-સંગીતની પાર્ટી, બુધવારે મોટા મેદાનમાં સિનેમાના કલાકારો દ્વારા ડાન્સ અને વિવિધ પાશ્ચાત્ય નૃત્યો તેમ જ ફેશન શૉ, ગુરૂવારે મહેંદી રસમ સાથે દાંડિયા રાસ, શુક્રવારે સિદ્ધચક્ર પૂજન, શનિવારે મુંબઈ નજીકના રીસોર્ટમાં બપોર પછી જાનનું સ્વાગત અને હસ્તમેળાપ-લગ્ન, અને રવિવારે સાંજે ભવ્યાતિભવ્ય સત્કાર સમારંભ.

મુંબઈ જેવા શહેરમાં એક છેડેથી બીજે છેડે આટલા બધા દિવસો કેમ પહોંચી શકાય? સહેજે રોજના ચાર કલાક તો ખર્ચાય જ; ઉપરાંત ટ્રાન્સપોર્ટ ટેક્ષી, ગાડી, પેટ્રોલ વગેરેનો કેટલો ખર્ચ? આ ભાઈના મધ્યમ વર્ગના સગાની શી મનોદશા?

જો કે રીસોર્ટ પહોંચવા માટે અને પાછા જવા માટે એમણે એ.સી. બસ અને ગાડીઓની વ્યવસ્થા કરી હતી. ઈવેન્ટ મેનેજમેન્ટનો યુગ છે ને!

''મોટા' માણસે 'આપણા'ને ખાસ યાદ કર્યા છે, એટલે જવું તો જોઈએ'', આવી માનસિકતા સાથે જનાર મધ્યમ વર્ગના માનવીના મન અને ખિસ્સાની શી હાલત થતી હશે? અને હવે તો દરેક ફંક્શનમાં નવા નવા કપડાંનો જ આગ્રહ રાખનાર યુવક-યુવતી પાસે મા-બાપનું ક્યાં ચાલવાનું છે?

આ બધું માણ્યા પછી નિમંત્રકને તમારી પાસેથી અહંપોષક આ શબ્દોની અપેક્ષા રહે; 'બહુ સરસ, આપણા કુટુંબ જ્ઞાતિમાં આવા ભવ્ય લગ્ન અત્યાર સુધી કોઈએ નથી કર્યા. યુ આર ગ્રેટ...વગેરે વગેરે.'

આ ભાઈને લગભગ પાંત્રીસેક વર્ષથી હું ઓળખું છું. એ સમયે અમારે નવી ઑફિસ માટે જગ્યા લેવી હતી ત્યારે એમનો એક દલાલ તરીકે મને પરિચય થયેલો. ત્યારે માત્ર એસ.એસ.સી. સુધી ભણેલા એ ભાઈ 'દેશ'માંથી આવેલા અને વગર મુડીનો જગ્યાની દલાલીનો ધંધો કરતા હતા. ત્યારે એ ભાઈએ પૈસા રોકાણ બાબત મારી સલાહ માગેલી ત્યારે એમના નસીબ અને પુણ્યને પ્રતાપે મારા મોઢામાંથી શબ્દો સરી પડેલા કે, 'આ ધંધાને જ વળગી રહેજો અને આમાં જ ઊંડા ઉતરજો. પ્રમાણિકતા અને પુરુષાર્થથી ધંધો કરીએ તો કોઈ ધંધો વાંઝિયો નથી.' બસ, આ વાક્યે એમણે મારી સાથે સંબંધ ટકાવી રાખ્યો અને પ્રત્યેક નવા વર્ષે મને સ્નેહથી યાદ કરે. આ એમની વ્યવહારુ સમજદારી. જો કે ત્યારે મારે એક વાક્ય ઊમેરવું જોઈતું હતું કે પ્રત્યેક મહિને એકાદ સત્ત્વશીલ પુસ્તકનું વાંચન અને કયારેક સામાયિક પણ કરજો.

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી સુષ્માબહેન શૈલેશભાઈ મહેતા

(પાલણપુરવાલા)

સ્મૃતિ : સ્વ. ચંદ્રાબહેન રસિકલાલ ગાંધી

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ભાઈ ખૂબ જ મહેનતુ અને કોઠાસૂઝવાળા, પછી તો પ્રગતિનો રાહ અને ઢાળ મળી ગયો અને એ દોડવા મંડ્યા અને પૈસા અને સંબંધોના ગુણાકારે મોટા બિલ્ડર થઈ ગયા અને ઉદ્યોગમાં પણ ઝંપલાવ્યું.

હવે મૂળ વાત ઉપર આવીએ. લગ્ન સમારંભોમાં આટલો ખર્ચ શ્રીમંતાઈનું વરવું પ્રદર્શન તો લાગે જ. આવી વ્યક્તિઓ સાથે દલીલબાજી કરીએ તો એક જ જવાબ મળે, 'ભગવાને આપ્યું છે તો વાપરીએ છીએ, અને આ રીતે સંપત્તિનુ વિકેન્દ્રિકરણ થાય, ઘણાંને રોજી-રોટી મળે વગેરે'. આ દલીલનો ઉત્તર છે જ; પરંતુ આંખે પાટા બાંધેલી વ્યક્તિને અરીસો દેખાડીને શું કરવું? નવા વિચાર ન આવકારવાની જેણે ભીંત ઊભી કરી દીધી હોય એવી વ્યક્તિ સાથે ચર્ચા કરવી સમજદારી નથી જ. આવી વ્યક્તિને અનુભવ કે કુદરતની ઠોકર કે ધર્મ જ સાચી સમજ આપી શકે. એમણે કરેલા આ ખર્ચાઓનો ઉપયોગ શિક્ષણ અને મધ્યમ વર્ગને માટેના રાહત કાર્યો માટે થાય તો આજ અને કાલનો સમાજ કેટલો ઉજળો બને! અને એથી થનારા પુણ્યના વાવેતરની તો શી વાત કરવી?

એ ધનપતિએ જણાવેલ બધાં જ સમારંભમાં જવા માટે અમારા જેવાનું મન સ્વીકૃતિ ન જ આપે. પ્રશ્ન થાય કે એક 'જૈન શ્રીમંત' બે અંતિમો વચ્ચે કઈ રીતે જીવે છે? ધંધાના વિકાસ માટે અને આનંદ પ્રમોદ માટે શરાબની કોકટેઈલ પાર્ટી પણ આપવી છે અને પોતે જૈનધર્મી છે એની સ્વીકૃતિ માટે લાખો રૂા. ખર્ચીને સિદ્ધચક્ર પૂજન પણ કરાવવું છે! બેમાંથી એકનો છેદ ઉડાડી ન શકે? રાત્રિ ભોજન તો બધાં જ સમારંભમાં હોય જ, પાછા 'જૈન ફૂડ' અને 'ચોવિહારની વ્યવસ્થા'ના પાટિયા પણ ઝૂલતાં હોય. આપણા એક પૂજ્ય આચાર્યશ્રીએ જૈન કુટુંબો પોતાના સમારંભોમાં રાત્રિ ભોજનનો ત્યાગ કરે એવો વિનંતિ ઢંઢેરો પિટાવ્યો, પરંતુ પરિણામ શૂન્ય આવ્યું.

આટલા બધાં સમારંભોમાં અમે સિદ્ધચક્ર પૂજન અને સત્કાર સમારંભની જ પસંદગી કરી. મિત્રને માઠું તો લાગ્યું, પરંતુ બીજા બધાં સમારંભોમાં ન જઈને અમે 'ઘણી મજા' ગુમાવી એવો ઉપાલંભ અને ઉપહાર પણ હસતા હસતા એ મિત્રે મને આપી દીધો!

જૈન સમાજના એક સંપ્રદાયમાં ભવ્યાતિભવ્ય ઉત્સવો, રાજાશાહી વરઘોડા અને ખર્ચાળ પૂજનોએ પોતાનું સ્થાન સ્થિર કરી લીધું છે. જાણે આને જ ધર્માચરણ કહેવાય! મારી પાસે જેટલી માહિતી છે એ મુજબ જૈન શાસ્ત્રમાં માત્ર બે જ મુખ્ય પૂજનો છે, સિદ્ધચક્ર પૂજન અને શાંતિ સ્નાત્ર. ભક્તામર પૂજન, પદ્માવતી પૂજન કે અન્ય પૂજનો પ્રાચીન શાસ્ત્રમાં હોય એવું લાગતું નથી. વિધિકારક પૂ. પંડિતો કદાચ ભવિષ્યમાં નવા 'પૂજનો'નું પણ સર્જન કરે. જેટલા 'ભયો' અને 'અસલામતી' વધશે એટલી ક્રિયાઓ વધવાની જ. હિંદુ ધર્મના અનેક ક્રિયાકાંડથી આપણે પરિચિત છીએ જ. આ પૂજનો ભક્તિનો એક પ્રકાર છે. હમણાં આ પ્રકારના સિદ્ધચક્ર પૂજનમાં બે વખત જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો, એક મુંબઈમાં અને બીજો અમદાવાદમાં. વિધિકાર ઝડપથી વિધિ-પૂજન કરાવે, પૂજામાં બેસનારને પોતાનો વારો ક્યારે આવે અને ક્યારે 'લ્હાવો' મળે એની ચિંતા હોય, કોઈ કુટુંબીજનને સ્થાન ન મળ્યું હોય તો મનદુઃખો પણ થાય, સંગીતકાર સિનેમાની ધૂને ભક્તિ (!) ગીતો ગાય, સંગીતના વાંજિત્રોનો એકબીજાનો અવાજ દબાવી દેવાની હરીફાઈ કરતા હોય એવા 'અવાજો', વળી ક્યારેક ચામર નૃત્ય અને અન્ય નૃત્યો–આ બધામાં શુદ્ધ ભક્તિ ક્યાં? આ પૂજનનો જ્યાં ઉદ્‌ભવ થયો એ શ્રીપાલ-મયણાની કથા, એનું મૂળ, એ ભક્તિમાં પ્રગટ થતું સમ્યગ્‌જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ વગેરેનું તાત્ત્વિક મહત્ત્વ, આ બધું કાંઈ જ સાંભળવાનું નહિ. વિધિકારને વિધિ કરાવવાની 'દક્ષિણા'નો આંકડો પણ હજારોનો, સંગીતકારોને પણ મોટી રકમ. શ્રીમંતોને ધનને ઢોળતા આવડે, ખર્ચતા આવડે પણ 'વાપરતા' ન આવડે. આ સંપ્રદાયે આત્મમંથન કરવાની જરૂર નથી લાગતી? અને આત્મમંથન, સાચું દર્શન આપણા સાધુ ભગવંતો જ કરાવી શકે. ત્યાં સુધી આપણે 'હમ તુમ એક કમરે મેં બંધ હો' એવી ધૂનો સાંભળવાની?!

ક્રિયાનો વિરોધ નથી, પરંતુ જ્ઞાન અને વિવેક વગરની ક્રિયાનો શો અર્થ? એ ક્યા સાત્ત્વિક ભાવવિશ્વનું નિર્માણ કરી શકે?

રાગ રાગણીઓમાં ભાવ સહિત પૂજા અને અન્ય પૂજનોનું ગાન કરનાર ભોજકો તો હવે 'ઇતિહાસ' બની ગયા! ચતુર્વિધ જૈન સંઘે વહેલી તકે આ ઇતિહાસને જીવંત કરવો પડશે નહિ તો સોનું ખોઈ પિત્તળની પૂજાનો દોષ વહોરી લેવાશે જ.

પ્રતિસાદ :

૧. 'પ્ર.જી.'ના જુલાઈના અંકમાં **'જૈન ધર્મ, શ્રીમંતો અને અપરિગ્રહ'** શીર્ષકથી તંત્રી લેખ લખાયો, એમાં મુરબ્બી શ્રી સૂર્યકાંતભાઈ પરીખે જે અમેરિકન પુસ્તક 'વી ગીવ અવે ફોર્ચ્યુન' વિશે અમને લખ્યું હતું, એના પ્રતિસાદ સ્વરૂપે એ પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરી 'પ્ર.જી.'ના વાચકો તેમ જ અન્ય દાતા બંધુઓને મોકલવાની પ્રેરણા કચ્છ બિદડાથી કોટિવૃક્ષ અભિયાનના સ્થાપક શ્રી લક્ષ્મીચંદભાઈએ આપી, અને એ માટેનો પૂરો ખર્ચ પણ એઓશ્રીએ શ્રી સૂર્યકાંતભાઈને મોકલ્યો. આ ઉપરાંત અન્ય સહૃદયી જાગૃત વાચકોએ પણ ધનરાશિ એઓશ્રીને મોકલી જેમના નામો 'પ્ર.જી.'માં પ્રગટ કર્યા છે. શ્રી સૂર્યકાંતભાઈએ ૪૦૦૦ નકલ છાપી અને સૌને રવાના કરી છે જેનો પોષ્ટ ખર્ચ એઓશ્રીએ ભોગવ્યો. (જેમને નકલ ન મળી હોય એઓશ્રી 09898003996 ઉપર શ્રી સૂ. પ.નો સંપર્ક કરે). આ ઉપરાંત એ અંગ્રેજી પુસ્તક ફરી છપાવવા

અને અધિકારી મહાનુભાવોને અર્પણ કરવા મુંબઈથી શ્રી સી. કે. મહેતાએ પણ શ્રી પરીખ સાહેબને રૂા. પચાસ હજારનો ચેક મોકલી આપ્યો.

અમેરિકાના ધનાઢ્યોના પોતાની સંપત્તિને દાનમાં આપવાના અભિયાનમાં અનેક સંપત્તિવાન જોડાઈ રહ્યા છે. ભારતમાં પણ હવે આ દિશામાં સંપત્તિવાનો પોતાના ધનનો પ્રવાહ દાન તરફ અને માનવ ઉત્થાન પ્રત્યે વાળી રહ્યા છે. આપણા ભામાશા દાનવીર દીપચંદ ગાર્ડી, એંકરવાલા અને નવનીત ગ્રુપ, અમરસન્સ ગ્રુપ, સી. યુ. શાહ વગેરેની યાદી મોટી થઈ રહી છે એ આનંદપ્રદ ઘટના છે. હમણાં જ કચ્છના શાહ બંધુઓ, ભારત વાયર રોપ્સ લિ.ના સુંદરજી મૂળજી શાહ અને દેવચંદ મૂળજી શાહે ૧૦૦ કરોડના દાનની જાહેરાત કરી છે. ઉપરાંત લક્ષ્મી મિત્તલ, અઝીઝ પ્રેમજી, અંબાણી બંધુઓ, રૂઈઆ બંધુઓ વગેરે પણ દાનની દિશામાં નક્કર યોજના કરી રહ્યા છે. રાજકારણીઓ દ્વારા થતા અતિશય ભ્રષ્ટાચારના કાળા વાદળોમાં દાનની આવી રજત રેખા દૃશ્યમાન થઈ રહી છે એ ભારતીય સંસ્કૃતિની મહાનતા છે.

અમેરિકનો હવે ભારતીય તત્ત્વજ્ઞાન પ્રમાણે ત્યાગીને ભોગવવાની વિચારધારાની મહત્તા સમજી રહ્યાં છે. જૈન ધર્મે તો યુગો પહેલાં વિશ્વશાંતિ અને માનવ ઉત્થાન માટે અપરિગ્રહનો સિદ્ધાંત આપ્યો જ છે. હવે એ જ મૂડીવાદી અમેરિકનો સમજી શક્યા છે કે દાનને કારણે જ મુડીવાદ જીવે છે. ત્યાં એક પુસ્તક લખાયું છે. How Philanthropy save American Capitalism. દાન વાવો, પુણ્ય લણો. આ પુણ્ય શુભ કર્મનો વિચાર આપશે અને વૃદ્ધિ-સમૃદ્ધિના ગુણાકાર થતા રહેશે. આ કુદરતનો નિશ્ચિત નિયમ છે.

૨. પ્ર.જી.ના નવેમ્બરના અંકમાં **'સરનામા વગરના માણસો'** લેખમાં ગુજરાતની ભટકતી જાતિ વિશે લેખ લખાયો હતો. પ્ર.જી.ના વાચકોએ આ જાતિ માટે કાર્યરત સેવાભાવી બેન મિતલ પટેલ તરફ દાનનો પ્રવાહ વહાવ્યો. ઉપરાંત શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંનિષ્ઠ કાર્યકર **શ્રીમતિ કલ્પાબેન હસમુખભાઈ શાહે** પોતાની સંસ્થા **ગ્રીન ક્વીન્સ લેડિઝ ક્લબના** સભ્યો પાસેથી રૂા. એક લાખ એકાવન હજારની રકમ એકત્રિત કરી બહેન મિતલની સંસ્થાને એ જાતિના બાળકોના શિક્ષણ માટે મોકલી આપી.

ઉપરના સર્વે મહાનુભાવી દાતાના વિચારભાવને હું હૃદય વંદના કરું છું.

૩. નવજીવન આશ્રમ શાળા

આ વિચરતી-ભટકતી જાતિના બાળકોના શિક્ષણની શું પરિસ્થિતિ હશે ? એ જોવાની મને તક મળી. પાટણ જિલ્લા પાસે 'નવજીવન આશ્રમ શાળા છે-(આશ્રમ રોડ, મણુંદ-૩૮૪૨૬૦ જી. પાટણ, ઉ. ગુજરાત, મો. નં. ૦૯૪૨૯૦૧૦૪૯૩) એના સ્થાપક સંચાલક ગાંધીવાદી શ્રી શંભુભાઈ યોગી જેમને શ્રી મહેન્દ્ર મેઘાણી 'ખૂણામાં પડેલો જાગતો જીવ' કહે છે, એઓશ્રી રાષ્ટ્રીય અવોર્ડ વિજેતા-૧૯૬૩-શિક્ષક છે. ભારતના ત્યારના રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના વરદ્ હસ્તે એમને આ પુરસ્કાર મળ્યો છે. આ છબી એમના જર્જરિત મકાનના કાર્યાલયમાં લટકે છે. અનેક રોગોથી ઘેરાયેલા આ ૯૦ વર્ષની ઊંમરના આચાર્ય પોતે શરીરથી જર્જરિત છે, પણ પ્રજ્ઞા અને ધગશ યુવાન જેવી છે. ભારતના ખૂણે વિચરતા સમુદાયના બાળકો માટે એઓ અનોખો શિક્ષણ-સંસ્કાર યજ્ઞ માંડીને ઋષિ જેમ અન્ય શિક્ષકો સાથે ઊભા-બેઠા છે. 'પ્ર.જી.'ને કારણે અમારો શબ્દ પરિચય. દરેક પત્રમાં ત્યાં આવવાનું આમંત્રણ આપે. આ ૨૬ જાન્યુ.ના એ તરફ જવાનું થયું એટલે એમની શાળા જોવાનો અને એમને મળવાનો ઉમળકો જાગ્યો. જે વિષાદમાં પરિવર્તિત થઈ ગયો.

એમની સાથે આજીવન સમર્પિત એક શિક્ષિકા બહેન કૈલાસબેન પટેલ, ૨૦ વર્ષથી અહીં ૧ થી ૭ ધોરણ સુધી ભણતા અને રહેતા ૭૦ બાળક બાલિકાની સાચા અર્થમાં ગૃહમાતા બની ગયા છે. વિદ્યા અને શ્રમમાં પ્રેમ અને વાત્સલ્યનું સિંચન કરી સમાજથી તડછોડાયેલા, સાચા માતા-પિતાથી દૂર રહેતા આ બાળકોની કાળજી લેતા દૃશ્યને આપણે જોઈએ ત્યારે હજી જગતમાં માનવતાની મહેક છે એની પ્રતીતિ થાય.

આ બહેન ભટકતી જાતિના કબીલામાં જાય ત્યાં મા-બાપને સમજાવે અને બાળકો-બાલિકાને આ શાળામાં લાવે, ભણાવે. 'કાંકરા' શોધી લાવી ફૂલની જેમ જતન કરી 'રત્નો' બનાવે અને આવતી કાલના અસમાજિક અને આતંકવાદી વર્ગને ન ઊગવા દે.

પરંતુ સરકારી વહિવટી તંત્રની બેદરકારી અને કાનુની હઠાગ્રહને કારણે એમને પૂરતી મદદ નથી મળતી. મદદો અટવાઈ જાય છે. હરિજન અને આદિવાસીના બાળકોને મદદ મળે, પણ આ ભટકતી જાતિના બાળકોનો એમાં સમાવેશ જ નહિ! આવી તો કેટલી બધી વાતો અમને શંભુભાઈએ કહી અને અમારું મન દ્રવી ગયું.

૪ થી ૧૦ની ઉંમરના આ બાળકોએ જ્યારે પ્રારંભમાં પ્રાર્થનામાં અમને શુદ્ધ નવકાર મંત્ર લયબદ્ધ રાગમાં સંભળાવ્યો ત્યારે તો આ સંસ્થાના શિક્ષકો અને સંચાલકો પ્રત્યે અમારા હૃદયમાં અહોભાવ જાગ્યો.

ભારતના ખૂણે ખૂણે આવા દીવડાં પ્રગટી રહ્યાં છે એની પ્રતીતિ થઈ. વાચક પણ એ દીવડા માટે તેલના ટીપાં મોકલી શકે છે. આથી ઉત્તમ પૂણ્ય ઉપાર્જન બીજું શું ?

મોટર રસ્તે પાટણ કે રાજસ્થાન તીર્થયાત્રાએ પધારો ત્યારે આવા જીવંત બાળતીર્થોના દર્શને જશો તો તમારી પ્રેમભરી ઉપસ્થિતિથી ખીલી ઉઠેલા બાળસ્મિતોમાં આપણને અવશ્ય ભગવાનના દર્શન થશે જ એ સમયના તમારા આનંદને તપાસજો. પૂણ્યો ઉભરશે.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

ભૂલ સુધાર

(પ્ર. જી.ના જાન્યુઆરી-૨૦૧૧ના અંકમાં-તંત્રી લેખમાં ૫, ૬ પાના ઉપર ગાંધીજીના પુત્રનું નામ હિરાલાલ છપાયું છે, એ અમારી અક્ષમ્ય ભૂલ છે. સાચું નામ હરિલાલ છે. શરતચૂક માટે વાચકો મને ક્ષમા કરે. ધ.)

પ્રાચીન વલભી રાજ્ય, વલભી વિદ્યાપીઠ અને જૈન ધર્મ

□ ડૉ. ગંભીરસિંહ ગોહિલ

(વિદ્વાન લેખક ભાવનગરની પ્રસિદ્ધ શામળદાસ કૉલેજના પૂર્વ આચાર્ય અને ગુજરાતીના અધ્યાપક છે. અનેક સંશોધનાત્મક લેખોના લેખક છે. વર્તમાનમાં એઓશ્રી ભાવનગરના પૂર્વ મહારાજા શ્રીકૃષ્ણકુમારસિંહજીનું સંશોધનાત્મક જીવનચરિત્ર લખવામાં વ્યસ્ત છે.)

પ્રાચીન ભારતમાં વિદ્યાકીય સમૃદ્ધિ ઉચ્ચતમ કક્ષાએ પહોંચી હતી. તક્ષશિલા વિદ્યાપીઠ તેર સદીઓ સુધી સર્વોચ્ચ વિદ્યાનું ધામ હતી. ઈ. સ.ની છઠ્ઠી સદીમાં હુણોએ તેનો નાશ કર્યો ત્યાં સુધી તેમાં વિદ્યાકીય આરાધના ચાલતી રહી હતી. તે જ રીતે નાલંદામાં હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મશાસ્ત્રોનું તથા અન્ય વિષયોનું અધ્યયન ચાલતું રહ્યું હતું. પશ્ચિમ ભારતમાં વલભીની વિદ્યાપીઠે તે જ કક્ષા સિદ્ધ કરીને હિંદુ, જૈન અને બૌદ્ધ ધર્મશાસ્ત્રો સહિત વિવિધ વિષયોમાં વિદ્યાધ્યયન શરૂ રાખ્યું હતું.

વલભીમાં યાદવવંશી ક્ષત્રિય મૈત્રકોની આણ પ્રવર્તતી હતી. જોકે તે પહેલાં મૌર્યો અને ગુપ્તોના શાસન વખતે રાજધાની ગિરિનગરમાં હતી. ગુપ્ત શાસનના અંતે મૈત્રક યોદ્ધા ભટ્ટાર્કે વલભીને પોતાની રાજધાની બનાવી. વલભી દ્રોણમુખ પ્રકારનું સ્થળ હોવાથી ત્યાંથી જમીન અને સમુદ્ર બંને મારફતે આવનજાવન થઈ શકતી હતી. એ જ કારણે તેની પસંદગી રાજધાની તરીકે થઈ હશે. તે કાળે તે એક સારું બંદર હતું. તેનો દેશ-વિદેશના ઘણાં બંદરો સાથે વ્યાપાર ચાલતો હતો. મૈત્રકોનું શાસન સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળવા સુધી ફેલાયેલું હતું.

વિખ્યાત ચીની પ્રવાસી હ્યુ એન ત્સંગે ઈ. સ. ૬૪૦માં વલભીની મુલાકાત લીધી હતી. તેણે પોતાના પુસ્તક 'સિયુકી'માં વલભીની સવિસ્તર હકીકત લખી છે. તેણે લખ્યું છે કે આઠ ચોરસ કિ.મી. જેટલી જગ્યામાં ફેલાયેલી વલભી નગરી ગીચ વસ્તી ધરાવતી હતી. મોટા ભાગના લોકો સ્થિતિ સંપન્ન હતાં. તે લખે છે કે વલભીમાં એકસોથી વધુ કરોડપતિઓ હતા.

પ્રાચીન સમયના બીજા ચીની પ્રવાસી ઈત્સિંગ લખે છે કે પૂર્વ ભારતની વિદ્યાપીઠોમાં નાલંદાનું જે ઉચ્ચ સ્થાન છે તેવી જ ઉમદા પ્રતિષ્ઠા પશ્ચિમ ભારતમાં વલભીની છે. તે વધુમાં ઉમેરે છે કે આ બંને વિદ્યાપીઠોને ચીનની ઉચ્ચ કક્ષાની વિદ્યાપીઠ સાથે અનુકૂળ રીતે સરખાવી શકાય તેમ છે.

'બૃહત્કથા' ઉપર આધારિત સંસ્કૃત ગ્રંથ 'કથા-સરિત્સાગર'માં ઉલ્લેખ મળે છે કે વિષ્ણુદત્ત નામનો બ્રાહ્મણ યુવાન ગંગાના દોઆબના પ્રદેશમાંથી વિશેષ વિદ્યાધ્યયન માટે વલભી જવા માટે પ્રયાણ કરે છે. આ વિગત દર્શાવે છે કે વલભીના વિદ્યાભ્યાસની એટલી અગત્ય હતી કે પૂર્વ ભારત જેવા દૂર પ્રદેશનો બ્રાહ્મણ યુવાન લાંબો પ્રવાસ ખેડીને, ભાષા વગેરેની મુશ્કેલીઓ તેમજ અન્ય તકલીફો વેઠીને વલભીમાં અભ્યાસ કરવા માટે નીકળે છે.

આવી મોટી વિદ્યાપીઠમાં દાખલ થવા માટે ઘણી હરીફાઈમાં ઊતરવું પડતું. દસે બે કે ત્રણ વિદ્યાર્થી પસંદ થતા. દાખલ થઈને પણ બેથી ત્રણ વરસ સુધી બૌદ્ધ ન્યાય અને જૈન દર્શનોના ગ્રંથોનો અભ્યાસ કરવો પડતો. જે વિદ્યાર્થીઓએ જૂના અને નવા બંને પ્રકારના ધર્મશાસ્ત્રોનો અભ્યાસ પૂરો કર્યો હોય તેઓ જ ધર્મવિચારની ચર્ચાસભામાં પ્રવેશ મેળવી શકતા હતા. તેમાં જેઓ પોતાની વાદ કુશળતાની સર્વોપરિતા સ્થાપિત કરી શકતા તેમને સર્વત્ર યશ પ્રાપ્ત થતો હતો. તેમને જમીનના દાન મળતા. આવી રીતે ઉચ્ચ કક્ષા સિદ્ધ કરનારાના નામ વાદસભાના પ્રવેશદ્વાર પર જાહેર કરવામાં આવતા. તેમાંના કેટલાક રાજસભા ગૃહમાં પ્રવેશ મેળવી શકતા હતા. તેમાં જેઓ પોતાની બૌદ્ધિક પ્રતિભા દર્શાવી શકે તેમને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ તરીકે નિમણૂંકો મળતી હતી.

વલભીનું સ્થાન અને મહત્ત્વ સમજાવતો નકશો

કેટલાંક અત્યારના નામઃ *ભૂલામ્બિલિકા–ધૂમલી *કૌર્ણિન્યપુર –કુતિયાણા *ગિરિનગર–જૂનાગઢ *દ્વીપ–દીવ *મધુમતી–મહુવા *સિંહપુર–શિહોર *વર્ધમાન–વઢવાણ *ખોરક–ખોડા *નગરક–નગરા (ખંભાત પાસે) *ઉર્જયતક–ગિરનાર *ભૃગુકચ્છ–ભરૂચ *અકૂરેશ્વર–અંકલેશ્વર *ગ્રોફહક–ગોધરા

વલભીનું સ્થળ હાલના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશના ભાવનગર જિલ્લામાં આવેલું હતું. આજે તે તાલુકાનું મથક છે અને વલભીપુર કે વળા નામથી ઓળખાય છે. સ્વાતંત્ર્ય પહેલાં તે વળા રાજ્યની રાજધાનીનું મથક હતું. ભાવનગરથી તે ૩૮ કિ.મી.ના અંતરે ૨૧°૪૧ નોર્થ અને ૭૮°૩૮ ઈસ્ટ અક્ષાંશ-રેખાંશ પર આવેલું છે. આ શહેર ભાવનગર-અમદાવાદના સ્ટેટ હાઈવે પર આવેલું છે. અમદાવાદથી તે ૧૬૦ કિ.મી. અને ગાંધીનગરથી ૧૯૦ કિ.મી.ના અંતરે આવેલું છે. જૈનોનું એક નવું તીર્થસ્થળ 'અયોધ્યાપુરમ્' ત્યાંથી દસ જ કિ.મી.

દૂર છે.

વલભીપુર ઘેલો નદીના કિનારે આવેલું છે. આ નદી વલભીપુરથી ઉત્તર-પશ્ચિમ તરફ જતાં પાંચ કિ.મી.ના અંતરે બે ફાંટામાં વહેંચાઈ જાય છે. બે અલગ અલગ પ્રવાહોમાં વહીને તે ત્રણેક કિ.મી.ના અંતરે વલભીપુરથી દક્ષિણ પૂર્વની દિશામાં ફરી મળી જાય છે. તે પછી ઘેલો નદી વલભીપુરથી દક્ષિણ-પૂર્વમાં વહીને ખંભાતની એક ખાડીમાં મળી જાય છે.

વલભીના જૂના અવશેષો વલભીપુર નજીક ઘેલો નદીના બે જુદા પ્રવાહોની વચ્ચે મળી આવે છે. ઉપર જે ખાડીનો ઉલ્લેખ કર્યો તે અત્યારે ભાવનગર ખાડી તરીકે ઓળખાય છે જે વલભીપુરથી ૩૨ કિ.મી.ના અંતરે છે. પરંતુ વલભીપુરના સમયમાં તે ખૂબ નજીક હશે અને તેના પર વલભીનું બંદર આવેલું હશે.

જૈન ધર્મ અને સંસ્કૃતિની અનેક પ્રવૃત્તિઓ વલભીમાં ઘણા જૂના સમયથી થતી રહી હતી. દેવસેન સૂરિ 'દર્શનસાર'માં તથા 'ભાવસંગ્રહ'માં વિક્રમ રાજાના મૃત્યુને ૧૩૬ વર્ષ થતાં સૌરાષ્ટ્રમાં વલભીમાં શ્વેતપટ (શ્વેતાંબર) સંઘ ઉત્પન્ન થયો હોવાનું જણાવે છે. વળી હરિષેણ તથા રત્નનંદી પહેલા ભદ્રબાહુ (ઈ. પૂ. ૪થો સૈકો)ના શિષ્યના શિષ્ય જિનચંદ્રના સમયમાં વલભીમાં શ્વેતાંબર સંપ્રદાય ઉત્પન્ન થયો હોવાનું જણાવે છે. શ્વેતાંબર સંઘની સ્થાપના વલભીમાં થઈ હોવાના અન્ય પ્રમાણો પણ મળી આવે છે. તેમાં ખરું તથ્ય ગમે તે હોય પણ આ સંદર્ભો દર્શાવે છે કે જૈન ધર્મના શ્વેતાંબર સંઘ સાથે વલભીનો ઘણો જૂનો સંબંધ હતો.

જૈન ધર્મના પ્રસિદ્ધ વિદ્વાન નાગાર્જુનના માર્ગદર્શન નીચે ઈ. સ. ૩૦૦ આસપાસ વલભીમાં જૈન ધર્મગ્રંથોની વાચનાઓ તૈયાર કરવામાં આવી હતી. તે વખતે વલભીમાં ૧૦૦૦ જૈન સાધુ-સાધ્વીઓ ઉપસ્થિત હતાં. ફરી ઈ. સ. ૪૫૩માં વલભીમાં જ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના માર્ગદર્શન હેઠળ અગાઉ નાગાર્જુન દ્વારા અને પછી સ્કંદિલાચાર્ય દ્વારા તૈયાર કરાયેલી જૈન ધર્મગ્રંથોની તુલના કરીને અંતિમ વાચનાઓ તૈયાર કરવામાં આવી હતી. આજે પણ ભારતભરમાં શ્વેતાંબર જૈનો દેવર્ધિગણિ દ્વારા તુલનાત્મક રીતે તૈયાર કરાયેલી જૈન ધર્મગ્રંથોની વાચનાઓને અનુસરે છે.

ઈ. સ. ૪૫૪ અથવા ૪૬૭માં ધ્રુવસેન રાજાને પોતાના પુત્ર વીરસેનના મરણથી થયેલો શોક શમાવવા માટે આનંદપુરમાં સભા સમક્ષ 'કલ્પસૂત્ર' વાંચવામાં આવ્યું હતું એવા ઉલ્લેખ 'કલ્પસૂત્ર'ની વિવિધ ટીકાઓમાં છે. વલભી કાળમાં જૈન ધર્મને જે રાજ્યાશ્રય મળતો હતો તેનું સબળ પ્રમાણ આ ઉલ્લેખથી મળી રહે છે.

જે વલભીનગરમાં સમગ્ર જૈન આગમની સંકલના થાય તથા એ આગમો લિપિબદ્ધ થાય ત્યાં અનેક જૈન મંદિરો અને ઉપાશ્રયો હોય એ સ્વાભાવિક છે. એ સંકલના પછી આશરે દોઢ સૈકા બાદ ઈ. સ. ૬૦૯ આસપાસ આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો મહાગ્રંથ 'વિશેષાવશ્યક ભાષ્ય' વલભીમાં એક જિનભવનમાં રચાયો હતો એ અત્યંત નોંધપાત્ર ઘટના છે. શત્રુંજય અને ગિરનાર તો પ્રસિદ્ધ જૈન તીર્થ હતાં, પણ એ ઉપરાંત સ્તંભનક (થામણા), ભરુકચ્છ, મોઢેરા, વઢવાણ, તારણ (તારંગા), સિંહપુર (સિહોર), દ્વારવતી (દ્વારકા), શંખપુર (શંખેશ્વર), સ્તંભતીર્થ–ખંભાત, ખેટક–ખેડા, વાયડ આદિ નાનાં મોટાં તીર્થ હતાં એમ વિવિધ ગ્રંથોમાં નોંધાયેલી અનુશ્રુતિઓ ઉપરથી જણાય છે.

વલભીની વિદ્યાપીઠમાં જેમ દૂર દેશાવરથી જિજ્ઞાસુઓ વિદ્યાભ્યાસ માટે આવતા તેમ દૂરના પ્રદેશમાંથી ખાસ કરીને જૈન યાત્રાળુઓ ગુજરાતના જૈન તીર્થોની યાત્રાએ આવતા. અજિત અને રત્ન નામે બે કાશ્મીરવાસી શ્રેષ્ઠીઓ ઈ. સ. ૫૫૩ આસપાસ ગિરનાર તીર્થની યાત્રાએ આવ્યા હતા. ત્યાં શ્રી નેમિનાથની લેપ્યમય મૂર્તિને ઓગળી જતી જોઈ એમણે બીજી પાષાણમય મૂર્તિની ત્યાં પ્રતિષ્ઠા કરાવી હતી. સમુદ્રસૂરિના શિષ્ય માનદેવસૂરિએ ગિરનાર ઉપર તપશ્ચર્યા કરીને અસ્વાસ્થ્યને કારણે ભુલાઈ ગયેલો સૂરિમંત્ર પુનઃ પ્રાપ્ત કર્યો હતો.

અનેક પ્રભાવક જૈન આચાર્ય આ કાળમાં થઈ ગયા. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'વિશેષાવશ્યક ભાષ્ય' ઉપર વૃત્તિ લખનાર કોટ્યાચાર્યને 'પ્રભાવકચરિત'ના કર્તા પ્રભાચંદ્રસૂરિએ 'આચારાંગસૂત્ર' અને 'સૂત્રકૃતાંગ સૂત્ર' ઉપર સંસ્કૃત ટીકાઓ લખનાર શીલાંક કે શીલાચાર્યથી અભિન્ન ગણ્યા છે. અણહિલવાડ પાટણના સ્થાપક વનરાજ ચાવડાના ગુરુ શીલગુણસૂરિ તે આ જ એવો એક પ્રબળ અભિપ્રાય છે. આગમસૂત્રો ઉપર પ્રાકૃતચૂર્ણિઓ રચનાર જિનદાસગણિ મહત્તર, સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ, 'આચારાંગ સૂત્ર'ના 'શાસ્ત્રપરિજ્ઞા' અધ્યયનના વિવરણ રૂપે રચાયેલી પણ સૈકા થયાં લુપ્ત 'ગોવિંદ નિર્યુક્તિ'ના કર્તા ગોવિંદસૂરિ, હારિલ વાચક, સંસ્કૃત મહાકથા 'ઉપમિતિભવ પ્રપંચકથા'ના કર્તા સિદ્ધર્ષિ, પ્રભાવશાળી રાજમિત્ર આચાર્ય બપ્પભટ્ટિસૂરિ વગેરેને વલભી રાજ્યમાં થયેલા જૈન પ્રતિભાવંતો તરીકે ગણાવી શકાય. ઉદ્દ્યોતનસૂરિ કૃત પ્રાકૃત મહાકથા 'કુવલયમાલા' (ઈ. ૭૭૭)ની પ્રશસ્તિમાં કર્તાના અનેક પૂર્વાચાર્યોના ઉલ્લેખ છે. મૈત્રકકાળ અને અનુમૈત્રકકાળ ગુર્જર દેશમાં જૈન ધર્મના ઉત્કર્ષનો હતો.

જૈન સંપ્રદાયની બે શાખાઓ શ્વેતાંબર અને દિગંબર વચ્ચે સ્પર્ધા અને કલહના પણ ઉલ્લેખ મળે છે. બપ્પભટ્ટિસૂરિએ દિગંબરોના કબજામાંથી ગિરનારતીર્થ છોડાવ્યું હતું. બપ્પભટ્ટસૂરિના ગુરુબંધુઓ નન્નસૂરિ અને ગોવિંદસૂરિ ગુર્જર-પ્રતિહાર રાજા મિહિરભોજના પરિચયમાં હતા. નન્નસૂરિએ ભરત ચક્રવર્તીનું જીવન નિરૂપતું એક સંસ્કૃત નાટક તૈયાર કર્યું હતું અને ગોવિંદસૂરિની સહાયથી રાજા (નાગાવલોક અથવા નાગભટ રાજા) સમક્ષ એ ભજવાયું હતું.

દિગંબર સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા પછીના સમયની તુલનાએ વલભી રાજ્યના સમયમાં મોટી હતી એવું એક અનુમાન છે. દિગંબર સંપ્રદાયનું એક મુખ્ય કેન્દ્ર વઢવાણ હતું. દિગંબર સાહિત્યની પ્રાચીનતમ સંસ્કૃત રચનાઓ પૈકી બે–જિનસેનકૃત 'હરિવંશપુરાણ' (ઈ. ૭૮૩) અને હરિષેણ કૃત 'બૃહત્કથાકોશ'

(ઈ. સ. ૯૩૧-૩૨)–વઢવાણમાં રચાયેલી છે. જિનસેન અને હરિષેણ બંને પુન્નાટ સંઘના આચાર્ય હતા. કર્ણાટક અંતર્ગત પુન્નાટનો એક દિગંબર સાધુ સમુદાય સૌરાષ્ટ્રમાં આવીને, ખાસ કરીને વઢવાણ આસપાસના પ્રદેશમાં, સ્થિર થયો હતો અને પોતાના મૂળ સ્થાન ઉપરથી પુન્નાટ સંઘ તરીકે ઓળખાતો હતો. 'ભદ્રબાહુ ચરિત' અનુસાર, કરહટ (કરાડ?)ના રાજાએ ઈ. સ. ૯૦૦ આસપાસ વલભીના વિદ્વાન શ્વેતાંબર સાધુઓને પોતાની રાણી નૂકુલદેવીની વિનંતીથી નિમંત્ર્યા હતા.

ખરેખર તો ઈ. સ.ના આઠમા સૈકાના અંત ભાગમાં વલભીનો ભંગ થયા પછીની આ ઘટના ગણાય, પણ વલભીનું મહત્ત્વ કંઈ એકાએક નાશ પામ્યું નહિ હોય અને અનુ-મૈત્રક કાળમાં પણ ત્યાંની ધાર્મિક સાંસ્કારિક પ્રવૃત્તિઓ ઓછાવત્તા પ્રમાણમાં ચાલુ રહી હશે. વળી એક તરફ ગુજરાત અને બીજી તરફ મહારાષ્ટ્ર તેમજ કર્ણાટક વચ્ચે રાજકીય ઉપરાંત જે સાંસ્કારિક સંપર્ક ચાલુ રહ્યો હતો તે પરત્વે પણ આ વિગતોથી નિર્દેશો મળે છે.

શ્વેતાંબર સંઘના ધનેશ્વરસૂરિએ વલભીના રાજવી શિલાદિત્યને જૈન ધર્મ પ્રબોધ્યો હતો અને તે રાજાની વિનંતીથી 'શત્રુંજય મહાત્મ્ય'ની રચના કરી હતી. એક એવો સંદર્ભ મળે છે કે વર્ધમાન સૂરિના સમયના જૈન સંઘના પ્રસિદ્ધ ચિંતાયકે વલભીના નાશની આગમવાણી ઉચ્ચારી હતી. જૈન મંદિરોની મૂર્તિઓ તેમના આદેશ મુજબ તે હેતુ માટે ખાસ કામમાં જોડેલાં ૧૮,૦૦૦ બળદ ગાડામાં અન્ય ધર્મસ્થાનોએ લઈ જવાઈ હતી. ચંદ્રપ્રભની મૂર્તિ અંબા અને ક્ષેત્રપાલની મૂર્તિ સાથે શિવપત્તન-દેવપત્તન (પ્રભાસ પાટણ) ગઈ. હાલ પ્રભાસમાં ચંદ્રપ્રભુ સ્વામીનું દેરાસર છે ને એમાંની મૂર્તિ વલભીથી આવેલી અને નંદિવર્ધને કરાવેલી એવો એના પર લેખ કોતરેલો છે. વર્ધમાન મહાવીરની પ્રતિમા શ્રીમાલપુર ગઈ. શ્રીમાલ (ભીનમાલ)માં જૈન દેરાસરો છે. આદિદેવ-ઋષભદેવની પ્રતિમા કાશહ્રદ (કાસિંદ્રા) ગઈ, પાર્શ્વનાથની પ્રતિમા હારીજ ગઈ, વલભીનાથની પ્રતિમા શત્રુંજય પહોંચી. વલભીનાથ એ વલભીના નગરપાલક યક્ષ હશે. વલભીભંગની આગાહી થતાં ત્યાંના જૈન સંઘે સ્થળાંતર કરી મોઢેરામાં વાસ કર્યો.

વલભીભંગ અંગે રંક કાકુ, ધૂંધળીમલ્લ વગેરે અનુશ્રુતિઓ મળે છે. તેનો સાર એટલો જ કે આઠમી સદીના અંતે આરબોએ વલભી પર આક્રમણ કર્યું અને તેમાં મોટા પાયે વિનાશ વેર્યો. તે પછી વલભીની પડતી દશા થઈ.

બૌદ્ધો અને જૈનો વચ્ચેના ધર્મચર્ચાના વિવાદની એક અનુશ્રુતિ મળે છે જે રસપ્રદ છે અને તેમાં કેટલુંક તથ્ય હોવાનો સંભવ છે. એક વખત શ્વેતાંબર જૈનો અને બૌદ્ધો વચ્ચે વલભીમાં શિલાદિત્ય રાજા સમક્ષ ભારે વિવાદ થયો. એમાં શરત એવી હતી કે જે હારે તેણે આ દેશ છોડી ચાલ્યા જવું. શ્વેતાંબર જૈનોનો પરાજય થતાં બૌદ્ધોએ તો જૈનોનું શત્રુંજય તીર્થ પણ કબજે કરી લીધું. આદિનાથ તીર્થંકરને તેઓ બુદ્ધ રૂપે પૂજવા લાગ્યા. શિલાદિત્ય રાજાનો એક ભાણેજ મલ્લ નામે હતો. તેણે પરાજયનું વેર લેવાનો નિર્ણય કર્યો. આ ક્ષત્રિય બૌદ્ધો પાસે ભણીને મહાવિદ્વાન થયો. સરસ્વતી દેવીની સાધના કરી વરદાન લીધું. તેણે વલભીના રાજા પાસે રજૂઆત કરીને બૌદ્ધોને વાદ માટે લલકાર્યા. ફરીથી વાદ માટે પહેલાંની જેવી જ શરત કરવામાં આવી હતી. વાદમાં મલ્લ સાધુનો વિજય થયો. તેથી બૌદ્ધોને દેશ છોડી ચાલ્યા જવું પડ્યું. જૈન સાધુઓ જે ચાલ્યા ગયેલા તે ફરીથી આવીને પહેલાંની જેમ સ્થિર થયા. બૌદ્ધોને જીતવાથી મલ્લ 'વાદી' તરીકે એમને પ્રસિદ્ધ થયા. ગુરુએ એમને સૂરિપદ આપ્યું. તેમણે નયચક્ર ના પ્રાચીન ગ્રંથ પરથી દ્વાદશાર નયચક્ર નામે વિસ્તૃત ગ્રંથ લખ્યો. તેઓ નયવાદ અને સ્યાદ્‌વાદનું સમર્થન કરીને વિખ્યાત થયા.

મૈત્રકોએ ઈ. સ. ૪૭૦માં વલભીને પોતાની રાજધાની બનાવેલી. પરંતુ આ નગરીની વિદ્યાપીઠે ઈસુની પહેલી સદી આસપાસ વિદ્યાકીય ઉત્કૃષ્ટતાના શિખરો સર કરી લીધાં હતાં. તે સાથે દેશમાં ઉચ્ચતમ અભ્યાસ, આધ્યાત્મિક ચર્ચા-વિચારણાઓ અને સંસ્કાર ઘડતર માટેની જરૂરિયાતો પૂરી પાડવાના મહત્તમ પ્રયાસો કર્યા હતા.

વર્તમાન સમય સંદર્ભની વાત કરીએ તો પ્રાચીન વિદ્યાધ્યયનની પરંપરાઓને આજના યુગને અનુરૂપ રીતે પુનર્જીવિત કરવાનો આ બહુ જ પરિપક્વ અને ઉચિત સમય છે. ભારત જ્યારે આર્થિક વિકાસના ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે તેને યોગ્ય સંસ્કાર ઘડતરની પણ, સમતોલતાની ગરજે, તાતી જરૂર છે. **જો સંસ્કારના આંતર પ્રવાહોનો ટેકો ન હોય તો આર્થિક વિકાસ લંગડાતો ચાલશે અને ક્યાંક વિરમી પણ જશે.** અથવા આડા માર્ગે વળી જશે જેની વિધ્વંસક અસરનો કોઈને ખ્યાલ પણ નહિ આવે. **વલભી જેવા પુરાતન વિદ્યાધામોને પુનર્જીવિત કરવાની દેશના વ્યાપક હિત ખાતર જરૂર છે. જો યોગ્ય પ્રયાસો થાય તો વલભીની ભૂમિ ભારતનું એક સાંસ્કૃતિક 'પાવર હાઉસ' બની શકે તેમ છે.**

થોડાં વરસ પહેલાં નાલંદા વિદ્યાપીઠને તેના પુરાતન ગૌરવ સાથે પુનર્જીવિત કરવા માટેનો આવો પ્રયાસ બિહાર રાજ્યના પુરુષાર્થોના માધ્યમથી આરંભાયો હતો. સંબંધિત સૌનો બહોળો સહકાર મળતાં થોડાં વરસોમાં તેના આંખ ઉઘાડનારા પરિણામો આવ્યા છે. દૂર પૂર્વના દેશોની ધનસંપત્તિ અને વિદ્યાકીય સહયોગ મળતાં નાલંદાની આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી ફરી ધમધમવા લાગી છે. જો નાલંદામાં આ બની શક્યું તો વલભીમાં કેમ ન બની શકે? આપણે ત્યાં શું ખૂટે છે?

ગુજરાતની સાંસ્કૃતિક અસ્મિતા ગમે ત્યારે ઊંચી છલાંગ મારી શકે તેવી તાકાત ધરાવે છે. ગુજરાતની રાજ્ય સત્તાઓ, શ્રેષ્ઠીઓ અને વિદ્યાવંતોએ અનેક વખત પોતાનું હીર બતાવ્યું છે. કસોટી થાય છે ત્યારે તેની અંદરની ઠંડી તાકાત બહાર આવે છે. **ગુજરાતના સ્વર્ણિમ સંકલ્પોને મૂર્ત રૂપ આપવાનો હવે સમય આવ્યો છે.** ગુજરાતના ભૌતિક વિકાસના હાથ ધરાઈ રહેલા અનેક પ્રકલ્પો અને પુરુષાર્થોના પાયામાં વલભી વિદ્યાપીઠના પુનર્વિધાન દ્વારા બળ પૂરી શકાય તેમ છે, અમી સિંચન કરી શકાય તેવી પરિસ્થિતિ પ્રવર્તે છે.

સૌરાષ્ટ્ર, ગુજરાત અને માળવાના કેટલાક ભાગને વ્યાપતા વલભી રાજ્યના સુવર્ણકાળે વલભી વિદ્યાપીઠે શોભા આપી હતી અને સાંસ્કૃતિક બળ પૂરું પાડ્યું હતું. વલભી વિદ્યાપીઠનું નવજાગરણ એ જ ભૂમિકા આજે પણ સુપેરે ભજવી શકે તેમ છે. જરૂર છે ગુજરાતમાં, દેશમાં અને વિવિધ દેશોમાં વસતા હિતેચ્છુ ગુજરાતીઓની જાગતિક ચેતનાની, તેમના સહયોગ અને સામેલગીરીની. અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈથી માંડીને અનેક સ્થળે વસતા શ્રેષ્ઠીઓએ આ શુભ કાર્યમાં સક્રિય થવા જેવું છે.

વલભી ગુજરાતની સંસ્કારનગરી હતી તેમ એ જ વિસ્તારમાં વિકસેલા ભાવનગરે સદીઓ પછી ગુજરાતના સંસ્કારધામ તરીકે પ્રતિષ્ઠા મેળવી છે. એટલે અહીં જો વિદ્યાકીય પુરુષાર્થો માટે કમર કસવામાં આવે તો સંસ્કારભૂમિ તરીકેની ફળદ્રુપતા કામયાબ નીવડી શકે તેમ છે. તે માટેના અનેક વિકાસબિંદુઓ નિર્દેશી શકાય તેમ છે.

વલભીના ઈતિહાસ આસપાસ બૌદ્ધ ધર્મનું તેજ વર્તુળ ઝળકી રહ્યું છે. એટલે દૂરપૂર્વના બૌદ્ધ ધર્મ સાથે સંકળાયેલા જપાન, થાઈલેન્ડ, લાઓસ, કંબોડિયા વગેરે દેશોને અહીં બૌદ્ધ ધર્મતત્ત્વના વિદ્યાભ્યાસ સહિતની આધુનિક વિદ્યાઓ શિખવનારી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી ઊભી કરવા આમંત્રી શકાય તેમ છે. તેવા પ્રયાસો વાસ્તવમાં ચાલી પણ રહ્યા છે. એવા દેશો દ્વારા નાલંદા માટે ૮૦૦ કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કરી શકાયું હતું. તેવો સંભવ વલભી માટે પણ દેખાઈ રહ્યો છે. આપણે ત્યાંથી જે ભંડોળ થાય તેનાથી બમણું કે વધારે વિદેશમાંથી આવી શકે તેમ છે. જપાનની એક યુનિવર્સિટીને આવા વિદ્યાકીય પુરુષાર્થમાં સાથીદાર બનાવી શકાય તેમ છે.

વલભીમાં જૈન ધર્મ સંબંધિત પુરુષાર્થો પણ ઇતિહાસમાં નોંધાયેલા છે. તેને અનુસરીને જૈન ધર્મતત્ત્વના અભ્યાસ સાથેની વિદ્યાકીય દિશાઓ પુનઃ ખોલી શકાય તેમ છે. તે માટે જૈન મુનિઓના આશીર્વાદ મળે, શ્રેષ્ઠીઓ રસ લેતા થાય અને અભ્યાસીઓ દિશાસૂચન કરે તે અપેક્ષિત છે. વલભીપુર વિસ્તાર આજે આર્થિક રીતે સંપન્ન ન દેખાય પરંતુ તેના મૂળ વતનીઓ અનેક સ્થળે વ્યવસાય વગેરેમાં કાર્યરત છે. તેમણે પણ વલભીના વિદ્યાકીય નવવિધાનમાં ધ્યાન આપવું જરૂરી બને છે, તેમની તે જવાબદારી છે. જે સ્થળે આજે કૉલેજ પણ નથી ત્યાં આંતરરાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટીનું નિર્માણ થાય તેવી વાસ્તવિક સંભાવનાઓ ઊભી થઈ રહી છે. વિસ્તારના અગ્રણીઓનો ક્રમે ક્રમે સંપર્ક સધાઈ રહ્યો છે. ગુજરાત રાજ્ય વિધાનસભાના સદસ્ય રહી ચૂકેલા વલભીપુરના પૂર્વ રાજવી ઠાકોર સાહેબ પ્રવીણચંદ્રસિંહજી ગોહિલની સલાહ માંગવામાં આવી છે.

(દાદાબાપુ તરીકે ઓળખાતા ઠાકોર સાહેબ જ્યારે વલભીપુર-વળા મતવિસ્તારના ધારાસભાના ઉમેદવાર તરીકે ચૂંટણી લડેલા ત્યારની રાજરખાવટની અનેક વાતો લોકો યાદ કરે છે. પાળિયાદ-બોટાદના જૈન ગૃહસ્થ કાંતિલાલ શાહ કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેમના પ્રતિસ્પર્ધી હતા. પણ વલભીપુરમાં જમવાનું તેમણે દાદાબાપુના દરબારગઢના રસોડે જ. દાદાબાપુ હાજર ન હોય તો રાણી સાહેબ તેમને બોલાવી લઈને જમવા બેસાડે. ચૂંટણીનું પરિણામ આવ્યે દાદાબાપુનું વિજય સરઘસ કેટલોક સમય અટકાવી રખાયેલું. હારેલા ઉમેદવાર કાન્તિલાલ શાહ તેમાં જોડાયા ત્યારે જ તે ચાલતું થયેલું.

રણજી ટ્રોફીના ક્રિકેટ ખેલાડી અને વોલીબોલના રાષ્ટ્ર કક્ષાના રમતવીર દાદાબાપુનો સંબંધ સૂર્યવંશી ગોહિલ રાજવંશ ભાવનગરના રાજ્યકુટુંબ સાથે સંકળાયેલો છે. ઉદયપુર-મેવાડના સૂર્યવંશી રાજવંશની ૨૪ શાખાઓમાં સિસોદિયા શાખાનો ક્રમ બીજો આવે છે અને ગેહલોત-ગોહિલોની શાખા પહેલા ક્રમે લેખાય છે. પ્રસંગવશાત દાદાબાપુ ઉદયપુર ગયેલા ત્યારે અજાણ્યાને મુલાકાત ન આપનાર ઉદયપુરના મહારાણા પોતાના રાજમહેલના બાવન પગથિયાં ઊતરીને જાતે સત્કાર કરવા ગયેલા! કેમકે ઉદયપુરના સિસોદિયા મહારાણાઓ ગોહિલ રાજવંશીને પોતાના મોટાભાઈ તરીકે માન આપે છે.)

ગુજરાત રાજ્યના માજી પર્યાવરણમંત્રી અને હાલ જે. ડી. યુ. ગુજરાતના પ્રમુખ પ્રવીણસિંહજી જાડેજાએ જાતે રસ લઈ વિગતો મેળવી કે બિહારની સરકારે નાલંદા યુનિવર્સિટીની સ્થાપના માટે કેવા પ્રયત્નો કર્યા હતા. તે સાથે તેમણે વિદેશ સાથેના સંબંધો સ્થાપિત કરી જપાનના દાતાઓ અને યુનવર્સિટીઓને વલભીમાં યુનિવર્સિટી ઊભી કરવા રસ લેતા કર્યા. ભાવનગરની શામળદાસ કૉલેજના પૂર્વ આચાર્ય અને ગુજરાત સ્ટેટ સ્કૂલ ટેકસ્ટ બુક બોર્ડના માજી ચેરમેન ડૉ. ગંભીરસિંહ ગોહિલે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી વગેરે ભાષાઓના સંદર્ભો અને સંશોધનોમાંથી વલભી વિદ્યાપીઠની વિગતો એકત્ર કરી અંગ્રેજીમાં અભ્યાસનોંધ તૈયાર કરી જે જપાન મોકલી શકાઈ હતી. વલભીના ઇતિહાસ અને પુરાતત્ત્વ માટે જે સંશોધન થયું છે તેને આગળ લઈ જવાનું જરૂરી છે. સ્થળ ઉપરના ખોદકામ સહિતનું વિશેષ સંશોધન ઉપયોગી અને પ્રોત્સાહક નીવડે તેમ છે. નવા ભવનોનું નિર્માણ થાય અને વચ્ચે વચ્ચે રહેલાં પુરાતન ચેતના સ્થાનોનું તેની સાથે સંયોજન રચાય તે સ્થિતિ પ્રેરક નીવડી શકે.

વલભીપુર તાલુકા વિસ્તારના વતની મુંબઈ સ્થિત અગ્રણી હીરા ઉદ્યોગપતિ ગગજીભાઈ સુતરિયા બહારના દાતાઓનો સંપર્ક સાધશે. વલભીપુરમાં સક્રિય શિક્ષણકાર અજીતસિંહ સોલંકીએ સ્થાનિક સંપર્કોની વ્યવસ્થા ઉપાડી લીધી છે.

વલભીનો ભૂતકાળ ઉજ્જવળ હતો. ભવિષ્ય એથી પણ વધુ ઉજ્જવળ બનાવવાની જવાબદારી, ગુજરાત સરકારે, કેન્દ્ર સરકારે અને આપણે ઉપાડવાની છે. પુણ્ય કાર્યોના પરિણામો વહેલાં કે મોડાં આવે, પણ તે ક્યારેય નિષ્ફળ જતાં નથી. એક વાર આરંભ કર્યા પછી તેને વળગી રહેવું તે વધુ મોટું પુણ્ય બની રહેતું હોય છે. ✷ ✷ ✷

ડી-૧૪૦, કાળવીબીડ, ભાવનગર-૩૬૪૦૦૨.
ફોન નં. :(૦૨૭૮) ૨૫૬૯૮૯૮ email: gambhirsinhji@yahoo.com

મન સંબંધી સર્વદર્શનોની વિચારણા

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

[વિદ્વાન લેખક જૈન ધર્મના ઊંડા અભ્યાસી, વક્તા અને જૈન ધર્મ વિષયક ગ્રંથોના કર્તા છે. વરસો સુધી અમેરિકામાં વસવાટ કરી વર્તમાનમાં અમદાવાદમાં સ્થાયી થઈ વિશ્વભરમાં જૈન જ્ઞાન સાહિત્યનો પ્રચાર કરી રહ્યા છે.]

મન કોને કહેવાય, મન શું કરે છે, મન કેવું હોય, શરીરમાં ક્યાં હોય વગેરે પ્રશ્નોથી જિજ્ઞાસુ વર્ગ ઘણી વખત મૂંઝાય છે. વ્યક્તિ મગજથી વિચારે છે કે હૃદયથી વિચારે છે કે મનથી વિચારે કે આત્માથી વિચારે છે. આવા પ્રશ્નોના સમાધાન પ્રસ્તુત લેખથી જાણવા મળશે. આંખથી જોવાય છે, કાનથી સંભળાય છે. નાકથી સૂંઘાય છે, જીભથી બોલાય છે, સ્વાદ જણાય છે, ચામડીથી સ્પર્શ થાય છે વગેરે ઈન્દ્રિયોના જ્ઞાન સંબંધી કોઈને મૂંઝવણ કે શંકા નથી, કારણ કે તે તે ઈન્દ્રિયો શરીર ઉપર દેખાય છે, દરેકનું સ્થાન નિશ્ચિત છે. પણ મનથી વિચારીએ છીએ એવો અર્થ પણ તારવીએ તો મન શરીરમાં ક્યાં આવેલું છે એની સ્પષ્ટતા નથી. મગજના જ્ઞાનતંતુઓથી મગજ વિચારે છે કે હૃદયથી લાગણી વ્યક્ત કરી હૃદય વિચારે છે કે શરીરના તમામ ભાગોમાં વહેંચાયેલું મન વિચારે છે વગેરે પ્રશ્નોનું નિરાકરણ સ્પષ્ટ કરવા આ લેખમાં જુદા જુદા દર્શનકારો, જુદા જુદા ધર્મોએ કે ધર્મશાસ્ત્રોએ શું મંતવ્યો રજૂ કર્યા છે તેનો અભ્યાસ રસપ્રદ નીવડશે.

સામાન્ય અનુભવ એવો છે કે વ્યક્તિના સંકલ્પો, ઈચ્છાઓ, રાગ-દ્વેષની લાગણીઓ, ચિત્તની વૃત્તિઓ વગેરેનો વિષય વ્યક્તિના મનનો છે. મન દ્વારા અનુભવાય છે, વ્યક્ત થાય છે.

પહેલો પ્રશ્ન એ છે કે મન ભૌતિક પદાર્થ છે કે ચૈતન્ય પદાર્થ છે. બૌદ્ધ દર્શન મનને ચેતન તત્ત્વ માને છે. ગીતા સાંખ્ય દર્શન – વેદાંત દર્શન વગેરે મનને જડ સમજે છે અને પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ મન ત્રિગુણાત્મક માને છે. જૈનદર્શન મનને ભૌતિક અને ચૈતન્ય બંને માને છે. યોગ-વશિષ્ટમાં મનને જડ કહેલ છે. જડ પથ્થરની જેમ મનની ગતિ પરાવલંબિત–બીજાના આધારે થતી માને છે.

જૈન દર્શન ભૌતિક રુપે દ્રવ્યમન અને ચૈતન્યરુપે ભાવમન એમ બે પ્રકારે માને છે. ચૌદે રાજલોકમાં જુદા જુદા પ્રકારની જુદી જુદી સંખ્યાના આધારે નામ ધરાવતી સ્થૂળ–સૂક્ષ્મ વર્ગણાનો સમૂહ ૮ જીવને ગ્રહણ કરવા યોગ્ય અને ૮ જીવને અગ્રહણ યોગ્ય એવી ૧૬ વર્ગણાઓથી ભરેલો માને છે. આમાં મનોવર્ગણાઓને જીવ ગ્રહણ કરી દ્રવ્યમન બનાવે છે જે જડ પરમાણુઓનું બનેલ હોવાથી ભૌતિકરુપે દ્રવ્યમન કહેવાય છે. આમ આગંતુક પરમાણુઓથી બનેલ મન શરીરની સંવેદના અનુભવતા તમામ ભાગોમાં ફેલાયેલું હોય છે જેના દ્વારા આત્મા જ્ઞાન, સંકલ્પ, વેદના, સંવેદના અનુભવે છે, જે અનુભવ ચૈતન્યમય ભાવમન કહેવાય છે.

જેમ શરીરમાં આંખ, કાન, નાક, જીભ વગેરે શરીરની રચનાનો જડ ભાગ હાડ-ચામ-માંસથી બનેલો છે તે દ્રવ્ય ઈન્દ્રિયો કહેવાય છે અને તેનાથી અનુભવાતી સંવેદના દૃશ્ય-શ્રાવ્ય-ઘ્રાણ-સ્વર વગેરે ભાવ ઈન્દ્રિયો કહેવાય છે તેમ શરીરની આસપાસની મનોવર્ગણા–જડ પરમાણુઓનો સમૂહ આત્મા ગ્રહણ કરી વિચારણા કે સંવેદનાના અનુભવ માટે મન નામની જડ ઈન્દ્રિય બનાવે છે જે દ્રવ્યમન કહેવાય છે અને સંવેદનાનો અનુભવ ભાવમન કહેવાય છે અને તેથી શરીરના આત્મ પ્રદેશના–જે જે ભાગોમાં સંવેદનાનો અનુભવ થાય છે ત્યાં મનની હાજરી મનાય છે.

જુદા જુદા દર્શનકારો મનનું સ્થાન અલગ અલગ દૃષ્ટિકોણથી વર્ણવે છે. જૈન દિગમ્બર પરંપરામાં ગોમ્મટસારમાં જીવકાંડમાં દ્રવ્યમનનું સ્થાન હૃદયમાં માને છે જ્યારે શ્વેતામ્બર પરંપરામાં મનનું સ્થાન કોઈ નિશ્ચિત જગ્યાએ માનતું નથી. પં. સુખલાલજીનું માનવું છે કે શ્વેતામ્બર પરંપરામાં સમગ્ર શરીર દ્રવ્યમનનું સ્થાન યોગ્ય લાગે છે, અને ભાવમન આત્મામાં રહેલું છે કારણ કે આત્માના તમામ પ્રદેશો સમગ્ર શરીરમાં વ્યાપ્ત છે, અને તેથી ભાવમનનું સ્થાન પણ સમગ્ર શરીરમાં માનવું યોગ્ય છે.

બૌદ્ધ દર્શન મનનું સ્થાન હૃદયસ્પર્શી માને છે, જે દિગમ્બર માન્યતા મુજબ છે. જ્યારે સાંખ્ય દર્શનનો મત જૈન શ્વેતામ્બરના મત જેવો છે, કારણ કે સાંખ્ય દર્શન માને છે કે મન સૂક્ષ્મ અથવા લિંગ શરીરમાં જે ૧૮ તત્ત્વોનો સમૂહ છે, સમાવેશ છે તેમાં છે અને સૂક્ષ્મ શરીર સમસ્ત શરીરમાં વ્યાપ્ત હોવાથી સાંખ્ય દર્શનનો મત સર્વ સ્થૂળ શરીરમાં મનની સંભાવના સ્વીકારે છે.

આવી મુશ્કેલી વેદાંતના અદ્વૈતવાદ કે બૌદ્ધ દર્શનના વિજ્ઞાનવાદ કે શૂન્યવાદ કે બીજા નિરપેક્ષ દર્શનોમાં જોવા મળતી નથી. સાંખ્ય દર્શન આત્માને કૂટસ્થ નિત્ય માને છે એટલે તેમાં પણ પુરુષ અને પ્રકૃતિના સંબંધમાં આવી મુશ્કેલી નથી જોવા મળતી. એટલે આ બધા દર્શનો એકાંત દૃષ્ટિથી મનને કાં તો જડ અથવા કાં તો ચેતન માનીને ચલાવી લે છે; પણ જૈન દર્શનમાં જડ કર્મ અને ચેતન આત્માના બંધનનો સ્વીકાર હોવાથી જૈન દર્શનમાં મનને બંને રુપે માનવાની આવશ્યકતા છે જેનાથી દ્રવ્યમન અને ભાવમનની ફોર્મ્યુલા જોવા મળે છે અને તેથી મન એ કર્મ અને આત્માના જોડાણની સાંકળ બને છે.

અર્થાત્ મનની શક્તિ આત્મામાં છે અને તેનું પરિણામ ભૌતિક કે આધ્યાત્મિક છે. જડકર્મનું આત્મા સાથેનું બંધન છે. અને આ રીતે મન બંને ઉપર જડ કર્મ અને ચેતન આત્મા ઉપર પોતાનો

પ્રભાવ પાડે છે. જ્યાં સુધી મન સાંકળ રુપે માધ્યમ રુપે હયાત છે ત્યાં સુધી આત્મા અને કર્મ બંધનની અસરો ચાલુ રહેશે અને મુક્તિની પ્રાપ્તિ માટે આ બંનેની સાંકળ મનને તોડવા મનની શક્તિનો હ્રાસ કરવો પડશે અને અંતમાં મનની શક્તિનો વિનાશ થશે ત્યારે આત્મા નિર્વાણ પામશે, બંધનમાંથી સંપૂર્ણ મુક્તિ મેળવશે.

આ ચર્ચાનું એક તારણ તમામ દર્શનકારો, જૈન-બૌદ્ધ અને હિંદુ દર્શનકારોએ સ્વીકાર્યું છે કે મન બંધન અને મુક્તિનું કારણ છે.

જૈન દર્શનમાં તો મનની અમાપ શક્તિનું વર્ણન વિસ્તારથી કરવામાં આવેલું જોવા મળે છે તે ત્યાં સુધી કે મન દ્વારા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મોહનીય કર્મબંધની સ્થિતિ આત્મા ૭૦ કોડાકોડી સાગરોપમથી બાંધી શકે છે. એટલે મનની તાકાત આત્માની ભયંકર દુર્દશા કરવાની છે. એટલે મન સહિતના પ્રાણીઓ જ સમ્યગ્ દૃષ્ટિ કેળવી સાધન માર્ગની નજીક જવાના અધિકારી છે. અસંજ્ઞી પ્રાણીઓ મન વિનાના જીવોનો મોક્ષ શક્ય નથી. કષાયોના આવેગો દુર્ધ્યાનના ભાવો ઉપર સંયમ કેળવી મનોયોગ દ્વારા પ્રચંડ શુભ-શુદ્ધ અધ્યવસાયો દ્વારા આત્મા કર્મબંધનમાંથી મુક્તિ મેળવે છે.

બૌદ્ધ દર્શનમાં જણાવ્યા પ્રમાણે પણ મનના પર્યાયવાચક શબ્દો ચિત્ત, વિજ્ઞપ્તિ દ્વારા થતી પ્રવૃત્તિઓ સદોષ મનથી થાય તો તેના પરિણામો પણ જીવને ભોગવવા પડે છે અને શુદ્ધ મનથી ચિત્તથી પ્રવૃત્તિઓ કરે તો સુખનો અનુભવ થાય છે. અર્થાત્ મહાયાન સંપ્રદાયમાં લંકાવતાર સૂત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે ચિત્તથી પ્રવૃત્તિ થાય છે અને ચિત્તથી વિમુક્તિ થાય છે. વેદાંત પરંપરામાં પણ મનને જ બંધન અને મુક્તિનું કારણ કહ્યું છે. ગીતામાં ઉલ્લેખ છે કે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ વાસનાનું ઘર છે અને જીવના જ્ઞાનને આ વાસના મોહિત કરીને બંધનમાં નાંખે છે. જેનું મન વાસના રહિત પ્રશાંત છે, નિર્મળ છે તેના મનના આવેશો શાંત થઈ જાય છે અને તે યોગી ઉત્તમ આનંદને પ્રાપ્ત કરે છે. આચાર્ય શંકર પણ કહે છે કે મનથી બંધન અને મોક્ષની કલ્પના થઈ શકે છે. દેહાધ્યાસમાં લાગેલું મન રાગ કરી બંધનમાં પડે છે અને વિષયરસોમાંથી વિરક્તિ મોક્ષનું કારણ બને છે. રજોગુણથી મન મલિન થાય છે અને રજોગુણ તમોગુણથી રહિત બનેલ મન મોક્ષનું કારણ બને છે. સારાંશમાં ત્રણ દર્શનો એક વાત સ્વીકારે છે કે કર્મબંધનું મુખ્ય કારણ અવિદ્યા–મોહ છે અને અવિદ્યાનું સ્થાન મન છે.

જૈન દર્શનમાં અસન્ની જીવો મન વિનાના જીવોને પણ દ્રવ્યમન ન હોવા છતાં ભાવમનની સત્તા સ્વીકારેલ હોવાથી અવિદ્યાનો વાસ–મોહનું નિવાસ સ્થાન ભાવમનમાં હોવાથી બંધન સ્વીકાર્ય છે. સૂત્ર કૃતાંગમાં ઉલ્લેખ છે કે તર્કશક્તિ, પ્રજ્ઞાશક્તિ, વિવેકશક્તિ વિનાના તમામ મૂઢ જીવો સન્ની કે અસન્ની, સમનસ્ક કે અમનસ્ક જીવો કર્મબંધનમાં ફસાયેલા હોય છે.

જૈન દર્શનમાં મનની ચાર સ્થિતિનું વર્ણન આવે છે (૧) વિક્ષપ્તિ મન (૨) યાતાયાત મન (૩) શ્લિષ્ટ મન (૪) સુલીન મન.

બૌદ્ધ દર્શનમાં પણ (૧) કામાવચર ચિત્ત (૨) રૂપાવચર ચિત્ત (૩) અરૂપાવચર ચિત્ત (૪) લોકોત્તર ચિત્ત એમ મન-ચિત્તના ચાર પ્રકારનું વર્ણન આવે છે.

યોગ દર્શનમાં પાંચ પ્રકારના મનની સ્થિતિની વાત જણાવે છે (૧) ક્ષિપ્ત ચિત્ત (૨) મૂઢ ચિત્ત (૩) વિક્ષિપ્ત ચિત્ત (૪) એકાગ્ર ચિત્ત (૫) નિરુદ્ધ ચિત્ત.

દરેક પ્રકારના મનના અર્થ સમજીને એ પહેલાં ત્રણે દર્શનોમાં બતાવેલા મનના પ્રકારની સરખામણી કરીએ.

જૈન દર્શન	**બૌદ્ધ દર્શન**	**યોગ દર્શન**
વિક્ષિપ્ત	કામાવચર	ક્ષિપ્ત અથવા મૂઢ
યાતાયાત	રુપાવચર	વિક્ષિપ્ત
શ્લિષ્ટ	અરુપાવચર	એકાગ્ર
સુલીન	લોકોત્તર	નિરુદ્ધ

(૧) વિક્ષિપ્ત મન એટલે ચંચળ મન, આમતેમ અનેક વિચાર વમળોમાં ભટકતું મન અને વિચારો પણ ભૌતિક વિચારો બહિર્દશાના વિચારો હોય. આ મનની અસ્થિર અવસ્થા છે. એમાં અનેક સંકલ્પ વિકલ્પો, અનેક પ્રકારના વિચારોની ઉથલપાથલ જોવા મળે. આવા મનવાળા જીવોને શાંતિ ભાગ્યેજ જોવા મળે અને બધી વૃત્તિઓ બહિર્મુખી હોય. બૌદ્ધ દર્શનમાં આવા પ્રકારના મનને કામાવચર ચિત્ત કહે છે જેમાં ઈચ્છાઓ, તૃષ્ણાઓ, આકાંક્ષાઓ વાસનાઓથી ચિત્ત ખળભળતું હોય છે. સાંસારિક ભોગો પાછળ મન દોડતું હોય છે. વિવેકહીન તર્ક વિતર્કો ચાલ્યા જ કરતા હોય છે. આવી જ વાત યોગ દર્શનમાં ક્ષિપ્ત ચિત્ત કે મૂઢ ચિત્તની દશા વર્ણવતાં જણાવે છે કે આ પ્રકારના ચિત્ત રજોગુણથી ભરેલા હોય છે અને એક વિષય ઉપરથી બીજા વિષય ઉપર કૂદકા મારતું હોય છે. મનમાં સ્થિરતા જ નહિ, યોગ માટે અનુકૂળ નહિ તથા મન અને ઈન્દ્રિયો ઉપર અંકુશ નહિ. મૂઢ ચિત્તમાં તમો ગુણ જોવા મળે તેમાં નિદ્રા, આળસ, પ્રમાદ વધુ જોવા મળે અને તે પણ યોગ માટે યોગ્ય નહિ.

(૨) યાતાયાત મનની અવસ્થામાં આંતરિક તથા બાહ્ય વિષયોમાં મન ડોલાયમાન થતું હોય છે. યોગાભ્યાસની પ્રાથમિક અવસ્થામાં હોવાથી બહારના સંસારના વિષયોમાં પૂર્વ સંસ્કારોથી દોડતા મનને પ્રયત્નપૂર્વક આંતરિક ભાવોમાં સ્થિર કરવું પડે છે. થોડો સમય મન સ્થિર રહે પણ તરત પાછું સંસારના વિચારોમાં સંકલ્પ વિકલ્પ કરવા માંડે એટલે જેટલો સમય આંતરવૃત્તિઓમાં સ્થિર રહે તેટલો સમય મન શાંત અને પ્રસન્ન રહે એટલે આંતરબહિર્મુખ દશામાં ચલાયમાન થયા કરે. આની સરખામણી બૌદ્ધ દર્શનમાં વર્ણવેલ મનની અવસ્થા રુપાવચર ચિત્ત સાથે થઈ શકે જેમાં મન તર્ક–વિતર્ક કરતાં કરતાં એકાગ્ર પણ થઈ શકે.

ચિત્તનું આલંબન બહારના સ્થૂળ વિષયો ઉપર જ હોય છે. આ યોગાભ્યાસના ચિત્તની પ્રાથમિક અવસ્થા છે. આ જ અવસ્થાને યોગ દર્શનના વિક્ષિપ્ત ચિત્ત સાથે સરખાવી શકાય. જ્યાં ચિત્તની આંશિક સ્થિરતા હોઈ શકે પણ એક વિષયમાં સ્થિર થયેલું ચિત્ત જલ્દી બીજા વિષયોના વિચારમાં દોડી જાય છે.

(૩) શ્લિષ્ટ મનની અવસ્થા મનની સ્થિરતા દર્શાવે છે. આ અવસ્થામાં મન પ્રશસ્ત વિષયોની વિચારણામાં એકાગ્ર બને છે. જેમ જેમ એકાગ્રતા વધતી જાય તેમ તેમ ચિત્તની શાંતતા અને પ્રસન્નતા વધતી જાય છે, જેમ બૌદ્ધ દર્શનમાં અરુપાવચર ચિત્તની અવસ્થા જે બાહ્ય રુપવાન પદાર્થ ઉપર નહિ પણ સૂક્ષ્મ વિચારણા જેવી કે અનંત આકાશ, અનંત વિજ્ઞાન જેવા ગહન વિષયોમાં સ્થિરતા પામે છે. આજ વાત યોગ દર્શનમાં એકાગ્ર ચિત્ત અવસ્થામાં જણાવેલી છે જેમાં ઘણા લાંબા સમય સુધી ચિત્ત સ્થિર રહે છે જેને ધ્યાનની અવસ્થા કહેવાય છે. યોગનું પહેલું પગથિયું કહી શકાય કારણ કે ચિત્તવૃત્તિઓનો નિરોધ નહિ હોવા છતાં કોઈ એક વિષય ઉપર એકાગ્રતા કે ધ્યાન હોય છે.

(૪) સુલીન મનની અવસ્થામાં સંકલ્પ-વિકલ્પ માનસિક વિચારણાઓનો પ્રવાહ અટકી જાય છે. મનની વિચારશૂન્ય અવસ્થા કહી શકાય. આ અવસ્થામાં બધી ચિત્તવૃત્તિઓ શાંત થઈ જવાથી પરમ આનંદનો અનુભવ થઈ શકે છે. બૌદ્ધ દર્શનમાં લોકોત્તર ચિત્ત અવસ્થામાં વાસના-સંસ્કાર, રાગ-દ્વેષ, મોહનો નાશ થાય છે. આ અવસ્થામાં જીવ છેક નિર્વાણપદ સુધી પહોંચી જાય છે. યોગ દર્શનમાં નિરુદ્ધ ચિત્ત અવસ્થામાં ચિત્તની બધી વૃત્તિઓ શાંત પામે છે, તેના ત્રણ સ્વભાવની સ્વાભાવિક દશામાં શાંતતા અનુભવે છે.

જૈન, બૌદ્ધ અને યોગ દર્શનમાં મનની આ પ્રમાણે જુદા જુદા પ્રકારની અવસ્થાના નામ ભલે અલગ અલગ હોય પણ દરેક અવસ્થાની સમજમાં કોઈ તફાવત નથી, ભેદ નથી.

ટૂંકમાં ચિત્ત વૃત્તિઓ કે વાસનાઓનું વિલિનિકરણ એ જ ઉદ્દેશ્ય ત્રણે દર્શનોમાં જોવા મળે છે. ✷✷✷

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન નં. (૦૭૯) ૨૬૬૦૪૫૯૦.

જૈન સંસ્કૃતિમાં નારી

❑ ડૉ. કલા શાહ

[વિદૂષી લેખિકા મુંબઈ યુનિવર્સિટીની મહર્ષિ દયાનંદ કૉલેજના નિવૃત્ત ગુજરાતી ભાષાના પ્રાધ્યાપિકા છે, પીએચ.ડી. કરનાર વિદ્યાર્થીના માર્ગદર્શક છે. અત્યાર સુધી ૧૯ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ એઓશ્રીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. અનેક શોધનિબંધના એઓ કર્તા છે.]

જૈન સંસ્કૃતિમાં નારીના વિવિધ રૂપોનું ચિત્રણ થયેલું છે. જેનો વ્યવહારિક અને દાર્શનિક બન્ને દૃષ્ટિએ વિચાર કરવામાં આવ્યો છે. દાર્શનિક દૃષ્ટિએ નારીને મોક્ષમાર્ગમાં બાધક ગણવામાં આવી છે પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ નારીને એટલું ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે જે અન્ય ધર્મોમાં જોવા મળતું નથી.

જૈન સમાજમાં પુત્રી ભારરૂપ કે શાપરૂપ ક્યારે ય ન હતી. પિતા પુત્રીને જોઈને આનંદિત થતા હતા. (આદિપુરાણ પર્વ-૬, શ્લોક ૮૩) તથા પુત્રીજન્મ પર ઉત્સવ મનાવવામાં આવતો હતો. જૈન સંસ્કૃતિમાં પુત્ર અને પુત્રીને સમાન દૃષ્ટિથી જોવામાં આવે છે.

કન્યાઓનો ઉછેર લાડપ્રેમથી કર્યા બાદ તેને યોગ્ય શિક્ષણ આપી, ચોસઠ કલાઓમાં પારંગત કરવી એ ગૃહસ્થનું કર્તવ્ય મનાતું હતું. તેને કારણે કન્યાઓ એવી હોંશિયાર બનતી કે જે સમસ્યાનો ઉકેલ પિતા ન લાવી શકતા તે પળવારમાં તે લાવી શકતી હતી. (આવશ્યક ચૂર્ણિ-૬, પૃ. ૫૨૨). ભગવાન ઋષભદેવે પોતાની બન્ને પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને માટે એવા શિક્ષણનો પ્રારંભ કર્યો કે તે અંકવિદ્યા-ગણિત અને અક્ષરશાસ્ત્ર-ભાષાની અધિષ્ઠાત્રી બની. (આદિપુરાણ પર્વ-૧૬, શ્લોક ૧૦૩-૧૦૪).

કન્યાઓ એ સમયમાં માતાપિતા પર નિર્ભર રહેતી ન હતી. પિતૃક સંપત્તિમાં પણ તેનો પૂરો અધિકાર રહેતો હતો તે છતાં તે પોતાની વિવિધ આવડત દ્વારા ધનોપાર્જન કરી પરિવારને આર્થિક લાભ કરાવતી હતી. (આદિ પુરાણ પર્વ-૭). વર્તમાન સમયમાં છે તે રીતે તેને પરિવારના આશરે રહેવું પડતું ન હતું. જૈન કથાઓમાં કન્યાઓ રાજદરબાર સુધી પોતાનું સ્થાન બનાવી ચૂકી હતી. (આવશ્યક ચૂર્ણિ-૨, પૃષ્ટ ૫૭-૬૦).

પરિવારમાં કન્યાજન્મનો અર્થ એ હતો કે તે ગૃહસ્થને ત્રણ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થઈ. પોતાની સુયોગ્ય પુત્રીનો વિવાહ યોગ્ય સમય પર કરીને ધર્મ, અર્થ અને કામ ત્રણે સાધવાનું ફળ મળે છે. કારણ કે કન્યા જે ઘરમાં જાય છે ત્યાંની ગૃહસ્થી પૂર્ણ થઈ જાય છે. ધર્મ અને કુળની ઉત્પત્તિ માટે કન્યાના વિવાહ કરાવવા એ દરેક ગૃહસ્થનું કર્તવ્ય છે. તેથી કન્યા સમાજ અને પરિવાર માટે જૈન સંસ્કૃતિમાં એવી ધરીના રૂપમાં સ્વીકારવામાં આવી છે જેના પર સંપૂર્ણ ગૃહસ્થાશ્રમ ઘૂમે છે.

એક તરફ જૈન સંસ્કૃતિ નિવૃત્તિ પ્રધાન છે. તે છતાં તેમાં સાંસારિક વ્યવસ્થા સંબંધી સામગ્રી ભરપૂર છે. ગૃહસ્થ જીવનનો પ્રારંભ વિવાહ પછી થાય છે. જૈન સંસ્કૃતિમાં કન્યા વિવાહ માટે પૂર્ણ રીતે સ્વતંત્ર હતી. તેને પિતા તથા અન્ય વ્યક્તિઓની પસંદગીનું બંધન ન હતું. પોતે ઈચ્છે તો તે સંપૂર્ણ જીવન કુંવારી અવસ્થામાં રહી શકતી હતી. બ્રાહ્મી, સુન્દરી, ચન્દના, જયન્તિ વગેરેએ આજીવન બ્રહ્મચર્યનું

પાલન કરી ધર્મ આરાધના કરી હતી.

જૈન આગમોમાં પ્રાપ્ત થતા સ્વયંવરોના દૃશ્ય એ વાતની સાક્ષી પૂરે છે કે કન્યા પોતાનો વર પસંદ કરવાની બાબતમાં સ્વતંત્ર હતી. અને એ સમયમાં લગ્ન નાની વયમાં થતાં ન હતા. જૈન શાસ્ત્ર અનુસાર જેનો બાલભાવ સમાપ્ત થયો હોય અને જેના શરીરના અંગો જાગૃત થઈ ગયા હોય અને ભોગ કરવામાં સમર્થ એવી વ્યક્તિ વિવાહ માટે યોગ્ય મનાતી હતી.

ઉમ્મુક્ક બાલભાવે, એવંગ સુત્ત-પડિવોહિए, अलं भोगं समत्थे (જ્ઞાત ધર્મકથા)

આ માન્યતા અનુસાર જૈન સંસ્કૃતિમાં બાલવિવાહને સ્થાન ન હતું.

વિવાહને લગતી ક્રિયાઓ સંબંધી કેટલાંક એવા પ્રસંગો પ્રાપ્ત થાય છે કે જેમાં બહેનને પોતાના સગા ભાઈ સાથે વિવાહ કરવા પડતા હતા. આવી સ્થિતિ એ સમયની છે કે જ્યારે લોકો પોતાની કન્યા અજાણ્યા કુળમાં આપવાનું પસંદ કરતા ન હતા. ઋષભદેવે પોતાની બહેનને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો. પુષ્પકેતુએ પોતાના પુત્ર-પુત્રીના પરસ્પર વિવાહ કર્યા હતા. (આવશ્યક ચૂર્ણિ–૨ પૃ. ૧૭૮) આ પ્રથા બૌદ્ધિક વિકાસ બાદ લુપ્ત થઈ ગઈ.

ક્યારેક લગ્ન થયા બાદ માતાપિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાને લીધે તે કન્યા મા-બાપનું ઘર છોડી સાસરે જતી ન હતી. પરંતુ તેના પતિને ઘરજમાઈ બનીને રહેવું પડતું હતું. (નાયધમ્મકહા–૧૬, પૃ. ૧૬૯) વિવાહ સંબંધી એવા પણ કેટલાંક ઉલ્લેખ મળે છે જેમાં બહેનોની અદલા-બદલી કરી વિવાહ થયા હોય. દેવદત્તે પોતાની બહેનના લગ્ન ધનદત્ત સાથે કર્યા અને તેની બહેનને પોતાની પત્ની બનાવી. (પિધાનયુક્તિ–પૃ. ૩૨૪). કન્યાના અપહરણના બનાવો પણ મળે છે. વાસવદત્તા ઉદયન દ્વારા, સુવર્ણગુલિકા દાસી રાજા પ્રદ્યોત દ્વારા, રુક્મણિ કૃષ્ણ દ્વારા અને ચેલણા રાજા શ્રેણિક દ્વારા અપહૃત થઈ હતી. (નાયધમ્મકહા–૧૬, પૃ. ૧૮૬).

વૈવાહિક પરંપરાનું અવલોકન કરતા એ વાતની પ્રતીતિ થાય છે કે નારીને અનેક મુશ્કેલીઓમાંથી પસાર થવું પડતું હતું. પરંતુ તેની પ્રતિષ્ઠાને ક્યાંય આંચ આવી નથી. નારીની દુર્બળતા ક્યાંય જોવા મળતી નથી.

જૈન સંસ્કૃતિમાં જેટલું યોગદાન પુરુષોનું છે એટલું નહિ તો પણ નારીઓનો સહયોગ ઓછો નથી. સ્ત્રી તે સમયમાં પોતાના જીવનની આહૂતિ માત્ર પતિની સેવા કરવામાં જ આપતી ન હતી. પરંતુ તેણે વિદુષી, ધર્મપરાયણતા, વીરાંગના અને કર્તવ્યનિષ્ઠ બની તેને સાબિત કર્યું છે કે નારી દાસી બનવા ઉપરાંત બીજું ઘણું બધું કરી શકે છે.

વિદ્વતાના ક્ષેત્રમાં બ્રાહ્મી, સુન્દરી, ચન્દનબાલા, જયન્તિ વગેરેના નામો ગર્વપૂર્વક લેવાય છે જેમણે પોતાની વિદ્વત્તા દ્વારા ભારતીય નારીની ગરિમાને વધારી છે. ચન્દનબાલા પ્રથમ નારી છે જે નારી સંઘની અધિષ્ઠાત્રી રહી. જે સંઘમાં લગભગ છત્રીસ હજાર સાધ્વીજીઓ હતી. (નાયધમ્મકહા–૨, પૃ. ૨૨૦–૨૩૦) સોમશર્માની પુત્રી તુલસા અને ભદ્રા વિદ્વત્તામાં જગપ્રસિદ્ધ હતી. (હરિવંશપુરાણ–પૃ. ૩૨૬).

અનેક નારીઓ વિદુષી હોવાની સાથે સાથે લેખિકાઓ અને કવિયિત્રિઓ પણ હતી. લેખિકાઓમાં ગુણસમૃદ્ધિ, પદ્મશ્રી, હેમશ્રી, સિદ્ધશ્રી, વિનયચૂલા, હેમસિદ્ધિ, જયમાલા વગેરે પ્રમુખ છે. જેમની રચનાઓ જૈન શ્વેતાંબર સાહિત્યમાં સુરક્ષિત છે. રણમતિ-આર્યિકાનો 'જસહ-ચરિઉ' અને રાજમતિનો 'સમકિતસાર' આ બન્ને ગ્રંથો બન્ને લેખિકાઓની વિદ્વતા પ્રગટ કરે છે. એવી પણ કેટલીક મહિલાઓનો ઉલ્લેખ મળે છે જેમણે પોતે ગ્રન્થની રચના નથી કરી પણ ગ્રંથોની પ્રતિલિપિ લખીને સાધુઓ અને વિદ્વાનોને ભેટ આપી છે. આ કાર્ય ૧૪-૧૫મી સદીમાં થયું છે. (પં. ચન્દાબાઈ-અભિનંદન ગ્રંથ પૃ. ૪૮૧-૪૮૩). અનુલક્ષ્મી, અસુલધી, અવન્તી, સુન્દરી, માધવી વગેરે જૈન સાહિત્યની કવિયિત્રીઓ છે જેમણે સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષામાં રચનાઓ કરી છે. (પ્રેમી અભિનંદન ગ્રંથ–પૃ. ૬૭૦).

ધર્મ-કર્મ અને વ્રત અનુષ્ઠાનમાં જૈન નારી હંમેશાં મોખરે રહી છે. અનેક શિલાલેખોમાં અનેક નારીઓ દ્વારા બનાવવામાં આવેલ અનેક ગગનચુંબી મંદિરોના નિર્માણ અને તેના પૂજાકાર્ય માટે આપવામાં આવેલ દાનના ઉલ્લેખ મળે છે. ઈ. સ. છઠ્ઠી શતાબ્દીમાં ચેટકની રાણી ભદ્રા, શતાનિક રાજાની રાણી મૃગાવતી, ઉદયનની પત્ની વાસવદત્તા, દશરથની પત્ની સુપ્રભા, પ્રસેનજિતની પત્ની મલ્લિકા, દધિવાહનની શ્રીમતિ અભયાએ જૈન મંદિરોના નિર્માણ કરાવ્યા હતા. (શ્રવણ બેલગોલાના શિલાલેખ નં. ૪૬૧) આ પરંપરા ૧૪-૧૫મી શતાબ્દી સુધી જોવા મળે છે.

પ્રાચીન નારીની બૌદ્ધિક ક્ષમતા દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. જૈન નારીઓનો મૂર્તિકલા સાથે પણ ઘણો સંબંધ રહ્યો છે. મથુરાની જૈન મૂર્તિકલા જે ભારતીય કલાની જનની છે તેમાં નારીનું અપૂર્વ યોગદાન રહેલું છે. વર્તમાનમાં પ્રાપ્ત અવશેષોમાં ઓછામાં ઓછી પચાસ એવી નારીઓના ઉલ્લેખ મળે છે જેમણે પોતાની રૂચિ અનુસાર મંદિર, મૂર્તિ, ગુફા, ચરણવેદિકા વગેરે બનાવરાવ્યા છે. આબુના મંદિરની જગપ્રસિદ્ધ વાસ્તુકલા શેઠાણી અનુપમાની કલાપ્રિયતાની નિશાની છે. આ સમસ્ત કલાકૃતિઓ આપણો અમૂલ્ય ખજાનો છે!

પ્રાચીન જૈન નારી એક તરફ સેવાની મૂર્તિ અને ધર્મપરાયણ હતી તો બીજી તરફ નિર્ભય અને વિરાંગના પણ હતી. પુરાણોમાં એવા કેટલાંય ઉદાહરણ મળે છે જેમાં સ્ત્રીઓ પતિની સેવા કરતાં કરતાં એના કાર્યોમાં, રાજ્યના સંરક્ષણમાં તથા યુદ્ધના ક્ષેત્રમાં લડીને પતિને સહયોગ આપ્યો છે. ગંગનરેશના વીરયોદ્ધા વદેગ (વિદ્યાધર)ની પત્ની 'સાપિયવ્વે' એ પતિની સાથે યુદ્ધમાં લડતાં લડતાં વીરગતિ પ્રાપ્ત કરી હતી. તે સીતા, રેવતી આદિ જેવી જિનભક્ત તથા ધર્મપરાયણ પણ હતી.

આ અવલોકન દ્વારા પ્રતીત થાય છે કે જૈન નારીએ હંમેશ એક આદર્શ જીવન જીવવાની કોશિશ કરી છે. પુરુષોની જેમ ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળીને આત્મસાધના અને ધર્મ-સાધનામાં રત રહી છે તથા તેની પોતાની સ્વતંત્ર સત્તા કાયમ રહી છે તેથી જૈન નારીઓના જીવન પુરુષોને માટે પ્રેરણાસ્રોત બન્યા છે.

જૈનાગમોમાં સતીપ્રથાનો કોઈ ઉલ્લેખ મળતો નથી, એનું એક કારણ એ હોઈ શકે કે જૈન નારી પ્રબુદ્ધ તથા આત્મનિર્ભર હતી. તેને એવો ભય ન હતો કે પતિ ન હોય ત્યારે એના શીલ પર કોઈ આંચ આવી શકે અને એવો કોઈ અંધવિશ્વાસ પણ ન હતો કે પતિની સાથે બળી મરવાથી તેના પ્રત્યેની સાચી પતિભક્તિ પ્રદર્શિત થાય છે. બીજી બાજુ જૈન નારીની સમક્ષ સાધ્વી બની ધર્મધ્યાનમાં શેષ જીવન વીતાવવાનો પ્રશસ્ત માર્ગ તેની પાસે હતો. પતિની પાછળ પોતાનું જીવન હોમી દેવાની કોઈ આવશ્યકતા ન હતી. કેવળ મહાનિશીથ ગ્રંથમાં એક ઉલ્લેખ મળે છે જે પોતે સતી બનવા માટે સંકલ્પબદ્ધ હતી. પરંતુ પરિવારજનો દ્વારા તેને બચાવી લેવામાં આવી હતી. (મહાનિશીથ–પૃ. ૪૨).

સતી પ્રથાને રોકવામાં વિધવાવિવાહ સહાયક થાય છે. જે સમાજમાં વૈધવ્યના દારુણ દુઃખને સુખમાં બદલવાની સંસ્થાઓ છે ત્યાં સતીપ્રથા રહેતી નથી. જૈન નારીને માટે પુનર્લગ્નનો માર્ગ ખુલ્યો ન હતો ત્યારે તેને પોતાનું પૂરું જીવન પતિની યાદમાં વીતાવવું પડતું હતું. તે પોતાનું જીવન અધ્યાત્મ માર્ગે જીવતી હતી. આમ વિધવાવિવાહની પ્રથા જૈન સંસ્કૃતિમાં ન હતી. જૈન વિધવા નારીઓ પોતાનું સમસ્ત જીવન તપશ્ચર્યા તથા ધર્માચરણમાં વ્યતીત કરતી હતી. ધનશ્રી, લક્ષણાવતી, વગેરે એવી વિધવાઓ હતી જેમણે જિનદીક્ષા લઈને સાચા હૃદયથી શાસન સેવા કરી હતી.

વિધવાવિવાહની પ્રથા ન હોવા છતાં જો કોઈ વિધવા નારી નિઃસંતાન હોય, તેના ઘરનો કાર્યભાર સંભાળનાર ન હોય તો તે પોતાની કોઈ નજીકના સંબંધીઓમાંથી કોઈ એકની સાથે સહવાસ કરી પુત્રની પ્રાપ્તિ કરી શકતી હતી. પરંતુ આ નિયમ સર્વમાન્ય ન હતો. જૈન કથા ગ્રંથોમાં એક ઉલ્લેખ એવો મળે છે જેમાં એક સાસુએ પોતાની ચાર વિધવાઓને એક અજ્ઞાત વ્યક્તિને તેમનો દિયર બતાવીને તેમનો સહવાસ તેમની સાથે કરાવ્યો હતો. અને તે વ્યક્તિ બાર વર્ષ સુધી એ ઘરમાં રહ્યો હતો. ત્યાર બાદ ચારે સ્ત્રીઓને એક એક પુત્ર, ઉત્પન્ન થયા બાદ ત્યાંથી ચાલ્યો ગયો હતો. (આવશ્યક ચૂર્ણિ) આ કથાને સાર્વભૌમ નિયમના રૂપે માની શકાય નહિ.

ભારતીય સંસ્કૃતિના દરેક યુગની નારીએ પુરુષોની જબરજસ્તી સહન કરી હતી, તેમાં જૈન નારી પણ અપવાદ નથી. એ સમય બહુ પત્નીત્વ પ્રતિષ્ઠાનો સૂચક હતો. મહારાજા ભરત, રાજા શ્રેણિક વગેરે તેના ઉદાહરણો છે. (ઉત્તરાધ્યાયન–૧૮, પૃ. ૨૩૬). કેટલીક નારીઓને પુરુષો પોતાના વિલાસી જીવન માટે એકત્ર કરતા હતા. કેટલીક તેમને ભેટસ્વરૂપ પ્રાપ્ત થતી હતી. દાસ-દાસીઓની ખુલ્લંખુલ્લાં વીકી થવાને કારણે બહુપત્નીત્વની પ્રથામાં વધારો થયો હતો. (વસુમતિ ચરિત્ર).

જૈન નારી ક્યારેય પર્દામાં રહી નથી. તે એની મૌલિક વિશેષતા છે. જૈન સંપ્રદાઓમાં હંમેશ સમય સમય પર ઉત્સવો થતાં રહે છે. જૈન ગૃહસ્થ પૂરા પરિવારની સાથે આ ઉત્સવોમાં સમ્મિલિત થાય છે. જૈન કથાઓના આધારે કહી શકાય કે જૈન નારીઓ કોઈપણ પ્રકારની રોકટોક વિના જનસમુદાયમાં જઈ શકતી હતી. રાજા પોતાના કુટુંબપરિવાર સાથે જૈન મુનિઓના દર્શનાર્થે જતા હતા. રાણીઓ, શેઠાણીઓ અને કન્યાઓ બધાંની સામે સાધુભગવંતોને પ્રશ્ન પૂછતી અને વ્રતો ગ્રહણ કરતી હતી. (વ્યવહાર ભાષ્ય). ગૃહસ્થ સ્ત્રીઓ પતિની સાથે અથવા એકલી વનવિહાર કરતી હતી. (આદિ-પુરાણ-પર્વ-૪, શ્લોક-૮૬) આમ જૈન નારીઓ પરદા પ્રથાથી મુક્ત હતી.

ગણિકા અથવા વેશ્યા શબ્દ આજે જે અર્થમાં વપરાય છે, જે હીન અને ઉપેક્ષાની ભાવનાથી જોવામાં આવે છે તે જૈન સંસ્કૃતિના સ્વરૂપમાં ક્યાંય જોવા મળતો નથી. ગણિકાઓની સ્થિતિ તે સમયમાં સારી હતી. તે સમાજનું એક આવશ્યક અંગ મનાતી હતી. ગણિકાઓને માંગલિક માનવામાં આવતી હતી. ભગવાન ઋષભદેવની દીક્ષા સમયે દ્વાર પર ચાર યોષિતાઓને મંગલદ્રવ્ય માટે ઊભી રાખી હતી. (આદિ-પુરાણ પર્વ ૧૭, શ્લોક-૮૬). ગણિકાઓ નૃત્ય-ગાન વગેરે દ્વારા જૈન સમુદાયનું મનોરંજન કરતી હતી. તે વિદુષી, કલાસંપન્ન તથા મધુર ગાયિકાઓ હતી. તેઓ રતિશાસ્ત્રની આચાર્યાના રૂપમાં સ્વીકૃત ગણાતી હતી. જૈન સાહિત્યમાં ચંપા નામની એક ગણિકાનો ઉલ્લેખ મળે છે, તે ચોસઠ કળાઓમાં પ્રવીણ હતી અને અનન્ય સુંદર હતી. તે એક રાતને માટે એક હજાર સુવર્ણમહોર લેતી હતી. (નાયાધમ્મકહા). અન્ય એક ગણિકા ચિત્રકળામાં એટલી પ્રવીણ હતી કે તેને ત્યાં સામાન્ય નાગરિકને પહોંચવાનું કઠિન હતું. કલાના રસિયાઓ જ ત્યાં જઈ શકતા હતા. તેઓની રુચિ પ્રમાણે તે તેઓનું સ્વાગત કરતી હતી. (બૃહત્ કલ્પ ભાષ્ય). ચોખા નામની ગણિકા ચાર વેદો તથા અનેક લિપિઓની જાણકાર હતી. (નાયધમ્મકહા). આ ગણિકાઓનો જૈન ધર્મ સાથે ઘણો સંબંધ રહ્યો છે. કારણ કે તેને ત્યાં જવાવાળા મોટે ભાગે શેઠ–શાહૂકારો જ હતા. જેઓ મોટે ભાગે જૈન હતા. વસન્તસેના અને ચારુદત્તની કથા જગપ્રસિદ્ધ છે. કેટલીક ગણિકાઓ એવી પણ હતી જે માત્ર કોઈ એક પુરુષને જ પોતાનું શરીર અર્પણ કરતી હતી. પાટલિપુત્ર નગરની કોશા નામની એક ગણિકા બાર વર્ષ સુધી સ્થૂલિભદ્રની સાથે રહી અને જ્યારે તે સંસારથી વિરક્ત થઈ મુનિ બની ગયા ત્યારે કોશાએ પણ દીક્ષા ગ્રહણ કરી હતી. (ઉત્તરાધ્યાયન સૂત્ર–૨, પૃ. ૨૬) ઉજ્જેની નગરીની દેવદત્તાએ પણ મૂલદેવની સાથે શ્રાવક ધર્મ સ્વીકાર્યો હતો. (નાયાધમ્મકહા-પૃ. ૬૦). અન્ય જૈન ધર્માવલંબી ગણિકાઓનો ઉલ્લેખ પણ મળે છે જેમાં દેવદત્તા મુખ્ય છે. તેના ઘેર દેવસંઘના મુનિઓએ ચાતુર્માસ કર્યું હતું. ગણિકાઓ દ્વારા અનેક જૈન મંદિરો બનાવ્યાના ઉલ્લેખો પણ મળે છે.

જૈન સંસ્કૃતિની નારી ગૃહસ્થ જીવનમાં હોય કે સંન્યાસ જીવનમાં હોય તે આધ્યાત્મિકતા તરફ ઉન્મુખ રહી છે. તેનું જીવન ત્યાગ અને તપસ્યાનું જીવન રહ્યું છે. જૈન સંસ્કૃતિમાં નારીને નિર્વાણ પ્રાપ્તિના માર્ગમાં આવતાં ક્યારેય કોઈએ રોકી નથી. ભગવાન મહાવીરે પોતાના સંઘમાં નારીને દીક્ષિત કરી તેના માટે અધ્યાત્મ સાધનાનો માર્ગ ખુલ્લો કરી આપ્યો. તેમની પૂર્વેના ત્રેવીસ તીર્થંકરોએ પણ તેનો કોઈ ને કોઈ રૂપે સ્વીકાર કર્યો હતો. આ રીતે પુરુષોની જેમ જ નારીને માટે આત્મકલ્યાણનો માર્ગ ખુલ્લો

હતો. વિશલ્યા, ચન્દના રાજમતિ આદિ એ સાધ્વીઓ છે જેઓ ત્યાગ અને તપસ્યાની મૂર્તિ હતી. (પદ્મપુરાણ, પૃ. ૪૨૫, ૪૨૬).

અનેક નારી સંઘોના ઉલ્લેખ જૈન સાહિત્યમાં મળે છે. એક નારી સંઘમાં છત્રીસ હજાર નારીઓ હોવાનું પ્રમાણ મળે છે. (વાસુમતિ ચરિત્ર). નારી સંઘોની સાધ્વીઓ એક તરફ ધ્યાન એકાગ્ર કરી આત્મચિંતન કરતી હતી તો બીજી તરફ બાહ્ય મુશ્કેલીઓ પણ તેને સહન કરવી પડતી હતી. પરંતુ તેજસ્વી સાધ્વીઓના તેજ અને શીલ એમની રક્ષા કરતા હતા. અનેક મુશ્કેલીઓ છતાં નારી સંઘો આત્મકલ્યાણના માર્ગથી વિચલિત ન થયા. તેમણે પોતાના ધાર્મિક અનુષ્ઠાનોનું પાલન કરતા જૈનાચાર્યોના આદર્શને કાયમ રાખ્યો તથા પોતાના નૈતિક જીવનના સ્તરને ઊંચું ઊઠાવ્યું.

નારીની પ્રશંસા કરતા આચાર્ય જિનસેને કહ્યું છે, 'नारी गुणवत्ती धत्ते स्त्री सृष्टि रग्रिम् पदम्' 'ગુણવતી સ્ત્રીઓ પોતાના ગુણો વડે સંસારમાં શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરે છે. જૈન સાહિત્યમાં સ્ત્રીને ચક્રવર્તીના ચૌદ રત્નોમાંનું એક રત્ન ગણ્યું છે. ધર્મપરાયણ પત્ની ન હોય એવો કોઈ પણ રાજા અભિષેકને યોગ્ય મનાતો નહીં.' (જંબૂદ્વીપ પણત્તી). આટલું ઊંચું સ્થાન ભાગ્યે જ નારીને બીજે ક્યાંય મળતું હશે.

સંક્ષેપમાં કહીએ તો જૈન સંસ્કૃતિમાં નારીના તે બધાં રૂપ સ્વીકાર્ય છે જેના વિના માનવ સમાજનું કોઈ પણ ચિત્ર પૂરું ન થઈ શકે. કન્યાના રૂપમાં નારી દુલારી છે. તો ગૃહસ્વામિનીના રૂપમાં તે સન્માનીય છે. જૈન નારીએ સમસ્ત કલાઓમાં પારંગત થઈ પોતાની વિદ્વત્તા અને સામર્થ્યનો જ્યાં પરિચય કરાવ્યો છે ત્યાં ધર્મની સેવા પણ કરી છે. આત્મસાધના, ત્યાગ અને તપસ્યાની તો તે અધિષ્ઠાત્રી રહી છે. અને તેણે નિર્વાણની પ્રાપ્તિ પણ કરી છે. અન્ય સંસ્કૃતિઓમાં નારીને ઉપભોગની વસ્તુ સમજવામાં આવે છે જ્યારે જૈન સંસ્કૃતિમાં નારીનું સ્થાન ગૌરવપૂર્ણ અને ગરિમાયુક્ત છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

ક્રોધ

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આહાર, નિદ્રા, ભય, ક્રોધ અને મૈથુનઃ આ પાંચ વૃત્તિઓ માનવ અને પશુમાં મોટે ભાગે જોવા મળે છે. વિવેક એ માનવનું ભેદક વ્યાવર્તક લક્ષણ છે. અતિ ક્રોધીને આપણે 'દુર્વાસા' કહીએ છીએ. તો આ ક્રોધનું મૂળ ક્યાં રહ્યું છે?

કારણ વિના કાર્ય સંભવે નહીં. ઘણીવાર કારણ ચિત્તના પાતાળ-તળિયે પડ્યું હોય ને આપણી પહોંચ કે પકડમાં ન આવે એવું સૂક્ષ્મ ને સંકુલ હોય જેના ફળ સ્વરૂપે ક્રોધ થઈ જાય. એવું પણ જોવા મળે છે કે ઘણીવાર, જૂઠ્ઠા માણસો કરતાં પ્રમાણમાં સાચા માણસને, પ્રામાણિક વ્યક્તિઓને વધુ ક્રોધ આવતો હોય છે. અસત્ય કે બનાવટ એ સહી શકતા નથી, એટલે ક્રોધ એમની ઉશ્કેરાયેલી લાગણી અભિવ્યક્તિનું માધ્યમ બની જાય છે. બધા દેવોમાં ભોળા દેવ શંકર પણ જ્યારે એમની કમાન છટકે ત્યારે પાર્વતીનું લાસ્ય નહીં પણ ત્રિભુવનને ઉથલપાથલ કરી નાંખે એવું તાંડવ કરે. આમ તો કલ્યાણના એ દેવ છે, મંગલકારી છે, શિવ છે પણ અસત્ય હોય ત્યાં એ રુદ્ર બની જાય.

ક્રોધનું બીજું કારણ, જ્યારે આપણે આપણી ન્હાની મોટી જ્ઞાન-અજ્ઞાત અશક્તિઓને પ્રયત્નપૂર્વક અતિક્રમવામાં (To over-come) નિષ્ફળ નીવડી છીએ ત્યારે જાત ઉપર ક્રોધ કરીએ છીએ. પૌરાણિક દૃષ્ટાંત જોઇએ તો, તપસ્વી વિશ્વામિત્ર અપ્સરા મેનકાથી ચલિત ચિત્ત થાય છે, પરિણામે એમનો તપભંગ થાય છે ત્યારે તે અપ્સરા પર નહીં પણ આત્મા પર ક્રોધ કરે છે. અહીં ક્રોધ એ તામસિક પ્રકૃતિ દર્શાવે છે પણ એમાંથી જન્મતું-નીપજતું આત્મ નિરીક્ષણ અને નિર્વેદવૃત્તિ ઉજ્જવલ ભાવિના દ્યોતક બની રહે છે. કેટલીક વાર જીવનમાં આવી ઈષ્ટાપતિઓ પણ આવતી હોય છે! તો ક્રોધના આવિષ્કારનું એક કારણ વધુ પડતા અહં-કેન્દ્રી (સેલ્ફ-સેન્ટર્ડ) વ્યક્તિમાં પમ ગર્ભિત હોય છે. દાખલા તરીકે દુર્વાસાનો શકુન્તલા પ્રત્યેનો ક્રોધ ને શાપ. દુર્વાસા મુનિ મૂળે ક્રોધી પ્રકૃતિના તો છે જ..તેમાં વળી, આર્ય સંસ્કૃતિનો એક મહામંત્રઃ अतिथि देवो भव। એના આગ્રહી પણ છે. એમને અહમ્ (Ego) ઘવાય છે. આતિથ્યમાં શકુંતલા ઊણી ઉતરી એટલે દુર્વાસાની કમાન છટકી, પણ ઋષિ, સમતાપૂર્વક, ધીરજપૂર્વક કારણ ન રહેત. શકુંતલાનો પ્રેમ રીઢો નહીં પણ ઋજુ-તાજો છે. એના નવા પ્રેમીના વિચારોમાં એ તલ્લીન છે. કોણ આવ્યું, કોણ ગયું એનું એને ભાન નથી. એની સમક્ષ બે ફરજો એકી સાથે આવી પડી છે. એક અતિથિનો સત્કાર કરવો, બીજું: પ્રિયતમનું ચિંતન કરવું. આ બંને ફરજો પ્રત્યેનો પ્રધાન-ગૌણ-વિવેક એ ચૂકી-ફળસ્વરૂપે ઋષિનો શાપ. બે ફરજો વચ્ચે બેલેન્સ જાળવવામાં મોટા ભાગના લોકો ગોથું થાઈ જાય છે ને પરિણામે આત્મ કે પર ઉપર ક્રોધ થઈ જાય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ ક્રોધ કરવાથી આપણી દમિત તામસિક પ્રકૃતિ વૃત્તિનું વિવેચન (કૈથાર્સિસ) થી જતું હોય છે એ જમા-પક્ષે ગણવું જોઈએ.

બહુ ઓછા લોકો જાણે છે પણ ગીતામાં વર્ણવેલી સ્થિતપ્રજ્ઞની સ્થિતિએ લગભગ પહોંચેલા મહાત્મા ગાંધીએ પણ, બીડી પીતી એમની સ્ટેનોને ધોલ મારી દીધેલી ને 'મહાત્મા ઈન મેકીંગ' સ્થિતિમાં હતા ત્યારે ધક્કો મારીને પૂ. કસ્તુરબાને બારણા બહાર ધકેલી દીધેલાં. અહીં ક્રોધનું કારણ, પોતાની સ્વીકૃત વિચારસરણીને અનુરૂપ પત્નીનું વલણ-વર્તન નહોતું એટલે એમનો ક્રોધ ભભૂકી ઉઠેલો. કવચિત્, જડભરત સ્થિતિ કરતાં સ્વલ્પક્રોધ ઈષ્ટાપત્તિ સમાન પણ હોય છે. આપત્તિ તો ખરી જ પણ ઈષ્ટ એટલે સહ્ય.

જીવનમાં એવી પણ કેટલીક અધન્ય ક્ષણો આવે છે જ્યારે ઋષિ-મહાત્માઓથી પણ અતંદ્ર જાગ્રતિ રહી શકતી નથી...ને નળ રાજાનો એક માત્ર અંગુઠો સ્નાનથી વંચિત રહી જતાં...એ છિદ્રમાંથી કલિ પ્રવેશ થઈ જતો હોય છે; મતલબ કે ન્હાનો અમથો પ્રમાદ

પણ મોટા અનર્થનું મૂળ બની જાય છે. ક્ષણેક્ષણની જાગ્રતિ તો કેટલા જણ રાખી શકતા હશે ? એમાંય પાછા સંસારીઓ ! વિરલ સાધકોની વાત નિરાલી છે. આપણી છટકતી-ભટકતી-ભટકણી વૃત્તિઓની ચોવીસ કલાકની ચોકી એ તો મસમોટું તપ છે. બુદ્ધ-મહાવીર-ક્રાઈસ્ટ જેવી વિરલ વિભૂતિઓ માટે એ શક્ય છે પણ ક્ષણેક્ષણની જાગ્રતિ-અવેરનેસ-પ્રમાદનો અભાવ અનિવાર્ય હોય છે.

ક્રોધ પર વિજય મેળવવાનો, રાજમાર્ગ અક્રોધ છે. 'વૈરથી વૈર શમતું નથી, પ્રેમથી વૈરનું શમન થાય છે' આટલું સત્ય સમજાઈ જાય તો ક્રોધ પર ક્રોધ કરવાની જરૂર રહેશે નહીં. તટસ્થ ભાવે, વૃત્તિઓનું અહર્નિશ નિરીક્ષણ-પરીક્ષણ કરવાની સાધનાથી, માનવજાતિના મહારિપુ એવા ક્રોધ પર વિજય મેળવી શકાય...પણ એ કાજે જોઇએ અતંદ્ર જાગૃતિ અને નિરંતર આત્મ સ્થિતિ. ગીતાએ એની અમરવાણીમાં ક્રોધનો આખરી અંજામ આ રીતે ભાખ્યો છેઃ 'વિષયોના ચિંતનમાંથી આસક્તિ, આસક્તિમાંથી કામના, કામનામાંથી ક્રોધ પેદા થાય છે...અને પછી તો 'ક્રોધાત્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિવિભ્રમઃ' સ્મૃતિઃભ્રશાદ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ! મતલબ કે, ક્રોધથી મૂઢતા, મૂઢતાથી સ્મૃતિલોપ, સ્મૃતિલોપથી બુદ્ધિનાશ ને બુદ્ધિનાશથી પ્રણશ્યતિ કહેતાં પ્રાયઃ મૃત્યુ. ક્રોધની આ છે નિયતિ કે ફલશ્રુતિ. `Anger is Half-madness' અમસ્થુ કહ્યું નથી.

પાયથાગોરસે ક્રોધનો પ્રારંભ મૂર્ખાઈથી ને અંત પશ્ચાતાપથી થાય છે એમ કહ્યું છે...એમાં કેટલું બધું સત્ય છે. વ્યક્તિમાં 'પાવર ઓફ એક્સેપરન્સ'-કોઈ પણ વ્યક્તિ, પ્રશ્ન કે પરિસ્થિતિનો વાસ્તવિકતાથી સ્વીકાર કરવામાં આવે તો સંભવતઃ ક્રોધ થાય નહીં ને થાય તો એ વિધેયાત્મક બની શકે. શિવે ત્રીજું નેત્ર ખોલી કામદહન કર્યું તેની કથા સુપરિચિત છે. આપણા કે અન્યના દોષથી થતા ક્રોધની શાન્ત ક્ષણોમાં જો મીમાંસા કરવામાં આવે તો તેના મૂળમાં અધીરાઈ, અવિચારીપણું, વ્યક્તિ કે પરિસ્થિતિને તેના વાસ્તવિક પરિપ્રેક્ષ્યમાં સમજવાની અશક્તિ જેવાં કારણો જોવા મળશે. દયા, કરુણા જેમ ઉભયપક્ષને હિતકારક નીવડે છે તેમ ક્રોધ ઉભયપક્ષને હાનિકારક નીવડે છે, માટે ભલે ક્રોધ-જમી ન થવાય પણ એને કાબુમાં રાખવા જેટલી સમજણ ને શક્તિ તો કેળવી શકાય. ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી-૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, મેમન નગર, અમદાવાદ-૩૮૦૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

શ્રીમદ્ દેવચંદ્રજી રચિત

અતીત ચોવીસીના નવમા તીર્થંકર શ્રી દામોદર જિન સ્તવન

❑ સુમનભાઈ શાહ

શ્રી જિનેશ્વરનું માહાત્મ્ય, જિનભક્તિની રીત, જિનભક્તિની અનિવાર્યતા, જિનભક્તિથી ઉદ્‌ભવતા પરિણામો, શ્રી જિનેશ્વર સાથેનું અનુસંધાન, જિનાજ્ઞાથી ભવભ્રમણ રૂપ ભયનું નિવારણ, વગેરે પ્રસ્તુત સ્તવનમાં પ્રકાશિત થયેલ છે. હવે ગાથાવાર ભાવાર્થ જોઈએ.

સુપ્રતીતે હો કરી થિર ઉપયોગ કે, દામોદર જિન વંદીએ,
અનાદિની હો મિથ્યા ભ્રાંતિ કે, તેહ સર્વથા છંડીએ;
અવિરતિ હો જે પરિણીત દુષ્ટ કે, ટાળી થિરતા સાધીએ,
કષાયની હો કશ્યમલતા કાપી કે, વર સમતા આરાધીએ. ૧

રાગદ્વેષ અને અજ્ઞાનવશ મનુષ્યગતિનો સાંસારિક જીવ અનાદિકાળથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદાદિ આશ્રવોના આચરણથી ચારગતિરૂપ ભ્રમણ કરી જન્મ-મરણાદિકના દુઃખો વેઠે છે. આવા જીવોમાંના જે ભવ્યજીવને સંસાર બંધનરૂપ લાગે છે તેઓ એવા સદ્‌ગુરુની શોધખોળ કરે છે કે જેઓ મુક્તિમાર્ગ પામેલા છે અને અન્યને પમાડવાની ક્ષમતા ધરાવે છે. આવા રુચિવંત જીવને પ્રત્યક્ષ જ્ઞાની પુરુષનું સાન્નિધ્ય સાંપડે છે ત્યારે તેને શ્રી જિનેશ્વરના શુદ્ધ આત્મસ્વરૂપની ઓળખ થાય છે. ઉપરાંત સાધકને એવી પણ જાણ થાય છે કે દરેક જીવનું અપ્રગટ દશામાં રહેલ સત્તાગત આત્મસ્વરૂપ શ્રી જિનેશ્વર જેવું જ છે અને યથાર્થ પુરુષાર્થથી તેનું પ્રગટીકરણ થઈ શકે છે. ભવ્યજીવને શ્રદ્ધાથી આવી સુપ્રતીતિ થયા પછી તે મન-ચિત્તાદિના સ્થિર ઉપયોગે એકબાજુ શ્રી જિનેશ્વરનું નિમિત્તાવલંબન લઈ ગુણગ્રામ કરે છે અને બીજી બાજુએ આત્મિક વિશેષગુણો ઉપર આચ્છાદિત થયેલ કર્મરૂપ આવરણો દૂર કરવા વ્યવહાર ચારિત્રધર્મનું સદાચરણ સદ્‌ગુરુની નિશ્રામાં સેવે છે. બીજી રીતે જોઈએ તો આત્મસ્વરૂપના પ્રગટીકરણાર્થે શ્રી જિનેશ્વર સાથે અનુસંધાન જોડવારૂપ ભાવવાહી જિનભક્તિ ઉદ્‌ભવે તો મુક્તિમાર્ગના યથાર્થ કારણો સેવાય. જિનવચન, જિનાજ્ઞા અને જિનાલંબનથી થતા પરિણામની જાણ જો સાધકને થાય તો તેનો ઉલ્લાસ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. આવા અનુસંધાન પૂર્વક શ્રી જિનેશ્વરનું ભાવવાહી ગુણગ્રામ કરતાં કરતાં છેવટે તો તેને નિજસ્વરૂપની ભંજના થયા કરે છે. આવી સાધનામાં સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય તપાદિ સત્-સાધનોનો ઉપયોગ સદ્‌ગુરુની નિશ્રામાં અનિવાર્ય જણાય છે. ટૂંકમાં આત્મદશાના સાધકે મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ આશ્રવ દ્વારો ટાળી જિનભક્તિ અને જિનાજ્ઞામાં રત રહેવું ઘટે.

જંબુને હો ભરતે જિનરાજ કે, નવમા અતીત ચોવીશીએ,
જસ નામે હો પ્રગટે ગુણરાશિ કે, ધ્યાને શિવસુખ વિલસીએ;
અપરાધી હો જે તુજથી દૂર કે, ભૂરિ ભ્રમણ દુઃખના ધણી,
તે માટે હો તુજ સેવા રંગ કે, હોજો એ ઈચ્છા ઘણી...૨.

જંબુદ્વીપના ભરતક્ષેત્રની અતીત ચોવીસીના નવમાં તીર્થંકર

શ્રી દામોદરસ્વામી થયા, જેઓ અત્યારે અશરીરી અવસ્થામાં સિદ્ધગતિમાં કાયમી સ્થિરતા પામેલા છે. જિનભક્તિની શરૂઆત નામસ્મરણથી થાય છે અને જ્યારે તેઓ થકી પ્રકાશિત જિનવચનાદિને મર્મ સાધકને ગુરુગમે પ્રતિષ્ઠિત થાય છે. જેમ જેમ સાધકને જિનેશ્વરનું ગુણગ્રામ અને ભાવવાહી જિનભક્તિ થયા કરે છે તેમ તેમ સાધકના આત્મિક વિશેષ ગુણો (જ્ઞાનદર્શનાદિ) પ્રગટીકરણ પામતા જાય છે. શ્રી જિનેશ્વર પ્રણીત આત્મધ્યાના આરાધનથી સાધકના ઘાતી-અઘાતી કર્મોના ક્ષય થયા કરે છે, તેથી સાધક પરમાનંદમયી સહજસુખનો વિલાસ ઉત્તરોત્તર પામી શકે છે.

મનુષ્યગતિના જે સાંસારિક જીવો જિનવચન, જિનાજ્ઞા અને જિનભક્તિથી વિમુખ થાય છે તેઓ મુક્તિમાર્ગના અપરાધીપણામાં ચારગતિરૂપ ભવભ્રમણા કરી જન્મ-મરણાદિના ભારે દુ:ખ ભોગવનાર થાય છે. હે પ્રભુ! મારી આવી દુર્દશા ન થાય એવી કૃપા વરસાવશો. મારું સમસ્ત જીવન જિનભક્તિ અને જિનાજ્ઞાના સેવનમાં વ્યતીત થાય એવો મારો મનોરથ આપની કૃપાથી સફળ થાઓ.

મરુધર મેં હો જિમ સુરતરુ લુંબ કે, સાગર મેં પ્રવહણ સમો,
ભવ ભમતાં હો ભવિજન આધાર કે, પ્રભુ દરિશણ સુખ અનુપમો;
આતમની હો જે શક્તિ અનંત કે, તેહ સ્વરૂપ પદ ધર્યા,
પારિણામિક હો જ્ઞાનાદિક ધર્મ કે, સ્વ-સ્વભાવપણે વર્યા-૩
અવિનાશી હો જે આત્માનંદ કે, પૂર્ણ અખંડ સ્વભાવનો,
નિજ ગુણનો જે વર્તન ધર્મ કે, સહજ વિલાસી દાવનો;
તસ ભોગી હો તું જિનવર દેવ કે, ત્યાગી સર્વ વિભાવનો,
શ્રુતજ્ઞાની હો ન કરી સકે સર્વ કે, મહિમા તુજ પ્રભાવનો.

સ્તવનકારે ઉપરની ગાથાઓમાં શ્રી જિનેશ્વરના મહિમાનું સંક્ષિપ્ત સ્વરૂપ પ્રકાશિત કર્યું છે. અનંતા શુદ્ધ આત્મિકગુણો, ગુણોનું સહજ અને સ્વાભાવિક પરિણમન, આવા પરિણમનથી પ્રભુને કાયમી વર્તતો આત્માનંદ વગેરે સામાન્યપણે વચનાતીત હોવાથી તેનું સંપૂર્ણ વર્ણન શ્રુતજ્ઞાનીથી પણ થવું અશક્યવત્ છે, એવું શ્રી જિનેશ્વરનું માહાત્મ્ય છે. આમ છતાંય ભક્તિભાવથી દૃષ્ટાંત આપી શ્રી જિનેશ્વરનો મહિમા ગાયો છે તે જોઈએ.

૧. રાજસ્થાનના (મારવાડ) રણપ્રદેશમાં આંબાના વૃક્ષ ઉપર કેરીઓના ઝુમખાં મળવા દુર્લભ છે. એવી રીતે આ દુષમકાળમાં શ્રી જિનવચન, જિનાજ્ઞા, જિનાવલંબનાદિનો લાભ મળવો કઠિન છે. બહુ પુણ્યના પુંજથી આ સેવકને જિનવચનાદિના મર્મને જાણવાનો સુયોગ ગુરુગમે પ્રાપ્ત થયો છે જેથી હર્ષોલ્લાસ વર્તે છે.

૨. અપાર સંસારરૂપ મહાસાગરના ભરદરિયે ડૂબતા સાંસારિક જીવને દૃઢ પ્રવહણરૂપ જહાજ આવી બચાવ કરે એવી રીતે હે પ્રભુ! અમોને આપની સ્યાદવાદમયી જિનવાણીરૂપ જહાજ ગુરુગમે મળ્યું હોવાથી ખાતરી થઈ છે કે અમો હેમખેમ મુક્તિમાર્ગના કિનારે પહોંચશું.

૩. જીવ-અજીવાદિ સત્-દ્રવ્યોનું સ્વરૂપ, તત્ત્વોના સામાન્ય અને વિશેષગુણોનું પરિણમન, આશ્રવ-બંધ-સંવર-નિર્જરાનું કાર્ય, જીવના વિશેષગુણો ઉપર લાગેલ કર્મોની નિર્જરા સંવરપૂર્વક થવા માટે વ્યવહાર ચારિત્ર્યાચારનું આચરણ, વગેરે હે પ્રભુ! આપે પ્રરૂપ્યું છે, જેની અમોને ગુરુગમે જાણ થઈ છે. પ્રવર્તમાન દુષમકાળમાં અમોને જિનેશ્વરના નિમિત્તાવલંબનનો જ આધાર છે.

૪. હે પ્રભુ! ગુરુગમે અમોને આપનું સમ્યક્‌દર્શન નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિએ થયું છે. આવા અનુપમ સમ્યક્‌દર્શનથી અમોને અંતરશાંતિ અને સુખ વર્તે છે. હે પ્રભુ! અમોને આપ પ્રત્યે અનન્યતા, અહોભાવ અને બહુમાન વર્તે છે.

૫. હે પ્રભુ! આપના અનંતા જ્ઞાનદર્શનાદિ સર્વ ગુણો ક્ષાયિક ભાવે પ્રગટીકરણ પામ્યા હોવાથી તેના સહજ અને સ્વાભાવિક પરિણમનમાં આપને કાયમી આત્માનંદ વર્તે છે. હે પ્રભુ! આપનો દરેક આત્મિકગુણ સ્વતંત્રપણે અસ્ખલિત અને અખંડપણે સ્વીકાર્ય કર્યા કરે છે. હે અનંત ચતુષ્ટય ધારક! આપે સર્વોચ્ચ પરમાત્મપદ્ સિદ્ધક્ષેત્રમાં કાયમી નિવાસ કર્યો છે. હે પ્રભુ! આપને સંપૂર્ણ પારિણામિક ધર્મ વર્તે છે.

૬. હે અનંત ચારિત્ર્યાનંદ! આપને વર્તતું અવ્યાબાધ સુખ સહજ, નિરદ્વંદ્વ, નિરપેક્ષ, અક્ષય, નિર્વિકલ્પ, અકૃત, સ્વાધીન, અપ્રયાસ, અનુપચરિત, અખંડ અને સ્વાભાવિક છે. હે પ્રભુ! આપ નિજ શુદ્ધ ગુણોના જ સદૈવ ભોકતા છો, જેમાં લેશમાત્ર પણ વિભાવનો અંશ નથી. હે પ્રભુ! આપ શાશ્વત સહજાનંદના જ વિલાસી છો.

૭. હે પ્રભુ! આપનું અસીમ માહાત્મ્ય જો કે અગમ, અગોચર અને વચનાતીત છે, પરંતુ ભક્તિભાવે તેનું વર્ણન કરવાનો આ અલ્પ પ્રયાસ છે, જેમાં અવિનય થયો હોય તો હું ક્ષમા પ્રાર્થું છું.

નિષ્કામી હો નિષ્કષાયી નાથ કે, સાથ હો જો નિત તુમ્હ તણો,
તુણ આણા હો આરાધન શુદ્ધ કે, સાધું હું સાધકપણે;
વીતરાગથી હો જે રાગ વિશુદ્ધ કે, તેહી જ ભવભય વારણો,
જિનચંદ્રની હો જે ભક્તિ એકત્વ કે, દેવચંદ્ર પદ કારણો...૫.

હે દામોદર નાથ! ભક્તજનોના આપ તરણતારણ અને ઉપકારક હોવા છતાંય આપને લેશમાત્ર પણ કામના નથી. વળી હે પ્રભુ! આપ કષાયરહિત છો. હે પ્રભુ! હે કૃપાળુદેવ! આ સેવકની પ્રાર્થના છે કે મારા હૃદયમંદિરમાં બિરાજમાન થઈ, મારા સાર્થવાહ થઈ મને નિરંતર જ્ઞાનપ્રકાશ પ્રદાન કરજો, જેનાથી મારી સર્વ કામનાઓ, કષાયો, ઈચ્છાઓ વગેરે સદંતર નિર્મૂળ થાય. હે પ્રભુ! મુક્તિમાર્ગની સાધનામાં આ સેવકથી અણિશુદ્ધપણે જિનાજ્ઞાનું જ પરિપાલન થાય એવી નિષ્કારણ કરુણા વરસાવશો. વળી નિરાગી સાથે અનન્યતા અને પ્રશસ્ત રાગ વર્તે તો 'પર' ભાવ અને વિનાશી ચીજો પ્રત્યેનો અમારો રાગ નિર્મૂળ થાય જેથી ભવ ભ્રમણરૂપ ભય દૂર થઈ મને નિર્ભયતા વર્તે. અમે તમારા અભેદસ્વરૂપમાં તન્મયાકાર રહીએ. છેવટે હે પ્રભુ! આપની કૃપાથી દેવોમાં ચંદ્રસમાન પરમાત્મપદની પ્રાપ્તિ થાય. ✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા-૭
ફોન નં. : (૦૨૬૫) ૬૬૨૧૦૨૪

અભૂતપૂર્વ સફળતા પામેલી મહાવીર કથા પછી હવે પ્રસ્તુત કરીએ છીએ

ગૌતમ-કથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ગત માર્ચ મહિનામાં મહાવીર જન્મકલ્યાણક દિવસે (મહાવીર જયંતીએ) આયોજિત કથાતત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનના ત્રિવેણી સંગ સમી જૈનદર્શનના પ્રસિદ્ધ સાહિત્યકાર, વિચારક અને અભ્યાસી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા મહાવીર-કથા પ્રસ્તુત કરવામાં આવી હતી અને આ મહાવીર-કથાએ ભાવકો, વિચારકો અને અધ્યાત્મ જિજ્ઞાસુઓમાં નવી પ્રેરણા અને ઉત્સાહ જગાડ્યા હતા. બે દિવસ ખીચોખીચ ભરાયેલા હૉલમાં ભગવાન મહાવીરના જીવન, દર્શન અને એના આધ્યાત્મિક મર્મોનો ઉઘાડ સાંભળીને રોમાંચિત થયેલા શ્રોતાઓએ દાખવેલા પ્રતિભાવને જોઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી મંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહે આગામી વર્ષે 'ગૌતમ-કથા' યોજવાનું નિમંત્રણ આપ્યું હતું અને તે મુજબ પંદરમી, સોળમી અને સત્તરમી એપ્રિલે મુંબઈના પાટકર હૉલમાં 'ગૌતમ-કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જમાને જમાને ભગવાન મહાવીરના પ્રથમ ગણધર, મહાતપસ્વી અને અનંત લબ્ધિઓના નિધાન ગુરુ ગૌતમસ્વામીની યશોગાથા રચાતી રહી છે; ગવાતી રહી છે અને ભક્તજનોના હૃદયમાં સદા ગૂંજતી અને પૂજાતી રહી છે. શુભ કાર્યોમાં સદા સ્મરણીય અને અધ્યાત્મ પંથે સદા પૂજનીય એવા ગૌતમસ્વામી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં ડૂબેલા સંસારીઓને તથા સત્ય, સાધના અને મુમુક્ષાના માર્ગે ચાલતા અધ્યાત્મયાત્રીઓને કે પછી તપશ્ચર્યા, તિતિક્ષા અને ભક્તિની આરાધના કરતા યોગીઓને સમાનરૂપે ઉપકારક છે.

તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી પછી જૈન પરંપરામાં સહુથી વધુ છવાયેલું અને વ્યાપક વ્યક્તિત્વ હોય તો તે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર અને પ્રથમ શિષ્ય શ્રી ગૌતમસ્વામીનું છે. દીપોત્સવીના મંગલ દિવસે જૈનસમાજ પોતાના ચોપડામાં 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ લખીને એમની લબ્ધિની વાંછના કરે છે અને બેસતા વર્ષના મંગલ પ્રભાતે ભાવવિભોર બનીને ગૌતમસ્વામીના પદો, સ્તવનો અને છંદો ગાઈને નવા વર્ષના પાવન વધામણાં કરે છે. ગૌતમસ્વામીના વિરાટ અને બહુમુખી વ્યક્તિત્વને પામવાનો આ પ્રયાસ છે.

કેવા હતા ગૌતમસ્વામી? તેનો જરા વિચાર કરીએ. તેઓ જેટલા મહાન તત્ત્વજ્ઞાની હતા, એટલા જ ઉદારમના મહાપુરુષ હતા. ગૃહસ્થાવસ્થામાં ચૌદ વિદ્યાના પારંગત મહાપંડિત હતા, તો ભગવાન મહાવીરના શિષ્ય બન્યા બાદ ચૌદ પૂર્વમાં પારંગત મહાદાર્શનિક બન્યા. ગૌતમસ્વામી જ્ઞાનની ગરિમાએ બિરાજતા હતા, તેમ છતાં નમ્રાતિનમ્ર હતા. અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં નામના અને કામનાથી તેઓ સદાય અલિપ્ત રહ્યા. તપને કારણે તેમના ચહેરા પર ઉલ્લાસ અને તેજસ્વીતા છલકાતા હતા. પચાસમે વર્ષે દીક્ષા લીધી હોવા છતાં તેમના મુખ પર ભવ્ય તેજ પ્રગટતું હતું. એમના વ્યવહારમાં પદે પદે વિનય પ્રગટ થતો. રાજકુમાર અતિમુક્ત સાથેના વાર્તાલાપમાં એક મહાન જ્ઞાનીનો સામાન્ય કે અજ્ઞાની બાળક સાથે કેવો સૌજન્ય અને લાગણીમય વ્યવહાર હોય તે દેખાઈ આવે છે. કોઈ કાર્ય માટે બહાર જાય તો ભગવાન મહાવીરની આજ્ઞા મેળવીને જતા અને પાછા આવે ત્યારે ફરી ભગવાનને પોતાના કાર્યની માહિતી આપીને પછી જ અન્ય કાર્યમાં રત થતા.

તેજસ્વી કાયા, મનભર દેહલાલિત્ય અને વિવેકપૂર્ણ વ્યવહારને કારણે પ્રથમ દર્શને જ સહુ કોઈ એમનાથી અત્યંત પ્રભાવિત થઈ જતા. જીવનમાં તપને પ્રાધાન્ય આપીને નિરંતર છઠ્ઠના પારણે એકાસણાં કરતાં હતાં. પારણાના દિવસે અનેક શિષ્યો હોવા છતાં સ્વયં ગોચરી લેવા જતા. રસ્તામાં આર્દ્રકુમાર મળે કે અતિમુક્તક મળે, તેની સાથે પ્રભુ મહાવીરના દર્શન-ઉપદેશની વાત કરતા.

આમ ગુરુ ગૌતમસ્વામીના જીવનમાં પ્રતિક્ષણ જ્ઞાન, ધર્મ અને અધ્યાત્મસાધનાની ત્રિવેણી વહેતી હતી. પૂર્વ જીવનમાં વેદ વિદ્યામાં પારંગત પંડિત ઇંદ્રભૂતિ ગૌતમ મહાવીરના જ્ઞાન અને સ્નેહની આગળ જીતાઈ જાય છે અને અગિયાર પંડિતો સાથે ભગવાન મહાવીરનો વાર્તાલાપ ગણધરવાદને નામે ઓળખાય છે.

વિ. સં. પૂર્વે ૫૦૦ વર્ષે વૈશાખ સુદિ અગિયારસે બનેલી આ ઘટના જૈનદર્શનના ઇતિહાસની એક શિરમોરરૂપ ઘટના છે. એ પછી ગુરુ ગૌતમ અને પ્રભુ મહાવીરના અનેક પ્રશ્નો-ઉત્તરો 'ભગવતી સૂત્ર' નામના ગ્રંથમાં મળે છે. ઉગ્ર તપશ્ચર્યા અને અનન્ય ગુરુભક્તિના પ્રતાપે તેઓ સર્વ પ્રકારની લબ્ધિના સ્વામી બન્યા. એમની ભગવાન મહાવીર પ્રત્યેની ગુરુભક્તિ અને એમનું કેવળજ્ઞાન અનેક આધ્યાત્મિક અને વૈચારિક ભૂમિકાઓ સર્જી જાય છે.

આ ગૌતમ-કથાનો આશય ધર્મ આરાધનાના ઉત્તુંગ શિખરની ઓળખ આપવાનો છે. ગૌતમસ્વામીના જીવનમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી ભાવનાઓ મૌલિક દૃષ્ટિ અને આગવા અભિગમથી દર્શાવવાનો છે. પ્રસંગની સપાટી ભેદીને એની ભીતરમાં જઈને સાધનામૃત પામવાનો છે, તેથી ગૌતમ-કથા એ માત્ર ગુરુ ગૌતમસ્વામીની જીવનકથા જ નહીં રહે, બલ્કે કોઈ સંસારી માટે ઉર્ધ્વયાત્રાનો સંકેત બની રહેશે તો કોઈ જ્ઞાનીને આમાંથી દહનદર્શનનો અનુપમ શ્રીનિધિ પ્રાપ્ત થશે. કોઈ ભક્તને એ શુદ્ધિ, સાધના અને વૈરાગ્યના માર્ગે વાળશે, તો કોઈ ધર્મજ્ઞને ધર્મના વિરાટ વારસાનો અનુભવ આપશે. વળી આ ગૌતમ-કથાની સાથોસાથ ગૌતમસ્વામી વિશે રચાયેલાં સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી કાવ્યો, પદો, સ્તોત્ર, સજ્ઝાય, સ્તવન, થોય, રાસ તથા ગીતો વગેરે દ્વારા સંગીતભર્યું વાતાવરણ સર્જાશે. જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક, પ્રખર વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આલેખાતી આ ગૌતમ-કથા તમામ પ્રકારના શ્રોતા અને ભાવકો માટે જીવનનો યાદગાર લહાવો બની રહેશે.

ત્રણ દિવસના ત્રણ વિષયો અને સમય

૧. પરિવર્તનનો વિસ્ફોટ
તીવ્ર અહંકાર અને નમ્ર વિનય:
તા. ૧૫ એપ્રિલ ગુરૂવાર, સાંજે ૬-૩૦ થી ૮-૩૦

૨. દર્શનનો ચમત્કાર : ગણધરવાદ
જ્ઞાનનો ભંડાર : પ્રભુ સાથે સંવાદ
તા. ૧૬ એપ્રિલ શનિવાર, મહાવીર જન્મ કલ્યાણક દિવસ
સાંજે ૫-૩૦ થી ૭-૩૦

૩. અનહદ રાગમાંથી ઉત્કૃષ્ટ વિરાગ :
અપૂર્વ લબ્ધિ સિદ્ધિના સ્વામી
૧૭ એપ્રિલ રવિવાર, સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦

સ્થળ : પાટકર હૉલ, ચર્ચગેટ, મુંબઈ.

પ્રવેશ પત્ર માટે યુવક સંઘની ઑફિસમાં ફોનથી નામ લખાવવા વિનંતી.

એ પદ કબીરનું જ : સંશોધનાત્મક સત્ય

□ ડૉ. નિરંજન રાજ્યગુરુ

તા. ૧-૨-૨૦૧૧

પ્રતિશ્રી,

તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન'

સાદર વંદન સાથ-'જાન્યુઆરી ૨૦૧૧ના અંકમાં પ્રકાશિત થયેલા મારા અભ્યાસલેખ 'સંત-ભજનિકોની અવળવાણી'માં કબીરસાહેબ (અવ. ઈ.સ.૧૪૯૭)ના નામે છેલ્લા સાડા ત્રણસો વર્ષોથી અનેક હસ્તપ્રતોમાં મળતું અને લોકભજનિકોમાં અનેક પાઠાંતરોમાં ગવાતું પદ 'ઈતના ભેદ ગુરુ હમકો બતા દો...'નું અર્થઘટન વાંચીને, 'એ પદ મૂળ આનંદઘનજી (ઈ. સ. ૧૬૧૪થી ઈ. સ. ૧૬૭૪)નું છે, તમે ખોટો પ્રચાર કરો છો...' એ જાતના અનેક ફોન અને પત્રસંદેશા મારા પર આવ્યા હોઈ તે અંગે મારો પ્રતિભાવ આપને મોકલું છું જે આગામી અંકમાં પ્રકાશિત કરવા નમ્ર વિનંતિ છે.

(૧) આ પદનું પાઠાંતર 'આનંદઘનજીનાં પદો-ભાગ,૨માં પદ ક્રમાંક ૯૮, પૃ. ૩૯૨ ઉપર 'અવધુ સો જોગી ગુરુ મેરા, ઈન પદકા કરે રે નિવેડા...'ની પ્રથમ પંક્તિ સાથે અપાયું છે. આ પદની નીચે પાદટીપમાં નીચે મુજબની નોંધ સંપાદક અને વિવેચન કરનાર શ્રી મોતીચંદ કાપડીયાએ આપી છે: 'મારી પાસેની પ્રતમાં આ પદ નથી, પાઠાંતર ઉપલબ્ધ નથી, મળશે તો આગળ ઉપર દાખલ કરવા પ્રયત્ન થશે.' પરિશિષ્ટ-૨માં તેઓ જણાવે છે: 'બનવા જોગ છે કે આવી અવળવાણીનો આધાર કબીર ઉપરથી આનંદઘને લીધો હોય અને પછી તે મૂળ હકીકતને પોતાની સ્વતંત્ર કૃતિ વડે વિસ્તારી હોય.' (ભાગ-૨, પૃ. ૫૦૨) એ જ પ્રમાણે પદ ક્રમાંક ૯૯ 'અવધુ એસો જ્ઞાન વિચારી....' (પૃ. ૪૦૯) નીચે અપાયેલી પાટદીપમાં પણ 'મારી પાસેની પ્રતમાં આ પદ નથી, પાઠાંતર ઉપલબ્ધ નથી, મળશે તો આગળ ઉપર દાખલ કરવા પ્રયત્ન થશે.' એમ નોંધીને એના વિવેચનમાં પૃ. ૪૩૧ ઉપર સંપાદક લખે છે: 'આ પદના અસલ લેખક આનંદઘન મહારાજ કે કોઈ અન્ય છે એ સાહિત્યની ચર્ચાનો વિષય છે. એ વધારે શોધખોળ, તપાસ અને ચર્ચા માગે છે. આપણે એ ચર્ચા સાહિત્યકો પર છોડી દઈએ...જે વ્યક્તિએ આ પદ લખ્યું હશે એને પોતાના નામનો મહિમા નહીં જ હોય...અસલ એ કબીરના મુખમાંથી નીકળ્યું કે લાભાનંદ મુનિએ કથ્યું તેનું આપણે કામ નથી.' એ જ પ્રમાણે પદ ક્રમાંક ૧૦૬ 'કિન ગુન ભયો રે ઉદાસી ભમરા...' વિશે સંપાદકે નોંધ્યું છે: 'આ પદ નવીન જાતનું છે. એ જુદી ભાત પાડે છે. એની કૃતિ સંબંધમાં મતભેદ રહે તેવું છે...કાશીના કરવતની વાત વગર મેળે દાખલ કરવા જતાં આડકતરી રીતે એ તુચ્છ પ્રથાનો સ્વીકાર થઈ જતો હોવાની વાત આનંદઘન જેવા સિદ્ધ યોગી કરે નહીં, એટલે એ કૃતિનું કર્તૃત્વ શંકાસ્પદ છે...' (ભાગ-૨, પૃ. ૪૭૭) જેના વિશે શ્રી કુમારપાળ દેસાઈએ લખ્યું જ છે કે: 'એ પદ કબીરનું જ છે. એની છેલ્લી પંક્તિ જ કહી આપે છે.' ('અબ હમ અમર ભયે' આનંદઘન જીવન અને કવન પૃ. ૫૭) તો પદ ક્રમાંક ૧૦૮ 'તજ મન હરિ વિમુખન કો સંગ' વિશે મોતીચંદ કાપડીયાએ જ નોંધ કરી છે કે: 'આ પદને અંગે પં. ગંભીરવિજયજીએ લખાવેલ નોટ્સમાં જણાવ્યું છે કે આ પદ સૂરદાસનું છે. એની કૃતિ, રચના અને શૈલી જોતાં એ આનંદઘનજીનું હોય તેમ જણાતું નથી.' (ભાગ-૨, પૃ. ૪૮૪) શ્રી કુમારપાળ દેસાઈએ પોતાના મહાનિબંધમાં જણાવ્યું જ છે કે-'હસ્તપ્રતોમાં મળતાં પદો જુદી સંખ્યા ધરાવે છે પરંતુ આ પદોમાં અન્ય કવિઓના પદો અને કોઈ અજ્ઞાત કવિએ આનંદઘનને નામે ચડાવી દીધેલાં પદો પણ ઘણાં મળે છે... 'અવધુ વૈરાગ્ય બેટા જાયા', 'અવધુ સો જોગી ગુરુ મેરા' અને 'તજ મન કુમતા કુટિલકો સંગ' એ આનંદઘનને નામે ઓળખાતાં પદો ક્રમશઃ બનારસીદાસ, કબીર અને સૂરદાસનાં છે.' ('અબ હમ અમર ભયે' આનંદઘન જીવન અને કવન, પૃ. ૫૭).

ઈ. સ. ૧૯૧૪માં જેની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થયેલી અને ઈ. સ. ૧૯૮૨માં શ્રી રતિલાલ દીપચંદ દેસાઈના સંપાદકીય સાથે જેની ત્રીજી આવૃત્તિ થઈ એ બે ભાગના વિશાળ ગ્રંથ 'શ્રી આનંદઘનજીના પદો' (સં. મોતીલાલ કાપડીઆ)માંથી સંપૂર્ણ પસાર થઈએ તો ખ્યાલ આવે છે કે મોતીલાલ કાપડીઆએ વારંવાર કહ્યું છે કે–'આનંદઘનજીના હસ્તે લખેલી કે તેઓના સેવકોની લખેલી પ્રતિ મળી હોત તો કંઈ કહેવાનું રહેત નહીં...(ભાગ–૧, પ્રસ્તાવના પૃ. ૧૩). 'કોઈ કોઈ પદો પછવાડેના કવિઓ બનાવ્યા હોવા છતાં તેમાં આનંદઘનજીનું નામ દાખલ કર્યું હોય એમ બનવા જોગ છે.' (પૃ. ૬૫). આનંદઘનજીના પદોના સંબંધમાં એવું ઘણી વખત સાંભળ્યું છે કે તેઓના પદો કબીરના પદોને મળતાં છે અને કબીરના કોઈ કોઈ પદો આનંદઘનજીના નામ ઉપર માણસોએ ફેરવી નાંખ્યાં છે...' (ભાગ–૧, પૃ. ૧૦૭). એ જ પ્રમાણે ભાગ બીજાના પૃ. ૧૮ ઉપર સંપાદકીયમાં શ્રી રતિલાલ દેસાઈ પણ જણાવે છે: 'આ પુસ્તકમાંના પદો જોતાં મને એમ લાગતું જ રહ્યું છે કે આ પદોમાં દેખાતી અશુદ્ધિઓ દૂર કરવા માટે, આ પદોની સંખ્યાબંધ હસ્તપ્રતો ભેગી કરીને અને આ વિષયના જાણકાર બે-ત્રણ વિદ્વાનોએ સાથે મળીને, આ પદોનું ઝીણવટપૂર્વક સંશોધન કરવાની ખૂબ જરૂર છે. કેટલાંક પદો મીરાની જેમ આનંદઘનજીના નામે ચડી ગયાં હોય એવી શંકા પણ જાગે છે...શ્રી મોતીચંદભાઈએ પોતે જ અનેક પદોના વિવેચનમાં એના કર્તૃત્વ અંગે શંકા દર્શાવી છે.'

અને છેલ્લે આચાર્ય શ્રી વિજયશીલચન્દ્રસૂરિજીના એક વિધાન સાથે મારી વાત પૂર્ણ કરું. 'સંશોધનનું સત્ય ઉજાગર થઈને સામે

આવે ત્યારે સંપ્રદાયમાં કે સાંપ્રદાયિક માનસમાં ભારે અસુખ વ્યાપી જતું જોવા મળે છે...મહાયોગીરાજ આનંદઘનજી મહારાજનું ગણાતું એક પ્રસિદ્ધ પદ 'અવસર બેર બેર નહીં આવે...' એ આનંદઘનજીનું રચેલું પદ નથી, પરંતુ તેમના કરતાં એકાદ સૈકો વહેલા થઈ ગયેલ વૈષ્ણવ ભક્તકવિ સૂરદાસનું રચેલું છે અને પાછળના કાળમાં તે આનંદઘનજીના નામે, બીજાં કેટલાંક પદોની જેમ, ચડી ગયું છે, આવું કહેવામાં આવે તો કેટલો આઘાત થાય! પરંતુ, આપણને આઘાત થાય તેટલા માત્રથી હકીકત કાંઈ બદલાઈ શકે નહીં. ખરેખર તો આપણે શોધકદૃષ્ટિ વિકસાવવી ઘટે. સાંભળવામાં સારું લાગે કે તરત મનગમતા કવિના નામ સાથે જોડી દઈએ અને તે પછી તેના શબ્દો તથા ભાવોને તપાસ્યા વિના કવિના અન્ય પદોમાં થતી રજૂઆત કરતાં સાવ નોખી અને કવિની આધ્યાત્મિક ઊંચાઈ સાથે તાલમેળ નહીં ધરાવતી રચનાને પણ કવિના નામે ચલાવીએ તો તેમાં ખામી આપણી વિવેકશીલ શોધકદૃષ્ટિની જ ગણવી પડે...' (અનુસંધાન-૪૬, ૨૦૦૮, પ્રાકૃત ભાષા અને જૈન સાહિત્ય વિષયક સંપાદન, સંશોધન માહિતી વગેરેની પત્રિકા, નિવેદન પૃ. ૩)

–નિરંજન રાજ્યગુરુના જય જિનેન્દ્ર

* * *

સત્ નિર્વાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ રજિ. નં. ઈ–૪૨૨૧–રાજકોટ
આનંદ આશ્રમ ઘોઘાવદર
સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર,ગૌસેવા–ગોસંવર્ધન ગૌશાળા
મુ. પો. ઘોઘાવદર, તા. ગોંડલ, જિ. રાજકોટ–૩૬૦૩૧૧.
ફોન : ૦૨૮૨૫–૨૭૧૫૮૨. મોબાઈલ : ૯૮૨૪૩૭૧૯૦૪

સ્વરાજ આશ્રમ, વેડછી ચેક અર્પણ કાર્યક્રમ

❑ મથુરાદાસ એમ. ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા ૨૬ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાત રાજ્યની એક સંસ્થા જે શિક્ષણક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી હોય અથવા આદિવાસી-પછાત વિસ્તારમાં માનવસેવા-લોકસેવાનું કામ કરતી સંસ્થા હોય તેને માટે દાનની અપીલ કરવામાં આવે છે.

આ વર્ષે આપણે સ્વરાજ આશ્રમ, વેડછી જિ. તાપીની વરણી કરી છે. પૂ. ગાંધીજીના આદેશથી સ્વ. શ્રી જુગતરામ દવે અને શ્રી ચુનીલાલ સાંકળેશ્વર મહેતાએ વેડછી આશ્રમની શરૂઆત કરી. સંસ્થાએ પૂ. ગાંધીજીના મૂલ્યોને જાળવી રાખ્યા છે. બાળકોને પણ આજે ખાદી પહેરવા માટે આગ્રહ કરવામાં આવે છે. સાદગી એમનું આભુષણ છે.

આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઈતિહાસમાં પહેલીવાર રૂા.૨૮,૨૭,૩૪૩ જેવો માતબર ફાળો અન્ય સંસ્થા માટે એકત્ર થયો. સ્વરાજ આશ્રમના પુણ્ય કહો કે તેમની તપસ્યા કહો, એમના નસીબે આટલો મોટો ફાળો આવ્યો. સંઘની પ્રણાલિકા છે કે આપણે એકત્ર કરેલો ફાળો સંસ્થાના આંગણે જઈ આપવો. સાથે દાતાઓ, શુભેચ્છકો વગેરેને પણ સંસ્થા જોવા માટે લઈ જવા એવો શિરસ્તો છે.

તે મુજબ અહીંથી કુલ ૨૭ વ્યક્તિઓ શનિવાર તા. ૧૫ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ બસમાં ચૌપાટીથી સવારના ૬-૦૦ કલાકે રવાના થઈ. આ વખતે ટ્રેનનું ટાઈમ ટેબલ ગોઠવી ન શક્યાં એટલે બસમાં મુસાફરી કરવી એમ ઠરાવવામાં આવ્યું હતું.

રસ્તામાં મહાવીર ધામમાં નૌકારશી પતાવી અમે બધાએ વેડછી તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ઘણા ઉડાણપુલ (Flyover)નું કામ ચાલતું હતું અને ટ્રાફીક પણ વધારે હતો એટલે અમે ૨-૩૦ વાગે વેડછી પહોંચ્યાં.

બસમાં ઉતરતાં જ સ્વરાજ આશ્રમના પ્રમુખ શ્રી ભીખુભાઈ વ્યાસ, શ્રી માધુભાઈ ચૌધરી અને અન્ય સંચાલકોએ અમારું અભિવાદન કર્યું.

વેડછી સંકુલના બાળકો અમારું સ્વાગત કરવા ક્યારના રાહ જોઈને ઊભા હતાં. બાળકોએ ઢોલ નગારા વગાડી, દરેકને કંકુનો ચાંદલો કર્યો અને ગુલાબનું સુંદર ફુલ આપી સ્વાગત કર્યું.

પ્રોગ્રામમાં અગાઉથી સંકુલના વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આમંત્રિત મહેમાનો, પત્રકાર મિત્રો અમારી રાહ જોતા બેઠા હતા. સમારંભના પ્રમુખ શ્રી દિલીપભાઈ ભક્ત બીજા રોકાણને લીધે આવી શક્યાં નહીં. અતિથિવિશેષ શ્રી નારાયણભાઈ દેસાઈ આવીને બીજા કામ અંગે પાછા ગયાં હતાં. તેઓ વ્યસ્ત હોવા છતાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આવવાનું છે તે જાણીને તેઓએ કહ્યું કે હું પાછો આવીશ.

અમને પહોંચતાં મોડું થઈ ગયું હતું તેમજ જમવાનો ટાઈમ થઈ ગયો હતો એટલે પહેલા જમવાને ન્યાય આપવા ભોજન કક્ષમાં બધા ભેગા થયાં. બધાને કકડીને ભૂખ લાગી હતી એટલે બધા સ્વાદિષ્ટ અને ચટપટા ભોજનથી સંતુષ્ટ થયાં.

ભોજન દરમિયાન શ્રી નારાયણભાઈ દેસાઈને સંદેશો મોકલ્યો કે મુંબઈના મહેમાનો આવી ગયાં છે એટલે તેઓ જરાય વિલંબ કર્યા વગર મંચ ઉપર હાજર થઈ ગયાં. સાદગીની સાક્ષાત મૂર્તિ હોય એવું એમનું વ્યક્તિત્વ છે. ગાંધીજીના નિકટના સાથી મહાદેવભાઈ દેશાઈના તેઓ પુત્ર થાય.

કાર્યક્રમની શરૂઆત બહેનોના ગીતથી કરવામાં આવી. સ્વરાજ આશ્રમ, વેડછીના પ્રમુખ શ્રી ભીખુભાઈ વ્યાસે બધાંનું સ્વાગત કર્યું. કાર્યક્રમ મોડો શરૂ થયો એટલે તેને ટુંકાવવો પડ્યો. એમણે કહ્યું કે મુંબઈથી ચેક આપવા આવ્યાં તે એક-બે વ્યક્તિના દાન

નથી પણ અસંખ્ય દાતાઓએ નાની નાની રકમ આપી મોટી રકમ ભેગી કરી તે અમને અહીં આપવા આવ્યાં છે.

મુંબઈથી પધારેલા બધા મહેમાનોનું પૂ. ગાંધીજીનો ફોટો અને પુસ્તકો આપી બહુમાન કરવામાં આવ્યું.

શ્રી નારાયણભાઈએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે જૂના જોગીઓમાંથી ફક્ત હું એક જ જીવતો છું. વેડછીના ભૂતપૂર્વ પ્રમુખ હાલમાં જીવતાં હોત તો તેઓ ચોક્કસ પૂછત કે અહીં લગાડેલા પડદાં ખાદીના છે? તેઓ આ બાબતમાં ખૂબ જ ચૂસ્ત હતા અને ખાદીના ભારે આગ્રહી હતાં. હાલમાં પણ સંકુલમાં છોકરાઓ ખાદીનો ઉપયોગ કરે છે.

આશ્રમનું પુનર્રચના માટે ફંડ આપવા મુંબઈથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યકરો પધાર્યા છે એ આનંદની વાત છે. આશ્રમની પુનર્રચના દાન-રૂપિયાથી થાય પણ આત્માની પુનર્રચના રૂપિયાથી થતી નથી. આત્મા શાશ્વત છે, શરીર નાશવંત છે. આશ્રમનો આત્મા એ જુગતરામભાઈ દવે. વેડછી આશ્રમે ઘણાં તડકા-છાયા સહન કર્યા છે તેની આછી રૂપરેખા શ્રી નારાયણભાઈ દેસાઈએ સંક્ષેપમાં આપી. એમણે ચાર શબ્દોમાં ઘણું કહ્યું. પૂ. ગાંધીજીના આદેશ અનુસાર શ્રી જુગતરામ ચીમનલાલ દવે અને શ્રી ચુનીભાઈ સાંકળેશ્વર મહેતાએ ૧૯૨૬માં વેડછી આશ્રમની સ્થાપના કરી. શ્રી ચીનુભાઈ ખાદી પીંજતાં. ગામડે ગામડે જઈ ખાદી વિદ્યા શીખવતા જ્યારે શ્રી જુગતરામભાઈ શિક્ષણ વિદ્યા શીખવતાં. ખાદી શિક્ષણને ખેંચી લાવી અને શિક્ષણ ખાદીને ખેંચી લાવ્યું. બંને એકબીજાના પૂરક પુરવાર થયાં. વેડછી મુકામે ભારતના મોટા મોટા નેતાઓ, સામાજિક કાર્યકરો આવી ગયાં.

સંઘના સક્રિય કાર્યકર શ્રી નિતીનભાઈ સોનાવાલાએ સંઘના પદાધિકારીઓની ઓળખાણ આપી. સંઘની સ્થાપનાને ૮૦ વર્ષ થયાં. ૭૫ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલે છે અને ૨૫ વર્ષથી સંસ્થાને માટે ફંડ એકઠું કરીએ છીએ. આજ સુધી આશરે રૂપિયા ત્રણ કરોડ પચાસ લાખ જેવી માતબર રકમ એકત્રિત કરીને જુદી જુદી સંસ્થાઓને અર્પણ કરી છે.

સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ પોતાનું પ્રવચન આપવા ઊભા થયાં. તેઓ હંમેશાં રમૂજમાં ઘણું કહેતા હોય છે. એઓની એ આગવી શૈલી છે. સમારંભમાં મોડા પડ્યાં એટલે એઓશ્રીએ બધાની માફી માંગી. આ ધરતી ઉપર કેવા કેવા મહાનુભાવોના પગલાં પડ્યાં છે તેથી આ ધરતીની ચપટી ધૂળને માથે ચડાવું છું. અમારા મંત્રી શ્રી ધનવંતભાઈએ કહ્યું કે તમે થોડું બોલો એટલે હું ઊભો થયો. બાકી મારી ઉંમર ૮૮ વર્ષની. આ ઉંમરે મારે શું બોલવાનું હોય. એમણે કહ્યું કે ભારતમાં ૯૭ કરોડ ભારતીય છે તેમાંથી ૩ કરોડ ઈન્ડિયન છે. આ ૩ કરોડનો ઉકેલ આવી જાય તો ભારત માલામાલ થઈ જાય. નહીંતર હાલ હવાલ થઈ જવાના છે. શ્રી નરેન્દ્ર મોદી જેવા નેતા ગુજરાતને મળ્યાં છે તે જો પાંચ વરસ પસાર કરી નાંખશે તો ગુજરાતની કાયાપલટ કરી નાંખશે એમાં બે મત નથી.

સંઘના મંત્રી શ્રી ધનવંતભાઈએ મંચ ઉપર બીરાજમાન મુંબઈથી પધારેલાઓની ઓળખાણ આપી. અમારા કમિટિના સભ્યો ઉપરાંત દાતાઓ પણ અહીં આજે પધાર્યા છે. એમણે કહ્યું કે અમારા સદ્‌ભાગ્ય કે શ્રી નારાયણભાઈ દેસાઈને સાંભળવાનો મોકો મળ્યો. ૧૯૫૫માં એમને મેં સાંભળ્યાં હતાં અને આજે આટલા વર્ષ પછી પણ એ જ ખુમારીથી સાંભળ્યાં. અમે આ ધરતી ઉપર ક્યાંથી? જ્યાં પૂજ્ય ગાંધીજીના પગલા, જુગતરામ દવેનું તપ એવી ધરતી ઉપર અમારું આગમન થયું એ અમારું સૌભાગ્ય કહેવાય. બે વરસ પહેલા અમે સ્વરાજ આશ્રમ, વેડછી જોવા આવ્યાં હતાં પણ ત્યારે અમારું મન માનતું ન હતું. પણ આ ધરતી અમને બોલાવતી હશે-પોકારતી હશે એટલે અમે ફરીથી અહીં મુલાકાતે આવ્યાં. શ્રી ભીખુભાઈ વ્યાસને મળ્યાં અને આશ્રમનો વિકાસ રૂપિયાના અભાવે અટકવો ન જોઈએ એમ સમજી અમે અહીં આર્થિક મદદ કરવા એમના નામની ટહેલ દાતાઓ પાસે નાંખવી એમ ઠરાવવામાં આવ્યું. **જો ચુનીભાઈ મહેતાએ ચરખો લઈને અને શ્રી જુગતરામ દવેએ શિક્ષણની સાધના ન કરી હોત તો કદાચ આ વિસ્તારમાં નક્ષલવાદ પાક્યો હોત. તેમણે મોટા ઉપદ્રવથી આ વિસ્તારને બચાવ્યો છે.**

પર્યુષણના શરૂઆતના ૨/૩ દિવસ અમને કંઈ પણ ફાળો આવ્યો નહીં. બધાને એમ કે કોણ જુગતરામ દવે. ક્યાં વેડછી. શ્રી ભીખુભાઈ વ્યાસ પણ આવેલા. તેમણે વેડછીની માહિતી આપી. રવિવાર તા. ૫-૯-૨૦૧૦ના રોજ ડૉ. ગુણવંતભાઈ શાહે વેડછી બાબત ટકોર કરી અને દાન આપવા માટે આગ્રહ કર્યો. ત્યારથી રોજ ટંકશાળ પડવા મંડી. જોતજોતામાં ચમત્કાર થયો અને ૨૮ લાખનો આંકડો પાર કર્યો અને અમારા જીવમાં જીવ આવ્યો. આ બધાના અધિકારી આપ સૌ છો. અમારા પ્રમુખ શ્રી રસિકભાઈએ કહ્યું કે ૩ કરોડ ઈન્ડિયન છે એટલે કે ૩ કરોડ નેતાઓ અને સરકારી અમલદારો છે. એમનો ઉકેલ આવી જાય તો તરત જ ભારતનો ઉકેલ આવી જાય.

અસંખ્ય શુદ્ધ આત્માઓનું ઘડતર આ આશ્રમમાં થયું છે. એમણે ફૂલની સુગંધ પ્રસરાવી છે. ફૂલનો હાર બને અને ફુલનો ગુચ્છો પણ બને છતાં ફૂલની સુગંધ જતી નથી. તેમ શ્રી જુગતરામ દવેએ સુગંધ પ્રસરાવી છે તે તમે જ્યાં જશો તે તમારી સાથે જ રહેશે. છતાં જમાના પ્રમાણે બદલાવ લાવવાની તાતી જરૂર છે. મંથન અપંગ કન્યા સેવા સંકુલ-હાજીપુરના ટ્રસ્ટીઓ સર્વશ્રી નીરૂબહેન રાવલ અને ગિરીશભાઈ પટેલ આવેલા. અમે એમનો પ્રોજેક્ટ ૨૦૦૧ની સાલમાં લીધો હતો છતાં તેઓ દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળામાં (પાટકર હૉલમાં) અચૂક એક દિવસ હાજરી પુરાવી જાય છે અને જ્યારે ચેક અર્પણ વિધિ ક્યાંય પણ હોય તેઓ પોતે હાજર થઈ અમારો ઉત્સાહ વધારે છે. અમે તેમના ખૂબ આભારી

છીએ.

તેવી રીતે અમે ડાંગ સ્વરાજ આશ્રમનો પ્રોજેક્ટ ૨૦૦૫માં લીધો હતો તેના કાર્યકર્તાઓ સર્વશ્રી ઘેલુભાઈ નાયક, ગુણવંતભાઈ પરીખ અને ગાંડાલાલ પટેલ પણ પ્રોગ્રામમાં હાજર હતાં એ માટે અમે તેમનો આભાર માનીએ છીએ.

અમે વેડછી મોડા પહોંચ્યા અને તેથી સંકુલ જોવામાં કંજુસાઈ કરી. છતાં પણ અગત્યના સ્થળ રાનીપરજની આંખ (જુગતરામ દવેનું સ્મૃતિભવન) તેમ જ જુગતરામ દવેનું નિવાસ સ્થાન (પ્રાચી) માં ફરીને ઘણું બધું જોવા મળ્યું. અહીંની મુલાકાતે ભારતના ધુરંધર નેતાઓ આવી ગયા છે તેના ફોટાઓ જોઈને ઘણો જ આનંદ થયો. અમને મુંબઈ જવા માટે મોડું થતું હતું છતાં પણ ચા-પાણીને ન્યાય આપ્યા વગર કેમ નીકળાય? મુંબઈ જતાં પહેલાં વાલોદ ગામે સુંદર દેરાસરમાં બધાએ દર્શન કર્યા. આપણા આજીવન સભ્ય શ્રી પુષ્પકાંતભાઈ ઝવેરીનું આ ગામ છે.

આભારવિધિ વગર પ્રોગ્રામ અધુરો લાગે. વેડછી આશ્રમના ટ્રસ્ટી શ્રીમતી મધુબહેન ચૌધરીએ મુંબઈથી પધારેલા બધા મહેમાનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. એમણે કહ્યું કે મુંબઈથી પધારેલા મહેમાનોએ અમારું આંગણું પવિત્ર કર્યું છે. અમે એમના ઋણી છીએ. પ્રોગ્રામમાં બહારગામથી આવેલા મહેમાનો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ પત્રકાર મિત્રોનો પણ આભાર માન્યો હતો.

ગુજરાત મિત્ર-સુરતની તા. ૨૫-૧-૨૦૧૧ની આવૃત્તિમાં શ્રી સૌભાગચંદ ચોકસી લખે છેઃ

''તા. ૧૫-૧-૨૦૧૧ના રોજ વેડછી આશ્રમ ખાતે, તેના ઉદ્દેશોને સ્વયં પ્રેરણાથી સહાયરૂપ થવા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈએ રૂપિયા અઠ્ઠાવીસ લાખની માતબર સહાયનો ચેક અર્પણ કરી, એક નવી કેડી રચી. ધ્યાન આકર્ષક બાબત એ હતી કે સંઘના વયસ્ક કાર્યકર્તાઓ, પ્રમુખશ્રી રસિકભાઈ શાહ અને માનદ્‌મંત્રી ડૉ. શ્રી ધનવંત શાહ અને ત્રીસ સાથીઓએ આ સહાય માટે સ્વેચ્છાથી ફાળો એકત્ર કર્યો હતો. મુંબઈથી વેડછીનો કષ્ટદાયક, પણ પ્રસન્નતાથી પ્રવાસ કરી, વંચિત વર્ગની અત્યંત કાર્યદક્ષ, પછાત વિસ્તારની સંસ્થાને પસંદ કરી, વિના શરતે તે સહાય અર્પણનો ચેક, કાંઈપણ અહોભાવ રાખ્યા સિવાય સમર્પણ કર્યો, તે અત્યંત પ્રેરણાદાયક બાબત છે. વધુ નોંધનીય બાબતો એ છે કે, આ સંઘ પ્રત્યેક વર્ષે ન્યાત જાતના ભેદભાવ વિના પછાત વિસ્તારની એક સંસ્થાને, તેના શિક્ષણ, વિકાસના, કાર્યોની ગુણવત્તાનું પરીક્ષણ કરી, પસંદ કરી માતબર સહાય સ્થળ ઉપર જઈ અર્પણ કરે છે, તે અત્યારના સમયમાં વિરલ છે. વેડછીમાં સહાયકર્તાઓનું સમયોચિત હાર્દિક સ્વાગત, વેડછી સ્વરાજ આશ્રમના પ્રમુખશ્રી ભીખુભાઈ વ્યાસ અને સાથીઓએ રૂડી રીતે કર્યું હતું. પ્રસંગને ચાર ચાંદ લગાવાય તેમ, વેડછી જ વસવાટ કરતા, ઋષિતુલ્ય નમ્ર સેવક ગાંધી કથાકાર, શ્રી નારાયણ દેસાઈએ રૂબરૂ પધારી સમારંભમાં યથોચિત આશિર્વચન આપ્યા હતા. સમગ્ર સમારંભમાં પૂજ્ય સ્વ. જુગતરામ દાદા જેમણે ૮૦ વર્ષમાં તપસેવાથી વનરાઈમાંથી ભવ્ય વડલો બનાવેલી સંસ્થાની પ્રગતિથી પ્રચ્છન રીતે, તેઓ સંતોષથી આનંદીત થતા હશે તેવી લાગણી સર્વએ અનુભવી હતી. સાથોસાથ આદિવાસી વિસ્તારમાં અસંતોષની આગ અટકાવવી હોય તો આવા સેવા કાર્યથી જ પ્રાથમિક રીતે વિકાસ થઈ શકશે, તેની સર્વેએ નોંધ લેવી જરૂરી છે. આવા સેવા કાર્ય કરતા તમામ સર્વકોઈને લાખ, લાખ વંદન.

શ્રી ભીખુભાઈ વ્યાસ અને સાથીઓ અત્રે અને ધરમપુરમાં આવી સેવા અવિરત કરતા રહે તેવી અભ્યર્થના.''

અમે બધા મુંબઈ તરફ સાંજના ૭-૦૦ કલાકે વાલોદથી રવાના થયાં. રસ્તામાં ટ્રાફીકની કોઈ સમસ્યા ન હતી એટલે અમે વિના વિઘ્ને રાતના ૧-૦૦ વાગે બધા ઘરે પહોંચ્યાં. A./C. બસ હતી એટલે મહેમાનોને થોડી રાહત હતી. એકંદર અમારો પ્રવાસ સુખરૂપ રહ્યો. બધાએ પ્રેમપૂર્વક માણ્યો એનો અમને સંતોષ છે.

✷✷✷

શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ યોજના ચાલે છે. જેમાં લગભગ ૧૦૦ થી ૧૨૦ બહેનોને ૨૦૦ રૂા. સુધીનું અનાજ દર મહિને આપીએ છીએ. જેમાં તેઓને ૩ કિલો ઘઉં, ૨ કિલો ચોખા, ૦।। કિલો તેલ વગરની તુવેર દાળ, ૦। કિલો મગ, ૦। કિલો મોગરદાળ, ૦।। કિલો સાકર-એ પ્રમાણે અપાય છે. આ માટે એક દાણાવાળાની દુકાન નક્કી કરી છે જે આ પ્રમાણેના પેકેટ તૈયાર રાખે. અમે ત્રણ બહેનો-ઉષાબેન શાહ, પુષ્પાબેન પરીખ અને હું-દર બુધવારે ૨-૩૦ થી ૪ સુધી જૈન ક્લિનિકના ઑપીડીના નીચેના બેન્ચીસ પર બેસીએ છીએ. આ માટેના કાર્ડ બનાવ્યા છે. રેશનકાર્ડ જોઈને તેમજ બરાબર વિગત તપાસીને અનાજ આપવાનું નક્કી કરીએ છીએ. એક વ્યક્તિને બે વરસ સુધી અનાજ આપીએ છીએ.

આપણું આ કાર્ય જોઈને કોઈ કોઈ દાતા અમારા દ્વારા દવાની મદદ કરે છે. સ્કોલરશિપ આપે છે. નોટબુક આપીએ છીએ. કપડાં આપી જાય છે જેની વહેંચણી અમે કરીએ છીએ. દિવાળીમાં કોઈવાર સાડી, તો કોઈવાર ટુવાલ, તો કોઈવાર ચાદર-એમ નવું જ લઈને આપીએ છીએ. અનાજ આપવા સાથે સાથે આ બધી પણ મદદ થાય છે એટલે આ યોજનામાં જો આપ સહભાગી બનો તો અનાજ તો અપાય સાથે સાથે બીજી રીતે પણ ઉપયોગી બની શકો.

તમારા જન્મદિન નિમિત્તે કે લગ્નદિન નિમિત્તે કે તિથિ નિમિત્તે પણ આ યોજનામાં આપ સહભાગી બની શકો છો.

કહેવાય છે ને કે અન્નદાન એ શ્રેષ્ઠદાન છે.

□ રમા વિનોદ મહેતા

જયભિખ્ખુ જીવનધારા : ૨૫

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક 'જયભિખ્ખુ'ના શૈશવ અને યૌવનકાળના સ્મરણો પછી હવે આલેખાય છે એમની યુવાનીની સંઘર્ષગાથા. જીવનના અમુક તબક્કે જીવનનો રાહ અને ધ્યેય નિશ્ચિત કરવા જરૂરી હોય છે અને એ રીતે 'જયભિખ્ખુ'ના જીવનધ્યેયની વાત કરવામાં આવી છે આ પચીસમા પ્રકરણમાં]

આદર્શનો કંટકછાયો પંથ

દેશ-વિદેશમાં જૈન ધર્મ અને જૈનદર્શનનો પ્રચાર-પ્રસાર કરી શકે એવા તેજસ્વી પંડિતો તૈયાર કરવાની નેમ સાથે ગ્વાલિયર પાસે શિવપુરીના ઘનઘોર જંગલોની વચ્ચે જૈન ગુરુકુળમાં જયભિખ્ખુ અભ્યાસ કરતા હતા. શિવપુરી ગુરુકુળની 'તર્કભૂષણ' પદવી એમણે પ્રાપ્ત કરી અને એ પછી કૉલકાતા સંસ્કૃત એસોસિએશનની 'ન્યાયતીર્થ'ની પદવી મેળવવાનો વિચાર કર્યો. એ સમયે 'ન્યાયતીર્થ'ની પરીક્ષા કૉલકાતા શહેરમાં લેવાતી હતી. આથી શિવપુરીથી કૉલકાતા સુધી વિદ્વાન સાધુ-મહારાજોની સાથે જયભિખ્ખુએ પગપાળા પ્રવાસ ખેડ્યો અને પરીક્ષા આપવા માટે ત્યાંની કેનિંગ સ્ટ્રીટમાં ઊતર્યા.

આ પ્રવાસમાં સાધુ-મહારાજો સાથે હોવાથી સ્વાધ્યાય સતત ચાલતો હતો અને આપોઆપ સત્સંગ જામતો હતો. બીજી બાજુ ઘનઘોર જંગલોની વચ્ચેથી પસાર થતાં યુવાન જયભિખ્ખુનો પ્રકૃતિપ્રેમ રોમાંચિત થઈ ઊઠતો. ઉજ્જડ ખેતરોને છેડે આવેલી ક્ષિતિજને એકીટસે નિહાળતા હતા. રસ્તામાં આવતી ઘૂઘવતી નદીઓના ઘૂઘવાટને સાંભળીને થોડી વાર થંભીને પ્રકૃતિસંગીત માણતા તો પર્વત પરથી કલકલ નાદે ઝૂમઝૂમ ઊતરતા ઝરણાનું મીઠું ગીત સાંભળવા ઊભા રહી જતા. આ પ્રવાસમાં ચોર, ધાડપાડુ અને બહારવટિયાઓનો ભેટો થયો અને જંગલી પ્રાણીઓનો સામનો કરવાનો પણ વખત આવ્યો.

પ્રકૃતિપ્રેમી જયભિખ્ખુનું ચિત્ત તો પગપાળા પ્રવાસની સઘળી આપત્તિઓ વીસરીને કુદરતની કળામય લીલા જોવામાં તલ્લીન બની ગયું. ક્યારેક ઘનઘોર જંગલો વચ્ચેથી પસાર થતાં પોતાના પ્રિય ગ્રંથ 'સરસ્વતીચંદ્ર'માં આવતાં જંગલોનાં વર્ણનનું સ્મરણ થતું, તો ક્યારેક વળી કોઈ ગાંધીવિચાર મનમાં ઊઠતો અને ઘેરી વળતો. પારાવાર આપત્તિઓ વેઠીને જયભિખ્ખુ કૉલકાતા પહોંચ્યા અને અહીં આવીને એમણે 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપવા માટે તૈયારી કરવા માંડી. આને માટેની પૂર્વતૈયારીઓ તો શિવપુરીના ગુરુકુળમાં કરી હતી, આથી હવે તો માત્ર પરીક્ષા પૂર્વે કરેલા અભ્યાસને આખરી ઓપ આપવાનો હતો.

આ સમયે ભાવિ જીવનના નકશા માટે એમના ચિત્તમાં અનેક પ્રકારની ગડમથલો ચાલતી હતી. હવે અભ્યાસ પૂર્ણ થવા આવ્યો હતો અને આજીવિકા માટે વાસ્તવ જગતના ચોકમાં ઊભા રહેવાની વેળા આવી હતી. ધર્મદર્શનના અભ્યાસે વ્યક્તિગત જીવનમાં સાત્ત્વિકતાની સુખડગંધી સુવાસ આપી હતી. હવે એ સુવાસની મહેક કર્તવ્યના માર્ગે વેરવાની હતી. વળી સ્થિતિ પણ એવી અનિવાર્ય હતી કે હવે જિંદગીમાં કોઈ ને કોઈ માર્ગ પસંદ કરવો જ પડે. એમના ચિત્તમાં કેટકેટલાય વિચારો જાગી ઊઠ્યા.

પહેલો વિચાર તો એ આવ્યો કે જે હેતુપ્રધાન શિક્ષણ લીધું, એના હેતુને સાર્થક કરવો. પરંતુ મન આને માટે બહુ ઉત્સુક નહોતું. ગુરુકુળના વાતાવરણમાં પાછલાં વર્ષોમાં એમના જીવને બહુ ગોઠતું નહોતું. વૈચારિક લક્ષ્મણરેખાઓ એમના મુક્ત મિજાજને રોકતી અને રૂંધતી હતી, પરંતુ એથીય વિશેષ ગંભીર-દાર્શનિક વિષયોની વિચારધારાનું ચિંતન કરવાને બદલે યુવાન જયભિખ્ખુને માનવસ્વભાવની વિવિધરંગી છટાઓ જોવી, જાણવી, માણવી અને શબ્દરૂપે આલેખવી વધુ ગમતી હતી. એમાં પણ પ્રારંભકાળે લખેલી પુસ્તિકાઓએ એમના ભીતરમાં રહેલી સુષુપ્ત સર્ગશક્તિને સંકોરી હતી. મનમાં થયું કે કવિ નર્મદની જેમ કલમને ખોળે માથું મૂકી દઉં તો કેવું ?

આ વિચારની વિરુદ્ધ બંડ પોકારતાં એમનું મન બોલી ઊઠતું કે પાછો વરસોડા જાઉં અને રાજની નોકરીમાં જોડાઈ જાઉં. પિતાની પ્રતિષ્ઠા ઘણી ઊંચી હતી, આથી નોકરી મેળવવાનું મુશ્કેલ નહોતું. પોતાની આસપાસના જૈન સમાજમાં જયભિખ્ખુએ જોયું હતું કે બધા અભ્યાસ પૂર્ણ કરીને અંતે તો કોઈ ને કોઈ વેપારમાં જોડાતા હતા. વૈશ્ય પુત્ર સહેલાઈથી વેપાર તરફ ખેંચાય. વળી કુટુંબની રાખ-રખાપત જાળવવા માટે સારી એવી આવકની જરૂર હતી અને એને માટે વેપાર એ જ એકમાર્ગી રસ્તો હતો. મનમાં લક્ષ્મી અને સરસ્વતી વચ્ચે દ્વંદ્વ જાગ્યું. એક બાજુ આજીવિકા અને જવાબદારી એમને લક્ષ્મીપ્રાપ્તિ ભણી ખેંચતી હતી, તો બીજી બાજુ સાહિત્યની સૃષ્ટિ અને હૃદયનો આનંદ એમને સરસ્વતી-ઉપાસના પ્રત્યે આકર્ષતા હતા. વિચારવલોણું ઘણું ચાલવા લાગ્યું.

થોડો સમય એમ પણ થયું કે ગુરુકુળના શિક્ષણને કારણે પાઠશાળાના માસ્તર બનવાની તક હાથવગી છે. ક્યાંક માસ્તર બનીને બેસી જાઉં. ન કોઈ ઝંઝટ ન કશી દોડાદોડી. સાવ સાદું જીવન,

પણ યુવાન અને સાહસિક જયભિખ્ખુને આવું જીવન તો સહેજે પસંદ નહોતું.

આવા સંકલ્પ-વિકલ્પો વચ્ચે ઝૂલતા એમના મન સમક્ષ પોતાના આદર્શમૂર્તિ 'સરસ્વતીચંદ્ર'ના મહાન સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની છબી ખડી થઈ. એ ગોવર્ધનરામે કરેલા ત્રણ સંકલ્પોનું સ્મરણ થયું. યુવાન ગોવર્ધનરામે પ્રથમ સંકલ્પ એ કર્યો હતો કે એલએલ.બી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને મુંબઈમાં વકીલાતનો ધંધો માંડવો. બીજો સંકલ્પ એ હતો કે કદી કોઈની નોકરી કરવી નહીં અને ત્રીજો એ સંકલ્પ હતો કે લગભગ ચાલીસમા વર્ષે નિવૃત્ત થઈને બાકીની જિંદગી સાહિત્યની સેવામાં અને સાહિત્ય દ્વારા જનસેવામાં ગુજારવી. (અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા : ભાગ :૩, પૃ. ૭, લે. ધીરુભાઈ ઠાકર)

બસ, એ મહાન સર્જકના સંકલ્પો યુવાન જયભિખ્ખુના ચિત્તમાં ઘૂમવા લાગ્યા. જેમની અમર સાધનામાંથી વિચારોનું અને આદર્શોનું અક્ષયપાત્ર મળ્યું છે, તેને આચરણમાં મૂકવાનો સમય આવી ચૂક્યો હતો. નોકરી નહીં કરવાની પ્રતિજ્ઞાને કારણે ગોવર્ધનરામને પાછળની જિંદગીમાં આર્થિક સંકડાશ અનુભવવી પડી હતી, પણ એની એમણે ક્યાં કદી પરવા કરી હતી? એમણે તો નિર્ધાર પ્રમાણે મુંબઈ ધીકતી કમાણી આપતી વકીલાત છોડી દીધી હતી. ઊંચા પગારે કચ્છના દીવાન થવાની દરખાસ્તનો પણ અસ્વીકાર કર્યો હતો અને નડિયાદમાં આવીને સાહિત્યોપાસનામાં ડૂબી ગયા હતા. જયભિખ્ખુના ચિત્તમાં સરસ્વતીચંદ્રની વિદ્યાપરાયણતા જાગી ઊઠી અને પોતાના આદર્શ અનુસાર મા શારદાની સેવા–ઉપાસના કરી હવેનું જીવન ગાળવાનો દૃઢ નિર્ધાર કર્યો.

આજીવિકા માટેના બીજાં આકર્ષણો ધ્યેય ચલિત ન કરે તે માટે એમણે કેટલાક સંકલ્પો કર્યા. પહેલો સંકલ્પ એ કર્યો કે ક્યારેય નોકરી કરવી નહિ, નોકરીને કારણે ભલભલી વ્યક્તિઓના થતા સ્વમાનભંગને એમણે જોયો હતો. વળી સરસ્વતીનો ભેખ લેવો તો પૂરેપૂરો લઈ જાણવો. નોકરીની જળોજથામાંથી મુક્ત રહેવું. ગોવર્ધનરામે આવું જ કર્યું હતું ને! આમ આ સંકલ્પ કરીને લક્ષ્મીના આકર્ષણનો એમણે યુવાનીના ઉંબરે જ ત્યાગ કર્યો. પિતા વીરચંદભાઈ બાહોશ અને દીર્ઘદૃષ્ટા હતા. લાકરોડા અને વરસોડાના નાના દરબારના કારભારી તરીકે સ્વતંત્ર રીતે કામગીરી કરતા હતા. બુદ્ધિપ્રતિભા એવી તેજસ્વી કે સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હોવા છતાં વીરચંદભાઈ પાસે અદાલતના વકીલો એમની કાયદાકીય સલાહ લેવા આવતા તેમ જ એ પ્રમાણે કેસ લડીને જીત મેળવતા હતા.

પિતાની પાસે સંપત્તિ હતી, કુટુંબમાં સંપ હતો. વ્યવહાર બધા વહાલપના થતા હતા, પરંતુ એ જળવાઈ રહે એ માટે યુવાન જયભિખ્ખુએ આવો સંકલ્પ કર્યો. યુવાન જયભિખ્ખુનું સ્વમાની મન બોલી ઊઠ્યું કે જેમ નોકરી કરવી નથી, એ રીતે પૈતૃક સંપત્તિ લેવી નથી અને પુત્રને આપવી નથી. જીવનમાં સ્વમાનભેર જીવવા માટે સ્વાવલંબન જરૂરી છે.

વળી વિચાર્યું કે હવે તો કલમને આશરે જ જીવવું છે. આપકમાઈ અને જાતમહેનતથી આજીવિકા રળવાની તમન્ના એમના દિલમાં હતી. 'તું તારા દિલનો દીવો થા ને' તે સૂત્ર એમનું જીવનસૂત્ર બની રહ્યું હતું. વળી લગ્ન થઈ ચૂક્યાં હતાં, તેથી એમના શિરે ઘર-ગૃહસ્થીની જવાબદારી પણ હતી. આમ છતાં એવાય દિવસો આવ્યા હતા કે નોકરી નહિ કરવાની પ્રતિજ્ઞા સાત-આઠ વર્ષ થોડી ઢીલી કરવી પડી હતી. ક્યાંક આર્થિક જરૂરિયાતને કારણે મિત્રની સાથે કે એની ઑફિસમાં થોડું લેખનકાર્ય પણ કર્યું. આ નિર્ણયો જયભિખ્ખુના ખમીરની કસોટી કરે એવા હતા, પરંતુ એમાં એમણે એમના જીવનનું સત્ત્વ સિંચ્યું. આમેય સ્વમાન, સાહસ, સાહિત્યકાર બનવાની તમન્ના મૂળથી જ તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલાં હતાં. આથી અંતે ઓછી અને અનિશ્ચિત આવકવાળી લેખકની સ્વતંત્ર કામગીરી પસંદ કરી!

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે ઓછું-વત્તું આપે તેનાથી જીવનનિર્વાહ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો, તે વર્ષ હતું ઈ. સ. ૧૯૩૩નું. આ સમયે તેઓ અમદાવાદ આવીને અહીં સ્થાયી થવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એલિસબ્રિજ વિસ્તારના વી. એસ. હૉસ્પિટલની નજીક આવેલા માદલપુરના પટેલના માઢમાં ભાડેથી મકાન લીધું. માદલપુરના બે ખંડવાળા અને ગારના લીંપણવાળા ઘરમાં સંસાર શરૂ કર્યો.

પોતાનો આ સમયનો અનુભવ વર્ણવતાં જયભિખ્ખુ કહેતા, 'ઊખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું, તેને ઉછેરતાં કાળી કસોટી થઈ, પણ અંતે તેના પર ફૂલ આવ્યાં, એની સુગંધથી મન મહેકી રહ્યું ને લાંબે ગાળે એનાં સુસ્વાદુ ફળ પણ મળ્યાં.'

એ પૂર્વે ૧૯૩૦ના મે મહિનાની તેરમી તારીખે વૈશાખ વદ એકમના રોજ રાણપુરના શેઠ કુટુંબની પુત્રી વિજયાબહેન સાથે એમના લગ્ન થયાં હતાં. મધુર આતિથ્ય અને ઉદાત્ત સંસ્કારની મહેકથી એમનું ગૃહસ્થજીવન ભર્યુંભર્યું બની ગયું. લગ્નસમયે જયભિખ્ખુનું ખાદી પહેરવાનું વ્રત ચર્ચાનો વિષય બન્યું હતું. કોઈએ એ સમયે એમને ટોક્યા પણ હતા, પરંતુ જયભિખ્ખુ એમની વાતમાં અડગ રહ્યા અને જીવનભર ખાદીના વસ્ત્રો પહેરતા રહ્યા.

જયાબહેન પણ સ્વાતંત્ર્યપ્રાપ્તિના આંદોલનના રંગે રંગાયેલાં હતાં. એ સમયે રાણપુરમાં આઝાદીના આંદોલનનો જુવાળ ફેલાયેલો હતો. અમૃતલાલ શેઠનું ફૂલછાબ કાર્યાલય અહીં હતું અને ઝવેરચંદ મેઘાણી અને ગુણવંતરાય આચાર્ય જેવા સાક્ષરો આ કાર્યાલયમાં બેસીને લેખનકાર્ય કરતા હતા. એ સમયે પ્રભાતફેરીઓ થતી અને જયાબહેન એમાં હોંશે હોંશે ભાગ લેતાં. લગ્ન કર્યા બાદ માદલપુર પટેલના માઢમાં રહેવા આવ્યા, ત્યારે જયભિખ્ખુના

પિતરાઈ ભાઈ રતિલાલ દીપચંદ દેસાઈ અને મૃગાવતીબહેન દેસાઈ પણ સાથે રહેતા હતા. આ બંને ભાઈઓ વચ્ચે અતૂટ સ્નેહબંધન હતું.

આ સમયે જયાબહેન માણેકચોકમાં શાક ખરીદવા જતાં અને પૈસા બચાવવા ચાલીને માદલપુર આવતાં હતાં. જયભિખ્ખુ પાસે એક કોટ હતો અને એ સમયે તેઓ જ્યોતિ કાર્યાલયમાં જતા ત્યારે એ કોટ પહેરીને જતા. સાંજે એ પાછા આવે એટલે જયાબહેન કોટ ધુએ, પછી સૂકવે અને સવારે ઈસ્ત્રી કરે અને ફરી સવારે એ કોટ પહેરીને જયભિખ્ખુ જ્યોતિ કાર્યાલયમાં જતા. કોઈ મિત્રે એકાદ વખત ટકોર પણ કરી : 'તમે રોજ એક, ને એક રંગનો કોટ શા માટે પહેરો છો?'

જયભિખ્ખુએ ખુમારીથી ઉત્તર આપ્યો, 'અરે દોસ્ત! શું કરું? એક જ રંગના કાપડના ત્રણ કોટ સિવડાવ્યા છે, તેનું આ પરિણામ છે.'

આ સમયે જયભિખ્ખુ ત્રણ નામોથી જાણીતા હતા. કુટુંબમાં એમનું હુલામણું નામ 'ભીખાલાલ' હતું. સ્નેહીઓમાં તેઓ 'બાલાભાઈ'ના નામે જાણીતા હતા. સાહિત્યક્ષેત્રે એમનું 'જયભિખ્ખુ' નામ લોકપ્રિય બન્યું હતું. આ ઉપનામ એમણે વિજયાબહેનમાંથી 'જય' અને ભીખાલાલમાંથી 'ભિખ્ખુ' લઈને બનાવ્યું હતું. પતિ-પત્ની બંનેનું નામ ધરાવતું આવું બીજું ઉપનામ ગુજરાતી સાહિત્યમાં કોઈ સર્જકનું મળતું નથી. (જુઓ 'તખલ્લુસો', લે. ત્રિભુવન વીરજી હેમાણી)

આ ઉપનામના સંદર્ભમાં સૌરાષ્ટ્રના મજાદર ખાતે યોજાયેલા લેખકમિલનમાં હાસ્યલેખક જ્યોતીન્દ્ર દવેએ તેમની રમૂજી શૈલીમાં કહ્યું, 'અર્ધનારીશ્વર સ્વરૂપની જેમ બાલાભાઈ નામમાં 'બાળા' અને 'ભાઈ'નો એવો સમન્વય સધાયો કે એમણે પોતાનું બીજું નામ પસંદ કર્યું તેમાં પણ આ વાતનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે. એક ડગલું આગળ વધીને રખેને પોતાની પત્નીને ખોટું ન લાગે માટે એમણે ધારણ કરેલ તખલ્લુસ 'જયભિખ્ખુ'માં એમની પત્ની જયાબહેન અને પોતાનું નાનપણનું નામ ભીખાલાલ એ બે ભેગાં કરીને 'જયભિખ્ખુ' બની ગયા!'

એક સમય એવો પણ આવ્યો કે જ્યારે 'જૈન જ્યોતિ' કાર્યાલયમાં જઈને લેખનકાર્ય કરતા જયભિખ્ખુને મહિને એકતાલીસ રૂપિયા મળતા હતા. આ કપરા દિવસોમાં જયાબહેનના આણાના પૈસા પર ઘર ચાલતું હતું. એવામાં જયભિખ્ખુના પિતા વીરચંદભાઈનું અવસાન થયું. આ સમયે ઘણાં સ્વજનોએ જયભિખ્ખુને કહ્યું, 'પિતાની મિલકતમાં તમારો અડધો ભાગ છે તો તમે કેમ લેતા નથી?'

જયભિખ્ખુ આનો માર્મિક ઉત્તર આપતાં કહેતા, 'પિતાની મિલકતમાં ભાગ નથી જોઈતો. એમની આબરૂમાં ભાગ જોઈએ છે.'

એક વડીલે જયભિખ્ખુને ટોણાં મારતાં કહ્યું, 'તમે તમારી વાત જ કરો છો, પણ તમારા પત્નીનો વિચાર કરતા નથી. કોઈ સ્ત્રી આવો ભાગ જવા ન દે.'

ત્યારે જયભિખ્ખુએ વડીલને કહ્યું: 'કોણે કહ્યું કે હું મારી પત્નીનો વિચાર કરતો નથી? પહેલાં તમે એનો વિચાર તો પૂછો ને.' વડીલ કુટુંબના વગદાર મોભી હતી. એમણે જયાબહેનને પૂછ્યું: 'જુઓ પુરુષોની વાત અલગ હોય છે. સ્ત્રીઓ તો ભાગ માગે. મજિયારામાં તો બે ચમચા માટે પણ લડે, ત્યારે તમારે ભાગ નથી લેવો?'

જયાબહેને સ્મિત સાથે હસીને કહ્યું, 'ના, એમની ઈચ્છા એ મારી ઈચ્છા.'

જયભિખ્ખુને ગુજરાતી, હિંદી, અંગ્રેજી કે અન્ય સાહિત્યનો પદ્ધતિસરનો કે સૈદ્ધાંતિક અભ્યાસ કરવાની તક સાંપડી ન હતી એમ માનવામાં આવે છે, પરંતુ આમાં બહુ તથ્ય જણાતું નથી. આ સંદર્ભમાં જયભિખ્ખુ વિશે મહાનિબંધ લખનાર પ્રિ. નટુભાઈ ઠક્કરે નોંધ્યું છે, 'વિજયધર્મસૂરિએ સ્થાપેલ વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં તેમણે જૈન તત્ત્વજ્ઞાન તેમ જ જૈનદર્શનનું અધ્યયન કર્યું. એની સાથે સાથે હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યનો પણ ઠીક ઠીક અભ્યાસ કર્યો છે. શિવપુરીના ગુરુકુળમાં યુરોપીય વિદ્વાનો અભ્યાસ અને નિરીક્ષણ માટે આવે. ડૉ. ક્રાઉઝે નામના વિદુષી તો વર્ષો સુધી આ સંસ્થામાં રહેલાં. એમના સંપર્ક અને સમાગમને કારણે પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કારનો તેમને પરિચય થયો. મધ્યપ્રદેશમાં લાંબો સમય રહેવાને કારણે હિંદી ભાષાનો પણ સારો મહાવરો કેળવાયો. તેઓના પોતાના મત પ્રમાણે તો તેમના ઘડતરમાં ભણતર કરતાં ગુરુજનોની સેવાના બદલામાં મળતી પ્રેમાશિષે, વાચન કરતાં વિશાળ દુનિયા સાથેના જીવંત સંપર્ક અને પુસ્તક કરતાં પ્રકૃતિ દ્વારા મળતી પ્રેરણાએ વધુ ફાળો આપ્યો છે.' (જયભિખ્ખુ: વ્યક્તિત્વ અને વાઙ્મય, પૃ. ૬)

જયભિખ્ખુએ કલમ હાથમાં લીધી અને હૃદયમાંથી આપોઆપ પ્રેરણા જાગી. કિશોરવયમાં એમને લેખનની પ્રેરણા એક બહેન પાસેથી સાંપડી હતી. પોતાની આસપાસના સામાજિક પરિવેશમાં નજરે જોયેલું નારીશોષણ અને એની વેદનાઓ એમની કલમમાંથી શબ્દ રૂપે પ્રગટ થવા માંડ્યાં. બીજી બાજુ ગુરુકુળના દોસ્ત પઠાણ ખાન શાહઝરીને સાહસ અને જિંદાદિલીનો જે રસકટોરો પાયો હતો, એ અંગત અનુભવો રૂપે પ્રગટવા લાગ્યો.

જયભિખ્ખુની કારકિર્દીનો પ્રારંભ પત્રકારત્વથી થયો. બીજા અર્થમાં કહીએ તો પત્રકારત્વ એ એમની આજીવિકાનું માધ્યમ બન્યું. આથી કૉલમલેખક તરીકે એમણે 'જૈનજ્યોતિ'માં લેખો લખવાના શરૂ કર્યા. જોકે એમને પ્રથમ મજબૂત સાથ મળ્યો 'રવિવાર'ના તંત્રી ઉષાકાન્તભાઈ જ. પંડ્યાનો. એ સમય 'રવિવાર' સાપ્તાહિકનો પ્રારંભકાળ હતો. એના તંત્રી ઉષાકાન્તભાઈ પંડ્યાને લાલ દોરીથી બંધાયેલું નાનકડું બુકપોસ્ટ મળ્યું અને એમાં જયભિખ્ખુએ લખેલું 'રસપાંખડીઓ' નામનું કૉલમ મળ્યું.

આ કૉલમની સુવાસ તંત્રીને ગમી જાય છે. ઉષાકાન્તભાઈ 'રવિવાર' સાપ્તાહિકના દિવાળી અંકમાં આ લેખ પ્રગટ કરે છે. વિશેષ તો એને સચિત્ર બનાવીને અંકના પ્રથમ પાને પ્રકાશિત કરે છે. એ સાથે ઉષાકાન્તભાઈ જયભિખ્ખુને 'રવિવાર'ના કાયમી લેખક તરીકે સ્નેહભર્યું નિમંત્રણ પાઠવે છે અને તેનો જયભિખ્ખુ સહર્ષ સ્વીકાર કરે છે. એ પછી ૧૯૩૭માં શ્રી ઉષાકાન્ત જ. પંડ્યા 'કિસ્મત' સામયિકનું પ્રકાશન કરે છે.અને 'કિસ્મત'માં પણ જયભિખ્ખુના અધ્યાત્મજ્ઞાન વિષયક લેખો પ્રગટ થતા રહે છે.

વિશેષ તો જયભિખ્ખુના વ્યક્તિત્વમાં એક આકર્ષણ હતું અને જયાબહેનના આતિથ્ય સત્કારમાં ભાવનાની ભીનાશ થતી. તેને પરિણામે તંત્રી ઉષાકાન્ત પંડ્યા સાથેનો સંબંધ એમના કુટુંબ સાથે પણ જોડાઈ ગયો અને ઉષાકાન્તભાઈ અને કપિલાબહેન જયભિખ્ખુનાં કુટુંબીજનો બની ગયાં. એક વાર લગ્નનિમિત્તે જયભિખ્ખુ પરિવાર સહિત જૂનાગઢ પાસે આવેલા કેશોદ ગામમાં ગયા હતા. સમકાલીન સર્જકોથી જયભિખ્ખુ ઉષાકાન્તભાઈને ઘણી રીતે જુદા પ્રકારના સર્જક લાગતા હતા. જયભિખ્ખુ એમના જીવનનું સત્ત્વ કલમ અને વર્તનમાં સુપેરે પ્રગટાવી શક્યા હતા તેવું તેઓ અનુભવતા હતા. જયભિખ્ખુના વ્યક્તિત્વ, સૌજન્ય અને પ્રારંભિક સર્જનથી આકર્ષાયેલા ઉષાકાન્ત જે. પંડ્યા લખે છે – '' 'શ્રી જયભિખ્ખુ' આજના લેખકોથી જીવનમાં ઘણી રીતે જુદા પડતા હતા. એમાં અગત્યની 'રીત' એ હતી કે તેઓ જે લખતા, જે સિદ્ધાંતો અને આદર્શોનું પ્રતિપાદન કરતા, તેને જીવનમાં પણ ઉતારી શક્યા હતા. જ્યારે ઘણા લેખકો અને સાહિત્યકારો પોતાના લેખન તથા વાણી કરતાં વર્તનમાં મોટે ભાગે 'જુદા' પડતા હોય છે તે હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. આજનું નવલકથા-સાહિત્ય કેવળ અર્થલાભ માટે જ લખાતું હોય એમ નથી લાગતું ? આજે તે હલકી કોટિનો વ્યવસાય બની ગયું છે, જ્યારે શ્રી જયભિખ્ખુ માનવતાનો આદર્શ સામે રાખીને પોતાનાં પાત્રોનું સર્જન કરતાં. એમના પાત્રો 'સજીવ' ને 'આદર્શ' એટલા માટે જ હતાં. સર્વધર્મ-સમન્વયની માત્રા એમનાં પાત્રોમાં દેખાતી. સમાજ અને સંસારના શબ્દચિત્રો પણ શ્રી બાલાભાઈ એવી સુરેખતાથી દોરતા કે એમની કલાનો કસબ વાચકના અંતરને સ્પર્શી જતો.'' (જયભિખ્ખુ ષષ્ટિપૂર્તિ સ્મરણિકા, પૃ. ૧૬૭)

સૌથી મહત્ત્વની વાત તો એ બની કે 'રવિવાર' સાપ્તાહિકનો નિયમિત પુરસ્કાર સર્જકને માટે મોટી મૂડી સમાન બની રહ્યો.

(ક્રમશ:)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૩)

પૂજા સંગ્રહ જૈન સંઘનો એક અદ્‌ભૂત ગ્રંથ છે. અનેક મહાપુરુષોની રચેલી પૂજાઓનો તે સંગ્રહ છે. આ પૂજાઓની જેમણે રચના કરી તે મહાપુરુષોએ પૂજાની રચના કરતી વખતે પોતાની શ્રદ્ધા, આસ્થા, વિશ્વાસ એટલા મજબૂત કરેલા છે કે ન પૂછો વાત. તે દુનિયાનો ઉત્તમ દાખલો છે. આ મહાપુરુષો શ્રદ્ધાળુ હતા. એમણે ક્યાંય પ્રમાદ નથી સેવ્યો. જે જે વિષયોમાં પૂજા રચી તે તમામ પૂજાઓ તેમણે સંપૂર્ણ બનાવી દીધી. ઉદાહરણ તરીકે, બારવ્રતની પૂજા હાથમાં લો તો તમને બધું જ વિગતવાર અને સંપૂર્ણ જાણવા મળશે. પિસ્તાળીસ આગમની પૂજા લો તો તેમાં આગમો વિશે બધું જ જાણવા મળશે. ચોસઠ પ્રકારી પૂજા લો તો તેમાં કર્મો વિશે બધું જ જાણવા મળશે.

આ મહાપુરુષોની શ્રદ્ધાનો આધાર જિનેશ્વર ભગવાન છે. જગતની સાત અજાયબી કરતાં સૌથી મોટી અજાયબી જૈન ધર્મમાં જોવા મળે છે. જે આત્મા દેખાતો નથી તેને જિનેશ્વર ભગવાનનો ધર્મ કર્મમુક્ત બનાવી દે છે. આ કેવો મોટો ચમત્કાર છે ! આ ચમત્કાર જૈન ધર્મ કરે છે. સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌તપની શ્રેષ્ઠ આરાધના કરીએ તો આત્મા નિર્મળ બની જાય.

મનુષ્ય નાશ પામે છે પરંતુ કલા અને સાહિત્ય નાશ પામતા નથી. જે બીજાના ભલાની વાત કરે છે તેની વાત ટકે છે.

તમે સૌ સંસારથી થાકી ગયા છો પરંતુ સંસારથી કંટાળી ગયા નથી. જો સંસારથી કંટાળી ગયા હોત તો ક્યારના ય ચારિત્રના માર્ગે નીકળી ગયા હોત.

વિનયનો ઉત્તમ દાખલો ભગવાન ગૌતમસ્વામી છે. પ્રભુ મહાવીરસ્વામીના મુખમાંથી વેણ નીકળે કે તરત જ તેને અનુસરવા શ્રી ગૌતમસ્વામી તૈયાર થઈ જાય. શ્રી ગૌતમસ્વામીએ દીક્ષાના પહેલા દિવસે ત્રણ પ્રતિજ્ઞા લીધી.

૧. જ્યાં સુધી મને કેવળજ્ઞાન નહીં થાય ત્યાં સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરીશ.
૨. જ્યાં સુધી મને કેવળજ્ઞાન નહીં થાય ત્યાં સુધી પ્રભુ માટે ગોચરી લેવા હું જઈશ.
૩. પ્રભુ જે ઉપદેશ આપશે તે સંઘને અને શિષ્યોને હું સૂત્રરૂપે શીખવાડીશ.

વિનય અને ભક્તિની આવી પરાકાષ્ઠા વિશ્વમાં અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

એ યાદ રાખો કે કેવા કેવા નિકાચિત પાપો હોય છે તેની તમને હજુ

પૂરી ખબર નથી. વ્યક્તિના જીવનમાં સમજણનો ઉદય થાય ત્યારથી ધર્મનો પ્રવેશ થઈ જવો જોઈએ. કર્મ કોઈ પણ વ્યક્તિને ઉદયમાં આવી શકે. દેવાનંદા માતાને પુત્ર શ્રી મહાવીરસ્વામીનો ૪૬ વર્ષનો દીર્ઘકાલીન વિયોગ થયો. કેમ? આગલા ભવમાં બાંધેલું પાપ. દેરાણીએ જેઠાણીનો હાર ચોરી લીધો. સોનાની માયા. એક નાનકડા લોભને કારણે બંધાયેલું પાપ. તીર્થંકર પરમાત્માનો આત્મા જેના ઘરે પધારે તે સ્ત્રી સામાન્ય ન હોય. દેવાનંદા સામાન્ય સ્ત્રી નથી. તે સતી છે, ગુણવાન છે. પણ કર્મ કોઈને છોડતું નથી. એટલે દેવાનંદા પણ તેનાથી મુક્ત રહી શકે નહીં પણ તે જ્યારે જાણે છે કે પ્રભુ મારો પુત્ર છે તે પળે એટલું જ કહે છે કે, ભગવાન, મારે કાંઈ જોઈતું નથી. માત્ર મારા આત્માના કલ્યાણ માટે અમને દીક્ષા આપો.

પ્રભુએ દીક્ષા આપી. ઋષભદત્ત અને દેવાનંદા મોક્ષમાં ગયા.

જીવનમાં દૃઢ સંકલ્પ કરો કે ક્યારેય કોઈ પાપ કરીશું નહીં.

(૪)

ધર્મનો માર્ગ શૂરવીરનો માર્ગ છે. એ પંથે ચાલવામાં આત્મશક્તિ જ સહાયક બને છે.

કાદવ અને પાણીની લડાઈમાં કાદવને કંઈ ગુમાવવાનું નથી, પાણીને ગુમાવવાનું છે. પણ પાણી પોતાનું કામ નિષ્ઠાથી કરે છે. પાણી પોતાનો રંગ બતાવે છે. ધીરે ધીરે કાદવ સાફ કરે જ છે. સ્થળ સ્વચ્છ બનાવે છે.

જેમ પાણી ભૂમિ શુદ્ધ કર્યા વિના ન રહે, તેમ જિનેશ્વર ભગવાનની વાણી પણ આત્મા પર ચોંટેલા કર્મના કચરાને સાફ કર્યા વિના રહેતી નથી. અનાદિકાળના કર્મમળને તે ધૂએ છે.

જિનેશ્વરદેવની વાણીનો આ અનન્ય ચમત્કાર છે.

કવિવર 'આંખડી અંબુજ પાંખડી' જેવા ઉત્તમ શબ્દો દ્વારા પ્રભુના નયનોને કમળ સાથે સરખાવે છે. ભગવાનના ગુણને વર્ણવે છે. ભગવાનનું શરીર શેનું બનેલું છે? 'ગુણ લહી ઘડિયું અંગ લાલ રે!'– ભગવાનનો દેહ એટલે ગુણોથી ભરેલો સુવર્ણદેહ!

ધર્મતત્ત્વ સમજવું છે? તો પૂજાઓના અર્થ સમજી જાવ. ફક્ત વાતો કરનારાનું અહીં કોઈ સ્થાન નથી, જે આચરે છે, પાલન કરે છે તેનું સ્થાન છે. ધર્મનો પંથ એટલે સદાચારનો સન્માર્ગ.

શ્રી રત્નાકરસૂરિજી મહારાજની વાત સાંભળી છે ને? તેમની પાસે સુવર્ણ હતું, રત્નો હતા. એક શ્રાવકે જોયા. એ શ્રાવક ખરેખર શ્રાવક હતો. તમારી જેમ વાણિયો નહિ. તમે શ્રાવક બનો. અભિમાન, ઉદ્ધતાઈ, ત્યજો. વિનય, વિવેક કેળવો.

શ્રી રત્નાકરસૂરિજી મહારાજ પ્રવચન કુશળ સાધુપુરુષ હતા. પ્રવચનમાં તેમણે અપરિગ્રહની વાત માંડી. પેલો શ્રાવક! એ ત્યાં હાજર. એ કહે કે મને અપરિગ્રહની વાત સમજાઈ નહીં!

શ્રી રત્નાકરસૂરિજી વાતનો મર્મ પામી ગયા. એમણે સુવર્ણ, રત્નનો ત્યાગ કર્યો. પેલા શ્રાવકે આ પણ જોયું. શ્રી રત્નાકરસૂરિજીએ પુનઃ પરિગ્રહ-અપરિગ્રહની વાત માંડી. પેલો શ્રાવક કહે, 'જી. ગુરુદેવ, મને સમજાયું!'

આ ઘટના પછી શ્રી રત્નાકરસૂરિજીના દિલમાં આગ લાગી ગઈ. એમને ઘોર પસ્તાવો થયો. એમણે 'રત્નાકર પચ્ચીશી'ની રચના કરી. એ હૃદયથી સર્જન પામેલું ગીત છે. આ પંક્તિઓ ગણગણો, તમને અદ્‌ભુત સમજાઈ જશે:

મેં દાન તો દીધું નહીં ને શીયળ પણ પાળ્યું નહીં,
તપથી દમી કાયા નહીં શુભ ભાવ પણ આવ્યો નહીં,
એ ચાર ભેદે ધર્મમાંથી ક ંઈ પણ પ્રભુ નવ કર્યું,
મારું ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું.
હું ક્રોધઅગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડશ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને?
મન મારું માયાજાળમાં મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે.
મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહીં,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહીં,
જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા.
અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ,
ભીંજાય નહિ મુજ મન અરેરે! શું કરું હું તો વિભુ,
પથ્થર થકી પણ કઠણ મારું મન ખરે ક્યાંથી દ્રવે,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ હાર્યો હવે.
ભમતા મહા ભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ! કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરું?

'રત્નાકર પચ્ચીશી'નું દરરોજ ગુંજન કરો. તમારા હૃદય, મન, વાણી પાવન થઈ જશે. ધર્મ પંથે જવાનું ગમશે.

ૐ હ્રીં અર્હમ્ નમઃ મહામંત્ર છે, પવિત્ર મંત્ર છે. તેના ખૂબ જાપ કરો. તેનાથી આત્મા કર્મમુક્ત થાય છે. પ્રભાવક મંત્ર છે. **(ક્રમશઃ)**

ચટપટ–ઝટપટ

''આપણા દેશના ૩૦૦ જેટલા ઉદ્યોગપતિ, બિઝનેસમેનો અને બ્યૂરોક્રેટો દરેક રૂ. ૭૫ લાખથી માંડીને રૂા. ૧ કરોડનો કંપનીને હિસાબે કે દેશને હિસાબે ખર્ચ કરીને આર્થિક પંચાત કરવા સ્વિટ્ઝરલેન્ડના દાવોસ નામના હિલ સ્ટેશને 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ'માં ગયા હતા.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમનો ઉદ્દેશ શું છે? 'ધીસ ફોરમ ઈઝ કમિટેડ ઈમ્પ્રુવિંગ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ.' અર્થાત્ જગતભરની આર્થિક, સામાજિક અને રાજકીય હાલત સુધારવાના પગલાં વિચારવા આ આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઊભું કર્યું છે.''

–'દિવ્ય ભાસ્કર'

જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ–૧૮ : શ્રી પ્રજ્ઞાપના સૂત્ર

❑ ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

(લેખિકા કચ્છી વાગડ સમાજના ગૃહિણી છે. જૈન તત્ત્વજ્ઞાનના વિષય સાથે લાડનૂ વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી અને મુંબઈ યુનિવર્સિટી દ્વારા ડૉ. કલા શાહના માર્ગદર્શન હેઠળ કવિ ઋષભદાસની કૃતિ 'જીવવિચાર રાસ' ઉપર શોધ નિબંધ તૈયાર કરી પીએચ.ડી.ની ડીગ્રી આ વિદૂષી લેખિકાએ પ્રાપ્ત કરી છે.)

(જાન્યુઆરી ૨૦૧૧ના અંકથી આગળ)

(૧) **પ્રજ્ઞાપનાપદ** – આ વિશ્વમાં મુખ્યત્વે બે જ વસ્તુઓ (તત્ત્વ) છે. એક જડ અને બીજું ચૈતન્ય. આ વિશ્વના સર્વ સચરાચર જીવોને દેહ તથા બીજી પુદ્‌ગલ પ્રધાન ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે જડ પદાર્થ છે. તેમાં સજીવતા અર્પનાર તત્ત્વ ચૈતન્ય છે. એ બે તત્ત્વને આપણે જીવ અને અજીવના નામથી ઓળખીએ છીએ. એ જીવ અને અજીવના ભેદ-પ્રભેદનું વર્ણન પ્રથમ પદમાં થયું છે. પ્રથમ અજીવની પ્રજ્ઞાપનામાં અરૂપી અજીવના ૧૦ ભેદરૂપી અજીવના ૫૩૦ ભેદનું રોચક વર્ણન છે. ત્યાર પછી જીવની પ્રજ્ઞાપનામાં સૌ પ્રથમ કર્મથી મુક્ત થઈ ગયેલા સિદ્ધ જીવોનું વર્ણન છે અને ત્યાર પછી સંસારી જીવોનું વર્ણન ઇંદ્રિયોને આધારે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવોના ભેદ–પ્રભેદોનું અલૌકિક વર્ણન કર્યું છે. આવું અદ્‌ભૂત વર્ણન ભાગ્યે જ બીજે પ્રાપ્ત થયું હશે. આ જૈનદર્શનનું એક મૌલિક પ્રરૂપણ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહીં થાય.

(૨) **સ્થાનપદ** – પૂર્વોક્ત જીવોના નિવાસસ્થાનનું પ્રતિપાદન આ પદમાં કરવામાં આવ્યું છે. સિદ્ધ ભગવાન અને સિદ્ધશીલાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. લોકના કયા ક્ષેત્રમાં કયા જીવો રહે છે એનું સુંદર નિરૂપણ થયું છે.

(૩) **બહુવક્તવ્ય પદ** – જીવ અને અજીવનો સંખ્યાની દૃષ્ટિથી અહીં વિચાર કરવામાં આવ્યો છે. દિશા, ગતિ, ઈન્દ્રિય આદિ ૨૭ દ્વારોથી જીવોની સંખ્યાનો અલ્પબહુત્વ બતાવ્યો છે. અજીવનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ અલ્પબહુત્વ બતાવ્યો છે. અંતે આગમનો સૌથી મોટો અલ્પબહુત્વ મહાદંડક–૯૮ બોલનો અલ્પબહુત્વ બતાવ્યો છે.

બહુધા લોકોની માન્યતા હોય છે કે આ જગત એક જ તત્ત્વનું પરિણામ છે. એ માન્યતાનું નિરસન કરીને જીવોની સંખ્યાનું યથાર્થ સ્વરૂપ નિર્દેશ્યું છે. આ પદમાં જીવોના અનેક પ્રકારથી વર્ગીકરણ કરીને અલ્પબહુત્વનો વિચાર કર્યો છે. એની સંખ્યાની સૂચિથી ફલિત થાય છે કે એ કાળમાં પણ આચાર્યોએ જીવોની સંખ્યાનું તારતમ્ય (અલ્પબહુત્વ) બતાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે સ્તુત્ય છે.

(૪) **સ્થિતિ પદ** – જીવ દ્રવ્ય નિત્ય છે પરંતુ એ અનેક પ્રકારની પર્યાયમાં આવ-જા કરે છે તે પર્યાય અનિત્ય છે. માટે કયા પર્યાયમાં કેટલો સમય રહી શકે એનું માપ જેમાં જણાવ્યું છે એનું નામ સ્થિતિપદ છે. નાનામાં નાનો સ્થિતિકાળ ૨૫૬ આવલિકાથી લઈને મોટામાં મોટો સ્થિતિકાળ ૩૩ સાગરોપમનો સંસારી જીવોનો હોય છે.

(૫) **પર્યાયપદ અથવા વિશેષપદ** – જૈન શાસ્ત્રોમાં પર્યાય શબ્દનું વિશેષ મહત્ત્વ છે. એટલે પર્યાય કે વિશેષમાં કોઈ ભેદ નથી. અહીં પર્યાય શબ્દનો જ પ્રયોગ થયો છે. આ પદમાં જીવ અને અજીવ દ્રવ્યોમાં ભેદો અને પર્યાયો (અવસ્થાઓ)નું નિરૂપણ છે. પ્રથમ પદમાં ભેદોનું નિરૂપણ થયું છે પણ એ દરેક ભેદમાં અનંત પર્યાય છે એનું પ્રતિપાદન અહીં થયું છે. અહીં જૈન સંમત અનેકાન્ત દૃષ્ટિનો પ્રયોગ યથાતથ્ય થયો છે.

(૬) **વ્યુત્ક્રાંતિ–વિરહપદ** – આ પદમાં જીવોની ગતિ અને આગતિ પર વિચારણા થઈ છે. નરકાદિ ચારે ગતિમાં એક જીવ આવીને ઉપજે તે પછી બીજો જીવ ત્યાં આવીને ઉપજે તે બંને વચ્ચે કાળનું જે અંતર પડે તેને વિરહ કહે છે. ચારે ગતિઓમાં જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ બાર મુહૂર્તનો ઉપપાત વિરહકાળ અને ઉદ્‌વર્તના વિરહકાળ છે. એ ગતિઓના પ્રભેદોનો અલગ અલગ વિરહકાળ, સોપક્રમ–નિરૂપક્રમ આયુષ્ય વગેરેનું નિરૂપણ થયું છે.

(૭) **ઉચ્છ્વાસપદ** – ૨૪ દંડકોના જીવોના શ્વાસોચ્છ્વાસનું માન આ પદમાં બતાવ્યું છે. આચાર્ય મલયગિરિએ લખ્યું છે કે જેટલું દુઃખ અધિક એટલા શ્વાસોચ્છ્વાસ વધારે થાય છે. જેમ જેમ સુખ વધારે તેમ તેમ શ્વાસોચ્છ્વાસ લાંબા થતા જાય છે. જોકે આ વાત નારકી દેવ માટે યોગ્ય છે. મનુષ્ય તિર્યંચમાં બંધબેસતી નથી.

(૮) **સંજ્ઞાપદ** – વેદનીય મોહનીય કર્મના ઉદયથી જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી જુદા જુદા પ્રકારની જે જે ઈચ્છા થાય તે તે પ્રમાણે જીવ પ્રવૃત્તિ કરે તેનું નામ સંજ્ઞા છે. આ પદમાં ૧૦ પ્રકારની સંજ્ઞાનો ૨૪ દંડકની અપેક્ષાથી વિચાર કરવામાં આવ્યો છે.

(૯) **યોનિપદ** – જીવને ઉત્પન્ન થવાનું સ્થાન યોનિ કહેવાય છે. પ્રસ્તુત પદમાં યોનિનો અનેક દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો છે.

(૧૦) **ચરમપદ** – જગતની રચનામાં કોઈ ચરમ અંતમાં હોય છે તો કોઈ અચરમના અંતમાં નથી હોતું પરંતુ મધ્યમાં હોય છે. આ પદમાં વિભિન્ન દ્રવ્યોનો લોક–અલોક આશ્રિત ચરમ અને અચરમ સંબંધી વિચાર કરવામાં આવ્યો છે.

(૧૧) **ભાષાપદ** – જે બોલી શકાય તે ભાષા છે. જે અવબોધનું કારણ બને છે તે ભાષા છે. ભાષા વિચારોના આદાન–પ્રદાનનું

અસાધારણ માધ્યમ છે. ભાષા શબ્દોથી બને છે. શબ્દ વર્ણાત્મક છે એટલે ભાષાના મૌલિક વિચાર માટે વર્ણવિચાર આવશ્યક છે. કારણકે ભાષા-શબ્દ-વર્ણ અભિન્ન છે. ભારતીય દાર્શનિકોએ શબ્દના સંબંધમાં ગંભીર ચિંતન કર્યું છે. મોટા ભાગના દાર્શનિકો એને આકાશનો ગુણ માને છે. જૈનદર્શન એને પૌદ્‌ગલિક માને છે. જેનું વિસ્તૃત વર્ણન આ પદમાં છે.

(૧૨) **શરીરપદ** – સંસારી જીવોની ઓળખ માટે શરીર મહત્ત્વનું માધ્યમ છે. શરીર એ સંસારી જીવોને રહેવાનું ઘર છે. કોઈ પણ સંસારી જીવ શરીર વગર રહેતો નથી. શરીરને દરેક દાર્શનિક માન્યતા આપે છે. જૈનદર્શન સમ્મત પાંચ પ્રકારના છે-ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ-કોને કેટલાને કયા શરીર હોય એનું વિવરણ અહીં થયું છે.

(૧૩) **પરિણામપદ** – પરિણામ એટલે ભાવોનું પરિણમન. એના બે ભેદ છે. જીવ પરિણમન અને અજીવ પરિણમન. જીવના ગતિ આદિ ૧૦ પરિણામોનો ૨૪ દંડક આશ્રી વિચાર કરવામાં આવ્યો છે. અજીવ પરિણામના ૧૦ ભેદનો પણ વિચાર કર્યો છે.

(૧૪) **કષાયપદ** – જે જીવના શુદ્ધોપયોગમાં મલીનતા ઉત્પન્ન કરે છે તેને કષાય કહે છે. આમાં ચાર કષાયના ૫૨૦૦ ભાગોનું નિરૂપણ છે.

(૧૫) **ઈન્દ્રિયપદ** – પ્રાણી અને અપ્રાણીમાં ભેદરેખા ખેંચનાર ચિહ્ન ઈન્દ્રિય છે. આત્મારૂપી ઈન્દ્રની ઓળખાણ જેનાથી થાય તે ઈન્દ્રિય છે. ઈન્દ્રિય પાંચ છે. તેના દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એ બે પ્રકાર છે એનું ૨૪ દંડક આશ્રી પ્રરૂપણ થયું છે.

(૧૬) **પ્રયોગપદ** – મન-વચન-કાયા દ્વારા આત્માના વ્યાપારને યોગ કહે છે એનું વર્ણન અહીં પ્રયોગ શબ્દથી કરવામાં આવ્યું છે. યોગ ૧૫ છે તે ૨૪ દંડકમાં કોને કેટલા હોય એનો વિચાર કર્યો છે.

(૧૭) **લેશ્યાપદ** – લેશ્યાની પ્રરૂપણા જૈનદર્શનની મૌલિક પ્રરૂપણા છે. જેમાં જૈનદર્શનની વિશિષ્ટતા પ્રગટે છે. લેશ્યા એક પ્રકારની પૌદ્‌ગલિક અને આત્મિક અવસ્થાનું પરિણામ છે. જીવથી પુદ્‌ગલ અને પુદ્‌ગલથી જીવ પ્રભાવિત થાય છે. જીવને પ્રભાવિત કરવાવાળા અનેક વિભાગ છે એમાંના એક વિભાગનું નામ લેશ્યા છે. આ પદના છ ઉદ્દેશો છે તેમાં વિવિધ પ્રકારે લેશ્યાના અધિકારોનું વર્ણન છે.

(૧૮) **કાયસ્થિતિ** – સ્થિતિ બે પ્રકારની છે-(૧) ભવસ્થિતિ-જીવ એક જન્મમાં જેટલા કાળ સુધી જીવે છે તેને ભવસ્થિતિ કહેવાય છે એટલે કે આયુષ્ય. (૨) કાયસ્થિતિ-જે ભવમાં હોય તેમાં જ મૃત્યુ પછી ફરીથી ઉત્પન્ન થાય એમાં જેટલા કાળ સુધી ઉત્પન્ન થયા કરાય તેને કાયસ્થિતિ કહે છે. સ્થિતિપદમાં ૨૪ દંડકના જીવોની ભવસ્થિતિનું વર્ણન છે. એક ભવ આશ્રી આયુષ્યનો વિચાર છે. જ્યારે આ પદમાં જીવ મરીને સતત એ જ પર્યાયમાં જન્મ લેતો રહે તો એવા ભવોની પરંપરાની કાલ-મર્યાદા અથવા એ બધા ભવોનું કુલ આયુષ્ય કેટલું હોય એનું વર્ણન ગતિ, ઈંદ્રિય આદિ દ્વારોથી કર્યું છે.

(૧૯) **દૃષ્ટિ-સમ્યક્‌ત્વપદ** – જૈન દર્શનમાં દૃષ્ટિનું અદકેરું મહત્ત્વ છે. દૃષ્ટિ કેવી છે એના પર જ આત્માનો પુરુષાર્થ સાર્થક થશે કે નિરર્થક એનો ખ્યાલ આવે છે. દૃષ્ટિ ત્રણ પ્રકારની છે એનું ૨૪ દંડકને આધારે અહીં નિરૂપણ થયું છે.

(૨૦) **અંતક્રિયાપદ** – ભવનો અંત કરનારી ક્રિયા 'અંતક્રિયા' કહેવાય છે. આ ક્રિયા બે અર્થમાં અહીં યોજી છે. (૧) નવો ભવ અર્થાત્ મરણ અને (૨) મોક્ષ અંત ક્રિયાનો વિચાર તથા નવ ઉત્તમ પદવીના વિવિધ દ્વાર બતાવ્યા છે.

(૨૧) **અવગાહનાપદ** – આ પદમાં જીવોના શરીરના ભેદ, સંસ્થાન, પ્રમાણ, શરીરનું માપ, શરીર નિર્માણ માટે પુદ્‌ગલોનું ચયન વગેરેનું વર્ણન છે.

(૨૨) **ક્રિયાપદ** – જેનાથી કર્મનો આશ્રવ આવે તે ક્રિયા છે. અહીં કાયિકી આદિ પાંચ ક્રિયાનો ૧૮ પાપસ્થાનક અપેક્ષાએ ૧૪ દ્વારથી વિચાર થયો છે.

(૨૩-૨૪-૨૫-૨૬-૨૭) **કર્મ-પ્રકૃતિના ભેદ, કર્મબંધ, કર્મબંધ-વેદ, કર્મવેદ-બંધ, કર્મવેદ-વેદક** – આ પાંચ પદોમાં કર્મ સંબંધી વિચારણા કરવામાં આવી છે. કર્મસિદ્ધાન્ત ભારતીય ચિંતકોના ચિંતનનું નવનીત છે. એ કર્મ વિશે વિવિધ માહિતી અહીં પ્રાપ્ત થાય છે.

(૨૮) **આહારપદ** – આ પદમાં બે ઉદ્દેશો દ્વારા ૨૪ દંડકના જીવો કેવા પ્રકારનો આહાર લે છે એનું રસપ્રદ વર્ણન છે.

(૨૯-૩૦) **ઉપયોગ અને પશ્યતા પદ** – ચેતનાની પરિણતિ વિશેષને ઉપયોગ કહે છે. ચેતના સામાન્ય ગુણ છે. જ્ઞાન અને દર્શન એ બે એની પર્યાય કે અવસ્થા છે. જે બોધમાં માત્ર વર્તમાન કાળનો બોધ થાય છે તે ઉપયોગ છે અને જેમાં ત્રણે કાળનો બોધ થાય છે તે 'પશ્યતા' છે. અહીં ૨૪ દંડકમાં કોને કેટલા ઉપયોગ અને પશ્યતા છે તેનો વિચાર થયો છે.

(૩૧) **સંજ્ઞીપદ** – જેને મન-ભૂત-ભવિષ્યનો વિચાર હોય તેને સંજ્ઞી કહેવાય. મન વગરનાને અસંજ્ઞી કહેવાય. મન હોવા છતાં જે મનથી વિષય ગ્રહણ ન કરે તેને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી કહેવાય છે. ૨૪ દંડક આશ્રી તેની અહીં વિચારણા થઈ છે.

(૩૨) **સંયતપદ** – સંયત=સર્વવિરતિપણું, અસંયત=અવ્રતી, સંયતાસંયત=શ્રાવક, નોસંયત, નોઅસંયત એટલે સિદ્ધ એ ચાર પ્રકાર ૨૪ દંડક પર ઉતાર્યા છે.

(૩૩) **અવધિપદ** – પાંચ ઈંદ્રિય અને મનની સહાય વગર રૂપી પદાર્થોનું મર્યાદિત જ્ઞાન થાય તે અવધિજ્ઞાન કહેવાય. તેના ૧૦ દ્વાર ૨૪ દંડક આશ્રી કહ્યા છે.

(૩૪) **પ્રવિચારણા-પરિચારણાપદ** – એટલે કામભોગનો વિચાર ૨૪ દંડક આશ્રી કરવામાં આવ્યો છે.

(૩૫) **વેદનાપદ** – ૨૪ દંડકના જીવો શાતા-અશાતા આદિ

વેદનાઓ વેદે છે એનો વિચાર કરવામાં આવ્યો છે.

(૩૬) **સમુદ્‌ઘાતપદ** – સમ=એકીસાથે, ઉદ=પ્રબળતાથી અને ઘાત=નાશ કરવો અર્થાત્ પ્રબળતાપૂર્વક કર્મપુદ્‌ગલોનો નાશ કરવો નિર્જરા કરવી. સમુદ્‌ઘાત સાત પ્રકારની છે તેનું ૨૪ દંડક આશ્રી અલ્પબહુત્વ સહિત વર્ણન છે. અંતે યોગનિરોધ કરી સિદ્ધના સુખનું વર્ણન છે.

આમ પ્રજ્ઞાપના સૂત્રના ૩૬ પદમાં વિવિધ વિષયોનું વિવેચન છે જેમાં ઊંડા ઉતરતા જઈએ તેમ અકલ્પનીય આનંદની પ્રાપ્તિ થતી જાય છે.

વ્યાખ્યા સાહિત્ય–આગમોના ગંભીર રહસ્યોને ઉદ્‌ઘાટિત કરવા માટે વ્યાખ્યા સાહિત્યનું નિર્માણ થયું છે.

વ્યાખ્યા સાહિત્ય એટલે વિવેચનાત્મક સાહિત્ય, જે આગમ સૂત્રો સાથે સંબદ્ધ હોય છતાં સ્વતંત્ર પણ હોય, આગમનું જેમાં વિસ્તૃત વિવેચન કરાયું હોય તે. આગમસૂત્રોની દૃષ્ટિથી આ સાહિત્યને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા આ ચાર વિભાગમાં વિભક્ત કરાયું છે એમાં આગમને ભેળવતા આ સાહિત્ય પંચાંગી નામે ઓળખાય છે.

નિર્યુક્તિ – સૂત્રમાં નિશ્ચિત થયેલો અર્થ જેમાં નિબદ્ધ હોય, પ્રાકૃત ગાથાબદ્ધ, આર્યા છંદમાં સંક્ષિપ્ત અને સાંકેતિક રીતે લખાયેલું હોય. પદ્ય હોય.

ભાષ્ય – નિર્યુક્તિની જેમ જ આર્યા છંદ, પ્રાકૃત ગાથાબદ્ધ સંક્ષિપ્ત શૈલીવાળું હોય એમાં પ્રાચીન અનુશ્રુતિ અને લૌકિક કથાઓ આદિનું પ્રતિપાદન હોય. પદ્યમાં હોય.

ચૂર્ણિ – ગદ્યમાં સંસ્કૃત મિશ્રિત પ્રાકૃતમાં લખાયેલ વિસ્તૃત સાહિત્ય.

ટીકા – આગમને વિસ્તારપૂર્વક સમજાવવા ગદ્યમાં લખાયેલું સાહિત્ય.

આ ઉપરાંત સંગ્રહણી, વિવૃત્તિ, અવચૂરી, ટબ્બા, વિવરણ, વૃત્તિ, સ્તબક, વગેરેનો વ્યાખ્યા સાહિત્યમાં સમાવેશ થાય છે.

પ્રજ્ઞાપના સૂત્રના વ્યાખ્યા ગ્રંથ

પ્રજ્ઞાપનાનો વિષય ગંભીર છે તેથી સમય સમય પર આચાર્યોએ એના પર વ્યાખ્યાઓ પણ લખી છે જે સૂત્રને સુગમ બનાવી દે છે. પ્રજ્ઞાપના પર નિર્યુક્તિ અને ભાષ્ય નથી લખાણા પણ આચાર્ય હરિભદ્રએ પ્રજ્ઞાપનાની પ્રદેશ–વ્યાખ્યામાં પ્રજ્ઞાપનાની અવચૂર્ણિનો ઉલ્લેખ કર્યો છે. એનાથી સ્પષ્ટ થાય છે કે હરિભદ્રથી પૂર્વે કોઈ ને કોઈ અવચૂર્ણિ અવશ્ય હશે. આચાર્ય મલયગિરિએ પણ એમની વૃત્તિમાં ચૂર્ણિનો ઉલ્લેખ કર્યો છે. પુણ્યવિજયજી મુનિનો મત છે કે ચૂર્ણિના રચયિતા આચાર્ય હરિભદ્રના ગુરુ જ હોવા જોઈએ. એ સિવાય બીજા આચાર્યોની પણ હોઈ શકે પણ હાલ ચૂર્ણિ ઉપલબ્ધ નથી માટે સ્પષ્ટરૂપથી કાંઈ કહી ન શકાય. પ્રજ્ઞાપના પર વર્તમાને જે ટીકાઓ ઉપલબ્ધ છે એમાં-

(૧) સર્વપ્રથમ આચાર્ય શ્રી હરિભદ્રની પ્રદેશ વ્યાખ્યા છે. (ઈ. સં. ૭૦૦ થી ૭૭૦) જૈન આગમોના પ્રાચીન ટીકાકાર આચાર્ય હરિભદ્રએ ઘણા આગમો પર મહત્ત્વપૂર્ણ ટીકાઓ લખી છે. પ્રજ્ઞાપનાની ટીકામાં સર્વપ્રથમ જૈન પ્રવચનનો મહિમા ગાયો છે. પછી મંગલનું વિશ્લેષણ કરીને એની વિશેષ વ્યાખ્યા આવશ્યક ટીકામાં કરી છે–એનું સૂચન કર્યું છે. પ્રજ્ઞાપનાના અમુક અંશોનો એમાં અનુયોગ છે.

(૨) પ્રજ્ઞાપનાની બીજી વૃત્તિ નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવની છે. (સં. ૧૧૨૦) જોકે આ માત્ર પ્રજ્ઞાપનાના ત્રીજા પદ અલ્પબહુત્વ પર છે. સ્વયં આચાર્યએ એને 'સંગ્રહ'ની સંજ્ઞા આપી છે. આ વ્યાખ્યા 'ધર્મરત્ન સંગ્રહણી' અને 'પ્રજ્ઞાપનોદ્ધાર' નામથી પ્રખ્યાત છે. જે સંગ્રહણી પણ કહેવાય છે.

(૩) એ સંગ્રહણી પર કુલમંડનગણિએ સં. ૧૪૪૧માં એક અવચૂર્ણિ લખી છે. આત્માનંદ જૈન સભા-ભાવનગરથી પ્રજ્ઞાપના તૃતીય પદ સંગ્રહણી પર એક અવચૂર્ણિ પ્રકાશિત થઈ છે. પણ એના રચયિતા અજ્ઞાત છે. આ અવચૂર્ણિ કુલમંડનગણિ રચિત અવચૂર્ણિથી કાંઈક વિસ્તૃત છે. મુનિશ્રી પુણ્યવિજયજીનો અભિમત છે કે કુલમંડન કૃત અવચૂર્ણિને વધારે સ્પષ્ટ કરવા માટે કોઈ વિજ્ઞએ આની રચના કરી છે.

(૪) પ્રજ્ઞાપના પર વિસ્તૃત વ્યાખ્યા મલયગિરિએ કરી છે. આચાર્ય મલયગિરિ સુપ્રસિદ્ધ ટીકાકાર છે. એમની ટીકાઓમાં વિષયની વિશદતા, ભાષાની પ્રાંજલતા, શૈલીની પ્રૌઢતા એક સાથે જોવા મળે છે. એમની ટીકાઓમાં પ્રકાંડ પાંડિત્ય જોવા મળે છે. પ્રજ્ઞાપનાવૃત્તિ એમની મહત્ત્વપૂર્ણ વૃત્તિ છે. સંપૂર્ણ પ્રજ્ઞાપના સૂત્રને સમજવા માટે આ એક આધારભૂત ટીકા ગણી શકાય. પ્રજ્ઞાપનાના ગંભીર રહસ્યો સમજવા માટે અત્યંત ઉપયોગી એવી આ વૃત્તિ છે. એમાં એમણે કેટલાય વિષયોની ચર્ચા તર્ક અને શ્રદ્ધાની દૃષ્ટિથી કરી છે. આ વૃત્તિ ૧૬૦૦૦ શ્લોક પ્રમાણ છે. (સં. ૧૧૮૮ થી ૧૨૬૦).

(૫) મુનિચંદ્રસૂરિએ ૧૨મી સદીમાં પ્રજ્ઞાપનાના આદ્ય પદને આધારે 'વનસ્પતિ વિચાર'ની કૃતિ લખી છે જેના પર કોઈ અજ્ઞાત લેખકની અવચૂરિ પણ છે.

(૬) હર્ષકુલગણિ (૧૮૫૯ સં.) એ 'પ્રજ્ઞાપનાબીજક' લખી છે. એમાં માત્ર ૩૬ પદોની વિષય સૂચિ સંસ્કૃત ભાષામાં આપવામાં આવી છે. આની અપ્રકાશિત પ્રત એલ.ડી.માં છે.

(૭) પદ્મસુંદરે (૧૬૬૮) મલયગિરિ ટીકાને આધારે અવચૂરિ રચી છે. આની પણ અપ્રકાશિત હસ્તપ્રત એલ. ડી. વિદ્યામંદિરના ગ્રંથાગારમાં છે.

(૮) ધનવિમલ (૧૭૬૭) કૃત બાલાવબોધ પણ અપ્રકાશિત રચના છે. જેને ટબ્બા (સ્તબક) કહેવામાં આવે છે. સર્વપ્રથમ ભાષાનુવાદ આમાં થયો છે.

(૯) જીવવિજયજી કૃત બીજા ટબ્બા અર્થાત્ બાલાવબોધ પણ પ્રાપ્ત થાય છે. (૧૭૭૪).

(૧૦) પરમાનંદકૃત સ્તબક (ટબ્બા) સં. ૧૮૭૬માં લખાયા. એ ટબ્બા રાયધનપતસિંહ બહાદુરની પ્રજ્ઞાપનાની આવૃત્તિમાં પ્રકાશિત છે.

(૧૧) શ્રી નાનચંદ્રજી કૃત સંસ્કૃત છાયા પ્રાપ્ત છે ઈ. સ. ૧૮૮૪.

(૧૨) અજ્ઞાત કર્તૃક વૃત્તિ

(૧૩) પં. ભગવાનદાસ હરખચંદે પ્રજ્ઞાપના સૂત્રનો અનુવાદ તૈયાર કર્યો હતો જે વિ. સં. ૧૯૯૧માં પ્રકાશિત થયો.

(૧૪) પ્રજ્ઞાપના પર્યાય–કેટલા વિષમ પદોના પર્યાય રૂપે છે.

(૧૫) એના સારરૂપે 'પ્રજ્ઞાપનાના થોકડા'ના નવ ભાગ પણ બહાર પડ્યા છે. આમ સમય સમય પર આજ સુધી પ્રજ્ઞાપનાના વિવિધ સંસ્કરણ પ્રગટ થયા છે.

ફલશ્રુતિ

જૈન દર્શન કોઈ પણ તત્ત્વનું પ્રથમ સામાન્ય નિરૂપણ કરીને તેનું નય તથા સપ્તભંગીને આધારે સમ્યક્ પ્રરૂપણ કરે છે. જેને કારણે સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવોનું પણ નિર્દેશન થઈ શક્યું છે. પદાર્થ તેમજ પદાર્થોના મૂળ સુધી જઈને તેનો ઉદ્‌ભવ, પ્રભાવ, ફળ વગેરેનું વિસ્તૃત વર્ણન કરવામાં સફળતા મળી છે. બ્રહ્માંડની સમગ્ર જીવરાશિને એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના પાંચ વિભાગમાં કે પછી નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવરૂપ ચાર વિભાગમાં વિભક્ત કરીને વિકસિત અને અવિકસિત સ્વરૂપ સંબંધી પ્રશ્નોત્તર કરીને પ્રજ્ઞાપના સૂત્રને તત્ત્વજ્ઞાનથી સમૃદ્ધ બનાવીને એક તાત્ત્વિક ગ્રંથની રચના કરી છે.

આ સૂત્ર ઘણા જ ગૂઢ, કલ્પનાતીત તથા સૂક્ષ્મ ભાવોને ઉજાગર કરે છે. જૈન દર્શનના આધ્યાત્મિક ભાવો સિવાયના પદાર્થગત સૂક્ષ્મભાવોનું દ્રવ્યાર્થિક નય દ્વારા ઉદ્‌ઘાટન કરે છે. જેટલી આધ્યાત્મિક ક્રિયા જીવ દ્રવ્યમાં થાય છે તેટલી અંતર્ગત ક્રિયા પુદ્‌ગલાદિ અજીવ દ્રવ્યમાં પણ થાય છે. એનું નિરૂપણ કરીને એક મહત્ત્વના તથ્યનું નિર્માણ કર્યું છે. આ સૂત્ર ભગવતીજીનું સમકક્ષ હોવા છતાં પોતાનું એક સ્વતંત્ર અને નિરાળું સ્થાન ધરાવે છે.

આ સૂત્ર પ્રાયે કરીને પ્રશ્નોત્તર રૂપે છે. અહીં પ્રશ્નકારે જે પ્રશ્ન પૂછ્યા હોય તેનો ઉત્તર આપતી વખતે સીધો ઉત્તર ન આપતા આખા પ્રશ્નનો ફરી ફરી ઉલ્લેખ કરવામાં આવે છે. આજની શૈલીમાં આ પદ્ધતિ બહુ ગ્રાહ્ય ન ગણાય. વાંચનારને ખૂબ જ લાંબુ લાગે, પરંતુ જે યુગમાં શાસ્ત્રો લખાયા ન હતા અને બધા પાઠો કંઠસ્થ રાખવામાં આવતા ત્યારે આખા ને આખા પાઠ સ્વતઃ જીભ પર ચડે તે રીતે વારંવાર બોલવાની પદ્ધતિ હતી જેથી થોડા પ્રયત્ને પાઠ કંઠસ્થ પણ થઈ જતા. આ પદ્ધતિનો અહીં ભારોભાર ઉપયોગ કરવામાં આવ્યો છે. પન્નવણા સૂત્રમાં ગૌતમસ્વામી એક એક વિચિત્ર પ્રશ્નોને ઊંડાઈથી સ્પર્શ કરે છે જેના અત્ર–તત્ર ઉદાહરણો મળે છે. દા. ત. પાંચમા પદમાં જીવ અને અજીવની પર્યાયનું વિસ્તારથી વિવેચન છે તેમાં અજીવ પર્યાયના પ્રકરણમાં પ્રશ્નોત્તર દ્વારા ઊંડાણ સુધી સ્પર્શના કરી છે. અજીવ પર્યાયના પ્રકરણમાં મટિરિયાલીસ્ટીક=ભૌતિક ગુણધર્મયુક્ત પદાર્થનું વર્ણન છે તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ ગુણધર્મોનું અધિષ્ઠાન પરમાણુ પુદ્‌ગલ માનવામાં આવ્યું છે અને પરમાણુની પર્યાયોના ષટ્‌ગુણ હાનિવૃદ્ધિનું વિવેચન કરીને પુદ્‌ગલના પર્યાય અર્થાત્ પરિવર્તન પર ઊંડો પ્રકાશ પાડ્યો છે. ખરેખર! વિશ્વમાં આ એક મૌલિક પ્રશ્ન છે કે પદાર્થમાં ગુણધર્મની નિષ્પત્તિ કેવી રીતે થઈ? પદાર્થ આધાર છે અને ગુણધર્મો તેનું આધેય છે. આજનું ભૌતિક વિજ્ઞાન પોતાની રીતે ગુણધર્મની નિષ્પત્તિનું વર્ણન કરે છે એટલે જ જે થઈ રહ્યું છે તેનું વર્ણન કરે છે પરંતુ તેના કારણભૂત તત્ત્વનું વર્ણન અસ્પષ્ટ રહી જાય છે. યથા એક અલૌકિક એનર્જીમાંથી આ વિશ્વ જન્મ પામ્યું છે અને ત્યારબાદ વિકાસક્રમમાં પુદ્‌ગલ અને જીવોના ગુણધર્મો સંગઠિત થતા ગયા. ત્યારે જૈનદર્શને આ બાબતમાં અર્થાત્ ભૌતિક જગતના પરિવર્તનમાં નિશ્ચિત સિદ્ધાંત અપનાવીને તેનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. તેમ જ બધા ગુણધર્મો ક્રમશઃ હાનિવૃદ્ધિ પામે છે તે સિદ્ધાંતની સ્થાપના કરી છે. તેનાથી એ ફલિત થાય છે કે આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધનું જે કાંઈ રહસ્ય છે તેનું સમાધાન પુદ્‌ગલ પરિવર્તનમાં, તેની ગતિશીલતામાં અને વિશિષ્ટ ગ્રાહ્યતામાં સમાયેલું છે. પુદ્‌ગલની સમગ્ર ક્રિયા પર્યાય, પરમાણુની ગતિશીલતા બંને ભૌતિક જગતના મૂળભૂત સ્તંભ છે. જે જીવના પર્યાય, અધ્યવસાય પૂરતા જ સીમિત છે તો પણ તેમાં કાર્મણવર્ગણાના પુદ્‌ગલો પણ જોડાયેલા છે, એ રીતે પુદ્‌ગલ પર્યાય જગતના અંતરંગ જગતથી લઈને દેહાદિ ક્ષેત્રમાં ત્યારબાદ જડ જગતમાં પુદ્‌ગલરૂપે વ્યાપક પરિવર્તન ધરાવે છે. પાંચમા પદનું જીવ-અજીવ પર્યાય વર્ણન એક વિલક્ષણ ભાવોને પ્રદર્શિત કરે છે અને અધ્યાત્મ ક્ષેત્રમાં રહેલા આત્મતત્ત્વની અનુક્ત રીતે ઝાંખી કરાવે છે એ છે પ્રજ્ઞાપનાની ગુરુ ગૌતમ અને ભગવાન મહાવીરની ઊંડાણ તરફ લઈ જતી પ્રશ્નોત્તરની શૈલી. ભાષા પદમાં બાળજીવ અને પશુઓની ભાષાના પ્રશ્નો તો ખરેખર અદ્‌ભૂત છે. ભાષાનું મૌલિક સ્વરૂપ, તેનો પ્રભાવ અને તેનું આલંબન તથા પર્યાવજ્ઞાન આવા ગૂઢ પ્રશ્નો પૂછ્યા છે જે દાર્શનિક ક્ષેત્રે ઘણાં જ મહત્ત્વપૂર્ણ છે. ભાષાના મૂળમાં જીવ છે, પ્રભાવમાં શરીર છે. અવલંબન પુદ્‌ગલ પરમાણુનું છે અને પર્યવસાન લોકના અંત સુધી જોડાયેલું છે અને એટલે કે ભાષાના પુદ્‌ગલો લોકાંત સુધી પહોંચીને સમગ્ર વિશ્વમાં ફરીને પર્યવસાન પામે છે. આમ અહીં વિજ્ઞાનથી ઉપર અતિવિજ્ઞાનનો સ્પર્શ થયો છે.

આ સમગ્ર શાસ્ત્ર સ્યાદ્‌વાદ શૈલીથી આલેખાયેલું છે. અત્ર–તત્ર સિય શબ્દ આવે છે. જેમ કે પ્રભુ મહાવીર કહે છે. 'સિય ચરમે, સિય અચરમે।' આ રીતે અપેક્ષાવાદનો પણ આમાં પૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

ટૂંકમાં કહેવાનું એ છે કે સમગ્ર જૈન તત્ત્વજ્ઞાન સાપેક્ષભાવોથી ભરેલું છે. વિજ્ઞાન જગતના મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન પણ આ જ વાત કહે છે કે વિશ્વના બધા ભાવો એકાંત રૂપે કહી શકાય તેમ નથી. એ સિદ્ધાંતનું નામ 'રિયાલીટી ઓફ ટ્રથ' છે.

આપણા સમસ્ત આગમો ભારોભાર સાપેક્ષવાદથી ભરેલા છે છતાં આશ્ચર્ય એ છે કે જૈન જગતના વ્યવહારિક ક્ષેત્રમાં આગ્રહવાદ અને એકાંતવાદ ઉધઇની જેમ વળગી ગયો છે. આ આગમ વાંચનથી વ્યવહારિક ક્ષેત્રમાં આગ્રહવાદ લય પામે, એકાંતવાદ વિલય થાય તો સમાજ સુખ સમાધિ પ્રાપ્ત કરી શકે. સ્યાદ્‌વાદનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત જૈનદર્શનની વિરાટ દૃષ્ટિની અનુભૂતિ કરાવે છે. ખરેખર! તો જૈન કોઈ એક સંપ્રદાય નથી પરંતુ કાળ વિશે બ્રહ્માંડ અને વિશ્વનું ગણિતબદ્ધ જ્ઞાનકોશ છે. આચારકાંડને કારણે અને સ્યાદ્‌વાદની મર્યાદાનું ઉલ્લંઘન થવાથી જૈનદર્શન જૈન સંપ્રદાયમાં કારાગૃહ રૂપે પુરાઈ ગયું છે તેમ જ વિતંડાવાદી બની ગયું છે. સંપ્રદાયવાદથી ઉપર ઉઠી વ્યાપક દૃષ્ટિએ જૈનાગમનું અધ્યયન અત્યંત જરૂરી છે. પ્રજ્ઞાપના સૂત્રના અધ્યયનથી જીવન જીવવાની એક નવી દૃષ્ટિ મળે છે. ઘણાં રહસ્યો ઉદ્‌ઘાટિત થાય છે અને આવું સુંદર નિરૂપણ કરનાર પ્રત્યે નતમસ્તક થઈ જવાય છે.

આમ પ્રજ્ઞાપના સૂત્ર વિવિધ વિષયો ઉપર જલરાશિથી છલકાતો મહાસાગાર છે. એના અપાર રહસ્યોનો પાર ન પમાય તો ય અપાર આનંદથી અને અપરંપાર આદરથી એને વધાવીએ સત્કારીએ તો ય બેડો પાર થઈ જાય.

આ સૂત્રની કરેલી એક વખતની સહેલ તે સોનેરી ક્ષણ બની જાય.

ક્યાં એ વિરાટ શ્રુતસાગરના ભાવ અને ક્યાં આપણી વામન શક્તિ!

ક્યાં એ શ્રુતસાગરનું અતલ ઊંડાણ અને ક્યાં આપણી છીછરી પ્રજ્ઞા!

ક્યાં એ સૂત્રના રહસ્યરત્નો અને ક્યાં આપણી મતિમંદતા!

ક્યાં એ શ્રુતજ્ઞાનનો અનંત વિસ્તાર અને ક્યાં આપણું અમાપ અજ્ઞાન!

શક્ય નથી એનો પાર પમાય પણ સાર પમાય તો ય ઘણું!

આજના માનવીને ભૌતિકતામાંથી આધ્યાત્મિકતા તરફ વાળનાર આ સૂત્રનું એક વખત પણ અવગાહન કરવામાં આવશે તો અપૂર્વ તૃપ્તિનો અનુભવ થશે. ✷ ✷ ✷

સંદર્ભ : (૧) આગમ સાર–લે. રસિકલાલ છગનલાલ શેઠ (૨) જિનવાણી–જૈનાગમ વિશેષાંક સંપાદક–ડૉ. ધર્મચંદ્ર જૈન (૩) પ્રજ્ઞાપના સૂત્ર–મધુકરમુનિ (૪) પ્રજ્ઞાપના સૂત્ર–ઘાસીલાલજી મહારાજ સાહેબ (૫) પ્રજ્ઞાપના સૂત્ર–લીલમબાઈ મહાસતીજી સંપાદિત (૬) ઔપપાતિક સૂત્ર–પ્રથમ ઉપાંગ–મધુકર મુનિ ✷ ✷

જેઠવા નિવાસ, ડૉ. આંબેડકર રોડ, માટુંગા–કીંગ સર્કલ, મુંબઈ–૪૦૦૦૧૯.
ફોન : ૦૨૨–૨૪૦૧૧૬૫૭. મો.: ૯૮૬૯૭૮૭૬૯૨

પંથે પંથે પાથેય...'કાંતા: જે ક્યારેય હારશે નહીં'

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

બે બહેનો છે. હાલમાં ભાઈઓ વ્યવસાય અર્થે જૂનગાથી બહાર રહે છે અને બહેનો સાસરે છે છતાં સદૈવ એમની ઈચ્છાઓનું ધ્યાન રાખે છે. આ ઈચ્છાઓને સાકાર કરવા રૂપે જ એમના પલંગની સાથે જ જોડાયેલો બુકશેલ્ફ છે જેમાં મનપસંદ પુસ્તકો, સામયિકો, દવાઓ પડી રહે છે. જેથી એ આવશ્યકતાનુસાર માત્ર હાથ લંબાવીને જોઈતી વસ્તુ લઈ શકે છે. હવે તો રીડીંગ લેમ્પની બાજુમાં ટેલિફોન પણ ગોઠવવામાં આવ્યો છે જેના માધ્યમે એ મૈત્રીસંવાદ રચી લે છે. રીમોટ કંટ્રોલની સહાયથી દૂરદર્શન દ્વારા વિશ્વ આખાને પોતાની નજરોમાં સમાવવા પ્રયત્ન કરે છે. સંગીતની શોખીન કાંતા કેસેટની સાથે પોતે પણ ગાવાનો આનંદ લે છે. રૂમમાં બે બાજુ ખાસ બનાવવામાં આવેલી બારીમાંથી એ આકાશમાં ઉડતાં પંખીને, રંગીન મનગમતા ફૂલોને અને ખેતરને નિરખી શકે છે. 'આ બધા કાર્યો મારે સૂતાં-સૂતાં કરવા પડે છે.' એ ખૂબ જ મધુરભાષી છે. એ એકધારૂં બોલ્યા કરે ત્યારે લાગે કે મીઠું-મધુરૂં ખળખળ ઝરણું વહી રહ્યું છે.

ત્યાં તો એઓ પત્રોના ઢગલા બતાવે છે. એમના ચહેરા પર પ્રસન્ન સભર હાસ્ય વેરાયા કરે છે. 'આ બધા જ મારા જીવનમાં રસ ભરે છે. ઢગલાબંધ શુભચિંતકો છે મારા. અમુક મારી રચનાઓ વાંચી મારાથી જોડાયા છે. અમુક મારા રોગી જીવન વિષે છપાયેલું વાંચીને જોડાયા છે. દૂરદર્શનના 'પરખ' કાર્યક્રમની ટીમે મારી સાથેના સાક્ષાત્કારને પ્રસારિત કરી મને અનેક હિતેષીઓ મેળવી આપ્યા છે. બધા સાથે પત્રાત્મક ઘનિષ્ટતા છે. આ ભાવાત્મક સંબંધ તથાકથિત સંબંધોથી અનેકગણા સારા છે અને ગરિમામય તેમજ સાર્થક સિદ્ધ થયા છે. અનેક લોકોએ મને બહેન તરીકે સ્વીકારી છે. જેમને મેં ફોટા સિવાય જોયા નથી એવા ભાઈઓને પણ યાદ રાખીને રાખડી મોકલું છું. તેઓ પણ મને એક બહેનના રૂપે મેળવીને માન-ઈજ્જત આપે છે. મને ઘરના સદસ્યની જેમ સુખ-દુ:ખમાં વ્યવસ્થિત, નિયમિત રૂપે લખતા રહે છે–મનની અંગત વાતો સુદ્ધાં! મારી પાસેથી સલાહ સૂચન, માર્ગદર્શન પણ માંગે છે. હું પણ એમને ક્યારેય નિરાશ નથી કરતી. મારા વિચારોથી એમની શંકાઓ–સમસ્યાઓ માટે નિરંતર ભરચક પ્રયત્ન કરું છું-રસ્તો સૂઝાડું છું. આ પત્રવ્યવહાર મને ધબકતી રાખે છે. સતત આદાન-પ્રદાનથી હું પણ સૌ સાથે માનસિક અંગતતા કેળવી લઉં છું. એ બધા મારા સ્વજનોની હું હંમેશા ઋણી છું કે જેઓ મને આ નીરસ-બોજરૂપ જીવન જીવવા માટે ચેતનવંતો ખોરાક પૂરો પાડે છે. હું હારતી નથી–નિરાશ નથી થતી કારણ કે દૂરદૂરના ખુણે ફેલાયેલા આ સ્વજનો અનેક રીતે મને જીવવાનું બળ–પુસ્તકો રૂપે, કેસેટ રૂપે, દવા રૂપે, સ્ટેશનરી રૂપે પૂરૂં પાડીને મને કાર્યશીલ રાખે છે.'

ચાના નાના નાના ઘૂંટડા ગળામાં ઉતારતા, સૂતાં સૂતાં હલકી મુસ્કાન સાથે તેઓ કહે છે: 'દિવસમાં ચાર-પાંચ કપ ચા પીઉં છું. માત્ર એક રોટલી ખાઉં છું. આયુર્વેદિક દવાઓ/હોમિયોપેથી દવાઓ લઉં છું. મારું સઘળું દૈનિક કાર્ય જેમાં બ્રશ કરાવવું, સ્પંજ સ્નાન, શૌચ, જમાડવું, કપડાં બદલવા વગેરે સર્વે કાર્ય મારી મમ્મીજી કરે છે. વર્ષોથી પથારીમાં પડી છું પણ ક્યારેય ચાંદા નથી પડ્યા. પગ પણ સીધા નથી થતા. પડખું પણ નથી ફેરવાતું, પણ મારી મમ્મીજી સતત મારી દેખરેખ રાખે છે.'

મેં પણ અનુભવ્યું કે કાંતાજીના માતાજી ઉંમરમાં ભલે સિત્તેર આસપાસના લાગતા હતા, પણ ક્યાંય કોઈ થકાવટ, ઉદાસી, કંટાળાના ચહેરા પર ચિહ્ન ન હતા.

કાંતાજી વાતોવાતોમાં વચ્ચે કહે છેઃ 'જ્યારે પત્રિકાઓ વાંચું છું, સમાચાર વાંચું, સાંભળું છું તો વારંવાર જોઉં છું કે ક્યાંક કોઈ આત્મહત્યા કરે છે, કોઈ ક્યાંક બળી મરે છે, કોઈ વિષ ઘોળે છે, આ બધી મહિલાઓ સ્વસ્થ તો હોય છે, પણ મનની કમજોર, જ્યારે હું તો માત્ર હાડકાનું માળખું છું, ક્યાંક મારા પ્રાણ અટક્યા છે બસ, પણ મેં ક્યારેય મનથી હાર નથી માની. ક્યારેય મનમાં મરવાના હીન વિચાર આવવા નથી દીધા. હું તો ભગવાનને એ જ પ્રાર્થના કરું છું કે હું આ સ્થિતિમાં પણ કોઈને કામ આવી શકું–ઉપયોગી થઈ શકું.' બોલતાં બોલતાં એમનો સ્વર ગંભીર થઈ જાય છે. લાગે છે ભીતરના ઊંડાણમાંથી તેઓ બોલી રહ્યા છે. આત્માથી ગૂંજતી આવતી આ સ્વરલહરી, કેટલી સશક્ત અને ઓજપૂર્વા છે.

ગામ આખાના ઉચ્ચ કક્ષાના છાત્ર-છાત્રાઓ એમની પાસે આવે છે. એઓ એમને સસ્નેહ સમજાવે છે. એમને અભ્યાસમાં મદદરૂપ બને છે. માર્ગદર્શન આપે છે. ક્યારેય પૈસા નથી લેતા. શક્ય તેટલા સહયોગી બની રહે છે. સમસ્યાઓનું સમાધાન શોધી આપે છે.

મૂળતઃ એ કવયત્રી છે. પણ ક્યારેક ક્યારેક લેખ પણ લખે છે. એમની હિન્દી રચનાઓ અનેક પત્ર-પત્રિકાઓમાં છપાય છે. જ્યારે કોઈ સાહિત્યાનુરાગી મળવા આવે છે ત્યારે એઓ ખૂબ ખુશ થાય છે. અનેક નામી લોકો એમને મળવા આવે છે. સાહિત્ય અકાદમીએ એક કવિગોષ્ઠીનું આયોજન કાંતાજીના ઘરે જુનગામાં ગોઠવ્યું હતું. એ વખતના ફોટા બતાવતાં એઓ છલોછલ ઉત્સાહથી ઉભરાઈ ઊઠે છે.

કાંતાજીમાં સાહસ-ધૈર્ય-જિજિવિષા અને જીવવાનું ઓજ વિદ્યમાન છે. એ એક જીવંત મિસાલ છે એ સ્ત્રીઓ માટે, જે જીવનથી હારી જાય છે.

કાંતા ક્યારેય હારી નથી. એ પરાજય ક્યારેય નહીં સ્વીકારે. જ્યાં સુધી એમનું મસ્તિષ્ક કાર્યશીલ છે–સંવેદનાઓથી ભરેલું દિલ જીવે છે–તે હાર નહીં સ્વીકારે. તે યથાર્થ અને પીડાના પોતાના અનુભવોને સાહિત્યથી જોડશે. નવો ઉજાસ, નવી રોશની પ્રસરાશે. ભાવી પેઢીઓ માટે એ એક અનુપમ હકારાત્મક ઉદાહરણ છે. આ ઉત્સાહી, પ્રસન્નસભર જીવંત મહિલાએ એ વાતને ખોટી સાબિત કરી છે કે નારી માત્ર આંસુ વહાવવાવાળી એક અબળા છે. એણે સિદ્ધ કરી આપ્યું છે કે આત્મ-બળ, સંયમ–ધૈર્યથી બધી સ્થિતિઓ પર કાબૂ મેળવી શકાય છે.

કાંતાજી પ્રતિરૂપ છે, એક એવા અવિરલ મીઠા સ્રોતનું જે નિરંતર સ્નેહ, બંધુતા, માનવતા, ઉષ્માનું ભાવજલ વહાવ્યા કરે છે–વહાવ્યા કરશે.✷ ✷

૧૨, હીરા ભુવન, ફુણાલ જૈન ચોક, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
M. No.: 09969110958 / 09427040886 / 022-2564 9352.

અંતરાત્માનો અવાજ

□ ભોગીલાલ શાહ

આજે જ્યારે ટાઈટ જીન્સ અને ફેશનેબલ કપડાંની બોલબાલા છે ત્યારે ખાદીના વસ્ત્રો અને ગાંધી વિચારધારા સાવ જૂનવાણી અને જર્જરિત લાગે છે ત્યારે વર્ષો પહેલાંનો એક પ્રસંગ મારા સ્મરણપટ પર ઉપસી આવે છે.

તે વખતે અમદાવાદ તેમજ સમગ્ર ગુજરાતમાં (વર્ષ ૧૯૭૦) કોમી રમખાણો ફાટી નીકળ્યા હતા. ચારે તરફ હિંસા અને ગર્મહવાનો આક્રોશ છવાઈ ગયો હતો. એ સમયે ઑક્ટોબર માસની શરૂઆત હશે. મારું ક્ષુબ્ધ મન અશાંત હતું. રાત્રિના ૧૨–૩૦ થયા હશે પણ મને કાંઈ ચેન પડતું નહોતું. મન વિચારોના ચક્રવાતમાં અટવાઈ ગયું હતું. વારંવાર એક પ્રશ્ન ડોકાતો હતો. ખૂનામરકી અને વેરઝેરથી શું માનવજાત ખતમ થશે ? સર્વધર્મ સમભાવ અને માનવ-માનવ વચ્ચે પ્રેમ-કરૂણાને કોઈ સ્થાન જ નથી શું ? એક વ્યક્તિ તરીકે આપણી શી ફરજ હોઈ શકે ? એકાદ કલાક હું ખૂબ વ્યથા અનુભવી રહ્યો. મનના અતળ ઊંડાણમાંથી એક સ્પષ્ટ સત્તાવાહી અવાજ સંભળાવા લાગ્યો. 'ભલે માનવી કે સમાજ ગેરસમજથી અસત્ય અને હિંસાના માર્ગે દોરવાયો હોય, પણ સાચી શાંતિ તો ગાંધીના સત્ય અને અહિંસાના માર્ગે જ આવી શકશે. તું તારી જાતને શાંતિની ખોજ માટે ગાંધીવિચારને શરણે જવા દે...અને તેના આચરણના પ્રથમ પગલા રૂપે ગાંધીને અતિ પ્રિય ખાદીના વસ્ત્ર ધારણ કરવાનું વ્રત લે.' તે પછી મેં પ્રગાઢ શાંતિનો અનુભવ કર્યો. બસ ત્યારથી એટલે કે લગભગ ૪૦ વર્ષોથી મારા અંતરાત્માના અવાજને અનુસરી મેં ખાદીના વસ્ત્રો પહેરવાનું ચાલુ કર્યું છે.

આ લખું છું ત્યારે મને મારા ગાંધીવિચારની પ્રેરણા આપનાર ઉત્તર ગુજરાતના ઉમતા ગામના સંનિષ્ઠ ગાંધીવાદી કાર્યકર મુ. રીખવદાસભાઈનું પાવન સ્મરણ થઈ આવે છે. આજે તે વાતને ૩૦ વર્ષો થઈ ગયા જ્યારે તે સમયે રડતા હૃદયે મુ. રીખવદાસભાઈને મેં ક્ષમા પત્ર લખેલો–'મુ. ભાઈશ્રી, મને ખૂબ અફસોસ થાય છે કે જ્યારે તમે મને પ્રથમવાર પૂ. ગાંધીબાપુના જન્મદિન બીજી ઑક્ટોબર (વર્ષ ૧૯૫૭)ના પવિત્ર દિવસે ખાદી વસ્ત્રની ભેટ આપી હતી, તે વખતે મેં જુવાનીના તોરમાં તમારી સાથે ગુસ્તાખી કરીને ખાદીની વાતને હસી કાઢી હતી અને કહ્યું હતું કે–'હું ખાદીના જૂનવાણીના વિચારમાં માનતો નથી. નવો સમાજ ખાદીના ગ્રામ્ય અર્થતંત્રથી નહિ પરંતુ નવી ટેકનોલોજી અને ઉદ્યોગલક્ષી આર્થિક વિકાસથી જ ટકી શકશે. તમારી ખાદી વસ્ત્રની ભેટ માટે આભાર પરંતુ જ્યાંસુધી આ ખાદીનો ઝભ્ભો-લેંઘો ચાલશે ત્યાં સુધી પ્રસંગોપાત પહેરતો રહીશ પણ તે પછી હું ખાદીના જ કપડાં પહેરીશ તેની કોઈ બાંહેધરી આપતો નથી.' ત્યારે તમે હસતા હસતા જવાબ વાળેલો–'કાંઈ વાંધો નહિ, ભલે તેમ કરજો.'...તે વખતે આપે મારા માનસપટ પર નિસ્પૃહભાવે ગાંધીવિચારના બીનું આરોપણ કરેલું તે આજે અંકુરિત થયું છે ને આજે હું મારા અંતરાત્માના અવાજને અનુસરીને જીવનભર ખાદી વસ્ત્ર ધારણ કરવાનું વ્રત લઉં છું.'

એ ઘટનાને આજે ૪૦ વર્ષો થવા આવ્યાં. આજે પણ મને વાતાવરણને પ્રદૂષિત કરતાં ટેરીકોટ, નાઈલોન કે ફાઈબરયુક્ત કપડા કરતા નિર્દોષ ખાદી વસ્ત્ર વધારે ગમે છે. તે લાખ્ખો ગરીબો અને કામવિહોણા ગામડાંના સામાન્ય લોકોને સ્વમાનભેર રોજી આપે છે. મને શ્રદ્ધા છે કે ભારતની ગરીબીનો ઉકેલ માનવ વિરોધી ગ્લોબલ ઈકોનોમી કે આંજી નાખતા વૈશ્વિકરણ કે શહેરીકરણમાં નથી પરંતુ સ્વદેશી ગ્રામ ટેકનોલોજીમાં છે જેથી સ્વાવલંબી સમાજ ઊભો કરી શકાશે ને ત્યારે ને ત્યારે જ ગાંધીનું સાચું 'હિંદસ્વરાજ' આવી શકશે. ✷ ✷ ✷

(સત્યઘટના પર આધારિત)

C/૨, સુરેશા ઍપાર્ટમેન્ટ, ઈશ્વર ભુવન પાસે, નવરંગપુરા,
અમદાવાદ–૩૮૦ ૦૦૯. ટે. નં. : (૦૭૯) ૨૬૪૩૧૮૮૪.
મો. નં. : ૦૯૯૨૫૯૭૧૧૭૬.

જૈનો જાગો : સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ જાગો !

❑ સુબોધીની સતીશ મસાલિઆ

છેલ્લા ૧૦-૧૫ વરસથી હૉસ્પિટલોનું કૌભાંડ એટલું વધી ગયું છે કે જાણે માનવતા જેવી કોઈ ચીજ જ નથી રહી. તમારા સ્વજનને સાજા-સારા કરવા માટે દવાખાનામાં દાખલ કરો છો ને અંતે મડદું જ બહાર આવે છે, એવો ઘણા લોકોનો અભિપ્રાય છે. અરે મર્યા પછીયે બે-ચાર દિવસ વેન્ટીલેટર પર રાખી મૂકે છે ને તમને ખબરેય નથી પડવા દેતા કે તમારું પેશન્ટ ક્યારનુંય પતી ગયું છે. પછી નવકાર સંભળાવવાની તો વાત જ ક્યાં આવી? ફક્ત એમનું મિટર ચઢ્યા કરે છે. અમારા એક સંબંધીમાં હમણાં જ એવું બન્યું કે બાયપાસનું ઑપરેશન કરાવવા બોમ્બેની મોટામાં મોટી હૉસ્પિટલમાં દાખલ કર્યા ને બોમ્બેના એક 'ધ બેસ્ટ' ડૉકટર પાસે ઑપરેશન કરાવ્યું. પણ બન્યું એવું કે ડૉક્ટર પોતે દારૂ પીને ઑપરેશન કરવા આવેલો ને ઑપરેશનમાં જ ભાઈની ગડબડ થઈ ગઈ. પણ ડૉક્ટર પોતે ફોલ્ટમાં ન આવે માટે પૈસાથી બધા કર્મચારીઓને દબાવી દીધા. 'પેશન્ટને ઈન્ફેક્શન લાગી જશે' એમ કહીને કોઈને પણ અંદર જવા દેતા ન હતા. વેન્ટીલેટર પર શ્વાસોશ્વાસ બતાવતા અને મરી ગયા પછી ત્રણ-ચાર દિવસ પછી મૃત જાહેર કર્યા. અરે હદ તો ત્યાં થઈ કે મૃત જાહેર કર્યાના આગલા દિવસે 'સાડા ચાર લાખના ત્રણ ઈંજેક્શન આપીએ છીએ. કદાચ પેશન્ટ બચી જાય તો' એમ એમ કરીને લગભગ ૧૫ લાખનું બીલ કર્યું, ને પેશન્ટ હાથમાંથી ગયું. બિચારા લાચાર સ્વજનો શું કરી શકે ? એક બાજુ પોતાનું માણસ ગયું તેનું અપાર દુ:ખ હોય તો બીજી બાજુ દવાખાનાના જાયન્ટ બીલ ભરવાના હોય. ન એમની પાસે કોઈ સાબિતી હોય કે કોર્ટ કેઈસ કરી શકે. ને પાછો કોર્ટ કેઈસ કરવા માટે ટાઈમ, પૈસા ને પ્રુફ લાવવા ક્યાંથી? આવી લાચારીની વચ્ચે બિચારા સ્વજનો પણ 'જે ભગવાનને ગમ્યું તે ખરૂં' કહીને ચૂપ થઈ જાય છે. એકવાર ICU કે ICCU માં દાખલ કર્યા પછી તમારા પેશન્ટને શું ટ્રીટમેન્ટ અપાય છે તે કોણ જોવા ગયું છે? તમારો ડૉક્ટર શું લખીને જાય છે ને ICU નો રેસિડન્ટ ડૉક્ટર શું આપે છે તે તમે જાણો છો ? હમણાં જ એક નામચીન હૉસ્પિટલમાં એવું બન્યું કે એક ફેફસાનો દર્દી હતો જેને આંખની કોઈ પણ પ્રકારની તકલીફ ન હતી. એને જે ડૉક્ટર ટ્રીટમેન્ટ કરતાં હતા તેની જાણ બહાર ICU ના રેસિડન્ટ ડૉક્ટરે આંખની તપાસ માટે રેટીનાના સ્પેશીયલ ડૉક્ટરને બોલાવ્યા. તેનું બિલ ચઢે પેશન્ટ ઉપર ને પૈસા બંને ડૉક્ટરો વહેંચી લે.

આ એમનું કૌભાંડ કોઈ રીતે પકડાઈ ગયું. પછી પેશન્ટની મજાલ છે કે એ જીવતો બહાર આવે ? તેનું મડદું જ બહાર આવ્યું. આવા તો કેટલાય કિસ્સા તમને જાણવા ને સાંભળવા મળશે. 'તમારા કોઈ સ્વજનને હૉસ્પિટલમાં દાખલ કર્યા પછી તમારા પર શું વીતી છે' તેનો અહેવાલ લોકો પાસે મંગાવો તો પત્રોના ઢગલા થઈ જશે. જે ડૉક્ટરો પાસે રોગ સમાવવા જાઓ છો તે એવી ટ્રીટમેન્ટ કરે છે કે નવા દસ રોગ ઊભા થાય છે. બાકી ICU ને ICCU ના ડૉક્ટરોને તો પેશન્ટને વેન્ટીલેટર પર રાખી ફુડ પાઈપ લગાવી દેવાની જ ઉતાવળ હોય છે જેથી પેશન્ટ મડદાની જેમ પડ્યું રહે. ન એમને ખવડાવવું-પીવડાવવું પડે કે ન બીજું કાંઈ કરવું પડે. ફક્ત લીક્વીડ ફુડનું ઈંજેક્શન આપી દીધું કે એમનું કામ પત્યું. એમનું મીટર ચઢ્યા કરે ને રાતના આરામથી સૂઈ શકાય. આવી તો કેટલીય વાતો છે કે જે સાંભળીને આપણને લાગે કે ખરેખર માનવતા મરી પરવારી છે. સવાલ એ ઉઠે છે કે શું આના માટે કાંઈ જ ન થઈ શકે ? આપણે બધા મૂંગા પ્રેક્ષક બનીને આ બધું જોયા કરીશું ? જો બધા જ પત્રકારો જાગે ને આના માટે કલમ ઉઠાવે તો કાંઈ જ ન થઈ શકે ? કલમમાં તો ઘણી તાકાત છે. જૈનોને જાગવાનું ને એકત્ર થવાનું આહ્વાન આપો. સાધુ હોય, સાધ્વી હોય, શ્રાવક કે શ્રાવિકા...કોઈને પણ ક્યારે પણ હૉસ્પિટલ ભેગા થવું પડે...શું આપણા લોકોને આપણે આમ મરવા દઈશું ? શું તમો ઈચ્છો છો કે તમારું પેશન્ટ તમારી આંખ સામે મરી રહ્યું હોય ને નવકાર પણ ન પામે ? જો જૈન સમાજ આ પ્રત્યે જાગ્રત થાય ને જૈન સાધુઓ સક્રિય થાય તો નાના પાયે ભલે પણ આપણા એવા દવાખાના જરૂર ઊભા કરી શકાય કે જ્યાં આપણા પેશન્ટને ચોખ્ખા દિલના ડૉક્ટરો દ્વારા સાચી ટ્રીટમેન્ટ મળે. જ્યાં આપણા લોકોને આપણે ધરમ પમાડી શકીએ, નવકાર સંભળાવી શકીએ ! જો જૈન સાધુઓ ને શ્રાવકો જાગ્રત થાય તો આજની એ તાતી જરૂર છે કે જૈનોના લાખો-કરોડો રૂપિયા જે બીજી દિશામાં વપરાઈ રહ્યા છે તેના બદલે આવી સાચી દિશામાં વપરાય ને મૃત્યુ સુધરી જાય. જો બધાજ ફીરકાનો સંઘ જાગ્રત થાય, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ આ અભિયાન ચલાવે ને પત્રકારો પોતાની કલમ ચલાવે તો કોઈ કામ એવું નથી કે અશક્ય હોય. જૈનોએ આજની આ તાતી જરૂરિયાતને ઓળખી આ દિશામાં ડગ ભરવા જેવા છે. બાકી આજની તારીખમાં તો કતલખાને જતાં પશુ અને દવાખાને જતા પેશન્ટમાં કોઈ ફરક દેખાતો નથી. એમ્બ્યુલન્સની ઘંટીમાં મોતનો ઘંટારવ સંભળાય છે. ✷ ✷ ✷

Mobile : 9892 1636 09. Telephone : 022-28873192

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **નૉ પ્રોબ્લેમ**
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : **અમરભાઈ ઠાકોરલાલ શાહ**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન નં. ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૫૦, પાના : ૮+૨૨૪.
આવૃત્તિ : પ્રથમ, ઑગસ્ટ, ૨૦૧૦.

લેખક પોતે જ કહે છે તેમ આ તમામ લેખો મુંબઈથી પ્રગટ થતા ગુજરાતી દૈનિક અખબાર 'મિડ-ડે'માં દર શનિવારે પ્રગટ થઈ ચૂક્યા છે.

સવા બસો પાનામાં લખાયેલા આ દોઢસો લેખોના શીર્ષકો લેખના વિષયને રજૂ કરી દે છે. વાચકને અડધી વાત તો શરૂઆતમાં જ સમજાઈ જાય છે. છાપામાં લખાતા લેખોને ચાર પાનામાં વાતને રજૂ કરવાની મર્યાદા નડતી હોય છે. આ લેખોમાં લેખકના વૈચારિક આવેગો અને ભ્રાંતિઓ, ગેર સમજો અને દુરાગ્રહો તથા તેમના સંવેદનો અને વિચારો, ખ્યાલો અને માન્યતાઓ છે. સર્વત્ર લેખક પોતે જ છે તેની પ્રતીતિ થાય છે. આ લેખોમાં લેખકની નિષ્ઠા છતી થાય છે. તેમને જે કહેવાનું છે તે એટલે કે પોતાના વિચારો નિ:સંકોચ અભિવ્યક્ત કર્યા છે. ક્યાંય કશી દિલચોરી રાખી નથી.

'નૉ પ્રાબ્લેમ'ના શીર્ષક દ્વારા અનેક પ્રશ્નો લેખકે હળવી રીતે કહી દીધા છે. હળવી રીતે લખાયેલા લેખોમાં ઘણી ગંભીર વાતો લેખકે રજૂ કરી છે. કટાક્ષમય શૈલી હૃદયમાં સોંસરી ઊતરી જાય છે. પુસ્તકમાં આપેલ ચિત્રો અને તેની નીચેનું લખાણ ઘણો બોધ આપી જાય છે.

x x x

પુસ્તકનું નામ : **વિનોદ કથા**
લેખક : વિનોદ ભટ્ટ
પ્રકાશક : **અમરભાઈ ઠાકોરલાલ શાહ**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪૪૬૬૩
મૂલ્ય : રૂા. ૧૫૦, પાના : ૨૫૦,
આવૃત્તિ : ઑક્ટોબર,૨૦૧૦.

આ પુસ્તક વિનોદ ભટ્ટે લખેલ તેમના ચાર કથા સંગ્રહોમાંથી એટલે કે 'ઈદમ તૃતીયમ્', ઈદમ્ ચતુર્થમ્, આંખ આડા કાન અને આજની લાત તથા અન્યત્ર પ્રગટ થયેલ વ્યંગકથાઓનો સંગ્રહ છે. વિનોદ ભટ્ટની વ્યંગકથાઓ ગુજરાતના વાંચકોને રસ પમાડે છે. તેઓ માનવ સહજ નિર્બળતાઓ પર મરક મરક હસે છે. તેમનું હાસ્ય વ્યક્તિ કરતાં વર્ગને લક્ષે છે. અને તેથી જ તે નિર્દંશ અને આસ્વાદ્ય બને છે. તેઓ પુરાણ કથાઓનું નિરૂપણ વિશિષ્ટ રીતે કરે છે. તેમની કથાઓમાં લાઘવનો ગુણ તેમની હાસ્ય વાર્તાઓને માર્મિક બનાવે છે.

આ હાસ્યકથાઓ એટલી લોકપ્રિય છે કે કેટલાક હિન્દી કવિઓ કવિ-સંમેલનોમાં બોલતા અને ઘણી હાસ્યકથાઓ ચં.ચી. મહેતાએ (વૈતાળ કથાઓ) રેડિયો પર ભજવી હતી.

આજના ટેન્શનમાં જીવતા માનવીઓને આ ટચૂકડી હાસ્યકથાઓ મનને આનંદ આપે તેવી છે.

x x x

પુસ્તકનું નામ :
સ્વર્ણિમ ગુજરાતના સી. એમ. નરેન્દ્ર મોદી
લેખક : **રોહિત શાહ**
પ્રકાશક : **અમરભાઈ ટી. શાહ**
ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૨૫૦, પાના : ૧૬+૨૨૦,
આવૃત્તિ : પ્રથમ, ઑક્ટોબર, ૨૦૦૯.

ગુજરાતની સુવર્ણજયંતી ઊજવાઈ રહી છે એ અવસરે ગુજરાતના મુખ્યમંત્રી પદે નરેન્દ્ર મોદી છે.

આ પ્રસંગે ગુજરાતના ગૌરવવંતા કલાધારકો પોતપોતાની દૃષ્ટિએ નરેન્દ્ર મોદીને નિહાળે છે, મૂલવે છે, આલેખે છે.

આ ગ્રંથ વિરલ અને વિશિષ્ટ એ રીતે છે કે તેમાં નરેન્દ્ર મોદીની બહુમુખી પ્રતિભા ૨૩ લેખોમાં વિવિધ લેખકોની કલમ દ્વારા અભિવ્યક્તિ પામી છે.

નરેન્દ્ર મોદી વિશે અનેક વાતો, ગોસિપ અને દંતકથાઓ વાંચવા સાંભળવા મળે છે. પરંતુ અસલી મોદી ખરેખર કેવા છે ? તેમણે ગુજરાતને કયે માર્ગે દોર્યું છે ? તેમની નેતાગીરીની ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની અસરો શી છે ? 'જેને ચાહો કે ધિક્કારો, પણ અવગણી શકો નહીં' એવી મોદીની છબીનું રહસ્ય શું છે ?આ બધા સવાલો ઉપરાંત નરેન્દ્ર મોદી અત્યારે જ્યાં છે ત્યાં સુધી તેમને પહોંચાડનાર સંજોગો, પ્રસંગો અને તેમની ભવિષ્યની ગતિ જેવા અનેકવિધ વિષયો આ ગ્રંથમાં સમાવ્યા છે. આ પુસ્તકની ઝીણી ઝીણી વિગતો રસપ્રદ, પ્રેરક અને જિજ્ઞાસા ઉત્તેજિત કરે તેવી છે.

નરેન્દ્ર મોદીનો નિકટથી પરિચય આપવાનો આ પ્રયાસ રાજકારણમાં રસ ધરાવતા અને ન ધરાવતા બધા વાચકો માટે રસપ્રદ બને તેવો છે.

x x x

પુસ્તકનું નામ : **કથાબોધ**
સંયોજક : **વિજય પૂર્ણચન્દ્રસૂરિશ્વરજી મહારાજ**
પ્રકાશક : **મોક્ષમાર્ગ પ્રકાશન**
પ્રાપ્તિસ્થાન : જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ,૧૮૫, શેખ મેમન સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૩૪૨૭૦૬૧.
મૂલ્ય : રૂા. ૧૦૦, પાના : ૩૪૦,
આવૃત્તિ : પ્રથમ, વિ. સં. ૨૦૬૫.

જૈન શાસનના ચાર અનુયોગ (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) ધર્મકથાનુયોગ

જૈન શાસનને સમજવા, સમજાવવા માટે સૌથી સરળ અને સર્વ લોકભોગ્ય ઉપાય ધર્મકથાનુયોગ છે. જે કથામાં ઉપદેશની મુખ્યતા હોય તે કથાનુયોગ ગણાય.

વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજીના શ્રીમુખે કહેવાયેલી કથાઓ ઉપરાંત કથા પ્રસંગોમાંથી લેવાયેલી ૩૫ કથાઓ આ પુસ્તકમાં સંકલિત કરવામાં આવી છે. કોઈ ધર્માચાર્યના મુખે કહેવાતી કથાનું સ્વરૂપ કેવું હોય તેનું સચોટ દર્શન આ કથાઓ દ્વારા પ્રતીત થાય છે. 'જૈન પ્રવચન' સાપ્તાહિકના અંકોમાંથી સંયોજિત આ કથાઓ કે કથા પ્રસંગો જે જે વિષયના ઉપદેશના સમર્થનમાં કહેવાયેલી હોય, તે વિષયના ઉપદેશની કેટલીક હકીકતો દરેક કથાની આદિમાં કે અંતમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આથી આ સંગ્રહ કેવળ કથાત્મક જ ન બનતાં ઉપદેશાત્મક પણ બન્યો છે.

આ કથાઓ વિશે કહી શકાય 'સત્યના સુવર્ણરસથી રસાયેલા તેઓશ્રીના ખડકસમા ખરબચડાં છતાં ખડતલ અને ચાબખા જેવા ચોટદાર શબ્દો લોકહૈયે વસી જાય તેવા છે.

વર્તમાનમાં દેશ, દુનિયા અને જૈન જગતમાં ભ્રાંતિમૂલક ક્રાંતિનો વાવંટોળ ફૂંકાઈ રહ્યો છે ત્યારે આ પુસ્તક ભ્રાંતિને દૂર કરવામાં સહાયરૂપ થાય તેમ છે.

x x x

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

'કાંતા : જે ક્યારેય હારશે નહીં'

□ ગીતા જૈન

[વિદુષી લેખિકા પ્રાકૃતિક ચિકિત્સક અને યોગાચાર્ય છે. 'સ્વયં સ્વસ્થ બનો' શીર્ષકથી ભારતના નાના શહેરોમાં નિ:શુલ્ક શિબિરો યોજી, જાગૃત નાગરિકો, કારાવાસના કેદીઓ અને પૂ. સાધ્વીજીઓને યોગ શિક્ષણ આપે છે. લલિત નિબંધના ઉત્કૃષ્ટ નમૂના જેવું પ્રસ્તુત રેખા ચિત્ર એની શૈલીને કારણે હૃદયસ્પર્શી બન્યું છે, અને ફિલ્મ 'ગુજારિશ'ના કલ્પિત પાત્રને આપણા ચક્ષુ સામે-જીવંત-મૂર્ત કરે છે.]

છેલ્લાં ચૌદેક વર્ષથી નિયમિત સમયાંતરે ટપાલની થોકડીમાં સુંદર હસ્તાક્ષરે લખાયેલો હિમાચલ પ્રદેશથી આવેલો પત્ર હોય જ !અને મન એને સૌ પ્રથમ વાંચવા ઉત્સુક થઈ જાય. એ પત્ર હોય ક્યારેય જેને જોઈ નથી એ કાંતા શર્માનો !

કાંતા શર્માનું નામ લેતા જ, જે આકૃતિ ઉભરે છે તે ચોંકાવી દે તેવી છે. છેલ્લાં ત્રેવીસ વર્ષોથી પલંગ પર સૂતાં સૂતાં જીવન જીવવાવાળી આ જીવંત ઉત્સાહી ધૈર્યવાન મહિલાનો જન્મ ત્યારે થયો, જ્યારે ભારતની પ્રજા સ્વતંત્રતાની બીજી વર્ષગાંઠ મનાવી રહી હતી એટલે કે ૧૫ ઑગસ્ટ ૧૯૪૯ એ. ત્યારે કાંતા હિમાચલ પ્રદેશના ગામ શિકોહ-શોધીના નિવાસી શ્રી દેવીશરણ શર્માના ઘરે જન્મી.

કાંતાએ હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીમાંથી ૧૯૭૨માં હિંદીમાં એમ.એ. અને હિંદુ કૉલેજ દિલ્હીથી સંસ્કૃતમાં એમ.એ. કરી, એમ.ફીલ. ૧૯૭૬માં હિમાચલ પ્રદેશ યુનિવર્સિટીથી સન્માનપૂર્વક ઉત્તીર્ણ કર્યું. પીએચ.ડી. માટે રજીસ્ટ્રેશન કરાવેલ હતું, ત્યારે અસાધ્ય રોગે ઘેરો ઘાલ્યો. બંને કિડનીમાં પથરી થઈ જવાથી પૂરો વિશ્રામ કરવો પડ્યો. એની સાથે ક્રમે ક્રમે અન્ય બિમારીઓએ પણ ભરડામાં લીધી. કરોડરજ્જુની ઊભી થયેલી તકલીફોથી પગ જાણે નિર્જીવ થઈને પડી રહ્યા. શરીરનું થોડું હલનચલન પણ કરવામાં આવે તો ઉલટીઓનો હુમલો શરૂ થઈ જાય. બેસવું તો અસંભવ. બસ ફક્ત સૂતા જ પડી રહેવાનું. પથારી પર પડ્યું છે માત્ર હાડકાનું માળખું.

પલંગ પર ત્રેવીસ વર્ષથી પડ્યા પડ્યા આ વિદુષી મહિલાએ પોતાના જીવનને દોજખ નથી બનવા દીધું પણ સ્વયંનું સાહિત્ય સાથે જોડાણ કર્યું છે. ૧૯૮૨માં કાંતા શર્માનો કાવ્યસંગ્રહ 'શબ્દો કે જાલ મેં' પ્રગટ થયો. એમણે 'ઉર્વશી કા કાવ્ય શિલ્પ' (શોધ રચના) અને 'દિનકર કા કાવ્ય શિલ્પ' (અનુસંધાન યોજના) ને પોતાના કૉલેજકાળમાં અધ્યયનરત વખતે પૂર્ણ કર્યા હતા.

આજે આ યુગમાં જ્યારે સામાન્ય નારીની જે સ્થિતિ છે, એને નકારી શકાય એમ નથી. એવામાં અસાધ્ય રોગગ્રસ્ત, આ જીવંત મહિલાનું માત્ર પથારી પર કેદ, આ જીવન કેટલું પીડાદાયક, નીરસ, બેજાન, જાનલેવા હોઈ શકતું હતું ? કલ્પના માત્રથી મન ગભરાઈ જાય છે. કેવી રીતે વિતાવી રહી હશે એ બિસ્તર પર પડ્યા પડ્યા એ બોઝિલ ક્ષણોના ગુણાકારને ? કલ્પના કરો, જેણે વર્ષોથી ખુલ્લું આકાશ નથી જોયું, ઉડતા પક્ષીઓની હાર નથી જોઈ, લહેલહાતા ખેતરોને નથી જોયા, રંગબેરંગી ફૂલોથી મહેકતા ઉદ્યાનની ખુશ્બુ નથી માણી, સ્થાપત્યો, મ્યુઝિયમો, સભાગૃહો, થિયેટરોનો આનંદ નથી લીધો, હિમાલયના બરફાચ્છાદિત પહાડોની આભા નથી જોઈ, ડૂબતા ચાંદની શીતળતાને પોતાની આંખોમાં નથી ભરી, ચઢતા સૂર્યની લાલિમાને હૃદયમાં નથી ઉતારી, જેના ગોરા ગોરા પગોએ આ ત્રેવીસ વર્ષોમાં હિમાચલના ઝાકળથી નહાયેલ નરમ નરમ ઘાસને પણ પંપાળ્યું નથી...

દર વર્ષે હિમાલયના પ્રવાસ વખતે એમને મળવાની અદમ્ય ઈચ્છા પૂરી થઈ શકતી નહોતી. આ વર્ષે મુંબઈથી મક્કમ નિર્ધાર સાથે નીકળ્યા હતા કે 'જૂનગા' જવું જ !

સિમલાથી ૨૬ કિ.મી.ના અંતરે ખીણમાં આવેલા આ નાના ગામે પહોંચતા વરસાદે અમારું સ્વાગત કર્યું. એના ઘર સુધી તો વાહન જઈ શકે

પંથે પંથે પાથેય...

એમ ન હતું. નાના ગામની નાની બજાર ! લોકો એકઠાં થઈ ગયા-સૌ સમજી ગયા અમે કાંતાજીને મળવા આવ્યા છીએ ! ઉત્સાહભેર એમના ઘરે પહોંચ્યા. પહાડોમાં જરા જેટલી પણ સપાટ જગ્યા હોય એટલે ખેતર સ્વરૂપે જ હોય. પગથિયા ખેતી અને વચ્ચે વચ્ચે ઘર !

એવા ખેતરમાં આવેલ એમના ઘરે જતાં જ એક બેને સ્વાગત કર્યું. વચ્ચે ખેતર અને આમને સામને બે ઘર. પછીતે પણ વાડી. મન મોહી લે તેવા ગુલાબના ફૂલોથી લચેલા છોડ. વિધવિધ ફળના, અખરોટ, બદામ, એલચીના છોડ, વૃક્ષો અને ખેતરમાં નાની નાની કુંપળો લહેરાતી હતી.

રૂમમાં દાખલ થતાં જ વર્ષોથી મનમાં કલ્પનાચિત્ર આલેખેલી છબીને પલંગ પર વાળેલા ગોઠણ પર ચાદર ઓઢેલી, માથે સ્કાર્ફ બાંધેલી જોઈ, હા તે જ કાંતા શર્મા ! એના મોઢામાંથી આવકારના શબ્દોની ઘંટડી રણકી.

અમારે એના પ્રેમસભર આગ્રહને વશ થઈ એમની સાથે બે દિવસ રહેવું જ પડ્યું. સતત ફોનના ઉપયોગે એમણે અમારે માટે કેટલી બધી વ્યવસ્થા કરી દીધી. બીજે દિવસે સિમલા ફરવા માટે એમની સિમલા નિવાસી ભત્રીજી સાથે ગોઠવણ કરી આપી. આખો દિવસ સિમલા ફરીને રાત્રે જૂનગા પરત આવ્યા ત્યારે કાંતાજીના સુમધુર કંઠેથી એમની સ્વરચિત હૃદયસ્પર્શી રચનાઓની મહેફિલે અમારો સઘળો થાક ઉતારી દીધો. માત્ર પલંગ પર પડ્યા પડ્યા પણ એમનો જીવંત ઉત્સાહ છલકાતો જોઈ અમારો ક્ષોભ / સંકોચ ખંખેરાઈ ગયો અને એ ગામ, એ ઘર પોતીકાં બની ગયાં.

પૂછતાં તેઓ જણાવે છે, 'જ્યારથી આ નવા ઘરમાં આવ્યા છીએ, ત્યારથી મને થોડી રાહત છે.' આ નવું ઘર થોડા સમય પહેલાં જ બનાવવામાં આવ્યું છે, જેમાં કાંતાના રૂમને વિશેષ રૂપથી એમની સુવિધાઓનો ખ્યાલ રાખીને બનાવવામાં આવેલ છે. એમને ત્રણ ભાઈ અને

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૩૨)

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૩ • માર્ચ ૨૦૧૧ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦



પ્રાચીન કલાત્મક કલાધિષ્ઠાત્રી શ્રી સરસ્વતી દેવીઓ

જિન-વચન

પાપકર્મમાંથી નિવૃત્તિ

संबुज्झमाणे उ णरे मइमं
पावाउ अप्पाण निवट्टएज्जा ।
हिंसप्पसूयाइं दुहाइं मत्ता
वेराणुबंधिणी महब्भयाणि ।।

સૂત્રકૃતાંગ ૧-૧૦-૨૧

હિંસાથી દુ:ખ જન્મે છે. તે વેરને બાંધનારાં અને મહાભંયકર હોય છે. આવું સમજીને બુદ્ધિમાન મનુષ્યે પોતાની જાતને પાપકર્મમાંથી નિવૃત્ત કરવી જોઈએ.

Violence gives birth to miseries. It creates enmity and is very dangerous. Knowing this, a wise man should refrain from sinful activities.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

યુવા માનસ

+ આશા-ઉત્સાહ-ગતિ, સાહસ અને જિજ્ઞાસા, શક્તિનો પ્રચંડ ધોધ.
+ નવીનતાની ઝંખના
+ રોક-ટોક પ્રત્યે અણગમો
+ ચીલે ચાલવાનો નહીં-નવો ચીલો પાડવાની તમન્ના
+ અલગ 'આઈડેન્ટિટી'-આગવી ઓળખની અભિપ્સા
+ 'જોશ' વધુ, હોશ ઓછો.
+ સંવેદનશીલતા, લાગણીશીલતા વધુ
+ સ્વતંત્ર દિમાગ
+ આશાવાદિતા, સ્વપ્નશીલતા

વૃદ્ધોનું માનસ

+ જીવનના ખાટા અનુભવોને કારણે વિકસિત થયેલું નકારાત્મક મનોવલણ
+ શિખામણ અને વણમાગી સલાહ આપવાની ઉતાવળ.
+ 'ટકોર'ને બદલે 'ટકટક'
+ સંતાનને પોતાની 'કાર્બન કૉપી' બનાવવાની જાણ્યે અજાણ્યે ઈચ્છા.
+ આળું મન
+ જીદ, અહમ્ અને નમતું નહીં જોખવાની મનોવૃત્તિ.
+ સંતાનોને પોતે કરેલા ઉપકારોનું સ્મરણ કરાવવાનો પ્રયત્ન.
+ નવી પેઢીમાં શ્રદ્ધાને બદલે શંકા
+ રૂઢિવાદિતા.

બે પેઢી વચ્ચેનું અંતર કેવી રીતે ઘટી શકે ?

+ બે પેઢી વચ્ચે સ્વસ્થ સંવાદ
+ વૃદ્ધે થોડા જવાન થવાની તૈયારી અને જવાને થોડા વૃદ્ધ (પરિપક્વ) થવાની તૈયારી.
+ વૃદ્ધોએ, વડીલ હોવાને કારણે સમયોચિત સહિષ્ણુતા, ઉદારતા, સમાધાનવૃત્તિ, સમાનુકૂલન અને ક્ષમાભાવ વિકસાવવાનો સ્વયંભૂ પ્રયત્ન.
+ અધિકારપ્રિયતાને બદલે ત્યાગપ્રિયતા
+ માતા-પિતા સંતાનોના ટ્રસ્ટી છે એ વાત યાદ રાખવી જોઈએ, માલિક નહીં.
+ સંતાનોમાં જવાબદારીની ભાવના વિકસે તે માટે તેમની સાથે નાનપણથી જ આત્મીયતાપૂર્ણ નાતો, ચારિત્રશીલ શિક્ષણની આવશ્યકતા.
+ 'બાલમંદિરો' જેટલા જ 'બાપમંદિરો'ની જરૂરિયાત. લૉર્ડ રૉચેસ્ટર કહે છે : 'બાળઉછેરના સમયે મારી પાસે બાળઉછેરના છ સિદ્ધાંતો હતા. આજે મારી પાસે છ બાળકો છે અને સિદ્ધાંતના નામે મીંડું.'

(સૌજન્ય 'વિશ્વ વિહાર')

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ઉજ્જવળ ઇતિહાસ, આપના સાથ થકી ઉજ્જવળ ભવિષ્ય	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	આપણી પ્રાચીન ધરોહર અને જીર્ણોદ્ધાર	ડૉ. રેણુકા પોરવાલ	૭
(૩)	ગૌતમ-કથા	—	૧૦
(૪)	સર્વેગુણા: કાંચનમાશ્રયન્તે	ડૉ. રણજિત પટેલ 'અનામી'	૧૧
(૫)	વર્તમાન સમયના વિદ્યા તપસ્વી : નર્મદાશંકર શાસ્ત્રી	પ્રા. ઉષા પટેલ	૧૩
(૬)	આયુર્વેદ તથા વિજ્ઞાનની દૃષ્ટિએ રાત્રિભોજન ત્યાગ	શ્રીમતી કાંતિ જૈન કાનડા અનુવાદક : પુષ્પા પરીખ	૧૬
(૭)	ગાંધી હત્યા, વધ કે બલિદાન	કાન્તિ મેપાણી	૧૮
(૮)	અવસર	—	૧૯
(૯)	જયભિખ્ખુ જીવનધારા : ૨૬	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૦
(૧૦)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૪
(૧૧)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : વાર્ષિક વૃત્તાંત ૨૦૦૯/૨૦૧૦	—	૨૫
(૧૨)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૩)	પંથે પંથે પાથેય : મોમાયા બાપા	ગાંગજી શેઠિયા	૨૮

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

●વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૩ ● માર્ચ ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● ફાગણ સુદ–તિથિ-૧૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: ઉજ્જવળ ઈતિહાસ, આપના સાથ થકી ઉજ્જવળ ભવિષ્ય

કોઈ એક જ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા કાર્ય કરતી હોય એવી સંસ્થાઓની સંખ્યા તો ઘણી છે પરંતુ કેટલીક જ સંસ્થાઓ એવી હશે કે જે ધાર્મિક, સામાજિક, આર્થિક, કેળવણી અને સાથોસાથ પ્રબળ અને ક્રાંતિકારક વૈચારિક કાર્યો એક સાથે અને એ પણ દીર્ઘ અને યશભર્યા ઈતિહાસ સાથે કરતી હોય.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આવી એક વિશેષ પ્રકારની સંસ્થા છે.

આજે આ સંસ્થા વિશે લખવાની ભાવના એટલે થઈ છે કે **આ સંસ્થા આજે એક મૂંઝવણનો સામનો કરી રહી છે.**

આ સમગ્ર અંકમાં પાને પાને આ સંસ્થા વિશે થોડાં થોડાં ઝબકારો પ્રગટ કર્યા છે, જેથી સંસ્થાના યશસ્વી કાર્યો અને ઇતિહાસની વાચકને પ્રતીતિ થાય.

આ સંસ્થાના જન્મ સ્થાન મુંબઈની ધનજી સ્ટ્રીટમાં ૧૯૨૮ના નવેમ્બરમાં સાત વૈચારિક મહાનુભાવો એકત્ર થયા અને આવી સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો અને ૧૯૨૯ના મે માસમાં ત્રીજી તારીખે આ સંસ્થાનો જન્મ થયો અને એ સાતે સભ્યોએ સર્વાનુમતે એ સમયના થનગનતા યુવાન અને વૈચારિક ક્રાંતિના પ્રણેતા શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયાને સંસ્થાના સૂત્રધાર તરીકે નિયુક્ત કર્યા. અન્ય મંત્રીઓ તરીકે ડૉ. નગીનદાસ જે. શાહ અને શ્રી ઓધવજી ધનજી શાહને પણ નિયુક્ત કર્યા.

એ સાત મહાનુભાવોએ એ સમયે આ સંસ્થા માટે આ ઉદ્દેશો નક્કી કર્યા.

''રાજકીય, ધાર્મિક તથા સામાજિક સવાલો હાથ ધરી યુવકોમાં જાગૃતિ લાવવાના ઉપાયો યોજવા અને તેનો યોગ્ય પ્રચાર કરવો. દાખલ ફી રૂા. એક અને વાર્ષિક ફી રૂા. બે.' વધુ સ્પષ્ટતા કરીએ તો મુખ્યત્વે કરીને જૈનોની ધાર્મિક, આર્થિક અને સામાજિક ઉન્નતિના ઉપાયો રાષ્ટ્રહિત સાચવીને યોજવા અને અમલમાં મૂકવા, રાષ્ટ્રીય ભાવના ખીલે એવા પગલાં લેવાં.''

આજથી એક્યાસી વર્ષ પહેલાં નક્કી થયેલા આ ઉદ્દેશોમાં પછી તો કાળના પ્રવાહે નવા નવા ઉદ્દેશો ઉમેરાતા ગયા અને નિષ્ઠાવાન કાર્યકર મહાનુભાવોના પુરુષાર્થથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ગતિ-પ્રગતિ કરતું રહ્યું.

૧૯૭૮માં જ્યારે ત્રણ દિવસનો અર્ધ શતાબ્દી મહોત્સવ યોજાયો ત્યારે સ્મરણિકામાં યુવક સંઘે પોતાની પ્રવૃત્તિના ત્રણ તબક્કા પ્રસ્તુત કર્યા.

પ્રથમ તબક્કામાં

(૧) અયોગ્ય અને બાળદીક્ષાની પ્રવૃત્તિ સામે જેહાદ.

આ અંકના સૌજન્યદાતા

શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

સ્મૃતિ: પિતાશ્રી સ્વ. ડાહ્યાભાઈ ભોળાભાઈ જવેરી, માતુશ્રી સ્વ. સરસ્વતીબેન ડાહ્યાભાઈ જવેરી, ધર્મપત્ની સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરી તથા પુત્ર સ્વ. પ્રશાંત ભૂપેન્દ્ર જવેરી

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

(૨) મુખપત્રનું પ્રકાશન
(૩) પર્યુષણ વ્યાખ્યાનમાળા

જ્યારે બીજી પેઢી પાસે સંસ્થાનું સુકાન હાથમાં આવ્યું ત્યારે આ પ્રથમ તબક્કાને લગભગ આકાર મળી ગયો હતો.

બીજા તબક્કામાં

(૧) 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન'માં નવ સંસ્કરણ
(૨) શ્રી મ. મો. શાહ વાચનાલય અને પુસ્તકાલય
(૩) પુસ્તકનું પ્રકાશન

બીજી અને ત્રીજી પેઢીએ આ તબક્કા પ્રમાણે કાર્ય કર્યું.

ત્રીજા તબક્કામાં

(૧) સંઘમાં જૈન અને જૈનેતર સૌ કોઈને સભ્યપદ માટે આવકાર
(૨) વસંત વ્યાખ્યાનમાળા
(૩) અભ્યાસવર્તુળ
(૪) વૈદકીય રાહત પ્રવૃત્તિ
(૫) પ્રેમળ જ્યોતિ
(૬) વિદ્યાસત્ર
(૭) સ્ટાફ બેનિફિટ ફંડ

આ સંસ્થાને ઘડવામાં અને નવા નવા વિચારોને મૂર્તિમંત કરવામાં અન્ય નિષ્ઠાવાન કાર્યકરોની સાથોસાથ મુખ્ય ત્રણ રાહબરો આ સંસ્થાને પ્રાપ્ત થયા એ શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. રમણલાલ ચી. શાહ–આ ત્રણે મહાનુભાવોના વિચાર આદર્શોએ સંસ્થાનું ઘડતર કર્યું અને વૈચારિક તેમજ સામાજિક ક્ષેત્રે પાયાના કામો કર્યા અને સંસ્થાને મજબૂત અને પ્રતિષ્ઠિત બનાવી.

એ સર્વે મહાનુભાવો અને એમના સાથી મહાનુભાવો અને વર્તમાન કાર્યકરો એ સર્વેની સેવાને અમે વંદન કરીએ છીએ.

ઉપરાંત આ સંસ્થામાં પધારેલ મહાનુભાવોના નામની યાદી (જે આ અંકમાં અન્યત્ર આપી છે) જ્યારે વાંચીએ છીએ ત્યારે આ સંસ્થા સંસ્થા નહિ એક મંદિર હોય એવું અનુભવાય છે.

ત્રીજી અને ચોથી પેઢીએ પણ બીજા તબક્કાના ઉદ્દેશ પ્રમાણે કાર્ય કર્યું અને ત્રીજા તબક્કાના ઉદ્દેશોમાંથી સંજોગોના કારણે બીજા, ત્રીજા અને છઠ્ઠા ઉદ્દેશ પ્રમાણેની પ્રવૃત્તિને સંકેલી લેવી પડી. પરંતુ આ પેઢીએ એક અતિ મહત્ત્વની કરુણા અને સહાયની પ્રવૃત્તિ શરૂ કરી, **તે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતના પછાત પ્રદેશની સામાજિક સંસ્થા માટે ધન ભેગું કરી એ સંસ્થાને અર્પણ કરવું.** ૧૯૮૫માં આ વિચાર ડૉ. રમણભાઈ શાહને આવ્યો અને આજ સુધી ૨૬ સંસ્થાઓને લગભગ રૂા. સાડા ત્રણ કરોડનું દાન પહોંચાડ્યું છે.

હવે ચોથી, પાંચમી પેઢી અન્ય સર્વે ઉદ્દેશો પ્રમાણે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છે. પણ હવે આ વર્તમાન કાર્યવાહકોએ આ પ્રવૃત્તિઓને જીવંત રાખવા આર્થિક અને અન્ય પડકારોનો સામનો કરવાનો છે.

આ સંસ્થાનું પ્રારંભનું સરનામું મુંબઈમાં ધનજી સ્ટ્રીટમાં હતું. આ નાનકડી જગ્યામાં સંસ્થાએ ૪૦ વર્ષ સુધી સ્થાયી થઈ અનેકવિધ પ્રવૃત્તિ કરી સમાજ તરફથી સારી એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. હવે એ જગ્યા નાની પડતી હતી અને એ સમયના-૧૯૬૮ના કર્મનિષ્ઠ કાર્યકરોએ વિશાળ જગ્યા શોધવાનો નિર્ધાર કર્યો. એ વખતે સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી બાબુભાઈ જી. શાહે રૂા. ૫,૦૦૦/-નો ચેક સંઘને પોતાની વિશાળ જગ્યા લેવા માટે અર્પણ કરી ઉત્સાહનો દીપ પ્રગટાવ્યો.

તરત જ બીજા જૂના સભ્ય શ્રી દામજી વેલજી શાહે પણ પોતાની સુપુત્રી રેખાના નામે રૂા. ૫,૦૦૦/- આપ્યા, પરિણામે સંઘની એ સમયની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહના સાયનના નિવાસસ્થાને મકાન ફંડની રચના થઈ. પરિણામે થોડા જ સમયમાં મકાન માટે રૂા. સાઠ હજારની રકમ એકત્રિત થઈ ગઈ, અને મુંબઈના હાર્દ સમા વી. પી. રોડ વનિતા વિશ્રામની સામે ટોપીવાળા મેન્શનમાં પૂરા બીજા માળની ૨૫૦૦ કારપેટ સ્કેરફૂટની અદ્યતન જગ્યા લેવાઈ ગઈ. પરિણામે તા. ૨૫–૧૨–૧૯૬૬ના પૂ. કાકા સાહેબ કાલેલકરના શુભ હસ્તે નવી જગ્યાનું ઉદ્‌ઘાટન થયું. પ્રથમ આ જગ્યા ભાડાની હતી, પછી તરત જ ૧૯૭૦માં આ જગ્યાને કૉ-ઑપરેટીવ સ્વરૂપ મળ્યું અને રસધારા કૉ. હા. સોસાયટીનું નામ આપ્યું. હવે આ જગ્યા સંસ્થાની પોતાની માલિકીની જગ્યા બની. પરંતુ મકાન જૂનું થતાં એ મકાનને પાડવાનો મુંબઈ મ્યુનિસિપાલિટીએ વર્ષ ૨૦૦૩માં હુકમ કર્યો એટલે સંસ્થાએ મકાન ખાલી કરવું પડ્યું અને લગભગ દશ હજારથી વધુ પુસ્તકોનો ભંડાર અન્ય સંસ્થાને આપી દેવો પડ્યો તેમજ ડૉ. પીઠાવાલાની માનદ સેવાથી ચાલતા અસ્થિ સારવાર કેન્દ્ર અને 'રમકડાં ઘર'ની પ્રવૃત્તિ સંકેલી લેવી પડી. અત્યારે સંસ્થાનું કામચલાઉ કાર્યાલય ૧૪મી ખેતવાડીમાં છે. જે એક સેવાભાવી શ્રી મનિષભાઈ દોશીએ વિનામૂલ્યે આ સંસ્થાને આપ્યું છે. સંસ્થાને જ્યારે પોતાની જગ્યા નવા સ્વરૂપે બંધાઈને પાછી મળશે ત્યારે ઉપરની તેમજ અન્ય નવી પ્રવૃત્તિથી સંસ્થા ધમધમી ઉઠશે જ.

પરંતુ સંસ્થાને એ ૨૫૦૦ કારપેટ સ્ક્વેર ફૂટની નવી જગ્યા પ્રાપ્ત કરવા માટે, નવા નિર્માણ માટે મોટી રકમની જરૂર છે. **આ વર્તમાન મુંઝવણ છે.** સંસ્થા પાસે એટલી રકમ તો નથી જ. જેટલી સ્થાયી રકમ છે એના વ્યાજમાંથી વર્તમાન પ્રવૃત્તિ ચાલે છે અને

વહીવટી ખર્ચ નીકળે છે.

સંસ્થાની અનેક પ્રવૃત્તિઓની આ સાથોસાથ બે યશસ્વી પ્રવૃત્તિ તે ૭૬ વર્ષથી ગતિ કરતી પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સંઘનું મુખપત્ર, જેનું પ્રકાશન ૮૧ વર્ષથી વિવિધ નામે થતું રહ્યું છે તે વર્તમાનનું 'પ્રબુદ્ધ જીવન'નું નિયમિત પ્રકાશન.

'પ્રબુદ્ધ જીવને' સંઘના સભ્યો અને વાચકોની સતત ત્રણ પેઢીનું સંસ્કાર ઘડતર કર્યું છે. આ સત્ય વિશે અમને નિયમિત વાચકોના યશપત્રો મળતા રહે છે, પરંતુ આત્મશ્લાઘાનો દોષ લાગે એટલે એ પત્રો અમે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ કરતા નથી.

લગભગ દોઢ દાયકા પહેલાં પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટે અત્યાર સુધી સાડા બાર લાખનું સ્થાયી ફંડ આપ્યું, તેમજ દર વરસે આ વ્યાખ્યાનમાળા માટે જે રકમ ખૂટે તે પૂરક રકમ પણ આશરે એક લાખ આપતા રહી, આ વ્યાખ્યાન-માળાની પ્રવૃત્તિને નિશ્ચિંત બનાવી દીધી. આ ટ્રસ્ટની આવી ઉમદા સહાય છે એટલે જ વ્યાખ્યાનમાળાનું યશભર્યું આયોજન પ્રતિવર્ષ થઈ શકે છે. સંસ્થા આ ટ્રસ્ટનો હૃદયથી આભાર માને છે.

પાંચ સાત વરસ પહેલાં આવી જ મૂંઝવણ 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશન માટે થઈ હતી. પ્રતિ માસે ખોટમાં ચાલતા 'પ્ર.જી.'નું કેમ નિયમિત પ્રકાશન કરવું એ ચિંતા હતી. અમે વાચકો અને દાતાઓને વિનંતિ કરી. 'પ્રબુદ્ધ જીવન નિધિ' ફંડની સ્થાપના કરી અને અમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો, અને આજે રૂા. સાડા તેર લાખની રકમ થઈ, અને પ્રતિ માસે એ રકમમાં વધારો થતો જાય છે. ઉપરાંત પ્રત્યેક અંકના સૌજન્યદાતા પણ પ્રાપ્ત થાય છે, જેથી નુકશાની ઓછી થાય છે. પરંતુ રૂા. ૨૫ લાખની સ્થાયી રકમ 'પ્રબુદ્ધ જીવન નિધિ' ફંડમાં મુકાય તો જ 'પ્રબુદ્ધ જીવન'નું ભવિષ્યનું પ્રકાશન નિશ્ચિંત બને. શ્રદ્ધા છે કે સમય પાકશે ત્યારે એ શક્ય બનશે જ.

સંસ્થાના આજીવન સભ્યો, પેટ્રનો અને ગુજરાતના સંતો અને બૌદ્ધિકોને તેમ જ કેટલીક સંસ્થાઓને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે અર્પણ કરાય છે.

પરંતુ આ ૨૫૦૦ કારપેટ સ્ક્વેર ફૂટની જગ્યા માટે રૂા. એક કરોડની વ્યવસ્થા કેમ કરવી? **આ મૂંઝવણ છે.**

આ મોકાની નવી જગ્યા તૈયાર થશે ત્યારે એની કિંમત સાત કરોડની થશે અને એ સ્થાન સમાજ અને ધર્મ ઉપયોગી વિવિધ પ્રવૃત્તિઓથી ચેતનવંતુ બનશે. ૧૦૦૦ કારપેટ સ્ક્વેર ફૂટ એરિયાનો હૉલ, તેમજ એક કાર્યાલય અને બીજા બે રૂમનું નિર્માણ થશે. આ હૉલને વિવિધ પ્રવૃત્તિ માટે અન્યોને ભાડે આપવાથી આ સંસ્થાને આવક થશે અને વર્ષભરના વહીવટી ખર્ચને કોઈ પણ સખાવત વગર પહોંચી વળાશે.

આ હૉલ માટે એક દાતા મળે, અને દાતાની ઈચ્છા મુજબ હૉલને નામ અપાય, એ જ રીતે અન્ય ત્રણ રૂમને પણ ત્રણ દાતાઓનું નામ અપાય, જે બધાં નામો ચિરંજીવ અને સદાકાળ રહેશે. આ રીતે દાન પ્રાપ્ત થાય તો જરૂરી રકમ પ્રાપ્ત થઈ જાય, અને અમારી મૂંઝવણને મોક્ષ પ્રાપ્ત થાય.

જો આ યોજનાને પ્રતિસાદ ન મળે તો **અમારે એક સિદ્ધાંતનું બલિદાન આપવું પડશે.**

પ્રત્યેક વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે અન્ય સંસ્થા માટે યુવક સંઘ દાન એકત્રિત કરે છે અને એ સંસ્થાના વિકાસ માટે એ સંસ્થાને અર્પણ કરવા જાય છે; આ યોજનાનું–આ ભાવનાનું બે વર્ષ માટે આ સંસ્થાએ બલિદાન આપવું પડશે અને એના સ્થાને આ સંસ્થાએ પોતાની સ્થિરતા માટે, પોતાના અસ્તિત્વ માટે, પોતા માટે દાનની યાચના કરવી પડશે. તો જ નવા મકાન માટે જરૂરી રકમ એકત્રિત થઈ શકશે.

પરંતુ જો એવું કરવું પડશે તો આ સંસ્થાને પારાવાર દુઃખ થશે જ. આ કરુણાજન્ય સહાય યોજના જે અમારા પૂર્વ પ્રમુખ ડૉ. રમણભાઈ શાહે પ્રસ્તુત કરી હતી એમના અને અન્ય પૂર્વ કાર્યકરોના આત્માને દુઃખ થશે જ.

અત્યાર સુધી જે ૨૬ સંસ્થાઓને આ રીતે એકત્રિત કરેલું દાન પહોંચાડ્યું છે એ બધી સંસ્થાની પ્રગતિના અહેવાલો અને એમના હૃદય પુલકિત થાય એવા પત્રો મળે છે ત્યારે હૃદય આત્મસંતોષનો અનુભવ કરે છે અને એ સમયના દાતાઓ પ્રતિ પુણ્ય પહોંચાડતા પ્રભુભક્તિની અનુભૂતિ થાય છે.

થોડાં વરસ પહેલાં વડોદરા મુનિ સેવા આશ્રમ-ગોરજ જવાનું થયું ત્યારે એ સંસ્થાનો આંતરરાષ્ટ્રીય દરજ્જે વિકાસ જોઈ અમે એ સંસ્થાના સ્થાપક પૂજ્ય અનુબેનને અભિનંદન આપ્યા ત્યારે એઓશ્રીએ હૃદય ભીનું ભીનું કરી અમને કહ્યું કે 'આ સિદ્ધિનું ખરું હકદાર મુંબઈ જૈન યુવક સંઘ છે. જ્યારે અમને કોઈ ઓળખતું ન હતું, અમારો હાથ પકડવા કોઈ તૈયાર ન હતું ત્યારે ૧૯૮૯માં યુવક સંઘને ગુજરાતના આ ખૂણેથી અમારો અવાજ સંભળાયો અને અમને આશરે પોણા છ લાખનું દાન મેળવી આપ્યું.' આવો જ ભાવ સર્વોદય કુષ્ટયજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્ર નગરના આજીવન ભેખધારી શ્રી સુરેશભાઈ સોની જ્યાં જ્યારે મળી જાય ત્યારે ઉષ્માભર્યા હૃદયે વ્યક્ત કરે છે, અને મંથન અપંગ કન્યા સેવા સંકુલ-હાજીપુર તા. કલોલના આ સંસ્થાને પૂરા સમર્પિત એવા નિરુબેન તો આ સંસ્થાના પરિવાર જેવા જ બની ગયા છે, અને પ્રત્યેક પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે આવા યજ્ઞમાં સહભાગી થવા પધારે છે અને હોંશે હોંશે કહેતા ફરે છે કે ૨૦૦૧માં યુવક સંઘે અમને શોધી કાઢીને બાવીસ લાખનું દાન એકત્રિત કરી આપ્યું. એથી અમારી મંથન સંસ્થા નાના છોડમાંથી આજે વટવૃક્ષ બની ગઈ છે, અને અમે અમારા અપંગ બાળકોને અમેરિકા સુધી લઈ જઈ શક્યા છીએ. આવી જ ઘટના પાલિતાણાની સંસ્થા ભગિની મિત્ર મંડળની છે. આ સંસ્થાના સર્વે સર્વા અને આજીવન સમર્પિત ડોલરબેન કપાસી, ઉપપ્રમુખ કુંદનબેન વસંતભાઈ શાહ અને એમના સાથીઓ જ્યારે જ્યારે મળે

છે ત્યારે એમના હૃદયના ભાવો ઝીલવા અમારે હૃદયને પહોળું કરવું પડે છે. આજે એ સંસ્થા તરફ કરોડોનો દાન પ્રવાહ વહી રહ્યો છે અને કરુણાની પ્રવૃત્તિઓનો તો એ સર્વેએ પોતાની સંસ્થામાં ગુણાકાર કર્યો છે.

આવી વાતો તો ન ખૂટે એટલી આ બધી સંસ્થાઓની છે. એક પુસ્તક લખાય એટલી, ૨૬ સંસ્થાની ૨૬ પુસ્તિકા થાય.

આવી સંસ્થાઓ પ્રારંભમાં સરકાર પાસે પહોંચવા અસમર્થ હોય. ઉપરાંત અનુબહેન કહેતા કે 'સરકારી મદદ મેળવવા જવું એટલે અમલદારો અને વહીવટીકારો પાસેથી પહેલાં અપમાનો મેળવવા, પછી સહાય મળે કે ન પણ મળે. આ બધાં અમલદારો પાસેથી દાન મેળવવું એટલે એમના હાથમાંથી બરફનો ટુકડો લેવો. આમેય અમલદારોના હાથ હુંફાળા હોય જ, એટલે દાનનો બરફ ટુકડો પહેલાં ત્યાં જ પીગળે, પછી હાથમાં શું આવે? આપણી સરકાર એક પૈસાનું દાન પહોંચાડવા બે પૈસાનો વહીવટી ખર્ચ કરે.'

તો આવી સંસ્થાઓ માટે દાન મેળવવાના ઉમદા વિચારનું બલિદાન આપી યુવક સંઘે હવે બે વરસ માટે પોતાને માટે દાનની વિનંતિ કરવાની? બસો ઉદારદિલ દાતાઓનું દાન જ્યારે અનેકોના જીવન સુધી પહોંચે છે એ વિસારીને પુણ્ય સિદ્ધાંતનો ભોગ આપવાનો?

આ વેદનાભરી મૂંઝવણ આપની પાસે ધરીએ છીએ. યુવક સંઘના પ્રત્યેક સભ્યો અને 'પ્ર.જી.'ના વાચકો એક પરિવાર જેવા છે. કોઈ સિદ્ધાંતનું બલિદાન આપતા પહેલાં પરિવારને જણાવવું એ અમારી ફરજ છે.

વિશ્વાસ છે કે આવા ઉમદા સિદ્ધાંતનુંબલિદાન સમાજ અમને આપવા નહિ દે. ઉદાર દિલ દાતાઓ અમારી મૂંઝવણનું નિર્વાણ કરી અમારામાં શ્રદ્ધાનું નિર્માણ કરશે.

શ્રદ્ધા છે કે જેમ સંસ્થાએ ૪૦ વર્ષ પહેલાં જગ્યા ખરીદી ત્યારે ઓચિંતો એક ચેક ખોળામાં આવી પડ્યો હતો એમ કોઈ ત્રણ ચાર સંવેદનશીલ દાતા મુંબઈ જૈન યુવક સંઘને આ મૂંઝવણ સમયે યાદ અવશ્ય કરશે જ. મુંબઈ જૈન યુવક સંઘ એક 'સેવારથ' છે અને એની દોર બધાંએ ખેંચવાની છે.

જૈન જગતમાં અનેક ભામાશા છે અને યુવક સંઘનો યશભર્યો ઉજ્જવળ ઈતિહાસ છે અને આપ સર્વના સાથ થકી સંસ્થાનું ભવિષ્ય ઉજ્જવળ થવાનું છે એટલે અમારી શ્રદ્ધા ફળશે જ, કારણકે સંઘના ભવિષ્યને પણ ઉજ્જવળ રાખવાની જવાબદારી પણ વર્તમાનની જ છે, અને વર્તમાન એ શુભ કાર્ય કરશે જ. આ આત્મશ્રદ્ધા છે.

'નવનિર્માણ મકાન ફંડ'માં આપ નાની રકમ પણ મોકલી પાયાની ઈંટ બનવાનું પુણ્ય પ્રાપ્ત કરી શકો છો.

ખાત્રીપૂર્વક કહીએ છીએ કે યુવક સંઘના નવા હૉલને કોઈ દાતા પોતાનું કે પોતાના પૂર્વજનું નામ આપશે તો એ પુણ્ય કર્મ ઉપાશ્રયના નિર્માણ કર્મથી ઓછું નહિ જ હોય.

□ધનવંત શાહ
drdtshah@hotmail.com

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૧૦–૨૦૧૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૦૫–૦૨–૨૦૧૧ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા શુક્રવાર તા.૨૫-૦૨-૨૦૧૧ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે મળી હતી. જેમાં સને ૨૦૧૦–૨૦૧૧ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

હોદ્દેદારો

પ્રમુખ:
શ્રી રસિકલાલ લહેરચંદ શાહ

ઉપપ્રમુખ:
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ

મંત્રીઓ:
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ

સહમંત્રી :
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ

કોષાધ્યક્ષ :
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

સમિતી સભ્યો

શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા
શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા

કો–ઓપ્ટ સભ્યો

શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ

નિમંત્રિત સભ્યો

શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી માણેકલાલ એમ. સંગોઈ
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ
શ્રી પન્નાલાલ કે. છેડા
શ્રી મનીષ મોદી

આપણી પ્રાચીન ધરોહર અને જીર્ણોદ્ધાર :

□ ડૉ. રેણુકા પોરવાલ

(વિદુષી ગૃહિણી લેખિકાએ આચાર્ય બુદ્ધિ સાગરજી ઉપર શોધ પ્રબંધ લખ્યો છે અને જૈન કલા-સ્થાપત્યના ઊંડા અભ્યાસી છે.)

પરાપૂર્વથી ચાલી આવતા જૈન ધર્મના મૂળ સિંધુ નદીની સંસ્કૃતિની સભ્યતામાં પણ નિરખવા મળે છે. ભારતીય ધારાના ત્રણ ધર્મોમાં બૌદ્ધ ધર્મ પાછળથી ઉમેરાયો છે જ્યારે જૈન અને હિંદુધર્મને ઘણાં પુરાણા કહી શકાય. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવનું નામ ઋગ્વેદ અને યુજુર્વેદમાં પણ આવે છે.

'ઓમ્ ત્રૈલોક્ય પ્રષ્ટિતાનાં
ચતુર્વિશતિ તીર્થંકરાણાં।
ઋષભાદિ વર્ધમાનાન્તાનાં સિદ્ધાનં
શરણં પ્રપદ્યે।।'

(ઋગ્વેદ)

'ઓમ્ નમોર્હન્તો ઋષભો।'

(યજુર્વેદ)

જૈન ધર્મ અતિ પ્રાચીન હોવા છતાં તેની પ્રાચીનતા સિદ્ધ કરતા પ્રમાણો નહિવત્ જોવા મળે છે. જે કંઈ આપણી પાસે બાકીની સામગ્રીઓ છે એની કાળજી લેવામાં ન આવે તો ભવિષ્યનો જૈન સંઘ આપણને કદી માફ નહિ કરે. આજથી ૨૦૦૦ વર્ષ પહેલાંનો જૈન સંઘ ભૂતકાળમાં કેવો હતો ? એ કેવી રીતે પ્રભુની પૂજા-અર્ચના કરતો હતો ? એ જૈન દર્શનના સિદ્ધાંતોને શી રીતે સમજતો હતો ? એ સમજવા માટેની એની પદ્ધતિ શી હતી ? આ સર્વ પ્રશ્નોના ઉત્તરો મથુરાના ઉત્ખનનમાં મળેલ બેનમુન શિલ્પો અને પ્રતિમાજીઓના પલાસન પર અંકિત થયેલા જોવા મળે છે. વર્તમાન સમયમાં જૈન સંઘ પાસે જે કંઈ સાંસ્કૃતિક વારસો છે એને સુરક્ષિત રાખવા માટે કઈ બાબતોનો સમાવેશ કરવો તથા એ પ્રમાણેનો અમલ નહીં થવાથી શા પરિણામો આવી શકે એનો આછેરો ખ્યાલ આ લેખનો ઉદ્દેશ્ય છે.

જૈનકળાનો અદ્‌ભુત વારસો એની શિલ્પકળા અને ચિત્રકળાના સ્વરૂપે જોવા મળે છે. શિલ્પકળામાં મુખ્યત્વે દેવ-દેવીઓ અને તીર્થંકરોની પ્રતિમાઓ, વિવિધ ક્રીડાઓ કરતી યુવતીઓ/શાલ ભંજીકાઓ, સ્તંભો, તોરણો, બારશાખો, પ્રવેશદ્વાર, ઘુમ્મટ, શિખર આદિનો સમાવેશ થાય છે. ચિત્રકળામાં મંદિરો, ગુફાઓ તથા ઉપાશ્રયની દિવાલોના ભીંત ચિત્રો/Wall Painting તથા હસ્તપ્રતો પરના મીનીચેઅર પેઈન્ટિંગનો સમાવેશ કરી શકાય. કોઈપણ મંદિરના સ્થાપત્ય અને એમાં વપરાયેલ સામગ્રી પરથી તથા ત્યાંના શિલાલેખોની સહાયતાથી એ ભવન ક્યારે તૈયાર થયું એ જાણી શકાય છે.

ભારતભરમાં ધાર્મિક સ્થાનો પર અગિયારમી સદીથી લઈ સત્તરમી સદી સુધી અનેક આક્રમણો થયા ત્યારે પ્રતિમાઓને ભૂગર્ભમાં સંતાડીને સુરક્ષિત રાખવામાં આવતી; છતાં પણ જે મૂર્તિઓ ખંડિત થઈ હોય એને મંદિરના પ્રાંગણમાં દાટી દેવામાં આવતી અથવા નજીકના જળાશયોમાં પધરાવવામાં

છેલ્લા ૨૬ વર્ષથી પ્રતિવર્ષ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ તરફથી

આર્થિક સહયોગ માટે પસંદ થયેલ સંસ્થાઓની યાદી

૧૯૮૫	ધરમપુર આદિવાસી વિસ્તાર કેન્દ્ર–ધરમપુર	૨,૮૦,૦૦૦
૧૯૮૬	ઋતંભરા વિદ્યાપીઠ–સાપુતારા	૧,૫૧,૦૦૦
૧૯૮૭	નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ-મુંબઈ	૫,૧૧,૦૦૦
૧૯૮૮	શ્રમ મંદિર, સિંધરોટ, જિલ્લો-વડોદરા	૫,૬૧,૦૦૦
૧૯૮૯	મુનિ સેવા આશ્રમ, ગોરજ–વડોદરા	૫,૭૨,૫૧૩
૧૯૯૦	સર્વોદય પરિવાર ટ્રસ્ટ–પિંડવળ	૩,૫૭,૧૨૫
૧૯૯૧	સર્વોદય કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ–રાજેન્દ્રનગર	૧૦,૦૦,૦૦૦
૧૯૯૨	આંખની હૉસ્પિટલ–ચિખોદરા	૧૦,૦૦,૦૦૦
૧૯૯૩	શિવાનંદ મિશન હૉસ્પિટલ–વિરનગર	૧૦,૫૫,૮૪૫
૧૯૯૪	આર્ક માંગરોલ, જિલ્લો-ભરૂચ	૭,૩૪,૧૦૦
૧૯૯૫	શ્રી દરબાર ગોપાલદાસ ટી. બી. હૉસ્પિટલ–આણંદ	૧૧,૭૩,૫૬૧
૧૯૯૬	શ્રી કસ્તુરબા કન્યા વિદ્યાલય–કોબા	૧૧,૦૦,૦૦૦
૧૯૯૭	શ્રી આત્મવલ્લભ હૉસ્પિટલ-ઇડર	૧૫,૦૦,૦૦૦
૧૯૯૮	લોક સ્વાસ્થ્ય મંડળ–શિવરાજપુર	૧૦,૭૫,૦૦૦
૧૯૯૯	શ્રી કે. જે. મહેતા હૉસ્પિટલ–જાંથરી	૨૧,૦૦,૦૦૦
૨૦૦૦	પી. એન.આર. સોસાયટી–ભાવનગર	૨૨,૦૦,૦૦૦
૨૦૦૧	મંથન અપંગ કન્યા સેવા સંકુલ-હાજીપુર, તા. કલોલ	૨૨,૦૮,૪૦૪
૨૦૦૨	શ્રી સેવા મંડળ મેઘરજ, કસાણા, જિ. સાબરકાંઠા	૧૬,૦૦,૦૦૦
૨૦૦૩	શ્રી મંગલ ભારતી ગ્રામ સેવા નિધિ ટ્રસ્ટ–ગોલાગામડી,જિ. વડોદરા	૧૫,૩૯,૫૩૪
૨૦૦૪	શ્રી શારદા સંકુલ–કપડવંજ	૧૫,૦૧,૪૨૬
૨૦૦૫	શ્રી ડાંગ સ્વરાજ–આશ્રમ–આહવા	૧૬,૮૫,૯૬૦
૨૦૦૬	શ્રી ગ્રામ સ્વરાજ સંઘ, નીલપુર–કચ્છ	૨૦,૧૫,૪૨૧
૨૦૦૭	શ્રી ભગિની મિત્ર મંડળ–પાલીતાણા	૨૩,૯૪,૮૧૭
૨૦૦૮	શ્રી કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, જિ. નવસારી	૨૫,૦૦,૦૦૧
૨૦૦૯	લોક વિદ્યાલય–વાળુકડ, પાલિતાણા	૨૪,૦૦,૦૦૦
૨૦૧૦	સ્વરાજ આશ્રમ-વેડછી	૨૮,૨૭,૩૪૩
	કુલ	**૩,૬૦,૪૪,૦૫૦**

આવતી. પાછળથી ક્ષતિગ્રસ્ત મંદિરોને શિલ્પીઓની સહાયતાથી નવીન ઓપ આપવામાં આવતો. દા. ત. આબુના વિમલશાહના મંદિરો, કુંભારિયાજીના મંદિરો, તારંગાનું અજિતનાથનું દેરાસર વગેરે.

હવે પરિસ્થિતિ પલટાઈ છે. જ્યાં પણ સો-બસો વર્ષોથી વધુ પુરાણા મંદિરો હોય, જેની દિવાલો હજાર વર્ષથી પણ વધુ ટકી શકે એવી હોય તેમને અદ્યતન સાધનો વડે અથવા જરૂર પડે તો બુલડોઝરનો પણ આશરો લઈને જમીનદોસ્ત કરાય છે. અહીંની પ્રાણપ્રતિષ્ઠિત પ્રતિમાજીઓને નજીકના સ્થળે પરોણા તરીકે સાચવીને રખાય છે. મધ્યકાલીન સમયના મંદિરો હજુ સુધી માળવા, મેવાડ અને મારવાડમાં જોવા મળતા હતા તે પણ હવે અદૃશ્ય થયા છે. આપણે સપરિવાર યાત્રાએ જઈએ અને દાદા જો પૌત્રને એમ કહે, 'બેટા, આ તીર્થ તો એક હજાર વર્ષ જૂનું છે. અહીં કંઈ કેટલાયે ગુરુ મહારાજાઓએ સાધના કરી છે. એમના પુદ્‌ગલ પરમાણુઓ અહીં છે.' પૌત્ર તરત જ ઉત્તર આપશે, 'દાદાજી, આ મંદિર તો હમણાંનું જ બનાવેલ હોય એમ વર્તાય છે, તમે શી રીતે એને એક હજાર વર્ષ પ્રાચીન કહો છો?' આવા અનપેક્ષિત ઉત્તરથી ભલે આપણે અવાચક થઈએ છતાં એક વિચારણીય પ્રશ્ન તો આપણને ઢંઢોળશે જ. શું આપણે ભવિષ્યની પેઢીને ફક્ત આબુ-દેલવાડા, ગિરનાર કે રાણકપુરના દેરાસરો, શત્રુંજયના મંદિરોનો સમૂહ એ જ બતાવી શકીશું, અન્ય એક પણ નહિ?

આજે વિશ્વમાં દરેક વસ્તુ સાચવવાની અદ્યતન ટેકનિક અને એ માટે મશીનો અને એના નિષ્ણાતો મોજૂદ છે. બાઘ (મધ્યપ્રદેશ)ની ગુફામાં બૌદ્ધધર્મના ૧૫૦૦ વર્ષ જૂનાં ભીંતચિત્રો સાચવવામાં આવે છે તો આપણે 'સીતાના વાત્સલ'ના ૨૨૦૦ વર્ષ જૂના જૈન પેઈન્ટિંગો કેમ સુરક્ષિત નહીં જાળવીએ! તે જ પ્રમાણે વિજયનગર, રતલામનું બાબાશાહ મંદિર, અંકલેશ્વરના મંદિર વગેરે સ્થળોના મંદિરોની દિવાલો પરના પેઈન્ટિંગ કેમ ન જાળવીએ! અહીંના ઘણાં દેરાસરોમાં લાલ કિલ્લામાં આવેલ દીવાને-ખાસ જેવી કારીગીરી છે. અંદરના બાવન જિનાલય અને મુખ્ય મંદિર લાલ પત્થરના બનાવેલ છે. બાવન જિનાલયને ભલે ન બચાવી શક્યા પરંતુ પેઈન્ટિંગવાળી દિવાલને તો સંભાળીને રાખી શકાય.

ગત બે-ત્રણ વર્ષ દરમ્યાન તોડી પડાયેલ પ્રાચીન દેરાસરોની સંખ્યા ઘણી મોટી છે. આપણાં કંઈ કેટલાયે ગુફામંદિરોનો સુરક્ષાના અભાવે અન્ય ધર્મીઓએ કબજો લઈ લીધો છે એમાં ખંડગિરિ (ઓરિસ્સા), અંજનેરી ગુફા (મહારાષ્ટ્ર), દુર્ગ (છત્તીસગઢ) વગેરેનો સમાવેશ થાય છે.

સ્થાપત્યદોષ, જૂનો દેખાવ, ભોંયરામાં છે માટે અથવા ઘણું નાનું ગર્ભગૃહ છે એવા કારણો દર્શાવીને સંઘપુર, હસમપુર, જીરાવલા, ઉજ્જૈન, બદનાવર, ભોપાવર, અદ્‌ભુતજી એવા અનેક સ્થળોએ જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે.

એક ચિંતનીય બિંદુ :

મંદિર કે ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર જરૂરી હોય તો એને અંશતઃ કરવું. તાજમહેલ કે ચાર મિનાર કે મોટા મોટા મહેલોને જાળવવાની પદ્ધતિ નિષ્ણાતો નક્કી કરે છે માટે આપણે પણ એવા નિષ્ણાતોની મદદ લેવી.

• મંદિરની બહાર તથા અંદર સમારકામ કરતાં પહેલાં એની વિડિયોગ્રાફી અવશ્ય કરવી. તે સ્થળના અને પ્રતિમાજીઓ સાથે તે સ્થળના ફોટોગ્રાફ્સ લેવા. જ્યાં પાયા વગર મંદિર ચણેલા હોય અને

સ્વરાજ આશ્રમનો સૌજન્યપૂર્ણ પ્રતિભાવ પત્ર

પ્રતિ,
સુજ્ઞ પ્રમુખશ્રી અને અન્ય પદાધિકારીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ,
સાદર વંદના!

આપ સૌ સ્વયં ચેક અર્પણવિધિ માટે આટલી મોટી સંખ્યામાં ઊંડાણમાં આવેલા સ્વરાજ આશ્રમ વેડછીમાં પધાર્યા એથી આશ્રમ પરિસર સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલા અમો સૌ અત્યંત રાજી થયા છીએ. અમારી કશી વિધિસરની માંગણી વિના (જરૂરિયાત બહુ મોટી) આપના પ્રતિષ્ઠિત સંઘે સ્વયં ઉત્સાહથી રૂા. ૨૮,૨૭,૩૪૩/-ની માતબર રકમ આશ્રમ પુનર્રચના માટે અર્પણ કરી એ આશ્રમનું અહોભાગ્ય છે અને અમો સૌના પ્રેરક મહાન સેવક પૂ. જુગતરામ દવેની તપશ્ચર્યાની ફળશ્રુતિ છીએ.

આ દેશમાં દાનની પરંપરા જળવાયેલી છે. તોપણ એમાં કોઈક પ્રકારની શરતો હોય છે. વળી દાનની રકમ મોટા તૈયાર ફંડોમાંથી ઘણી વાર અપાય છે. એ પણ સારું જ છે. તેમ છતાં તમે ગુણવત્તાની રીતે એક ડગલું આગળ વધ્યા છો એ વાતની સહર્ષ નોંધ લેતાં અમે ગદગદિત થઈએ છીએ. તમે લોકશક્તિ જગાડી શુદ્ધ હૃદય ભાવનાથી પ્રેરાઈ નાની-નાની રકમ સ્વૈચ્છિક રીતે પ્રાપ્ત કરી, તેનો આવો સુંદર નિધિ એકત્ર કરીને અર્પણ કર્યો એ વાતની અમે ઊંડી કદર કરીએ છીએ. આપે વ્યાપક ધર્મભાવનાનું એક ઉત્કૃષ્ટ અને જ્વલંત ઉદાહરણ પુરું પાડ્યું છે.

નવા નવા પ્રોજેક્ટો માટે દાનો સહેલાઈથી ઉપલબ્ધ થાય છે, પરંતુ તમે તો જૂનાં મકાનો, ગૌશાળા વગેરેની પુનર્રચના માટે આ ઉદાર સહાય એકત્ર કરી આપી છે એ એક અપવાદરૂપ ઘટના છે. જે શુભનિષ્ઠાથી મુંબઈ જૈન યુવક સંઘે આ દાન આપ્યું એવી શુભનિષ્ઠા, ખંત તથા કરકસરથી તેનો વિનિયોગ થશે એવી આપને હું ખાતરી આપું છું.

ફરીથી આપ સૌનો ખરા હૃદયથી ખૂબ ખૂબ આભાર.

ભીખુભાઈ વ્યાસ
પ્રમુખ, સ્વરાજ્ય આશ્રમ વેડછી
તા. ૪-૨-૨૦૧૧

ફક્ત માટીની દિવાલો હોય ત્યાંના ફોટાઓ ખાસ લેવા કારણ કે હવે એવી પ્રથા લુપ્ત થઈ છે.

• ઘૂમ્મટના પેઈન્ટિંગ, મીરર વર્ક, કાચ વર્કને બને ત્યાં સુધી નષ્ટ કર્યા વગર કેમિકલ્સથી સફાઈ કરાવવી.

•યાત્રાના સ્થળોએ એક જ મંદિર હોય તો એને તોડવાને બદલે એની નજીક જ બીજા દેરાસરો બનાવી શકાય. આપણે ત્યાં આવી પ્રથા, ગિરનાર, આબુ, રાણકપુર વગેરે સ્થળોએ જોવા મળે છે. (હસમપુરામાં આ પ્રમાણે કરી શકાય.) અહીંના શિલાલેખો વગેરેને સુરક્ષિત રાખવા.

દેવદ્રવ્યની વિચારધારા :

દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે. એ કાર્ય માટે આપણે ત્યાં 'ઘી'ની 'બોલી' બોલવામાં આવે છે તથા એ પરંપરા વર્તમાનમાં પણ વિદ્યમાન છે. આ બહુમૂલ્ય દેવદ્રવ્યની રક્ષા આપણો ધર્મ છે. જ્યાં જરૂર ન હોય ત્યાં એનો અપવ્યય કરવો નહિ. એક વસ્તુ કદિ ન ભૂલવી કે ગિરનારના મંદિરની રક્ષા માટે પેથડશાહે આજથી સાતસો વર્ષ પહેલાં ૫૬ ઘડી સોનાની ઉછમણી બોલી હતી. એ સોનું જ્યાં સુધી માંડવગઢથી મંગાવી ગિરનારજીની પેઢીમાં જમા ન થયું ત્યાં સુધી (ત્રણ દિવસ સુધી) અન્નજળનો ત્યાગ કર્યો હતો.

ચમત્કાર અને દૈવી સહાય :

જૈન પરંપરા પ્રમાણે જ્યારે દેરાસર સો વર્ષથી અધિક પ્રાચીન થાય ત્યારે એને તીર્થની માન્યતા મળે છે. રાત્રે નીરવ શાંતિ વચ્ચે ઘણીવાર મંદિરોમાં ઘંટનાદનો દિવ્યધ્વનિ બહાર સુધી સંભળાય છે. આવા સંગીતમય ધ્વનિ રાંદેરમાં (સુરત) અને શાજાપુર (ઈંદોર)માં સંભળાતા હતા. બંને સ્થળોએ આવેલ જૂના મંદિરોમાં આચાર્યોએ વર્ષો સુધી આરાધના કરી હતી. તેમના પુદ્‌ગલ પરમાણુઓ મંદિરને ચમત્કારિક ક્ષેત્ર બનાવવામાં સહાયક થાય છે. પ્રભુના ભક્તો પણ આવા સ્થળે દેવકૃપા અવશ્ય મેળવે જ છે. પાયામાંથી ફરી દેરાસર બનાવતી વખતે એની પ્રાચીનતા કે ભવ્યતાનો જ નાશ નથી થતો પરંતુ ભક્તોને સહાય કરવાવાળા શુભ પુદ્‌ગલ પરમાણુ પણ અસહાય થઈ જાય છે.

આજથી સિત્તેર–એંસી વર્ષ પહેલાં ઘણાં જૈનાચાર્યોએ જૈન ધર્મની બહુમૂલ્ય ધરોહરને સુરક્ષિત રાખવા માટે ઘણા મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યાં હતા. એમાં શ્રી પુણ્યવિજયજી, શ્રી ધર્મસૂરિજી, શ્રી શાંતિસૂરિજી, શ્રી વિજયવલ્લભસૂરિજી, જિન વિજયજી, ન્યાયવિજયજીની બંધૂ ત્રિપુટી, બુદ્ધિસાગરજી વગેરે ગુરુ ભગવંતોનું યોગદાન મહત્તમ રહ્યું.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ ખોટી પ્રરૂપણા થઈ હોય તો મન-વચન-કાયાના યોગે મિચ્છામી દુક્કડં. ✷✷✷

૧૪૮–પી. કે. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન નં. : ૨૫૬૧ ૬૨૩૧.
મો. : ૦૯૮૨૧૮૭૭૩૨૭

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને આંગણે પધાર્યા હતા આ મહાનુભાવો

૭૬ વર્ષથી ગતિ કરતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો અત્યાર સુધી લગભગ ચુમ્માલીસ હજાર જિજ્ઞાસુ શ્રોતાઓએ વિવિધ વિદ્વાન વક્તાઓના ચિંતનને માણ્યું અને લગભગ બારસો વક્તાઓ પધાર્યા, એમાંના કેટલાંક મહાનુભાવોના નામો...

ડૉ. રાધાકૃષ્ણન, મધર ટેરેસા, માર્ટીન લ્યુથર કિંગ, આચાર્ય રજનીશ, કાકા સાહેબ કાલેલકર, ગુરુદયાલ મલ્લિક, પંડિત સુખલાલજી, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, પૂ. વિમલાતાઈ, મુનિશ્રી જિનવિજયજી, મુનિશ્રી પુણ્યવિજયજી, પંડિત બેચરદાસજી, પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા, ડૉ. જગદીશચંદ્ર જૈન, સ્વામી રંગનાથ નંદજી, સરલાદેવી સારાભાઈ, સ્વામી અખંડ આનંદ, મોતીલાલ કાપડિયા, ઉછરંગરાય ઢેબર, પંડિત દલસુખભાઈ માલવણિયા, અગરચંદજી નાહટા, સ્વામી આનંદ, મહાસતી ઉજ્જવળકુમારીજી, વિજયાલક્ષ્મી પંડિત, કિશોરલાલ મશરૂવાળા, પૂ. કેદારનાથજી, બ. ક. ઠાકોર, ઉમાશંકર જોષી, જ્યોતીન્દ્ર દવે, ભદંત આનંદ કૌશલ્યાયન, મૌલવી મકબુલ અહમદ, ડૉ. હુકમીચંદ ભારીલ્લ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, દર્શક, ફાધર વાલેસ, મુનિશ્રી સંતબાલજી, ભટ્ટારક ચારુકીર્તિ, પૂ. મોરારીબાપુ, પાંડુરંગ શાસ્ત્રી, મોરારજી દેસાઈ, અટલબિહારી બાજપાઈ, જ્યોર્જ ફર્નાન્ડીઝ, કસ્તુરભાઈ લાલભાઈ, પુરુષોત્તમ માવલંકર, એમ. સી. ચાગલા, જયપ્રકાશ નારાયણ, ખીમજી માંડલ ભૂજપુરિયા, નારાયણભાઈ દેસાઈ, ડૉ. ઉષા મહેતા, ડૉ. સુરેશ જોષી, ડૉ. ધીરૂભાઈ ઠાકર, હરિભાઈ કોઠારી, ડૉ. ગુણવંત શાહ, મુઝફ્ફર હુસેન, ડૉ. કુમારપાળ દેસાઈ, નરેન્દ્ર મોદી અને ડૉ. રાકેશભાઈ ઝવેરી.

સંઘની ઇતર પ્રવૃત્તિઓ

૧. ૭૬ વર્ષથી અવિરત પર્યુષણ વ્યાખ્યાનમાળા
૨. પ્રેમળ જ્યોતિ–દવા, કપડાં, સ્કૂલ યુનિફોર્મ સહાય
૩. દીપચંદ ત્રી. શાહ પુસ્તક પ્રકાશન ફંડ
૪. કિશોર ટિંબડિયા કેળવણી ફંડ–વિદ્યાર્થીઓને સહાય
૫. જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ–૧૦૦ પરિવારોને દર મહિને અનાજ
૬. ભક્તિ સંગીત
૭. 'પ્રબુદ્ધ જીવન' સંઘના મુખપત્રોની ૮૧ વર્ષની અવિરત યાત્રા
૮. પ્રત્યેક વર્ષે વ્યાખ્યાનમાળા દરમિયાન એકત્ર થયેલા દાનને ગુજરાતની પછાત વિસ્તારની સંસ્થાને અર્પણ–અત્યાર સુધી ૨૬ સંસ્થાને સાડાત્રણ કરોડનું દાન પહોંચાડ્યું.

પધારો

।। ગૌતમ-કથા।।

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ગત માર્ચ મહિનામાં મહાવીર જન્મકલ્યાણક દિવસે (મહાવીર જયંતીએ) આયોજિત કથાતત્ત્વ, સંગીત અને અભિનવ દર્શનના ત્રિવેણી સંગ સમી જૈનદર્શનના પ્રસિદ્ધ સાહિત્યકાર, વિચારક અને અભ્યાસી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા મહાવીર-કથા પ્રસ્તુત કરવામાં આવી હતી અને આ મહાવીર-કથાએ ભાવકો, વિચારકો અને અધ્યાત્મ જિજ્ઞાસુઓમાં નવી પ્રેરણા અને ઉત્સાહ જગાડ્યા હતા. બે દિવસ ખીચોખીચ ભરાયેલા હૉલમાં ભગવાન મહાવીરના જીવન, દર્શન અને એના આધ્યાત્મિક મર્મોનો ઉઘાડ સાંભળીને રોમાંચિત થયેલા શ્રોતાઓએ દાખવેલા પ્રતિભાવને જોઈને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી મંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહે આગામી વર્ષે 'ગૌતમ-કથા' યોજવાનું નિમંત્રણ આપ્યું હતું અને તે મુજબ પંદરમી, સોળમી અને સત્તરમી એપ્રિલે મુંબઈના પાટકર હૉલમાં 'ગૌતમ-કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જમાને જમાને ભગવાન મહાવીરના પ્રથમ ગણધર, મહાતપસ્વી અને અનંત લબ્ધિઓના નિધાન ગુરુ ગૌતમસ્વામીની યશોગાથા રચાતી રહી છે; ગવાતી રહી છે અને ભક્તજનોના હૃદયમાં સદા ગૂંજતી અને પૂજાતી રહી છે. શુભ કાર્યોમાં સદા સ્મરણીય અને અધ્યાત્મ પંથે સદા પૂજનીય એવા ગૌતમસ્વામી આધિ, વ્યાધિ અને ઉપાધિમાં ડૂબેલા સંસારીઓને તથા સત્ય, સાધના અને મુમુક્ષાના માર્ગે ચાલતા અધ્યાત્મ-યાત્રીઓને કે પછી તપશ્ચર્યા, તિતિક્ષા અને ભક્તિની આરાધના કરતા યોગીઓને સમાનરૂપે ઉપકારક છે.

ત્રણ દિવસના ત્રણ વિષયો અને સમય

૧. પરિવર્તનનો વિસ્ફોટ
તીવ્ર અહંકાર અને નમ્ર વિનય:
તા. ૧૫ એપ્રિલ શુક્રવાર, સાંજે ૬-૩૦ થી ૮-૩૦

૨. દર્શનનો ચમત્કાર : ગણધરવાદ
જ્ઞાનનો ભંડાર : પ્રભુ સાથે સંવાદ
તા. ૧૬ એપ્રિલ શનિવાર, મહાવીર જન્મ કલ્યાણક દિવસ
સાંજે ૫-૩૦ થી ૭-૩૦

૩. અનહદ રાગમાંથી ઉત્કૃષ્ટ વિરાગ :
અપૂર્વ લબ્ધિ સિદ્ધિના સ્વામી
૧૭ એપ્રિલ રવિવાર, સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦

સ્થળ : પાટકર હૉલ, ચર્ચગેટ, મુંબઈ.

પ્રવેશ પત્ર માટે યુવક સંઘની ઑફિસમાં ફોનથી નામ લખાવવા વિનંતી.

તીર્થંકર ભગવાન મહાવીરસ્વામી પછી જૈન પરંપરામાં સહુથી વધુ છવાયેલું અને વ્યાપક વ્યક્તિત્વ હોય તો તે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર અને પ્રથમ શિષ્ય શ્રી ગૌતમસ્વામીનું છે. દીપોત્સવીના મંગલ દિવસે જૈનસમાજ પોતાના ચોપડામાં 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ લખીને એમની લબ્ધિની વાંછના કરે છે અને બેસતા વર્ષના મંગલ પ્રભાતે ભાવવિભોર બનીને ગૌતમસ્વામીના પદો, સ્તવનો અને છંદો ગાઈને નવા વર્ષના પાવન વધામણાં કરે છે. ગૌતમસ્વામીના વિરાટ અને બહુમુખી વ્યક્તિત્વને પામવાનો આ પ્રયાસ છે.

કેવા હતા ગૌતમસ્વામી? તેનો જરા વિચાર કરીએ. તેઓ જેટલા મહાન તત્ત્વજ્ઞાની હતા, એટલા જ ઉદારમના મહાપુરુષ હતા. ગૃહસ્થાવસ્થામાં ચૌદ વિદ્યાના પારંગત મહાપંડિત હતા, તો ભગવાન મહાવીરના શિષ્ય બન્યા બાદ ચૌદ પૂર્વમાં પારંગત મહાદાર્શનિક બન્યા. ગૌતમસ્વામી જ્ઞાનની ગરિમાએ બિરાજતા હતા, તેમ છતાં નમ્રાતિનમ્ર હતા. અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં નામના અને કામનાથી તેઓ સદાય અલિપ્ત રહ્યા. તપને કારણે તેમના ચહેરા પર ઉલ્લાસ અને તેજસ્વીતા છલકાતા હતા. પચાસમે વર્ષે દીક્ષા લીધી હોવા છતાં તેમના મુખ પર ભવ્ય તેજ પ્રગટતું હતું. એમના વ્યવહારમાં પદે પદે વિનય પ્રગટ થતો. રાજકુમાર અતિમુક્ત સાથેના વાર્તાલાપમાં એક મહાન જ્ઞાનીનો સામાન્ય કે અજ્ઞાની બાળક સાથે કેવો સૌજન્ય અને લાગણીમય વ્યવહાર હોય તે દેખાઈ આવે છે. કોઈ કાર્ય માટે બહાર જાય તો ભગવાન મહાવીરની આજ્ઞા મેળવીને જતા અને પાછા આવે ત્યારે ફરી ભગવાનને પોતાના કાર્યની માહિતી આપીને પછી જ અન્ય કાર્યમાં રત થતા.

તેજસ્વી કાયા, મનભર દેહલાલિત્ય અને વિવેકપૂર્ણ વ્યવહારને કારણે પ્રથમ દર્શને જ સહુ કોઈ એમનાથી અત્યંત પ્રભાવિત થઈ જતા. જીવનમાં તપને પ્રાધાન્ય આપીને નિરંતર છઠ્ઠના પારણે એકાસણાં કરતાં હતાં. પારણાના દિવસે અનેક શિષ્યો હોવા છતાં સ્વયં ગોચરી લેવા જતા. રસ્તામાં આર્દ્રકુમાર મળે કે અતિમુક્તક મળે, તેની સાથે પ્રભુ મહાવીરના દર્શન-ઉપદેશની વાત કરતા.

આમ ગુરુ ગૌતમસ્વામીના જીવનમાં પ્રતિક્ષણ જ્ઞાન, ધર્મ અને અધ્યાત્મસાધનાની ત્રિવેણી વહેતી હતી. પૂર્વ જીવનમાં વેદ વિદ્યામાં પારંગત પંડિત ઈંદ્રભૂતિ ગૌતમ મહાવીરના જ્ઞાન અને સ્નેહની આગળ જીતાઈ જાય છે અને અગિયાર પંડિતો સાથે ભગવાન મહાવીરનો વાર્તાલાપ ગણધરવાદને નામે ઓળખાય છે.

વિ. સં. પૂર્વે ૫૦૦ વર્ષે વૈશાખ સુદિ અગિયારસે બનેલી આ ઘટના જૈનદર્શનના ઈતિહાસની એક શિરમોરરૂપ ઘટના છે. એ પછી ગુરુ ગૌતમ અને પ્રભુ મહાવીરના અનેક પ્રશ્નો-ઉત્તરો 'ભગવતી સૂત્ર' નામના ગ્રંથમાં મળે છે. ઉગ્ર તપશ્ચર્યા અને અનન્ય ગુરુભક્તિના પ્રતાપે તેઓ સર્વ પ્રકારની લબ્ધિના સ્વામી બન્યા. એમની ભગવાન મહાવીર પ્રત્યેની ગુરુભક્તિ અને એમનું કેવળજ્ઞાન અનેક આધ્યાત્મિક અને વૈચારિક ભૂમિકાઓ સર્જી જાય છે.

આ ગૌતમ-કથાનો આશય ધર્મ આરાધનાના ઉત્તુંગ શિખરની ઓળખ આપવાનો છે. ગૌતમસ્વામીના જીવનમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી ભાવનાઓ મૌલિક દૃષ્ટિ અને આગવા અભિગમથી દર્શાવવાનો છે. પ્રસંગની સપાટી ભેદીને એની ભીતરમાં જઈને સાધનામૃત પામવાનો છે, તેથી ગૌતમ-કથા એ માત્ર ગુરુ ગૌતમસ્વામીની જીવનકથા જ નહીં રહે, બલ્કે કોઈ સંસારી માટે ઉર્ધ્વયાત્રાનો સંકેત બની રહેશે તો કોઈ જ્ઞાનીને આમાંથી દહનદર્શનનો અનુપમ શ્રીનિધિ પ્રાપ્ત થશે. કોઈ ભક્તને એ શુદ્ધિ, સાધના અને વૈરાગ્યના માર્ગે વાળશે, તો કોઈ ધર્મજ્ઞને ધર્મના વિરાટ વારસાનો અનુભવ આપશે. વળી આ ગૌતમ-કથાની સાથોસાથ ગૌતમસ્વામી વિશે રચાયેલાં સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી કાવ્યો, પદો, સ્તોત્ર, સજ્ઝાય, સ્તવન, થોય, રાસ તથા ગીતો વગેરે દ્વારા સંગીતભર્યું વાતાવરણ સર્જાશે. જૈનદર્શનના આંતરરાષ્ટ્રીય ચિંતક, પ્રખર વિદ્વાન અને પ્રસિદ્ધ લેખક ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આલેખાતી આ ગૌતમ-કથા તમામ પ્રકારના શ્રોતા અને ભાવકો માટે જીવનનો યાદગાર લહાવો બની રહેશે.

સૌજન્યદાતા : કોઈ પણ એક દિવસ કે ત્રણ દિવસ માટે આપ સૌજન્યદાતા બની જ્ઞાન પૂણ્ય કર્મનો લાભ લઈ શકો છો. વિગત માટે યુવક સંઘનો સંપર્ક સાધવા વિનંતિ.

सर्वेगुणाः कांचनमाश्रयन्ते

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

અંગ્રેજી ધોરણ ચોથામાં ભણતો હતો ત્યારે સંસ્કૃત સુભાષિતના ત્રણેક શ્લોક વાંચવામાં આવેલા જેમાં ભારોભાર ધન-પ્રશસ્તિ હતી. આજે એ શ્લોક તો યાદ નથી પણ આ શીર્ષક સૂચવે છે તેમ બધા જ ગુણો ધનમાં સમાવિષ્ટ થાય છે એવો એનો ભાવાર્થ હતો. જીવનના રથચક્રની ધરી અને આરાઓ કેવળ ધન જ. એ ચક્રનું આંજણ પણ ધન જ...ભલે ને પછી મહાભારતના કર્તા ભગવાન વેદવ્યાસ અરુણ્યરુદન કરે કે 'ધર્મથી અર્થ અને કામની સિદ્ધિ થાય છે પણ મારું કોઈ સાંભળતું નથી! હજારો વર્ષ પછી આજે પણ કોઈ અભિનવ વ્યાસ, કેવળ બે જ નહીં પણ બાર હાથ ઊંચા કરીને ધર્મની આણ દે કિન્તુ કોઈપણ અભિનવ અર્થ-દાસ એ સનાતન-વાણી સાંભળવા તૈયાર નથી...આજે તો આ દુનિયા એટલી બધી ભૌતિકવાદી ને ઉપયોગિતાવાદી થઈ ગઈ છે કે ખૂદ ભગવાનને પણ સાંભળવા તૈયાર નથી.

ચારેક સાચા દાખલાથી મારી વાત હું સ્પષ્ટ કરીશ. અમારા ગામના કાભઈ ખેતી કરે. કાભઈને ચાર દીકરા. એક મોટા દિનેશ સિવાય ત્રણેય ખાસ ભણ્યા નહીં. પરણવાના સાટેસ સાંસા! મોટો અમેરિકા ગયો. ઠીક ઠીક કમાયો. પોતાના અલ્પશિક્ષિત ત્રણેય ભાઈઓને અમેરિકા લઈ ગયો. ત્યાં, આકરી મજૂરી કરી ઠીક ઠીક કમાયા...દેશમાં આવ્યા ને પછી તો સાટાને બદલે ચાંલૈયાની જેમ કન્યાની પસંદગીની રુઢિયાળી ઘડી આવી. સમજી ગયા ને! આ બધો ધનનો પ્રતાપ. 'કન્યા વરતાયે રૂપમ્' ભલે કહેવાતું હોય...પણ આજે તો કન્યા વરયતે ધનમ્ જેવી સ્થિતિ છે.

આ અમારા ગામનો નાથું. જાતે સુથાર. હળચવડાં ઘડે ને માંડ પેટ ભરે. બધા એને નાથુ-નાથુ ભૈ-નાથાભાઈને બદલે નાથિયો, નાથિયો કરે. એને એનો કશો જ રંજ નહીં. મનમાં લાગે તો ખરું પણ ગરીબ બિચારો કરેય શું? શહેરમાં વસતો નાથુનો એક કોન્ટ્રેક્ટર-મિત્ર તેને શહેરમાં લઈ ગયો. જતે દિવસે નાથુના તકદીરે જોર કર્યું. કોન્ટ્રેક્ટમાં લાખો કમાયો. એક દિવસ રેલ્વેની નજીક આવેલ મારી જમીન ઉપર હું જતો હતો તો હાથમાં ફુલહાર લઈ ડઝનેક સજ્જનો પ્લેટફોર્મ ઉપર જોઈ મને આશ્ચર્ય થયું. એકને મેં પૂછ્યું પણ ખરું.' કોઈ ઑફિસર કે દેશનેતા પધારવાના છે તે આ બધી ધમાલ છે? અહોભાવપૂર્વક તેણે કહ્યું.: 'ભલા માણસ! એટલું ય જાણતા નથી? આપણા ગામની લાયબ્રેરીને રૂપિયા સવા લાખનું દાન આપનાર દાનવીર શેઠ નાથાલાલભાઈ પધારનાર છે. અમો બધા એમનું સ્વાગત કરવા આવ્યા છીએ! જોયું ને? યાદ આવે છે પેલી લોક-કહેવતઃ 'નાણાં વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ, નાણાં વિના ઢીલા ટાંટિયા ને નાણે અક્કડ ચાલ.'

અમારા કાશીકાકાની કાશ્મીરાના લગ્નની કથા પણ જાણવા જેવી ખરી. કાશ્મીરા વીસ-બાવીસની થઈ એટલે કાશીકાકાના ચિત્તમાં ચટપટી જાગી. એમના ગોળમાં યોગ્ય મૂરતિયાની તપાસ શરૂ થઈ. ડઝનેકમાં બે પર દૃષ્ટિ ઠરી. પ્રથમ મૂરતિયો હસમુખલાલ વય આશરે ૨૭-૨૮ની પણ આર્થિક સ્થિતિ સામાન્ય...એટલે પોષણ ને પોષાકમાં રહી ગયેલી ન્યૂનતાને કારણે દેખાય બત્રીસ-પાંત્રીસના. બીજા ઉમેદવાર મનસુખલાલ. વય આશરે પાંત્રીસ પણ ખાધે પીધે એકદમ સુખી અને પહેરવે ઓઢવે પણ અપ-ટુ-ડેટ...અદ્યતન-સદ્યતન-એટલે લાગે માંડ પચ્ચીસના. કહેવાની જરૂર નથી કે કાશ્મીરાનાં લગ્ન મનસુખલાલ સાથે થઈ ગયાં. કાશીકાકાને આ સંબંધે મેં એકવાર પૂછ્યું તો કહેઃ 'ભલેને જમાઈ મોટી વયનો હોય,

સંસ્થાનું મુખપત્ર-'પ્રબુદ્ધ જીવન': એક ધબકતી જ્ઞાન યાત્રા

આ સંસ્થાના સ્થાપક ઉત્સાહી જૈન યુવકોને જૈન સમાજને નવાં વળાંકે લઈ જવાની તમન્ના હતી. અયોગ્ય દીક્ષા અને બાળદીક્ષાની યોગ્યતાની ચર્ચા કરવી હતી, જૈન સમાજમાં નવો પવન વહેતો કરવો હતો. જૈન ધર્મના અલગ અલગ ફિરકાને એકત્રિત કરવાં હતાં. પણ આ વિચારો બધાં સુધી કઈ રીતે પહોંચે? કવિ નર્મદે વરસો પહેલાં 'દાંડિયો' પત્રિકા શરૂ કરી પોતાનું ધાર્યું કામ પાર પાડ્યું હતું. એમ આ સંઘના સૂત્રધારોને પણ પોતાના વિચારોને વહેતા કરવા આવી પત્રિકા શરૂ કરવાનો વિચાર આવ્યો અને તા. ૩૧-૮-૧૯૨૯ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્ર, 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા'ના નામથી શ્રી ગણેશ મંડાયા. પ્રારંભમાં એ સાપ્તાહિક, પાના છ, કિંમત અડધો આનો, અને વ્યવસ્થાપક શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી. પછી તો 'પ્રબુદ્ધ જૈન' (૧૯-૧૦-૧૯૩૨)ના નામાભિધાનથી તેની યાત્રા આગળ વધી. સ્વાતંત્ર્ય ચળવળ વખતે 'અમર અરવિંદ' નામે પ્રગટ થયેલ વાર્તા સામે બ્રિટીશ સલ્તનતની લાલ આંખ અને સરકારે રૂા. ૬,૦૦૦/-ના જામીન માગ્યાં, પણ 'પ્રબુદ્ધ જૈન' નમે? 'લ્યો, આ બંધ કર્યું!' અને એ જ પત્ર 'તરૂણ જૈન'ના નામે તા. ૧-૧-૧૯૩૪ના શરૂ થયું. બધું શાંત થતું ગયું અને 'પ્રબુદ્ધ જૈન'ની યાત્રા આગળ વધી તા. ૧-૫-૧૯૩૯ થી અને આ 'પ્રબુદ્ધ જૈન' વૈચારિક સામગ્રીથી માતબર થતું ગયું.

પણ લાગે છે તો જુવાનને! પેલી ભૂખડી બારસ! છોકરી રાંડશે તોય બેઠી બેઠી ખાશે. મનસુખની સંપત્તિ અઢળક છે. પેલી કહેવત છે ને હજાર નૂર લુગડાં'. મતલબ કે દરિદ્રતાને કારણે વ્યક્તિ અકારણ વૃદ્ધત્વને પામે છે જ્યારે ધનને પ્રતાપે વૃદ્ધ પણ યુવાન લાગે છે. વૈજ્ઞાનિકો અને આહાર-શાસ્ત્રીઓએ કરેલી ગમે તેટલી વિટામિનોની શોધ આ 'વિટામીન–એમ'ની તોલે કદાપિ ન આવે.

અમારાં તારાબહેનનું પણ કહેવું પડે! શી એમની આંખની ચમક! દામિની શી દમક! ચરણોની ધમક! આપણે પૂછીએ કે બહેનજી! આ બધું શા ઉપર? તો કહેઃ 'મને કોના બાપની સાડાબારી છે! મારી પાસે તો બબ્બે કોરા ચેક છે.' સંતતિમાં તારાબહેનને બે દીકરા..તે કોરા ચેક...અક્કેકના બબ્બે લાખ તો ચપટીમાં અંકે કરી લે. તારાબહેનની ચમક–દમક–ધમક આ બે કોરા ચેકને પ્રતાપે છેઃ 'કોણ કહે છે કે દ્રવ્યની સત્તા ન–ગણ્ય છે?' મની ઈઝ પાવર' અમસ્તુ નથી કહ્યું. સત્તા દ્વારા સંપત્તિ ને સંપત્તિ દ્વારા સત્તા એ આજકાલની રાજનીતિ!

'પંચતંત્ર'ના બીજા તંત્ર નામે 'મિત્ર સંપ્રાપ્તિમાં' 'પરિવ્રાજક અને ઉંદર' નામની એક વાત આવે છે. તેમાં એક પરિવ્રાજકને ઉંદર ખૂબ ત્રાસ આપે છે. ઉંઘવાય દેતો નથી ને ખૂબ ઊંચે લટકાવેલ શીકામાં રાખેલ ભિક્ષન્નને પણ ખાઈ જાય છે. વાંદરા અને બિલાડાથી પણ તે જબરા કૂદરા મારે છે. આ ત્રાસમુક્તિ માટે પરિવ્રાજક આખી રાત પાસે રાખેલો વાંસ ભિક્ષાપાત્ર ઉપર પછાડે છે. અતિથિ તરીકે આવેલો બીજો પરિવ્રાજક તેને કહે છેઃ 'નક્કી નિધાન–ભંડારની ઉપર એનું બીલ હોવું જોઇએ. નિધાનની ઉષ્માથી એ ઊંચે કૂદે છેઃ કહ્યું છે કે 'ધમની માત્ર ઉષ્મા પણ દેહધારીઓની તેજમા વૃદ્ધિ કરે છે.' બીજા પરિવ્રાજકની વાત સાચી હતી. બીલને ખોદતાં ને નિધાનને દૂર કરતાં ઉંદરના ટાંટિયા ઢીલા થઈ ગયા. જો ઉંદરની આ દશા તો માનવીની તો વાત જ શી? મતલબ કે ધન જ બળ છે, ઉષ્મા છે, તેજવૃદ્ધિનું કારણ છે.

હું જાણું છું કે ધનની નિંદા કરનારા કૃતક દંભીઓ પણ આ જગતમાં જ વસી રહ્યા છે. એવા એક કવિએ ગાયું છેઃ 'ધનનું ઉપાર્જન કરવામાં દુઃખ છે, વ્યયમાં પણ દુઃખ છે...માટે કષ્ણય એવા ધનને ધિક્કર છે.' સાચું કહુંઃ આ હારણદશાની વાણી છે. ધનોપાર્જનના પુરુષાર્થમાં નિષ્ફળ નિવડેલા કવિ આત્માની આ નિરાશા ને નિર્વેદભરી વાણી છે. બાકી વિધેયાત્મક દૃષ્ટિવાળા કવિજીવે ગાયેલી આ આશાવાદી બુલંદવાણી જ ચરમ ને પરમ સત્ય છે.

અપૂજ્યની પણ જે પૂજા કરવામાં આવે છે, અગમ્યની પાસે પણ જે જવામાં આવે છે તથા અવંધને પણ જે વંદન કરવામાં આવે છે તે બધો ધનનો પ્રભાવ છે. પર્વત ઉપરથી નીકળેલી તથા આગળ જતાં એકત્ર થઈને વૃદ્ધિ પામેલી નદીઓથી જેમ લોકોની સર્વ ક્રિયાઓ પ્રવર્તે છે તેમ વૃદ્ધિ પામેલા ને એકત્ર થયેલા ધન વડે પણ સર્વ ક્રિયાઓ પ્રવર્તે છે. ધનની ઈચ્છાવાળા મનુષ્યોએ– યાચકોએ ધનવાનોના વિષયમાં ન ગાયેલી એવી કોઈ વિદ્યા, કોઈ દાન, કોઈ શિલ્પ કે કોઈ કલા નથી, અર્થાત્ યાચકો ધનવાનોની સ્તુતિ કરતાં તેમને સર્વગુણસંપન્ન તરીકે વર્ણવે છે. એટલે ગવાયું છેઃ–

'ધન તો નરનું નૂર, પૂર પ્રાણે પ્રગટાવે,
કરે નિરાશા દૂર, શૂર ને શૌર્ય સજાવે.
વિશ્વ–ચક્રનું અંજન, મંજન મહોલાતોનું,
કલા–કવિતા રંજન, ભંજન ભડવાતોનું
ધનનું બલ અકલિત, ચલિતા પણ નગને કરતું,
ભણે અનામી 'રાંકઃ ધને જગ આખું ફરતું
સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે અમસ્તુ નથી કીધું.

✷ ✷ ✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ,
સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ,
મેમ નગર,
અમદાવાદ–૩૮૦૦૫૨.
મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

સાચી દોરવણી આપવાને સર્વ પ્રકારે યોગ્ય

તા. ૧૫–૫–૧૯૩૯ના 'પ્રબુદ્ધ જૈન'ના અંકમાં મગનભાઈ દેસાઈનો જે સંદેશો મળ્યો હતો, એ આજના સંદર્ભે પણ કેટલો ઉચિત છે! એઓ લખે છેઃ

'આજના જમાનામાં જૈન કોમ પાસે એક ખાસ જવાબદારી છે. જગતમાં અહિંસાનો સંદેશો આપનાર મહાવીર સ્વામીના તેઓ અનુયાયી છે. તે સંદેશો આપવાનું અને જગતને તેનો જ્વલંત પાઠ આપવાનું તેમને શિરે છે એમ વિશેષ કહી શકાય...

'આજનું જગત અહિંસાનો સંદેશો જરા જુદી રીતે માગે છે. આજનો સમાજ રક્ષક થવાને બદલે ભક્ષક જ વધારે બનતો જાય છે. એક વ્યક્તિ મંદિર દર્શન, પૂજા, પાઠ વિગેરે કરે છે. છતાં તેનો વ્યવહાર જુઓ તો, જાણે અજાણ્યે પણ, સમાજમાં તે ભક્ષક શોષક હોઈ શકે છે, હોય છે. આ જમાનામાં અહિંસા પૂજકોએ આ સામાજિક હિંસાનું નિવારણ શોધવું જ પડશે. નહિ તો સમાજની સાથે વ્યક્તિ પણ સંડોવાશે ને બેઉ અધોગતિ પામશે.'

અને એ જ અંકમાં મોતીચંદ ગિરધરલાલ કાપડિયા લખે છેઃ

'જેનામાં પ્રશાન્તવાહિતા સાથે પ્રેરણા હોય, જેનામાં વર્તમાન સાથે ભૂતની એકવાક્યતા કરવાની આવડત હોય, જેનું ધ્યેય આત્મલક્ષી હોવા સાથે સમાજને કેન્દ્ર સ્થાને રાખતું હોય, જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને અનુલક્ષીને માર્ગસૂચન કરવામાં પ્રાવીણ્ય દાખવતો હોય, જેનામાં માનવ પ્રગતિની સાચી તમન્ના ધમધમતી રહી હોય તે જ ખરો 'પ્રબુદ્ધ જૈન' સમાજને સાચી દોરવણી આપવાને સર્વ પ્રકારે યોગ્ય ગણાય.'

વર્તમાન સમયના વિદ્યા તપસ્વી : નર્મદાશંકર શાસ્ત્રી

□ પ્રા. ઉષા પટેલ

વિદુષી ગૃહિણી લેખિકા તત્ત્વજ્ઞાનના પ્રાદ્ધાપિકા છે. એઓ બ્રહ્મસૂત્ર ઉપર સંશોધનાત્મક મહાનિબંધ લખી રહ્યા છે.

એક ૯૩ વર્ષના યુવાન સજ્જન પુરુષ જેમને શાસ્ત્રી તથા બ્રહ્મર્ષિનું બિરુદ, શ્રી રમેશભાઈ ઓઝા દ્વારા ગુજરાત ગવર્નરના હસ્તે ૨૦૦૮માં આપવામાં આવ્યું છે, જેઓને શ્રેષ્ઠ ગુરુ તરીકે ૨૦૦૮માં પ્રેમપુરીમાં નવાજવામાં આવ્યા છે, જેમના 'સ્વખ્ની સુખમ્', 'શંભુજી સ્મૃતિ' જેવા કાવ્ય સંગ્રહો પ્રગટ થયા છે, અનેક સંસ્કૃત સંસ્થા તથા શાળામાં સેવા આપી છે, દાદર-સ્વામિનારાયણ મંદિરમાંથી ૭૦ સંસ્કૃતના વિદ્યાર્થીઓ નિપજાવ્યા છે, ભૂપેન્દ્રભાઈ પંડ્યાના પિતાશ્રીએ પણ એમની જ પાસેથી શિક્ષણ લીધું છે તથા હાલમાં વિરારમાં ભગવદ્ રામ મંદિરમાં સંતોને સંસ્કૃત ભણાવી રહ્યા છે તેવા કદી ન નિવૃત્ત થનાર જેના આગામી મહિનામાં 'હનુમાન ચરિત્ર' તથા 'ઉપનયન' પુસ્તકો આવી રહ્યા છે, અર્થાત્ જેના કાર્યનો પ્રવાહ નિરંતર ચાલુ છે તેવા કર્મઠ વ્યક્તિ અને અનેક નામી હસ્તીઓ જેવા કે મોરારીબાપુ જેમના ઉપર 'મુરારી દર્શનમ્' કાવ્ય લખ્યું છે, તેમના દ્વારા પ્રેરણા પામતા એવા શ્રી નર્મદાશંકર શાસ્ત્રીનો આ ટૂંકો પરિચય છે તો તેના વિસ્તારની આપણે કલ્પના કરવી રહી. ૯૩ વર્ષની વયે એઓશ્રીએ આપણને બે પુસ્તકો આપ્યા, જેનો પ્રકાશન સમારોહ તા. ૧૨મી ફેબ્રુઆરીએ મુંબઈના ગીતા હોલમાં ઉજવાયો

(૧) વેદો અને વેદાંગ

વાણી અક્ષરલિપિ રૂપે પ્રગટ થઈ, અક્ષર લિપિનો વાણી સાથે પરસ્પર યોગ સધાય એ વેદવાણીનો સંક્ષિપ્ત પરિચય આ પુસ્તકમાં આપેલ છે.

વેદોઽસિ યેન ત્વં દેવ વેદ ।

'વેદ' શબ્દ સંસ્કૃત ક્રિયાપદ વિદ્ = જાણવું ઉપરથી થયો છે. શબ્દાર્થ છે 'જ્ઞાન' . વેદ શબ્દ મૂળ જ્ઞાનવાચક છે. વેદ ના અભ્યાસીને સંબોધીને યજુર્વેદનો એક સુંદર મંત્ર જણાવે છે કે વેદ જાણવા હોય તો વેદ બનવું પડે. આ શબ્દમાં અલંકાર, સંગીતની સંગત તેમજ અર્થનું રહસ્ય પણ છે. આ રહસ્યને ઉજાગર કરવા માટે શ્રી નર્મદાશંકર શાસ્ત્રીએ જીવનભર તપ કર્યું.

વેદકાળના ઋષિઓનાં હૃદય ઊંચા અને દૃષ્ટિ પ્રતિભાશાળી હોવાથી આ અખિલ વિશ્વમાં તેમ જ એના વિવિધ પદાર્થોમાં એમને ચૈતન્યની ઝલક દેખાતી. અને એ ચૈતન્યની ઝલકને તથા ઝલકવાળા પદાર્થોને એ 'દેવ' કહેતા. આ દેવોનું વર્ગીકરણનો ઉલ્લેખ ઋગ્વેદ સંહિતામાં છે.

(૧) પૃથ્વી–સ્થાનીય દેવોઃ જેમાં અગ્નિ, સોમ વગેરે મુખ્ય છે.

(૨) અંતરીક્ષ–સ્થાનીય દેવોઃ જેમાં ઈન્દ્ર તથા મરુત(વૃષ્ટિ, ઝંઝાવાત)

(૩) દ્યુ (આકાશ)–સ્થાનીય દેવોઃ જેમાં દ્યોઃ વરુણ તથા મિત્ર વગેરેનો ઉલ્લેખ છે.

પૃથ્વી, અન્તરીક્ષ, દ્યુ (આકાશ) ત્રણેમાં પ્રકૃતિના વ્યવહારનું નિરીક્ષણ કરતા વેદનાં ઋષિને જણાયું કે આ બધું કોઈ નિયમના, વ્રતના પાલનનું સૂચક છે. સૂર્ય અને ચંદ્ર, દિવસ અને રાત્રિ, વસંત અને ગ્રીષ્મ ઈત્યાદિ ઋતુઓમાં, પત્ર અને પુષ્પો ઇત્યાદિ પદાર્થોનું સ્વરૂપ બહુ નિયમિત હતું. આ વિશ્વમાં નિશ્ચિત વ્યવસ્થા કામ કરી છે તેને ઋગ્વેદે 'ઋત' નામ આપ્યું.

નાસદીય સૂક્તમાં 'પ્રથમ સત્ પણ ન હતું અને અસત્ પણ ન હતું, ફક્ત એક તત્ત્વ પોતાની શક્તિથી જ વાયુ વિના પ્રાણ લેતું હતું.' વેદ જગતના આદિ કરણની શોધ આવી તાર્કિક પદ્ધતિથી કરે છે.

પુરુષ સુક્તમાં વિરાટ અથવા 'વિશ્વ પુરુષ' એટલે કે સમગ્ર વિશ્વશરીરમાં વસતા હોવાથી પરમાત્મા 'વિશ્વ પુરુષ' કહેવાય અને જીવયુક્ત શરીર ધરાવનાર 'પુરુષની' વ્યાખ્યા પણ વેદ આપે છે. વેદના ઋષિને જેટલો ઈશ્વર માટે તેટલો જ માનવ જાત માટે પ્રેમ છે.

વેદનું વિરાટ વ્યાપક વિશ્વ દર્શન એટલે પૃથ્વી, અંતરીક્ષ, આકાશમાં રહેલા અગ્નિ, ઈન્દ્ર, વાયુમાં નર્મદાશંકર શાસ્ત્રી (Pg. 14માં) તેમાં પાણી અને ઉષા સમયની દેવીનો પણ સમાવેશ કરે છે. આમ વેદમાં અનેકવાદની ઝાંખી દેખાય ને આંખે વળગે છે કારણકે જગતના અનેક પદાર્થોમાં અનેક વ્યક્તિઓમાં ઋષિને

જગતે સ્યાદ્વાદરૂપી બૌદ્ધિક અહિંસા સ્વીકારવી જ જોઈએ

તા. ૧–૫–૧૯૩૯ના કાકા સાહેબ કાલેલકર લખે છેઃ

'જૈન દર્શન' પણ એવું જ એક જીવનવ્યાપી સાર્વભૌમ દર્શન છે. સ્યાદ્વાદની ભૂમિકા ઉપર અહિંસા અને તપના સાધન વડે આખી દુનિયાનું સ્વરૂપ ફેરવવાની શક્તિ અને અભિલાષા જૈન દર્શનમાં છે અથવા હોવા જોઈએ. વિનાશની અણી ઉપર આવી પહોંચેલા આ જગતને જો છેલ્લી ઘડીએ બચી જવું હોય તો એણે સ્યાદ્વાદરૂપી બૌદ્ધિક અહિંસા સ્વીકારવી જ જોઈએ. અહિંસારૂપી નૈતિક સાધના આચરવી જ જોઈએ અને તપરૂપી સંકલ્પ સામર્થ્ય કેળવી સાધનાની પૂર્વ તૈયારી કરવી જ જોઈએ.

આ સંદેશો શાસ્ત્રી પંડિતો દુનિયાને ન આપી શકે તે 'પ્રબુદ્ધ જૈન' આપી શકે.

અનેકવિધ પરમાત્માના દર્શન થાય છે. પરંતુ વેદના ધર્મનું સ્વરૂપ વિશ્વના પદાર્થોની અનેકતામાં પરમ તત્ત્વની એકતાનું દર્શન થાય છે. (एकम् सत् विप्रा बहुधा वदन्ति) (Pg. 27).

કલ્પ વેદના ચાર ચરણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદમાં અનુક્રમે કલ્પસૂત્ર, શ્રોતસૂત્ર, ગૃહસૂત્ર, ધર્મસૂત્રનો સંક્ષિપ્ત પણ સરલ પરિચય આ પુસ્તકની વિશિષ્ટતા છે. નર્મદાશંકર વૈદિક યુગનો આ રીતે પરિચય આપે છે. (૧) મંત્રયુગ, (૨) બ્રાહ્મણયુગ, (૩) અરણ્યયુગ, (૪) ઉપનિષદ્ યુગ જેમાં મંત્રો સૂક્તો (ઋચાઓ) કવિઓની (ઋષિઓની) રચના છે. બ્રાહ્મણક જે ધાર્મિક વિધિઓના વિગતવાર પ્રબંધો છે અને ઉપનિષદો જેમાં આધ્યાત્મજ્ઞાન છે.

ઋગ્વેદમાં સ્ત્રીનું સ્થાન ખૂબ ઉચ્ચ કક્ષાએ હતું જે યરીવલ્કય અને તેની પત્ની મૈત્રીય તથા કાત્યાયનની તથા શિષ્યા ગાર્ગીના સંવાદ વડે જોવાય છે. આ સંવાદ-પ્રધાન વાર્તાલાપ પ્રધાન અર્ધી નાટકીય રચનાઓનો ઉલ્લેખ 'વેદો અને વેદાંગ'માં જોવા મળે છે.

ઋગવેદના દશમમંડળમાં આવતી 'પુરુરવા' અને 'ઉર્વશી'ના સંવાદમાં દૈવિક સૌંદર્યની પ્રતિમા 'ઉર્વશી' પૃથ્વી ઉપર 'પુરુરવા'ની પત્ની રૂપે અવતરી અને સગર્ભા બની. તેના વિયોગથી પરિતક્ત પુરુરવા જલવિહારમાં ક્રીડા કરતી 'ઉર્વશી' સાથેનો સંવાદ મળી રહે છે.

બ્રાહ્મણ ગ્રંથમાં 'પુરુરવા' વચનબદ્ધ થાય છે કે ક્યારેય નિર્વસ્ત્ર (સંભોગ સિવાય) નહીં થાય પરંતુ દેવતુલ્ય ગાંધર્વ ઉર્વશીના ઘેટા ચોરી લે છે. જેને બચાવવા 'પુરુરવા' ઉત્તરીય વસ્ત્ર વગર કુદી પડે છે. તે જ વખતે ગાંધર્વો વિજળી કરે છે. 'ઉર્વશી' નિર્વસ્ત્ર પુરુરવાને જોઈ લે છે અને ચાલી જાય છે. આમ વેદ તથા બ્રાહ્મણમાં ઉર્વશીના મુખમાં જ ઉપદેશ મૂકે છે કે સ્ત્રી સાથેની મૈત્રી વધુ ટકી શકતી નથી.'

સૂર્યા સૂક્તમાં સૂર્યા (સૂર્યની પુત્રી)ના વિવાદનો પ્રસંગ વર્ણવ્યો છે. જેને આ સૂક્તમાં 'ઉષા' નામ આપ્યું છે. બે અશ્વિનીકુમારો તેની સાથે લગ્ન કરવા ઈચ્છતા હતા પરંતુ તેનું લગ્ન 'સોમ' સાથે થયું હતું. આ બધી ઋચાઓ આજે પણ લગ્નવિધિમાં બોલાય છે તેવો ઉલ્લેખ 'વેદો અને વેદાંગ' પુસ્તકમાં મળે છે.

સામવેદ સંહિતા જેને ગીત (ગાન) કહેવામાં આવે છે તેમાં ગાનના પ્રકારો તેમ જ તાલના પ્રકારો જેનો કર્ક સંક્રાંતિ તથા

કોમી નામ ધારણ કરીને ન જ ચાલવું જોઈએ

તા. ૧૫-૫-૪૧ના આ પત્રના પરમ સ્નેહી આ જ પૂ. કાકા સાહેબે 'પ્રબુદ્ધ જૈન'ને વિશાળ બનાવવાનું સૂચન કરતો પત્ર પરમાનંદભાઈને લખ્યો.

તા. ૩૦-૪-૪૧

પ્રિય પરમાનંદભાઈ,

વર્ધા હોઉં છું ત્યારે તમારું 'પ્રબુદ્ધ જૈન' જોવાની ઇંતેજારી રહે છે. પણ હું તો મોટે ભાગે રખડતો રહ્યો છું. પરિણામે તમારું છાપું નિયમિત વંચાતું નથી. જેટલું જોયું છે તે પરથી મને ઘણો સંતોષ થયો છે; પણ આશ્ચર્ય જરાય થયું નથી. તમારી પાસેથી જે અપેક્ષા રખાય છે તે જ બર આવેલી જોઉં છું. દરેક વસ્તુનો બન્ને બાજુનો વિચાર કરવો, સમતોલપણું જાળવવું, રાષ્ટ્રહિતની દૃષ્ટિએ જ અને સમભાવપૂર્વક ટીકા કરવી, સંસ્કૃતિનાં સારા તત્ત્વો ઓળખવાં, અને પ્રગતિ માટે અનુકૂળ રહેવું એ તમારા સ્વભાવની ખાસિયત છે. એનો પડઘો 'પ્રબુદ્ધ જૈન'માં પડે એમાં નવાઈ શી? ભાષાની દૃષ્ટિએ પણ તમારા પાક્ષિકે સંતોષ આપ્યો છે, જોકે છાપણીની શુદ્ધિ વિષે તેવું અભિનંદન નથી આપી શકતો! પણ મારે તો એવી બીજી જ ફરિયાદ કરવી છે. તમે 'પ્રબુદ્ધ જૈન' જેવા કોમી નામ તળે કેટલા દિવસ સુધી રહેશો? જે જૈન હોય તે રાષ્ટ્રીય ન હોય એમ હું નથી કહેવા માગતો અને જાગતો પ્રબુદ્ધ જૈન તો શુદ્ધ રાષ્ટ્રીય જ હોઈ શકે એ બધું ખરૂં. પણ ઝેરી કોમીવાદના આ દિવસોમાં આપણે કોમી નામ ધારણ કરીને ન જ ચાલવું જોઈએ. સ્વામી વિવેકાનંદે પોતાના માસિક માટે 'પ્રબુદ્ધ ભારત'નું નામ ન રાખ્યું હોય તો એ જ નામ સૂચવત.

તમારું અને તમારા પાક્ષિકનું મુખ્ય કાર્ય જૈન સમાજને તેમ જ આખા ગુજરાતને અહિંસાની નવી દૃષ્ટિ આપવાનું છે અને એ નવી દૃષ્ટિએ જીવનના બધા પાસા ખીલવવાનું છે. આપણા ન્યાત-જાતના, ખાનપાનના અને શાદી બ્યાહના પ્રશ્નો આપણી આગળ છે જ; પણ જે પ્રશ્નો આખી દુનિયા આગળ વિરાટ રૂપે પ્રગટ થયા છે તેમનો ઉકેલ ભારતીય દૃષ્ટિએ અને અહિંસાની ઢબે કેમ આવી શકે એમ છે, એ જોવાનું અને બતાવવાનું કામ તમારે કરવાનું છે. એ ભાવ વ્યક્ત થાય એવું કંઈક નામ રાખશો તો સારું થશે.

એ જ ભાવ વ્યક્ત કરવા માટે અમે અમારા માસિકને 'સર્વોદય' કહ્યું છે. તમે તમારા માસિકને 'સર્વહિત' અથવા 'વિશ્વ કલ્યાણ' કહી શકો છો. પણ આવું ભારેખમ નામ ન જોઈતું હોય તો એ જ મતલબનું કોઈ હળવું નામ પસંદ કરશો. મને પોતાને ભારેખમ નામ પસંદ કરવામાં સંકોચ નથી હોતો. ઉદ્દેશ મહાન હોય તો નામ પણ મહાન રખાય. ઘણીવાર નામ જ આપણને એવી જાતની દીક્ષા આપે છે અને આપણી પાસે ઉચ્ચ આદર્શ પળાવે છે. તંબુર જો સ્હેજ ઉચ્ચ સ્વરમાં રાખ્યો હોય તો તે રીતે ગાવું જ પડે છે. તમારા પાક્ષિકથી જો સંતોષ ન થયો હોત તો નામપરિવર્તનની સૂચના હું ન જ કરત.

સ્નેહાધીન કાકાના સપ્રેમ વંદન.

મકર સંક્રાંતિ સમયે ગાન કરવામાં આવતું.

અથર્વવેદની નવ શાખામાંથી આજે બે જ શાખા શોનક અને પિપલાદ શાખા મળે છે જેનો પણ નર્મદાશંકર વિસ્તાર છતાં સંક્ષિપ્ત એવો પરિચય આપે છે. જેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એવી સમાજવ્યવસ્થાની વાત છે.

આયુર્વેદ અથર્વવેદની સંહિતાનો ભાગ છે તથા અથર્વવેદની સ્વીકૃતિ તો પાછળથી થઈ પહેલા માત્ર વેદત્રયી રૂપે જ પરિચિત હતા.

નક્ષત્રોની વાતો પણ ઉદાહરણમાં સ્પષ્ટ જણાય છે કે પ્રજાપતિ પોતાની પુત્રી દ્યો અથવા ઉષા ઉપર કુદૃષ્ટિ કરે છે. પ્રજાપતિને શિક્ષા કરવા રુદ્ર દેવને ઉત્પન્ન કરે છે. રુદ્ર બાણ વડે પ્રજાપતિનો નાશ કરે છે અને એ જ સમયે માર્ગશીર્ષ તથા બીજા નક્ષત્રોની ઉત્પત્તિ થાય છે.

આમ બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞ સાથે તત્ત્વજ્ઞાનની ઊંડી સમજ ભળેલી છે. આરણ્યકમાં એ જ તત્ત્વજ્ઞાનની શરૂઆત થાય છે, વિશેષ આગળ વધે છે. ઉપનિષદમાં તે જ તત્ત્વચિંતન પરિપૂર્ણ થાય છે.

ઉપ અને નિષદ શબ્દનો અર્થ ગુરુના ચરણમાં બેસી, ગુરુની વાણી અને વર્તન દ્વારા જ્ઞાન મેળવવું. આમ દેવમાં જે વિશ્વરૂપી જ્ઞાન, બ્રાહ્મણ આરણ્યકમાં ક્રિયાકાંડ દ્વારા તત્ત્વજ્ઞાન અંતે ઉપનિષદમાં જ્ઞાન કાંડ રૂપે પરિણમી જાય છે.

છાંદોગ્ય ઉપનિષદમાં જે આત્માને ચોખાના કણથી પણ અલ્પ બતાવ્યો છે તેને જ 'तत्त्वमसि' વાક્ય દ્વારા બ્રહ્મ સાથે અભેદ સિદ્ધ કર્યો છે. આમ વેદનો અનેકતાવાદ ઉપનિષદમાં અદ્વૈત બ્રહ્મવાદ રૂપે દેખાય છે.

ઉપનિષદોમાં ભારતીય દર્શનોના મૂળના સ્રોત રહેલા છે. જૈનદર્શનના કેટલાક સિદ્ધાંતો પણ ઉપનિષદમાં જોવા મળે છે. ઉદા. સત્ દૃષ્ટિ, અસત્ દૃષ્ટિ તથા અવાચ્ય દૃષ્ટિની વાત અહીં મળે છે. ઉપનિષદમાં તપ, વૈરાગ્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અસ્તેય તથા અહિંસાને લગતું વિવેચન ઘણે સ્થળે જોવા મળે છે. કુમારિલ ભટ્ટ કહે છે કે બૌદ્ધદર્શનનો વિજ્ઞાનવાદ, ક્ષણભંગવાદ વગેરે પણ ઉપનિષદમાંથી જ નીકળેલા છે.

ઉપનિષદનો એક ભાગ 'ભૂર્ણવિજ્ઞાન' જેમાં નવા ગર્ભમાં પૂનર્જન્મને રોકવા માટે ગર્ભનું ધ્યાન પ્રસ્તુત કરે છે. આમ 'ઇતિ રહસ્યમ્' 'ઇતિ ઉપનિષદ્' શબ્દને શ્રી નર્મદાશંકરે યથાર્થ રૂપે ઉજાગર કર્યો છે.

(૨) સ્વર વૈદિક વ્યાકરણ પરિચય છન્દો અને વિકૃતિઓ સાથે (ગુજરાતી ભાષાંતર) જેવું પ્રાચીન પાણિનીના પણ પહેલાથી ચાલી આવતા ગહન વિષયનું અધ્યયન સરળતાથી થઈ શકે એવો પ્રયાસ ૯૩ વર્ષની ઉંમરે કરવો એ અતિ વિસ્મયજનક વાત છે.

'શબ્દાનુસાનમ્' અર્થ ધરાવનાર વ્યાકરણનું પ્રયોજન પતાંજલીના મતે સાધુ તથા અસાધુ શબ્દનો તફાવત સમજવા તથા વેદના મંત્રોનું રક્ષણ કરવા માટે છે એવો જ એક પ્રયત્ન આ વૈદિક સાહિત્યનો દીપ જ્વલંત રાખવા માટે શ્રી નર્મદાશંકર શાસ્ત્રીએ કર્યો છે.

વેદને જાળવવા તેના ઉચ્ચારો વ્યવસ્થિત થાય તે માટે વેદાંગોની રચના થઈ જેવાં કે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ આ છ અંગોનો પરિચય અહીં સરળતાપૂર્વક કરાવ્યો છે.

કહેવાય છે કે પાણિનીનું વ્યાકરણ વૈદિક શાસ્ત્રોને સમજવા માટે અતિ સંક્ષિપ્તતા પૂર્વક કરાયો છે જેમાં અર્ધમાત્રાના લાઘવને પણ પુત્ર જન્મોત્સવ માને છે. लाघवेश पुत्रोत्पन्न जन्मवर्ते महोत्सव मन्यते।

મંત્રોના ઉચ્ચાર માટે સ્વરની લયબદ્ધતા અત્યંત જરૂરી છે માટે स्वयं राजन्ति इति स्वरः એવા સ્વર ઉદાત્ત, અનુદાત્ત, સમાહાર દ્વારા સ્વર જ્ઞાન આપવામાં આવ્યું છે. યારીવલ્કયના શિક્ષા દ્વારા ગંન્ધાર અને નિષાદનું (સા રે ગ મ પ ધ નિ) ઉચ્ચારણ ઉંચેથી (ઉદાત્ત), ઋષભ અને ધૈવતનું ઉચ્ચારણ નીચેના પ્રયત્નોથી થાય છે તે (અનુદાત્ત) આવું સ્વર જ્ઞાન પણ અહીં આ પુસ્તક દ્વારા મળે છે.

વળી બહુવ્રીહિ સમાસ, તત્પુરુષ સમાસ, દ્વિગુ સમાસ, કર્મધારાય સમાસ દ્વારા ભાષાના ગૂઢ અર્થને સમજવાની રીત તો સંધિ દ્વારા ભાષાની સંક્ષિપ્તતા અને છન્દ દ્વારા લયબદ્ધતા જેવા ભાષાના મહત્ત્વના વિષય ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

છંદોના સ્વર, વર્ણ ઉપરાંત સંહિતા મન્ત્રોની આઠ વિકૃતિઓ પણ જાણવા મળે છે.

છેલ્લે વેદના મંત્રોનો પાઠ ઉપરના સ્વરજ્ઞાન દ્વારા કઈ રીતે કરવો તે માટે પાઠના પ્રકાર–જટા પાઠ, માલા પાઠ, ગણપાઠ, શિખા પાઠ, રેખા પાઠ, ધ્વજ પાઠ, રથ પાઠ વગેરે દ્વારા વેદની ઉત્પત્તિથી લઈને તેના ઉચ્ચાર સાથે આજે પણ આરક્ષિત કરવા બદલ સમાજ આપનો ઋણી છે. ✷✷✷

(બન્ને પુસ્તકોની માહિતી આ અંકના 'સર્જન સ્વાગત' વિભાગમાં જોવા વિનંતી.)

૬૦૩, સરયુ એપાર્ટમેન્ટ, સી.કે.પી. કોલોની, એકસર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨. ફોન : ૮૦૯૭૭૩૧૩૯૭. મોબાઈલ : ૯૨૨૪૪૪૪૯૮૧.

પ્રથમ દાયકાની પ્રવૃત્તિઓ

પ્રથમ દાયકામાં મુખ્ય પ્રવૃત્તિઓ આ પ્રમાણે હતી :

(૧) અયોગ્ય દીક્ષા અને તેમાં પણ બાળદીક્ષાની પ્રવૃત્તિ સામે જેહાદ.

(૨) સાધુઓના દંભો, શિથિલતાઓ અને આપખુદીને ખુલ્લી પાડવી.

(૩) જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સને શકય તેટલો સહકાર અને પ્રગતિશીલ વિચારોનો તેના દ્વારા સ્વીકાર.

(૪) યુગવીર આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સહકાર

આયુર્વેદ તથા વિજ્ઞાનની દૃષ્ટિએ રાત્રિભોજન ત્યાગ

□ શ્રીમતી કાંતિ જૈન કાનડા (હિંદી) □ અનુવાદ–પુષ્પા પરીખ

૧. જૈનાચાર્યોએ કહ્યું છે કે સૂર્યોદય બાદ ૪૮ મિનિટ પછી અને સૂર્યાસ્ત પહેલાં ૪૮ મિનિટ પૂર્વે ભોજન કરવું હિતાવહ છે કારણકે સૂર્યાસ્ત અને સૂર્યોદય સુધીના સમયમાં પૃથ્વી પર અલ્ટ્રાવાયોલેટ અને ઈન્ફ્રારેડ કિરણો પ્રભાવહીન બની જાય છે.

૨. સૂર્યપ્રકાશમાં જે અલ્ટ્રાવાયોલેટ કિરણો તથા ઈન્ફ્રારેડ અદૃષ્ય કિરણો હાજર હોય છે તે વાતાવરણને સૂક્ષ્મ જીવાણું રહિત બનાવે છે.

૩. રાત્રિભોજન કરવાવાળી વ્યક્તિઓને બાર કલાક સુધી સૂર્યના અલ્ટ્રાવાયોલેટ કિરણો નહીં મળવાથી વિટામીન ડી.ના અભાવને લીધે ભોજનમાં રહેલા તત્ત્વોને તેઓના શરીર ગ્રહણ નથી કરી શકતા તથા પચ્યા વગર જ મળ દ્વારા વિસર્જન થઈ જાય છે. આ વિટામીન ડી.ના અભાવને લીધે તેઓના હાડકાંઓ કમજોર થાય છે અને રક્તનો પણ અભાવ થાય છે.

૪. ભોજન પચાવવા માટે ઑક્સિજન અત્યંત આવશ્યક છે જેની ઉપલબ્ધતા ખાસ કરીને સૂર્યપ્રકાશથી જ મળે છે. આથી દિવસ દરમિયાન ભોજન કરવું શ્રેયસ્કર છે.

૫. ભોજન આદિ પચાવવાની શક્તિ તથા અન્ય ગુણધર્મો ઉત્પન્ન કરનારા તત્ત્વો સૂર્યશક્તિથી જ મળે છે નહીં કે કૃત્રિમ પ્રકાશથી.

૬. દિવસે ભોજન લીધા બાદ છ થી સાત કલાકે બીજું ભોજન લેવું જોઈએ અને અમાસને દિવસે ઓછામાં ઓછા નવથી દસ કલાક આંતરડાને આરામ આપવો જોઈએ એવું વૈજ્ઞાનિકોનું કહેવું છે.

૭. દિવસે ભોજન લેવાથી લાળ વધુ થાય છે અને ભોજન દ્વારા ટાયરોલીન અમીનો એસીડની ઉપલબ્ધતા પણ રહે છે. આ ઉત્પન્ન થતા એસીડો દ્વારા ભોજનમાં પાચક રસો ભળતાં અન્નનું પાચન સારું થાય છે.

૮. સૂર્યના પ્રકાશ દરમિયાન ભોજન લેવાથી રોગ પ્રતિરોધક શક્તિમાં વધારો થાય છે.

૯. રાત્રિ દરમિયાન શરીરમાં ઉષ્ણતાનું પ્રમાણ અને રક્ત પરિભ્રમણ ઓછું હોવાથી પિત્ત અને વાયુની વૃદ્ધિ થાય છે માટે પણ રાત્રિ ભોજન ન કરવું જોઈએ.

૧૦. રાત્રિ દરમિયાન પેટ ખાલી રાખવાથી આંતરડાની સંપૂર્ણ સફાઈ થઈ જાય છે.

૧૧. ભૂખથી શરીર કમજોર નથી થતું પરંતુ તાજું થઈ જાય છે અને આંતરિક શુદ્ધિ પણ થઈ જાય છે.

૧૨. રાત્રિ ભોજનનો ત્યાગ કરવાથી શારીરિક કાર્યપ્રણાલી સક્રિય અને સુડોળ બને છે.

૧૩. જેઓ રાત્રિભોજન કરે છે એમની એન્ઝાઈમ પ્રણાલી સક્રિય નથી રહેતી અને ગ્લાઈકોઝીન તૂટીને ગ્લુકોઝમાં પરિવર્તીત નથી થઈ શકતા જેથી અનેક રોગોનો હુમલો શરૂ થઈ જાય છે અને અંગોપાંગ, ત્વચા, હાડકાંઓ, હૃદય, સ્નાયુઓ, પેન્ક્રીયાઝ, કીડની, ફેફસાં, મસ્તક અને ગ્રંથિઓ પર ઘાતક પ્રભાવ પડે છે.

૧૪. રાત્રે સૂર્યપ્રકાશના અભાવને લીધે લોહીમાં હોર્મોન્સની કમી થાય છે જેથી માનસિક તથા શારીરિક તંત્રની ક્રિયાત્મકતા ઓછી થવાથી દરેક અંગની કાર્યક્ષમતા ઘટી જાય છે અને ભોજનની ઉર્ધ્વગતિ થાય છે તથા પાચનતંત્રમાં વધુ સમય વિતાવવાથી અને મસ્તક પર વધારાનો ભાર આવવાથી ગૅસ થવાની શક્યતા વધે છે.

૧૫. રાત્રિભોજન ન કરવાથી જઠરાગ્નિમાંથી નીકળતા પાચક રસ જેવા કે હાઈડ્રોક્લોરીક એસીડનો સ્રાવ ઓછો થવાથી એસીડીટી થતી નથી.

૧૬. જેઓ રાત્રિભોજન કરતા હોય અથવા દિવસે ભોજન લઈને સૂઈ જ જતા હોય તેમના આંતરડામાં પાચનક્રિયા બરાબર ન થવાને લીધે ગૅસ ઉપર ચઢે છે. અલ્સર વગેરે દર્દની શક્યતા વધી જાય છે.

૧૭. રાત્રે સૂતી વખતે લીધેલા ભોજનમાં લાળ ભળતી નથી જેથી ડાયાબિટીસ થવાની સંભાવના વધે છે કારણ કે લાળનાં સાકર પચાવનારા રસાયણો પર્યાપ્ત માત્રામાં નથી મળતા અને તેથી જ આજકાલ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા વધતી જાય છે.

રેશન રાહત પ્રવૃત્તિ

સંઘ તરફથી ઈ. સ. ૧૯૪૩ના ઑક્ટોબર માસમાં સખત મોંઘવારીના સમયમાં જૈન કુટુંબોને મદદરૂપ થવાના હેતુથી રેશન રાહતની એક યોજના હાથ ધરવામાં આવી હતી. આ યોજના દ્વારા રાહત યોગ્ય કુટુંબોને રેશન બિલોમાં ૫૦ થી ૭૫%ની રાહત આપવામાં આવી હતી. ૧૧૫ જૈન કુટુંબોને માસિક રૂા. ૯૦૦/- સુધીની રાહત આ રીતે અપાતાં, કુલ રૂા. ૨૧,૩૦૦/-ની રાહત આપવામાં આવી.

જૈન યુવક પરિષદ અને જૈન યુવક મહામંડળ

ઈ. સ. ૧૯૨૯ થી ૧૯૩૮ના ગાળા દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૩૦, ૩૧ ડિસેમ્બર ૧૯૩૧માં મુંબઈ ખાતે શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખસ્થાને ત્રણેય ફિરકાઓના જૈન યુવકોની એક પરિષદ ભરવામાં આવી હતી. આ પરિષદમાં, દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ, વિધવા વિવાહને અનુમોદન, અયોગ્ય દીક્ષાનો સાર્વત્રિક વિરોધ, જૈનોની એકતાનું સમર્થન અને સ્ત્રી-પુરુષની સમાનતાના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

૧૮. રાત્રિભોજનની ટેવને લીધે મન બરાબર કાર્ય નથી કરી શકતું જેથી ખરાબ ભાવનાઓ વધતી જાય છે અને ખરાબ ભાવનાઓ હોવી એ અધર્મ ગણાય છે. આજ કારણથી ભારતીય સંસ્કૃતિના સર્વ ધર્મોમાં રાત્રિભોજનને મહત્ત્વ નથી આપ્યું.

૧૯. સગર્ભાવસ્થામાં જે સ્ત્રીઓ સૂર્યપ્રકાશથી દૂર રહે છે અને રાત્રિભોજન કરે છે તેમના બાળકો પૂર્ણતઃ સ્વસ્થ નથી હોતા.

પરમાનંદભાઈના માનમાં અભિનંદન સભા

તા. ૯-૮-૧૯૩૬ના રોજ અમદાવાદના સંઘની તોફાની સભાએ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો બહિષ્કાર જાહેર કર્યો. પરિણામે જૈન સમાજમાં એક તુમુલ આંદોલન ઊભું થયું. સામાજિક સંક્ષોભ અને ઘર્ષણના એ દિવસો હતા. આ પ્રસંગે અમદાવાદના જૈન યુવકોએ ત્યાંના સંઘના ઠરાવનો અસ્વીકાર કર્યો, અને તા. ૬-૬-૧૯૩૬ના રોજ અમદાવાદમાં લગભગ ૨૦૦૦ ભાઈ બહેનોનું સ્નેહ સંમેલન શ્રી પરમાનંદ કાપડિયાના માનમાં યોજવામાં આવ્યું અને શ્રી મોરારજીભાઈ દેસાઈના પ્રમુખસ્થાને એક અભિનંદન સભા યોજવામાં આવી. આ સમગ્ર પ્રકરણમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘે મુંબઈ તેમ જ અમદાવાદમાં સક્રિય ભાગ ભજવ્યો હતો.

૨૦. ભોજન તૈયાર થયા બાદ આઠથી દસ કલાકે તેમાં એન્ઝાઈમ અને બેક્ટિરીયા પેદા થઈ જાય છે જેના પ્રતાપે મનુષ્યનો સ્વભાવ તામસી, ક્રોધી, રોગી અને ઉંઘરેટીયો થઈ જાય છે.

૨૧. રાત્રિ દરમિયાન ગંદકીવાળા સ્થળોમાં વાયુમંડળમાં અનેક જાતના વાયરસ બેક્ટિરીયાની ઉત્પત્તિ થાય છે જે આપણા ભોજન બનાવવાના સમયે, આરોગતી વખતે, અથવા પીરસતી વખતે ભોજનના રસાયણિક તત્ત્વોમાં ભળી શરીરના એન્ઝાઈમ અને જીવાણુઓમાં ભળી નવા એન્ઝાઈમ અને જીન બનાવે છે અને આનું પરિણામ મનુષ્યના સ્વભાવમાં પરિવર્તન લાવે છે.

૨૨. આયુર્વેદમાં હૃદયને કમળ અને નાભિ અથવા પેટને કમળકોશની ઉપમા આપી છે કારણકે આપણું હૃદય અને નાભિકમળ રાતને સમયે આપોઆપ સંકુચિત થઈ જાય છે માટે જ રાત્રિના સમયે પાચન થતાં વાર લાગે છે, ખાટા ઓડકારો આવે છે, પેટ કઠણ થઈ જાય છે, વાયુ પ્રકોપ વધી જાય છે, મસ્તિષ્ક અને પેટમાં દર્દ થાય છે અને શારીરિક થાક લાગે છે.

૨૩. હૃદયકમલ સંકુચિત થવાથી ફેફસાંઓ પણ પૂરતી માત્રામાં ઑક્સિજન નથી મેળવી શકતા જેના પરિણામે પાચનતંત્ર અસ્તવ્યસ્ત થઈ જાય છે.

૨૪. જેઓ સતત ખાતાપીતા રહેતા હોય તેમના વિજાતીય તત્ત્વો તથા જીવાણુઓનો અભાવ રહેવાથી શારીરિક કોષિકાઓ વૃદ્ધિ પામે છે જેના પરિણામે વૃદ્ધાવસ્થા વહેલી જણાવા લાગે છે.

૨૫. રાત્રે પ્રકાશની અલ્પતા હોવાથી ખાદ્યપદાર્થોમાં જીવજંતુ પડવાથી બુદ્ધિમાં ક્ષયતા થવાની શક્યતા થાય છે. કીડની પર પણ અસર થાય છે અને પેશાબમાં બળતરા થાય છે. આ રીતે જો ભૂલેચૂકે પણ જૂ પેટમાં જાય તો જલોદર થવાની સંભાવના રહે છે.

૨૬. ઉંદરની લીંડી પેટમાં જવાથી એલર્જીની સંભાવના રહે છે તથા વાળ ખવાઈ જવાથી સ્વર પર અસર થવાની અને માખીથી ઉલ્ટીઓ થવાની સંભાવના રહે છે. કરોળિયો પેટમાં જવાથી કુષ્ઠરોગ થવાની સંભાવના રહે છે.

૨૭. ભોજન બાદ પેટની માંસપેશીઓ પર વધુ બોજો રહેતો હોવાથી દરેક યોગશાસ્ત્રી તથા વૈદ્યરાજ ત્રણથી ચાર કલાક યોગાસન તથા શયન કરવાની મના કરતા હોય છે. આ કારણે પણ રાત્રિભોજન ત્યાગ અનિવાર્ય છે.

૨૮. રાત્રિભોજન ત્યાગ કરી દિવસ દરમિયાન હલકો સુપાચ્ય ખોરાક લેવો યોગ્ય છે. સૂતા પહેલાં અને સવારે ખુલ્લી હવામાં ઊંડા શ્વાસ લઈને ધીમે છોડતા જવાનું ખાલી પેટે પ્રાણાયામ કરવું, પ્રાતઃકાળે યોગાસન કરવા, વગેરેથી ફેફસાંની શક્તિ વધે છે, રક્તશુદ્ધિ થાય છે, અને શરીરની બિમારીઓ દૂર રહે છે.

૨૯. રાત્રિભોજન ત્યાગ અથવા ઉપવાસ કરવાથી શારીરિક પ્રતિરોધક તંત્ર શક્તિશાળી બને છે કારણકે એ તંત્રમાં કામ કરવાવાળા રક્તના ફેનાસાઈટ્સ અને લીમ્ફોસાઈટ્સ કણોની ક્ષમતામાં અદ્‌ભુત વૃદ્ધિ થાય છે.

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીનું સન્માન

સંઘને શરૂઆતથી જ જેમના આશીર્વાદ અને સહકાર મળ્યો છે તે વિદ્વદ્‌વર્યો શ્રી કાકાસાહેબ કાલેલકર અને પંડિત ડૉ. સુખલાલજીના સન્માનનો પ્રસંગ પણ સંઘે યોજ્યો હતો. મુંબઈની અન્ય સંસ્થાઓની સાથે શ્રી કાકાસાહેબ કાલેલકર ષષ્ઠિપૂર્તિ સમારંભનું આયોજન કરવામાં સંઘે અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો અને પં. સુખલાલજીનું સન્માન પણ સંઘ તરફથી મુંબઈ યુનિવર્સિટીના કૉન્વોકેશન હૉલમાં, એ વખતના ભારતના ઉપરાષ્ટ્રપતિ સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખસ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમને રૂા. એક લાખની થેલી અર્પણ કરવામાં આવી હતી.

રાત્રિભોજન ત્યાગ કરી જલ્દી સૂવાની અને જલ્દી ઉઠવાની ટેવ પાડવાથી મસ્તિષ્કને સંપૂર્ણ આરામ મળે છે. હૃદય અને નાડીની ગતિ સામાન્ય રહે છે, લીવરમાં રક્તપ્રવાહ સામાન્ય થઈ જાય છે અને માનસિક તાણ દૂર થઈ જાય છે. ✷✷✷

૬/બી, ૧લે માળે, કેનવે હાઉસ, વી.એ.પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૪.ફોન : ૨૩૮૭૩૬૧૧

પંથે પંથે પાથેય : મોમાયા બાપા

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

નવી દુકાન માટે બાપાનાં આશીર્વાદ લેવા ગયા, પગે લાગ્યા. બાપાએ પુછ્યું, નવો ધંધો શરૂ કરો છો તો તમને પૈસાની જરૂર હશે. અંદર કબાટમાંથી રૂા. ૫,૦૦૦ કાઢીને આપ્યા. હુંડી લખવાની અમે વાત કરી તો ના પાડી. વ્યાજ પણ ફક્ત ૬% જ લઈશ એમ કહ્યું. આ પૈસા આવતાં દુકાનમાં બરકત થઈ. બાર મહિને દુકાન સારી જામી જતાં બાપાને વ્યાજ સાથે રૂા. ૫,૦૦૦ પાછા આપવા ગયા ત્યારે બાપાએ કરેલ વાતોથી ગદ્‌ગદ્‌ થઈ ગયા હતા. એ સદ્‌ભાવના જ અમારા હૃદયમાં કરુણાનું ઝરણું વહેતું રાખે છે. બાપા કહે આ રૂપિયામાં ખૂબ બરકત છે. એ તમે જ રાખો પણ ભવિષ્યમાં કોઈક મહેનતુ ભાઈને મદદની જરૂર પડે ત્યારે મદદ કરવાનું ભૂલતા નહીં.

ગોવાલીયા ટેંક બજારમાં નોકરી કરતા ઘણા મહેનતુ કચ્છી ભાઈઓ આજે બાપા જેવાની દયા-દૃષ્ટિથી પગભર થયા છે. એક મહેનતુ કચ્છી ભાઈની વાત કરી હું આ વાતો પૂરી કરીશ.

બજારમાં એક યુવાન નોકરી કરતો હતો. એના લગ્ન નક્કી થતાં એ બાપા પાસે આશીર્વાદ લેવા આવેલ. બાપા કહે લગ્ન માટે કેટલો ખર્ચ થશે ? દાગીના-કપડાં તથા ઈતર ખર્ચ મળી ૨૦-૨૫ હજાર ખર્ચ સહેજે થશે. તારા સસરા પણ એટલો ખર્ચ કરશે. લગ્ન પછી તારી પત્નીને તું કચ્છ મોકલી આપીશ. કર્જ ચૂકવતાં ચૂકવતાં જીવન ચાલ્યું જશે તો પગભર ક્યારે થઈશ.

એમણે એમને સમજાવી ફક્ત થોડા લોકો સાથે એમના જ ઘરે એના લગ્ન કરાવી દીધા. બજારમાં એક દુકાન ચલાવવા એમણે વગર ડિપોઝીટે મેળવી આપી. આગળ દાણાની દુકાન-પાછળ ઘર. દુકાનના બધા જ માણસો એક જ રસોડે જમે. ભાત બજારમાં ઓળખીતા હૉલસેલર પાસેથી ઉધાર અનાજ એમણે મેળવી આપ્યું.

બાપાના અવસાન બાદ સાદડી વખતે એ ભાઈ ધ્રુસકે-ધ્રુસકે રડતો હતો. પરામાં એ ભાઈની બે દુકાનો ધમધોકાર ચાલતી હતી.

આવા તો કંઈ-કેટલાય યુવાનોની જિંદગી સુધારનાર, સાદગીના અવતાર, ન તકતીનો મોહ ન ફોટાનો મોહ, રોજ ભલાઈનું વાવેતર કરનાર આવા મોમાયાબાપા જેવા મહામાનવોથી જ સમાજ સમૃદ્ધ થયો છે. દિવંગત બાપાનાં આત્માને અંતરના ઓવારેથી વંદન. ✷ ✷ ✷

૧૨-તુલીપ્સ, ૭૧, નેપિયનસી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬. Phone : 65057767
M. No.: 98337 02220

ગાંધીજી હત્યા, વધ કે બલિદાન

જાન્યુઆરી ૨૦૧૧ના 'પ્રબુદ્ધ જીવન'માં ગાંધીજીની હત્યા વિષેના આપના તંત્રી લેખના સંદર્ભમાં આ લખાણ આપને મોકલું છું.

'ગાંધીજી આફ્રિકાથી કાયમી વસવાટ માટે હિંદુસ્તાન આવ્યા ત્યારથી મહારાષ્ટ્રના ચિત્તપાવન બ્રાહ્મણોનો ગાંધીજી પ્રત્યેનો અભાવ છતો થતો હતો. ઉદાહરણાર્થે પુનાની સર્વન્ટ્સ ઑફ ઈન્ડિયા સોસાયટીએ ગાંધીજીને સભ્યપદ આપવાનો ઈન્કાર કર્યો હતો. એ સંસ્થાના એક સ્થાપક સ્વ. શ્રી ગોપાલકૃષ્ણ ગોખલેની ભલામણ હોવા છતાં.

'લોકમાન્ય તિલકને ગાંધીજી પ્રત્યે કેવો ભાવ હતો એ જાણવા મળતું નથી. પણ એક હકીકત તો સમગ્ર ભારત જાણે છે કે તિલકના અવસાન પછી એમના માનમાં ગાંધીજી એક વર્ષ સુધી અમવાણા–જોડા પહેર્યા વગર ફર્યા હતા.

'ગાંધીજીના ખૂનની આગોતરી જાણકારી રૂઈઆ કૉલેજના પ્રોફેસર જૈને મુંબઈ સરકારના ગૃહખાતાને આપી હતી અને એમણે એ માહિતી કેન્દ્ર સરકારના ગૃહખાતાને પહોંચાડી પણ હતી. ગાંધીજીના અવસાન પછી આ મુદ્દા પર ભારતની લોકસભાએ ચર્ચા પણ કરી હતી–જેને 'રાંડ્યા પછીના ડહાપણ' સાથે સરખાવી શકાય. સહુ કોઈ જાણે છે કે ગાંધીજી કોઈપણ જાતનું પોલીસ સંરક્ષણ સ્વીકારવા તૈયાર નહોતા.

'ગાંધીજીના ખૂનની તમામ પ્રવૃત્તિ સાથે હિન્દુ મહાસભા અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંકળાયેલાં હતાં. પંચગીનીમાં મળેલી એક સભામાં નાથુરામ ગોડસે ગાંધીજીને મારવા માટે ખુલ્લા છરા સાથે એમના ઉપર ધસ્યાના અહેવાલ પણ છે. આ વાતને વધુ સ્પષ્ટ કરવા માટે એમ કહી શકાય કે ગાંધીજીનું ખૂન હિન્દુત્વના ઝનૂને કર્યું છે. આ જ શબ્દો ન્યૂયોર્કમાં મળેલી વિશ્વહિંદુ પરિષદની એક બેઠકમાં હું બોલ્યો હતો.

□ કાન્તિ મેપાણી

૪૦૬-બી, ગોલ્ડ કોઈન, તારદેવ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૩૪. M. No.: 9699769291

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલા અનુદાનો

આજીવન સભ્ય

નામ	રકમ
આગળનો સરવાળો	**૧૨,૧૨,૬૨૭**
૧૬-૧૧-૨૦૧૦ સુધી	
એમ. એન. સંઘરાજકા	૪૬૫૦
હર્ષા વી. શાહ	૪૭૫૦
કીર્તિચંદ્ર શાહ	૫૦૦
અશ્વિન ગાગજી છેડા	૫૦૦૦
દામજી ઉમરશી મર્ચન્ટ	૫૦૦૦
ચંપકલાલ એચ. વોરા	૨૫૦૧
મહાસુખભાઈ આર. મહેતા	૫૦૦૦
	કુલ ૧૨,૪૦,૦૨૮

પેટ્રન લવાજમ પૂરક રકમ

નામ	રકમ
આગળનો સરવાળો	**૧,૮૪,૫૦૦**
૧૬-૧૧-૨૦૧૦ સુધી	
મનહર પી. ભેદા	૨૨,૫૦૦
	કુલ રૂા. ૨,૦૭,૦૦૦

જમનાદાસ મહેતા અનાજ રાહત ફંડ

નામ	રકમ
ઉષા ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ	૯,૫૦૦
	કુલ રૂા. ૯,૫૦૦

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

નામ	રકમ
આગળનો સરવાળો	**૧૩,૦૭,૯૭૬**
૧૬-૧૧-૨૦૧૦ સુધી	
એક બહેન તરફથી (લંડન)	૫૦,૦૦૦
મનહર પરીખ (USA)	૨,૪૮૦
પ્રફુલભાઈ જે. પિપલિયા	૩,૦૦૦
ધનરાજ આર. કટારિયા	૨,૦૦૦
	કુલ રૂા. ૧૩,૬૫,૪૫૬

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આજની અતિ લોકપ્રિય પર્યુષણ વ્યાખ્યાન-માળાની સૌ પ્રથમ શરૂઆત ઈ. સ. ૧૯૩૨માં પં. સુખલાલજીની પ્રેરણા અને દોરવણી હેઠળ થઈ. પ્રથમ પર્યુષણ વ્યાખ્યાનમાળા સી. પી. ટેન્ક પર આવેલા હીરાબાગમાં યોજવામાં આવી હતી. પરંતુ નિયમિત રીતે આ વ્યાખ્યાનમાળા ઈ. સ. ૧૯૩૬ થી આજસુધી યોજવામાં આવે છે અને જે એકધારી વિકસતી ચાલી રહી છે.

અવસર

જૈન સાહિત્યનો રસાસ્વાદ-પરિસંવાદ

રવિવાર, ૨૭ માર્ચ ૨૦૧૧

જૈન સાહિત્યના અખૂટ ખજાનાનો રસાસ્વાદ કરવા એક દિવસીય પરિસંવાદ આયોજન, રવિવાર તા. ૨૭ માર્ચ ૨૦૧૧ના રોજ ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર, ચર્ચગેટ ખાતે જૈન એકેડેમી એજ્યુકેશન સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ-મુંબઈ દ્વારા યોજાયેલ છે. પ્રાચીન જૈન સાહિત્યના હજારો પુસ્તકોમાં રહેલા વિવિધ દૃષ્ટિકોણની ઓળખ આપવાનો આ પ્રયાસ છે.

વાણિજ્ય, મેનેજમેન્ટ, પર્યાવરણ, સ્વાસ્થ્ય, શૃંગાર રસ, વીરરસ, વિજ્ઞાન, પત્રકારત્વ, રાજકારણ, કાવ્ય-નાટ્ય, કન્નડ તથા તામિલ જૈન સાહિત્ય વગેરે અનેક વિષયો ઉપર ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. જીતેન્દ્ર શાહ, શ્રી વલ્લભ ભણશાળી, નવલકથાકાર દિનકર જોષી, પૂજ્ય નંદી ઘોષસુરિ મ.સા., સાધ્વી શિલાપીજી (વીરાયતન), પિંકીબેન દલાલ (મુંબઈ સમાચાર), અતુલ શાહ વગેરે વિદ્વાનો વક્તવ્ય રજુ કરશે. આ ઉપરાંત ડૉ. કલાબેન શાહ, ડૉ. ધનવંત શાહ, શ્રી ગુણવંત બરવાળીયા, ડૉ. રશ્મિબેન ઝવેરી, ડૉ. રક્ષા શાહ, શ્રી તેજેન્દ્ર શાહ જેવા વિદ્વાનો Discussion માં ભાગ લેશે.

ફક્ત ૧૫૦ વ્યક્તિઓનો સમાવેશ હોવાથી વહેલો તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

સંપર્ક : ફોન / SMS અથવા E-mail-drbipindoshi @yahoo.com કરી રજીસ્ટ્રેશન કરવું અનિવાર્ય છે. ફોન નં.: (022) 28910058 / 28936203, Fax : (022) 28903665. Mobile : 098210-52413.

ધ્યાન સંગીતમય મહાવીર કથા

મહાવીર કથા સ્વરૂપ ભગવાન મહાવીરના ૨૬૦૦મા જન્મોત્સવ પ્રસંગે કોલકોતાના સમગ્ર જૈન સમાજમાં સર્વપ્રથમ પ્રસ્તુત, અને પછી ગત વર્ષે વિલેપારલેમાં પણ રજૂ થયેલ મહાવીર કથા હવે આગામી મહાવીર જયંતીથી કથા શૃંખલારૂપે પ્રા.પ્રતાપકુમાર ટોલિયા અને સુમિત્રા ટોલિયા દ્વારા યોજાઈ છે.

(૧) તા. ૧૬-૪-૨૦૧૧ રાત્રે ૮ વાગે, જૈન ઉપાશ્રય, બોરડી-દહાણુ.

(૨) તા. ૨૧-૪-૨૦૧૧ રાત્રે ૮-૩૦ વાગે, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, રાજકોટ.

(૩) તા. ૨૪ અને ૨૫ એપ્રિલ-૨૦૧૧રાત્રે ૬-૩૦ વાગે, દશાશ્રીમાળી વાડી, અમરેલી

***.

SHELTER IN THE CITY

વૃદ્ધોનું આશ્રય સ્થાન

બધાં શક્તિશાળી કૌરવો કેમ હાર્યા? અધર્મ પક્ષે એઓ હતા એ કારણ તો ખરું જ, પરંતુ જ્ઞાની વિદૂરે બીજું એક કારણ પણ પ્રસ્તુત કર્યું. વિદૂરે કહ્યું કે 'કૌરવોએ વૃદ્ધાઃ ન સેવયા તયા। એમણે, એટલે કૌરવોએ વૃદ્ધોનું સેવન ન કર્યું, સાચવ્યા નહિ, વડીલ વૃદ્ધોનેસમજ્યા નહિ. ભીષ્મ, વિદૂર, ધૃતરાષ્ટ્ર જેવાની સલાહ ન માની અને પાંડવોએ ૧૨૫ વર્ષની ઊંમરના શ્રીકૃષ્ણની વાત-સલાહ માની એટલે પાંડવો જીત્યા અને કૌરવો હાર્યા.

આપણે ત્યાં કહેવત છે ને 'ઘરડાં ગાડાં વાળે.' 'પ્રબુદ્ધ જીવન'ના એક પ્રબુદ્ધ વાચક, વ્યવસાયે હાઈકોર્ટના સિનિયર એડવોકેટ કિશોર ડી. શાહે પોતાની અંગ્રેજીમાં ઉપરના શીર્ષકથી લખેલી લઘુ નવલ મને મોકલી. સરળ અંગ્રેજીમાં રસપ્રદ શૈલીમાં લખાયેલ આ નવલનો કેન્દ્રવર્તી વિચાર વર્તમાન સમયના વૃદ્ધોની સલામતી, સમસ્યા, સંવેદના અને એમની સ્નેહના સાનિધ્યની ઝંખના એ છે.

આજે એવા સુપોત્રો (?) પણ પાકે છે કે પોતાના વૃદ્ધ પિતાને ઘરમાં પૂરીને બહાર તાળું મારીને પોતાની કારકિર્દીના પીંછા શોધવા જાય છે.

આ લઘુ નવલનો નાયક વૃદ્ધ પિતા આવી અનેક વેદનાઓનો સામનો કરી પોતાની જાતને આ પરિસ્થિતિમાંથી કઈ રીતે મુક્ત કરે છે, એની વ્યથા અને સંઘર્ષ આ કથામાં છે.

વૃદ્ધાશ્રમનો આશરો ભલે સમાજનું કલંક હોય, પરંતુ હવે એ સત્યને સ્વીકારવું પડશે જ અને હવે તો પંચ તારક વૃદ્ધાશ્રમનોનું નિર્માણ પણ થવું જોઈએ.

આ વૃદ્ધાશ્રમને આપણે હવે નવું નામ 'ઉત્તર આશ્રમ'-ઉત્તર અવસ્થાનું, જીવનના ઉત્તરો આપતું આશ્રમ-એવું આપીએ તો?

લેખક કિશોર શાહ આ અંગ્રેજી પુસ્તક 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ભેટ આપવાની ભાવના રાખે છે. 'પ્ર.જી.'ના બધાં વાંચકો કદાચ અંગ્રેજી પૂરેપૂરું જાણતા ન હોય, પણ એમના સંતાનો તો અંગ્રેજી જાણતા હશે જ. અને આ નવલ ખરી રીતે તો એ સંતાનોએ વાંચવા જેવી છે.

ઈચ્છિત ભાવકો આ પુસ્તકની પ્રાપ્તિ માટે યુવક સંઘનો ફોન-પત્રથી સંપર્ક કરી શકે છે. અમે એ જિજ્ઞાસુ ભાવકોને પુસ્તક મોકલીશું. ઉપરાંત આપ આ લઘુ નવલકથાના લેખક શ્રી કિશોર શાહનો ૦૨૨-૨૨૦૪૭૩૮૨, ૦૨૨-૨૨૧૮૬૨૦૧ ઉપર પણ સંપર્ક કરી શકો છો.

□ તંત્રી

જયભિખ્ખુ જીવનધારા : ૨૬

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[મુલ્યનિષ્ઠ સાહિત્યના સર્જક 'જયભિખ્ખુ'એ જીવનભર કલમને આશરે જીવવાનો અને નોકરી નહીં કરવાનો વિકટ નિશ્ચય કર્યો અને પોતાની સરસ્વતીસાધનાનો પ્રારંભ કર્યો. એમના સર્જનના ઉષ:કાળની કેટલીક વાતો આપણે અગાઉ જોઈ ગયા. હવે જોઈએ એમણે લખેલી પહેલી નવલકથાના સર્જનની કથા આ છવીસમા પ્રકરણમાં]

નવી દિશાનો પડકાર

પચીસ વર્ષના યુવાન 'જયભિખ્ખુ'એ ઘરસંસારનો પ્રારંભ કર્યો. અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાસે માદલપુરના પટેલના માઢમાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા. આજ સુધી ગામડાંની હરિયાળી પ્રકૃતિ અને જંગલની ગીચ ઝાડીઓ વચ્ચે રહેનાર હવે શહેરમાં આવ્યા, પણ આ વિસ્તાર એવો હતો કે ગામડાંની યાદ આપી જાય. અહીં આજુબાજુ બધે પટેલનો વસવાટ હતો અને મોટાભાગના પટેલો ખેતી કરતા હતા અથવા તો ઢોર રાખીને દૂધ વેચતા હતા. આ વિસ્તારમાં જયભિખ્ખુએ શાંતિલાલ પટેલના મકાનના પહેલા માળે ધીરે-ધીરે ઘરવખરી એકઠી કરીને જીવનનો પ્રારંભ કર્યો.

આજુબાજુ પટેલોની વસ્તી હોવા છતાં 'જયભિખ્ખુ'ને પુષ્કળ આદર મળવા લાગ્યો. એનું એક કારણ એ હતું કે 'જયભિખ્ખુ'નો સુઘડતાયુક્ત પોશાક, ચાલવાની આગવી છટા અને સામાન્યમાં સામાન્ય વ્યક્તિ સાથે પ્રેમાળ વ્યવહાર કરવાની રીતે એમના વ્યક્તિત્વની ચોપાસ સુવાસ ફેલાવી. આજુબાજુના ઓછું ભણેલા પટેલો આ 'કાશીના પંડિત'ને માન સન્માનની નજરે જોવા લાગ્યા. એમને તો થતું કે આપણી વચ્ચે એક એવી વિદ્વાન અને વિરલ વ્યક્તિ આવી છે કે જેનું લખાણ છાપાંઓમાં આવે છે. આથી કોઈ ઝઘડો કે વિવાદ થતાં એ પટેલો 'જયભિખ્ખુ'ને મળવા દોડી જતા અને ન્યાય તોળવાનું કહેતા. સારા-માઠા પ્રસંગે તેઓ 'જયભિખ્ખુ'ને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપતા. સામાન્યમાં સામાન્ય માનવીને ઘેર જવામાં પણ 'જયભિખ્ખુ' જરાય ખચકાટ અનુભવતા નહીં. એમનો પ્રેમાળ વ્યવહાર આસપાસના પડોશીઓના હૈયાંને જીતી લેતો હતો. 'જયભિખ્ખુ'નાં પત્ની જયાબહેન પાસે પટલાણીઓ આવે, પોતાના ઘરની વાત કરે, કોઈ કુટુંબમાં ચાલતા કલહ-કંકાસની વાત કરે અને જયાબહેન શાંતિથી, એમની આગવી કોઠાસૂઝથી એને સાંત્વન આપે અને માર્ગ બતાવે. કપરા સમયમાં ધીરજ ધારણ કરવાના મીઠા બોલ કહે. આથી જયભિખ્ખુ અને જયાબહેન બંને આ સમાજના વડીલો બની ગયાં.

વળી જયાબહેનનું આતિથ્ય એવું કે મળવા આવેલી વ્યક્તિ ક્યારેય એમના ઘેરથી ચા પીધા વિના પાછી ફરે નહીં. કોઈ સામાન્ય માણસ હોય, પોસ્ટમેન કે દૂધવાળો હોય, તો એને પણ એટલા જ ભાવથી આવકાર આપે અને ઘરમાં કંઈ વાનગી બનાવી હોય તો એને ભાવથી આપે. જયાબહેનના સહજ પ્રકારના વાત્સલ્યથી સામેની વ્યક્તિનું હૃદય ભીંજાઈ જતું.

આ સમયે 'જયભિખ્ખુ'ની કોઈ નિયમિત આવક નહોતી. પણ પહેલી આવક શરૂ થઈ મુંબઈના 'રવિવાર' સાપ્તાહિકમાં લખેલા લેખથી અને એના તંત્રીશ્રી ઉષાકાન્ત પંડ્યાએ 'જયભિખ્ખુ'નો પ્રથમ લેખ 'રવિવાર'ના દિવાળી અંકમાં ચિત્ર સહિત પ્રકાશિત કર્યો અને સાથોસાથ 'જયભિખ્ખુ' 'રવિવાર'ના નિયમિત લેખક બની ગયા. પછી તો રવિવારના પ્રથમ પાનાના લેખક તરીકે 'જયભિખ્ખુ'ના લેખો પ્રકાશિત થવા લાગ્યા અને એમાં ક્યારેક કોઈ સામાજિક પરિસ્થિતિ વિશે

આત્મનિવેદન

આ સંઘમાં જોડાનાર સભ્યે નીચેના નિવેદનને સ્વીકૃતિ આપવી પડતી:

(૧) વિચારસ્વાતંત્ર્યમાં હું સંપૂર્ણ રીતે માનું છું અને તેટલા જ કારણસર કોઈ પણ વ્યક્તિને 'સંઘ બહાર'ની શિક્ષા કરવામાં આવે તેની હું વિરુદ્ધ છું.

(૨) જૈન સમાજની આધુનિક પરિસ્થિતિ જોતાં આપણાં દ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે કરીને સમાજની આર્થિક અને કેળવણી વિષયક ઉન્નતિમાં જ થવો જોઇએ એમ હું માનું છું.

(૩) જૈનોના સર્વ ફિરકાઓના ઐક્યમાં હું માનું છું અને તે ઐક્ય વધે તેવી પ્રવૃત્તિઓને ટેકો આપવો, એને હું મારો ધર્મ સમજું છું.

(૪) સમાજમાં રહેલાં અનેક હાનિકારક રિવાજો અને માન્યતાઓ અને ધર્મના નામે ચાલતો દંભ એ સર્વને દૂર કરવા મારી ફરજ સમજું છું.

(૫) સાધુ વેશમાં ફરતા ચારિત્રભ્રષ્ટ સાધુ-સાધ્વીને, સાધુ-સાધ્વી તરીકે હું સ્વીકારતો નથી.

(૬) આત્મશુદ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવનમંત્ર તરીકે સ્વીકારું છું.

તો ક્યારેક દેશની રાજકીય દશા વિશે 'જયભિખ્ખુ'ના છટાદાર શૈલીમાં લખાયેલા લેખો પ્રગટ થવા માંડ્યા. આને પરિણામે એમનો એક વાચકવર્ગ બંધાયો અને એક દિવસ વળી મિત્ર ઉષાકાન્ત પંડ્યાએ એમને કહ્યું કે તમે 'રવિવાર'ને માટે નવલકથા લખો તો?

નવલકથાની વાત સાંભળતાં જ 'જયભિખ્ખુ'ના ચિત્તમાં અનેક વિચારો જાગવા લાગ્યા. પોતાની અત્યંત પ્રિય એવી નવલકથા 'સરસ્વતીચંદ્ર' તો માનસપટ પર તરવરી ઊઠી. સરસ્વતીચંદ્ર નવલકથા એ 'જયભિખ્ખુ'ને માટે મનોરંજનની નવલકથા નહોતી; પરંતુ જીવનમાં ધારણ કરેલા આદર્શને જાળવવા માટે માર્ગ બતાવનારી પ્રકાશિત દીવાદાંડી હતી. એનાં પાત્રો એમના ચિત્તમાં સદૈવ રમ્યા કરતાં. સરસ્વતીચંદ્રની વિદ્વતા, ચંદ્રકાન્તનો મિત્રપ્રેમ, કુમુદના જીવનની કરુણતા–આ બધાં સાથે એમણે એક પ્રકારનું તાદાત્મ્ય અનુભવ્યું હતું. કવિ ન્હાનાલાલ, ખબરદાર અને કલાપીનાં કાવ્યો એમના કંઠમાં ગુંજતાં હતાં અને એની કેટલીયે સુંદર પંક્તિઓ એમની આદત પ્રમાણે એમની નોટમાં નોંધી લીધી હતી. 'જયભિખ્ખુ'એ વિદ્યાર્થીકાળમાં સાધુઓનાં પ્રેરણાદાયી ચરિત્રો લખ્યાં હતાં, સમાજમાં નારીની દુઃખદ સ્થિતિ બતાવતા પ્રસંગો લખ્યા હતા; પરંતુ નવલકથા લખવી એ કોઈ જેવી-તેવી વાત નહોતી. એમણે જૈન ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો, એનાં શાસ્ત્રોનું ઊંડું અવગાહન કર્યું હતું; પરંતુ હજુ જૈનકથાઓનું એટલું આકર્ષણ એમના ચિત્તમાં જાગ્યું નહોતું. યુવાન જયભિખ્ખુની સર્જકતા સામે વિરાટ પડકાર ખડો થયો. આજ સુધી જે વિષય પર લેખન કર્યું હતું, તેને બદલે તદ્દન ભિન્ન દિશામાં ગતિ કરવાની હતી. પણ જયભિખ્ખુનું ખમીર અડગ રહ્યું. અને એમણે નવલકથાના લોકપ્રિય સ્વરૂપ પર કલમ ચલાવવા માંડી. પડકાર મોટો હતો, તેથી 'જયભિખ્ખુ'એ વિશેષ આનંદ અનુભવ્યો.

હવે વિચારે છે કે કયા વિષય પર નવલકથાની રચના કરવી? વળી કથાનક પણ એવું હોવું જોઈએ કે જે વાચકને માટે રસપ્રદ બને અને એના વાર્તાપ્રવાહમાં બરાબર જકડી રાખે. 'રવિવાર' સાપ્તાહિકમાં એ હપ્તે-હપ્તે પ્રગટ થવાનું હોવાથી એમાં રોમાંચકકારી ઘટનાઓ અને ભિન્ન ભિન્ન રસોનું આલેખન પણ થવું જોઈએ. યુવાન 'જયભિખ્ખુ' ખૂબ મથામણ કરે છે. આવે સમયે શિવપુરીના ગુરુકુળમાં ભજવેલા મોગલ સમયમાં થયેલા વિક્રમાદિત્ય હેમુનું એમને સ્મરણ થાય છે.

અત્યંત છટાથી એમણે હેમુનું પાત્ર ભજવ્યું હતું. એના આંદોલનો અને એમની સ્મૃતિઓ ચિત્તમાં પુનઃ જાગ્રત થાય છે. એ સમયે મોગલ સરદાર અને સર્વસત્તાધીશ એવા બહેરામખાન સાથેના હેમુના સંવાદો એ ભૂલ્યા નહોતા. મોત સામે હતું તેમ છતાં હેમુએ જે દિલેરી અને જિંદાદિલી બતાવી એ એમણે નાટકમાં આગવી છટાથી રજૂ કરી. મનમાં વિચાર જાગ્યો કે એ ઘટનાને જ નવલકથાનું સ્વરૂપ આપું તો? બહેરામખાનની બેરહમ નિર્દયતા, અકબરની દુશ્મનોને જેર કરવાની વીરતા અને એની સાથે મોગલ ઇતિહાસના બીજા રંગો પૂરી દઉં તો? અને પછી ૨૭ વર્ષના સર્જકે ઇતિહાસનો અભ્યાસ શરૂ કર્યો. વળી બીજી બાજુ બહેરામખાન, અકબર અને મુબારક જેવાં પાત્રોની ઉર્દૂમિશ્રિત હિંદી જબાન એમને ગમી ગઈ. પોતાના દોસ્ત ખાન શાહઝરીન સાથેની મૈત્રીને પરિણામે 'જયભિખ્ખુ'ને ઉર્દૂ ભાષાનો રંગ લાગ્યો હતો. આ સમયે એમણે ઇતિહાસના અનેક પુસ્તકોનો અભ્યાસ કર્યો. 'આઈને અકબરી' લખ્યું તો એ પણ તારવ્યું કે શહેનશાહ અકબરને પોતાના હાથી પર ભારે પ્રેમ હતો. એનું કારણ એ કે મોગલોએ ક્યારેય હાથી જોયા નહોતા. એ હિંદમાં આવીને હાથીના રસિયા બની ગયા. એ સમયની એમની નોંધમાં 'જયભિખ્ખુ' લખે છેઃ 'અકબરશાહને તો એનું ઘેલું લાગ્યું હતું. સહેજ સમય મળ્યો કે ગજશાળામાં અને ગજમેદાનમાં.' આ રીતે એમણે મોગલ સમયના ઇતિહાસનું વાચન કર્યું, એની કેટલીય નોંધો કરી અને પછી 'રવિવાર' સામયિકમાં 'ભાગ્યવિધાતા' નામની નવલકથા શરૂ કરી.

અત્યાર સુધી સાધુપુરુષોનાં વર્ણનાત્મક શૈલીમાં ચરિત્રો લખનાર 'જયભિખ્ખુ'ની કલમ એક જુદા જ વિષય, શૈલી અને પટ પર ચાલવા લાગે છે. આજ સુધી ભારેખમ શૈલીમાં, જુદા જુદા અલંકારો પ્રયોજીને અને સુભાષિતોની ગૂંથણી કરીને જે પ્રકારનું સર્જન કરતા હતા, એને બદલે નવલકથાના સર્જન સમયે એક જુદો જ કસબ જોવા મળે છે.

ધાર્મિક સામાજિક કાયદાઓનું સમર્થન

ધાર્મિક તથા જાહેર સખાવતોનું નિયમન કરવા સંબંધમાં ઈ. સ. ૧૯૪૮માં જૈન-જૈનેતર સમાજના આગેવાનોની જુબાનીઓ, મુંબઈ સરકાર નિયુક્ત ટેન્ડુલકર સમિતિએ લીધી હતી. જૈન મંદિરમાં એકઠા થતાં દેવદ્રવ્યનો પ્રશ્ન આ સમિતિ સમક્ષ ઉપસ્થિત થયો હતો. દેવદ્રવ્યનો ઉપયોગ મંદિરના નિર્માણ અને નિભાવ સિવાય અન્ય હેતુ માટે કદાપિ થઈ જ ન શકે એવી જૈનોની પરંપરાગત માન્યતા છે. આ દ્રવ્યના સામાજિક ઉપયોગનો સંઘનો પ્રારંભથી જ આગ્રહ કરવો રહ્યો છે. ત્યારે સરકાર નિયુક્ત ટેન્ડુલકર સમિતિ સમક્ષ શ્રી પરમાનંદભાઈએ સંઘના મંતવ્યને સ્પષ્ટ સ્વરૂપે વ્યક્ત કર્યું હતું.

સામાજિક કાયદાઓ જેવા કે પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ, મદ્યનિષેધ ધારો, દ્વિપત્ની પ્રતિબંધક ધારો, હરિજન મંદિર પ્રવેશ ધારો, સમાજ બહિષ્કાર પ્રતિબંધક ધારો, લગ્નવિચ્છેદ ધારો–આવા અનેક હાથ ધરાયેલ સામાજિક ખરડાઓનું સંઘે સમર્થન કર્યું હતું, સામાજિક–ધાર્મિક કાયદાના સમર્થનથી સ્થિતિચુસ્ત સમુદાયનો સખત રોષ સંઘે વહોરી લીધો હતો.

આજે જો લેખકના નામ વિના વાંચીએ, તો આ બંને તદ્દન ભિન્ન લેખકોની કૃતિ લાગે! નવલકથામાં ઝડપી ઘટનાપ્રવાહ છે. છટાદાર સંવાદો છે અને માનવીય ભાવોની ભિન્ન ભિન્ન રમણીય લીલાઓનું આલેખન કર્યું છે. એ કલમમાંથી ક્યાંક વીરરસ વહેવા લાગ્યો. સાહસ અને બહાદુરીના વર્ણનો આલેખાવા લાગ્યાં. એ સાથે શૃંગારરસની વાતો પણ વણાઈ જતી હતી અને દર હપ્તે પ્રગટ થયેલી આ નવલકથાએ આ લેખક વિશે કૌતુક જગાડ્યું. એ સમયે ઘણાએ આશ્ચર્ય પ્રગટ કરેલું કે આ કોઈ સાધુ આવી વીર શૃંગારની નવલકથા લખે છે તે વિચિત્ર કહેવાય અને જીવનભર 'જયભિખ્ખુ' એ 'કોઈ ભિખ્ખુ' છે એવી ધારણા કેટલીક વ્યક્તિઓએ કરેલી.

આ નવલકથાની ગુજરાતી ભાષામાં જે છટા દૃષ્ટિગોચર થાય છે, તેમાં ગુજરાતથી ઘણે દૂર ગ્વાલિયર પાસેના ગુરુકુળમાં રહીને કરેલી માતૃભાષાની આરાધનાનો ઉન્મેષ જોવા મળે છે. આ 'ભાગ્યવિધાતા' નવલકથામાં હેમુની મહત્તાનો તો એક લસરકો માત્ર જોવા મળે છે; કિંતુ એની વીરતા આ નવલકથામાં સતત પડઘાતી રહે છે. એક રીતે કહીએ તો આ નવલકથા પર હેમુની છાયા છે અને કથા બહેરામખાન અને અકબરની ઇતિહાસકથા છે. સતત એક પ્રશ્ન આ નવલકથામાં આવે છે કે સાચો ભાગ્યવિધાતા કોણ? પોતાનું ધાર્યું કરી શકતો, નિર્દય બહેરામખાન, પોતાનો પ્રભાવ સ્થાપવા પ્રયત્ન કરતો શહેનશાહ અકબર કે પછી વીરની માફક મોતને વહાલું કરનાર વિક્રમાદિત્ય હેમુ? હેમુનો તલવારથી શિરચ્છેદ કરતા પૂર્વે બહેરામખાન અને હેમુ વચ્ચે સંવાદ થાય છે અને ત્યારે કેદી બનેલા હેમુને બહેરામખાન કહે છે:

'તને ખબર છે કે તું અત્યારે મોગલ સલ્તનતના ભાગ્યવિધાતાને તિરસ્કારી રહ્યો છે? જેનો એક શબ્દ અત્યારે નવી સૃષ્ટિ સરજાવી શકે છે એવા ભાગ્યવિધાતાને અપમાની રહ્યો છે!'

'ભાગ્યવિધાતા...' હેમુ ધીરેથી હસ્યો. એના હાસ્યમાં તિરસ્કારની છાંટ હતી. એની ઘણીખરી શક્તિ ક્ષીણ થઈ ગઈ હતી, છતાં આવેશ ન દબાતાં એ મહામહેનતે ત્રુટક અવાજે બોલ્યો,

'ભાગ્યવિધાતા! કોણ તું બહેરામ? હા, હા, હા, સલ્તનતના ઓ ભાગ્યવિધાતા! કાં ભ્રમણામાં ભમી રહ્યો છે? સમય તને સમજાવશે કે સાચો ભાગ્યવિધાતા કોણ છે?'

'હેમુ! ચૂપ કર, એક પણ શબ્દ હવે ન કાઢ! મારી તલવાર હવે સબુરી નથી પકડી શકતી.' બહેરામે ચીસ પાડી.

'ફિકર નહિ, જે તલવાર અશક્તોનું રક્ષણ કરી શકતી નથી એ કોક દિવસ યોદ્ધાને જ ભરખી જાય છે.' આવાં પડકારરૂપ વચનો અને અહંકારી શબ્દોને સાંભળીને હેમુમાં અપૂર્વ તાજગી આવી ગઈ.

('ભાગ્યવિધાતા', પૃષ્ઠ ૩૦-૩૧)

લેખક એ પછી બહેરામખાનની નિર્દયતાની સાથોસાથ શહેનશાન અકબર સામે કરેલા કાવતરાની વાત કરે છે અને એ જ બહેરામખાનને પોતાના પિતાના મોતનો બદલો લેવા માટે મુબારક હણી નાખે છે, ત્યારે બહેરામની જિંદગીની અંતિમ પળો આલેખતાં લેખક લખે છે:

બહેરામની આંખ સામે અવનવાં દૃશ્યો ઊભરાવા લાગ્યાં. હેમુ, હાથીનો મહાવત, કત્લ કરેલા અસંખ્ય સૈનિકો ને સરદારોનાં પ્રેત તેની આગળ નાચવા લાગ્યાં. એની સામે હેમુ આવી ઊભો, બહેરામ ધીરેથી બબડ્યો,

'હેમુ! તું સાચો! ભાગ્યવિધાતાનો ભેદ તેં સાચો જાણ્યો. ન હું કે ન તું, અકબર પણ નહિ, કોઈ પડદા પાછળ ઊભો લાગે છે, અહા, યા પરવરદિગાર!'

મોતને ટાણે માનવી કેવો દયામણો બની જાય છે! આખી જિંદગી ગુમાનીમાં ફરનાર છેલ્લી ઘડીએ આશ્વાસન લેવા કેવાં ફાંફાં મારે છે!

('ભાગ્યવિધાતા', પૃષ્ઠ ૧૫૧)

નવલકથામાં વીરરસની સાથોસાથ લેખકે પ્રણયનું આલેખન પણ કર્યું છે. બહેરામખાન અને એની બેગમનાં પ્રણયદૃશ્યો તથા મહાવત બેજુ અને સોનાના પ્રણયની કથા મળે છે. બહેરામખાન એની બેગમને પ્રેમ આપવા પ્રયત્ન કરે છે; પરંતુ રાજકીય શતરંજનો આ ખેલાડી એને માટે પૂરતો સમય આપતો નથી એવી એની બેગમની ફરિયાદ છે. જ્યારે શહેનશાહ અકબરના હાથી બિંદુને સંભાળનાર બેજુને બહેરામખાન મોતની સજા કરે છે. એનો ગુનો એટલો હોય છે કે એક વાર શહેનશાહ અકબરના હાથીએ બહેરામખાનના હાથીનો પગ ભાંગી નાંખ્યો હતો. આથી બહેરામખાનના સૈનિકો બેજુને પકડવા આવ્યા. બેજુની પત્ની સોના કહે છે કે જ્યાં બેજુ જશે ત્યાં સોના જશે અને સોના બેજુને મૃત્યુદંડ માટે લઈ જાય તે પહેલાં જ મૃત્યુ પામે છે. લેખકે આ પ્રસંગ ખૂબ હૃદયસ્પર્શી રીતે આલેખ્યો છે. બહેરામખાનના સૈનિકો બેજુને લેવા આવે છે અને એ પરિસ્થિતિનું વર્ણન કરતાં લેખક કહે છે:

'બેજુ! બેજુ!' સિપાઈઓની ચીસો સંભળાઈ. એમને મન

'મણિભાઈ સ્મૃતિ ફંડ સમિતિ'ની રચના

તા. ૩૧-૭-૧૯૫૨ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખસ્થાને મળેલી શોકસભામાં 'મણિભાઈ સ્મૃતિ ફંડ સમિતિ'ની નિમણૂંક કરવામાં આવી અને શ્રી તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી અને શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહને મંત્રીઓ તરીકે જવાબદારી સોંપવામાં આવી. આ સ્મૃતિ ફંડમાં રૂા. ૨૫,૦૦૦નો ધનરાશિ સંચય કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. તદ્નુસાર આ રકમ જૂન, ૧૯૫૪ સુધીમાં એકત્ર થતાં શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને અર્પણ કરવામાં આવી છે.

માનવીનું મોત એ રોજનો સાધારણ કાર્યક્રમ હતો. સિપાઇગિરિએ એમનામાંથી માનવમન ખેંચી લીધું હતું. પેટનો ત્રણ વેંતનો ખાડો પૂરવા માનવી કેવા કેવા અધર્મોને પણ ફરજ માની આચરે જાય છે? પૈસા ખાતર માયાવી રમકડું બની જાય. પોતે પણ જેઓને માલિક માને છે એ તેમના જેવો છે, એ ભાન ભૂલી જાય, ત્યારે ખરેખર પેટના પાપીપણાની તો હદ આવી ને?

સિપાઈઓએ ઓરડામાં ઘૂસી આવી દંપતીના આ ગાઢ આલિંગનને નિર્લજ્જતાની દૃષ્ટિએ નિરખ્યું ને બેજુને ખેંચ્યો. બેજુએ સોનાને બાથ છોડવા કહ્યું, પણ ન જ છૂટી. જાણે મડાગાંઠ!

સિપાઈઓએ એક આંચકે સોનાને ખેંચી લીધી, પણ એ સ્થિર ઊભી ન રહી શકી! જમીન પર તૂટી પડી. બેજુ જમીન પર એને પંપાળવા નીચો નમ્યો. પણ આશ્ચર્ય! સોનાનો દેહ ચેતન વગરનો હતો. એનું પ્રાણપંખી તો પતિ પહેલાં પ્રયાણ કરી ગયું હતું.

'ચાલો! તૈયાર છું.' ગુફામાંથી કોઈ કેસરી ઊભો થાય એમ એ ઊભો થયો ને આગળ ચાલ્યો. એની બે આંખોમાં અત્યારે આખી સૃષ્ટિનો સરવાળો થઈ જતો હતો.

ભાદરવાનું આંધી, ઉલ્કાપાત અને વાવંટોળથી ભરેલું મેઘાચ્છાદિત આકાશ ગંભીર પણ કેવું ભયંકર ભાસે છે? સો સો વર્ષોની યાતનાઓ ભોગવીને જાણે સદેહે ગળી જવા બેઠો હોય, એવા યોગીની આંખો કેવી દેખાય? જગતના સિતમનો, નીતિનાં નાટકોનો, આપખુદ રાજ્યોનો, માનવી માનવી તરફના ગેરવર્તનનો, અધર્મ ને અત્યાચારનો સંપૂર્ણ નકશો એની બે આંખોમાં અંકાઈ ગયો હતો.

('ભાગ્યવિધાતા', પૃષ્ઠ ૮૫-૮૬)

લેખકની પ્રસંગજમાવટની શક્તિ અહીં જોવા મળે છે. લેખકે બહેરામખાનના પાત્રમાં સખતાઈ અને ક્રૂરતા દર્શાવી છે, પણ એની સાથોસાથ એની મોગલ રાજ્ય તરફની વફાદારીનું પણ આલેખન કર્યું છે. એની ઊંચી ચારિત્રશીલતાનો ઉલ્લેખ કરવાનું પણ તેઓ ભૂલ્યા નથી. આ રીતે કોઈ પાત્રને પૂર્ણ રૂપે કુટિલ જ બતાવવાને બદલે એની સારી બાજુઓ પણ લેખક આલેખે છે.

'ભાગ્યવિધાતા'ની વાતની સાથોસાથ સત્તાની વ્યર્થતાનો વિચાર પણ લેખક આપે છે અને દર્શાવે છે કે એના પર યુધિષ્ઠિર જેવા પણ શોભી શક્યા નથી અને સત્તાને સર્વસ્વ માનનારાઓને મન આંસુ તો શું, કાળજાનું લોહી પણ કોડીની કિંમતનું નથી. આવી સત્તાને લેખક નિર્જન અરણ્યની ઉપમા આપે છે અને છટાદાર શૈલીમાં પોતાનો આ વિચાર પ્રગટ કરતાં લખે છે:

'નિર્જન વનવગડો! હા, હા, સત્તા જ્યારે સહરાનું રણ બની ધખધખી રહ્યું હોય, પ્રેમનો એક પણ અંકુર જ્યાં સજીવન ન હોય; ઈન્સાનિયતનું એક પણ વૃક્ષ જ્યાં જીવતું ન હોય, લાગણીનો એક પણ છોડ જ્યાં લહેરાતો ન હોય, એ સત્તાના અમાપ સીમાડાઓ વનવગડાથી અદકા નહીં, તો શું? સંહાર એ જ જેનું સામર્થ્ય હોય, નાશ એ જ જેનો જયનાદ હોય, જગતની નગ્નતા ઉપર જેનાં સિંહાસનો શોભતાં હોય, એ સત્તા નિર્જન અરણ્યની ઉપમા ન પામે? હજારોની આંસુ-સરિતાઓ પર જ્યાં બંસીઓ બજતી હોય, હજારોના હાડમાંસ બેચારના કીર્તિલોભ માટે ખડકાતાં હોય, જેના ઉત્સવોમાં ધાણી ફૂટે એમ ખોપરીઓ ફૂટતી હોય, ફુવારા છૂટે એમ લોહીની શેરો છૂટતી હોય, એ સત્તાની કેટલી કિંમત?'

('ભાગ્યવિધાતા', પૃષ્ઠ ૭૯-૮૦)

સર્જક જયભિખ્ખુ એમના મર્મસ્પર્શી સચોટ ગદ્યને માટે પ્રસિદ્ધ થયા. પ્રથમ નવલકથાનો ઉપરનો પરિચ્છેદ એની સાક્ષી પૂરે છે.

આમ મોગલ ઇતિહાસના એક કાળને આલેખતી આ નવલકથાના લેખન સમયે સર્જક 'જયભિખ્ખુ'એ એક બાબતનું ખાસ ધ્યાન રાખ્યું છે કે ક્યાંય એની ઐતિહાસિકતા નંદવાય નહીં. આથી જ એમણે પુસ્તકની પ્રસ્તાવના 'લેખકની વાત'માં નોંધ્યું છે કે, 'કલ્પનાના વ્યોમમાં વિહરતા ઇતિહાસની શૃંખલા તોડી નથી.'

આની પાછળ સર્જક 'જયભિખ્ખુ'નો ઇતિહાસ અને સાહિત્ય વિશેનો દૃષ્ટિકોણ પણ પ્રગટ થાય છે. તેઓ માનતા કે ઇતિહાસ દ્વારા પ્રજામાનસમાં વ્યક્તિની જે છબી ઉપસાવાઈ છે તેને ખંડિત કરવાનો સર્જકને અધિકાર નથી. પરિણામે એમણે સમર્થ નવલકથાકાર કનૈયાલાલ મુનશીએ એમની નવલત્રયીમાં કરેલા ઉદયનમંત્રી અને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના આલેખન પ્રત્યે અણગમો પ્રગટ કર્યો હતો.

પોતાનું આ પ્રથમ પુસ્તક અને એ પુસ્તક એમણે વરસોડા સ્ટેટના માજી રેવન્યૂ કારભારી એવા એમના પિતાશ્રી વીરચંદ હીમચંદ દેસાઈને અર્પણ કરતાં લખ્યું:

પૂજ્ય પિતાશ્રી!

જ્યાં આખુંય જીવનસર આપનું હોય, ત્યાં એકાદ નાનકડું પુષ્પ આપની સમક્ષ ધરું તો શી પૂજા થાય?

છતાં વગર રજાએ એ પુષ્પનું સમર્પણ કરવાની બાળકની ધૃષ્ટતાને માફ કરશો!

આપનો 'જયભિખ્ખુ'

સર્જક 'જયભિખ્ખુ'એ ઈ. સ. ૧૯૩૫માં પોતાની પ્રથમ નવલકથા 'ભાગ્યવિધાતા'નું સર્જન કર્યું. આ સર્જન સમયે એમને ઘણી ઉતાવળે લખવું પડ્યું હતું એવો ઉલ્લેખ પણ એમની પ્રસ્તાવનામાં મળે છે. ભવિષ્યમાં મોગલ યુગ વિશે 'વિક્રમાદિત્ય હેમુ', 'ભાગ્યનિર્માણ' અને ' દિલ્હીશ્વર' જેવી ત્રણ ત્રણ નવલકથાઓ સર્જનાર 'જયભિખ્ખુ'નું સાહિત્યક્ષેત્રે પદાર્પણ 'ભાગ્યવિધાતા'થી થયું. **(ક્રમશઃ)**

* * *

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫. મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૫)

અદ્યાપિ અનંતા જીવો મોક્ષમાં ગયા છે. જે જીવો મોક્ષમાં ગયા છે તેમણે આત્માની સાચી ચિંતા કરી છે, તેઓ કલ્યાણ પામ્યા છે. સામાન્ય માનવી પણ સન્માર્ગે ચાલી આત્મકલ્યાણ કરી શકે છે. સદ્‌ગુણોના માર્ગે ચાલવું સહેલું નથી, ખોટા માર્ગે ચાલવું સહેલું છે.

ખોટું કરનારે, ખોટું બોલનારે ઘણું યાદ રાખવું પડે. સાચું બોલનારે બહુ યાદ રાખવું ન પડે. મોક્ષમાં જવા માટે શું કરવું પડે? ભગવાને સાદી ભાષામાં જવાબ આપેલો, 'સત્ય નામની નદીના કિનારે ચાલે તે મોક્ષમાં જાય.' ભયંકર સંજોગોમાં પણ સાચું બોલવાનું ટાળવું જોઈએ નહીં.

સૌ સ્વાર્થમાં રાચે છે. તમારી પાસે કંઈક છે તો દુનિયાના લોકો તમારા બની જાય છે. 'કંઈક' છે તો સંબંધ છે. ગરીબ માના નાનકડા ઘરમાં પાંચ છોકરાં સમાય છે પરંતુ લાખોપતિ એવા પાંચ છોકરાના મોટા ઘરમાં એક માનો સમાવેશ થતો નથી!

દુ:ખી એવા કુમારપાળને એક વૃદ્ધા પોતાના ઘરમાં આશ્રય આપે છે. કુમારપાળ ભાગેડુ છે. પોતાની બધી વાત કહે છે. વૃદ્ધા કુમારપાળને ઘંટીના પડ પર બેસાડે છે! સૈનિકો આવીને કુમારપાળ વિશે પૂછે છે. વૃદ્ધા કહે છે: 'એ કૂવાના થાળા પર બેઠા છે!' સૈનિકો ચાલ્યા જાય છે. કુમારપાળ પૂછે છે કે 'આમ કેમ કહ્યું?' વૃદ્ધા કહે: 'મારે સાચું બોલવાની પ્રતિજ્ઞા છે. થાળાના બે પડ વચ્ચેનો ખાડો તે કૂવો. અને તમારું રક્ષણ કરવું તે મારો ધર્મ છે!'

પરમાર્થના પંથે પદાર્પણ કરો.

હેમચંદ્રાચાર્ય મહારાજે વિપુલ સાહિત્ય લખ્યું. એક લીંબું ઉછાળો ને હાથમાં આવે તેટલી વારમાં ૬ નવા શ્લોક બનાવે! પ્રત્યેક ગુજરાતી ભાષીના શિરે તેમનું ઋણ છે કેમકે સર્વ પ્રથમ ગુજરાતી ભાષાનું બંધારણ તેમણે નિર્માણ કર્યું હતું!

જીવનમાં સારા કામ કરે તેને જતી વખતે પ્રસન્નતા હોય! સારા કાર્ય કર્યા નહિ હોય તેણે યમરાજને વિનંતી કરવી પડે કે મારું આયુષ્ય થોડું વધારી આપો તો સારા કામ કરી લઉં! પણ એવું ક્યાંથી થાય?

(૬)

તમે અત્તરની દુકાન પાસેથી પસાર થાઓ છો ત્યારે કહેવું નથી પડતું કે મને સુગંધ આપ. બગીચા પાસેથી નીકળો છો ત્યારે કહેવું ન પડે કે મને સુગંધ આપ. જિનમંદિરમાં જાઓ અને પ્રભુની સન્મુખ હાથ જોડીને ઊભા રહો ત્યારે કહેવું ન પડે કે મારું કલ્યાણ કર.

પરમાત્માની પાસે જે જાય છે તેનું કલ્યાણ થાય છે. ભગવાન ખૂબ દયાળુ છે. તે સૌને પોતાના જેવા બનાવે છે.

ચાતુર્માસનો સમય સદ્‌ગુણો કેળવવા માટેનો છે.

પુણ્ય હશે તો જંગલમાં મંગલ થશે. એક માણસ એટલું પુણ્ય સાથે લઈને આવે છે કે ઈશારાથી કામ થઈ જાય છે. બીજાનું પુણ્ય એટલું ઓછું છે કે તેનું કશું કામ થતું નથી. વસ્તુપાળ રસ્તામાં જતા હોય છે ને પગમાં ઠેસ વાગે છે તો જમીનમાંથી ધનના ચરુ નીકળે છે. આનું નામ પુણ્ય. પાપનો પંથ છોડો, પુણ્યના માર્ગે ચાલો.

વિવેક જેવો કોઈ ધર્મ નથી. વિવેકના સંસ્કાર દૃઢ કરો. વિવેક છેક મોક્ષ સુધી કામ આવશે.

આ દુનિયાનું સૌથી મોટું આશ્ચર્ય કયું? મનુષ્યને જીભ સુલભ છે, વાણી સુલભ છે, શરીર સશક્ત છે અને છતાં તે ભગવાનનું સ્મરણ કરતો નથી. પાપ કરે છે અને નરકમાં ચાલ્યો જાય છે! આ દુનિયાનું આ સૌથી મોટું આશ્ચર્ય છે. **(ક્રમશ:)**

પ્રબુદ્ધ જીવન

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન'ની માલિકી અને તે અંગેની માહિતી.

૧. પ્રકાશન સ્થાન	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. કામચલાઉ સરનામુ : ૩૩, મહમ્મદી મીનાર, ૧૪મીખેતવાડી,મુંબઈ-૪૦૦ ૦૦૪.
૨. પ્રસિદ્ધિનો ક્રમ	: માસિક. દર મહિનાની ૧૬મી તારીખે
૩. મુદ્રકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
૪. પ્રકાશકનું નામ	: શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામુ:	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૫. તંત્રી	: શ્રી ધનવંત તિલકરાય શાહ
રાષ્ટ્રીયતા	: ભારતીય
સરનામું	: રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
૬. માલિકનું નામ અને સરનામુ	: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

હું ધનવંત તિલકરાય શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૧૧ □ **ધનવંત તિલકરાય શાહ**, તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

વાર્ષિક વૃત્તાંત–૨૦૦૯/૨૦૧૦

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેની ૮૧ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે. વીતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું દિગ્દર્શન કરાવતા અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટા ભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ સંક્ષેપમાં આપીએ છીએ.

પ્રબુદ્ધ જીવન :

ગાંધીજીની ભાવનાને અનુસરીને કશી પણ જાહેરખબર લીધા વિના છેલ્લા ૮૦ વર્ષથી સંઘનું માસિક મુખપત્ર **'પ્રબુદ્ધ જીવન'** નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો **'પ્રબુદ્ધ જીવન'**ને સારો સહયોગ સાંપડ્યો, જે માટે અમે તેમના આભારી છીએ. **'પ્રબુદ્ધ જીવન'**ના તંત્રી તરીકે ડૉ. ધનવંતભાઈ ટી. શાહ છેલ્લા પાંચ વર્ષથી માનદ્ સેવા આપી રહ્યા છે અને તેનું વ્યવસ્થિત રીતે સંચાલન કરે છે તે માટે અમે તેમના ઋણી છીએ. **'પ્રબુદ્ધ જીવન'**નું કલેવર એકદમ બદલી નાંખ્યું છે અને તેનું મુખપૃષ્ઠ રંગબેરંગી બનાવી દેવામાં આવ્યું છે. **'પ્રબુદ્ધ જીવન'**ના મુદ્રણકાર્ય માટે 'મુદ્રાંકન'ના શ્રી જવાહરભાઈના અમે આભારી છીએ. બે વર્ષથી **'પ્રબુદ્ધ જીવન'** મુદ્રણ માટે **સૌજન્યદાતાની પ્રથા** શરૂ કરી છે જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે જેનાથી સંઘ આર્થિક રીતે હળવાશ અનુભવે છે.

પ્રેમળ જ્યોતિ :

સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાળા પ્રેરિત 'પ્રેમળ જ્યોતિ' વિભાગ દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે, સંયોજકોતરીકે શ્રી નિરુબહેન શાહ અને શ્રી પુષ્પાબહેન પરીખ પ્રશસ્ય સેવા આપે છે તે માટે અમે તેમના આભારી છીએ.

સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :

સંઘ તરફથી જૈન ધર્મના પુસ્તકોના પ્રકાશન માટે સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પુસ્તક પ્રકાશન ફંડમાં રકમ આપવામાં આવી છે, જેમાં વખતો વખત ઉમેરો થતો રહ્યો છે. તે ભેટ રકમના વ્યાજમાંથી પુસ્તકોનું પ્રકાશન થાય છે.

શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :

સ્વ. જે એચ. મહેતાના પરિવાર તરફથી સંઘને કોરપસ ફંડ મળ્યું છે જેમાં વખતો વખત ઉમેરો થતો રહ્યો છે. તે કોરપસ ફંડના વ્યાજમાંથી કોઈ પણ નાત-જાતના ભેદ રેખા રાખ્યા વગર જરૂરિયાતવાળા પરિવારને અનાજ આપવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજકો તરીકે સર્વશ્રી ઉષાબહેન શાહ, રમાબહેન મહેતા અને પુષ્પાબહેન પરીખ પ્રશસ્ય સેવા આપી રહ્યાં છે.

શ્રી કિશોર ટિંબડિયા કેળવણી ફંડ :

સ્વ. કિશોર ટિંબડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને કોરપસ દાન મળ્યું છે તે ફંડના વ્યાજમાંથી કૉલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિષ્યવૃત્તિ કોઈ પણ નાત-જાતના ભેદભાવ વગર આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓના સંયોજકો તરીકે સર્વશ્રી રમાબહેન મહેતા, ઉષાબહેન શાહ અને વસુબહેન ભણશાલી માનદ સેવા આપી રહ્યા છે તે માટે એમના આભારી છીએ.

શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માબેંક :

સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવે છે. પરિવાર તરફથી કોરપસ ફંડ મળ્યું તેના વ્યાજમાંથી આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. તેના સંચાલક તરીકે શ્રી નિરુબહેન શાહ માનદ સેવા આપી રહ્યા છે માટે અમે તેમના આભારી છીએ.

ભક્તિ સંગીતના વર્ગો :

સંઘના ઉપક્રમે ભક્તિ સંગીતના વર્ગો સંઘના કાર્યાલયમાં ચલાવવામાં આવતાં હતાં પણ સંઘનું મકાન નવું થવાનું હોવાથી ભક્તિ સંગીતના સંયોજક શ્રી પુષ્પાબહેન પરીખના નિવાસસ્થાને છેલ્લા આઠ વરસથી તે ચલાવવામાં આવે છે. તે માટે અમે તેમના ખૂબ આભારી છીએ. શ્રી અંબાજીરાવ એકમ્બે તેમજ શ્રી રમેશભાઈ ભોજક અધ્યાપક તરીકે બહેનોને સારી તાલીમ આપે છે તે માટે તેમના આભારી છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા :

સંઘના ઉપક્રમે શનિવાર તા. ૪–૯–૨૦૧૦ થી રવિવાર તા. ૧૧–૯–૨૦૧૦ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી પાટકર હૉલ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબઈ ખાતે યોજવામાં આવી હતી. આ આઠ દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. ધનવંત ટી. શાહે શોભાવ્યું હતું. ગત વર્ષની માફક આ વર્ષે પણ ક્લોઝ સરકીટ ટી.વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો 'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૦ના અંકમાં પ્રગટ કરી હતી.

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલા ૪૫ મિનિટનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. પર્યુષણ પર્વ દરમિયાન સંઘ આર્થિક સહાય કરવાના ઉદ્દેશથી સંસ્થાની વરણી કરે છે. આ વર્ષે તે માટે

મા સરસ્વતી ચિત્રો : વાચકો, કલાકારોને વિનંતી

મા સરસ્વતી વિદ્યાની દેવી છે અને સર્વ ધર્મ માન્ય દેવી છે. આ દેવી માતાની આરાધના જે જે કરે છે એ જીવને અવશ્ય સાત્ત્વિક ફળની પ્રાપ્તિ થાય છે.

'પ્રબુદ્ધ જીવન' સર્વ ધર્મોને સન્માને છે. જૈન ધર્મનો વિશિષ્ટ અનેકાંતવાદ અને સ્યાદ્વાદ એના વિચાર પ્રવાહોમાં કેન્દ્ર સ્થાને છે, આ વિચાર-સિદ્ધાંત 'પ્રબુદ્ધ -જીવન'નો આત્મા છે.

છેલ્લા છ માસથી 'પ્ર.જી.'ના મુખપૃષ્ઠ ઉપર મા સરસ્વતીની વિવિધ મુદ્રામાં નયનરમ્ય છબી પ્રકાશિત થાય છે. વાચકોએ એ માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો છે, અમે એ સર્વેના ઋણી છીએ.

પરંતુ અમારો ખજાનો ક્યારેક તો ખૂટશે જ. એટલે અમે અમારા પ્રબુદ્ધ વાચકો અને કલાકારોને વિનંતિ કરીએ છીએ કે આપની પાસે મા સરસ્વતીની પ્રાચીન, અર્વાચીન, કે મોડર્ન આર્ટમાં કોઈ પણ મુદ્રતા પેઈન્ટીંગ કે છબિ હોય તો અમને એ વ્યવસ્થિત પેક કરી તુરત જ મોકલે.

એ ચિત્રો 'પ્ર.જી.'માં પ્રસિદ્ધ થતા અમે એ મહાનુભાવોનું સૌજન્ય ઋણ સ્વીકારીશું તેમજ યથાશક્તિ પુરસ્કૃત પણ કરીશું.

ધન્યવાદ.

–તંત્રી

સ્વરાજ આશ્રમ, વેડછી, જિ. તાપીની પસંદગી કરી છે. દાતાઓ તરફથી અપીલનો સારો પ્રતિસાદ મળ્યો હતો અને રૂા. ૨૮,૨૭,૩૪૩/- દાનની રકમ એકત્ર થઈ હતી. સંઘના ઈતિહાસમાં પહેલીવાર મોટી રકમ દાનમાં આવી. સંઘ તરફથી દાન અર્પણ કરવા અહીંથી ૩૦ સભ્યો, દાતાઓ તા. ૧૫-૧-૨૦૧૧ના રોજ વેડછી જઈ સ્વરાજ આશ્રમને આંગણે ચેક અર્પણ કર્યા.

પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના સહયોગથી યોજવામાં આવે છે. તેમના ટ્રસ્ટનો સંઘ આભાર માને છે. પ્રતિ વર્ષ વ્યાજની આવક કરતાં ખર્ચની રકમમાં ઘટ પડતા, આ વર્ષે પણ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી રૂા. ૬૦,૦૦૦/-નું અનુદાન પ્રાપ્ત થયું હતું.

'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડ :

'પ્રબુદ્ધ જીવન' નિધિ ફંડની શરૂઆત પાંચ વર્ષ પહેલા થઈ હતી. તેમાં દાતાઓ, પેટ્રન તેમજ આજીવન સભ્ય તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. આ વર્ષ સુધી રૂા. ૧૨,૮૯,૯૭૬/- જેવી માતબર રકમ જમા થઈ છે જેના વ્યાજમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના પ્રકાશનના ખર્ચમાં રાહત થઈ છે. સંઘનું લક્ષાંક રૂા. ૨૦/- લાખ રાખવામાં આવ્યું છે.

નોંધાયેલા પેટ્રન તેમજ આજીવન સભ્યો :

સંઘની આર્થિક સ્થિતિ ખૂબ જ કથળતી જાય છે. સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવે છે. પણ અપેક્ષા પ્રમાણે દાનની રકમ આવતી નથી તેથી છેલ્લા બે વરસથી પેટ્રન અને આજીવન સભ્યો જેઓ ખૂબ જ ઓછા દરે મેમ્બર થયાં છે તેમને વિનંતિ કરવામાં આવી કે તેઓ આજના દર અને જૂના દરનો તફાવત આપે તો તેટલી રકમની રાહત સંઘને થાય. તેના જવાબમાં ઘણા સભ્યો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. તા. ૩૧-૩-૨૦૧૦ સુધી તા. ૯,૫૦,૫૨૧/- જેવી માતબર રકમ લવાજમ તરીકે જમા થઈ છે.

મહાવીર કથા :

ભારતમાં પહેલીવાર કોઈ શ્રાવકના મુખે મહાવીર કથાનું આયોજન થયું હોય તો તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે કર્યું છે. આ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા મહાવીર કથાનું બે દિવસનું આયોજન માર્ચ ૨૦૧૦માં કર્યું. ડૉ. કુમારપાળે માનદ સેવા આપી એ માટે સંઘ એમનો આભાર માને છે.

પહેલી જ વાર મહાવીર કથાનું આયોજન થયું એટલે ખૂબ જ મોટી સંખ્યામાં શ્રોતાઓ હાજર રહ્યા હતાં. મહાવીરના જીવન વિષે ઘણાં બધાં જાણતાં હશે પણ જ્યારે ડૉ. કુમારપાળ દેસાઈએ મહાવીરના જીવન સાથે મહાવીર ચિંતન પોતાની પ્રભાવક વાણીમાં પ્રસ્તુત કર્યું ત્યારે શ્રોતાજનોને એમ લાગ્યું કે આપણે મહાવીર ભગવાન બાબત ઘણું ઓછું જાણતાં હતાં. આ બે દિવસના કાર્યક્રમની ડી.વી.ડી. સંઘે તૈયાર કરી હતી જેનો અનેક જિજ્ઞાસુઓએ પોતાના ઘેર બેઠા લાભ લીધો.

રસધારા ઑફિસ :

સંઘની ઑફિસ રસધારા કૉ. ઑ. હા. સોસાયટીના એ વીંગમાં છે. જેને તોડી નવું મકાન બનાવવા માટે સોસાયટી તરફથી પ્રયાસ કરવામાં આવે છે. ઘણી મિટીંગો થઈ છે. છેલ્લે એમ ઠરાવવામાં આવ્યું કે આપણા ખર્ચે મકાન બનાવવું. તે માટેના પ્રયત્નો ચાલુ છે. આપણે કુલ એકાદ કરોડ જેવી રકમનું રોકાણ કરવું પડશે.

ખેતવાડી ઑફિસ :

સંઘ છેલ્લા ૯ વર્ષથી શ્રી મનિષભાઈ દોશીની જગ્યા ૧૪મી ખેતવાડીમાં આવેલી છે તે સંઘ વાપરે છે. શ્રી મનિષભાઈ દોશીએ સ્વેચ્છાએ જગ્યા વાપરવા આપી છે. જેનું ભાડું પણ તેઓ પોતે જ ચુકવે છે. સંઘ એમનો ખૂબ આભાર માને છે.

વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની છ સભા મળી હતી. કારોબારી સમિતિના સર્વે સભ્યો ખૂબ જ રસપૂર્વક સભામાં હાજર રહી સહકાર આપે છે જેનો અમને ઘણો જ આનંદ છે.

સંઘની વેબ સાઈટ :

સંઘની વેબ સાઈટનું માનદ સંપાદન શ્રી હિતેષ માયાણી ખૂબ જ શ્રમ અને કાળજીપૂર્વક કરે છે. સંઘ એ માટે સંપાદકશ્રીનો આભાર માને છે.

સંઘને વિવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તેમજ કાર્યવાહક સમિતિના સભ્યોએ જે સાથ સહકાર આપ્યો છે તે માટે સંઘ તરફથી તેમનો આભાર માનવામાં આવે છે.

સંઘના હિસાબો ચિવટપૂર્વક જોઈ તપાસી આપવા માટે શ્રી અરવિંદભાઈ શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અમે આભારી છીએ.

સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓ આનંદથી પાર પાડે છે. તેમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો ઉમંગભર્યો સહકાર સંઘને હંમેશાં સૌ તરફથી મળતો રહેશે અને સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

નિરુબહેન સુબોધભાઈ શાહ
ધનવંતરાય તિલકરાય શાહ
માનદ મંત્રીઓ

મહાવીર કથા
ડી. વી. ડી

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે. આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે. શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટથી મળશે.** બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું. અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે. ફોન નં.: 0022-23820296 – 022-2056428.

–પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

પુસ્તકનું નામ : **પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ**
સંગ્રાહક : **શ્રીમદ્ આચાર્યશ્રી વિજય કેશર-સૂરીશ્વરજી મહારાજ સાહેબ**
પ્રકાશક : **હરસુખભાઈ ભાયચંદ મહેતા**
૨૦૩, વાલકેશ્વર રોડ, 'પેનોરમા' છઠ્ઠે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૬. મૂલ્ય : અમૂલ્ય.
પાના : ૮૪. આવૃત્તિ : ચોથી. વિ. સં. ૨૦૩૪

ધર્મપરાયણ વાત્સલ્યમૂર્તિ પૂ. વડીલ હરિમાના સ્મરણાર્થે ભાઈ હરસુખભાઈ મહેતાએ આ પુસ્તકનું પ્રકાશન કરેલ છે. અંધકારમાં અટવાયેલા જીવોને પ્રકાશને પંથે દોરનાર આ પુસ્તક પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય કેશરસૂરીશ્વરજી મહારાજ સાહેબના આધ્યાત્મિક જીવનનું આત્મજ્ઞાન કરાવનાર છે.

આ પુસ્તક વાચકને કર્મની સત્તા તોડવાનું જ્ઞાન આપે છે. સુખશાંતિ અને પરમાત્માનું સ્મરણ કરવું તે આ ગ્રંથનો વિષય છે. કર્મબંધનથી છૂટી આત્માને સંપૂર્ણપણે મુક્ત કરવો અને જૈન ધર્મનું હાર્દ સમજવું, કયા માર્ગે કર્મબંધનો છૂટે વગેરેનું સુંદર, સચોટ વર્ણન ઉપદેશરૂપે નિરૂપ્યું છે. અજ્ઞાનમાં અટવાતા જીવોને સાધનાના પથ પર લાવે એવા આ પુસ્તકનું વાંચન અને મનન જીવનને સાર્થક કરી આનંદમય બનાવે તેવું છે.

જ્ઞાનનો પ્રકાશ પાથરનાર આ ગ્રંથ સૌના જીવનમાં જ્ઞાન પાથરે તેવું છે.

x x x

પુસ્તકનું નામ : **સમીક્ષા કેનવાસે**
લેખક : **લવકુમાર મ. દેસાઈ**
પ્રકાશન : **લવકુમાર મ. દેસાઈ**
૨, શ્રીજીબાગ સોસાયટી, જૈન દેરાસરની બાજુમાં, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧.
ફોન : (૦૨૬૫) ૨૬૫૫૫૬૬૮ (રહેઠાણ)
મોબાઈલ : ૯૯૨૫૨૦૬૧૧૩.
મૂલ્ય : રૂા. ૧૨૦. પાના : ૧૮૦.
આવૃત્તિ : પ્રથમ, ફેબ્રુઆરી,૨૦૦૯.

પ્રાધ્યાપક લવકુમાર મ. દેસાઈએ અધ્યાપન નિમિત્ત કેટલાંક પુસ્તકોના અવલોકનો અથવા સમીક્ષા કર્યા છે. આ તેમનો શોખ છે. ગુજરાતી સાહિત્યના લગભગ ઘણાં બધાં સ્વરૂપોના પુસ્તકોમાં નવલકથા, નાટક, એકાંકી, રેડિયો નાટક, ટૂંકી વાર્તા, પ્રવાસવર્ણન, આત્મકથા, જીવનચરિત્ર, વિવેચન, કવિતા વગેરેને સમીક્ષા માટે લેખકે આવરી લીધાં છે. મોટા ભાગના લેખો પરબ, શબ્દસૃષ્ટિ, પ્રત્યક્ષ, ઉદ્દેશ, તાદૃશ્ય, સ્વાધ્યાય વગેરે સામયિકોમાં પ્રગટ થઈ ચૂક્યા છે. ૧૮૦ પાનામાં લખાયેલા ૨૪ લેખોમાં લેખકની વિવેચન શક્તિની સૂઝબૂઝ નજરે પડે છે તો સરળ શબ્દો

સર્જન-સ્વાગત

□ ડૉ. કલા શાહ

દ્વારા વાચકને વિવેચન વાંચવા માટે વશમાં કરી લે છે. દા. ત. ૨૦ લેખનો પ્રારંભ જૂઓ : (સુમન અજમેરી - 'અંતરના ઓજસ')

'ધરતીના પેટાળમાં એકત્ર થયેલો લાવા રસ બાહ્ય પડને અચાનક ભેદી તોડી વિશીર્ણ કરી જ્વાળામુખી રૂપે પ્રગટે તેમ કવિ સુમન અજમેરીનો કાવ્યસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે'

દરેક લેખના શીર્ષકો લેખના વિષયને અને હાર્દને પ્રગટ કરે છે. ગુજરાતી સાહિત્યના વિવેચન સાહિત્યમાં નોંધપાત્ર પુસ્તક ગણી શકાય.

x x x

પુસ્તકનું નામ : **સંવેદનાનું સપ્તક (રેડિયો નાટક)**
લેખક : **લવકુમાર દેસાઈ**
પ્રકાશન : **હંમેશ મનહર મોદી**
રન્નાદે પ્રકાશન, જૈન દેરાસરની સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૧૦૦૮૧, ૨૨૧૧૦૦૬૪.
મૂલ્ય : રૂા. ૧૩૦. પાના : ૨૨૦.
આવૃત્તિ : પ્રથમ, ૨૦૦૯.

ગુજરાતી ભાષામાં રેડિયો નાટક બહુ લખાયા છે. લવકુમાર મ. દેસાઈને પોતાને નાટ્યક્ષેત્રે વિશેષ રસ હોવાથી રેડિયો પ્લે, ટી.વી. પ્લેના લેખક તરીકે તથા અભિનય અને નાટ્ય વિવેચન કરવાનો અભિગમ કેળવાયો. લેખકની વિશેષતા એ છે કે તેમની કૃતિના શીર્ષકો વિષયવસ્તુને પ્રગટ કરી દે છે. પુસ્તકનું નામ 'સંવેદનાનું સપ્તક' રાખ્યું છે કારણ કે આ પુસ્તકના દસે નાટકોમાં માનવમનની અંધારી ગલીમાં ફરવાનો અને તેની સંવેદનાઓને કલાત્મક રીતે પ્રગટ કરવાનો ઉપક્રમ છે. માનવમનની ઉજળી ને કાળી બંને પ્રકારની લીલાઓને શબ્દસ્થ કરી છે. નાટકના પાત્રો જીવનમાં રોજબરોજ જ્યાં ત્યાં ભટકતા પાત્રોની સંવેદનાઓને પ્રગટ કરે છે. નાટ્યરસિયાઓ, નાટક પ્રેમીઓને સ્પર્શી જાય તેવા આ નાટકો (રેડિયો)નો આસ્વાદ લેવો જરૂરી છે.

x x x

પુસ્તકનું નામ : **જીવનગંગા**
લેખક : મનસુખલાલ ઉપાધ્યાય ('પ્રવીણ')
પ્રકાશક : **નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ (પ્રિન્સેસ સ્ટ્રીટ), મુંબઈ૪૦૦ ૦૦૨.
મૂલ્ય :રૂા. ૧૫૦. પાના : ૧૯૯.
આવૃત્તિ : પ્રથમ, ઑક્ટોબર,૨૦૦૯.

'જીવનગંગા' પુસ્તકમાં સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે તથા લોકકલ્યાણના ક્ષેત્રે સતત સેવા આપનાર ખમીરવંતા લેખક મનસુખભાઈની કલમે આત્માનો આનંદ કેળવવા ૧૩૮ નાની નાની કહાનીઓ અથવા તો પ્રસંગોનું આલેખન કર્યું છે જેમાં અનેકવિધ વ્યક્તિઓની નાની નાની વાતો દ્વારા જીવતરની કેડીમાં પ્રેરણાનું બળ મળે છે.

લેખક પોતે કહે છે : 'ગંગા વહે છે એમાં વહેતા પાણીમાં શુદ્ધિનું પ્રમાણ જળવાયેલું રહે છે એવી જ રીતે સૌના જીવનમાં એક યા બીજી રીતે ઘટનાઓ આકાર લેતી હોય છે. સમગ્ર વિશ્વના સાહિત્યમાંથી ભારતીય સંત-મહંત-જ્ઞાની પુરુષોની તથા જીવનમાં જેમણે દુ:ખોને ગણકાર્યા વગર પરોપકારનો મંડપ સજાવી રાખ્યો હતો, જેમણે આત્માનું અણમોલ સંગીત સાંભળ્યું હતું, જેમણે પળેપળને પાવન સમજી આયુષ્યના ઓરસિયે સતત શ્રમના ચંદન ઘસીને પરને માટે પરુષાર્થ કર્યો હતો એવી વ્યક્તિઓના જીવતરનો આમાં સમાવેશ કર્યો છે.'

જીવતરને ઉજળું બનાવવા, સંસ્કારનું ઘડતર કરવા અને અનેક મુસીબતોમાં પણ કર્તવ્ય પ્રત્યે નિષ્ઠા રાખી જીવનને ગતિશીલ બનાવવા આ પુસ્તક પ્રેરણા આપે તેવું છે. વાંચવા અને વસાવવા જેવું આ પુસ્તક ખરીદવું જરૂરી છે.

સર્જન સ્વીકાર નોંધ

(૧) પુસ્તકનું નામ :
વેદો અને વેદાંગોનો સંક્ષિપ્ત પરિચય
સંપાદક : નર્મદાશંકર શાસ્ત્રી-૦૨૫૦-૬૫૨૩૫૨૪
પ્રકાશક : **શ્રીમતી પ્રજ્ઞાબેન ડી. જાની**
બી/૩૦૪, શ્રીપાલ કાઉન પ્લોટ નં. ૧૯-૨૦, વિરાટનગર, વિરાર (પશ્ચિમ), જિલ્લો થાણા, મહારાષ્ટ્ર. પીન-૪૦૧૩૦૩. ફોન : ૦૨૫૦-૨૫૦૨૦૮૭. મૂલ્ય : રૂા. ૨૦૦, પોસ્ટેજ જુદું, પાના-૨૨૪. આવૃત્તિ : પ્રથમ,૨૦૧૦.

x x x

(૧) પુસ્તકનું નામ : **સ્વરવૈદિક વ્યાકરણ પરિચય-છન્દો અને વિકૃતિઓ સાથે ગુજરાતી ભાષાંતર**
સંપાદક : **નર્મદાશંકર શાસ્ત્રી**
પ્રકાશક : **શ્રીમતી પ્રજ્ઞાબેન ડી. જાની**
બી/૩૦૪, શ્રીપાલ કાઉન પ્લોટ નં. ૧૯-૨૦.
મૂલ્ય : રૂા. ૨૦૦/-, પોસ્ટેજ જુદું પાના-૨૨૪.
આવૃત્તિ : પ્રથમ-૨૦૧૦.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

'મોમાયા બાપા'

□ ગાંગજી શેઠિયા

[લેખક આ સંસ્થા તેમજ અનેક સામાજિક સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર અને પ્રતિષ્ઠિત લાઠિંગ કલબના પ્રમુખ છે. વાચન અને અનુભવસમૃદ્ધ લેખક અહીં પ્રેરણાત્મક પ્રસંગચિત્ર પોતાના જ જીવનસાહિત્યમાંથી હૃદયસ્પર્શી વાણીએ પ્રસ્તુત કરે છે.]

૧૯૬૧-૬૨માં કેમ્પસ કોર્નરની સરક્યુલેટીંગ લાયબ્રેરી 'કમલ બુક હાઉસ'માં પાર્ટટાઈમ હું તથા બુદ્ધિચંદ મારું કામ કરતા. પાછળથી વર્કિંગ પાર્ટનરશીપ મળી.

લાયબ્રેરીમાં અંગ્રેજી બુકો, કોમિક્સ, વિશ્વ-પ્રસિદ્ધ સામયિકો, બેસ્ટ સેલર બુકો ગ્રાહકોને ભાડે આપતા.

ગ્રાહકોમાં ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગગૃહોના પરિવારો જેવાં કે ટાટા, બિરલા, બજાજ, મફતલાલ, ઠાકરશી, પોદાર, રૂઈયા, વાલચંદ, કાસલીવાલ, કામાણી, વાડીયા જેવાં અનેક પ્રતિષ્ઠિત નાગરિકો હતાં. દરેક પરિવારને જોઈતી બુકોયસામયિકોનો અમે ખૂબ અંગત કાળજી લઈ ધ્યાન રાખતા. એમને બેસ્ટ સેલર બુકો રેકમેન્ડ પણ કરતા.

કરી રોડની ગોરાગાંધી ચાલની સીંગલ રૂમમાં અમે રહેતાં. રાત્રે પથારી લઈ ચાલીમાં સૂઈ જતાં. સાહિત્ય, સંગીત, સિનેમા અને અન્ય લલિત કલાઓનો શોખ મને તથા બુદ્ધિચંદને સરખો. અમારી મૈત્રી ખૂબ જામી. ૧૯૬૨માં પોતાનો સ્વતંત્ર બિઝનેસ શરૂ કરવાનો વિચાર આવ્યો.

અમારા બંનેની બચત હતી રૂા. ૩૦૦૦ ફક્ત. છતાં મક્કમ મનોબળ ને સંપર્કો ખૂબ સારા હતા. અમને ખાતરી જ નહીં પરંતુ અટલ વિશ્વાસ હતો કે 'હમ હોંગે કામિયાબ...એક દિન।'

મલબાર હિલ એરિયામાં કોઈ દુકાન ચલાવવા મળે તો ધંધો શરૂ કરવાનો વિચાર હતો.

લગભગ ૭ દિવસ વોર્ડન રોડ, પેડર રોડ, નેપિયન્સી રોડ, અલ્ટા માઉંટ રોડમાં ખૂબ ફર્યાં. રોજ સાંજે થાકી-પાકીને નિરાશ થઈ ઘરે આવતાં. મારા સ્વ. માતાજી ભાણબાઈ અમને હિંમત આપતા. અઠવાડિયા સુધી પતો ન ખાતાં એમણે કહ્યું, 'તમારી મનગમતી એકાદ ચીજ છોડવાની બાધા લો તો ધર્મ-પ્રતાપે સારાં વાનાં થશે. અમને બન્નેને ધુમ્રપાનની કુટેવ હતી. દુકાન ચલાવવા મળે તો એ કુટેવ છોડવાની તૈયારી કરી, ઘરેથી દહીં ખાઈ અમે વોર્ડન રોડ ઉપર દુકાન જોવા નીકળ્યા. બમનજી પેટીટ રોડના જંક્શન ઉપર ચિનાઈ મેન્શન સામે રહેતા અમારા એક ગ્રાહક મિ. ધરમશી મળ્યા. તેમણે અમને ઉમર પાર્ક (વોર્ડન રોડ-નેપિયન્સી રોડ જંક્શન)માં આવેલ મિ. હબીબ જે. તકીની દુકાન બતાવી. ખટાઉ મેન્શનમાં એ દુકાનની પાછળ સ્વ. મફતકાકા સહ પરિવાર રહેતા હતા. સ્વ. કાકા સાથે ૪૦ વર્ષ ખૂબ ગાઢ મૈત્રી સંબંધ મારે રહ્યો હતો. દુકાન ગમી જતાં અમે હબીબભાઈને મળ્યા. કચ્છી મુસલમાન મિ. હબીબ તકી કહે મારે તો રૂા. ૧૫,૦૦૦માં દુકાન આઉટરાઈટ વેચવી છે.

અમે એમને કહ્યું અમે ખૂબ મહેનતુ કચ્છી યુવાનો છીએ. અમારું ભવિષ્ય સુધારવા હમણાં તો ફક્ત ચલાવવા માટે દુકાન આપો. અમારી વાતો, જુસ્સો અને કચ્છી હોવાને નાતે એમણે રૂા. ૫,૦૦૦ ડિપોઝીટ, મહિને રૂા. ૪૫૦ ભાડું જણાવ્યું. ૫ વર્ષનો કોન્ટ્રાક્ટ કરવાની તૈયારી બતાવી. અમે પણ જીગરથી તરત જ હા પાડી દીધી.

સ્વ. પિતાજીના જૂના ભાગીદાર કચ્છ રાયણના શ્રી મીઠુભાઈ ટોકરશીએ ડિપોઝીટ માટે રૂા. ૫,૦૦૦ લોન અમને આપી.

ખટાઉ મેન્શનની દુકાનમાં આગલા દુકાનદાર મિ. કુડવાનું બધું જ ફર્નિચર સેટ હતું. પીપરમેંટના ખાલી ડબ્બાઓ પડ્યા હતા. મિ. કુડવાએ ડબલ ગાળાની 'વેરાયટી સ્ટોર્સ' ચીનાઈ મેન્શનમાં મળી જતાં બાજુની આ દુકાન પાછી આપી હતી.

અમે મુંબઈની ઘણી લાયબ્રેરીઓમાંથી સારી સારી સેકંડ-હેન્ડ બુકો, બેસ્ટ સેલરો ભેગી કરી, થોડીક નવી બુકો ઈન્ડિયા બુક હાઉસ, હેપી બુક સ્ટોલ જેવા હોલસેલરો પાસેથી ખરીદી, લેટેસ્ટ સામયિકો ખરીદી પીપરમેંટના ડબ્બાની આગળ ગોઠવી દુકાનને તૈયાર કરી હતી. લગભગ રૂા. ૩૦૦ બચેલા. એમાંથી પેઈન્ટર પાસેથી બોર્ડ ચીતરાવ્યું તથા ડિસ્ટેમ્પરનો ડબ્બો ને બ્રશ ખરીદી જાતે દુકાનને રંગી.

દુકાન દિવાળીમાં ખોલવી એમ નક્કી કર્યું. હજી ૧૫-૨૦ દિવસ હાથમાં હતા. ૩૦૦ V.I.P. ગ્રાહકોનાં દરેકને ઘરે જઈ પગે લાગી આશીર્વાદ મેળવીને દિવાળીનાં અમારી નવી લાયબ્રેરીમાં પધારવાનું આમંત્રણ આપી આવ્યા. ઈન્વિટેશન બાય માઉથ ફક્ત. છતાં ઓપનિંગના દિવસે જ લગભગ ૧૨૫ ખાતાં ખૂલ્યાં. અમારી લાયબ્રેરીની ડિપોઝીટ ફક્ત રૂા. ૫ હતી, છતાં ઘણાં પ્રેમી ગ્રાહકોએ ૫૦/૧૦૦ પણ બોણીમાં જમા કરાવેલ. છતાં પૈસાની ખૂબ જ તંગી રહેતી.

ગોવાલીયા ટેંક પર કચ્છ નાની તુંબડીના શ્રી મોમાયા ટોકરશી રહેતા. એમના પત્ની મારા ગામ ભૂજપુરના હતા. એમની એકમાત્ર દીકરી ડૉ. જ્યોત્સનાબેન ગાંધીયન સિદ્ધાંતોને વરેલા, ખાદીધારી, સેવાભાવી કાલાચોકીમાં દવાખાનું ચલાવતાં. ગરીબોને માટે ડૉ. જ્યોત્સનાબેને ભેખ લીધો હતો. એમના ઘરે અમે કમલ બુક હાઉસમાં હતા ત્યારે અવારનવાર અમારો મેળાવો જામતો. અલ્ટા માઉંટ રોડથી બાઈક ઉપર સ્વ. ગિરીશ ગાલા (પૃથ્વી એપાર્ટમેન્ટ બાંધનાર) પણ આવતાં. અમારો મેળાવો ખૂબ જામતો.

મોમાયા બાપાના ઘરે જઈએ ત્યારે એ વયોવૃદ્ધ વ્યક્તિ, રદ્દી છાપાં, લાઈ ને બ્રશનો ઉપયોગ કરી કાગળની થેલીઓ બનાવતાં રહેતાં. અમે પૂછીએ, બાબા આટલા સુખી છો, દીકરી ડૉક્ટર છે છતાં આવું કામ હંમેશાં કેમ કરો છો? એમનો જવાબ હૃદયસ્પર્શી હતો. કહેતા નિવૃત્તિમાં પ્રવૃત્તિ રહે, મન અહીં-તહીં ભટકે નહીં અને બે પૈસા સારા કામમાં વાપરવા પણ મળે.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૮)

પંથે પંથે પાથેય...

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

ભગવાન મહાવીર જન્મ-કલ્યાણક દિન વિશેષાંક

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૪ • એપ્રિલ ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

વર્ધમાનનો જન્મદિવસ ઉજવતા માતાપિતા

વર્ધમાનને ચાલવાની તાલીમ આપતા માતા ત્રિશલા

જિન-વચન

હિંસા ન કરવી જોઈએ

सव्वाहि अणुजुत्तीहि मतिमं पडिलेहिया ।
सव्वे अक्कंतदुक्खा य अतो सव्वे न हिंसया ।।

સૂત્રકૃતાંગ ૧-૧૧-૯

પ્રજ્ઞાશીલ મનુષ્યે સર્વ પ્રકારની યુક્તિઓથી વિચાર કરીને તથા સર્વ પ્રાણીઓને દુ:ખ ગમતું નથી એ જાણીને કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી જોઈએ.

A wise man, considering all points of views and knowing that nobody likes unhappiness, consequently should stop killing any living being.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯થી૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી
+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

વ્યવહારધર્મથી ભ્રષ્ટ થવા વિષે એક સંન્યાસીનું દૃષ્ટાંત

એક સંન્યાસી અદ્વૈતવાદના જ્ઞાનની ધૂનમાં ખૂબ ચડી ગયો. તેને એક ભક્તે જમવાનું નોતરું દીધું. પેલા સંન્યાસીના પગ કાદવથી બગડેલા હતા, તેથી ગૃહસ્થ ભક્તે કહ્યું કે સંન્યાસી મહારાજ! લોટો લઈને તમારા પગ ધુઓ. સંન્યાસીએ કહ્યું, જ્ઞાનગંગામાં મારા પગ ધોઈ લીધા છે. ગૃહસ્થ સમજી ગયો કે સંન્યાસી બિલકુલ આચારથી દૂર થયા છે, તેથી તેણે સંન્યાસીને બોધ દેવા માટે તે સંન્યાસીને અનેક પ્રકારનું મિષ્ટાન્ન જમાડ્યા બાદ ખૂબ ભજીયા ખવરાવ્યાં અને તેને એક કોટડીમાં સુવાડી બહારથી તાળું માર્યું. સંન્યાસી કેટલોક વખત થયો એટલે જાગ્રત થયો અને તેણે કમાંડ ઉઘાડવા પ્રયત્ન કર્યો પણ કમાડ ઉઘડ્યું નહિ. તૃષાથી તેનો જીવ ખૂબ આકુળવ્યાકુળ થયો ત્યારે ગૃહસ્થે કહ્યું કે કેમ સંન્યાસી મહારાજ! બૂમ પાડો છો? સંન્યાસીએ કહ્યું કે મારો જીવ જળ વિના ચાલ્યો જાય છે. ગૃહસ્થે કહ્યું કે પેલા જ્ઞાનગંગામાંથી જળ પી શાંત થાઓ! સંન્યાસીએ કહ્યું કે એ કેમ બને? ત્યારે ગૃહસ્થે કહ્યું કે કાદવ વગેરેને જ્યારે જ્ઞાનગંગામાં ધોઈ નાખ્યો ત્યારે પાણી પણ જ્ઞાનગંગામાંથી કેમ નથી પીતા? ગૃહસ્થના આવા યુક્તિભર્યા ઉપદેશથી સંન્યાસીનું મન ઠેકાણે આવ્યું. આ દૃષ્ટાંતનો સાર એટલો છે કે કદી શુષ્ક અધ્યાત્મજ્ઞાની બનવું નહિ, તેમ જ શુષ્ક ક્રિયાવાદી પણ બનવું નહિ. એટલું તો કથવું આવશ્યક છે કે ક્રિયાઓના જ્ઞાનનો ખપ વિના કેટલાક મનુષ્યોએ ક્રિયા પ્રતિ પ્રવૃત્તિ કરી હોય છે; પણ નીતિના સદ્‌ગુણો તેમ જ ઉત્તમ આચારોની ખામીને લીધે તેઓની ક્રિયાઓ દેખીને કેટલાક સંદિગ્ધ મનુષ્યો ક્રિયામાર્ગના વ્યવહારથી પરાઙ્મુખ થાય છે. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરીને ધાર્મિક ક્રિયાઓનું રહસ્ય સમજતાં ક્રિયાઓની અધિકારી ભેદે ઉત્તમતા સંબંધી કંઈ પણ શંકા રહેતી નથી. અધ્યાત્મજ્ઞાનથી સ્થૂળ અને સૂક્ષ્મ ભૂમિકામાં અર્થાત્ અંતરમાં અને બહારમાં ઉત્તમ પ્રેમથી ધર્મપ્રવૃત્તિ કરી શકાય છે. અધ્યાત્મજ્ઞાનમાં સર્વ પ્રકારની શ્રેષ્ઠતા જાણીને સર્વ જ્ઞાનીઓએ તેને પ્રથમ નંબરમાં ગણ્યું છે. અનેક પ્રકારનાં અધ્યાત્મશાસ્ત્રોનો અભ્યાસ કરીને આત્માને અવબોધવો તેજ જગતમાં મુખ્ય કર્તવ્ય છે.

☐ આચાર્ય બુદ્ધિસાગર સૂરીશ્વરજી

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	વાણી	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	મહાવીર-વાણી	-	૭
(૩)	જૈનોનું અર્થશાસ્ત્ર : જગતમાં જૈનો કેમ જલ્દી સમૃદ્ધ થાય છે?	કાંતિ ભટ્ટ	૧૪
(૪)	ભગવાન મહાવીર તથા મહાત્મા ગાંધી	કામતાપ્રસાદ જૈન(હિંદી) અનુવાદક : પુષ્પાબેન પરીખ	૧૭
(૫)	આગમ....આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ	ગુણવંત બરવાળિયા	૧૯
(૬)	જૈન સાહિત્યનો રસાસ્વાદ પરિસંવાદ	ડૉ. ધનવંતીબેન મોદી, શ્રીમતી હર્ષાબેન લાઠિયા	
		ડૉ. કેતકી શાહ	૨૩
(૭)	ક્રોધ અને હું	ડૉ. રણજિત પટેલ 'અનામી'	૨૪
(૮)	જયભિખ્ખુ જીવનધારા : ૨૭	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૬
(૯)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૩૦
(૧૦)	જૈન સાહિત્યમાં રસ નિરૂપણ	ડૉ. કવિન શાહ	૩૧
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૩
(૧૩)	પંથે પંથે પાથેય : સુખદુ:ખ મનમાં ન આણીએ	શાંતિલાલ ગઢિયા	૩૪

મુખપૃષ્ઠ અને અન્ય ચિત્રો સૌજન્ય :
પ. પૂ. આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરિજીકૃત ગ્રંથ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર
ચિત્રકાર શ્રી ગોકુલદાસ કાપડિયા

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૪ ● એપ્રિલ ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● ચૈત્ર સુદ-તિથિ-૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

વાણી

क्षायन्ते खलु भूषणानि सततं वाङभूषणं भूषणम्
અન્ય પાર્થિવ આભૂષણો સતત ઘસાતા રહે છે પરંતુ ક્યારેય ન ઘસાય એવું સાચું આભૂષણ તો વાણી જ છે.

જે વાણીમાં પાણી એ વાણી જગતે વખાણી, એ વાણી જ વિશ્વના અણુ અણુમાં પ્રસરી અને એ વાણી જ બની જગત્ ઉદ્ધારિણી.

વાણી અક્ષરલિપિ રૂપે પ્રગટ થઈ અને જન્મ્યો શબ્દ. શબ્દના ઉચ્ચારને નાદ છે, ધ્વનિ છે, ધ્વનિને તરંગો છે. આ શબ્દ બ્રહ્મ છે, એમાંથી ગૂંજતો ધ્વનિ સાશ્વત છે, અ-મૃત છે, એવી વાણી મહાન આત્મામાંથી ઊગ્યા પછી, વહ્યા પછી, વહેતી જ રહે છે, જગત કલ્યાણ માટે. આજે પણ એ તરંગો જીવિત છે, એ અરૂપ છે એટલે આપણા માટે એ દૃશ્યમાન નથી.

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી હેમલતાબેન લાઠિયા પરિવાર

સ્મૃતિ : સ્વ. શ્રી શિવુભાઈ વસનજી લાઠિયા

આવી શુભ વાણી તપસ્વી વાલ્મિકી, પુરુષોત્તમ રામ, મહર્ષિ વ્યાસ, ભગવાન કૃષ્ણ, ઈશુ, પયગંબર, સોક્રેટિસ, તીર્થંકર મહાવીર અને ભગવાન બુદ્ધે અને અનેક મહાન આત્માના અંતરમાંથી વહી. એ આજે ય અનુભવાય છે અને રાહબર છે, એટલે જ વિશ્વ આજે પ્રગતિને પંથે છે.

આજે મહાવીર જન્મ કલ્યાણકનો પાવન દિવસ છે. આજથી ૨૬૧૦ વર્ષ પહેલાં, ઈ. સ. પૂર્વે ૫૯૯માં ભારત ભૂમિ પર એક આત્મા પ્રગટ થયો, નામ વર્ધમાન અને ત્યારના ૭૨ વર્ષ પછી ઈ. સ. પૂર્વે ૫૨૭માં એ આત્મા મહાવીર નામ ધારીને કેવળજ્ઞાન પામીને નિર્વાણ પામી મોક્ષગામી બન્યો. ત્રીસ વર્ષની ઉંમરે સર્વ સંમતિથી સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈને સાડા બાર વર્ષ કષ્ટભર્યા તપ કરી, આત્મદર્શન પામી એ તીર્થંકર ભગવાને અમૂલ્ય અનુભવ વાણી વહાવી. એ વાણીથી ધરતી ધન્ય બની ગઈ. આજે પણ આ ધરતી એ ધન્યતાનો પળે પળે અનુભવ કરી રહી છે.

એ વાણી તે 'આગમ' વાણી. ત્યારે સંસ્કૃત વાણીની સર્વત્ર બોલબાલા હતી. પરંતુ મહાવીરને તો જન હૃદય સુધી પહોંચવું હતું એટલે એમણે એ જ્ઞાન વાણી અર્ધમાગધી-પ્રાકૃત ભાષામાં વહાવી. શિષ્યોએ એ શ્રૂતજ્ઞાન ઝીલ્યું અને આ વાણીની કંઠ યાત્રાનો પ્રારંભ થયો. મહાવીરના અનુયાયીઓ શ્રુત ઉપાસક બન્યા અને એ શ્રુતજ્ઞાનની ગંગા વહી. કાળે થતા પરિવર્તનને કારણે આ શ્રુત ઉપાસકો વેરવિખેર થઈ ગયા, પરિણામે આ આગમોનું પઠન-પાઠન અવ્યવસ્થિત થઈ ગયું. આ શ્રુતજ્ઞાન વ્યવસ્થિત કરવા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુ સ્વામીની અધ્યક્ષતામાં મગધ દેશના પાટલીપુત્રમાં એક પરિષદ બોલાવવામાં આવી, શ્રુતજ્ઞાનને વ્યવસ્થિત કરવામાં આવ્યું. પછી વીર નિર્વાણના ૩૦૦ની આસપાસ કલિંગમાં સમ્રાટ ખારવેલે કુમારગિરિ પર્વત ઉપર આગમ વાચનાનું આયોજન કર્યું હતું. આ પરિષદમાં આર્યા પોયણી નામે સાધ્વીએ ૩૦૦ વિદુષી સાધ્વીઓ સાથે આગમ સંકલનમાં સહાય કરી હતી. જૈન ધર્મમાં હંમેશાં સ્ત્રીઓનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે એની આ પ્રતીતિ છે. ત્યારબાદ વીર સંવત ૮૨૭ અને ૮૪૦ વચ્ચે મથુરામાં આચાર્ય સ્કંદિલની અધ્યક્ષતામાં અને

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

સૌરાષ્ટ્રના વલ્લભીપુરમાં આચાર્ય નાગાર્જુનની અધ્યક્ષતામાં આ આગમ વાણીના સંકલન માટે પરિષદ યોજાઈ. આ વલ્લભી વાચનાના ૧૫૦ વર્ષ પછી સર્વ આચાર્યોએ વિચાર્યું કે માનવ મર્યાદાને કારણે શ્રુતિ લોપ થશે અને આ શ્રુતજ્ઞાન આ ધરતી ઉપરથી વિસરાઈ જશે એટલે વીર સંવત ૯૮૦માં દેવર્ધિગણી ક્ષમાશ્રમણે આગમ વાણીનું લેખન કરવાનો નિર્ણય લીધો અને આગમો લિપિબદ્ધ થયા.વાણીને આકાર મળ્યો.

આ વિષયમાં મહાનિબંધ લખી શકાય. જિજ્ઞાસુઓએ અવશ્ય જૈન સાહિત્યના ઇતિહાસ પાસે જઈ પૂરી વિગત પામવી જોઈએ.

આ આગમ વાણી, સાગર જેટલી વિશાળ અને ગહન, એને એક પુસ્તકમાં કેમ સમાવી શકાય? છતાં આ દોહનના થોડાં જ બિંદુ સંગ્રહવાનો પ્રયત્ન ઘણાં વિદ્વાનોએ કર્યો. મુનિ ચૌથમલે 'નિર્ગ્રંથ પ્રવચન'ના નામે ભગવદ્ ગીતાના સ્વરૂપનો ગ્રંથ આપ્યો. બુદ્ધિ સાગરજીએ મહાવીર ગીતાની રચના કરી. ૧૯૭૫માં પૂ. વિનોબાજીએ જૈનોના બધાં સંપ્રદાયના ગ્રંથોમાંથી નવનીત તારવીને 'સમણ સુત્તં'ની પ્રેરણા આપી. સર્વ ધર્મના અભ્યાસી વિનોબાજીએ જૈન સંપ્રદાયોને વિનંતિ કરી કે હિંદુ ધર્મમાં વૈદિક સાહિત્યના ૧૦૦ ગ્રંથોનો સાર 'ભગવદ્ ગીતા' છે, બૌદ્ધ ધર્મમાં આવો ગ્રંથ 'ધમ્મપદ' છે, શિખોનું 'જપજી' છે, ખ્રિસ્તિનું 'બાયબલ' છે અને ઈસ્લામનું 'કુરાન' છે. એવું જ અન્ય ધર્મમાં છે, તો જૈન તત્ત્વજ્ઞાનના પ્રતિનિધિ સ્વરૂપ એક ગ્રંથ કેમ નહિ? પરંતુ આવો વિચાર આપણા એક પંડિતને પણ આ પહેલાં, વર્ષો પહેલાં આવ્યો હતો. એ પહેલાં આવું કાર્ય કર્યું ૧૯૩૯ પહેલાં જૈન ધર્મના પ્રકાંડ પંડિત અને સ્વતંત્ર સેનાની પંડિત બેચરદાસ દોશીએ આપણને 'મહાવીર વાણી'ના શીર્ષકથી એક પુસ્તક આપીને.

સત્યને ફૂલના હાર પર નહિ, પણ તલવારની ધાર પર જીવનાર, પાંડિત્ય ખાતર અપૂર્વ આત્મભોગ આપનાર, રાષ્ટ્ર ખાતર હદપારીની સજા ભોગવનાર, સરસ્વતી દેવી, સમાજ અને રાષ્ટ્રની તન, મન ને ધનથી સેવા કરનાર પંડિતવર્ય શ્રી બેચરદાસજીની ગણના ભારતના અગ્રગણ્ય સાક્ષરો, રાષ્ટ્રસેવકો ને સમાજસેવકોમાં થતી હતી. તેમણે જીવનની ત્રિવિધ દિશાઓમાં પોતાના પુરુષાર્થને અવિરતપણે વહાવી જીવનને ચરિતાર્થ કર્યું હતું. તેમાંય ખાસ કરીને જૈન સંઘને અંધશ્રદ્ધાની નિદ્રામાંથી જગાડનાર આ યુગના ગણ્યાગાંઠ્યા પંડિત પુરુષોમાંના તેઓ પ્રાચીન ગુજરાતી, અપભ્રંશ, સંસ્કૃત અને પ્રાકૃત–અર્ધ માગધી ભાષાના પ્રકાંડ પંડિત હતા. આપણા રાષ્ટ્રસેવક અને ગુજરાતી સાહિત્યના વિદ્વદ્જન સ્વામી આનંદ આ 'મહાવીર વાણી'ના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે:

'પંડિત બેચરદાસજી દોશી ગુજરાતની નવી જમાતના અગ્રેસર જૈન ધુરંધરોમાંના એક જાણીતા વિદ્વન્મણિ છે. જૂના જૈન સાહિત્યના ધૂળધોયા તરીકે એમની જીવનભરની નિષ્ઠા અને ભક્તિ પરાયણતા જાણીતી છે. મહાવીર પ્રભુના જીવનમાંથી અને જૈન સાહિત્યના રત્નાગારમાંથી અણમૂલા રત્નો ઢૂંઢી વીણીને તે ઉપર ચડેલા કાળાંતરના મેલ પોપડાને ધૂળ ઝાપટી ખંખેરીને અને ભીતરના નેત્ર ધોઈ નિખારીને પ્રજાને ભેટ કરવાના વ્યવસાયને એમણે પોતાના જીવનનું મિશન બનાવ્યો છે...આ ગ્રંથ (મહાવીરવાણી)નું વાંચન, મનન, ચિંતવન સૌ કોઈને મોટો ધર્મલાભ બક્ષશે. આ પુસ્તક માનવજીવનને સારું અખૂટ ભાતું દેનારું રોજિંદા સ્વાધ્યાયનું રતન છે, હીરની ગાંઠ ઉપર તેલને ટીપે ગંઠીને સૌએ સદાય ને હરઘડી હૈયે વળગાડી રાખવાનું.'

'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચકોને આ મહાવીર જન્મ કલ્યાણકના પવિત્ર દિવસે આ ઉત્તમ ગ્રંથ 'મહાવીર વાણી'ના કેટલાંક જ ભાવબિંદુઓ અમે અર્પણ કરીએ છીએ. અમારો આનંદ આજે નવપલ્લવિત થઈ રહ્યો છે, આપનો પણ થાવ! વાણી જ જીવને તારે છે અને જીવને મારે છે, એ અરૂપી અમર છે એટલે એના 'ઉપયોગ'માં 'વિવેક' ભેળવવાની સદ્બુદ્ધિ સર્વ જીવો પામો. વાયુ ક્યારેય મૃત્યુ પામતો નથી, તો વાયુમાં ભળેલા વાણીના તરંગો પણ અમર જ હોય.

વિશ્વના અણુએ અણુમાં ગોરંભાતી આવી મહાવીર વાણી જગતના પ્રત્યેક જીવોને સ્પર્શો અને એ જીવો આત્મદર્શન અને આત્મશાંતિ પામો, પાવન સિદ્ધોને, સર્વ સિદ્ધોને આ જ પ્રાર્થના.

□ધનવંત શાહ
drdtshah@hotmail.com

મહાવીર વંદના

શ્રીમતિ વિદ્યા બહેન મહાસુખલાલ ખંભાતવાળાના આર્થિક સહયોગથી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે

ભક્તિ સંગીતનો મનહર અને મન ભાવન કાર્યક્રમ

મહાવીર વંદના

મહાવીર વંદના

ગાયક કલાકાર અને સંગીત

ઝરણાબેન વ્યાસ અને વિજયદત્તભાઈ વ્યાસ

તા. ૧ મે–૨૦૧૧, રવિવાર સવારે ૧૦ વાગે

સ્થળ : પાટકર હૉલ-ચર્ચગેટ-મુંબઈ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો,
સર્વ સહૃદયી ભક્તજનોને હૃદયપૂર્વકનું જાહેર નિમંત્રણ.

સંયોજક :

નીતિન સોનાવાલા, પુષ્પાબેન પરીખ, ઉષાબેન પ્રવીણભાઈ શાહ

નિમત્રક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

મહાવીર વાણી

(દશ. = દશ વૈકાલિક સૂત્ર, ઉત્તરા = ઉત્તરાધ્યયન સૂત્ર, સૂ. શ્રુ = સૂત્ર કૃત્રાંગ સૂત્ર, શ્રુત સ્કંધ)

(૧)

અપ્પ-સુત્તં – આત્મ સૂત્ર

અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કૂડસામલી ।
અપ્પા કામદુહા ધેણૂ, અપ્પા સે નન્દણં વણં ।।૧।।

આત્મા પોતે વૈતરણી નદી છે, મારો આત્મા પોતે કૂટ શાલ્મલી વૃક્ષ છે, આત્મા પોતે કામદુઘા ગાય છે અને મારો આત્મા પોતે નંદનવન છે.

અપ્પા કત્તા વિકત્તા ય, દુક્ખાણ ય સુહાણ ય ।
અપ્પા મિત્તમમિત્તં ચ, દુપ્પટ્ઠિય સુપટ્ઠિઓ ।।૨।।

(ઉત્તરા૦ અ૦ ૨૦, ગા- ૩૬, ૩૭)

આત્મા પોતે દુ:ખોનો અને સુખોનો પેદા કરનારો છે અને નાશ કરનારો છે. સુપ્રસ્થિત – સમાર્ગગામી – આત્મા મિત્રરૂપ છે, અને દુષ્પ્રસ્થિત – દુર્માર્ગગામી – આત્મા શત્રુરૂપ છે.

અપ્પા ચેવ દમેયવ્વો, અપ્પા હુ ખલુ દુદ્દમો ।
અપ્પા દન્તો સુહી હોઈ, અસ્સિં લોએ પરત્થ ય ।।૩।।

આત્માને જ દમવો જોઈએ – સંયમ અને તપની પ્રવૃત્તિ વડે બરાબર પલોટવો જોઈએ. ખરેખર, આત્મા પોતે જ દુર્દમ છે – સંયમ અને તપની પ્રવૃત્તિ વડે આત્માને પલોટતાં તો નાકે દમ આવી જાય છે, પણ એ રીતે પલોટાયેલો આત્મા આ જગતમાં અને બીજે પણ સુખી જ થાય છે.

વરં મે અપ્પા દન્તો, સંજમેણ તવેણ ય ।
માઽહં પરેહિં દમ્મન્તો, બન્ધણેહિ વહેહિ ય ।।૪।।

(ઉત્તરા૦ અ૦ ૧, ગા- ૧૫, ૧૬)

બીજાઓ કોઈ મારા આત્માને બંધનોમાં નાખી નાખીને માર મારીને મારીને પલોટે, એ કરતાં તો હું જાતે પોતે સંયમ અને તપની પ્રવૃત્તિ વડે મારી ઈચ્છાપૂર્વક આત્માને – પોતાને – પલોટું એ જ વધારે ઉત્તમ છે.

જો સહસ્સં સહસ્સાણં, સંગામે દુજ્જએ જિણે ।
એગં જિણેજ્જ અપ્પાણં, એસ સે પરમો જઓ ।।૫।।

જે કોઈ શૂરવીર, રણમેદાનમાં બીજા ન જીતી શકાય એવા લાખ લાખ શત્રુઓને જીતે, તે કરતાં તો તે એક માત્ર પોતાના આત્માને – પોતાની જાતને – જીતે એ જ તેનો ખરેખરો ઉત્તમ વિજય છે.

અપ્પાણમેવ જુજ્ઝાહિ કિં તે જુજ્ઝેણ બજ્ઝઓ ?।
અપ્પણામેવ અપ્પાણં, જઇત્તા સુહમેહએ ।।૬।।

તું તારા આત્મા સાથે જ – તારી પોતાની જાત સાથે જ યુદ્ધ કર. બહાર યુદ્ધ કરવાથી તારું શું વળવાનું છે ? સાધક પોતે જાતે જ આત્મા ઉપર – પોતાની જાત ઉપર વિજય મેળવીને સુખ પામે છે.

પંચિન્દિયાણિ કોહં, માણં માયં તહેવ લોહં ચ ।
દુજ્જયં ચેવ અપ્પાણં, સવ્વમપ્પે જિએ જિયં ।।૭।।

(ઉત્તરા૦ અ૦ ૯, ગા- ૩૪-૩૬)

પોતાની પાંચે ઇંદ્રિયોને જીતવી, પોતાની ક્રોધ, અભિમાન, શઠતા અને લોભની વૃત્તિઓને જીતવી એ ભારે કઠણ છે, પણ મહામુસીબતે જીતી શકાય એવા આત્માને જીતવા માટે આ જ માર્ગ છે, અને આત્માને જીત્યો એટલે સઘળું આપોઆપ જિતાઈ ગયું સમજવું.

ન તં અરી કંઠછેત્તા કરેઇ, જં સે કરે અપ્પણિયા દુરપ્પા ।
સે નાહિઇ મચ્ચુમુહં તુ પત્તે, પચ્છાણુતાવેણ દયાવિહૂણો ।।૮।।

(ઉત્તરા૦ અ૦ ૨૦, ગા૦ ૪૮)

જેટલું ભૂંડું પોતાનો દુષ્ટ આત્મા કરે છે, તેટલું ભૂંડું ગળું કાપનારો શત્રુ પણ નથી કરી શકતો. દયા વગરનો દુષ્ટ મનુષ્ય જ્યારે કાળના મુખમાં સપડાશે, ત્યારે જ તે પોતાની દુષ્ટતાને જાણશે અને પછી પસ્તાવો કરશે.

જસ્સેવમપ્પા ઉ હવેજ્જ નિચ્છિઓ, ચઇજ્જ દેહં ન હુ ધમ્મસાસણં ।
તં તારિસં નો પઇલેન્તિ ઇન્દિયા, ઉવિંતવાયા વ સુદંસણં ગિરિં ।।૯।।

(દશ૦ ચૂલિકા ૧, ગા૦ ૧૭)

'દેહને ભલે છોડી દઉં પણ ધર્મના શાસનને તો ન જ છોડું' એવા દૃઢ નિશ્ચયી આત્માને, ભયંકર વાવાઝોડું જેમ મેરુ પર્વતને ડગાવી શકતું નથી તેમ ઇંદ્રિયો કદી પણ ડગાવી શકાતી નથી.

અપ્પા ખલુ સયયં રક્ખિયવ્વો, સવ્વિન્દિએહિં સુસમાહિએહિં ।
અરક્ખિઓ જાઇપહં ઉવેઇ, સુરક્ખિઓ સવ્વદુહાણ મુચ્ચઇ ।।૧૦।।

(દશ૦ ચૂલિકા ૨, ગા૦ ૧૬)

પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો તે તમામ ઇંદ્રિયોને બરાબર સમાધિયુક્ત કરીને નિરંતર આત્માને પાપમય પ્રવૃત્તિઓથી બચાવ્યા જ કરવો જોઈએ, કારણ કે, એ રીતે નહિ બચાવવામાં આવેલો આત્મા જ્યારે સંસારના ચક્રમાં ભટક્યા કરે છે, ત્યારે એ રીતે બરાબર બચાવવામાં આવેલો આત્મા તમામ દુ:ખોથી દૂર રહે છે.

સરીરમાહુ નાવ ત્તિ, જીવો વુચ્ચઇ નાવિઓ ।
સંસારો અણ્ણવો વુત્તો, જં તરન્તિ મહેસિણો ।।૧૧।।

(ઉત્તરા૦ અ૦ ૨૩, ગા૦ ૭૩)

શરીરને 'નાવ' કહેલ છે, આત્માને 'નાવિક' કહેવામાં આવેલ છે અને આ સંસારને 'સમુદ્ર' કહેલો છે, જેને મહર્ષિઓ તરી જાય છે.

જો પવ્વइત્તાण महव्वयाइं, सम्मं च नो फासयई पमाया ।
अनिग्गहप्पा य रसेसु गिद्धे, न मूलओ छिन्दइ बन्धणं से ।।१२।।
(उत्तरा० अ० २०, गा० ३९)

જે સાધક પ્રવ્રજ્યા લીધા પછી પોતે પ્રમાદમાં પડીને સ્વીકારેલાં મહાવ્રતોને શુદ્ધ રીતે બરાબર પાળતો નથી – આચરતો નથી, પોતાના આત્માને નિગ્રહમાં – સંયમમાં રાખતો નથી, રસોમાં લાલચુ બને છે તેનાં બંધનો મૂળથી છેદાતાં નથી.

(૨)

लोगतत्त–सूत्तं–लोक तत्त्व सूत्र

नाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे ।
चरित्तेण निगिण्हाअ, तवेण, परिसुज्झइ ।।८।।
(उत्तरा० अ० २८, गा० ३५)

સાધક મનુષ્ય પોતે જ્ઞાન વડે એ તથ્ય ભાવોને જાણી લે છે–સમજી લે છે. પછી દર્શન વડે એટલે જાણી લીધેલા તે ભાવોનું જાતપણું ચિત્તમાં સ્થિર ભાવે જામી જતાં એ ભાવો વિશે સાધકને પાકી શ્રદ્ધા થાય છે–વિશ્વાસ જામે છે. પાકી શ્રદ્ધા થયા પછી એ શ્રદ્ધામાં જે પોતાને ભાસેલ છે તેને આચરણમાં લાવવાની ઉલ્લાસમય અપૂર્વ તાલાવેલી આત્માને થાય છે. આ તાલાવેલીનું જ નામ ચારિત્ર છે. એવા ચારિત્ર વડે–આચરણો દ્વારા સાધક પોતાના મન, વચન અને શરીરને નિયમનમાં–નિગ્રહમાં–રાખવા તત્પર થાય છે અને એ નિગ્રહરૂપ તપ દ્વારા સાધક, પોતે શુદ્ધ–પવિત્ર–બને છે, વાસના વગરનો–કષાયો વગરનો સ્થિતપ્રજ્ઞ થઈ વીતરાગની ભૂમિકાએ પહોંચે છે.

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एवं मग्गमणुप्पत्ता, जीवा गच्छन्ति सोग्गइं ।।९।।

જ્ઞાન અને દર્શન, ચારિત્ર અને તપ–એ માર્ગને બરાબર પામેલા જીવો, એ માર્ગનું બરાબર આચરણ કર્યા પછી સારી ગતિને–સારી દશાને–વીતરાગ દશાને પામે છે.

नाणस्सावरणिज्जं, दंसणावरणं तहा ।
वेयणिज्जं तहा मोहं, आउकम्मं तहेव य ।।११।।
नामकम्मं च गोत्तं च, अन्तरायं तहेव च ।
एवमेयाइं कम्माइं, अट्ठेव उ समासओ ।।१२।।
(उत्तरा० अ० ३३, गा० २, ३)

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા વેદનીય અને મોહ–મોહનીય, આયુષ્યકર્મ અને નામકર્મ તથા ગોત્રકર્મ અને અંતરાયકર્મ; એ પ્રમાણે સંક્ષેપથી તો એ આઠ જ કર્મોને બતાવેલાં છે.

सो तवो दुविहो वुत्तो बाहिरब्भन्तरो तहा ।
बाहिरो छव्विहो वृत्तो, एवमब्भन्तरो तवो ।।१३।।

દેહ અને ચિત્તને શુદ્ધ કરવા માટે તે નિગ્રહરૂપ તપના બે પ્રકાર કહેલા છેઃ બાહ્ય તપ અને આંતરિક તપ. નિગ્રહરૂપ બાહ્ય તપના છ પ્રકાર કહેલા છે અને એવા જ આંતરિક તપના છ પ્રકાર બતાવેલા છે.

अणसणमूणोयरिया, भिक्खायरिया य रसपरिच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होई ।।१४।।
(उत्तरा० अ० ३०, गा० ७, ८)

બાહ્ય તપના છ પ્રકાર આમ સમજવાઃ ૧. અનશન, ૨. ઊનોદરિકા, ૩. ભિક્ષુચર્યા, ૪. રસપરિત્યાગ, ૫. કાયકલેશ અને ૬. સંલીનતા.

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं च विओस्सग्गो, एसो अब्भिन्तरो तवो ।।१५।।
(उत्तरा० अ० ३०, गा० ३०)

આંતરિક તપના છ પ્રકાર આમ સમજવાઃ ૧. પ્રાયશ્ચિત્ત, ૨. વિનય, ૩. વૈયાવૃત્ત્ય, ૪. સ્વાધ્યાય, ૫. ધ્યાન અને ૬. વ્યુત્સર્ગ.

किण्हा नीला य काऊ य, तेऊ पम्हा तहेव य ।
सुक्कलेसा य छट्ठा य, नामाई तु जहक्कमं ।।१६।।
(उत्तरा० अ० ३४, गा० ३)

લેશ્યા એટલે ચિત્તની વૃત્તિ–આત્માનો પરિણામ– અધ્યવસાય, લેશ્યાઓ છ છે અને તેમનાં નામો અનુક્રમે આ છેઃ કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજોલેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ-લેશ્યા.

किण्हा नीला काऊ तिन्नि वि एयाओ अहम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, दुग्गइं उववज्जई ।।१७।।

કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કપોત લેશ્યા એ શરૂ શરૂની ત્રણ લેશ્યા અધર્મ લેશ્યાઓ છે. આ ત્રણે લેશ્યાયુક્ત ચિત્તવૃત્તિમાં વ્યક્તિગત સ્વાર્થરૂપ અધર્મનો આશય પ્રધાન - મુખ્ય હોય છે, માટે તે ત્રણેને અધર્મ લેશ્યા કહેલી છે. જે જીવની ચિત્તવૃત્તિમાં તરતમ ભાવે જેટલે જેટલે અંશે આ ત્રણ લેશ્યા પ્રમાણે વિચારધારા હોય છે, તે જીવ તેટલે તેટલે અંશે પ્રત્યક્ષમાં તો દુર્ગતિ–દુર્દશા – દુઃખમય – દશાને જ પામે છે અને ભવાંતરમાં ય તે જીવ દુર્ગતિને પામે છે.

तेऊ पमहा सुक्का, तिन्नि वि एयाओ धम्मलेसाओ ।
एयाहि तिहि वि जीवो, सुग्गइं उववज्जई ।।१८।।
(उत्तरा० अ० ३४, गा० ५६, ५७)

પાછલી ત્રણ લેશ્યાઓ એટલે તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા એ ત્રણે ધર્મલેશ્યાઓ છે. આ ત્રણે લેશ્યાયુક્ત ચિત્તમાં સમૂહગત સ્વાર્થરૂપ ધર્મનો આશય પ્રધાન – મુખ્ય – હોય છે. માટે તે ત્રણેને ધર્મલેશ્યા કહેલી છે. જે જીવની ચિત્તવૃત્તિમાં તરતમ ભાવે જેટલે જેટલે અંશે આ ધર્મલેશ્યા પ્રમાણે સામુદાયિક હિતની વિચારધારા હોય છે તે જીવ તેટલે તેટલે અંશે વર્તમાનમાં–પ્રત્યક્ષમાં તો જરૂર સદ્‌ગતિ – સદ્‌દશા – સુખમય દશાને જ પામે

છે અને જન્માંતરમાં ય તે જીવ સદ્‌ગતિને પામે છે.

અટ્ઠ પવયણમાયાઓ, સમિइ गुत्ती तहेव य ।
पंचेव य समिइओ, तओ गुत्तीओ आहिया ।।१९।।

પ્રવચનની માતાઓ આઠ છેઃ- પ્રવચન એટલે જૈનશાસન. તેને ટકાવી રાખનારી જે જે આચરણાઓ છે તેમને પ્રવચનની માતા કહી છે, તે આ છે : પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, સમિતિ એટલે શરીર, વાણી અને વિચારની દરેક પ્રવૃત્તિમાં સાવધાનતા – સંગતતા – એકરૂપતા. અને ગુપ્તિ એટલે એ એકરૂપતા મેળવવા અને મેળવેલી હોય તો તેને સાચવવા શરીર, વાણી અને વિચારનું ગોપન – રક્ષણ અર્થાત્ નિગ્રહ – સંયમ – મર્યાદીકરણ. તાત્પર્ય એ કે સંત પુરુષોએ પોતપોતાની અનુભવવાણીમાં ધર્માચરણની પ્રવૃત્તિરૂપે આઠ પ્રવચન માતાઓને કહેલી છે, તે સમિતિરૂપે અને ગુપ્તિરૂપે છે.

(૩)

पुज्ज–सूत्तं – પૂજ્ય સૂત્ર

आयारमट्ठा विणयं पउंजे, सुस्सूसमाणो परिगिज्झ वक्कं ।
जहोवइट्ठं अभिकंखमाणो, गुरुं तु नासाययइ स पुज्जो ।।१।।

જે કોઈ સાધક આચારની પ્રાપ્તિ માટે વિનયનો પ્રયોગ કરે છે તથા ગુરુના વાક્યને ધ્યાનપૂર્વક સાંભળવાની ઈચ્છા કરતો, તે વાક્યને બરાબર સ્વીકારીને ગુરુના ઉપદેશને અનુસરતો રહે છે અને કદી પણ ગુરુની આશાતના કરતો નથી તેને 'પૂજ્ય' કહેવો.

अन्नायउंछं चरई विसुद्धं, जवणट्ठया समुयाणं च निच्चं ।
अलद्धुयं नो परिदेवएज्जा, लद्धुं न विकत्थई स पुज्जो ।।२।।

પોતાના સંયમના નિર્વાહ માટે, પરિચય વિનાનાં જુદાં જુદાં સ્થળોમાં જઈને વિશુદ્ધ રીતે ઉંછવૃત્તિએ, જે નિત્યપ્રતિ ભિક્ષા માટે ફરે છે, અને એમ કરતાં ય જો કશું ય ન મળે તો પણ ખેદ કરતો

એકથી વધુ હોય ત્યાં ખડખડાટ થાય!

વિદેહ દેશમાં મિથિલા (દરભંગા પાસે) નગરી. ત્યાં નમિ નામનો રાજા. જેવી વાત જનક રાજા માટે આવે છે તેવી જ વાત આ રાજાની છે. તેને એક વાર દાહજ્વર થયો. તેની શાંતિ માટે ઠંડક કરવા સારુ તેની રાણી ચંદન ઘસવા બેઠેલી. તેણીએ હાથમાં અનેક કંકણ પહેરેલાં એટલે જ્યારે ચંદન ઘસવું શરૂ થયું ત્યારે તે કંકણોનો ભારે ખડખડાટ થવા લાગ્યો અને દાહજ્વરથી પીડાતા રાજાના કાનને એ ખડખડાટ ભારે વસમો લાગ્યો એટલે તેણે રાણીને ખડખડાટ બંધ કરવા કહ્યું. ત્યારે રાણીએ એક એક હાથમાં ફક્ત એક એક કંકણ રાખી બીજા બધાં કંકણ ઉતારી નાખ્યાં એટલે તરત જ ખડખડાટ બંધ થઈ ગયો. તેથી રાજાએ ખડખડાટ બંધ થયાનું કારણ જાણવા માગ્યું. તો રાણીએ કહ્યું કે હાથમાં એકથી વધારે કંકણો હતાં, તે બધા ઉતારી નાખી ફક્ત એક એક હાથમાં એક એક કંકણ પહેરીને ચંદન ઘસતાં ખડખડાટ બંધ થઈ ગયો. આ સાંભળતાં જ રાજાને વિચાર આવ્યો કે જ્યાં બહુ હોય ત્યાં ખડખડાટ–કલેશ થાય છે અને જયાં એકાકી–એકલો હોય છે ત્યાં કલેશ થતો નથી. આ વિચારે ચઢતાં રાજાએ દઢ નિશ્ચય કર્યો કે આ પીડામાંથી સાજો થઈ જાઉં તો આ મિથિલાનું રાજ્ય, આ અંતઃપુર, ધનસામગ્રી અને ભોગવિલાસ વગેરેને તજી દઈને શ્રમણદીક્ષા સ્વીકારું. બનવા જોગ કે રાજા એક રાત પસાર થતાં સવાર પડતાં જ સાજો થઈ ગયો અને એણે સ્મૃતિપુરાણોમાં વર્ણવેલા ક્ષત્રિયવર્ણના ધર્મને તજી દઈ ભિક્ષુ થવાનું સ્વીકાર્યું. આ જાણી એક રાજગુરુ પુરોહિત બ્રાહ્મણ તેને ક્ષત્રિયવર્ણના ધર્મને નહીં છોડવા અને ભિક્ષુ થવું એ તો કાયરનું જ કામ છે એમ સમજાવવા તેની પાસે આવ્યો. અને જે કાંઈ કહેવા લાગ્યો તે બધી હકીકત ઉત્તરાધ્યયનસૂત્રના નવમા નમિપ્રવ્રજ્યા નામના અધ્યયનમાં નોંધાયેલ છે. વૈદિક પરંપરાનું બંધારણ એવું છે કે ક્ષત્રિય સંન્યાસને ન લઈ શકે, એ બાબત સમજાવતાં પેલો રાજગુરુ પુરોહિત તેને કહે છે કે, હે ક્ષત્રિય! તારે કિલ્લો બાંધીને નગરની રક્ષા કરવી જોઈએ, અંતઃપુરની સંભાળ લેવી જોઈએ, ખજાનો, વાહનો અને સેનાને વધારી શત્રુઓને સંગ્રામમાં જીતવા જોઈએ, યજ્ઞો કરવા જોઈએ, શ્રમણબ્રાહ્મણોને જમાડવા જોઈએ. તેના બદલામાં તું તારા એ બધાં ફરજરૂપ કર્તવ્યોને છોડી દઈ આમ ભિક્ષુક બનવાનો વિચાર કેમ કરી રહ્યો છે? શું તને બધા આશ્રમોનો આધારરૂપ એવો આ ગૃહસ્થાશ્રમ પાળવો કઠણ લાગ્યો જેથી કાયર લોકો જેમ માગી ખાવાનો ધંધો સ્વીકારે છે તેમ તું પણ આ ભિક્ષુના માર્ગને સ્વીકારવા તૈયાર થયો છે? આના ઉત્તરમાં નમિ રાજર્ષિ કહે છે કે, હે બ્રાહ્મણ! હું મારો ખરો ક્ષત્રિયધર્મ પાળવાને માટે જ ભિક્ષુ થાઉં છું. જો, શ્રદ્ધા એ મારી રાજધાની છે, તેને સાચવવા તપ, સદાચાર અને ક્ષમા એ મારો કિલ્લો છે, પરાક્રમ એ મારું ધનુષ છે, વિવેક એ મારી પણછ છે, ધૈર્ય બાણ છે; આ બધી સામગ્રી વડે હું સત્ય અલોભ વગેરે સુભટોને સાથે રાખીને મારા કામ, ક્રોધ, મોહ, લોભ વગેરે શત્રુઓને હણી નાખવા સંગ્રામ માંડવાની તૈયારી જ કરી રહ્યો છું. છેવટ જેમ જનક રાજા કહે છે કે મિથિલાયાં दह्यमानायां न मे दह्यते किंचन (મિથિલા નગરી બળતી હોય તો તેમાં મારું કશું જ બળતું નથી) તેમ આ નમિ રાજર્ષિ પણ કહે છે કે મિહિલાए डज्झमाणीए न मे डज्झइ किंचण (મિથિલા નગરી બળતી હોય તો તેમાં મારું કશું જ બળતું નથી). તાત્પર્ય એ કે આ સંવાદમાં વૈદિકસંસ્કૃતિ અનો શ્રમણસંસ્કૃતિની ચર્ચા છે. પ્રસંગ આવતાં નમિ રાજર્ષિ પેલા પુરોહિતને તૃષ્ણાની–આશાની–વાસનાની અનંતતા અને દુષ્પૂરતા સમજાવે છે.

નથી અને મળે તો ફુલાતો ય નથી તેને 'પૂજ્ય' કહેવો.

संथारसेज्जासणभत्तपाणे, अप्पिच्छया अइलाभे वि सन्ते ।
जो एवमप्पाणऽभितोसएज्जा, संतोसपाहन्नरए स पुज्जो ।।३।।

સંથારો, શય્યા, આસન તથા ભાત પાણી ઘણાં વધારે મળતાં હોય તો ય તેમને લેવાની વિશેષ ઇચ્છા ન રાખે અર્થાત્ એ બાબતની ઓછી ઇચ્છા રાખે અને એ ભાત પાણી વગેરેની સામગ્રીને પોતાના ખપ પૂરતી જ લે. જે એ રીતે પોતાના આત્માને સંતુષ્ટ રાખે તથા સંતોષપ્રધાન જીવનમાં મસ્ત રહે તેને 'પૂજય' કહેવો.

सक्का सहेउं आसाइ कंटया, अओमया उच्छहया नरेण।
अणासए जो उ सहेज्ज कंटए, वईमए कण्णसरे स पुज्जो ।।४।।

વાહ વાહ થશે, શરીર સુખમાં રહેશે, ઇંદ્રિયો મજા માણશે એવી એવી આશાઓ રાખીને તો લોહમય કાંટાની–લોઢાના ભાલાની અણીઓ ઉપર પણ સૂવાનું કે બેસવાનું હોંશે હોંશે સહી શકાય છે; પરંતુ જે સાધક કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના જ કાનમાં પેસતાં વચન બાણોને–વચનના ભાલાઓને શાંત ભાવે–ધીરભાવ–સહન કરે તેને 'પૂજ્ય' કહેવો.

समावयन्ता वयणाभिधाया, कण्णं गया दुम्मणियं जणन्ति।
धम्मो त्ति किच्चा परमग्गसूरे, जिइन्दिए जो सहई स पुज्जो ।।५।।

સામેથી આવી પડતા મર્મભેદી વચનના ઘા જયારે કાન સુધી આવી પહોંચે છે ત્યારે પીડા પેદા કરે છે–તે સાંભળતાં જ મન દુર્મન થઈ જાય છે, એવી પરિસ્થિતિમાં એ ભયાનક વચનના ઘાને શાંતિપૂર્વક સહન કરવાનો મારો 'ધર્મ' છે એમ સમજીને ક્ષમાના

ભારુંડ પક્ષીની કથા

ભારુંડ પક્ષી–જૈન સૂત્રોમાં ભારુંડ કે ભારંડ નામના પક્ષીનો ઉલ્લેખ જ્યાં અપ્રમત્તતા એટલે સતત સાવધાનતા દર્શાવવી હોય ત્યાં વારંવાર આવે છે. કલ્પસૂત્રમાં ભગવાન મહાવીરના શ્રમણજીવનનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે भारुंडपक्खी इव अप्पमत्ते અર્થાત્ શ્રી વર્ધમાન, શ્રમણ થયા પછી ભારુંડ પક્ષીની પેઠે અપ્રમત્ત–સતત સાવધાન–રહેતા.

આશરે છઠ્ઠા સૈકામાં રચાયેલા વસુદેવહિંડી નામના ગ્રંથમાં ભારુંડ નામના પક્ષીનો ઉલ્લેખ મળે છે. પણ ત્યાં તેના શરીરના આકાર વિશે કશી નોંધ મળતી નથી. ત્યાં તો માત્ર એટલું લખેલું છે કે 'એ પક્ષીઓ રત્નદ્વીપ નામના દ્વીપમાંથી આવે છે. મહાસરીરા એટલે તેઓ મોટા શરીરવાળા હોય છે, તેઓ વાઘ તથા રીંછ વગેરેનું માંસ ખાય છે.'

વસુદેવહિંડીમાં જે કથા આવે છે તેનો ટૂંક સાર આ છે:

'કોઈ એક વેપારીનો કાફલો પોતાનો માલ વેચવા, નવો માલ ખરીદવા અને તે રીતે ધન કમાવવા પ્રયાસ કરતો કરતો અજપથ નામના દેશમાં આવ્યો. (અજપથ એટલે જે દેશમાં બકરાંઓ ઉપર ચડીને પ્રવાસ કરી શકાય તે દેશ. એ દેશમાં બકરાંઓની આંખે પાટા બાંધીને તેમના ઉપર સવારી કરવામાં આવે છે) અજપથ પહોંચી તે કાફલો વજ્રકોટિસંસ્થિત નામના પર્વતને ઓળંગી ગયો. ત્યાં આવતાં સખત ટાઢને લીધે બકરાં થીજી ગયાં. તેમની આંખો ઉઘાડી નાંખવામાં આવી.

પછી તો જેમના ઉપર સવારી કરીને અહીં સુધી પહોંચ્યા તે બકરાંઓને મારી નાંખીને તેમના ચામડાંની મોટી મોટી મસકો બનાવવામાં આવે છે અને આ પર્તવથી રત્નદ્વીપ જવા માટે પ્રવાસીઓ છરી સાથે ચામડાની એ મોટી મોટી મસકોમાં બેસી જાય છે. મસકને અંદરથી બંધ કરી દેવામાં આવે છે.

આ પર્વતમાં ચરવા માટે રત્નદ્વીપમાંથી ભારુંડ પક્ષીઓ આવે છે અને તેઓ આ મસકને માંસનો મોટો પિંડ–લોચો સમજીને ઉપાડીને રત્નદ્વીપ લઈ જાય છે. ભારુંડ પક્ષી મસકને જેવી નીચે મૂકે કે તરત જ અંદર બેઠેલો માણસ છરી વડે મસકને કાપી નાખીને બહાર નીકળી પડે છે. પછી રત્નદ્વીપમાંથી રત્નોનો સંગ્રહ કરી ફરી પાછો મસકમાં ભરાઈ જાય છે અને એ જ રીતે ભારુંડ પક્ષીઓ વળી પ્રવાસીને પાછા તે પર્વત પાસે લાવે છે.

કલ્પસૂત્રની કિરણાવલી ટીકામાં ભારુંડપક્ષીનું જે વર્ણન આપેલ છે તે આ પ્રમાણે છે:

भारुण्डपक्षिणो: किल एकं कलेवरम् पृथग्ग्रीवम् त्रिपादं च स्यात् । यदुक्तम्-
भारूण्डपक्षिण: ख्याता: त्रिपदा मर्त्यभारिण: ।
द्विजिह्वा द्विमुखाश्चैकोदरा भिन्न फलैषिण: ।।

તથા ઉત્તરાધ્યયનસૂત્ર ચોથા અધ્યયન, ગા. ૬ની ટીકામાં ભારુંડ પક્ષી વિશે જે નોંધ છે તે આ પ્રમાણે છે:

एकोदरा: पृथग्ग्रीवा: अन्योन्यफलभक्षिण:।
प्रमत्ता हि विनश्यन्ति भारुण्डा इव पक्षिण:।।

અર્થાત્ એક બીજા સાથે જોડાયેલા ભારુંડ નામના બે એવા પક્ષી છે કે જેમને પેટ એક હોય છે, માથાં જુદાં જુદાં હોય છે. ત્રણ પગ હોય છે. બે જીભ હોય છે, બે મોઢાં હોય છે. વાણી મનુષ્યની હોય છે અને તેઓ પરસ્પર ફળ ખાનારા છે. એટલે એક પેટ હોવાથી એક મુખ ફળ ખાય એટલે બન્નેને તૃપ્તિ થઈ જાય. જોકે જીભ જુદી જુદી હોવાથી સ્વાદ તો જે જીભ ખાય તે જ લઈ શકે. આ વિશે પંચતંત્રના પાંચમા 'અપરીક્ષિતકારક' નામના તંત્રમાં એક કથા આ પ્રમાણે આપેલી છે:

एकोदरा: पृथग्ग्रीवा: अन्योन्यफलभक्षिण:।
असंहता हि विनश्यन्ति भारुण्डा इव पक्षिण:।।

(આ કથાનો બાકીનો ભાગ સામેના પાના પર જુઓ)

માર્ગે ચાલનાર જે શૂરવીર જિતેંદ્રિય મનુષ્ય તેમને સહન કરે છે, તેને 'પૂજ્ય' કહેવો.

अवण्णावायं च परंमुहस्स, पच्चक्खओ पडिणीयं च भासं ।
ओहारिणिं अप्पियकारिणिं च, भासं न भासेज्ज सया स पुज्जो ।।६।।

સત્ય હિત જે કહેલું હોય તે સદા સામે જ કહે પણ કોઈની પાછળ નિંદા ન કરે અને સામે પણ શત્રુવટવાળી ભાષા ન બોલે તથા 'આ તો નાલાયક જ છે' એવી ન ગમે તેવી કઠોર ભાષા પણ કદી ન વાપરે તેને 'પૂજ્ય' કહેવો.

अलोलुए अक्कुहए अमाई, अपिसुणे यावि अदीणवित्ती ।
नो भावए नो वि य भावियप्पा, अकोउहल्ले य सया स पुज्जो ।।७।।

જે ખાવા પીવાનો લાલચુ નથી, જાદુ મંતર વગેરે કરતો નથી, લુચ્ચો નથી – કપટી નથી, ચાડિયો નથી અને માયકાંગલો નથી કે કોઈનો ઓશિયાળો નથી અર્થાત્ તેજસ્વી છે તથા લોકો પોતાના વખાણ જ કર્યા કરે એવી વૃત્તિવાળો નથી, તેમ પોતે જાતે પણ પોતાના જ વખાણ કર્યા કરતો નથી અને નાટક–ચેટક, ગાન–તમાસા, વરઘોડા વગેરેને જોવાનો શોખીન નથી, તેને 'પૂજ્ય' કહેવો.

गुणेहि साहू अगुणेहिऽसाहू, गिण्हाहि साहू गुण मुज्चऽसाहू ।
वियाणिया अप्पगमप्पएणं, जो रागदोसेहिं समो स पुज्जो ।।८।।

'ગુણો વડે સાધુ થવાય છે, અવગુણો વડે અસાધુ થવાય છે, માટે સારા ગુણોને ગ્રહણ કર, નઠારા અવગુણોને તજી દે' એ રીતે જે, પોતે પોતાની જાતને વિવિધ રીતે બોધ આપે છે તથા રાગના પ્રસંગે વા દ્વેષના

(ભારુંડ પક્ષીની કથા : સામેના પાનાથી ચાલુ)

ભારંડ નામના એક બીજા સાથે જોડાયેલા બે પક્ષીઓ છે. તેમને પેટ એક છે. માથા જુદા જુદા છે, અને તેઓ પરસ્પર ફળ ખાનારા છે. એટલે એક મુખ ફળ ખાય ત્યારે બીજું મુખ પણ એ જ ફળ ખાય અથવા એક મુખ ફળ ખાય ત્યારે બીજું ખાવાની પ્રવૃત્તિ ન કરે, એમ પોતાના બે મુખમાંથી ગમે તે એક વડે તેઓ વારાફરતી ફળ ખાનારા છે. તથા તે બન્ને સંહત–એક બીજા જોડાયેલા છે. જો તેઓ અસંહત બનવાનું એટલે જુદા જુદા પડી જવાનું મન કરે તો એ બન્ને તરત જ મરી જાય છે.

એક સરોવરમાં એક પટાવાળો, જુદા જુદા માથાવાળો એક ભારંડ પક્ષી રહેતો હતો. સમુદ્રને કાંઠે ભમતાં ભમતાં તેને સમુદ્રના લોઢોને લીધે તણાઈને આવેલાં ઘણા અમૃતફળ મળ્યાં, તેમને તે ખાઈ ગયો અને તે ફળોનો તેને અપૂર્વ સ્વાદ લાગ્યો. પોતે એક મુખ વડે એ ફળો ખાધા હતા અને તેમનો સ્વાદ માણ્યો હતો. એ વિશે એણે કરેલું સુંદર સ્વાદવર્ણન સાંભળીને સ્વાદ મેળવવાના લોભથી તેના બીજા મુખે કહ્યું કે જો એ ફળોનો આવો અપૂર્વ સ્વાદ છે તો મને પણ તેમાંથી થોડુંક તો ચાખવા આપ, જેથી કરીને જીભનું સુખ મને પણ મળે. આ સાંભળીને ભારંડ પક્ષી બોલ્યો કે આપણા બન્નેનું પેટ એક જ છે માટે મારા ખાવાથી તને પણ તૃપ્તિ થઈ ગઈ છે, તેથી વળી જુદું જુદું ખાવાથી શો ફાયદો છે? પણ ફળનો આ જે બાકીનો ભાગ છે તે આપણી પ્રિયા ભારંડીને આપીએ, જેથી એ પણ સ્વાદ ચાખીને ખુશી ખુશી થઈ જાય. એમ કહીને બાકીનો ભાગ ભારંડીને આપ્યો. આમ થવાથી બીજું મોઢું હંમેશાં ઉદ્વેગવાળું ઉદાસ રહેવા લાગ્યું. પછી એક વાર એ બીજા મુખને ક્યાંયથી વિષફળ મળી ગયું. તેથી તેણે પેલા અમૃતફળ ખાનારા મુખને કહ્યું કે હે નિર્દય, અધમ અને નિરપેક્ષ–મારી ગરજ નહીં રાખનારા! મેં આ વિષફળ મેળવ્યું છે. હવે હું તેં કરેલા અપમાનનો બદલો વાળવા તેને ખાઉં છું. પેલું મુખ બોલ્યું: અરે મૂર્ખ! એમ ન કર, એમ કરવાથી તો આપણે બન્ને મરી જઈશું. છતાં બીજા મુખે તે ન જ ગણકાર્યું અને અપમાનનું સાટું વાળવા તે વિષફળ ખાઈ લીધું જેથી તે બન્ને પક્ષી મરી ગયાં.

આ પક્ષી માટે ભારુંડ અને ભારુંડ એમ બન્ને શબ્દો વપરાય છે.

આચાર્ય હેમચંદ્રે પોતાની દેશીનામમાળામાં (વર્ગ છઠ્ઠો શ્લોક ૧૦૮) કહેલું છે કે:

'भारुंडयम्मि भोरुडओ' અર્થાત્ ભોરુડ કે ભોરુડઅ શબ્દ પણ ભારુંડપક્ષીના અર્થમાં વપરાય છે.

ઉપર આપેલી કથા અને વર્ણન ઉપરથી એમ માલૂમ પડે છે કે ભારંડ નામનાં બે પક્ષીઓ છે; પણ તે બન્ને એકબીજા પરસ્પર સાથે જોડાયેલા છે અર્થાત્ તેમના શરીરની રચના જ એવા પ્રકારની છે. તેમને ત્રણ પગ છે, બે માથાં છે. એક પેટ છે, બે મુખ છે. એ બેમાંથી ગમે તે એક મુખ વડે વારાફરતી ખાવાનું ખાય છે અને પેટ એક હોવાથી એક જણ ખાય તો પણ તેઓ બન્ને ખાવાની તૃપ્તિ અનુભવે છે. જો તેઓ એકબીજા વિરુદ્ધ પ્રવૃત્તિ કરે તો તરત જ મરી જાય છે એટલે એ બન્નેએ બરાબર સાવધાન રહેવું પડે છે જેથી તેમની જુદી જુદી વિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. માટે જ કહેવામાં આવેલ છે કે ભારંડ પક્ષીની પેઠે અપ્રમત્ત–બરાબર સાવધાન રહેવું.

આચાર્ય હેમચંદ્ર પોતાના અનેકાર્થસંગ્રહમાં ભારંડ પક્ષીના અર્થમાં भेरुण्ड શબ્દ આપે છે:- 'भेरुण्डो भीषण-खगौ' 'भेरुण्ड: खग: पक्षी। यथा विसंहिता विनश्यन्ति भेरुण्डा इव पक्षिण:' (કાંડ ૩ શ્લોક. ૧૭૩) માત્ર આ શબ્દનિર્દેશ સિવાય હેમચંદ્ર આ પક્ષી વિશે બીજું કશું લખતા નથી.

આપણા દેશમાં વર્તમાનમાં ક્યાંય આ પક્ષી જોવામાં આવતું નથી. પંચતંત્રમાં પણ એ પક્ષીની કથા આપેલી છે તેથી સંભવ છે કે જૂના સમયમાં તે હોય અને વર્તમાનમાં તેનો વંશ નાબૂદ થઈ ગયો હોય.

પ્રસંગે બરાબર 'સમ' રહે છે તેને 'પૂજ્ય' કહેવો.

તહેવ દહરં ચ મહલ્લગં વાં, ઇત્થીં પુમં પવ્વઇયં ગિહિં વા ।
નો હીલએ નો વિય ખિંસએજ્જા, થંભં ચ કોહં ચ ચએ સ પુજ્જો ।।૯।।

નાનો તેમ જ મોટો ભલે ને પછી સ્ત્રી હોય, પુરુષ હોય, દીક્ષિત હોય કે ગૃહસ્થ હોય તેમની-કોઈ પણ જાતની મનુષ્યની નિંદા ન કરે, બદબોઈ ન કરે, અહંકારનો ત્યાગ કરે તથા ક્રોધનો પણ ત્યાગ કરે તેને 'પૂજ્ય' કહેવો.

તેસિં ગુરૂણં ગુણસાયરાણં, સોચ્ચાણ મેહાવી સુભાસિયાઇં ।
ચરે મુળી પંચરએ તિગુત્તો, ચકુક્કસાયાવગએ સ પુજ્જો ।।૧૦।।

ગુણના સાગર એવા ગુરુજનોનાં આવાં સુવચનો સાંભળીને, જે બુદ્ધિમાન સાધક મુનિ, પાંચ મહાવ્રતોને બરાબર આચરે; મન, વચન અને શરીરને બરાબર સંયમમાં રાખે તથા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોથી દૂર રહે તેને 'પૂજ્ય' કહેવો.

(૪)

भिक्खु–सुत्तं – ભિક્ષુ સૂત્ર

રોઇઅનાયપુત્તવયણે, અપ્પસમે મન્નેજ્જ છપ્પિ કાએ ।
પંચ ય ફાસે મહવ્વયાઇં, પંચાસવસંવરે જે સ ભિક્ખૂ ।।૧।।

જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરના વચનોમાં જેને અસાધારણ રુચિ છે અને એને લીધે જ જે છએ પ્રકારના જીવોને પણ પોતાના આત્મા સમાન માને છે અર્થાત્ કોઈ પણ જીવને દુઃખ થાય તેવી જેની પ્રવૃત્તિ નથી તથા જે પૂરેપૂરાં પાંચ મહાવ્રતોને સાવધાનતાપૂર્વક સ્પર્શે છે – આચરે છે અને જે પાંચે આસ્રવોથી દૂર રહે છે તેને 'ભિક્ષુ' કહેવો.

ચત્તારિ વમે સયા કસાએ, ધુવજોગી ય હવિજ્જ બુદ્ધવયણે ।
અહણે નિજ્જાયરૂવ–રયએ, ગિહિજોગં પરિવજ્જએ જે સ ભિક્ખૂ ।।૨।।

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોનો જેણે સદાને માટે ત્યાગ કરી દીધો છે, જ્ઞાની પુરુષના વચનોમાં જેનું મન ધ્રુવ છે, વચન અને શરીર પણ એવું જ ધ્રુવ છે. અર્થાત્ જેનાં મન, વચન અને શરીર જ્ઞાની પુરુષના વચન પ્રમાણે જ, ધ્રુવ થઈને વર્તે છે; તથા જે ધનની અપેક્ષા વિનાનો છે–પોતાની પાસે સોનું-રૂપું કે બીજું ચલણી નાણું રાખતો નથી અને ગૃહસ્થના પ્રપંચવાળા સંબંધને જે અનુસરતો નથી તેને 'ભિક્ષુ' કહેવો.

સમ્મદિટ્ઠિ સયા અમૂઢે, અત્થિ હુ નાણે તવે સંજમે ય ।
તવસા ધુણઇ પુરાણપાવગં, મણ-વય–કાયસુસંવુડે જે સ ભિક્ખૂ ।।૩।।

જે સમ્યગ્‌દર્શી છે–સત્ય અસત્યનો જાણકાર છે, જે સદા પોતાનાં જ્ઞાન, તપ અને સંયમનાં કર્તવ્યો વિશે મોહ વગરનો છે, તથા પાપનો નાશ કરવાના સંકલ્પ સાથે તપ તપીને જે પોતાના પુરાણા પાપોને ખંખેરી નાખે છે અને મન, વચન તથા શરીરને સયમમાં રાખે છે તેને 'ભિક્ષુ' કહેવો.

ન ય વુગ્ગહિયં કહં કહિજ્જા, ન ય કુપ્પે નિહુઇન્દિએ પસન્તે ।
સંજમે ધુવં જોગેણ જુત્તે, ઉવસંતે અવિહેડએ જે સ ભિક્ખૂ ।।૪।।

લડાઈ–ઝઘડો થાય એવી કથા–વાત–જ જે કરતો નથી. કોઈના ઉપર ગુસ્સો કરતો નથી, પાંચે ઇંદ્રિયોને સંયમમાં રાખનાર છે, શાંત વૃત્તિવાળો છે, જેનાં મન, વચન અને શરીર ધ્રુવપણે સંયમમાં જ જોડાયેલાં છે, કોઈ નિમિત્તને લીધે જે ગભરાતો નથી–ઉપશાંત છે અને કોઈનો અનાદર કરતો નથી, તેને 'ભિક્ષુ' કહેવો.

જો સહઈ હુ ગામકંટએ, અક્કોસ–પહાર–તજ્જણાઓ ય ।
ભય-ભેરવ-સદ્દ-સપ્પહાસે, સમસુહ-દુક્ખસહે અ જે સ ભિક્ખૂ ।।૫।।

સ્પર્શ, જીભ, નાક, આંખ તથા કાન અને મન; એમને અણગમતા વિવિધ પ્રસંગો આવતાં જે શાંત ભાવે સહન કરે છે અર્થાત્ કોઈ ગુસ્સો કરે–વઢે, કોઈ માર મારે કે કોઈ તિરસ્કાર–અપમાન કરે તે તમામને શાંત ભાવે જે સહન કરે છે તથા ભયંકરમાં ભયંકર શબ્દોને અને ભયાનક અટ્ટહાસવાળા અવાજોને જે સમભાવે સહન કરે છે, સુખોને પણ સમભાવે સહે છે તેમ જ દુઃખોને પણ સમભાવે જે સહે છે તેને 'ભિક્ષુ' કહેવો.

અભિભૂય કાયેણ પરીસહાઇં, સમુદ્ધરે જાઇપહાઉ અપ્પયં ।
વિઇત્તુ જાઈ–મરણં મહબ્ભયં, તવે રએ સામણિએ જે સ ભિક્ખૂ ।।૬।।

સંયમની સાધનામાં વિઘ્નરૂપ આવતા પરિષહોને શરીર વડે સમભાવે સહન કરે છે અને એ રીતે સહન કરીને, એ પરિષહોને હઠાવીને આ પ્રપંચમય વાતાવરણમાંથી પોતાને જે બચાવતો રહે છે, અને જન્મ-મરણના ફેરાને મહાભયરૂપ સમજીને શ્રમણધર્મને દૃઢ કરનારા તપમાં જે તત્પર રહે છે તેને 'ભિક્ષુ' કહેવો.

હત્થસંજએ પાયસંજએ, વાયસંજએ સંજઇન્દિએ ।
અજ્ઝપ્પરએ સુસમાહિઅપ્પા, સુત્તત્થં ચ વિયાણઇ જે સ ભિક્ખૂ ।।૭।।

હાથે જે સંયમપૂર્વકના વર્તનવાળો છે, એ જ રીતે પગે અને વચને તથા ઇંદ્રિયો દ્વારા સુદ્ધાં સંયમપૂર્વકના વર્તનવાળો અધ્યાત્મભાવમાં જે તત્પર છે, જેનો આત્મા સુસમાહિત છે અને સૂત્રના અર્થને બરાબર જે જાણે છે તેને 'ભિક્ષુ' કહેવો.

ઉવહિમ્મિ અમુચ્છિએ અગિદ્ધે, અન્નાયઉંછં, પુલનિપ્પુલાએ ।
કયવિક્કયસન્નિહિઓ વિરએ, સવ્વસંગાવગએ ય જે સ ભિક્ખૂ ।।૮।।

સંયમની સાધના માટે જરૂરી એવાં સાધનોમાં ય જે આસક્ત ન હોય, ખાવાપીવામાં લાલચુ ન હોય, અજાણ્યા કુટુંબોમાં ફરી ફરીને ઉંછવૃત્તિથી નિર્દોષ ભિક્ષા મેળવતો હોય, સંયમને બગાડનારા દોષોથી દૂર ભાગતો હોય, ખરીદ કરવું, વેચવું અને ભેગું કરવું એ ત્રણેથી અટકેલો હોય તથા રાગવાળા તમામ સંબંધોથી દૂર ને દૂર રહેતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

અલોલ ભિક્ખૂ ન રસેસુ ગિદ્ધે, ઉંછં ચરે જીવિય નાભિકંખે ।
ઇડિંઢ ચ સક્કારણ–પૂયણં ચ, ચએ ઠિયપ્પા અણિહે જે સ ભિક્ખૂ ।।૯।।

ભિક્ષુ થયા પછી જે અચપળ રહે છે, રસોનો લાલચુ નથી, ભિક્ષા સારુ ઉંછવૃત્તિથી ફરતો રહે છે, જીવવા વિશે મોહવાળી તત્પરતા દાખવતો નથી, પોતાના ધામધૂમ, સત્કાર, સામૈયાં અને પૂજાનો

ત્યાગ કરે છે, જેનો આત્મા સ્થિર છે અને આકાંક્ષા વગરનો છે તેને ખરો 'ભિક્ષુ' કહેવો.

न परं वइज्जासि अयं कुसीले, जेणं च कुप्पेज्ज न तं वएज्जा ।
जाणिय पत्तेयं पुण्ण – पावं, अत्ताणं न समुक्कसे जे स भिक्खू ।।१०।।

આ 'કુશીલ છે' એમ જે બીજાને ન કહેતો હોય, સામો માણસ જેથી ક્રોધે ભરાય એવાં વચન ન બોલતો હોય, પ્રત્યેક આત્મા પોતે કરેલા પુણ્ય કે પાપના સંસ્કાર પ્રમાણે ઘડાય છે એમ જે જાણતો હોય અને તેથી જ જે પોતાની જાતનો ગર્વ–બડાઈ–ન કરતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

न जाइमत्ते न य रूवमत्ते, न लाभमत्ते न सुएण मत्ते ।
मयाणि सव्वाणि विवज्जइत्ता, धम्मज्झाणरए जे स भिक्खू ।।११।

'હું અમુક ઉત્તમ ખજાનો છું' એમ જે જાતિમદ ન કરતો હોય, 'હું ઘણો રૂપાળો છું' એમ જે રૂપમદ ન કરતો હોય, 'મને જ્યારે જે જોઈએ તે બધું બરાબર મળ્યા કરે છે' એમ જે લાભનો મદ ન કરતો હોય, 'હું જ ખૂબાખૂબ શાસ્ત્રોને ભણેલ છું' એમ જે શાસ્ત્રજ્ઞાનનો પણ મદ ન કરતો હોય–આ પ્રમાણે તમામ પ્રકારના મદોને જે તજતો રહેતો હોય અને ધર્મધ્યાનમાં સવિશેષ સાવધાન હોય તેને 'ભિક્ષુ' કહેવો.

पवेयए अज्जपयं महामुणी, धम्मे ठिओ ठावयई परं पि ।
निक्खम्म वज्जेज्ज कुसीललिंगं, न यावि हासंकुहए जे स भिक्खू ।।१२।।

જે મહામુનિ આર્યપદનો–આર્યમાર્ગનો જાણકાર હોય વા ઉપદેશક હોય અને તેમ કરીને પોતે સંયમમાર્ગમાં સ્થિર રહેતો હોય અને બીજાને પણ સંયમધર્મમાં સ્થિર રાખતો હોય, ઘર બહાર નીકળ્યા પછી એટલે સંસારના પ્રપંચનો ત્યાગ કર્યા પછી દુરાચારીનો વેશ ધારણ ન કરતો હોય તથા કોઈની હાંસી-ઠઠ્ઠામશ્કરી ન કરતો હોય તેને 'ભિક્ષુ' કહેવો.

तं देहवासं असपई असासयं, सया चए निच्चहियट्ठियप्पा ।
छिंदित्तु जाईमरणस्स बंधणं, उवेइ भिक्खू अपुणागमं गई ।।१३।।

જે ભિક્ષુ નિત્ય નિત્ય પોતાના આત્માનું હિત કરવામાં સ્થિર રહેતો હોય તથા આ દેહવાસને અશુચિ અને અનિત્ય સમજીને તે તરફ મમતા ન રાખી દેહનો સદુપયોગ કરતો હોય અને તેમ કરતાં પ્રસંગ આવતાં તેને તજી દેવા માટે પણ તત્પર હોય એવો તે ભિક્ષુ બંધનરૂપ જનમ–મરણના ફેરાને કાપી નાંખીને; જે સ્થિતિએ પહોંચ્યા પછી ફરી વાર આવાગમન નથી થતું એ સ્થિતિએ પહોંચી જાય છે–નિર્વાણ પામે છે.

(૫)

मोक्खमग्ग–सुत्तं – મોક્ષ માર્ગ સૂત્ર

कहं चरे ? कहं चिट्ठे ? कहमासे ? कहं सए ?
कहं भुंजन्तो भासन्तो पावं कम्मं न बन्धई ? ।।१।।

સાધક કેવી રીતે ચાલે ? કેવી રીતે ઊભો રહે ? કેવી રીતે બેસે ? કેવી રીતે સૂવે ? કેવી રીતે ખાય ? અને કેવી રીતે બોલે ? જેથી તેને પાપકર્મનું બંધન ન થાય.

जयं चरे जयं चिट्ठे जयमासे जयं सए ।
जयं भुंजन्तो भासन्तो पावं कम्मं न बन्धइ ।।२।।

કરેલા કર્મો અહીં જ ભોગવવા પડે છે

ચંપાનગરીમાં–વર્તમાન ભાગલપુર પાસેના ચંપાનગરમાં–પાલિત નામનો એક મોટો સાર્થવાહ–વેપારી રહેતો હતો. તે ભગવાન મહાવીરનો ઉપાસક–શ્રાવક હતો. એક વખત વહાણમાં વિવિધ કરિયાણા ભરી તે, સમુદ્રમાર્ગે ચંપાથી નીકળી પિહુંડ નામને ગામે પહોંચ્યો. તે ગામના કોઈ વાણિયાએ પાલિતને પોતાની પુત્રી પરણાવી. પાલિત પોતાની પત્નીને લઈને ચંપા તરફ પાછો ફરતો હતો તેવામાં વચમાં જ વહાણમાં તેની પત્નીએ પુત્રને જન્મ આપ્યો તેથી તેનું નામ 'સમુદ્રપાલિત' પાડ્યું. આ નામમાં પિતાનુંનામ જોડાયેલ છે. એ ઉપરથી જણાય છે કે, પુત્રના નામો સાથે પિતાનું નામ જોડવાનો જૂનો રિવાજ હતો. સમુદ્રપાલિત યોગ્ય ઉંમરમાં આવતાં તેને કલાચાર્ય પાસે ગણિત, લેખન, નૃત્ય, સંગીત, શસ્ત્રવિદ્યા વગેરે બોતેર કળાઓ શીખવા મોકલ્યો. પછી તો તે બોતેર કળાઓને શીખી યુવાન થયો ત્યારે સંગીત, નૃત્ય, રાંધણ, કાવ્ય વગેરે ચોસઠ કળાઓને શીખેલી એવી રૂપિણી નામની કન્યાને પિતાએ તેને પરણાવી. પાસે અઢળક સંપત્તિ હોવાથી તે બન્ને વરવધૂ સંસારના કામવિલાસના સુખોને અનુભવવા લાગ્યાં. દેવભવન જેવા રહેવાના ઋતુઋતુના જુદાં જુદાં ભવનો, આજુબાજુ દાસદાસીઓનો મોટો પરિવાર, વિપુલ ભોગસામગ્રી તથા ખીલતું બન્નેનું યૌવન પછી મોજમજા માણવામાં શી કમી રહે ? એવામાં એક વાર સમુદ્રપાલિત પોતાની પત્ની સાથે ભવનના ગોખમાં બેઠો હતો ત્યાંથી તેણે શૂળીએ ચડાવવા લઈ જવાતો એક ચોર જોયો. ચોરને જોઈને તરત જ તેને વિચાર આવ્યો કે જે કર્મ–કામ–ચોરે કર્યું છે તેનું ફળ–મરણ તેને અહીં જ ભોગવવાનું આવ્યું અર્થાત્ જે જેવાં કામ કરે છે તેને તેવાં ફળો અવશ્ય ભોગવવાં પડે છે. આ વિચાર સાથે તેને તેની પોતાની અમર્યાદ વિલાસપ્રવૃત્તિ વિશે અને તેના દુષ્પરિણામો વિશે પણ તીવ્ર વિચાર આવ્યો, તેથી તેનું મન એ વિલાસોથી ઉદાસ થઈ ગયું અને તે, એ બધાં વિલાસો તથા અનર્ગળ સંપત્તિવૈભવ છોડી દઈને ભગવાન મહાવીરને શરણે આવ્યો અને તેમની પાસે શ્રમણદીક્ષા લઈ તેમના શ્રમણસંઘમાં રહી પાંચ મહાવ્રતોને આચરવા લાગ્યો.

સાધક વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી બેસે, વિવેકથી સૂવે, વિવેકથી ખાય અને વિવેકથી બોલે તો તેને પાપકર્મનું બંધન ન થાય.

સવ્વભૂયપ્પભૂયસ્સ સમ્મં ભૂયાઇં પાસઓ।
પિહિયાસવસ્સ દન્તસ્સ પાવં કમ્મં ન બન્ધઈ ।।૩।।

નાનામોટા તમામ જીવોને તે પોતાના આત્મા સમાન બરાબર સમજતો હોય અર્થાત્ 'પોતે સર્વભૂતમય છે' એમ બરાબર જે જાણતો હોય, જેને મારા તારાનો ભેદ વા પારકા પોતાનાનો ભાવ મુદ્દલ નથી એવાને તથા ઇંદ્રિયનિગ્રહી અને ફરી વાર ન ઊખળે એ રીતે દોષસ્થાનોને ઢાંકી દેનારા સાધકને પાપકર્મનું બંધન થતું નથી.

પઢમં નાણં તઓ દયા એવં ચિટ્ઠઇ સવ્વસંજએ।
અન્નાણી કિં કાહી કિંવા નાહિઇ છેય–પાવગં ? ।।૪।।

સાધનામાં પ્રથમ સ્થાન જ્ઞાનનું છે અને તે પછીનું સ્થાન દયાનું છે. આ રીતે એટલે પહેલાં જાણકાર થયા પછી જ અહિંસાના વ્રતને સ્વીકારીને તમામ સંયમી સાધકો પોતાના સંયમ ઉપર ખડા રહી શકે છે. અજ્ઞાની શું કરી શકે ? અર્થાત્ જ્ઞાન વગરનો સાધક દયાપ્રધાન સંયમને શી રીતે પાળી શકે ? અથવા 'આ શ્રેય છે' અને 'આ અશ્રેય છે–પાપ છે', એમ અજ્ઞાની શી રીતે જાણી શકે ?

સોચ્ચા જાણઇ કલ્લાણં સોચ્ચા જાણઇ પાવગં ।
ઉભયં પિ જાણઇ સોચ્ચા, જં છેયં તં સમાયરે ।।૫।।

સાધક, સંત પુરુષોના વચનોને સાંભળીને શ્રેયકર માર્ગને જાણી શકે છે. એ જ રીતે (સંત પુરુષોનાં વચનોને) સાંભળીને પાપકર માર્ગને પણ જાણી શકે છે. એ બંને માર્ગને સાંભળ્યા પછી જ તેમનું ખરું જ્ઞાન મળી રહે છે. માટે પ્રથમ શ્રવણ તરફ લક્ષ્ય કરવું અને પછી મનન તરફ સાવધાન બનવું. આમ કર્યા પછી જે શ્રેયરૂપ માર્ગ છે તેનું આચરણ કરવું.

જો જીવે વિ ન જાણેઇ, અજીવે વિ ન જાણઈ ।
જીવાઽજીવે અયાણંતો કહં સો નાહિઇ સંજમં ? ।।૬।।

ચેતન તત્ત્વને–જીવોને પણ જે જાણતો નથી અને અજીવોને પણ જે જાણતો નથી, તો પછી, જીવોને અને અજીવોને ન જાણતો–ન ઓળખતો એવો તે–સંયમના માર્ગને શી રીતે જાણી શકવાનો ?

જો જીવે વિ વિયાણાઇ, અજીવે વિ વિયાણઇ ।
જીવાઽજીવે વિયાણંતો, સો હુ નાહિઇ સંજમં ।।૭।।

જે જીવોને પણ બરાબર જાણે છે અને અજીવોને પણ બરાબર જાણે છે, એમ જીવો અને અજીવોને બરાબર જાણતો એવો તે ખરેખર સંયમના માર્ગને સમજી શકે છે.

જયા જીવમજીવે ય, દો વિ એએ વિયાણએ ।
તયા ગઇં બહુવિહં, સવ્વજીવાણ જાણઇ ।।૮।।

જ્યારે જીવ તત્ત્વ અને અજીવ તત્ત્વ એ બન્નેને પણ જે સારી રીતે સમજે છે ત્યારે તે, તમામ જીવોની બહુ પ્રકારની ગતિને પણ બરાબર સમજી શકે છે અર્થાત્ જીવો પોતપોતાના વિવિધ સંસ્કારોને લીધે વિવિધ જન્મો ધારણ કરે છે તે હકીકત તેના ધ્યાનમાં આવે છે.

જયા ગઇં બહુવિહં સવ્વજીવાણ જાણઇ ।
તયા પુણ્ણં ચ પાવં બંધં મોક્ખં ચ જાણઇ ।।૯।।

જ્યારે તમામ જીવોની બહુ પ્રકારની ગતિને જે જાણે છે તે જ, પુણ્ય અને પાપના તથા બંધ અને મોક્ષના સ્વરૂપને સમજી શકે છે.

જયા પુણ્ણં ચ પાવં ચ બંધં મોક્ખં ચ જાણઇ ।
તયા નિવ્વિંદએ ભોએ જે દિવ્વે જે ય માણુસે ।।૧૦।।

જ્યારે પુણ્ય અને પાપનું તથા બંધ અને મોક્ષનું સ્વરૂપ બરાબર જાણવામાં આવે છે, ત્યારે જ સ્વર્ગીય ભોગો તરફ તથા માનવી ભોગો તરફ અરુચિ થાય છે–કંટાળો આવે છે; અર્થાત્ 'તે બંને જાતના ભોગો સાર વગરના છે' એમ બરાબર સમજાય છે.

જયા નિવ્વિંદએ ભોએ જે દિવ્વે જે ય માણુસે ।
તયા ચયઇ સંજોગં સબ્ભિન્તરબાહિરં ।।૧૧।।

જ્યારે સ્વર્ગીય ભોગો ય સાર વગરના છે અને માનવી ભોગો ય સાર વગરના છે એમ બરાબર સમજમાં આવે છે, ત્યારે જ રાગદ્વેષથી થતો આંતર સંબંધ અને બહારનો પણ સંબંધ આપોઆપ છૂટી જાય છે–તજી દેવાય છે.

જયા ચયઇ સંજોગં સબ્ભિન્તરવાહિરં ।
તયા મુણ્ડે ભવિતાણં પવ્વયઇ અણગારિયં ।।૧૨।।

જ્યારે રાગદ્વેષોથી થતો આંતર સંબંધ અને બહારનો સંકુચિત કૌટુંબિક સંબંધ પણ આપોઆપ છૂટી જાય છે ત્યારે સાધક, માથું મુંડાવીને–સઘળા શણગાર છોડી દઈને અગાર ભાવની પ્રવ્રજ્યાને સ્વીકારે છે–અનગારની જેમ અનાસક્ત થઈને રહે છે.

જયા મુણ્ડે ભવિત્તાણં પવ્વયઇ અણગારિયં ।
તયા સંવરમુક્કિટ્ઠું ધમ્મં ફાસે અણુત્તરં ।।૧૩।।

જ્યારે તે, માથું મુંડાવીને અને મનને પણ મુંડાવીને અણગાર ભાવની પ્રવ્રજ્યાને સ્વીકારે છે ત્યારે જ ઉત્તમોત્તમ સંવરરૂપ ધર્મને

દશ વૈકાલિક સૂત્રની રચના

આચાર્ય શય્યંભવસૂરિ પ્રખર કર્મકાંડી બ્રાહ્મણ હતા. પાછળથી તેઓએ જૈન દીક્ષા સ્વીકારેલી. પછી જ્યારે મનક નામનો તેમનો પુત્ર પિતાને શોધતો શોધતો તેમની પાસે આવ્યો ત્યારે તેમણે તે નાના મનકને પણ જૈન દીક્ષા આપી. જ્યારે તેમને ખબર પડી કે મનક હવે વધારે જીવે તેમ નથી તેથી તેના વાચનને માટે જેમાં સંક્ષેપે કરીને તમામ જૈન આગમોનો સાર આવી જાય એવું દશવૈકાલિકસૂત્ર રચી કાઢ્યું.

સ્પર્શી શકે છે–અડકી–આચરી શકે છે; અર્થાત્ ત્યારે જ અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે.

जया संवरमुक्किट्ठं धम्मं फासे अणुत्तरं ।
तया धुणइ कम्मरयं अबोहिकलुसं कडं ।।१४।।

જ્યારે અનાસક્ત રહીને પોતાની જીવનયાત્રાને બરાબર નભાવી શકે છે ત્યારે જ તે અજ્ઞાનને લીધે જે જે ઘણા જૂના એવા રાગદ્વેષમય જે સંકુચિત સંસ્કારો ચિત્તમાં પડેલા હોય છે તે તમામને ખંખેરી કાઢે છે. અર્થાત્ અનાસક્ત ભાવે રહેનારના જીવનમાં જ અહિંસા વગેરેના આચારો વણાઈ જતાં પછી ચિત્તમાં વિશ્વબંધુત્વનો ભાવ પ્રગટ થાય છે, અને એમ થયા પછી મારું–તારું અથવા પોતાનું–પારકું એવો ભાવ આપોઆપ છૂટી જાય છે.

जया धुणइ कम्मरयं अबोहिकलुसं कडं ।
तया सव्वत्तगं नाणं दंसणं चाभिगच्छइ ।।१५।।

જ્યારે અજ્ઞાનને લીધે પેદા થયેલા ઘણા જૂના રાગદ્વેષમય એવા સંકુચિત સંસ્કારોને ચિત્તમાંથી ખંખેરી કાઢે છે ત્યારે જ તે સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને મેળવી શકે છે.

जया सव्वत्तगं नाणं दंसणं चाभिगच्छइ ।
तया लोगमलोगं च जिणो जाणइ केवली ।।१६।।

સર્વવ્યાપી જ્ઞાનને અને સર્વવ્યાપી દર્શનને જ્યારે મેળવી શકે છે ત્યારે જ તે, જિન થાય છે–રાગદ્વેષો ઉપર સંપૂર્ણ જય મેળવે છે, કેવળી થાય છે–કેવળ આત્મામય થાય છે અને લોક તથા અલોકના સ્વરૂપને જાણી શકે છે.

जया लोगमलोगं च जिणो जाणइ केवली ।
तया जोगे निरुंभित्ता सेलेसिं पडिवज्जइ ।।१७।।

જ્યારે જિન થાય છે, કેવળી થાય છે અને લોક તથા અલોકના સ્વરૂપને જાણી લે છે ત્યારે જ તે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેશી દશાને એટલે હિમાલય પર્વત જેવી સ્થિર દશાને – અકંપ દશાને પામે છે.

जया जोगे निरुंभित्ता सेलेसिं पडिवज्जइ ।
तया कम्मं खवित्ताणं सिद्धिं गच्छइ नीरओ ।।१८।।

જ્યારે પોતાના મનની, પોતાના વચનની અને પોતાની કાયાની તમામ પ્રવૃત્તિઓને રોકી દઈને શૈલેશી દશાને પામે છે ત્યારે જ પોતાના તમામ મલિન સંસ્કારોનો-સંકુચિત સંસ્કારોનો-સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો તે સિદ્ધિને પામે છે.

जया कम्मं खवित्ताणं सिद्धिं गच्छइ नीरओ ।
तया लोगमत्थयत्थो सिद्धो हवइ सासओ ।।१९।।

અને જ્યારે પોતાના તમામ મલિન સંસ્કારોનો સમૂળ નાશ કરીને પૂર્ણ નિર્મળ થયેલો સાધક સિદ્ધિને–કૃતકૃત્યતાને પામે છે ત્યારે જ તે, સમગ્ર લોકના માથા ઉપર રહેનારો એવો શાશ્વત સિદ્ધિ બને છે. અર્થાત્ કૃતકૃત્યતાના ભાવને પામેલો સાધક સમસ્ત લોકનો શિરોમણિ બને છે અને કાયમી–જેનો કદી વિનાશ નથી એવો સિદ્ધ બને છે.

सुहसायगस्स समणस्स सायाउलगस्स निगामसाइस्स ।
उच्छोलणापहाविस्स दुल्लहा सोग्गई तारिसगस्स ।।२०।।

જે શ્રમણ, કેવળ પોતાના શરીરના સુખોનો જ સ્વાદિયો છે, તે માટે જ વ્યાકુળ રહ્યા કરે છે અને જ્યારે જુઓ ત્યારે ખૂબ ખાઈ પીને રાતો માતો થઈ પથારીમાં લંબાવ્યા કરે છે તથા શરીરની જ સાફસૂફી માટે ચારે બાજુ દોડ્યા કરે છે, એટલે હાથ સાફ કરવા સારુ, પગ સાફ કરવા સારુ, મુખ સાફ કરવા સારુ, વાળ સાફ કરવા સારુ, કપડાં સાફ કરવા સારુ તથા સુંદર દેખાવા સારુ; એમ વિવિધ પ્રવૃત્તિઓ માટે જ તલપાપડ થયા કરે છે તેવા શ્રમણને માટે જીવ-અજીવનું જાણપણું કે બંધમોક્ષની સમજ હોવી ય ભારે દુર્લભ છે. તો પછી સુગતિની કે સિદ્ધ થવાની તો શી વાત?

तवोगुणपहाणस्स उज्जुमइखन्तिसंजमरयस्स ।
परीसहे जिणन्तस्स सुलहा सोग्गई तारिसगस्स ।।२१।।

જે શ્રમણની સાધના તપપ્રધાન છે, એટલે જે શ્રમણ સંકલ્પપૂર્વક મનને, વચનને અને શરીરને રાગદ્વેષોથી કોરા રાખે છે અને એ જ સાધ્યની સિદ્ધિ માટે તમામ પ્રકારનો શ્રમ કરે છે, સરળ બુદ્ધિનો છે, ક્ષમાવાન છે અને નિરંતર સંયમને કેળવવામાં જ લક્ષ્યવંત છે તથા એમ સાધના કરતાં કરતાં જે કોઈ પરિષહો આવી પડે, વિઘ્નો આવી પડે તેના ઉપર સદા જય મેળવતો રહે છે–વિઘ્નોથી કદી પાછો હઠતો નથી તેવો જ શ્રમણ જીવ–અજીવનો જાણ કહેવાય, બંધમોક્ષના સ્વરૂપને સમજનારો ગણાય અને એવા શ્રમણને માટે સિદ્ધ થવું કાંઈ કઠણ નથી; ઊલટું ભારે સુલભ છે. ✷ ✷ ✷

(પંડિત બેચરદાસજી દોશી સંપાદિત 'મહાવીર–વાણી'ના કેટલાક અંશો.)

મહાવીર કથા
ડી. વી. ડી

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી વાણીમાં વહેતી, બે ભાગ, બે દિવસ અને કુલ પાંચ કલાકમાં પ્રસરેલી તત્ત્વ અને સ્તવનના સંગીતથી વિભૂષિત આ અનેરી મહાવીર કથાની બે ડી.વી.ડી. જિજ્ઞાસુઓની ઈચ્છાથી તૈયાર થઈને પ્રકાશિત થઈ ગઈ છે. આ ચિંતનાત્મક દૃશ્ય-શ્રાવ્ય ડી.વી.ડી. પોતાના પરિવાર માટે વસાવવી, મિત્રો અને અન્ય પરિવારજનોને એ ભેટ આપવી એ જૈન શાસનની મહાન સેવા છે, અને મહાવીર વાણીના ચિંતન પ્રચારનું પુણ્ય કર્મ છે. શ્રી જૈન યુવક સંઘના આજીવન સભ્યો, પેટ્રનશ્રીઓ, જૈન છાત્રાલયો, પુસ્તકાલયો અને સંઘોને **૨૦% ડિસ્કાઉન્ટથી મળશે.** બેંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ - પ્રાર્થના સમાજ બ્રાંચ - મુંબઈ. ખાતા નં. ૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં રકમ ભરી એ સ્લીપ અમને મોકલશો એટલે આપને ઘેર બેઠાં અમે આપની ઈચ્છિત ડી.વી.ડી. મોકલીશું. અમારું સરનામું પાના નં. ૩ ઉપર આપેલું છે. ફોન નં.: 0022-23820296 –022-2056428.

–પ્રમુખ, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

જૈનોનું અર્થશાસ્ત્ર : જગતમાં જૈનો કેમ જલ્દી સમૃદ્ધ થાય છે ?

❑ કાન્તિ ભટ્ટ

(પત્રકારત્વ અને કલમ તેમજ 'કોલમ'ને પૂરેપૂરા આજીવન સમર્પિત વર્તમાન ગુજરાતી પત્રકારત્વ જગતમાં આ બહુશ્રુત વિદ્વાન લેખક એક દંતકથા જેવા છે. એક જ દિવસે વિવિધ સામયિકમાં પ્રગટ થતા એમના અધ્યયનશીલ લેખો વાંચીને કહેવાનું મન થાય કે આ લેખક એક સાથે જાણે બે હાથે લખતા હોય.)

હેન્રી વોર્ડ બીચરે ૧૮૮૭માં કહેલું કે 'નો મેટર્સ હુ રેઈન્સ ધ મરચન્ટસ્ રેઈન્સ' અર્થાત્ આ જગત ઉપર કોણ રાજ કરે છે ? જે કોઈ રાજ કરતું હોય પણ ખરેખર તો પ્રમાણિક વેપારી જ રાજ કરે છે. અને પછી આપણા જગવિખ્યાત અર્થશાસ્ત્રી અને વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ સાથે ૫૦ વર્ષ સતત સંપર્ક રાખતા અમેરિકા વસતા જગદીશ ભગવતીએ ઉમેરવા ચાહ્યું હશે કે ભારતમાં કોણ રાજ કરે છે તે ભગવાન જાણે પણ ભારત ઉપર જૈનો રાજ કરે છે ! આજે જગતના ૪૫ દેશોમાં જ્યાં જ્યાં જૈનો ગયાં છે ત્યાં કરોડ સુધીની સંખ્યામાં તેનો પ્રભાવ છે– હીરા ઉદ્યોગમાં ખાસ. મને કહેવામાં આવ્યું કે-'જૈન અર્થશાસ્ત્ર' ઉપર લખો. જૈન અર્થશાસ્ત્ર ? લોર્ડ મેયનાર્ડ કેઈન્સ કે ડૉ. આલ્ફ્રેડ માર્શલના અર્થશાસ્ત્રથી અલગ એવું શું જૈનોનું વળી કોઈ વિશેષ અર્થશાસ્ત્ર છે ? વડોદરાની કૉમર્સ કૉલેજમાં ૧૯૫૦માં અર્થશાસ્ત્ર એ કઠીનમાં કઠીન વિષય હતો. તેને પ્રો. એન. એમ. ચોકસી (જૈન) અને બીજા જૈન પ્રોફેસરો હળવો બનાવી દેતા. પણ ત્યારે અમને 'જૈનોનું ઈકોનોમિક્સ' એવો શબ્દ સાંભળવા મળ્યો નહોતો, પરંતુ અર્થશાસ્ત્રની કે બિઝનેસની કેટલીક કહેવતો જાણવા મળેલી. અંગ્રેજોની કહેવત છે–લાઈટ ગેઈન્સ મેઈક હેવી પર્સીસ. અર્થાત્ તમે ઓછો માર્જીન રાખીને ચીજો વેચો તો તમારી ધનની કોથળી વધુ ભારે થાય છે.

આ નિયમ તમામ જૈન વેપારીને લાગુ પડે છે. 'ઓછા નફે બહોળો વેપાર' એ જૈનોની થિયરી છે. ઘણાં પૂછે છે કે જૈનો જ કેમ હીરાના વેપારમાં છે ? યહુદીઓ જ કેમ છે ? અને પછી પટેલો કઈ રીતે હીરાના વેપારમાં આવ્યા ? મારી પાસે અર્થશાસ્ત્રના ઘણાં થોથાં છે. અમને પ્રો. બેનહામનું અર્થશાસ્ત્ર સમજાવવામાં આવતું 'ધ વર્લ્ડ ઈઝ એટ વર્ક'–હા જગત કામૂઢ છે અને કામઢો જ કમાય છે. જૈનો ધનિક છે કારણ કે કામઢા છે. હજી ૮-૯ વર્ષનો થાય ત્યાં શેરીમાં રમવા કરતા બાપાની દુકાનમાં જૈન દીકરો વધુ બેસે છે. જૈનો ડાયમન્ડમાં કેમ છે તે માટે મારે કોલેજના સમયમાં જેનું નામ જાણેલું તે પ્રો. કાર્લ મેન્જર જે ઑસ્ટ્રીયન ઈકોનોમિસ્ટ હતા તેના પુસ્તક 'પ્રિન્સીપલ્સ ઑફ ઈકોનોમિક્સ'ને યાદ કરવું પડે. અર્થાશાસ્ત્રમાં અસલામતી અને જોખમ એ મહત્ત્વની ચીજો છે. ખાસ કરીને જે ચીજની માર્જીનલ યુટીલીટી હોય એટલે અમુક જ આબરૂને લગતી કે સ્ટેટસની લગતી ઉપયોગીતા હોય તે કીમતી બને છે. પાણી તો બહુ જ ઉપયોગી અને અનિવાર્ય છે પણ તેની કોઈ કીમત નથી ! પણ હીરા ? પ્રો. મેન્જર કહે છે કે તેની માર્જીનલ યુટીલીટી છે. અને તેની ઓછી ઉપલબ્ધતા થકી તેનું મૂલ્ય છે. આ વાત સૌથી વધુ સમજ્યા હોય તો જૈનો સમજ્યા છે, તે પછી પટેલો સમજ્યા. ઘંટાકર્ણના દર્શને ગયો ત્યારે જાણવા મળ્યું કે બે પટેલો જૈન ધર્મ અંગીકાર કરીને પછી ખૂબ જ પૂજનીય બની ગયા હતા. તાત્પર્ય કે જૈન ધર્મી ન હોય પણ જૈન જેવા પ્રિન્સીપલ્સ પાળનારા પટેલો તેથી જ દેશ-પરદેશમાં જૈનોની બરાબરીમાં ધનિક છે અને હીરા ઉદ્યોગમાં તેથી જ ફાવ્યા છે. ઉપરાંત જ્યારે ભારતમાં ગ્લોબલાઈઝેશન નહોતું આવ્યું ત્યારે જૈનોએ ગ્લોબલાઈઝેશન અપનાવી લીધેલું. વસુધૈવ કુટુંબકમ્નો સિદ્ધાંત સૌથી વધુ જૈનોએ પાળેલો. આપણા પ્રોફેસર જગદીશ નટવરલાલ ભગવતી જે મુંબઈની સિડનહામમાં ભણીને પછી અમેરિકાની માસાશુએટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પીએચ.ડી. થયા છે તેણે સૌ પ્રથમ ગ્લોબલાઈઝેશનનો વિચાર આપેલો. તેઓ જૈન હોય કે ન હોય પણ આર્થિક સિદ્ધાંતની દૃષ્ટિએ જૈન છે.

પણ જૈન અર્થશાસ્ત્ર કઈ દૃષ્ટિએ અનોખું છે ? મોડે મોડે જૈનોનું અર્થશાસ્ત્ર બીલ ગેટ્સ અને જગવિખ્યાત ઈન્વેસ્ટર વોરન બફેટે (જે ભારત આવી રહ્યો છે કે આવી ચૂક્યો છે) અપનાવ્યું છે. તે જૈનોનું અર્થાશાસ્ત્ર છે–ચેરિટી. દાનની ભાવના. પોતે વાપરે તે કરતાં વધુ બીજાને આપવાની ભાવના. આ જૈનોનું પરમ પવિત્ર અર્થશાસ્ત્ર છે. ચેરીટી, ચેરીટી અને ચેરીટી . આપતો રહે, આપતો રહે અને આપતો રહે. બમણું થઈને આવશે જ.

અમે ગામડામાં ૧૯૩૬માં ભવાઈ જોતા ત્યારે નવરાત્રમાં વેશ ભજવનારાને પટેલો–જૈનો દાન જાહેર કરતા. એ વખતે ભવાયા બોલી ઉઠતા.

પહેલાં વહેલા મેળવે
પછી દીયે દાન
એકોતરે પેઢી ઓધરે
કાશીએ ગયાના કલ્યાણ.

ભવાયાના આ ઉદ્‌ઘોષમાં મહત્ત્વની ત્રણ પંક્તિ છે કે ખૂબ કરકસર કરી, ઓછો માર્જીન રાખીને પ્રમાણિકતાથી વેપાર કરો. બચત કરો અને બચત ઘરમાં ભંડારી ન રાખો. વાપરો, દાન કરો.

મંદિરો બંધાવો, મંદિરો બંધાવીને કડિયા, કુંભાર, મિસ્ત્રી, મજુરોને રોજગારી આપો. તમે દાન કરશો તેથી તેનું પુણ્ય એકોતેર પેઢી સુધી ચાલશે. છેક પાલીતાણાના ડુંગર ઉપર સેંકડોની સંખ્યામાં મંદિરો બંધાવે છે. અરે અમેરિકામાં ન્યૂયોર્ક પાસેના પર્વતમાં સિદ્ધાચલનું મંદિર બંધાવેલું છે. પટેલો પણ આ દાનધર્મ શીખ્યા અને સ્વામિનારાયણના પ્રમુખ સ્વામી જગતભરમાં મંદિરો બંધાવે છે. દાન કરાવે છે તેથી કર્મે પટેલોને પણ હું જૈન જ ગણું છું. મારી પત્ની શીલા જૈન છે. બ્રાહ્મણ તરીકે એ અમારી મર્યાદિત કમાઈમાંથી ઉદારતાથી આજુબાજુના કામવાળાને ખૂબ આપતી રહેતી તે મને ગમતું નહીં. પણ તેના આપતા રહેવાની વૃત્તિ થકી અમે બંને પૈસાથી નહીં પણ પત્રકારત્વમાં સમૃદ્ધ છીએ. વોલ્ટ વ્હીટમેન નામના કવિ જેમણે 'લીવ્ઝ ઓફ ગ્રાસ' નામનું વિખ્યાત કાવ્ય અને સાહિત્યનું પુસ્તક પ્રગટ કરેલું તે દેખાવે ઋષિ જેવા હતા. તેમણે આ કાવ્ય સંગ્રહમાં સોંગ ઓફ પ્રુડન્સ (ડહાપણનું કાવ્ય) લખેલું. તેમણે કહેલું, 'ચેરિટી ઈઝ એ ગ્રેટ ફોર્સ. ઈટ ગીવ્ઝ એ મેન હીઝ સીકસ્થ સેન્સ...ચેરિટી એન્ડ પર્સનલ ફોર્સ આર ઓન્લી ઈન્વેસ્ટમેન્ટ વર્થ એનીથીંગ...' જાણે કવિ વ્હીટમેન જૈનોના ચારીત્રને જાણી ગયા હોય તેમ આ સૂત્ર લખેલું. તેઓ પોતે પણ જાણે અજાણતા જ જૈન હતા. કુદરતમાં દૈવી તત્ત્વો છે તેવું માનતા. વૃક્ષોને અને ઘાસના તૃણોને પણ જીવ છે તેમ માનતા. પક્ષીપ્રેમી હતા.

તેમના સૂત્ર મુજબ જ જૈનોમાં ચેરિટીની ભાવના છે. સિક્સ્થ સેન્સ છે તેથી ધંધામાં અને શેરબજારમાં કમાય છે અને પર્સનલ ફોર્સ છે. છઠ્ઠી ઈન્દ્રિય ત્યારે જ જાગ્રત થાય જો તમે તપ, નિયમ, સંયમ અને ખાનપાનમાં ખૂબ જ ચીવટ રાખો. જૈનો કંદમૂળ ખાતા નથી. પૂર્ણ શાકાહારી છે. દાનવીર છે અને તપસ્વી છે. તમામ જૈન તહેવારોમાં ઉપવાસ એક મોટું પર્સનલ ફોર્સ વધારનારું અને છઠ્ઠી ઈન્દ્રિય જાગૃત કરનારું તત્ત્વ છે અને આ ઉપવાસને મહાત્મા ગાંધીજીએ 'શસ્ત્ર' તરીકે અને જૈનોની અહિંસાને સિદ્ધાંત તરીકે અપનાવેલ.

જૈનોની સિકસ્થ સેન્સને કારણે જ તે શેરબજારમાં સૌથી મોખરે હોય છે. જૈનોને સ્પેક્યુલેશનમાં આનંદ આવે છે. ગુમાવે ત્યારે શ્રદ્ધા હોય છે કે તે પાછું મેળવશે જ. જૈનો માટે સ્પેક્યુલેશન ઈઝ ધ રોમાન્સ ઓફ ટ્રેડ. સ્ત્રી સાથેના રોમાન્સ કરતાં વેપારમાં સ્પેક્યુલેશન એજ તેને માટે રોમાન્સ છે અને એ રોમાન્સમાં તે સરેરાશ સફળ રહે છે.

આપણે અહીં ફરીથી મહાન અર્થશાસ્ત્રી માર્શલે ૧૮૯૦માં ૧૨૧ વર્ષ પહેલાં પુસ્તક લખેલું તે 'પ્રિન્સીપલ્સ ઑફ ઈકોનોમિક્સ'ને યાદ કરીએ. તેમાં જે જે અર્થશાસ્ત્રના સિદ્ધાંતો છે તે નિરૂપેલા છે. પણ માત્ર દાનનું જે સૌથી મોટું તત્ત્વ અર્થશાસ્ત્રમાં હોવું જોઈએ તેને આલ્ફ્રેડ માર્શલ ચૂકી ગયા છે. એટલું ખરૂં કે તેમના પછી લોર્ડ મેયનાર્ડ કેઈન્સે ડીમાન્ડ એન્ડ સપ્લાય તેમજ કન્ઝ્યુમર ઈઝ કીંગની થીયરી મૂકેલી તે પ્રમાણે કમાઓ અને વાપરો એ પણ એક જાતનું દાન છે જે રોજગારી પેદા કરે છે. અચ્છા તો આલ્ફ્રેડ માર્શલના અર્થશાસ્ત્રની શું વ્યાખ્યા હતી? ઇકોનોમિક્સ એ શું છે? બહુ જ ધ્યાનથી વાંચો. તમે જૈન હો તો પૂરી એકાગ્રતાથી વાંચો.'

'ઈકોનોમિક્સ ઈઝ એ સ્ટડી ઑફ મેન એઝ ધે લીવ એન્ડ મુવ એન્ડ થીંક ઈન ધ ઓર્ડિનરી બીઝનેસ ઓફ લાઈફ.' આટલું અંગ્રેજી લખીને બાકીનું હું તેમના સિદ્ધાંતનો અનુવાદ આપું છું. વાંચોઃ અર્થશાસ્ત્ર એ શું છે?

અર્થશાસ્ત્ર એ માનવના સંપૂર્ણ જીવનનો અભ્યાસ છે. માનવી આ દુનિયામાં કેમ રહે છે, તે કેમ વર્તે છે, કઈ રીતે વિચારે છે અને તે રીતે તેનું જીવન વિતાવે છે તેનો અભ્યાસ એટલે જ અર્થશાસ્ત્ર. પણ વાત અહીં અટકતી નથી...જે કોઈ માનવી જેનામાં કંઈક સત્ત્વ છે તે તેના બિઝનેસમાં તેનો થોડો ઉમદા સ્વભાવ પણ લઈ જાય છે. આ બિઝનેસમેનના નિર્ણયો ઉપર તેની અંગત માન્યતાઓ, અંગત સંસ્કારો, ફરજનું વંશપરંપરાગત ભાન અને ઉચ્ચ આદર્શો પ્રત્યેનું માન અસર કરે છે.

આલ્ફ્રેડ માર્શલને પ્રથમવાર મેં અગાઉ અર્થશાસ્ત્રના અભ્યાસી તરીકે વાંચેલા તે વાત હું ભૂલી ગયેલો તે આજે યાદ આવે છે. તમે આ વ્યાખ્યા મુજબ તમારી આજુબાજુની વ્યક્તિઓને જુઓ. જૈનોની કુટુંબ ભાવના જુઓ. પત્રકાર તરીકે મારા તમામ 'માલિકો' જૈનો રહ્યા છે. ગુજરાત સમાચાર, જન્મભૂમિ (ટ્રસ્ટી તરીકે શાંતિલાલ શાહ અને ચીમનલાલ ચકુભાઈ) અને આજે દિવ્ય ભાસ્કરના જૈન માલિકો છે. મારા એડવોકેટ મિત્ર વસંત પારેખ જે મહુવાના દાનવીર કાઝી શેઠની પેઢી સામે શેઠ શેરીમાં રહેતા હતા. તેણે કહ્યું કે સંયુક્ત કુટુંબની ભાવના સૌથી વધુ જૈનોમાં છે. રાજસ્થાનના મારવાડી જૈન રાજમલજી લોખંડના ભંગારના વેપારી છે પણ ૪૮ સભ્યો એક બિલ્ડીંગમાં રહે છે. સાથે જમે છે. દિવ્ય ભાસ્કરના સ્થાપક રમેશચંદ્ર અગ્રવાલના ત્રણેય પુત્રો સંયુક્ત સાહસમાં કામ કરે છે. અદ્‌ભુત કુટુંબભાવના છે. ધીરૂભાઈ અંબાણીના વેવાઈ અભયકુમાર કાસલીવાલ સંયુક્ત કુટુંબમાં રહ્યા અને મુંબઈમાં 'લગભગ પહેરેલે કપડે' આવેલા તે મોટા ઉદ્યોગપતિ થયા. પણ મોડે મોડે એક ભાઈની કુટુંબ ભાવના લુપ્ત થઈ તેનાથી થોડી બ્રેક લાગી. આવું જ હીરાના વેપારી કીર્તિલાલ મણિલાલ મહેતાના પુત્રોનું બન્યું છે. સંયુક્ત કુટુંબભાવના થોડી લૂપ્ત થઈ તેથી બ્રેક લાગી છે. તે દૃષ્ટિએ મફતલાલ મહેતા જેને અમે માત્ર મફતકાકા તરીકે ઓળખીએ છીએ, તેના પુત્રો આજે પણ એન્ટવર્પ, ન્યૂયોર્ક અને મુંબઈ વગેરે સ્થળે સંયુક્ત કુટુંબ ભાવનાથી રહે છે. આવું જ વૃત્તિમાં જૈનો જેવા પટેલો જે ડાયમન્ડ ઉદ્યોગમાં છે તેમનું ભાવિ ઉજળું છે. કારણ કે ભાઈઓ

સંપીને રહે છે.

ચાલો થોડાક જાણીતા જૈન મહાનુભાવોને યાદ કરીએ-

(૧) ડૉ. કોટનીસ કી અમર કહાની, ઝનક ઝનક પાયલ બાજે, દો આંખે બારહ હાથ જેવી મૂલ્યનિષ્ઠ ફિલ્મો બનાવનાર શાંતારામ રાજારામ વાનકુદ્રે ઉર્ફે વી. શાંતારામ, વીકીપીડીયાના કહેવા મુજબ જૈન (!) હતા. કોલ્હાપુરના માનવંતા કુટુંબમાં જન્મેલા. તેમને ભારત સરકારે પદ્મ વિભૂષણ બનાવેલા.

(૨) પૉલ ડુંડાસ નામના લેખકે તો 'વ્હાય જૈન્સ આર પ્રોસ્પરસ' નામનું પુસ્તક જ લખ્યું છે અને તેમાં તેમણે જૈનોની દાનવૃત્તિનો અછડતો ઉલ્લેખ કર્યો છે પણ લેખક સુરેન્દ્ર ગોપાલે ૧૩મી સદીના જગડુશા અને સુરતના વીરજી વોરાને યાદ કર્યા છે. શિવાજીએ ૧૬૬૪માં સુરત લુંટ્યું પછી વીરજી વોરાએ બૅન્કર અને દાનવીર રૂપે સુરતના અર્થતંત્રને બેઠું કરેલું. સુરેન્દ્ર ગોપાલ કહે છે કે મૂળભૂત રીતે જ જૈનો વેપારી, બૅન્કરો અને મની ચેન્જર હતા. લક્ષ્મી સાથે પાના પડેલા. ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીથી માંડીને અંગ્રેજોની ઈસ્ટ ઈન્ડિયાએ પણ વીરજી શેઠની મદદ લીધેલી. મરીના વેપારમાં વીરજી વોરાની મોનોપોલી હતી. ૧૬૨૫માં મરીની તાતી જરૂર અંગ્રેજોને લાગેલી તે વીરજી શેઠે પૂરી કરેલી. અંગ્રેજોને રૂા. ૨૦,૦૦૦ની લોન આપેલ.

(૩) મધ્યયુગથી જ જૈનો પ્રેસીયસ સ્ટોન્સ, ડાયમન્ડ, રૂબી અને મોતીના વેપારી હતા. જૈનોએ જાણે 'ઝવેરી'ની અટક જ અપનાવી લીધેલી. અમદાવાદના શાંતિદાસ શેઠ સૌથી મોટા હીરા-ઝવેરાતના વેપારી હતા. શહેનશાહ શાહજહાન શાંતિદાસને મામા તરીકે ઓળખતા.

(૪) રાત થોડી ને વેષ જાજા એ પ્રમાણે જગા ઓછી છે અને સેંકડો નામો રહી જાય છે. પણ અમદાવાદના કસ્તુરભાઈ લાલભાઈને યાદ કર્યા વગર ન ચાલે. ઉપરના તમામ જૈનો અને કસ્તુરભાઈ તેમજ ડૉ. વિક્રમ સારાભાઈ વિષે પુસ્તકો લખી શકાય. હું અને શીલા ભાગ્યશાળી છીએ કે ૧૯૭૯માં અમને પાલીતાણાના ડુંગરની ટોચના મંદિરે કસ્તુરભાઈના દર્શન થયા. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ ક્રેડિટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનથી માંડીને અને શરૂમાં તેમના વડવાઓએ કાપડ ઉદ્યોગ વિકસાવ્યો. ઉપર જે શાંતિદાસ શેઠનું નામ લખ્યું છે તે કસ્તુરભાઈના પૂર્વજ શેઠ શાંતિદાસના વડીલ યજ્ઞસિંહ ક્ષત્રિય જાગીરદાર હતા. તેમણે જૈન ધર્મની દીક્ષા લીધેલી. આ શાંતિદાસને શહેનશાહ અકબરે નગરશેઠ બનાવેલા. તમે જોયું હશે કે સૌરાષ્ટ્રમાં મોટા ભાગના નગરશેઠો કપોળ કે જૈન હતા. શું કામ? એ બધા દાનવીરો હતા! (કેટલાય નામો બાકી રહ્યા છે તે માટે વાચકો માફ કરે.) જૈનોની આ દાન ભાવના ઉપરાંત અન્ય બે સિદ્ધાંતો–અપરિગ્રહની ભાવના અને જીવદયાની અનુકંપા ખૂબ જ મહત્ત્વના છે. જૈનોની સમૃદ્ધિનું આ કર્મ અને કુદરતી કારણ છે. સામાન્ય માનવી કીડી–મંકોડાને મારે પણ જૈનો તો કીડીયારૂ પૂરવા જઈ કીડીને પણ ખોરાક આપે અને કબૂતર તેમ જ પક્ષીઓને ચણ અને પાણી પીવડાવવું એ કામ વ્રતની જેમ પાળે. મૂંગા જીવોના આશીર્વાદથી જૈનો સમૃદ્ધ છે. પાંજરાપોળોને જૈનો મંદિર જેટલું જ મહત્ત્વ આપે છે.

ભારતના મહાન નાગરિક તરીકે પદ્મશ્રી અને પદ્મ વિભૂષણની પદવી પામેલા જૈનો :

ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રીમતી સર્યુ દફતરી, પદ્મ વિભૂષણ મલ્લિકા સારાભાઈ, ડૉ. કિરીટ શાંતિલાલ પરીખ, પ્રો. ભીખુ પારેખ, પ્રવીણચંદ્ર વી. ગાંધી, મૃણાલિની સારાભાઈ, ગિરિલાલ જૈન, શ્રેયાંસ પ્રસાદ જૈન, ડૉ. શાંતિલાલ શેઠ, કસ્તુરભાઈ લાલભાઈ, અક્ષયકુમાર જૈન, હંસાબેન જીવરાજ મહેતા.

આમ જૈનો માત્ર વેપારમાં જ નહીં પણ કલામાં, સામાજિક સેવામાં, સાહિત્ય અને શિક્ષણમાં, તબીબી વિદ્યામાં, જાહેર કામોમાં અને ડૉ. દૌલત સિંઘ કોઠારી જેવા સિવીલ સર્વિસમાં પણ હતા અને તે તમામને પદ્મ વિભૂષણની પદવી મળી છે. ડૉ. રાકેશકુમાર નામના ઉત્તરાખંડના જૈનને અને ભંવરલાલ હીરાલાલ જૈનને વિજ્ઞાનને લગતો પદ્મશ્રી એવોર્ડ મળેલો. મહિલાઓ પણ વેપારમાં કુશળ હતી. જૈન કોમના સર્યુ દફતરીને ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ખમતીધર તરીકે પદ્મશ્રી એવૉર્ડ મળેલો!

(આ લેખ હું માનનીય શ્રી ચીમનલાલ ચકુભાઈને અર્પણ કરૂં છું જેણે મને આધ્યાત્મિક લેખો લખવાની પ્રેરણા આપી અને મોકો.) ✷ ✷ ✷

૭૦૩, ક્ષિતિજ સાંઈબાબા નગર, પોઈસર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭.
ફોન નં.: (૦૨૨) ૨૮૦૭૨૯૪૫

શ્રી ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફલ-દાતાર. ૧
પ્રભુ – વચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણી વાર;
ચઉદહ પૂરવમાં રચે, લોકાલોક વિચાર. ૨
ભગવતી સૂત્રે ધુર નમી, બંભી લિપિ જયકાર;
લોક-લોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર. ૩
વીર પ્રભુ સુખિયા થયા, દિવાલી દિન સાર;
અંતર્મુહરત તત્ક્ષણે, સુખિયો સહુ સંસાર. ૪
કેવલજ્ઞાન લહે યદા, શ્રી ગૌતમ ગણધાર;
સુર-નર હરખ ધરી તદા, કરે મહોત્સવ ઉદાર. ૫
સુર-નર પરષદા આગલે, ભાખે શ્રી શ્રુતનાણ;
નાણ થકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચઉ ઠાણ. ૬
તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર;
વીર આગમ અવિચલ રહો, વરસ એકવીસ હજાર. ૭
ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ;
ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ. ૮

ભગવાન મહાવીર તથા મહાત્મા ગાંધી

❑ લેખક : કામતાપ્રસાદ જૈન (હિંદી) અનુવાદ : પુષ્પા પરીખ

સ્વ. પૂ. મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં વિ. સં. ૧૯૨૬ના મહાવીર જયંતીના અવસરે તેમના ભાષણમાં જણાવ્યું હતું, 'જો મહાવીર સ્વામીનું નામ કોઈ પણ સિદ્ધાંત માટે હાલમાં પૂજાતું હોય તો તે છે 'અહિંસા'. મેં મારી શક્તિ અનુસાર સંસારના જુદા જુદા ધર્મોનું અધ્યયન કર્યું છે અને જે સિદ્ધાંતો મને યોગ્ય લાગ્યા છે તેનું આચરણ પણ મેં કર્યું છે. મારું જરૂર એવું માનવું છે કે દરેક ધર્મની ઉચ્ચતા એમાં અહિંસાનું પ્રમાણ કેટલા ટકા છે તેના પર અવલંબે છે અને આ અહિંસાના તત્ત્વને સૌથી વધુ મહત્ત્વ આપ્યું હોય તો તે મહાવીર સ્વામીએ જ.' આ રીતે મહાત્મા ગાંધીજીની દૃષ્ટિએ મહાવીર સ્વામી અહિંસાના સર્વશ્રેષ્ઠ પ્રણેતા હતા. હવે આ બંનેની પરસ્પર તુલના શું કરી શકાય?

ભગવાન મહાવીર ધર્મયુગના ક્રાંતિકારી વૈજ્ઞાનિક મહાપુરુષ હતા અને મહાત્મા ગાંધી કળિયુગના ક્રાંતિમય સુધારાવાદી નેતા હતા. ગાંધીજીનું કહેવું છે કે ભગવાન મહાવીર પાસે તેઓ ઘણું બધું પામ્યા. આ યુગમાં ભગવાન મહાવીરના બીજા અનન્ય ભક્ત શતાવધાની જૈન કવિ રાજચંદ્રજી પણ થઈ ગયા. મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં જ એક વાર આ રાજચંદ્રજી વિષે કહ્યું હતું, 'મારા જીવન પર રાજચંદ્રજીનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે જેનું વર્ણન કરવું અશક્ય છે. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટૉલ્સટોયને પ્રથમ શ્રેણીના અને રસ્કીનને દ્વિતિય શ્રેણીના વિદ્વાન માનું છું.'

શ્રીમદ્ રાજચંદ્રના સંપર્કમાં આવીને ગાંધીજીએ મહાવીરના સિદ્ધાંતનો પરિચય મેળવ્યો. આ અધ્યયનથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા હતા કે અહિંસાને પોતાના જીવનનો આધારસ્તંભ જ બનાવી દીધો અને તે અનુસાર સત્યાગ્રહ સંગ્રામમાં જીત મેળવી ભારતને સ્વતંત્રતા અપાવી.

નિઃસંદેહ એમના પર બાળપણથી જ જૈન ધર્માચાર્યોનો પ્રભાવ પડ્યો હતો. એમના માતાજીના ગુરુ જૈન ધર્માનુયાયી બેચરજી સ્વામી હતા તથા તેમના પિતાશ્રી પાસે જૈન ધર્માચાર્યો અવારનવાર આવતા જેમની ધર્મચર્ચા તેઓ સાંભળતા. વિલાયત જતાં પહેલાંના પ્રસંગનો ઉલ્લેખ તેઓએ તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં કર્યો છે અને તેમાં લખ્યું છે, 'માએ જણાવ્યું કે મને તો તારામાં વિશ્વાસ છે જ પરંતુ દૂર દૂર વિદેશમાં શું શું તકલીફો આવે એની કોને ખબર? મારી તો અક્કલ કામ નથી કરતી. હું બેચરજી સ્વામીને પૂછી જોઈશ. તેઓ મોઢ વાણિયામાંથી સાધુ બન્યા છે. જ્યોતિષી જેવા સલાહકાર પણ છે. એમણે મને મદદ કરી. તેઓએ કહ્યું કે હું આની પાસે ત્રણ પ્રતિજ્ઞાઓ લેવડાવીશ. પછી એને જવા દેવામાં કોઈ વાંધો નહીં.'

તે અનુસાર મેં માંસ, મદિરા અને સ્ત્રી સંગતથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લીધી. માએ તો રજા આપી દીધી. આ પ્રસંગ સ્પષ્ટપણે દર્શાવે છે કે મહાત્મા ગાંધીજીના અહિંસક જીવન નિર્માણના મૂળમાં મહાવીરની અહિંસાનો કેટલો મોટો ફાળો હતો. જૈન સાધુએ જ તેમને અહિંસા વ્રતના આંશિક પાલનનું વચન લેવડાવેલું.

આગળ જતાં આફ્રિકાના અનુભવોએ ગાંધીજીને ધર્મતત્ત્વ સમજવામાં ઘણા પ્રોત્સાહિત કર્યા હતા. એ સમયે એમને જૈન કવિ શ્રી રાજચંદ્ર પાસેથી તત્ત્વજ્ઞાન બાબતમાં ઘણી મદદ મળી હતી. તેઓ પોતે જણાવે છે, 'હું ઘણાંયે ધર્માચાર્યોના સંપર્કમાં આવ્યો છું. પ્રત્યેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે, પરંતુ રાયચંદભાઈ (શ્રીમદ્ રાજચંદ્ર)ની છાપ અથવા અસર મારા મન પર જેટલી ગહન પડી એવી કોઈની નથી પડી. રાયચંદભાઈએ સ્વતઃ પોતાના સંસર્ગથી અને રસ્કિને તેમના પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ સર્વોદય' તથા ટૉલસ્ટોયે તેમના પુસ્તક 'વૈકુંઠ તુમ્હારે હૃદયમેં હૈ' નામના પુસ્તક દ્વારા મને ચકિત કરી દીધો. આફ્રિકાના અતિ કઠિન દિવસોના પ્રસંગોનું વર્ણન કરતાં ગાંધીજીએ લખ્યું છે, 'મેં મારી તકલીફો વિષે રાયચંદભાઈને તથા ભારતના બીજા ધર્મશાસ્ત્રીઓ સાથે પણ પત્રવ્યવહાર કર્યો. બધાના જવાબો પણ આવ્યા, પરંતુ રાયચંદભાઈના પત્રથી જ મને કંઈક શાંતિ મળી. તેઓની સાથે પત્રવ્યવહાર છેક અંત સુધી રહ્યો. તેઓએ ઘણાં પુસ્તકો પણ મોકલ્યા જે મેં વાંચ્યા પણ ખરા. તેઓના મોકલેલ પુસ્તકોમાં 'પંચીકરણ', 'મણિરત્નમાલા', 'મુમુક્ષુ પ્રકરણ', 'યોગવસિષ્ઠ', હરિભદ્રસુરિનું 'ષટ્દર્શનસમુચ્ચય' વગેરે હતા. નાતાલ (આફ્રિકા)થી ગાંધીજીએ રાજચંદ્રને એક પત્રમાં આત્મધર્મને લગતા સત્તાવીસ પ્રશ્નો પૂછ્યા હતા. આનો જવાબ રાજચંદ્રજીએ આપ્યો હતો તે તેમના પુસ્તક 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જે પહેલી વાર મુંબઈથી પ્રકાશિત થયું તેની શરૂઆતમાં આપેલો છે. આ પ્રશ્નોત્તર વાંચવાથી જરૂર એમ પુરવાર થાય કે ગાંધીજીના ધર્મસિદ્ધાંતો કવિ રાજચંદ્રના સિદ્ધાંતો પર નિર્ભર હતા. દા. ત. ગાંધીજીનો એક પ્રશ્ન હતો, 'જો સાપ આપણને ડંખ દેવા આવે તો સ્થિર ઊભા રહીને એને ડંખ મારવા દેવો કે એને મારી નાંખવો જોઈએ?' કવિશ્રીનો જવાબ જુઓ, 'જો હું એમ કહું કે સાપને કરડવા દો તો બહુ મોટી સમસ્યા ઊભી થાય. તે છતાં જ્યારે તમે આ શરીરને અનિત્ય માનેલું જ છે તો આ શરીરની રક્ષા કાજે સાપને મારી નાંખવો એ ઉચિત કેમ સમજાય? જે આત્મહિતના ઇચ્છુક છે તેણે તો શરીરનો મોહ છોડી

સાપને આધીન થઈ જવું. પરંતુ જો શરીરનો મોહ હોય તો નરકાદિ દુર્ગતિઓમાં પરિભ્રમણ કરવું જ રહ્યું. સાપને મારી નાખવાનો ઉપદેશ તો અપાય જ કેમ? અનાર્યવૃત્તિ દ્વારા જ સાપને મારી નાંખવાનો ઉપદેશ અપાય. આપણે તો સ્વપ્નમાં પણ આવી વૃત્તિને પોષાય નહીં.' તો ગાંધીજીએ આ આર્ય-સત્યના આધાર પર જ તેમનો અહિંસાનો સિદ્ધાંત નિર્ધારિત કર્યો હતો. આજ કારણે જ્યારે ભારતે ૧૫ ઑગસ્ટ ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત કરી અને દેશમાં સાંપ્રદાયિક વિદ્વેષાગ્નિ જોરથી ભભૂકી ઊઠ્યો ત્યારે અત્યાચારીઓ પ્રતિ પણ દયાભાવ દાખવી બદલો નહીં લેવા ઉપદેશ આપ્યો.મનુષ્ય હતબુદ્ધિ થઈ ભયંકર સર્પ સમાન બની ગયો તો શું એના અશોભિત ક્રૂર કાર્ય બદલ ગુસ્સે થઈ વિવેકી મનુષ્ય પોતાનો આર્યધર્મ ભૂલી જાય? હરગિઝ નહીં. ગાંધીજીએ કહ્યું, 'બદલો લેવાથી કદી દ્વેષ નષ્ટ થતો નથી. પ્રેમ અને ક્ષમાથી જ દ્વેષનો નાશ કરી શકાય. ભગવાન મહાવીરે પણ કહ્યું છે, 'શાંતિથી ક્રોધને જીતો.' (उवसमेण हणो कोहं) આમ આપણે જોયું કે ગાંધીજી દ્વારા ભગવાન મહાવીરના ઉપદેશેલા સિદ્ધાંતોનો જ પ્રચાર થયો છે.

હે ગૌતમ પ્રભુ!
અષ્ટાપદ ઉપર આપ ચડી ગયા,
પણ
મારી ઉપર
અષ્ટ-આપદ ચડી ગઈ છે
અષ્ટાપદ ઉપર ચડવા
આપે સૂર્યનાં તેજકિરણોનું આલંબન લીધું,
અષ્ટ-આપદને ઉતારવા
આપનાં તેજકિરણોનું આલંબન
મને આપો!

મહાત્મા ગાંધીજી પૂર્ણ શાકાહારી તો હતા જ ઉપરાંત ચૌવિહારમાં પણ માનતા હતા. એક વખત તેમના પુત્ર મણિલાલ ભારે તાવમાં સપડાયા અને ડૉક્ટરે મરઘીના ઈંડાનો સરકો આપવાનું કહ્યું. ઔષધિ તરીકે નાદાન બાળકને આ આપવામાં કંઈ હરકત નહીં એમ પણ જણાવ્યું. ગાંધીજીએ તો ડૉક્ટરની વાત ન માની અને પાણીનો ઉપચાર કર્યો. પુત્રમોહમાં સ્વધર્મથી વિચલિત ન થયા. મણિલાલ સારા થઈ ગયા. આ બતાવે છે કેટલી દૃઢતાપૂર્વક તેઓ અહિંસામાં માનતા હતા.

જોકે ગાંધીજી પોતાને, જન્મે વૈષ્ણવ હોવાથી 'વૈષ્ણવ' કહેવડાવતા; પરંતુ 'વૈષ્ણવ'નો બહુ વ્યાપક અર્થ કરતા. તેઓ સંપ્રદાય અને જાતિવાદથી પર ઘણા ઉચ્ચ સ્તરે પહોંચેલા હતા. તેઓ ગુણના પૂજારી હતા અને એ કારણે તો તેઓએ હરિજન ઉદ્ધારની વાત કરી હતી અને ભંગીવાસમાં જઈને રહ્યા પણ હતા. ઉચ્ચ જાતિમાં જન્મ લેવાથી ઉચ્ચ બનાતું નથી એવા ભગવાન મહાવીરના વિચારને તેમણે મૂર્તિમંત બનાવ્યો હતો. મનુષ્ય પોતાના કર્મ થકી બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર થાય છે. જૈનોની માફક જ ગાંધીજી પ્રત્યેક જીવને ઈશ્વર માનતા હતા. તેમના મતે ઈશ્વર પ્રત્યેક મનુષ્યના હૃદયમાં બિરાજમાન છે. તેઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે, 'મારો ઈશ્વર તો સત્ય અને પ્રેમ છે. નીતિ અને સદાચાર ઈશ્વર છે. નિર્ભયતા ઇશ્વર છે. ઈશ્વર પ્રકાશ અને જીવનનું મૂળ છે. ઈશ્વર અંતરાત્મા છે. ઈશ્વરના અનેક નામ છે. તેથી આપણે એને અરૂપ પણ કહીએ છીએ.' (નવજીવન /૫-૨૫) શ્રી સમન્તભદ્રાચાર્યજીએ 'અહિંસા'ને જ પરબ્રહ્મ કહ્યો છે.

ધર્મના વૃક્ષનું સિંચન મૃત્યુ પામનાર જ કરે છે. બહાદુર લોકો મરણ પામતાં પણ માનનાર વિરૂદ્ધ ફરિયાદ નથી કરતા. મારનારને સજા અપાવવાની વાતનો વિચાર પણ નથી કરતા. જેવું તેઓએ કહ્યું તેવું જ કરી બતાવ્યું. પોતાના હત્યારા પ્રતિ પણ તેઓએ દયાવૃત્તિ દાખવી. તેઓ મહાન વ્યક્તિ બની ગયા.

જેવી રીતે ભગવાન મહાવીરે અહિંસાને પરમ ધર્મ માન્યો અને લોકજીવનમાં સફળ બનાવ્યો તેવી જ રીતે તેમના પછી ગાંધીજીએ અહિંસાના પ્રયોગોને માનવજીવનમાં સફળ બનાવ્યા. તેઓએ સ્પષ્ટ જણાવ્યું, 'અમુક લોકો તલવારથી હિંદુ ધર્મને બચાવવાની વાત કરે છે. તેઓ તલવાર લઈને કવાયત કરે છે. આ બધું શાને માટે? મારવા માટે? આ રીતે હિંદુ ધર્મનો ફેલાવો નહીં થાય. સત્યથી જ ધર્મનો પ્રચાર થાય. 'સત્યાન્નાસ્તિ પરો ધર્મ' તથા 'અહિંસા પરમો ધર્મ' પણ હિંદુ ધર્મની જ માન્યતા છે.

મહાત્મા ગાંધીજીએ ભગવાન મહાવીરને અહિંસાના મહાન આત્મા માન્યા અને તેમના અનન્ય ભક્ત કવિ રાજચંદ્ર પાસેથી ધર્મતત્ત્વ સમજી, શીખી, જીવનને સફળ બનાવ્યું અને ભારતવાસીઓને આત્મસ્વાતંત્ર્ય ભોગનું સુખ પ્રાપ્ત કરાવ્યું. હવે આપણું કર્તવ્ય છે સત્ય અને અહિંસાને દુનિયામાં સજીવ બનાવવાનું.

હે ગૌતમ પ્રભુ!
આપની પાસે
વિશિષ્ટ જ્ઞાન અને વિરલ
લબ્ધિઓ હતી,
છતાં તે બધું આપે ગોપવી રાખ્યું!
મારી પાસે જે નથી
તેની ડંફાસો પણ
હું હાંકે રાખું છું...
આપની અને મારી વચ્ચેનું
અંતર કયારે ઘટશે?

✷ ✷ ✷

(મહાવીર સ્મૃતિ ગ્રંથમાંથી સાભાર)
(જિન ભાષિત)

૬/બી, ૧લે માળે, કેનવે હાઉસ,
વી.એ.પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૩૬૧૧

આગમ...આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

❑ ગુણવંત બરવાળિયા

(વિદ્વાન લેખક વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, ઉપરાંત જૈન ધર્મના ઊંડા અભ્યાસી અને જૈન આગમ વિશેના અન્ય જૈન સાહિત્ય વિષયક પુસ્તકોના કર્તા તેમજ ગુજરાતી સાહિત્યના પણ લેખક છે. ઉપરાંત જૈન સાહિત્ય જ્ઞાન સત્રના સંયોજક છે.)

(જૈન દેરાવાસી સંપ્રદાયને માન્ય પિસ્તાલીસ આગમો એ સૂત્ર ગણાય છે. *સૂત્રોના અનુસારે સુવિહિત પૂર્વાચાર્યોએ નિર્યુક્તિ, વૃત્તિ, ભાષ્ય, ચૂર્ણી વગેરે કરી હોય છે તે પણ સૂત્રરૂપ ગણાય છે. તેમજ સૂત્રોના અનુસારે રચાયેલા પ્રામાણિક ગ્રન્થો, પ્રકરણો વગેરેનો પણ સૂત્રમાં અન્તર્ભાવ થાય છે.* ***સૂત્રોથી વિરૂદ્ધ ભાષણ કરવું તે ઉત્સૂત્ર ગણાય છે. 'ઉત્સૂત્ર ભાષણ સમાન' કોઈ જગતમાં મહાન પાપ નથી.'*** *શ્રી વીરપ્રભુથી ઊતરી આવેલાં સૂત્રો સરખો કોઈ શ્રુતજ્ઞાનરૂપ મહાન ધર્મ નથી. આ કલિયુગમાં શ્રી વીરપ્રભુના આગમોનો આધાર છે. શ્રીમદ્ આનન્દઘનજી કહે છે કે સંપ્રતિવિદ્યમાન સૂત્રો સમાન અન્ય કોઈ શ્રુતધર્મ નથી.* ***પિસ્તાલીસ આગમોના નામ નીચે પ્રમાણે છે:***

૧. આચારાંગ ૨. સુયગડાંગ ૩. સમવાયાંગ ૫. ભગવતી ૬. જ્ઞાતાધર્મકથા ૭. ઉપાસકદશાંગ ૮. અંતગડદશાંગ ૯. અનુત્તરોવવાઇ દશાંગ ૧૦. પ્રશ્નવ્યાકરણ ૧૧. વિપાક-એ અગિયાર અંગ તથા ૧૨. દૃષ્ટિવાદ અંગ, કે જેનાં ચઉદ પૂર્વો હતા તેનો હાલ વિચ્છેદ થયો છે; તથા બાર ઉપાંગ: ૧. ઉપવાઇ ૨. રાયપસેણી ૩. જોવાભિગમ ૪. પન્નવર્ણા ૫. જંબુદ્વીપપન્નતિ ૬. ચંદ્રપન્નતિ ૭. સૂરપન્નતિ ૮. કપ્પિઆ ૯. કપ્પિવડંસિયા ૧૦. પુષ્ફિયા ૧૧. પુષ્ફચુલીયા ૧૨. વન્હિદિશા એ બાર ઉપાંગ જાણવા, અને ૧. વ્યવહારસૂત્ર ૨. બૃહત્કલ્પ ૩. દશાશ્રુતસ્કંધ ૪. નિશીથ ૫. મહાનિશીથ ૬. જીતકલ્પ એ છ છેદગ્રંથ, તથા ૧. ચઉસરણ ૨. સંથારાપયન્નો ૩. તંદુલવેયાલીય ૪. ચંદાવિજય ૫. ગણિવાવિજ્જા ૬. રેવિંદથુઓ ૭. વીરથુઓ ૮. ગચ્છાચાર ૯. જોતિકરંક ૧૦. આઉરપચ્ચખાણ, એ દસ પયન્નાનાં નામ તથા ૧. આવશ્યક ૨. દશવૈકાલિક ૩. ઉત્તરાધ્યયન ૪. ઓધનિર્યુક્તિ એ ચાર મૂલસૂત્ર તથા ૧. નંદિ ૨. અનુયોગદ્વાર-એ પીસ્તાલીસ આગમ. ૧. મૂલસૂત્ર ૨. નિર્યુક્તિ ૩. ભાષ્ય ૪. ચૂર્ણિ ૫. ટીકા-એ પંચાંગી જાણવી.

*સ્થાનકવાસી સંપ્રદાયને ૩૨ આગમો માન્ય છે. દિગંબર સપ્રદાય આગમોનો સ્વીકાર કરતા નથી. એ સંપ્રદાયના આચાર્યો ભગવંતોએ રચેલા ગ્રંથોને આગમ જેટલું જ મહત્ત્વ આ સંપ્રદાય આપે છે. એ મહાન ગ્રંથોના નામ છેઃ સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, રયણસાર, અષ્ટપાહુર, શતખંડાગમ, કશાયપાહુડ, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, તત્ત્વાર્થસૂત્ર, લબ્ધિસાર, ક્ષપણસાર, ત્રિલોકસાર, રત્નકરંડશ્રાવકાચાર વિગેરે. –**તંત્રી**)*

પ્રબુદ્ધ કરૂણા કરનારા ભગવાન મહાવીરે ઉપ્પનેઈવા, વિગમેઈવા અને ધુવેઈવા આ ત્રિપદી દ્વારા દેશના આપી. ગણધર ભગવંતો દ્વારા આ ઉપદેશ આપણને આગમ રૂપે મળ્યો.

પૂ. શ્રી દેવર્ધીગણીને અનુભૂતિ થઈ કે કાળક્રમે માનવીની સ્મૃતિ શક્તિ ઓછી થતી જાય છે, જેથી પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરનો આ દિવ્ય વારસો જળવાઈ રહે તે માટે વલ્લભીપુરમાં ૫૦૦ સાધુ મહાત્માઓના સહયોગથી સતત ૧૩ વર્ષના પુરુષાર્થથી એ દિવ્ય વારસાને લેખનકાર્ય દ્વારા_લિપિબદ્ધ કર્યો...

પૂર્વાચાર્યોએ શ્રમણ સંસ્કૃતિની જ્ઞાનધારા ગતિમાન રાખવા માટે સમયે સમયે આગમોનું સંપાદન, સંશોધન, સંવર્ધન અને સંકલન કરી અદ્‌ભુત યોગદાન આપ્યું છે.

સમગ્ર માનવજાતના કલ્યાણને માટેની હિતચિંતા, અકારણ કરૂણાના કરનારા પ્રભુ મહાવીરને સતત દેશના આપવા પ્રેરે છે. તેને કારણે માત્ર જૈન સાહિત્યને જ નહીં પરંતુ વિશ્વના દર્શન સાહિત્યને એક અમૂલ્ય ભેટ મળે છે.

આગમોનું ચિંતન, સ્વાધ્યાય અને પરિશિલન અજ્ઞાનના અંધારા દૂર કરી જ્ઞાનનો દીવો પ્રગટાવે છે. જૈન તત્ત્વજ્ઞાન આચાર શાસ્ત્ર તથા વિચાર દર્શનનો સુભગ સમન્વય સાથે સંતુલિત તેમજ માર્મિક વિવેચન આગમમાં છે, તેથી તેને જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય...

પાપ-પ્રવૃત્તિ અને કર્મબંધનમાંથી મુક્ત થઈને પંચમગતિના શાશ્વત સુખો કઈ રીતે પામી શકાય તે અહિંસાના પરમ ધ્યેયની પુષ્ટિ કરવા સદ્‌ગુણોની પ્રતિષ્ઠા આ સંપૂર્ણ સૂત્રોમાં કરી છે.

આગમના નૈસર્ગિક તેજપૂંજમાંથી એક નાનકડું કિરણ મળે તો પણ આપણું જીવન પ્રકાશમય થઈ જાય. આત્માને કર્મમુક્ત થવાની પાવન પ્રક્રિયામાં પ્રવાહિત કરતા આગમ સૂત્રો, આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

ગણધર ભગવંતોએ ભગવાનની વાણીને ઝીલી સૂત્રબદ્ધ કરેલા આગમો, જીવના કલ્યાણમંગલ માટે, વ્યક્તિને ઉર્ધ્વપંથના યાત્રી બનાવવા માટે, પ્રેરણાના પ્રકાશ પાથરે છે.

અનાદિકાળથી આત્મા ઉપર લાગેલી કર્મરજને સાફ કરવાની પ્રક્રિયા એટલે આત્મ સુધારણા! આત્મા પર કર્મ દ્વારા વિકૃતિ અને મલિનાતાના થર જામ્યા છે, જેથી હું મારા આત્માના સાચા સ્વરૂપને જોઈ શકતો નથી. અપાર શક્તિના સ્વામી આત્માના દર્શન થઈ જાય તો સંસારના દુઃખો અને જન્મ-મરણની શૃંખલામાંથી મુક્તિ મળી જાય.

અંગ, ઉપાંગ, છેદ સૂત્ર, પયન્ના, મૂળસૂત્ર અને પ્રકિર્ણક, વિગેરેમાં ૩૨ અથવા ૪૫ આગમો સમાવિષ્ટ છે.

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં ઠેર ઠેર આત્મસુધારણાની પ્રક્રિયાનો નિર્દેશ છે.

આગમ શાસ્ત્રો જૈનશાસનના બંધારણનો પાયો છે. જૈન આગમરૂપી આ દસ્તાવેજમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ ત્રિરત્નની માલિકી આપવાના સિદ્ધાંતો, નિયમો અને આચારોનું માર્ગદર્શન આપવામાં આવેલ છે. એમાં જણાવેલ આચારપાલન અવશ્ય માનવીની આત્મસુધારણા કરાવી શકે.

આ આગમ આત્મસુધારણા માટે કઈ રીતે પ્રેરક બન્યા છે, તેની વિચારણા કરીએ.

આચાર એ જ પ્રથમ ધર્મ છે. આ જીવન સૂત્ર અપનાવવાની સફળ તરકીબો શ્રી આચારાંગ સૂત્રમાં છે. આચારશુદ્ધિ દ્વારા જીવનશુદ્ધિના સ્તરને ઊંચું લાવવા માટે છ પ્રકારના જીવોને 'યતના', 'જયણા' અને 'આચારશુદ્ધિ'નો માર્ગ બતાવ્યો છે. વળી આત્મસુધારણા અને સમાધિની પ્રાપ્તિ કરવામાં ઇંદ્રિયવિજયની પ્રધાનતાનું નિરૂપણ કરતાં શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે શ્રે ગુણે સે મૂલઢાણે, શ્રી મૂલટ્ઠાણે...જે પાંચ ઇન્દ્રિયોના વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે.

જગતના ભિન્ન ભિન્ન દાર્શનિકોના વિચારોનો કમ્પેરેટિવ સ્ટડી–તફાવત અને સરખામણી દ્વારા તેની અપૂર્ણતા પ્રત્યે અંગુલિનિર્દેશ કરી, સાધુના આચારો અને વૈરાગ્યના દુઃખોના વર્ણન દ્વારા જીવને વૈરાગ્ય ભાવ તરફ **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** પ્રેરે છે.

વિવેકબુદ્ધિનું બંધારણ વ્યવસ્થિત રાખવા માટે જગતના ભિન્ન ભિન્ન પદાર્થોનું વર્ગીકરણ **શ્રી ઠાણાંગ સૂત્ર**માં કરવામાં આવ્યું છે. આત્મસુધારણા માટે દસ સંજ્ઞાઓને દસ રાષ્ટ્રધર્મ દ્વારા કઈ રીતે સંસ્કારિત કરી શકાય તેનું સુંદર નિરૂપણ શ્રી ઠાણાંગ સૂત્રમાં કરવામાં આવેલ છે.

જગતના પદાર્થોનું સમ્યક્ પ્રકારનું વિશિષ્ટ જ્ઞાન **શ્રી સમવાયાંગ સૂત્ર**માં આપ્યું છે.

એકતાલીસ વિભાગમાં દસ હજાર ઉદ્દેશકા અને પંદર હજાર સાતસો બાવન શ્લોક સહ દ્વાદશાંગીનું સૌથી મોટું મહાસાગર સમાન ગંભીર અને ગુઢાર્થવાળું આગમ એટલે **શ્રી ભગવતી સૂત્ર.** શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછેલા ૩૬૦૦૦ પ્રશ્નોના સુંદર સમાધાનના આગમમાંથી એકાદ ભાવ પણ જો આચરણમાં મૂકીએ તો માનવજીવન સાર્થક બની જાય.

ધર્મકથાનુયોગમય **શ્રી જ્ઞાતા ધર્મકથા** નામના આ આગમમાં મહાપુરુષોના જીવનની સત્ય ઘટનાઓ અને ઔપદેશિક કથાઓનો વિપુલ સંગ્રહ છે. દ્રવ્યાનુયોગ કથાનુયોગ પર સવારી કરીને આવે તો દર્શનના રહસ્યો સરળતાથી સમજાઈ શકે. આ ધર્મકથાનું શ્રવણ બાલજીવોને ધર્મપ્રતિ પ્રેરનારું બની રહે, ધર્મમાર્ગમાં સ્થિર કરનાર બને તેવું છે.

શ્રી ઉપાસક દશાંગ સૂત્ર વીરપ્રભુના શાસનના દશ મહાશ્રાવકોના દેશવિરતિના ઉત્કૃષ્ટ આચારનું વર્ણન આપણને પ્રેરણાના પીયૂષ પાય છે.

શ્રી અંતગડદશાંગ સૂત્રમાં અંતમુર્હૂતમાં મોક્ષે ગયેલા પુણ્યાત્મા, આરાધક મુનિઓના જીવન, શ્રાવકના ત્રણ મનોરથ ચરિતાર્થ કરવાના પ્રેરક બને છે.

શ્રી અનુત્તરોપપાતિક દશાંગ સૂત્ર આગમમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મહાત્માઓનું જીવન આપણા અધ્યાત્મ જીવનને નવી દિશા આપે છે.

મંત્રના ઉપયોગ અને લબ્ધિદિશાનું દર્શન કરાવનાર **શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**નાં પાંચ મહાપાપોનું વર્ણન વાંચતા પાપથી પાછા ફરવાનો પાવન અવસર પ્રાપ્ત થાય છે.

શ્રી વિપાક સૂત્ર આગમમાં અજ્ઞાન દશામાં બાંધેલા કર્મોના ભયંકર ફળ, પાપકર્મોથી દૂર રહેવાનો માર્ગ બતાવે છે. દુષ્કૃત્યથી દુઃખ વિપાક થાય છે અને સુકૃતથી સુખવિપાક, આ જાણી આપણી વૃત્તિઓ સુકૃત તરફ પ્રયાણ કરશે.

આગમમાં અંગસૂત્રોના વર્ગીકરણ ઉપરાંત ૧૨ ઉપાંગ સૂત્રોનું પણ વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

ઉપાંગો અંગોના સ્વરૂપને વિસ્તારે છે.

શ્રી ઉવવાઈ સૂત્રમાં ભગવાનના ગુણવૈભવ–ગણધરો શ્રમણોની સંયમ સાધનાનું દિગ્દર્શન છે. ભગવાનનું નગરીમાં આગમન થતાં રાજા આનંદ–ઉલ્લાસ અને ભક્તિભાવથી દેવાધિદેવના દર્શને જાય છે તે વર્ણન વાંચતા સંતો પાસે જવાની, વંદન કરવાની વિશિષ્ટ વિધિ કરવાનો બોધ પ્રાપ્ત થાય છે.

શ્રી રાયપસેણીય સૂત્ર વાંચતા ગુરુનો સમાગમ થતાં પરદેશી રાજાના જીવન પરિવર્તનનું વર્ણન વાંચી, ગમે તેવા પાપી જીવ પણ અધ્યાત્મની ઊંચી દિશા સુધી પહોંચી શકે છે, તેની પ્રતીતિ થાય છે.

શ્રી જીવાભિગમ સૂત્ર વાંચતા જીવ–અજીવના જ્ઞાન દ્વારા અહિંસા અને જયણા ધર્મ પાળી શકાય છે.

શ્રી પન્નાવણા સૂત્રમાં જૈન તત્ત્વજ્ઞાનની સમજણ, **શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં** તીર્થંકર અને ચક્રવર્તી જેવા ઉત્તમ પુરુષોના જીવન વ્યવહારના પરિચય દ્વારા આત્મસુધારણાની પ્રક્રિયાને વેગ મળે છે.

શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર અને શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર દ્વારા જૈન ખગોળના જ્ઞાનથી આ વિશાળ લોક અને પ્રકાશ ક્ષેત્રનું વર્ણન વાંચતા આપણી લઘુતાનું જ્ઞાન થતા અહંકાર ઓગળી જશે.

શ્રી નિરયાવલિકાના પાંચ ઉપાંગ સૂત્રો શ્રેણિકરાજા, બહુપુત્રીકાદેવી, લક્ષ્મીદેવી, બળદેવ વિગેરે બાવન આત્માઓનાં પૂર્વ પશ્ચાત્ ભવના

કથન દ્વારા કર્મસિદ્ધાંત તથા સંસારના ઋણાનુબંધ સંબંધની વિચિત્રતાનો બોધ થાય છે.

શ્રી શય્યંભવાચાર્યે પોતાના પુત્ર બાલમુનિ શ્રી મનકને લક્ષમાં રાખી, પ્રથમ મૂળ સૂત્ર **શ્રી દશવૈકાલિક સૂત્રની** રચના કરી છે.

સાધુપણાના આચારધર્મની વાત શ્રી દશવૈકાલિક સૂત્રમાં કરવામાં આવી છે.

પરમ દાર્શનિક પૂ. શ્રી જયંતમુનિ મ.સા. લખે છે કે દશવૈકાલિક જૈન આગમનો સાર સરવાળો છે. આ એક શાસ્ત્રના અવગાહનથી હજારો શાસ્ત્રોનું અવગાહન થઈ જાય છે. આ સૂત્ર મુક્તિધામની મહાયાત્રા છે.

સાધુ જીવનના સમગ્ર વ્યવહારને સમજાવતો આ આગમ ગ્રંથ સાધુ જીવનની બાળપોથી છે. સાધુ જીવનમાં ઉપયોગી હિતશિક્ષાઓ અને બે ચૂલિકામાં ભાવથી પતિત થયેલા સાધકને સંયમભાવમાં સ્થિર કરવા માટે પ્રેરે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભગવાનની અંતિમ દેશના રૂપે સમસ્ત જૈન સમાજમાં શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ૩૬ અધ્યયનમાં પ્રભુના અંતિમ ઉપદેશમાં, જૈન ધર્મના મુખ્યતમ વિષયોનો પ્રાયઃ સમાવેશ થયો છે, જેનું ચિંતન અને આચરણ આત્માનું ઉર્ધ્વગમન કરાવી શકે છે.

શ્રી નંદીસૂત્રમાં પૂ. દેવર્ધિગણી ક્ષમાશ્રમણે પાંચ જ્ઞાનનું વર્ણન કર્યું છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ પ્રત્યક્ષ જ્ઞાન છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષ જ્ઞાન છે. આ પાંચ જ્ઞાન ગ્રહણ કરવાની વિધિને પ્રકાશિત કરતું શ્રી નંદી સૂત્ર શ્રુતસાધકના આત્મિક આનંદનું કારણ બની જાય છે.

નવ પૂર્વધર આચાર્ય શ્રી આર્યરક્ષિત મુનિએ **શ્રી અનુયોગદ્વાર સૂત્રની** રચના દ્વારા સર્વ આગમોને સમજવાની આપણને માસ્ટર કી આપી છે.

શ્રી નિશીથ સૂત્રમાં પાપ સેવન કે વ્રતભંગથી પ્રાયશ્ચિત્તનો નિર્દેશ કરી આત્માને પાપ ન કરવાની પ્રક્રિયા બતાવી છે.

શ્રી બૃહદ્‌કલ્પ સૂત્ર આચાર મર્યાદા, વિધિનિષેધ રૂપ નિયમોનું કથન સાધુ જીવનની નિર્મળતા માટે અત્યંત ઉપયોગી છે.

શ્રી વ્યવહાર સૂત્રમાં આગમ વ્યવહાર, શ્રુતવ્યવહાર, જ્ઞાન-વ્યવહાર, ધારણાવ્યવહાર અને જિતવ્યવહાર સંયમી જીવનને નિર્મળ બનાવે છે.

સાધકોને સાધનાની વિશુદ્ધિ માટે અવશ્ય કરવા યોગ્ય અનુષ્ઠાનોનું નિરૂપણ કરતું આગમ તે **શ્રી આવશ્યક સૂત્ર છે.** વ્યવહારમાં આપણે તેને પ્રતિક્રમણ સૂત્ર કહીએ છીએ...આત્મ વિશુદ્ધિ કરવા માટે જે ક્રિયા અવશ્ય કરવાની છે તેને આવશ્યક કહ્યું છે.

આવશ્યકને જ્ઞાનીઓએ જીવનશુદ્ધિ સંયમ વિશુદ્ધિની ક્રિયા કહી સાધનાનો પ્રાણ કહેલ છે. સમભાવની સાધના એ સામાયિક છે. તીર્થંકરોની સ્તુતિ, ચૌવિસંથોથી શ્રદ્ધા બળવાન બને છે. વંદના દ્વારા સાધકનો ભક્તિભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણ એ પાપથી પાછા ફરવાની પ્રક્રિયા છે. અંતર્મુખ થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે કાઉસગ્ગ અને ભવિષ્યના કર્મોના

ભગવાન મહાવીરનો કુટુમ્બપરિચય

નોંધ :- શ્વેતામ્બર માન્યતા મુજબ ભગવાન મહાવીર બ્રાહ્મણ અને ક્ષત્રિય એમ બન્ને કુળની બે માતાના ગર્ભમાં પોષાયા હતા. કલ્પસૂત્રના વિધાન મુજબ તેઓશ્રીએ પાણિગ્રહણ–લગ્ન કર્યું હતું અને સંતતિને જન્મ પણ આપ્યો હતો. તીર્થંકર જેવી વ્યક્તિઓને પણ અંતિમ ભવમાં લગ્ન અને ભોગમાર્ગને આધીન થવું પડે છે, તે ઉપરથી કર્મની સત્તા કેવી પ્રબળ અને અજોડ છે, તેનો ખ્યાલ મળી રહે છે.

દિગમ્બર માન્યતા પ્રમાણે ભગવાનની માતા (ત્રિશલા) એક જ હતી અને ભગવાન અપરિણીત હતા.

સગપણ	નામ	સ્થળ	ગોત્ર
પ્રથમ માતા	દેવાનંદા	બ્રાહ્મણ કુંડગ્રામ	જાલંધર
પ્રથમ પિતા	ઋષભદત્ત	,,	કોડાલ
દ્વિતીય માતા	ત્રિશલા	વિદેહ જનપથ	વસિષ્ઠ
દ્વિતીય પિતા	સિદ્ધાર્થ	ક્ષત્રિય કુંડગ્રામ	કાશ્યપ
જ્યેષ્ઠ ભ્રાતા	નંદીવર્ધન	,,	,,
ભાભી	જ્યેષ્ઠા	વૈશાલી	વસિષ્ઠ
બહેન	સુદર્શના	ક્ષત્રિય કુંડગ્રામ	,,
પત્ની	યશોદા	?	કૌડિન્ય
પુત્રી	પ્રિયદર્શના	ક્ષત્રિય કુંડગ્રામ	કાશ્યપ
પૌત્રી	શેષવતી	,,	,,
કાકા	સુપાર્શ્વ	?	
જમાઈ	જમાલી	ક્ષત્રિય કુંડગ્રામ	?

- ભગવાન પોતે કાશ્યપ ગોત્રના હતા.
- આશ્ચર્યની વાત એ છે કે ભગવાન મહાવીર જેવાની માતાના પિતાનું (નાનાનું) નામ ક્યાંય ઉપલબ્ધ થતું નથી. ત્રિશલાનો પરિચય અનેક ગ્રન્થલેખકોએ વિદેહ–નૃપતિ ચેટકની ભગિની તરીકે આપીને સંતોષ માન્યો છે. ચેટકના માતા-પિતાનું નામ મળે તો ત્રિશલાનો પ્રશ્ન ઊકલે.
- પ્રથમ માતા દેવાનંદાનો વિશેષ પરિચય મળતો નથી. યશોદા જેવી ભગવાનની સહધર્મચારિણીનો ઇતિહાસ પણ સાવ અંધારામાં છે. વર્ધમાન-મહાવીરને પુત્રી, ભાઈ અને બહેન વગેરે એકેક જ હતાં.
- ભગવાનની પુત્રીનું 'જ્યેષ્ઠા' એવું ત્રીજું નામ પણ હતું.
- દેવાનંદા અને પિતા ઋષભદત્તે મહાવીર પાસે જ દીક્ષા લઈ, તપ તપી, તે જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કર્યો હતો.
- ત્રિશલા વિદેહજનપદના હોવાથી તેમનું વિદેહદિન્ના અને તે ઉપરાંત વિશાલા નામ પણ હતું.
- યશોદા વસંતપુરના સમરવીર સામંતના પુત્રી હતા, એ જાણીતી વાત છે. જ્યારે દેવેન્દ્રસૂરિકૃત દાનાદિકુલકમાં માલવાના ક્ષત્રિયરાજાના પુત્રી હતા એમ જણાવ્યું છે. પણ ગ્રામ કે રાજાનું નામ જણાવ્યું નથી.
- સંસ્કૃતમાં ગ્રામ અને પ્રાકૃત (અને ગુજરાતીમાં) ગામ શબ્દ વપરાય છે.

નિરોધ માટે પચ્ચક્ખાણ, એમ આ છ આવશ્યકની આરાધના, સાધકના આત્મશુદ્ધિના લક્ષને સફળ બનાવવામાં સહાયક બને છે.

અગિયાર અંગસૂત્રો, બાર ઉપાંગ સૂત્રો, ચાર મૂળ, ચાર છેદ અને એક આવશ્યક સૂત્ર એમ બત્રીસ આગમો આત્મસુધારણા માટે સાધકને કઈ રીતે ઉપયોગી છે તેની વિચારણા આપણે કરી. સ્થાનકવાસી અને તેરાપંથ સંપ્રદાયમાં બત્રીસ આગમ સૂત્રોનો સ્વીકાર થયો છે.

શ્વેતાંબર મૂર્તિપૂજક આરાધકોની માન્યતા પ્રમાણે દસ પયન્ના સૂત્ર–પ્રકીર્ણક સહિત બીજા તેર આગમ ગ્રંથોને સ્વીકાર્યા છે.

આ આગમોમાં દુષ્કૃત ગર્હા તેમ જ સુકૃત અનુમોદના, બાલ પંડિતમરણ અને પંડિત મરણની વિચારણા છે. પ્રત્યાખ્યાનનું વર્ણન, અનશન માટેની યોગ્યતા અને પૂર્વ તૈયારી, સંથારાનું વર્ણન, વૈરાગ્ય ભાવને દૃઢ કરતી વાતો, ગચ્છાચારમાં સાધુ-સાધ્વીની મર્યાદા, જ્યોતિષ અને દેવેન્દ્રોનું વર્ણન, મરણ સમાધિ, પ્રકિર્ણમાં મરણ સુધારવા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મ સુધારણા માટેની આદર્શ પદ્ધતિઓ આત્મસુધારણા માટે ઉપયોગી છે.

ક્ષણે ક્ષણે જાગૃત રહી , આત્મસુધારણા કરવાની શીખ **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (૪/૬)**માં આપી છે.

સુતેસુ યાવિ પડિબુદ્ધજીવી, ણો વીસસે પંડિए आसुपण्णे।

घोरा मुहु अबलं सरीरं, भारंड-पक्षीव चरेऽप्पमत्तो।।

સૂતેલી વ્યક્તિની વચ્ચે પણ પ્રજ્ઞાસંપન્ન પંડિત જાગૃત રહે છે. પ્રમાદમાં એ વિશ્વાસ કરતો નથી. કાળ ઘણો નિર્દય છે, શરીર દુર્બળ છે. માટે ભારંડ પંખીની માફક સાવધાનીથી વિચરવું જોઈએ.

વિશ્વના તમામ વિષયો એક યા બીજી રીતે આગમમાં સમાવ્યાં છે. વ્યક્તિ, કુટુંબ કે વિશ્વની અનેક સમસ્યાનું સમાધાન આગમમાંથી મળે છે.

આગમમાં લખાયેલ સૂક્તિઓ, ગાથાઓ શુષ્ક કે તર્કવાદી નથી પરંતુ જેમનું જીવન એક પ્રયોગશાળા હતું તેવા પરમ વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરની અનુભૂતિની એરણ પર ઘડાયેલ, પરમ સત્યની સફળ અભિવ્યક્તિ છે. આ આગમવાણીના જનક માત્ર વિચારક કે ચિંતક જ નહીં પરંતુ ઉત્કૃષ્ટ સાધક હતા. વ્રતોને માત્ર ચિંતનની ભૂમિકા સુધી સીમિત ન રાખતા, ચારિત્ર આચારમાં પરાવર્તિત થઈને આવેલા આ વિચારો શાસ્ત્ર બની ગયા, જે જીવને શિવ બનાવી પરમ પદને પ્રાપ્ત કરવા સક્ષમ છે.

સદ્‌ગુરુની આજ્ઞા લઈ આ આગમ સૂત્રોનો સ્વાધ્યાય કરવામાં આવે, જ્ઞાની-સદ્‌ગુરુઓના સમાગમમાં તેનો શાસ્ત્રાર્થ સમજવામાં આવે અને તેનું નિજી જીવનમાં આચરણમાં અવતરણ થાય તો અવશ્ય આપણી આત્મસુધારણા થશે.

જિનાગમમાં, સૂત્ર સિદ્ધાંતમાં વિચાર, વાણી અને વર્તનની વૃત્તિ, પ્રવૃત્તિ અને નિવૃત્તિની ભાવના અને કર્તવ્યનો અદ્‌ભુત સમન્વય જોવા મળે છે. આ કાળે અને ક્ષેત્રે ભીતરની સંપદાની એકવીસ હજાર વર્ષ સુધીના માલિકી હક્ક આપતો આ આત્મ-સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે.

પુષ્કરાવર્ત મેઘની વર્ષાની અસરથી તો કેટલાંક વર્ષ ફળો અને પાક આવ્યા કરે પરંતુ ભગવાન મહાવીરની વાણી રૂપ આ પાવન મેઘવર્ષાની અસર એકવીસ હજાર વર્ષ સુધી રહેનાર છે. ગુરુ કૃપાએ તે જ્ઞાન વાણીને ઝીલવાનું આપણને પરમ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ✷✷✷

૬૦૧, સ્મિત, ઉપાશ્રય લેન, ઘાટકોપર. (ઈ), મુંબઈ
Mobile : 9820215542.
gunvant.barvalia.@gmail.com

શ્રી મહાવીરાય નમ :

।। નિમંત્રણ ।।

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક દિવસ નિમિત્તે યોજે છે

ભગવાન મહાવીરના શિષ્ય-રત્ન જ્ઞાન લબ્ધિના ભંડાર ગુરુ ગૌતમ સ્વામીના જીવન અને ચિંતનને પ્રગટ કરતી જ્ઞાન સંગીત સભર દર્શન – ચિંતન કથા

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં

।। ગૌતમ કથા ।।

તા. ૧૫ શુક્રવાર :	પરિવર્તનનો વિસ્ફોટ
સાંજે ૬-૩૦	તિવ્ર અહંકાર અને નમ્ર વિનય
તા. ૧૬ શનિવાર :	દર્શનનો ચમત્કાર : ગણધરવાદ
સાંજે ૫-૩૦	જ્ઞાનનો ભંડાર : પ્રભુ સાથે સંવાદ
તા. ૧૭ રવિવાર :	અનહદ રાગમાંથી ઉત્કૃષ્ટ વિરાગ :
સવારે ૧૦-૩૦	અપૂર્વ લબ્ધિ સિદ્ધના સ્વામી

સંગીત : મહાવીર શાહ

સ્થળ : પાટકર હોલ, ચર્ચગેટ, મુંબઈ.

સૌજન્યદાતા :

તા. ૧૫ એપ્રિલ : સ્વ. શ્રી શિવુભાઈ વસનજી લઠિયાના સ્મરણાર્થે
શ્રીમતી હેમલતાબેન લાઠિયા પરિવાર જુહુ-વિલેપારલે–મુંબઈ
તા. ૧૬ એપ્રિલ : સ્વ. જાસુદબેન કાંતિલાલ સોનાવાલા પરિવાર, મુંબઈ
તા. ૧૭ એપ્રિલ :શ્રી નવનીતલાલ રતનજી શાહ, મુંબઈ
શ્રીમતી ફીઝા નવનીતરાય શાહ–મુંબઈ

તા. ૧૬ એપ્રિલ મહાવીર જન્મ કલ્યાણક દિવસે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–દિપચંદ ટી. શાહ પુસ્તક પ્રકાશન દ્વારા ડૉ. કલાબેન શાહનો મહાનિબંધ કવિ વિદ્યારુચિ કૃત 'ચંદ રાજાનો રાસ એક અધ્યયન'નું પ્રકાશન અને સંઘાર્પણ

આ ત્રણે દિવસ પધારવા આપને ભાવભર્યું નિમંત્રણ છે.

લિ. ભવદીય

શ્રી રસિકલાલ એલ. શાહ–પ્રમુખ	શ્રી ચંદ્રકાંતભાઈ ડી. શાહ–ઉપપ્રમુખ
ડૉ. ધનવંતરાય ટી. શાહ–મંત્રી	શ્રીમતી નિરુબહેન એસ. શાહ–મંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ ડી. જવેરી–કોષાધ્યક્ષ	શ્રીમતી વર્ષાબહેન આર. શાહ–સહમંત્રી

તથા કાર્યવાહક સમિતિના સર્વે સભ્યો

જૈન સાહિત્યનો રસાસ્વાદ પરિસંવાદ

❑ ડૉ. ધનવંતી મોદી, શ્રીમતી હર્ષાબેન લાઠિયા, ડૉ. કેતકી શાહ

જૈન એકેડેમી એજ્યુકેશન રિસર્ચ સેન્ટર પ્રમોશન ટ્રસ્ટ દ્વારા આયોજિત ઉપરોક્ત એક દિવસીય પરિસંવાદનું આયોજન ઈંડિયન મર્ચન્ટ ચેમ્બર્સ (મુંબઈ)ના હૉલમાં કરવામાં આવ્યું હતું.

ડૉ. બિપીનભાઈ દોશી અને ડૉ. અભયભાઈ દોશીએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત પૂ. નંદીઘોષસૂરિ મહારાજે નવકાર મંત્રના સ્મરણથી કરી હતી. ત્યારબાદ શ્રીમતી લતાબેન શાહે દીપ પ્રગટાવી કાર્યક્રમના સંચાલકોને અભિનંદન આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ વિદ્વાન લેખક, 'પ્રબુદ્ધ જીવન'ના પૂર્વ તંત્રી અને વિદ્યાર્થીઓના પિતામહ ગણાતા સ્વ. ડૉ. રમણભાઈ સી. શાહ તેમ જ વિદ્વતાના પર્યાય એવા સ્વ. જયંતભાઈ કોઠારીને સમર્પણ કરવામાં આવ્યો હતો. આ બન્ને મહાનુભાવોનો પરિચય ડૉ. અભય દોશીએ આપ્યો હતો. ઉપરાંત પાંચ વોલ્યુમમાં, ૩ ભાષામાં લખાયેલ 'શ્રીપાળ રાજાનો રાસ'નું અદ્‌ભુત અતિ સુંદર પ્રકાશન કરનાર પ્રેમલભાઈ કાપડિયાનું સન્માન શ્રી જીતેન્દ્રભાઈ સંઘવીએ કર્યું હતું.

(૧) કાર્યક્રમનું ચાવી રૂપ પ્રવચન 'જૈન સાહિત્યનો વૈભવ' પ્રખર વિદ્વાન, જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી **ડૉ. જિતેન્દ્રભાઈ શાહે** આપ્યું હતું. તત્ત્વની જિજ્ઞાસા, 'કિં તત્ત્વઃ'માંથી દ્વાદશાંગીનો ઉદ્‌ભવ, હસ્તલિખિત જૈન સાહિત્યની અપ્રકાશિત પ્રતો, હેમચંદ્રાચાર્યનું વ્યાકરણ, ભદ્રબાહુ, યશોવિજયજી, હરિભદ્રસૂરિ વગેરે અનેક બાબતો પર તેમણે રસપ્રદ શૈલીમાં પ્રકાશ પાડ્યો.

(૨) ઉચ્ચકોટિના વ્યાવસાયિક **વલ્લભ ભણસાલી**એ 'જૈન ધર્મ અને વાણિજ્ય' જેવા વિષય પર સુંદર પ્રવચન આપ્યું. વેપારીએ ૨૪ કલાક જાગૃતિ રાખવી પડે. મોટા વેપારીને વધુ નિયમો પાળવા પડે. તેમણે ઉપશમ, વિવેક અને સંવરને વ્યાપાર સાથે સાંકળી બતાવ્યા.

(૩) 'વીરાયતન' કેન્દ્ર સાથે સંકળાયેલાં **ડૉ. શિલાપી સાધ્વીજી**એ 'જૈન ધર્મ અને વૈયાવચ્ચ' વિશે સુમધુર કંઠે સુંદર વાતો કહી. શાંતિનાથ પ્રભુનો આગલો ભવ, પાર્શ્વનાથ પ્રભુનો નાગ-નાગણીનો પ્રસંગ, મહાવીર પ્રભુની કરુણા વગેરે પ્રસંગો કહી, વૈયાવચ્ચ-આભ્યંતર તપ તીર્થંકર નામ ગોત્ર બંધાવે છે, કોની સેવા એ મહત્ત્વનું નથી પણ કયા ભાવથી કરો છો તે મહત્ત્વનું છે. સમકિતનાં પાંચ લક્ષણોમાં અનુકંપા-એ ચોથું લક્ષણ છે. નિષ્કામ ભાવે મનુષ્ય-જીવ માત્રની સેવા કરો-એ તેમના વક્તવ્યનો સાર હતો.

(૪) નંદિઘોષસૂરિ મહારાજે 'જૈનધર્મ અને વિજ્ઞાન' એ વિષયમાં આભામંડળ (ઓરા-લેશ્યા) તેમ જ ખાદ્ય પદાર્થોમાં બેઇંદ્રિય જીવોની ઉત્પત્તિ આ બન્ને બાબતો–સુંદર સ્લાઈડ શો દ્વારા જીવંત પ્રસારણ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા. તીર્થંકરોનું આભામંડળ સામાન્ય સ્ત્રીપુરુષોની ઓરાનું કદ, શુભ વિચાર-ધ્યાનથી ઓરાનો વિસ્તાર થાય. આ બધું સ્લાઈડ શો દ્વારા બતાવ્યું.

(૫) શ્રી દિનકર જોશી–પ્રકાશના પડછાયા, ચક્રથી ચરખા સુધીના લેખક, શ્રેષ્ઠ નવલકથાકાર–તેમણે 'જૈન રામાયણ' વિશે પોતાની આગવી, હળવી, રસપ્રદ અને સદ્ધર શૈલીમાં માહિતીપૂર્ણ વાતો કરી. રામાયણ કંઈ કેટલીય ભાષામાં લખાયું છે. 'જૈન રામાયણ' સૌ પ્રથમ મુનિ વિમલસૂરિએ 'પઉમચરિય' લખ્યું છે. તેમાં રામ વનવાસ ગમન, રામ દ્વારા સીતાનો ત્યાગ વગેરે જૈન રામાયણમાં કઈ રીતે વર્ણવ્યા છે તે બતાવી સૌને રસતરબોળ કરી દીધા.

(૬) ભોજન પછીની બપોરની દ્વિતીય બેઠકમાં પેનલ-ચર્ચાનો દોર ડૉ. કલાબેન શાહે સંભાળ્યો. તેમાં ડૉ. ધનવંત શાહ, ડૉ. કોકિલાબેન શાહ, શ્રી ગુણવંત બરવાળિયા, ડૉ. રશ્મિ ઝવેરી, ડૉ. રક્ષાબેન શાહ, શ્રી તેજેન્દ્ર શાહ જેવા વિદ્વાનોએ ડૉ. કલાબેન શાહ દ્વારા પુછાયેલા પ્રશ્નો વ્યાવહારિક ઉકેલ સૂચવતા ઉત્તર આપ્યા. જેમ કે (૧) રંગભૂમિ દ્વારા જૈન ધર્મનો પ્રચાર કઈ રીતે થાય? (૨) અંગ્રેજી મિડિયમની બોલબાલાવાળા શિક્ષણક્ષેત્રે જૈન ધર્મનો પ્રચાર કઈ રીતે કરવો? (૩) ટી. વી. જેવા માધ્યમથી જૈન ધર્મનો પ્રચાર કઈ રીતે શક્ય? (૪) યુવાનોને આ પ્રચાર કાર્યક્રમમાં કઈ રીતે સાંકળશો?...વગેરે.

(૭) અતુલભાઈ શાહે-'જૈન સાહિત્યમાં વીરરસ'નો પરિચય પોતાની અત્યંત ખુમારીભરી, વીરતાથી છલકાતી, જોશીલી વાણી દ્વારા કરાવ્યો. ઇતિહાસ માત્ર વાંચવાનો નથી, તેની રચના કરવાની છે. વલ્લભીપુર પરિષદમાં ૫૦૦ આચાર્યો અને તેમના હજારો સાધુઓને એકત્ર કરી, તેમની લેખન સામગ્રી, ગોચરીપાણી, રહેવા વગેરેની વ્યવસ્થા વીરરસ વગર થાય? વસ્તુપાળ-તેજપાળ, વિષ્ણુગુપ્ત–નમુચિ પ્રધાન વગેરેના દૃષ્ટાંતો પોતાની વીરરસ ઝરતી વાણીમાં આપ્યા. અહિંસાપ્રેમી જૈનોએ શાસનની રક્ષા માટે ક્યારેક હાથમાં તલવાર પણ લેવી પડે. તેમણે કહ્યું, 'હમ કિસીકો છેડેંગે નહીં, છોડેંગે તો ઉસે છોડેંગે નહીં! પ્રભાવક વક્તવ્ય!

(૮) ડૉ. કન્નાડે 'કન્નડ ભાષામાં જૈન સાહિત્ય' વિશે સુંદર નક્કર માહિતીસભર પ્રવચન આપ્યું.

(૯) એ જ રીતે ડૉ. ગણપતિએ તેલગુ ભાષામાં જૈન સાહિત્યનો સુંદર પરિચય કરાવ્યો.

અંતમાં વક્તાઓનું સન્માન કરી ડૉ. બિપીનભાઈએ કાર્યક્રમનું સમાપન કર્યું. આજનો વક્તા–શ્રોતાઓનો ઉત્સાહ જોઈ દર વર્ષે માર્ચ મહિનામાં આથી મોટા-વિશાળ હૉલમાં આવા પરિસંવાદનું આયોજન કરવાની તેમણે ખાતરી આપી. ✷ ✷ ✷

'ક્રોધ અને હું'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આમ તો હું આ લેખનુંશીર્ષક રાખવાનો હતોઃ 'મેં ક્રોધને કેમ જીત્યો ?' કે 'હું ઓછો ક્રોધી કેમ બન્યો ? ક્રોધને મેં આજ દિન સુધી જીત્યો જ નથી એટલે મેં ક્રોધને કેમ જીત્યો ?' એ શીર્ષક અયોગ્ય ગણાય.' હું ઓછો ક્રોધી કેમ બન્યો ? કે ઓછો ક્રોધી કેમ છું ?'–એ શિર્ષક રાખવાનું સૂઝ્યું. મારા બે દાયકાના સહકાર્યકર ડૉ. સુરેશ જોષીના એક લેખ પરથી સને ૧૯૭૭માં હું વડોદરાની મહારાજા સયાજીરાવ વિશ્વ વિદ્યાલયમાંથી નિવૃત્ત થયો ત્યારે 'સંભારણું'માં ડૉ. જોષીએ મારા સંબંધ એક લેખ લખેલો જેનું શિર્ષક હતુંઃ 'વ્યક્તિત્વનું તળપદું પોત'. એ લેખમાં એમણે મારી પ્રકૃતિ વિષે લખેલુંઃ 'આમ સ્વભાવે એઓ આશુતોષ ને આશુરોષ છે. એમના વ્યક્તિત્વનું તળપદુપોત એમની હાસ્યવૃત્તિમાં તથા એમના પ્રકટીને તરત શમી જનારા રોષમાં જોવા મળે છે...'અનામી' અજાત શત્રુ છે એવું નથી, પણ એમના સ્વભાવની પારદર્શક નિખાલસતા, એમનામાં રહેલું વાત્સલ્ય અને એમની માનવતાભરી જીવનદૃષ્ટિએ એમને એમના વિશાળ વિદ્યાર્થી વર્ગમાં જ નહિ પણ અન્યત્ર સુદ્ધાં બહોળા ચાહકો અને મિત્રોના સ્નેહ ને આદર સંપડાવી આપ્યાં છેઃ (સંભારણું : પૃ. ૧૫) મારી પ્રકૃતિનું ડૉ. સુરેશભાઈ જોષીનું નિરીક્ષણ–પરીક્ષણ–નિરૂપણ મહદ્ અંશે સાચું છે પણ હું 'આશુરોષ' કેમ બન્યો તેનો પણ લાંબો ઈતિહાસ છે.

આપણા ષડ્‌રિપુઓમાં કામ, ક્રોધ, લોભ ને મુખ્ય ગણ્યા–ગણાવ્યા છે ને, તે યોગ્ય જ છે. સાચું કહું તો ગમે તે કારણે પણ ભારતમાં 'લોભ'ની માત્રા ન–ગણ્ય જ છે. મને કોઈ દિવસ સંપત્તિનો, કીર્તિનો કે સત્તાનો લોબ જાગ્યો જ નથી. હા, બે વસ્તુનો લોભ જરૂર છે...વધુમાં વધુ મિત્રો બનાવવાનો લોભ, અને પુસ્તકોનો અમર્યાદ પરિગ્રહ; પણ એ લોભને પરિગ્રહને 'ડોનેશન' દ્વારા શૂન્યમાં પણ પલટાવી શકું છું. રણજિત છું પણ 'સ્મરજિત' તો નથી જ...અવસ્થાને કારણે રાગ શમી નહીં પણ ક્ષીણ થયો હોય તે સહી, બાકી 'ધન વરસે, વન પાંગરે' જેવી સ્થિતિ!

મારે વાત કરવી છે ક્રોધની. અમારા કુટુંબમાં વધુમાં વધુ ક્રોધી હતા અમારા ભગુ ભા. ભગુભાના ક્રોધમાં કોઈ 'લોજિક' ન મળે! એકવાર એમની બેદરકારીને કારણે ખાટલાનો પાયો વાગ્યો...ને પછી તો ભગુભાનુ જે બોઈલર ફાટ્યું છે ક્રોધમાં કહે, 'દીયાફના! જોતો નથી, ફૂટી ગઈ છે તે ભગુભાને વાગે!' એમ કહીને ક્રોધમાં ને ક્રોધમાં ધોકણાથી ઢીબીને ખાટલાનો એક પાયો તોડી નાંખ્યો! ફૂટી તો ભગુભાની ગઈ'તી, ખાટલાને ઓછી આંખ હતી! મને લાગે છે કે ભગુભાનો ક્રોધનો વારસો મને મળેલો! એમ તો અમારી ચોથી પેઢીના મગનકાકાએ પણ ક્રોધમાં ને ક્રોધમાં અમારાં સુરજકાકીને કૂવામાં ફેંકી દીધેલાં! વારસો તો માતૃ–પિતૃ પક્ષે સાત પેઢી સુધી ઉતરી આવતો હોય છે. ગમે તેમ, પણ નાનપણમાં હું ખૂબ ક્રોધી હતો. મારા પિતાજી, કુટુંબમાં મારા ક્રોધની કોઈ ટીકા કરે તો મારા વકીલ બનીને કહેતાઃ 'એનો ક્રોધ સાચો છે...એનાથી કોઈ ખોટી વાત સહન તતી નથી. એ સત્ય માટે ક્રોધ કરે છે.' મારા પિતાજીનું આ સિર્ટિફિકેટ' કેટલેક અંશે સાચું હતું. ઘરમાં કે સમાજમાં કંઈ ખોટું થાય તો મારો રોષ કાબૂમાં ન રહે. 'ક્રોધ એ અર્ધ–ગાંડપણ છે.' (એન્ગર ઈઝ હાફ-મેડનેશ) એ સૂત્ર મારે માટે સર્વથા ઉચિત ગણાય, પણ સત્ય વસ્તુ કાજે પણ ક્રોધ કરવો ઉચિત છે ? જે સત્ય છે તે તો સત્ય જ રહેવાનું, સત્યને રોષ કરવો ન પોષાય; અસત્યને પોષાતો હશે.'

આપણા સમાજમાં તો ક્રોધ કરવાને માટે અનાયાસ અનેક કારણો મળી જતાં હોય છે. મારી વાત કરું તો મેં મારા એક મિત્રને થોડાક રૂપિયા આપેલા. પરત કરવાની તારીખ પણ પાકી કરેલી. આ બાબતમાં હું સાવ જડ ને કઠોર છું. અમુક તારીખે આપવાના એટલે આપવાના..એમાં મીનમેખ નહીં. મારા મિત્રે વાયદો નિભાવ્યો નહીં ને મારો પિત્તો ફાટ્યો. મુદત વીતી ગયે પૈસા આપવા આવ્યા એટલે મેં એ રૂપિયાનું પાકીટ ક્રોધમાં ને ક્રોધમાં ફેંકી દીધું ને ધમકાવીને મિત્રને તગડી મુક્યા. શા માટે એ પૈસા પરત કરવામાં મોડા પડ્યા તે પણ જાણવાની પરવા કે દરકાર કરી નહીં. એમને પક્ષે વિલંબનું કંઈ કારણ તો હશે જ પણ તે જાણ્યા વિના મેં ક્રોધ કર્યો નહીં, મારી પ્રકૃતિ પ્રમાણે થઈ ગયો. પૈસા આપતાં મેં ભારપૂર્વક સ્પષ્ટતા કરેલી કે બે–ચાર માસ મોડા આપશો તો વાંધો નહીં પણ નક્કી કરેલી મુદતે નહીં આપો તો ખલાસ! છેવટે ખલાસ જ થયું!

બી.એ.ના હું વર્ગો લેતો હતો ત્યારે આગળની બેન્ચે કેટલીક વિદ્યાર્થિનીઓ બેસતી હતી. વર્ગમાં મોટાભાગના વિદ્યાર્થીઓ 'નોટ્સ' ટપકાવતા હતા, પણ એક વિદ્યાર્થિની પાસે ન મળે નોટ કે ન મળે પેન્સીલ...કરકમલ મુખકમલ પર ટેકવીને ખૂબ જ ધ્યાનપૂર્વક ભાષણ સાંભળે. સમજવાના હાવભાવ પણ કરે. એક વાર મારી ઑફિસમાં આવીને અભ્યાસની કોઈ મુશ્કેલી રજૂ કરી એટલે મારો પિત્તો ફાટ્યોઃ 'કૉલેજમાં નોટ કે પેન્સીલ વિના આવવું છે, નોટ્સ લેવી નથી ને હવે મુશ્કેલી રજૂ કરી મને હેરાન કરવો છે ? `You can go' ગેટ આઉટ' કહેવા જેટલો ક્રોધ ન કર્યો. બે દિવસ બાદ એની બહેનપણી પાસેથી જાણવા મળ્યું કે એ તો બધિર

છે...એની કર્ણપુરીમાં હડતાલ હતી. 'મને મારા રોષ માટે પસ્તાવો થયો ને એને બોલાવીને માફી માગી. બહેનપણીઓની 'નોટ્સ'નો ઉપયોગ ને પાઠ્યપુસ્તકોના વાંચનથી એ બહેન બી.એ., એલ.એલ.બી. થઈ ગયેલાં!

સમય પાલનમાં હું ખૂબ જ આળો છું. ટાઈમ એટલે ટાઈમ. અમુક સમયે અમુક કામ થવું જ જોઇએ. એકવાર એક સંસ્થાએ મારું વ્યાખ્યાન ગોઠવેલું. સમય સાંજનો છ વાગ્યાનો હતો. મને આમંત્રણ આપવા આવનાર ભાઈઓને મેં કહેલું કે હું મારી મેળે સભાસ્થાને નિયત સમયે એવી જઈશ, પણ એ લોકોએ પ્રેમ ને આગ્રહપૂર્વક મને કહ્યું કે અમો સાડા પાંચે આપને લેવા આવીશું. સાડા પાંચને બદલે છ સવા છ, સાડા છ થયા પણ ચકલુંય ફરક્યું નહીં. એપ્રિલની પહેલી તારીખ તો હતી નહીં. મારા નિવાસસ્થાનેથી સભાનું સ્થળ ચારેક કિલોમીટર હતું. હું કોઈપણ વાહનમાં જઈ શક્યો હોત પણ ક્રોધમાં ને ક્રોધમાં મારા શ્રીમતીને સૂચના આપી કે કોઈપણ આવે તો કહેજો કે હું સભાસ્થાને ગયો છું ને નીકળી પડ્યો રેસકોર્સ બાજુ ફરવાઃ વ્યાખ્યાન આપવા ન ગયો. ક્રોધમાં મારે એ લોકોને સમયની ચોકસાઈનો પદાર્થપાઠ શિખવવો હતો. એ શા માટે મોડા પડ્યા એ જાણવાની મેં તસ્દી લીધી નહીં. કે પરવા પણ કરી નહીં.–ક્રોધમાં ને ક્રોધમાં.

યુનિવર્સિટી સિન્ડીકેટે એડમિશન કમિટીમાં મારી નિમણૂંક કરેલી. ઈન્ટરવ્યૂને અંતે પ્રથમ દિવસે, મેરીટ પ્રમાણે સો વિદ્યાર્થીઓને એડમીશન આપવામાં આવ્યું. કાગળિયામાં મારી સહી પણ લીધા. નોટીસ બોર્ડ ઉપર યાદી મૂકવામાં આવી એમાં ઓછી મેરીટવાળા વિદ્યાર્થીઓ ઘૂસી ગયેલા. મુદ્દા પર મેં એડમીશન કમિટીમાંથી ક્રોધપૂર્વક રાજીનામું આપી દીધું. એટલે કમિટીના અધ્યક્ષે મને બાથમાં લઈ ખુરશી પર બેસાડ્યો ને ઉચ્ચ અધિકારીની ભલામણ ચીઠ્ઠી બતાવી. ધણીના કોઈ ધણી છે! કામ કરવાનો મારો ઉત્સાહ ઓસરી ગયો.

વડોદરાના એક ખાદી ભંડારમાંથી મેં ખાદી ખરીદી ને ત્યાંના જ એક દરજીને ચાર ઝભ્ભા સીવવા આપ્યા. મેં કહ્યું: 'ક્યારે લઈ જાઉં?' એણે કહ્યું: 'અઠવાડિયા પછી.' મેં કહ્યું: 'અઠવાડિયાને બદલે પખવાડિયું થાય તો પણ મને ઉતાવળ નથી, પણ મને ચોક્કસ તારીખ આપો. એણે દશ દિવસ ગણીને તારીખ આપી. એ દિવસે ગયો. કહે: 'સાહેબ! થોડુંક કામ બાકી છે...આવતી કાલે આવો, જરૂર મળી જશે. બીજે દિવસે ગયો તો કારીગર ગેરહાજર! બે દિવસ બાદ ગયો તો બંડલ તૈયાર હતું પણ મને ત્રણ ત્રણ ધક્કા ખવડાવ્યા! બીલ ચૂકવતાં મેં રીક્ષાના પૈસા કાપી લીધા ને ક્રોધમાં ઉવાચ: 'સાત ભવ સુધી તારું નામ નહીં લઉં.' પત્યું. બધા જ પ્રકારના કારીગરો એટલે વાયદાના વેપારી! ક્રોધ કોના પર કરવો? કેટલો કરવો? ક્યારે કરવો? હવે તો ક્રોધ પર જ ક્રોધ કરવાનો બાકી છે. મારા ક્રોધી સ્વભાવને કારણે મને અલ્સર થયું છે ને અલ્સરને કારણે હું વધુ ક્રોધી બનું છું. 'વિસીયસ સર્કલ' સ્ત્રીને ક્રોધ ચઢે તો બાળકોને ફટકારે કે વાસણો ફોડે કે દાળ શાકમાં ક્રોધ ઉતારે.

મારા એક જૂના–પુરાણા મિત્ર. પંદર વીસ દિવસે એમની મોટરમાં નાંખીને મને એમને ઘરે પ્રેમ ને આગ્રહપૂર્વક લઈ જાય. છેલ્લા દાયકાથી એ મારે ઘરે અનેકવાર આવે છે પણ મને એમનું 'નવું ઘર' બતાવવાની વાત જ કરતા નથી! ખાધે પીધે, પૈસે ટકે ખૂબ જ સુખી છે...વિધુરાવસ્થા અસહ્ય બનતાં એક બાઈને રાખી છે. એના સંકોચને કારણે મને એમનું 'નવું ઘર' બતાવતા નથી.' આ હકીકત તો મેં અમારા બીજા એક મિત્ર દ્વારા જાણી એટલે મારો ક્રોધ–આક્રોશ ગળી ગયો.' પણ દરેક ક્રોધના પ્રસંગે હું એનું કારણ જાણવા પ્રયત્ન કરતો નથી એટલે નિષ્કારણ કે સ–કારણ પણ ક્રોધ થઈ જાય છે ને સરવાળે નુકશાન તો મને જ થતું હોય છે.

એકથી સો ગણવાથી કે હસ્તની અમુક નસ દબાવવાથી ક્રોધ મોળો પડી જાય છે એ કીમિયો કામિયાબ નીવડતો નથી. એમાં હું અનેકવાર નિષ્ફળ નીવડ્યો છું પણ શાંતિ ચિત્તે ક્રોધ કરવાનું નિમિત્ત શું છે? એ નિમિત્ત યોગ્ય છે કે અયોગ્ય? એનો વિચાર કરું છું ત્યારે સંપૂર્ણપણે તો નહીં પણ અમુક માત્રામાં ક્રોધ ઓછો થઈ જાય છે. સમય, વચન અને અમુક બાબતોનું પાલન તો થવું જ જોઇએ એવા આપણા અહંકાર (ego) અને કદાગ્રહને કારણે આપણો પિત્તો જાય છે. પિત્ત પ્રકૃતિવાળાઓનો તો ખાસ! મારા ક્રોધને કાબુમાં રાખવા કે ઓછો કરવા હું જે તે વ્યક્તિની સ્થિતિ, પ્રકૃતિ, એની સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસારિક કક્ષાનો વિચાર કરું છું એટલે થોડુંક સમાધાન તો થઈ જાય છે. ઉત્ક્રાંતિના ક્રમમાં હજી માનવજાતિ–માનવજાતિના અમુક જૂથો, જીવનની અમુક અમુક બાબતોમાં ઘણાં જ પછાત છે ને આપણે પણ એ જ સમાજના સભ્ય છીએ, એમની જ સાથે જીવન જીવવાનું છે એટલે કેટલુંક તો સહી લેવાનું જ છે...કાં તો આપણે આપણી ગતિ ધીમી કરીએ, કાં તો એમને ઉપર ઉઠાવવા આપણા હાથ લંબાવીએ...આવો વિચાર આવતાં સંપૂર્ણ ક્રોધમુક્ત તો થવાતું નથી પણ ક્રોધની ગતિ ને માત્રામાં ફેર તો પડે જ છે.

મારા એક પ્રોફેસર–મિત્રને પત્ની જોડે ચડભડ થાય ને ક્રોધ ચઢે ત્યારે પત્નીને મારવાને બદલે લાકડી મારીને માટલી ફોડી નાંખતા હતા એટલે અમોએ એમનું નામ 'માટલીફોડ' રાખેલું. બીજા એક કવિ મિત્રને ક્રોધ ચઢે ત્યારે લાકડીથી પત્નીને ફટકારતા ને પછી પશ્ચાતાપ રૂપે પોતાનું મસ્તક ભીંત સાથે અફળાવતા– 'લોહી નીકળે ત્યાં સુધી' ત્રીજા એક ઑફિસર મિત્રે પત્ની સાથે મન ઊંચું થતાં ફટકારીને એક જ ઘરમાં બીજું રસોડું શરૂ કર્યું...પત્નીને સજા કરવા પતિને પ્રેમપૂર્વક રસોઈ કરીને જમાડવાના અધિકાર ઉપર તરાપ-એ સજા ઓછી ગણાય! ચોથા એક મિત્રને

ગૃહ-કંકાસ થતાં ક્રોધ ઉપજે એટલે ગૃહત્યાગ કરી બગીચામાં ફરવા જતા રહેતા. મારા એક ખૂબ મોટા મિત્ર–વય અને અધિકારની રૂએ જયારે કુમારશાળામાં ભણતા હતા ત્યારે હરિજન શિક્ષકથી સીધી રીતે તો મરાય નહીં એટલે ક્રોધ ચઢે ત્યારે છોકરાને છૂટી લાકડી મારતા. સીધી રીતે મારે તો આભડછેટ નડે' ને ગામમાં હોહા થઈ જાય-છૂત-અછૂત મુદ્દે મારા એક પત્રકાર મિત્ર ક્રોધ ચઢે એટલે મુનિવ્રત ધારણ કરતા–સંપૂર્ણ મૌન–મુખાકૃતિ પર ક્રોધ અંકિત થાય.

મેનકાથી તપોભંગ થયેલા વિશ્વામિત્રનો આત્મક્રોધ અતિથિ–સત્કારનું ઉલ્લંઘન થતાં દુર્વાસાનો શકુંતલા પ્રત્યેના શાપ પરિણામી ક્રોધ, કામમોહિત કૌંચવધથી નિષાદ પ્રત્યે થયેલો વાલ્મીકિનો પુણ્ય પ્રકોપ, રામનો રાવણ પ્રત્યેનો આર્ય–ક્રોધ, બ્રહ્મર્ષિ,–રાજર્ષિ વસિષ્ઠ-વિશ્વામિત્રનો પદાધિકાર માટેનો ક્રોધ ને એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રી કરનાર પરશુરામનો અહિંસા માટેનો હિંસાત્મક ક્રોધઃ આ બધાનો વિચાર કરીએ છીએ ત્યારે ગીતાના પેલા સર્વ કાલીન પ્રસિદ્ધ ને સર્વજનીન શ્લોકો સ્મરણે ચઢે છેઃ–

ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્ તેષપજાયતે।
સંગાત્ સંજાયતે કામઃ કામાત્ ક્રોધોડભિજાયતે।।
ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્ સ્મૃતિ–વિભ્રમઃ।
સ્મૃતિ–ભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ।।

મતલબ કે વિષયોનું ચિંતન કરનાર પુરુષમાં, વિષયો પ્રત્યેની આસક્તિ પેદા થાય છે, આસક્તિથી કામના ને કામનાથી ક્રોધ...ક્રોધથી મૂઢતા, મૂઢતાથી સ્મૃતિલોપ, સ્મૃતિલોપથી બુદ્ધિ નષ્ટ થાય ને જેની બુદ્ધિ નષ્ટ થઈ તે મરેલો સમજવો.

અદ્યતનમાં અદ્યતન માનસશાસ્ત્ર, ગૂઢમાં ગૂઢ યોગશાસ્ત્ર, ગહનમાં ગહન જીવનશાસ્ત્ર અને સર્વકાલીન તથા સર્વજનીન ઊંચી કવિતાની દૃષ્ટિએ પણ આ બે શ્લોકો, આપણા ષડ્‌રિપુઓમાંના કેટલાક પર પારદર્શક પ્રકાશ પાડે છે. મારામાં રહેલા મગનકાકાના ને ભગુભાના ક્રોધને સીમિત કરવામાં આ બે શ્લોકોનો મહદ્ ફાળો છે. ✷✷✷

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ, મેમ નગર, અમદાવાદ–૩૮૦૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

જયભિખ્ખુ જીવનધારા : ૨૭

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[સાહિત્ય અને પત્રકારત્વ દ્વારા માનવમૂલ્યોની વિવિધલક્ષી પ્રતિષ્ઠા કરનાર સર્જક 'જયભિખ્ખુ'એ અનેક સાહિત્યરૂપોમાં આગવું પ્રદાન કર્યું. સમાજને તંદુરસ્ત જીવનદૃષ્ટિ પ્રેરે તેવું સાહિત્ય આપવાનો એમનો જીવનાદર્શ હતો અને એમના સાહિત્યમાં એનું પ્રતિબિંબ ઝિલાતું રહ્યું. આવા ગુજરાતી સાહિત્યના સર્જક 'જયભિખ્ખુ'ની જીવન-મથામણનો જીવંત ચિતાર જોઈએ આ સત્તાવીસમાં પ્રકરણમાં.]

સંજોગોની અગ્નિપરીક્ષા વચ્ચે સર્જનનો ધોધ

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે લુખ્ખું-સૂકું આપે, તેનાથી જીવનનિર્વાહ કરવાનો યુવાન 'જયભિખ્ખુ'એ સંકલ્પ કર્યો. આ સંકલ્પની કસોટી કરે એવી કેટલીય પરિસ્થિતિ 'જયભિખ્ખુ'ના જીવન સમક્ષ ઊભી થઈ. કપરા સંજોગોનો અજગરી ભરડો અને માતા સરસ્વતીની ઉપાસના કરવાની અહર્નિશ રહેતી તીવ્ર તાલાવેલી વચ્ચે જબરી ભીંસનો અનુભવ થવા લાગ્યો

યુવાન 'જયભિખ્ખુ' લખે છે કે વિ. સં. ૨૦૦૧નું વર્ષ કમાણીની દૃષ્ટિએ નિષ્ફળ ગયું અને શારીરિક દૃષ્ટિએ સફળ ગયું. એ સમયે 'રવિવાર' સાપ્તાહિકના પ્રથમ પૃષ્ઠ પર પ્રગટ થતા લેખોનો પુરસ્કાર એ યુવાન 'જયભિખ્ખુ'ની મહામૂલી આવક હતી. દર મહિને આવતા આ પુરસ્કારમાંથી ઘરખર્ચ ચાલતો હતો. ક્યારેક બીજાં સામયિકોમાં પ્રગટ થતી વાર્તાઓનો પુરસ્કાર મળી રહેતો હતો. એક રૂપિયો અને આઠ આનાની નોટબુકમાં 'જયભિખ્ખુ' પોતાની વાર્તા અને નવલકથાની કાચી નોંધ અને મુદ્દા લખતા. જીવનભર ખડિયો અને કલમથી લખનાર, મોતીના દાણા જેવા અક્ષરો ધરાવનારા 'જયભિખ્ખુ'એ સમયે છ આનામાં શાહીનો ખડિયો ખરીદ કરતા.

એમના ખર્ચનો એક ભાગ એમનો સિનેમાનો શોખ હતો. બે રૂપિયા અને આઠ આનાની 'મહારાણા પ્રતાપ' નામની ફિલ્મ ૧૯૪૬ની ૩૧મી ઑગસ્ટે જોઈ હતી, તો પૃથ્વીરાજ કપૂરનું 'દીવાર' નાટક જોવાની એમને અત્યંત ઇચ્છા હતી. એમાં પહેલી વાર તો ટિકિટ ન મળતાં એ નિષ્ફળ ગયા; પરંતુ બીજી વાર એમને સફળતા મળી અને એ સમયે એમની સાથે એમના ભાઈ ધરમચંદભાઈ, 'રવિવાર'ના તંત્રી ઉષાકાન્તભાઈ, પત્ની જયાબહેન તથા પુત્ર કુમાર હતાં. આ 'દીવાર' નાટક જોવાનો કુલ ખર્ચ બાર રૂપિયા અને આઠ આના થયો. વળી જ્યારે ફિલ્મ કે નાટક જોવા જાય, ત્યારે બહાર હૉટલમાં જમવાનું હોય એટલે હૉટલનો ખર્ચ પણ વધારાનો. જિંદગી જીવવી તો મોજથી જીવવી એમ માનતા હતા!

૧૯૪૫-૪૬ના આ સમયગાળામાં આ બધાની સાથોસાથ કુટુંબીજનોની બીમારી કે વ્યવહારિક પ્રસંગોને લીધે મુસાફરી ખર્ચ પણ સારો એવો થતો.

વિ. સં. ૨૦૦૨ના બેસતા વર્ષના શુભ દિવસે (૫ નવે. ૧૯૪૫) મનોમન નક્કી કરે છે કે રોજ ઓછામાં ઓછો પા થી અડધો ફર્મો લખવો. એટલે કે બીજાં કામોની ગમે તેટલી વ્યસ્તતા હોય, તો પણ સમય કાઢીને ઓછામાં ઓછા ચાર કે આઠ છપાયેલાં પૃષ્ઠ જેટલું લેખન તો કરવું જ. નવા વર્ષની પોતાની નોંધમાં લેખન અને વાંચન માટે એ સવારે પાંચથી સાત, આઠથી દસ અને બપોરે એકથી ચારનો સમય ફાળવે છે. દસથી એક ભોજનાદિ બાબતો માટે, ચારથી પાંચ પરચૂરણ બાબતો માટે અને પાંચથી સાતનો સમય શહેરમાં જવા માટે. સમયની આ ફાળવણી એમની સર્જનની તાલાવેલી દર્શાવે છે. લેખનના સમય સાથે વાંચન પણ ચાલતું રહે અને એ રીતે સાહિત્ય-સર્જનો થતાં રહે. લેખનના પુરસ્કાર પર જ આજીવિકા નિર્ભર હોવાથી એની અનિવાર્યતા પણ ખરી.

સર્જક 'જયભિખ્ખુ'ને એક નહીં, પણ અનેક પડકારો ઝીલવાના હતા. સૌથી પહેલો પડકાર એ કે એમણે પૈતૃક સંપત્તિ લીધી નહોતી, તેથી બચત રૂપે કોઈ પાઈ પણ પાસે નહોતી. જે કંઈ આવક થતી, તેમાંથી ઘરગૃહસ્થી ચલાવવી પડતી હતી. વળી રહેવાની રીત પણ ખુમારીભરી. જેથી કોઈને આવી આર્થિક ભીંસનો અણસાર પણ આવે નહીં. સૌની સાથે નીકળ્યા હોય તો પોતે પૈસા આપે, સિનેમા કે હૉટલમાં ગયા હોય તો બીજાને ગજવામાં હાથ નાખવા દે નહીં.

કુટુંબીજનો આર્થિક રીતે ઘણા સદ્ધર હતા; પરંતુ યુવાન 'જયભિખ્ખુ'નો રુઆબ જ એવો હતો કે એમની આર્થિક મુશ્કેલીનો કોઈને ખ્યાલ આવે નહીં અને બધાને આનંદ કરાવે. એમનાં પત્ની જયાબહેન પ્રેમાળ અને ઘરરખ્ખુ હોવાથી સામી વ્યક્તિને એમના આતિથ્ય અને વાત્સલ્યથી ભીંજવી દેતા હતા. પરિણામે નજીકની વ્યક્તિઓને પણ ખ્યાલ ન આવે કે આવી આર્થિક કશમકશમાંથી 'જયભિખ્ખુ' પસાર થઈ રહ્યા છે. આસપાસના સમાજમાં મોટાભાગની વ્યક્તિઓ વ્યાપારમાં ખૂંપેલી હતી. એમને સાહિત્યવાચનમાં રસ ઓછો હતો; પરંતુ એટલું માનતા કે આ કુટુંબ સમાજનું એક આગવું કુટુંબ છે, જ્યાં લક્ષ્મીને બદલે સદૈવ સરસ્વતીની ઉપાસના થાય છે.

એ જમાનામાં ઘણા સર્જકો બીજા સર્જકોની આંગળી પકડીને પ્રગતિ કરતા હતા. 'જયભિખ્ખુ'ની જીવનશૈલી એવી હતી કે એમને કોઈનાય છાંયડા નીચે જીવવું પસંદ પડતું નહીં. આથી કોઈ સમર્થ સાહિત્યકારનો સહારો મેળવીને આગળ વધવાનો એમણે ક્યારેય વિચાર કર્યો નહીં. એ પોતાની દુનિયામાં નિજાનંદે મસ્ત રહેનારા કલમજીવી હતા અને પોતાની રીતે જીવનારા જવાંમર્દ આદમી હતા. પરિણામે સાહિત્યના ક્ષેત્રમાં લાંબા ગાળા સુધી એમને યોગ્ય પ્રતિષ્ઠા પણ મળી નહોતી અને એનાથીયે વિશેષ ઉપેક્ષા મળી હતી. ૧૯૪૬માં જ 'જયભિખ્ખુ'એ 'પારકા ઘરની લક્ષ્મી' નામના પુસ્તકનું નવસંસ્કરણ કર્યું. આ પુસ્તક મોટું થાય તેમ હતું; પરંતુ એક બીજા સર્જકે આની સામે વાંધો લેતાં 'જયભિખ્ખુ'એ વિવાદમાં ઊતરવાને બદલે સત્તર ફર્મામાં જ પોતાની આ સામાજિક વાર્તાઓનું પુસ્તક પૂર્ણ કર્યું. આ સમયે દુઃખ સાથે એમણે ૧૯૪૬ની ૨૫મી માર્ચે પોતાની રોજનીશીમાં નોંધ્યું,

'ઈર્ષા એ ગુજરાતના લેખકોનો મુખ્ય ગુણ છે. બીજાના સારામાં કદી રાજી નથી. ખટપટ, ખુશામતથી જીતનારા અને એકબીજાની ઓળખાણથી આગળ વધનારા છે.'

પોતાના લેખન કે સંકલ્પની આડે આવનારા સામાજિક વ્યવહારોથી યુવાન 'જયભિખ્ખુ' ઘણી મૂંઝવણ અનુભવે છે. બીમારીને કારણે સારવાર કરવા માટે અમદાવાદ આવતા સ્વજનો કે પછી લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગોમાં પસાર થતાં દિવસોના દિવસો આ સર્જકને અકળાવે છે. આનું કારણ એ છે કે વિ. સં. ૨૦૦૨ (૧૦ નવેમ્બર, ૧૯૪૫)ના જ્ઞાનપંચમીના દિવસે 'જયભિખ્ખુ' ભગવાન ઋષભદેવ નવલકથા લખવાનો પ્રારંભ કરે છે અને પ્રારંભ કરતી વખતે કેવો સંકલ્પ કરે છે! પોતાની રોજનીશીમાં એ નોંધે છે કે 'ઋષભદેવ' લખવાનો પ્રારંભ કર્યો. ઓછામાં ઓછાં આઠ પાનાં લખાવાં જોઈએ. ઋષભદેવ પોષ સુદ પાંચમે પૂરું થવું જોઈએ, નહીં તો ઘીનો ત્યાગ કરવો.'

આ નિર્ધાર તો કર્યો; પરંતુ કારતક મહિનાથી પોષ મહિના સુધીમાં બહેનની બીમારી, મહેમાનોની ભરમાર, સોનગઢના આશ્રમમાં જઈને સ્વજનોની સારવાર, ઉપધાન જેવા ધાર્મિક પ્રસંગો એમનો સમય ખૂંચવી લે છે, આથી પોષ સુદ પાંચમે 'ભગવાન ઋષભદેવ' નવલકથા લખવાની ઈચ્છા અધૂરી રહી. એમણે લખ્યું કે 'ભગવાન ઋષભદેવ' માટે વિઘ્ન પર વિઘ્ન આવે છે. મગજ તૈયાર છે, વ્યવહાર લખવા દેતો નથી. અને ત્યારબાદ પોતાની આસપાસના રૂઢિગ્રસ્ત જૈન સમાજને જોઈને યુવાન 'જયભિખ્ખુ'નો આક્રોશ પ્રજ્વળી ઊઠે છે. તેઓ લખે છે:

'આવા સમાજમાં સાક્ષરો, કવિઓ કે વિદ્વાનો જવલ્લે જ કેમ પાકે છે, તે હવે સમજાયું. આ સમાજ દંભ, નિર્મમ વ્યવહાર, ખોટા રિવાજો ને હીન નિંદાઓમાં જીવે છે ને જિવાડે છે.'

જે સમયે એમના હૃદયમાંથી આવો આક્રોશ પ્રગટે છે, એ જ દિવસે તેઓ નોંધે છે કે આજે રાત્રે અગિયાર વાગ્યે ગુજરાતના ટાગોર કવિસમ્રાટ ન્હાનાલાલ ગુજરી ગયા. કવિ ન્હાનાલાલ પ્રત્યે 'જયભિખ્ખુ'ને અજબ ચાહના હતી. એમના કાવ્યો અને એમનું જીવન એ બંનેનો તેઓ જીવનભર અતિ આદર કરતા રહ્યા. કવિ ન્હાનાલાલ પ્રત્યેનો પ્રેમ જ એમને ભાવનગરમાં શ્રી રવિશંકર જોશી પાસે ખેંચી ગયો અને આ ઘટના બની કે તરત જ 'જયભિખ્ખુ'એ કવિ 'ન્હાનાલાલ' વિશે 'રવિવાર'માં લેખ લખ્યો.

'જયભિખ્ખુ'નું સામાજિક પરિસ્થિતિ પરનું એમનું ચિંતન એમના પિતરાઈ ભાઈનાં પત્ની કાન્તાની ખરાબ તબિયત સમયે પ્રતીત થાય છે. ૧૯૪૫ના ડિસેમ્બર મહિનામાં એમની તબિયત બગડી

અને પછી સતત વધુ ને વધુ ગંભીર થતી ગઈ. ૧૨મી ડિસેમ્બરે સવારે કાન્તાબહેનને પ્રસૂતિ થઈ; પરંતુ એકાએક તબિયતમાં ઊથલો આવતાં એમણે દેહ છોડ્યો. એ પછી એમની અંતિમ ક્રિયાની સઘળી વિગત આલેખે છે. એ સમયે બધાને કાણ-કૂટવાની ના પાડી હતી, આમ છતાં પિયરના લોકોએ એને માટે જક કરી. 'જયભિખ્ખુ' અને એમના કુટુંબીજનોએ આવી પ્રથાનો વિરોધ કર્યો, ત્યારે કેટલાકે કહ્યું પણ ખરું કે આમ કાણ-કૂટણા વગર બધું ફિક્કું-ફિક્કું લાગ્યા કરે છે! વળી તેરમા દિવસે વિધુર બનનાર મૂરતિયાનું સગપણ થવું જ જોઈએ, નહીં તો આબરૂમાં ખાંડી લાગે અને પરિણામે એવું જ થતું કે અવસાન પામેલી સ્ત્રીનો શોક દસ દિવસ પણ પાળવામાં આવ્યો ન હોય અને નવી સ્ત્રીની શોધ શરૂ થતી.

સમાજની આવી જડ રૂઢિ અને સંવેદનહીન રિવાજો જોઈને 'પારકા ઘરની લક્ષ્મી' જેવી સામાજિક નવલિકાઓના સંવેદનશીલ સર્જક યુવાન 'જયભિખ્ખુ'નું હૃદય ચિત્કાર કરે છેઃ

'આવા સમાજમાં જન્મ્યા તોય શું અને મર્યા તોય શું? જ્યાં રોટલી ઘીમાં ઝબોળીને પીરસી કે ઉપરથી એની ચર્ચા મુખ્ય હોય ને દીકરો શું ભણે છે તે વર્ષમાં પુછાતું પણ ન હોય.'

એક બાજુ આવી સામાજિક પરિસ્થિતિ સર્જકનું હૈયું વલોવી નાખે છે, તો બીજી બાજુ ધાર્મિક રૂઢાચારો પણ અંતરમાં આક્રોશ જગાવે છે. ૧૯૪૫ની છઠ્ઠી ડિસેમ્બરે ઉપધાન નિમિત્તે 'જયભિખ્ખુ' સુરેન્દ્રનગર ગયા. અહીં ત્રણસોથી સાડા ત્રણસો માણસો ઉપધાનમાં બેઠા હતા અને શિવપુરીના ગુરુકુળમાં ધાર્મિક અભ્યાસ કરનાર 'જયભિખ્ખુ'ને આ ધાર્મિક પ્રસંગની ઉજવણી એક સામાજિક પ્રસંગ જેવી લાગે છે. 'ઉપધાનની માળ એટલે લગ્નોત્સવ જેવો પ્રસંગ' એમ કહીને તેઓ નોંધે છે કે 'આમાં આત્મકલ્યાણ કરતાં વ્યવહારની ઉપાસના જબરી દેખાણી.'

સામાજિક કે ધાર્મિક રૂઢિઓને વશ થવાને બદલે એને વિશે યોગ્ય વિશ્લેષણ કરીને નિરક્ષર વિવેક કરવાનો 'જયભિખ્ખુ'નો સદાય આગ્રહ રહેતો. એમના જીવનમાં ધાર્મિકતા હતી; પરંતુ રૂઢ ક્રિયાકાંડોની જડતા એમનાથી સહેજે સહન થતી નહીં. આવી પરિસ્થિતિ હોય, ત્યારે એની સામે કલમથી અવાજ ઉઠાવવામાં એમણે ક્યારેય પાછું વળીને જોયું નથી.

આનું એક પરિણામ એ આવ્યું કે રૂઢ અને પરંપરાગત વિચાર ધરાવનારા સાધુ મહારાજો કે પંડિત સમાજ 'જયભિખ્ખુ'ની કથાઓ પોતાની નોટબુકમાં લખતા. એમની નવલકથાઓ હોંશે હોંશે વાંચતા, એમની છટાદાર ગદ્યશૈલીથી મોહિત થઈને ઝૂમી ઊઠતા; પરંતુ એમણે ક્યારેય આ સર્જકની પ્રતિભાને પોંખી નથી.

'જયભિખ્ખુ'ના પિતરાઈ ભાઈ અને જૈન સમાજના અગ્રણી વિચારક શ્રી રતિલાલ દેસાઈના પિતાશ્રી દીપચંદભાઈએ દીક્ષા લીધી હતી અને તેમનું નામ રાખ્યું હતું દીપવિજયજી મહારાજ. એ સમયે દીપચંદભાઈના બાળવિધવા બહેન લહેરીબહેને પણ રાજકોટમાં દીક્ષા લીધી હતી અને એમનું નામ સાધ્વી લબ્ધિશ્રીજી રાખ્યું હતું. જૈન સાધ્વીઓની સ્થિતિ જાણી, ૧૯૪૫ની ૩૦મી નવેમ્બરે પાલિતાણાની યાત્રા કર્યા બાદ 'જયભિખ્ખુ' સાધ્વી શ્રી લબ્ધિશ્રીજી મહારાજના દર્શને ગયા. એમની સાથે વાતો કરી, વાસક્ષેપ લીધો, છ મહિના માટે કંદમૂળ માત્ર (મૂળા, આદુ, હળદર સિવાય)ની બાધા લીધી; પરંતુ એમની સાથેના વાર્તાલાપ પછી અને આસપાસની સ્થિતિ જોઈને 'જયભિખ્ખુ' નોંધે છે, 'સાધ્વીજીઓની સ્થિતિ સાધુ, શ્રાવક કે શ્રાવિકા કરતાં વિશેષ દુઃખદ દેખાય.'

સામાજિક વ્યવહારોથી ભરેલું, રૂઢ ધાર્મિક પરિસ્થિતિ ધરાવતા અને પરિચિતોની હૂંફ વિનાની પરિસ્થિતિ સાથે 'જયભિખ્ખુ' અનેક પડકારોનો સામનો કરે છે. વધતા ખર્ચા અને ઘટતી કમાણીની ચિંતા એમને કોરી ખાય છે. વિ. સં. ૨૦૦૨ની કારતક વદ બારસના દિવસે લખે છે, 'નવા વર્ષ પછીના આજસુધીના દિવસો મુખ્યત્વે કમાણી વગરના ગયા. નોકરી વગરનું આ રીતનું અર્થોપાર્જન મુશ્કેલ છે. તે માટે તરત વિચાર કરવો ઘટે, નહીં તો ભવિષ્ય ભારે થઈ જશે.'

જુદાં જુદાં પરિબળોને કારણે સર્જન કરી શકતા નથી, તે વિશે અજંપો પ્રગટ કરતાં નોંધે છે, 'કુદરત જાણે રિબાવવા ઈચ્છે છે, ધાર્યું લખાતું નથી.'

માનસિક ભીંસનું આ કારણ યુવાન 'જયભિખ્ખુ'ની ફાટફાટ થતી સર્જકતા હતી. એક બાજુ એમના ચિત્ત પર ભગવાન ઋષભદેવના ચરિત્રએ પ્રભાવ પાડ્યો હતો. માનવ સંસ્કૃતિના પરોઢનું વાતાવરણ એમના પર છવાયેલું હતું. જગતને સર્વપ્રથમ રાજસંસ્થા અને લગ્નસંસ્થા આપનાર તથા પરમ ત્યાગભાવનાની ઓળખ આપનારા ભગવાન ઋષભદેવના ભવ્ય જીવનનાં ચિત્રો સતત એમના મનમાં ઊભરાતાં હતાં. વળી ધર્મગ્રંથોમાંથી ભગવાન ઋષભદેવનાં ચરિત્રો વાંચ્યાં હતાં; પરંતુ એમાંથી સાંપ્રદાયિકતાના આવરણો દૂર કરીને, અતિશયોક્તિપૂર્ણ વિગતો ગાળી નાખીને અને ચમત્કારોને વિદાય આપીને માનવતાનો મહિમા કરતું ઋષભદેવનું ચરિત્ર એમણે ચિત્તમાં સર્જ્યું હતું.

આની સાથોસાથ આ જ સમયે પંડિતવર્ય હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠનું નાનું ચરિત્ર પણ લખતા હતા. એમનો વિદ્યાપ્રેમ, સંશોધનવૃત્તિ અને સંસ્કૃત, પ્રાકૃત અને પાલિ ભાષાના પ્રકાંડ પંડિત એવા એમણે કરેલા સંપાદનો સાથે એમની જીવનઝરમર આલેખતા હતા. આની સાથોસાથ 'પારકા ઘરની લક્ષ્મી' વાર્તાસંગ્રહ પણ તૈયાર થઈ રહ્યો હતો. આમાં પ્રથમ ખંડની સોળ વાર્તાઓને લેખકે 'જૂનવાણી' એવું પેટાશીર્ષક આપ્યું, જ્યારે દ્વિતીય ખંડની વાર્તાઓને 'નવયુગ' શીર્ષક આપ્યું. 'જૂનવાણી' ખંડની વાર્તાઓમાં આ તરુણ સર્જકે નારીજીવનની વેદના, અવદશા અને વિટંબણાનો

ખ્યાલ આપ્યો, ત્યારે એના 'નવયુગ' ખંડની વાર્તાઓમાં નવા સમાજનાં યુવક-યુવતીઓના લગ્નજીવનનો ચિતાર આલેખ્યો છે. પોતાના જીવનના પ્રારંભકાળે નારીવેદનાની ઘટનાઓ જોનાર 'જયભિખ્ખુ'એ અહીં વૈવિધ્યયુક્ત નારી અને પુરુષ પાત્રો આલેખ્યાં છે. લેખકની પ્રગતિશીલ દૃષ્ટિની ઝાંખી એમની બળકટ શૈલીમાં થાય છે.

નવલકથા અને નવલિકાના સર્જનકાર્યની સાથોસાથ 'જયભિખ્ખુ' 'યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી'ના ચરિત્રને આખરી ઓપ આપી રહ્યા છે. સામાન્ય રીતે જૈન સાધુઓના ચરિત્રોમાં ધાર્મિક પરિભાષા, ક્રિયાકાંડોની બહુલતા, ધાર્મિક ઉત્સવો અને વરઘોડાઓની વિગતો અને દીર્ઘ અતિશયોક્તિપૂર્ણ વર્ણનો મળતાં હતાં, તેને સ્થાને 'જયભિખ્ખુ'એ માત્ર જૈન જ નહીં, પણ જૈનેતરો પણ રસક્ષતિ વિના વાંચી શકે તેવાં ચરિત્રોનું પ્રવાહી શૈલીમાં આલેખન કર્યું. ચરિત્રોમાં આજ સુધી ચરિત્રનાયક પ્રત્યે અહોભાવ દાખવતા જઈને અતિશયોક્તિમાં સરી પડવાની જે ટેવ હતી, તેમાં 'જયભિખ્ખુ'એ પ્રથમ વાર પરિવર્તન આણ્યું. એમાંથી રૂઢ સાંપ્રદાયિક તત્ત્વને ઓગાળી નાખીને લોકગમ્ય પ્રવાહિતા લાવ્યા, એટલું જ નહીં, પણ ચરિત્રનાયકની સાધુતાની સાથોસાથ એમના માનવીય વ્યક્તિત્વને ઉપસાવ્યું. વળી ચરિત્રઆલેખનની એમની પદ્ધતિ એવી કે સીધેસીધી ચરિત્રનાયકની વાત કરવાને બદલે એમના જન્મસમયની પરિસ્થિતિ, જન્મસ્થળનું વર્ણન, એમના માતા-પિતા અને પરિવારજનોની વાત–એ સઘળું પશ્ચાદ્‌ભૂમિ રૂપે આપતા હતા અને પછી ચરિત્રનાયકની પ્રતિભા ઉપસાવતા હતા.

એમણે યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું એવું છટાદાર શૈલીમાં ચરિત્ર લખ્યું કે એક નિજાનંદમાં મસ્ત યોગીના આત્મવિકાસની ઓળખ સાંપડી. આ ચરિત્રકથા 'જયભિખ્ખુ'એ લખી, જ્યારે આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીના સાહિત્ય વિશે મણિલાલ મોહનલાલ પાદરાકરે લખ્યું. વાત એવી બની કે આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું ચરિત્ર લખવાના શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળે ત્રણે વાર પ્રયત્નો કર્યા. શ્રી જયંતીલાલ ઓચ્છવલાલ મહેતા અને શ્રી કેશવલાલ મંગળદાસ નામના વકીલે આ જીવનકથા લખવાનું કામ સ્વીકાર્યું હતું; પરંતુ તેઓ લખી શક્યા નહીં. આખરે આ કામ શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરને સોંપવામાં આવ્યું. એમણે થોડા જ સમયમાં સમગ્ર ચરિત્ર લખ્યું. આચાર્ય, સાધુઓ અને મંડળના સભ્યોએ વાંચ્યું અને પ્રેસમાં પ્રકાશન માટે મોકલવાનો પ્રબંધ પણ થયો.

બરાબર આ જ સમયે મણિલાલ પાદરાકરે 'જયભિખ્ખુ'ની 'કામવિજેતા સ્થૂલિભદ્ર' નવલકથા વાંચી અને તેઓ ડોલી ઊઠ્યા. એમના મનમાં વિચાર જાગ્યો કે 'જયભિખ્ખુ' એમણે લખેલા જીવનને એમની શૈલીમાં લખે તો ઉત્તમ કૃતિ બની રહે. એ પછી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના તમામ ગ્રંથો, લખાયેલું ચરિત્ર અને અન્ય સાહિત્ય તેમને આપવામાં આવ્યું; એ પછી 'જયભિખ્ખુ' લાંબી માંદગીમાં પટકાયા અને ત્યારબાદ ઝડપથી લખી આપવાના નિરધાર સાથે તેઓ અમદાવાદથી મુંબઈ આવ્યા. વિ. સં. ૨૦૦૨ના ચાતુર્માસમાં આ ચરિત્ર લખાયું. આ ચરિત્રલેખનના પંદર પ્રકરણ લખીને 'જયભિખ્ખુ' મુંબઈ આવ્યા. ૧૯૪૬ની ૨૭મી જૂને એમાં જરૂરી ફેરફારો કરીને આગળ લખવાનું શરૂ કર્યું.

હજી અગાઉના દિવસે જ એમણે 'મગધરાજ' નવલકથાનું પહેલું પ્રકરણ સુધારીને તૈયાર કર્યું હતું. એ પછી મુંબઈમાં 'યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી'નું સર્જનકાર્ય આગળ ધપાવ્યું. એની સાથોસાથ જે કંઈ લખાતું, તે પૂજ્યશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ, મણિલાલ મોહનલાલ પાદરાકર, ચંદુલાલ નગીનદાસ ભાંખરીયા અને લલ્લુભાઈ કરમચંદ દલાલ સાથે મળીને એનું રોજેરોજ વાંચન થતું અને એ રીતે યોગનિષ્ઠ આચાર્યશ્રીનું ચરિત્ર પૂરું થયું. કેટલીયે વ્યક્તિઓના અવસાન, કેટલીયે માંદગી અને કેટલીયે નવી નવી આફતોની વચ્ચે આનું સર્જન થયું. 'જયભિખ્ખુ' એમની ડાયરીમાં ૧૯૪૬ની ૧૭મી ઑગસ્ટે નોંધે છે, 'આચાર્ય બુદ્ધિસાગરજીનું અંતિમ લખાણ લખાય છે...અત્યારના આ નિર્માલ્ય સમાજમાં એ નરસિંહ સમા હશે.'

આમ એક બાજુ નવલકથા ચાલે, બીજી બાજુ સામાજિક વાર્તાઓનું સર્જન થાય, ત્રીજી તરફ જૈન આચાર્યનું ચરિત્ર લખાય. વળી 'જયદેવ'ની ફિલ્મ વિશે કનુ દેસાઈ સાથે વિચાર-વિમર્શ થાય.

વળી વિચાર કરે કે આ વર્ષે (૧) ઋષભદેવ, (૨) પારકા ઘરની લક્ષ્મી, (૩) શ્રી બુદ્ધિસાગરસૂરિજી, (૪) જૈનકથાઓ, (૫) ભાગ્યનિર્માણ, (૬) મગધરાજ, (૭) અમે હિંદી હિંદી, (૮) શરદબાબુનાં સ્ત્રીપાત્રો આટલાં પુસ્તકો થાય તો ખર્ચો પૂરો થાય અને દેવું બાકી રહે.

વળી 'જવાંમર્દ' સુધારીને લખવાનો મનસૂબો રાખે, 'જૈન જ્યોતિ'ના અગ્રલેખનો સંચય કરવાનો વિચાર કરે છે. બહેરામખાં અને સમરાશા વિશે લખવાનું વિચારતા હતા.

હજી આટલું ઓછું હોય તેમ વીસ વર્ષ પછી વરસોડા જોયા બાદ ૧૯૪૫ની ૯મી નવેમ્બરે વિચાર જાગે છે કે વરસોડાના જીવનની વાર્તા લખીએ અને એ પછી રોજનીશીમાં એ વાર્તાના પાત્રોની નોંધ પણ મળે છે. વળી આ સઘળાં સર્જનોની સાથોસાથ 'રવિવાર' સાપ્તાહિકનું પ્રથમ પૃષ્ઠ અને 'જૈનજ્યોતિ'ના અગ્રલેખો તો લખાતાં જ હોય. એક બાજુ જિંદગીની કશમકશ અને બીજી બાજુ સર્જનનો ધોધ! **(ક્રમશ:)** ✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૭)

આજે ચોમાસી ચૌદશ છે.

ચાતુર્માસની પરંપરા પ્રાચીન છે. મહિનાઓની ગોઠવણ કેવી રીતે હશે તેનો કોઈ વિવાદ નથી. કેમકે વર્ષની ત્રણ ઋતુઓમાં એક ઋતુ ચાતુર્માસ છે. વળી ભગવાન આદિનાથ અને ભગવાન મહાવીરના સમયમાં આચાર-પરંપરા સમાન હોવાની વાત મહત્ત્વની છે એટલે ચાતુર્માસની પરંપરા ભગવાન આદિનાથના સમયમાં પણ આમ જ ગણાવી પડે.

ભગવાન આદિનાથે જે પ્રારંભ કર્યો તેમાંનું કેટલું બધું આજે અખંડ જોવા મળે છે. વર્ષીતપની આરાધના, શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા, બ્રાહ્મી અને સુંદરીને શીખવેલી ગણિત અને અક્ષરની વિદ્યા, સમાજ વ્યવસ્થા, લગ્ન વ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, પંચમહાવ્રતમય ત્યાગ પરંપરા–આ બધુંજ ભગવાન આદિનાથે શરૂ કર્યું અને અદ્યાપિ અખંડ છે. એ ઘડી અને એ પળ કેવી પુણ્યવંતી હશે!

ભગવાન આદિનાથના નિર્વાણ પછી તેમની ૫૦,૦૦૦મી પાટ સુધી મોક્ષ પરંપરા ચાલુ રહી!

ભક્ત અને ભગવાનની વચ્ચે ઑપરેટર એટલે ગુરુ ભગવંત. આથી ગુરુજનોની છત્રછાયામાં રહીને ચાર મહિના દરમ્યાન જેટલી સંસ્કારશિક્ષા પ્રાપ્ત થાય તેટલી પ્રાપ્ત કરી લેવી જોઈએ. ચાતુર્માસ એટલે ચાર મહિનાની સંસ્કાર શિબિર. ભાઈઓ સાધુ ભગવંત પાસે અને બહેનો સાધ્વીજી ભગવંત પાસે જેટલું પોતાનું જીવન ઘડાય એટલું ઘડી લે. આ અપૂર્વ અવસર છે.

પાલીતાણામાં જ્યારે મોતીશાની ટૂંકની પ્રતિષ્ઠા થઈ ત્યારે આકાશમાંથી ઝરમર વર્ષા વરસી. તે સમયે સકળ સંઘે ગાયું કે-

લાવે લાવે મોતીશા શેઠ
નમણ જળ લાવે છે!
નવરાવે મરૂદેવા નંદ
નમણ જળ લાવે છે!

સકળ સંઘનો એક સુકૃત્ય કરવાની અનુમોદના થાય ત્યારે આવું ભાવવાહી ગીત સ્વયંભૂ પ્રગટ થતું હોય છે!

(૮)

આજે ગુરુપૂર્ણિમા છે.

ગુરુનો મહિમા અપાર છે. ગુરુપદનું મહત્ત્વ અપરંપાર છે. જેટલી શ્રદ્ધા ગુરુપદ સાથે જોડીએ તેટલી ઓછી છે.

મનુષ્ય જીવનની કેટલી કિંમત છે તે તમે જાણતા નથી. મનુષ્ય જીવનનો મહિમા દરેક ધર્મમાં ગવાયો છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં માનવ ભવને દુર્લભ કહ્યો છે.

જે શક્યતા નરકના જીવનમાં નથી, તિર્યંચના જીવનમાં નથી, અરે! દેવના જીવનમાં નથી તે શક્યતા મનુષ્ય જીવનમાં છે. મનુષ્ય જીવન દ્વારા જ મોક્ષમાં જઈ શકાય છે. મનુષ્ય જીવનની આવી અણમોલ કિંમત છે.

માનવીમાંથી મોક્ષગામી બનવા માટે સદ્‌ગુરુની કૃપા જોઈએ.

સામાન્ય માનવીમાંથી સદ્‌ગુણી માનવી બનવા માટે સદ્‌ગુરુની કૃપા જોઈએ.

ભગવાનનો ભેટો થાય તે માટે સદ્‌ગુરુની કૃપા જોઈએ.

ગુરુપૂર્ણિમાનો આટલો સુંદર દિવસ જૈન સંઘમાં શા માટે ભવ્યતાપૂર્વક મનાવવામાં આવતો નથી તે સમજાતું નથી. ગુરુ મળવા સરળ નથી. એ માટે સદ્‌ભાગ્ય જોઈએ.

સંસારી જે મકાનમાં રહે છે તેને આશ્રય કહેવાય છે. સાધુ જે મકાનમાં રહે છે તેને ઉપાશ્રય કહેવાય છે. સાધુ અને સંસારીમાં ફરક શો? જેને એક જ એડ્રેસ હોય અને અનેક ડ્રેસ હોય તે સંસારી. જેને અનેક એડ્રેસ હોય અને એક જ ડ્રેસ હોય તે સાધુ.

જ્યાં સમર્પણ છે, જ્યાં સરળતા છે ત્યાં ધર્મ જલદી પહોંચે છે. સરળતા નથી ત્યાં ધર્મ જલદી પહોંચતો નથી.

જે સરળ છે તે ધર્મ જલદી પામે છે.

જે સરળ નથી તે ધર્મ જલદી પામતા નથી.

હૃદયને આંટીઘૂંટીથી, કૂડકપટથી કે પ્રપંચથી ભરો નહીં. જેટલા થઈ શકે તેટલા સુંદર સંસ્કારો હૃદયમાં ભરો.

સદ્‌ગુરુના શરણમાં વસવું જોઈએ. સદ્‌ગુરુનું શરણ એટલે જીવંત કલ્પવૃક્ષ. સદ્‌ગુરુના શરણમાં જે રહે તે આ ભવમાં સુખી થાય અને પરભવમાં ઉન્નતિ પામે.

(ક્રમશ:)

* * *

મા સરસ્વતી ચિત્રો

મા સરસ્વતી વિદ્યાની દેવી છે અને સર્વ ધર્મ માન્ય દેવી છે. આ દેવી માતાની આરાધના જે જે કરે છે એ જીવને અવશ્ય સાત્ત્વિક ફળની પ્રાપ્તિ થાય છે.

'પ્રબુદ્ધ જીવન' સર્વ ધર્મોને સન્માને છે. જૈન ધર્મનો વિશિષ્ટ અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ એના વિચાર પ્રવાહોમાં કેન્દ્ર સ્થાને છે, આ વિચાર-સિદ્ધાંત 'પ્રબુદ્ધ -જીવન'નો આત્મા છે.

છેલ્લા છ માસથી 'પ્ર.જી.'ના મુખપૃષ્ઠ ઉપર મા સરસ્વતીની વિવિધ મુદ્રામાં નયનરમ્ય છબી પ્રકાશિત થાય છે. વાચકોએ એ માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો છે, અમે એ સર્વેના ઋણી છીએ.

પરંતુ અમારો ખજાનો ક્યારેક તો ખૂટશે જ. એટલે અમે અમારા પ્રબુદ્ધ વાચકો અને કલાકારોને વિનંતિ કરીએ છીએ કે આપની પાસે મા સરસ્વતીની પ્રાચીન, અર્વાચીન, કે મોર્ડન આર્ટમાં કોઈ પણ મુદ્રતા પેઈન્ટીંગ કે છબિ હોય તો અમને એ વ્યવસ્થિત પેક કરી તુરત જ મોકલે.

એ ચિત્રો 'પ્ર.જી.'માં પ્રસિદ્ધ થતા અમે એ મહાનુભાવોનું સૌજન્ય ઋણ સ્વીકારીશું તેમજ યથાશક્તિ પુરસ્કૃત પણ કરીશું. ધન્યવાદ.

–તંત્રી

‘જૈન સાહિત્યમાં રસ નિરૂપણ’

❑ ડૉ. કવિન શાહ

(ડૉ. કવિન શાહ બારવ્રતધારી શ્રાવક, વિદ્વાન પ્રાધ્યાપક, જૈન સાહિત્યના સંશોધક-સંપાદક-લેખક અને સાધક છે.)

સાહિત્યની સૃષ્ટિમાં મુખ્ય કે ગૌણપણે નવરસનું સ્થાન રહેલું છે. કોઈ એક કૃતિમાં બધા જ રસ હોય તેની સાથે કોઈ મુખ્ય રસ હોય તેવો સંભવ છે. અન્ય રસો ગૌણપણે હોય છે. હાસ્ય, કરૂણ, વીર, રૌદ્ર, શાંત, શૃંગાર, ભયાનક, અદ્‌ભુત અને બીભત્સ એમ નવ રસ છે. ગદ્ય-પદ્યની રચનામાં ભાગ્યે જ એવી કોઈ કૃતિ હોય કે જેમાં એક અથવા એક કરતાં વધુ રસ ન હોય. જગન્નાથ પંડિતનું સૂત્ર છે કે ‘वाकयं रसात्मकं काव्यम्’ રસયુક્ત વાક્ય રચના એટલે પદ-પંક્તિની રચના એ કાવ્યનું લક્ષણ છે. કાવ્યના લક્ષણોમાં છંદ-રસ-અલંકાર સ્થાન ધરાવે છે તેમાં રસને પણ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. રસ સંપ્રદાયના સમર્થકોનું પ્રિયસૂત્ર છે.

હે ગૌતમ પ્રભુ!
આપની પાસે નહોતું
તેવું કૈવલ્ય પણ
આપે ૫૦ હજારને આપ્યું!
આપની પાસે હતો
તેવો વિનય તો
મને આપો!

‘एको रस करुण एवं’ બધા રસમાં કરૂણ રસ વધુ પ્રભાવોત્પાદક છે.

શેત્રુંજા સમો ગિરિ નહિ, ઋષભ સમા નહિ દેવ
ગૌતમ સરિખા ગુરુ નહિ, વળી વળી વંદુ તેહ.

‘रसराज श्रृंगारं’ શૃંગાર રસ આબાલગોપાલને સ્પર્શે છે. રસ નિરૂપણમાં શૃંગાર અને કરુણ રસ વધુ પ્રચલિત છે.

જૈન સાહિત્યમાં રસ નિરૂપણનું આધ્યાત્મિક અર્થઘટન સાહિત્યની દૃષ્ટિએ નવીનતા દર્શાવે છે.

કુન્દકુન્દાચાર્ય રચિત સમયસાર ગ્રંથમાં નવરસનું ધાર્મિક દૃષ્ટિએ અર્થઘટન નીચે જણાવ્યા પ્રમાણે પ્રાપ્ત થાય છે.

નાટક એટલે પર્યાયોમાં ફેરફાર થવાની ક્રિયા દર્શાવતી રચના. જીવાત્મા શુભાશુભ કર્મોના ઉદયથી સંસારના રંગમંચ પર ભવભ્રમણ કરે છે. વિનય વિજયજીના મહાવીર સ્વામીના સ્તવનમાં આ નાટકનો સંદર્ભ એક પંક્તિમાં નિહાળી શકાય છે. ‘ભવમંડપમાં રે નાટક નાચીયો’ અહીં મંડપ શબ્દ રંગમંચ (સ્ટેજ)ના અર્થમાં સમજવાનો છે.

સંસારના મંચ પર આત્મા જ્ઞાનાદિથી–

૧. જે ભ્રમણ કરે છે તે ગુણોએ **શૃંગારરસ** છે.

હે ગૌતમ પ્રભુ!
આપની પાસે જે નહોતું
તેવા કૈવલ્યનું પણ
આપે ૫૦ હજારને
દાન કર્યું,
અમારી પાસે
જે હોય
તેનું દાન કરવાનું
સામર્થ્ય પણ
અમારામાં ક્યારે પ્રગટશે?

૨. આત્મા કર્મોની નિર્જરા કરે છે તે બધી જ પ્રવૃત્તિમાં ‘વીર રસ’ છે. ધર્મ પુરુષાર્થથી મોક્ષ પુરુષાર્થની પ્રાપ્તિ–સાધના એ ખરેખર સાચો **વીર રસ** છે.

૩. ઉપશમ રસ-ભાવની જે પ્રીતિ તે કરૂણરસ છે. કરૂણાનો ભાવ–દયાભાવ જો ઉપશમ રસમાં થાય તો તે **કરૂણ રસ** કહેવાય છે. આત્માને માટે ઉપશમ ભાવ એજ ઉપકારક છે.

૪. જ્ઞાન, ધ્યાન અને ભક્તિથી જે અનુભવની અપૂર્વ આનંદમય લહરીઓ પ્રગટે છે તે હાસ્ય રસ છે. સમર્પણશીલ સાધનાથી આત્માને આવી અનુભૂતિ થાય છે. ધર્મ દ્વારા સ્વાનુભવ રસિકતાનો અપૂર્વ આનંદ એ સાચો **હાસ્યરસ** છે.

૫. આઠ કર્મના બંધનું સ્વરૂપ નિહાળીને વિચારીને જે ભાવ ઉત્પન્ન થાય છે તે રોદ્રરસ છે. રૌદ્રરસમાં ભયાનકતાનો ભાવ છે. કર્મબંધની સ્થિતિના વિચારથી આ રસની અનુભૂતિ થાય છે. એટલે રસની દૃષ્ટિએ આ પ્રક્રિયામાં **રૌદ્રરસ** છે.

૬. શરીરની રચનાનો વિચાર કરીએ તો તેમાં હાડકાં, માંસ, લોહી, પરૂ, મળ, મૂત્ર, શ્લેશ્મ વગેરે ગંદકીથી ભરપુર પદાર્થોનો સમન્વય થયો છે. આ પૌદ્‌ગલિક અશુચિમય શરીરની રચનાનો વિચાર એટલે બારભાવનામાં અશુચિ ભાવના છે તેના વિચારો એ **બીભત્સ રસ** તરીકે ગણાય છે. આ રસને કારણે શરીરનો રાગ દૂર થતાં વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થાય છે અને આત્મા સ્વ માં લીન બને છે.

૭. આત્મા પોતાનું મૂળ સ્વરૂપ સિદ્ધ–બુદ્ધ કર્મરહિત સ્વરૂપને પામે નહિ અને જન્મ–જરા મરણ આદિથી પારાવાર દુઃખ ભોગવે છે. આત્માની આવી દુર્દશા થાય છે ત્યાં સુધીની સ્થિતિ એ **ભયાનક રસ.**

૮. આત્માની અનંત શક્તિ છે તેનું ચિંતન કે વિચારણા એ **અદ્‌ભુત રસ** છે. શરીરની શક્તિ મર્યાદિત અને નાશવંત છે. જ્યારે આત્માની શક્તિ અનંત-અપરંપાર છે. આ વિચારણા કરવામાં અદ્‌ભુત રસ રહેલો

છે.

૯. રાગ-દ્વેષ રૂપી મહાન શત્રુઓનો નાશ કરીને દૃઢ વૈરાગ્યને ધારણ કરવો તે શાંતરસ કહેવાય છે. કર્મબંધ અને ભવ ભ્રમણાના કારણરૂપ રાગદ્વેષ છે એટલે રાગ-દ્વેષ રહિત થવાની ભાવના અને ધર્મ પ્રવૃત્તિમાં **શાંતરસ**નું સ્થાન છે.

આ રીતે નવરસનું અર્થઘટન 'આત્મા'ને કેન્દ્રમાં રાખીને દર્શાવવામાં આવ્યું છે. શાંતરસ વિશે લઘુ શાંતિ સૂત્રના વિવેચનમાં માહિતી પ્રાપ્ત થાય છે.

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણાં ભંડાર
હે ગૌતમ પ્રભુ!
આપના
અંગૂઠે અમૃત વસે
મારી
જીભે અમૃત વસે
તેવો
ચમત્કાર તો કરો!

શાંતિનાથ ભગવાન શાંતરસયુકત છે. પશમરસમાં નિમગ્ન, સત્ત્વ, રજસ અને તમસ્ એ ત્રણ ગુણોથી અતીત હોય એટલે કે પર હોય તે શાંત કહેવાય છે.

न यत्र दु:खं न सुखं न चिंता, न द्वेषरागो न च काचि यिच्छा।
रस: स शान्त कथितो मुनीद्रै:, सर्वेषु भावेषु शय: प्रमाण:।।

અર્થ : જેમાં દુ:ખ નથી, સુખ નથી, ચિંતા નથી, રાગ-દ્વેષ નથી કે કોઈ પણ પ્રકારની ઈચ્છા નથી તેને શ્રેષ્ઠ મુનિઓએ શાંતરસ કહ્યો છે. બધા ભવોમાં શમ એ શ્રેષ્ઠ છે.

(પ્રબોધ ટીકા ભા-૨, પા-૪૬૫)

ભક્તિ રસ એ સ્વતંત્ર રીતે સ્થાન ધરાવતો નથી. તેનો શાંત રસમાં સમાવેશ થાય છે. જૈન ધર્મની દૃષ્ટિએ વીર રસનું અર્થઘટન નીચે પ્રમાણે છે.

વીરતા એ પરાક્રમનું એક અંગ છે.

દયાવીર–જૈનસાધુઓ અને મહાપુરુષો અહિંસા ધર્મનું પાલન કરે છે તે દૃષ્ટિએ દયાવીર કહેવાય છે.

દાનવીર–સાધુ ભગવંતો શ્રાવક-શ્રાવિકાઓને શ્રુતજ્ઞાનનું દાન કરીને મોક્ષ માર્ગની સાધના માટે માર્ગદર્શન આપે છે. સમ્યક્જ્ઞાન પ્રદાન કરવાની સાધુઓની આ ક્રિયાની દૃષ્ટિએ દાનવીર અર્થ પણ સૂચક છે.

યુદ્ધવીર–સાધુ ભગવંતો પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને ૨૨ પરિષહ દ્વારા કર્મોનો નાશ કરવા માટે યોદ્ધા સમાન લડે છે. પુરુષાર્થ કરે છે તે દૃષ્ટિએ યુદ્ધવીર કહેવાય છે.

હે ગૌતમ પ્રભુ!
આપ ઘણાં મોટા શ્રમણ હતા
છતાં એક શ્રાવકની પણ આપે ક્ષમા માંગી.
વડીલો પ્રત્યે અપરાધ સેવાઈ જાય ત્યારે તો
તરત નમીને ખમાવી દઉં
તેવી યોગ્યતા પણ મારામાં ક્યારે પ્રગટશે?

ધર્મવીર–ધર્મ પુરુષાર્થના આલંબનથી મોક્ષ પુરુષાથની સાધના કરવાની પ્રવૃત્તિ એ **ધર્મવીર** કહેવાય છે. સાધુ ભગવંતો દેશવિરતિ શ્રાવકો જે ધર્મનું પાલન કરે છે તેમાં ચાર પ્રકારની વીરતાનો સંદર્ભ રહેલો છે. જૈન સાહિત્યમાં સાધુ ભગવંતો, ગણધરો, તીર્થંકરો, વિરતિધર નર-નારીઓના જીવનમાં વીરતાનો આવો ઉલ્લેખ એમના ચરિત્ર દ્વારા નિહાળી શકાય છે.

જૈન સાહિત્યમાં ભૌતિક શૃંગારના પ્રસંગોચિત સંદર્ભ પ્રાપ્ત થાય છે પણ અંતે તો પાત્રો ત્યાગ અને વૈરાગ્યનો માર્ગ સ્વીકારીને આધ્યાત્મિક શૃંગારમાં અપૂર્વ આનંદની અનુભૂતિ કરે છે તે પ્રસંગનું નિરૂપણ મુખ્યપણે સ્થાન ધરાવે છે.

જૈન સાહિત્યમાં હાસ્યરસ માટે પ્રભુ ભક્તિ આરાધના અને સાધના દ્વારા જે અનુભૂતિ થાય છે તેનો આનંદ એ હાસ્યરસ કહેવાય છે. જશ વિજયજીના શાંતિનાથના સ્તવનમાં ભક્તિની તલ્લીનતાની સાથે અનુભવની અનેરી માહિતીનો સંદર્ભ પ્રાપ્ત થાય છે.

'હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં
તાબી લાગી જળ અનુભવ કી
'તબ લહે કોઉ કો સાનમેં
પ્રભુ ગુણ અનુભવ રસ કે આગ ઔવત નહીં કોઉ માનમેં.

ચિદાનંદજીના નેમનાથના સ્તવનનું ઉદા.

'પણ તુમ દરિશણ જોગથી, થયો હૃદયે હો અનુભવ પ્રકાશ
અનુભવ અભ્યાસી લહે, દુ:ખદાયી, હો સહુ કર્મ વિનાશ.

ભક્તિના માધ્યમ દ્વારા અનુભવની અનેરી લ્હેર પ્રગટ થતાં અનેરો આનંદ થાય છે તેનું શબ્દોમાં વર્ણન થઈ શકે નહિ. ધાર્મિક સાહિત્યનો આ હાસ્ય રસ સમર્પણશીલ સાધક-આરાધક અને ભક્ત અનુભવી શકે છે. આ રસની અનુભૂતિ અસાધારણ કક્ષાની હોઈ સાધારણ વ્યક્તિ પણ પુરુષાર્થથી અનુભવી શકે છે.

દેવચન્દ્રજીના અભિનંદન સ્વામીના સ્તવનની પંક્તિઓ જોઈએ તો–

અભિનંદન અવલમ્બને, પરમાનન્દ વિલાસ હો મિત્ત.
દેવચન્દ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. ।।૯।।

અનુભવ રસનો મહિમા અપરંપાર છે જે હાસ્યરસનો ઉત્તમ નમૂનો છે. રસાનુભૂતિ મનની આંતરબાહ્ય સ્થિતિનું પરિણામ છે.

***

C/103, જીવનજ્યોત એપાર્ટમેન્ટ,
નરિમાન પોઈન્ટ,
બીલીમોરા-૩૯૬ ૩૨૧.
ટેલિફોન : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨

પુસ્તકનું નામ : **સત્યની મુખોમુખ**
(પાબ્લો નેરુદા કૃત `Memories'નો અનુવાદ)
અનુવાદક : **ધીરુભાઈ ઠાકર**
પ્રકાશક : **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,**
૫૧-૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૨૭૫૫૧૭૦૩
મૂલ્ય : રૂા. ૩૦૦, પૃષ્ઠ : ૧૬+૩૬૦.
પ્રથમ આવૃત્તિ-ઑગસ્ટ, ૨૦૧૦.

ચિલીના કવિ પાબ્લો નેરુદા (નોબેલ પુરસ્કર્તાના વિજેતા)ના જીવનના સંસ્મરણો આ ગ્રંથમાં લખાયેલાં છે. મૂળ સ્પેનિશ-અમેરિકન ભાષામાં લખાયેલાં આ સ્મરણોનો અંગ્રેજી અનુવાદ હાર્ડી સેન્ટ માર્ટીને કરેલો. અંગ્રેજી અનુવાદનું આ ગુજરાતી અવતરણ મૂળ વક્તવ્યને વફાદાર રહીને કરવામાં આવ્યું છે. કથનનો પ્રવાહ અસ્ખલિત રહે છે.

પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુરોપ અને અમેરિકાના વિવિધ દેશોની રાજકીય પરિસ્થિતિની વચ્ચે અનેકવિધ સંઘર્ષોમાંથી કવિ પાબ્લો નેરુદાના અનુભવો રોમાંચ ખડા કરી દે તેવા છે. દક્ષિણ અમેરિકાના છેવાડાના દેશ ચિલીના એક ગામડાનો છોકરો વિશ્વકવિ તરીકે કેવો ખ્યાતિ પામે છે, તે માનવતાનો સાચો પ્રેમી કેવી રીતે બને છે તેનું આલેખન આ નિખાલસ આત્મકથનમાં મળે છે. તેમની સત્યનિષ્ઠા દર્શાવતું નિખાલસ આત્મકથન આ ગ્રંથમાં છે.

આ સ્મરણો સંકલિત અનુભવકથા રૂપે કરેલા નથી. તે છતાં અહીં મૂકેલા વ્યક્તિચિત્રો અને ઘટનાઓ લેખકના જીવનનો ક્રમબદ્ધ ચિતાર ઊભો થઈ શકે તે રીતે ગોઠવાયાં છે. આત્મકથાકારની તટસ્થતા, આત્મનિરીક્ષણ, પારદર્શક કથન અને સહજ નીતરતી રસશૈલી વાચકોને રસ પડે તેવી છે. વિશ્વકવિની આપવીતી–પાબ્લો નેરુદાની સ્મૃતિકથા દુનિયાની ઉત્તમ આત્મકથનાત્મક કૃતિઓમાં સ્થાન પામે તેવી છે અને ગુજરાતી અનુવાદ સાહિત્યમાં કીમતી ઉમેરારૂપ છે.

X X X

પુસ્તકનું નામ : **નીતિમય જીવન**
લેખક : **પ. પૂ. યોગનિષ્ઠ, આ. શ્રી વિજયકેસર સુરીશ્વરજી મ.સા.**
પ્રકાશક : **હરસુખભાઈ ભાયચંદ મહેતા**
૨૦૩, વાલકેશ્વર રોડ, 'પેનોરમા'
મુંબઈ-૪૦૦ ૦૦૬.
ફોન : ૨૩૬૯૦૬૦૩, ૨૩૬૯૦૬૦૮.
મૂલ્ય : નિ:શુલ્ક. પૃષ્ઠ : ૧૧૬, આવૃત્તિ-૧.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પ. પૂ. યોગનિષ્ઠ આચાર્ય શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ નાનકડા પુસ્તકમાં અજ્ઞાનના અંધકારમાંથી નીકળીને વિવેકની વિશાળ દૃષ્ટિ ખોલી આપનાર અને માર્ગાનુસારી બની જીવનના પ્રત્યેક સોપાન સુખ-શાંતિથી કેવી રીતે પ્રાપ્ત કરવા તેનું સુંદર માર્ગદર્શન આપ્યું છે.

ન્યાયસંપન્નતા, મિતભાષીપણું આદિ ૩૫ ગુણોના આધારે જીવાત્મામાં વિરતિ ધર્મને મેળવવાની યોગ્યતા પ્રગટ થાય છે. પવિત્ર વસ્તુની જ્યાં સ્થાપના કરવાની હોય તેમાં જેમ શુદ્ધિની આવશ્યકતા હોય છે, તેમ ધર્મની સ્થાપના જે જીવાત્મામાં કરવાની હોય તેને માર્ગાનુસારીના ગુણો વડે શુદ્ધિ લાવવી પડે. માર્ગાનુસારીના ગુણોથી આત્મામાં રહેલી અશુદ્ધિઓ દૂર થઈ ધર્મ પ્રાપ્તિ માટેની યોગ્યતા પ્રગટ થાય છે.

તેવા માર્ગાનુસારી ગુણોનું સુંદર, સરળ અને સુરમ્ય વિવેચન પ. પૂ. યોગનિષ્ઠ આ. શ્રી વિજય કેસરસૂરીશ્વરજી મ.સા.એ આ ગ્રંથમાં કરેલ છે.

ભવિ જીવો વાંચી, માર્ગને મેળવીને, અનુસરીને મોક્ષ પ્રાપ્તિ કરે એવી શુભેચ્છા.

X X X

સર્જન સ્વીકાર નોંધ

પુસ્તકનું નામ : **તત્ત્વજ્ઞાનના ટીપાં (ભાગ–૯) 'મારી શી ગતિ થશે ?'**
લેખક : **ડૉ. શ્રી પ્રવીણભાઈ સી. શાહ**
પ્રકાશક : **ડૉ. કનુભાઈ શેઠ,** સમતા પ્રકાશન, આમ્રપાલી એપાર્ટમેન્ટ, સુખીપુરા, અમદાવાદ.
મૂલ્ય : રૂા. ૨૦/-, પાના–૧૮.
પ્રથમ આવૃત્તિ : ૨૦૦૮.

X X X

પુસ્તકનું નામ : **જિંદગીના વિવિધ રંગો**
લેખક : **સુવર્ણા જૈન**
પ્રકાશક : **એન. એમ. ઠક્કરની કંપની**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.
મૂલ્ય : રૂા. ૧૦૦/-, પાના–૧૬૦,
આવૃત્તિ: પ્રથમ–૨૦૧૦.

X X X

પુસ્તકનું નામ : **સાચું સુખ**
લેખક-પ્રકાશક : **કિશોર હરિભાઈ દડિયા**
૩૧/૩૨, એ-વીંગ, શાન્તિવન, ત્રીજે માળે, કલબ એકવીરા, દેવીદાસ લેન, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૧૦૩. ભારત. ફોન : ૨૮૯૨ ૧૧૨૭, ૨૮૯૨૧૧૪૭. મૂલ્ય : રૂા. ૨૦/-, પાના–૩૨, આવૃત્તિ : બીજી-૨૦૦૯.

X X X

પુસ્તકનું નામ : **સફળ શિક્ષક**
લેખક : **ધીરજલાલ પી. દેસાઈ** (ચૈતન્ય પ્રિય)
પ્રકાશક : ધીરજલાલ પી. દેસાઈ (ચૈતન્ય પ્રિય)
સુધા ધીરજલાલ દેસાઈ
'ચંપામૃત', ૫૯, કહાનનગર સોસાયટી, સોનગઢ. તા. શિહોર, જિલ્લો–ભાવનગર.

X X X

પુસ્તકનું નામ : **સદ્‌ગતિ કી ગેરન્ટી :** (હિન્દી)
પ્રવિણભાઈ સી. શાહ, પ્રકાશક : **છાયાબેન પી. શાહ,**
પાયલ, ૧૪ લાવણ્ય સોસાયટી, નવવિકાસગૃહ, પાલડી–અમદાવાદ–૩૮૦૦૦૧.
ફોન : ૨૬૬૧૨૮૬૪. મૂલ્ય : રૂા. ૨૦/-

X X X

પુસ્તકનું નામ : **સ્વપ્ન સરોવર**
લેખક : **રમેશ ઠક્કર.** પ્રકાશક : **કુસુમ પ્રકાશન,**
૨૨૨, બીજો માળ, સર્વોદય ક્રોમ સેન્ટર, રિલીફ સિનેમા પાસે, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૬૬૦૧૨૮૦. મૂલ્ય : રૂા. ૬૫/-

X X X

પુસ્તકનું નામ :**ભગતસિંહની પત્રસૃષ્ટિ :**
લેખક : **પ્રફુલ રાવલ –કૃતિ પ્રકાશન,**
પ્રકાશક : **કુસુમ પ્રકાશન,**
બી–૧૨. માધવ એપાર્ટમેન્ટ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭. ફોન : ૨૬૬૧૪૯૭૧.
મૂલ્ય : રૂા. ૬૫/-

X X X

પુસ્તકનું નામ : **સ્પીરીચ્યુલ લિવિંગ** (અંગ્રેજી)
લેખક-પ્રકાશક : **નવીનચંદ્ર કેશવલાલ શાહ**
૩૨, વિઠ્ઠલદાસ રોડ, ૮, દેવકરણ મેન્શન, બીજે માળે, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૨૮૨૪

X X X

પુસ્તકનું નામ : **તત્ત્વજ્ઞાનના ટીપાં** ભાગ–૧૦,
લેખક : **ડૉ. પ્રવિણભાઈ સી. શાહ**
પ્રકાશક : **સમતા પ્રકાશન–કનુભાઈ શેઠ**
મૂલ્ય : રૂા. ૨૦૦/- ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 22923754

સુખદુ:ખ મનમાં ન આણીએ

□ શાંતિલાલ ગઢિયા

'દિવાળી બહેન' નામ ક્યારે પણ હૈયે હોઠે ચડે, મારા મનઃપ્રદેશમાં ત્રણ સંદર્ભ તાદૃશ થાય-એક તો મુંબઈનું દિવાળીબહેન મહેતા ટ્રસ્ટ, બીજાં કોકિલ કંઠી લોકગાયિકા દિવાળી બહેન ભીલ અને ત્રીજાં અમારાં દિવાળી માસી. અત્રે માસીના જીવનની પ્રેરક વાતો કરવી છે.

તેઓ ઉત્તરાવસ્થામાં અમારે ત્યાં જ હતા અને સન ૧૯૮૬માં ૯૦ વર્ષની ઉંમરે ગુજરી ગયાં. મારી નાની બહેન અનુએ પુરા દિલથી એમની સેવા કરી. પ્રાણ છોડ્યા તે દિવસે એમના સૌમ્ય ચહેરા પર પરિતોષ વર્તાતો હતો. એકલાં હતાં. વિધવા હતાં. માસા પરલોક સિધાવ્યા તેના થોડા સમય બાદ જુવાનજોધ દીકરાએ એ જ માર્ગ લીધો. બબ્બે ઘા જીરવવા માસી માટે કઠિન હતું. પહેલાં તો હતપ્રભ થઈ ગયાં, પણ પછી પૂ. સેવારામબાપુના સત્સંગે એમના જીવનને ઈષ્ટ વળાંક આપ્યો. કોઈને કલ્પના સુદ્ધાં નહોતી કે ફક્ત બે-ત્રણ ધોરણનું પ્રાથમિક શિક્ષણ મેળવનાર સીધીસાદી સ્ત્રી એકલપંડે પરિસ્થિતિને પડકાર રૂપ માની શેષ આયુષ્ય સમત્વ બુદ્ધિથી અને દૃઢ મનોબળથી પસાર કરી દેશે.

માથેથી વાળ ઉતરાવી નાખ્યા. વસ્ત્રો કાળાં, સાડલો નવો હોય ત્યારથી, સહેજે ફાટ્યો ન હોય છતાં, ઠેરઠેર થીંગડાં મારી પહેરે. એ જમાનાની સામાજિક રૂઢિને અનુસરનારી typical વિધવા નારી. જો કે માસી એ સ્થિતિને જરાય શોચનીય માનતા નહિ. પૂ. સેવારામબાપુની શીખ એમને અદમ્ય બળ પૂરું પાડતી. માસી સદ્‌ગ્રંથોના વાંચન તરફ વળ્યાં. મોટે ભાગે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' (ભિક્ષુ અખંડાનંદ)નું સાહિત્ય વાંચે. જગન્નિયંતાએ જે પરિસ્થિતિનું નિર્માણ કર્યું હોય તેને યથાતથ સ્વીકારી લેવી, કોઈ જાતની ફરિયાદ વગર, એવી ફિલસૂફી જૂજ વ્યક્તિઓમાં જોવા મળે છે-તેમાંય એકલ સ્ત્રીમાં તો જવલ્લેજ .

માસીએ કોઈના પર બોજ બન્યા વિના સ્વાશ્રયી જીવન અપનાવ્યું. આર્થિક રીતે પગભર થઈ પોતાનો રોટલો રળી લેવો એવો મક્કમ નિર્ધાર હતો. ચલાલા (જિ. અમરેલી)માં અમારા ઘરની સામે એક રૂમ (અમારી જ માલિકીની) ખાલી હતી તેમાં માસીએ વસવાટ શરૂ કર્યો. કમાણીના સાધન તરીકે માથામાં નાખવાનું ધુપેલ અને પલંગની પાટી બનાવવાનું શરૂ કર્યું. ફળિયું વિશાલ હોઈ જગાનો કોઈ પ્રશ્ન નહોતો. બંને કામ મહેનત માગી લે તેવાં હતાં, પણ દૃઢ ઈચ્છાશક્તિ એને પહોંચી વળતી. સંત કબીરે વણકરીનું કામ સહજ રીતે હસ્તગત કર્યું હતું, પણ માસી માટે આ વ્યવસાય તદ્દન નવો હતો. છતાં આપબળે ઊંડી સૂઝથી આ હુન્નર આત્મસાત્ કરી લીધો. બે દોરીની હાર વચ્ચેથી બોબિન સરકાવવું અને બીજા હાથથી લાકડાના ઓજાર વડે જોરથી દોરી ડાબી બાજુ ધકેલવી, પરિશ્રમભર્યું કામ હતું. સખત અને મજબૂત પાટી તો જ બને. ખબર નહિ, માસીના કાંડામાં આટલું કૌવત કેવી રીતે હતું ! સાંજના સમયે કામ બંધ કરે. પરસાળમાં પલાંઠી વાળી બેસે. ઘૂંટણ નજીક લાકડાની ઘોડી વચ્ચે યોગવસિષ્ઠ રામાયણ મૂકી વાંચે, સામે આઠ-દસ મહિલાઓ ધ્યાનપૂર્વક સાંભળે. સાંજનો આ નિત્યક્રમ.

૧૯૫૦માં અમે વડોદરા સ્થળાંતરિત થયા. માસી ચલાલા રહ્યાં.

x x x

માસી એક સંબંધીને ત્યાં રહેતા હતાં. જો કે ત્યાં તેમને ગોઠતું નહોતું. ૧૯૭૫માં અમારે ત્યાં પત્ર આવ્યો કે મારે વડોદરા આવવું છે. કોઈ તેડી જશો ? તાબડતોબ હું એમને લઈ આવ્યો. મારાં બાથી માસી મોટાં. બંનેને એકબીજા સાથે બહુ ફાવે. જડીબહેન અને દિવાળીબહેનની બેલડી જોઈ લોકો હરખાય. બંને બહેનો સાથે જમે, ગોષ્ઠિ કરે. બેડરૂમમાં ત્રણ ભાગવાળી મોટી

પંથે પંથે પાથેય...

બારી આગળ માસીનું બિછાનું રહેતું. પોતાની નજર સામે રહે તે રીતે પૂ. સેવારામબાપુની છબી લટકાવી હતી. દર ગુરુપૂર્ણિમાએ અહોભાવથી છબીને ફૂલ ચડાવે. બારી નજીકની પાળી પર પુસ્તક પડ્યું હોય. 'શંકરાચાર્યના અષ્ટાદશ રત્નો' ફરી ફરી વાંચે. એક વાર પૂરું થાય તો પાછું વાંચે.

મારાં મોટા બહેન તથા બનેવી દર ભાઈબીજે પરિક્રમા અર્થે મથુરા-વૃંદાવન જાય. એક વાર જતાં પહેલાં બાને અને માસીને પગે લાગવા આવ્યાં. એક દરખાસ્ત પણ મૂકી, 'માસી, તમને જાત્રાએ લઈ જવા છે. અમને આટલો લહાવો આપો ને !' બહેન-બનેવી નારાજ ન થાય તે રીતે માસીએ એક જ વાક્યમાં જવાબ આપ્યો, 'વેદાંત રસબિંદુ (લે. સીતારામ ગુપ્ત) વાંચ્યા પછી જાત્રાએ જવાની કોઈ જરૂર મને લાગતી નથી.' બહેન-બનેવી પાસે હવે કોઈ દલીલ ન રહી.

જ્યાં હું કૉલેજ-અધ્યાપક હતો ત્યાંની લાયબ્રેરી સમૃદ્ધ હતી. એક દિવસ માસીને કહ્યું, 'તમારી રૂચિ પ્રમાણેના પુસ્તકો લાયબ્રેરીમાંથી લાવી આપું ?' માસીએ સ્મિત કર્યું. કંઈ શોધવા લાગ્યાં. રમણ મહર્ષિનું 'હું કોણ' શીર્ષકવાળું લખાણ જુદા કાગળ પર પોતાના હાથે કોપી કરી રાખ્યું હતું, તે મારી સામે ધર્યું. કહે, 'આત્મજ્ઞાનની વાત આમાં આવી જ જાય છે ને !'

આવા જ્ઞાનમાર્ગી પૂ. દિવાળી માસીએ ૧૯૮૬ની નવમી જૂને ઢળતી બપોરે અમારા નિવાસસ્થાને શાંતિથી દેહ છોડ્યો. 'સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં' આ સત્ય માસીએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યું. ✷✷✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦૦૦૬.
ફોન : ૦૨૬૫- ૨૪૮૧૬૮૦

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૫ • મે, ૨૦૧૧ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦

નયનરમ્યા

અગમ્ય રહસ્યા શ્રી શારદા દેવીઓ

જિન-વચન

ઇન્દ્રિયોને જીતનાર

पभू दोसे निराकिच्चा ण विरुज्झेज्ज केण वि ।
मणसा वयसा चेव कायसा चेव अंतसो ।।

સૂત્રકૃતાંગ ૧-૧૧-૧૨

ઇન્દ્રિયોને જીતનાર મનુષ્ય સર્વ દોષોનો ત્યાગ કરી કોઈ પણ પ્રાણીની સાથે જીવનપર્યન્ત મનથી, વચનથી કે કાયાથી વેર બાંધે નહિ.

Those who have conquered their senses and are free from defects, will never take their revenge on anyone, mentally, verbally or physically till the end of life.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

સાંસારિક વ્યવહાર શુદ્ધ થવાથી જ ધાર્મિક વ્યવહાર શુદ્ધ થશે

જ્યાં સુધી તમારો સાંસારિક વ્યવહાર શુદ્ધ, સરળ અને સ્થાયી થયો નથી, ત્યાં સુધી તમારો ધાર્મિક વ્યવહાર કોઈ કાળે શુદ્ધ થવાનો નથી. કોઈ કહેશે કે જૈનસાધુ થઈને ધાર્મિક વ્યવહારની બાબત મૂકી સાંસારિક વ્યવહારનો શા માટે ઉપદેશ કરે છે? પણ હું આગ્રહપૂર્વક કહું છું કે જ્યાં સુધી તમારો સાંસારિક વ્યવહાર શુદ્ધ થયો નથી, જ્યાં સુધી તમે સુખે ખાતા પીતા થયા નથી, જ્યાં સુધી તમે આજીવિકાની ચિંતામાંથી મુક્ત થયા નથી, ત્યાં સુધી તમોને ધર્મ સંબંધી ગમે તેટલું કહેવામાં આવશે તે સઘળું જેવું જોઈએ તેવું અસરકારક થશે નહિ, અને અમારો અને તમારો વૃથા કાળક્ષેપ થવા સિવાય તેનું બીજું કાંઈ પણ પરિણામ આવી શકતું નથી, માટે પ્રથમ તો તમારો સાંસારિક વ્યવહાર શુદ્ધ, સરળ અને સ્થાયી થવાની જરૂર છે, અને તમોને ઉપદેશ કરીએ કે તમે રાત્રી ભોજનનો ત્યાગ કરો, પણ તેને માટે તમારો જવાબ એ છે કે સાહેબ! અમો પારકા નોકર અથવા અમારે અમુક ઠેકાણે જવાનું તો પછી રાત્રે ન ખાઈએ તો બારે માસ એકાસણાં થયા. અમે તમોને કહીએ કે તમારે ખોટું બોલવું નહિ, વિશ્વાસઘાત કરવો નહિ, વિગેરે; પણ એ શબ્દો માત્ર તમારા કાનને જ સ્પર્શ કરી શકવાના છે, પણ તમારા મનમાં તમો તરત જ વિચારશો કે ખોટું બોલ્યા વગર કયો ધંધો ચાલે છે? સામાયિક પ્રતિક્રમણ કરવાનું કહીએ તોપણ તમોને તમારી સાંસારિક પ્રવૃત્તિ આડી નડશે; માટે આ ઉપરથી સમજવાનું તાત્પર્ય એ છે કે જ્યાં સુધી તમારો સાંસારિક વ્યવહાર શુદ્ધ થયો નથી, ત્યાં સુધી તમોને ગમે તેટલો ઉપદેશ કરવામાં આવશે; તો પણ તમારો ધાર્મિક વ્યવહાર શુદ્ધ થવાનો નથી. સંસારમાં રહેનારાને એવો ઉપદેશ 'અતોભ્રષ્ટ ततोभ્રષ્ટ' કરવા જેવો છે.

–પ. પૂ. ચારિત્ર વિજયજી બાપા

(સૌજન્ય શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ–સોનાગઢનું મુખપત્ર 'ચારિત્ર કલ્યાણ' સંદેશ)

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	ભ્રષ્ટાચાર અને સાધુ સમાજ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	પદ્મશ્રી કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા	—	૬
(૩)	માનવ-જીવનની કરુણ-મધુર કહાણી	કાકુભાઈ સી. મહેતા	૯
(૪)	ઈજિપ્તના મમી અને મેકડોનાલ્ડ બર્ગર	મેનકા ગાંધી	૧૧
(૫)	જયભિખ્ખુ જીવનધારા : ૨૮	ડૉ. કુમારપાળ દેસાઈ	૧૩
(૬)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૧૬
(૭)	જનજનના, ઊર્ધ્વગગનના ને અહિંસાના ઉદ્‌ગાતા ઉમાશંકર અને રવીન્દ્રનાથ બે મહાકવિઓ: 'વિશ્વશાંતિ' અને 'વિશ્વભારતી'ના સર્જકો	પ્રા. પ્રતાપકુમાર ટોલિયા	૧૮
(૮)	શ્રી કુંદકુંદાચાર્યરચિત પંચાસ્તિકાય સંગ્રહમાં દ્રવ્યબંધારણ-સ્વરૂપ	ડૉ. કોકિલા હેમચંદ શાહ	૨૦
(૯)	આત્માની ખોજ	શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી	૨૩
(૧૦)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૧)	પંથે પંથે પાથેય : પચ્ચીસ કલાકનો જેલવાસ	ગીતા જૈન	૨૮

મુખપૃષ્ટ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

●વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૫ ● મે ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● વૈશાખ સુદ-તિથિ-૧૪ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

ભ્રષ્ટાચાર અને સાધુ સમાજ

ગાંધીના માનસ સપૂત અણ્ણા હજારેને હજારો સલામ કરી પ્રત્યેકના જીવનમાં વિવિધ રૂપે પ્રવેશેલા ભ્રષ્ટાચારના કેટલાંક સામાન્ય સત્ય પ્રસંગો નમ્ર ભાવે પ્રસ્તુત કરું છું....

કેટલાંક વર્ષો પહેલાં એક સવારે મારી નવ વર્ષની પુત્રી સાથે હું મારી ગાડી ડ્રાઈવ કરી રહ્યો હતો. હાજીઅલીથી આગળ વરલી સી ફેસ તરફના ડાબી બાજુના વળાંકે સીગ્નલ લાઈટ પીળી થવા છતાં મેં ગાડી ડાબી તરફ વાળી. મારી ગાડીની પાછળની ગાડી એટલી બધી સ્પીડમાં આવતી હતી કે હું લાલ લાઈટ થઈ જશે એ વિચારે બ્રેક મારું તો અનર્થ થઈ જાત, એટલે પીળી લાઈટની મેં પરવા ન કરી, જેવો વળાંક લીધો એટલે ડાબી તરફ ખૂણામાં છૂપાઈને ઊભેલો ટ્રાફિક કોન્સ્ટેબલ પ્રગટ થયો અને મને ગાડી ઊભી રાખવા કહ્યું, મેં ગુનો કર્યો છે એમ કહી મારી સાથે દલીલો કરી.મેં દિલગીરી વ્યક્ત કરી પરિસ્થિતિ સમજાવી, પરંતુ એ સાંભળવા તૈયાર નહિ, મેં વળતી દલીલ કરી કે 'તારી ફરજનું સ્થળ સિગ્નલ પાસે છે. ત્યાં તારે ઊભા રહેવું જોઈએ, જેથી ટ્રાફિક નિયંત્રણમાં રહે અને ડ્રાઈવ કરનાર ભૂલ ન કરી બેસે, એના બદલે મોટરીસ્ટ ગુનો કરી બેસે એવી તકની રાહ જોઈને છૂપાઈને તું ઊભો રહ્યો, તો પહેલાં તો 'આપશ્રી' ગુનેગાર છો.' અમારી રકઝક વધી, એ વધુ ઉગ્ર બન્યો અને થોડીવારે અપેક્ષાના ભાવ સાથે નમ્ર પણ બનતો ગયો, પણ હું એનો ભાવ સમજી ન શક્યો અને અંતે મારું લાઈસન્સ મારે એને આપવું પડ્યું જે મને ઘણી મુશ્કેલીથી ઘણાં સમય પછી મેજીસ્ટ્રેટ કોર્ટમાંથી પાછું મળ્યું.

આ અંકના સૌજન્યદાતા

શ્રી વંદન શાહ

સ્મૃતિ : સ્વ. મનીષા વંદન શાહની ચોથી પુણ્યતિથિ નિમિત્તે

અમારી આ ઉગ્રતા મારી નવ વર્ષની પુત્રી સ્વસ્થતાથી જોઈ રહી હતી. આ બધું પતાવીને જેવી મેં ગાડી સ્ટાર્ટ કરી કે તરત મારી એ નવ વર્ષની પુત્રી બોલી, 'પપ્પા, શું તમે પણ આવી ફાઈટ કરી, વીસ રૂપિયા આપી દેવા હતા ને!! એ ખુશ થાત અને તમને હેરાન ન કરત.' મેં તરત પૂછ્યું, 'તેં આમ કેમ વિચાર્યું?' મને કહે, 'મામા સાથે હું ઘણી વાર જાઉં ત્યારે મામા આવી ભૂલ કરે કે તરત પોલીસને વીસ રૂપિયાની ભેટ આપી દે અને પોલીસ એમને સલામ પણ કરે! મારા કંપાસ બૉક્સમાં વીસ રૂપિયા હતા, મેં કાઢી રાખ્યા જ હતા, પણ તમે મારી સામે જૂઓ તો ને?' અમે ઘરે થોડાં મોડાં પહોંચ્યાં. કારણમાં મારી પુત્રીએ આ વૃત્તાંત કુટુંબીજનોને કહ્યો અને મને 'વેદિયા'નો શિરતાજ મળ્યો, જે આજે પણ અકબંધ છે!! એ પુત્રી અત્યારે વકીલ થઈ છે અને મને વકીલો, પોલીસો અને ન્યાયાલયના ભ્રષ્ટાચારના કિસ્સા સંભળાવ્યા કરે છે, અને એને આવું બધું સહજ જ નહિ, પણ જીવન જીવવા માટે યથાર્થ લાગે છે. આ વકીલ પુત્રી પાસે ટાટાની કંપનીઓની કાયદાકીય મેટર છે અને પોરસાઈને કહે છે કે ટાટા કંપની કોઈને એક રૂપિયાની પણ લાંચ ન આપે, સુપ્રિમ કોર્ટ સુધી લડી હજારો રૂપિયા ખર્ચે, પણ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

'પ્રેકટિકલ' ન બને. અમને તો જે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન ન આપી પોતાનું કામ કરાવે એ અસીલ પણ ફી આપે અને જે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપી પોતાનું કામ કઢાવી લે એ પણ સેટલ કરાવવા તગડી ફી આપે. વર મરો, કન્યા મરો, ગોરનું તરભાણું ભરો!!

આ રીતે નવી પેઢીને ભ્રષ્ટાચાર આપણો જીવનશૈલી અને એક શિષ્ટાચાર તરીકે સંસ્કારમાં ચામડીની જેમ આપ્યો છે, એ કેમ કરીને ઉતારીશું ? લોહી નીકળશે ?

મારા એક રાજકારણી કૉલેજ મિત્ર, જે ગુજરાત અને કેન્દ્ર સરકારમાં મંત્રી સ્થાને હતા, એમણે આ વહીવટી અમલદારો માટે મારી પાસે બળાપો કાઢ્યો કે, ભલે મંત્રી તરીકે અમારી પાસે સત્તા હોય, પણ અમારે સહાય તો આ અમલદારોની જ લેવાની હોય છે, કારણ કે એઓ એ વિષયમાં તજજ્ઞ હોય છે, વધુ દબાણ કરીએ કે એમના ભ્રષ્ટાચારને પકડીએ તો રોકડું પરખાવી દે કે 'સાહેબ તમે તો આ ખુરશી ઉપર થોડાં સમય માટે જ છો, અમે તો નિવૃત્તિ સુધી અહીં અને અહીંથી પણ પ્રમોશન સાથે 'ઊંચી' જગ્યાએ જઈશું, ત્યારે ક્યારેક તમને અમારું કામ પડશે જ. ત્યારે તમારે અમારી સામેની ખુરશી ઉપર બેસવું પડશે, ત્યારે ?'

અંગ્રેજોએ ઘણાં વરસ આપણા ઉપર રાજ કર્યું, અને વારસામાં બે પદ્ધતિ એવી આપી ગયા કે આઝાદીના ૬૪ વરસમાં આપણે એમાં કોઈ ફેરફાર કરી ન શક્યા. એક શિક્ષણ પદ્ધતિ અને બીજું આ આઈએએસ, આઈપીએસ, વગેરેની વહીવટી પદ્ધતિ. આપણાં દેશ ઉપર નેતાઓ કરતા વિશેષ 'રાજ' તો આવા ભ્રષ્ટ અધિકારીઓ જ કરે છે. ઈન્સ્પેક્ટરથી માંડી 'ઉપર' સુધી બધાંને 'ખાવું' છે. આ ઈન્સ્પેક્ટરરાજથી વેપાર-ઉદ્યોગ કેટલા ત્રસ્ત છે એ કોઈ વેપારી-ઉદ્યોગપતિને પૂછશો તો એમના ચહેરા ઉપર ક્રોધની રેખા ઉપસી આવતી દેખાશે.

મારો યુવાન પુત્ર મને ચોખ્ખું પરખાવી દે છે કે અમારે આ ઈન્સ્પેક્ટરરાજના વિષચક્રમાં નથી ફસાવું, આની કરતા પરદેશ સારો અથવા મોટી નોકરી સારી. મારા ઘણાં મિત્રોએ દેશભાવનાથી આ દેશમાં આવી ઉદ્યોગો શરૂ કર્યા, અને અમલદારશાહીથી ત્રાસી પરદેશ જતાં રહ્યાં છે.

લોકપાલ બીલ આજે ૪૨ વરસથી લટકે છે. કેમ ? અને હજુ લટકવાનું જ. આ વહીવટકારો અને રાજકારણીઓ પોતાના પગ ઉપર કુહાડો મારશે ? હજુ તો થોડા વધુ અણ્ણા હજારે, બાબા રામદેવ અને ઉપવાસો જોઈશે.

તો શું નિરાશ થવાનું ?

આપણી વર્તમાન જીવનશૈલી, સામાજિક વ્યવસ્થા અને સંસ્કાર તેમજ લોહીમાં રસાયણની જેમ એકરસ થયેલા આ ભ્રષ્ટાચારને કાયદા કે ભયથી જ નાથી શકાશે ? એવું કદાચ થાય તો એ અગ્નિ ઉપર રાખ હશે, પાણી નહિ હોય. જેને આવી ભ્રષ્ટ આવકની આદત પડી ગઈ હશે એ કાયદામાંથી પણ છટકબારી શોધી કાઢશે. ગાંધીજી કહેતા કે દેશ આઝાદ થશે પછી મને દેશના બૌદ્ધિકોની દાનત ઉપર શંકા છે, એ એમની બુદ્ધિનો સદ્‌ઉપયોગ નહિ કરે તો આ લોકો જ દેશને કરડી જશે, અને આ ૬૪ વરસમાં એ જ થયું છે. જેટલી પ્રગતિ થઈ છે એ સાચા અને પ્રમાણિક શ્રમિકોને કારણે થઈ છે, અને બૌદ્ધિકોનું તો ધન અને બુદ્ધિ પરદેશમાં જ છે.

સાધુ સમાજ

ભયથી જે શાંત થશે તો રાખ જેવું ક્ષણિક હશે. જ્યારે હૃદય પરિવર્તનનું પાણી આ બધાં 'મહાનુભાવો' ઉપર છંટાશે ત્યારે જ આ ભ્રષ્ટાચારનો અગ્નિ સમી જશે. અને આ કામ સમગ્ર ભારતનો પવિત્ર સાધુ સમાજ જ કરી શકશે. જે કાયદો નહિ કરી શકશે એ ધર્મવચન જ કરી શકશે.

વ્યક્તિ ધર્મ માટે જીવે અને ધર્મ માટે લડે છે, ધર્મથી જીવે છે. ધર્મ જ ક્રાંતિનું નિર્માણ કરે છે અને ધર્મ જ શાંતિનું સર્જન કરે છે. ધર્મ વચન ઝીલવું અને એ પ્રમાણે જીવવું એ એના સંસ્કારમાં વણાઈ ગયું છે. ધર્મનો આદેશ માનવામાં એ પોતાના જીવનની સાર્થકતા સમજે છે. આપણા ઋષિ મુનિઓના વચનો એમણે શિરોમાન્ય કર્યા હતા. એટલે વ્યક્તિને ધર્મની ભાષામાં જ આ ધર્માચાર્યો દ્વારા ભ્રષ્ટાચારને ઓગાળી દેવાનો આદેશ અપાશે તો ધાર્યું પરિણામ આવશે. આપણા ધર્મગુરુઓએ એમના અનુયાયીઓને ભ્રષ્ટાચારના નર્કાગારમાંથી ઉગારવાના છે. વર્તમાનમાં આ જ એમનો સાચો ધર્મ છે. એક સર્વેક્ષણ મુજબ આજના ૯૧% યુવાનોને ઈશ્વર અને ધર્મમાં શ્રદ્ધા છે.

અમે નાના હતા, ત્યારે ગામમાં કોઈ સાધુ પુરુષ કે સાધ્વી પધારે ત્યારે વડીલો એમની પાસે જઈ એમની સેવા કરવાનું અને ઉપદેશ ગ્રહણ કરવાનું અમને કહે. એક વખત મારા મોટા ભાઈએ મારા પિતાશ્રીને કહ્યું, 'હું એમને પગે લાગવા નહિ જાઉં.' 'કેમ ?' 'જ્યારે જ્યારે હું આ બધાં પાસે જાઉં છું ત્યારે ત્યારે બધાં મને કાંઈક ને કાંઈક બાધા લેવાનું કહે છે, મેં ઘણી વાર લીધી.' મારા પિતાજીએ કહ્યું કે, 'મને તો નથી લાગતું કે તેં બધી બાધા લીધી હોય.' ભાઈએ કહ્યું, 'ઘણી બાધાઓ નહિ, ઘણી બધી વાર એકની એક જ બાધા લીધી છે. હવે મારાથી ખોટું નહિ બોલાય, વારે વારે એક બાધા લીધી છે એ હું જીવનભર પાળીશ જ.'

સાધુ સમાજ અને ધર્મગુરુઓનો આ પ્રભાવ છે.

આપણો સાધુ સમાજ અને ધર્મગુરુઓ એમના ભક્તોને બસ એક જ બાધા લેવડાવે, 'હું ભ્રષ્ટાચાર કરીશ નહિ, અને ભ્રષ્ટાચારની

• **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/-(U.S. $ 15) • **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/-(U.S. $ 40) • **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/-(U.S. $ 65)
• **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/-(U.S. $120) • **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/-(U.S. $ 150)

અનુમોદના કે સાથ નહિ આપું.'

બસ, આટલું કરો. બે વીસી પછીના દેશને જોજો...પ્રગતિ અને આત્મતેજથી દેશ ઝળહળતો હશે.

અમે સાયન જૈન હોસ્ટેલમાં રહેતા હતા ત્યારે એક વાર મોરારજી દેસાઈ પધાર્યા. બધાં વિદ્યાર્થી એમની પાસે ઓટોગ્રાફ લેવા પહોંચી ગયા. મોરારજીભાઈ કહે, જે ખાદી પહેરતા હશે એને જ હું ઓટોગ્રાફ આપીશ.'

બધાની પેન ડાઉન.

આપણા સાધુ-સાધ્વી નક્કી કરે કે જે ઘરમાં ભ્રષ્ટાચારનું ધન ન હોય અને જેમણે ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપ્યું ન હોય ત્યાં જ ગોચરી કે ભિક્ષા લેવા જઈશું, અને દાનની રકમ રોકડાથી નહિ ચેકથી જ લેવાતી હોય એવા ઉપાશ્રયમાં, આશ્રમમાં કે મઠમાં જ અમે નિવાસ કરીશું. જોજો ચમત્કાર! સાધના અને સાધ્ય માટે સાધનશુદ્ધિ પણ એટલી જ મહત્ત્વની છે. ભ્રષ્ટાચારને નાથવાનો રાષ્ટ્રધર્મ પહેલાં પછી નિરાંતે આત્મધર્મ.

X X X

હિઝ હોલીનેસ ડૉ. સૈયદના મોહંમદ બુરહાનુદ્દીન સાહેબ (ત.ઉ.શ.)

વહોરા સંપ્રદાયના આ મહાન ગુરુની ૧૦૦મી સાલગિરાહ હમણાં મુંબઈમાં ધામધૂમથી ઉજવાઈ. આ મહાપુરુષના જ્ઞાન અને સેવા તરફ નજર કરીએ તો મસ્તક અને આત્મા નમન કરી બેસે. આ દિવસે વહોરા બંધુઓની શ્રદ્ધા અને ભક્તિ જોઈને હૃદય નમી પડ્યું. આ મહાપુરુષ વિશે તો એક મહાગ્રંથ લખાય એવું એમનું જીવન છે. આપણી શી હેસિયત? આ પૂજ્યશ્રીના રૂહને, જીવનને અને વહોરા ભાઈઓની ભક્તિને આપણા વંદન હજો.

X X X

પૂ. શ્રી સત્ય સાંઈ બાબા,

આ મહાન અવતારી આત્મા જગત તેજમાં વિલીન થઈ ગયો. એ દેહ કોઈ મહાન તત્ત્વજ્ઞાની કે ઉપદેશક ન હતો. એમણે કોઈ ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું નથી કે નથી કોઈ ભવ્યાતિભવ્ય ઉત્સવો કર્યા. એમણે માનવ માત્રની સેવા કરી છે. સેવા અને પ્રેમના મંત્રને આકાર આપ્યો છે. આ મહાત્માએ મોક્ષની વાતો કરીને મોક્ષનું પ્રલોભન નથી આપ્યું, સ્વર્ગની લાલચ દેખાડી નથી, પણ અનેક માનવોને અભાવો અને અપમાનોના વાસ્તવિક નરકમાંથી ઉગાર્યા છે. એમના ચમત્કારો મહત્ત્વના નથી પણ માનવ જાતના ઉદ્ધાર માટે આ મહાન આત્માએ જે ચમત્કાર જેવું કાર્ય કર્યું છે એ ધરતી ઉપર કોઈ નાનો ચમત્કાર નથી. પાંચ હજારમાં બાયપાસ સર્જરી, દર્દીની વિના મૂલ્યે સેવા, વિના મૂલ્યે મૂલ્યવાન શિક્ષણ, પાણીની યોજના, વગેરે વગેરે અનેક માનવ સેવાના કાર્યો એક સરકાર ન કરી શકે એવા મહાન કાર્યો આ આત્માએ કર્યા. એ આત્માને કોટિ કોટિ નમન.

□ ધનવંત શાહ
drdtshah@hotmail.com

મહાવીર વંદના

મહાવીર જયંતી નિમિત્તે મહાવીર વંદનાનો કાર્યક્રમ આપણા સંઘે લગભગ પંદરેક વર્ષો બાદ તા. ૧લી મે ૨૦૧૧ના રોજ પાટકર હૉલમાં સવારે ૧૦ થી ૧૨ યોજ્યો હતો. જૈન યુવક સંઘની એક પ્રવૃત્તિ 'પ્રેમળ જ્યોતિ'ના પ્રણેતા સ્વ. વિદ્યાબેન મહાસુખભાઈના અનુદાનથી આ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી અને તેમના જ અનુદાનથી મહાવીર જયંતીનો પ્રોગ્રામ દર વર્ષે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજાતો હતો. મુ. વિદ્યાબેનના નિધન બાદ ઘણાં વર્ષો સુધી આ ઉજવણી સ્થગીત થઈ ગઈ હતી. આ વર્ષે તેમના જ એક કુટુંબીજન શ્રી કમલેશભાઈના સૂચનથી કાર્યવાહી સમિતિએ આ કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યું.

આ સમગ્ર કાર્યક્રમનું સંયોજન કર્યું હતું શ્રી નીતિન સોનાવાલા, શ્રીમતિ પુષ્પાબેન પરીખ અને શ્રીમતિ ઉષાબેન પ્રવીણભાઈ શાહે.

આ વર્ષે ગૌતમકથા બાદ તા. ૧લી મે ૨૦૧૧ના રોજ શ્રીમતી ઝરણાબેન વ્યાસ તથા શ્રી વિજયભાઈ વ્યાસ અને પાર્ટીનો સુમધુર સંગીતનો કાર્યક્રમ રાખ્યો હતો. સૌ પ્રથમ શ્રી નિતીનભાઈએ શ્રોતાજનોને આવકાર આપી ઝરણોબન તથા વિજયભાઈનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ ઝરણાબેને તેમના સુમધુર કંઠે નવકાર મંત્રથી શરૂ કરી અતિ સુંદર ભાવવાહી ભજનોનો થાળ શ્રોતાજનોને પીરસ્યો હતો અને શ્રોતાઓએ મન ભરીને માણ્યો હતો. ભજનોની વચ્ચે વચ્ચે ધૂન લઈ શ્રોતાઓને પણ એમની સાથે ભક્તિ સંગીતમાં સામેલ કરી દીધા હતા. જેઓ આવ્યા તેઓએ માણ્યું અને ન આવ્યા તેમણે ગુમાવ્યું એવો આ મનહર અને મનભર ભક્તિ સંગીતનો કાર્યક્રમ હતો.

ઝરણાબેનને તબલા પર એમના પતિ વિજયભાઈએ ખૂબ જ સુંદર સાથ આપ્યો. ઝરણાબેન ગુજરાતી ભાષી ન હોવા છતાં તેમના ઉચ્ચારો એકદમ શુદ્ધ હોવાથી જે ભાવપૂર્વક તેઓએ જૈન, મીરાંના, તેમજ બીજા ભજનો પીરસ્યા તેનાથી શ્રોતાગણ ડોલાયમાન થઈ ગયા. સમય મર્યાદા સાચવવા માટે સવાબારે કાર્યક્રમ પૂરો કરવો પડ્યો. શ્રોતાજનો જરૂર અતૃપ્ત મને જ વિદાય થયા હશે.

આ લખનારે આ કાર્યક્રમમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપનાર સર્વ યોજકોનો આભાર માનવાની ફરજ બજાવી હતી.

□ પુષ્પા પરીખ

જ્ઞાનપૂર્ણ, ગરિમાયુક્ત, અનુપમ અનુભવ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નિર્મિત

વિખ્યાત સર્જક અને ચિંતક

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા

(૧)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મહાવીર જન્મકલ્યાણક દિન નિમિત્તે ભગવાન મહાવીરના શિષ્યરત્ન, જ્ઞાન-લબ્ધિના ભંડાર ગુરુ ગૌતમ સ્વામીના જીવન અને ચિંતનને પ્રગટ કરતી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક વાણીમાં ૧૫, ૧૬ અને ૧૭મી એપ્રિલે પાટકર હૉલમાં **ગૌતમકથા**નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. ગયે વર્ષે માર્ચ ૨૦૧૦માં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા મહાવીર જન્મકલ્યાણક દિવસે (મહાવીર જયંતીએ) જૈન દર્શનના પ્રસિદ્ધ સાહિત્યકાર અને વિચારક ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રસ્તુત કરેલી મહાવીરકથાએ ભાવકો, વિચારકો અને અધ્યાત્મ જિજ્ઞાસુઓમાં નવા વિચાર અને નવી ચેતનાનો સંચાર કર્યો હતો. એ જ શૃંખલામાં આ વખતે ત્રણ દિવસ માટે ગૌતમકથાનું આયોજન થયું અને શ્રોતાઓને એનો એક અવિસ્મરણીય અનુભવ થયો.

પ્રથમ ગણધર, મહાતપસ્વી અને અનંત લબ્ધિઓના નિધાન ગુરુ ગૌતમસ્વામીના જીવનની વિશેષતા, ચિંતનની ગહનતા, ગુણોની સમૃદ્ધિ, અપ્રતિમ ગુરુભક્તિ અને અજોડ દર્શનને મનોરમ અને હૃદયસ્પર્શી શૈલીમાં વિખ્યાત લેખક અને ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રસ્તુત કર્યું. આ સમગ્ર કાર્યક્રમમાં ત્રણેય દિવસ સુધી હૉલમાં શ્રોતાજનોની ખીચોખીચ હાજરી રહી અને હૉલની બેઠકોની મર્યાદાને કારણે કેટલાકને ઉપસ્થિત રહેવાનો લાભ આપી શકાયો નહીં. આ ત્રણે દિવસ યુવા વર્ગની વિશેષ ઉપસ્થિતિ એ નોંધનીય ઘટના બની રહી. જો કે આ ત્રણેય દિવસની કથાની 'માય ચેનલ' ટી.વી.એ રજૂઆત કરી અને એ પછી 'અરિહંત ચેનલ' દ્વારા એને દેશ-વિદેશમાં પ્રસારિત કરવામાં આવી. જ્ઞાનપિપાસુ અને અધ્યાત્મ-જિજ્ઞાસુઓ માટે આ કથાનું શ્રવણ જીવનનો એક યાદગાર લ્હાવો બની રહ્યો. વળી આની સાથોસાથ શ્રી મહાવીર શાહના ગીતોએ પણ સૌને ભક્તિભાવમાં તરબોળ કર્યા.

આ વખતની ગૌતમ-કથાની સૌથી મહત્ત્વની વિશેષતા એ રહી કે એમાં શાસ્ત્રમાં આલેખાયેલા ગુરુ ગૌતમસ્વામીના જીવનના ઘણાં અપ્રગટ પાસાંઓને ઉજાગર કરવામાં આવ્યાં. જુદા જુદા પ્રસંગોના રસમય વર્ણનથી એક અલૌકિક વાતાવરણ સર્જવામાં આવ્યું. વળી સ્ટેજની આકર્ષક સજાવટ સોનામાં સુગંધ ઉમેરતી બની. સભાગૃહની બંને બાજુ બે સ્ક્રીન રાખવામાં આવ્યા હોવાથી પાછળની હરોળમાં બેઠેલા દર્શકો પણ એનો પૂરો આસ્વાદ લઈ શક્યા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી ડૉ. ધનવંત શાહે ઉપસ્થિત સહુ ભાવિકજનોનું આનંદપૂર્વક સ્વાગત કરતા જણાવ્યું કે ગયે વર્ષે મહાવીરકથાના સફળ આયોજન બાદ આ વર્ષે ગૌતમકથાના આયોજનને લોકોએ અત્યંત ઉષ્માભર્યો પ્રતિસાદ આપ્યો છે. હૉલની બેઠકોની મર્યાદાને કારણે ઘણી વ્યક્તિઓને પ્રવેશ-નિમંત્રણ પત્રિકા આપી શકાઈ નથી, તેનો ખેદ પ્રગટ કરતા તેમણે કહ્યું કે આ જ્ઞાનપીઠ પરથી ગૌતમસ્વામીના જીવનની પ્રસ્તુતિ થશે. કોઈપણ ભક્તિ જ્ઞાન વિના હોઈ શકે નહીં. દીપાવલિ પર્વના દિવસે આપણે ચોપડામાં 'ગૌતમ સ્વામીની લબ્ધિ હોજો' એમ લખીએ છીએ. પ્રત્યેક જૈનના હૈયે ગૌતમસ્વામી વસેલા છે; પરંતુ અહીં આપણે એક

11 ગૌતમકથા 11

ગૌતમકથા D.V.D.

ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક અને હૃદય સ્પર્શી વાણીમાં ત્રણે દિવસની ગૌતમ કથાને જીવંત માણો ત્રણ ડી.વી.ડી.માં.

પ્રત્યેક ડી.વી.ડી. કથા-ચિંતન-ગીત-સંગીત અઢી કલાક

ત્રણે ડી.વી.ડી. એક સાથે એક આકર્ષક પેકિંગમાં

એક સેટ રૂા. ૩૦૦/-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો અને પેટ્રનો તેમજ છાત્રાલયો અને પુસ્તકાલયો, દેરાસર અને ઉપાશ્રયોને રૂા. ૨૭૦/- એક સાથે દશ ડી.વી.ડી. સેટ લેનારને એક ડી.વી.ડી. સેટ પ્રભાવના સ્વરૂપે.

બૅંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના CD A/C No. 003920200020260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારોને આ જ્ઞાનની ભેટ અર્પણ કરી જ્ઞાનકર્મનું પુણ્ય પ્રાપ્ત કરો. પરિવાર અને મિત્રો સાથે બેસીને આ ડી.વી.ડી. દ્વારા ગૌતમકથાનું દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે-અમૂલ્ય છે-શાશ્વત છે.

વિશિષ્ટ ચિંતન અને દર્શન દ્વારા આગવી રીતે તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પછી જૈન પરંપરામાં સૌથી વધુ છવાયેલા એવા ગુરુ ગૌતમસ્વામીના વ્યક્તિત્વને ઓળખવાનો પ્રયત્ન કરીશું.

ગૌતમકથાના પ્રારંભે સંસ્થાના અગ્રણી હોદ્દેદારો અને સૌજન્ય દાતાઓએ ડૉ. કુમારપાળ દેસાઈ સાથે દીપપ્રાગટ્ય કર્યું. આ સમયે શ્રી પ્રેમલ કાપડિયાએ પાંચ ભાગમાં તૈયાર કરેલાં 'શ્રીપાલ રાસ'નું અને જૈન ધર્મના અભ્યાસી ડૉ. કલાબહેન શાહના 'કવિ વિદ્યારુચિ કૃત ચંદ રાજાનો રાસ : એક અધ્યયન' પુસ્તકનું લોકાર્પણ ડૉ. કુમારપાળ દેસાઈના શુભહસ્તે કરવામાં આવ્યું.

ગૌતમ-કથા : પ્રથમ દિવસ

વિષય : પરિવર્તનનો વિસ્ફોટ

તીવ્ર અહંકાર અને નમ્ર વિનય

ગુરુ ગૌતમસ્વામીના ગુણાષ્ટકથી ગૌતમકથાનો પ્રારંભ કરતા શ્રી કુમારપાળ દેસાઈએ કહ્યું કે 'ગૌતમસ્વામીનું જીવન એ શાસ્ત્ર, સૌજન્ય અને સાધનાના ચરમ શિખર સમું છે. કોઈ પણ વ્યક્તિના જીવનમાં એ માનવી તરીકે, આધ્યાત્મિક સાધક તરીકે અને વિભૂતિ તરીકે ક્રમશઃ પ્રગતિ સાધે છે. ગુરુ ગૌતમસ્વામી આ ત્રણેય બાબતમાં શ્રેષ્ઠ છે અને એમનું જીવન એ અહંકારનાશની મહાન પ્રયોગશાળા છે.'

એ પછી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ એ સમયની વૈદિક સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિની ધારાનો ખ્યાલ આપીને ગૌતમસ્વામીના પૂર્વ જીવનની માર્મિક વિગતો આપી હતી. ધર્મતીર્થોની સ્થાપનાભૂમિ અને શાસ્ત્રોની રચનાભૂમિ એવા મગધમાં વિક્રમ સંવત પૂર્વે ૫૫૦માં માતા પૃથ્વીદેવીની કૂખે જન્મેલો આ બાળક ઈન્દ્ર જેવું રૂપ અને તેજ ધરાવતો હોવાથી એનું નામ ઈન્દ્રભૂતિ રાખવામાં આવ્યું. આ ઈન્દ્રભૂતિને અગ્નિભૂતિ અને વાયુભૂતિ નામે બે નાના ભાઈઓ પણ હતા. વસુભૂતિ પોતાના સંતાનોની વિદ્યા, ધર્મ, સંસ્કાર અને આરોગ્ય માટે ખૂબ જાગૃત હતા અને તેને પરિણામે જ નાની વયમાં જ મગધ દેશના સમર્થ પંડિતોમાં ઈન્દ્રભૂતિ ગૌતમની ગણના થવા લાગી. યજ્ઞ-યોગ અને ધર્મક્રિયામાં એમને માનભર્યું સ્થાન મળ્યું. વાદવિવાદમાં પારંગત અને શાસ્ત્રોનો આધાર રજૂ કરવાની આવડતને કારણે એમની સાથે વાદ કરવા આવેલો પરાજિત થઈને જ પાછો જતો. મહાપંડિત ઈન્દ્રભૂતિ ગૌતમ કેવા હતા? સાત હાથ જેટલી ઊંચી કાયા, મજબૂત શરીર, મોહક દેખાવ, વદન પર સદા છવાયેલું તેજ અને જીભ પર સરસ્વતીનો વાસ. આ રીતે કથા પ્રારંભે ડૉ. કુમારપાળ દેસાઈએ ગુરુ ગૌતમસ્વામીની વિરાટ પ્રતિભાનો હૃદયંગમ સ્પર્શ કરાવ્યો અને જેને પરિણામે આ કથા સાંભળનારા સૌને ગુરુ ગૌતમસ્વામીના મહિમાનો ખ્યાલ આવ્યો.

ધનાઢ્ય સોમિલ વિપ્ર ઈન્દ્રભૂતિ ગૌતમને યજ્ઞમાં આવવા વિનંતી કરે છે. તેઓ એમના પાંચસો શિષ્યો અને તેમના બંને ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિ સાથે આવવાનું સ્વીકારે છે. આ સમયે સોમિલ વિપ્ર સોનામહોરોની દક્ષિણા આપે છે. દક્ષિણા સાથે સ્પૃહા જોડાયેલી હોય છે એટલે સોમિલે પૂછ્યું, 'આ યજ્ઞ મને સ્વર્ગ અપાવશેને? મને બીજી કોઈ કામના નથી. માત્ર સોહામણા સ્વર્ગને પામવાની ઈચ્છા છે.'

મહાપંડિત ઈન્દ્રભૂતિ ઊંડા વિચારમાં – અરે! હજી હું આત્માના અસ્તિત્વ સંબંધે શંકાશીલ છું. જો આત્મા ન હોય તો સ્વર્ગ કોને મળે? ઈન્દ્રભૂતિએ એમને આશ્વસ્ત કર્યા અને કહ્યું,

સ્વર્ગકામો અગ્નિહોત્રં જુહુયાત્ । એટલે કે સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરાવવો. માટે આપ નિશ્ચિંત રહો. આપનો સ્વર્ગ પ્રવેશ નિશ્ચિત્ત ધારજો. સૂત્રો પકડીને ચાલવું. ક્યારેક સૂત્ર પકડાઈ જાય અને સત્ય સરકી જાય.

આ પ્રસંગનું આલેખન કરતા કુમારપાળ દેસાઈએ કહ્યું કે ધર્મની સાથે કામના જોડાય ત્યારે ધર્મના સિંહાસન પર આરાધનાને બદલે ઈચ્છા કે પ્રલોભન બિરાજમાન થઈ જાય છે. સાચી સમજને બદલે ચમત્કારનો મહિમા થાય છે અને હૃદયની શુદ્ધિને સ્થાને સાધ્યની પ્રાપ્તિ મહત્ત્વની બને છે.

એ પછી આ ઘટનાનું હૃદયસ્પર્શી વર્ણન કરતા ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું

ભગવાન મહાવીરના શિષ્ય રત્ન
લબ્ધિ તણા ભંડાર પ્રથમ ગણધર
।। ગુરુ ગૌતમ સ્વામી ।।

૧. સંસારી નામ : ઈન્દ્ર ભૂતિ
૨. ગોત્ર : ગૌતમ
૩. પિતા : વસુભૂતિ
૪. માતા : પૃથ્વી દેવી
૫. ભાઈ : ૧. અગ્નિભૂતિ
૨. વાયુ ભૂતિ
૬. જન્મભૂમિ : ગોબર
૭. દેશ :મગધ
૮. દીક્ષાભૂમિ : પાવાપુરી
૯. કૈવલ્યભૂમિ : ગુણીયાજી
૧૦. નિર્વાણભૂમિ : વૈભવ ગિરિ
૧૧. દેહ વર્ણ : કંચન
૧૨. ઊંચાઈ : ૭ હાથ
૧૩. ગૃહસ્થ પર્યાય : ૫૦ વર્ષ
૧૪. છદ્મસ્થ પર્યાય : ૩૦ વર્ષ
૧૫. કેવલી પર્યાય : ૧૨ વર્ષ
૧૬. શિષ્યો : ૫૦ હજાર
૧૭. કુલ ચારિત્ર પર્યાય : ૪૨ વર્ષ
૧૮. કુલ આયુષ્ય : ૯૨ વર્ષ
૧૯. દીક્ષા પર્વ : વૈશાખ સુદ ૧૧
૨૦. કેવળજ્ઞાનપર્વ : આસો વદ ૩૦
૨૧. જ્ઞાન–ચાર : લબ્ધિ ૨૮
૨૨. સર્જન : દ્વાદશાંગી, જગચિંતા મણિ ચૈત્યવંદન, ઋષિ મંડલ સ્તોત્ર, પ્રભુદત્ત ત્રિપદીમાંથી એક મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચના

કે 'સૌમિલ વિપ્રએ અપાપા નગરીની બહાર વિશાળ યજ્ઞમંડપ બાંધ્યો હતો અને તેમાં ભારત ભૂષણ, વેદ-વિદ્યા વિશારદ, સકલ શાસ્ત્ર પારંગત અને વાદકલા નિપુણ એવા ઈન્દ્રભૂતિ ગૌતમની ઉપસ્થિતિમાં યજ્ઞનો પ્રારંભ થયો. એ સમયે આકાશમાં અદ્‌ભુત ધ્વનિ સંભળાયો. સૌએ જોયું તો આકાશ દૈવવિમાનોથી છવાયેલું હતું. સૌમિલ વિપ્ર, મહાપંડિતો અને પ્રજાજનો કુતૂહલથી એ જોઈ રહ્યા કે કેવાં દિવ્ય વિમાનોમાં બેસીને દેવો આવી રહ્યાં છે.' રાજા-મહારાજાઓ તેમના સ્વાગતની તૈયારી કરવા લાગ્યા. ઈન્દ્રભૂતિ ગૌતમ ગર્વ અનુભવી રહ્યા. સૌમિલ વિચારતો હતો કે ભારત ખંડના ઈતિહાસમાં આ ઘડી સદાને માટે યાદગાર બની રહેશે. સહુ વિચારતા કે સકલ શાસ્ત્ર પારંગત ઈન્દ્રભૂતિ ગૌતમ અને બીજા પંડિતો યજ્ઞવિધિ કરતા હોય, ત્યારે દેવોને આવવું જ પડે ને અહંકાર હંમેશાં પોતાને ગમતી કલ્પનાઓ કરીને પોતે જ પોતાની પીઠ થાબડતો હોય છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છેકે હાથી અને ઘોડાના પોષણ માટે તો ઘાસનો ખર્ચ થાય,પણ અહંકારના પોષણ માટે કોઈ ખર્ચની જરૂર હોતી નથી. યજ્ઞભૂમિ પર હર્ષોલ્લાસ વ્યાપી ગયો. સૌમિલે તો વિચાર્યું કે યજ્ઞથી થનારી સ્વર્ગપ્રાપ્તિ જાણે સામે ચાલીને ન આવી હોય?

સૂર્યનો તાપ લાગતાં જ ઝાકળના બિંદુઓ ઊડી જાય તે રીતે પળવારમાં આ હર્ષ વિષાદમાં પલટાઈ ગયો. એ દેવવિમાનો યજ્ઞભૂમિના પ્રાંગણમાં ઉતરવાને બદલે નગરની બીજી દિશા તરફ વળી ગયા. યજ્ઞ કરાવનાર સૌમિલ દેવ અને યજ્ઞકર્મ કરનાર પંડિત ઈન્દ્રભૂતિ વિચારી રહ્યા કે આ શું?

અઢી હજાર વર્ષ પહેલાંની વૈશાખ માસની એ શુક્લ પક્ષની અજવાળી એકાદશી કોઈ અલૌકિક આશ્ચર્ય સાથે ઊગી હતી. કાળનું ચક્ર સતત ઘૂમતું હોય છે; પરંતુ કોઈક ક્ષણે એ કાળચક્ર એવી જગ્યાએ આવીને થંભે છે કે એ પળ ઈતિહાસમાં અમર બની જાય છે.

જે સમયે સૌમિલ વિપ્રનો સમર્થ મહાયજ્ઞ મંડાયો હતો એ જ સમયે અપાપાપુરીમાં કેવળજ્ઞાનથી પરિપૂર્ણ એવા મહાવીર સ્વામી ઉત્તમોત્તમ ઉપદેશ આપી રહ્યા હતા. સ્વયં સ્વર્ગના દેવોએ અતિ ભવ્ય મંડપની રચના કરી હતી. એ દિવસની મહત્તા એ કે જગત જેને જૈનધર્મ તરીકે પિછાણે છે, તે શ્રવણધર્મની ભારતમાં પુનઃ પ્રતિષ્ઠા થઈ.

આ દિવસે સ્વયં ભગવાન મહાવીર સ્વામી દ્વારા જૈન સંઘની સ્થાપના થઈ. આજે સેંકડો જૈન સંઘો વિદ્યમાન છે, એનું આ આરંભ બિંદુ આ જૈન સંઘ એ ઉત્કૃષ્ટ લોકશાહીનું સ્વરૂપ છે અને સંઘનું સામર્થ્ય એ ધર્મની ઈમારતનો પાયો છે.

વિશ્વનો આ એક એવો દિવસ જે દિવસે હજારો ભવ્ય આત્માઓએ સંયમના પંથે પ્રયાણ કર્યું. આ મહાન દિવસ કે જ્યારે અગિયાર સમર્થ મહા પંડિતો અને તેમના ચાર હજાર શિષ્યોએ એક સાથે દીક્ષા ગ્રહણ કરી અર્થાત્ કુલ ચાર હજાર ચારસો અગિયાર પુણ્યાત્માઓએ દીક્ષા ગ્રહણ કરી. ધર્મ ક્ષેત્રે ચમત્કારરૂપ ઘટના બની એ અવિસ્મરણીય દિવસ હતો વિક્રમ સંવત પૂર્વે પાંચસો વર્ષે વૈશાખ સુદ અગિયારસ.

ઈન્દ્રભૂતિ ગૌતમના અહંકાર પર થયેલાં આઘાતનું ડૉ. કુમારપાળ દેસાઈએ સુંદર વર્ણન કર્યું અને પચાસ વર્ષની વયના ઈન્દ્રભૂતિ ગૌતમ મહાસેન વનમાં બિરાજમાન મહાવીરને વાદમાં પરાજિત કરવા માટે મહાસેન વન તરફ જવા લાગ્યા. એ વિચારે છે કે આ જગત પર મારા જેવો મહાજ્ઞાની હોય, ત્યાં અન્ય કોઈ સર્વજ્ઞ હોય તે બને જ કેવી રીતે?

व्योम्नि सूर्यद्वयं किं स्याद्? गुहायां केसरियम्।
प्रत्याकारे च खड्गौ द्वौ किं सर्वज्ञावहं स च?।।

–શું આકાશમાં બે સૂર્ય સંભવ છે? અને શું એક ગુફામાં બે સિંહ રહી શકે ખરા? અને શું એક મ્યાનમાં બે તલવાર રહી શકે ખરી? અર્થાત્ ન જ સંભવે. એ જ પ્રમાણે શું અમે બે સર્વજ્ઞ શી રીતે રહી શકીએ? ખરેખર કોઈ આડંબરવાળો ઈન્દ્રજાળિઓ લાગે છે – લોકોને ઠગનારો લાગે છે.

પગના વેગથી અનેકગણો મહાપંડિત ઈન્દ્રભૂતિ ગૌતમના મનનો વેગ હતો. રસ્તો ટૂંકો હોવા છતાં લાંબો લાગતો હતો. વેગીલી ગતિ પણ ધીમી દેખાવા લાગી. બસ, હમણાં પરાજિત કરું, પણ આ વિચારે મહાપંડિતનો એવો પીછો કર્યો કે સતત એમના ચિત્તમાં મહાવીર અને એમના સર્વજ્ઞપણાના વિચારો કબજો લઈને બેઠા હતા. વર્ષોથી માંડેલી માન્યતા પર આ કુઠારાઘાત હતો. અને કુહાડીનો ઘા એવો હતો કે એ થડને નહીં, પણ મૂળથી વૃક્ષને ઉખેડી નાખે. ઉત્સુકતા, અધીરાઈ, અકળામણ અને પારાવાર બેચેની સાથે ઈન્દ્રભૂતિ ગૌતમ અને એમના પાંચસો શિષ્યો મહાસેન વનમાં પ્રવેશ પામ્યા.

અહીં સમવસરણમાં સભામાં શૂદ્રોને પ્રવેશ હતો અને સ્ત્રીઓ પણ બિરાજમાન હતી. મહાવીરની વાત જ નિરાળી હતી. ભગવાન મહાવીરની બ્રાહ્મણની વ્યાખ્યા અનેરી હતી. એમણે કહ્યું કે માત્ર માથું મુંડાવવાથી શ્રમણ થવાતું નથી અને માત્ર ઓમકાર ધ્વનિના ઉચ્ચારણથી બ્રાહ્મણ થવાતું નથી. સમતાથી શ્રમણ થવાય છે અને બ્રહ્મચર્યથી બ્રાહ્મણ થવાય.

ઈન્દ્રભૂતિ ગૌતમે તો મનમાં વિચાર્યું હતું કે જઈને એને પડકાર ફેંકવો, પણ ચોપાસનું વાતાવરણ એવું હતું કે ત્યાં શાંતિનું સામ્રાજ્ય પથરાયેલું હતું. મહાવીરની આંખમાં કરુણા હતી. ગાય અને સિંહ એક સાથે ઉપદેશનું પાન કરતા હતા એવી અહિંસા હતી. દૂરથી મહાવીરનું પ્રશાંત રૂપ જોયું, અઢળક આત્મવૈભવ જોયો અને દિવ્ય તેજ જોયું. કેવી સૌમ્ય કાંતિ, કેવી પરમ શાંતિ.

મહાવીરે વાત્સલ્ય નીતરતી વાણીમાં ઈન્દ્રભૂતિ ગૌતમને કહ્યું,

'હે ગૌતમ ગૌત્રીય ઈન્દ્રભૂતિ! પધારો, તમારું સ્વાગત કરું છું.'

આજે આપણી વાણીમાં આવી અહિંસા રહી છે ખરી? કે મમત્વ માટે આપણે હિંસક વાણીમાં ઉતરી ગયા છીએ. વિરાટ વિશ્વમાં એક ખોબા જેવડું ભારત એમાંય એ ભારતમાં આંગળીના એક નખ જેટલા જૈનો અને આજે એમની વચ્ચે ભેદની કેટલી બધી ચર્ચા ચાલે છે. તીર્થો, ક્રિયાઓ અને તિથિનું સમરાંગણ રચાયું છે.

આપણને જુદા પડવું ગમે, ભેગા થતાં પેટમાં દુઃખે છે! ક્યાં મહાવીરનો ધર્મ, ક્યાં અનેકાંતની ઉપાસના અને ક્યાં આવીને આપણો ઊભા છીએ. વિશ્વમૈત્રીની વાતો કરનારા આપણો અંદરોઅંદર મૈત્રી કેળવી શક્યા છીએ ખરા? કે પછી એ જ અહમ્, એ જ મમત્વ આપણામાં ઘર કરીને બેઠું છે.

ક્ષણવાર ઈન્દ્રભૂતિ વાણી (દેશના)નો પ્રભાવ અનુભવી રહ્યા. એમના મુખેથી ઉચ્ચારાયેલું પોતાનું નામ સાંભળીને પળવાર તો વિસ્મય થયા. મને મારા નામથી બોલાવીને આવકાર આપ્યો? સાચે જ આ સર્વજ્ઞ લાગે છે. વળી મનમાં વિચાર્યું કે મારા જેવા મહાજ્ઞાનીને કોણ ન ઓળખે? મારા જેવા સમર્થ પંડિતનું નામ અને ગોત્ર કોણ ન જાણે? મારા નામથી એમણે મને બોલાવ્યો, એમાં શી નવાઈ?

અહંકારી હંમેશાં પોતાની પ્રશંસા કરતો હોય છે અને બીજાની સતત ટીકા કરતો હોય છે. ઈન્દ્રભૂતિ ગૌતમે વિચાર્યું કે કદાચ મહાવીર જ્ઞાનવાન સાધક હશે; પરંતુ મારા મનના સંશયને જાણીને કહે તો ખરા? મારા મનમાં વર્ષોથી જેનો સંશય છે એ પ્રશ્ન જ એમની સામે મૂકીને એમને સકંજામાં લઈશ? ઈન્દ્રભૂતિ ગૌતમ પોતાના આસન પર બિરાજમાન થાય તે પહેલાં ભગવાન મહાવીરે કહ્યું,

'किं मन्नि अत्थि जीवो।
ए आहु नत्थित्ति संसओ तुज्झं।।'

'આત્મા છે કે નહીં એવો સંશય તમારા મનમાં થયો છે અને વેદપદોનું યોગ્ય અર્થઘટન ન કરવાથી 'આત્મા નથી' એવી માન્યતા તારી બંધાઈ છે.' અને એક વિસ્ફોટ સર્જાયો તથા મહાપરિવર્તનની ક્ષણ આવી. **(ક્રમશઃ)**

(બીજા દિવસની કથાનો સાર આવતા મહિને, જૂનમાં.)

પ્રથમ દિવસ : ૧૫ એપ્રિલ, ૨૦૧૧

સૌજન્યદાતા : સ્વ. શ્રી શિવુભાઈ વસનજી લાઠિયાના સ્મરણાર્થે શ્રીમતી હેમલતાબેન લાઠિયા પરિવાર જૂહુ–વિલેપારલે–મુંબઈ.

માનવ–જીવનની કરુણ–મધુર કહાણી

❑ કાકુભાઈ સી. મહેતા

(મુંબઈસ્થિત નિવૃત્ત વિદ્વાન લેખક, આ સંસ્થાના સક્રિય કાર્યકર, સામાજિક કાર્યકર, લેખક અને ચિંતક છે.)

૧૯૪૩-૪૪ની વાત. હું એ વખતે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં (હાલ મહાત્મા ગાંધી વિદ્યાલય) ભણતો. ગુજરાતી વિષયના શિક્ષક હતા બાળગીતોના રચનાર કવિ શ્રી ત્રિભુવન વ્યાસ. એક વાર 'આભમાં ઝુમે ઝુમ્મર તારા'નું ગીત જ્યારે સમજાવ્યું ત્યારે અંતર ઝંકૃત થઈ ઊઠેલું. પછી તો સંસારની જંજાળમાં આ ગીતની યાદ ઝળકી જતી અને ભુલાઈ જતી...આજે લગભગ પાંસઠ વર્ષ પછી, બીજું ઘણું બધું ભુલાઈ જાય છે ત્યારે પણ આ ગીતની સ્મૃતિ અંતરમાં ઝબકી જાય છે. કવિશ્રી પ્રકૃતિના અનુપમ રૂપ દ્વારા સંસારના મર્મને કેવી અદ્‌ભુત રીતે પ્રસ્તુત કરે છે એની આજે કાંઈક ઝાંખી થાય છે. થોડોક સમજવાનો આ છે એક માત્ર પ્રયાસ. કવિશ્રી ગાય છેઃ

આભમાં ઝુમે ઝુમ્મર તારા, રાત રમે રંગવાટે,
ઘૂઘવે ઘેરા પાતાળ પાણી, નાવ મારી છે ઘાટે,
સાગર તેડે હાથ પસારી, હૈયું હલકે ભાન વિસારી,
નાવડી નાચે નૌતમ મારી, તારાં અભયદાને...
નાવ મેં મેલી સાગરખોળે તારાં અભયદાને.

ફક્ત ચાર ચાર શબ્દોમાં કવિશ્રી આપણને ક્યાંથી ક્યાં લઈ જાય છે એ તો જુઓ! મારા અનુભવની વાત છે પણ ઘડીભર કલ્પના કરો કે વિજળીવિહોણા ગામમાં કોઈ અંધારી રાતે ફળિયામાં ખુલ્લા આકાશમાં સૂતા સૂતા મધરાતે આંખ ખુલી જાય ત્યારે અનંત અનંત આકાશમાં વિસ્તરેલા તારામંડળને જોતા કેવી મુગ્ધતાનો અનુભવ થાય છે? એવી જ રીતે કિશોરાવસ્થામાં પ્રવેશતા મનમાં અનેરા સ્વપ્ન જાગે છે, કંઈક અદ્‌ભુત કરવાના, કંઈક બનવાના ભાવ જાગે છે અને કવિ આપણને આકાશમાંથી એક જ પળમાં ધરતી પર લાવી મૂકે છે. ઝૂમ ઝૂમ કરતી રાતરાણી જાણે રમવા નીકળી છે અને તમરાનું સૌમ્ય સંગીત ફરીથી આંખોને ઘેરી લ્યે છે. અને ત્યાં તો દરિયાના મોજા કિનારે આવીને પાછા સંસારયુદ્ધમાં સમાઈ જાય છે. કિનારે ઊભેલી જીવનનૈયા હાલક ડોલક થાય છે અને જાણે કે સાગર બન્ને હાથ પસારી બાથમાં ભીડાઈ જવાનું આમંત્રણ આપે છે અને હૈયું હલકી ઊઠે છે, સાગર ખેડવાનું મન થાય છે પણ કોઈ અજ્ઞાત ભય રોકી રાખે છે, હિંમત ચાલતી નથી. કવિ આગળ વધે છેઃ

સાગર ગાંડો ઊછળી ભેટવા મને આવે,
પાતાલ કેરાં પારસ મોતી ગૂંથી હારલાં લાવે,
હોડલી કાપે માઝાર પાણી, પાંપણ મારી પ્રેમ ભિંજાણી,
હસતી ચંદા આભની રાણી, વ્યોમના વિતાને,
સાગર હૃદય ચંદ નાવ સૂતાં એક બિછાને... નાવ મેં મેલી...

કિશોરાવસ્થા ('ટીન એજ') વિતી ચૂકી છે અને યુવાન હૈયું હવે રોક્યું રોકાતું નથી. હૈયામાં હવે જોશ, જુસ્સો અને હામ છે, ભયનો હવે અણસાર પણ નથી. સંસાર સમુદ્રમાં ઝુલતી જીવનનૈયામાં કૂદી પડી, નાવને ભરદરિયે વહેતી મૂકી દે છે. વ્યોમમાંથી સાગરજળમાં વેરાતી ચાંદનીને જોઈને હૈયું હિલોળે ચડે છે. જીવન જાણે માધુર્યથી છલકાય છે અને પછી?

આભ ચીરી ત્યાં વાદળ આવ્યાં, વાયરે ઝુમ્મર ફોડ્યાં,
વડવાનલે ભભકી મીઠાં સાગર સોણલાં તોડ્યાં,
ચંદ્ર પડ્યો તિમિર જાળે, દોડતાં મોજાં ડુંગર ફાળે,
અંતર ઊછળે શોકની પાળે, પ્રેમના પાજી ગાને,
કોઈ ગોઝારે ગૂંચવી મારી નાવ તુમુલ તોફાને...નાવ...

ત્યાં તો જેમ અણચિંતવ્યા આકાશમાં વાદળો ચડી આવે અને વાવાઝોડા જેવો પવન ફુંકાય, ચંદાની ચાંદની વાદળોમાં ઘેરાઈ જાય અને વડવાનલ (સમુદ્રમાં લાગતી આગ) ભડભડ ભભકી ઊઠે, દરિયામાં ડુંગર જેવા મોજાં ઊછળવા લાગે, અને અંતરમાં ગભરાટ જાગે તેમ સંસારની સમસ્યાઓ અને મુશીબતો ઘેરી વળે ત્યારે મન મૂંઝાય અને મન ચકડોળે ચડે કે મારા મધુર જીવનમાં કોણે આ તુમુલ તોફાન જગાડ્યું? કોણ મારું દુશ્મન બન્યું? અને આમ જ યૌવન મોજ-મજામાં વિતી જાય, આધેડ અવસ્થા વ્યથામાં પાર થઈ જાય અને નિવૃત્તિની વેળા આવે ત્યારે કોઈ શાંતિની પળે મન વિચારે છેઃ

સાગર ગેબથી ઘોર ગોરંભતી ગીતની મૃદંગ બાજી,
અંધાર ભેદી આશા જાગી, જાગી રોમની રાજી,
સુકાન છોડી, લંગર તોડી, સઢ ચડાવી સાતેય છોડી,
નાવડી જાણે આરબ ઘોડી, રૌદ્ર જીવન તાલે,
ખોળલે તારે ખેલવા મેલી, નાવડી અભયદાને... નાવ...

ત્યાં તો સાત સાગરનીયે પારથી કોઈ ગેબી અવાજ કાનમાં ગુંજી ઊઠે છે, મધુર સંગીતના સૂરો સંભળાય છે, ભય-ચિંતા-મૂંઝવણો બધું જ શાંત થઈ જાય છે, અંતરમાંથી બધો જ વિષાદ દૂર થઈ જાય છે, નવી જ આશા-નવો જ વિશ્વાસ જાગે છે. જીવનનૈયાને હવે કોઈ સુકાનની જરૂર નથી, લંગર તોડી, સઢ ચઢાવીને એને સંસાર સાગરમાં કોઈ અદૃષ્ય શક્તિના સહારે વહેતી મૂકી દેવામાં કોઈ ડર નથી, કોઈ અદૃશ્ય શક્તિમાં અતૂટ શ્રદ્ધા ભય મુક્ત કરે છે.

સારાંશઃ કિશોરાવસ્થામાં મુગ્ધતા હોય છે ત્યારે ભય પણ હોય છે. યુવાવસ્થામાં જોમ અને જુસ્સો હોય છે પણ સમજણ નથી હોતી, આંધળુકિયા કૂદી પડે છે, આધેડ અવસ્થામાં મૂંઝવણનો દોષ બીજા ઉપર ઢોળે છે અને પછી પ્રૌઢાવસ્થામાં અનુભવે સમજણ આવે છે પણ ત્યારે મોડું થઈ ગયું હોય છે. અંતકાળે ઈશ્વરનું શરણ જ આપણો સહારો બને છે. માનવ જીવનની આ કેવી કરુણ કહાણી કે જ્યારે જીવનને સાર્થક કરવાની બધી જ અનુકૂળતા છે ત્યારે જ અજ્ઞાન અને અણસમજ છે અને જ્યારે અંતકાળ આવે છે ત્યારે જ એને સાચું ભાન થાય છે. તો સંતોષની વાત એ છે કે એ પળે જ મનુષ્ય સૌથી વધુ સત્ય અને નિર્મળ પ્રેમની નજીક હોય છે. અંતમાં કવિ કહે છે કે માનવીને ક્યાંક અગોચરમાંથી ગીત-સંગીતના સૂર સંભળાય છે અને બધો જ અંધકાર, બધી જ મૂંઝવણ દૂર થઈ જાય છે અને રગેરગમાં, રોમેરોમમાં આશાનો સંચાર ફેલાઈ જાય છે અને નિશ્ચિંત થઈને સંસારના બંધનોને તોડીને, સલામતીના સુકાનને છોડીને, માનવી પોતાની જીવનનૈયાને ગમે તેવી ભયંકર સ્થિતિમાં પણ કોઈ અજાણ શક્તિના અભયદાનના ભરોસે પોતાની નાવને સંસારસાગરના ભરોસે છોડી દે છે, અને નિશ્ચિંત બની જાય છે.

પ્રબુદ્ધ જીવન–પ્રેરણા સ્ત્રોત્ર

'પ્રબુદ્ધ જીવન'ના પ્રબુદ્ધ વાચક અને સ્વાતંત્ર સેનાની શ્રી સૂર્યકાંતભાઈ પરીખનો અમદાવાદથી આવેલો પત્ર પ્રેરણારૂપ હોવાથી અહીં નમ્ર ભાવે એ પ્રગટ કરીએ છીએ.

પ્રતિ,
શ્રી ડૉ. ધનવંતભાઈ શાહ,
માનદ્ તંત્રીશ્રી, પ્રબુદ્ધ જીવન,
મુંબઈ.

પ્રબુદ્ધજીવનના વાચકોને ક્યારેક તમારા લેખો, અને તે સાથેની માહિતીને કારણે એક પ્રેરણામળે છે, અને પોતાની મેળે જ તેઓ જ્યાં આર્થિક મદદ કરવાની હોય ત્યાં કરતા હોય છે. મેં આપને મોકલેલી ચોપડી : અમે અમારી સંપત્તિ સમાજને આપી, એનો ઉલ્લેખ આપે કરેલો, તેથી પ્રબુદ્ધજીવનના એક વાચકે અમોને જણાવ્યું કે, 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકોને એ ચોપડી મળે તે માટે તેમણે અમોને તેટલી રકમ (લગભગ ૨૫ હજાર) મોકલી, અને અમે તે ચોપડી છાપી–તમામ વાચકોને તે મોકલી, પછી તો કોઈક વાચકના મનમાં પ્રેરણા થઈ, અને તેમણે તેમના દાન સમાજ ઉપયોગી કામોમાં આપ્યા.

હમણાં મુંબઈથી **શ્રી મનસુખભાઈ મહેતા નામના ભાઈએ ફોન કર્યો, તેમને આ ચોપડીમાંથી એટલી સારી પ્રેરણા મળી કે તેમણે રૂા. ૧૧॥ લાખનું દાન એક હૉસ્પિટલમાં એક મશીન માટે આપ્યું.** આથી મને બહુ જ સારું લાગ્યું. તેમના પત્ની મૃદુલાબહેને પણ ફોનમાં વાતો કરી કે 'પ્રબુદ્ધજીવન' તે નિયમિત વાંચે છે.

અંતમાં આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું એક ટાંચણઃ 'બે વસ્તુ શાશ્વત છેઃ વિશ્વ અને માનવીની મુર્ખાઈ અને વિશ્વ બાબત હું ચોક્કસ નથી.' વિજ્ઞાની આપણને ચેતવે છે કે માનવીની મુર્ખાઈ/બુદ્ધિહીનતા વિશ્વનો નાશ તો નહિ કરેને? (ઈશારો અણુશક્તિ તરફ?). આ શંકાનું નિવારણ એક જ હોઈ શકે કે વડીલોના અનુભવ જ્ઞાન અને યુવાનોના જોશ અને જોમનું સામંજસ્ય સાધીને જે કરવા જેવું હોય તે કરીએ તો સ્વર્ગ અહીં પણ ઊતારી શકાય. (આ ગીત કવિશ્રી ત્રિભુવન વ્યાસનું છે કે કોઈ બીજાનું? કોઈ જાણતા હોય તો જણાવવા કૃપા કરે) ✷✷✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર–૨, ૧૨૦, લીંક રોડ, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.
ફોન: ૦૨૨-૨૮૯૮૮૮૭૮.

ઈજિપ્તના મમી અને મેકડોનાલ્ડ બર્ગર

❑ મેનકા ગાંધી

ઇજિપ્તના મમી અને મેકડોનાલ્ડના 'હેપી મિલ'માં શું સામ્ય છે?–બંને કદી સડતાં નથી. ન્યૂ યોર્કની કલાકાર સેલી ડેવિસનો જાતઅનુભવ છે. એપ્રિલ ૨૦૧૦માં તેણે મેકડોનાલ્ડનું 'હેપી મિલ' ખરીદેલું, જે હજી એના રસોડામાં સલામત છે. દર અઠવાડિયે તે એના ફોટા પાડે છે અને નેટ પર મૂકે છે. છ મહિના પછી પણ તેના પર ફૂગ લાગેલી નથી. તે કહે છે, 'ફેરફાર એક જ થયો છે – ખાવાનું પથ્થર જેવું સખત બની ગયું છે, અડતાં પ્લાસ્ટિક અને એક્રેલિક જેવું લાગે છે.'

માધ્યમો પરિણામો ભેગાં કરી રહ્યાં છે. જોકે આરોગ્ય નિષ્ણાતો વર્ષોથી જાણે જ છે કે જંક ફૂડ અને ફાસ્ટ ફૂડ શ્રેણીની વાનગીઓ બગડતી નથી. લેન ફોલીનું 'બાયોનિક બર્ગર' જે ૧૯૮૯માં ખરીદેલું તે બે દશકા થયા તો પણ બગડ્યું નથી. ખરીદનારાએ એના ઘરના ભંડકિયામાં ન બગડેલા બર્ગરોનું મ્યુઝિયમ બનાવ્યું છે.

'બેબી બાઈટ્સ-ટ્રાન્સ્ફોર્મિંગ એ પીકી ઈટર્સ ઈન ટૂ અ હેલ્થી ઈટર'ના લેખિકા જોન બ્રુસો પોતે એક વર્ષ પહેલાં ખરીદેલાં મેકડોનાલ્ડ હેપી મિલના આયુષ્ય વિશે કહે છે, 'મારું હેપી મિલ એક વર્ષ જૂનું છે, પણ હજી સારું દેખાય છે. તેમાંથી કદી ખરાબ વાસ આવી નથી. તે બગડ્યું નથી. તેમાં ફૂગ પણ આવી નથી. આજે સવારે મેં તેનો 'બર્થ ડે ફોટો' પાડ્યો છે.'

ન્યુટ્રિશન નિષ્ણાત કારેન હાન્રાહન પાસે ૧૯૯૬નું ખરીદેલું બર્ગર છે. જૂલિયા હેવે નામની લેખિકા નેટ પર એક પ્રયોગ દેખાડે છે. ૪ વર્ષ જૂની છતાં તાજી દેખાતી મેકડોનાલ્ડની ફ્રેન્ચ ફાઈઝ ને સાથે કુદરતી રીતે સડી ગયેલું બટાટું. આ પ્રકારના અસંખ્ય દાખલા અને ફોટોગ્રાફ નેટ પર ઉપલબ્ધ છે. જે બતાવે છે કે મેકડોનાલ્ડની ફાઈઝ, બર્ગર્સ, મિલ્કશેક, હેમબર્ગર, ચીઝ બર્ગર વગેરે વર્ષો સુધી બગડ્યાં નથી.

સાચું–પ્રાકૃતિક બટાટું ખરેખર 'બગડ્યું' બે સપ્તાહ પછી ગણાય પણ બે-ચાર દિવસ પછી એ ખાવાલાયક રહેતું નથી. ફળ અને શાક એક અઠવાડિયામાં બગડી જાય છે. બ્રેડ બે દિવસ ટકે છે ને દૂધની ચીજો એક દિવસ, ત્યારે ફાસ્ટ ફૂડ આટલું બધું કેવી રીતે ટકે છે?

ઘણાં કારણ છે. તેમાં પુષ્કળ રસાયણો ભેળવેલાં હોય છે, જેને જીવડાં, ફૂગ કે અન્ય જીવાણું અડતાં નથી. તેમાં સોડિયમ અને પ્રિઝર્વેટિવ સોલ્ટ મોટાં પ્રમાણમાં ભેળવેલાં હોય છે. મોટા ભાગના ફાસ્ટ ફૂડ બર્ગરમાં ૨૦% જેટલું 'પીંક સ્લજ' હોય છે. અમોનિયા બેક્ટેરિયાનાશક હોવાથી ટોયલેટ કલનિર તરીકે વપરાય છે. બીજું કારણ ફ્રેન્ચ ફાઈઝ બે વાર તળાયેલી હોય છે. બટાટા સ્ટાર્ચવાળા હોવાને કારણે તે જલદી ભેજ ગુમાવે છે અને બધું તેલ શોષી લે છે. ભેજ ન હોય તો ફૂગ પણ ન થાય. હાઈડ્રોજનેટેડ ટ્રાન્સ ફેટ ખોરાકને ખૂબ લાંબો સમય ટકાવે છે. ઘણી ફાસ્ટ ફૂડ કંપની તેમની વાનગીઓને અમુક પ્રકારના કિરણો નીચેથી પસાર કરે છે-રેડિયેશન થેરપી. રેડિયેશનથી ખોરાકની સંઘટના બદલાય છે, તેમાં કોઈ જીવાણુનું જીવન જન્મી કે ટકી શકતું નથી અને એટલે એ સડતું નથી.

મેકડોનાલ્ડની વાનગીઓને કોઈ જીવાણુ કે બેક્ટેરિયા કે ફૂગ અડતાં નથી, તેનું સાચું કારણ એક જ છે–મેકડોનાલ્ડની વાનગીઓ 'ખોરાક' છે જ નહીં. તે એક રાસાયણિક સંયોજન માત્ર છે, જે દેખાવે, સુગંધે ને સ્વાદે ખોરાક છે પણ તેનું કોઈ પૌષ્ટિક મૂલ્ય નથી. મેકડોનાલ્ડ બર્ગર બનાવવું હોય તો પ્રયોગશાળા જોઈએ, રસોડું નહીં.

મેકડોનાલ્ડ બનમાં ૨૦ વર્ષ પછી પણ જીવાણુઓ થતાં નથી તેનું કારણ તેમાંના રસાયણો છે, પ્રિઝર્વેટિવ્ઝ છે, જેનું લિસ્ટ તમને મેકડોનાલ્ડની વેબસાઈટ પર જોવા મળશેઃ નિયાસિન, રિડ્યૂસ્ડ આયર્ન, થિયામિન મોનોનાઈટ્રેટ, હાઈડ્રોજનેટેડ સોયાબીન ઓઈલ, કેલ્શીયમ સલ્ફેટ, કેલ્શીયમ કાર્બોનેટ, અમોનિયમ સલ્ફેટ, અમોનિયમ ક્લોરાઈડ, સોડિયમ સ્ટિરોઈસ લેક્ટિલેટ, ડેટમ, એસ્કોર્બિક એસિડ, એઝોડાઈકાબ્રોનામાઈડ, ડાઈજીસેરાઈડ્ઝ, એથોક્ઝિલેટેડ મોનોગ્લિસિરાઈઝ, મોનોકેલ્શિયમ ફોસ્ફેટ, કેલ્શિયમ પેરોક્સાઈડ, કેલ્શિયમ પ્રોપીઓનેટ, સોડિયમ પ્રોપીઓનેટ.

૨૦૦૩ પહેલાં મેકનગેટ્સમાં હજી વધારે રસાયણો વપરાતાં તેની જાણ થતાં એક ન્યાયમૂર્તિને એવો આઘાત લાગ્યો હતો કે તેમણે એ વાનગીને 'મેક ફ્રેન્કેસ્ટાઈન ક્રિએશન, જેમાં ઘરમાં રાંધવામાં કદી ન વપરાયાં રસાયણો છે' તેવા શબ્દોમાં વર્ણવી હતી અને તેમાંનાં ઘણાં રસાયણો વાપરવાની મનાઈ ફરમાવી હતી. જોકે, ટીબીએચક્યૂ અને ડિમિથાઈલપોલિસિલોક્ઝેન જી તેમાં વપરાય છે.

ઘરમાં બનતી ફાઈઝ (બટાટાની કાતરી)માં બે જ ચીજ જોઈએ–બટાટા અનો તળવાનું તેલ પણ મેકડોનાલ્ડની ફાઈઝમાં?–બટાટા, કેનોલા ઓઈલ, હાઈડ્રોજનેટેડ સોયાબીન ઓઈલ, નેચરલ બીફ ફ્લેવર, સાઈટ્રિક એસિડ, પ્રિઝર્વેટિવ, મીઠું, સોડિયમ એસિડ પાઈરોફોસ્ફેટ અને ડિમિથાઈલપોલિસિલોકઝેન.

મેકડોનાલ્ડનાં ચીઝ, રેફ્રિજરેટર વગર રહે છે ને કદી બગડતાં નથી. અથાણાંની એક ચીર પણ સોડિયમ બેન્ઝોઈટ નામનું સંરક્ષક રસાયણ વિનાની હોતી નથી.

પોષણ અને સુગંધના ચટાપટાવાળા પ્રોસેસ્ડ ફૂડમાં સ્વાદ અને સુગંધ ઉમેરવા માટે પણ રસાયણોનો ઉપયોગ થાય છે. ઉપરાંત તેમાં બંધાણ થઈ જાય તેવું રસાયણ પણ ઉમેરેલું હોય છે, જેથી ખાનાર વારંવાર એ જ ચીજ ખાવા પ્રેરાય. મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી) બંધાણ કરાવવા ઉપરાંત વજન વધારવામાં અને

માઈગ્રેન (માથાનો દુ:ખાવો)થી માંડી ડિપ્રેશન–હતાશા અને એગ્રેશન–આક્રમકતા જેવી તંદુરસ્તીને લગતી સમસ્યાઓ ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે.

આ સુંદર ગ્રહ પર માણસ એક જ એવું મૂર્ખ પ્રાણી છે જે વર્ણસંકર, રસાયણયુક્ત, મૂળતત્ત્વો સાથે ચેડાં કરાયેલું, હોર્મોન અને જંતુનાશકોથી લદાયેલું, જથ્થાબંધ ઉત્પન્ન કરાતું વાસી હેમ્બર્ગર ખાય છે, જેને કૂતરાની વિષ્ટા પર નભતી ફૂગ સુદ્ધાં અડતી નથી! પછી તેના શરીરમાં ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ, મેદસ્વીતા, ડેમેન્સીયા (ચિત્તભ્રમ), ઓટિઝમ (બાળકોમાં જોવા મળતી મનોવિકૃતિ) જેવી આફતોનો મેળો જામે તે વાતમાં નવાઈ શી? જો હજી પણ મેકડોનાલ્ડ, બર્ગરકિંગ, પિઝા હટ અને કેએફસીની ફાસ્ટ ફૂડ શ્રેણી તમારી તબિયત સાથે કેવા જોખમી ચેડાં કરે છે તેમાં તમને શંકા હોય તો 'સુપર સાઈઝ મી' ચિત્રનું દસ્તાવેજી ચિત્ર જોવા ભલામણ કરું છું. જોકે, ચિત્રની સારી બાજુ પણ છે–જો અણુયુદ્ધ થાય તો શું શું ન સંઘરવું તેની કમ સે કમ આપણને ખબર પડશે અને ફિલ્મસ્ટારો પણ વિચારે–વધતી ઉંમરની અસરને રોકવા મેકડોનાલ્ડ ફૂડનું પ્રવાહી ચહેરામાં ઈન્જેક્શનથી દાખલ કરવા જેવું ખરું!

જો તમારે ખરો–સાચો ખોરાક ખાવો હોય તો આવા ન બગડતા તમામ ખોરાકથી દૂર રહેજો. જો પ્રાકૃતિક વિઘટન જ નહીં થાય તો ખોરાક હોજરીમાં પચશે શી રીતે? પચવું એટલે તેમાં ફેરફાર થવા. જો ફેરફારો જ નહીં થાય તો પોષકતત્ત્વો જુદાં કેવી રીતે પડશે અને શરીરને ઉપયોગમાં કેવી આવશે?

એટલે મેકડોનાલ્ડ કે કોઈ પણ ફાસ્ટ ફૂડ શ્રેણીનાં બર્ગર ન ખાવ. તે કરતાં તેનું ખોખું ખાઈ જશો તો તે કદાચ તંદુરસ્તી માટે વધુ લાભદાયક નીવડશે–કમ સે કમ તેનું વિઘટન બર્ગર કરતાં તો વધુ ઝડપથી થશે! (સપ્રેસ.) ✷✷✷

–(સૌજન્ય સર્વોદય પ્રેસ સર્વિસ)

પંથે પંથે પાથેય : પચ્ચીસ કલાકનો જેલવાસ

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

અનુભવ ખરેખર વિસ્મયકારક ભાથું જ બની રહ્યો.

જેલર સાહેબ શ્રી મહેશચન્દ્ર ગુપ્તાજીની દીર્ઘદૃષ્ટિ અને માનવીય જીવંતતાને લીધે યોજાયેલ આ દસ દિવસીય શિબિરને કેદીઓએ સહર્ષ વધાવી.

શિબિરના સાતમા–આઠમા દિવસે તો કેદીઓ ભાવવિભોર બની ગયા. મોટા ભાગના રડ્યા પણ ખરા. એમની અંગત વાતો–પરિવારના સભ્યોની વાતો પણ રજૂ કરી. આવી સંવેદનશીલ નાજુક ક્ષણે એક કેદીએ કહ્યું, 'અમારી યાદ રૂપે કંઈક આપવાની ઈચ્છા થાય છે, પણ અહીં તો અમારી પાસે કશું નથી.' મેં કહ્યું મને આટલું જ આપો તો બસ છે!–'યોગાભ્યાસની નિરંતરતા અને અન્ય કેદીઓને યોગાભ્યાસ માટેની પ્રેરણા. અહીંથી બહાર નીકળીને પણ આ અભ્યાસનો ક્રમ જાળવી રાખજો.'

ખરેખર એમણે બપોરના સમયે અન્ય કેદીઓને આસન શીખવવાનું શરૂ કર્યું. મનની શાંતિ માટે એમને આ અમોઘ શસ્ત્ર લાધ્યું. પ્રાણધારણાનો અભ્યાસ એમને બહુ શાતાદાયક લાગ્યો. ચૈતન્યાસનમાં તો એમને અનેરી શાંતિ લાગતી. મનના ભાવોને રૂપાંતર કરવા માટેની જાણે એમને ચાવી જડી. સંકલ્પબળની પ્રાપ્તિ કરી શકાય એવો વિશ્વાસ જન્મ્યો. ઉપરાંત નાની નાની અન્ય સમસ્યાઓ માટે એમણે માર્ગદર્શન/સમાધાન મેળવ્યું-પ્રશ્નો પૂછાવા લાગતાં સમજાયું કે એઓ સૌ ખરેખર રસપૂર્વક જિજ્ઞાસાથી શીખતા હતા, માત્ર સમય પસાર નહોતા કરતા. જેલ એ ચિંતાલય છે એને ચિત્તાલયમાં ફેરવાતી અનુભવી. એક ભાઈએ કહ્યું હવે અમે અહીં ચિત્તપૂર્વક રહીશું અને કર્મ અનુસાર જે ફળ મળ્યું છે એને શાંતિથી ચિંતા વગર ભોગવીશું.

અંતિમ દિવસ આવી પહોંચ્યો. સૌ કેદી ભાઈઓએ વિદાય સમારંભ ગોઠવ્યો. જેલર સાહેબે જિલ્લા ન્યાયાધીશને અતિથિ તરીકે આમંત્ર્યા. એમનું પ્રેરણાદાયક પ્રવચન અને કેદીઓની અનુભવવાણીથી વાતાવરણ ઉત્સાહજનક રહ્યું.

ગુનાના એક કેદીભાઈ શ્રી નંદકિશોર ખંડેલવાલને યાદગાર ભેટ આપવાની વાત મનમાં ગુંથાયા જ કરી હતી તે તેણે પૂરી કરી. પાસે કશું ન હોવા છતાં કપડાં ધોવાના સાબુમાંથી એણે યોગેશ્વર કૃષ્ણની મૂર્તિ ઘડીને ભેટ કરી. આબેહૂબ નકશીદાર ગળામાં હાર, ખેસ, મોરપીંછ, મુગટ, પાછળ ચક્ર, હાથમાં વાંસળી અને પગ પણ એકબીજા પર ગોઠવાયેલા–હું દંગ રહી ગઈ.

મને કેદીઓએ માતા તરીકે સંબોધી અને કહ્યું-'ગીતાને તો કૃષ્ણની જ મૂર્તિ અપાય ને!' હૃદયના અટલ ઊંડાણમાં રહેલા પ્રેમના ભાવોથી ઓતપ્રોત થઈ વગર સાધને સ્વહસ્તે કંડારેલી સતત પ્રેરણા આપતી રહે એવી મારા પ્રિય સખાની મૂર્તિ આંખમાં હર્ષાશ્રુ સાથે ઉલ્લાસથી સ્વીકારી.

મહાદેવી વર્માનું એક વાક્ય વાંચ્યું હતું-કાંટો વગાડી કાંટાનું જ્ઞાન તો દુનિયા આપે જ છે, પણ કળાકાર કાંટો વગાડ્યા વિના એની ખટકની તીવ્ર મધુર અનુભૂતિ બીજાને આપવામાં સફળ બને છે.'–આ વાક્યની અદલોઅદલ સાર્થકતા આ ભેટમાં અનુભવતા શ્રી માતાજીના શબ્દોથી જેલવાસ પૂર્ણ કર્યો.

એ કદાપિ ભૂલશો નહિ કે તમે એકલા નથી. ઈશ્વર તમારી સાથે છે, તેઓ તમને દોરી રહ્યા છે અને મદદ કરી રહ્યા છે. એ એક એવો સાથી છે જે કદાપિ તમારો સાથ તજતો નથી; એવો સખા છે જેનો પ્રેમ તમને આશ્વાસન તેમજ બળ આપે છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખો અને એ તમારે માટે સર્વ કંઈ કરી આપશે.' ✷✷✷

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક, મુલુંડ (પ.), મુંબઈ–૪૦૦ ૦૮૦.
મોબાઈલ: ૦૯૯૬૯૧૧૦૯૫૮/૦૯૪૦૬૫૮૫૬૬૫

જયભિખ્ખુ જીવનધારા : ૨૮

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[કલમને ખોળે માથું મૂકીને જીવવાની પ્રતિજ્ઞા કરીને જયભિખ્ખુએ માત્ર લેખન પર નિર્ભર રહેવાના સંકલ્પ સાથે સરસ્વતી-ઉપાસનાનો પ્રારંભ કર્યો. યુવાનીના એ સમયે આર્થિક સંકડાશ અને વ્યવહારિક જવાબદારીઓ આ સર્જકને ઘેરી વળે છે અને એને પરિણામે તેઓ ધાર્યું સર્જન કરી શકતા નથી. એક બાજુ સર્જકતાનો વહેતો ધોધ અને બીજી બાજુ વિષમ પરિસ્થિતિઓ વચ્ચેની જયભિખ્ખુના જીવનની મથામણનો આલેખજોઈએ આ અઠ્ઠાવીસમાં પ્રકરણમાં.]

સન્મતિથી પ્રાર્થના

વિક્રમ સંવત ૧૯૯૦ના નૂતન વર્ષના પ્રભાતે ત્રીસ વર્ષના યુવાન જયભિખ્ખુનો સંકલ્પ કયો હોઈ શકે ? માંગલ્યદર્શી ભાવનાઓ ધરાવતા આ યુવાનને જૈન ધર્મના વ્યાપક તત્ત્વોએ જીવન જીવવાની દૃષ્ટિ આપી અને વાચનની વિશાળ સૃષ્ટિએ જયભિખ્ખુની એ જીવનદૃષ્ટિને માનવતાદર્શી બનાવી. પરિણામ એ આવ્યું કે એ કોઈ સાધુ-મહાત્માનું ચરિત્ર લખે, તો પણ એમાં એમના તપ અને ત્યાગથી ભેરલા જીવનવિકાસ પર એમની નજર ઠરેલી હોય છે. વિક્રમ સંવત ૧૯૯૦ના બેસતા વર્ષના મંગલ દિને આ યુવાનની મનોભાવનાનો પડઘો એમની પ્રભુ–પ્રાર્થનામાં અભિવ્યક્ત થાય છે. આ નૂતન વર્ષે તેઓ રોજનીશીના પ્રથમ પૃષ્ઠ પર લખે છેઃ

જન્મે જન્મે તું સન્મતિ દેજે,
બગડે નહિ ભવ કાયા રે,
કોટિક ભવનાં કિલ્મિષ નાસે,
એ માગું ભવ રાયા રે.

યુવાન જયભિખ્ખુ એવી જીવનજાગૃતિ ધરાવે છે કે પોતાનું જીવન સદાય ઉન્નત બનતું રહે અને એ જીવનને સન્મતિપૂર્ણ માર્ગે ગાળી શકાય. સાથોસાથ ભવોભવના જે પાપ એકત્રિત થયાં છે, તે દૂર થાય એવી ઈશ્વર પાસે માગણી કરે છે. પોતાના જીવનને સન્મતિથી સુમાર્ગે લઈ જઈ અને સત્કર્મ કરવાની સર્જક જયભિખ્ખુની મનોભાવનાના બીજ એમની આ નવા વર્ષની પ્રાર્થનામાં જોવા મળે છે.

જીવનમાં પારાવાર આર્થિક વિટંબણાઓ હતી; પરંતુ આ સ્વમાની યુવાન ઈશ્વર પાસે એવી કોઈ માગણી કરતો નથી. માત્ર એને સાહિત્ય સર્જન કરવાની ધગશ છે. બેસતા વર્ષ પૂર્વે દિવાળીના દિવસે 'જય ચિતોડ' નામનું શ્રી આર્ય નૈતિક સમાજ નાટક મંડળીનું વીરસપ્રધાન નાટક જોયું. આ નાટ્યમંડળી ૧૯૧૫માં વડોદરામાં સ્થપાઈ હતી અને ૧૯૩૨ની ૩૦મી જાન્યુઆરીએ એણે 'જય ચિતોડ'નો પ્રથમ ખેલ રજૂ કર્યો હતો અને જયભિખ્ખુએ દિવાળીની રાત્રે અમદાવાદમાં એ નાટક જોયું. પછીના દિવસે બેસતા વર્ષે જાણે એનો પડઘો પાડતા હોય તેમ જયભિખ્ખુ લખે છેઃ 'જય ચિતોડ' જેવો જય જીવનમાં સાંપડજો.'

નવા વર્ષે જીવનમાં ઉત્કર્ષ સાધવાની પ્રબળ ઈચ્છાના અહીં દર્શન થાય છે. બેસતા વર્ષના દિવસે સવારે ઊઠીને જયભિખ્ખુ દિલ્હી દરવાજા બહાર શાહીબાગના રસ્તે આવેલા શેઠ હઠીસિંહ અને શેઠાણી હરકુંવારે નિર્માણ કરેલા 'હઠીસિંહનાં દેરાંને નામે જાણીતા જિનમંદિરમાં દર્શન કરવા જાય છે. આ વર્ષથી એટલે કે ઈ. સ. ૧૯૩૩થી એમણે દર રવિવારે અને શુભ દિવસોએ હઠીભાઈની વાડીના જિનમંદિરે દર્શન કરવા જવાનો નિયમ રાખ્યો હતો. દર રવિવારે સવારે ઊઠીને સ્નાનાદિથી નિવૃત્ત થઈને હઠીભાઈની વાડીએ દર્શન કરવા જાય અને દર્શન કર્યા પછી બહાર ઓટલા પર થોડી વાર બેસે. એકલા હોય તો સ્વજીવનનું ચિંતન કરે અને વર્તમાન જીવન-ઘટનાઓ અંગે મનોમંથન કરે. જો કોઈ સાથે હોય તો એની સાથે બહાર બેસીને એને જૈન ધર્મની કોઈ ગૌરવગાથા કહે. કોઈ જૈન તીર્થ કે દેરાસરના નિર્માણની યશગાથા સંભળાવે.

દેરાસરમાં જાય, ત્યારે ભંડારમાં અચૂક પૈસા નાખે. ઘણી વાર તો બંડીના ખિસ્સામાં જેટલા પૈસા હોય, તે બધા જ ભંડારમાં નાખી દે ! પહેલેથી જ ઈશ્વરમાં અપાર શ્રદ્ધા. તપશ્ચર્યા કે ક્રિયાકાંડો ઓછાં કરે; પરંતુ એમની ઈશ્વરશ્રદ્ધામાં સહેજે મીનમેખ નહીં. ફિલ્મ અને નાટકના શોખીન હોવાથી અગાઉ દિવાળીના દિવસે 'જય ચિતોડ' નાટક જોયું હોવાથી થોડા મોડા ઊઠે છે, પણ હઠીભાઈની વાડીના જિનમંદિરે જઈને દર્શને જવાનું ચૂકતા નથી.

એ સમયે અમદાવાદમાં નવા-સવા આવેલા લેખક જયભિખ્ખુએ પોતાના મિત્ર ધીરજલાલ ટોકરશી શાહના જ્યોતિ કાર્યાલયમાં બેસવાનું રાખ્યું. અહીં તેઓ જ્યોતિ કાર્યાલયને માટે જુદાં જુદાં પુસ્તકો લખતાં હતાં અને 'જૈન જ્યોતિ' સાપ્તાહિક સંભાળતા હતા. ધીરજલાલ ટોકરશી શાહે એમને એક મહિનાની કરેલી લેખન કામગીરી પેટે પુરસ્કાર આપ્યો. કારતક સુદ બારસના દિવસે એમને ચાલીસ રૂપિયાનો માસિક પુરસ્કાર મળ્યો.

૧૯૩૩ના વર્ષમાં સેનગુપ્તા, ઍની બેસન્ટ અને વિઠ્ઠલભાઈ પટેલ એ ત્રણેય અગ્રણીઓનું અવસાન થાય છે. યુવાન જયભિખ્ખુને લાગે છે કે આ વર્ષ દેશને માટે દુર્ભાગ્યનું વર્ષ છે. એમાં પણ વિઠ્ઠલભાઈ પટેલના અવસાનની ઘટના તો આ યુવાન સર્જકના

ચિત્ત પર છવાઈ જાય છે. ૧૯૩૩ની ૨૨મી ઑક્ટોબરે જિનીવામાં ભારતના અગ્રણી રાષ્ટ્રીય નેતા અને મધ્યસ્થ ધારાસભાના પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલનું અવસાન થયું. આવા કર્મવીર અને તેજસ્વી મેધા ધરાવતા રાષ્ટ્રનેતાની અંતિમ ક્રિયા વખતે કોઈ રાષ્ટ્રીય નેતા હાજર નહોતા એવો અફસોસ જયભિખ્ખુએ વ્યક્ત કર્યો અને સાથોસાથ નોંધ પણ કરી કે વલ્લભભાઈના પુત્ર ડાહ્યાભાઈના હાથે વિઠ્ઠલભાઈના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા.

યુવાન જયભિખ્ખુ દેશ અને દુનિયાની ગતિવિધિઓ નિહાળતા રહે છે અને તક મળ્યે એને વિશે પોતાની રોજનીશીમાં ક્યારેક પોતાનો મનોભાવ અને ક્યારેક અભિપ્રાય પ્રગટ કરતા રહે છે. શિવપુરીના ગુરુકુળમાં જયભિખ્ખુને ખાન શાહઝરીન સાથે પરમ દોસ્તી થઈ હતી. એ પછી હજી અમદાવાદમાં માંડ પગ મૂક્યો અને એમના પરમ સ્નેહી મંગાભાઈ પટેલને ગુમાવવાનો પ્રસંગ બન્યો. શ્રી મંગાભાઈ પટેલનું અવસાન ડબલ ન્યુમોનિયા થવાથી થયું છે એવો ડૉક્ટરનો અભિપ્રાય હતો. પોતાના સ્નેહી મિત્રના અવસાન અંગે જયભિખ્ખુ વેદનાસહિત પોતાની રોજનીશીમાં નોંધે છેઃ

'રાત્રે ૧૦ વાગે એ ભલો માનવી એકાકી પત્નીને લૂંટારાના સ્વભાવના સ્નેહીઓ વચ્ચે મૂકી સ્વર્ગે સિધાવ્યો. જતાં એ એકેય શબ્દ ન બોલી શક્યો. એ આખી રાતની લાગણીઓનો ચિતાર રજૂ થાય તો એક મહાગ્રંથ રચાય.'

૧૯૩૪ની ૧લી ફેબ્રુઆરીએ એટલે કે પછીના દિવસે પોતાના સ્નેહી મિત્ર મંગાભાઈની અંતિમસંસ્કાર વિધિમાંઆ યુવાન સર્જક ઉપસ્થિત રહે છે. હૃદયમાં અત્યંત વેદના છે, મિત્રની વિદાયનો વજ્રાઘાત આલેખતાં નોંધે છે :

'સૂર્યનાં ચમકતા કિરણો વચ્ચે, સાબરમતીને તીરે જાતના પટેલ પણ સ્નેહીસમ બનેલા મંગાભાઈના દેહને અગ્નિ ભરખી ગઈ. કપાળમાં મોતી-કેસરની અર્ચા, ગૌરવવર્ણો દેહ, મીઠી ભાષા, વાતવાતમાં ઝરતી ધાર્મિકતાભર્યો આ માનવી વિશ્વ પરથી સદાને માટે ચાલ્યો ગયો.'

'જગતની દૃષ્ટિએ એનો વૈભવ ભરખાતો હતો, વિધવાને મન સંસાર સળગી જતો હતો. પૈસાના પાપી મોહમાં પડેલું જગત વિધવાને સુખે જિંદગી બસર કરવા દેશે કે ? બિચારીની લાડકવાયી પત્નીને પૂર્વેના એના લાડકોડ કાંટા બની ભોંકાયા કરશે. સમાજ નારી-દશાને સુધારે ! મંગળભાઈના મીઠાં સ્મરણો મનને વ્યગ્ર કરી રહ્યાં હતાં. છતાં સગાંના હાડ હસે ને ચામ રૂવે એ વાત કંઈ ખરી ! સમય થયેલાં જખ્મો પર મરહમ લગાવી રહ્યો છે. છતાં જેને પોતાનો માન્યો હોય એની ખોટ કદી પૂરાય ? જીવનભર માનવીને એ પીડા-રુદન વચ્ચે જીવવાનું સર્જાયું હશે.'

યુવાન જયભિખ્ખુને દુઃખ બે વાતનું હતું કે એક તો પોતે સ્નેહીમિત્ર ગુમાવ્યો અને બીજું કે હવે સમાજ એ મિત્રના ધનને મેળવવા માટે એની પત્નીની કેવી અવદશા કરશે એની બિહામણી કલ્પના. જીવનના યૌવનકાળમાં જ જયભિખ્ખુનું હૃદય નારીદુર્દશા જોઈને વલોવાઈ જતું હતું. એમના પ્રારંભના સર્જનોમાં અને એ પછીની નવલકથાઓ અને નવલિકાઓમાં પણ નારીજીવનની વેદના આલેખાઈ છે અને તેમાં લેખક જયભિખ્ખુ નારીને કચડી નાખતા સમાજ પ્રત્યે અને એની સાથે ક્રુર વ્યવહાર કરતી પુરુષજાતિ પ્રત્યે વારંવાર આક્રોશ ઠાલવે છે.

'જૈન જ્યોતિ' સામયિકમાં હજી માંડ થોડા મહિના થયા હતા. ત્યાં આ સામાયિક સાથે સંકળાયેલા નરસિંહદાસ વોરાએ બદનક્ષીનો કેસ માંડ્યો. આમાં બીજાની સાથે જયભિખ્ખુનું નામ પણ લખવામાં આવ્યું અને તેઓ પણ આ કેસમાં સંડોવાયા. જીવનમાં પહેલી વાર આ પ્રકારનો અનુભવ થયો; પરંતુ આથી જયભિખ્ખુને કોઈ ડર લાગ્યો નહીં કે મૂંઝવણ થઈ નહીં. બીજાઓની સાથે ઊભા રહીને તેઓ આ કેસ લડ્યા અને બદનક્ષીભર્યા આક્ષેપોનો દાવો માંડનારને સજા અપાવી.

એ સમયે 'જૈન જ્યોતિ' કાર્યાલય દ્વારા શ્રી ધીરજલાલ ટોકરશી 'વિદ્યાર્થી વાચનમાળા' પ્રકાશિત કરતા હતા. ચૌદ પોઈન્ટમાં મોટા અક્ષરો સાથે ચોવીસ પાનામાં કોઈ એક ચરિત્ર આપવામાં આવતું હતું. આની પાછળનો આશય એ હતો કે વિદ્યાર્થીઓને દેશના મહાપુરુષો, પ્રતાપી રાજવીઓ, મહાન સંતો તેમજ દેશના મહત્ત્વના શહેરો વિશે માહિતી મળે. આ વિદ્યાર્થી વાચનમાળાની આગવી આલેખન-પદ્ધતિ હતી, જેમાં એક પ્રસંગથી ચરિત્રનો પ્રારંભ કરવામાં આવે અને પછી એ પ્રસંગને અંતે ચરિત્રનાયકનું નામ આપવામાં આવે અને ત્યારબાદ એનું જીવન આલેખવામાં આવે. 'વિદ્યાર્થી વાચનમાળા'ની પ્રત્યેક શ્રેણીમાં વીસ પુસ્તિકાઓનો સમાવેશ થતો હતો. એના મુખપૃષ્ઠ પર એ વ્યક્તિ કે સ્થળનું સુરેખ ચિત્રાંકન આપવામાં આવતું. એ સમયના કુમારો-કિશોરોમાં આ શ્રેણી અત્યંત પ્રિય હતી.

શિવપુરીના જૈન ગુરુકુળમાં અભ્યાસ કરનારા અને જૈન સાધુ મહારાજોની સમીપ વસનારા અને એમની સાથે સેંકડો કિલોમીટરનો વિહાર કરનારા જયભિખ્ખુ પાસેથી જૈન સાધુઓને ચરિત્રનાયકપદે સ્થાપીને લખાયેલાં ત્રણ ચરિત્રો મળે છે અને તેનો પ્રારંભ થાય છે 'શ્રી ચારિત્રવિજયજી'ના ચરિત્રથી. સત્ય ધર્મના ભેખધારી, શાસનના સાચા સુભટ, સંયમ અને શૌર્યના પૂજારી એવા મુનિરાજશ્રી ચારિત્રવિજયજી મહારાજના સ્મારકગ્રંથમાં એમની જીવનયાત્રાનું આલેખન જયભિખ્ખુ કરે છે.

એક સમી સાંજે અમદાવાદમાં ચાતુર્માસ રહેલ વિદ્વાન ત્રિપુટી નામે ઓળખાતા શ્રી દર્શનવિજયજી, શ્રી જ્ઞાનવિજયજી અને શ્રી ન્યાયવિજયજી સમક્ષ જયભિખ્ખુ બેઠા હતા. વર્તમાન સમયની સાધુતા વિશે વાતો ચાલતી હતી અને તેમાં યુવાન જયભિખ્ખુએ ઘણી ખરી

તેજહીન લાગતી તથા મત, સંપ્રદાય અને વાડામાં પૂરાયેલી સાધુતા પ્રત્યે તીવ્રતર અસંતોષ વ્યક્ત કર્યો. આ મુનિ ત્રિપુટી સ્મિતભર્યા ચહેરે આ યુવાન લેખકના કટાક્ષોને સાંભળી રહી હતી. એ સમયે થોડા સમય પહેલાં પાલિતાણાની જલહોનારતના પ્રસંગે એક સાધુએ દાખવેલી વીરતાનું સ્મરણ જયભિખ્ખુના સ્મરણપટ પર આવ્યું અને એમણે કહ્યું,

'સાહેબ! સાધુતા એટલે અંતર દીપક પ્રગટાવવાની સાધના! એ અંતર દીપક પ્રગટ્યો એટલે મત, વાડા કે સંપ્રદાય અથવા ચીલે-ચીલે ચાલવા પ્રેરતા નિયમો એને રોકી ન શકે! એની વાણી, વર્તન કે વિચાર આપમેળે જ પ્રગટેલાં, પોષેલાં ને પ્રરૂપેલાં!'

યુવાન જયભિખ્ખુની વાત સાંભળીને ત્રિપુટીએ હસતાં હસતાં કહ્યું, 'જલપ્રલય વિશે સેવા કરતા સાધુ કોણ છે તે તમે જાણો છો?'

જયભિખ્ખુને એમનું નામ સ્મરણમાં નહોતું.

'એ તો અમારા ગુરુજી–મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.' મુનિ–ત્રિપુટીએ કહ્યું.

આ વાત સાંભળતાં જ જયભિખ્ખુએ શ્રી ચારિત્રવિજયજી વિશે વિશેષ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી અને કર્મવીર–ધર્મવીર એ શૌર્યમૂર્તિ સાધુરાજનું જીવન જણાવવા આગ્રહ કર્યો. એ પછી ત્રણથી ચાર રાત્રિ તેઓ વિદ્વાન મુનિ–ત્રિપુટી પાસે આવ્યા અને એમણે મુનિ ચારિત્રવિજયજીના જીવનની એકેએક વાત કહી. ઘનઘોર આકાશમાં એકાએક વીજનો ઝબકારો થાય અને ચોતરફ પ્રકાશ ફેલાય એમ વર્તમાન સાધુતાથી કંઈ સંતપ્ત એવા જયભિખ્ખુના હૃદયને મુનિ ચારિત્રવિજયજીની જીવનચર્યાએ આનંદ આપ્યો.

બન્યું એવું કે થોડા જ દિવસમાં આ વિદ્વાન મુનિ–ત્રિપુટીએ યુવાન જયભિખ્ખુને કહ્યું, 'તમારી પાસે લેખિની છે, ધર્મ–સંસ્કાર છે તો તમે ગુરુમહારાજનું જીવનચરિત્ર લખો તો?'

જે દિવસથી યુવાન લેખકે એ જીવન સાંભળ્યું હતું, એ દિવસથી જ એમને એનું ખૂબ આકર્ષણ જાગ્યું હતું. તેઓ વારંવાર વિચારતા કે કેવી સરળ, સીધી, બહાના વગરની કર્મ અને ધર્મની વીરતા જોવા મળે છે. એમને મુનિરાજનું જીવન Do or Dieની જીવનપ્રતિમા જેવું લાગ્યું અને એમના ચિત્તમાં મુનિ ચારિત્રવિજયજીના અનેક પ્રસંગો ઘેરાવા લાગ્યા. એમણે આ જીવનચરિત્રનું સર્જન કરવા વિચાર્યું, એની પાછળનું મુખ્ય કારણ શ્રી ચારિત્રવિજયજીના તેજસ્વી જીવન પ્રત્યેનું આકર્ષણ અને મુનિ-ત્રિપુટીની સતત પ્રેરણા હતું. ચારિત્રવિજયજીના જીવનના એ આકર્ષણને આલેખતાં જયભિખ્ખુ પુસ્તકના 'સંપાદકીય'માં નોંધે છેઃ

'બાલ્યજીવનની એ અજબ મસ્તી! કોઈ ભય નહિ, કોઈ સંશય નહિ, પાછું પગલું નહિ, લીધું તેને કરી જાણવું! એ ભૂતાવળોના પ્રસંગો, સૂકા પાટમાં વડલો વાવવાના પ્રયત્નો બધુંય આજના ઠંડા જીવનધબકારને જરૂર ઉષ્મા આપે તેવા છે અને એ પછીનો મુંબઈનો પ્લેગનો પ્રસંગ! બીજોકોઈ હોત તો કદાચ ના ન ભણત, પણ બહાનાં શોધત, છટકબારીઓનો લાભ લેત, પણ એવું કશુંય નહિ! એકથી સત્તરની સમાન ભાવે સેવા, સહિષ્ણુ હૃદયે તેમનો ઉત્તર સંસ્કાર અને છેવટે પોતાને પણ પ્લેગની ગાંઠ નીકળે ત્યાં સુધીની કર્મવીરતા ચાલુ જ હોય! સેવાના ઢોલ પિટાતા નથી. એ તો અંતરાત્મામાં પ્રગટે છે ને ત્યાં જ પમરે છે!'

'એ પછી તેઓ સ્થાનકમાર્ગી સાધુ બને છે. એક દહાડો એમને તેમાં અસંતોષ પ્રગટે છે ને એ અસંતોષ જાહેર થતાં સંપ્રદાયમાં જબરો ઊહાપોહ જાગે છે, હજારો ભયની ભૂતાવળો, અપમાનો-હાડમારીઓ સામે આવી ખડી રહે છે. મુનિજી આ બધા સામે હસે છે. કશાયનો ભય નથી! એ તો સાપની કાંચળી જેમ એને ઉતારી ચાલ્યા જાય છે. એવા ઘણાય માનવીઓ નીરખ્યા છે, જેઓ માન્યતાફેર છતાં સંપ્રદાયના ડરે એ જ ચાલતા ગાડે ચઢી સફર કરી રહ્યા હોય છે. એ મહાત્માઓને ઇહલૌકિક માનાપમાનો ડરાવી રહ્યાં હોય છે.'

'આ પછીના પણ પ્રસંગો આખી સંપૂર્ણ વિવેચના માગી લે! બારોટો સામેની ભડવીરતા, જલપ્રલયની શૂરવીરતા, ચારિત્રધર્મની અડગતા અને ગુરુકુલ અંગેની કાર્યક્ષમતા ઈતિહાસનાં અનેક પૃષ્ઠો રોકે તેમ છે. સ્યાદ્‌વાદને સમજનાર, એના મર્મને પારખનાર આ મુનિજી મને આજની સાધુતા સામે એક ઉદાહરણરૂપ લાગ્યા અને એમનું જીવનચરિત્ર લખવાની વૃત્તિ મારામાં જાગ્રત થઈ.'

આ જીવનચરિત્રના લેખનમાં તેઓ ચરિત્રનાયકના સદ્‌ગુણોની અત્યુક્તિ કરવાથી અળગા રહ્યા છે. વળી આ લેખકને મતે 'ભૂતકાળની ભવ્યતા એ માતાનું ધાવણ છે, એ ધાવણ વગર બાળકો બધી વાતે હૃષ્ટ-પુષ્ટ ક્યાંથી બનશે' એમ માનીને જયભિખ્ખુએ જૈન ઈતિહાસનું ઉજ્જવળ પૃષ્ઠ આલેખવા પ્રયાસ કર્યો છે અને એની પાછળનો એમનો હેતુ વર્તમાન સમયમાં શ્રમણ અને શ્રાવક સમુદાયમાં પ્રગટતી અકર્મણ્યતા સામે એક દિશા આપનાર તારકને દર્શાવવા માટે આ જીવનથાળ પીરસ્યો છે.

આ ચરિત્રની એક બીજી પણ વિશેષતા છે અને તે એ કે એ ચરિત્રના પૃષ્ઠોને સુંદર ચિત્રોથી કલાસૌંદર્ય બક્ષનાર પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈના ચિત્રો. આ સમયે કનુભાઈ દેસાઈ સાથે જયભિખ્ખુને મૈત્રીના તાર બંધાયા હતા અને આ ગ્રંથને રૂપ-રંગ અને સૌંદર્ય–સુઘડતા બક્ષવામાં એમનો મોટો ફાળો હતો અને ગ્રંથનું મુખપૃષ્ઠ તૈયાર કરતી વખતે શ્રી બચુભાઈ રાવત અને કુમાર કાર્યાલયે પણ ખૂબ જહેમત ઉઠાવી હતી. આ ચરિત્રમાં પ્રથમ ભાગ જીવનયાત્રાનો છે, જેનું જયભિખ્ખુએ છટાદાર શૈલીમાં લેખન કર્યું છે. બીજો સ્મરણયાત્રા અને ત્રીજો પત્રો અને પ્રશસ્તિઓનો છે. તેથી જયભિખ્ખુનું નામ સંપાદક તરીકે છે અને આ ગ્રંથમાં ક્યાંય જયભિખ્ખુ ઉપનામનો ઉલ્લેખ નથી. માત્ર બાલાભાઈ વીરચંદ દેસાઈ

એવા નામે એમણે આ ગ્રંથનું આલેખન કર્યું છે અને એથી જ તેઓ ૮-૧૧-૩૬ના રોજ 'શ્રી ચારિત્રવિજય' પુસ્તકની પ્રસ્તાવનાના સંપાદકીયના પ્રારંભે નોંધે છે:

'અઢાર વર્ષ પૂર્વે સદ્‌ગત થયેલા, ન આચાર્ય, ન પંન્યાસ, ન ગણિ કે ન પ્રવર્તક; નાની એવી એકાદ ઉપાધિથી પણ મુક્ત એક ધર્મવીર સાધુપુરુષનું આ જીવન છે. સત્યને પરમ ધર્મ માનનાર, માન્યા માટે મરી ફીટનાર, અન્યાયની સામે સદા સંતપ્ત રહેનાર, શાસનસેવાને સાધનાનો પરમ મંત્ર લેખી મર્દાનગીભર્યું 'મરજીવું' જીવન જીવી જાણનાર સાધુરાજ શ્રી ચારિત્રવિજયજી (કચ્છી)ની આ જીવનરેખા છે. જીવનમાં વિદ્વત્તાનો અથાગ સાગર નહિ, કવનમાં શાસ્ત્રનું એક પણ પાનું રચનાર નહિ, મુનિમાતંગોમાં એક પણ પદને પામનાર નહિ, પણ કેવલ અંતરાત્માના ધર્મને અનુસાર, સ્યાદ્‌વાદના સાચા મર્મને સમજનાર, પરિણામની શુદ્ધિને અપનાવનાર અને અપનાવી કાયા-માયાને વિસરાવનાર એક પુરુષશ્રેષ્ઠની એવી, માનવતાની મહાસેવાની વિશ્વતોમુખી અને ઉદાર ભાવના પાછળ કઠોર અને સાદું જીવન જીવી જનાર એક વિશ્વપ્રેમી મુનિરાજનો આ સ્મારકગ્રંથ છે.' **(ક્રમશ:)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૯)

કોઈપણ લેખક લખે અને કોઈપણ વક્તા બોલે ત્યારે તેમાં કોઈ ને કોઈ હેતુ જોડાયેલો હોય છે. ભારતીય સંસ્કૃતિમાં સંતોએ જે પણ લખ્યું અથવા કહ્યું તેમાં જીવનની ઉન્નતિનો સંદેશ મળે છે.

જૈન સાધુઓએ જે પણ લખ્યું તેમાં આત્માની ઉન્નતિનો સંદેશ મળે છે. પૂજા સંગ્રહ અમર કાવ્યોનો ગ્રંથ છે. આ પૂજાઓ જૈન સંઘમાં સૈકાઓ સુધી અમર રહેશે.

ઈતિહાસમાંથી મળતી વાતો જીવન પરિવર્તનનો મર્મ પ્રગટ કરે છે. શ્રી પ્રભવ સ્વામીએ દીક્ષા લીધી તે પહેલાં શ્રી જંબુકુમારના ઘરે પોતાના ૫૦૦ ડાકુ સાથીઓ સાથે ચોરી કરવા ગયેલા. તે સમયે એમણે જોયું કે જંબુકુમાર તો પરણ્યાની પહેલી રાતે આઠ રૂપસુંદરીઓને કહી રહ્યા છે કે મારે દીક્ષા લેવી છે. મારા માતા-પિતાના આગ્રહને કારણે મેં લગ્ન કર્યા છે પણ મારી દીક્ષા લેવાની ભાવના છે. જો તમે સૌ સંમતિ આપો તો તે શક્ય બને. એ સુશીલ અને ધર્મી કન્યાઓ કહેતી હતી કે 'જે તમારો વિચાર તે અમારો વિચાર. જે તમારો પંથ તે અમારો પંથ.' આ શબ્દો ચોરી કરવા આવેલા પ્રભવ ચોરે સાંભળ્યા. એને જાત પર ધિક્કાર છૂટ્યો. પ્રભવ મૂળ તો રાજકુમાર હતો. જયપુરના રાજાનો પુત્ર હતો. પિતા સાથે અણબનાવ થતાં ચોરીના પંથે ચડ્યો! પણ જ્યાં જંબુકુમારની વાતો સાંભળી ત્યાં વૈરાગ્ય જાગ્યો! કેવો હળુકર્મી જીવ હશે એ!

શ્રી પ્રભવ સ્વામી ૧૧૧ વર્ષનું આયુષ્ય પામ્યા હતા.

ચૌદ પૂર્વધર એટલે શું? પ્રભુ વીરનું શ્રુતજ્ઞાન હૃદયસ્થ કરનાર એટલે ચૌદ પૂર્વધર. જે કાળને પેલે પાર જે છે તે જાણી અને કહી શકે.

જૈન ધર્મ એવો ધર્મ છે જ્યાં જ્ઞાતિનું મહત્ત્વ નથી સંસ્કારનું મહત્ત્વ છે. તમારા સંસ્કાર ઉત્તમ બનાવો. તમારું જીવન શ્રેષ્ઠ બનાવો.

પ્રભવ સ્વામીએ વિચાર્યું કે મારે ઉત્તમ વ્યક્તિને દીક્ષા આપવી જોઈએ જે શ્રી મહાવીર સ્વામીની પેઢી આગળ વધારે. રાજગૃહીમાં પંડિત શય્યંભવ રહેતા હતા. પ્રકાંડ પંડિત હતા એ. રાજગૃહીમાં યજ્ઞ કરાવી રહ્યા હતા. પ્રભવ સ્વામીએ બે સાધુઓને આજ્ઞા કરી કે તમારે જ્યાં પંડિતજી બેઠા છે ત્યાંથી પસાર થવાનું છે અને 'આ કષ્ટ છે, તત્ત્વ જ્ઞાની જાણે છે!' એમ બોલતા પસાર થવાનું છે. પંડિત શય્યંભવજીએ આ શબ્દો સાંભળ્યા. એ વિચારમાં ડૂબ્યા. એમને ખાતરી હતી કે જૈન સાધુ ખોટું ન બોલે.

તમે સાચું બોલવાની ટેવ પાડો. ખોટું ન બોલો. તમે તો જરૂર ન હોય તેવું પણ ઘણું ખોટું બોલો છો. સત્યનો પ્રભાવ તમે જોયો છે જ ક્યાં? સાચું બોલશો તો તમારી વાણીમાં Light-પ્રકાશ આવશે.

એક સ્વામીજીએ કિસ્સો કહેલો તે મને યાદ આવે છે. સ્વામીજી લંડન ગયેલા. યજમાન સાથે ખરીદી કરવા કોઈ મોલમાં ગયા. ગાડી બહાર પાર્ક કરી. મોલમાંથી બહાર આવ્યા ત્યારે એમણે ગાડી પર એક પેપર પેસ્ટ કરેલું જોયું. તેમાં લખેલું કે મેં આજે વધારે પડતું drink કરેલું તેથી તમારી ગાડી સાથે મારી ગાડી અફળાઈ ગઈ છે. તમારી ગાડીને નુકશાન થયું છે. પ્લીઝ, તમારી ગાડીને સર્વિસમાં આપી દેજો અને બીલ મને મોકલી આપજો. મારું એડ્રેસ અને મોબાઈલ નંબર નીચે છે. I am sorry.

સ્વામીજીએ યજમાનને પૂછ્યું,

'એ માણસ ખરેખર બીલ ભરશે? અહીં આવું પણ બને છે?'

યજમાને કહ્યું, 'જી. એ પેમેન્ટ જરૂર કરશે.'

સ્વામીજી કહે, 'આ દેશમાં લોકો drink લીધા પછીય સાચું બોલે છે. અમારા દેશમાં તો લોકો ગંગાજળ પીધા પછી પણ સાચું

નથી બોલતા!'

જૈન શ્રાવકની પ્રતિષ્ઠા એવી હતી કે એના કપાળમાં ચંદનનું તિલક જોઈને લોકો વિશ્વાસ કરતા. આજે એવું છે? તમારું તિલક ધર્મની નિશાની છે. તેની કિંમત વધે તેવું કરો.

પંડિત શય્યંભવ જૈન સાધુની વાતનો મર્મ જાણવા માટે પોતાના વિદ્યાગુરુ પાસે ગયા. પૂછ્યું કે તત્ત્વ શું છે તે કહો. વિદ્યાગુરુ કહે કે તું જ્યાં યજ્ઞ કરાવે છે તેની વેદિકાની નીચે જમીન ખોદ. તેમાંથી જે નીકળે તે ધર્મ. પંડિત શય્યંભવજીએ તેમ કર્યું. તો નીચેથી શાંતિનાથ ભગવાનની પ્રતિમા નીકળી. શય્યંભવ વિદ્વાન હતા. તે એક પળમાં સમજી ગયા કે જિનેશ્વર ભગવાન જે કહે છે તે જ છે સાચું તત્ત્વ. શય્યંભવ આચાર્ય શ્રી પ્રભવ સ્વામી પાસે ગયા. દીક્ષા લીધી. ટૂંક સમયમાં ચૌદ પૂર્વધર આચાર્ય થયા.

જગતના ઈતિહાસમાં જોયે ન જડે તેવો આ કિસ્સો છે.

પંડિત શય્યંભવે દીક્ષા લીધી ત્યારે તેમની પત્ની–પંડિતાણી ગર્ભવતી હતા. એમને પુત્રનો જન્મ થયો. એ છ વર્ષનો થયો (ત્યાં સુધીમાં શય્યંભવજી આચાર્ય થઈ ગયા હતા!) એ બાળકનું નામ મનક. મનકે જાણ્યું કે તેના પિતાએ દીક્ષા લીધી છે. તે માને કહે છે કે હું મારા પિતાને શોધવા જાઉં! મા રડી પડે છે. એના આક્રંદનો પાર નથી. એ કહે છે કે મેં પતિ ખોયો છે, હવે મારે પુત્ર ખોવો નથી!

મનક માનતો નથી.

છ વરસનું બાળક પોતાના પિતાને શોધવા એકલો નીકળી પડે છે! તમારું બાળક ઘરેથી ભાગી છૂટે તો શા માટે નાસી જાય તેનો વિચાર કરો!

એક યુવક ઘરેથી ભાગી ગયો. ચિઠ્ઠી મૂકીને ગયો કે પૂજ્ય પિતાશ્રીને માલુમ થાય કે મારી આટલી આટલી ઈચ્છા પૂર્ણ કરશો તો પાછો આવીશ, નહીં તો ટ્રેન નીચે સૂઈને આપઘાત કરીશ!

યુવકના કુટુંબમાં રડારોળ મચી ગઈ. સૌએ યુવકના પિતાને સલાહ આપી કે દીકરાનું કહ્યું કરો. જુવાન લોહી છે. ગમે તે પગલું ભરી બેસે માટે જલ્દી કરો. પિતા કહે કે તમે બધા શાંતિ રાખો. મારા કુંવરને હું ઓળખું છું! છતાં બહુ આગ્રહ થયો ત્યારે પિતાએ છાપામાં જાહેરખબર આપી કે-

બેટા, તારી ઈચ્છા મુજબ હું કાંઈ કરી શકું તેમ નથી માટે જ્યાં છે ત્યાં રહેજે. અમારી ચિંતા ન કરીશ.

એ યુવક એ જ દિવસે ચૂપચાપ ઘરે પાછો આવી ગયો!

તમારા લોકોની વાતો આવી છે!

પણ, મનકની વાત નિરાળી છે. છ વરસની ઉંમર. એકલો નીકળી પડ્યો છે. ચંપાપુરી પહોંચે છે. રાજગૃહીથી ૬૦૦ માઈલ દૂર. નગરી બહાર આચાર્ય શ્રી શય્યંભવ સૂરિજી મળે છે. મનક પૂછે છે, મારા પિતા જૈન સાધુ થયા છે. તેમનું નામ શય્યંભવ છે. હું તેમને શોધવા નીકળ્યો છું. તમે તેમને ઓળખો છો? આચાર્યશ્રી ચમકે છે. તે પોતાના પુત્રને ઓળખી જાય છે. કહે છે કે તારા પિતા મારા જેવા જ દેખાય છે. તું મારી સાથે ચાલ. તું દીક્ષા લે. હું તારા પિતાનો મેળાપ કરાવી આપીશ.

મનક દીક્ષા લે છે. આચાર્ય શ્રી પ્રભવ સ્વામી ત્યારે વિદ્યમાન છે. મનક દીક્ષા લે છે ત્યારે શ્રી શય્યંભવ સૂરિજી જાણી જાય છે કે મનકનું આયુષ્ય માત્ર છ મહિનાનું જ છે! મનક મુનિને જૈન ધર્મનો સાર સમજાવી દેવા માટે શ્રી શય્યંભવ સૂરિજી શ્રી દશવૈકાલિક સૂત્રની રચના કરે છે. શ્રી પ્રભવ સ્વામી ત્યારે પણ વિદ્યમાન છે.

મનકમુનિ ભણે છે. છ મહિના પછી કાળધર્મ પામે છે. એ સમયે શ્રી શય્યંભવ સૂરિજીની આંખમાં આંસુ ઝબકે છે. શિષ્ય શ્રી યશોભદ્ર સૂરિજી પૂછે છે કે તમારી આંખમાં આંસું કેમ? ત્યારે પહેલીવાર શ્રી શય્યંભવ સૂરિ બોલે છે કે મનકમુનિ મારો સંસારી પુત્ર હતો!

એમની અંતરદશા વૈરાગ્યથી કેવી ભરપૂર હશે!

મનકમુનિના સ્મરણમાં આજે પણ તમામ જૈન સાધુ અને સાધ્વી પ્રાતઃકાળે શ્રી દશવૈકાલિક સૂત્રની ૧૭ ગાથાનો પાઠ કર્યા પછી મોંમાં અન્ન-જળ મૂકે છે! વિશ્વના કોઈપણ ધર્મમાં આવી શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ અપાઈ નથી!

✷ ✷ ✷

મા સરસ્વતી ચિત્રો

મા સરસ્વતી વિદ્યાની દેવી છે અને સર્વ ધર્મ માન્ય દેવી છે. આ દેવી માતાની આરાધના જે જે કરે છે એ જીવને અવશ્ય સાત્ત્વિક ફળની પ્રાપ્તિ થાય છે.

'પ્રબુદ્ધ જીવન' સર્વ ધર્મોને સન્માને છે. જૈન ધર્મનો વિશિષ્ટ અનેકાંતવાદ અને સ્યાદ્‌વાદ એના વિચાર પ્રવાહોમાં કેન્દ્ર સ્થાને છે, આ વિચાર-સિદ્ધાંત 'પ્રબુદ્ધ -જીવન'નો આત્મા છે.

'પ્ર.જી.'ના મુખપૃષ્ઠ ઉપર મા સરસ્વતીની વિવિધ મુદ્રામાં નયનરમ્ય છબી પ્રકાશિત થાય છે. વાચકોએ એ માટે પોતાનો આનંદ વ્યક્ત કર્યો છે, અમે એ સર્વેના ઋણી છીએ.

પરંતુ અમારો ખજાનો ક્યારેક તો ખૂટશે જ. એટલે અમે અમારા પ્રબુદ્ધ વાચકો અને કલાકારોને વિનંતિ કરીએ છીએ કે આપની પાસે મા સરસ્વતીની પ્રાચીન, અર્વાચીન, કે મોર્ડન આર્ટમાં કોઈ પણ પેઈન્ટીંગ કે છબિ હોય તો અમને એ વ્યવસ્થિત પેક કરી તુરત જ મોકલે.

એ ચિત્રો 'પ્ર.જી.'માં પ્રસિદ્ધ થતા અમે એ મહાનુભાવોનું સૌજન્ય ઋણ સ્વીકારીશું તેમજ યથાશક્તિ પુરસ્કૃત પણ કરીશું. ધન્યવાદ.

–તંત્રી

જનજનના, ઊર્ધ્વગગનના ને અહિંસાના ઉદ્‌ગાતા ઉમાશંકર અને રવીન્દ્રનાથ

બે મહાકવિઓ : 'વિશ્વશાંતિ' અને 'વિશ્વભારતી'ના સર્જકો

❑ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

જનજનના, લોકમનના, 'જનગણમન'ના, ધરતીના કવિ હોવા છતાં આ યુગના આ બે કવિ-મનિષીઓ–એક પશ્ચિમ ભારત ગુજરાતે, બીજા પૂર્વના બંગતટે–ઊર્ધ્વગગનના ને અહિંસાના પણ સમાન ઉદ્‌ગાતા અને ઉપાસક બની રહ્યાં.

'ગીત ગગનનાં ગાશું રે અમે ગીત મગનમાં ગાશું'–ના ગાનાર કવિ મનીષિ ઉમાશંકર અને **'ગગને ગગને, આપનાર મને, કિ ખેલા તબ?'** જેવા અનેક આકાશગીતો પોતાના 'રવીન્દ્ર સંગીત' દ્વારા ગાઈને, ઊર્ધ્વગગનના દૃષ્ટા બન્યા બાદ, જન-મનની **ધરતીની વાત** કરતાં કરતાં 'અંતર મનની રમત' નિહાળવા ભીતરમાં પણ ઉતરી આવતા–સર્વત્ર બાહ્યાંતર ઐક્ય સાધતા–અંતર્દૃષ્ટા રવીન્દ્રનાથ! બંનેના અંતર ભાવોમાં, ભિન્નભિન્ન છતાં, 'ભિન્ન' પ્રત્યેગાત્માની પ્રતીતિ કરાવવા છતાં, કેટલું બધું સામ્ય!!

બંને બાહ્ય પ્રકૃતિ અને અંતર્ પ્રકૃતિનાં દૃષ્ટા!

બંને અહિંસા-ધર્મના પ્રખર પુરસ્કર્તા!

બને પદ-દલિત, ધૂલિ-પતિતને પણ ઊંચે ઉઠાવનારો માનવ-મહિમા ગાતા વિશ્વ-માનવ, મહામાનવના ઉપાસક ને પ્રતીક્ષા-રત આર્ષ-દૃષ્ટા!!

બંને આત્મલક્ષી શિક્ષણની સૃષ્ટિના અને 'વર્ગ-સ્વર્ગ'ના સ્ત્રષ્ટા!!!

બંને સાહિત્યને, કવિતા-નાટક-વાર્તાદિ સર્વ સ્વરૂપો દ્વારા 'સાંતથી અનંતના મિલન' સુધીની અમાપ્ય ઊર્ધ્વભૂમિમાં લઈ જનારા સ્વયંભૂ કાન્તદૃષ્ટા–જાણે ઉપનિષદના 'કવિર્ મનીષિ પરિભૂ: સ્વયંભૂ:।' જેવા ઉદ્‌ઘોષક-પ્રવકતા!

એકે ગુજરાતી કવિતાને 'ગાંધી મહાકાવ્ય', 'વિશ્વશાંતિ' જેવાં અનેક કવિત્ત-રત્નો આપીને વિશ્વ સાહિત્યની ઊંચાઈએ પહોંચાડી; બીજાએ વિશ્વસંસ્કૃતિના અતિથિ ભવન સમ 'વિશ્વભારતી'ના સર્જન ઉપરાંત **બંગલા કવિતા**ને અને તેમના **'સોનાર બાંગલા'**ને ગીતાંજલિ, શેષેર કવિતા, ચાંડાલિકા, ભારતતીર્થ, માલાકાર, ગીત પંચશતી, એકોત્તેર શતી જેવાં અનેક કાવ્ય-ગીત મણિહારો પહેરાવીને સમલંકૃત, વિશ્વ-વિશ્રુત, ગૌરવાન્વિત બનાવી!!

વર્ગમાં સ્વર્ગ દર્શાવનારા આર્ષદૃષ્ટા

'વર્ગને સ્વર્ગ માનજો અને તૈયારી કર્યા વિના વર્ગમાં જશો નહીં.'

૨૧મી જુન, ૧૯૬૦ના દિવસે અમદાવાદમાં પ્રથમ વાર હિન્દી અધ્યાપક તરીકે જોડાયો. શ્રી સ્વામીનારાયણ કૉલેજમાં જતાં પહેલાં આશીર્વાદ લેવાની વેળાએ પ્રભાતમાં જ પૂજ્ય ઉમાશંકરભાઈએ આ પ્રેરક શબ્દોથી એક મંગલ શિક્ષાપાઠ ભણાવ્યો. સાથે કૉલેજના પ્રાચાર્યશ્રી પ્રેમશંકર ભટ્ટ પર નાનકડો પત્ર પણ લખી આપ્યો. પૂજ્ય પંડિત સુખલાલજીના તો પ્રથમ આશીર્વાદ સાથે જ સરિ કુંજથી પ્રસ્થાન કરી તેમના નિવાસસ્થાન 'સેતુ' પર પહોંચ્યો હતો.

*આમ બબ્બે સારસ્વત પ્રાજ્ઞ ગુરુજનોનાં આશીર્વાદોથી ધન્ય થઈને મારી અધ્યાપક તરીકેની કારકીર્દિ પ્રસન્ન આનંદપૂર્વક આરંભાઈ હતી. એ બંનેના સમાન આદેશોને અનુસરતાં પૂર્વતૈયારીના અધ્યયનમાં સાચે જ અનેરો આનંદ આવતો. એ તૈયારીના આનંદની પ્રતિછાયા, વર્ગ-સ્વર્ગમાં વિદ્યાર્થીઓને પ્રેમપૂર્વક, અનેક અવનવી માહિતીઓ સાથે ભણાવતાં અચૂક પડતી. પરિણામે સોએક છાત્ર-છાત્રાઓના એ વર્ગો ઉપરાંત ઘણીવાર બહારના અન્ય છાત્રો પણ તેમાં આવીને બેસતા. ખૂબ પ્રેમથી સાંભળતા. વિદ્યાર્થી વર્ગના આ પ્રેમ અને નિકટતાનું પ્રતિકૂલન મારા જ લખેલા એક નાટકને ભજવવામાં થયેલું. પ્રતિભાવ અને પ્રતિસાદ પામેલું એ લાંચ-રૂશ્વત વિરોધનું ભારતના શહીદોની અંત ર્ભાવનાને વાચા આપતું નાટક **'जब मुर्दे भी जागते हैं'** જ્યારે પ્રથમ વાર અમદાવાદના મંગળદાસ ટાઉન હૉલમાં ભજવાયેલું ત્યારે શ્રી સ્વામીનારાયણ કૉલેજને એ ખૂબ ખ્યાતિ આપી ગયેલું. બીજી વાર ગુજરાત લૉ સોસાયટીની નાટક પ્રતિયોગિતામાં પણ આંતર કૉલેજોમાં એણે પ્રથમ સ્થાન અપાવેલું. આ કૉલેજથી આરંભાયેલ આ નાટક-મંચન અને અધ્યયનપૂર્ણ અધ્યાપનનો, આગળ અનેક વર્ષો અને અનેક કૉલેજોમાંના કાર્યકાળમાં, ભારે સફળ પ્રભાવ પથરાયેલો રહ્યો. ત્યારથી અધ્યાપન પૂર્વેનું મારું અધ્યયન કદી છૂટ્યું નથી. તેથી છાત્ર-પ્રેમનું ઝરણું પણ સદાય વહેતું રહ્યું છે.*

આ સારો યે અનુગ્રહ, એક સફળ અધ્યાપક બનાવનાર બંને ગુરુજનો-પૂજ્ય પંડિતજી અને પૂજ્ય ઉમાશંકરભાઈનો રહ્યો, એ કદી ભૂલી શકું નહીં.

જનજનના, ઊર્ધ્વગગનના ને અહિંસાના એ ઉદ્‌ગાતા!

'આશય સર્વે જ્ઞાનીઓ આવી અત્ર શમાય'ના શ્રીમદ્ રાજચંદ્રજીના 'આત્મસિદ્ધિ કથિત અમૃતવચનને ઉપનિષદોના **'एकं सत् विप्रा बहुधा वदन्ति'**–એક જ સત્યને અનેકરૂપે વદતા, ઊર્ધ્વગગનનાં પ્રાજ્ઞ ઉદ્‌ગાતા એવા આ બંને મહાકવિઓમાં અંતર-સામ્ય પણ કેટલું બધું ! બંનેની કાવ્યકૃતિઓને સાથે લઈને બેસતાં-વિચારતાં-વાગોળતાં એક અદ્‌ભુત કાવ્યવિશ્વ ઊભું થાય. આ બંનેની અનેક કવિતાઓની તુલના પણ કરવા જેવી છે.

એમાંય કવિ સાહિત્યકાર જ્યારે અધ્યાપનના 'વર્ગને સ્વર્ગ'માં રૂપાંતરિત કરતો આર્ષદૃષ્ટા **શિક્ષણકાર** પણ હોય ત્યારે ? ત્યારે તો 'નિત્યનૂતન' જ પ્રગટ્યા કરે અને પ્રેમનાં પુષ્પો જ પલ્લવિત થયાં કરે. ફલશ્રુતિ રૂપે બંને કવિ-મનીષિઓએ શિક્ષણ ક્ષેત્રમાં પણ નવાં અભિગમો આપ્યાં–**પાંડિત્યને પાછળ મૂકતા પ્રેમનાં, પ્રકૃતિપ્રેમનાં, માનવપ્રેમ** દ્વારા–પદ દલિત દીનહીન દરિદ્રમાં પરમ દર્શન કરતા **પ્રભુ-પ્રેમના !** એક કરુણાઘન **બુદ્ધથી** પ્રભાવિત પૂર્વ ભારતના, બીજા દરિદ્રનારાયણ દુઃખીજનના બેલી **ગાંધીથી** પ્રભાવિત પશ્ચિમ ભારતના પૂર્વ-પશ્ચિમના સીમાડાના નહીં, સમગ્ર ભારતના, વિશાળ વિશ્વના.

યોગાનુયોગ પણ કેવો કે 'નૂતન વિશ્વના મહામાનવના આગમનના પૂર્વદૃષ્ટા' અને 'यत्र विश्व भवत्येक नीडम्' (વિશ્વ સારું જ્યાં એક માળામાં રહે) એવા **વિશ્વભારતી** જેવા પરા-અપરા વિદ્યાઓના સ્થાપનારા–રવીન્દ્રનાથના વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ પદે પણ **'વિશ્વશાંતિ'**ના મહાગાતા ને ગાંધીની ગુજરાત વિદ્યાપીઠના પૂર્વછાત્ર તેમજ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ એવા **ઉમાશંકર** રહી આવ્યા ! બે વિશ્વવિદ્યાલયો વચ્ચે, યુગ-શિક્ષણના બે અભિગમો ને પ્રયોગો વચ્ચે, ગુજરાતી-બંગલાના બે સાહિત્યો વચ્ચે તેમણે સાચે જ જાણે 'સેતુ' જ બાંધ્યો, સાર્થક સેતુ !! આ યુગના અભિનવ સાહિત્ય અને શિક્ષણના જગતની આ કોઈ નાની-સૂની ઘટના છે ? એનાં અર્થઘટનો તો હજુ ભાવિનો શિક્ષણ-ખોજી કરશે.

પરંતુ પળભર વિચારીએ કે વિશ્વકવિ કવિગુરુ રવીન્દ્રનાથની વિશ્વભારતી શાંતિ નિકેતનની ભૂમિ પર **'વિશ્વશાંતિ'** અને ઊર્ધ્વગગનના ઉદ્‌ગાતા એવા ઉમાશંકરને શું શું સ્ફુર્યું હશે ? શું શું તેમની અનુભૂતિઓના અંતરલોકમાં પ્રગટ્યું, પાંગર્યું, વિસ્તર્યું હશે ? એ તો તેમની એ વેળાની કાવ્યકૃતિઓ કે ડાયરીનોંધો જ કહી શકે. જાણકારો અને તેઓનો ઊર્ધ્વાત્મા જ એ જાણે. આપણે તો કલ્પના માત્ર જ કરવી રહી. પરંતુ આ બંને મહાકવિઓની એકાદ બે પૂર્વકૃતિઓ બંનેનું પ્રતિપાદન-સામ્ય આપતો કંઈક અણસારો તો આપી શકે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ **'કોઈ ક્રિયાજડ થઈ રહ્યાં, શૂષ્કજ્ઞાનમાં કોઈ'** કહીને વર્તમાન કાળનું આધ્યાત્મિક ક્ષેત્રનું જે **તાદૃશ યુગદર્શન** આપ્યું છે, તેવું જ વ્યાપક વિશ્વ ક્ષેત્રમાં 'ક્રિયાજડ' શબ્દને બદલે **'નિદ્રાજડ'** જેવો સસર, સાર્થક શબ્દ આપીને **આ યુગનું વાસ્તવ-દર્શન** કરાવ્યું છે અભિનવ ઉદ્‌ગાતા ઉમાશંકરે–

'ન તોય નિદ્રાજડ લોક જાગ્યાં
ડૂબી ગયો મંત્ર અનંતતામાં !'

–વિશ્વશાંતિનો ખોવાઈ ગયો મંત્ર 'નિદ્રાજડ', યુદ્ધ પરસ્ત લોકો દ્વારા, કે જેમણે–

'બનાવ્યાં ઓજારો વનતરુ તણાં કાષ્ઠ મહીંથી,
અને ખોદી ધાતુ જમીન થકી કંઈ શસ્ત્ર નિરમ્યાં.
વળી અગ્નિઅસ્ત્રો પ્રબળ પ્રગટ્યાં ધ્વંસ કરતાં,
મહા ઝેરી તત્ત્વો કુદરત કનેથી ઝડપિયાં.
જલે વ્યોમે, પૃથ્વીપડ ઉપર, સર્વત્ર, કપરી
વહાવી સંસારે અબુધ મનુજે યુદ્ધ લહરી !'

('વિશ્વશાંતિ')

શ્રી ઝવેરચંદ મેઘાણીના 'ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી' કાવ્યગીતના–

'બહુ દિન ઘડી રે તલવાર, ઘડી કાંઈ તેણું ને મનવાર'
પાંચ-સાત શૂરાના જયકાર, કાજ ખેલાણા ખૂબ સંહાર, હો એરણ બેની !'

–આ શબ્દોની યાદી આપતા યુગદૃષ્ટા **ઉમાશંકર**ના ઉપરના શબ્દોને જ **રવીન્દ્રનાથ**નો વિશ્વશાંતિ ઝંખતો ક્રાન્ત-આત્મા **'હિંસાથી ઉન્મત્ત થયેલી પૃથ્વીને'** જોઈને કરુણાઘન બુદ્ધને નૂતન જન્મ લેવા પ્રાર્થીને, આમ મૂકે છે:

हिंशाय उन्मत्त पृथ्वी, नित्य निष्ठुर द्वन्द्व
घोर कुटिल **पंथ तार, लोभ जटिल बन्ध ।**
'देश देश परिल तिलक रक्त कलुष ग्लानि ।
तव मंगल शंख आनो, तव दक्खिन पाणि,
'तव सुन्दर संगीत राग, तव सुन्दर छंद,
नूतन तव जनम लागी, कातर जत प्राणी;
शांत है । मुक्त है । हे अनंत पुण्य । हिंशाय करो त्राण महाप्राण !
आनो अमृतबानी, विकसित करो प्रेम-पद्म, चिर मधु निष्पंद;
शांत हे ! मुक्त हे ! हे अनंत पुण्य !
करुणाघन !! धरणीतल करो कलंक शून्य।'
हिंशाय उन्मत्त पृथ्वी...

'રક્તરંજિત, હિંસા–તાંડવથી ત્રસ્ત, કાતર જત પ્રાણીઓથી ગ્રસ્ત પૃથ્વી પર નૂતન જન્મ ધરીને અહિંસાનો મંગળ શંખ બજાવો, તમારો શાંત દક્ષિણ હસ્ત પસારો, ધરતીને કલંક શૂન્ય બનાવો હે કરુણાઘન બુદ્ધ !' ✷✷✷

'પારુલ', જિનભારતી, ૧૫૮૦ કુમારસ્વામી લેઆઉટ, બેંગલોર-૫૬૦૦૭૮
ફોન : ૦૮૦-૬૫૯૫૩૪૪૦. મોબાઈલ : ૦૯૬૧૧૨૩૧૫૮૦.
E-mail : pratapkumartoliya@gmail.com

જૈન સાહિત્ય ગૌરવ-ગ્રંથ-૧૯

શ્રી કુંદાકુંદાચાર્ય રચિત પંચાસ્તિકાય સંગ્રહમાં દ્રવ્યબંધારણ-સ્વરૂપ

❑ ડૉ. કોકિલા હેમચંદ શાહ

(વિદુષી લેખિકા મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી. વિદ્યાર્થીના માર્ગદર્શક, અને સોમૈયા જૈન સેન્ટરના માનદ્ પ્રાધ્યાપિકા તેમજ જૈન તત્ત્વ ચિંતનના ગુજરાતી તેમજ અંગ્રેજી પુસ્તકોના કર્તા છે.)

શ્રી કુંદકુંદાચાર્ય દ્વારા રચિત 'પંચાસ્તિકાય સંગ્રહ' ગ્રન્થ પ્રસિદ્ધ છે. શ્રી કુંદાકુંદાચાર્ય વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. તેમણે સમયસાર, પ્રવચનસાર, નિયમસાર જેવા અનેક ગ્રંથો રચ્યા છે જેમાં સમસ્ત શાસ્ત્રોનો સાર આવી જાય છે. તેમના પ્રાભૃતત્રયમાં સમયસાર, પ્રવચનસાર અને પંચાસ્તિકાયસાર સંગ્રહનો સમાવેશ થાય છે. આ શાસ્ત્ર દ્વિતીય શ્રુતસ્કંધના સર્વોત્કૃષ્ટ આગમોમાંનું એક છે. આ મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત છે. શ્રીમદ્ રાજચંદ્રે આ પ્રાકૃત ગાથાઓનું ગુજરાતી ભાષાંતર કર્યું છે. આચાર્ય અમૃતચંદ્રે તેના પર 'સમયવ્યાખ્યા' નામની સંસ્કૃત ટીકા લખી છે અને જયસેનાચાર્યે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. આ મૂળ ગ્રંથનું અંગ્રેજી ભાષાંતર પણ ઉપલબ્ધ છે.

આ ગ્રંથમાં કુલ ૧૭૩ ગાથાઓ છે. તે જૈન સિદ્ધાંતોનું સંક્ષેપથી પ્રતિપાદન કરે છે. તેમાં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું અર્થાત્ છ દ્રવ્યોનું અને નવ પદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તેમાં કહેલ વસ્તુતત્ત્વનો સાર છે દ્રવ્યાનુયોગ. જૈન સાહિત્ય વિશાળ છે. તેને ચાર અનુયોગ અથવા ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે-(૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) ધર્મકથાનુયોગ.

લોકને વિશે રહેલા દ્રવ્યો, તેના ગુણ, ધર્મ, હેતુ, પર્યાય આદિનું જેમાં વર્ણન છે તે દ્રવ્યાનુયોગ. દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. જૈન શાસ્ત્રોમાં કહ્યું છેઃ પઢમ નાણં તઓ દયા । (દશવૈકાલિક સૂત્ર૪-૧૦) પ્રથમ જ્ઞાન પછી દયા. અજ્ઞાનીને શું ખબર પડે કે શ્રેય શું છે અને પાપ શું છે? જે જીવ-અજીવને જાણે છે તે આશ્રવ સંવર-પુણ્ય પાપ-સંવર, નિર્જરા બંધ અને મોક્ષને પણ જાણી લે છે. અને છ પ્રકારના જીવોની વિરાધના કરતો નથી. દ્રવ્યાનુયોગનું સ્વરૂપ સમજ્યા પછી જ ચરણાનુયોગ સરળ બને છે.

શ્રી 'પંચાસ્તિકાય સંગ્રહ'માં પહેલા અધિકારમાં મૂળ પદાર્થોનું નિરૂપણ કર્યું છે-પછી બીજા અધિકારમાં જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવપદાર્થોની વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે અને અંતમાં તત્ત્વના પરિજ્ઞાનપૂર્વક, પંચાસ્તિકાય, ષડ્દ્રવ્ય અને નવપદાર્થના યથાર્થજ્ઞાનપૂર્વક રત્નત્રયી માર્ગની ઉત્તમ મોક્ષપ્રાપ્તિ કહી છે. આ શાસ્ત્રનું ફળ, અજ્ઞાનની નિવૃત્તિ અને સમ્યક્જ્ઞાનની ઉત્પત્તિ થઈ શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ થવી તે છે. આ ગ્રંથ શરૂ કરતાં શાસ્ત્રકર્તાએ તેને સર્વજ્ઞ મહામુનિના મુખથી કહેવાયેલા પદાર્થોનું પ્રતિપાદક, ચતુર્ગતિ વિનાશક અને નિર્વાણનું કારણ કહ્યું છે. આ રીતે ભવ્ય જીવ દ્રવ્યાનુયોગને જાણી, વિચારી મુક્તિ પામે છે.

દ્રવ્યાનુયોગ એ જ પંચાસ્તિકાય સાર છે. જૈન દર્શન અનુસાર વિશ્વ અનાદિ અને અનંત છે. તેનો કોઈ કર્તા નથી. દ્રવ્યનો અર્થ છે ધ્રુવ સ્વભાવી તત્ત્વ. સમગ્ર અસ્તિત્વના છ ઘટકો છે. પાંચ અસ્તિકાય અને કાળ-જેને દ્રવ્યો કહે છે. દ્રવ્ય ગુણ અને પર્યાયયુક્ત છે. દ્રવ્ય એટલે તે પદાર્થ જેનું અસ્તિત્વ અનાદિ અને અનંત છે છતાં તે ઉત્પાદ, નાશવંત અને નિત્ય છે. આમાં વિરોધ નથી. જૈનદર્શન વાસ્તવવાદી છે. તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિ આચાર્યે કહ્યું છે-'उपत्पाद्व्यय ध्रौव्य युक्तं सत् (તત્ત્વાર્થસૂત્ર-૫-૩૯) અને 'सत् द्रव्य लक्षणम्' (તત્ત્વાર્થ સૂત્ર-૫-૨૯) ભગવતી સૂત્રમાં કહ્યું છે-'सद् दव्वं वा' (ભગવતી ૮/૬).

દ્રવ્ય વિભિન્ન પર્યાયોને પ્રાપ્ત કરે છે પણ પોતાના મૂળ ગુણ નથી છોડતું. મૂળ બે દ્રવ્યો છે. જીવ અને અજીવ-ચેતન અને જડ. આ બે તત્ત્વોની જુદી જુદી દૃષ્ટિથી વિચારણા કરવી એટલે જ દ્રવ્યાનુયોગ. 'गुण पर्याय वद् द्रव्यम्' (તત્ત્વાર્થ-૫-૩૭). દ્રવ્યનું લક્ષણ સત્ છે અને સત્ની પરિભાષા છે-જે ઉત્પન્ન થાય, નાશ થાય અને નિત્ય રહે તે. જૈન શાસ્ત્રોમાં આ ત્રિપદીના આધાર પર દ્રવ્યાનુયોગની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે.

લોક છ દ્રવ્યયુક્ત છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ એ પાંચ અસ્તિકાય છે. દરેકનું અસ્તિત્વ જુદું જુદું છે. એ સ્વતંત્ર દ્રવ્યો છે. પાંચ અસ્તિકાય અને કાળ મળી છ દ્રવ્ય થાય છે. પાંચ અસ્તિકાય અનેક ગુણ સહિત અને પર્યાય સહિત છે, અને અનેક પ્રદેશાત્મક છે. કાળ દ્રવ્ય અસ્તિ છે પણ કાય નથી. દરેક દ્રવ્યને સામાન્ય તેમજ વિશિષ્ટ ગુણો હોય છે. અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે તેમના સામાન્ય ગુણો છે-આ સિવાય પ્રત્યેક દ્રવ્યના પોતપોતાના વિશિષ્ટ ગુણો હોય છે જે નીચે પ્રમાણે છે.

જીવદ્રવ્ય-ચેતનદ્રવ્ય-જેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ વગેરે ગુણો છે. પુદ્ગલ દ્રવ્ય-જેનામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરે અનંત ગુણો છે. ધર્મ-ગતિ હેતુત્વ છે, અધર્મ-સ્થિતિ હેતુત્વ છે. આકાશ જે અવકાશ આપે છે તે અવગાહ હેતુત્વ છે. અને કાળનો ગુણ વર્તના હેતુત્વ છે.

વિશ્વ એટલે અનાદિ, અનંત, સ્વયંસિદ્ધ સત્ એવી અનંતાનંત વસ્તુઓનો સમુદાય. તેમાંની પ્રત્યેક વસ્તુ અનાદિ અને અવિનાશી છે. પ્રત્યેક વસ્તુમાં અનંત ગુણો છે, જે નિત્ય છે. પ્રત્યેક વસ્તુ પ્રતિક્ષણ નવીન અવસ્થાઓ, પર્યાયો ધારણ કરતી હોવા છતાં, પોતાનો સ્વભાવ છોડતી નથી.

'પંચાસ્તિકાય સંગ્રહ'માં ગાથા નં. ૮ થી ગાથા નં. ૨૧ સુધી

અસ્તિત્વનું–દ્રવ્યનું સ્વરૂપ કહ્યું છે. 'સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વ વાળા છે. તે સત્તા અનંત પ્રકારના સ્વભાવવાળી છે, અનંત ગુણ અને પર્યાયાત્મક છે.' (ગાથા નં. ૮). ગાથા નં. ૯ માં કહ્યું છે. 'દ્રવ્ય પોતાની સત્તાથી અનન્ય છે, તે પર્યાયને દ્રવ્યે છે માટે દ્રવ્ય છે.'–વળી એમ કહ્યું છેઃ 'દ્રવ્યનું લક્ષણ સત્ છે, જે ઉત્પાદ્વ્યય ધ્રુવ સહિત છે, ગુણ પર્યાયના આશ્રયરૂપ છે–એમ સર્વજ્ઞ દેવ કહે છે.' (ગાથા નં. ૧૦).

અહીં, અસ્તિત્વનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે, અસ્તિત્વ એટલે સત્તા, જે વસ્તુ વિદ્યામાન છે તે. જે અસ્તિત્વમાં છે તે નિત્ય છે. પણ એક જ કાળે ત્રણ અંશવાળી, ત્રણ અવસ્થાને ધારણ કરતી વસ્તુ સત્ જાણવી. જે વસ્તુ અસ્તિત્વમાં છે તે સર્વથા નિત્યપણે હોતી નથી કે સર્વથા ક્ષણિકપણે હોતી નથી. ત્રિલક્ષણા સત્તા છે. ત્રણ લક્ષણવાળી પ્રતિપક્ષ છે–એકને અનેકપણું છે. ઉત્પાદ એટલે નવી અવસ્થાપણે ઊપજવું અને વ્યય એટલે પૂર્વ અવસ્થાનો નાશ થવો અને ધ્રુવ એટલે કાયમ રહેવું–એમ ત્રણ થઈને વસ્તુ છે. આ રીતે દરેક અસ્તિકાય પોતાની સત્તાથી અભિન્ન છે તે દ્રવ્યાર્થિક નયથી. પર્યાયાર્થિક નયથી જોવામાં આવે તો ગુણો અને પર્યાયો અનેક છે. દરેક વસ્તુ નિત્ય–અનિત્ય છે. વસ્તુ કાયમ પણ છે અને ક્ષણે ક્ષણે અનિત્યપણે પલટે પણ છે. જો વસ્તુને સર્વથા નિત્ય જ માનવામાં આવે તો સત્તાનો નાશ થઈ જાય. કેમકે સર્વથા નિત્ય વસ્તુમાં ક્ષણવર્તી પર્યાયના અભાવથી પરિણામનો અભાવ થતાં વસ્તુના અસ્તિત્વનો જ અભાવ થશે. વસ્તુને સિદ્ધ કરનાર તો પર્યાય છે. પર્યાયનું કારણ દ્રવ્ય છે. પર્યાય પ્રગટે છે. વ્યક્ત પર્યાય પરથી અવ્યક્ત દ્રવ્યની સિદ્ધિ થાય છે. પદાર્થ પોતે પોતાની પર્યાયપણે પરિણમનાર છે એવું પદાર્થનું સ્વરૂપ જ છે માટે વસ્તુ એકાંતે નિત્ય નથી પરંતુ પલટે પણ છે એમ સિદ્ધ થયું. આમ, ઉત્પાદ, વ્યય–ધ્રૌવ્ય દ્રવ્યથી અભિન્ન છે–તે દ્રવ્યનું લક્ષણ છે. વળી, બીજી વ્યાખ્યા આપતાં કહ્યું છે–અથવા, ગુણ પર્યાયો દ્રવ્યનું લક્ષણ છે. અનેકાંતાત્મક વસ્તુના વિશિષ્ટ ગુણો છે અને પર્યાયો છે. તે ગુણ પર્યાયો દ્રવ્યમાં એકી સાથે અને ક્રમે પ્રવર્તે છે.

શ્રી યોગીન્દ્ર દેવે પરમાત્મ પ્રકાશમાં પણ આ વિષે કહ્યું છે. 'ગુણપર્યાયવત્ દ્રવ્ય જાણવું સહભાવી ગુણો છે, ક્રમવર્તી પર્યાયો છે. ગુણો સદા નિત્ય દ્રવ્ય સાથે હોય છે અને જે દ્રવ્યની અનેક રૂપ પરિણતિ ક્રમથી થાય છે, સમયે સમયે ઉત્પાદ્ વ્યય થાય તે પર્યાય છે.'

(ગાથા નં. ૫૭)

બૌદ્ધ દર્શન વસ્તુને સર્વથા ક્ષણિક જ માને છે તે એકાંતવાદ છે. ગુણનું નિત્યપણું રહે છે તે અપેક્ષાએ ધ્રુવતા છે. પર્યાયના અનિત્યપણાની અપેક્ષાએ ઉત્પાદવ્યય છે. દરેક વસ્તુ આ રીતે નિત્ય-અનિત્ય ઉત્પાદ–વ્યય ધ્રુવ સ્વરૂપ છે. નિત્ય–અનિત્યપણું માન્યા વિના ઉત્પાદ–વ્યય ધ્રુવ સિદ્ધ ન થઈ શકે. વસ્તુનો આવો ધર્મ છે. આથી ફલિત થાય છે કે જો દ્રવ્ય સત્ હોય તો તે (૧) ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય વાળુ હોય. (૨) ગુણ-પર્યાયવાળું હોય. અને જો ગુણપર્યાયવાળું, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય યુક્ત હોય તો તે સત્ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્યના ત્રણ લક્ષણો છે–સત્ અથવા અસ્તિત્વ, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય અને ગુણ પર્યાય. આ ત્રણે લક્ષણો પરસ્પર અવિનાભાવી છે. અર્થાત્ જ્યાં એક હોય ત્યાં બાકીના બંને નિયમથી હોય છે. ગુણ પર્યાય નિત્યાનિત્યસ્વરૂપ સત્ને જણાવે છે. જો ગુણ હોય તો જ દ્રૌવ્ય હોય અને જો પર્યાયો હોય તો જ ઉત્પાદ વ્યય હોય માટે દ્રવ્ય ગુણ–પર્યાયવત્ છે. પંચાસ્તિકાય સંગ્રહ ગાથા નં. ૧૧માં કહ્યું છે–હકીકતમાં દ્રવ્યનો ઉત્પાદ કે વિનાશ નથી. તેના જ પર્યાયોનો ઉત્પાદ વ્યય છે. દ્રવ્ય, દ્રવ્યાર્થિક નયથી ઉત્પાદ વિનાનું, નાશ વિનાનું અને નિત્ય જ જાણવું પણ પર્યાયાર્થિક નયથી ઉત્પાદ વ્યય વાળું જાણવું. દ્રવ્યનો 'અસ્તિ' સ્વભાવ જ છે–

'उत्पत्तिर्वा विनाशो द्रव्यस्य च नास्त्यस्ति सद्भावः।
विगमोत्पाय ध्रुवत्वं कुर्वन्ति तस्येव पर्यायाः ।।'

(પંચાસ્તિકાય–૧૧)

અહીં જૈન દર્શનનો એક મૌલિક સિદ્ધાંત પ્રગટ થાય છે–

'હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.'

(શ્રીમદ્ રાજચંદ્ર–દોહરા ૧.)

વસ્તુ છે તેનો કદી નાશ થતો નથી અને જે વસ્તુ નથી તે ઉત્પન્ન થતી નથી–અવસ્થા પલટાય છે. છ દ્રવ્યો કોઈએ ઉત્પન્ન કર્યા નથી અને કોઈ નાશ પણ ન કરી શકે. ઈશ્વર જગતનો કર્તા નથી–જગત અનાદિ–અનંત છે. ઈશ્વર એટલે દેવ–જિન.

ગાથા નં. ૧૨માં કહે છે. 'પર્યાયથી રહિત દ્રવ્ય અને દ્રવ્ય વિના પર્યાયો નથી હોતા–બંને અનન્ય ભાવથી છે.' તેવી જ રીતે 'દ્રવ્ય વિના ગુણો હોતા નથી અને ગુણો વિના દ્રવ્ય હોતું નથી. બંનેનો અભિન્ન ભાવ છે.' (ગાથા નં. ૧૩). પ્રવચનસાર ગાથા ૧૦૧ માં કહ્યું છેઃ 'ઉત્પાદ, સ્થિતિ અને વિનાશ પર્યાયોમાં વર્તે છે. અને પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે તેથી તે બધું દ્રવ્ય છે.' વળી એમ પણ કહ્યું છે–'ઉત્પાદ, વ્યય, દ્રૌવ્યાત્મક હોવા છતાં દ્રવ્ય સત્ છે.' (પ્રવચનસાર–૯૯). સત્નો ક્યારેય નાશ નથી થતો અને જે અસત્ છે તેની ક્યારેય ઉત્પત્તિ નથી થતી.

'भावस्स णत्थि णासो, णत्थि अभावस्य देव उत्पायो।
गुण पज्जाण्स्सु भावा उप्पाय क्वं पकुव्वंति।।'

(પંચાસ્તિકાય–૫૫)

સત્નો નાશ નથી તેમ જ અસત્નો ઉત્પાદ્ નથી. સત્ ગુણપર્યાયોમાં ઉત્પાદ વ્યય કરે છે. અહી ઉત્પાદને વિષે અસત્નો પ્રાદુર્ભાવ હોવાનું અને વ્યયને વિષે સત્નો વિનાશ હોવાનો નિષેધ કર્યો છે. અર્થાત્ જ્યારે ઉત્પાદ થાય છે ત્યારે સત્ની ઉત્પત્તિ થતી નથી અને વ્યય થાય છે ત્યારે સત્નો નાશ થતો નથી. ટૂંકમાં જે છે તેનો નાશ નથી અને અભાવ છે તેની ઉત્પત્તિ નથી. એ સિદ્ધાંત છે. દા. ત. જીવ. જીવ જન્મે, મરે છે તો પણ તેનો નાશ થતો નથી. તેના પર્યાયો ઉત્પન્ન અને નષ્ટ થાય છે. જીવ સર્વ પર્યાયોમાં નિત્ય છે. આમ દ્રવ્ય વ્યય અને ઉત્પાદવાળું હોવા છતાં તે સદા નિત્ય છે એમ સાબિત થાય છે. પર્યાયો અને દ્રવ્ય ભિન્ન હોવા છતાં બંને એકબીજાને

આધારે અસ્તિત્વમાં છે.

ગાથા નં. ૧૩માં તેવી જ રીતે કહ્યું છે – 'દ્રવ્ય વિના ગુણો હોતા નથી અને ગુણો વિના દ્રવ્ય હોતું નથી.' સત્ ગુણપર્યાયોમાં ઉત્પાદ વ્યય કરે છે. દ્રવ્ય એટલે સત્, વસ્તુ, તત્ત્વ. દરેક વસ્તુ અસ્તિ, નાસ્તિ, નિત્ય, અનિત્ય, એક અનેક એવા અનંત સ્વભાવો સહિત છે એવી વસ્તુને સર્વથા ક્ષણિક માનવી અથવા સર્વથા અપરિણામી માનવી તે મિથ્યાજ્ઞાન છે. વેદાંત દર્શન જે ફક્ત દ્રવ્યની નિત્યતામાં માને છે તે એકાંત છે. જગતમાં, ભિન્ન ભિન્ન અનંતા જીવો છે. દરેક જીવનું લક્ષણ ચેતના છે. અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. આ ત્રણ તો જીવના પર્યાયો છે. દ્રવ્ય સ્વભાવથી બધા જીવો પરમાત્મ સ્વરૂપ છે, તે સ્વભાવનું જ્ઞાન કરી તેનું ધ્યાન કરતાં પર્યાયમાંથી બહિરાત્મપણું જે જીવનું ખરૂં સ્વરૂપ નથી, તે ટાળીને જીવ અંતરાત્મા અને પરમાત્મા થાય છે. દરેક ભવ્ય જીવમાં પરમાત્મા થવાની સ્વતંત્ર તાકાત છે એ સિદ્ધાંત જૈન શાસનમાં જ જોવા મળે છે. આ રીતે જો દ્રવ્યનું સ્વરૂપ સમજાય તો અલૌકિક જિનમાર્ગ સમજાય અને હેય ઉપાદેયનો વિવેક થઈને ભેદજ્ઞાનરૂપ પ્રયોજન સિદ્ધ થાય તો સિદ્ધ પર્યાયની પ્રાપ્તિ થાય. મનુષ્યપણું મળ્યું પણ જો આ તત્ત્વ, આત્મતત્ત્વની ઓળખ ન કરી તો વ્યર્થ છે. દ્રવ્યરૂપ શુદ્ધ આત્મા અને તેના પર્યાયરૂપ ત્રિવિધ આત્મા–તેનું સ્વરૂપ જાણવાથી મોક્ષમાર્ગ સાધી શકાય છે. પૂર્ણ શુદ્ધ પર્યાય આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે. દરેક પદાર્થનું આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે. દરેક પદાર્થનું પરિણમન સ્વાધીન છે. તે પ્રમાણે તેમનું સ્વરૂપ ઓળખીએ તો સાચી તત્ત્વ શ્રદ્ધા દ્વારા, જ્ઞાન દ્વારા ભેદજ્ઞાન થાય અને શુદ્ધ આત્મ પર્યાયની પ્રાપ્તિ થાય. જીવદ્રવ્ય ત્રિકાળ છે, ને મોક્ષ તેની એક પૂર્ણ શુદ્ધ અવસ્થા છે, પર્યાય છે.

દ્રવ્યગુણ હોય છે, મોક્ષ દશા પ્રાપ્ત થાય છે–સિદ્ધપદ એ આત્માનો એક શુદ્ધ પર્યાય છે.

મોક્ષ દશા સાધ્ય છે આદરણીય છે. જીવનો શુદ્ધ પર્યાય આસ્રવ-બંધના કારણભૂત છે. આમ, સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને એમ સિદ્ધ થતું નથી કે તે સદા સંસારી જ રહે, સિદ્ધ થઈ શકે જ નહીં. તે સિદ્ધ થઈ શકે જે તેનો શુદ્ધ પર્યાય છે. જીવને સંસાર પર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસાર પર્યાયનો નાશ થઈ સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. જીવદ્રવ્ય તો તેનું તે જ રહે છે. કહ્યું છે કે 'સર્વ જીવ તે સિદ્ધ સમ જે સમજે તે થાય.' સંસાર પર્યાય અને સિદ્ધપર્યાય બન્ને એક જ જીવ દ્રવ્યના પર્યાયો છે. પરિણામિક ભાવને લીધે જીવ સિદ્ધ પર્યાયે પરિણમી શકે. આ અનેકાંત દૃષ્ટિ છે. આમાં જે વિરોધ દેખાય છે તે ખરેખર વિરોધ નથી. જીવનું અસ્તિત્વ સળંગ છે. પણ પર્યાય તેને ભિન્ન ભિન્ન રૂપે બતાવે છે. જીવન, મરણ પર્યાયની અપેક્ષાથી છે. એમ ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવ-ભાવથી ગુણપર્યાય સહિત જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.' (પંચસ્તિકાય ગાથા નં. ૨૧) અર્થાત્ સંસારમાં જીવની અવસ્થા ફરે છે. એ બધા વિભાવ પર્યાય છે–કર્મજનિત છે. અન્ય જીવ પેદા થતો નથી પણ જીવની અન્ય અવસ્થા ઉત્પન્ન થાય છે. કર્મનો અભાવ કરવાથી જીવ 'સિદ્ધ' થાય છે. ટૂંકમાં, સંસારી જીવની પ્રગટ સંસારી દશા જોઈને એમ સિદ્ધ થતું નથી કે તે સદા સંસારી જ રહે, સિદ્ધ થઈ શકે જ નહીં. જીવને સંસારી પર્યાયના કારણભૂત મોહરાગદ્વેષાદિનો નાશ થતાં સંસાર પર્યાયનો નાશ થઈ સિદ્ધ પર્યાય ઉત્પન્ન થાય છે. જીવ દ્રવ્ય તો તેનું તે જ રહે છે. પર્યાયમાં આત્મદ્રવ્ય જેવું છે તેવી શ્રદ્ધા થવાથી મોક્ષનો માર્ગ શરૂ થાય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ જીવ સદા અવિનાશી છે. આત્મતત્ત્વ ત્રિકાળ એકરૂપ છે. ક્યારેય જેની ઉત્પત્તિ નથી અને ક્યારેય જેનો નાશ નથી એવું આત્મતત્ત્વ છે. અજ્ઞાનનો નાશ થતાં પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે અને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે અને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. વસ્તુની પર્યાય વસ્તુથી પોતાથી થાય છે. ઉત્પાદ–વ્યય પરને લઈને નથી આમ સમજાય તો આત્મા, પરથી (બાહ્ય વસ્તુ) લક્ષ છોડી સ્વ તરફ વળે તો સ્વભાવદૃષ્ટિ થાય. શુદ્ધ ગુણપર્યાય સહિત શુદ્ધ જીવ જ ઉપાદેય છે. ઉપસંહાર છે–શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ.

પ્રવચનની ભક્તિથી પ્રેરિત થઈ માર્ગની પ્રભાવના અર્થે પ્રવચનના સારભૂત 'પંચાસ્તિકાય સંગ્રહ' ગ્રંથમાં કહ્યું છે કે આ ગ્રંથ સૂત્ર છે, સાર છે જે સર્વજ્ઞ જિને સ્વયં જાણીને પ્રણીત કરેલું હોવાથી સૂત્ર છે અને સંક્ષેપથી સમસ્ત તત્ત્વનું સર્વ વસ્તુના યથાર્થ સ્વરૂપનું પ્રતિપાદન કરનારું હોવાથી જિનપ્રવચનના સારભૂત છે. દ્રવ્યાનુયોગ વિચારયોગ્ય છે. જાણવા યોગ્ય છે. તે પરિણામે નિર્જરાનો હેતુ થાય છે. જીવને સંસાર પર્યાયના કારણભૂત પરમાંથી દૃષ્ટિ હટાવી જીવ સ્વ તરફ દૃષ્ટિ કરે તો સિદ્ધ બની શકે, તેથી પંચાસ્તિકાય ભેદજ્ઞાનનું કારણ છે. જીવનો ત્રિકાળી સ્વભાવ તો શુદ્ધ જ છે. રાગદ્વેષરૂપી પર્યાય સ્વભાવ એક સમય પૂરતો છે. આ પ્રમાણે દ્રવ્ય અને પર્યાયનું યથાર્થજ્ઞાન કર્યા પછી સ્વ તરફ વળવા પ્રયોજનવશાત્ રાગદ્વેષ ગૌણ કરી સ્વભાવમાં આવવું એવો બોધ મળે છે. શક્તિ સ્વરૂપે પરમાત્માપણામય આત્માનું સ્વરૂપ દ્રવ્યગુણ-પર્યાયના સ્વરૂપ દ્વારા સમજી પુરુષાર્થ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરીએ. સમયસાર, પ્રવચનસાર અને પંચસ્તિકાય આ ત્રણે પ્રાભૃતમાં શુદ્ધ દ્રવ્યનું વર્ણન છે. તે દ્રવ્યની સ્વતંત્રતાનું કથન છે. શ્રી અમૃત ચંદ્રાચાર્ય આ પરમાગમની પ્રશસ્તિમાં કહે છે: 'ખરેખર સઘળુંય જિન પ્રવચન પંચાસ્તિકાયથી અન્ય કંઈપણ પ્રતિપાદિત કરતું નથી. તેમજ આ ગ્રંથની તાત્પર્ય વૃત્તિના ટીકાકાર શ્રી જયસેનાચાર્ય કહે છે કે આ પંચસ્તિકાય ગ્રંથની વિશેષતા છે કે, આ પંચસ્તિકાય સમાધિમરણનું કારણ છે. જે વાસ્તવિક સત્‌ને જણાવે છે. આ રીતે, દ્રવ્ય-ગુણ–પર્યાયની વાત કરીને આચાર્યે જિન દર્શનનો સિદ્ધાંત અને તેનું રહસ્ય પ્રગટ કર્યું છે.

* * *

બી–૧૪, કકડ નિકેતન, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૭૭.
મો. નં.: ૯૩૨૩૦૭૯૯૨૨.

આત્માની ખોજ

❑ શ્રીમતી પારૂલબેન ભરતકુમાર ગાંધી

વિદુષી લેખિકા જૈન ધર્મના અભ્યાસી અને પત્રકાર છે. આ શ્રાવિકા ગૃહિણીના જૈન તત્ત્વજ્ઞાન વિષયક નિબંધો પુરસ્કૃત થયા છે તેમ જ પત્રકારત્વ ક્ષેત્રે પણ એઓશ્રીએ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આત્મા એક એવું તત્ત્વ છે તેને જોવા, જાણવા, સમજવા માટે હજારો વર્ષોથી મનુષ્ય પ્રયત્ન કરતો રહ્યો છે. અમેરિકા હોય કે જર્મની, રશિયા હોય કે લંડન દુનિયાના દરેક ખૂણે વૈજ્ઞાનિકો આત્મા છે કે નહિ તે જાણવા માટે પ્રયોગો કરતા રહ્યા છે. આમ છતાં આજ સુધીમાં વૈજ્ઞાનિકો કે સંશોધનકારો ન તો આત્માને પ્રત્યક્ષ જોઈ શક્યા છે કે ન તો તેને પકડી શક્યા છે. ન તો તે ક્યાં છે તેની ભાળ મળી છે કે ન તો તેની શક્તિઓનું માપ કાઢી શક્યા છે. આમ છતાં વૈજ્ઞાનિકો અવશ્ય કબુલે છે કે શરીરથી પર બીજી કોઈ વસ્તુ રહેલી છે જેનો પ્રભાવ અનોખો છે. એ શક્તિ દ્વારા કાર્યો થાય છે પણ તેના વિષે પ્રત્યક્ષ પ્રયોગો શક્ય નથી અને છતાં પરોક્ષ રીતે તેનું અસ્તિત્વ સાબિત થયા વગર રહેતું નથી.

બીજી તરફ જોઈએ તો ઉચ્ચ કોટિના પવિત્ર મનુષ્યો પોતાની સાધના-આરાધના, તપ–ત્યાગ, યોગ-ધ્યાન વગેરે દ્વારા આત્માને જાણવાનો પ્રયત્ન કરી રહ્યા છે. વિશિષ્ટ પ્રકારના તપ અને ત્યાગથી આત્માની વિશુદ્ધિ કરી જે જ્ઞાન મેળવ્યું તે જ્ઞાનથી તેઓ આત્માનું સ્વરૂપ જોઈ શક્યા છે, જાણી શક્યા છે અને ભાષાની મર્યાદામાં રહી બતાવી શકાય, સમજાવી શકાય તેટલું બતાવ્યું છે, સમજાવ્યું છે.

આત્માના સ્વરૂપ વિશેની આ બધી વાતો કેવળજ્ઞાન દ્વારા તીર્થંકર ભગવંતોએ જાણી, તેમની વાણી ગણધરોએ આગમમાં ગૂંથી, મુનિ ભગવંતો દ્વારા તે આપણા સુધી પહોંચી છે. રાજપ્રશ્નીય યાને કિ રાયપસેણીય સૂત્રમાં કેશીગણધર અને પરદેશી રાજાના સંવાદના માધ્યમે આત્માનું સચોટ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. આ સંવાદનું કેન્દ્રબિંદુ આત્મા છે.

પરદેશી રાજા અતિશય પાપી, ક્રૂર, નિર્દય હતો. તે માનતો હતો કે આત્મા અને શરીર એક છે, જુદા નથી. શરીર તે જ આત્મા છે. આત્માને પ્રત્યક્ષ જોવા તેણે કેટલાય અખતરા કર્યા હતા. કેટલાયે માણસને મારી નાખ્યા હતા, છતાં તેની માન્યતામાં ફેરફાર થયો ન હતો. કેશી ગણધરના પરિચયમાં આવતા પૂજ્યશ્રીએ તેની સમક્ષ દાખલા-દલીલોથી ખૂબ જ સચોટ રીતે આત્માના સ્વરૂપનું વર્ણન કર્યું. ત્યારપછી પરદેશી આત્માને માનતો થયો. સંતના સમાગમથી પરદેશી નાસ્તિક મટી આસ્તિક થયો. શંકાશીલ મટી ધર્મમાં શ્રદ્ધાવાન બન્યો, ક્રૂરમાંથી અક્રૂર અને પાપીમાંથી પુણ્યવાન બન્યો, દુરાચારી મટી સદાચારી અને નિર્દયી મટી સૌમ્ય અને શાંત બન્યો, વિરાધક મટી આરાધક બન્યો. તેણે શ્રાવકધર્મ અંગીકાર તો કર્યો પણ તેને પ્રાણાંત કષ્ટ સહીને પણ પાળી બતાવ્યો. આ સંવાદ ઘણો રોચક, મનનીય અને સમજવા યોગ્ય છે તેના કેટલાક અંશો જોઈએ તો...

પરદેશી–હે સ્વામીન! આપના મતે આત્મા અને શરીર જુદા છે પરંતુ મને તેની શ્રદ્ધા થતી નથી, તેમજ લોક-પરલોક કે પાપ–પુણ્ય જેવું કાંઈ છે જ નહિ તેમ હું માનું છું. આ બાબતમાં આપનો શું મત છે?

કેશીસ્વામી–અમારી માન્યતા મુજબ ચોક્કસ કહીએ છીએ કે આત્મા અને શરીર ભિન્ન છે. શરીર છોડી આત્મા પરલોકમાં ચાલ્યો જાય છે ને ત્યાં આગળ પોતે કરેલા પુણ્ય-પાપના અથવા શુભાશુભ કર્મના ફળો ભોગવે છે.

પરદેશી–મારા દાદા આ નગરીના રાજા હતા. તમારી માન્યતા પ્રમાણે તેઓ ઘણા અધર્મી હતા. આથી તેઓ નર્કમાં ગયા હોવા જોઈએ. એને હું ઘણો વહાલો હતો. જો તેઓ નર્કમાં ગયા હોય તો મને એટલું કહેવા તો ચોક્કસ આવે કે પાપ કરવાથી ભયંકર દુ:ખો ભોગવવા પડેછે, માટે તું પાપ કરતો નહિ. પરંતુ તેઓ આવ્યા નથી કે સંદેશ મોકલ્યો નથી. આથી હું માનું છું કે જીવ અને કાયા જુદા નથી. આપ શું માનો છો?

કેશીસ્વામી–હે પરદેશી! તમારી પટરાણી તમને ખૂબ વહાલી છે. કોઈ પુરુષ તેની સાથે ભોગ ભોગવે તો તમે તેને શું કરો?

પરદેશી–હું એક પળનો પણ વિલંબ કર્યા વિના શીઘ્ર તેના પ્રાણ હરું એટલે કે મૃત્યુદંડ આપું.

કેશીસ્વામી–તે વ્યભિચારી પુરુષ એ વખતે તમને કહે કે મને મારા સગા-સ્નેહીને મળવાની તક આપો. મારે તેમને કહેવું છે કે વ્યભિચારી બનવાથી આવું ફળ મળે, માટે દુષ્કૃત્ય કરશો નહિ, તો તમે તેને જવા દેશો?

પરદેશી–ના, એવા અપરાધીને થોડીવાર માટે પણ છોડાય નહિ, તેને તો તરત જ શિક્ષા આપવી જોઈએ.

કેશીસ્વામી–તમે જેમ ગુનેગારને તરત શિક્ષા આપો તેવી સ્થિતિ તમારા દાદાના આત્માની થઈ હોય તેથી તેઓ નર્કમાં ઉત્પન્ન થયા હોય. તેને તમને ચેતવવાની ઈચ્છા હોય પણ ત્યાંથી છૂટી શકે નહિ, અહીં આવી શકે નહિ.

પરદેશી–તમારા કહેવા પ્રમાણે એ વાત હું માની લઉં. પરંતુ મારા દાદી તમારા મતે ખૂબ જ ધાર્મિક હતાં. તેઓ તો આપના મત પ્રમાણે સ્વર્ગમાં જ ગયા હોય. તેમને પણ હું ખૂબ પ્રિય હતો. તેઓ તો મને સલાહ દેવા જરૂર આવ્યા જ હોત પણ તેઓ આવ્યા નથી. જો આવ્યા હોત તો હું માની લેત કે શરીર-આત્મા જુદા છે. સ્વર્ગ-નર્ક છે.

કેશીસ્વામી–રાજન! તમે સ્નાન કરી, સ્વચ્છ કપડાં પહેરી દેવદર્શને જતા હો ત્યારે તમને કોઈ ગંદકીમાં બેસવા બોલાવે તો જાવ?

પરદેશી–ના, હું તેવા વખતે તે અપવિત્ર સ્થાનમાં કોઈ નજીકની

વ્યક્તિ બોલાવે તો પણ ન જાઉં.

કેશીસ્વામી–રાજન! એવી જ વાત તમારા દાદી સાથે બની હોય. તે ઈચ્છવા છતાં મનુષ્યલોકની દુર્ગંધથી દેવલોકમાંથી ન આવતા હોય. ક્યારેક ત્યાં નાટક-ચેટક જોવા બેસે તો અહિંની પેઢીની પેઢીઓ વહી જાય એટલો સમય ચાલ્યો જાય.

પરદેશી–હજુ મને સંતોષ નથી થયો. મારો એક અનુભવ સાંભળો. એક વાર એક ચોર પકડાયો. મેં તેને એક લોખંડના નળામાં પૂરી દીધો. હવા ન જાય તે રીતે બધું બંધ કરી દીધું. થોડા સમય પછી જોયું તો તે ચોર મરી ગયો હતો. તે નળામાં કોઈ છિદ્ર પણ નહોતું તો જીવ બહાર ક્યાંથી જાય? માટે હું માનું છું આત્મા શરીર એક છે.

કેશીસ્વામી–હે રાજન! કોઈ મોટું મકાન હોય, ચારે બાજુથી બંધ હોય, છિદ્ર રહિત હોય તેના મધ્યભાગમાં ઊભા રહીને કોઈ ભેરીને દંડથી જોર-જોરથી વગાડે તો તેનો અવાજ બહાર સંભળાય ખરો?

પરદેશી–હા, સંભળાય.

કેશીસ્વામી–છિદ્ર ન હોવા છતાં જો અવાજ બહાર નીકળી શકે તો આત્માની ગતિ તો અપ્રતિહત છે. તેને દિવાલ, જમીન, પથ્થર, લોખંડ કાંઈ નડે નહિ. ચોરનો આત્મા પણ તે રીતે નીકળ્યો માટે તમે શ્રદ્ધા કરો કે બંને અલગ છે.

પરદેશી–તમારી વાત સાચી પણ હજુ મને શ્રદ્ધા થતી નથી. મારો બીજો અનુભવ–એક ચોરને મારી, કોઠીમાં પૂર્યો, છિદ્ર ન રહે તેમ બંધ કર્યું. થોડા દિવસ પછી કોઠી ખોલી તો ચોરના શરીરમાં કીડા ખદબદતા હતાં. છિદ્ર પણ નહોતું તો કીડા ક્યાંથી આવ્યા? છિદ્ર હોત તો માનત કે ત્યાંથી આવ્યા માટે હું માનું છું. શરીર અને આત્મા એક જ છે.

કેશીસ્વામી–હે પરદેશી! તમે અગ્નિ પર તપાવેલ લોખંડ જોયું હશે. તે લોખંડને અગ્નિમાં નાંખીએ તો તે લાલ થઈ જાય છે. અગ્નિ તેમાં પ્રવેશે છે, એ તમે જાણો છો? માનો છો? સ્વીકારો છો?

પરદેશી–હા, લોખંડમાં અગ્નિ પરિણત થઈ છે એમ હું જાણું છું, માનું છું અને સ્વીકારું છું.

કેશીસ્વામી–તો હે પરદેશી! તે લોખંડમાં છિદ્ર હતું?

પરદેશી–ના તેમાં છિદ્ર નહોતું.

કેશીસ્વામી–જીવ અપ્રતિહત ગતિયુક્ત છે માટે કીડાના જીવો કોઠી બંધ હોવા છતાં અંદર પ્રવેશ કરી શકે છે.

પરદેશી–હજુ મને શ્રદ્ધા થતી નથી. આપ એ કહો કે કોઈ બાણ ફેંકવામાં નિપુણ હોય તો એકસાથે પાંચ બાણ ફેંકી શકે?

કેશીસ્વામી–હા, ફેંકી શકે.

પરદેશી–બાળપણમાં એવું નથી થતું. જેમ જીવ મોટો થાય તેમ તેની શક્તિ વધે. આથી હું માનું છું કે જીવ અને શરીર એક છે.

કેશીસ્વામી–તેમાં જીવના સામર્થ્યનું કારણ નથી, સાધનનું કારણ છે. યુવાન પુરુષ તે જ હોય પરંતુ નવું ધનુષ હોય તો તેનાથી બાણ સારી રીતે ફેંકાય, જૂના ધનુષથી ફેંકી શકાય પણ શક્તિમાં ફરક પડે. સાધન પર આધાર છે. શરીર પણ સાધન છે. આત્મા તે જ હોય. બાળપણમાં આદત મંદ હોય, વૃદ્ધાવસ્થામાં જીર્ણ હોય, યુવાન જેવું ન થાય.

પરદેશી–હજુ મને શ્રદ્ધા નથી બેસતી. એક ચોરને રક્ષકો પકડી લાવ્યા. મેં તેનું વજન કરાવ્યું પછી મારી નાંખ્યો. પાછું તેનું વજન કર્યું. તો બંને વજનમાં જરાપણ ફેર ન પડ્યો. જીવ શરીરમાંથી નીકળી જાય તો વજન તો ઘટે જ ને?

કેશીસ્વામી–હે રાજન! તમે ક્યારેય મશકમાં–ધમણમાં હવા ભરી છે? ભરાવરાવી છે?

પરદેશી–હા, જી.

કેશીસ્વામી–તમે હવા ભર્યા પહેલાં મશકનું વજન કરો, હવા ભરીને વજન કરો તો વજનમાં ફેર પડતો નથી. હવા તો રૂપ છે. ગુરુ-લઘુ છે છતાં તેનું વજન થતું નથી તો આત્મા તો અરૂપી-અગુરુલઘુ છે. વજનમાં ફેર ન પડે તે સ્વાભાવિક છે.

પરદેશી–હવે એક વધુ અનુભવ સાંભળો. એક ચોરને મેં મારી નાંખ્યો. પછી તેના બે કકડા કરીને જોયું તો પણ જીવ ન દેખાયો. પછી તેના વધુ ને વધુ કકડા કરતો ગયો પણ જીવ મને ક્યાંય દેખાયો નહિ, આથી માનું છું કે જીવ–શરીર એક છે.

કેશીસ્વામી–હે પરદેશી! તમે પેલા કઠિયારા કરતાં પણ મૂર્ખ છો.

પરદેશી–તે કઠિયારાની શું વાત છે?

કેશીસ્વામી–કઠિયારાઓ લાકડા કાપવા જંગલમાં ગયા. એક કઠિયારાને કહ્યું કે આ અરણીનું લાકડું છે. અમે આવીએ ત્યાં સુધીમાં તું લાકડાથી અગ્નિ પેટાવી રસોઈ કરી રાખજે. પેલો રસોઈ કરવા અગ્નિ પ્રગટાવવા બેઠો. લાકડામાં અગ્નિ દેખાયો નહિ. લાકડાના બે કટકા કર્યા, તો ય ન દેખાયો. પછી તો કેટલાય કટકા કર્યા પણ અગ્નિ ન દેખાયો કે ન પ્રગટી શક્યો. અરણીના લાકડાને ઘસવાથી અગ્નિ જરૂર પ્રકટે. તેની અંદર છે ખરો પણ દેખાય નહિ, તેથી શું તેમાં અગ્નિ નથી?

પરદેશી–તમારી વાત ઘણી તર્કબદ્ધ છે, આપ ઘણા નિપુણ છો. શું શરીરમાંથી જીવને કાઢી વસ્તુની જેમ દેખાડી શકો?

કેશીસ્વામી–રાજન! આ વૃક્ષની ડાળીઓ અને પાંદડાઓ હલી રહ્યા છે તે તમે જુઓ છો?

પરદેશી–હા.

કેશીસ્વામી–વનસ્પતિને કોણ હલાવે છે એ તમને ખબર છે?

પરદેશી–હા જી પવન–વાયુ.

કેશીસ્વામી–તમે પવનને જોઈ શકો છો?

પરદેશી–ના.

કેશીસ્વામી–હે રાજન! તમે રૂપી-શરીરયુક્ત એવા પવનને જોઈ શકતા નથી તો હું આત્માને કેવી રીતે બતાડી શકું. એ તો અરૂપી છે.

પરદેશી–હે પૂજ્ય! હાથી અને કંથવાનો જીવ સરખા પરિણામવાળો છે કે ન્યૂનાધિક પરિણામવાળો છે?

કેશીસ્વામી–બંને સરખા પરિણામવાળા છે.

પરદેશી–હાથીની અપેક્ષા કંથવાનો જીવ અલ્પ કર્મવાળો, અલ્પ ક્રિયાવાળો, અલ્પ આશ્રવવાળો, અલ્પ ઐશ્વર્યવાળો, અલ્પ આહાર-નિહાર, શ્વાસ–ઉચ્છ્વાસવાળો છે ?

કેશીસ્વામી–હા એમ જ છે. કંથવા કરતાં હાથીનો જીવ મહાક્રિયાવાળો હોય.

પરદેશી–તો પછી સમાન પરિણામવાળા કેવી રીતે ?

કેશીસ્વામી–બંનેના આત્મા સમાન છે, અસંખ્યાત પરિણામવાળા છે. જેવું શરીર મળે તેમાં આત્મા સંકોચ-વિસ્તાર કરીને રહે છે. દા. ત. કોઈ દીવો રૂમમાં પ્રગટાવો તો તે રૂમમાં પ્રકાશ પાથરે. તેના પર મોટું ઢાંકણું ઢાંકી દઈએ તો એટલા ભાગને જ પ્રકાશિત કરે. નાનું ઢાંકણું ઢાંકીએ તો એટલા ભાગને જ પ્રકાશિત કરે. આમ આત્મા મોટા શરીરમાં રહે તો મહા પ્રવૃત્તિવાળો હોય, નાના શરીરમાં અલ્પ પ્રવૃત્તિવાળો હોય. બને સરખા જ હોવા છતાં નાના-મોટા શરીરમાં સમાય છે.

પરદેશી–આપની બધી વાત સાચી છે છતાં અમે દાદા–પરદાદા વખતની માન્યતા હોવાથી તે છોડવા માંગતા નથી.

કેશીસ્વામી–જો જો તમારે લોકવણિકની માફક પસ્તાવો ન કરવો પડે.

પરદેશી–તે લોકવણિકની વાત શું છે ?

કેશીસ્વામી–કેટલાક પુરુષો ધન કમાવા દેશાટન માટે નીકળ્યા. લોખંડની ખાણ આવી. બધાએ લોખંડની ગાંસડીઓ બાંધી ભેગું લીધું. આગળ જતાં અનુક્રમે કથીર, ત્રાંબુ, ચાંદી, સોના, રત્ન અને હીરાની ખાણો આવી. સાથે રહેલા પુરુષો લોખંડ વગેરે છોડીને કિંમતી વસ્તુ લેતા ગયા પણ એક વણિક માન્યો જ નહિ. તે કહે લોખંડનો ભાર ઉપાડ્યો તો હવે શા માટે છોડું ? આમ તેણે ક્યાંયથી કિંમતી વસ્તુ ન લીધી. બધા ઘેર આવ્યા ત્યારે હીરાની ગાંસડીઓ લાવ્યા. પેલો લોકવણિક લોખંડ લાવ્યો. પેલા હીરા વેચી માલદાર બન્યા. વણિક હવે પસ્તાયો પણ પછી શું થાય ?

ત્યારબાદ પરદેશી સાચી હકીકત સમજી ગયો અને શ્રાવકના ૧૨ વ્રત ધારણ કર્યા. જેને પ્રાણાંતે પાળ્યા. હવે આ સંવાદમાં પ્રગટ થતું આત્માનું સ્વરૂપ જોઈએ તો–

(૧) **આત્મા છે**–આત્મા એક સંપૂર્ણ સ્વતંત્ર તત્ત્વ છે. તે કોઈની સાથે જોડાઈને ભલે રહેતો હોય પણ તેનાથી તે અલગ છે. દા. ત. શરીર એ આત્માને રહેવાનું સાધન છે. છતાં આત્મા એ જ શરીર નથી. શરીર અને આત્મા પણ અલગ જ છે. શરીર જડ છે. જ્યારે આત્મા ચેતન છે. જ્યાં સુધી આત્મા શરીરમાં છે ત્યાં સુધી જ હલન-ચલન, પાંચ ઈન્દ્રિયના કાર્યો વગેરે થાય છે. આત્મા રવાના થતાં શરીર નિષ્ક્રિય બની જાય છે.

વળી ઘણા એવું માને છે કે બધા જીવો જુદા હોય પણ તેનો આત્મા એક જ છે પરંતુ એવું નથી. દરેક આત્માઓ જુદા જુદા છે. જેટલા શરીર તેટલા આત્મા. શરીર વગરના આત્મા શુદ્ધાત્મા છે-સિદ્ધના જીવો. આમ આત્મા બધાનો અલગ છે, અસંખ્યાત પ્રદેશી છે, સદા સઉપયોગી છે.

(૨) **આત્મા નિત્ય છે**–દરેક આત્માનું મૂળ સ્વરૂપ એકસરખું છે. જીવ એ અનાદિ શાશ્વત પદાર્થ છે. જીવને કદી કોઈએ બનાવ્યો નથી. અર્થાત્ તે સ્વયંસિદ્ધ છે. અનાદિઅનંત છે. આત્મા અજરઅમર છે. તેનો ક્યારેય નાશ થતો નથી. વળી જેવી રીતે અગ્નિનો ગુણ દાહકતા અને પ્રકાશ તે અગ્નિથી ભિન્ન રહી શકે નહિ. તેવી રીતે આત્માના મૂળ ગુણ જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ અને વીર્ય છે. કેવળી અને સામાન્ય માનવી બંનેમાં મૂળ ગુણ તો સરખા જ છે. માત્ર એ જ તફાવત છે કે કેવળીમાં તે ગુણો પ્રગટ થયેલા છે જ્યારે સામાન્ય માનવીમાં તે ગુણો વાદળાથી ઢંકાયેલ સૂર્યની જેમ આચ્છાદિત છે, અર્થાત્ જ્ઞાનાવરણીય આદિ કર્મપુદ્ગલોથી ઢંકાઈ રહ્યા છે.

વળી આત્મા અરૂપી છે અર્થાત્ ભૌતિક દૃષ્ટિથી–ચર્મચક્ષુથી જોઈ શકાતો નથી. તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઠાણ, કાંઈ જ નથી. વળી આત્મા વજનરહિત છે. આત્માની ગતિ અપ્રતિહત છે. નદી, નાળા, પર્વત, દિવાલ, ધાતુ કોઈપણ જાતના અવરોધ તેને નડતા નથી. તે બે-ત્રણ કે ચાર સમયમાં તો એક ગતિમાંથી બીજી ગતિમાં પહોંચી જઈ શકે છે. ટૂંકમાં તેની ગતિ અકલ્પનીય છે.

(૩) આત્મા જ કર્મનો કર્તા છે–જીવ પોતે જ્ઞાન-દર્શન ગુણથી યુક્ત હોવાને કારણે સુખ-દુઃખને જાણે પણ છે અને તેને વેદે પણ છે. વેદવાને કારણ તે કર્મો પણ બાંધે છે. જીવનમાં બનતા સંજોગોમાં, વસ્તુઓમાં રાગ-દ્વેષ કરવાથી કર્મ બંધાય છે. રાગ-દ્વેષ કર્મના બીજ છે. વળી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ યોગથી કર્મોનો આશ્રવ આવે છે. આ કર્મોના બંધનને કારણે તે આ સંસારમાં–ચાર ગતિ, ચોવીસ દંડક, ચોરાસી લક્ષ જીવયોનિમાં પરિભ્રમણ કર્યા કરે છે. જે પ્રકારના કર્મો તે બાંધે છે. તે આઠ પ્રકારના છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય.

આ આઠે કર્મની પ્રકૃતિ અલગ અલગ છે. દરેક કર્મ પ્રકૃતિ અનુસાર ફળ આપે છે. આત્મા કર્મ બાંધવામાં સ્વતંત્ર છે. તે ધારે તો કર્મબંધન ઓછું કરી શકે છે અને કર્મોથી સાવ મુક્ત પણ બની શકે છે. તેવી જ રીતે ધ્યાન ન રાખે તો ભારેકર્મી બની સંસાર પણ વધારે છે.

(૪) **આત્મા જ કર્મનો ભોકતા છે:**–આગળ આપણે જોયું કે સુખ-દુઃખનો જાણ અને વેદક હોવાને કારણે આત્મા કર્મો બાંધે છે. બાંધેલા કર્મોને ભોગવવા પણ આત્માએ જ પડે છે. કર્મ ભોગવ્યા વિના છૂટકો જ નથી. કર્મ જે રીતે બંધાયા હોય તે પ્રમાણે તેનો અબાધાકાળ પણ નક્કી થાય છે. જે કર્મ બંધાય છે તે અમુક સમય પછી ઉદયમાં આવે તે સમયને આબાધાકાળ કહેવાય છે. વળી કર્મ બંધાય છે તે કેવા રસવાળા છે તે અનુસાર તેનાથી કઈ રીતે મુક્તિ મળશે તે પણ નક્કી જ હોય છે. અમુક કર્મ ભોગવવાથી ખરી જાય છે, અમુક તપ દ્વારા નિર્જરી જાય છે. જ્યારે અમુક કર્મ જે પ્રકારે

બાંધ્યું હોય તે જ પ્રકારે ભોગવવું પડે છે. દા. ત. ભગવાન મહાવીરે ત્રિપૃષ્ઠના ભવમાં શૈયાપાલકના કાનમાં સીસુ રેડાવ્યું એ કર્મ તેને ૨૭મા ભવમાં ઉદયમાં આવ્યું અને ગોવાળિયાએ તેના કાનમાં ખીલા ઠોક્યા. તે જ રીતે ગજસુકુમારમુનિ, દેવાનંદાનું ગર્ભસાહરણ વગેરે કર્મ જે પ્રકારે બાંધ્યા તે જ રીતે ભોગવવા પડ્યા. તેને નિકાચિત બંધ પણ કહે છે. આત્મા પર લાગેલા બધા જ કર્મો ખરી જાય પછી મુક્તિ મળે છે. ત્યાં સુધી મોક્ષ અશક્ય.

(૫) **મોક્ષ છે:**–સકળ કર્મોથી મુક્તિ એટલે મોક્ષ. જીવાત્મા બે પ્રકારના છે. (૧) સંસારી જીવ એટલે કે જે ચાર ગતિમાં ભ્રમણ કરી રહ્યા છે. (૨) સિદ્ધના જીવ એટલે જે આઠ કર્મથી મુક્તિ મેળવી લોકાગ્રે સિદ્ધશીલામાં બિરાજી રહ્યા છે. મોક્ષ મેળવે તે આત્મા સિદ્ધગતિ મેળવે છે. કર્મોનો બંધ મિથ્યાત્વ આદિથી થાય છે. કર્મોને આવતા અટકાવવા માટે સંવર વ્રત-પ્રત્યાખ્યાન જરૂરી છે. તપ જે બાર પ્રકારના બતાવ્યા છે તેનાથી આત્મા પર લાગેલા કર્મો નિર્જરી જાય છે. અને આત્મા પર જ્યારે કર્મની વર્ગણા ન રહે ત્યારે તે મોક્ષ મેળવી લે છે. આમ મોક્ષ છે.

(૬) **મોક્ષનો ઉપાય પણ છે:**–કર્મથી મુક્ત અવસ્થા તે મોક્ષ એ આપણે આગળ વર્ણવી ગયા. આ મોક્ષને મેળવવો હોય તો તે કઈ રીતે મેળવી શકાય ? તેનો ઉપાય શું ? તેનો ઉપાય છે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રની આરાધના. સમ્યગ્ જ્ઞાન દ્વારા આઠ કર્મોને જાણવા. હેય, જ્ઞેય, ઉપાદેય જાણી તે પ્રમાણે આચરણ કરવું. દર્શન દ્વારા શ્રદ્ધા કરવી અને સમ્યગ્ ચારિત્ર એટલે કે દાન, શીલ, તપ અને ભાવની ભરતી લાવી ધર્મની સુંદર આરાધના કરવી જેનાથી આત્મા પરિતસંસારી બની મોક્ષને પામી શકે છે.

આત્માની શક્તિઓ તો અનંત છે પરંતુ કર્મોના પડળ તેને આવરી રહ્યા છે. આથી એ શક્તિ અવરોધાય છે. કયું કર્મ આત્માના કયા ગુણને રોકે છે તે જોઈએ તો–

૧. જ્ઞાનાવરણીય કર્મ–ઘાતી કર્મ છે. અનંત જ્ઞાન ગુણને રોકે છે. આંખ પરના પાટા સમાન.
૨. દર્શનાવરણીય કર્મ–ઘાતીકર્મ છે. અનંત દર્શન ગુણને રોક્યો છે. રાજાના દ્વારપાળ સમાન.
૩. વેદનીય કર્મ–અઘાતી કર્મ છે. અવ્યાબાધ સુખનો ગુણ રોક્યો છે. મધલિપ્ત તલવાર સમાન.
૪. મોહનીય કર્મ–ઘાતી કર્મ છે. ક્ષાયિક સમકિત–વિતરાગતાના ગુણને રોક્યો છે. મદિરાપાન સમાન.
૫. આયુષ્ય કર્મ–અઘાતી કર્મ છે. આત્માના અનાયુષ્ય ગુણને રોક્યો છે. હાથમાં બેડી સમાન.
૬. નામકર્મ–અઘાતી કર્મ છે. આત્માનો અશરીરી ગુણ રોક્યો છે. ચિત્રકાર સમાન.
૭. ગોત્ર કર્મ–અઘાતી કર્મ છે. આત્માનો અગુરુલઘુ ગુણ રોક્યો છે. કુંભારના ચાકડા સમાન.
૮. અંતરાય કર્મ–ઘાતી કર્મ છે. આત્માનો નિરંતરાય ગુણ રોક્યો છે. રાજાના ભંડારી સમાન.

ઘાતી કર્મ એટલે જે આત્માના મૂળ ગુણનો ઘાત કરે છે. જે સહેલાઈથી છૂટી જાય તેવા નથી તે. પ્રથમ ચાર ઘાતીમાંથી મોહનીય ક્ષય થાય, પછીના ત્રણે ક્ષય થાય ત્યારબાદ ચાર અઘાતી તેની સ્થિતિ પૂરી થતાં ક્ષય થઈ જાય છે. આ આઠ કર્મોથી જ્યારે આત્મા મુક્ત બને છે. ત્યારે આત્મા મોક્ષ મેળવે છે. મુક્તિના સુખ અમૂલ્ય છે. રોગ નહિ, શોક નહિ, જન્મ-જરા નહિ, મરણ–કાયા નહિ, આત્મા અનંત અનંત સુખનો સ્વામી બની આક્ષય સુખ ભોગવે છે. ✷ ✷ ✷

ઉષા સ્મૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રયની બાજુમાં, રાજકોટ–૩૬૦૦૦૨. ફોન:(૦૨૮૧)–૨૨૨૭૯૫/૯૮૨૪૪-૮૫૪૧૦.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને માર્ચ ૨૦૧૧ પશ્ચાત પ્રાપ્ત થયેલા અનુદાનો

પેટ્રન મેમ્બરશીપ

આગળનો સરવાળો	૨,૦૭,૦૦૦
યોગેન એસ. લાઠીયા	૨૨,૫૦૦
કુલ રૂા.	**૨,૨૯,૫૦૦**

અનાજ રાહત ફંડ

ભાનુ ચેરિટી ટ્રસ્ટ અનાજ રાહત ફંડ	૬,૦૦,૦૦૦
કુલ રૂા.	**૬,૦૦,૦૦૦**

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

લાઠીયા રબર એમ. એફ. જી. કું. પ્રા. લિ.	૨૦,૦૦૦
શ્રી કેશવજી રૂપશી શાહ યુ.કે.	૧૦,૦૦૦
શ્રી વિનોદભાઈ એમ. શાહ અને શ્રીમતી ભાનુમતિ વિનોદભાઈ શાહ	૨૦,૦૦૦
કુલ રૂા.	**૫૦,૦૦૦**

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

પ્રફુલભાઈ પિપલિયા	૫,૦૦૦
બાબુલાલ એન. શાહ	૨,૦૦૦
કુલ રૂા.	**૭,૦૦૦**

ગૌતમ-કથા સૌજન્યદાતા

લાઠીયા ઈન્ડસ્ટ્રીયલ રોલર પ્રા. લિ.	૪૧,૦૦૦
નવનીતલાલ આર. શાહ	૪૧,૦૦૦
નિતીનભાઈ સોનાવાલા	૪૧,૦૦૦
કુલ રૂા.	**૧,૨૩,૦૦૦**

ગૌતમ-કથા ડોનેશન

સી. કે. મહેતા	૫,૦૦૦
એક બહેન તરફથી	૨૧,૦૫૧
કુલ રૂા.	**૨૬,૦૫૧**

નવ નિર્માણ મકાન ફંડ

લાઠીયા ઈન્ડસ્ટ્રીયલ સપ્લાયસ કું. પ્રા. લિ.	૫૧,૦૦૦
હરીભાઈ એસ. શાહ	૨૧,૦૦૦
કુલ રૂા.	**૭૨,૦૦૦**

સંઘ આજીવન સભ્ય

આગળનો સરવાળો	૧૨,૪૦,૦૨૮
શ્રી હેમંત મજુમદાર	૨,૦૦૦
શ્રી મહેન્દ્ર ડી. શાહ	૫,૦૦૦
કુલ રૂા.	**૧૨,૪૭,૦૨૮**

દીપચંદ ત્રી. શાહ પુસ્તક પ્રકાશન

શ્રી આર્ય જય કલ્યાણ કેન્દ્ર	૧૫,૦૦૦
શ્રીમતી રશ્મિબેન જે. ભેદા	૧૦,૦૦૦
કુલ રૂા.	**૨૫,૦૦૦**

સર્જન-સ્વાગત

● ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **આપણા ઉમાશંકર**
લેખક : **કાન્તિ શાહ**. પ્રકાશક : **પારુલ દાંડીકર** યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. મૂલ્ય : રૂ. ૫૦/-
પાના : ૧૧૨, આવૃત્તિ-૧, ઑક્ટો. ૨૦૧૦.

કાન્તિ શાહે કવિની જન્મશતાબ્દી નિમિત્તે એમના શબ્દના આનંદલોકની જાત્રા કરાવી છે. એમની શબ્દસૃષ્ટિનું અવલોકન કરાવ્યું છે. લેખક પોતે કહે છે જાત્રાએથી આવીને પ્રસાદ વહેંચવો પડે, એવો થોડોક પ્રસાદ અહીં વહેંચાયો છે.

કવિ ઉમાશંકરના શબ્દો પોતીકા લાગે તેવા છે. સૌંદર્યો પીને આપ મેળે ગાતા ઉરઝરણાની વાત હોય કે ગભરુ અવસ્થામાં સિંધુ રટણાની વાત હોય, વ્યક્તિ મટીને વિશ્વ માનવી બનવાની વાત હોય કે તારલીની કીકી ભરીને નભ ઠેકવાની વાત હોય, ભોમિયા વિના ભમવાની વાત હોય, અવનીનું અમૃત ને સ્વપ્ન દાબડો લઈ જવાની વાત હોય કે પછી મૌનનો છેલ્લો શબ્દ કહેવાની વાત હોય-એમાં કવિનો શબ્દ ભાવકને પોતીકો લાગે છે. કવિ ઉમાશંકરે જે પોતે અનુભવ્યું તેને પોતાના શબ્દોમાં બે-ચાર પેઢીની જ નહિ પણ એક આખા યુગની ધબક ઝીલી છે.

રાધેશ્યામશર્મા કવિ વિશે કહે છે.

'ઉમાશંકરઃ બામણાના બામણ બૃહદ્ બ્રહ્માંડના બ્રાહ્મણ બની ગયા.'

સાહિત્ય રસિકોને ગમી જાય તેવું વસાવવા જેવું પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ :**સંબંધોના સથવારે**
લેખક : **ઈલા કે. શાહ**. પ્રકાશક : **કિશોર એસ. શાહ** 'શ્રદ્ધા', ધારિયાવાડ, ખંભાત-૩૮૮૬૨૦.
મૂલ્ય : રૂ. ૧૦૦/-; પાના : ૧૦૨, આવૃત્તિ-૧, ડિસેમ્બર-૨૦૧૦.

'સંબંધોના સથવારે' પુસ્તકમાં વિધવિધ પ્રકારના સંબંધોનું ગાણું ગવાયું છે. સંબંધોની જાળવણી માટે પ્રેમના પાણી અને સ્નેહની સિમેન્ટ, શ્રદ્ધાની કૉંક્રિટ અને લાગણી મુક્ત લાદીની આવશ્યકતા છે. આ પુસ્તકમાં એવી કથાઓ મૂકી દે છે જે વર્તમાનમાં જીવતા કુટુંબોની મહેંકનો અનુભવ કરાવે છે. અહીં પુત્રી, ભગિની, મિત્રો અનેકના પ્રેમની-મિત્રતાની ઘટનાઓ છે જેમાં લેખિકાની મંગલદૃષ્ટિનો પરિચય થાય છે. આજના સમયમાં કુટુંબપ્રથા તૂટતી જાય છે, કુટુંબના સંબંધ તૂટતા જાય છે ત્યારે આ પુસ્તકના સંબંધોની મહેંક માણવા જેવી છે.

આ પુસ્તક વાચકને કુટુંબજીવનના અમૃતનો આસ્વાદ કરાવે તેવું છે. લેખિકાની પ્રવાહી શૈલી અને વચ્ચે વચ્ચે મૂકેલા સંવાદો પરિસ્થિતિને ઉપસાવે છે. ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી કુટુંબજીવનનો મહિમા કરવામાં આવ્યો છે. મૂલ્યોની માવજત કરતું આ પુસ્તક વાચકને કુટુંબપ્રથાનું મહત્ત્વ સમાજવે છે.

X X X

પુસ્તકનું નામ : **સમયોચિત ઉદ્‌બોધ (મન વલોવાયું ત્યારે) (નિબંધ સંગ્રહ)**
લેખિકા : **શ્રીમતિ ધનગૌરી બદાણી**
પ્રકાશક : **શ્રી શાંતિભાઈ જેસુખલાલ બદાણી**
૧૦૯, વર્ધમાન નગર, નાગપુર-૮..
મૂલ્ય : સદ્‌ઉપયોગ, પાના : ૧૬૦, આવૃત્તિ-૧.

સૌ. શ્રીમતિ ધનલક્ષ્મીબહેન જેવા વિદૂષી સાહિત્યરત્ન સમાજ માટે ગૌરવ સમાન છે. આ પુસ્તકના લેખો વિવિધ વિષયને સ્પર્શીને જે ભાવના વ્યક્ત કરે છે તે જ્ઞાનાત્મક તો છે જ પણ સાથે સાથે હૃદયસ્પર્શી પણ છે.

લેખિકાએ આ પુસ્તકના લેખોમાં ચિંતાઓને ચિંતનનું રૂપ આપ્યું છે. સહૃદય ભાવકના હૃદયને હચમચાવી મૂકે એવી રીતે અહીં જીવનની વ્યથા કથા આલેખાઈ છે. લેખિકાએ જે વાંચ્યું છે, વિચાર્યું છે અને અનુભવ્યું છે તેને શબ્દબદ્ધ કરવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કર્યો છે. સમકાલીન જીવનની કૌટુંબિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય સમસ્યાઓને આલેખી છે અને સમસ્યાઓનું સમાધાન કરવાની દિશા પણ બતાવી છે. સમાજનો વિકૃત ચહેરો અહીં ડોકિયું કરતો દેખાય છે.

આ પુસ્તકમાં સંસ્કાર અને સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન અંગોના ચિંતનીય અને મનનીય વિચારો સરળ અને પ્રાસાદિક વાણીમાં રજૂ થયા છે.

આ પુસ્તકના લેખો ચિંતનપ્રેરક છે. તેનું વાંચન મનન, ચિંતન, અધ્યાત્મ અને સંસ્કારની પરિક્રમા કરાવે છે.

X X X

પુસ્તકનું નામ : **શુદ્ધ ધર્મ**
લેખક : **મુનિ સંયમકીર્તિ વિજયજી મ.**
પ્રકાશક : **નરેશભાઈ નવસારીવાળા, મુંબઈ**
પ્રાપ્તિસ્થાનઃભરતભાઈ ગુલબચંદ ઝવેરી, ૧૯/૨૩, સદાશિવ લેન, વોરા બિલ્ડિંગ, ૪થે માળે, રૂમ નં. ૫, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૮૭૯૩૬. મૂલ્ય : અમૂલ્ય,
પાના : ૩૧૨, આવૃત્તિ-પ્રથમ, વિ. સં. ૨૦૬૫.

અનંતકાળના સંસાર પરિભ્રમણમાં આપણાં આત્માએ આજ સુધીમાં અનંતવાર ધર્મ કર્યો હશે. છતાં પણ સંસારથી નિસ્તાર થયો નથી કારણ કે ધર્મ શુદ્ધ બન્યો નથી. શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે આત્માનું બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનું વ્યક્તિત્વ શુદ્ધ બનવું જોઈએ. મોક્ષ પ્રાપ્તિ માટે અભ્યંતર વ્યક્તિત્વની પરિણતિ, અધ્યવસાય, લેશ્યા અને ચિત્તવૃત્તિ વિશુદ્ધ બનવા જોઈએ. એકલી બાહ્ય ઉપાયોની શુદ્ધિથી કામ ન ચાલે.

મોક્ષનો આશય ઉત્પન્ન થવાથી આશય શુદ્ધ બને પણ સમગ્રતયા આશય શુદ્ધિને પ્રાપ્ત કરવા અને આશય શુદ્ધિના અભ્યંતર માળખાને સુવ્યવસ્થિત તથા શુદ્ધ રાખવા માટે આંતર જગતની શુદ્ધિ આવશ્યક છે.

અમદાવાદમાં વસંતકુંજમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિના ઉપાયો માટેના વ્યાખ્યાનો ગુરુદેવે આપ્યા હતા. આ પુસ્તકમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિના ઉપાયો અંગે શાસ્ત્રપાઠોના આધારે વિચારણા કરાઈ છે. શાસ્ત્રના આધારે લેશ્યાના વિષયને પણ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકના વાંચન-મનન-ચિંતન અને અનુસરણ દ્વારા ભવ્યાત્માઓ શુદ્ધ ધર્મને પ્રાપ્ત કરી મુક્તિ માર્ગે પ્રયાણ કરી શકે તેમ છે.

❋ ❋ ❋

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Licence to post without prepayment.No.MR/Tech/ WPP-290/South – 290/2009-11
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH /MR / SOUTH-146 / 2009-11

પચ્ચીસ કલાકનો જેલવાસ

□ ગીતા જૈન

મધ્ય પ્રદેશના ગુના ખાતેની ઉપ-જેલ આશરે ચારસો કેદીઓથી ઉભરાતી હોવાથી સતત ચહલપહલ હોવા છતાં સર્વત્ર સર્વ કાંઈ થંભી ગયું હોય અને સિસકારો નીકળી જાય એવી સ્મશાનવત્ ઉદાસી છવાયેલી હતી–હા ત્યાં પચ્ચીસ કલાક ગાળ્યા.

વાંચતા જ ચહેરા પર અણગમતા ભાવો ઉપસી આવ્યા હશે. મનમાં તિરસ્કાર પણ ઉદ્‌ભવ્યો હશે. સાચે જ જેલ અને કેદીઓ પરત્ત્વે બચપણથી પેસી ગયેલી આ નઠોરતા આપણને ભૂલાવી દે છે કે 'ઘૃણા પાપની હોય પાપીની નહીં.'

જેલમાંથી બહાર આવ્યા બાદ જેમનું સમાજમાં કોઈ સ્થાન નથી હોતું–એ તરછોડાયેલા જ રહે છે. જેમને સમાજ-પરિવાર-મિત્રો સ્વીકારવા તૈયાર નથી એવા આ અસ્વીકૃત કેદીઓ સમાજના અંતિમ છેવાડે ઊભા રહીને નિઃસાસા નાખ્યા કરે છે. આપણી સગવડી બહેરાશને ખંખેરીએ તો એમનો સાદ અવશ્ય સંભળાય.

જોકે હાલમાં અમાવાસ્યાના ચંદ્રને પણ રૂપેરી કોર દેખાય તેમ કેદીઓ પરત્ત્વેના અભિગમમાં સામાન્ય ફેરફાર થવાની શરૂઆત થઈ છે. એમના જીવનની સુધારણા પ્રતિ ધ્યાન દોરાવા લાગ્યું છે.

ગુના ખાતે અમારી યોગ શિબિરનું આયોજન ગોઠવાયેલું જ હતું અને એક દિવસ આયોજક કેપ્ટન ડૉ. વિજયકુમારજીનો ફોન આવ્યો કે 'ગુનામાં અમારી શિબિરની સાથે જ ઉપજેલમાં કેદીઓને શીખવવાનું તમે પસંદ કરો કે?'-મારાથી બોલાઈ ગયું–'નેકી ઔર પૂછ પૂછ'–અને આમ કેદીઓ સાથે પચ્ચીસ કલાક ગાળવાનો તખ્તો ગોઠવાઈ ગયો.

જેમ જેમ ગુના જવાના દિવસો નજીક આવતા ગયા મનમાં અનેક વિચારોની ઉથલપાથલ થવા માંડી. આ અમારા માટે નવો પ્રયોગ હતો–ચેલેન્જ હતી. કેદીઓની માનસિકતાનો કોઈ વિશેષ અભ્યાસ ન હતો. એઓ અમને કેવી રીતે, કઈ રીતે સ્વીકારશે–કેટલો સહયોગ આપશે–સર્વ કાંઈ અજનબી હતું. જાણ્યા અજાણ્યા ભોમકામાં ભોમિયા વિના જવાની તૈયારી કરતા હોઈએ એવી મનઃસ્થિતિ હતી.

ગાંધીજીની વાત યાદ આવતીઃ 'તમે જે કાંઈ પણ કરો એ વિશ્વના અંતિમ છેવાડે બેઠેલી વ્યક્તિને કેટલું ઉપયોગી છે એનો વિચાર કરી કાર્ય કરવું.'

શિબિરના આરંભે પ્રથમ દિવસે ૩૫ થી ૪૦ કેદીઓ અને મંચ પર અમારી સાથે થોડા વિશિષ્ટ મહાનુભાવ–ડિસ્ટ્રીક્ટ જ જ – ડા ે ક ટ ર – જ ે લ ર – પત્રકાર આદિ. ધૂપ–દીપ અને પ્રેરક પ્રવચન પછી દસ દિવસ નિયમિત જેલમાં જઈ યોગ શિબિરનું સંચાલન કરવાનું હતું.

તાળું ખોલીને અમને અંદર લે–તાળુ બંધ થઈ જાય. બીજું ખુલે-ત્રીજું ખુલે અને એમ અમે મોટા ચોકમાં થઈ એક છેવાડે અલગ જ ચોકમાં આવેલ બેરેકમાં જઈએ. દંડા સાથેના સંત્રીઓને સથવારે કાર્યારંભ શરૂ થાય.

વિવિધ ગુનાઓ આચરેલ અને સજા પામેલ કે વિચારાધીન કેદીઓની વચ્ચે બેસવાનું, એમને શીખવવાનું ખૂબ જ

પંથે પંથે પાથેય...

હળવાશથી–હાસ્યસભર ચહેરે કરવાનું–આ બધું કોણે શીખવ્યું? અન્ય શિબિર કરતાં અહીં ભાષામાં, પ્રશિક્ષણની કળામાં–સૂચનામાં ઘણા ફરક નોંધાયા–આ બધું કેવી રીતે થયું? કોણે કરાવ્યું? અહો આશ્ચર્યમ્!

વર્ષો પહેલાં સૂફી ઈનાયતખાનનું વાંચેલું વાક્ય યાદ આવ્યા કરતું–'તમામ સમયમાં, તમામ પ્રજાઓમાં એક જ સિક્કો સમાનપણે ચલણી છેઃ પ્રેમ.'–આ પ્રેમભરી ભાષા અને વર્તણુંકે કેદીઓને અમારામાં વિશ્વાસ જન્મ્યો.

અલગ અલગ ઉંમરના–જાતિ–ધર્મ–પ્રદેશના લોકોનો સમૂહ હતો. પણ પ્રેમની સહિયારી ભાષા સૌ ઉકેલતા અને ખૂબ જ ધીરજપૂર્વક ખંતથી શીખતા–અવકાશમાં અન્ય કેદીઓને પણ શીખવતા.

કેદીઓ સાથેનો આ અનુભવ અનોખો રહ્યો. આજે પણ એમના ચહેરા નજર સામે તરવરે છે. વીસ વર્ષની સજા પામેલ ગુનેગાર પણ એ શિબિરમાં હતા તો નવાણીયા પણ ખરા અને કોઈ તો બિનઅપરાધી પણ કહેવાય એવા માનવોને નજીકથી ઓળખવાની આવી તકો મને મારી ભીતર વધુ વિહરવા દે છે. મનની વિશાળતા વિસ્તરે છે–ગાંઠો દૂર થતી જાય છે–છોછ છૂ થઈ જાય છે–ભય ભાગી જાય છે.

કેદીઓ સાથેની આત્મીયતા વધતી ગઈ. એમનો આદરભર્યો આવકાર હૃદયમાં અકબંધ સમાયો છે. યોગાભ્યાસથી એમને મળતા શારીરિક લાભ તો પ્રોત્સાહિત કરે તેવા રહ્યા જ પણ માનસિક શાંતિનો એમનો

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૨)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૬ • જુન, ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

જિન-વચન

સંતોષી પાપકર્મ કરતા નથી

ण कम्मुणा कम्म खवेंति बाला
अकम्मुणा कम्म खवेन्ति धीरा ।
मेधाविणो लोभभयावतीता
संतोसिणो णो पकरेन्ति पावं ।।

સૂત્રકૃતાંગ ૧-૧૨-૧૫

અજ્ઞાની જીવો કર્મોનો ક્ષય કરી શકતા નથી. ધીર પુરુષો અકર્મથી કર્મનો ક્ષય કરે છે. બુદ્ધિમાન પુરુષો લોભ અને ભયથી દૂર રહે છે. તેઓ સંતોષી હોય છે અને તેથી પાપકર્મ કરતા નથી.

Ignorant beings cannot destroy their Karmas by actions. The wise men destroy their Karmas even without doing anything. The wise are above greed and fear. They are contented and therfore do not commit any sin.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

મા આનંદમયી સાથે એક વાર્તાલાપ

પ્રશ્ન : પીડા-વેદના આખરે છે શું ?

ઉત્તર : પ્રત્યેક પીડા પાછળ એક ગર્ભિત સંદેશો રહેલો હોય છે. પીડાની હાજરી સૂચવે છે કે હવે પરિવર્તનનો સમય આવી ચૂક્યો છે. આપણે શારીરિક પીડાનો દાખલો લઈએ. ગરમાગરમ તપેલીને ભૂલથી સ્પર્શી જઈએ તો તત્કાળ અથવા ક્ષણભર પીડા નથી થતી પરંતુ બીજી જ ક્ષણે તપેલીની ગરમી હાથને ભયાનક રીતે દઝાડી દે છે. આ દાઝી જવાની ક્ષણ આપણને સાબદા કરી દે છે કે તપેલીને છોડી દેવાનો વખત આવી ગયો છે. જે શારીરિક પીડા માટે સત્ય છે તે બધી જ પીડા માટે સત્ય છે. પીડા ભીતરને જગાડવા માટે આવે છે. તે પોકારીને કહે છે કે પરિવર્તનને આવકાર આપવા તૈયાર રહો.

પ્રશ્ન : તો પછી આ પરિવર્તન છે શું ?

ઉત્તર : પરિવર્તન જીવન પ્રત્યેનો અભિગમ અથવા જીવન જીવવાની રીતિમાં બદલાવ લાવવાનો સમય આવી ગયાની એક શુભ નિશાની છે. સાચી સમજને વિકસાવવા-જીવનનો અંતરંગ પરિચય કરવા પરિવર્તન અનિવાર્ય છે.

પ્રશ્ન : શું જોઈને અથવા શું વિચારીને પરિવર્તન કરવાનું છે ?

ઉત્તર : નૈયાને મહાસાગર પાર લગાવવા નજરને આકાશસ્થિત ધ્રુવતારક પર રાખવાની હોય છે-નહીં કે નૈયાના કૂવાથંભ પર.

-ભાવાનુવાદ : **જિતેન્દ્ર શાહ**

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	નિવાસી વિદ્યા સંસ્થાઓ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	દિ. જૈન માતાજી (સાધ્વીજી) પ્રસન્નમાતાજીની કથા	વિલિયમ ડેરીમ્પલ. અનુ. પુષ્પા પરીખ	૭
(૩)	પદ્મશ્રી કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા	—	૧૦
(૪)	અનેરું પ્રાયશ્ચિત્ત	લીલાધર ગડા	૧૪
(૫)	'મોક્ષમાળા'નો ચોવીસમો શિક્ષાપાઠ	કિશોર જે. બાટવીયા	૧૯
(૬)	સાંસારિક જીવનો ક્રિયાત્મક (યોગ) અને ભાવાત્મક (ઉપયોગ) વિભાગ	સુમનભાઈ શાહ	૨૦
(૭)	'ચમત્કાર વિના નમસ્કાર નહીં?'	ડૉ. રણજિત પટેલ	૨૨
(૮)	દેવદ્રવ્ય-કેટલાંક સંદર્ભો-ચર્ચા	શાંતિલાલ શાહ, પ્રવીણા ખોના, વિશાલ ધરમશી	૨૪
(૯)	જયભિખ્ખુ જીવનધારા : ૨૯	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૯
(૧૦)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૩૧
(૧૧)	કવિ વિદ્યારુચિ કૃત 'ચંદ્રરાજાનોરાસ'-એક અધ્યયન	ડૉ. પાર્વતી નેણસી ખીરાણી	૩૩
(૧૨)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૫
(૧૩)	પંથે પંથે પાથેય : સંતોષગિરિ માતાજી	મનસુખ ઉપાધ્યાય	૩૬

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૬ ● જૂન ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● જેઠ વદ–તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

નિવાસી વિદ્યા સંસ્થાઓ

विद्या नाम नरस्यं रुपमधिकं प्रच्छन्नगुप्तं धनम्,
विद्या भोगकरी यश: सुखकरी विद्या गुरुणां गुरु:।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परा देवता,
विद्या राजसु पूजिता न तु धनं विद्याविहिन पशु: ।।

(વિદ્યા મનુષ્યનું વિશેષ રુપ છે. તે ખૂબ દાટેલું ધન છે. વિદ્યા ઉપભોગ, યશ અને સુખ આપનારી છે. તે ગુરુઓના ગુરુ સમાન છે. વિદ્યા વિદેશમાં ભાઈની જેમ સહાય કરનારી છે. વિદ્યા મહાન અને દિવ્યરૂપ છે. વિદ્યા રાજાઓમાં પૂજાય છે, ધન નહિ. વિદ્યા વગરનો નર પશુ સમાન છે.)

વિદ્યા માટેનું દાન એ ઉત્કૃષ્ટ દાન છે. એમાં પુણ્યો અને શુભકર્મોનો ગુણાકાર છે. વિદ્યાદાનથી પ્રાપ્ત પુણ્ય અને શુભકર્મ ભવોભવ 'જીવ' સાથે રહે છે.

હમણાં અમરેલીથી પ્રકાશિત થતા એક સાપ્તાહિકના ૬ મેના અંકમાં એક જાહેરખબર જોઈને મન ખિન્ન અને આનંદિત થઈ ગયું. જાહેરખબરમાં વિગત હતી કે વિદ્યાર્થીઓના અભાવે એક નિવાસી વિદ્યા સંસ્થા, એટલે કે છાત્રાલય ઘણાં વખતથી બંધ હાલતમાં છે, અને તેને શરૂ કરવાનો પુનઃ નિર્ણય લેવાયો છે, અને જૈનોના ચારેય ફિરકાઓના વિદ્યાર્થીઓને ધોરણ પાંચથી કૉલેજ સુધી ભણવા આ સંસ્થામાં દાખલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને પ્રવેશ પત્ર મેળવવા વિનંતી. વગેરે.

ખિન્નતા એટલે થઈ કે આવી સંસ્થા 'વિદ્યાર્થીઓના અભાવે' બંધ હાલતમાં પડી રહી? કેટલો વખત? એ સમયે, એક સમયે જે શુભ આશયથી જે દાતાઓ અને સંચાલકો તેમ જ આ વિદ્યાર્થી ગૃહમાંથી ભણીને જીવનમાં સ્થાઈ થયા હશે તે સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓના આત્માને કેટલું દુઃખ થયું હશે? જ્યાં એક સમયે બાળકોનો કિલ્લોલ ગુંજતો હતો ત્યાં શૂન્યતાનો ભેંકાર છવાઈ ગયો હશે? જ્યારે પરિસ્થિતિ વણસતી ગઈ ત્યારે એ સમયના સંચાલકો કેમ જાગ્યાનહિ હોય? નિષ્ણાતોની સલાહ લઈ સંસ્થાને ચેતનવંતી કેમ કરી નહિ હોય?

આ અંકના સૌજન્યદાતા

HOLISTIC HEALING HEALTH

શ્રી બિપીનભાઈ એમ. પારેખ

આનંદ એ વાતનો થયો કે ઘણી તકલીફો અને 'ચેલેન્જ' સાથે વર્તમાન સંચાલકો આ સંસ્થા શરૂ કરવા પ્રવૃત્ત થયા, અને એ પણ પ્રવેશ માટે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર જૈનોના ચારેય ફિરકાના વિદ્યાર્થીઓને આવકાર્યા. સર્વ પ્રથમ તો આવો સર્જનાત્મક શુભ નિર્ણય લેનાર વર્તમાન સંચાલકોને આપણે હૃદયપૂર્વકના ધન્યવાદ પાઠવીએ અને એ મહાનુભાવો તરફ યથા શક્તિ–મતિ સહકારનો હાથ આપણે આપીએ. સંચાલકોએ આવો ઉત્તમ નિર્ણય

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

કર્યો! નહિ તો 'સંસ્થા બંધ પડી છે', 'વિદ્યાર્થીઓ નથી આવતા' એવા કારણો રજૂ કરી શહેરની મોકાની આ જગ્યા, 'પ્રાઈમ પ્રોપર્ટી' જે હાથમાં આવ્યું તે સાચું એમ વિચાર રજૂ કરી 'જગ્યા' વેચીને અન્ય યોજનાઓમાં સંપત્તિ ગોઠવી દેવી એ વિકલ્પ કદાચ એમની પાસે ખુલ્લો હશે જ, પરંતુ એમણે એ ન કર્યું.

'જૈનોના ચારેય ફિરકાને પ્રવેશ,' એ પણ જ્ઞાતિના પેટા વિભાગના ભેદ વગર, આ આદર્શ હવે પ્રત્યેક જૈન વિદ્યા સંસ્થાએ સ્વીકારવો જરૂરી છે. ભવિષ્યની પેઢીને હવે તો ભેદ વગરનું જૈન જગત આપવું એ જ સાચી સમજ છે અને જૈન શાસનની અમૂલ્ય સેવા છે.

ભારતમાં જૈન એવો એક જ વર્ગ છે જેમાં સાક્ષરતાનું પ્રમાણ ૧૦૦ ટકા છે. આ હકીકતમાં આવા વિદ્યાલયોનો ફાળો કેન્દ્ર સ્થાને છે. સમગ્ર ભારતની જૈન નિવાસી વિદ્યા સંસ્થાઓની એક મોટી ડિરેક્ટરીનું સર્જન થવું જોઈએ. આ મહાભારત કામ છે, પણ જરૂરી છે અને ભવિષ્યના જૈન સમાજ માટે એ અતિ ઉપયોગી થશે. આ માહિતી હશે તો આવી સંસ્થા વિદ્યાર્થીઓના અભાવે ક્યારેય બંધ નહિ થાય. એકબીજાના સહકારથી ઉપાયો શોધી શકશે.

યુગ વારે વારે એના વળાંકો લે છે, અને પ્રત્યેક વળાંકે એની પરિસ્થિતિ બદલાય છે. આ પ્રાકૃતિક નિયમ છે. આજે જે 'જરૂરી' લાગે છે એ કાલે કદાચ બીજા સ્વરૂપમાં 'જરૂરી' લાગે. એટલે પ્રત્યેક વળાંકની પહેલાં જ એ પરિસ્થિતિનો અભ્યાસ કરી નવી સર્જકતા શોધી લેવી એમાં જ ડહાપણ અને ચિરંજીવતા છે. 'તક' આવે ત્યારે જાગી જાય એ જ તાકાતવાન બની જાય છે.

જૈન ધર્મના આચાર અને સિદ્ધાંતોને ચિરકાળ જીવંત રાખવા હશે તો સર્વ પ્રથમ સર્વ જૈન વિદ્યાર્થીને શિક્ષણથી વિભૂષિત કરવા પડશે. ધનના અભાવે શિક્ષણ મેળવવા જો કોઈ અસફળ થાય તો જૈન ધર્મીનું ધન શા કામનું? સદ્‌ભાગ્યે જૈન શ્રીમંતો આ વિષયમાં ખૂબ જ જાગૃત છે. અને જૈન સાધુ જગત પણ આ કાર્યમાં વર્તમાન કાળમાં સક્રિય છે.

પરંતુ આજથી સો વર્ષ પહેલાં સાધુ સમાજ આ કાર્ય માટે એટલો જાગૃત ન હતો, ક્રિયાકાંડ અને ધર્મતત્ત્વમાં જ સક્રિય હતો. એવા સમયે પંજાબ કેસરી આચાર્ય વિજયવલ્લભ સૂરીશ્વરજીએ અનેક વિરોધો વચ્ચે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે ૧૯૧૫માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરી. પ્રારંભમાં ભાયખાલામાં ભાડાના મકાનમાં આ સંસ્થા શરૂ કરી, અને અત્યારે આ સંસ્થા પાસે પોતાના મકાનો છે, અબજોની સંપત્તિ છે, ભારતના વિવિધ શહેરોમાં વિદ્યાર્થીઓ માટે આઠ અને કન્યાઓ માટે ત્રણ (નિઃશુલ્ક) એમ કુલ મળી ૧૧ નિવાસી છાત્રાલયો વિદ્યાર્થીઓના ઉચ્ચ શિક્ષણ માટે છે. અને સૌથી મોટી સંપત્તિ તો દેશ-વિદેશમાં ઉચ્ચ સ્થાને બિરાજી સમૃદ્ધ થયેલા આ સંસ્થાના લગભગ ૧૫૦૦૦ વિદ્યાર્થીઓ છે. આ સંસ્થાને પણ ભાવનગર અને ઉદયપુર જેવી શાખાઓમાં વિદ્યાર્થીઓ માટે જેટલી જગા છે એટલા પ્રવેશ પત્રો મળતા નથી, જ્યારે અન્ય શાખાઓ માટે પરિસ્થિતિ એથી વિપરીત છે. આ પરિસ્થિતિ માટે પણ સંશોધન જરૂરી છે.

આ લેખમાં પ્રથમ ઉપર જે બંધ પડેલી નિવાસી વિદ્યા સંસ્થાની આપણે વાત કરી એવી તો સૌરાષ્ટ્ર, કચ્છ, અને ગુજરાતના અન્ય જિલ્લામાં વર્તમાનમાં ઘણી નિવાસી વિદ્યા સંસ્થાઓ છે જે વિદ્યાર્થીઓના અભાવે લગભગ છેલ્લા શ્વાસ લઈ રહી છે, અને આ જ પ્રદેશમાં એવી પણ એક સંસ્થા છે જેમાં પ્રવેશ માટે ગજબનો ધસારો છે. તીર્થ જેવી એ નિવાસી વિદ્યા સંસ્થા છે સૌરાષ્ટ્ર–**સોનગઢની શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ.**

આ સંસ્થાની વિગતો અહીં એટલે પ્રસ્તુત કરું છું કે ઉપર જેમ જે સંસ્થાની આપણે વાત કરી એમ આ સંસ્થાએ પણ એક સમયે આવી જ પરિસ્થિતિનો ગંભીર સામનો કર્યો હતો, અને એ સંઘર્ષ સમયે એ સંસ્થાએ પ્રબળ ચિંતન કર્યું, કારણો શોધ્યા અને એ પ્રમાણે એનો ત્વરિત અમલ કર્યો, અને એટલે આજે એની પાસે ઝળહળતી પ્રસિદ્ધિ છે.

વર્તમાનમાં આ સંસ્થા ૪૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ-સંસ્કાર આપે છે. પ્રત્યેક વિદ્યાર્થી માટે નિવાસ, શિક્ષણ વગેરે માટે પ્રતિવર્ષ રૂા. ચાલીસ હજારનો ખર્ચ કરી એ વિદ્યાર્થી પાસેથી એક પણ રૂપિયો લીધા વગર સૌરાષ્ટ્રની ધરતી ઉપર ધમધમતી આ સંસ્થાની ગાથા સર્વ માટે પ્રેરક છે.

એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન મુનિ, સંગીત માર્તંડ, જ્યોતિષાચાર્ય, પ્રખર ચિંતક અને પ્રભાવક વક્તા પૂ. ચારિત્રવિજયજી પધાર્યા બુંદેલખંડથી, બીજા જૈન મુનિ આઠ કોટિ મોટી પક્ષના સ્થાનકવાસી, આયુર્વેદાચાર્ય, પ્રખર ગાંધીવાદી, સુધારાવાદી ચિંતક અને પ્રભાવક વક્તા ધીંગી ધરા કચ્છ પ્રદેશથી પધાર્યા પૂ. કલ્યાણચંદ્રજી બાપા, આ બે મુનિઓનો સંગમ થયો સૌરાષ્ટ્રની ધરતી પર ભાવનગર–પાલીતાણા પાસેના સોનગઢ ગામમાં. ગામમાં એક ખૂણે દયાનંદ સરસ્વતીના આર્યસમાજની ગુરુકુળની નિવાસી સંસ્થા અને શાળા થઈ, અને એ જ ખૂણે પૂ. કાનજી સ્વામીજીએ આત્મતત્ત્વની ચિંતનધારા વહાવી. વિચારો, આવી ધરતી અને આવા વાતાવરણમાં જે વિદ્યાર્થીનું ઘડતર થયું હોય એનું મન કેટલું ખુલ્લું, મોકળું અને ધર્મના ભેદભાવ વગરનું હોય!

આ સોનગઢની ઉતાવળી નદીના કાંઠે વનવગડા જેવી, ભૂત ભેંકારવાળી કોઈ બાપુ ગરાસિયાની જમીન શ્રેષ્ઠીના દાનથી ખરીદી લીધી. પૂ. ચારિત્રવિજયજીના ભક્તો ભાવનગર, પાલિતાણા,

• ૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–(U.S. $ 15) • ૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–(U.S. $ 40) • ૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–(U.S. $ 65)
• ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–(U.S. $120) • કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–(U.S. $ 150)

પોરબંદર, જામનગર, માંગરોળ અને વંથલી વગેરે નગરોમાં પથરાયેલા, એમાં ભળ્યાં કચ્છના દાતાઓ મેઘજી થોભણ પરિવાર જેવા, અને અન્યો. આ શ્રીમંતોની ધનરાશિ અને પૂરબાઈનું છાત્રાલયના મકાન માટે દાન, આ સર્વેના સહકારથી સન ૧૯૨૩માં આ નિવાસી સંસ્થાની સ્થાપના થઈ. પ્રારંભમાં માત્ર ૧૩ વિદ્યાર્થી, સોનગઢમાં હાઈસ્કૂલ નહિ, એટલે આ બધાં પાસેના ગામ સિહોરમાં ભણવા જાય. પછી તો સોનગઢમાં સ્કૂલની સ્થાપના થઈ અને આ સંસ્થા ૧૦૦ વિદ્યાર્થીઓ સાથે ધમધમવા માંડી.

એ સમયે કચ્છ અને સૌરાષ્ટ્રના ગામોમાં શાળાઓ નહિ, કૉલેજો તો માત્ર મોટા શહેરોમાં જ, એટલે જે ગામમાં શાળા ન હોય એ ગામમાંથી જૈન કુટુંબોના બાળકો આવી સંસ્થામાં શિક્ષણ લેવા આવે. એ સમયે આવી નિવાસી સંસ્થાઓ ઓછી અને વિદ્યાર્થીઓ અસંખ્ય. આજે ગામેગામ સ્કૂલો અને કૉલેજો થઈ ગઈ છે એટલે પરિસ્થિતિ વિપરીત થઈ.

સોનગઢ આશ્રમમાં વિદ્યાર્થીઓનું ઘડતર અને સર્વાંગી વિકાસ પૂજ્ય મુનિરાજોના વાત્સલ્યથી થયું. શિસ્ત, શ્રમ અને વાત્સલ્યના ત્રિવેણી સંગમમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ ઘડતર થયું. ઉપરાંત કચ્છમાંથી બીજા બે મુનિજનો પધાર્યા, અને કચ્છના મેઘાણી જેવા સાધુચરિત વિદ્વાન દુલેરાય કારાણી સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે બિરાજ્યા. **મહાત્મા ગાંધી** અને અનેક સંતો, રાજામહારાજાઓ, વિદ્વાનો, દેશભક્તો, શિક્ષણવિદો અને સમાજ સેવકોએ આ ધરતી ઉપર પગલાં કરી આશ્રમની ધરતીને પવિત્ર ઊર્જાથી ભરી દીધી. પૂ. બાપા કહેતા કે મારે માટીમાંથી માનવ બનાવવા છે. કોલસાને પકવીને રત્નો બનાવવા છે. અને આજ સુધી લગભગ ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓએ આ સંસ્થામાં શિક્ષણ પ્રાપ્ત કર્યું છે. આ સર્વે અત્યારે સમાજમાં યશસ્વી સ્થાને છે, આમાંથી ૧૪ પૂર્વ વિદ્યાર્થીઓએ તો જૈન ધર્મનું સંયમ જીવન સ્વીકારી, મુનિપદ પ્રાપ્ત કર્યું છે, એમાંના કોઈએ તો આચાર્યપદ સુધી પ્રગતિ કરી છે.

સંસ્થાની સ્થાપના થઈ ત્યારે પૂ. કલ્યાણચંદ્રજી બાપા (એઓ 'સમયધર્મ' જેવા સાત્ત્વિક અને સુધારક માસિકના સ્થાપક અને 'પ્રબુદ્ધ જૈન'ના નિયમિત વાચક હતા) પોતાના અમૂલ્ય કાર્ય અને વાત્સલ્યમાં શ્રદ્ધા રાખી કહેતા કે, પહેલાં વીસ વર્ષ હું ભીખ માગીને આશ્રમ ચલાવીશ, પછીના વીસ વર્ષ મારે માગવા જવું નહિ પડે. મારા આ વિદ્યાર્થીઓ જ થોડું ઘણું સંભાળી લેશે, અને ચાલીસ વર્ષ પછી તો હું નિશ્ચિંત છું. મારા આ બધાં છોરા વિદ્યાર્થીઓ જ આશ્રમને સંભાળી લેશે. કારણકે શિક્ષણ સાથે આ સાધુ ભગવંતોએ એમના વિદ્યાર્થીઓને અપાર અને અમૂલ્ય વાત્સલ્ય આપ્યું હતું. અને બન્યું પણ એવું જ. પ્રથમ ૧૩ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી હરજીવનભાઈ તો શિક્ષણ પૂરું કરીને આશ્રમના વહિવટમાં ગોઠવાઈ ગયા. થોડા સમય પછી આ જ આશ્રમના વિદ્યાર્થી ખીમજી વીરાએ, ઉચ્ચ શિક્ષણ મેળવી, પ્રાધ્યાપક તરીકેની યશસ્વી કારકીર્દિ છોડી આશ્રમમાં જ ગૃહપતિ તરીકે ૪૦ વર્ષ એકધારી સેવા આપી. જે વિદ્યાર્થીઓ સંસાર વ્યવહારમાં પ્રવૃત્ત થયા એમણે અન્ય વહિવટો સંભાળી સંસ્થાને આર્થિક રીતે સદ્ધર કરી દીધી. આજે એ શિક્ષણ અને વાત્સલ્ય-પ્રેમનો અમૂલ્ય વારસો પૂર્વ વિદ્યાર્થીઓ આગળ વધારી રહ્યાં છે. પૂ. બાપાના અનન્ય ભક્તો ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી ને ભોગીભાઈ શેઠે દાનપ્રવાહ વહાવ્યો અને ધનસમૃદ્ધ સંતોકમાએ તો પોતાની જમીન (વિશાળ વાડી) અને સર્વ સંપત્તિ આશ્રમને ચરણે ધરી દીધી. આજે કચ્છના દાનવીરોએ સંસ્થાને સદ્ધર અને નિશ્ચિંત કરી દીધી છે. આર્થિક કટોકટીના સમયે કચ્છના એક ભામાશા પૂ. લાલજીબાપા (શ્રી દામજીભાઈ–જાદવજીભાઈ એન્કરવાળાના પિતાશ્રી)નો ખભો અને ધન આશ્રમને પ્રાપ્ત થયા. સાથોસાથ પૂર્વ વિદ્યાર્થી કરમશી કુંવરજી અને શિવજી કુંવરજી તેમ જ એમના સાથીઓની વહિવટી દક્ષતા મળી.

આવી સંસ્થાને પણ લગભગ ૨૫ વર્ષ પહેલાં ઉપર જણાવેલ તેમ અપૂરતા વિદ્યાર્થીની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. એ સમયે માત્ર ૪૦ની સંખ્યા સુધી આંકડો પહોંચ્યો. પરંતુ એ વખતના સંચાલકો તરત જ સફાળા જાગ્યા, અને સંશોધન શરૂ કર્યું.

મુંબઈ, નાશિક, ગુજરાત અને સોરાષ્ટ્રથી પ્રસિદ્ધ સ્કૂલોના ૧૫ આચાર્યો અને શિક્ષણશાસ્ત્રીઓને પૂરા ત્રણ દિવસ સોનગઢ આશ્રમમાં આમંત્ર્યા. આ મહાનુભાવોએ સતત બેઠકો યોજી, ચર્ચાઓ કરી અને બધાંએ દીર્ઘ રિપોર્ટ તૈયાર કરી, સંસ્થા વિદ્યાર્થીઓથી ભરાઈ જાય એવી ટૂંકા અને લાંબા ગાળાની યોજના અને નિયમો આપ્યા.

લાંબા ગાળાની યોજનામાં આશ્રમમાં પહેલાં ગુજરાતી માધ્યમની અને પછી અંગ્રેજી માધ્યમની પોતાની સ્કૂલ શરૂ કરવાનું સૂચવ્યું. સંચાલકોએ કમર કસી અને એ માટેની ધનરાશિ એકત્ર કરી. ૧૯૯૯માં ગુજરાતી માધ્યમની અને ૨૦૦૩માં અંગ્રેજી માધ્યમની સ્કૂલ શરૂ થઈ, એ પણ આશ્રમના સંકૂલમાં જ. શિક્ષણનું પરિણામ ૧૦૦ ટકા છે. ભાવનગર જિલ્લાની લગભગ ૪૦૦ સ્કૂલોમાં શ્રેષ્ટ ૨૦ સ્કૂલોમાં આ સંસ્થાની બેઉ સ્કૂલોનું સ્થાન છે

શિક્ષણવિદોએ એ પણ દીર્ઘદર્શન કરાવ્યું કે, બદલાતા કપરા સમયમાં ભવિષ્યમાં કુટુંબો તૂટશે, ત્યારે પતિ-પત્ની બંનેએ કમાવા જવું પડશે. એવે સમયે મધ્યમવર્ગી દંપતી પોતાના બાળકને મોંઘી નિવાસી શાળામાં મૂકી નહિ શકે ત્યારે એવું જ શિક્ષણ આપતી આવી સંસ્થા એ વર્ગ માટે ઉપકારક થશે અને ત્યારે તમારે જગ્યા વધારવી પડશે. વર્તમાનમાં આ સત્ય પૂરવાર થયું છે.

૧૯૭૭માં એક અગત્યનો નિર્ણય એ લેવાયો કે હવેથી વિદ્યાર્થી પાસેથી કોઈ જ ફી-લવાજમ ન લેવા.

એ શિક્ષણવિદોએ એક અગત્યનું સૂચન એ પણ કર્યું કે વિદ્યાર્થીઓના પ્રવેશ માટે એની ગઈ કાલની કારકિર્દીને મહત્ત્વ ન

આપવું. પરંતુ વિદ્યાર્થીના કુટુંબની આર્થિક, કૌટુંબિક અને સામાજિક પરિસ્થિતિને ખ્યાલમાં રાખી પ્રવેશ આપવો, અને એક શ્રીમંતના પુત્રને મહિને એક લાખની ફીથી મોટી નિવાસી શાળામાં જે શિક્ષણ મળે એવી કક્ષાનું શિક્ષણ આપવું. સંચાલકોએ એ પણ સ્વીકાર્યું, પરંતુ સમૃદ્ધિ અને સગવડતાની ભેદરેખા સ્પષ્ટ કરી સમાંતરે સંસ્કાર અને શ્રમને જરા પણ તિલાંજલિ ન આપી. પરિણામે આ સંસ્થામાં પ્રવેશેલ વિદ્યાર્થી પ્રવેશ કરે ત્યારે બોદા રૂપિયા જેવો હોય, પણ શિક્ષણ પૂરું કરી નીકળે ત્યારે એ રણકતા રૂપિયા જેવો થઈને વ્યવહાર જગતમાં પ્રવેશે.

શૂન્ય કર્મચારીથી શરૂ થયેલી આ નિવાસી વિદ્યા સંસ્થા **મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં** આજે ૮૦ થી વધુ કર્મચારીઓ છે. અહીં કરેલું ધનદાન એ વિદ્યાદાન અને મંદિર નિર્માણ જેટલું મહાન છે. અને એમાંથી ઉગતાં પુણ્યો દાતા માટે વડલા જેટલાં વિશાળ થશે એ શ્રદ્ધા છે. (022-24165639/9322597077/9323341641)

આ સંસ્થા વિશે તો એક ગ્રંથ લખાય એવો એનો પ્રેરક ઈતિહાસ છે, આ તો નિમિત્ત મળ્યું અને લખાઈ ગયું, શા માટે ?

કારણ કે, ૧૯૪૮ થી ૧૯૫૭ આ લખનાર આઠ વર્ષ આ સંસ્થાની સુવર્ણરજમાં આળોટ્યો છે. ત્યાંથી વ્યવહારના વાસ્તવિક જગતમાં આવ્યા પછી એ સંતોના પ્રતાપે ઘણું પ્રાપ્ત થયું છે, પણ એ આઠ વર્ષને તો આજે ય પ્રતિપળે નિશદિન ઝંખું છું.

❑ **ધનવંત શાહ**
drdtshah@yahoo.com

સમ્રાટ સમ્પ્રતિ મહારાજ

ભારતીય ચલણી નોટો ઉપર અશોક ચક્રના હિસાબે દેશનો પ્રત્યેક નાગરિક સમ્રાટ અશોકના નામને જાણે છે. હિન્દુસ્તાનના ઈતિહાસમાં શૌર્ય, નિડરતા અને વીરતા માટે સમ્રાટ અશોકનું સ્થાન દરેકના દિલમાં છે.

ઈતિહાસ જાણકારો તથા સંશોધકોનું કહેવું છે કે સમ્રાટ અશોક અને મહારાણી પદ્માવતીથી જે પુત્ર થયો તે કુણાલ મહારાજા અને તેમના પુત્ર સમ્રાટ સંમ્પ્રતિ.

દાદારાણી પદ્માવતી તેમ જ સુહસ્તિસૂરિજી મહારાજ સાહેબની પ્રેરણા અને આશીર્વાદથી વીર સંવત ૨૭૫માં સમ્રાટ સંમ્પ્રતિ મહારાજે મગધદેશની અવન્તી નગરીમાં રાજધાની સ્થાપી, તે સમયે સમગ્ર હિન્દુસ્તાનમાં જૈન ધર્મની વિજયપતાકા ફરકી રહી હતી.

સમ્રાટ સમ્પ્રતિ મહારાજનું જીવન અને કવન

જૈનશાસનની અપ્રગટ ઐતિહાસિક ઘટના

રાજસ્થાનના ઉદેપુરથી આશરે ૯૦ કિલોમિટર દૂર મેવાડના રાજા રાણાએ કુંભલગઢમાં ઐતિહાસિક કિલ્લો બનાવેલો જેમાં દુનિયાની ત્રીજા નંબરની દિવાલ ૧૧૦૦ મિટરની ઊંચાઈ અને ૩૬ કિલોમિટર સુધીનો વિસ્તાર તે 'ગ્રેટ વોલ ઑફ ઈન્ડિયા' તરીકે જાણીતી છે. આ દિવાલ (વોલ) વિશ્વમાં સૌથી પ્રથમ બંધાણી, ત્યારબાદ 'ગ્રેટ વોલ ઑફ ચાઈના' બંધાણી.

સમ્રાટ સમ્પ્રતિ મહારાજનું યોગદાન

ઈ. સ. પૂર્વે ૨૨૪-૨૨૫ની સાલમાં (આશરે ૨૨૦૦ વર્ષ પહેલાં) અહીં સમ્રાટ સમ્પ્રતિ મહારાજનું રાજ હતું. કુંભારાણાએ બનાવેલ ગઢ મજબૂત અને સુંદર કિલ્લો સમ્રાટ સમ્પ્રતિ મહારાજે બનાવ્યો. સમ્રાટ અશોકે તો બૌદ્ધ ધર્મ સ્વકારેલ પરંતુ તેની રાણી પદ્માવતી જૈન હોવાથી પોતાનામાં નિહીત તમામ જૈન સંસ્કૃતિ અને સંસ્કારો, પૌત્રમાં ભર્યા તેથી પરિણામ એ આવ્યું કે સમ્રાટ સમ્પ્રતિએ જીવનકાળ દરમ્યાન સવા કરોડ મૂર્તિઓ ભરાવી અને સવા લાખ જિન મંદિરો બંધાવ્યા. માતા-ગુરુના આશીર્વાદથી શત્રુંજય મહાતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પોતાના રાજ્યમાં કોઈ રાત્રે ભૂખ્યો ન સૂઈ રહે આ રીતે ગરીબોના બેલી અને નિરાધારોના આધાર બન્યા. ૭૦૦ જેટલી દાનશાળાઓ ખોલી અનુકંપાદાન કરતા. દેશ ઉપરાંત આર્ય દેશો ચીન, બ્રહ્મદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, નેપાળ, ભૂતાનમાં જૈન ધર્મનો પ્રચાર–પ્રસાર કર્યો. અપંગ-વૃદ્ધ પશુઓ માટે હજારો પાંજરાપોળો–પશુ શાળાઓ ખોલી, જીવદયાના કાર્યો કર્યા તેમ જ જીવહિંસા ઉપર પ્રતિબંધ મૂકાવ્યો. પોતાના કિલ્લામાં કુલ ૩૬૦ મંદિરોમાંથી ૩૦૦ જૈન દહેરાસર બાકીના હિંદુ મંદિરો આવેલા છે. એક એવી દંતકથા છે કે ધર્મપ્રેમી સમ્રાટ સમ્પ્રતિ મહારાજ સવારના (ચાહ-નાસ્તો) નવકારશી ત્યારે જ કરે જ્યારે એમને સમાચાર આપવામાં આવે કે આજે એક નવા જૈન દહેરાસરનું નિર્માણ થયું છે. આજે પ્રત્યેક ધર્મપ્રેમી જૈનોના દિલમાં વસેલા સમ્રાટ સમ્પ્રતિ મહારાજ અને મહારાણી પદ્માવતી છે. હિંદુસ્તાનમાં તેમણે જૈન ધર્મનો ફેલાવો પણ પુષ્કળ કર્યો તેથી તેઓ 'જૈન અશોક' તરીકે પણ ઓળખાય છે. મહારાણા પ્રતાપનો જન્મ પણ કુંભલગઢમાં થયેલો. સરકારના હેરિટેજ વિભાગ દ્વારા ગઢની આસપાસ લાઈટ એન્ડ સાઉન્ડનો શૉ પણ થાય છે જથી એક અવિસ્મરણીય દૃશ્ય આકાર પામે છે. આવા ઐતિહાસિક સ્થળે રૂબરૂ મુલાકાત લઈ જીવન ધન્ય બનાવવું રહ્યું.

ઉપરોક્ત જણાવેલ ઘટના વિશે વધુ ચોક્કસ માહિતી–સંશોધન કરવા જૈન આગેવાનોની એક ટીમ જૈન રત્ન **શ્રી. સી. જે. શાહની** આગેવાની હેઠળ ૨૭મી સપ્ટેમ્બરે જરૂરી સ્થળોએ મુલાકાત લઈ ઇતિહાસનું સંશોધન કરશે.

✷ ✷ ✷

દિ. જૈન માતાજી (સાધ્વીજી) પ્રસન્નમાતાજીની કથા

□ લેખક : વિલિયમ ડેરીમ્પલ (અંગ્રેજીમાં) ભાવાનુવાદ : પુષ્પા પરીખ

આશરે બે હજાર વર્ષોથી કર્ણાટકનું ગામ 'શ્રવણબેલગોલા' જૈનોનું પવિત્ર તીર્થ ગણાય છે. અત્રે ભારતના એક સમયના મહારાજા ચંદ્રગુપ્ત મૌર્યએ જૈન ધર્મ અંગીકાર કરી સંથારો લીધો હતો એમ કહેવાય છે. ત્યારબાદ સં. ૯૮૧માં એટલે કે લગભગ બારસો વર્ષ બાદ એક લશ્કરી વ્યક્તિએ વિંધ્યાગિરિ પહાડ પર ૬૦ ફીટ ઊંચી પ્રતિમાની સ્થાપના કરવાનું વિચાર્યું. આ પ્રતિમા એક રાજકુમાર બાહુબલિની યાદમાં બનાવવાનું વિચાર્યું હતું. આ રાજકુમાર તેમના ભાઈ ભરત સાથે રાજ્ય મેળવવા માટે હસ્ત યુદ્ધમાં જીત્યા હતા પરંતુ જીત બાદ તરત જ એમણે લોભ અને મોહનો ત્યાગ કરી જૈન ધર્મ સ્વીકારી સાધુ જીવન અંગીકાર કરી વનમાં સીધાવ્યા અને પૂરા એક વર્ષની કઠિન તપસ્યા કરી. આખું વર્ષ ધ્યાનમાં વિતાવ્યું. આ સમય દરમિયાન તેઓના હાથ-પગ પર વનમાં ઉગેલ લતાઓ વીંટળાઈ વળેલી. આ સાધના દરમિયાન તેઓએ અનેક ઈચ્છાઓ, એષણાઓ પર કાબૂ મેળવ્યો.

આ વિંધ્યાગિરિ પર્વત પર ચઢાણ દરમિયાન મારી આગળ એક દિ. જૈન સાધ્વીજી નામે 'પ્રસન્નમાતાજી' ખુલ્લા પગે ચઢતા હતા. તેઓ સફેદ સાડીમાં સજ્જ હતા અને સાથે એક કમંડળ અને પીંછી (મોરપીંછમાંથી બનાવેલ) જ હતા. તેઓ ઝડપથી અને પીંછીથી આગળના પગથિયાં જીવજંતુ મુક્ત કરતા કરતા પહાડ પર જતા હતા. ઉંમરમાં પ્રમાણમાં નાના જણાતા હતા. ઉપર જઈને દર્શન કર્યા બાદ એમના વિષે વધુ જાણવાની ઈંતેજારી થઈ. માતાજીએ ઉપર જઈ જૈન વિધિથી દર્શન પૂજા પતાવી અને તેઓ તો એટલા ઝડપથી નીચે ઉતરી ગયા કે મારે બીજા દિવસની રાહ જોયા વગર છૂટકો નહોતો.

બીજે દિવસે સવારે તેઓના ઉતારે હું ગયો અને દર્શન માટે રાહ જોતો હતો. તેઓની સવારની વિધિ, દર્શન વિધિ, આહાર વગેરે ક્રિયાઓમાંથી પરવાર્યા બાદ મારી સાથે ચર્ચા કરવા તૈયાર હતા. મને તેમણે સાધુ જીવન કેમ પસંદ કર્યું એ જાણવામાં વધુ રસ હતો તેથી તેમના જન્મથી માંડી આજ સુધીના તેમના ઈતિહાસ બાબત મારે ખાસ માહિતી મેળવવી હતી. સૌ પ્રથમ તેમણે ઉપદેશથી જ શરૂઆત કરી.

આપણા દુ:ખનું કારણ દરેક પ્રકારની આસક્તિ જ છે. આપણા જીવનમાં અપરિગ્રહને સૌ પ્રથમ સ્થાન આપવું જોઈએ. આ સિદ્ધાંતને અમલમાં મૂકવા જ હું આ સંઘમાં જોડાઈ છું. આહાર નિયંત્રણ, વિહાર કરતાં રહેવું, અહિંસા પાલન વગેરે ત્યાગના વિધ વિધ પ્રકારો જ છે. બીજો એક ખાસ કેળવવા જેવો ગુણ સાધુ જીવન માટે જે છે તે અનાસક્તિ. મારામાં ક્યાંય સુધી આ ગુણ નહોતો. ફક્ત એક વ્યક્તિ જે મારી ખાસ સહચરી હતી તેના વિયોગથી મને ઘણું દુ:ખ થયું હતું પરંતુ તે પણ છેવટે ગુરુજ્ઞાનથી દૂર થયું અને આજે હું આંતરબાહ્ય બંને પ્રકારે સાધુ જીવન જીવી રહી છું. મારી સહચરી પ્રયાગમતીએ સંલેખના લીધી હતી.

હવે હું આપને મારી એમની સાથેની ચર્ચા સંવાદ રૂપે રજૂ કરી તેમના જીવનનો ઇતિહાસ વર્ણવું છું.

પ્રશ્ન : પ્રથમ મને આ જે 'સંલેખના' શબ્દ આપે વાપર્યો તે જરા સમજાવશો ?

માતાજી : 'સંલેખના' એટલે મૃત્યુ પર્યંતના વિધિપૂર્વકના ઉપવાસ. જૈન ધર્મ પ્રમાણે સાધુ જીવનનું અંતિમ ધ્યેય એટલે કે નિર્વાણ પામવાનો એક રસ્તો એટલે 'સંલેખના.' પરિવારમાં રહીને પણ 'સંલેખના' લઈ શકાય.

પ્રશ્ન : એનો અર્થ આત્મહત્યા ન કહેવાય ?

માતાજી : ના, ના, હરગીઝ નહીં. 'સંલેખના' અને આત્મહત્યામાં આસમાન જમીનનો ફરક છે. આત્મહત્યા એ પાપ છે અને આત્મહત્યા માણસ દુ:ખમાંથી એક ઝાટકે છૂટવા માટે કોઈને જણાવ્યા વગર કરે છે. સંલેખના તો મૃત્યુ પર વિજય મેળવવા લેવામાં આવે છે.

પ્રશ્ન : પરંતુ મૃત્યુ પર્યંત ભૂખ્યા રહેવાને તો આત્મહત્યા જ કહેવાય ને !

માતાજી : જૈન ધર્મ પ્રમાણે મૃત્યુ એ જીવનનો અંત નથી. જ્યારે તમે સંલેખના લો ત્યારે તમે નવું જીવન પ્રાપ્ત કરવા રાજીખુશીથી જઈ રહ્યા છો અને તેનો તમને આનંદ હોય છે. આત્મહત્યા કરનારના મનમાં દુ:ખ અને દર્દ હોય છે. સંલેખના લેનારના મનમાં એક અદ્‌ભૂત શાંતિ હોય છે. સંલેખનાની એક પ્રકારની ધાર્મિક વિધિ જ હોય છે. સતત તમારા મનમાં પ્રભુના નામનો જપ કરવાનો હોય છે. તમને

મુખપૃષ્ઠ સૌજન્ય

ડૉ. હસમુખરાય આર. શાહ–કાંદિવલી,મુંબઈ. એઓશ્રી લખે છે: 'પ. પૂ. ભુવનભાનુ સૂરિજી સાહેબે બેંગલોરમાં કોઈ બ્રાહ્મણ ચિત્રકાર પાસે પોતાની કલ્પના પ્રમાણે આ ચિત્ર તૈયાર કરાવ્યું છે. અને આ લેમિનેટેડ ફોટો પૂ. નંદિભૂષણ સાહેબે તેમના ચાતુર્માસ દરમિયાન મલાડમાં મને આપ્યો હતો. સહસ્ર પાંદડી ઉપરનો આ સરસ્વતીનો ફોટો મારી જાણમાં નથી.'

સંલેખનાના દિવસોમાં સતત ગુરુનું અથવા માતાજીનું માર્ગદર્શન મળતું રહે છે. અગાઉથી તમારો આહારનો સમય અને પ્રકાર તથા પ્રમાણ નક્કી કરવામાં આવે છે. સંલેખના લેનારની સારસંભાળ રાખવા સંઘમાંથી જ કોઈની નિયુક્તિ કરવામાં આવે છે. અંતર્ધ્યાન માટે એ વ્યક્તિને તૈયાર કરવામાં આવે છે અને પોતાના કર્મોના ક્ષય માટે પ્રાર્થના પણ કરાવવામાં આવે છે. સંલેખના લેનારના મનમાં એક અજબ પ્રકારનો આનંદ હોય છે.

પ્રશ્ન : પરંતુ જ્યારે આપની સહચરીએ સંલેખના લીધી ત્યારે તમને તો જરૂર દુ:ખ થયું હશે ! તેમના મૃત્યુ બાદ આપની માનસિક સ્થિતિ પર અસર થઈ હતી ?

માતાજી : હા, જરૂર મને ઘણું જ દુ:ખ થયું હતું. તેઓનું દર્દ મારાથી જોવાતું નહોતું અને તેમના મૃત્યુ બાદ મને ઘણું જ રડવું પણ આવ્યું હતું પરંતુ આ વિશે હું આપને આગળ પર વધુ જણાવીશ.

ફરીને બીજે દિવસે એમના આહારના સમયે હું જઈ પહોંચ્યો. આહાર વિધિ જોવાની મજા આવી. બે હાથની હથેળીમાં જ કોળીયો મૂકાય અને આરોગાય. આહાર વખતે કંઈ વિઘ્ન આવે તો તે દિવસે ઉપવાસ. આહાર વિધિ પત્યા બાદ પાછા અમે ખંડમાં ચર્ચા કરવા બેઠા. આજે એમણે એમના જીવન વિષે બાળપણથી આજ સુધીનો વૃત્તાંત ખૂબ લંબાણથી જણાવ્યો જે એમના જ શબ્દોમાં હું આપને જણાવું છું.

માતાજી : મારો જન્મ રાયપુર, છત્તીસગઢમાં ૧૯૭૨માં એક ઘણા શ્રીમંત જૈન કુટુંબમાં થયો હતો. મારું જન્મ સમયનું નામ 'રેખા' રાખ્યું હતું. અમારું સંયુક્ત કુટુંબ હતું જેમાં મારા ચાર કાકાઓનો પરિવાર પણ સાથે જ હતો. મારે બે ભાઈઓ હતા અને હું એકલી જ કન્યા રત્ન હતી. બધાંની ખૂબ જ લાડકી હતી. મને મીઠાઈ ખૂબ ભાવતી અને તેમાં પણ રસગુલ્લા અને પેઠા ખાસ. મારે બે સખીઓ–એક બ્રાહ્મણ અને એક જૈન હતી. મને ચલચિત્રનો પણ બહુ શોખ હતો અને અમિતાભ તથા રેખા મારા ખાસ ગમતા હીરો-હીરોઈન હતા અને મારું પ્રિય ચલચિત્ર હતું 'કુલી'.

અમારા ગામમાં એકવાર એક સંઘ પધારેલ જેમાં એક પરમ જ્ઞાની શ્રી દયાસાગર મહારાજજી હતા. મારી ઉંમર તે વખતે તેર વર્ષની હતી. મારા માતાપિતા મને તેમના દર્શનાર્થે એક દિવસ લઈ ગયા. મહારાજ સાહેબે તેમની દસ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી અને આજે તો તેઓ શાસ્ત્રના ઘણા ઊંડા અભ્યાસી અને જ્ઞાની ગણાય છે. તેઓ રાયપુરમાં ચાતુર્માસ અર્થે પધારેલા. તેઓ બાળકોને તેમના પ્રવચનમાં અહિંસા, શાંતિ અને આહાર પર ખાસ સમજાવતા. મને પણ તેમના પ્રવચનમાં રસ પડવા લાગ્યો અને પ્રવચન સાંભળી આચારમાં મૂકવા પ્રયત્ન કરતી. ધીમે ધીમે મેં મારા આહારમાંથી ઘણાં પદાર્થો છોડવા માંડ્યા. મારું આ પગલું મારા કુટુંબીજનોને ન ગમ્યું પરંતુ હું બહુ જ જીદ્દી સ્વભાવની હતી તેથી મારા આહાર માટે હું તો મક્કમ જ રહી. એક વર્ષ બાદ મેં સંઘમાં જવાની મારી ઈચ્છા પ્રદર્શિત કરી. બધાએ ઘણો વિરોધ કર્યો અને છેવટે સ્કૂલની રજાઓમાં ધાર્મિક શિક્ષણ માટે જ જવાની રજા આપી. બધાંને મનમાં એમ હતું કે ત્યાંના કપરા જીવનથી કંટાળીને હું પાછી જ આવીશ. પરંતુ મને તો ત્યાંનું વાતાવરણ બહુ જ ગમી ગયું. હું તો પાછી ઘરે આવવા તૈયાર જ નહોતી પરંતુ કૌટુંબિક પ્રસંગ આવતો હોવાથી મને પિતાજી આવીને લઈ ગયા. એક મહિના બાદ મેં પાછી જીદ પકડી. મને પેઠા અને રસગુલ્લા ખવડાવ્યા અને ખૂબ દબાણ કર્યું; પરંતુ મારે તો પાછું સંઘમાં જ જવું હતું. બધાએ મને ખૂબ જીદ્દી કહી પરંતુ ત્રણ દિવસ બાદ મારી જીદ પૂરી થઈ અને મને પાછી સંઘમાં જવાની રજા આપી. જો કે મારા પરિવારજનોને મારા આ પગલાંનો મનમાં તો ગર્વ જ હતો. બધાને હું દીક્ષા લઉં તે નહોતું ગમતું. મને તો સંઘમાં બહુ જ ગમતું. મારા જ્ઞાનમાં વધારો થતો ગયો અને મને પણ સમજાયું કે છેવટે તો આ સંસાર છોડીને જવાનું જ છે. જન્મ અને મૃત્યુ આપણા હાથની વાત નથી જ નથી. જન્મ અને મૃત્યુના ફેરામાંથી છૂટવાનો પ્રયત્ન મનુષ્યે કરવો જ જોઈએ. ધીમે ધીમે અમને સંસ્કૃત અને પ્રાકૃતમાં ધાર્મિક શિક્ષણ અપાતું; સાથે સાથે ધ્યાન અને અધ્યાત્મ બાબત પણ શિક્ષણ અપાતું. સવારના પહોરમાં ત્રણ વાગે ઉઠાડી ધ્યાનમાં બેસવાનું શિક્ષણ અપાતું. શરૂ શરૂમાં તો આ ઘણું અઘરું લાગતું. શ્રદ્ધા આપણા જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. આધ્યાત્મિક જ્ઞાન વગર મુક્તિ અશક્ય છે. આત્મા હંમેશાં મુક્તિના પંથે આગળ વધતો જ હોય છે. બે વર્ષ સંઘમાં પસાર કર્યા બાદ અંતે મેં દીક્ષા લેવાનું નક્કી કર્યું. મારા વાળ ઘણા લાંબા અને સુંદર હતા. મારા ગુરુને મારા વાળ કાતરથી કાપી અને પછી અસ્ત્રો ફેરવવાની ઈચ્છા હતી. પરંતુ મેં જીદ પકડી અને કેશલોચ જ કરાવ્યો. આ વિધિ ઘણી દર્દભરી હતી અને તેમાં પૂરા ચાર કલાક ગયા. મારા પરિવારમાં મેં કોઈને જણાવ્યું નહોતું પરંતુ તેઓને સમાચાર

प्रतिभावंत विधार्थीओने आर्थिक सहाय

જિતો તરફથી SMS મળ્યો છે કે જે પ્રતિભાશાળી જૈન વિદ્યાર્થીને દેશ તેમ જ પરદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હશે તેમને તેમ જ UPSCની I.A.S., I.P.S. અને રાજ્યકક્ષાની P.S.C.ની પરીક્ષા આપવી હશે એ સર્વેને સર્વ પ્રકારની આર્થિક સગવડો આ સંસ્થામાંથી પ્રાપ્ત થશે. સંપર્ક કરેઃ www.jito.org અથવા www.jitontf.org.

Email : jelp@jto.org. Call : 022-61409851

આવી ઉમદા યોજના માટે જિતોના ટ્રસ્ટીગણ અને સંચાલકોને હૃદયપૂર્વકના ધન્યવાદ.

□ તંત્રી

મળી જ ગયા અને તેઓ આવી પહોંચ્યા. બધાંને ઘણું દુ:ખ થયું અને રડવું પણ આવ્યું.

લગભગ આ જ અરસામાં મારો પ્રયાગમતી સાથ મેળાપ થયો. એક વખત પ્રયાગમતીના ગામમાં અમારો સંઘ હતો. તેના પિતાશ્રીએ સંઘને આમંત્રણ આપેલ. પ્રયાગમતીની ઉંમર પણ મારા જેટલી જ હતી. લગભગ દરરોજ તે અમને મળવા આવતી અને પ્રવચન સાંભળવા બેસતી. એની સાથે મારે સારી મિત્રતા બંધાઈ ગઈ. એના જેટલું મને સમજનાર આજ સુધી કોઈ મળ્યું નહોતું. તેના પિતાએ તેની સગાઈ વિષે બધું જ નક્કી કર્યું હતું. પરંતુ તેને લગ્ન કરવામાં જરાયે રસ નહોતો. અમે જે દિવસે એ ગામમાંથી વિહાર કર્યો તેના બે દિવસે બાદ સરકસ જોવાના બહાને થોડા પૈસા અને ચોરી છૂપીથી બે જોડી કપડાં લઈ તે બસમાં નીકળી ગઈ અને અમારા સંઘમાં જોડાઈ ગઈ. એના પરિવારને જાણ થઈ અને એને પાછી લઈ જવા આવી પહોંચ્યા. ઘણી વિનંતી કરવા છતાં પણ તે પાછી જવા તૈયાર નહોતી. તે જ ક્ષણથી અમે છેવટ સુધી સાથે ને સાથે જ રહ્યા. અમારા જીવનમાં અનેક યાદગાર પ્રસંગો હતા. કોક કોકવાર હિંદુઓ પણ અમારા દર્શને આવતા. લોકો માને છે તેટલું અમારું જીવન અગવડભર્યું નથી હોતું. અમારી જીવન શૈલીમાં ગરીબ અને તવંગર, શિક્ષિત અને અશિક્ષિત, જ્ઞાની અને અજ્ઞાનીના ભેદ રહ્યા નહોતા. અમે બિલકુલ બોજ રહીત જીવન જીવતા હતા. આ રીતે પૂરા ચાર વર્ષો રહ્યા બાદ દીક્ષા લેવાનો સમય આવ્યો. અમારા પરિવારના બીજા બાળકોના લગ્ન બાદ અમને દીક્ષા લેવાની મંજુરી મળી. પરિવારમાં આવતા લગ્નો બાદ શ્રવણ બેલગોલામાં બાહુબલિની મૂર્તિ સમક્ષ દીક્ષા ગ્રહણ કરવાના સોગંદ લીધા. માર્ચ મહિનામાં અમે દીક્ષા લીધી. અમને દીક્ષા આપતા પહેલાં નવોઢા જેમ શણગારવામાં આવ્યા હતા. દીક્ષાનો પ્રસંગ મોટો ઉત્સવ બની ગયો. દીક્ષા બાદ અમારા માતાપિતાને પણ અમારે સમાજના સભ્ય જેવા જ ગણવાના હતા. અમારી દીક્ષા બાદ અમારી નામકરણ વિધિ થઈ અને અમારા પ્રયાગમતિ અને પ્રસન્નમતિ નામો રાખ્યા. આજ પછી અમારે સંપૂર્ણ સાધ્વીજીવન વિતાવવાનું હતું. વાહન નહીં વાપરવાનું, રોજ એકાસણું કરવાનું, માંદગીમાં એલોપથી ઉપચાર નહીં કરવાનો, અહિંસાનું સંપૂર્ણ પાલન કરવાનું, રોજ શાસ્ત્રોનો અભ્યાસ કરવાનો અને રાગ દ્વેષની લાગણીઓમાં તણાવાનું નહીં. બીજા જ દિવસથી વિહાર ચાલુ થઈ ગયો. લગભગ દરરોજ કંઈક નવા અનુભવો થતા.

થોડા સમય બાદ પ્રયાગમતિનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું. ચાલવામાં તકલીફ પડતી. પાંચ સાત વર્ષોમાં તો તબિયત ઘણી કથળી ગઈ. નીચે બેસાય નહીં, લોહીની ઉલટી થવા માંડી. ટી.બી.ની અસર હોય એવું જણાવા લાગ્યું. શરૂઆતમાં તો આયુર્વેદિક ઔષધો આપ્યા. જોકે પ્રયાગમતિ તો બહુ જ સમતા અને શાંતિ રાખતા. તેમનું મનોબળ પણ ઘણું મજબૂત હતું. તેમને પોતાને તો સાજા થઈ જવાની ઘણી આશા હતી. જ્યારે તબિયત વધુ બગડી ત્યારે તેઓએ સંલેખના લેવાની ઈચ્છા પ્રગટ કરી. તેમને ગુરુજી તરફથી સંલેખનાની રજા મળી. મને તેમનું ધ્યાન રાખવાનું કાર્ય સોંપવામાં આવ્યું. મારે રોજ તેમને શાસ્ત્ર સંભળાવવાનું, મંત્રો સંભળાવવાના, મનોબળ નબળું ન પડે તેનું ધ્યાન રાખવાનું, વગેરે કાર્યો મને ખાસ સોંપવામાં આવ્યા. ધીમે ધીમે તેઓ તદ્દન પથારીવશ થઈ ગયા. અંતે એક દિન તેમનું પ્રાણપંખેરૂં ઊડી ગયું. મને ખૂબ જ લાગી આવ્યું. હું ખૂબ જ રડી. મારા ગુરુજી તે દિવસે મારી સાથે જરા કડક રીતે વર્ત્યા. અમારે અમારી લાગણીઓ પર પણ કાબૂ રાખવાનો હોય છે. ૧૪ મી ડિસેમ્બરે એમણે દેહત્યાગ કર્યો અને ૧૫મી ડિસેમ્બરે એમની અંતિમ ક્રિયા પતાવી બીજે જ દિવસે હું વિહાર કરવા નીકળી ગઈ. પ્રથમ વાર એક સાધ્વીજી તરીકેની એકલતા ભોગવતી હું નીકળી પડી.

બીજે દિવસે જ્યારે હું તેમની વિદાય લેવા ગયો ત્યારે તેમણે મને નીચેનો વૃત્તાંત સંભળાવ્યો.

માતાજી : તેઓનો–પ્રયાગમતિજીનો–અંતિમ સમય નક્કી જ હતો. આજે તેઓ સદહે નથી. મારે એ સત્ય સ્વીકારવું જ પડે. સંસારમાં દરેક ચીજનો અંત લખાયેલો જ છે. મારા જીવનમાં મેં પચાસેક સંલેખનાના પ્રસંગો જોયા છે પરંતુ પ્રયાગમતિ માતાજીની સંલેખનાએ મને સાચું જ્ઞાન આપ્યું છે. મારે પણ એ સમય માટે તૈયાર રહેતાં શીખવું જ જોઈએ. દેહનો ત્યાગ એ અંતિમ ત્યાગ છે.

પ્રશ્ન : આપ માનો છો કે પુનર્જન્મમાં આપ તેઓને મળશો ?

માતાજી : એ તો અનિશ્ચિત છે. આપણા શાસ્ત્રો કહે છે કે એવી ઘણી વ્યક્તિઓ છે જે પુનર્જન્મમાં એકબીજાને મળે છે પરંતુ એ આપણા હાથમાં નથી.

* * *

પુષ્પા પરીખ, ૬,બી, કેનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન:૦૨૨-૨૩૮૭૩૬૧૧.

મહાવીર વંદના

વિદ્યાબેન મનસુખલાલ ખંભાતવાળાન અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા.૧મેના પાટકર હોલમાં યોજાયેલ મહાવીર વંદનાની ઑડિયો CD તૈયાર થઈ ગઈ છે તો જેમને જોઈતી હોય તેઓએ નીચેના સરનામે Phone કરીને મેળવી લેવા વિનંતી છે. વિના મૂલ્યે તે વિતરણ કરવામાં આવશે.

કમલેશભાઈ જે. શાહ, C/o વિરલ જ્વેલર્સ, ૯૨૫, પારેખ માર્કેટ, ૯મે માળે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૩૮૬૩૮૨૬ Mobile : 9821932693.

સમય : બપોરના ૧૨-૦૦ થી સાંજના ૫-૦૦ સુધી

જ્ઞાનપૂર્ણ, ગરિમાયુક્ત, અનુપમ અનુભવ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નિર્મિત
વિખ્યાત સર્જક અને ચિંતક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા

ગૌતમ-કથાનો બીજો દિવસ

વિષય : દર્શનનો ચમત્કાર : ગણધરવાદ

જ્ઞાનનો ભંડાર : પ્રભુ સાથે સંવાદ

કથાના બીજા દિવસે ગુરુ ગૌતમસ્વામીની સ્તુતિની સાથે ભગવાન મહાવીર અને ગૌતમસ્વામીના મેળાપની કેટલીક વિશિષ્ટતાઓ પ્રગટ કરતા આંતરરાષ્ટ્રીય ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ભગવાનને તર્ક નથી આપવો, પણ સત્ય આપવું છે. તર્કમાં તીખાશ અને તેજાબ હોય છે, સત્યમાં શાંતિ અને સંવાદ હોય છે. આથી સકલ વેદશાસ્ત્ર વિશારદ મહાપંડિતોના સંશયોને મહાવીર સ્વામી કોઈ પ્રહારથી ભંગ કરતા નથી. તેમને મિથ્યા કહેતા નથી કે મૂર્ખ માનતા નથી. જગતનો વિરલ સિદ્ધાંત; પરંતુ એ વેદ વાક્યનું વિશિષ્ટ અર્થઘટન કરીને આ સંશય આત્માઓને સત્ય તરફ લઈ જાય છે.

વર્ષોથી જેણે વેદને વાંચ્યા છે, અંતરમાં ઉતાર્યા છે, કંઠમાં કંઠસ્થ કર્યા છે, એમને પોતાની જ વાણી, વાત અને વચન સમજવા ઘણા સરળ પડે અને તેથી ભગવાન મહાવીરે આ વેદશાસ્ત્ર પારંગત પંડિતોને વેદમાં વર્ણવાયેલી બાબતોનો અર્થ કરીને સમજાવે છે અને એ રીતે પોતાની તત્ત્વદૃષ્ટિ સાહજિકતાથી પ્રગટ કરે છે. આ તત્ત્વજ્ઞાનની ધારામાં નવીન બાબત લાગે. માત્ર એક જ વેદવાક્ય નહીં, પણ બીજાં વેદવાક્યોને પણ અર્થ તારવીને પોતાની તત્ત્વધારા સમજાવે છે.

દીવાની આસપાસ ચોતરફ ઝળહળતો પ્રકાશ હોય; પરંતુ એની નીચે અંધારુ હોય તેમ મહાજ્ઞાની ગૌતમના ચિત્તમાં આત્માના અસ્તિત્વ વિશે સંશય હતો અને એ સંશયના કારણરૂપે ભગવાન મહાવીર કહે છે કે વેદપંક્તિના અર્થને કેમ બરાબર સમજતા નથી?

'विज्ञानघन एव एतेभ्यो भूतेभ्य: समुत्थाय, तान्येवानु विनश्यति, न प्रेत्यसंज्ञाऽस्तीति'

આનો અર્થ એ છે કે આત્મા કાળાંતરે વિવિધ શરીરો ધારણ કરે છે. દરેક શરીર વિશેષ સંજ્ઞાથી ઓળખાય છે, પણ આત્મા કદી નાશ પામતો નથી. આત્મા ધ્રુવ અને નિત્ય જ રહે છે. વેદ પદોનો આ જ ધ્વનિ છે અને કાળા આકાશ એકાએક વિખરાઈ જાય અને સૂર્ય પ્રકાશિત થાય તે રીતે જ્ઞાનનો સૂર્ય અને આત્માના અસ્તિત્વની વાત સમજાવવા લાગી. સરળ રીતે જોઈએ તો આત્માના અસ્તિત્વ અંગે નીચેની વાત કરી:

(૧) સર્વજ્ઞને દેખાય છે તેથી માનવું જોઈએ.

(૨) આત્મા પ્રત્યક્ષ દેખાતો ન હોય, પણ પ્રક્રિયાથી જાણી શકીએ છીએ. શું દૂધમાં ઘી છે? પણ અમુક પ્રક્રિયાથી જાણી શકાય છે. દૂધમાં ઘી હતું માટે ઘી મળ્યું.

(૩) કોઈ કહે અમે પ્રત્યક્ષ હોય તેને જ માનીએ છીએ? બીજાનું જોયેલું માનતા નથી. તમે બુદ્ધિશાળી છો. જરા, બુદ્ધિ કાઢીને બતાવશો?

(૪) દાંતમાં વેદના થાય છે એટલે ક્યાં થાય છે? વેદના બતાવી શકતા નથી!

(૫) તમને ભ્રમ છે. ભ્રમવાળી ચીજ હોય છે. દોરડાને ભ્રમથી સાપ માનો છો. જગતમાં સાપ તો છે જ.

(૬) જીવંત અને મૃતદેહમાં ભેદ શો? હલનચલન નથી, તો શું ગયું? તે આત્મા.

ઈન્દ્રભૂતિ ગૌતમની શંકાનો કીડો દૂર થતાં જ પારાવાર પ્રસન્નતા જાગી. એમના હાથ પ્રશસ્ત ભાવે

।। ગૌતમકથા ।।
ગૌતમકથા D.V.D.

ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક અને હૃદય સ્પર્શી વાણીમાં ત્રણે દિવસની ગૌતમ કથાને જીવંત માણો ત્રણ ડી.વી.ડી.માં.

પ્રત્યેક ડી.વી.ડી. કથા-ચિંતન-ગીત-સંગીત અઢી કલાક

ત્રણે ડી.વી.ડી. એક સાથે એક આકર્ષક પેકિંગમાં

એક સેટ રૂા. ૩૦૦/-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો અને પેટ્રનો તેમજ છાત્રાલયો અને પુસ્તકાલયો, દેરાસર અને ઉપાશ્રયોને રૂા. ૨૭૦/- એક સાથે દશ ડી.વી.ડી. સેટ લેનારને એક ડી.વી.ડી. સેટ પ્રભાવના સ્વરૂપે.

બૅંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના CD A/C No. 003920100020260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારોને આ જ્ઞાનની ભેટ અર્પણ કરી જ્ઞાનકર્મનું પુણ્ય પ્રાપ્ત કરો. પરિવાર અને મિત્રો સાથે બેસીને આ ડી.વી.ડી. દ્વારા ગૌતમકથાનું દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે-અમૂલ્ય છે-શાશ્વત છે.

જોડાઈ ગયા અને બોલ્યા, 'આપ ખરેખર સર્વજ્ઞ છો, પરમ જ્ઞાની છો, પરમ વિજ્ઞાની છો. હું અનેક શાસ્ત્રોનો જાણકાર હોવા છતાં અજ્ઞાની જ ગણાઉ. આપે તો મારો આત્માવિષયક માનસિક સંશય, યથાતથ્ય રૂપે કહી બતાવ્યો છે. વળી વેદ-પદના અર્થની બાબતમાં મારો મનોમાર્ગ દોષયુક્ત છે એવું આપે કહ્યું. હવે મને કૃપા કરીને તે જ વેદપદ દ્વારા તેનો સત્યાર્થ સમજાવો.'

ભગવાન મહાવીરે પંડિત ઈન્દ્રભૂતિને ત્રણ પ્રમાણોથી અને એ જ રીતે પ્રત્યક્ષ, અનુભવ અને સ્વઅવલોકનથી આત્મતત્ત્વના અસ્તિત્વના પ્રતીતિકર પુરાવા આપ્યા. ઈન્દ્રભૂતિનો જીવ અંગેનો સંશય ધીરે ધીરે દૂર થયો.

ભારતપ્રસિદ્ધ મહાપંડિત ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રભુ મહાવીરની સમીપ આવ્યા. બે હાથ જોડી ઈન્દ્રભૂતિ ગૌતમ બોલ્યા,

'આપનું કહેવું યથાર્થ છે. આપ સાચા જ્ઞાની, મહાજ્ઞાની અને સર્વજ્ઞ છો. મારો વર્ષોનો સંદેહ દૂર થયો. આપ આપના શિષ્યો તરીકે મારો અને મારા પાંચસો શિષ્યોનો સ્વીકાર કરશો.'

ભગવાન મહાવીરે ક્ષમાભાવ ધારણ કરીને પ્રસન્નતાથી કહ્યું, 'હે ઈન્દ્રભૂતિ ગૌતમ! આ બધામાં હું ભાવિ શુભ યોગનું અને ધર્મશાસનના પ્રભાવનું દર્શન કરું છું. તમારી ઋજુતાને કારણે તમારા એ જ્ઞાનનો વિશેષ ઉપયોગ થશે. આપણે સાથે રહીને ધર્મતીર્થની પ્રભાવના કરીશું.'

ભગવાન મહાવીરની દૃષ્ટિ ભવિષ્ય પર છે. એમને મન વર્તમાનના જય-પરાજયનો કોઈ મહિમા નહીં.

ઈન્દ્રભૂતિ ગૌતમ પાછા નહિ આવતાં એમના નાના ભાઈ અગ્નિભૂતિ મહાવીરને જીતવા ચાલ્યા. અગ્નિભૂતિ ગૌતમના ચિત્તમાં પડેલી વર્ષો જૂની કર્મ વિશેની શંકાનું મહાવીરે નિવારણ કર્યું. અગ્નિભૂતિ ખુદ જિતાઈ ગયા. બંને મોટા ભાઈઓ એમના ૫૦૦ શિષ્યો સહિત ભગવાન મહાવીર પાસે દીક્ષિત થયાનું સાંભળીને સૌથી નાનો ભાઈ વાયુભૂતિ મહાવીરને મહાત કરવા નીકળ્યો. વાયુભૂતિ ભગવાન મહાવીરની સમીપ પહોંચ્યા કે ભગવાને જીવ અને શરીર એક છે કે જુદા જુદા એવા એના મનના સંશયનો ઉત્તર આપ્યો. આ સમાચાર સાંભળીને પંડિત વ્યક્ત આવ્યા અને એને પંચભૂત અંગે સંશય હતો. જગતમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ સાચાં છે કે સ્વપ્નવત્ છે, એવી એની શંકાનું નિવારણ કર્યું. ત્યારબાદ પંડિત સુધર્માના ઈહલોક અને પરલોક વચ્ચેના સંશયને દૂર કર્યો. મંડિક બ્રાહ્મણના બંધ અને મોક્ષ વિશેના સંશયનું નિવારણ કર્યું અને એ પછી આવેલા મૌર્યપુત્રનો દેવ છે કે નહિ તે સંશય દૂર કર્યો. અકંપિતનો નરકના અસ્તિત્વ વિશેનો સંશય અને અચલભ્રાતાની પાપ-પુણ્યના અસ્તિત્વ વિશેની શંકા દૂર કર્યા. દસમાં પંડિત મેતાર્યને પરલોક વિશે અને અગિયારમા પંડિત પ્રભાસને મોક્ષ વિશે સંશય હતો. ભગવાન મહાવીરે એ બધા પંડિતોના સંશયનું હૃદયસ્પર્શી રીતે અને અનુભવને આધારે નિરાકરણ કર્યું. આ નિરાકરણનો મર્મ ડૉ. કુમારપાળ દેસાઈએ એમની આગવી તર્કપૂર્ણ વાણીથી પ્રગટ કર્યો.

ભગવાનની અહિંસા, સમતા, અનેકાન્ત પદ્ધતિ અને નયવાદની પરિપૂત દૃષ્ટિનો સહુને અનુભવ થયો. પ્રથમ પાંચ પંડિતોના ૫૦૦-૫૦૦ શિષ્યો, છઠ્ઠા અને સાતમા પંડિતોના ૩૫૦-૩૫૦ શિષ્યો અને છેલ્લા ચાર પંડિતોના દરેકના ૩૦૦ શિષ્યોએ મહાવીરના ચરણે પોતાની જાત સમર્પિત કરી. આમ એકસાથે ૪૪૧૧ પુણ્યાત્માઓએ મહાવીરનો ઉપદેશ સ્વીકારતાં ધર્મક્ષેત્રે ચમત્કારરૂપ ઘટના બની અને ભગવાન મહાવીરનો અગિયાર મહાપંડિતો સાથેનો આ વાર્તાલાપ 'ગણધરવાદ'ને નામે જાણીતો બન્યો.

ગણધરવાદ વિશે સામાન્ય રીતે આ પ્રસંગની ગરિમાનું વર્ણન થાય છે. એથીય વિશેષ કવચિત્ પંડિતોના ચિત્તની સમસ્યાનો ભગવાન મહાવીરે આપેલો ઉકેલ દર્શાવાય છે, કિંતુ અન્ય દર્શનોના સંદર્ભમાં ગણધરવાદની વિશિષ્ટતા અને તેમાં પ્રગટ થતી જૈનદૃષ્ટિ જોવાનો વિરલ પ્રયત્ન ડૉ. કુમારપાળ દેસાઈની વાણીમાં સાંભળવા મળ્યો. એમણે આ મહાન ઘટનાનું જૈનદર્શનના પરિપ્રેક્ષ્યમાં અવગાહન કરતાં કહ્યું કે–

જૈન આગમગ્રંથો પર દૃષ્ટિપાત કરીએ તો ભગવાન મહાવીર સ્વામીના ગણધરો વિશે પ્રમાણમાં બહુ થોડી વિગતો પ્રાપ્ત થાય છે. 'સમવાયાંગ સૂત્ર'માં ગણધરોના નામ અને આયુષ્ય વિશે થોડી હકીકતો ઉપલબ્ધ થાય છે. સમગ્ર જૈન આગમ-સાહિત્યમાં સૌથી વધુ વ્યાપક પ્રસાર પામેલા 'આવશ્યક સૂત્ર'માં ગણધરોએ વાદ થયા પછી પ્રથમ સામાયિકનો ઉદ્દેશ લીધો હતો અને એ ઉદ્દેશને પરિણામે તેઓ મોક્ષસુખ પામ્યા તેવી નોંધ મળે છે.

સૌપ્રથમ આ પ્રસંગનો ઉલ્લેખ 'આવશ્યક સૂત્ર' નિર્યુક્તિમાં મળે છે. આવશ્યક નિર્યુક્તિની ૫૯૬મી ગાથા આ પ્રમાણે છેઃ

'जीवे कम्मे तज्जीव भूय तारिसय बंधमोक्खेय ।
देवा णेरइय या पुण्णे पलल्लोय णेव्वाणे ।।'

આચાર્ય ભદ્રબાહુકૃત 'કલ્પસૂત્ર'માં બધા તીર્થંકરોમાં ભગવાન મહાવીર સ્વામીનું ચરિત્ર સૌથી વધુ વિસ્તૃત રીતે આલેખાયું છે, પરંતુ આ 'કલ્પસૂત્ર'માં ગણધરવાદની ઘટના મળતી નથી, પરંતુ 'કલ્પસૂત્ર' પર લખાયેલી ટીકાઓમાં ગણધરવાદની સમગ્ર ઘટના અને તેની દાર્શનિકતાનું રસપ્રદ નિરૂપણ મળે છે. 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય' નામના શાસ્ત્રમાં શ્રુતમહોદધિ આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજે આનું આલેખન કર્યું છે.

આટલી ભૂમિકા પછી સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ ગણધરવાદની આલેખનશૈલી વિશિષ્ટ પ્રકારની છે. વિશ્વમાં ગુરુ સન્મુખ પ્રગટ કરેલી જિનાજ્ઞા અને તેના ઉત્તરરૂપે ગુરુ પાસેથી મળેલા જ્ઞાનના ઘણાં દૃષ્ટાંતો મળે છે. ગ્રીક તત્ત્વજ્ઞાની સોક્રેટિસને

એના શિષ્ય પ્લેટોએ પ્રશ્ન પૂછ્યા અને સોક્રેટિસે એના ઉત્તર આપ્યા. ભગવાન બુદ્ધ સમક્ષ પ્રશ્નરૂપે ભિખ્ખુ આનંદ જિજ્ઞાસા પ્રગટ કરતા હતા અને ભગવાન બુદ્ધ એનું સમાધાન કરતા હતા. શ્રીકૃષ્ણ સમક્ષ અર્જુન પોતાનો સંશય પ્રગટ કરે છે અને શ્રીકૃષ્ણ સંશયાત્મા અર્જુનના સંશયને દૂર કરે છે. સ્વયં ભગવાન મહાવીરસ્વામીને ગૌતમસ્વામીથી માંડીને જયંતી શ્રાવિકા સુધી સહુએ જિજ્ઞાસાથી પ્રશ્નો પૂછ્યા છે. આમાં પ્રશ્નકર્તા જિજ્ઞાસુ હોય અને ઉત્તરદાતા જ્ઞાની હોય તેવું જોવા મળે છે. જ્યારે ગણધરવાદમાં શંકા અને સમાધાન બંને ભગવાન મહાવીર દર્શાવે છે. તેઓ બ્રાહ્મણ પંડિતોના ચિત્તમાં રહેલા સંશયોને પ્રથમ સ્વયં પ્રગટ કરે છે અને પછી તેનો ઉત્તર આપે છે. આમ વિરોધી મતને શિષ્ય કે સંશયાત્માની દલીલથી રજૂ કરવાને બદલે તેને તેઓ સ્વયં કહે છે અને પછી તેઓ જ તેનો ઉત્તર આપે છે. આ ઉત્તરમાં સૂક્ષ્મ અને અતીન્દ્રિય તત્ત્વોની ગહન વિચારણા મળે છે. વિરોધીના મનની શંકાઓ પ્રથમ દર્શાવીને એનો પ્રતિવાદ કરવાની શૈલી આચાર્ય જિનભદ્રસૂરિના સમયના ગ્રંથોમાં વિવિધ દાર્શનિક પાસાની છણાવટ પ્રયોજાતી હતી અને એ જ શૈલી મુજબ તત્ત્વજ્ઞાન રજૂ થયું છે.

આવી આલેખન પદ્ધતિના રહસ્યોનું પ્રગટીકરણ કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ પોતાના આગવા ચિંતન સાથે દર્શાવ્યું કે આવી પદ્ધતિનું એક તારણ પ્રભુ મહાવીરની સર્વજ્ઞતા દર્શાવવાનું છે. સર્વજ્ઞને વળી શંકા કહેવાની શી જરૂર? સામી વ્યક્તિના મનને ઘેરી વળેલી શંકા તેઓને જ્ઞાત જ હોય. આથી પંડિતો પ્રશ્ન પૂછે અને પોતે ઉત્તર આપે તે રચના કેટલી યોગ્ય ગણાય? તેમના દ્વારા જ શંકા અને સમાધાન બંને આલેખાય તે સર્વથા ઉચિત ગણાય. પ્રત્યેક પંડિત ભગવાન મહાવીર પાસે આવે છે, ત્યારે ભગવાન મહાવીર એને એના નામ અને ગોત્રથી સંબોધે છે અને પછી તેમના મનમાં રહેલી શંકા કહે છે. ભગવાન મહાવીરની સર્વજ્ઞતા દર્શાવવાની સાથે આમાં તર્કશુદ્ધતાની આગવી પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ સમગ્ર છણાવટનું નવનીત આપતાં વિદ્વાન ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે એક અર્થમાં કહીએ તો ગણધરવાદમાં શ્રદ્ધા અને તર્કનું મનોરમ સમતોલન સર્જાયું છે. સર્વજ્ઞતાને કારણે તેઓ કશું સ્વીકારી લેવાનું કહેતા નથી, બલ્કે તર્કશુદ્ધતાથી વૈચારિક ગતિ કરવાનું સૂચવે છે.

એ સમયની દર્શન પરંપરા અને ભગવાન મહાવીરના દર્શનનો એક સુંદર ભેદ ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રગટ કર્યો. એમણે કહ્યું કે સામાન્ય રીતે વિરોધી મતનું ખંડન અને સ્વમતનું મંડન એ ભારતીય દર્શનની પરંપરા હતી. આ પરંપરા વિરોધી મત પર આગ્રહપૂર્વક પ્રહાર કરીને પોતાના મતની સ્થાપનામાં ઇતિશ્રી મનાતી હતી. આમાં વિરોધી મતની ક્યાંય ટીકા નથી. વિરોધી શાસ્ત્રોને ક્યાંય હીણાં કે ખોટાં ચીતરવામાં આવ્યાં નથી. કોઈપણ શાસ્ત્રનું સર્વથા ખંડન કરવું એ અનેકાંત દર્શનને અનુસરતી તત્ત્વદૃષ્ટિને શોભારૂપે ન ગણાય. એ શાસ્ત્રનો પણ યથાર્થ અર્થ પ્રગટ કરી આપવો, તે સમાદર કે વ્યાપકતા હોવી જોઈએ. આવી વિશિષ્ટ સમન્વયાત્મક દૃષ્ટિ ગણધરવાદમાં જોવા મળે છે. આથી ભગવાન મહાવીરની વાત્સલ્ય નીતરતી વાણીમાં પંડિતનાં નામ, ગોત્ર અને સંશયને કહ્યા પછી તેઓને વેદવાક્યનો યુક્તિયુક્ત અર્થ દર્શાવે છે અને પછી એમાંથી પોતાની તત્ત્વદૃષ્ટિ પ્રગટ કરે છે.

આ અગિયારે પંડિતો બાર અંગ અને ચતુર્દશપૂર્વ શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતા હતા. આ અગિયારે પંડિતો પોતાને સર્વજ્ઞ માનતા હતા. એમણે પરિશ્રમપૂર્વક શાસ્ત્રાભ્યાસ કરીને અને શાસ્ત્રાર્થોમાં વિજય મેળવીને મહાપંડિતો તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. માત્ર વેદમાં વિરુદ્ધ જણાતાં વચનોને કારણે પ્રત્યેક પંડિતના ચિત્તમાં ભિન્ન ભિન્ન તત્ત્વો અંગે સંદેહ હતો. તેમને અનુસરનારો વિશાળ શિષ્યસમૂહ હતો. એમાં ૬૫ વર્ષના મૌર્યપુત્ર, ૫૩ વર્ષના મંડિક, ૫૦ વર્ષના ગૌતમ છે. (આ સમયે ભગવાન મહાવીર ૪૨ વર્ષના હતા.) – વ્યક્ત અને સુધર્મા જેવા પંડિતથી માંડીને ૩૬ વર્ષના મેતાર્ય અને સોળ વર્ષના પ્રભાસ જેવા પંડિતો હતા.

મહાવીર અને ગૌતમના સ્નેહ-તંતુઓ ભવોભવ સુધી લંબાયેલા હતા. મહાવીરના ત્રીજા મરીચિના ભવમાં અને અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એમનો મેળાપ થયો હતો. હવે તેમના છેલ્લા ભવમાં તીર્થંકર અને ગણધર તરીકે તેઓ મળ્યા હતા અને પરમાત્મા મહાવીરે ગૌતમને આશ્વાસન આપતા કહ્યું,

'હે ગૌતમ! આ ભવ પૂરો કરીને ઉપર મોક્ષમાં જઈને પણ આપણે સદાના માટે બન્ને સરખા થઈ જશું અને સદાના માટે સાથે જ રહીશું!'

શ્રી ગૌતમસ્વામીના રાસમાં કહ્યું છે કે–

ચરમ જિણેસર તવ ભણે, ગોયમ મ કરિસ ખેઉ,
છેડે જઈ આપણે સહી, હોસ્યું તુલ્લા બેઉ.

કુમારપાળ દેસાઈએ કહ્યું કે ગૌતમસ્વામી એ અધ્યાત્મજગતનું પ્રતીક હતા અને એકેએક વિષયમાં જિજ્ઞાસા પ્રગટ કરી મહાવીર પાસેથી પરમ જ્ઞાન પ્રાપ્ત કરતા હતા. આપણું પાંચમું અંગ સૂત્ર શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અર્થાત્ 'શ્રી ભગવતીસૂત્ર' મુખ્યત્વે ગૌતમસ્વામી અને ભગવાન મહાવીરસ્વામીના પ્રશ્નોત્તરીના જ્ઞાનસાગરથી પરિપૂર્ણ બની રહ્યું. કેટલા પ્રશ્નો? કુલ છત્રીસ હજાર પ્રશ્નો – મહાવીર સ્વામી – 'गोयमा। समयं मा पमायए।'-હે ગૌતમ, સમયમાત્રનો પણ પ્રમાદ કરીશ નહીં.-

ચાર જ્ઞાનના ધારક, અનેક વિદ્યાઓના પારંગત, માતા સરસ્વતીના લાડકવાયા છતાં પોતાની જિજ્ઞાસા સંતોષવા નવી વાત જાણવા અને શંકાનું નિવારણ કરવા પોતાના પાંડિત્યનો ઉપયોગ કરવાને બદલે ભગવાનને પ્રશ્ન પૂછતા. વળી આ પ્રશ્ન ઊર્ધ્વજા એટલે કે ઊભે પગે, અધઃ શિર એટલે કે નીચા નમેલા મુખે અને

ધ્યાન કોષ્ઠક એટલે ધ્યાનસ્થ બનીને પૂછતા હતા. ભગવાન મહાવીરને ધર્મકાર્ય તરીકે સંદેશવાહક મોકલવાની જરૂર પડે ત્યારે ગૌતમસ્વામીને મોકલતા.

ગુરુ ગૌતમસ્વામી શરીરથી પ્રભાવશાળી અને જ્ઞાનથી પણ પ્રભાવશાળી હતા અને તેમનો સ્વભાવ તો સૌને વશ કરે તેવો હતો. વત્સલતા, સમતા, સરળતા, કરુણામયતા અને નિખાલસતા ભારોભાર હતા. મહાવીરના સંઘના સ્થવિર (વડીલ) તરીકે સૌને સાચવવાની, સુધારવાની અને શીખવવાની જવાબદારી, પણ તેથી એમની પદ્ધતિ અનોખી હતી. વગર બોલ્યે સૌનાં સંશયો છેદાઈ જાય અને સૌને વ્રત-નિયમમાં સ્થિર રહેવાની પ્રેરણા મળે તેવું એમનું પવિત્ર જીવન હતું.

લબ્ધિ નિધાન તરીકે ગુરુ ગૌતમસ્વામી પ્રસિદ્ધ હતા, પણ એમને ચમત્કારો સર્જવા પડતા નથી, આંતરિક શક્તિથી, આત્માની મસ્તીથી એ સર્જાઈ જાય છે. કેટલાક ચમત્કાર સર્જવા માટે સાધના કરે છે. ગૌતમસ્વામીની સાધના માત્ર આત્મસાધના કે યોગસાધના છે. ઋદ્ધિ, સિદ્ધિ કે લબ્ધિ આપોઆપ આવે છે.

ગૌતમસ્વામીની અઠ્યાવીસ લબ્ધિઓની નોંધ શ્રી ભગવતી સૂત્ર, શ્રી પ્રશ્ન વ્યાકરણ અને શ્રી પન્નવણાસૂત્રમાં મળે છે. ગૌતમસ્વામીની પૂજા, ભક્તિ કે સ્તુતિ તો ઠીક, પણ એમનું નામસ્મરણ પણ મંગલકારી ગણાય છે. સંકટોને હરનારું અને મનનાં મનોરથો પૂરા કરનારું મનાય છે–

ત્યારબાદ ડૉ. કુમારપાળ દેસાઈએ અષ્ટાપદયાત્રાનું વર્ણન કરતા કહ્યું કે ગૌતમસ્વામી ચારણલબ્ધિથી વાયુવેગે સૂર્યના કિરણો પકડી અષ્ટાપદ તીર્થ પર ચડી ગયા હતા. ત્યાં એમણે જગચિંતામણીસૂત્રની રચના કરી અને અષ્ટાપદ પર રાત્રિ વાસ કર્યો. પાછા આવ્યા ત્યારે પંદરસો તાપસોને એક પાત્રમાં ખીર લઈને અંગૂઠો પાત્રમાં રાખીને પારણું કરાવ્યું. રસ્તામાં ગુરુ ભગવાનનું વર્ણન સાંભળતા ૫૦૧ તાપસને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. બીજા ૫૦૧ને સમવસરણની શોભા જોઈને અને ત્રીજા ૫૦૧ને મહાવીરના મુખારવિંદના દર્શન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આમ એમના હાથે જેણે જેણે દીક્ષા લીધી, એને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. માત્ર એમને ખુદને જ નહીં.

એ પછી પાર્શ્વનાથ પરંપરાના કેશીકુમાર શ્રમણ અને ગૌતમસ્વામીની મુલાકાતનો પ્રસંગ આલેખ્યો અને કઈ રીતે કેશીકુમાર શ્રમણ અને એમના શિષ્યોએ ભગવાન મહાવીરના

એક અવર્ણનીય અનુભવ : મહાવીર કથાથી ઋષભકથા

હું 'પ્રબુદ્ધ જીવન'નો વર્ષોથી ગ્રાહક છું, એટલે ચાહક છું. તેના પૂર્વ તંત્રી મહાશયો શ્રી પરમાનંદ કાપડીયા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ અને ડૉ. રમણભાઈ શાહનાં લખાણો, પ્રવચનોથી પણ પરિચિત ખરો. આવા સંસ્કારી પુરુષોને પગલે 'પ્રબુદ્ધ જીવન'ને સરળ અને વિદ્વાન તંત્રી શ્રી ધનવંતભાઈ શાહ મળ્યા અને 'પ્રબુદ્ધ જીવન' માસિકે સાહિત્ય ક્ષેત્રે, અધ્યાત્મ ક્ષેત્રે હરણફાળ ભરી. તેની નિયમિત કોલમો જિનવચન, આચમન, જયભિખ્ખુ જીવનધારા, સર્જન સ્વાગત, પંથે પંથે પાથેય વાંચનમાં અવિરત રસ પીરસતી જ રહી છે. ગત્ વર્ષે પર્યુષણ વ્યાખ્યાન માળાનાં વ્યાખ્યાનો ઘણાં સમૃદ્ધ અને વૈભવ-સભર રહ્યાં. સાથે સાથે રચનાત્મક કાર્ય માટે દર વર્ષે ઉઘરાવાતો સ્વૈચ્છિક ફાળો ઘણો ઊંચો થયો. ગત્ વર્ષે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે મહાવીર જયંતીને દિવસે ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા મહાવીર કથાનો નવતર પ્રયોગ કરી ભાવિકો, વિચારકો અને અધ્યાત્મ જિજ્ઞાસુઓમાં નવા વિચાર અને નવી ચેતનાનો સંચાર કર્યો હતો. ભગવાન મહાવીરના જીવનના કેટલાક નવા પાસાઓ (વિશ્વનું પહેલું સાચું મહાભિનિષ્ક્રમણ) કુમારપાળભાઈએ ઉઘાડી આપ્યાં. અદ્‌ભુત! એ જ શૃંખલામાં આ વર્ષે ભગવાન મહાવીરનાં પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીની કથા કરી વિશિષ્ટ ચિંતન અને દર્શન દ્વારા આપણને આ મહાપુરુષનો સાચો પરિચય આપ્યો.

અત્યાર સુધી આપણે **'ગૌતમ સ્વામી'**ને દિવાળીના દિવસે નવા વર્ષની મિતિ નાખતી વખતે **'ગૌતમ સ્વામીની લબ્ધિ હજો'** એવા આપણને લાભદાયી વિચારો સુધી જ સીમિત રાખ્યા હતા, પણ કુમારપાળભાઈએ કથામાં ઈન્દ્રભૂતિ ગૌતમ વિષે કેવી કેવી અદ્‌ભુત વાતો કરી! આપણે ગણધરવાદથી ઉપરછલ્લી રીતે પરિચિત છીએ, પણ એ ગુરુ મહાવીરે ગૌતમને **૩૬૦૦ વાર 'ગોયમ્'** કહીને સંબોધ્યા તો આ વિનયી શિષ્યે ભગવાનને પણ **૩૬૦૦ વાર 'ભંતે'** કહી કેટકેટલા પ્રશ્ન પૂછેલાં એ આપણને ક્યાં ખબર હતી? ખીચોખીચ ભરેલા પાટકર હોલમાં અમે **પદ્મ નગર સિનિયર સિટીઝન ફોરમ**નાં ૧૨ સભ્યોએ ત્રણ દિવસ ભાગ લઈ, અમારી જીવન સંધ્યામાં રંગ પૂરતી ધન્યતાની એ પળો અંતર આનંદથી માણી હતી. એટલે જ યુવાન ગાયક શ્રી મહાવીર શાહનું ભક્તિ સંગીત 'ગુરુ ગૌતમ'ની મીઠી ધૂન હજુ પણ અમારા કાનોમાં ગુંજે છે. આવતા વર્ષે 'મહાવીર જયંતી'ના દિવસે જાહેર થયેલી, પુરાણ પુરુષ – વર્તમાન ચોવીસીનાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુની કથાની ઉદ્‌ઘોષણા સાંભળી અમે ભક્તિભાવથી છૂટા પડ્યા.

આ કાર્યક્રમોમાં અમૂલ્ય યોગદાન આપનાર ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ધનવંત શાહ, શ્રી મહાવીર શાહ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સવિનય આભાર માનું છું.

❑ **વિનોદભાઈ ચુ. શાહ**
સી-૫૩, પદ્મનગર, ચકાલા, અંધેરી (પૂર્વ), મુંબઈ. મો. ૯૩૨૦૧૨૮૬૬૦

ધર્મનો સ્વીકાર કર્યો, તેનું શ્રી ઉત્તરાધ્યાયન સૂત્રના ૨૩મા અધ્યાયના આધારે નિરુપણ કર્યું. ત્યારબાદ ગૌતમસ્વામી અને મહાવીર સ્વામીના જુદા જુદા સંવાદો આલેખતા ડૉ. કુમારપાળ દેસાઈએ કેટલાક ચિંતન-મોતીનું આલેખન કર્યું હતું. એ અનેક સંવાદોમાંથી 'આવશ્યક હરિભદ્રી' અને 'દશાશ્રુતસ્કંધ' અધ્યાય-૯માં માંદાની માવજતનો એક સંવાદ જોઈએ.

ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પૂછે છેઃ હે ભગવન ! જે માંદાની માવજત કરે તે ધન્ય છે કે જે આપને દર્શનથી પામે એ ધન્ય છે?

ભગવન્ : હે ગૌતમ! જે માંદાની માવજત કરે છે તે ધન્ય છે.

ગૌતમ : ભગવન્! આપ એવું શા ઉપરથી કહો છો?

ભગવાન : હે ગૌતમ! જે માંદાની સેવા કરે છે તે મને દર્શનથી પામે છે; અર્થાત્ જે મને દર્શનથી પામે છે તે બીમારની સેવા કરે છે. આજ્ઞાનું પાલન કરવું તે અરહંતોનું દર્શન છે. તેથી જ હે ગૌતમ! હું એમ કહું છું કે જે માંદાની માવજત કરે છે તે મને દર્શનથી પામે છે, અર્થાત્ જે મને દર્શનથી પામે છે, તે માંદાની માવજત કરે છે.

માંદાની માવજત એ પણ પ્રભુને પામવાનો એક માર્ગ છે, એ સેવાલક્ષી વિચારનું બીજ આ પ્રશ્નોત્તરમાં જોવા મળે છે. જૈનધર્મમાં વૈયાવચ્ચનો – સેવાભાવનાનો અને સેવાપરાયણતાનો જે મહિમા વર્ણવવામાં આવ્યો છે તે બરાબર સમજીને અમલ કરવા યોગ્ય છે.

આ રીતે બીજા દિવસની ગૌતમ-કથાએ શ્રોતાઓને ગુરુ ગૌતમસ્વામીની વિરાટ પ્રતિભાનું પાવન દર્શન કરાવ્યું અને સૌ કોઈ ગૌતમસ્વામીની ધૂન સાથે વિખૂટા પડ્યા, ત્યારે એક જુદો જ અનુભવ લઈને સભાગૃહની બહાર નીકળ્યા. **(ક્રમશઃ)**

(ત્રીજા દિવસની કથાનો સાર આવતા મહિને, જુલાઈમાં)

બીજો દિવસ : ૧૬ એપ્રિલ, ૨૦૧૧

સૌજન્યદાતા : સ્વ. જાસુદબેન કાંતિલાલ સોનાવાલા

અનેરું પ્રાયશ્ચિત્ત

□ લીલાધર ગડા

*[અહીં જે અનેરા પ્રાયશ્ચિત્તની ઘટના છે, એ એક વ્યક્તિની ઘટના નથી. ઉજળા અને સમૃદ્ધ સમાજના પ્રત્યેકે આવું પ્રાયશ્ચિત્ત કરવું પડશે. આ જ સાચી કર્મ નિર્જરા છે. આ સંવેદના વાંચીને આપનું હૈયું જરૂર વેદનાથી પોકારી ઉઠશે, અને આપ આ ઉપેક્ષિત વર્ગ માટે હાથ અને હૈયું આગળ કરશો એવી અમને શ્રદ્ધા છે. આ સંસ્થાની **૭૭ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા** સમયે આ વખતે આ 'સરનામા વગરના માણસો'ના બાળકોના શિક્ષણ માટે ધનરાશી એકત્રિત કરવાનો અમારો વિચાર છે. પૂ. મોરારિ બાપુએ એક **રામકથા** આ ઉપેક્ષિતો માટે આપી, તો આપણે પણ પર્યુષણનું પુણ્ય આપીએ.*

કચ્છી સમાજમાં 'અધા'ના વ્હાલભર્યા અને યશસ્વી નામથી જાણીતા આ લેખક આજીવન સમાજ સેવક, વિદ્વાન લેખક અને ચિંતક છે. -તંત્રી]

મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના શંખલપુર ગામના પટેલ પરિવારમાં મિત્તલનો જન્મ. માબાપનો સિદ્ધાંત હતો કે દહેજ કે વારસામાં રોકડ કંઈ આપવું નહીં, માત્ર કેળવણી આપવી. મિત્તલે પોતે B.Sc. (Phy.) અને પત્રકારત્વમાં B.C.J.P., M.J.S. તથા M.Phill કર્યું. પત્રકારત્વના અભ્યાસ દરમ્યાન 'ચરખા' વિકાસ સંચાર અને નેટવર્ક દ્વારા સ્થળાંતરિત કામદારોના સામાજિક અને આર્થિક અભ્યાસ માટે અપાતી ફેલોશીપમાં મિત્તલની પસંદગી થઈ અને તેણે દક્ષિણ 'ગુજરાતના શેરડી કામદારો'નો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. શેરડી કામદારોની પરિસ્થિતિ જોવા તેણે શહેરમાં બેઠે બેઠે અહેવાલો મેળવવાને બદલે શેરડી કામદારો વચ્ચે, તેઓના અસ્થાયી પડાવો વચ્ચે રહી અભ્યાસ કરવાનું પસંદ કર્યું.

દ. ગુજરાતના શેરડીના ખેતરોમાં ખેતમજૂર તરીકે મોટા ભાગે ખાનદેશ, નંદુરબાર જિલ્લાના આદિવાસીઓ અને ઉકાઈ ડેમને કારણે જેમની જમીનો ડુબાણમાં ગઈ છે તેવા વિસ્થાપિતો કામ કરે છે. સિઝન દરમિયાન તેઓ ખેતરોની આસપાસ પડાવ નાંખીને રહે છે, જે વાસ્તવમાં ૩૦ થી ૫૦ ઝૂંપડાઓની નાની અસ્થાયી વસાહત હોય છે, જ્યાં કોઈપણ સગવડ હોતી નથી. શૌચાલય, લાઈટ, રસ્તા કે પીવાના પાણીનો પણ અભાવ હોય છે; જેનો ખ્યાલ શહેરથી જનારને હોતો નથી અને મિત્તલ માટે પણ એવું જ બન્યું.

અમદાવાદથી સવારે નીકળી અને છેક મોડી સાંજે તડકેશ્વર જે એનો પ્રથમ પડાવ હતો ત્યાં પહોંચી ત્યારે મિત્તલને હતું કે તડકેશ્વરમાં ક્યાંક નાની સરખી ધર્મશાળા હશે જ્યાં તે રોકાશે. પણ ત્યાં એવું કશું હતું નહીં. ગામથી શેરડી કામદારોનો પડાવ લગભગ ત્રણેક કિ.મી. દૂર હતો. છેવટે પડાવમાં કોઈકને ત્યાં રોકાઈશ એમ વિચારીને તે પડાવ પર પહોંચી. અંધારું થવા લાગ્યું અને પડાવમાં ક્યાં રહેવું તે સૂઝે નહીં. ભૂખ પણ કકડીને લાગી હતી. મજૂરોને મુકાદમની તાકીદ હતી કે કોઈપણ નવી વ્યક્તિને મુકાદમને પૂછ્યા વગર આશરો આપવો નહીં. મુકાદમ ત્યાં હાજર હતો નહીં એટલે મુકાદમ આવે નહીં ત્યાં સુધી કડકડતી ઠંડીમાં બહાર બેસી રહી. રાત્રે નિર્ણય લીધો કે આવા સંજોગોમાં કામ

કરી શકાશે નહીં તેથી સવારે પાછા શહેરમાં ચાલ્યા જવું. ત્યાં રાત્રે એક બીજો આઘાતજનક અનુભવ થયો. પાસેના શહેરમાંથી મોટરબાઈક પર બે જણ આવ્યા અને એક ઝૂંપડામાંથી એક બાઈને ઉપાડી ગયા. કોઈ દાદ કે ફરિયાદ થઈ શકે નહીં. મોટરબાઈક પર આવનારા મુકાદમના માણસો હોઈ શકે એટલે કોઈ કંઈ બોલ્યું નહીં. મિત્તલે પડાવના લોકોને આ ઘટના અંગે પૂછ્યું તો લોકોએ જવાબ આપ્યો કે અહીં આવું તો અવારનવાર બનતું રહે છે. એ બાઈનું નાનું બાળક અને તેનો પતિ પડાવના અન્ય લોકો સામે રડી રહ્યાં હતાં, પણ પોલીસ ફરિયાદની કોઈ વાત પણ કરતું નહોતું. મિત્તલે ફરિયાદ કરવા કહ્યું તો બધાએ જ ના પાડી અને સૌ વિખરાઈ ગયા. આ ઘટનાથી મિત્તલે પોતાનો નિર્ણય બદલ્યો. એણે નક્કી કર્યું કે ગમે તેવી તકલીફો વચ્ચે પણ આ મજદૂરોની હાલતનો અભ્યાસ કરી એ અંગેનો સંપૂર્ણ અહેવાલ તૈયાર કરવો.

બીજા દિવસે સવારે ક્યાંય ચા પણ મળે નહીં. પડાવના સ્થળે ચાની એક પણ લારી કે દુકાન હોવી સંભવ નહીં કારણ કે મજૂરો પાસે એટલા પૈસા નથી. સાથે લાવેલો નાસ્તો ખલાસ થઈ ગયો હતો એટલે બીજા દિવસે પણ ઉપવાસ કરવો પડે એવી હાલત છતાં આખો દિવસ તે તડકેશ્વર રોકાઈ. સ્ત્રી અને પુરુષ મજૂરો ખેતરે ચાલ્યાં ગયાં હતાં અને ઘરમાં બાળકો અને વૃદ્ધો પાસે તથા જેઓ કામે ગઈ ન હતી એવી બહેનો પાસે બેસીને વાતો કરી. પોતાનો અહીં આવવાનો ઉદ્દેશ સમજાવ્યો. ત્યારે માંડ માંડ ગભરાતાં ગભરાતાં કેટલીક બહેનોએ પોતાની હાલત, મજૂરી, અગવડ અંગેની સાચી વિગતો આપી અને મિત્તલનું હૃદય પ્રજ્વળી ઊઠ્યું.

આ શેરડી કામદારો ખરેખર તો ઉકાઈ ડેમમાં ડુબાણમાં ગયેલી જમીનોના માલિકો હતા. ડુબાણમાં ગયેલી જમીનનું પૂરેપૂરું વળતર મળ્યું નહીં. સરકારે જમીન લેતી વખતે સુંદર ઘર, નોકરી, સગવડો મળશે એવાં ખોટાં આશ્વાસનો આપેલાં; પરંતુ હકીકતમાં તેમને અહીં રહેવા માટે ઝૂપડાં જ છે. મજૂરી અડધી મળે છે. બાળકોના શિક્ષણ માટે શાળા નથી. દવાખાનું પંદર કિ.મી. દૂર છે, જ્યાં જવા આવવા માટે દિવસમાં માત્ર એક જ બસ છે. ત્રીજા દિવસે મિત્તલ કરસાડ ગામના પડાવમાં ગઈ. ત્યાંની હાલત તડકેશ્વર કરતાં જરા પણ સારી નહીં. કરસાડમાં માહિતી પહોંચી ગઈ હતી કે કોઈ પત્રકાર આવે છે એટલે એની સાથે કોઈએ વાતચીત કરવી નહીં, માહિતી આપવી નહીં અને જો કોઈ માહિતી આપશે તો તેને મજૂરી નહીં મળે. મિત્તલને બે દિવસથી કશું ખાવાનું મળ્યું નહોતું. પડાવના બે ચાર જણને દયા આવી પણ ખરી પણ મિત્તલ એમના ઘરે જઈ ખાવાનું માગે નહીં કારણ કે પરિવારને માંડ પૂરું પડે તેમ હતું. અને એ લોકો સામેથી એને જમવા માટે બોલાવે નહીં. તેમને એમ કે શહેરના માણસને એમનું ખાવાનું ફાવશે કે નહીં? તેમ છતાં મિત્તલ થોડા લોકોને રાત્રે ભેગા કરી શકી અને તેમની સાથે એક મિટીંગ થઈ. મિત્તલે તેમને પોતાનું અહીં આવવાનું કારણ સમજાવ્યું. લોકોએ તેની વાત સાંભળી ખરી પણ ડરના માર્યા બીજો કોઈ સાથ આપ્યો નહીં.

ત્રણ દિવસથી મિત્તલે કાંઈ ખાધું ન હતું. ત્યાં ગામના લોકોએ કહ્યું કે પાસેના લુણા ગામમાં જલારામ બાપાનું મંદિર છે ત્યાં જલારામ જયંતી નિમિત્તે ભોજન મળશે. મિત્તલ દોડતી આખડતી ત્યાં પહોંચી ત્યારે ભોજન સમય પૂરો થવા આવ્યો હતો. પૂજારીએ થોડો પ્રસાદ આપ્યો ત્યારે મિત્તલ રીતસરની પૂજારીને કરગરી અને કહ્યું કે તે ત્રણ દિવસથી ભૂખી છે. જે કંઈ આપની પાસે હોય તે આપો. પૂજારીએ થોડો વધુ પ્રસાદ આપ્યો પણ તેનાથી ભૂખ સંતોષાઈ નહીં. છેવટે પાણી પીને મન મનાવ્યું. ત્યાર પછી તેણે પૂજારીને પણ પોતાનો અહીં આવવાનો મકસદ સમજાવ્યો. પૂજારીએ મજૂરોને બોલાવી મિત્તલની કામગીરી અંગે તેમને માહિતી આપી ત્યાર પછી એનું કામ થોડુંક સરળ બન્યું, જેને કારણે મિત્તલ એ વિસ્તારમાં એક મહિનો રોકાઈ. ક્યારેક મજૂરો સાથે એમના ડંગામાં, ક્યારેક મંદિરને ઓટલે અને ક્યારેક ગામના ચોતરે રાતવાસો કરતી. અને આમ એક મહિનાની રઝળપાટ પછી શેરડી ખેતમજૂરોની હાલત અને એમના શોષણ અંગે શોધનિબંધ પણ તૈયાર કર્યો.

મિત્તલે પોતાના અનુભવો ટાંકતાં જણાવ્યું કે, નર્મદા નદીના બંધ સામે મેધા પાટકરે વિસ્થાપિતોના પુનવર્સન માટે સંઘર્ષ શરૂ કર્યો હતો ત્યારે મને લાગતું હતું કે મેધાની આ મોટી ભૂલ છે, રાજ્યની પ્રગતિને રૂંધવાનો પ્રયાસ છે. પરંતુ તડકેશ્વર, ગડત, કપૂરા, કરસાડના પડાવોમાં રહેતા લોકોની હાલત જોઈ, જેમની ફળદ્રુપ જમીનો અને ગામડાં ડુબાણમાં ગયાં છે તે લોકોનું જીવન જોયું ત્યારે મેધા પાટકરની વાત સાચી લાગી. એનો સંઘર્ષ વાજબી છે એમ લાગ્યું. વિસ્થાપિતોને જડમૂળથી ઉખેડી નાખવા અને ત્યાર પછી એમનું શોષણ કરવું એ સરાસર અન્યાય છે. આવા અન્યાયો સામેની તમામ લડતો કુરુક્ષેત્ર જ છે. ઉકાઈ યોજનામાં ડાબા કાંઠાની નહેરો બની છે અને એ કાંઠા પર આવતી જમીનો સમૃદ્ધ ખેડૂતો, સવર્ણોની છે જેમાં મુખ્યત્વે પટેલ, દરબાર ન્યાત આવે છે. જમણા કાંઠાની નહેરો બની જ નથી જે મૂળ આયોજનમાં સામેલ હતી. જમણા કાંઠાની નહેર બની હોત તો એનો લાભ આદિવાસીઓને મળત. બળિયાના બે ભાગ કહેવત અહીં હકીકત બની છે.

મિત્તલ એક મહિનો ત્યાં રોકાઈ. એક મહિનાના અનુભવો તેણે એક અહેવાલમાં રજૂ કર્યા. શેરડી કામદારોને યોગ્ય વેતન મળી રહે અને કામના સ્થળના એમનાં રહેણાંકો વ્યવસ્થિત બને, જ્યાં પીવાનું પાણી તથા જાજરૂ જેવી સગવડો મળે તે ખૂબ જરૂરી છે.

કેટલીક સંસ્થાઓએ આ કામદારો સાથે રહી તેમના અધિકારો માટે ચળવળ પણ કરી. પરંતુ, સુગર લોબી ખૂબ જ મજબૂત હોવાથી તેઓ તેમાં સફળ રહ્યા નહીં. મિત્તલ પણ નાણાંના અભાવે આ કામદારો સાથે આગળ કામ કરી શકી નહીં. તે નાસીપાસ અને હતાશ થઈ પછી અમદાવાદ આવી ગઈ. અમદાવાદમાં આવ્યા પછી એણે મીડિયા અને જુદી જુદી સંસ્થાઓ (N.G.O.) સાથે કામ શરૂ કર્યું.

પત્રકાર તરીકે કોઈપણ પોલ કે અન્યાય છતાં થાય ત્યારે મીડિયા-વર્તમાનપત્રો સમાધાનની ભૂમિકા પર આવી જાય. કાર્યકરો કોઈપણ આયોજન અંગે અહેવાલ તૈયાર કરે ત્યારે મોવડીઓ પોતાના નામે પ્રસિદ્ધ અથવા, રજૂઆત કરે. ક્યારેક મોવડીઓના અહમ્‌નો ભોગ નિષ્ઠાવાન કાર્યકર બને. આવા કડવા અનુભવોમાંથી પસાર થતાં થતાં ક્યારેક તે ડીપ્રેશનનો ભોગ પણ બનતી. મિત્તલને કાર્યમાં નિષ્ફળતા મળે તેનો રંજ નહોતો પરંતુ વિકાસની વાતને, સંઘર્ષની ભૂમિકાને, કાર્યક્રમને આગળ ધપાવવાની ક્ષણે દોર કપાઈ જાય; વિકાસની ગતિ અટકાવી દેવાય – કારણ કે સંસ્થાના મોવડીઓની એવી માનસિકતા ન હોય - એનું એને દુઃખ હતું, પીડા હતી.

આવા અનુભવોમાંથી પસાર થતી મિત્તલ એક દિવસ એક અનોખી સંસ્થા 'જનપથ'ને આંગણે પહોંચી જ્યાં એને માટે નવું કાર્ય કરવાની દિશા મળી. એને રુચિકર વિષયમાં કામ કરવાની તક મળી. ત્યાં પણ એને હતાશા ઘેરી વળવાની હતી, નિરાશ થવાનું હતું, જાત સાથે સંઘર્ષ કરવાનો હતો. અહીં સંસ્થા તરફથી એને પૂરેપૂરી મોકળાશ હતી પરંતુ જે સમુદાયો સાથે એને કામ કરવાનું હતું એ સમુદાયની પીડા અને વ્યથા અનોખી હતી.

વૈશ્વીકીકરણના યુગમાં ગરીબો ઉત્પાદનના સાધનો પર પકડ ગુમાવતા જાય છે. એમના પરંપરાગત આજીવિકાના સાધનો છીનવાઈ ગયાં છે. સામુદાયિક ઉપયોગની સંપત્તિ પર એકહથ્થુકરણનું આક્રમણ બેરોકટોક ચાલે છે. શેરબજારનો આંક (સેન્સેક્સ) હજારોની સપાટી કુદાવતો જાય છે જ્યારે બીજી તરફ ખાલી પેટે રોટલા માટે રઝળપાટ કરતા લોકોની સંખ્યા સેન્સેક્સને પણ કુદાવી જાય છે. ઉત્પાદન અને આજીવિકાના સાધનોના અભાવમાં ગરીબો અને વંચિતો હવે જીવન જીવવાના અધિકારની લડાઈ લડે છે – વિના ખડગ અને હથિયારો.

વર્ષો અગાઉ ગામડાને આધારે જીવતા લોકો, વિચરતા અને વિમુક્ત સમુદાયના લોકો, જેની સંખ્યા આ દેશમાં આશરે બેથી અઢી કરોડની છે તેઓ આ દેશમાં રહેતા નથી, રઝળે છે. છેલ્લી સદીમાં ધીરે ધીરે હાંસિયામાં ધકેલાતા આ સમુદાયો કોણ હતા? ક્યાં છે? શું કરતા હતા અને શું કરે છે? એનો ત્રૂટક ત્રૂટક અભ્યાસ થયો છે અને એ અંગે શોધનિબંધો પણ તૈયાર થયા છે. છતાં એનો તાદૃશ, વાસ્તવિક ચિતાર ભદ્ર સમાજ સમક્ષ નથી મુકાયો. એમની પરિસ્થિતિનો માત્ર અભ્યાસ કરવા માટે ઘણા તૈયાર થાય પણ તેમને સંગઠિત કરી, તેમના પ્રશ્નોને વાચા આપી, નિરાકરણ માટે કાર્ય કરવા ભાગ્યે જ કોઈ તૈયાર થાય. આ સમુદાયોનો સંપર્ક કરવો પણ મુશ્કેલ, કારણ કે અમુક સમુદાયો પડાવો બદલતા રહે. આવું આકરું કામ પડકારરૂપ હતું જે માત્ર નિષ્ઠા ધરાવનાર, નિસ્બત રાખનાર, સમર્પિત વ્યક્તિ જ કરી શકે. અને આનું બીડું ઝડપ્યું મિત્તલ પટેલે, જેણે હજી ત્રીસી પણ વટાવી નથી.

સતત બે-ત્રણ વર્ષનું પરિભ્રમણ નહીં પણ રઝળપાટ, વાતો નહીં પણ સંવાદને પરિણામે મિત્તલ આ સમુદાયોની કથા-વ્યથા આપણા સુધી લઈ આવી. આ સમય દરમિયાન તે ઘણી વખત આ સમુદાયોના ગામડાના પડાવો કે વસાહતોમાં રહી છે, અડધું પડધું ભોજન લીધું છે, અડધી પડધી ઊંઘ લીધી છે, જાગરણભરી રાતો વિતાવી છે. આપણો સમાજ જેને જાકારો આપે છે, ગુનેગાર ગણે છે, તેવા આ લોકોએ શુભ્રાંત સમાજમાં તિરસ્કૃત ગણાતા વ્યવસાયો ન છૂટકે આજીવિકા માટે અપનાવ્યા છે. દારૂ ગાળવો, નાની મોટી ચોરીઓ કરવી, બહેનોનું દેહવ્યાપારમાં ધકેલાવું... આ બધું કઈ મજબૂરી અને લાચારી એમને કરાવે છે એની વાતો મિત્તલ કહે છે ત્યારે હૈયું વલોવાઈ જાય છે. એમની જીવનશૈલી, રૂઢિચુસ્તતા સામાજિક વ્યવસ્થા, સામાજિક રિવાજોનું ફરજિયાત બંધન ઈત્યાદિની વાતો અંદાજે ૨૦૦ પાનાંના અહેવાલ (ગુજરાતના વિચરતા–વિમુક્ત સમુદાયો)માં મિત્તલે સમાવી છે. ગુજરાત રાજ્યમાં વિચરતા અઠ્ઠાવીસ સમુદાયો અને વિમુક્ત બાર સમુદાયોની કથની આમાં આલેખાઈ છે.

મિત્તલનું કાર્ય અહેવાલ સાદર કરીને અટકી ગયું નહીં. એના અભ્યાસને કારણે મિત્તલ એ તારણ પર આવી કે અસ્થાયી રહેતા સમુદાયોને સ્થાયી સ્થાન, ઘર મળે તો એમના પ્રશ્નોના નિરાકરણની દિશામાં એક કદમ આગળ વધી શકાય. ઘર નથી એટલે સરનામું નથી, સરનામું નથી એટલે રેશનકાર્ડ બનતું નથી. રેશનકાર્ડ નથી એટલે ગરીબી રેખા નીચે જીવતી વ્યક્તિ તરીકેનું પ્રમાણપત્ર (Below Poverty Line) નથી, BPL કાર્ડ નથી એટલે ગરીબોને મળતી છૂટછાટો મળતી નથી; સસ્તા દરે ઘઉં, અનાજ કેરોસીન મળતાં નથી; સરકારી યોજનાનો લાભ નથી મળતો. અરે... મતદાર તરીકેનો અધિકાર પણ મળતો નથી. આ દેશમાં અઢી કરોડની વસ્તીને સરનામું નથી, એથી વધારે શરમજનક બીના કઈ હોઈ શકે? અને તેથી મિત્તલનું ધ્યેય હતું કે ગુજરાતના આ ભટકતા સમુદાયોના ૪૦ લાખ જેટલા લોકોમાંથી શક્ય તેટલાને ઘર અપાવવામાં અને સરનામું મેળવવામાં મદદ કરવાનું.

એક અપવાદરૂપ કિસ્સા તરીકે સ્થાયી વસવાટ હોવા છતાં એક આખું ગામ કેવા દોઝખમાં સબડે છે તેની વાતો મિત્તલ પાસેથી સાંભળીને કંપારી છૂટે છે. આ વાડિયા ગામ અંગે કેટલાય સમાચારપત્રો, સામયિકો ખાસ કવરસ્ટોરી બનાવીને લખતાં હોય છે. પણ એનો પૂર્વ ઇતિહાસ જાણીએ ત્યારે એની મજબૂરી અને કરુણ કથનીનો ખ્યાલ આવે છે.

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકા મથકેથી બે કિલોમીટર દૂર આવેલા બુઢણપુર ગામના અને હાલમાં વડગામડા-વાડિયામાં સરાણિયાના આશરે ૧૫૦ પરિવારો વસે છે. સરાણિયાનો પરંપરાગત વ્યવસાય છરી ચપ્પાંની ધાર કાઢવાનો, બળદના સાટા-દોઢા કરવાનો. પોતાના વ્યવસાયના ભાગ રૂપે આ પરિવારો ફરતા રહે. એક ગામથી બીજે અને ત્યાંથી ત્રીજે એમ સતત સ્થળાંતર કરે. જે ગામ સાથેનો તેમનો વ્યવહાર સારો હોય ત્યાં ચોમાસું ગુજારે.

સરાણિયા મૂળ રાજસ્થાનના વતની. એવું કહેવાય છે કે મહારાણા પ્રતાપના સૈન્યમાં હથિયાર સજાવવાનું કામ સરાણિયા કરતા. અકબરે ચિત્તોડગઢ પર ચડાઈ કરી અને મહારાણા પ્રતાપે ચિત્તોડગઢ છોડ્યું અને ચિત્તોડગઢ પરત ના મળે ત્યાં સુધી ચિત્તોડગઢમાં પગ નહીં મૂકું તેવી ટેક લીધી. ત્યારે તેમની સાથે તેમના વફાદાર સૈન્ય તથા અન્ય લોકો નીકળી ગયા. રાણા પ્રતાપે નાની હલ્દીઘાટીમાં છુપાઈને અકબર સામે યુદ્ધની તૈયારી શરૂ કરી. તેમનું સૈન્ય એકત્રિત થવા લાગ્યું. હથિયાર સજાવનારા પણ તેમની સાથે હતા. પરંતુ મહારાણા હાર્યા અને તેમનું મૃત્યુ થયું. તેમનું સૈન્ય વિખેરાઈ ગયું. પરંતુ, રાણા પ્રતાપની સાથે લીધેલી ટેકના કારણે હથિયાર સજાવવાવાળા પરિવારો ચિત્તોડગઢ પરત ના ગયા અને ગામેગામ ફરી છરી-ચપ્પાં અને ખેતીના ઓજારોને સજાવવાનું શરૂ કર્યું. હથિયાર સજાવવા માટે વપરાતા સરાણ ઉપરથી આ સમુદાયનું નામ સરાણિયા પડ્યું.

સરાણિયા સમુદાયના કેટલાક પરિવારની બહેનો રાજા-રજવાડાંઓમાં નાચગાનની પ્રવૃત્તિ પણ કરતી. આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સરાણિયા સરાણ પર હથિયાર સજાવવાનું કામ ધીમે ધીમે ઓછું કરતા ગયા અને કાળક્રમે તે બંધ જ થઈ ગયું. તેઓ ઝડપથી સ્થાયી વસવાટ કરતા થયા. (સરાણ લઈ છરી-ચપ્પાંની ધાર કાઢવાવાળા આજે પણ સ્થાયી થઈ શક્યા નથી.) પરંતુ સમાજ તેમને પોતાને ત્યાં વસાવવા તૈયાર નથી. થરાદ પાસેના બુઢણપુરમાં આવા સરાણિયા પરિવારો બસો ઉપરાંત વર્ષથી સ્થાયી વસે છે. આ સિવાય રાજસ્થાનના સમદળી, ડુંગરપુર તથા કરનવા ગામમાં પણ સરાણિયા સ્થાયી થઈ વસે છે. ત્યાં તેમનાં પાકાં મકાનો પણ છે. સ્થાયી વસાહતોમાં રહેતી સરાણિયા બહેનો રાજા-રજવાડાંમાં નાચગાન માટે જતી. પાલનપુરના નવાબ કે થરાદ, વાવ અને દિયોદરના રજપૂતો પણ લગ્ન કે સારા પ્રસંગે સરાણિયાની બહેનોને નાચગાન માટે બોલાવતા. બુઢણપુરની સરાણિયા બહેનોથી રજવાડાં રજપૂતોની મહેફીલમાં રંગ આવતો. તે સમયે આ નર્તકીનું સમાજમાં આગવું સ્થાન હતું. તેમને કોઈ ધુત્કારતું નહીં. નાચગાનની પ્રવૃત્તિમાં તેમને રાજાઓ પાસેથી સારી બક્ષીસ પણ મળતી. પરિણામે તેઓએ ગામની કેટલીક જમીન ખરીદી ત્યાં ઘર પણ બંધાવ્યાં. અંગ્રેજો આવતાં રજવાડાંની સ્થિતિ દયામણી બની. તેમાંય આઝાદી પછી તો રાજા-રજવાડાંનો યુગ જ ખતમ થયો અને સાથે સાથે આ નાચગાન કરતી ઉપરોક્ત ચારેય વસાહતોની સરાણિયા બહેનોની આજીવિકા પણ બંધ થઈ ગઈ. બાપદાદાની એવી કોઈ જમીન-જાગીર નહોતી જેના આધારે જીવન જીવી શકાય. બાપદાદાનો પરંપરાગત વ્યવસાય તેઓ ક્યારેય શીખ્યા નહોતાં. આમ તેમની સ્થિતિ કફોડી થઈ. પુરુષો તો પહેલેથી બહેનોના નાચગાન પર જ નિર્ભર હતા. તેમને મહેનત મજૂરી કરવું ગોઠે તેમ પણ નહોતું. બહેનો જ ઘરની તમામ જવાબદારી નિભાવતી. આમ, પરિવારજનોની ભૂખ ન જોવાતાં ન છૂટકે આ બહેનોએ દેહવ્યાપારનો વ્યવસાય અપનાવ્યો.

૧૯૫૦ના અરસામાં બુઢણપુરની ચાર બહેનો આ વ્યવસાય સાથે સંકળાઈ, જેનાથી બુઢણપુરના લોકો આ પરિવારોને ધુત્કારવા લાગ્યા. અવારનવાર અખબારમાં આ બહેનો વિષે છપાવા લાગ્યું. આ વાત મુંબઈના શ્રી જી. જી. મહેતા તથા વિમળાબહેનના ધ્યાને આવી. ૧૯૬૦ની આસપાસ તેમણે આ બહેનોની મુલાકાત લીધી ત્યારે ૧૩ બહેનો આ વ્યવસાય સાથે સંકળાઈ હતી. જી. જી. મહેતા તથા વિમળાબહેન આ બહેનો સાથે એક વર્ષ રહ્યાં. આ બહેનોને તથા તેમના પરિવારને રોજગારી મળે તે માટે તેમણે સરકારમાં જમીનની માંગ કરી, પરંતુ સરકારે તેમની વાત કાને ન ધરતાં તેમણે થરાદમાં ઉપવાસ આદર્યા. પંદર દિવસના ઉપવાસ પછી સરકાર ઝૂકી. થરાદના ભીમસીંગ દરબારનું ૨૦૮ એકરનું વીડ થરાદથી ૧૫ કિલોમીટર દૂર આવેલા વડગામડામાં હતું. સરકારે આ જમીન આ બહેનોને આપવાનું કહ્યું. દરબારે વાંધો લીધો પરંતુ રજવાડાનું ભારતમાં વિલીકરણ થઈ જતાં વીડ હવે સરકારનું થઈ ગયું છે એવો જવાબ સરકાર દ્વારા આપવામાં આવ્યો અને દરબારે પણ તે પછી કોઈ વાંધો લીધો નહીં.

થરાદ સૂકો વિસ્તાર, સક્ષમ ખેડૂત પાતાળકૂવાની સિંચાઈથી ખેતી કરે. પરંતુ ગરીબોને તો વરસાદી ખેતી ઉપર જ આધાર રાખવાનો. વીડમાં વસાવેલા સરાણિયાના વિસ્તારને વડગામના

● તક એક અજીબ ચીજ છે; એની પાસે ધીરજ નથી હોતી, એ હાથ લાંબો કરે અને તમે એને ઝડપી ન લો તો એ અદૃશ્ય થઈ જાય છે–અને ફરી શોધી નહિ જડે.

વાડિયા તરીકે ઓળખાવાનું શરૂ થયું. ૨૦૮ એકર જમીન ઉપર ૧૦૦ પરિવાર નભી શકે તેમ નહોતું. વળી, ફાળવાયેલી કુલ જમીનમાંથી કેટલીક જમીન ઉપર આસપાસના વગ ધરાવતા લોકોનું દબાણ હતું જે આજે પણ છે. આમ ટૂંકી જમીનમાં આકાશી ખેતી ઉપર નભવું અઘરું હતું. આ વિસ્તારમાં ખેતમજૂરી પણ વર્ષમાં માંડ ૧૦ દિવસ મળે. વળી, સરાણિયાની છાપ ખરાબ એટલે કોઈ મજૂરી માટે પણ ન બોલાવે. મજબૂરીથી સરાણિયા બહેનોએ ફરીથી શરીર વેચવાનું શરૂ કર્યું.

વાડિયાના સરાણિયાનો જીવનસંઘર્ષ દિવસે-દિવસે વધુ ને વધુ કપરો થતો ગયો. દીકરી પંદર વર્ષની થાય એટલે માતા-પિતા કે ભાઈ જ તેને લોહીના વ્યાપારમાં ધકેલી દે. (સરાણિયામાં છોકરા-છોકરી પાંચ-સાત વર્ષનાં થાય એટલે સગાઈ થઈ જાય.જે છોકરીની સગાઈ આ ઉંમરમાં ન થાય તે દેહના વ્યાપારમાં જોડાશે તેવું સૌ માની લે છે.) જે બહેન આ વ્યવસાય સાથે સંકળાય તેનાં લગ્ન થતાં નથી પરંતુ બાળકો થાય છે. શરૂઆતમાં આ બાળકો સાથે કોઈ લગ્ન કરતું નહોતું પણ સમય જતાં સામ-સાટે લગ્ન થવા લાગ્યાં. જે ભાઈને બહેન ન હોય તેનાં લગ્ન થવાં મુશ્કેલ છે. આ યુવાનો બીજી જ્ઞાતિની કન્યા તગડી રકમ વ્યાજે લાવી અમદાવાદ જેવાં શહેરોમાંથી કન્યાવિક્રય કરનારા દલાલો પાસેથી ખરીદે છે. જે આજે પણ ચાલુ છે.

દેહ વ્યાપારમાં જોડાયેલી બહેનો પરિવાર સાથે રહે છે. સમય જતાં તે પરિવારથી અલગ પોતાનું ઝૂંપડું ઊભું કરી રહેવાનું શરૂ કરે છે અને પોતાનું તથા બાળકોનું ભરણપોષણ કરે છે. બહેનની ઉંમર થતાં તેની દીકરીઓ તેનું ભરણપોષણ કરે છે. આમ આ વિષચક્ર ચાલ્યા કરે છે.

વાડિયામાં રાત-દિવસ ખાનગી વાહનો આવતાં. ઉપરાંત ઘણી બહેનો થરાદ, પાલનપુર, ડીસા, માઉન્ટ આબુ તથા સ્થાનિકમાં થરાદના દલાલો મારફત જતી, જે આજે પણ ચાલુ છે. જોકે વિચરતા સમુદાય સમર્થન મંચ સાથે કામ કરતાં શારદાબહેન ભાટી વાડિયામાં નિયમિત જાય છે. આમ, મિત્તલ અને અન્યોના સઘન સંપર્કથી વાડિયામાં આવતાં વાહનોની સંખ્યા ખૂબ ઓછી થઈ છે. ઘણી બહેનોએ આ વ્યવસાય છોડ્યો છે. ૩૦ જેટલી બહેનો ફક્ત એક પુરુષ સાથે સંબંધ રાખતી થઈ છે છતાં આજે પણ ઘણી બહેનો આ વ્યવસાય સાથે જોડાયેલી છે તે હકીકત છે. તેઓમાંની ઘણી બહેનો આ વ્યવસાય છોડવા ઈચ્છે છે પરંતુ વૈકલ્પિક રોજગાર ન મળવાના કારણે મજબૂરીથી આ વ્યવસાયમાં જોડાઈ રહેવું પડે છે. વાડિયાના સુશ્રી ભીખીબહેન આ અંગે જણાવે છે કે, 'આવી જિંદગી અમને પણ ગમતી નથી. આજુબાજુના ગામના લોકો અમને મજૂરી માટે બોલાવતા નથી. કોઈક બોલાવે તો મજૂરીએ જઈએ છીએ પણ લોકો ખરાબ નજરથી જુવે છે. ગામના યુવાનો થરાદ કે આસપાસના ગામમાં જાય તો બીજા ગામના પુરુષો 'તારી બહેનનો ભાવ શું છે?' તેવું પૂછે છે. આથી કંટાળીને છોકરાઓએ બહાર જવાનું બંધ કરી દીધું.'

આવા વાડિયા ગામમાં મિત્તલ પહોંચી. ગામલોકોને અને એ બહેનોને મળી. સહાનુભૂતિ સાથે વાતચીત કરતી મિત્તલ પાસે બહેનો પોતાની કથની કહેતી જાય. ત્રીજા દિવસે એક પ્રૌઢા ૧૩ વર્ષની છોકરીને લઈ આવી અને મિત્તલને એ છોકરીને પોતાને ઘરે લઈ જવા વિનંતી કરી. તેણે કહ્યું કે જો તેને આજે અહીંથી દૂર નહીં લઈ જવાય તો આવતી કાલે એનો બાપ એને પાલનપુર લઈ જશે અને એને નરકમાં ધકેલી દેશે. ભીરૂ કબૂતરની જેમ ફફડતી નિર્દોષ સોના મિત્તલને વળગી રહી અને અશ્રુભરી આંખે આર્જવી રહી હતી. લાગણીભર્યા લોચને મિત્તલ એને નીરખતી રહી, માથે માયાળુ હાથ ફેરવતી રહી અને એથી વિશેષ એ કશું કરી શકી નહીં. મિત્તલની મજબૂરી હતી કે સોનાને તે ક્યાં લઈ જાય? ક્યાં સાચવે? અને એને એ દોઝખમાંથી કેમ ઉગારે?

મિત્તલ આંખો બંધ કરી વિચારતી હતી એટલામાં એનો બાપ આવ્યો અને સોનાને મિત્તલ પાસેથી છોડાવીને લઈ ગયો. ગાયને વાછડીથી દૂર લઈ જવાય ત્યારે ગભરૂ વાછરડી ગાયને નીરખતી રહે એમ સોના મિત્તલને જોતી રહી અને વાછરા વછોયી ગાવડીની જેમ મિત્તલ પણ સોનાને જોતી રહી. ૧૩-૧૪ વર્ષની નિર્દોષ બાળકી માટે પોતે કશું કરી શકી નહીં તેવો અપરાધ ભાવ મિત્તલને ડંખતો રહ્યો. તે જાણતી હતી કે સોનાના બાપને સોનાની નથની ઉતારનાર કોઈ શ્રીમંત વેપારીનો નબીરો તગડી રકમ આપશે.

મિત્તલ રાત્રે વાડિયામાં જ રોકાઈ ગઈ. સવારે સોના ઘરે પાછી આવી ત્યારે એના દીદાર સાવ ફરી ગયા હતા. સોનાને જોઈ મિત્તલ મોટેથી રડી પડી. અને એ રૂદનમાંથી એના નિશ્ચયે નવો વળાંક લીધો. એણે મનોમન નક્કી કર્યું કે ગમે તેવી કસોટી થાય પણ વાડિયા ગામના પરિવારોનું પુનર્વસન કરી સોનાને બચાવી ન શકી તેનું પ્રાયશ્ચિત્ત કરીશ.

✷ ✷ ✷

કચ્છ-ભોજાઈ
મો. નં. ૯૮૭૯૫૦૬૦૫૯.

જીવદયા પ્રેમી જાગે

ઉત્તર પ્રદેશની માયાવતી સરકારે આઠ કતલખાના ખોલવાની પરવાનગી આપી છે. એક કતલખાનામાં એક દિવસમાં ચૌદ હજાર મૂંગા જીવોની કતલ થશે. એટલે આઠ કતલખાનામાં પ્રતિદિન એક લાખ બાર હજાર પશુઓની હત્યા થશે.

'મોક્ષમાળા'નો ચોવીસમો શિક્ષાપાઠ

□ કિશોર જે. બાટવીયા

ભારતીય તત્ત્વવિચારની ધારામાં શ્રીમદ્ રાજચંદ્રએ સત્સંગનો વિશિષ્ટ મહિમા કહ્યો છે, અને મોક્ષ સાધનામાં એને માનભર્યું સ્થાન આપ્યું છે. 'મોક્ષમાળા' ગ્રંથમાં એમણે ૨૪મો શિક્ષાપાઠ 'સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે,' પર અહીં વિચારણા કરવામાં આવી છે.

આપણે જાણીએ છીએ કે માનવી સુખને શોધે છે. એનો જીવનભરનો પ્રયાસ સુખ પ્રાપ્તિ માટેનો હોય છે. એ દુઃખથી દૂર અને સુખની સાથે વસવા ચાહતો હોય છે. એને અનુકૂળતા આનંદીત કરે છે અને પ્રતિકૂળતા પરેશાન કરે છે. જીવનમાં એ રાગદ્વેષથી ઘેરાયેલો હોય છે. બીજી દૃષ્ટિએ જોઈએ તો એને એની નબળાઈઓ પ્રત્યે રાગ હોય છે અને બીજાની આવડત પ્રત્યે દ્વેષ હોય છે. આવે સમયે સૌથી વધુ મહત્ત્વની બાબત એ સત્સંગ દ્વારા જીવનદૃષ્ટિ પલટાવવાની છે.

સ્વયં શ્રીમદ્ રાજચંદ્રજીએ જોયું કે જીવનમાં જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ જીવનને અનાસક્ત ભાવે જોતા થયાં. એમણે નોંધ્યું છે કે–'જીવનમાં સાચું સુખ રાગમાં નહિ પણ વાસ્તવિક સુખ વિરાગમાં છે.' માણસની પ્રવૃત્તિ આ વિરાગ દૃષ્ટિવાળી હોવી જોઈએ અને એ અભિગમથી જીવન જીવે તો એને માટે ઉપાધિ એ સમાધિ બની જશે. આથી સત્સંગનો મહિમા વર્ણવતી વખતે શ્રીમદ્ રાજચંદ્રજીએ એમ કહ્યું, 'સત્સંગ દ્વારા સાધક ઇચ્છિત સિદ્ધિ પામી શકે છે. જીવનમાં પવિત્ર થવા માટે આ સત્સંગ જ શ્રેષ્ઠ સાધન છે.' 'મોક્ષમાળા'ના શિક્ષાપાઠમાં તો તેઓ ત્યાં સુધી કહે છે કે 'સત્સંગ' એક ઘડી જે લાભ દે છે તે કુસંગના એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ નથી દઈ શકતા. અધોગતિમય મહાપાપો કરાવે છે, તેમજ આત્માને મલિન કરે છે. આથી વ્યક્તિ ભલે સંસારની વચ્ચે જીવતો હોય પરંતુ એની દૃષ્ટિ તો સંસારમાંથી નિવૃત્તિની હોવી જોઈએ. શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે 'કામનાઓ પર વિજય પામનારા વસ્તુતઃ મુક્ત પુરુષ છે.'

આ રીતે શ્રીમદ્ રાજચંદ્રએ સત્સંગનો મહિમા કહ્યો અને સાચા સુખની ગંગોત્રી કહી છે. અને એ સુખ પ્રાપ્તિ માટે વ્યક્તિએ કેવા બનવું જોઈએ તેનું એમણે માર્ગદર્શન આપ્યું. અત્યંત માર્મિક શૈલીમાં એમણે આ માર્ગદર્શન આપતાં લખ્યું:

'વર્તનમાં બાળક થાઓ, સત્યમાં યુવાન થાઓ અને જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.' બાળક જેવું વર્તન એટલે નિર્દોષ વર્તન. એ વર્તન પર કોઈ વૃત્તિ કે વિકારની સહેજે છાપ હોતી નથી. એમ કહેવાય છે કે નિષ્કલકતા જેવું બીજું કોઈ ઓશિકું નથી. નિષ્કલંક માનવીને નિરાંતે નિદ્રા આવે છે. બાળક પાસે નિર્દોષતા અને સરળતા છે અને તેથી જ માનવી એના વર્તનમાં કપટ રહિત હોવો જોઈએ. બને છે એવું કે વ્યક્તિ જેમ જેમ વયમાં મોટો થતો જાય છે તેમ તેમ એનું નિર્દોષપણું ક્ષીણ થતું જાય છે. એની સરળતા દૂર થતી જાય છે અને જીવનમાં કુડકપટ વધતા જાય છે. સ્વામી રામદાસે તો એકવાર આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે આ માણસ તે કેવો? એ જેમ મોટો થતો જાય છે તેમ તેમ એને માથે શિંગડા ઉગતા જાય છે.

શ્રીમદ્ રાજચંદ્રએ બીજી વાત કરી. સત્યમાં યુવાન થવાની. સત્ય એ સંકલ્પ માગે છે. ઉત્સાહ ઇચ્છે છે અને દૃઢતાની અપેક્ષા રાખે છે. યુવાનમાં સંકલ્પશક્તિ, ઉત્સાહ અને દૃઢતા હોવા જોઈએ તો જ એ સત્યને માટે સઘળું ન્યોછાવર કરી શકે છે. સત્યને જાળવવા કાજે સોક્રેટિસે હસતા મુખે ઝેર ગટગટાવ્યું. સત્યપાલનને માટે ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પટ્ટધર શ્રી ગૌતમ સ્વામીને પ્રાયશ્ચિત્ત કરવા કહ્યું હતું. સત્યના પાલનને માટે ગાંધીજીને પ્રાણ આપવા પડ્યા. એ જ રીતે શ્રીમદ્ રાજચંદ્રજીએ જૈન ધર્મના મૂળ માર્ગ પર જડ ક્રિયાઓ જામી ગઈ હતી અને ધર્મ ક્યાંક બીજે માર્ગે ફંટાતો હતો ત્યારે સત્યની જાળવણી માટે અપાર કષ્ટો સહન કર્યાં.

ત્રીજી વાત છે જ્ઞાનમાં વૃદ્ધ થવાની. જૈન દર્શનમાં જ્ઞાનનું સૌથી વધુ મહત્ત્વ છે. એમ કહેવાય છે કે જો જ્ઞાન ન હોય તો અહિંસાનું યોગ્ય રીતે પાલન થતું નથી. 'પઢમ જ્ઞાન, તઓ દયા' આનો અર્થ છે, જ્ઞાન પહેલું છે, પછી આવે છે દયા. જીવનમાં વધુ ને વધુ આધ્યાત્મિક જ્ઞાન મળે તેનો અર્થ જ એ કે જ્ઞાનમાં વૃદ્ધ થાવ. આ રીતે જીવનમાં પવિત્રતા, સત્ય નિષ્ઠા અને અધ્યાત્મ જ્ઞાનોપાસનાને લક્ષ્ય રાખવાનું શ્રીમદ્ રાજચંદ્ર કહે છે.

સત્સંગની વાત કરતા તેઓ નોંધે છે કે એ વ્યક્તિને શીલવાન બનાવે છે. એના ચિત્તમાં શીલમય વાતાવરણ સર્જે છે. સત્સંગમાં બેસનારો એ સમયે કોઈની હત્યાનો વિચાર કરી શકતો નથી. આમ સત્સંગ એ વ્યક્તિના ચિત્તમાં ઉત્કૃષ્ટ આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરે છે. એ પછી શ્રીમદ્ રાજચંદ્રજી સત્સંગ અને કુસંગ વચ્ચેનો માર્મિક ભેદ દર્શાવે છે. તેઓ કહે છે કે, 'સત્સંગ'નો સામાન્ય અર્થ એટલો કે ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા આવતી નથી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે, તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ તેમજ કુસંગથી સહવાસ બંધ કરવાનું આવશ્યક છે. સંસાર એ જ પ્રકારનો સંગ છે, અને તે અનંત કુસંગ રૂપ તેમજ દુઃખદાયક હોવાથી ત્યાગવા યોગ્ય છે.'

અહીં તેઓ સામાન્ય સત્સંગની વાત કરતા નથી, પરંતુ સંસારના રંગની વાત કરે છે. આ સંસાર અનંત કુસંગ રૂપ તેમજ દુઃખદાયક હોવાથી છોડવો જોઈએ એમ દર્શાવે છે. ✷ ✷ ✷

રવિ ફ્લેટ્સ, એ/૧/એસ, પાનવાડી,ટેલિફોન એક્સચેન્જની બાજુમાં,ભાવનગર-૧

સાંસારિક જીવનો ક્રિયાત્મક (યોગ) અને ભાવાત્મક (ઉપયોગ) વિભાગ

❑ સુમનભાઈ શાહ

પૂર્વ ભૂમિકા :

ચેતન, જીવ, કે આત્મા અને જડ પુદ્‌ગલ દ્રવ્યનો અન્યોન્ય ઘનિષ્ઠ સંબંધ સાંસારિક જીવમાં અનાદિકાળથી ચાલ્યો આવે છે. પરંતુ દરઅસલપણે જીવ ચૈતન્યમય છે અને પુદ્‌ગલ અજીવ કે જડ છે. આ બન્ને દ્રવ્યો સ્વતંત્ર હોવા છતાંય એકમેક સાથે જીવમાં વિવિધ પ્રકારે પરિણામ પામે છે અને એકબીજાના નિમિત્તથી પ્રભાવિત થાય છે કારણ કે બન્ને દ્રવ્યમાં વૈભાવિક શક્તિ રહેલી છે.

જડ પુદ્‌ગલ દ્રવ્યમાં સ્કંધ બનવાની અને છૂટા પડવાની (પુરણ-ગલન) શક્તિ છે તથા વર્ણ, રસ, ગંધ, સ્પર્શાદિ ગુણો હોવાથી તે મૂર્ત કે રૂપી પદાર્થ છે. પુદ્‌ગલનું અવિભાજ્ય અંગ પરમાણું છે પરંતુ તે અત્યંત સૂક્ષ્મ હોવાથી નરી આંખે દેખી શકાતું નથી.

જીવ અસંખ્યાત પ્રદેશાત્મક હોવાથી તેમાં સંકોચ-વિકાસ થાય છે અને સાંસારિક જીવનો વ્યવહાર ક્રોધાદિ કે જ્ઞાનાદિ ભાવોથી આશ્રિત છે. વ્યવહારમાં ઉપચારથી પૌદ્‌ગલિક પદાર્થોને દ્રવ્યાત્મક અને જીવને ભાવાત્મક કહેવામાં આવે છે.

જીવ અને પુદ્‌ગલ એ બન્ને દ્રવ્યોમાં પ્રતિક્ષણ ક્રિયાત્મક અને ગુણ-સાપેક્ષ પરિવર્તન થયા કરે છે, માટે તેઓમાં નવી અવસ્થાઓ પ્રગટ થાય છે અને જૂની અવસ્થાઓ વિલીન થાય છે. આમ પર્યાયોનો નિરંતર ઉત્પાદ્‌ અને વ્યય થતો હોવા છતાંય બન્ને પદાર્થો તેના તે જ રહે છે. જ્ઞાનીઓનું કથન છે કે દ્રવ્યના ગુણપર્યાયો સામર્થ્યપણે (કાર્ય કરવાના હેતુએ) આવિર્ભાવ પામે છે અને તિરોભાવે ગુણમાં જ અદૃશ્યપણે વિણસે છે. દાખલા તરીકે જીવદ્રવ્યની બાળપણ, જુવાની અને વૃદ્ધાવસ્થા (પર્યાયાવસ્થા) બદલાતી રહે છે પરંતુ જેમાં આવું પરિવર્તન થાય છે એવો જીવ તેનો તે જ રહે છે. આમ બન્ને દ્રવ્યોની ધ્રુવતા કાયમી છે.

વ્યવહારમાં ચૈતન્યમય આત્મા જે શરીર સહિત છે તેને જીવ કહેવામાં આવે છે. આ સમસ્ત સંસાર જીવનો છે, અજીવનો નથી. પુદ્‌ગલ અને જીવ દ્રવ્યોમાં અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ ઈત્યાદિ સામાન્ય સ્વભાવો છે જેનાથી તે સ્વયમ્‌ સત્‌, નિત્ય અને અનાદિ છે. આત્મદ્રવ્યમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય, વિર્યાદિ વિશેષગુણો તથા પુદ્‌ગલ દ્રવ્યમાં રૂપ, રસ, ગંધ, વર્ણ, સ્પર્શાદિ વિશેષ ગુણો છે.

હવે જ્યારે **ચેતન તત્ત્વ અને પુદ્‌ગલ તત્ત્વ એ બન્ને નજર સમક્ષ રાખી સમગ્રપણે દેહધારી સાંસારિક છદ્મસ્થ જીવની વિચારણા કરવામાં આવે તો તેના ક્રિયાત્મક અને ભાવાત્મક પરિણામો નીચે મુજબ ઘટાવી શકાય.**

ક્રિયાત્મક પરિણામો (યોગ)

જીવના બાહ્યાત્મક સ્થૂળ પરિણામોને પારિભાષિક શબ્દમાં વ્યંજન પર્યાયો કહેવામાં આવે છે, જે સ્થૂળ અને સૂક્ષ્મ સ્વરૂપે છે.

સ્થૂળ ક્રિયામાં પૂરા જીવદ્રવ્યનું ગમનાગમન અને હલન-ચલન નરી આંખે દેખી શકાય છે, જેને ગતિ કહેવામાં આવે છે. પરંતુ સૂક્ષ્મ ક્રિયા દ્રવ્યના પ્રદેશોની અંદર-અંદર થયા કરે છે, જેને કંપન વ્યાપાર કે પરિસ્પંદન કહે છે. ગતિરૂપ સ્થૂળ ક્રિયા અનેક પદાર્થો અને પરિબળોના સંયોગ વિયોગનું કારણ છે કારણ કે ગમનાગમન થયા સિવાય તે થવું લગભગ અશક્યવત્‌ છે. પુદ્‌ગલ દ્રવ્યના પ્રદેશોમાં કંપન વ્યાપાર કે પરિસ્પંદનરૂપ સૂક્ષ્મ ક્રિયાથી વિશિષ્ટ પ્રકારની આકૃતિઓ કે રચનાઓ (દા. ત. બાહ્ય ઈન્દ્રિયો) થાય છે. પ્રદેશોના સંકોચ વિકાસ સિવાય આકૃતિઓનું નિર્માણ થવું શક્ય નથી.

આમ પુદ્‌ગલ દ્રવ્યના સ્કંધોમાં અને જીવદ્રવ્યના આત્મપ્રદેશોમાં કંપન વ્યાપાર કે પરિસ્પંદન સૂક્ષ્મપણે પ્રતિક્ષણ થયા કરે છે, પરંતુ તેની પ્રતીતિ ઘણા સમય પછી જણાય છે, જ્યારે ફેરફાર થયેલો માલુમ પડે છે. પુદ્‌ગલ દ્રવ્યની આકૃતિઓમાં આવા ફેરફારો સમજમાં આવે છે પરંતુ જીવદ્રવ્યની સૂક્ષ્મ ક્રિયાઓ સમજણમાં આવવી મુશ્કેલ છે. આત્મપ્રદેશો પુદ્‌ગલ દ્રવ્યની માફક અલગ અલગ નથી પરંતુ ખંડ સમુદાય છે. દાખલા તરીકે જીવને પીડા થવાથી કે માથું દુઃખવાથી અંદર જે લહેરો ઉઠતી અને દોડતી અનુભવમાં આવે છે તે આત્મ પ્રદેશોનો કંપન વ્યાપાર કે પરિસ્પંદનરૂપ સૂક્ષ્મ પ્રક્રિયા છે. આવી રીતે ભય ઉત્પન્ન થયો હોય તો આખું શરીર ભયભીત થાય છે. જીવના આવા કંપન વ્યાપારને પારિભાષિક શબ્દમાં 'યોગ' કહેવામાં આવે છે અને તે મન, વચન અને કાયાના નિમિત્તથી ત્રિવિધ છે.

ભાવાત્મક પરિણામો (ઉપયોગ)

ભાવાત્મક પરિણામો પણ સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારના છે. પુદ્‌ગલ દ્રવ્યમાં રસ (ખાટું-મીઠું), ગંધ (સુગંધ-દુર્ગંધ) સ્પર્શ (સ્નિગ્ધ-રૂક્ષ) વગેરે સ્થૂળ ભાવાત્મક પરિણામો છે. એવી રીતે જીવ દ્રવ્યમાં ક્રોધ, માન, માયાદિ કષાય એ સ્થૂળ ભાવાત્મક પરિણામો છે. આવા સ્થૂળ ભાવોનું બંને દ્રવ્યમાં પરિણામ નીપજે છે. ત્યારે તેમાં થતી હાનિ-વૃદ્ધિ રૂપ વધઘટ કે તરતમતામાં ફેરફારોને ભાવાત્મક સૂક્ષ્મ પરિણામો કહી શકાય. દાખલા તરીકે આખા વર્ષના અભ્યાસ પછી જે આંતરિક વિકાસ થયેલો જણાય છે, તે ખરેખર તો પ્રતિક્ષણ થઈ રહેલો હોય છે, પરંતુ ઘણા સમય પછી ખ્યાલમાં આવે છે.

ઉપસંહાર :

૧. દરઅસલપણે, જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય સ્વતંત્ર છે અને પોતપોતાના સ્વભાવમાં જ પરિણામ પામે છે, પરંતુ સાંસારિક જીવમાં તે બન્નેનો અન્યોન્ય અને ઘનિષ્ઠ સંબંધ હોવાથી વ્યવહારમાં જીવની ક્રિયાત્મક અને ભાવાત્મક અવસ્થાઓ સામૂહિકપણે વર્તાય છે. આમ સમગ્રપણે આ બન્નેમાં થતા પરિણામોને જીવની અવસ્થાઓ વ્યવહારમાં ગણાય છે, જે પ્રતિક્ષણ સ્થૂળ અને સૂક્ષ્મપણે થયા કરે છે. સ્થૂળ ક્રિયાત્મક અને ભાવાત્મક પરિણામો અમુક પ્રમાણમાં સમજાય છે, પરંતુ સૂક્ષ્મ પરિણામો ઘણાં સમય પછી સમજણમાં આવે છે.

૨. સાંસારિક જીવને મન, વચન અને કાયાની પ્રવૃત્તિથી હલન-ચલન કે કંપનનું નિમિત્ત પામી તેના શરીરમાં વ્યાપ્ત આત્મ પ્રદેશોનું પણ કંપન કે પરિસ્પંદન થયા કરે છે, જેને પારિભાષિક શબ્દમાં 'યોગ' કહે છે. આવો કંપન વ્યાપાર આત્માનો દરઅસલપણે સ્વભાવ નથી. પરંતુ વ્યવહારમાં જીવથી કર્મોદયપણે થાય છે. આવા કંપનને વ્યવહારમાં મનોયોગ, વચનયોગ અને કાયયોગ (ત્રિરૂપ) કહેવામાં આવે છે.

૩. રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવના આત્મપ્રદેશો જ્યારે મન, વચન, કાયાની પ્રવૃત્તિથી કંપાયમાન થાય છે ત્યારે શરીરમાં સ્થિરતા પામેલા પૌદ્‌ગલિક રજકણો આકર્ષિત થાય છે તેને 'આશ્રવ' કહે છે અને જ્યારે તે આત્મપ્રદેશો ઉપર રહેલા ગુણો સાથે મિશ્રભાવે જોડાય છે તેને 'બંધ' કહે છે.

૪. જે સાંસારિક જીવમાં ક્રોધ, માન, માયા, લોભાદિ એવા કષાયોનો ન્યૂનાધિક પ્રમાણમાં ઉદય હોય છે તે કષાય સહિત ગણાય છે. સામાન્યપણે પહેલાથી દસમા ગુણસ્થાન સુધીના જીવો વધતા ઓછા પ્રમાણમાં સકષાય છે.

૫. જે ભવ્યજીવ અકષાયી છે તે મન, વચન, કાયાના યોગથી પૌદ્‌ગલિક રજકણો આકર્ષે છે તે વિપાકનું જનક થતું નથી. આવું કાર્ય માત્ર બે સમયમાં જ સૂકી ભીંત ઉપર લાગેલા લાકડાના ગોળાની માફક આત્મા સાથે અથડાઈ તરત જ છૂટી જાય છે. આવા કાર્યમાં કષાય ન હોવાથી માત્ર ગમનાગમન પ્રવૃત્તિ દ્વારા થાય છે, જેમાં સ્થિતિ અને અનુભાગ બંધ થતો નથી.

૬. કષાય જ સંસાર વૃદ્ધિનું મુખ્ય કારણ છે, જે આત્માના મૂળભૂત જ્ઞાનદર્શનાદિ વિશેષગુણોનો પરાભવ કરી કે આવરણ કરી ઘાત કરે છે.

૭. સદ્‌ગુરુના બોધપૂર્વક જીવ જો સાધ્યદૃષ્ટિ નિરંતર લક્ષમાં રાખી, આજ્ઞાધીનપણામાં સત્ સાધનોનો સદુપયોગ સદ્‌ગુરુની નિશ્રામાં વિધિવત્ કરે તો આત્મકલ્યાણના માર્ગે ચઢતા પરિણામો પામે છે. ✷ ✷ ✷

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યૂ સર્યુ રોડ, વડોદરા-૩૯૦૦૨૪.

જૈનધર્મ – તત્ત્વજ્ઞાન અભ્યાસ

મુંબઈ યુનિવર્સિટી

મુંબઈ યુનિવર્સિટીમાં જૈન તત્ત્વજ્ઞાનના નીચેના કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.

(૧) સર્ટીફીકેટ, (૨) ડીપ્લોમા, (૩) એમ.એ., (૪) પીએચ.ડી.

સરળ, સચોટ તથા સુવ્યવસ્થિત અભ્યાસ દ્વારા જૈનધર્મ તત્ત્વજ્ઞાન વિશે પૂરી જાણકારી મળશે. ૧૨ વર્ષથી ચાલી રહેલ આ કોર્સનો લાભ ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લીધેલ છે.

ઉપરના કોર્સ માટે ખાસ અનુભવી શિક્ષકો, લાઈબ્રેરી તેમજ બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

'સર્ટીફીકેટ કોર્સની માહિતી'

કોર્સ સમય : ૧ વર્ષ - જુલાઈ ૨૦૧૧ થી એપ્રિલ ૨૦૧૨.

શૈક્ષણિક લાયકાત : એચ.એસ.સી. / ડીપ્લોમા / ઓલ્ડ એસ.એસ.સી. પાસ. ઉંમરની કોઈ મર્યાદા નથી.

અભ્યાસની ફી : રૂા. ૧૧૦૦/- એક વર્ષના.

જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માફ.

પ્રવેશ : ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, છેલ્લી પરીક્ષાના સર્ટીફીકેટની ઓરીજનલ તેમજ ઝેરોક્સ કોપી.

અભ્યાસક્રમ : વિશ્વના મુખ્યધર્મો, જૈન ધર્મના સિદ્ધાંત, લોકાલોક, છદ્રવ્ય, નવતત્વ, સાધુના આચારો, શ્રાવકના આચારો, કર્મ સિદ્ધાંત, ચોવીસ તીર્થંકર, આગમ ગ્રંથ, પંચ પરમેષ્ઠી, ચતુર્વિધ સંઘ, સ્ત્રીઓનું સન્માન, અહિંસા અને શાકાહાર, જૈન સંપ્રદાય, પાંચજ્ઞાન, જૈન સાહિત્ય, જૈન યોગ અને ધ્યાન, અનેકાંત, તપ, ઉત્સવ, વર્ણાશ્રમ, મોક્ષમાર્ગ વગેરે...

અભ્યાસનું માધ્યમ : સાદી અંગ્રેજી (તેમ જ બીજી ભાષામાં સમજ)

ઉત્તર વાહિની : અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિંદી.

સંપર્ક : મુંબઈ યુનિવર્સિટી, તત્ત્વજ્ઞાન વિભાગ, જ્ઞાનેશ્વર ભવન, ૧લા માળે, વિદ્યા નગરી, કાલીના કેમ્પસ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૮. બસ નંબર - ૩૧૩, ૩૧૮ (સાંતાક્રુઝ-કુર્લા) બસ.

ફોન : ૨૬૫૨ ૭૩૩૭ (સમય : ૧૧ થી ૧)

વર્ષ ૨૦૧૧ – ૨૦૧૨ ના એડમીશન : ૧૫ જૂન થી શરૂ થશે.

Timing : 11.00 a.m. to 2.00 p.m.

: વિશેષ માહિતી માટે સંપર્ક કરો :

ડૉ.મિલન કાતરનીકરઃ૯૮૩૩૩૬૯૭૧૯ ● ડૉ.કામિની ગોગરીઃ ૯૮૧૯૧૬૪૫૦૫

ડૉ. બિપીન દોશીઃ૯૮૨૧૦ ૫૨૪૧૩ ● શિલ્પા છેડાઃ ૯૩૨૩૯૮૦૬૧૫

આ ઉપરાંત યુનિવર્સિટી તરફથી `One day workshop' તથા `Short introductory courses' કરાવવામાં આવે છે જેનો લાભ અન્ય જૈન સંસ્થાઓ લઈ શકે છે.

‘ચમત્કાર વિના નમસ્કાર નહીં?’

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

‘ચમત્કાર વિના નમસ્કાર નહીં’ એ ઉક્તિ આપણી ભાષામાં લગભગ કહેવત જેવી બની ગઈ છે. એની પાછળ અનુભવનું બળ પણ છે.

મારા ગામ ડભોડા (જિ. ગાંધીનગર)માં એક સારા વૈદ્ય હતા. નામ ભાઈશંકર પંડ્યા. ખેતી, ગોરપદુ ને વૈદ્યુ. એથી બહોળા કુટુંબનું યોગક્ષેમ નભી જતું. કોઈ જાદુગર કે વાદી ગામમાં આવે, પંડ્યા કાકાને સાધે એટલે એના રોટલા પાકા. જાદુગર ખેલ કરતો હોય અને પંડ્યા કાકા એકાદ કાંકરી મંત્રીને એના તરફ ફેંકે એટલે જાણે કે એના આખા શરીરે લાહ્ય લાગી હોય એવો અભિનય કરતો ખેલ બંધ કરી ટોળાને વિનવેઃ ‘તમારામાં મારાથી ય કો’ક મોટો ઈલ્મી છે જે મને મહાત કરે છે. કૃપા કરી મારા પેટ પર પાટું ન મારે. દયા કરે. હું તો એની ચાવડી છું.’ અને પંડ્યા કાકા મંત્રીને બીજી એકાદ સળી ફેંકે એટલે અગ્નિ-લ્હાય શમી જાય ને ખેલ ચાલુ થઈ જાય. એકવાર પંડ્યા કાકાને એમના જાદુ વિષે પૂછ્યું તો કહેઃ ‘ટોળાને વશ કરવા આવું નાટક કરવું પડે, એમાં આપણી ઇજ્જત વધે ને જાદુગર કે વાદીનું કામ થાય.’ હું દશ બાર વર્ષનો હતો ત્યાં સુધી મને પંડ્યા કાકાની મંત્રેલી કાંકરી ને સળીમાં નર્યો ચમત્કાર દેખાતો ને હું મુગ્ધ બની જતો. એવી જ રીતે જ્યારે કોઈ વાદી એના મૈયરનાદે સર્પ દેવતાને ડોલાવતો ત્યારેય મને ચમત્કાર લાગતો; પછી મોટપણે જ્યારે જાણ્યું કે સર્પને મૈયરનાદની કશી જ ગતાગમ હોતી નથી, એ તો વાદી મૈયર વગાડતાં ડાબે જમણે જે ગતિ કરે છે તે તરફ સર્પ પોતાની ફેણ ફેરવે છે ને કવિઓ ગાય છેઃ-

‘મૈયરનાદે મણિધર ડોલે!’ જનતાએ ને કવિઓએ કૃતક ચમત્કારનું આરોપણ કર્યું છે કેવળ! ગામડાગામમાં કોઈને સર્પ ડંખે એટલે ભાથીખત્રીને સ્થળે પગે લગાડવા જાય ને બાધા રાખે એટલે કોઈક કિસ્સામાં મટી પણ જાય; કિન્તુ બધા જ સર્પ ઝેરી નથી હોતા. મોટા ભાગના તો નિર્વિષ હોય છે એટલે દર્દી કાળે કરી સાજો થઈ જાય ને ભાથી ખત્રીને ચમત્કારનું શ્રેય મળે. વર્ષો પૂર્વે અમારા ગામમાં ભૂત–પ્રેત પલિત-જીનતાનનો ઉપદ્રવ ભારે હતો. મોટે ભાગે પરણવાયોગ્ય કન્યાઓ કે પરિણીતાઓને ભૂતપ્રેત વળગતાં. એમને માટે ભૂવાઓની સંસ્થા તૈયાર હતી. માનસિક તાણ–હિસ્ટીરીઆને વળગાડમાં ખપાવી ભૂવાઓ આતંક મચાવતા. ભાતભાતનાં શારીરિક-માનસિક કષ્ટ આપતા. એક બહેનને જીન વળગ્યો છે કહી ભાતભાતની ધમાલ કરી ને પછી જીનને શીશામાં પુરી ખારી નદીમાં તણાતો મૂકી આવ્યા ને ગજ્યાં તર કર્યાં. માતાજીએ કંકુનાં પગલાં પાડ્યાંનું તૂત તે અદ્યાપિ ગામડામાં ચાલુ છે. અરે! થોડાંક વર્ષો પૂર્વે સમગ્ર દેશમાં ગણેશજીની મૂર્તિને દૂધ પીતી કરી દીધી હતી! અને આ ચમત્કારમાં ભલભલા માનતા થઈ ગયેલા. કોઈ દેવ મૂર્તિની આંખમાંથી અશ્રુ સર્યાની વાતો પણ થતી. કેસર-ચંદનની વર્ષાના શ્રદ્ધાળુઓ પણ ઓછા નહોતા!

ચમત્કારોની દુનિયા સર્જવામાં જાદુગરોનો હિસ્સો ઓછો નથી. મહંમદ છેલ, કે. લાલ, ગોગિયા પાશાના કેટલાક જાદુ ચમત્કારો જેવા લાગતા. રેલ્વે ટ્રેનના ડબ્બા એન્જિનથી છૂટા પાડવા, દાઢીમાંથી ટિકિટોનો ઢગલો કરી દેવો, પેટમાંથી આંતરડાં બહાર કાઢવાં, જીભ કાપી નાંખવી, જુવાનને બેભાન કરી એની લાશને હવામાં પાંચ ફુટ ઉડાડવી, આવા પ્રયોગો ઘણાં જાદુગરો કરતા પણ એ બધા જાદુના ખેલ જ હતા.

સને ૧૯૩૭માં હું કલકત્તામાં હતો. એક બંગાળી જાદુગર જાદુ કરતો હતો. મસ મોટા ટોળામાં હું પણ હતો. જાદુના કેટલાક પ્રયોગો કર્યા બાદ, યુવાન જાદુગરે ટોળાને ઉદ્દેશીને બંગાળી ભાષામાં કહ્યુંઃ ‘જેમના ગજવામાં રૂપા-નાણું હોય તે બહાર કાઢીને એક બાજુ નાંખે. જો એમ નહીં કરે તો એમના ગજવામાં આગ લાગશે. મારા ગજવામાં ચાંદીના રાણીના એડવર્ડના ને પંચમ જ્યોર્જના કેટલાક સિક્કા હતા. મેં બહાર કાઢી નાંખ્યા નહીં એટલે મારા ખાદીના ઝભ્ભાનું ગજવું સળગ્યું. મારા જેવા ચાર પાંચના ગજવા સળગ્યાં પણ મને વહેમ છે કે એ ટોળામાંથી કો’કે કૈંક જલન-પદાર્થ મારા ગજવામાં સરકાવી દીધેલો. બાકીનાઓમાં તો કેટલાક જાદુગરના માણસો ફોડેલા હોય જે આવા કરતૂત કરી લોકોમાં ભય ને ચમત્કારની હવા ફેલાવે! પાંચેક સાલ પૂર્વે, સ્ટેશન નજીક (વડોદરા) આવેલ એસ.ટી.ડેપો સામેની લાઈનની દુકાનોમાં એક વહોરાજી મને કહેઃ ‘સાહેબજી! આ જાદુમંતરવાળા બબ્બે ઈંચની જીભ કાઢી બતાવે તે તો ચોંટાડેલી બકરાની જીભ હોય છે. આ પેલો અઘોરી પણ લિંગ પર રબ્બરની ટોટી લગાડીને ખેંચીને ત્રાગુ કરતો હતો. કામ કરવું નહીં ને હરામનું માગી ખાવું. અભણ લોક આવા ચમત્કારોથી અંજાઈ જાય.’ વહોરાજીની વાત તદ્દન સાચી હતી.

સને ૧૯૪૩માં મને પણ એક એવો અડબંગ અઘોરી ભેટી ગયેલો. એસ.એલ.ડી. કૉલેજમાંથી પ્રો. રામનારાયણ પાઠકનો એમ.એ.નો વર્ગ ભરી હું મારી બોર્ડિંગ-દરબાર સુરજમલજી બોર્ડિંગમાં બપોરે ત્રણ વાગે આવી રહ્યો હતો. અમારી બોર્ડિંગ, વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલથી નેળિયાને રસ્તે જઈએ તો માંડ બે ખેતરવા અને કોચરબ-પાલડીને મુખ્ય રસ્તે જઈએ તો ખાસ્સી પાંચ-છ ફલાંગ. માંડ બે જણ સામેથી એક અઘોરી-જોતાં જ ફાટી પડીએ એવો આવતો દીઠો. મને બીક તો લાગી પણ પાછા જવાને બદલે હું આગળ વધ્યો. નજીકથી પસાર થતાં જ બાજની ઝડપે એણે મારો હાથ પકડ્યો ને કોણ જાણે મારો હાથ રક્ત ચીકાશથી ગુંદરિયો બની ગયો. દુર્ગંધનો તો કોઈ પાર નહીં. હાથ છોડાવીને

હું ભાગ્યો. સાબુથી હાથની સફાઈ કરી છતાં યે દુર્ગંધ જાય નહીં. વિટાવીર્ય રક્ત-માંસની ચટણી જાણે! બે કલાક બાદ મને તાવની અસર જણાઈ. એ આસુરી ચમત્કારનું સ્મરણ છ દાયકા વિત્યા છતાં હજી એટલું જ તાજું છે! શક્ત સંપ્રદાય એની બદતર દશામાં જ્યારે હશે ત્યારે આવા છાકટા અડબંગ અઘોરીઓનો તોટો નહીં હોય!

મને લગભગ સાડા પાંચ દાયકાથી હોજરીનું અલ્સર છે. ત્રણેકવાર 'બ્લીડીંગ' થયું પણ બચી ગયો છું. એકવારના વડોદરાની પ્રાચ્યવિદ્યા મંદિરના ડાયરેક્ટર ડૉ. ભટ્ટાચાર્ય, નિવૃત્તિ બાદ કલકત્તામાં રહેતા હતા. એ પછી કેટલાંક વર્ષો બાદ એના ડેપ્યુટી ડાયરેક્ટર ને મારા પરમ મિત્ર ડૉ. ઉમાકાંત શાહે મારી પાસે મારા ફોટાની માંગણી કરી. મેં કારણ પૂછ્યું તો કહેઃ 'મારે તમારો ફોટો કલકત્તા મોકલવો છે. ડૉ. ભટ્ટાચાર્ય, ડાયમંડ થેરપીના માધ્યમ દ્વારા પ્રયોગ કરે છે ને અસાધ્ય રોગોને મટાડે છે. એ સારા હોમિયોપેથ હતા તે હું જાણતો હતો. દરરોજ સેંકડો કેસ આવતા હતા. દરેકની મફત દવા કરતા હતા. હોમિયોપેથી અને આયુર્વેદના સંયોજન જેવું તેમણે અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું છે જેનો ગુજરાતી અનુવાદ મારા એકવારના (સને ૧૯૩૨) શિક્ષક શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાનીએ કર્યો છે. ડૉ. ભટ્ટાચાર્યનો, મારા ફોટા પર કરેલો પ્રયોગ કેટલે અંશે સફળ થયો તે જાણતો નથી. પણ જીવું છું એ હકીકત છે. આવા પ્રયોગ પણ ચમત્કાર જ ગણાય.

વર્ષો પહેલાં ડૉ. સુજાન્ત મહેતા વડોદરા રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર હતા. મહારાજા સયાજીરાવ ગાયકવાડના પણ અંગત ડૉક્ટર હતા. એમના જીવન ચરિત્રમાં એક એવો પ્રસંગ આવે છે કે જ્યારે તેઓ નવસારી તાલુકાની વીઝીટમાં હતા ત્યારે એક માતાનું સંતાન ગંભીર બિમારીમાં હતું. માતાએ ઇચ્છા પ્રદર્શિત કરી કે ડૉ. મહેતા સાહેબ કેવળ આવીને મારા બિમાર સંતાનને જોઈ જાય ને આશીર્વાદ આપે તો બાળક સાજું થઈ જાય. ડૉ. મહેતા સાહેબ ગયા, માથે હાથ ફેરવ્યો, આશીર્વાદ આપ્યા ને બાળક નરવું થઈ ગયું. દવા આપી કે નહીં, એવો કશો ઉલ્લેખ નથી. ઘણાં દિવસથી બાળકને ગળે અન્ન ઉતરતું નહોતું. મહેતા સાહેબે સ્થાનિક ડૉક્ટરને ગુસ્સાથી પીચકારી મારવાની સલાહ આપેલી...એથી બાળક ખાતું થઈ ગયેલું પણ એનાં માતા-પિતાએ ચમત્કાર માન્યો. વર્ષો પહેલાં આત્મકથા વાંચેલી, એટલે સ્મૃતિમાંથી કેટલુંક છટકી પણ ગયું હોય, સંભવ છે; પણ ભગવાન ઈસુ મરેલાંને જીવતા કરવાનો ચમત્કાર કરતા હતા! એના વિરોધમાં ભગવાન બુદ્ધનો કિસ્સો ગૌતમીનો રાઈવાળો કિસ્સો આપણે જાણીએ છીએ, જે મૃત્યુની અનિવાર્યતા દર્શાવે છે. મરેલા જીવતા ન થાય પણ માંદા, આશીર્વાદથી કાકતાલીય ન્યાયે સાજા થાય પણ ખરા. આત્મશ્રદ્ધા ને પ્રાર્થનાથી કેટલાક ચમત્કાર થતા પણ ખરા. આત્મશ્રદ્ધા ને પ્રાર્થનાથી કેટલાક ચમત્કાર થતા પણ હોય છે, પણ એ વસ્તુ કોઈ પ્રયોગશાળામાં સિદ્ધ કરી શકાતી નથી...ભૌતિકશાસ્ત્ર ને રસાયણ શાસ્ત્રની જેમ! પવિત્ર આત્માઓની અસર થાય એ શ્રદ્ધાનો વિષય છે. શ્રી લોકનાથતીર્થ સ્વામી મહારાજના જીવનચરિત્રમાં અમુક પ્રકારની શક્તિથી રોગ...અસાધ્ય રોગ મટાડવાનાં દૃષ્ટાંતો આપ્યાં છે. મોગલ ઇતિહાસમાં (બાબર-હુમાયુ) પુત્રનો રોગ પિતાએ લીધાનું ઐતિહાસિક દૃષ્ટાંત આપણે જાણીએ છીએ. શક્તિપાતનો ચમત્કાર રામકૃષ્ણ પરમહંસ અને વિવેકાનંદની બાબતમાં નોંધાયેલો છે.

અરે! ગાયત્રીવાળા આચાર્ય રામશર્મા પર એક ભાઈએ પીએચ.ડી.નો શોધ પ્રબંધ લખ્યો છે. (Thesis) જેમાં આચાર્ય રામશર્માએ પાંચ મૃત્યુ પામેલાઓને જીવંત કરેલા એની વિગતો આપી છે! સામાન્ય તો શું પણ અસામાન્ય બુદ્ધિથી ન સમજાય એવી આ બાબત છે. હિમાલયના કેટલાક યોગીઓ સંબંધે ભાતભાતની કિવદન્તીઓ સાંભળવા મળતી હોય છે. થોડાંક વર્ષો પૂર્વે મારા એક મિત્ર ઘરે આવીને મને એક મહાત્મા પાસે લઈ જવાની વાત કરી, જેમની ઉંમર દોઢસો વર્ષની બતાવેલી. મિત્રને મેં કહ્યું: 'તો તો એમનું નામ ગીનીસ બુક્સમાં હોવું જોઈએ.' મિત્ર કહેઃ 'એમને એની શી પડી છે? હિમાલયમાં એમનાથી ય મોટી વયના સાધુ સંન્યાસીઓ છે જે કેવળ ઝાડના પાન પર જીવે છે. કેટલાકે તો એક વર્ષથી અન્ન લીધું નથી હોતું છતાંયે પ્રસન્નતાથી જીવે છે. અગમ્યવાદ, ગૂઢવાદનો ઘૂંઘટ વિજ્ઞાને ખોલ્યો નથી ત્યાં સુધી આવા બધા ચમત્કારો લોકમાનસ ચલાવી લે છે, બલ્કે એને આવી અશક્ય બાબતોમાં એક પ્રકારનો સંતોષ ને આનંદ આવે છે પણ છ છ દાયકા સુધી સાધુજીવન જીવી ભાતભાતના અનુભવો મેળવનાર સ્વામી આનંદ ચમત્કારો વિષે શું માને છે તે જોઈએ. 'હિમાલયમાં અનેક સાધુમહાત્માઓ યોગ સમાધિમાં કે બીજી રીતે વગર કશું ખાધેપીધે વાયુ ભક્ષણ કરીને સેંકડો વર્ષ જીવે છે, એવાં કંદમૂળ થાય છે જે ખાવાથી આમ રહી શકાય છે, આ યોગીમહાત્માઓ યોગ સિદ્ધિઓને બળે અનેક ચમત્કારો કરી શકે છે, મનઈચ્છિત ચીજ મેળવી શકે છે ને ત્રણે કાળની વાત જાણી શકે છે, એવી એવી માન્યતાઓ આપણી પ્રજામાં ને દુનિયાની ઘણી પ્રજાઓમાં પ્રચલિત હોય છે. થિયોસોફી વગેરે જેવાં કેટલાંક આધુનિક ગૂઢવાદી પંથવાળાઓને આવી વાતો પર કેટલીક જાતના વેપાર થોડો વખત કર્યા. **આ બધી નવલકથાઓ છે.** મેં ૬૦ વરસની મારી સાધુ જિંદગીમાં ભરપૂર શ્રદ્ધા ને જિજ્ઞાસા છતાં આવું કશું ક્યાંયે કદિ જોયું નથી.' ('ધરતીની આરતી'માં 'મારા પિતરાઈઓ'-પૃ. ૪૫૯). મોટાભાગના ધર્મો, સંપ્રદાયો, યોગીઓ, ઓલિયાઓ, બાબાઓ સંબંધે ભાત ભાતના ચમત્કારો જમા ખાતે જોવા મળે છે, પણ તત્ત્વત; એમાં ઝાઝું તથ્ય હોતું નથી.' સ્વામી આનંદ કહે છે તે પ્રમાણે 'આ બધી નવલકથાઓ છે.' કારણ કે ચમત્કાર વિના આ દંભી, સ્વાર્થી દુનિયા નમસ્કાર કરતી નથી એટલે કે આવાં ડીંડપણાં નભ્યે જાય છે.

* * *

રસિકભાઈ રણજિતભાઈ પટેલ, સી–૧૨, નવદીપ એપાર્ટમેન્ટ,
મેમ નગર, અમદાવાદ–૩૮૦૦૫૨. મો.: ૦૯૮૯૮૧૬૯૦૬૯

દેવદ્રવ્ય–કેટલાંક સંદર્ભો–ચર્ચા

(૧)

પૂ. ગુરૂદેવ તથા જૈન અભ્યાસકો દેવ દ્રવ્ય ઉપર શું મંતવ્ય આપે છે ?

પ્ર.જી.માં (Dec 2010) એક લેખ આવ્યો છે. 'સ્થળ–કાળ સંદર્ભે દેવ દ્રવ્યનો જૈન ખ્યાલ' લેખક શ્રી ચંદ્રસેન મોમોયા. આપણા સમાજમાં આ એક મોટો હૉટ ટૉપિક (Hot Topic) છે. આ વિષય ઉપર આપણા ગુરુદેવોનું અને અભ્યાસકોનું શું મંતવ્ય છે એ જોઈએ.

(૧) પૂ. પરમાનંદ કુંવરજી કાપડીયા

સંદર્ભ : (સત્યમ, શીવમ્, સુંદરમ-પૃષ્ઠ ૯૦ થી ૧૦૧) એ કહે છે-

જિનમૂર્તિ સમક્ષ ધરાએલું જે જિનમંદિરને અર્પણ કરાએલું દ્રવ્ય તે દેવદ્રવ્ય કહેવાય (P-90)...ત્યાગી મૂર્તિને આંગી આભુષણ શા માટે ? (સોના, ચાંદી વિગેરે દાગીના) જે નાણું એકઠું થયું હોય તેનો ધર્મ પરિપોષક, સંસ્કૃતિવર્ધક, તેમજ સમાજ સ્વાસ્થ્યની રક્ષા અને વૃદ્ધિ કરનાર કોઈપણ પ્રવૃત્તિ પાછળ ઉપયોગ કરવો જોઈએ. (P-91) જ્યારે કોઈ શ્રાવક આ દ્રવ્યનો ઉપયોગ અમુક જ થવો જોઈએ અથવા કોઈપણ બીજે ન થવો જોઈએ એવા નિશ્ચયપૂર્વકની સમજૂતીથી તે દ્રવ્ય આપે તેમ હોતું નથી. એ તો ભોળાભાવે અમુક દ્રવ્ય મૂર્તિને સમર્પણ કરે છે. અને સંઘ તેનો ચાલુ પરંપરા મુજબ ઉપયોગ કરે છે. (P-93) દેવદ્રવ્યની પ્રથાની અતિ પ્રાચીનતાનો દાવો કેટલો પાયા વિનાનો છે એનો ખ્યાલ આવશે. દેવદ્રવ્યની પ્રથા તો જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્તની બાબત છે. આ દલીલ હાસ્યાસ્પદ છે...(P-94) વધી પડતા નાણાનો શું ઉપયોગ કરવો અને શું ન કરવો એ પ્રશ્નને મૌલિક સિદ્ધાંત લેખાવવો એ ચોપદારને શહેનશાહમાનવા જેવું છે. કેટલાક ચર્ચોની આવકમાંથી મિશન સ્કૂલો અને હૉસ્પિટલો ચાલે છે.

જ્યારે જીર્ણ થતા મંદિરો માટે આટલી બધી લાગણી દાખવવામાં આવે છે, ત્યારે જીર્ણ થયેલા, ભાંગીને ભૂક્કો થઈ જતાં માનવ સમુદાય વિષે કોઈના દિલમાં કેમ કશો સળવળાટ થતો નથી? માનવીઓના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે એક પાઈ પણ ન ખરચતા, મંદિરનો પૈસો ઈંટ, ચૂનો અને પથ્થર પાછળ ખરચાશે આ માન્યતા ભૂલભરેલી છે. જૈન ધર્મનું આવું એકાન્ત ફરમાન કદી કોઈ કાળે હોઈ જ ન શકે. (P-98) આજના આગેવાનો સામાન્યતઃ સ્થિતિચૂસ્ત મનોદશાવાળા હોય છે. કોઈપણ નવી વાત, વિચાર, કે આંદોલનો શરૂઆતમાં સખત વિરોધ કરનારા હોય છે. ધાર્મિક તટસ્થતાનું ભૂત આજે વળગ્યું છે...ધોળી ચામડીવાળાના ઠેકાણે શામળી (કાળી) ચામડીવાળા આવ્યા છે. (પૃ. ૯૯)

(૨) પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી

સંદર્ભ : (ન્યાયવિજયજીનું મુંબઈનું ચાતુર્માસ) (પૃ. ૧૪) પૂ. શ્રી કહે છે-

એક દહેરાસર બરાબર ન સચવાતું હોય ત્યાં બીજું દહેરાસર બંધાવનાર દોષનો ભાગી થાય છે. જરૂરિયાત જેની હોય તે દાન મોટું. ભરતામાં ન ભરો નિરર્થક ન ફેંકો ! (પૃ. ૨૫) દેશમાં આર્થિક મૂંઝવણ વ્યાપી રહી છે. નિરૂપયોગી જમણવારમાં, નવકારશીમાં ધર્મના નામે પૈસા વેરવા અયોગ્ય છે. દાનની દિશા સમજો. જે ધન પ્રજાની અનુકંપામાં ઉપયુક્ત થઈ શકે તે ધનની વૃદ્ધિ કરવી સમુચિત છે. દેવ ધનનો ભંડાર સરકારને લોન આપવામાં થાય, પછી તેનો ઉપયોગ કતલખાનામાં તથા લડાઈ વગેરેમાં થાય. આ મહાપાપ છે. કેળવણીના સાધનો નહીં મળવાથી આજે શ્રાવક શ્રાવિકાઓ સીદાતા જાય છે. તેમની પુષ્ટીમાં ધન ન વેરાય અને ભગવાનના અંગ ઉપર લાખોના દાગીના ચઢાવાય એ કેટલું અસમંજસ છે. ખરો ધર્મ સમજો અને વિશાળ દૃષ્ટિએ ઉદાર દયાના ઉપયુક્ત ઝરણાં વહેવડાવી હજારો લાખો દુઃખી હૃદયોના શુભ આશીર્વાદ મેળવો. (પૃ. ૨૭)

(૩) પૂ. ગુરુદેવ શ્રીમદ્ વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજ સાહેબ

સંદર્ભ : (વલ્લભ પ્રવચન દ્વિતીય ભાગ-૨ પૃષ્ટ ૫૬૭)

દેવ દ્રવ્યકા ઈતિહાસ ખોલકર દેખેં તો પતા ચલ જાયેગા કી યે પરંપરા ઉસ સમય કે યતિ સમુદાયને ડાલી હૈ, ઔર બાદ મેં ત્યાગી સાધુઓને ગૃહસ્થ વર્ગ મેં પ્રચલિત કરવાઈ હૈ. ઉસ સમય કોઈ વિરોધ નહીં કીયા...મૈં કહેતા હું કિસી ભી નઈ બાત કો દેખકર ઘબરાએ નહીં...દ્રવ્ય, કાલ, ક્ષેત્ર, ભાવ ઔર પરિસ્થિતિ એવં સમાજ કે હિતાહિત કા વિચાર કરને સે સત્યતા અપને આપ સામને આ જાયેગી.

(૪) ડૉ. કુમારપાળ દેશાઈ :

સંદર્ભ : પ્ર. જી. Dec. 2010 P. 23, 24 (પ્રશ્ન ૮નો ઉત્તર)

દેવદ્રવ્યમાં વધારો કરે એ આ જમાનામાં ઈચ્છવા યોગ્ય નથી અને તેટલા માટે બોલીઓની ઉપજ સાધારણ ખાતે લઈ જવાનું સંઘે ઠરાવવું જોઈએ. આ રિવાજમાં ઈચ્છા મુજબનો ફેરફાર કરવામાં સંઘને અધિકાર છે.

ટૂંકમાં એવું કહી શકાય કે મંદિરમાં વધારે નાણાં ઉપલબ્ધ હોય (મંદિરનો વહિવટ થયા પછી) તો વધારાના નાણાંનો વિનિયોગ સામાજિક કાર્ય માટે તથા દુર્બળ શ્રાવકો માટે કરી શકાય. ✷✷✷

શાંતિલાલ સી. શાહ, ૭૩૦, સદાશીવ પેઠ, પૂણે-૪૧૧૦૩૦.
ફોન નં. : (૦૨૦) ૪૪૭૧૦૬૭ – ૪૪૭૭૩૫૬.

(૨)

દેવદ્રવ્ય

□ પ્રવીણા ખોના

'દેવદ્રવ્ય'ના સમાજોપયોગ માટે વર્ષોથી વિવિધ મતો પ્રદર્શિત થતા આવ્યા છે. આ પ્રશ્ન ઘણા વર્ષો પૂર્વે ઠાકરશી દેવરાજ વિ. હરભમ નરશીના કેસમાં મુંબઈ હાઈકોર્ટ સુધી પહોંચેલ. રતિલાલ પી. ગાંધી વિ. મુંબઈ રાજ્યના કેસમાં સુપ્રિમ કોર્ટે દેવદ્રવ્યનો અન્ય ઉપયોગ ન થઈ શકે એમ ચૂકાદો આપેલ. આ બન્ને તથા અન્ય કેસો અંગે નીચે વિવરણ કરવામાં આવેલ છે.

'દેવદ્રવ્ય'નો વિચાર (concept), ફક્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજ પૂરતો જ મર્યાદિત છે. અન્ય કોઈ ધર્મમાં તથા જૈનોના અન્ય પંથોમાં એ પ્રશ્ન નથી.

સરકારે નીમેલ 'હિન્દુ એનાંઉન્સમેન્ટ્સ કમિશન' (૧૯૬૦-૬૨)એ પોતાના રિપોર્ટમાં દેવદ્રવ્ય અંગે વિસ્તૃત ચર્ચા કરી છે. સદર રિપોર્ટ નોંધ છે કે દિગંબર જૈનોમાં 'દેવદ્રવ્ય' કે 'જ્ઞાનદ્રવ્ય' જેવા વિચારો નથી. ત્યાં સર્વે દાન-ચડાવા 'ભંડાર ફંડ'માં જમા કરવામાં આવે છે. જેનો ઉપયોગ મંદિર માટે અથવા મંદિર દ્વારા ચલાવાતી અન્ય કોઈ સંસ્થા માટે તથા અન્ય કોઈ કાર્ય માટે થાય છે. તે ફંડનો ઉપયોગ જૈન તત્ત્વજ્ઞાનનું શિક્ષણ અથવા અન્ય શિક્ષણ આપવા માટે પણ કરવામાં આવે છે. મારા મતે, કદાચ આ કારણે જ દિગંબર મંદિરોના ભટ્ટારકો (વહીવટકર્તાઓ) એવા ફંડોના માલિક થઈ જતા હોય છે!

સ્થાનકવાસી જૈનો જિન પ્રતિમા કે જિનાલયમાં માનતા જ નથી. તેથી 'દેવદ્રવ્ય' જેવી બાબત ત્યાં હોય જ નહીં.

'દેવદ્રવ્ય'નો વિચાર ફક્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો પૂરતો જ મર્યાદિત છે. આ અંગેના સિદ્ધાંતો વિસ્તારપૂર્વક 'દ્રવ્ય સપ્તિકા', 'શ્રાદ્ધવિધિ', 'સંબોધ–સત્તારી', 'ઉપદેશ–પ્રસાદ', 'વ્યવહાર ભાષ્ય' વિગેરે શાસ્ત્રોમાં સમજાવવામાં આવેલ છે.

સદર કમીશને 'દેવદ્રવ્ય' અંગે વિવિધ ગ્રંથોના સંશોધન અને અનેક સાક્ષીઓ તપાસીને ઊંડા અભ્યાસ અને સંશોધન બાદ પોતાના રિપોર્ટમાં વિસ્તૃત ચર્ચા કરેલ છે.

શ્વે. મૂ. જૈનોના શાસ્ત્રો અનુસાર ધાર્મિક ફંડોના ક્ષેત્રો છે : (૧) જિનપ્રતિમા, (૨) જિનાલય, (૩) જિનવાણી, (૪) સાધુ-સાધ્વી, (૫) વૈયાવચ્ચ તથા (૬) શ્રાવક–શ્રાવિકા સાધર્મિક ભક્તિ. પ્રથમ બે ક્ષેત્રના ફંડો **દેવદ્રવ્ય** તરીકે ઓળખાય છે. જ્યારે બાકીના ફંડો **સાધારણ ખાતા** તરીકે ઓળખાય છે. દેવદ્રવ્ય એટલે દેવને અર્પણ કરેલ દ્રવ્ય. એનો ઉપયોગ ફક્ત જિનપ્રતિમા અને જિનાલય પૂરતો જ મર્યાદિત છે. જિન પ્રતિમાઓ બનાવરાવવી, જૂની નુકસાન પામેલી હોય તેની મરામત કરવી, નવા જિનાલયો બનાવવા તથા જૂના જિનાલયોનો જીર્ણોદ્ધાર કરવો, જિન પ્રતિમાઓને શણગારવી વિગેરે. જ્યારે સાધારણ ફંડોનો ઉપયોગ તે તે ફંડોના ઉદ્દેશો માટે થઈ શકે છે. આ ફંડો તથા ખાતાઓની અગ્રતા ઉપર પ્રમાણેના ક્રમાનુસાર છે. નીચેના ક્રમના ખાતાની રકમનો ઉપયોગ ઉપરના ક્રમના ખાતાઓ માટે થઈ શકે. પરંતુ ઉપલા ક્રમના ખાતાની રકમનો ઉપયોગ નીચલા ક્રમના ખાતા માટે થઈ શકતો નથી. દા. ત. શ્રાવક-શ્રાવિકા સાધર્મિક ફંડનો ઉપયોગ સાધુ–સાધ્વી વૈયાવચ્ચ માટે કરી શકાય. પરંતુ વિરુદ્ધ નહીં. દેવદ્રવ્ય ખાતાની રકમનો ઉપયોગ ફક્ત જિનપ્રતિમાઓ અને જિનાલયો માટે જ થઈ શકે. અન્ય કોઈ પણ કાર્ય માટે નહીં. આ ઉપરાંત અન્ય ખાતાઓ પણ હોય છે. દા. ત. ઉપાશ્રય, જીવદયા, અનુકંપા, સ્વામિવાત્સલ્ય, આયંબિલ, કેસર-સુખડ, અખંડ દિવો, આંગી, ગુપ્તભંડાર વિગેરે. 'જીવદયા ખાતું' પશુ-પક્ષીઓ માટે હોય છે. જ્યારે 'અનુકંપા ખાતું' જૈનેતર બંધુઓ માટે હોય છે. આ સર્વે ખાતાઓનો વહીવટ સંઘ હસ્તક હોય છે. હિન્દુ મંદિરોનો વહીવટ મહંત હસ્તક હોય છે તેમ જૈન મંદિરોનો વહીવટ સાધુ-સાધ્વી હસ્તક નથી હોતો. કમીશને વિવિધ મંદિરોની મુલાકાત લીધેલ અને ત્યાંની સ્વચ્છતાથી ખૂબ જ પ્રભાવિત થયેલ. જૈન ફંડોના વહીવટથી પ્રસન્ન થઈને કમીશને આ પ્રકારના ફંડોની પ્રથા અને તેના વહિવટનું માળખું અન્ય હિંદુ મંદિરોમાં પણ દાખલ કરવાનું સૂચન કરેલ.

'દેવદ્રવ્ય' અને અન્ય ફંડોને લગતા કોર્ટના કેટલાક ચુકાદાઓ ઉપર દૃષ્ટિપાત રસપ્રદ થશે.

ઠાકરશી દેવરાજ વિ. હરભમ નરશી (કદાચ નરશી નાથાના સુપુત્ર)ના કેસમાં મુંબઈ હાઈકોર્ટે ચૂકાદો આપેલ કે, દેવદ્રવ્યની રકમનો ઉપયોગ ફક્ત જિનપ્રતિમા અને જિનાલય માટે જ થઈ શકે. અન્ય કારણો માટે નહીં.

સુપ્રિમ કોર્ટે રતિલાલ પી. ગાંધી વિ. મુંબઈ રાજ્યના કેસમાં, મુંબઈ હાઈકોર્ટના ઉપલા ચૂકાદાને મંજૂર રાખીને ચૂકાદો આપેલ કે, શ્વેતાંબર મૂ. જૈન શાસ્ત્રો અનુસાર, દેવદ્રવ્યનો ઉપયોગ ફક્ત જિનપ્રતિમા અને જિનાલય માટે જ થઈ શકે.

સુપ્રિમ કોર્ટે શાહ છોટાલાલ લલ્લુભાઈ વિ. ચેરિટી કમિશ્નરના કેસમાં ચૂકાદો આપેલ કે, લાડવા શ્રીમાળી વાણીયા જ્ઞાતિના સ્વામિવાત્સલ્ય ફંડની રકમ સાદ વિદ્યા મંડળ કે સેવાશ્રમ હૉસ્પિટલને આપવાનો ચેરિટી કમિશ્નરનો હુકમ ગેરકાયદેસર છે. સદર ચૂકાદા માટે સુપ્રિમ કોર્ટે શ્વે. મૂ. જૈનોના શાસ્ત્રોનો આધાર લીધેલ.

ગાંધાર જૈન દેરાસરના કેસમાં ગુજરાત હાઈકોર્ટે ચૂકાદો આપેલ કે, 'દેવદ્રવ્ય'ની રકમનો ઉપયોગ અન્ય બાબતો માટે ન કરી શકાય. પૂનમચંદ દામોદરદાસ વિ. પોપટલાલ સોમનાથ અને અન્યના કેસમાં ગુજરાત હાઈકોર્ટે ફરમાવેલ કે પક્ષીઓના ચણ અને કૂતરાઓના રોટલાની રકમ અન્ય રીતે વાપરવા ચેરિટી કમિશ્નર હુકમ ન કરી શકે. ટ્રસ્ટને લગતા ઈંગ્લેન્ડ અને ભારતના કાયદાઓ

ફરમાવે છે. દાતાઓ જે ઉદ્દેશ માટે દાનની રકમ આપેલ હોય, તે જ ઉદ્દેશ માટે તે રકમનો ઉપયોગ કરી શકાય અન્ય ઉદ્દેશ માટે નહીં. શ્વે. મૂ. જૈન શાસ્ત્રોમાં ધાર્મિક ફંડોના ઉપયોગ અંગે જે વ્યવસ્થા કરવામાં આવેલ છે તે અન્યોન્ય છે. અન્ય કોઈ સંપ્રદાય કે પંથમાં આ પ્રકારની વ્યવસ્થા નથી. તેના કારણે જ આપણા ધાર્મિક તથા સામાજીક ટ્રસ્ટો અને ફંડોનો વહીવટ સ્વચ્છ અને સુરક્ષિત છે. અન્ય સંપ્રદાય અને પંથોમાં એના વહીવટદારો માલિકો બનીને બેઠા છે. આવી વ્યવસ્થા ન હોવાથી જ, સમાજ અને જનતાની મિલ્કતોના વહીવટમાં વિવિધ કૌભાંડો ચાલી રહ્યા છે. જેનો અનુભવ આપણે દરરોજ એક નવો કૌભાંડ પ્રકાશમાં આવતાં કરી રહ્યા છીએ.

'દેવદ્રવ્ય' તેમજ અન્ય ધાર્મિક અને સામાજીક ફંડના વહીવટમાં આપણે ખૂબ જ ઊંચી નીતિમત્તા ધરાવીએ છીએ.

'દેવદ્રવ્ય'ના ઉપયોગ બાબત આપણી ઉમદા શ્રદ્ધાને કોર્ટોએ પણ સંપૂર્ણ રીતે મંજૂર રાખેલ છે.

'દેવદ્રવ્ય' અને અન્ય ધાર્મિક ફંડની ઉચાપત અથવા ગેરવહીવટથી જવાબદાર વ્યક્તિને ખૂબ સહન કરવાનું આવે છે. એવી આપણામાં દૃઢ માન્યતા પ્રવર્તે છે. એની સચ્ચાઈ મેં બે કિસ્સાઓમાં જોઈ છે.

૧૯૬૯થી ૧૯૭૪ (આશરે)ના સમયગાળા માટે શ્રી અનંતનાથજી દેરાસરજીના ટ્રસ્ટીઓમાં ગજગ્રાહ ચાલતો હતો. અગિયારમાંથી એક બાજુ એક ટ્રસ્ટી બીજી બાજુ નવ ટ્રસ્ટી. મેં તટસ્થ ટ્રસ્ટી તરીકે ટ્રસ્ટના પૈસાને કોર્ટ કેસોમાં ન ખરચવા બાબત નવ ટ્રસ્ટીઓને સમજાવવા વિવિધ પ્રયત્નો કરી જોયા પરંતુ વ્યર્થ. નવ ટ્રસ્ટીઓ બહુમતીમાં હોવાથી કોર્ટકેસો માટે ટ્રસ્ટનો પૈસો ખરચતા હતા. પરિણામે ટ્રસ્ટી મટી ગયા બાદ અંગત રીતે એમણે ઘણી જ કઠિનાઈઓ ભોગવવી પડી. અન્ય દાખલો. ટ્રસ્ટના એક ભાડૂતે પોતાના ગોડાઉનનો સોદો કરેલ. ટ્રાન્સફર ફી પેટે ટ્રસ્ટને આપવાની રકમમાંથી એણે ૧ લાખ બાકી રાખ્યા જે હજુ પણ બાકી છે. થોડા સમય પછી સર્વે જાહોજલાલી ખતમ થઈ ગઈ. અન્ય તકલીફો વેઠવી પડી. મારી સાથે મિત્રદાવે અંગત રીતે વાતો કરતાં પોતાની કઠણાઇઓ અંગે જણાવ્યું. મારે કહેવું પડ્યું જ્યાં સુધી ટ્રસ્ટની બાકી રહેતી રકમ ચૂકવશો નહીં ત્યાં સુધી તકલીફો વધતી જ જશે!

કચ્છ ખાતે થયેલા ધરતીકંપ વખતે ધર્માદાની રકમ સ્વીકારવાનો કેટલાય વ્યથિત લોકોએ ઈન્કાર કરેલ. જ્યારે આપણામાંના કેટલાક લોકો 'દેવદ્રવ્ય'ની રકમનો સમાજોદ્ધારના ઉપયોગ માટે સૂચવી રહ્યા છે. 'દેવદ્રવ્ય' એ શ્રદ્ધાની બાબત છે. આપણે પોતે એ ન લઈએ પણ બીજાને આપવા માટે સાધન બનીએ તો પણ દોષ વહોરી લઈએ છીએ. જે લોકો જિનપ્રતિમા કે જિનાલયમાં માનતા જ નથી કે એમાં શ્રદ્ધા ધરાવતા નથી. (દા. ત. સ્થાનકવાસી), કે જે લોકોએ એ માટે ધન આપેલ નથી કે આપતા નથી તેમને 'દેવદ્રવ્ય'ના અન્ય ઉપયોગ બાબત બોલવાનો કોઈ અધિકાર ખરો? આ મત કદાચ જૂનવાણી લાગશે. પરંતુ તે શ્રદ્ધા પર નિર્ભર છે. અને તેને કાયદાનું પીઠબળ છે. શાસ્ત્રોને ફેરવવાનું આપણા જ્ઞાનનું ગજું કેટલું?

'દેવદ્રવ્ય' ખાતાની આવક મોટી હોવાથી એ ખાતું દિવસે દિવસે વધતું રહે છે જ્યારે સાધારણ ખાતામાં આવક ઓછી અને ખર્ચ વધુ હોવાથી એમાં હંમેશાં તોટો રહે છે. 'દેવદ્રવ્ય' અને 'સાધારણ' ખાતાની માલમિલકતો, દા.ત. બૅંક ડિપોઝીટો, મકાનો વિ. અલગ અલગ હોય છે. મિલકતની આવક (વ્યાજ, ભાડું વગેરે) જે ખાતાની મિલકત હોય તેમાં જમા થાય છે અને તે ખાતાનો ખર્ચ પણ તે ખાતે ઉધારવામાં આવે છે. 'દેવદ્રવ્ય' ખાતું હંમેશાં તરતું રહે છે. જ્યારે સાધારણ ખાતું હંમેશાં તોટામાં રહે છે.

ઘીની બોલીની આવક મોટી હોય છે. તે આવકની રકમ જે ખાતાની બોલી હોય તેમાં જમા કરવામાં આવે છે. દા. ત. પ્રતિમાજીની પૂજાની બોલીની રકમ દેવદ્રવ્ય ખાતામાં જમા કરવામાં આવે છે. જ્યારે જ્ઞાન-પૂજન, ગુરુપૂજન વિગેરેની બોલીની રકમ તે તે ખાતામાં જમા કરવામાં આવે છે.

કેટલાક મહારાજ સાહેબો જ્ઞાનપૂજન તથા ગુરુપૂજનની રકમ દેરાસરમાં જમા કરાવવાને બદલે પોતે હસ્તગત કરી લે છે! યા પોતાના અંગત માણસના કબજામાં રહે એવી પેરવી કરે છે. જેથી એ રકમનો ઉપયોગ એઓશ્રીના મનપસંદ પ્રોજેક્ટ માટે કરી શકાય જેથી સંઘની કે દેરાસરની આવકમાં ઘટાડો થાય છે.

તેવી જ રીતે મહોત્સવ, પર્યુષણ, ચોમાસા, વિગેરે પ્રસંગે પધારવા આચાર્યશ્રીઓ તથા સાધુ-સાધ્વીજીઓ તો જ સંમત થાય કે જ્યારે ચડાવા કે મહોત્સવની આવકના અમુક ટકા એઓશ્રીના મનપસંદ 'પ્રોજેક્ટ' યા સંસ્થાને આપવાની કબુલાત કરવામાં આવે! આથી દેરાસરની આવકમાં ઘટાડો થાય છે.

કેટલાક વર્ષો પહેલા પર્યુષણ વખતે સપનાની બોલીની રકમ સાધારણ ખાતામાં જમા થતી.

સાધારણ ખાતાની આવક વધારવાનો એક ઉપાય એ છે કે દાતાઓને સમજાવવામાં આવે કે, દાન 'દેવદ્રવ્ય'ના ભંડારામાં નાખવાને બદલે 'સાધારણ'ના ભંડારામાં નાખે. દાન પાછળનો હેતુ પરિગ્રહ ઓછો કરવાનો છે. પરંતુ કેટલાક લોકો પોતાની માન્યતામાં ચૂસ્ત હોય છે અને ફક્ત દેવદ્રવ્ય ખાતાને જ દાન આપવા દૃઢ હોય છે, સાધારણ ખાતાને નહીં. એમને સમજાવવાનો પ્રયત્ન કરી શકાય કે, તમારી દેવદ્રવ્યને દાન આપવાની ભાવના પ્રશંસનીય છે. પરંતુ તે દાન ઉપરાંત અથવા તેના અમુક ટકા દા.ત. ૨૫% જેટલી રકમ સાધારણ ખાતાને પણ દાનમાં આપો. સમસ્યા જટીલ છે. પરંતુ સર્વને માન્ય ઉપાય શોધવાનો જ રહ્યો.

નવા બંધાતા જિનાલયોને તથા જૂના જિનાલયોના જીર્ણોદ્ધાર માટે અન્ય દેરાસરોના 'દેવદ્રવ્ય' ખાતાના વધારામાંથી કેટલાક આચાર્ય સાહેબોની પ્રેરણાથી મોટી રકમો દાન પેટે મળી જાય છે. પરંતુ સાધારણ ખાતાના તોટા માટે દાન મેળવવાના સ્રોત્રો મર્યાદિત રહે છે. આ સળગતી સમસ્યાનો ઉકેલ ગીતાર્થ (આગમોના

જાણકાર) આચાર્યશ્રીઓ પાસેથી જ મેળવી શકાય. ઉકેલ શાસ્ત્રાનુસાર હોવો જોઈએ. કેમકે કોર્ટો કોઈના અંગત મતને આધારે નહીં પરંતુ શાસ્ત્રોના આધારે ચૂકાદાઓ આપે છે.

એક ઉપાય એ અજમાવી શકાય કે મહોત્સવ પ્રસંગે સંઘના 'દેવદ્રવ્ય'માં જતા ચડાવાઓ તે વ્યક્તિને જ આપવામાં આવે જે તે ચડાવા જેટલી અથવા તેના અમુક ટકા દા. ત. ૫૦% સાધારણ ખાતામાં આપવા તૈયાર હોય.

(જરૂરી માહિતી શ્રી કેસરીચંદ નેમચંદ શાહ, એડવોકેટ, લિખીત ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ પુસ્તનકના આધારે સાભાર).

* * *

પ્રવીણ ડી. ખોના, ૩૮, પટવા ચેમ્બર્સ, ૧૦૪–૧૦૮, ક્લીવ રોડ, મસ્જીદ બંદર સ્ટેશન, મુંબઈ–૪૦૦૦૦૯. ફોન : ૦૨૨–૨૬૭૭૪૩૨૪.

સૌજન્ય 'પ્રકાશ સમિક્ષા'.

(૩)

સ્થળ–કાળ સંદર્ભે જૈન દેવદ્રવ્ય અંગે સ્પષ્ટતા

સ્થળ–કાળ સંદર્ભે જૈન દેવદ્રવ્ય અંગે સ્પષ્ટતા શીર્ષક ડિસેમ્બર ૨૦૧૦ના 'પ્ર.જી.'માં ચંદ્રસેન મોમાયાનો લેખ વાંચ્યો.

આ લેખમાં ઘણી બધી વાતો વિચાર માંગે એવી છે. એના અનુસંધાનમાં સર્વપ્રથમ વાતઃ 'લેખનો આખો પાયો જ કલ્પનાની જમીન પર ઊભો થયો છે. ઘણા બધા ફકરામાં 'જો અને તો'વાળી વાતો છે અને પોતાનું મંતવ્ય છે. આ જો અને તો'વાળી વાતનો મતલબ કેટલો ?

દા. ત. (૧) 'એ બાબતે દેવદ્રવ્યની વ્યાખ્યા બાંધવાની આવશ્યકતા ઊભી થઈ 'હશે'. (૨) દેવદ્રવ્ય તરીકે પવિત્ર–પ્રાણાંતે પણ રક્ષાલાયક ગણાય એવી વ્યાખ્યા 'પ્રચલિત હશે પણ પાછળથી.' (૩) 'વ્યાજબી રીતે એવો તર્ક થઈશકે કે...' (૪) જો ઈતિહાસના આ અનુભવોનું આલેખન યોગ્ય રીતે થયું છે 'એમ માનીએ તો' (૫) 'સ્વાભાવિક રીતે એ પણ માનવું પડશે કે...' (૬) 'આનો વ્યવહારિક અર્થ એમ જ થાય કે....'–લેખમાં આવી ઘણી વાતો છે.

લેખમાં જણાવ્યું છે કે 'મૂર્તિ ઈસ્વીસન પૂર્વે ૨જી સદી અને મંદિરો પાંચમી સદીથી શરૂ થયા છે.' આ વાત સદંતર ખોટી છે. 'જૈન પરંપરાનો ઈતિહાસ' ભાગ ૧ થી ૫ લેખકે વાંચી લેવા જોઈએ. દર વર્ષે કલ્પસૂત્રમાં સાંભળીએ છીએ કે સંપ્રતી રાજાએ સવા લાખ જિનાલયો ને સવા કરોડ જિન પ્રતિમાજી ભરાવ્યા. આ વાત અંદાજે ૨૪૦૦ વર્ષ પહેલાની છે. ખુદ મહાવીર સ્વામી જન્મ્યા ત્યારબાદ સિદ્ધાર્થરાજાએ હજારો જિનપ્રતિમાની પૂજા કરી અને કરાવી. આ વાત પણ કલ્પસૂત્રમાં છે. જેને ૨૫૦૦ થી વધારે વર્ષ થયા. શ્રી નેમિનાથ ભગવાનની હાજરીમાં શ્રી શંખેશ્વર તીર્થ કૃષ્ણ મહારાજે બનાવ્યું. ત્યાંથી માંડીને અસંખ્ય વર્ષો પૂર્વે, ઠેઠ આદિનાથ ભગવાનના શાસનમાં ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ, શત્રુંજય તથા આબૂ વગેરે તીર્થો પર અનેક જિનપ્રાસાદો રચ્યા. આવી તો કેટલી હકિકતો છે. શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ પણ ઠેરઠેર છે જ. તેમ છતાં 'શાસ્ત્રોમાં તેનો ઉલ્લેખ ન હોઈ શકે' આવું લખવું અયોગ્ય છે.

પહેલાં ત્રણ ફકરામાં 'હકારાત્મક ઉર્જા' વિશે લખ્યું છે. લેખક આ અંગે કાંઈ આધાર આપશે ? જિનાલયમાં ઉર્જા પ્રાપ્ત થવી અલગ વાત છે. ઉર્જા મેળવવા માટે જિનાલય બંધાવવું એ એક અલગ વાત છે. લેખમાં આ વાતની ખીચડી થઈ ગઈ છે. ખેડૂતને ખેતી કરવા ઘાસ મળે છે એ અલગ વાત છે. અને ઘાસ માટે ખેતી કરે છે આ વાત અલગ વાત છે. આ વાત સમજવી જોઈએ. ખેડૂત અનાજ માટે જ ખેતી કરે પણ ઘાસ સાથે મળે ખરું ! તેમ જિનાલયમાં ઉર્જા મળી જવી એ ઘાસના સ્થાને છે પણ વિતરાગના દર્શનથી આત્માને પોતાનું વિતરાગપણું યાદ આવે અને પોતે પણ વિતરાગ બનવા પ્રયત્ન કરે એ જિનાલયનો હેતુ છે. આ અંગે ૧૪૪૪ ગ્રંથોના રચયિતા શ્રી હરિભદ્ર સૂ. મ. રચિત શ્રી પંચાશકજી પ્રકરણનો ગુરુનિશ્રાએ સ્વાધ્યાય કરવો જોઈએ જેથી જિનાલય નિર્માણનો આશય સ્પષ્ટ થાય.

લેખમાં તદ્દન અનુચિત વાત પણ લખી છેઃ 'દેરાસરોને બચાવવા આટલા બધા પ્રપંચો કરવા પડ્યા એવા દેરાસરોની આવશ્યકતા ખરી ?' વાચકોને જરા પૂછવાનો હક ખરોને કે કેટલા બધા પ્રપંચો ? કયા પ્રપંચો ? કોણે કર્યા ? ક્યારે થયા ?

'સ્થાનકવાસી સંપ્રદાય જૈનધર્મના સિદ્ધાંતોની નજીક ગયો' આવી લેખકની માન્યતા છે. પણ હકીકત એ છે કે ૪૫ આગમ સિદ્ધાંતોમાંથી જેમાં પણ જિનમંદિર અને જિનપ્રતિમાની વાતો આવે છે, તેવા આગમ ગ્રંથનો છેદ કરી આજે માત્ર ૩૨ આગમોમાં તેઓ માને છે. આ સિદ્ધાંતોની નજીક ગયા કે છેદ કર્યો કહેવાય ? મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. રચિત 'પ્રતિમા શતક' ગ્રંથનો અભ્યાસ કરીએ તો સાચી પરિસ્થિતિ ખ્યાલમાં આવે તેમ છે.

લખે છે કે 'પંદરમી સોળમી સદીમાં વિચારશીલો ચોંકી ઉઠ્યા ? લેખક નામ આપશે કે કયા વિચારશીલો ? એના પહેલા જાણે કોઈ વિચારશીલ પાક્યા જ નહીં હોય.

આ સિવાય પણ (૧) સાધુ-સાધ્વીજી સાધારણ ખાતા તરફ ઓછું ધ્યાન દે છે. (૨) દેવદ્રવ્યનો પરિગ્રહ પણ પ્રપંચ વધારવાનો છે. (૩) દેવદ્રવ્યનો ઉપયોગ સાધર્મિક તથા જૈનેતરોના ઉપયોગ માટે કરવાની વગેરે લેખકની ભલામણો સદંતર ખોટી છે, ધર્મ વિરોધી છે અને તર્ક કે શાસ્ત્રના પ્રમાણ વિનાની છે.

જૈન ધર્મના સિદ્ધાંતો ત્રિકાલાબાધિત છે. સર્વજ્ઞ તથા વિતરાગી વ્યક્તિઓએ રચેલ છે. એમાં આપણા ચંગૂપાતની નહીં, માત્ર ગુરુ નિશ્રાએ ભણવાની તથા એના રહસ્યો એના જ્ઞાતા પાસેથી જાણવાની જરૂરિયાત છે.

* * *

વિશાલ લક્ષ્મીચંદ ધરમશી (મુલુંડ) ટે. નં. : ૩૨૦૫૬૫૭૦.
મો. : ૯૩૨૨૩૮૩૧૦૮.

(સૌજન્ય પ્રકાશ સમીક્ષા)

(૪)

દેવદ્રવ્ય જૈનોના ઉદ્ધાર માટે કેમ ન વપરાય?

□ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.

આજે એવી દલીલ કરવામાં આવે છે કે 'દેવદ્રવ્ય એ જૈનોનું દ્રવ્ય છે. તો જૈનોના ઉદ્ધાર માટે એનો ઉપયોગ કેમ ન કરાય? દેવદ્રવ્યમાં કરોડો રૂપિયા પડ્યા છે અને જૈનો ભૂખે મરે તો એમાંથી લોનો આપી કે કારખાના ખોલી જૈનોને રોજી અપાય તો શો વાંધો?'

આનો સીધો જવાબ એ છે કે એમ કરતા Breach of trust છે, વિશ્વાસનો ભંગ છે. અને વિશ્વાસનો ભંગ, વિશ્વાસઘાત કરીને માણસ સુખી થઈ કે ઉન્નતિ સાધી શકે નહીં.

દેવદ્રવ્યનો દેવાધિદેવની ભક્તિ છોડી બીજે ઉપયોગ કરવામાં વિશ્વાસભંગ આ રીતે, કે લોકોએ ભંડારમાં જે દ્રવ્ય નાંખ્યું છે અથવા પૂજા-આરતિ વગેરેમાં જે બોલી ઉછામણી બોલે છે એના પાછળનો આશય દેવની ભક્તિ કરવાનો છે. તો આ વિશ્વાસથી એણે નાણાં આપ્યાં એ પછી એ દેવભક્તિ સિવાય બીજે વાપરવામાં આવે તો ચોખ્ખો વિશ્વાસભંગ કર્યો ગણાય.

પૂજા-આરતી-સ્વપ્ના વગેરેની બોલી બોલતાં આ દ્રવ્ય સાધારણમાં લેવાય એવા આશયથી બોલી બોલે, તો તો એ દ્રવ્યને સાધારણમાં વપરાય ને?

ના, કારણ કે ભલેને એણે એ આશય રાખ્યો, પરંતુ એની પાછળ એ જે પૂજા-આરતિ વગેરે અંગે જે આવી રકમની બોલી બોલે છે, એની પાછળ નિમિત્તભૂત પરમાત્માની ભક્તિનો રંગ છે. હમણાં જો કોઈ સાધર્મિકની ભક્તિ કે એવી કોઈ બાબત અંગે બોલી બોલાતી હોત તો શું એટલી રકમની બોલી બોલત? અહીં પ્રભુની પૂજા-આરતિ-સ્વપ્ના વગેરે અંગે કેમ મોટી રકમની બોલી બોલે છે? કહો, પ્રભુની ભક્તિનો, ઊંચો રંગ છે, ને પ્રભુના નિમિત્તની બોલી–દ્રવ્ય પ્રભુનું જ કહેવાય, દેવદ્રવ્ય જ કહેવાય. એમાં પછી 'આ દ્રવ્ય સંપૂર્ણ ૬-૮-૧૦ આની સાધારણમાં જશે એવો આશય રાખી શકાય જ નહિ. એવો આશય રાખવાનો હક જ નથી. કોઈ પુત્ર માતાની ભક્તિ નિમિત્તે દ્રવ્ય કાઢે અને આશય એવો રાખે કે આમાંથી અડધું માતાની પાછળ અને અડધું પત્નીની પાછળ ખરચવું, તો એવો આશય રાખવાનો હક હોઈ શકે?

વાત આ છે દેવાધિદેવની ભક્તિનાં મૂળ ઉપર ઊભું થયેલું દ્રવ્ય એ દેવદ્રવ્ય છે એનો ઉપયોગ પ્રભુભક્તિ સિવાય બીજે થઈ શકે જ નહીં. બીજે ઉપયોગ કરવામાં નુકશાનરૂપે અહીં પણ કેવો આર્થિક અવરોધ થાય છે, એ ભૂલ સુધારી લઈ દેવભક્તિમાં જ કરાતો ઉપયોગ એ કેવી આર્થિક ઉન્નતિ કરે છે એનો એક પ્રત્યક્ષ દાખલો જુઓ. રાજસ્થાન પિંડવાડા નગરમાં વિ. સં. ૧૯૯૬ સુધી પંચની એક કોથળી એમાં દેવદ્રવ્ય આવે, જ્ઞાનદ્રવ્ય–સાધારણદ્રવ્ય આવે. અને એમાંથી જ મંદિરનો ને સાધારણનો ખર્ચ થાય. સાધારણની આવક થોડી, ને ખર્ચ વધારે. એ ખર્ચ શેમાંથી નીકળે? દેવદ્રવ્યમાંથી જ ને? પરિણામ? નગરમાં ૨૦૦-૨૫૦ જૈન ઘર પણ લગભગ મધ્યમ સ્થિતિના. વિ. સં. ૧૯૯૭માં ત્યાં પૂજ્ય આ. શ્રી વિજયલબ્ધિ સૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી ભુવનવિજયજી મ.સા.નું ચોમાસું કરાવ્યું.

એઓશ્રીએ દેવદ્રવ્યની ગરબડ જોઈ. સુધારા માટે ગામના વૃદ્ધો સમજે એવા નહિ, તેથી યુવાનોને તૈયાર કર્યો. દેવદ્રવ્યની શક્ય ચોખવટ કરાવી, અને નવેસરથી દેવદ્રવ્યનું ખાતું તદ્દન જુદું કરાવ્યું. સ્વપ્ન દ્રવ્ય પણ સોળે સોળ આની દેવદ્રવ્ય ખાતે જમા થાય. દેવદ્રવ્યમાંથી ઉધાર લઈને પણ એક પૈસાનો ય સાધારણમાં ઉપયોગ નહીં. પછી દર વરસ એમ જ ચાલ્યું. પરિણામ એ આવ્યું કે પિંડવાડાવાળાની દેશાવરમાં પેઢીઓ સ્થપાતી ગઈ. વસ્તી વધતી રહી, ને આજે લગભગ ૪૦૦ જૈન ઘર અને દેશાવરમાં લગભગ ૧૦૦ પેઢીઓ હશે. દેવદ્રવ્યનો સાધારણમાં ઉપયોગ એમાં પણ જો વિશ્વાસભંગનું મહાન પાપ, તો દેવદ્રવ્યનો જૈનોની આર્થિક ઉન્નતિ અર્થે ઉપયોગ એ કેટલો મોટો વિશ્વાસભંગનો દોષ બને? ને એ જૈનોની કેવી અવનતિનું કારણ બને?

વિશ્વાસઘાતના પાપથી કોઈ સુખી થઈ શકે નહીં. કદાચ તત્કાળમાં કોઈ સુખી દેખાતો હોય તો ય તે ઝેરના લાડુ જેવું સુખ છે. એ પરિણામે આંતરડા ખોદી નાખે માત્ર અશાતા, અપયશ, નીચગોત્ર વગેરે અશુભ કર્મ બંધાવે ને ભવાંતરે એ અશાતાદિ દુઃખ લાવે એટલું જ નહીં, પણ અહીં બુદ્ધિ ભ્રષ્ટ કરી પરભવે પાપીષ્ઠ બનાવનારા વિશ્વાસઘાત,અનીતિ, અસત્ય વગેરેના કુસંસ્કાર આપે. બગડેલી બુદ્ધિ દુષ્ટબુદ્ધિ વિના દેવદ્રવ્યનો જૈનોના આર્થિક વિકાસમાં ઉપયોગ કરવાનો વિચાર ન આવે.

આ પરથી એ પણ સમજવા જેવું છે કે જીવનમાં બીજે પણ વિશ્વાસભંગ, વિશ્વાસઘાત નાનો પણ ખતરનાક છે. એ પાપ ન થાય એની પૂરી સાવધાની રહે. દા. ત. ઘરાક વેપારીને કહે, 'હું આ તમારા વિશ્વાસ પર ચોખ્ખો માલ લઈ જાઉં છું.' યા 'વ્યાજબી ભાવે લઈ જાઉં હું!' ત્યાં જો વેપારી ભેળસેળિયો માલ એના ગળામાં પધરાવે, યા ગેરવ્યાજબી ભાવ લે, તો એ વિશ્વાસઘાત છે. એમ, દીકરો કહે 'બાપુજી! મને મારા આત્માના હિતની જ શિખામણ આપજો.' અને બાપ પોતાના સ્વાર્થની અને દીકરા આત્માના અહિતની શિખામણ આપે તો એ પુત્ર પ્રત્યે વિશ્વાસઘાત કરી રહ્યો છે.

વિશ્વાસઘાતના પાપના પ્રત્યાઘાત ભૂંડા. જીવનમાં ક્યાંય એ પાપ ન સેવાઈ જાય એની તકેદારી રાખવી ઘટે.

* * *

('જિનાજ્ઞા'માંથી સાભાર.)

જયભિખ્ખુ જીવનધારા : ૨૯

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[દરેક સર્જકને સર્જનકાળના ઉષઃકાળે એક સમસ્યાનો સામનો કરવો પડે છે અને તે એ કે સાહિત્યના કયા સ્વરૂપમાં પ્રગતિ કરવી? આ સમયે લેખકના સંસ્કાર, અભ્યાસ, વાંચન અને અનુભવ કામ લાગે છે અને તેમાંથી સર્જક પોતાનો આગવો સર્જનપથ ઘડી કાઢે છે. યુવાન સર્જક જયભિખ્ખુની એ અંગેની મથામણ જોઈએ આ ઓગણત્રીસમા પ્રકરણમાં.]

વિરાટ ધર્મમાં છૂપાયેલી માનવતા

ત્રીસ વર્ષના યુવાન સર્જક 'જયભિખ્ખુ'ની લેખિની ધીરે ધીરે રંગ જમાવતી હતી. ગુજરાતી, હિંદી અને સંસ્કૃત સાહિત્યનાં ગ્રંથોનું આકંઠ પાન કર્યું હોવાથી એમની આલેખન શૈલીમાં ભાષાની મૌલિક ભાત ઉપસી આવી. વતન સૌરાષ્ટ્રની કાઠિયાવાડી બોલીની બળકટ છાંટ એમાં હતી, તો મધ્યપ્રદેશમાં પ્રયોજાતી આભિજાત્યપૂર્ણ હિંદી ભાષાની શિષ્ટતા હતી. પઠાણ શાહઝરીન જેવાની દોસ્તીને પરિણામે ઉર્દૂ જબાનનું જોશ એમના લખાણમાં અભિવ્યક્ત થતું અને ઉર્દૂ શાયરીનો શોખ એમની આલેખન-છટામાં આકર્ષકતાનું ઉમેરણ કરતો હતો.

ધર્મ અને દર્શનનો ઊંડો અભ્યાસ, સાધુ-મહારાજાનો પ્રત્યક્ષ સંપર્ક અને 'ન્યાયતીર્થ' તથા 'તર્કભૂષણ' જેવી પદવી પ્રાપ્ત કરવા માટે કરેલા સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોના અવગાહનને કારણે એ ભાષાઓનું સૌંદર્ય યુવાન જયભિખ્ખુની કલમમાં સહજ રૂપે ઉતર્યા. આ ભાષા-સંસ્કારોને કારણે 'જયભિખ્ખુ'ને ક્યારેય આંતર અભિવ્યક્તિને અનુરૂપ શબ્દો ખોળવા માટે વિશેષ ચિંતા કે ચિંતન કરવા પડ્યા નથી. એમના લખાણનો પ્રથમ ખરડો જ એવી ચૂસ્ત શૈલી ધરાવતો કે પછી એમને બીજી વાર સુધારવાની જરૂર રહેતી નહીં.

આ સમયગાળા દરમ્યાન વિશાળ વાંચન અને બહોળા અનુભવને આધારે જીવનદૃષ્ટિનો ઉઘાડ થયો. પોતાના અભ્યાસકાળ દરમ્યાન એમને જૈનસાહિત્ય અને જૈનદર્શનનો નિકટનો પરિચય અને અભ્યાસ થયો. જૈનકથાઓની રસક્ષમતા અને વ્યાપક ભાવના એમને સ્પર્શી ગઈ. એનાં કથારત્નસાગરમાં અનેક અમૂલખ મોતી ભર્યાં છે એવી દૃઢ પ્રતીતિ થઈ.

એમણે જોયું કે જૈન કથાઓ માત્ર જૈન સમાજમાં જ સીમિત રહી છે. આ કથાનકોનું વર્ષો પૂર્વે જે પ્રકારે નિરૂપણ થતું, આજે પણ એ જ રૂઢ અને ચીલાચાલુ શૈલીમાં એનું આલેખન કરવામાં આવે છે. ક્યારેક આ વાર્તાઓમાં ધર્મ પ્રત્યેનો તીવ્ર પક્ષપાત અતિશયોક્તિમાં ખૂંપી જતો હોવાથી આધુનિક યુવાનો કે જૈનેતર વાચકોને એમાંથી નિરાશા સાંપડતી. જયભિખ્ખુએ વિચાર્યું કે જો જૈન કથાઓને પૂર્વગ્રહરહિત અભ્યાસીની સંજીવની કલમનો સ્પર્શ થાય, તો માત્ર ધર્મ કે સંપ્રદાયમાં દટાયેલો અક્ષરવારસો વિશ્વ સાહિત્યનો વારસો બની શકે.

જયભિખ્ખુ જૈન હતા અને જૈન ગુરુકુળના વાતાવરણમાં જૈન સાધુઓ અને પંડિતોની સાથે એમનો ઉછેર થયો હતો, પણ સાથોસાથ 'સરસ્વતીચંદ્ર' અને ગુજરાતી, હિંદી અને સંસ્કૃત સાહિત્યની કૃતિઓએ એમના ભાવનાલોકને ઘડવામાં વિશેષ પ્રદાન કર્યું હતું. વિપુલ અને રસપ્રદ જૈનસાહિત્યને એમણે વર્તમાન સંદર્ભમાં અવલોકવાનો પ્રયાસ કર્યો. એ કથાવસ્તુમાં એમણે વર્તમાન યુગાનુરૂપ સંદેશ કલાપૂર્ણ રીતે ગૂંથી લેવાનો વિચાર કર્યો.

વળી દીર્ઘ અભ્યાસ અને ઊંડા ચિંતનમનનને પરિણામે લેખકને વિશ્વાસ બેઠો હતો કે અગાઉના જૈન ધર્મ અને વર્તમાન જૈન ધર્મ વચ્ચે આભ-જમીનનું છેટું પડી ગયું છે. પૂર્વેના જૈન ધર્મની ભવ્યતા અને મહત્તા આ સર્જકના ભાવલોકમાં ઉચ્ચ સ્થાન પામી. સમર્થ નવલકથાકાર શ્રી કનૈયાલાલ મુનશીએ જેમ આર્યાવર્તની અને ગુજરાતની ભવ્યતા એના અતીતના ઈતિહાસમાં નિહાળી, એ જ રીતે જયભિખ્ખુએ જૈન ધર્મની ભવ્યતા અને વ્યાપકતા, પ્રાચીન કે મધ્યકાલીન સમયના જૈન ધર્મના ઉપાસકોમાં અને સાહિત્યરચનાઓમાં નિહાળી. એમણે અનુભવ્યું કે એ પ્રાચીન સમયે જૈન ધર્મ કોઈ જાતિ કે સમૂહમાં સીમિત નહોતો, પરંતુ ગગનવિહારી ગરુડની પાંખો જેવો એ જૈન ધર્મ સર્વ વર્ણ-ધર્મ પર પોતાની શીતળ સુખદ છાયા ઢોળતો હતો. એ સમયના જૈન ધર્મને મન કોઈ બ્રાહ્મણ નહીં હોય, ક્ષત્રિય નહીં હોય, કોઈ વૈશ્ય કે ક્ષુદ્ર નહીં હોય. આ રીતે સર્જક જયભિખ્ખુ વર્તમાન સમયમાં સંકુચિતતા, રાગદ્વેષ, જાતિવાદ, જડતા, આ બધા સીમાડાઓ તોડીને ભૂતકાલીન સ્થિતિ જુએ છે. એમણે એમની કલમ દ્વારા આ ધર્મની સમગ્ર વિશ્વ માટેની માંગલ્ય દૃષ્ટિ અને હૂંફાળી માનવતાને દર્શાવવાનો પ્રયત્ન કર્યો.

વર્ષોથી રચવામાં આવેલા કુંઠિતતાના કિલ્લાઓને પોતાના અક્ષર-પ્રભાવથી જમીનદોસ્ત કરવાનો પ્રયાસ કર્યો. આને પરિણામે વિચારોની મોકળાશ અનુભવવા મળી, ભાવનાઓનું ઉડ્ડયન સધાયું. ધર્મના વિચારો અને આચરણ વચ્ચેની સંવાદિતા સર્જાઈ. ભેદભાવોની ભીંતો તોડી નાંખી અને કથાઓમાં નિરસ કે નિષ્ક્રિય લાગતાં પાત્રોને એમણે એમની શબ્દશક્તિના જોરે ભાવનાથી ધબકતા અને ચેતનવંતા કર્યાં. માનવતાધર્મી જીવંત પાત્રો સર્જી દીધાં. જૈન ધર્મની વ્યાપકતાનો એમનો વિચાર એમના સર્જનમાં મહોરી ઊઠ્યો. આ સંદર્ભમાં લેખક વિ. સં. ૧૯૯૭ની ભાઈબીજે 'કામવિજેતા

સ્થૂલિભદ્ર'ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં નોંધે છેઃ

'ઇતિહાસસિદ્ધ પ્રમાણો છે કે જન્મજાત વર્ણશ્રેષ્ઠતા તરફ જૈન ધર્મને બહુમાન નહોતું, અને એનું જ કારણ છે, કે એના તરણતારણહાર તીર્થંકરો ક્ષત્રિય હતા, એના ગણધરો બ્રાહ્મણશ્રેષ્ઠો હતા, વૈશ્યપુત્ર જમ્બૂસ્વામી જેવા એના અન્તિમ કેવળજ્ઞાની હતા, ને શુદ્રમુનિ મેતારજ મુક્તિને વરનાર મહામુનિ હતા. આ નવલકથાના નાયક પણ બ્રાહ્મણ કુળના ને શૌર્યસૌંદર્યથી વિખ્યાત નાગરકુળનંદન હતા.

'વર્ણથી જૈન ધર્મને નિસ્બત જ નહોતી. એક બ્રાહ્મણ રહીને પણ જૈન બની શકતો. અહિંસા, સત્ય ને તપમાં શ્રદ્ધા ધરાવનાર, જીવ માત્રને સમાન કલ્પનાર; દર્શન, જ્ઞાન ને ચારિત્રનો પિપાસુ, આત્માના પુરુષાર્થથી જ આત્માના ઉદ્ધારમાં શ્રદ્ધા ધરાવનાર, કોઈ પણ રાય કે રંક, ઊંચ કે નીચ; ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર આ પતિતપાવન ધર્મનો ઉપાસક બની શકતો. કોઈ અંતરાય એને નડતો નહિ.'

કયા ક્ષેત્રમાં કલમવિહાર કરવો એની ગડમથલ જયભિખ્ખુના જીવનમાં ચાલતી હતી. કલમના આશ્રયે જીવવાનો સંકલ્પ કરનાર સર્જકને લેખન ઉપરાંત આજીવિકાનો વિચાર કરવો પડે. જયભિખ્ખુ માટે તો આ પ્રશ્ન મહત્ત્વનો હતો, કારણ કે પિતાની સંપત્તિ લીધી નહોતી. સુખી સગાંઓ પાસેથી કશું મેળવવાનો વિચાર સુદ્ધાં આવતો નહોતો. ઘરની રાખરખાપત જાળવવા માટે આવકની તો જરૂર હતી. સ્વમાન તો વહાલું હતું, પણ એથીય વિશેષ ક્યારેય કોઈની સમક્ષ પોતાની લાચારી કે મજબૂરી વ્યક્ત કરવી એ તો સ્વભાવમાં જ નહોતું. આથી સ્નેહીઓ, સગાવહાલાં અને મિત્રોના સમુદાયમાં આ જિંદાદિલ યુવાન એની મસ્તી અને મોજથી સહુનું સન્માન પામતો હતો. કોઈને એની આર્થિક કશમકશનો અણસાર પણ આવતો નહીં.

લેખનના પ્રારંભે એમણે આદર્શરૂપ આચાર્ય મહારાજોના ચરિત્રો રચ્યાં. પોતે જે વાતાવરણમાં જીવ્યા, એનું આલેખન કરવાનું સ્વાભાવિક રીતે જ મન થાય. પરંતુ કથારસપ્રેમી જયભિખ્ખુના સર્જક જીવને આમાં લેખનની ઈતિશ્રી લાગી નહીં. સમાજમાં સ્ત્રીઓની અવદશાના પ્રત્યક્ષ અનુભવોને પરિણામે આ યુવાનમાં નારીગૌરવની ભાવના સતત ધબકતી હતી. પોતાના કુટુંબજીવનમાં પણ માન-સન્માન જાગે એવાં નારી ચરિત્રોનો અનુભવ થયો હતો. 'રવિવાર' સાપ્તાહિકની કૉલમમાં નારીવેદનાને વાચા આપતી ઘણી કથાઓ રસપ્રદ રીતે આલેખી પણ હતી, આથી સમાજનું પ્રતિબિંબ ઝીલનારા સર્જક બની શકે તેવી એક શક્યતા હતી. પરંતુ સાધુજીવન કે સમાજસુધારા જેવા વિષય પણ દર્શનોની વ્યાપકતા અને ઈતિહાસની ભૂમિમાં ભ્રમણ કરીને તેજસ્વી પાત્રો નિરખનારને સંતુષ્ટ કરી શકે તેમ નહોતા.

ભાવના, વિષય, આલેખન અને શૈલીથી એમનું ચિત્ત કોઈ નવી ક્ષિતિજો ઉઘાડવા ચાહતું હતું. આથી સાહજિક રીતે જ એમની દૃષ્ટિ જૈન કથાનકો પર ગઈ. એ કથાનકોમાં પ્રારંભે ભૌતિક જીવનનું આકર્ષણ અને કામઃરાગનું નિરૂપણ હતું, તો એનું પર્યવસાન દીક્ષા કે વૈરાગ્યમાં થતું હતું. આ યુવાન સર્જકને આ કથાનકો ગમી ગયા.

માત્ર ધર્માનુરાગીઓની સીમામાં બંધાઈ ગયેલા શુષ્ક, નિરસ અને વૈરાગ્યલક્ષી કથાનકોને જયભિખ્ખુએ જુદી દૃષ્ટિથી નિહાળ્યા. એમાં જીવંત પાત્રસૃષ્ટિ સર્જી અને એક અનોખા ભાવલોકમાં વાચકને વિહરતો કરી દીધો, આથી જ વિદ્વાન અધ્યાપક શ્રી રવિશંકર જોશીએ નોંધ્યું છે કે 'ગુલાબસિંહ' અને 'યોગિની કુમારી' જેવી થોડી નવલો સિવાય ધાર્મિક વસ્તુને નવલકથાનું રૂપ આપવાનું ક્ષેત્ર અણખેડાયેલું જ રહ્યું હતું. આવા અક્ષુણ્ણ ક્ષેત્રમાં જયભિખ્ખુની કલમ વિહરવા લાગી અને એક સર્જક તરીકે એમણે એમાં સજ્જતા કેળવવા પૂર્ણ પુરુષાર્થ કર્યો.

પ્રાચીન કે મધ્યકાલીન વિષય પર આલેખતાં પૂર્વે એ સમયના રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વાતાવરણની વિગતો મેળવતા. આને માટે પ્રાચીન ગ્રંથો અને ઇતિહાસને ઉથલાવતા. લીટી વિનાની કોરી નોટબુકમાં એ મુદ્દાઓ નોંધી લેતા. એ સંદર્ભમાં કોઈ સંસ્કૃત શ્લોક મળે, તો એ ટાંકી લેતા. ભાવને અનુરૂપ કોઈ ઉર્દૂ શાયરી હોય તો એ લખતા અને નીચે એનો ગુજરાતી તરજુમો પણ નોંધતા.

આવી રીતે કોઈપણ નવલકથાના સર્જન પૂર્વે એ વિષયની પ્રાપ્ય સામગ્રી એકત્રિત કરતા. આમે ય સર્જન સમયે ઐતિહાસિક કે પ્રમાણભૂત વિગતોને વળગી રહેવાનું વધુ પસંદ કરતા. નવલકથામાંથી વર્તમાન સમયને અનુરૂપ એવાં તારણો, ઉદ્દેશો અને એનો સંદેશ આલેખતા. જયભિખ્ખુની પ્રત્યેક નવલકથા એ વર્તમાન સમયનો ચિતાર આપનારી અને સમસ્યાઓ અને સંઘર્ષમાં દિશાસૂચન આપનારી બની. પ્રાચીન કે મધ્યકાલીન કથાવસ્તુનું વર્તમાન યુગ સાથે જોડાણ કરવા માટે એ ક્યારેય ઇતિહાસથી બહુ દૂર ગયા નથી. કાલ્પનિક પાત્રોનાં સર્જન દ્વારા જુદી જુદી ભાવનાઓ પ્રગટાવવાનો કે રોમાંચ ખડો કરવાનો કદી પ્રયાસ કર્યો નથી. ઐતિહાસિક કથાનકમાં ભાવનાના રંગો પૂરીને એમણે એમનો હેતુ સિદ્ધ કર્યો છે. વૈવિધ્યભર્યા પાત્રોની ચરિત્ર રેખાઓને સ્પષ્ટ રીતે ઉપસાવે છે અને શાશ્વત જીવનતત્ત્વથી ઘડે છે અને એ કારણે જ એમની નવલકથાનાં પાત્રો ભાવકના ચિત્તમાં ચિરકાળ સુધી ટકી રહે છે.

પ્રત્યેક કથાનકની પાછળ જયભિખ્ખુનો એક ઉદ્દેશ હોય છે. જેમ કે પ્રથમ નવલકથા 'કામવિજેતા સ્થૂલિભદ્ર' વિશે લેખકે સ્વયં પ્રસ્તાવનામાં પોતાનો ઉદ્દેશ સ્પષ્ટ કરી દીધો છે.

'આ વાર્તાનું હાર્દ એટલું જ છે, કે માણસ સંસારમાં બધું જીતી શકે છે, પણ કામ જીતવો મુશ્કેલ છે. અને જેણે કામ જીત્યો એને સંસારમાં જીતવા જેવું બહુ ઓછું બાકી રહે છે.

'ઘણીવાર સાદી નજરે દેખાતા પતનમાંય જીવનનો અદ્‌ભુત સ્રોત વહેતો હોય છે, અને જેને પાપી ગણીને તિરસ્કારી કાઢ્યાં હોય છે એમના જ જીવનમાં અનેક વાદળછાયાં સુવર્ણરશ્મિઓ ચમકતાં હોય છે. આ માટે માનવીએ દેખાતા દોષી, દુર્ગુણી કે પતિત તરફ હમદર્દ બનવું ઘટે છે. પાપને બદલે પાપીની ઘૃણા એ પણ એટલું જ પાપ છે એટલે જીવનના વિકાસનું બીજ અહંતાના ત્યાગમાં અને સહૃદય

બનવામાં છે.'

વ્યાપક માનવતાનો ઉદ્દેશ ધરાવતા, માનવજીવનને ઉન્નત કરે એવાં કથાનકો ધરાવતી નવલકથાનું સર્જન કરવાનો યુવાન જયભિખ્ખુ નિર્ધાર કરે છે અને એ દિશામાં પોતાની કલમ ચલાવે છે.

યુવાન સર્જક જયભિખ્ખુની કલ્પનાશીલ દૃષ્ટિ જૈન ચરિત્રો, કથાઓ અને દૃષ્ટાંતોના વિરાટ આકાશને જુએ છે. તેઓ આ કથાનકોના વિશાળ ઘટાટોપને જોવાની સાથોસાથ એની કથાભૂમિમાં રોપાયેલાં માનવતાનાં મૂળિયાં જુએ છે અને આ યુવાન સર્જકના અંતરમાં એક નવો અનુભવ જાગે છે કે ધાર્મિક વાતાવરણ, રૂઢ પરંપરાગત શૈલી, વિશેષણોનું ભારણ અને દીર્ઘ વર્ણનોમાં અટવાતાં આ કથાનકોમાં એક એવો રસપ્રવાહ છે કે જે ભાવકને માત્ર વૈરાગ્યલક્ષી જ નહીં, બલ્કે જીવનલક્ષી બનાવે છે. આ કથાઓનો પ્રવાહ જીવનમાંથી વહીને અધ્યાત્મ તરફ વળે છે અને માનવતાનાં ઊંચા શિખરે પહોંચે છે. આ રીતે પોતાની આગવી રસિકતા, આકર્ષક વર્ણનકલા, છટાદાર રસકથાને જમાવવાની હથોટી – એ બધા દ્વારા આ યુવાન સર્જક વિપુલ જૈનસાહિત્યમાં રહેલાં માનવમૂલ્યોની મહત્તા અને શાશ્વત મૂલ્યોની સાધના આલેખે છે. **(ક્રમશઃ)**

૧૩, બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિ.: ૦૭૯-૨૬૬૦૨૫૭૫. મોબાઈલ: ૦૯૮૨૪૦૧૯૯૨૫.

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૧૦)

સ્નાત્રપૂજાની રચના પંડિતવર્ય શ્રી વીરવિજયજી મહારાજે કરી છે. શ્રી વીર વિજયજી મહારાજને આંતરરાષ્ટ્રીય કવિ ગણવા જોઈએ. ભારતમાં અને અન્યત્ર જ્યાં પણ જિનમંદિરો છે ત્યાં તેમની સ્નાત્રપૂજાનું ગાન થાય છે. કેવા પુણ્યશાળી હશે!

શ્રી વીર વિજયજીની પૂજામાં આગમ ગ્રંથોનો સાર છે.

સ્નાત્રપૂજામાં પહેલો અને બીજો શ્લોક આ મુજબ છેઃ

સરસ શાન્તિ સુધારસ સાગરં;
શુચિતરં ગુણરત્ન મહાગરં;
ભવિક પંકજ બોધ દિવાકરં;
પ્રતિદિનં પ્રણમામિ જિનેશ્વરં. ૧
કુસુમાભરણ ઉતારીને, પડિમા ધરિય વિવેક;
મજ્જન પીઠે થાપીને, કરીયે જલ અભિષેક. ૨

જૈન શાસન હંમેશાં નમ્રતા, વિનય અને વિવેકથી ભરેલું છે. જૈન ધર્મમાં એક પણ પગલું વિનય, વિવેક વિના ભરવામાં આવતું નથી. જૈન શાસનમાં તમામ કાર્યો જિનેશ્વર ભગવાનની કૃપાથી થાય છે તેવી શ્રદ્ધા અખંડ છે. સાચો ધાર્મિક એમ જ માને છે કે શ્રી દેવ, ગુરુ, ધર્મની કૃપા વિના ન ચાલે. આ માત્ર વાત નથી, સંસ્કાર છે. આ સંસ્કાર કેળવો. વિનય, વિવેક વ્યક્તિને જીવનમાં ઘણું બધું આપે છે. મહાનતાનો પ્રારંભ નમ્રતાથી થાય છે.

શ્રી માનતુંગ સૂરિજીને યાદ કરો. રાજસભા ભરાઈ છે. પૂરા શરીર પર રાજાએ ૪૪ બેડી બાંધી છે. માનતુંગ સૂરિને કહેવામાં આવ્યું છે કે તમે ચમત્કાર કરો. જે સ્થિતિમાં તેમને મૂકવામાં આવ્યા છે તે દૃશ્યની કલ્પના કરી જુઓ. આવી વિચિત્ર પરિસ્થિતિમાં ચમત્કાર કેવી રીતે કરી શકાય? છતાં માનતુંગ સૂરિ ચમત્કાર કરે છે. તે જ્ઞાની છે, તપસ્વી છે, ચારિત્રશીલ છે. આ ક્ષણે પોતાની શ્રદ્ધાની પરીક્ષા આપવાની છે. શ્રદ્ધાની શક્તિ બતાવવાની છે. માનતુંગ સૂરિ તેમ કરે છે. નવા શ્લોકો રચે છે, બેડીઓના બંધન તૂટતા જાય છે. આ તેમની શ્રદ્ધાનો વિજય છે અને છતાં તેમની વિનમ્રતા જુઓઃ

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ,
ત્વદ્‌ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ ।
યત્કોકિલઃ કિલ મધૌ મુધુરં વિરૌતિ,
તચ્ચારુ ચૂત – કલિકાનિકરૈક હેતુઃ ।।

શ્રી માનતુંગ સૂરિ કહે છે કે હું અજ્ઞાન છું. વિદ્વાનોની સભામાં ઉપહાસનો પાત્ર છું. વસંત ઋતુમાં આમ્રફળની મંજર ખાઈને કોયલ કલરવ કરવા માંડે, તેમ તમારી ભક્તિનું અમૃત પીને હું વાચાળ બની ગયો છું એટલું જ!

વિદ્યાને જો પંખી ગણીએ તો વિનય અને વિવેક તેની બે પાંખ છે.

આજનો માનવી અભિમાનની, અહંકારની પાંખ લગાવીને ફરે છે અને જમીન પર પટકાય છે.

એક પંડિત મુસાફરીએ નીકળ્યા. રાતવાસા માટે કોઈ ધર્મશાળામાં પહોંચ્યા. ગેટ બંધ હતો. પંડિતે અવાજ કર્યો એટલે ચોકીદારે પૂછ્યું, 'કોણ છો?'

પંડિત કહે, 'મુસાફર છું.'

ચોકીદાર કહે, 'જગ્યા નથી.'

પંડિત કહે, 'હું એક જ જણ છું. મને રાત રહેવા દો'

ચોકીદાર કહે, 'શું નામ?'

પંડિત કહે, 'પંડિત દીનદયાળ શર્મા, વ્યાકરણાચાર્ય, ન્યાયાચાર્ય, જ્યોતિષાચાર્ય, ગણિતાચાર્ય, વેદાન્તાચાર્ય.'

ચોકીદાર કહે, 'પહેલા કહો છો કે એક જ જણ છો અને પછી આટલા બધા માણસોના નામ બોલો છો! ખોટું બોલતા શરમ નથી આવતી? જાવ, ભાગો અહિંથી.'

ડીગ્રીનું ભૂત લઈને ફરશો, તો કોઈ ધર્મશાળામાં રાતવાસો કરવા માટે જગ્યા નહીં મળે! અભિમાન છોડો.

જેને મહાન બનવું છે તેને અભિમાન છોડવું પડે.

મહાન માણસો હંમેશાં એમ જ બોલે છે કે જે કંઈ થયું તે ભગવાનની કૃપાથી થયું.

સ્નાત્રપૂજાના પહેલાં શ્લોકમાં ભગવાનને વંદન કરવામાં આવે છે. ભગવાનને પ્રતિદિન વંદન કરવાની વાત છે. જિનેશ્વર ભગવાન કેવા છે? અનંત ગુણથી ભેરાલ છે. વૈરાગ્યના સમુદ્ર જેવા છે. શાંતિના ભંડાર છે. ભગવાન શું છે તેમ પૂછવાને બદલે પૂછો કે ભગવાન શું નથી? ગૌરવ કરજો જિનેશ્વર ભગવાન પર! તમે દેરાસરમાં જઈને શું આપો છો? શું મૂકો છો? ભગવાન તમને ઘણું બધું આપે છે. ભગવાનની પાસે જવાથી કર્મનો નાશ થાય છે, દુર્ગતિ અટકે છે, ભવાન્તર સુધરે છે, પુણ્ય વધે છે, સુખ વધે છે. તમે ભગવાનને શું આપવાના હતા? ભગવાન જે કરુણાનો વરસાદ વરસાવે છે તેની સામે તમારી ચીજ વસ્તુઓની શું કિંમત છે?

ભગવાનની પ્રતિમા ગમે ત્યારે નિહાળો. તમને વિતરાગ અવસ્થા સિવાય કંઈ જોવા મળે? ભગવાન દીક્ષા લેવા નીકળ્યા છે ત્યારે ધાવમાતાઓ વિનવે છે કે પ્રભુ ક્યારેક અમને યાદ કરજો તો ય અમારું કલ્યાણ થઈ જશે. ભગવાન એ પળે પણ રાગ છોડીને બેઠા છે. હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે પ્રભુ કેવા છે? કોઈ આવીને એમના ચરણમાં ફૂલો મૂકે તો તેમને રાગ થતો નથી અથવા કોઈ આવીને તેમના ચરણમાં પથ્થર ફેંકે તો તેમને દ્વેષ થતો નથી!

જ્યારે રાગ તૂટે, ત્યારે સંસારના બંધ તૂટે.

(૧૧)

ભગવાન મહાવીરને વંદન કરવા સૌ જતા હતા. સાધુ-સાધ્વી, રાજા-રાણી, દેવ-દેવી, સૌ જતા હતા. એ સમયે સરોવરમાંથી એક દેડકો બહાર આવી ગયો. કોઈકના મોઢે સાંભળ્યું કે ભગવાન પધાર્યા છે. એને પણ ભગવાનના દર્શન કરવાની ઈચ્છા થઈ. એ રસ્તા પર આવીને દોડવા માંડ્યો. રાજાના ઘોડાના પગ નીચે આવી ગયો. મરીને દેવ થયો. નંદ મણિયારની આ કથા છે. તિર્યંચનો જીવ, ભગવાનના દર્શન કરવાની ઈચ્છાથી દોડે છે. ભગવાનના દર્શન કર્યા નથી પણ ભગવાનના દર્શન કરવાની ઈચ્છાથી દોડી રહ્યો છે. ઘોડાના પગ નીચે ચગદાઈ જાય છે. ભાવના સારી હતી એટલે મરીને દેવ થાય છે. આ ભગવાનનો ચમત્કાર છે. આવા મહાન ભગવાન તમને મળ્યા છે. સંપૂર્ણ શ્રદ્ધા સાથે પ્રભુના ચરણમાં જશો તો તરી જશો.

(૧૨)

પૂજ્ય વીર વિજયજી મહારાજની સ્નાત્રપૂજાનો મહિમા વર્ણવીએ તેટલો ઓછો છે. સ્નાત્રપૂજાના પહેલા દુહામાં સકળ ધર્મકાર્ય વિવેકથી કરવાનું કહ્યું છે. વિવેક એ મનુષ્ય જીવનનો પાયો છે. પાયાનો સદ્‌ગુણ છે. ધર્મ માત્ર વિચાર માટે નથી આચાર માટે છે. ધર્માચરણની શરૂઆત વિનય, વિવેક, નમ્રતાથી થાય છે.

તમે જે કર્યું છે તે બીજા જુએ અને પ્રશંસા કરે એવી ઈચ્છા જ્યાં સુધી મનમાં ઊંડે ઊંડે છે ત્યાં સુધી તમારું કાર્ય ઝળહળી ઉઠશે નહીં. તમે નહીં તમારું કાર્ય બોલે તેમ કરો. તમારા કાર્યમાં તેજ હશે તો તેની પ્રશંસા જરૂર થશે. વખાણની અપેક્ષા રાખીને બાંધેલું પુણ્ય ગુમાવી ન દો.

જૈન ધર્મમાં માત્ર આર્ય દેશના નહીં અનાર્ય દેશના લોકોએ પણ દીક્ષા ગ્રહણ કરી છે. આર્દ્રકુમારનો દાખલો જાણો છો ને? આર્દ્રકુમાર મગધના મંત્રી અભયકુમાર જોડે મૈત્રી કરે છે. મૈત્રી સજ્જનો સાથે કરવી જોઈએ. આર્દ્રકુમારે સાંભળ્યું છે કે અભયકુમાર ખૂબ બુદ્ધિશાળી છે. એ યુદ્ધ થવા દેતા નથી. હિંસા કર્યા વિના બાહોશીથી પોતાનું કામ પાર પાડે છે. બુદ્ધિની લડાઈ થાય તો અભયકુમારને જીતે તેવો કોઈ નર પૃથ્વી પર હાજર નથી.

આર્દ્રકુમાર મૈત્રી કરે છે. અભયકુમાર તેને ભગવાનની પ્રતિમા ભેટ કરે છે. આટલી જ નાની વાત. પરંતુ તેનું પરિણામ કેવું ભવ્ય! આર્દ્રકુમારને ભગવાનની પ્રતિમાના દર્શન પહેલા દીક્ષા અને પછી મોક્ષ સુધી પહોંચાડે છે!

ભગવાનનો આ ચમત્કાર છે.

આર્દ્રકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. ઉત્કૃષ્ટપણે જાતિસ્મરણ જ્ઞાન થાય તો પૂર્વેના ૩૦૦ ભવ દેખાય.

ચાણસ્માના એક છોકરાને જાતિસ્મરણ જ્ઞાન થયેલું આગલા ભવ માટે તેણે જે કહ્યું તે બધું જ સાચું ઠર્યું. મેં એને પૂછ્યું કે, 'આગલા ભવવાળા કોઈ સંબંધ રાખે છે?'

તો કહેઃ 'મારે ધીરધારનો ધંધો હતો. એટલે એ લોકો જ્યારે પણ મળે છે ત્યારે પૂછે છે કે કોઈની પાસે આપણું લેણું બાકી તો નથી ને?'

દુનિયા આવી સ્વાર્થી છે.

અહીં કહેવાયેલા ધર્મ વચન યાદ ન રહે તે તો કેમ ચાલે? પોતાની બુદ્ધિ પર ખોટા વિચારના પડ ચડવા ન દો. એટલું યાદ રાખો કે જે ધર્મ મળ્યો છે તેવો ધર્મ અન્યત્ર ક્યાંય નહીં મળે. તમે કાંઈ જ કરી નાખતા નથી છતાંય અનરાધાર કૃપા આ ધર્મમાંથી મળે છે.

કર્મ બંધાય એવું કશું ન કરો. પ્રભુ વીરના કાનમાં ખીલા ઠોકાયા. બંને ખીલાની ધાર પરસ્પર અડી ગઈ. પ્રભુએ સહન કરી લીધું. પ્રભુની સમતા કલ્પનાતીત છે. જ્યારે કાનમાંથી ખીલા કાઢવામાં આવ્યા ત્યારે પ્રભુના મુખમાંથી ચીસ નીકળી ગઈ. પ્રભુ જ્યાં ઊભા હતા ત્યાં બાજુમાં પહાડ હતો. એ પહાડમાં તિરાડ પડી ગઈ! બામણવાડાની વાત છે.

ભગવાન જેવા ભગવાનને કર્મ પીડા આપે તો આપણી તો શી વાત?

જે વ્યક્તિ જૂના કર્મ ખપાવે અને નવા કર્મ ન બાંધે તે મોક્ષમાં જાય..

* * *

કવિ વિદ્યારુચિ કૃત 'ચંદ્રરાજાનો રાસ' : એક અધ્યયન

□ ડૉ. પાર્વતી નેણસી ખીરાણી

વિદુષી ગૃહિણી લેખિકા જૈન ધર્મના અભ્યાસી છે અને 'જિન વિચાર રાસ' વિષય પર મુંબઈ વિશ્વવિદ્યાલયની પીએચ. ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી છે

કવિ વિદ્યારુચિ કૃત 'ચંદ્રરાજાનો રાસ'–એક અધ્યયન

સંશોધન–સંપાદન : **ડૉ. કલા એમ. શાહ** (એમ.એ.,પીએચ.ડી.)

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, કિંમત : રૂા. ૧૦૦/- પાના : ૨૨૪.

કવિ વિદ્યારુચિકૃત 'ચંદ્રરાજાનો રાસ'-એક અધ્યયન

'રાસાઓ એકલાં જૈનોને જ ઉપયોગી છે એમ નથી કારણ કે તે ગુજરાતી ભાષાનો એક બૃહત્ અંશ છે. તેથી ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને પણ ઘણાં ઉપયોગી થઈ પડે એમ છે. પ્રાચીન ગુજરાતી ભાષાનો ઈતિહાસ તે સમયની કાવ્યરચના કાવ્ય અને શબ્દોની તુલના ઈત્યાદિ વિષયોમાં ઉપયોગી થઈ પડશે.'

–નગીનદાસ ઘેલાભાઈ ઝવેરી

દાન, શીલ, તપ, ભાવ આ ચાર બાબતોને જૈનાચાર્યોએ પ્રધાનપણે માનેલી હોવાથી તેમાંના એક કે અનેક કર્તવ્ય દૃઢ કરવા માટે રાસાઓનું બંધારણ જોવામાં આવે છે અને તેમાં જૈન ધર્મનું જ્ઞાન આપવા તજવીજ થયેલી હોય છે. પાદરીઓ જેમ કોઈપણ વિષયના ગ્રંથમાં ધર્મની બાબત લાવે છે એમ જૈન સાધુઓએ કરેલું જણાય છે. વિશેષમાં પૂર્વભવનું વર્ણન કરી પોતાના પાછલા કરમે કરી સુખદુઃખ ભોગવાય છે એ સિદ્ધાંત સાબિત કરે છે તથા રાસાના પાત્રો આખરે સંસાર ત્યજી સાધુ થયાનું વર્ણવે છે.'

–હરગોવિંદદાસ કાંટાવાળા

`Rasas are peculiar poetical form of composition affected by Jain Sadhus with the object of instructing people in religion and morals milestones in Gujarati literature.'

રાસની રચનામાં જૈન સિદ્ધાન્તોનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય છે અને વાર્તારસમાં ચાતુરીથી એ સિદ્ધાંતો આવ્યા હોય છે. એક રીતે કહીએ તો રાસા સાહિત્ય જ આપણું પ્રાચીન સાહિત્ય છે.

આવા અનેક વિદ્વાનોના અવતરણો દ્વારા સંશોધિકાએ રાસનું સ્વરૂપ ઉજાગર કર્યું છે. પાના પલટાવતા જાવ એટલે એક એકથી ચડિયાતા વિદ્વાનોના અવતરણો આકર્ષિત કર્યા વગર ન રહે. રાસના પ્રકારો, બંધારણ, રાસનો અર્થ-પરિભાષા વગેરે સંશોધિકાના વિશાળ વાંચનની પ્રતીતિ કરાવે છે. પ્રથમ પ્રકરણથી શરૂ થતી રાસની રસાળ રાસયાત્રા ભાવકને આગળના પાના વાંચવા પ્રેરે છે. સંશોધિકાની જહેમત પાને પાને વર્તાય છે.

બીજા પ્રકારણમાં ચંદરાજાની વાર્તા છે. મધ્યકાલીન ગુજરાતી ભાષાને ઉકેલીને પછી એને આજની સરળ ગુજરાતી ભાષામાં સામાન્યથી સામાન્ય જનમનના માનસને સ્પર્શી લે એવી રીતે રજૂ કરવી એ એક સાધના છે જેમાં લેખિકા સાંગોપાંગ પાર ઉતર્યા છે. સરલ પ્રવાહિત ભાષામાં રાસના ભાવને વહેતો રાખ્યો છે.

જંબુદ્વિપના ભરતક્ષેત્રની અવતારસમી આભાપૂરી નગરીના ચંદરાજાની સાતસો રાણીઓમાંથી પ્રિય એવી ગુણાવલી રાણી મંત્રતંત્રની જાણકાર એવી અપરસાસુ વીરમતીની વાતમાં આવી જઈને એની સંગાથે મંત્રબળના પ્રભાવે ઊડતા આંબાના ઝાડ પર બેસીને જગતના આશ્ચર્ય જોવા નીકળે છે. એમાં ચંદરાજા પણ છુપાઈને બેસી ગયા છે. વિમલાપુરી પહોંચતાં દૈવયોગે સિંહલપુરના કનકરથ રાજાના કોઢિયા પુત્રની જગ્યાએ ચંદરાજાને બેસાડીને મકરધ્વજ રાજાની પુત્રી પ્રેમલાલચ્છી સાથે વિવાહ કરાવી દેવામાં આવે છે. લગ્ન પછી ચંદરાજા સોગઠાંની રમત રમતાં રમતાં પોતે કોણ છે એની ઓળખ કોયડા રૂપે પ્રેમલાલચ્છીને આપે છે. પછી પેલા ઝાડમાં બેસીને આભાપુરી પાછા આવી જાય છે. આભાપુરી પાછા ફરતાં વીરમતીને આ વાતની ખબર પડી જાય છે કે રાજા છૂપી રીતે એમની સાથે ત્યાં ચાલ્યા અને પરણ્યા છે. તેથી તે રાજાને મારવા તૈયાર થાય છે. પણ ગુણાવલીની રાજાને બચાવવાની આજીજીને કારણે તેને મંત્રેલો દોરો બાંધી કૂકડો બનાવી દે છે. પછી કૂકડામાંથી કેવી રીતે રાજા માનવ બને છે એ જાણવા આ રાસ વાંચવો જ રહ્યો. રાસ વાંચતા તત્કાલીન રાજકીય, સામાજિક, આર્થિક સર્વે પાસાઓનો પરિચય પણ મળે છે.

ત્રીજા પ્રકરણની અંદર સંશોધિકાએ ચંદરાજાના રાસની સમાલોચના કરી છે. કવિનો એમની કૃતિના આધારે સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. કથાના બીજ સુધી પહોંચવાનો પ્રયત્ન પણ કર્યો છે. તેમજ કૃતિના ભાવપક્ષ અને કલાપક્ષના પાસાઓનું સંશોધન કરીને આલેખ્યું છે જેમાં છંદ વૈવિધ્ય, વર્ણનશક્તિ, રસ, અલંકાર, કથાનક, પાત્રાલેખન આદિનું વિવરણ કર્યું છે.

ચોથા પ્રકરણમાં (અ) અને (બ) વિભાગમાં બીજા બે કવિઓની કૃતિઓ સાથે સરખામણી કરી છે. (અ) વિભાગમાં કવિ દર્શનવિજયકૃત 'સતી પ્રેમલાલચ્છી ચરિત્ર' અથવા ચંદચરિત અને વિદ્યારુચિકૃત ચંદરાજાનો રાસની સરખામણી છે. બંને કવિઓની કૃતિમાં ક્યાં ક્યાં સમાનતા છે અને ક્યાં ક્યાં તફાવત છે તેની દૃષ્ટાંત સહિત રજૂઆત કરી છે.

(બ) વિભાગમાં કવિ વિદ્યારુચિકૃત 'ચંદરાજાનો રાસ' અને પંડિત શ્રી મોહન વિજયજી (લટકાળા) રચિત 'ચંદરાજાનો રાસ'ની સરખામણી કરી છે. બંનેના જમા-ઉધાર પાસાઓને દૃષ્ટાંત સહિત વર્ણવ્યા છે. આમ સંશોધિકાએ ત્રણ કૃતિનો અભ્યાસ કરીને પોતાની સંશોધનશક્તિનો પરિચય કરાવ્યો છે.

પાંચમા અંતિમ પ્રકરણમાં મધ્યકાલીન સાહિત્યમાં ચંદરાજા વિશેની કૃતિઓની જૈન ગુર્જર કવિઓ ભાગ-૧-૨-૩ (મોહનલાલ દલીચંદ દેસાઈ)ને આધારે આછેરી ઝલક આપી છે.

આમ પાંચ પ્રકરણમાં મૂળકૃતિ ૨૫૦૫ ગાથાની છે તેનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે. ખૂબ જ સરળ, ભાવવાહી, પ્રવહણ ભાષામાં આલેખન કરીને રાસનો રસાસ્વાદ કરાવ્યો છે. સત્યાવીશ વર્ષ પહેલાં લખાયેલો આ શોધ-નિબંધ કર્તાના

'ચંદ્રરાજાનો રાસ' અર્ધી કિંમતે

આ પુસ્તક 'ચંદ્રરાજાનો રાસ' અર્ધી કિંમતે (એટલે રૂા.૫૦/- + રૂા.૧૫/- પોસ્ટ ખર્ચ) આપ શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાંથી સ્ટોક હશે ત્યાં સુધી પ્રાપ્ત કરી શકશો. **મેનેજર**

કૌશલ્યનો પરિચય કરાવે છે.

આ કૃતિના સંશોધિકા એટલે આજીવન સાહિત્યને સમર્પિત, આપણા અમર સાહિત્ય વારસાનું જતન કરનાર, મેગેઝિનો તેમજ મુંબઈ સમાચાર જેવા વર્તમાનપત્રોમાં જૈન લેખોની કોલમના લેખિકા, મહાવીર વિદ્યાલયને ઉપક્રમે યોજાતા જૈન સાહિત્ય સમારોહના સફળ સંચાલિકા, દોઢ ડઝનથી વધારે સંશોધનકાર્ય કરનારાના માર્ગદર્શિકા, બહુમુખી પ્રતિભા ધરાવનાર ડૉ. કલાબેન શાહ.

સાક્ષરવર્ય શ્રી અગરચંદજી નહાટા, ડૉ. દલસુખભાઈ માલવણિયા, ડૉ. શ્રી ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. રમણભાઈ શાહ, પ્રો. તારાબેન શાહ વગેરેની જૈન સાહિત્ય વિષયક ચર્ચા-વિચારણાનું જેમણે રસપાન કર્યું હોય એમના સાહિત્ય સંબંધી સંશોધન, સંપાદન, સંકલનમાં ઉણપ હોય ખરી? તેમાંય વળી માર્ગદર્શક તરીકે જૈન સાહિત્યના વિદ્વાન ડૉ. રમણલાલ શાહ હોય પછી પૂછવું જ શું? જાણે સોનામાં સુગંધ ભળી.

એમના આ શોધનિબંધનું સર્જન ઈ. સ. ૧૯૮૪માં થયું પણ પ્રકાશન ૨૭ વર્ષ પછી ૧૬ એપ્રિલ ૨૦૧૧ના મોડે મોડે પણ મૂળગ્રંથના થોડા પાનાનું બલિદાન આપીને થયું ખરું!

અધ્યાપનકલામાં વ્યસ્તતા અને પારિવારિક જવાબદારીઓમાંથી સમય કાઢીને સંશોધન કરવું એ એક પડકાર છે. જે પડકાર ઝીલીને અઢી વર્ષના પરિશ્રમ બાદ મહાનિબંધરૂપ મોતીનો પરિચય કરાવ્યો છે.

જૈન સંતોના વિપુલ સાહિત્ય સર્જનોનો ખજાનો અભ્યાસી સંશોધકોની રાહ જોઈને બેઠો છે. એમાંની એક હસ્તપ્રતનો ઉદ્ધાર કરીને એનો જ્ઞાનપ્રકાશ રેલાવવાનો સમર્થ પુરુષાર્થ કરનાર ડૉ. કલાબેનશાહના આ શોધનિબંધનો આસ્વાદ કરવો જ રહ્યો.

આ શોધનિબંધ ધર્મકથાનુયોગનો એક અંશ છે. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એ ચાર અનુયોગમાંથી ધર્મકથાનુયોગ લોકભોગ્ય સાહિત્ય છે. જે સામાન્યજનના હૈયાને સ્પર્શીને હોઠ પર આવીને એક સુંદર બોધ આપી જાય છે. મગજ પર બોજ આવ્યા વગર સરળતાથી બોધ આપે છે, જેનાથી કંઈ કેટલાય જીવો સાર પામીને પાર પામી જાય છે. એ ન્યાયે આ શોધનિબંધનું પણ અધ્યયન કરશું તો જરૂર એમાંથી આપણને જીવન જીવવાનો એક નવો અભિગમ પ્રાપ્ત થશે. કર્મની થીયરનું જ્ઞાન પ્રાપ્ત થશે. માનવ સ્વભાવની વિવિધતાનો પરિચય થશે. રાજનીતિના દર્શન થશે. વિવિધ વર્ણનોના આસ્વાદ દ્વારા અંતરમાં આનંદ થશે. ત્યાગ–વૈરાગ્ય રૂપ જૈનદર્શનનું જ્ઞાન થશે અને જીવન સાર્થક બનશે.

સંશોધિકાની ભાવવાહી ભાષા ભાવકને ભાવુક બનાવ્યા વગર રહેશે નહિ. એ માટે આ શોધનિબંધની ભાવયાત્રા કરવી જ રહી. ✷✷✷

૨/૩ જેઠવા નિવાસ, પ્લોટ નં. ૪૪૮, ડૉ. આંબેડકર રોડ,
માટુંગા (સે. રે.) મુંબઈ-૪૦૦ ૦૧૯. મોબાઈલ : ૯૮૬૯૭૮૭૬૯૨.

ગુજરાતમાં પ્રતાપકુમાર ટોલિયા–સુમિત્રા ટોલિયાની મહાવીર કથા શ્રૃંખલા

અ વ સ ર

શ્રી મધુભાઈ પારેખ, સ્વાધ્યાયકાર, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ (ચેરમેન, કાર્યક્રમ આયોજન સમિતિ)

મહાવીર જયંતી તા. ૧૬-૪-૨૦૧૧ના દિને **બોરડી**-દહાણુમાં જૈન ઉપાશ્રય-છાત્રાલય સાગર તટે શાંત વાતાવરણમાં યો. યુ. સહજાનંદ ઘનજીના મહોત્સવ પ્રારંભે ટોલિયા દંપતી દ્વારા શ્રોતાઓને તલ્લીન કરતી **મહાવીર કથા** બાદ રાજકોટ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર પર તેની રજૂઆત વિશેષ પ્રભાવ મૂકી ગઈ.

શ્રીમદ્ રાજચંદ્ર પરમ સમાધિ દિન મહોત્સવ નિમિત્તે ગુરુવાર દિ. ૨૧-૪-૨૦૧૧ના સવારના સ્વાધ્યાયમાં પ્રા. પ્રતાપકુમાર ટોલિયાનું–યો. **'શ્રીમદ્ રાજચંદ્રજી–સમર્પિત યો. યુ. શ્રી સહજાનંદઘનજી'** વિષયક મનનિય પ્રવચન થયું. ત્યાર પછી તે જ સાંજે–રાતે આ દંપતીએ ધ્યાનસંગીતમય 'મહાવીર કથા' રજૂ કરી. સારોયે સમય બધા શ્રોતાઓ અંતર્મુખ બની ભગવાન મહાવીરના જીવનમાં ડૂબેલા રહ્યા. તેમાં પણ ગણધરવાદની અને છેલ્લે વિનય-મહિમાની વીરવચનની ઉક્તિઓ હૂબહૂ 'આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ.' અને 'એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી વીતરાગ' જેવી **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની** જ સ્મૃતિ આપતી રહી.

કાર્યક્રમ સંપન્ન થયા પછી અનેક ધ્યનાનંદ વિભોર શ્રોતાઓ આવીને કહી રહ્યા: 'સારોયે સમય અમે પ્રભુના જીવનમાં સાક્ષાત યાત્રા કરતાં ક્યાં ખોવાયેલા રહ્યા તેની પણ અમને જાણ ન રહી.' ક્ષણાનુમોદક અનેક સંતો-વક્તાઓના સત્સંગ પ્રવચનોનો પણ જ્ઞાનમંદિરમાં લાભ મળ્યો. તેમના પણ આશીર્વાદ મળ્યા.

મહાવીર કથાની આ ફલશ્રુતિ પ્રો. ટોલિયાના તા. ૨૩-૪-૨૦૧૧ના સુશ્રી વિમલાતાઈના **'વિમલ સૌરભ'** પરના જૈનસૂત્રો-ઉપનિષદો-ભજન કવિતોના કાર્યક્રમમાં પણ ઝલકતી રહી. શ્રીમદ્ના આર્ષ-વચન **'સકળ જગત તે એઠવત્ અથવા સ્વપ્ન સમાન'** (આ. સિ. ૧૪૦) સાથે રજૂ કરતાં, આ લખનારને પણ ત્યારે તત્ત્વ-તુલના કરવા-કહેવાનો લાભ મળ્યો.

રાજકોટના આ સફળ સાર્થક કાર્યક્રમો સ્મરણીય બની ગયા. આ પછી પ્રો. ટોલિયાના વતન **અમરેલી**માં પણ શ્રી રસિકભાઈ શાહ જેવા પ્રબુદ્ધ ચિંતકો અને શ્રી હર્ષદ ચંદારાણા જેવા 'ગાંધી-ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીની આત્મસિદ્ધિ'ના અનુમોદક આશુ-કવિઓની ઉપસ્થિતિમાં પણ **ગુજરાતમાંની ત્રીજી મહાવીરકથા**ની સફળતાના સમાચાર મળ્યા. આ ત્રણેય સ્થાનોની મહાવીર કથાઓના **સહજ બની ગયેલ આયોજનના નિમિત્ત** બનવાના શ્રેયનો શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર રાજકોટને લાભ મળ્યો તેનો અમને આનંદ છે. ✷✷✷

શ્રી મધુભાઈ પારેખ, ૩૦, શ્રીમદ્ પાર્ક, લાઈફ બિલ્ડીંગ પાસે, રેસ કોર્સ, રાજકોટ–૧.

પુસ્તકનું નામ : **કંકણનો બોધ : આત્માની શોધ**
વ્યાખ્યાતા : **તત્ત્વવેત્તા બા. બ્ર. પૂ. વનિતાબાઈ મહાસતીજી 'વિનય'**
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન: **શ્રી પી. એમ. ફાઉન્ડેશન**
(૧) ઈન્દ્રપ્રસ્થ સ્થાનકવાસી જૈન સંઘ, રાજકોટ.
૯, ઈન્દ્રપ્રસ્થ નગર, હેમુ ગઢવી હૉલની પાછળ,
રાજકોટ-૩૬૦૦૦૧. ફોન : ૨૨૨૭૪૭૨.
(૨) આશાબેન ઉદાણી-ચેમ્બુર, મુંબઈ.
મો. : ૦૯૩૨૩૪૨૨૧૫૦.
મૂલ્ય : જ્ઞાનાર્થે રૂ. ૭૫/-, પાના : ૫૬૮,
આવૃત્તિ-પ્રથમ, સને-૨૦૧૧.

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરની અંતિમ દેશના એ અંતર અવનિનું અમૃત છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની દેશના એટલે પ્રભુ મહાવીર સ્વામી નિર્વાણ પધારતાં પહેલાં એકી સાથે જિંદગીના છેલ્લા ૧૬ પ્રહર આપેલી એકધારી હિતશિક્ષા. આ હિત શિક્ષાના ફૂલોમાંથી હળવા ફૂલ જેવું છતાંય અધ્યાત્મ જગતની ઉચ્ચ શ્રેણીમાં મૂકી શકાય તેવું નવમું અધ્યયન. -'નમિરાજાની પ્રવજ્યા' વિષય ધરાવતું ૬૨ ગાથાનું અધ્યયન. પ્રવચન-પ્રભાવક પંડિત રત્ના તત્ત્વવેત્તા બા. બ્ર. પૂ. વનિતાબાઈ મ.સ. પોતાની રોચક તથા બોધક શૈલીથી નવમું અધ્યયન ચાર માસ સુધી તેમની તેજદાર વાણીમાં ધર્મ પરિષદામાં પ્રવચન રૂપે પીરસ્યું અને ધર્મ પરિષદાના હૃદયમાં અમૃતપ્રવાહ વહેવડાવી શાસનની પ્રભાવના કરી.

આ ગ્રંથના પાને પાને આત્મદૃષ્ટિ ખીલે તેવા શ્રુતરત્નો છે. પુસ્તકના પાને પાને જિજ્ઞાસા જગાડવાની ચાવી છે. જિજ્ઞાસુ વાચકો અને અધ્યાત્મના રસિયાઓએ વસાવવા જેવો આ ગ્રંથ છે.

x x x

પુસ્તકનું નામ : **મંગલમયી મયણાસુંદરી અને શીલસંપન્ન શ્રીપાળ રાજા**
સંપાદક : સુનંદાબહેન
પ્રકાશક : હરસુખભાઈ ભાયચંદ મહેતા
૨૦૩, વાલકેશ્વર રોડ, પેનોરમા
મુંબઈ-૪૦૦ ૦૦૬.
ફોન નં. : ૨૩૬૯૦૬૦૩, ૨૩૬૯૦૬૦૮.
પ્રાપ્તિસ્થાન : **સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, પહેલી પાંજરાપોળ,
ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ-૪૦૦ ૦૦૪.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

ફોન નં. : ૨૨૪૦૪૭૧૭.
મૂલ્ય : રૂા. ૨૫/-, પાના : ૮૦, આવૃત્તિ : પ્રથમ.

જૈન ધર્મમાં આગવું સ્થાન ધરાવતી મયણાસુંદરી અને શ્રીપાલરાજાની કથાનું સુનંદાબહેને કરેલ આ સંકલન ખૂબ જ સુંદર છે. આ કથા આપણને કર્મની ફિલસૂફી અને શ્રી નવપદજીનું મહત્ત્વ સમજાવે છે.

આજના યુગમાં જીવનની દોડમાં આવી સંક્ષિપ્ત કથાઓ જીવનમાં સદ્‌વિચાર અને સદાચાર કેળવવામાં સહાયક બને છે. આ કથાનું હાર્દ અનુપમેય છે. પરિભ્રમણરૂપ ભવરોગ ટાળવાનો ઉત્તમ માર્ગ છે. આ કથા નવપદજીની આરાધનાની સરળતાથી સામગ્રી પૂરી પાડે છે. તેનું આરાધન ભવ્ય જીવોને દુઃખ મુક્ત કરી શકે તેવો તેનો પ્રભાવ છે.

જૈન શાસનમાં સિદ્ધચક્રજી-નવપદજીનો અત્યંત મહિમા ગવાતો રહ્યો છે. નવપદ એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પંચ પરમેષ્ટિ સ્વરૂપે છે. દર્શન, જ્ઞાન, ચરિત્ર તથા તપ ધર્મસ્વરૂપે આરાધવા યોગ્ય છે.

વાચક વર્ગ આ પુસ્તકનું વાંચન, મનન કરીને મોક્ષ માર્ગે પ્રયાણ કરે તેવું પ્રેરક આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **પ્રજ્ઞાની પાંદડીઓ** (સંકલિત અવતરણો)
સંકલનકર્તા : કીર્તિલાલ કા. દોશી
પ્રકાશક : કીર્તિલાલ કા. દોશી
કોર્પોરેટ ઑફિસ, ૪૦૫ સી., ધરમ પેલેસ,
૧૦૦-૧૦૩, એસ. એન. પાટકર માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૭. ભારત.
મો. : ૯૧૨૨૬૬૩૭૩૫૦૦.
મૂલ્ય : અમૂલ્ય, પાના : ૧૦૦.

'પ્રજ્ઞાની પાંદડીઓ' પુસ્તકમાં સંકલનકારે સંકલિત કરેલા અવતરણોમાં જીવનની, વ્યવહારની, ધર્મની અને અધ્યાત્મની સુગંધ છે. આ અવતરણો જીવનને સાર્થક કરવાની કૂંચીઓ છે.

કીર્તિભાઈ દોશી એક કુશળ ઝવેરી છે. એમના હાથમાં હીરો આવતાં જ એની કિંમત આંકી શકે, એનું મૂલ્ય સમજી શકે એવા પારખુ છે. વાચન દરમિયાન સુંદર, વાક્યો, અવતરણો, કંડિકાઓ પોતાની અંગત ડાયરીમાં તેઓ નોંધી રાખતા. આ રીતે ભેગું કરેલું ધન તેઓ પુસ્તક રૂપે મિત્રોને ને સ્નેહીઓને વહેંચે છે. આ પુસ્તકમાં અવતરણો વિષયવાર કક્કાવારી પ્રમાણે ગોઠવેલા છે.

ગુજરાતી ભાષા વિશેના ગાંધીજીના અવતરણો ઉલ્લેખનીય છે. આ માત્ર અવતરણોનો સંચય નથી. જ્ઞાનનો સંચય છે. સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, સંતો, અવતારો અને શાસ્ત્રો પાસેથી મળેલા આ ઉત્તમ ઉપહાર હૃદયમાં ઉતરવા જેવો છે.

આ પુસ્તકના સરળ લાગતાં અવતરણોમાં ગહનતા સમાયેલી છે, જે માણવા જેવી છે.

x x x

પુસ્તકનું નામ : **લક્ષ્મી પૈસાનું અનર્થકારણ**
લેખક : વિનોબા; પ્રકાશક : પારુલ દાંડીકર,
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડી,
હુજરત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.
ફોન નં. : (૦૨૬૫) ૨૪૩૭૯૫૭. મૂલ્ય : રૂા. ૩૦,
પાના : ૯૨, આવૃત્તિ : પ્રથમ. ઑગસ્ટ-૨૦૧૦.

આખી યે માનવજાત જ્યારે અર્થશાસ્ત્રના નામે સાવ ખોટા અનર્થશાસ્ત્રમાં સપડાઈ ગઈ છે, ત્યારે માણસની માણસાઈ મહોરે એવું, માણસ માણસ વચ્ચેનો સંબંધ કોળી ઉઠે એવું, માણસનો સૃષ્ટિ સાથેનો નાતો સુસંવાદી બને એવું અર્થશાસ્ત્ર કેવું હોય તેની ઝાંખી આ પુસ્તકમાં વિનોબાજી કરાવે છે. વિનોબાજીનું આ ચિંતન નરવું નીતર્યું છે. જે આજના અનર્થશાસ્ત્રના સકંજામાંથી છૂટવામાં આપણને ઉપયોગી થાય તેમ છે.

અહીં પૂરવણી રૂપે આપેલ વિનોબાજીના બીજા પાંચ લેખો આપણી અસ્મિતાને અનુરૂપ ચિંતન-મનન કરવામાં ઉપયોગી થાય તેવા છે.

વિનોબાજીના અનેક પ્રવચનો, વક્તવ્યો, લેખો પરથી સંકલિત-સંપાદિત કરીને આ પુસ્તિકા કાન્તિ શાહે તૈયાર કરી છે. વિનોબાજીએ કહ્યું છે- **'પૈસો એ લક્ષ્મી નથી, પૈસો કૃત્રિમ વસ્તુ છે. અનાજ લક્ષ્મી છે, લક્ષ્મી દેવતા છે. પૈસો દાનવ છે. પૈસાને આપણે લક્ષ્મી માની લીધી છે. આનાથી મોટો ભ્રમ બીજો કયો હોય?'** ● ● ●

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ,
ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH /MR / SOUTH-146 / 2009-11

સંતોષગિરિ માતાજી

(સત્ય ઘટના)

□ મનસુખ ઉપાધ્યાય

વિદ્વાન લેખક મુંબઈની મહારાણા પૂર્વાચાર્ય, અનેક પુસ્તકોના લેખક, શિક્ષણવિદ અને સમાજ સેવક છે.

સાતમી ફેબ્રુઆરી-પોરબંદરમાં ઓડદરના દરિયા કાંઠે રંગભાઈ માતાજીના પાટોત્સવમાં હાજરી આપી હતી. જોષી કુટુંબના શ્રી લાલજીભાઈ, શ્રીમતી નિર્મળાબેન તથા ગં. સ્વ. દેવકુંવરબેન, ડૉ. અશોકભાઈ જોષી, તેમનો પરિવાર અને સુરેન્દ્રભાઈ શાનકી-આ બધાયના સ્નેહનું ભાજન બનવાનો છેલ્લા બે વરસથી લહાવો મળે છે.

આ ઉપરાંત ભાવેશ્વર મહાદેવના મંદિરના પૂજારી સ્વ. શ્રી પ્રતાપરાય દવે તથા એમનો પરિવાર સ્નેહમાં કચાશ ક્યાંથી રાખે ?

તા. ૯-૨-૨૦૧૧, બુધવાર મારા માટે એક પાવન દિવસ બની ગયો હતો. શ્રી અજયભાઈ દવે, અ. સૌ. શોભનાબેન દવે, સ્વ. પ્રતાપભાઈ દવેના બહેન હરબાળાબેન અને સુરેન્દ્રભાઈ શાનકી મને પોરબંદરની હોટેલ મૂન પેલેસમાં તેડવા સવારના સવા આઠે આવી ગયા અને શ્રી અજય દવેનું નિમંત્રણ હતું કે સામાન લઈ આવજો અને રાતે ભાવેશ્વર મંદિરમાં જ એમના ઘેર રહેવાનું છે.

આમ એક પંથ દો કાજ. શ્રી પ્રતાપભાઈનું નિધન બે મહિના પહેલા થયું હતું પરંતુ એમના પરિવારના પુત્રો, પુત્રવધૂઓ- એમના સંતાનો સૌનું આતિથ્ય અણમોલ રહ્યું હતું.

સવારે સવા આઠે સામાન મેં એમની Omni Car માં મૂક્યો અને અમારી સવારી ઉપડી ભગવાન સોમનાથ મહાદેવના દર્શનાર્થે વેરાવળ તરફ. ગાડી શ્રી અજયભાઈ દવે ચલાવે અને એમના ધર્મપત્ની વાતચીત દ્વારા એમને વાહન ચલાવવા માટે સજાગ રાખે. Carમાં અવનવી વાતો વાગોળતા હતા. એમાં હરબાળા બહેને એક પ્રસ્તાવ મૂક્યો. મોચા ગામને પાદરે એક હનુમાનજીનું મંદિર છે એના **પૂજારી એક ફેન્ચ નારી છે.** અને અમે હરખભેર વહેતા થયા.

મોચા ગામ-પોરબંદરથી લગભગ પચીસ કિલોમિટર હતું. સૌને હૈયે એ ફેન્ચ મહિલાને-પૂજારી તરીકે મળવાની ઉત્કંઠા હતી. અને અમે લગભગ સાડા નવની આસપાસ પહોંચ્યા. મંદિરની પરસાળ ઊંચી હતી. દરવાજામાં દાખલ થયા તો સામે હનુમાનજીની સુંદર-સ્વચ્છ-દેરી હતી. એની પરસાળ પણ ઊંચી હતી. પરસાળ ફરતે પથ્થર ઉપર કોતરેલા પાણાનો અસબાબ મનોગમ્ય હતો. ફરતે લીલોતરી હતી. સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવી હતી. સ્વચ્છતા માત્રમાં પરમાત્માનો દૈવી તત્ત્વોનો વાસ હોય છે અને અમે એ માણી પણ લીધો.

હનુમાનજીના દર્શન હોંશે કર્યા પણ ત્યાંના પૂજારી માતાજી ક્યાંય દેખાયા નહિ. એટલે અમે મંદિરની પરસાળ તથા બાજુમાં સુંદર મજાના શણગારેલ ઓરડા જોયા. ત્યાં હવન પૂરો થયો હતો તેના અણસાર મળી ગયા અને બીજા ઓરડા તરફ જતા હતા ત્યાં પૂજારી માતાજી આવ્યા. 'પધારો, આવો આપણે અહીં બેસીએ.' મંદિરની જમણી બાજુએ એક ઈસ્કોતરો પડ્યો હતો અને અમે ત્યાં ગોઠવાયા. ગુણપાટના આસનો હતા. વાતાવરણ શાંત હતું. પક્ષીઓનો કલરવ-બાજુના ખેતરમાં માતાજીના સેવાભાવી બે-ત્રણ જણા પોરિયામાં પાણી વાળી રહ્યા હતા. વાતાવરણ ખુશનુમા હતું. અંતરે હનુમાનજીના દર્શનનો ઉલ્લાસ ઊભર્યો હતો. ફેન્ચ મહિલા માતાજીએ પીળા રંગનું સાવ નહિ-પણ રેશમી વસ્ત્ર વીંટાળ્યું હતું.

ઘડીભર ન માની શકાય કે એક ફેન્ચ નારી હનુમાનજીની પૂજા કરે. પણ ખાત્રી થઈ. એ ચોગાનમાં ઈસ્કોતરાની સામે અમે સૌ બેસી ગયા. માતાજી ઈસ્કોતરાને અઢેલીને બેઠાં અને એણે એમના માણસ મારફત અમારા માટે અડાળી-રકાબીમાં ચા પણ પીરસી. પાંચે જણાએ એ ચાની લિજ્જત માણી. અમને તો માતાજીની વાતમાં એની પવિત્ર ભાવનામાં વિશેષ રસ હતો. સૌ મોકળા મનના બની મંદિરની પાવન નિકામાં ગોઠવાઈ ગયા.

અને માતાજીએ તદ્દન કાઠિયાવાડી-સોરઠી તથા મે'રની ભાષામાં વાત શરૂ કરી. એ બોલતા ગયા અને અમે સાંભળતા ગયા.

'માણસનું મન ભિખારી છે. એટલે ભીખ માગતું મટે તો જ સંસારનું કલ્યાણ થાય. આપણી આસ્થા, વિચાર તથા વર્તન માનવીય હોય પછી કોઈ પણ પ્રકારની અડચણ કોઈને ડગાવી શકતી નથી. ભિખારી મનને કાબૂમાં લેવા શ્રદ્ધા, આસ્થા, તથા આચરણ યોગ્ય હોય તો પછી પરમાત્મા અળગો ક્યાંથી થાય ?'

એક ફેન્ચ માતા મોચા ગામના લોકોની તળપદી બોલીમાં વાત કરે અને તે પણ એકદમ સાદાઈથી, ત્યારે ખરેખર પરમાત્માની સૃષ્ટિની સાચી સમજણ હૈયે કોતરાઈ જાય છે!

એ માતાજીને ન હતું પોતાના રૂપનું અભિમાન, ન હતું કડવાશનું નામ, ન હતું રંગભેદનું ઓસાણ! 'ઈન્સાન માત્ર જીવવાના અધિકારી છે. જીવ માત્ર જીવે એમાં જ પરમાત્માનું ધ્યેય સચવાય છે. સંપ હોય, કરમ કરવાની મજબૂત ઈચ્છા હોય, આફતોને ઓળંગવાની શક્તિ જરૂર પેદા થાય છે. ભક્તિ જ શક્તિ પૂરી પાડે છે. જીવ માત્ર પ્રત્યે ઉદારતા દાખવીએ તો ભગવાનનું કાર્ય કર્યું કહેવાય છે!'

માતાજીની વાણીની ગામઠી ભાષાનો હૈયે પચી જાય તેવો રણકો હતો. એક નારી મોચા ગામના પાદરે મંદિરની પૂજા અર્ચનામાં છેલ્લા વીસ વરસથી જીવન વીતાવે મારે મન તો હનુમાનજીની મહેર જ કહેવાય.

મંદિરમાં પૈસા મૂકવાના ન હતા. બસ અમે 'નમસ્તે' કહી ઊભા થયા. સૌએ એ માતાજીને નમન કરી રૂપિયા ધરવા પ્રયત્ન કર્યો તો એમણે ઈસ્કોતરો ખોલી રાખી 'અહીં રૂપિયા મૂકો' એવું સૂચન કર્યું.

કોઈના રૂપિયાને હાથ સુદ્ધા ન અડાડ્યો. હા એમણે છેલ્લે વાત કરી. સાંજના પાંચ વાગે મોચા ગામના તથા આસપાસના ગરીબ લોકોને માતાજી દવા આપતા. અને આમ જનતાની સેવા પણ માતાજી કરતા. દુઃખીને મદદ કરતા. જરૂરિયાતમંદની પડખે ઊભા રહી જતા. અને મોચા ગામના લોકો તો માતાજીનો પડ્યો બોલ ઝીલતા.

અમે ફરીથી કારમાં ગોઠવાયા ત્યારે કાર સાગર કાંઠે માંગરોળ, ચોરવાડ અને વેરાવળ તરફ ગતિ કહી રહી હતી.

હરબાળાબેને પણ સારી વાત કહી: 'આ બેન જ્યારે મંદિર પાસે ઝૂંપડી બાંધી રહેવા આવી તો ગામ લોકો એને યુરોપની જાસૂસ માની પજવવાની ચરમ સીમાએ પહોંચ્યા હતા. મંદિરમાં પૂજા કરે તો હેરાન કરે. ગામડાના લોકોએ એને કષ્ટ આપવામાં કાંઈ બાકી રાખ્યું નહોતું. પણ એ નારી સતત ઝઝૂમી. ગામના લોકોને ખાત્રી કરાવવા તે એક મે'ર કોમના આદમીને પરણી. એ પરણાવાનું નામ હતું. એના ચારિત્રની પવિત્રતા હનુમાનજીએ સાચવી હતી અને આજે પંદર વરસની અંદર મંદિરની આસપાસમાં દવાના છોડો, રોપાઓ, મૂળિયા, કંદ તથા અનાજ ઉગાડી એણે સ્વમાનભેર જીવવાની કળા શીખી લીધી છે, મોચા ગામના અને પોરબંદર પરગણાના બધાય ગામના લોકો એને આજ માનભર્યું માન આપે છે.'

તપશ્ચર્યાનું ફળ મોડું મળે પણ મળે ત્યારે અમૃત સમું બને છે! આજ પણ ફેન્ચ નારીનું નામ સંતોષગિરિ માતાજી તરીકે સૌને અંતરે કોતરાયેલું જરૂર રહ્યું છે.

● ● ●

૧૩, એ, આશીર્વાદ, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મો. ૯૮૨૦૫૫૧૦૧૯.

પંથે પંથે પાથેય...

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૭ • જુલાઈ, ૨૦૧૧ • પાના ૨૮ • કીમત રૂા. ૧૦

જિન-વચન

જે કંઈ બોલે તે વિચારીને બોલે

भासमाणो ण भासेज्जा णो य बंफेज्ज मम्मयं ।
माइट्ठाणं विवज्जेज्जा अणुवीइ वीयागरे ।।

सूत्रकृतांग १-९-२५

મુનિએ બીજાઓ વાત કરતા હોય ત્યારે વચ્ચે ન બોલવું. તેણે બીજાની ગુપ્ત વાત પ્રકાશિત ન કરવી. તેણે કપટયુક્ત વાણી ન બોલવી. તે જે કંઈ બોલે તે વિચારીને જ બોલે.

A monk should not interrupt others while they are talking. He should not take delight in betraying confidence of others. He should avoid deceitful speech. His speech should be pre-meditated.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

તાતે નીચે નૈન

અકબરના નવરત્ન દરબારમાં એક રતન અબ્દુર રહીમ ખાનખાના ખૂબ મોટા દાની હતા. તેમની પાસેથી કોઈ યાચક ખાલી હાથે પાછો ન જતો. પણ તેમને પોતે આવા મોટા દાનેશ્વરી છે એવું અભિમાન મુદ્દલ નહોતું. એ દાન આપતા ત્યારે પણ હંમેશા નીચા નયનો ઢાળીને. તેની દાન આપવાની આવી રીત જોઈ કવિ દુરશાજી આઢાએ તેમને પૂછ્યું કે;

'શીખે કહાં નવાજી, એસી દેતી દૈન,
જ્યોં જ્યોં કર ઉંચે ધરો ત્યોં ત્યોં નીચે નૈન?'

આવી દાન આપવાની નવી રીત ક્યાંથી શીખ્યા નવાબ સાહેબ? બીજા દાનીઓ તો દાન આપતાં ગર્દન ફુલાવી, માથું ઊંચુ કરી ચારે તરફ જુએ છે, ત્યારે તમારો હાથ દાન આપતાં જેમ જેમ ઊંચો થાય છે તેમ તેમ તમારી આંખો નીચે નમતી જાય છે.

રહીમ પોતે પણ એક અચ્છા કવિ હતા તેમણે તરત જવાબમાં કહ્યું:

'દેનેવાલા ઔર હૈ, ભેજત વો દિન રૈન,
લોગ ભરમ હમ પે ધરે, તાતે નીચે નૈન.'

દાન દેવાવાળો તો દુનિયાનો પરમ દાતાર એક પરમેશ્વર છે. એ રોજ દાનની રકમ મોકલાવ્યા કરે છે. અને વચ્ચે મને લોકો ભૂલથી દાની માની બેસે છે તેથી મારા નેત્રો શરમથી નીચે ઢળી જાય છે.

* * *

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	હસ્તપ્રત વિદ્યા	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ત્રણ સંસ્થાઓના સહયોગથી સર્વપ્રથમવાર યોજાયેલો હસ્તપ્રતવિદ્યાનો સર્ટિફિકેટ કોર્સ	—	૫
(૩)	સમ્રાટ સંપ્રતિ-(પ્રિયદર્શિન)ની શાસન પ્રભાવના	ડૉ. કલા શાહ	૬
(૪)	નારી પ્રત્યે જૈન ધર્મનો દૃષ્ટિકોણ	ડૉ. પ્રવીણભાઈ સી. શાહ	૯
(૫)	સરનામા વગરના માનવી-વિચરતા સમુદાયો	મધુરાદાસ ટાંક	૧૪
(૬)	પદ્મશ્રી કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા	—	૧૬
(૭)	જીવનમાં ખાલીપો જન્મે છે ત્યારે	હરેશ ધોળકિયા	૧૮
(૮)	શ્રી શંકરરાવજીની જૈનસાધના-નિષ્પન્ન ચિત્ર-સર્જના : જિનવાણી 'સરસ્વતી સહસ્રદલ કમલ'માં તેનું સર્વોચ્ચ સ્થાન	પ્રા. પ્રતાપકુમાર ટોલિયા	૨૦
(૯)	જયભિખ્ખુ જીવનધારા : ૩૦	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૨
(૧૦)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૫
(૧૧)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૨૭
(૧૨)	પંથે પંથે પાથેય : નરસિંહાની હૂંડી	જિતેન્દ્ર શાહ	૨૮

મુખપૃષ્ઠ સૌજન્ય :
દેવી સરસ્વતી પ્રાચીન ચિત્ર : 'જૈન તીર્થ વંદના' સામયિક

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૭ ● જુલાઈ ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● અષાઢ વદ–તિથિ-૧ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

હસ્તપ્રત વિદ્યા

ભારતનો પ્રાચીન અને મધ્યકાલિન જ્ઞાન સર્જન ભંડાર અતિ સમૃદ્ધ છે. વૈવિધ્યભર્યું આ વિશાળ અને વિરાટ જ્ઞાન આ હસ્તપ્રતોમાં બદ્ધ છે. એ સમયે મુદ્રણ યંત્રો અને કાગળો ન હતા એટલે ભોજપત્ર અથવા તાડપત્ર ઉપર લહિયાઓ આ હસ્તપ્રતો વિવિધ ભાષા અને લિપિમાં લખતા. લાઘવ આ શૈલીનો આત્મા હતો, ટૂંકમાં અને વિવિધ સંજ્ઞાઓથી લખાય તો સામગ્રીનો ઉપયોગ વધુ કરવો ન પડે તેમજ પરિશ્રમ પણ વિશેષ ન થાય, કારણ કે એક જ કૃતિની અનેક નકલો હાથેથી કરવાની હોય.

આ લિપિ ઉકેલવાનું શાસ્ત્ર એટલે હસ્તપ્રત વિજ્ઞાન. આ દિશામાં આપણે ખૂબ જ મંદ પ્રગતિ કરી છે. આ લિપિને ઉકેલનારા તજજ્ઞો આપણી પાસે કેટલાં છે? સર્વ પ્રથમ તો આવા તજજ્ઞોની ફોજ આપણે તૈયાર કરવી પડશે, એ નહિ થાય તો આપણી લાખો હસ્તપ્રતોના શબ્દો નિર્જીવ થઈ જશે.

આ ક્ષેત્રમાં છેલ્લા લગભગ ૧૦૦ વર્ષમાં અનેક પૂર્વાચાર્યો અને વિદ્યાર્થીઓએ પુરુષાર્થ કર્યો છે, પણ વર્તમાનમાં આ દિશામાં ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શનથી અમદાવાદ અને લંડનની ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી, ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ-પૂના અને શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબાના સહકારથી આ હસ્તપ્રત વિદ્યાનું શિક્ષણ આપી તજજ્ઞોને તૈયાર કરવા માટે જે સઘન પ્રયત્ન કર્યો છે એને અભિનંદીએ અને આવકારીએ.

'પ્રાચીન-મધ્યકાલિન હસ્તપ્રતોની સંખ્યાની દૃષ્ટિએ ભારતની વિશ્વના સૌથી સમૃદ્ધ દેશોમાં ગણના કરવામાં આવે છે. આ હસ્તપ્રતો ભારતની સાંસ્કૃતિક ધરોહર છે, કે જેમાં પ્રાચીન-મધ્યકાલિન યુગમાં ભારતે સાહિત્ય, ધર્મ-દર્શન, વિજ્ઞાન, કલા વગેરે ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓનું દર્શન પણ થાય છે. ભારતમાં ૫૦ લાખથી અધિક હસ્તપ્રતો પ્રાપ્ત છે. આ પૈકી અંદાજિત ૬૭% સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, ૨૫% આધુનિક ભારતીય ભાષાઓની અને ૮% અરેબિક, પર્શિયન વગેરે હસ્તપ્રતો છે. આ હસ્તપ્રતો વિવિધ લિપિઓમાં છે, ઉદાહરણ તરીકે, દેવનાગરી, શારદા, બંગાલી, ગ્રન્થ, ગુરુમુખી, ગુજરાતી, કન્નડ, મલયાલમ વગેરેમાં છે અને એ વધી ભોજપત્ર, તાડપત્ર, કાગળ અને કાપડ વગેરે ઉપર લખાયેલી છે...ભારતીય હસ્તપ્રતો ભારત ઉપરાંત વિદેશોમાં પણ સંગ્રહાયેલી છે.'

–મણિભાઈ પ્રજાપતિ

આ પચાસ લાખ હસ્તપ્રતોમાં માત્ર જૈન ધર્મ-સાહિત્યની વીસ લાખથી વધુ હસ્તપ્રતો આપણા વિવિધ જ્ઞાન ભંડારોમાં સંગ્રહાયેલી છે. જેને ઉકેલવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે, અને એ ઉકેલનારા તજજ્ઞો તૈયાર કરવા એ આપણો જ્ઞાન ધર્મ છે. જૈન ધર્મ સિવાય અન્ય ધર્મમાં 'જ્ઞાન પંચમી' જેવો કોઈ ખાસ દિવસ હોય તો એ ધર્મને આપણા વંદન છે. આ હસ્તપ્રત વિદ્યા માટે માર્ગદર્શન કરનાર અભ્યાંતર તપની અનુમોદના કરે છે, અને શીખવનાર તેમજ શીખનાર અભ્યાંતર તપનું પુણ્ય પ્રાપ્ત કરે છે.

આપણા દેશના વિવિધ પ્રદેશોના જૈન જ્ઞાન ભંડારોમાં જે હસ્તપ્રતો સુરક્ષિત રહેલી છે, એનું માત્ર પૂજન કરવાથી જ એનો ઉદ્ધાર નહિ થાય, એ પ્રતોને આધુનિક વિજ્ઞાનની સહાયથી પુનઃદર્શિત કરી

આ અંકના સૌજન્યદાતા

શ્રી વંદન શાહ

સ્મૃતિ : સ્વ. મનીષા વંદન શાહની

ચોથી પુણ્યતિથિ નિમિત્તે

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

(ઝેરોક્ષ નકલ) જિજ્ઞાસુઓને વિદ્યાપ્રચાર માટે સોંપવી પડશે. આ હસ્તપ્રતો એ જ્ઞાન ભંડાર છે, ભૌતિક ધન ભંડાર નથી, એને ખોલીએ તો એની જ્ઞાન સુગંધ અનેકોના જીવનને ઉજ્જવળ કરે.

અમદાવાદમાં તા. ૧૯-૬-૨૦૧૧ના વિશ્વકોશ ભવનમાં આ હસ્તપ્રત વિદ્યાના સર્વ પ્રથમ સર્ટિફિકેટ અભ્યાસક્રમનું જૈનરત્ન શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ ઉદ્‌ઘાટન કર્યું ત્યારે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-કોબાના ટ્રસ્ટી શ્રી મુકેશ શાહે આ અભ્યાસક્રમની આવશ્યકતા અને મહત્ત્વ માટે યથાર્થ કહ્યું કે, 'જ્યાં સુધી આપણે પ્રાચીન લિપિ નહિ જાણીએ તો આપણી સંસ્કૃતિ અને ધર્મગ્રંથોનો અભ્યાસ કઈ રીતે કરી શકીશું ? એ અમૂલ્ય ગ્રંથોની લિપિ ઉકેલીશું તો જ એ ગ્રંથોમાં રહેલાં તત્ત્વોનું આપણે દર્શન કરી શકીશું અને જીવન માટે નવી દિશા પ્રાપ્ત કરી શકીશું.' જીવિત કે નિર્જીવ એ દરેકનું આયુષ્ય હોય છે. આ લાખો હસ્તપ્રતો આકાર અને પદાર્થથી નિર્જીવ છે એટલે કુદરતના ક્રમે એ નષ્ટ થઈ જાય એ પહેલાં એનું આધુનિક ભાષામાં અવતરણ થવું અતિ આવશ્યક છે એટલે એ માટે આપણી હસ્તપ્રત વિદ્યાના જાણકરોની મોટી 'સેના' જરૂરી છે.

સર્વ પ્રથમ આ કાર્ય પૂ. મુનિ ભગવંતો અને સાધ્વીશ્રીઓએ ઉપાડી લેવું જોઈએ. ચાતુર્માસ દરમિયાન પ્રત્યેક ઉપાશ્રયમાં ચાર સાધુ-સાધ્વી આ હસ્તપ્રત વિદ્યા શીખે તો પાંચ વર્ષનો સરવાળો મૂકતા અને એ પછી એ હસ્તપ્રત વિદ્યા નિષ્ણાતો દર વરસે ચારેક પ્રાચીન-મધ્યકાલિન કૃતિનું વર્તમાન ભાષામાં અવતરણ કરે તો આવતા પાંચ દાયકામાં આપણી પાસે એ ભવ્ય વારસો કેટલો બધો વધીને સમૃદ્ધ બની ગયો હશે ! જ્ઞાનની કેટલી બધી નવી દિશાનું દર્શન થયું હશે !

હસ્તપ્રત વિદ્યાના વર્તમાન અભ્યાસક્રમનું વિસ્તરણ થવું જોઈએ અને પ્રવેશ, પરિચય, મધ્યમા અને વિશારદ એમ ચાર વર્ષનો વિસ્તરિત ક્રમ નક્કી કરવો જોઈએ. અને આ અભ્યાસક્રમનું અનેક શહેરોમાં આયોજન થવું જોઈએ. આ આયોજન માટે સ્થાનિક સંઘે પૂરતો સહકાર અને આર્થિક સહયોગ આપવા જોઇએ.

નવા યુવાનો આ અભ્યાસક્રમમાં તો જ જોડાશે, જો તેમને આર્થિક સલામતી મળે, અને એ માટે પ્રત્યેક સંઘના ઉપાશ્રયમાં પ્રાધ્યાપક કક્ષાના આર્થિક વળતર વાળી એક 'લિપિકાર'ની નિમણૂક કરવી પડશે. ઉત્સવો અને ક્રિયા માટે થતા કરોડોના ખર્ચામાં જ્ઞાન સંરક્ષણ અને જ્ઞાન વર્ધન માટે પ્રત્યેક માસે આટલી રકમ ખર્ચવા તો પ્રત્યેક સંઘ સક્ષમ છે જ.

આ વિષયમાં વિષદ્ વિચાર-ચિંતન જરૂરી છે. 'પ્રબુદ્ધ જીવન'ના સુજ્ઞ વાચકોને આ વિષયક ચર્ચાને માટે અમે નિમંત્રણ આપીએ છીએ.

શ્રુતજ્ઞાનનો જય હો; ચિરંજીવ રહો, એવી શાસન દેવને પ્રાર્થના.

□ ધનવંત શાહ

drdtshah@yahoo.com

થોડું હસ્તપ્રત વાચન પાથેય

રાષ્ટ્રીય આચાર્ય પૂ. શ્રી પદ્મસાગરજીએ પોતાના દાદા ગુરુ આચાર્ય શ્રી કૈલાસ સાગરસૂરિજીની સ્મૃતિમાં જૈન હસ્તપ્રતોના સંરક્ષણ અને સંશોધન માટે ગુજરાતમાં ગાંધીનગર પાસે-કોબા ગામે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર આચાર્યશ્રી કૈલાસ-સાગરસૂરિ જ્ઞાન મંદિરની ૧૯૮૦માં સ્થાપના કરી.

અહીં અભ્યાસ અર્થે વિવિધ વિષયોની એક હજાર વર્ષ પહેલાં લખાયેલી ૨,૫૦,૦૦૦ હસ્તપ્રતો અને ૮૫,૦૦૦ પ્રિન્ટેડ ગ્રંથો સંગ્રહાયેલા છે.

આ જ્ઞાન મંદિર સંપૂર્ણ રીતે કૉમ્પ્યુટરાઈઝ છે, જેને કારણે વિદ્યા પ્રેમીને ઈચ્છિત ગ્રંથ માત્ર એક જ સેકન્ડમાં પ્રાપ્ત થાય છે.

અહીં શ્રુત, જ્ઞાન અને કલાનો ત્રિવેણી સંગમ છે.

વધુ વિગત માટે ફોનથી સંપર્ક થઈ શકશે. (૦૨૭૧૨)-૮૭૬૨૦૪, ૭૬૨૦૫, ૭૬૨૫૨.

x x x

આગમ પ્રભાકર મુનિ પુણ્ય વિજયજી, પ્રાચ્યવિદ્યાવિદ્ મુનિ જિનવિજયજી, બહુશ્રુત વિદ્યા વિશારદ પૂ. મુનિ જંબુવિજયજી, જ્ઞાન પ્રચારક પૂ. પદ્મસાગરજી, સંશોધક-સંપાદક પૂ. વિજયશીલ-ચંદ્રસૂરિ અને અન્ય જૈન મુનિ ભગવંતોનું આ ક્ષેત્રે અમૂલ્ય પ્રદાન રહ્યું છે.

x x x

વર્તમાનમાં આ વિષયમાં પંડિત જિતેન્દ્ર શાહ અને મણિભાઈ પ્રજાપતિ તેમજ અન્ય મૂર્ધન્ય વિદ્વદ્‌જનો આ ક્ષેત્રમાં ઊંડું સંશોધન કરી રહ્યાં છે.

x x x

વર્તમાનમાં સાંઠ હજાર જેટલી આપણી હસ્તપ્રતો યુરોપમાં અને અમેરિકામાં, એક લાખ પચાસ હજાર જેટલી હસ્તપ્રતો પાકિસ્તાન, બંગલાદેશ, નેપાળ, શ્રીલંકા, તિબેટ, ચીન અને જાપાન વગેરે દેશોમાં સંગ્રહાયેલી છે.

x x x

ભારતમાં લેખનકળાનો ઉદ્‌ભવ ઈ. સ. પૂર્વે ૮મી શતાબ્દીમાં થયો એવું મનાય છે.

x x x

ભારતીય હસ્તપ્રતો અનેકવિધ ભાષાઓ અને લિપિઓમાં લખાયેલી છે. લિપિજ્ઞાનને અભાવે આ હસ્તપ્રતોની સૂચિ પણ તૈયાર થઈ શકી નથી.

x x x

ભારતમાં પોર્ટુગીઝ પાદરીઓએ સૌ પ્રથમ ગોવામાં ઈ. સ. ૧૫૫૬માં પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી હતી...ગુજરાતી ભાષાનું પ્રથમ જ્ઞાત પુસ્તક ૧૮૦૮માં પ્રગટ થયું.

x x x

ભારતમાં પ્રાચીન સમયથી રાજા મહારાજાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિદ્યાલયો અને પંડિત વર્ગ પોતપોતાના અંગત હસ્તપ્રત સંગ્રહો ધરાવતા હતા.

x x x

બંગાળની સુપ્રિમ કોર્ટના ન્યાયાશ્રીશ અને પ્રખર પૌર્વાત્યવિદ્ સર વિલિયમ જોન્સને ઈ. સ. ૧૭૮૪માં એશિયાટિક સોસાયટીની કલકત્તામાં સ્થાપના કરીને ભારતીય વિદ્યાના અભ્યાસ અને હસ્તપ્રતોના સંગ્રહ માટે એક નવી દિશા જ ખોલી આપી, અને તેમણે જ 'શાકુન્તલ'નો ૧૭૮૯માં અંગ્રેજી અનુવાદ આપીને સંસ્કૃત સાહિત્યના અભ્યાસનો પાયો નાખ્યો. આ જ કોર્ટના ન્યાયાધીશ સર રોબર્ટ ચેમ્બર્સ કે જે distinguished scholar of great versatile culture તરીકે ખ્યાતિ પ્રાપ્ત હતા તેમના દ્વારા ૮૦૦ જેટલી હસ્તપ્રતો એકઠી કરવામાં આવી હતી.

x x x

બ્રિટિશ શાસન દરમિયાન ૧૮૬૮માં હસ્તપ્રત સર્વેક્ષણની યોજના અમલીકૃત કરવામાં આવી હતી.

-સૌજન્ય : વિજયશીલચંદ્રસૂરિ
સંપાદિત 'અનુસન્ધાન-૫૫'

● ૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/-(U.S. $ 15) ● ૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/-(U.S. $ 40) ● ૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/-(U.S. $ 65)
● ૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/-(U.S. $120) ● કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-(U.S. $ 150)

ત્રણ સંસ્થાઓના સહયોગથી સર્વપ્રથમવાર યોજાયેલો

હસ્તપ્રતવિદ્યાનો સર્ટિફિકેટ કોર્સ

ભારતમાં હસ્તપ્રતોનો વિપુલ ખજાનો અભ્યાસીઓના અભાવે માત્ર ગ્રંથભંડારો, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં અપ્રકાશિત રૂપે પડેલો છે. એક કરોડ જેટલી હસ્તપ્રતો દેશના વિવિધ સ્થાનોમાં રહેલી છે અને એથીયે વિશેષ દક્ષિણ એશિયા અને એશિયાઈ દેશોમાં દોઢ લાખ ભારતીય હસ્તપ્રતો અને યુરોપીય દેશોમાં ૬૦ હજાર જેટલી ભારતીય હસ્તપ્રતો હોવાનો અંદાજ છે. ગુજરાતના વિવિધ ગ્રંથભંડારોમાં ૨૦ લાખ હસ્તપ્રતો હોવાનો અંદાજ છે. આ એક કરોડમાં હજી સુધી માત્ર ૧૫ લાખ હસ્તપ્રતોનું સૂચીકરણ થયેલું છે. બાકીની હસ્તપ્રતોનું કોઈ વર્ગીકરણ મળતું નથી.

ગુજરાતમાંપ્રથમવાર ત્રણ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે લિપિવાચન અને ગ્રંથસંપાદનની તાલીમ આપતા પંદર દિવસના હસ્તપ્રતવિદ્યાના સર્ટિફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (લંડન અને ભારત) ભાંડારકર ઓરીએન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (પૂણે) અને શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર (કોબા) આ ત્રણ સંસ્થાઓએ યોજેલા હસ્તપ્રતવિદ્યાના આ કોર્સમાં વિદ્યાર્થીઓને સૈદ્ધાંતિક તેમજ પ્રેકટિકલ તાલીમ આપવામાં આવી. ગુજરાત વિશ્વકોશભવનમાં યોજાયેલા આ કોર્સમાં ગુજરાત અને ગુજરાત બહારના ૩૦ જેટલા આ વિષયોના નિષ્ણાતોએ વક્તવ્ય આપ્યાં. આ સર્ટિફિકેટ કોર્સનું ઉદ્‌ઘાટન શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ કર્યું અને તે પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કાર્યક્રમમાં ઉપસ્થિત પદ્મભૂષણ ડૉ. મધુસૂદન ઢાંકીએ આના અભ્યાસની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી મૈત્રેયી દેશપાંડે, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, શ્રી મુકેશભાઈ શાહ, શ્રી ધનવંત શાહ, શ્રી કનુભાઈ શાહ અને શ્રીનંદ બાપટે પ્રસંગોચિત વક્તવ્ય આપ્યાં હતાં.

કોબામાં આવેલા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના આચાર્ય કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરમાં વિદ્યાર્થીઓને હસ્તપ્રતની પ્રત્યક્ષ તાલીમ મળે તે માટે બે દિવસ તાલીમ વ્યાખ્યાનો પણ યોજાયાં. કોબાની સંસ્થાએ હસ્તપ્રતવિદ્યાનો અભ્યાસ કરીને તૈયાર થનાર વિદ્યાર્થીઓને રોજગારી આપશે તેવી જાહેરાત કરી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ભવિષ્યમાં ઉમળકાભર્યો સાથ આપવાની ખાતરી સાથે પ્રતીક રૂપે રૂા. ૧૧,૦૦૦/- નો ચેક પણ મોકલી આપ્યો. હસ્તપ્રતવિદ્યાના ક્ષેત્રે કામ કરતી બીજી સંસ્થાઓ પણ અભિયાનમાં જોડાઈ રહી છે તે આનંદની ઘટના ગણાય.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના શ્રી નેમુ ચંદરયા અને શ્રી કુમારપાળ દેસાઈ, (ભારત-લંડન) ભાંડારકર ઓરીયન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (પૂણે)ના મૈત્રેયી દેશપાંડે તથા શ્રીનંદ બાપટ તથા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના શ્રી મુકેશભાઈ શાહ અને શ્રી કનુભાઈ શાહે (કોબા-ગાંધીનગર) આનું સમગ્ર આયોજન કર્યું હતું. ૧૯ જૂન થી ૩જી જુલાઈ ૨૦૧૧ દરમ્યાન ગુજરાત વિશ્વકોશ ભવનમાં દરરોજ નિયમિત રૂપે ચાલેલા આ વર્ગોમાં હસ્તપ્રત વાચન, સચિત્ર હસ્તપ્રતો, હસ્તપ્રતમાં શુદ્ધિ-અશુદ્ધિ, હસ્તપ્રત જાળવણી, હસ્તપ્રત સંરક્ષણ, મધ્યકાલીન હસ્તપ્રતોના સંપાદનમાં પડતી મુશ્કેલી–એમ વિવિધ વિષયો ઉપર ૩૦ જેટલા તજજ્ઞોએ વ્યાખ્યાનો આપ્યાં.

પંદર દિવસના હસ્તપ્રતવિદ્યાના સર્ટિફિકેટ કોર્સનો ૩ જુલાઈ ૨૦૧૧ રથયાત્રાના શુભ દિવસે ગુજરાતી સાહિત્યના વિવેચક અને વિશ્વકોશના સર્જક ડૉ. ધીરુભાઈ ઠાકરના હસ્તે સમાપન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમાપન પ્રસંગે ડૉ. ધીરુભાઈ ઠાકરે કહ્યું કે હસ્તપ્રતવિદ્યા એ આપણો મહાન સાંસ્કૃતિક વારસો છે અને એના અભ્યાસ માટે આટલા બધા યુવાન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ આવ્યા તેનો મને આનંદ છે. તે આપણા ઉજ્જવળ ભવિષ્યની આશા છે.

સમાપન સમારોહમાં ભાંડારકર ઓરીયન્ટલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના મૈત્રેયી દેશપાંડેએ કહ્યું કે અમારી સંસ્થા ૯૭ વર્ષ જૂની છે, પરંતુ અમને અહીંની સંસ્થાઓ પાસેથી ઘણું નવું શીખવા અને જાણવા મળ્યું છે. કુમારપાળ દેસાઈએ કહ્યું કે હસ્તપ્રત વિશે કાર્ય કરતી સંસ્થાઓનો ઉત્તમ સહયોગ પ્રાપ્ત

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ–સપ્ટે.નો
સંયુક્ત પર્યુષણ પર્વ વિશેષ અંક–

જૈન સાહિત્ય કથા વિશ્વ

જૈન શાસનના આ મહાન પર્વ પ્રસંગે 'પ્રબુદ્ધ જીવન' ઉપરના વિષય ઉપર લગભગ ૪૦ લઘુકથાનો એક દળદાર અંક પ્રસ્તુત કરશે.

જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી પ્રખર પંડિત ડૉ. કાંતિલાલ બી. શાહે આ અંકનું સંશોધનપૂર્વક સરળ ભાષામાં સંપાદન કર્યું છે જે જૈન-જૈનેતર જિજ્ઞાસુઓ માટે આસ્વાદ્ય બની રહેશે.

પ્રભાવનાના શુભ કાર્ય માટે આ અંકની વધુ નકલ જે જિજ્ઞાસુદાતાને પ્રાપ્ત કરવી હોય એઓશ્રીને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયનો સંપર્ક કરવા વિનંતિ.

એક અંકની કિંમત માત્ર રૂા. ત્રીશ.

–મેનેજર

થયો છે. અમદાવાદની ભો. જે. વિદ્યાભવન અને મુંબઈની શ્રી મુંબઈ જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ પણ અમારી સાથે આ કાર્યમાં શામેલ થઈ છે. હવે હસ્તપ્રતવિદ્યાના પુસ્તકોનું પ્રકાશન હાથ ધરવામાં આવશે તેમજ આ વિષયમાં મહાનિબંધ લખનારને 'સ્કોલરશિપ' આપવામાં આવશે. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરના શ્રી બી. વિજય જૈને કહ્યું કે અમારી પાસે સમગ્ર ભારતના કોઈપણ ગ્રંથ ભંડારમાં ન હોય તેટલો, બે લાખ હસ્તપ્રતોનો સંગ્રહ છે. અમારા માટે આ કાર્ય ઘણું દિશાસૂચક છે. આ પ્રસંગે પ્રો. કાંતિભાઈ શાહ, ડૉ. રામજીભાઈ સાંવલિયા, ડૉ. વિજય પંડ્યાએ વક્તવ્ય આપ્યું હતું તેમ જ સર્ટિફિકેટ કોર્સમાં ભાગ લેનારા પૈકી પ્રો. પીંકી પંડ્યા, નલિની બ્રહ્મભટ્ટ અને રાજવી ઓઝાએ પ્રતિભાવ આપ્યો હતો.

હવે પછી બે-ત્રણ માસના ગાળામાં આ સંસ્થાઓ દ્વારા સઘન તાલીમ આપતી કાર્યશિબિરોનું આયોજન કરવામાં આવશે. જેમાં લિપિવાંચનના વર્ગો, ગ્રંથસંપાદનના વર્ગો અને હસ્તપ્રત સંરક્ષણના વર્ગો એમ ત્રણ જુદા જુદા કોર્સના અભ્યાસક્રમો જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પંડિતો માટે યોજવામાં આવશે. ✷ ✷ ✷

સમ્રાટ સંપ્રતિ–(પ્રિયદર્શિન)ની શાસન પ્રભાવના

□ ડૉ. કલા શાહ

[કેટલાક અતિ યશસ્વી મહામાનવો ઉપર કાળની રજકણો એટલી ઘટ્ટ બનીને છવાઈ જાય છે કે એ મહામાનવોને ઈતિહાસના પૃષ્ઠો વિસ્મરી જાય છે. પણ એ સમય અને એ પછીના નજીકના સમયે પ્રતિભાવંત કવિઓએ પોતાના કાવ્ય-સર્જનમાં આ મહામાનવોને પોતાના શબ્દ-કર્મથી ધબકતા રાખ્યા હોય છે.

આવા જ એક મહામાનવ રાજા સંપ્રતિ વિશે વર્તમાન જૈન જગત લગભગ અજાણ છે.આવા મહાન રાજવી શ્રાવકના યશ અને કાર્યને પ્રકાશમાન કરવાનો યજ્ઞ જૈનરત્ન શ્રી સી. જે. શાહે આરંભ્યો છે. આપણે બધાં આ શુભ કાર્યમાં સહભાગી થઈએ.

આ મહાન સમ્રાટના વિરાટ જીવન-કાર્યના કેટલાંક શબ્દો અહીં વિદુષી ડૉ. કલાબેન શાહ દ્વારા પ્રસ્તુત છે....તંત્રી]

'અખિલ પૃથ્વીને વૈતાઢ્ય પર્વત લગીના ભરત ક્ષેત્રના ત્રણે ત્રણ ખંડોને જિન–ચૈત્યથી મંડિત કર્યા.'

(પરિશિષ્ટ પર્વ–સર્ગ–૬૬–પૃ.૧૧)

જૈન સાહિત્યના કથનાનુસાર સંપ્રતિએ સવા કરોડ મૂર્તિઓ ભરાવરાવેલી છે. સવા લાખ નવા જિન-મંદિરો બનાવરાવ્યા છે અને ૩૬૦૦ જિન મંદિરોનો ઉદ્ધાર કરાવરાવ્યો છે. તે ઉપરાંત ગોમટેશ્વર જેવી સંખ્યાબંધ પ્રચંડ વિરાટકાય મૂર્તિઓ પણ કોતરાવરાવેલી છે.

સમ્રાટ સંપ્રતિની કારકીર્દિ અને તેનું પ્રિયદર્શિન નામ તેના પૂર્વે થયેલા અશોકના વ્યક્તિત્વમાં સમાઈ જાય છે. પ્રિયદર્શિન એ અશોકનું નહિ પણ તેના પૌત્ર અને ઉત્તરાધિકારી સંપ્રતિનું નામ છે. સમ્રાટ અશોક પહેલાં જૈનધર્મી હતો અને પાછળથી તે બૌદ્ધધર્મી બન્યો. સમ્રાટ અશોકના અનેક પુત્રો હતા તેમાં તેનો એક પુત્ર કુણાલ હતો અને કુણાલનો પુત્ર સંપ્રતિ હતો. સંપ્રતિને અશોકે રાજ્યસિંહાસન પર સ્થાપિત કર્યો હતો.

સમ્રાટ સંપ્રતિના જીવન વિશે મળતી માહિતી અનુસાર સંપ્રતિ રાજાનો જીવ પૂર્વભવમાં એક ગરીબ વ્યક્તિ હતો. ભોજન પ્રાપ્ત કરવાના આશયથી તેણે આર્ય સુહસ્તિગિરિ મહારાજની પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. આ ગરીબે એક દિવસ માટે પણ શ્રમણત્વનું પાલન કર્યું અને બીજા જન્મમાં તેણે કુણાલના પુત્ર તરીકે–સંપ્રતિ તરીકે જન્મ લીધો.

કેટલાંક વર્ષો બાદ પોતાના શિષ્ય પરિવાર સાથે આર્ય સુહસ્તિગિરિ મહારાજ વિહાર કરતાં કરતાં અવંતિ નગરીમાં પધાર્યા. તેમના દર્શન કરતાંની સાથે જ સંપ્રતિને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વ ભવ યાદ આવ્યો. આચાર્યશ્રીએ બોધ આપ્યો, 'હે, રાજન જૈન ધર્મનો સ્વીકાર કર. જૈન ધર્મના ઉપાસકોને પરલોકમાં સ્વર્ગ મળે છે. અને આ લોકમાં હસ્તિ–અશ્વ–ધન આદિ ઉત્તરોત્તર સંપત્તિ પ્રાપ્ત થાય છે. જૈન શાસનની આરાધના અને પ્રભાવના કરવાથી ભવિષ્યમાં તને સ્વર્ગની અને અંતમાં મોક્ષની પ્રાપ્તિ થશે.'

આચાર્ય ભગવંતની આજ્ઞા અને માતાની પ્રેરણાથી સંપ્રતિ રાજાએ જૈન ધર્મની પ્રભાવના કરવાના હેતુથી અનેક કાર્યો આરંભ કર્યાં. અવંતિ નગરીમાં અનેક નિર્ગ્રંથ સાધુ-સાધ્વીઓના સંમેલનનું આયોજન કર્યું. અનેક ગામો અને નગરોમાં જૈન ધર્મના પ્રચાર હેતુ શ્રમણો મોકલ્યા. અનાર્ય દેશોમાં પણ જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર કરાવ્યો. અનેક જિનાલયોનું નિર્માણ કરાવ્યું અને તેમાં તીર્થંકરોની પ્રતિમાઓની સ્થાપના કરી. પૃથ્વીને જૈન મંદિરોથી અલંકૃત કરી.

જિનમંદિર નિર્માણ

સમ્રાટ સંપ્રતિએ ગુરુના ઉપદેશથી પ્રેરાઈને ત્રણ ખંડ પૃથ્વીને જિનમંદિરોથી વિભૂષિત કરવાનો સંકલ્પ કર્યો. રાજસભામાં મંત્રીગણને બોલાવી ઘોષણા કરીઃ

'સંપૂર્ણ ભારતમાં સ્થળે સ્થળે નૂતન જિન મંદિરોનું તથા જિન પ્રતિમાઓનું નિર્માણ અને પ્રાચીન જિનાલયોનો જિર્ણોદ્ધાર–આ ત્રણ કાર્યનો આરંભ કરવો છે. પ્રતિદિન ઓછામાં ઓછું એક

મંદિરનું નિર્માણ થવું જ જોઈએ.' અધિકારીઓએ યોજના ઘડી અને તે પ્રમાણે કાર્ય શરૂ થયું. રાજા દિન પ્રતિદિન જાણકારી મેળવતા હતા અને આવશ્યક સૂચનો આપતા હતા. આ કાર્યમાં તેમણે માંડલિક રાજા, મિત્રરાજા અને વિદેશી શાસકોએ સહાયતા કરી.

પ્રાપ્ય ઉલ્લેખો પ્રમાણે સમ્રાટ સંપ્રતિએ નિર્માણ કરાવેલી મૂર્તિઓના વધુમાં વધુ પ્રમાણના અવશેષો માળવાના જીર્ણશીર્ણ મંદિરોમાં મળે છે.

પાટણમાં મોતીચંદ ધરમચંદ નામે શ્રાવકના ઘર દેરાસરમાં બ્રાહ્મી લિપિમાં કોરાયેલા ઘસાયેલા લેખવાળી પિત્તળ મૂર્તિ લિપિનું સ્વરૂપ જોતાં સંપ્રતિની હોવાનું મનાય છે.

વિ. સં. ૧૫૦૯માં શુભશીલ ગણિએ સિંધના મરોટ ગામમાં સંપ્રતિએ ભરાવેલી ૯૫૦૦૦ પ્રતિમાઓ નિહાળેલી. (કથાકોશમાંથી) તેમાંથી ભગવાન મહાવીરની સૌથી મોટી મૂર્તિ આબુમાં ખરતરવસહીના મંદિરમાં સ્થાપવામાં આવી છે, જે આજે પણ વિદ્યમાન છે. સંપ્રતિ રાજાએ ગિરનારમાં પાંચ ભવ્ય જિનાલયો બંધાવ્યા હતા અને ગિરનારની તળેટીમાં શિલાલેખો પણ કોતરાવ્યા હતા. મધ્યકાલિન સાહિત્યમાં જણાવ્યા પ્રમાણે સંપ્રતિએ અનેક તીર્થોના ઉદ્ધાર કરાવેલા. તેમાં શત્રુંજય તથા ભરૂચમાં શકુનિવિહાર નોંધપાત્ર છે. રેવતગિરિ, સિદ્ધાચલ, શંખેશ્વર, નાંદિયા, બ્રાહ્મણવાડા, દક્ષિણમાં ઈલોરગિરિ પર નેમનાથનું, ઉત્તરમાં મરૂધરમાં ધંધાણી નગરે પદ્મસ્વામીનું, પાવકાચલમાં સંભવનાથનું, હમીરગઢમાં પાર્શ્વનાથનું તથા પશ્ચિમે દેવપટ્ટન તથા ઈડરગઢમાં શાંતિનાથનું, પૂર્વમાં રોહિસગિરિમાં સુપાર્શ્વનાથનું તે ઉપરાંત અન્ય સ્થળોએ લાખો મંદિરો બંધાવી મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરી. ભરતખંડને જિનમંદિરોથી મંડિત કરી દીધા.

તે ઉપરાંત નાંદિયા, બ્રાહ્મણવાડા વગેરે સ્થળોએ સંપ્રતિના શેષચિહ્નો આજે પણ નજરે પડે છે.

બીજાપુરમાં બે, દક્ષિણમાં એક અને બીજું મારવાડમાં હોલીપટ્ટમ તીર્થમાં સંપ્રતિ રાજાએ ૧૦૧ જિનાલયો બંધાવ્યાની નોંધ મળે છે. જે આજે હયાત નથી પણ અવશેષો વેરાયેલા પડ્યા છે.

(જૈન તીર્થોનો ટૂંકો પરિચય–ભાગ–૨ પૃ.-૧૩)

રાણકપુરના નાના મંદિરોમાં અનેક સ્થળે સંપ્રતિએ ભરાવરાવેલી મૂર્તિઓ નજરે પડે છે. (જૈન-તીર્થ-ગાઈડ પાનું-૧૪૨). ઓશિયામાં મહાવીર સ્વામીનું મંદિર સંપ્રતિએ બનાવરાવ્યું હોવાનો સંભવ છે.

કલોલ (અમદાવાદ)થી ચાર ગાઉ દૂર વામજ તીર્થમાં સંપ્રતિએ ભરાવરાવેલી ચાર ફૂટ ઊંચી શાંતિનાથની મૂર્તિ તથા તળાજાની ટેકરી પર ત્રણ શિખરવાળા ભગવાન પાર્શ્વનાથના મંદિરોના અવશેષો હિંદમાં ઠેરઠેર પથરાયેલા પડ્યા છે. સમય જતાં નવા ખોદકામો થતા વિશેષ મૂર્તિઓ મળ્યા કરશે એવો સંભવ છે. આ રીતે મંદિરોના નિર્માણ, મૂર્તિઓની સ્થાપના અને જીર્ણોદ્ધાર દ્વારા સમ્રાટ સંપ્રતિએ જિનભક્તિ અને સ્થાપના નિક્ષેપની પ્રાચીનતા સ્થાપિત કરી.

સંપ્રતિકાલીન અને તે પછીના સમયની ગુફાઓ:

સાધુ–ભિક્ષુકને નિવાસ માટે સંપ્રતિ રાજાએ અનેક સુંદર ગુફાઓ ભેટ આપી જણાય છે. તેણે આજીવિકોને ભેટ આપેલી ત્રણ ગુફાઓમાં તો આજે પણ શિલાલેખીય પ્રમાણો સાંપડે છે. આ ત્રણે ગુફાઓ ગયાથી પંદર માઈલ ઉત્તરે બરાબર ગિરિમાં આવેલી છે. આ ગુફાઓને કોરાવીને વસવાટને યોગ્ય બનાવવાનું જણાય છે. આ ત્રણમાંની પહેલી ગુફા-રાજ્યાભિષેકના બારમા વર્ષે, બીજી ગુફા વીશમા વર્ષે અને ત્રીજી ગુફા ઓગણીસમા વર્ષે આજીવિકોને ભેટ આપી હતી.

સમ્રાટ સંપ્રતિ ઉજ્જયીનીના યુવરાજ પદ પર હતા તે સમયે તેણે દક્ષિણાપથ તથા સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા સ્થિર કરી લીધી હતી તે કારણે, આંધ્ર, દ્રવિડ વગરે દક્ષિણના પ્રદેશોમાં તથા ગુપ્ત વંશના શાસનકાળમાં અનેક ગુફાઓનું નિર્માણ થયું. સૌરાષ્ટ્રમાં તાલધ્વજગિરિ, ઓસમગિરિ, ઢંકગિરિ વગેરેની જૈન ગુફાઓ પ્રસિદ્ધ છે.

સ્તૂપો

પ્રાપ્ત થતા ઉલ્લેખ પ્રમાણે પ્રિયદર્શિન–સંપ્રતિએ કાશ્મીરના રમણીય પ્રદેશોમાં ફરીને સુંદર તીર્થોની યાત્રા કરી. તેણે ખીણના વિસ્તારમાં મનોહર પાટનગર વસાવવાની ભાવના સેવી અને શ્રીનગરની સ્થાપના થઈ. સંપ્રતિએ ત્યાં ૫૦૦ જિન ચૈત્યો તથા સ્તૂપો અને વિહારો બંધાવ્યા. સરસ્વતી મંદિરની સ્થાપના કરી. આજે તો સંપ્રતિના એ સરસ્વતી મંદિર, સ્તૂપો, ચૈત્યો અને વિહારોના ભગ્નાવશેષો નજરે પડે છે.

ત્યારબાદ સંપ્રતિએ માળવા અને મગધમાં, નંદનગઢ-કેસરિયાના સ્તૂપો, ભારહૂત, સાંચીના સ્તૂપો વગેરે આજે પણ પુરાતત્ત્વવિદોને આકર્ષી રહ્યા છે.

શિલાલેખો:

સંપ્રતિએ કોતરાવેલા શિલાલેખો માટે 'ધર્મલિપિ' શબ્દનો ઉપયોગ કર્યો છે. આવા લેખો કુલ કેટલા કોતરાવ્યા હશે તેનો ચોક્કસ નિર્ણય થઈ શકતો નથી પરંતુ આજે વિભક્ત સ્વરૂપના કુલ ૩૬ લેખો મળી આવે છે તેમાંથી મુખ્ય ખડક લેખો ચૌદ છે. અને તે ગિરનાર, કાલ્સી, શાહબાઝગઢી, મન્શેરા, સોપારા, ધૌલી અને જગૌડા એમ સાત સ્થળેથી મળી આવે છે. ગૌણ શિલાલેખો રૂપનાથ, સહસ્ત્રમ, વૈરાટ, કલકત્તા-વૈરાટ, સિદ્ધપુર, રામેશ્વર વગેરે સ્થળેથી મળી આવ્યા છે. તે ઉપરાંત દિલ્હી, લૌરિય, નંદનગઢ, રામપૂર્વી અને અલ્હાબાદ, કૌશાંબી વગેરેએ કોતરાયેલા સ્તંભો મળે છે. આમ વિવિધ ગુફાઓમાં ૩૬ લેખો મળી આવે છે.

સિક્કાઓ અને મુદ્રાઓ:

સામ્રાજ્યનું સિંહાસન શોભાવનાર સંપ્રતિનું વ્યક્તિત્વનું ઢંકાઈ

ગયું. સંપ્રતિની કૃતિઓ અને તેના વ્યક્તિત્વનો કેટલોક ભાગ તેના પુરોગામી અશોક અને તેના અનુગામી દશરથના નામ પર ચડાવી દેવામાં આવ્યા. એવામાં સંપ્રતિના નામયુક્ત સિક્કાઓ મળવાં છતાં પણ તેના પર જોઈતું ધ્યાન અપાયું નથી.

મૌર્ય સમ્રાટોના જે વિવિધ સિક્કાઓ મળી આવે છે તેમાંથી સંપ્રતિના સિક્કાનો અહીં પરિચય કરાવ્યો છે. પ્રાચીન સિક્કાઓમાં મુખ્યત્વે ચાર પ્રકાર મળે છે. (૧) પંચ-માર્કડ સિક્કા (૨) ઢાળેલા સિક્કા (૩) અડી મારેલા સિક્કા (૪) ટંકશાળમાં પાડેલ સિક્કા. આમાંથી ત્રણ પ્રકારના સિક્કા મૌર્યશાસન કાળ દરમ્યાનના મળી આવે છે.

સંપ્રતિના સમયમાં પાટલીપુત્રની ટંકશાળ ખોલેલી હોવા છતાં ઢાળેલ સિક્કાઓ અને અડી મારેલ સિક્કાઓ બહાર પડતાં હોવા છતાં એ યુગમાં પંચ-માર્કડ સિક્કાઓ વપરાતા હોવાનું જણાય છે. ઈ. સ. પૂર્વે ૨૫૦માં ભારતના સિંહાસને સમ્રાટ સંપ્રતિ વિરાજતો હતો એટલે ઉપરોક્ત સિક્કાઓ તેના સમયમાં બહાર પડેલા હોવાનું મનાય છે.

મૌર્યયુગના જણાતા પોટીન ધાતુના સંખ્યાબંધ સિક્કાઓ મળી આવ્યા છે. તેમાંના ચોંત્રીશેક સિકકાઓ પર હાથીનું ચિહ્ન છે અને તે સંપ્રતિના હોવાનો સંભવ છે. કારણ કે તેમાંના કેટલાક સિક્કાઓ પર કનિંગહામના કથન પ્રમાણે સંવતનો નિર્દેશ છે અને તેને મહાવીર સંવત ગણતાં સંપ્રતિના સમય સાથે સંપૂર્ણ મેળ ધરાવે છે.

(પ્રાચીન ભારત વર્ષ-ભાગ–બીજો. પૃ. ૮૬થી ૯૪)

બ્રિટિશ મ્યુઝિયમમાં તેમજ પટના-મ્યુઝિયમમાં પણ સંપ્રતિના કેટલાક સિક્કાઓ છે. તેમાંથી 'સંપ્રતિ મૌર્ય' નામ તથા મૌર્યવંશના વિશિષ્ટ ચિહ્નોથી યુક્ત એવા બે સિક્કાઓ પર બ્રાહ્મી લિપિમાં 'મૌર્ય' એવું ચિહ્ન કોતરાયેલું છે. તે ઉપરાંત બે સિક્કાઓ એવા છે જેના પર સંપ્રતિનું નામ સ્પષ્ટ છે. જેમાંનો એક કનિંગહામના 'પ્રાચીન ભારતવર્ષના સિક્કાઓ'ના સંગ્રહમાં મળી આવે છે અને બીજો પટનાના મ્યુઝિયમમાં હુલ્ઝના સંગ્રહમાં મળી આવે છે.

પહેલા સિક્કા પર સ્વસ્તિક અને તેની ઉપર જ્ઞાન-દર્શન અને ચારિત્ર રૂપ ત્રિરત્નગિરિ ઉપર ચન્દ્રની સાથે સાથે ડાબી બાજુએ ત્રિરત્નનું ચિહ્ન પણ છે. બીજા સિક્કા પર સ્વસ્તિક અને તેની ઉપર ચન્દ્રની સાથે સાથે ડાબી બાજુએ અખિલ ભારતના ચક્રવર્તીત્વનું સૂચક એવું સ્વસ્તિકનું ચિહ્ન છે.

સંપ્રતિની પાસપોર્ટ પદ્ધતિ અને રાજમુદ્રાઓ:

પટના બુલન્દીબાગના ખોદકામમાં મુદ્રાઓ (પાસપોર્ટ) તૈયાર કરાવવાનું મૌર્યકાલીન બીબું મળી આવ્યું છે તેમાં નીચે ગિરિચન્દ્ર, તેની ઉપર ગરૂડ અને માથે કલગી મોરનું એવું સંયુક્ત પક્ષી ચિહ્ન કોતરાયેલ છે. આ મુદ્રા પટના મ્યુઝિયમમાં જળવાયેલ છે. આ ત્રણે ચિહ્નોનો સંયુક્ત ઉપયોગ મૌર્ય વંશમાં કેવળ સંપ્રતિએ જ કર્યો છે.

સંપ્રતિના યુગની કેટલીક રાજમુદ્રાઓ નોંધપાત્ર છે. આ રાજમુદ્રાઓ શાહી ફરમાનો પર સહી કરવા માટે વપરાતી અથવા આંગળી પર શોભા વધારવા માટે પહેરવામાં આવતી.

આવી એક વીંટી પટના મ્યુઝિયમમાં ૧૯૧૬ના સંગ્રહમાં ૧૭ B નંબરની છે. આ વીંટી શાહી ફરમાનો પર સહી કરવા માટેની રાજમુદ્રા સમી જણાય છે. તેના પર સામસામી દિશાએ મોં ધરાવતા બે મગરનું ચિહ્ન છે. પટનાના મ્યુઝિયમમાં જળવાયેલી (નં. ૩૬૬) બીજી એક નાની વીંટી પણ મૌર્યકાલીન ટંકશાળમાંથી મળી હોવાનું મનાય છે.

જીવહિંસા પર પ્રતિબંધ :

પોતાના સામ્રાજ્યમાં સમ્રાટ સંપ્રતિ દ્વારા વનપ્રવેશ, સરોવર વગેરે સ્થાનોમાં કરવામાં આવતા પશુ-પક્ષીઓના શિકાર બંધ કરાવ્યા. કતલખાના બંધ કરાવ્યા તથા પશુઓ પર કરવામાં આવતા અત્યાચારો પર અંકુશ લગાવ્યો. આ પ્રકારના બધા કાર્યો બંધ કરાવ્યા જેનાથી પશુઓને પીડા ભોગવવી ન પડે.

તીર્થયાત્રા :

બે જૈનાચાર્યોના પ્રતિબોધિત સમ્રાટ સંપ્રતિએ જિનાલયો અને જિન પ્રતિમાઓના નિર્માણની જેમ ચતુર્વિધ શ્રી જૈન સંઘ સાથે તીર્થયાત્રાઓ પણ કરી હતી. તીર્થયાત્રાના બે મુખ્ય ઉદ્દેશો હતા. (૧) પોતાની દર્શનશુદ્ધિ (૨) ધર્મપ્રભાવના. સમ્રાટ સંપતિ જ્યાં જ્યાં જરૂરત હોય ત્યાં ત્યાં જિનમંદિર, ઉપાશ્રય, ધર્મશાળા વગેરેનું નિર્માણ અને વ્યવસ્થા કરાવતા અને તીર્થંકર ભગવંતોની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવતા. આ સંઘોમાં લાખો શ્રદ્ધાળુ લોકો ભાગ લેતા અને એમાં કરોડો રૂપિયાનો ખર્ચ થતો હતો. ઉલ્લેખ મળે છે તે મુજબ સમ્રાટ સંપ્રતિ મોટે ભાગે મુનિજનોની સાથે પદયાત્રા જ કરતા હતા. સમ્રાટે જૈનતીર્થ સ્થાનોની યાત્રા સિદ્ધાચલ, ગિરનાર, શંખેશ્વર, તારંગા વગેરે શ્રીસંઘ સાથે કરી હતી.

આ રીતે જિનમંદિરના નિર્માણ, દીક્ષિત સાધુગણ વગેરે દ્વારા સમ્રાટ સંપ્રતિએ સુંદર શાસન પ્રભાવના, તીર્થયાત્રા વગેરે ધાર્મિક કાર્યોમાં પોતાનું જીવન અર્પણ કર્યું. સંપ્રતિ દ્વારા નિર્મિત જિનાલય વગેરે પ્રાકૃતિક પરિવર્તન અને વિધર્મીઓના આક્રમણ આ બે કારણોનો ભોગ બન્યા. આ કારણોથી તે બધા સંપૂર્ણ રીતે આજે જોવા મળતા નથી તે છતાં કેટલાંક સ્થાનો છે જ્યાં સંપ્રતિ દ્વારા નિર્મિત મૂર્તિઓ અને અવશેષરૂપે ઊભેલા તે જિનાલયો સમ્રાટ સંપ્રતિની ઉદાત્ત ભાવનાઓની યાદ અપાવે છે.

સમ્રાટ સંપ્રતિએ જિનાલયોના નિર્માણ, ધર્મ ભાવનાને લગતા શાસન પ્રભાવનાના કાર્યો પરદેશમાં શરૂ કર્યા. તેમાં ગ્રીસ, પૂર્વ આફ્રિકા, ઈજીપ્ત, એબિસિનિયા, તુર્કસ્તાન વગેરેમાં કાર્યો કર્યાના ઉલ્લેખો પ્રાચીન ગ્રીક ટિપ્પણીઓ તથા લેખો દ્વારા જાણવા મળે છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩. ફોન નં. : (022) 65509477

નારી પ્રત્યે જૈનધર્મનો દૃષ્ટિકોણ

❑ ડૉ. પ્રવીણભાઈ સી. શાહ

[વિદ્વાન લેખક જૈન ધર્મના ઊંડા અભ્યાસી વક્તા અને જૈન ધર્મ વિષયક ગ્રંથોના કર્તા છે. વરસો સુધી અમેરિકામાં વસવાટ કરી વર્તમાનમાં અમદાવાદમાં સ્થાયી થયા છે. વિશ્વભરમાં જૈન જ્ઞાન સાહિત્યનો પ્રચાર કરી રહ્યા છે.]

ભગવાન મહાવીરે તેમના ચતુર્વિધ સંઘમાં શ્રાવક તથા શ્રાવિકાઓને સમાન સ્થાન આપ્યું છે અને તેમના મનમાં સ્ત્રીઓ માટે એક વિશેષ આદર ભાવના હતી. જૈન ધર્મ અને સંસ્કૃતિમાં પ્રથમ તીર્થંકરથી પ્રારંભ કરીને વીસમી સદી સુધીમાં નારીનું સ્થાન કેવું હતું અને છે તે વાત વિચાર માંગી લે તેવી છે.

જૈન શાસ્ત્રોમાં આગમિક કાળમાં નારી, પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયથી ત્રેવીસ તીર્થંકરોના સમય સુધીની નારી, મહાવીરના પરિવારની નારીઓ, મહાવીરના સમય પછીની નારીઓ વગેરેનું વિસ્તારપૂર્વક આલેખન કર્યું છે.

ભારતીય સંસ્કૃતિમાં શ્રમણ પરંપરા વિવેક પ્રધાન અને ક્રાન્તિધર્મી રહી છે. શ્રમણ પરંપરાએ હંમેશા વિષમતાવાદ અને વર્ગભેદીની જગ્યાએ સમતાવાદી મૂલ્યો સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે. જૈન ધર્મ શ્રમણ પરંપરાનો એક ભાગ જ છે. તેમાં નર અને નારીની સમતા પર ભાર મૂકવામાં આવ્યો છે, અને સ્ત્રી એટલે દાસી અથવા ભોગ્ય વસ્તુ એ વાતને નકારી કાઢી છે. સ્ત્રીને પુરુષ સમાન દરજ્જો આપવામાં આવ્યો છે તે છતાં એ વાત સત્ય છે કે જૈન ધર્મ અને સંસ્કૃતિનો વિકાસ પુરુષ પ્રધાન પરિવેશમાં જ થયો છે. ફળ સ્વરુપે ક્રાન્તિધર્મી હોવા છતાં તે સમયની બ્રાહ્મણ પરંપરાના વ્યાપક પ્રભાવથી અપ્રભાવિત ન રહી શક્યો. વિવિધ સમયે નારીની સ્થિતિમાં પરિવર્તન થતું રહ્યું.

અહીં આગમો અને આગમિક વ્યાખ્યાઓના આધારે જૈનાચાર્યની દૃષ્ટિમાં નારીની સ્થિતિ કેવી હતી તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જૈન આગમ સાહિત્ય એક કાળની રચના નથી. તે ઈસુની પૂર્વે પાંચ સદીથી લઈને ઈસુની પાંચમી સદી સુધી અર્થાત્ એક હજાર વર્ષના દીર્ઘ કાળમાં નિર્મિત અને પરિવર્તન થતું સાહિત્ય છે. તેથી તેના બધા સંદર્ભો એક જ સમયના નથી. એમાં જે કથાનો ભાગ છે તે પ્રાગ-ઐતિહાસિક કાળ સાથે સંબંધ રાખે છે. તેમાં પોતાના સમયના પૂર્વેના અનેક તથ્યો સમાયેલાં છે. તેમાંના કેટલાંક તથ્યોની ઐતિહાસિકતા વિવાદાસ્પદ હોઈ શકે. તેને માત્ર પૌરાણિક પણ કહી શકાય. જ્યાં સુધી આગમિક વ્યાખ્યા સાહિત્યનો સંબંધ છે ત્યાં સુધી તે મુખ્યત્વે આગમ ગ્રંથો પર પ્રાકૃત અને સંસ્કૃતમાં લખાયેલી ટીકાઓ પર આધારિત છે. તેનો સમય ઈસુની પાંચમી સદીથી બારમી સદીનો છે.

ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની સામાજિક પરિસ્થિતિની ભિન્નતાને લીધે અને શ્વેતાંબર તથા દિગંબર પરંપરાઓના ભેદને કારણે જૈન આચાર્યોનો દૃષ્ટિકોણ નારી વિષે ભિન્ન ભિન્ન રહ્યો છે. ઉત્તર ભારતના શ્વેતાંબર જૈન આચાર્યો નારી વિષે ઉદાર દૃષ્ટિકોણ રાખે છે. પરંતુ દક્ષિણ ભારતના દિગંબર આચાર્યો સંકુચિત દૃષ્ટિકોણ રાખે છે. તેથી આગમિક વ્યાખ્યા સાહિત્ય અને જૈન પૌરાણિક કથા સાહિત્ય બંનેમાં નારી વિષે જે સંદર્ભો ઉપલબ્ધ છે તે બધા જૈન આચાર્યો દ્વારા માન્ય કરાયેલા છે એમ માનવું ભૂલ ભરેલું છે.

નારી વિષયક જે આલેખન આગમો તથા આગમિક વ્યાખ્યા સાહિત્યમાં ઉપલબ્ધ થાય છે તેને ભિન્ન ભિન્ન સમય ખંડમાં વિભાજીત કરીને પરંપરાગત અને લૌકિક એમ બે સ્વરૂપનું વિશ્લેષણ કરવું જોઈએ. આ રીતે ભારતીય સમાજમાં જુદા જુદા સમયે નારીની સ્થિતિ કેવી હતી તેનો ઐતિહાસિક પરિચય પ્રાપ્ત થશે.

જૈન ધર્મ મૂળભૂત રીતે નિવૃત્તિપરક ધર્મ છે. નિવૃત્તિપરક હોવાને કારણે તેમાં સંન્યાસ અને વૈરાગ્ય પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. સંન્યાસ અને વૈરાગ્ય માટે એ આવશ્યક હતું કે પુરુષની સામે નારીનું એવું ચિત્ર રજૂ કરવામાં આવે કે ફળસ્વરૂપે તેનામાં વિરક્તિનો ભાવ ફૂટે. આ કારણે જૈનાચાર્યોએ આગમો તથા આગમિક વ્યાખ્યાઓ અને બીજા સાહિત્ય કઠોર શબ્દોમાં નારી-ચરિત્રની નિંદા કરી, પરંતુ એનો અર્થ એવો નથી થતો કે જૈનાચાર્યોએ નારી ચરિત્રનું ઉજ્જવળ પાસું તપાસ્યું નથી. સૂત્રકૃતાંગ નિર્યુક્તિમાં સ્પષ્ટરૂપે કહ્યું છે કે શીલ પ્રધ્વંસક ચરિત્રગત દોષ નારીમાં જોવામાં મળે છે તે પુરુષોમાં પણ મળે છે તેથી વૈરાગ્ય માર્ગને અનુસરનાર સ્ત્રીઓએ પુરુષોથી એ પ્રકારે બચવું જોઈએ જે પ્રકારે પુરુષોને સ્ત્રીઓથી બચવાનું કહ્યું છે.

સ્ત્રીઓની પ્રશંસા કરતાં કહેવામાં આવ્યું છે કે જે ગુણવંતી સ્ત્રીઓ છે તેની કીર્તિ લોકોમાં ફેલાય છે તથા જે મનુષ્ય લોકમાં દેવતા સમાન છે અને દેવો વડે પૂજાય છે તેની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ અને ગણધરોને જન્મ આપનારી મહિલાઓ શ્રેષ્ઠ દેવો તથા ઉત્તમ પુરુષો વડે પૂજનીય ગણાય છે. કેટલીય સ્ત્રી એક પતિવ્રત તથા કૌમાર્ય બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે. કેટલીય સ્ત્રીઓ વૈધવ્યનું તીવ્ર દુઃખ જીવન પર્યંત ભોગવતી હોય છે. કેટલીક શીલવતી સ્ત્રીઓ દેવો દ્વારા સન્માનીય બની છે. કેટલીય શીલવતી સ્ત્રીઓ પોતાના શીલના પ્રભાવ દ્વારા શાપ આપવા તથા તેમાંથી મુક્ત કરવા સમર્થ બની છે.

આ રીતે વાસુદેવ તથા તીર્થંકર દ્વારા પૂજ્ય માનવામાં આવી છે. મહાનિશીથમાં કહ્યું છે કે જે સ્ત્રી ભય, લોકલજ્જા, કુલાંકુશ તથા ધર્મ શ્રદ્ધાને કારણે કામાગ્નિથી વશીભૂત થતી નથી તે ધન્ય છે, પૂજ્ય છે, વંદનીય છે, દર્શનીય છે. તે ગુણોથી યુક્ત છે, સર્વ કલ્યાણકારક છે, તે સર્વોત્તમ મંગલ છે, તે સાક્ષાત શ્રુતદેવતા છે, સરસ્વતી છે, અચ્યુતા છે, પરમ પવિત્ર સિદ્ધિ, મુક્તિ, શાશ્વત, શીવગતિ છે.

જૈન ધર્મમાં તીર્થંકરનું પદ સર્વોચ્ચ માનવામાં આવે છે અને શ્વેતાંબર પરંપરાએ મલ્લિકુમારને તીર્થંકર માન્યા છે.

બ્રાહ્મી, સુંદરી, ચંદના વગેરેને વંદનીય માનવામાં આવ્યા છે.

તીર્થંકરોની અધિષ્ઠાયક દેવીઓના રૂપમાં ચકેશ્વરી, અંબિકા, પદ્માવતી, સિદ્ધાયિકા, વગેરે દેવીઓને પૂજનીય માનવામાં આવે છે. અને તેમની સ્તુતિના અનેક સ્તોત્રો રચાયાં છે. એક વાત સ્પષ્ટ છે કે જૈન ધર્મમાં દેવી પૂજાની પદ્ધતિ લગભગ હિંદુ પરંપરાના પ્રભાવને લીધે આવી છે.

ઉત્તરધ્યાયન તથા દશવૈકાલિકની ચૂર્ણિમાં રાજીમતી દ્વારા મુનિરહનેમિને તથા આવશ્યકચૂર્ણિમાં બ્રાહ્મી અને સુંદરી દ્વારા મુનિ બાહુબલિને પ્રતિબોધિત કરવાના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. માત્ર ભિક્ષુણીઓ જ નહીં પણ ગૃહસ્થ સન્નારીઓ પણ પુરુષોને સન્માર્ગે લાવવાના હેતુસર પ્રતિબોધિત કરતી હોય છે. એ જ પ્રમાણે શ્રાવિકા જયંતી ભરી સભામાં પ્રભુ મહાવીરને પ્રશ્નો કરે છે, અને કોશાવેશ્યા પોતાના આવાસમાં સ્થિત એવા મુનિને સન્માર્ગ બતાવે છે.

આ રીતે જોતાં તથ્ય પ્રમાણિત થાય છે કે જૈન ધર્મમાં નારીની અવગણના કરવામાં આવી નથી. ચતુર્વિધ ધર્મસંઘમાં ભિક્ષુણી સંઘ અને શ્રાવિકા સંઘને સ્થાન આપીને નિર્ગ્રંથ પરંપરાએ સ્ત્રી અને પુરુષની સમાનતાને પ્રમાણિત કરી છે. પાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરે વિના સંકોચ ભિક્ષુણી સંઘની સ્થાપના કરી. જ્યારે બુદ્ધને આ બાબતમાં સંકોચ રહ્યો. આ રીતે જોતાં જૈન સંઘનો નારી પ્રત્યેનો દૃષ્ટિકોણ ઉદાર છે.

જૈન સંઘમાં નારીનું સ્થાન કેટલું મહત્ત્વપૂર્ણ હતું તેનું સૌથી મોટું પ્રમાણ તો એ છે કે પ્રાગ ઐતિહાસિક સમયથી વર્તમાનકાળ સુધી હંમેશાં ભિક્ષુઓની અપેક્ષાએ શ્રાવિકાઓની સંખ્યા અધિક રહી છે. સમવાયાંગ સૂત્ર, જંબુદ્વીપ-પ્રજ્ઞિપ્ત, કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુક્તિ વગેરેમાં પ્રત્યેક તીર્થંકરની ભિક્ષુણીઓ તથા શ્રાવિકાઓની સંખ્યા ઉપલબ્ધ થાય છે. આ સંખ્યાના આંકડાઓમાં ઐતિહાસિક સત્ય કેટલું છે તે એક જુદો પ્રશ્ન છે. પરંતુ તેનાથી એટલું નક્કી થાય છે કે જૈનાચાર્યોની દૃષ્ટિમાં નારી જૈનધર્મ સંઘનું મહત્ત્વપૂર્ણ ઘટક હતી. ભિક્ષુણીઓની સંખ્યા સંબંધે ઐતિહાસિક સત્યતાને પૂરી રીતે નકારી શકાય નહીં. આજે પણ જૈન સંઘમાં લગભગ નવ હજાર બસો ભિક્ષુ-ભિક્ષુણીઓમાં બે હજાર ત્રણસો ભિક્ષુઓ અને છ હજાર નવસો ભિક્ષુણીઓ છે. ભિક્ષુણીઓની આ સંખ્યા પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીના સમય કરતાં અધિક છે.

ધર્મ સાધનાના ક્ષેત્રમાં સ્ત્રી અને પુરુષની સમાનતાના પ્રશ્ન પર ઐતિહાસિક દૃષ્ટિએ વિચાર કરીએ તો અનેક મહત્ત્વપૂર્ણ તથ્યો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. સર્વ પ્રથમ ઉત્તરાધ્યયન, જ્ઞાતાધર્મકથા, અન્નકૃતદશા, આદિ આગમોમાં સ્પષ્ટ રૂપે સ્ત્રી અને પુરુષ બંને સાધનાના સર્વોત્તમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ માટે સમાન મળ્યા છે. જ્ઞાતા, અન્નકૃતદશા અને આવશ્યકચૂર્ણિમાં પણ અનેક સ્ત્રીઓ મુક્ત થયાના ઉલ્લેખ મળે છે, આ પ્રમાણે શ્વેતાંબર પરંપરામાં આગમિક કાળથી લઈને વર્તમાન કાળ સુધી સ્ત્રીમુક્તિની વિચારણાનો સ્વીકાર કરીને સાધનાના ક્ષેત્રમાં બંનેને સમાન સ્થાન આપવામાં આવ્યું છે. એટલું જ નહિ પરંતુ ષટ્‌ખંડાગમ ગ્રંથમાં તથા મૂલાચારમાં પણ અને દિગંબરોમાં પણ આગમ રૂપમાં માન્યતા પ્રાપ્ત છે. સ્ત્રી-પુરુષ બંનેમાં ક્રમશઃ આધ્યાત્મિક વિકાસની પૂર્ણતા તથા મુક્તિની સંભાવનાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આપણને આગમો, આગમિક વ્યાખ્યાઓ, નિર્યુક્તિ ભાષ્ય અને ચૂર્ણિ સાહિત્યમાં ક્યાંય એવો સંકેત નથી મળતો, જેમાં સ્ત્રી મુક્તિનો નિષેધ કરવામાં આવ્યો હોય. અથવા એવા જૈન સંપ્રદાયનો ઉલ્લેખ મળતો હોય કે જેણે સ્ત્રીમુક્તિનો અસ્વીકાર કર્યો હોય. સર્વપ્રથમ દક્ષિણ ભારતમાં કુન્દકુન્દાચાર્ય શ્રુતપાહુડમાં કહે છે કે સ્ત્રી દિગંબર બનીને ધર્મ સાધના કરી શકતી નથી. અને તે વિના તીર્થ કરે તો પણ તેની મુક્તિ થઈ શકતી નથી. એનો અર્થ એવો પણ થાય કે કુન્દકુન્દાચાર્ય સ્ત્રી તીર્થંકરની શક્યતા અને શ્વેતાંબર પરંપરાની પ્રચલિત ધારણાઓથી પરિચિત હતા. એ વાત સ્પષ્ટ છે કે પહેલાં સ્ત્રી તીર્થંકરની વિચારણા થઈ અને પછી એના વિરોધમાં સ્ત્રીમુક્તિનો નિષેધ કરવામાં આવ્યો.

સંભવ છે કે સૌ પ્રથમ સ્ત્રીમુક્તિ-નિષેધની ધારણાનો વિકાસ દક્ષિણ ભારતમાં દિગંબર સંપ્રદાય દ્વારા થયો હોય. કારણ કે સાતમી-આઠમી શતાબ્દી સુધી ઉત્તર ભારતમાં શ્વેતાંબર આચાર્યો વસ્ત્રોની બાબતને લઈ ચર્ચા કરે છે ત્યાં સ્ત્રીમુક્તિની તરફેણ કે વિરુદ્ધમાં કોઈ પણ ચર્ચા કરતા નથી. એનો અર્થ એવો થાય કે ઉત્તર ભારતના જૈન સંપ્રદાયોમાં લગભગ સાતમી આઠમી સદી સુધી સ્ત્રીમુક્તિ સંબંધે વિવાદ ઉત્પન્ન થયો ન હતો. સ્ત્રી મુક્તિનો નિષેધ પહેલાં દક્ષિણ ભારતમાં અને ત્યારબાદ ઉત્તર ભારતમાં થયો. કારણ કે શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયના ગ્રંથોમાં લગભગ આઠમી નવમી શતાબ્દીથી સ્ત્રીમુક્તિના પ્રશ્નને વિવાદના વિષય રૂપે રજૂ કરવામાં આવ્યો છે. એનાથી એ સ્પષ્ટ થાય છે કે જૈન પરંપરામાં પણ ધર્મસાધનાના ક્ષેત્રમાં સ્ત્રીની સમાનતા કોઈપણ કારણે ઓછી થતી ગઈ. સર્વ પ્રથમ તો સ્ત્રીની મુક્તિની સંભાવનાનો અસ્વીકાર કરવામાં આવ્યો પછી દિગંબર અવસ્થાને જ સાધના માટે સર્વસ્વ માનીને તેને પંચમહાવ્રતોનું પાલન કરવા માટે અયોગ્ય માનવામાં આવે. તથા સદ્‌ચરિત્રની ઉચ્ચત્તમ અવસ્થાને અસંભવ બતાવવામાં

આવી. સુતાપાહુડમાં તો સ્પષ્ટ રુપે સ્ત્રીને માટે પ્રવજ્યા-દીક્ષાનો નિષેધ કરવામાં આવ્યો છે.

શ્વેતાંબર સંપ્રદાયમાં પણ સ્ત્રીની બૌદ્ધિક ક્ષમતાને લીધે તેને દૃષ્ટિવાદ, અરુણોપપાત, નિશીથ વગેરેના અધ્યયન માટે અયોગ્ય માની છે પરંતુ તેની મોક્ષપ્રાપ્તિની ક્ષમતાનો સ્વીકાર કર્યો છે. શારીરિક સંરચનાને કારણે તેને માટે સંયમ સાધનાના ઉપકરણના રુપમાં વસ્ત્ર આવશ્યક હોય. પરંતુ આસક્તિના અભાવને કારણે તે પરિગ્રહ ન ગણાય તેથી તેનામાં પ્રવજિત થવાનું તથા મુક્ત થવાનું સામર્થ્ય છે.

એ વાત નિશ્ચિત છે કે આગમિક કાળના જૈનાચાર્યોએ ન કેવળ સ્ત્રીમુક્તિ અને સ્ત્રી-દીક્ષાનો સ્વીકાર કર્યો છે, પરંતુ મલ્લિનો સ્ત્રી તીર્થંકર રુપમાં સ્વીકાર કરીને પ્રતીતિ કરાવી છે કે આધ્યાત્મિક સર્વોચ્ચ પદની અધિકારી નારી પણ થઈ શકે છે. સ્ત્રી તીર્થંકરની વિચારણા એ જૈન ધર્મની પોતાની એક વિશિષ્ટ વિચારણા છે જે નારીની ગરિમાને અનોખો મહિમા અપાવે છે.

જૈન ધર્મમાં તીર્થંકરની જે વિચારણા છે તે પોતાની વિશેષતા છે. અને તે એ સૂચિત કરે છે કે વિશ્વનું સર્વોત્તમ ગૌરવશાળી પદ પુરુષ અને સ્ત્રી બંને સમાન રુપે પ્રાપ્ત કરી શકે છે. તે છતાં પરવર્તી આગમોમાં અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં આ વાતને એક આશ્ચર્યકારક ઘટના કહીને પુરુષના પ્રાધાન્યને સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.

જૈનધર્મ સંઘમાં નારીની મહત્તાને યથા સંભવ સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મથુરામાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખો પરથી એ સ્પષ્ટ થાય છે કે ધર્મકાર્યોમાં પુરુષોની જેમ જ સ્ત્રીઓ પણ ભાગ લેતી હતી. સ્ત્રીઓ માત્ર પુરુષોની જેમ ધર્મકાર્યોમાં ભાગ લેતી હતી એટલું જ નહિ પણ પોતાની ઈચ્છા પ્રમાણે દાન કરતી હતી અને મંદિર પણ બંધાવતી અને બંધાવવાના કાર્યમાં ભાગીદાર બનતી હતી.

આગમિક કાળમાં જોવા મળે છે કે સંઘના પ્રમુખના રુપમાં આચાર્યનું પદ પુરુષના અધિકારમાં હતું. કોઈપણ સ્ત્રી આચાર્ય થયાનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી. પરંતુ ગણિની, પ્રવર્તિની, ગણાવચ્છેદિની, અભિષેકા વગેરે પદો સ્ત્રીઓને પ્રદાન કરવામાં આવતા હતા અને આ વ્યવસ્થા સાધ્વી સંઘની સ્વતંત્ર રુપે આંતરિક વ્યવસ્થા હતી. તે છતાં યુવાન ભિક્ષુણીઓ-સાધ્વીઓની સુરક્ષાનું કાર્ય ભિક્ષુ સંઘને સોંપવામાં આવ્યું હતું. પરંતુ સામાન્ય રીતે ભિક્ષુણીઓ પોતાની સુરક્ષાની વ્યવસ્થા સ્વયં રાખતી હતી. કારણ રાત્રિના સમયે અથવા પદયાત્રા-વિહારમાં સાધુ અને સાધ્વીઓને એક સાથે રહેવાનું વર્જિત ગણાતું હતું. તેથી ભિક્ષુણી-સાધ્વી સંઘમાં સુરક્ષા પ્રતિહારી વગેરેની નિમણુંક કરવામાં આવતી. આ રીતે સાધના ક્ષેત્રમાં નારીના ગૌરવને યથાસંભવ સુરક્ષિત રાખવામાં આવ્યું. તે છતાં કેટલાંક તથ્યોનું અવલોકન કરતાં એ વાત નિશ્ચિત થાય છે કે આગમિક વ્યાખ્યાઓના યુગમાં અને તે પછીના સમયમાં જૈન પરંપરામાં સ્ત્રીની અપેક્ષાએ પુરુષોને વધારે મહત્ત્વ આપવામાં આવ્યું છે.

છતાં પણ જ્યાં સુધી વ્યાવહારિક જીવનનો પ્રશ્ન હતો ત્યાં સુધી જૈનાચાર્યો હિંદુ-ચિંતનથી પ્રભાવિત રહ્યા હતા. મનુસ્મૃતિમાં સામાન્ય વ્યવહારભાષ્યમાં પણ કહેવામાં આવ્યું છે કે જન્મ પછી સ્ત્રી પિતાને અધીન, વિવાહિત થયા પછી પતિને અધીન અને વિધવા થયા બાદ પુત્રને અધીન હોય છે, એટલે કે તે પોતે કદી સ્વાધીન નથી હોતી. આ પ્રમાણે આગમિક વ્યાખ્યા સાહિત્યમાં સ્ત્રીની સ્વાધીનતા મર્યાદિત કરવામાં આવી છે.

અર્થોપાર્જન અને કૌટુંબિક વ્યવસ્થાની દૃષ્ટિએ જૈનધર્મીઓમાં પણ પુત્રની પ્રધાનતા રહી હોય, પરંતુ જ્યાં સુધી ધાર્મિક જીવન અને સાધનાનો પ્રશ્ન હતો ત્યાં જૈન ધર્મમાં પુત્રની મહત્તાને કોઈ સ્થાન ન હતું. જૈન કર્મ સિદ્ધાંતે સ્પષ્ટ રીતે ઉદ્‌ઘોષિત કર્યું છે કે વ્યક્તિ પોતાના કર્મો અનુસાર સુગતિ અથવા દુર્ગતિમાં જઈને ભોગવે છે. સંતાન દ્વારા કરેલા કર્મકાંડો પૂર્વજોને કોઈ પણ રીતે પ્રભાવિત કરતા નથી.

વિવાહ-વ્યવસ્થા પ્રાચીન કાળથી લઈને આજ સુધી માનવ સમાજ વ્યવસ્થાનું એક મહત્ત્વપૂર્ણ અંગ રહી છે. એ એક સત્ય છે કે જૈન ધર્મના અનુયાયીઓમાં પ્રાચીનકાળથી વિવાહ વ્યવસ્થાને ખાસ વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું નથી. ધાર્મિક દૃષ્ટિએ તે સ્વપત્ની અથવા સંતોષવ્રતની વ્યવસ્થા કરે છે એનું તાત્પર્ય એ છે કે વ્યક્તિએ પોતાની કામવાસનાને સ્વપતિ અથવા સ્વપત્ની સુધી સીમિત રાખવી જોઈએ. જેને માટે બ્રહ્મચર્યનું પાલન સંભવ ન હોય તેને લગ્ન કરવા જોઈએ.

કોઈપણ વ્યક્તિ માટે બ્રહ્મચર્ય પાળવું અશક્ય હોય તો તે પોતે વિવાહ કરી શકે છે. જ્યાં સુધી સ્વયંવર વિધિનો પ્રશ્ન છે ત્યાં સુધી એ વાત નિશ્ચિત છે કે નારી સ્વાતંત્ર્યની દૃષ્ટિએ આ વિધિ મહત્ત્વની હતી. પરંતુ જન સામાન્યમાં માતા-પિતા દ્વારા આયોજિત વિવાહ પ્રકૃતિ પ્રચલિત હતી.

માતા-પિતા દ્વારા આયોજિત આ વિવાહ વિધિમાં સ્ત્રી-પુરુષની સમાનતા પર કોઈ પ્રભાવ પડતો નથી. તે છતાં એ વાત સાચી છે કે જૈનાચાર્યોએ વિવાહ-વિધિ સંબંધે ગંભીરતાથી ચિંતન કર્યું નથી. તેમ છતાં વિવાહ વિધિને ગૌરવહીન બનાવવાનો પ્રયત્ન પણ કર્યો નથી.

પ્રાચીનકાળથી માંડીને આજદિન સુધી વિવાહ કરવો કે ન કરવો એ પ્રશ્ન સ્ત્રીની વિવેકબુદ્ધિ પર છોડવામાં આવ્યો છે, જે સ્ત્રી એમ સમજતી કે પોતે અવિવાહિત રહીને પોતાની સાધના કરી શકશે તેને વિવાહ કર્યા વિના દીક્ષિત થવાનો અધિકાર હતો. વિવાહ સંસ્થા જૈનો માટે બ્રહ્મચર્યની સાધનામાં સહાયક થવાના રુપમાં સ્વીકારવામાં આવી હતી. જૈનોને માટે વિવાહનો અર્થ પોતાની

વાસનાઓને સંયમિત કરવાનો હતો. એ લોકોનો જ લગ્ન સંસ્થામાં પ્રવેશ આવશ્યક માનવામાં આવ્યો હતો જે લોકો પૂર્ણપણે બ્રહ્મચર્યનું પાલન કરવામાં અસમર્થ હોય, અથવા જેણે પૂર્ણ બ્રહ્મચર્યવ્રત ના લીધું હોય માટે એમ કહી શકાય કે જૈનોએ બ્રહ્મચર્યનો આંશિક સાધનાના રુપમાં વિવાહ-સંસ્થાને સ્વીકાર કરીને નારીની સ્વતંત્ર નિર્ણય શક્તિને માન્ય રાખીને તેના ગૌરવને અખંડિત રાખ્યું છે.

એક વાત સ્પષ્ટ છે કે દ્રૌપદીના એક અપવાદને છોડીને હિંદુ અને જૈન પરંપરાઓમાં નારી માટે એક પતિપ્રથાની વિચારણાનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને બહુપતિ પ્રથાને ધાર્મિક દૃષ્ટિએ અનુચિત માનવામાં આવી છે.

પરંતુ બીજી બાજુ પુરુષના સંબંધે બહુપત્નીપ્રથાની વિચારણા આગમો અને આગમિક વ્યાખ્યા સાહિત્યમાં મળે છે તેમાં એવા અનેક સંદર્ભો છે જેમાં પુરુષો એક કરતાં વધારે લગ્ન કરતા જોવા મળે છે. દુઃખ એ વાતનું છે કે તેઓની આ પ્રવૃત્તિની સમાલોચના પણ ક્યાંય કરવામાં આવી નથી. તે છતાં તે યુગમાં જૈનાચાર્યો આ બાબતમાં તટસ્થ ભાવ રાખતા હતા એમ કહી શકાય કારણ કે કોઈપણ જૈનાચાર્યે બહુવિવાહને સારી પ્રથા કહી હોય એવો સંદર્ભ પણ ક્યાંય મળતો નથી. ઉપાસક દશામાં શ્રાવકના સ્વપત્ની સંતોષવ્રતના અતિચારોનો ઉલ્લેખ મળે છે તેમાં પરવિવાહકરણને અતિચાર અથવા દોષ માનવામાં આવ્યો છે. આમ એટલું ચોક્કસ કહી શકાય કે જૈનોનો આદર્શ એક પત્નીવ્રત રહ્યો છે. અહીં યાદ રાખવું જરૂરી થશે કે સમાજમાં બહુવિવાહની પ્રથા પ્રચલિત હતી પરંતુ જૈન ધર્મ એને સંમતિ આપતો હતો એમ માનવું અનુચિત ગમાશે. કારણ કે જ્યારે જૈનોમાં વિવાહને એક અનિવાર્ય ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કર્યો નથી ત્યારે બહુવિવાહને ધાર્મિક કર્તવ્યના રૂપમાં સ્વીકાર કરવાનો પ્રશ્ન ઊભો જ નથી થતો.

ઉપાસક દશામાં દસ મુખ્ય ઉપાસકોમાંથી કેવળ એકને જ એક કરતાં વધારે પત્નીઓ હતી. બાકી બધાને એક એક પત્ની હતી. અને સાથે શ્રાવકોના વ્રતોના અતિચાર બતાવવામાં આવ્યા છે તેમાં સ્વપત્ની સંતોષનો એક અતિચાર પરવિવાહકરણ આપવામાં આવ્યો છે. તેથી એમ કહી શકાય કે ધાર્મિક આધારો પર જૈન ધર્મ બહુપત્ની પ્રથાનો સમર્થક નથી. બહુપત્ની પ્રથાનો ઉદ્દેશ તો વાસનામાં ગળાબૂડ ડૂબવું એવો થાય. જે નિવૃત્તિપ્રધાન જૈન ધર્મની મૂળ ભાવનાને અનુકૂળ નથી. જૈન ગ્રંથોમાં જે બહુપત્નીપ્રથાના સંકેતો મળે છે તે એ યુગની સામાજિક સ્થિતિના સૂચક છે. આગમ સાહિત્યમાં પાર્શ્વ, મહાવીર અને મહાવીરના નવ પ્રમુખ ઉપાસકોને એક પત્ની હતી એમ માનવામાં આવે છે.

જૈન આગમો અને આગમિક વ્યાખ્યાના હજારો એવા સંદર્ભો મળે છે જેમાં પતિના મૃત્યુ બાદ વિધવાઓ ભિક્ષુણી બનીને સંઘને શરણે ચાલી જતી. જૈન સંઘમાં ભિક્ષુણીઓની સંખ્યા વધારે હોવાનું કારણ પણ આ હતું. ભિક્ષુણી સંઘો વિધવાઓને સન્માનપૂર્ણ અને સુરક્ષિત જીવન જીવવાનું એક આશ્રય સ્થાન હતું.

જ્યારે સમાજમાં બહુ-વિવાહને સમર્થન મળ્યું હોય તેમાં વિધુર-વિવાહને માન્ય કરવામાં કોઈ મુશ્કેલી હોતી નથી. તે છતાં જૈન ધર્મમાં ધાર્મિક દૃષ્ટિએ આ વાતને સમર્થન મળ્યું હોય એમ કહી શકાતું નથી. પત્નીના મૃત્યુ પછી આદર્શ સ્થિતિ તો એને માનવામાં આવી છે કે વ્યક્તિ વૈરાગ્ય લઈ લે. માત્ર એટલું જ નહીં પરંતુ અનેક સ્થિતિઓમાં પત્ની ભિક્ષુણી બની જાય ત્યારે પતિ જાતે ભિક્ષુ બની જાય.

જૈન ધર્મમાં પતિ-પત્ની સિવાય બીજા સાથે યૌન સંબંધ કરવાનું ધાર્મિક દૃષ્ટિએ હંમેશા અનુચિત માન્યું છે. વેશ્યાગમન અને પરસ્ત્રીગમન બંનેને અનૈતિક કર્મ ગણવામાં આવ્યું છે.

નારીની મર્યાદાના રક્ષણ માટે જૈન સંઘ હંમેશા તત્પર રહેતો. નિશીથચૂર્ણિમાં ઉલ્લેખિત કાલકાચાર્યની કથામાં એ વાતનું પ્રમાણ છે કે અહિંસાનું પ્રાણાથી પાલન કરનાર ભિક્ષુ સંઘ પણ નારીની ગરિમા ખંડિત થવાની સ્થિતિમાં દુરાચારીઓને સજા આપવા માટે શસ્ત્રો લઈને સામે આવતો હતો.

સતી પ્રથાને ધાર્મિક સમર્થન જૈન આગમ સાહિત્ય અને તેની વ્યાખ્યાઓમાં આપણને ક્યાંય મળતું નથી.

જૈન ધર્મ અને જૈન દર્શન એમ નથી માનતા કે મૃત્યુ બાદ જીવતા ચિતામાં બળી મરવાથી સ્વર્ગલોકમાં એ જ પતિ મળે છે. તેનાથી વિપરીત જૈન ધર્મ પોતાના કર્મ-સિદ્ધાંતમાં શ્રદ્ધાને કારણે એમ માને છે કે પતિ-પત્ની પોતપોતાના કર્મો અને મનોભાવો અનુસાર તે જુદી જુદી યોનિઓમાં જન્મ લે છે. ધાર્મિક આધાર પર જૈન ધર્મ સતીપ્રથાનું સમર્થન કરતો નથી.

જૈન ભિક્ષુણી સંઘ વિધવા, પરિત્યકતા અથવા આશ્રય વિનાની સ્ત્રીઓ બધાને માટે શરણદાતા હતો. જૈન ધર્મમાં સતીપ્રથાને કોઈપણ પ્રકારનું મહત્ત્વ મળ્યું નથી. જ્યારે જ્યારે નારી પર કોઈ અત્યાચાર કરવામાં આવ્યા, ત્યારે જૈન ભિક્ષુણી સંઘ તેના માટે રક્ષાકવચ બન્યો કારણ કે ભિક્ષુણી સંઘમાં પ્રવેશ કર્યા બાદ તે પારિવારિક દુઃખોથી બચતી હતી એટલું નહિ પણ એક સન્માનપૂર્ણ જીવન પણ જીવી શકતી હતી. આજે પણ વિધવાઓ, ત્યકતાઓ, પિતા પાસેથી દહેજ મળવાની અસમર્થતા, કુરુપતા વગેરે

તંત્રી મહાશયોને નમ્ર વિનંતિ

'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થતાં લેખો અન્ય પ્રતિષ્ઠિત સામયિકમાં પુનઃ પ્રકાશિત થાય છે એનો અમને ગૌરવ-આનંદ છે. પરંતુ લેખને અંતે 'સૌજન્ય-પ્રબુદ્ધ જીવન' એ સૌજન્ય વાક્ય તંત્રી મહાશયો લખે તો અમે એમના આભારી થઈશું. ધન્યવાદ.

–તંત્રી

કેટલાક કારણોને લીધે અવિવાહિત રહેવા માટે વિવશ બનેલી કુમારિકાઓ માટે જૈન ભિક્ષુણી સંઘ આશ્રયસ્થાન છે. જૈન ભિક્ષુણી સંઘે નારીની ગરિમા અને સતીત્વ બંનેની રક્ષા કરી છે આ કારણે સતી-પ્રથા જેવી ખરાબ પ્રથા જૈન ધર્મમાં કદિ પણ આવી નહિ.

નારી શિક્ષણ બાબતે જૈન આગમો અને આગમિક વ્યાખ્યાઓમાં જે માહિતી મળે છે તેના આધાર પર એમ કહી શકાય કે પ્રાચીન કાળમાં નારીને યોગ્ય શિક્ષણ આપવામાં આવતું હતું. ઋષભદેવે પોતાની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને ગણિત અને લિપિ વિજ્ઞાનનું શિક્ષણ આપ્યું હતું, એટલું જ નહીં જ્ઞાતાધર્મકથા અને જંબુદ્વિપ-પ્રજ્ઞપ્તિમાં સ્ત્રીની ચોસઠ કળાઓનો ઉલ્લેખ પણ મળે છે. જો કે અહીં તેના નામો આપવામાં આવ્યા નથી તે છતાં કન્યાઓને આ શિક્ષણ આપવામાં આવતું હતું. જંબુદ્વિપપ્રજ્ઞપ્તિની ટીકામાં આનું વર્ણન મળે છે.

જ્યાં સુધી ધાર્મિક આધ્યાત્મિક શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં તે તેને ભિક્ષુણીઓ દ્વારા આપવામાં આવતું હતું. સૂત્રકૃતાંગ પરથી જાણવા મળે છે કે જૈન પરંપરામાં ભિક્ષુને સ્ત્રીઓને શિક્ષણ આપવાનો અધિકાર ન હતો. તેઓ માત્ર સ્ત્રી-પુરુષોની સંયુક્ત સભાને ઉપદેશ આપી શકતા હતા. સામાન્ય રીતે ભિક્ષુણીઓ અને ગૃહસ્થ ઉપાસિકાઓ બંનેને સ્થવિરા ભિક્ષુણીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવતું હતું.

જૈન ધર્મમાં ભિક્ષુણી સંઘના દ્વાર કોઈપણ પ્રકારના ભેદભાવ વિના કોઈપણ જાતિ, વર્ણ કે વર્ગની સ્ત્રીઓ માટે ખુલ્લાં હતા. જૈન ભિક્ષુણી સંઘમાં પ્રવેશ માટે સામાન્ય રીતે એવી સ્ત્રીઓ અયોગ્ય માનવામાં આવતી હતી જે બાલિકા અથવા અતિવૃદ્ધ હોય, અથવા મુર્ખ કે પાગલ હોય, ચેપી અથવા અસાધ્ય રોગથી પીડાતી હોય, જે આંધળી, પંગુ કે લૂલી હોય. બીજું સ્ત્રીઓને માટે ભિક્ષુણી સંઘમાં પ્રવેશ એવી અવસ્થામાં વર્જિત છે જ્યારે તે ગર્ભવતી હોય અથવા એની ગોદમાં દૂધ પીતું બાળક હોય. તે ઉપરાંત તેના સંરક્ષક અર્થાત્ માતા-પિતા, પુત્રની આજ્ઞા ન મળે ત્યાં સુધી તેને ભિક્ષુણી સંઘમાં પ્રવેશ મળતો નથી.

સામાન્ય રીતે સાધનાની દૃષ્ટિએ ભિક્ષુ-ભિક્ષુણીઓને આહાર, ભિક્ષાચર્યા, ઉપાસના વગેરે માટેના નિયમો એક સરખા હતા. પરંતુ સ્ત્રીઓની પ્રકૃતિ અને સામાજિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ભિક્ષુણીઓને માટે વસ્ત્રો સંબંધી ખાસ નિયમો બનાવવામાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે જ્યાં ભિક્ષુ સંપૂર્ણ વસ્ત્રોનો ત્યાગ કરીને રહી શકતા હતા, ત્યાં ભિક્ષુણીને માટે દિગંબર રહેવાનું વર્જિત માનવામાં આવ્યું હતું. એટલું જ નહીં પણ એની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તેના વસ્ત્રોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો હતો. જ્યાં ભિક્ષુને માટે અધિકતમ ત્રણ વસ્ત્રો રાખવાનું કહ્યું હતું ત્યાં ભિક્ષુણીઓને માટે ચાર વસ્ત્રો રાખવાનું કહ્યું હતું.

નારીના શીલની સુરક્ષા માટે જૈન આચાર્યોએ એવા નિયમો બનાવ્યા હતા જેના દ્વારા ભિક્ષુણીઓને પુરુષ અથવા ભિક્ષુઓના સંપર્કને સીમિત કરવામાં આવે. તેથી ચારિત્ર સ્ખલનની સંભાવનાઓ ઓછામાં ઓછી રહે. ફળસ્વરુપે ભિક્ષુણીઓને ભિક્ષુઓ સાથે રોકાવાનું અથવા વિહાર કરવાનું નિષિદ્ધ માનવામાં આવ્યું છે એટલું જ નહિ પણ એવા સ્થળ પર નિવાસ વર્જિત માનવામાં આવ્યો છે, જ્યાં નજીકમાં જ ભિક્ષુ અથવા ગૃહસ્થ રહેતા હોય. ભિક્ષુઓ સાથે વાતચીત કરવી અથવા એમણે લાવીને આપેલા વસ્ત્રો, પાત્રો, ભિક્ષા વગેરેને ગ્રહણ કરવાનું પણ તેને માટે વર્જિત ગણાવ્યું હતું. એકબીજાનો સ્પર્શ તો વર્જિત ગણવામાં આવતો જ હતો. પણ એકાંતમાં એકબીજાની સાથે વાતચીત કરવાનો પણ નિષેધ હતો. જો ભિક્ષુઓ સાથે વાર્તાલાપ જરૂરી હોય તો બીજી મોટી ભિક્ષુણીને આગળ રાખીને સંક્ષિપ્ત વાર્તાલાપની અનુમતિ આપવામાં આવી હતી. આ બધાં નિયમો એટલા માટે બનાવ્યા હતા કે કામવાસનાની જાગૃતિ અને ચારિત્રિક સ્ખલનના અવસર ઉપસ્થિત ન થાય. અથવા ભિક્ષુઓ અને ગૃહસ્થોના આકર્ષણ અને વાસનાનો શિકાર બનીને ભિક્ષુણીના શીલની સુરક્ષા ભયમાં મૂકાય.

આમ આપણે જોઈ શકીએ છીએ કે જૈન પરંપરામાં નારીના શીલની સુરક્ષા માટે પૂરતા પ્રમાણમાં સજાગતા રાખવામાં આવતી હતી.

જૈન ધર્મના વિકાસ અને પ્રચારમાં નારીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. આજે પણ સમાજમાં ભિક્ષુઓ કરતાં ભિક્ષુણીઓની ત્રણગણી કરતાં વધારે છે તે એ વાતની પ્રતીતિ કરાવે છે કે સમાજ પર તેનો પ્રભાવ છે. વર્તમાન યુગમાં પણ એવી અનેક સાધ્વીઓ થઈ છે કે જેમનો સમાજ પર ઘણો પ્રભાવ પડ્યો છે.

આપણે એમ કહી શકીએ કે જૈન ધર્મમાં તેના અતીતથી શરૂ કરીને વર્તમાન સુધી નારીની અને વિશેષ કરીને ભિક્ષુણીઓની એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. જૈન ધર્મે નારીને સન્માનિત કરી, ગૌરવાન્વિત કરી, તેના શીલના રક્ષણનો પ્રયાસ કર્યો અને તેના આધ્યાત્મિક વિકાસનો માર્ગ મોકળો કર્યો. બ્રાહ્મી, સુંદરી અને ચંદનાથી શરૂ કરીને આજ સુધી અનેક સતી સાધ્વીઓએ પોતાના ચારિત્રબળ તથા સંયમ સાધના વડે જૈન ધર્મની ધ્વજા લહેરાતી રાખી.

✷ ✷ ✷

(સંદર્ભ: આગમ ગ્રંથોના ઉલ્લેખો)

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ–૩૮૦ ૦૦૭.ફોન નં. (૦૭૯) ૨૬૬૦૪૫૯૦

મહાવીર વંદના

વિદ્યાબેન મહાસુખલાલ શાહ (ખંભાતવાળા)ના અનુદાનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પાટકર હોલમાં 'મહાવીરકથા'નું આયોજન કર્યું હતું. તેની C.D. વિના મૂલ્યે મળશે.

શ્રી કમલેશભાઈ જે. શાહ, C/o. વિરલ જ્વેલર્સ, ૯૨૫, પારેખ માર્કેટ, ૯મે માળે, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૬૩૮૨૬. મોબાઈલ : ૯૮૨૧૯૩૨૬૯૩.

સમય બપોરે ૧૨-૦૦ થી ૫-૦૦ સુધી.

સરનામા વગરના માનવી–વિચરતા સમુદાયો

❑ મથુરાદાસ એમ. ટાંક

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અત્યાર સુધી ગુજરાતની ૨૬ શૈક્ષણિક સંસ્થાઓને પોણા ચાર કરોડનું અનુદાન પહોંચાડ્યું છે. આ વર્ષે ૨૫ ઓગસ્ટના પ્રારંભાતી ૭૭મી વ્યાખ્યાનમાળા સમયે આ સરનામા વગરની ભટકતી જાતિના બાળકોના શિક્ષણના મકાન માટે દાન એકત્રિત કરવાનો સંસ્થાએ નિર્ધાર કર્યો છે. અમને શ્રદ્ધા છે કે આ 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ના બાળકોના શિક્ષણ માટે દાની શ્રોતાઓ ઝોળી છલકાવી દેશે.]

ભારતને આઝાદી મળ્યાને ૬૪ વર્ષ થયા પણ ભારતની કદાચ ૩ કરોડથી વધારે વસ્તી એવી છે કે જેની પાસે નથી ઘર, નથી રેશન કાર્ડ, નથી ભણતર અને નથી મતદાર યાદીમાં નામ. આ લોકો **ભટકતા વિચરતા સમુદાયના** કહેવાય. આ સમુદાય તે સરનામા વગરના માનવી. ગુજરાતમાં આશરે ૪૦ લાખ આવા લોકો રહે છે. વિચરતા સમુદાયની આશરે ચાલીસ જાતિઓ ગુજરાતમાં રહે છે.

આ વિચરતો અને ભટકતો સમુદાય એટલે નટ, બજાણિયા, ભવૈયા, મદારી, ભરથરી, ગારૂડી, કાથોડી, પારધી, વણઝારા, સરાણિયા, કાંગસિયા, વૈરાગી વગેરે. ગામેગામ ફરી, ઈતર પ્રજાને એમના કામમાં મદદ કરતા, ગામવાળાને મનોરંજન કરાવતા અને એ રીતે પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા.

આ પ્રજાને આઝાદીનો ખાસ લાભ થયો નથી. તેમને પ્રસ્થાપિત કરવામાં વ્યક્તિગત, સામૂહિક કે સરકારી કક્ષાએ બહુ ઓછા પ્રયત્નો થયા છે.

ગુજરાતના સદ્‌નસીબે આ કામ ગુજરાત રાજ્યની એક ખેડૂતને ત્યાં જન્મેલી પણ કૉલેજમાં ભણેલી અમદાવાદમાં રહેતી ૨૫ વર્ષની યુવતીએ આ ભગીરથ કામ કરવા માટે બીડું ઝડપ્યું છે. તેનું નામ મિત્તલ પટેલ. જેનો રોજનો કાર્યક્રમ સવારે ૭ વાગે નીકળી જવું અને રાતના ૧૨ વાગે આવવું. ૩૬૫ દિવસ કામ, કામ અને કામ. એને કોઈ ઋતુ રોકી શકતી નથી. કોઈ શક્તિ અટકાવી શકતી નથી. એનામાં ગજબની હિંમત, નીડરતા અને આત્મવિશ્વાસ છે.

આ લોકોની પરિસ્થિતિ જોઈ મિત્તલને પારાવાર દુ:ખ થયું. પોતાની જાત ઉપર ધિક્કાર-તિરસ્કાર થયો. ભણી ગણીને મારું જ્ઞાન કામ ન આવે તો ભણતરનો અર્થ શો? તે દિવસથી તેને IAS થવાનું માંડી વાળ્યું અને વિચરતી જાતિના પરિવાર માટે, તેમના હક્કો માટે, તેમને ભોગવવી પડતી મુશ્કેલીઓમાંથી તેમને બહાર કાઢવાનું બીડું ઝડપ્યું.

આ ટ્રાઈબલ અને ભટકતા સમુદાય માટે તે ગુજરાત રાજ્યના ગામડે ગામડે ફરી આવી. આ સમુદાયની રજેરજની માહિતી એકઠી કરી, તેનો રીપોર્ટ જાતે તૈયાર કર્યો. દિવસોના દિવસો સુધી ઘરની બહાર રહી ખાવા પીવાની દરકાર કર્યા વગર સતત કામ કર્યું. આજે એને ઉંઘમાંથી ઉઠાડીને પૂછો કે ફલાણા ગામ, ફલાણા તાલુકામાં કઈ જાતિના કેટલા પરિવાર છે તો તેનો જવાબ તે એક સેકંડમાં જ આપી દેશે.

એક જમાનામાં ઈતર સમાજનો સમુદાય આ ભટકતી જાતી પાસેથી જરૂરી સેવાઓ લેતો જેમકે ઓડ જાતિ માટી કામમાં પાવરધા, કાંગસિયા લાકડામાંથી કાંસકી બનાવે, વાંસફોડ જાતીવાળા સૂંડલા, ટોપલા બનાવે, સરાણિયા છરી ચાકુની ધાર કાઢી આપે વગેરે. આજે નવી લાઈફ સ્ટાઈલમાં લોકોને આની સેવાઓની જરૂર નથી. બીજા સમુદાય પાસેથી એમને રોટલો રળવામાં મુશ્કેલી પડે છે. તેથી આવા સમુદાયના પરિવારો બેકાર બનતાં ગયાં. બેકારીને લીધે તેઓ આડા રસ્તે ફંટાણા અને સ્ત્રીઓ દેહ વ્યવસાયમાં પડી. ૧૮૯૨માં બ્રિટીશ સરકારે આ પરિવારોને Notified Criminals તરીકે જાહેર કરેલા. આ પરિવારમાં જે જન્મે એ ગુનેગાર. એમને વારંવાર પોલીસ સ્ટેશનમાં જઈ હાજરી પુરાવવી પડતી હતી. ગામમાં ક્યાંય પણ લૂંટફાટ, ચોરી, દંગો થાય તો આ પરિવારના માણસને પોલીસ જેલમાં બેસાડી દેતી, તે ગુન્હેગાર હોય કે નહીં તેને જેલમાં જવું પડતું. આ કાયદો ભારત સરકારે ૧૯૫૨માં રદ બાતલ કર્યો જેની રૂએ આ પરિવારના કોઈને પણ પોલીસ સ્ટેશનમાં હાજરી આપવામાંથી મુક્તિ મળી. Notified Criminalsનું લેબલ નીકળી ગયું.

આ બધા કામમાં નાણાંની સખત જરૂર પડે. એવા સમયે મિત્તલનો પરિચય કચ્છ રાજ્યના અધા તરીકે હુલામણા નામથી પ્રખ્યાત સમાજ સેવક લીલાધરભાઈ ગડા સાથે થયો. એમના આગમનથી નાણાંની સ્થિતિ હળવી થઈ. લીલાધરભાઈના સહકારથી મિત્તલના કાર્યમાં વેગ આવ્યો. ૨૦૧૦માં મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રશ્મિનભાઈ સંઘવીને લીલાધરભાઈ મળ્યા. મિત્તલ પટેલના અભિયાન બાબત વાત કરી અને રશ્મિનભાઈને રસ પડ્યો. તેઓએ માટુંગા–મુંબઈમાં ઘણાં સામાજિક કાર્યો કર્યા છે. તેવો પોતે જાતે અમદાવાદ જઈ મિત્તલને મળ્યા. એની વાતો સાંભળી અને એની સાથે પરિસ્થિતિનો ક્યાસ કાઢવા ગામડે ગામડે ફર્યા. તેવો દિગ્મૂઢ થઈ ગયા કે ૨૦ વર્ષની યુવતી શું કરી શકે છે? પોતે જે સામાજિક સેવા કરે છે તે એમને મિત્તલની સેવા સામે વામણી લાગી. પળનો પણ વિચાર કર્યા વગર તેઓ તે દિવસથી મિત્તલ સાથે જોડાયા. મુંબઈના કોઈ પણ કામ માટે રશ્મિનભાઈએ

જવાબદારી ઉપાડી લીધી. તેને પોતાનું આર્થિક યોગદાન પણ આપ્યું છે.

આ સમુદાયના ભટકતા પરિવારને વ્યવસ્થિત ધોરણે સ્થિરતા આપી શકાય એ હેતુથી વિચરતા સમુદાય સમર્થન મંચની સ્થાપના થઈ અને તેણે આ કામ ઉપાડી લીધું છે. આ સંસ્થામાં સર્વશ્રી માધવભાઈ રામાનુજ (પ્રમુખ), પારૂલબહેન દાંડીકર (ઉપપ્રમુખ), શ્રી લીલાધરભાઈ ગડા અને ગીતાબહેન ગાલા ટ્રસ્ટીઓ તરીકે જોડાયા. તત્પુરતા કે ટૂંકા ગાળાના સમાધાનો નહિ, પણ કાયમી ધોરણે ઉકેલના શુભસંકલ્પ સાથે કામની શરૂઆત કરી. આ સમુદાયો વિશે મિત્તલ પટેલે માહિતી ભેગી કરી હતી તેના આધારે પ્રાથમિક સહાય પહોંચાડવાની સાથે સાથે કાયમી ઉકેલના ઉપાયોનું ચિંતન ચાલતું ગયું. જેમ જેમ કામ થતું ગયું તેમ તેમ સમજાતું ગયું કે પરેશાનીઓનો છેડો આવે એવું નથી; પણ એક આશ્વાસન મળ્યું કે પરેશાનીઓના અંતનો આરંભ જરૂરી કરી શક્યા છીએ. આ સેવાકાર્યમાં સરકારી અધિકારીઓની બહુ મોટી સહાય મળી, સાથે સાથે સામાજિક સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ અને વ્યક્તિગત સહાય પણ મળતી ગઈ.

આ સંસ્થાને વિશેષ લાભ પૂ. મોરારીબાપુની 'સ્વર્ણિમ રામકથા' તા. ૧૨મી માર્ચથી તા. ૨૦મી માર્ચ ૨૦૧૧ સુધી આ સમાજ માટે અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના એંદલા ગામે કરી.

પૂ. મોરારીબાપુએ કથા દરમિયાન કહ્યું કે ભગવાન રામની સેવામાં આ સમુદાયના લોકોએ કરેલા સુકૃત્યોના ઘણા દાખલા છે. વળી તેમણે પરંપરાગત હુન્નરો વડે જે સેવાઓ આપી છે તેની પણ પ્રસ્તુતિ કરતાં હતાં અને ક્યારેક પૂ. બાપુ અપીલ અને વિનંતી કરતાં કે સમુદાયના ઉપકારનો બદલો એમને શિક્ષણ મળે તેમજ રહેવા ઘર મળે એ રીતે વાળવો જોઈએ. ભારતનું નાગરિકપદ મળે એવો બધાએ સહિયારો પ્રચાર અને પ્રયત્ન કરવો જોઈએ. આ રીતે આ સમુદાયને બીજા સમુદાયનોના પ્રવાહમાં ભેળવી દેવા જોઈએ.

આ રામકથામાં વિચરતા પરિવારના આશરે ૨૨,૦૦૦ ઉપરાંત લોકો હાજર રહ્યા હતા. તેથી પૂ. બાપુને ઘણો સંતોષ થયો. મિત્તલ પટેલે ઉપાડેલી ઝુંબેશના પ્રયાસથી આ પ્રજાને શિક્ષણ, રહેવા મકાન, નોકરી, મતદાર યાદીમાં નામ, વગેરે હક્કો વહેલા મોડા મળશે એમાં કોઈ શંકાને સ્થાન નથી. એમની પાસે જે કલા, કૌશલ, હુન્નર, કારીગરી છે તેને લુપ્ત થવા નહીં દઈએ. ભદ્ર સમાજને આ સમાજનો લાભ મળે એટલે એમની વારસાગત કલાને જીવંત રાખવી ખૂબ જ જરૂરી અને આવશ્યક છે.

વિશ્વવંદ્ય પૂ. મોરારિબાપુએ આ સમુદાયો પરત્વેની અપાર કરૂણાથી અને સંસ્થા પરત્ત્વેની લાગણીભીની કરૂણા વર્ષાવતી પાવન વાણીથી ઓતપ્રોત એવી રામ કથાની ભેટ આપી. એમાંય આ સમુદાયોના હજારો ભાઈ બહેનોને વિશેષ રીતે આમંત્રણ આપી કેન્દ્ર સ્થાને રાખ્યા. સત્ય-પ્રેમ અને કરૂણાનું આ પર્વ સમાજ અને આ સમુદાય વચ્ચેના અંતરને ઓછું કરવાનું અને આ સમુદાયના વેદનાના આંસુ લૂંછવાનો એક પાવક પ્રસંગ બની ગયો.

પૂ. મોરારિબાપુની કથાનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે કચ્છના એક ઈન્ડસ્ટ્રીઆલીસ્ટે વિચરતા પરિવારના ૧૫ જુવાનોને પોતાની કંપનીમાં નોકરીએ રાખ્યા. ૧૪ છોકરા ઓછું ભણેલા તેને રૂા. ૫,૦૦૦/- માસિક પગાર અને ૧ છોકરાએ ITI કરેલું તેને રૂા. ૧૦,૦૦૦/- પગારથી રાખી લીધા. આ રીતે થોડા માણસોના મનમાં ભગવાન વસી જાય તો ઘણા પરિવારના બાળકોને મદદ મળશે. અને પછી એ દિવસો દૂર નથી કે તેઓ આપણા સમાજનું અવિભાજ્ય અંગ બની જાય.

પરંપરાગત જે હુન્નરો આ જાતિ જાણે છે તે હુન્નરો સચવાઈ જાય અને સાથે આર્થિક દૃષ્ટિથી વધારે વળતર મળે એવી તાલીમ એમને આપવા માટે પ્રયત્નો ચાલુ છે.

તે સિવાય તેમના બાળકોને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મળે તેવા પ્રયત્નો પણ થઈ રહ્યા છે. જીવનભર અહીંતહીં રઝળતા અને આજીવિકા માટે ઝઝુમતા પરિવારને પોતાના બાળકોના શિક્ષણનો તો વિચાર જ ક્યાંથી આવે? કદાચ આવો વિચાર આવે તો પણ શું થઈ શકે? મિત્તલે એ બધા બાળકોને શાળા પ્રવેશ માટેના પ્રયત્નો ચાલુ કર્યા. સૌથી પહેલી મુશ્કેલી આવી જન્મ તારીખના દાખલાની. સતત અહીંતહીં ભટકતા આ પરિવારના બાળકો પાસે આવા દાખલા ક્યાંથી હોય? કોઈ ગામની શાળા આ બાળકો પોતાને ત્યાં ભણે એવું ઇચ્છતી નથી. આ સમુદાયના બાળકોને ક્યાંય ને ક્યાંય થોડી અવગણનાની લાગણી તો સતાવતી જ રહી છે. છેવટે નિવાસ ત્યાં જ શાળા એવું અભિયાન શરૂ કર્યું. આજે આવા અસ્થાયી ડંગાઓમાં અમારી ૨૦ તંબુશાળા કે વગડા શાળાઓ અને ૫ બાલઘર ચાલે છે. જેમાં કુલ ૮૦૦ બાળકો કેળવણી લઈ રહ્યાં છે. તેવી જ રીતે કેટલાક ગામોએ પ્રાથમિક શાળાઓમાં પણ સમુદાયના બાળકોને પ્રવેશ આપ્યો છે.

અત્યારે સંસ્થા પ્રયત્ન કરી રહી છે કે એમના માટે એવા નિવાસી સંકુલ (આશ્રમશાળાઓ) ઊભા થાય જેમાં શિક્ષણ,રોજગારલક્ષી તાલીમ, ખેતીવાડી, મનોરંજન કલા વગેરે અંગે સંપૂર્ણ સગવડ મળી રહે. જેથી આ પરિવારો પાસે જે હુન્નર, કલા છે તે જીવંત રહે તેમજ તેઓ ભવિષ્યમાં આર્થિક રીતે પગભર થાય એવા પ્રયત્નો ચાલુ છે. આ સમુદાયે સદીઓથી જે હાડમારી ભૂતકાળમાં વેઠી છે તેનો પડછાયો પણ ભાવી પેઢી ઉપર પડે નહીં એવા પ્રયત્નો સમાજે કરવા જોઈએ.

આ અવાજ વગરના, સરનામા વગરના આપણા સ્વજનો માટે સરકારની જેટલી ફરજ છે તેટલી જ ફરજ નાગરિક તરીકે આપણી છે. ભૂતકાળમાં સમાજ વ્યવસ્થા ચલાવવામાં આ સમુદાયોએ પોતાનું ઘણું યોગદાન આપ્યું છે તેનું ઋણ ચૂકવવાનો સમય પાકી ગયો છે ત્યારે આપણા હુંફાળા સહયોગથી અપેક્ષા અસ્થાને નથી.

✷ ✷ ✷

જ્ઞાનપૂર્ણ, ગરિમાયુક્ત, અનુપમ, અનુભવ
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ નિર્મિત
વિખ્યાત સર્જક અને ચિંતક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની ત્રિદિવસીય ગૌતમ-કથા

ગૌતમ-કથાનો ત્રીજો દિવસ
વિષય : અનહદ રાગમાંથી ઉત્કૃષ્ટ વિરાગ
જ્ઞાનનો ભંડાર : અપૂર્વ લબ્ધિ-સિદ્ધિના સ્વામી

ડૉ. કુમારપાળ દેસાઈએ ગુરુ ગૌતમ સ્તુતિ કરતા કહ્યું

જેના લબ્ધિ પ્રભાવથી જગતમાં સર્વેચ્છિતો થાય,
જેનું મંગલ નામ વિશ્વભરમાં ષટ્‌દર્શકો ગાય છે.
જેના મંગલ નામથી જગતમાં વિઘ્નો સદા જાય છે,
તેવા શ્રી ગુરુ ગૌતમ પ્રણમીએ ભાવે સદા ભક્તિથી.

આવો, આજે ગૌતમસ્વામીના દર્શન કરીએ. ગુરુ ગૌતમસ્વામીની મૂર્તિની ભીતરમાં રહેલી ભાવનાઓને પ્રણમીએ. કેવા હતા તેઓ ?

પ્રથમ પહોરમાં સ્વાધ્યાય કરતા હતા. બીજા પહોરમાં ધ્યાન અને ત્રીજા પહોરમાં ગોચરી માટે ભ્રમણ કરતા. ભિક્ષા-ભોજન માટે એક પ્રહરથી અધિક સમય બગાડતા નહીં. આજે પણ સાધુ સમાજમાં ગોચરી વાપરતી વખતે ગૌતમ ગણધરનું સ્મરણ કરે છે અને તેનો મુખ્ય હેતુ આહાર સંજ્ઞા તોડવાનો છે, આથી જ 'કવળ તે કેવળરૂપ હુવો' એમ કહેવાય છે.

ગણધર ગૌતમ સર્વોચ્ચ સ્થાને બિરાજિત છતાં જાતે પાતરાં લઈને પારણાના દિવસે સ્વયં ગોચરીએ જતાં, જતાં પૂર્વે ભગવાનની આજ્ઞા માગતા, ગોચરી માટે જતાં કે અન્ય કાર્યો માટે જતાં ત્યારે ચાલતા કદી આડું-અવળું જોતા નહીં, રસ્તા પર સ્થિર, નીચી નજર કરીને જયણાથી ચાલતા. ગોચરી માટે સાધારણ સ્થિતિવાળાને ઘરે જતા હતા અને જે કંઈ લુખ્ખો-સુક્કો આહાર મળે તેનો પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરતા હતા.

ઝટપટ લાવીને ગોચરી કરવાની ઉતાવળ નહીં. રસ્તામાં આર્દ્રકુમાર મળે, અતિમુક્ત મળે, કોઈપણ મળે અને તે જિજ્ઞાસા બતાવે તો એને ભગવાન મહાવીરનો સંદેશો કહે. 'શ્રી ભગવતીસૂત્ર'માં વર્ણન-તાપસ મળ્યા, અનેક સંન્યાસી મળ્યા, ભિખારી પણ મળ્યા, રાજકુમાર અને સમ્રાટ મળ્યા, બધા સાથે એક સમાન સ્નેહની વાત કરતા. ગોચરી લઈને આવ્યા બાદ તે ગોચરી ભગવાનને બતાવતા પછી પોતાના સહવર્તી અને શિષ્ય-પ્રશિષ્ય સાધુઓને 'સાહુ હુજ્જામિ તારિઓ' 'આપ સૌ મારી લાવેલી ગોચરીનો સ્વીકારી કરી મને ઉપકૃત કરો' કહીને પ્રથમ બીજાને જમાડતાં અને પછી પોતે જમતા.

ગુરુ ગૌતમસ્વામીએ માત્ર બે જ વાર લબ્ધિનો ઉપયોગ કર્યો અને તે એક અષ્ટાપદની યાત્રા પ્રસંગે અને બીજો તાપસને પારણાં કરાવવા માટે. તેઓ માત્ર તપસ્વી નહીં, પણ અનંત જ્ઞાની હતા. પોતે અનેકના ગુરુ હોવા છતાં ભગવાન મહાવીરના છેક છેલ્લા શ્વાસ સુધી વિનમ્ર શિષ્ય રહ્યા. કંઈ જિજ્ઞાસા થાય, તત્ત્વનો નિર્ણય કરવાનો પ્રસંગ થાય કે તરત ભગવાન પાસે જતાં. આ રીતે તેઓ વિનય અને વિનમ્રતાના જીવંત પ્રતીક હતા.

એમના જીવનમાં સ્વાધ્યાય અને ધ્યાન, જ્ઞાન અને તપ, વાણી, વિચાર અને વર્તનનો સુભગ અને સમતોલ સમન્વય જોવા મળતો હતો. શરીરધારી હોવા છતાં ભાવથી અકર્મણ્ય હતા. આવા ગૌતમસ્વામી સ્વાધ્યાયવીર, ધ્યાનવીર, જ્ઞાનવીર, તપવીર અને યોગવીર હતા. આમ ગૌતમસ્વામી જ્યાં હોય ત્યાં આનંદ અને પ્રસન્નતાનો પારાવાર ઉછળતો હતો.

તેઓ શ્રુતજ્ઞાનના જ નહીં, પણ માનસવિજ્ઞાનના જ્ઞાતા હતા. એટલે કે એમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન થયું હતું. પચાસમાં વર્ષે ભગવાન સાથે પ્રથમ મેળાપ અને ત્યારે કેવા ઊંચી પડછંદ કાયા, વિશાળ છાતી, માંસલ બાહુ, સુદૃઢ પગ, શ્વેત વર્ણ, ભરાવદાર ચહેરો, તેજસ્વી લલાટ, પાણીદાર આંખો, ન આંખમાં ચંચળતા, ન વાણીમાં ઉતાવળ, શાંત પરંતુ સોગિયા નહીં, પ્રશાંત

બહુઆયામી વ્યક્તવ્યનું નવું પાસું

પ્રિય ભાઈશ્રી, ડૉ. કુમારપાળ દેસાઈ

તમારા બહુઆયામી વ્યક્તિત્વનું એક નવું પાસું સુચારુ રૂપે પ્રગટ થયું એનો આનંદ છે. પહેલાં **મહાવીર કથા** અને બાદમાં **ગૌતમ કથા** એમ બંને કથાઓનો કાર્યક્રમ અહેવાલો મુજબ ખૂબ રસપ્રદ અને ઉપયોગી રહ્યો. એ DVD રૂપે પણ ઉપલબ્ધ છે એટલે વિશાળ વર્ગ સુધી પહોંચશે. કથાકથનની આપણી સંસ્કૃતિનું આ રીતે ઉજ્જવળ અનુસંધાન થઈ રહ્યું છે. કથાકથનશાસ્ત્ર (narratology) ના એક વિદ્યાર્થી તરીકે મને આમાં રસ પડે છે. મહારાષ્ટ્રમાં તો આજે પણ કથાકથન, કથાકિર્તન અને પુસ્તકફેરીના કાર્યક્રમોની પરંપરા જીવંત છે. નવી પેઢીને નવા તરીકાથી ધર્મ, અધ્યાત્મ પરંપરાની પહેચાન કરાવવા માટે આ માધ્યમ ખૂબ ઉપકારક નીવડે એવું છે. Please, keep it up !

'પ્રબુદ્ધ જીવન'માં શ્રી જયભિખ્ખુના જીવનચરિત્રના હપ્તા પણ ઘણા રસપ્રદ છે, આનંદ આવે છે.

–ડૉ. નરેશ વેદ
વલ્લભ વિદ્યાનગર

અને પ્રસન્ન, સાદા અને સરળ, તપસ્વી પણ તેજસ્વી, જ્ઞાની પણ નિરાભિમાની, ગંભીર પણ મનમોહક.

બસ, તમારી કલ્પનાસૃષ્ટિમાં આવા એકમેવ, અદ્વિતીય અને અનુપમ ગૌતમસ્વામીનું સ્મરણ કરો.

આ પછી ગૌતમસ્વામીની જુદી જુદી ઘટનાઓનું આલેખન કર્યું, જેમાં હાલિક સાલ-મહાસાલ અને આનંદશ્રાવકના જીવનની ઘટનાઓનું નિરૂપણ સાંભળીને શ્રોતાજનોના હૃદય દ્રવી ઊઠ્યાં. ત્યારબાદ અષ્ટાપદની યાત્રાનું વર્ણન કરતાં એમણે કહ્યું કે ગૌતમસ્વામીની કેવળજ્ઞાનની અભિલાષા દૂર ને દૂર જતી હતી. એમના અંતરમાં એવી ઊંડી વેદના જાગી કે મારો ઉપદેશ પામેલા તરી ગયા અને હું એવો ને એવો જ રહ્યો.

આ તે કેવું! જેઓ હજી કાલે શિષ્યો બન્યા, એ તાપસો કેવળજ્ઞાનના ધારક બન્યા. પોતે કેમ નહીં? ગૌતમનો સંશય દૂર કરતા ભગવાને કહ્યું, 'પ્રિય ગૌતમ! મારા ઉપરનો સ્નેહ તને કેવળજ્ઞાની દૂર રાખે છે. મારા પરનો રાગ છોડી દે. રાગ જ બંધનું કારણ છે! પણ એ છૂટે કેમ? ભગવાનની સેવા એ તો ગૌતમસ્વામીને મન જીવનસર્વસ્વ હતું. સંભારવાના તો તેમને હોય કે જે એક ક્ષણ પણ હૃદયથી વિસરાય. જે પ્રેમને સંભારવો પડ્યો તે એ જ ઘડીએ નિરાધાર બન્યો અને લુપ્ત થયો.'

ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમસ્વામીને સંકેત આપ્યો કે મોહના અંશથી ભરેલી નાની સરખી ગાંઠ છૂટી જશે એટલે તત્કાળ તમારો નિસ્તાર થશે અને આપણો બંને સરખા એક પ્રયોજનવાળા (પોતાને મળ્યું તે પોતાના શિષ્યને આપ્યું) તથા વિશેષતા અને ભેદરહિત (સિદ્ધ થઈશું) ગૌતમસ્વામીને આમાંથી મોક્ષની ખાતરી પ્રાપ્ત થઈ.

અને પછી ભગવાન મહાવીરના મહાનિર્વાણની રાત્રિની ઘટનાનું આલેખન કર્યું અને શ્રોતાજનોની આંખો આંસુભીની થાય એ રીતે ગૌતમસવામીના કરુણ વિલાપનું ડૉ. કુમારપાળ દેસાઈએ હૃદયસ્પર્શી વર્ણન કર્યું અને અંતે જ્યોતમાંથી જ્યોત પ્રગટે તેમ ભગવાન મહાવીરનું નિર્વાણ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બની ગયું. બાર અંગસૂત્રો (દ્વાદશાંગી)ના અને ચૌદ પૂર્વના જ્ઞાનના ધારક ગૌતમસ્વામી તે દિવસે સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા.

ગૌતમસ્વામીના પ્રશાંત મુખ ઉપર મનોમંથન સફળ થયાની પ્રસન્નતાની આભા વિલસી રહી. એમનો આત્મા નિર્મળ થતાં લોકાલોકનો ઉદ્યોત કરનાર કેવળજ્ઞાનના એ સ્વામી બન્યા. દેવોએ દુંદુભિ વગાડ્યા. માનવીઓએ મહોત્સવ રચ્યો. વિક્રમ સંવત પૂર્વે ૪૭૦ વર્ષે આસો વદિ અમાવાસ્યાની રાત્રિના પાછલા પહોરે આ ઘટના બની. દીપાવલિ પ્રભુ મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ કરાવે. પ્રત્યેક નવું વર્ષ ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનની સ્મૃતિ જગાડે છે.

તીર્થંકર ભગવાન મહાવીર પછી જૈન પરંપરામાં સૌથી વધુ છવાયેલું અને વ્યાપક વ્યક્તિત્વ હોય તો તે ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય અને પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું છે. દીપોત્સવીના મંગલ દિવસે જૈન સમાજ પોતાના ચોપડામાં 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો' એમ લખી એમની લબ્ધિની વાંછના કરે છે અને બેસતા વર્ષના મંગલ પ્રભાતે ગૌતમસ્વામીના પદો, સ્તવનો અને છંદો ભાવવિભોર બનીને ગાઈને પ્રભાતને પાવન બનાવે છે. ગૌતમસ્વામીના વિરાટ અને બહુમુખી વ્યક્તિત્વને પામવું સરળ નથી. તેઓ જેટલા મહાન તત્ત્વજ્ઞાની હતા એટલા જ ઉદારમના મહાપુરુષ હતા. ગૃહસ્થાવસ્થામાં ચૌદ વિદ્યાના પારંગત હતા, તો ભગવાન મહાવીરના શિષ્ય બનીને ચૌદ પૂર્વમાં પારંગત બન્યા. જ્ઞાનની ગરિમાએ બિરાજતા હતા, તેમ છતાં નમ્રાતિનમ્ર હતા. અનેક જીવોના ઉદ્ધારક હોવા છતાં અને એમના નામે ચહેરા પર ઉલ્લાસ અને તેજસ્વિતા છલકાતા હતા.

ગુરુ ગૌતમસ્વામીએ જે સમયે દીક્ષા લીધી તે પળથી જ સાધના અને શાસનપ્રભાવના એ બે એમના જીવનકાર્ય બન્યાં. તેઓ પોતાના પરિચયમાં કદી એમ નહોતા કહેતા કે 'હું ચૌદ પૂર્વી છું. હું ચૌદ હજાર શ્રમણ અને છત્રીસ હજાર શ્રમણીઓનો પ્રમુખ ગણધર છું. હું અવધિ અને મનઃપર્યવજ્ઞાની છું. હું લબ્ધિઓનો સ્વામી છું.' પોતાનો પરિચય એટલો જ આપતા કે-'હું શ્રમણ ભગવાન મહાવીરનો શિષ્ય છું.' ન કોઈ સન્માનની

11 ગૌતમકથા 11

ગૌતમકથા D.V.D.

ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક અને હૃદય સ્પર્શી વાણીમાં ત્રણે દિવસની ગૌતમ કથાને જીવંત માણો ત્રણ ડી.વી.ડી.માં.

પ્રત્યેક ડી.વી.ડી. કથા–ચિંતન–ગીત–સંગીત અઢી કલાક

ત્રણે ડી.વી.ડી. એક સાથે એક આકર્ષક પેકિંગમાં

એક સેટ રૂા. ૩૦૦/-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો અને પેટ્રનો તેમજ છાત્રાલયો અને પુસ્તકાલયો, દેરાસર અને ઉપાશ્રયોને રૂા. ૨૭૦/– એક સાથે દશ ડી.વી.ડી. સેટ લેનારને એક ડી.વી.ડી. સેટ પ્રભાવના સ્વરૂપે.

બૅંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના CD A/C No. 003920100020260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારોને આ જ્ઞાનની ભેટ અર્પણ કરી જ્ઞાનકર્મનું પુણ્ય પ્રાપ્ત કરો. પરિવાર અને મિત્રો સાથે બેસીને આ ડી.વી.ડી. દ્વારા ગૌતમકથાનું દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે–અમૂલ્ય છે–શાશ્વત છે.

ભૂખ, ન કોઈ માનની આકાંક્ષા. અહમ્‌નું અનેરું વિગલન એમના વ્યક્તિત્વમાં થયું હતું. ખબર પડે કે સંઘનો કોઈ સાધુ કે સાધ્વી કષ્ટમાં છે, બીમાર છે તો તરત જ ગૌતમ સૌથી પહેલાં ત્યાં ઉપસ્થિત થઈ જતા.

જમાને જમાને ગુરુ ગૌતમસ્વામીની યશોગાથા રચાતી રહી છે અને ગવાતી રહી છે. શુભ કાર્યોમાં સદા સ્મરણીય અને અધ્યાત્મ પંથે સદા પૂજનીય એવા ગૌતમસ્વામી દુ:ખમાં ડૂબેલા સંસારીઓને અને સાધનાના માર્ગે ચાલતા યોગીઓને સમાનરૂપે ઉપકારક છે અને આ રીતે ગૌતમકથાની અહીં સમાપ્તિ કરતા ડૉ. કુમારપાળ દેસાઈએ ભાવવાહી વાણીમાં કહ્યું,

કથા કેટલી કરું કે એનો છેડો નથી જડતો,
પ્રયત્ન કરું ઘણો પણ પાર નથી મળતો,
પૂર્ણ હોય તેને માટે વચન નથી જડતા,
બસ, વિરાટને વંદના કરીને મૌન સ્વીકારી લઉં.

આમ ત્રણ-ત્રણ દિવસ સુધી ચાલેલી ગુરુ ગૌતમસ્વામીના જીવન અને ચિંતનની આ કથાએ શ્રોતાઓને જુદો જ અનુભવ કરાવ્યો. આજ સુધી પ્રથમવાર આ પ્રકારની તત્ત્વચિંતનસભર હૃદયસ્પર્શી વાણીમાં કથા સાંભળીને ઉપકૃત થયાનો સૌને અનુભવ થયો અને એથી જ શ્રોતાજનો તરફથી કાર્યક્રમના સંયોજક ડૉ. ધનવંત શાહે આવતે વર્ષે ઋષભકથાનું આયોજન કરવાની તીવ્ર ઇચ્છા પ્રગટ કરી હતી જે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ સ્વીકારી હતી.

આ ત્રણેય દિવસો દરમિયાન મહાવીર શાહ અને તેમના સાથીઓએ કથાના પ્રારંભ અને અંતે ધૂનથી અને વચ્ચે ગીતથી વાતાવરણ સર્જ્યું હતું. તો આ ત્રણેય દિવસના કાર્યક્રમમાં થયેલાં દીપપ્રાગટ્યમાં મુખ્ય વક્તા ડૉ. કુમારપાળ દેસાઈ સાથે પ્રમુખ રસિકલાલ શાહ, ઉપપ્રમુખ ચંદ્રકાંત ડી. શાહ, મંત્રી ડૉ. ધનવંતરાય શાહ, કોષાધ્યક્ષ ભૂપેન્દ્રભાઈ ઝવેરી, નિતીન સોનાવાલા, નવનીતલાલ શાહ પરિવાર, સ્વ. જાસુદબહેન કાંતિલાલ શાહ પરિવાર તેમજ સ્વ. શિવુભાઈ વસનજી લાઠીયા પરિવાર જોડાયા હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે યોજેલા આ વિશિષ્ટ, વિરલ અને આયોજનપૂર્વકના કાર્યક્રમને સૌએ એક અવાજે વધાવી લીધો હતો.

આ ત્રીજા દિવસની કથાના સૌજન્ય દાતા હતા શ્રી નવનીતલાલ રતનજી શાહ અને શ્રીમતી ફીઝા નવનીતલાલ શાહ-મુંબઈ.

–સંપૂર્ણ

જીવનમાં ખાલીપો જન્મે છે ત્યારે

❑ હરેશ ધોળકિયા

સંસારમાં સૌથી મોટો આઘાત કયો?

'સ્વજનના મૃત્યુનો.'–સ્વાભાવિક જવાબ આવે. શા માટે?

કારણ કે જેનો વર્ષોથી સહવાસ માણ્યો હોય, જેને પૂરા હૃદયથી ચાહ્યા હોય, પળેપળ તેનું સાંનિધ્ય ભોગવ્યું હોય, અને અચાનક તે ઊડી જાય, અદૃશ્ય થઈ જાય, ત્યારે ચિત્તમાં...જીવનમાં...એક જાતનો ખાલીપો ઊભો થાય છે. તેમાંથી વેદનાની ઊંડી અનુભૂતિ જન્મે છે. સંસાર પ્રત્યે વિરક્તિ આવી જાય છે. મગજમાં એક પ્રકારની શૂન્યતા પ્રસરી જાય છે.

આ આઘાતનો ઉપાય શું?

આશ્વાસન જ ને.

પણ આશ્વાસનથી આઘાત જાય?

શમી તો ન જાય, પણ કળ વળે ખરી.

પણ કાયમી આઘાત શમે ખરો?

ના.

તો પછી આશ્વાસનનું મૂલ્ય શું?

કેમ? વ્યક્તિને જીવવાનો સધિયારો તો મળે.

પણ તે માનસિક પંગુપણું નથી?

કેમ?

જો અચાનક મનમાં આવેશની ભરતી આવે, તો આશ્વાસનનો સધિયારો તેના સામે ઝઝૂમી શકશે? અને, માની લ્યો કે, મન શાંત છે, પણ આ શાંતિ જો આ સધિયારાને કારણે હોય, તો તે બંધન નથી થતું?

બંધન? શા માટે?

મનને શાંત રાખવાના ઉપાય તરીકે આશ્વાસનને લેવામાં આવે, તો તે પીડાશામક દવા જેવું નથી બની જતું? અને તે જાણીએ જ છીએ કે દવા જો વારંવાર લેવામાં આવે, તો તેની બે ખરાબ અસર પડે છે. એક, તેના ગુલામ થઈ જવાય છે. તે ન લેવાય તો શારીરિક અને માનસિક સમતુલા ગુમાવી બેસાય છે. અને બીજું, દવા વારંવાર લેવાથી તેની અસર ઘટતી જાય છે અને પછી અસર વધારવા ઊંચી દવા લેવી પડે છે. આશ્વાસનનું પણ આવું જ નથી? વારંવાર આશ્વાસન લેવા ભટકવું નથી પડતું? નવા નવા આશ્રયો શોધવા નથી પડતા? ટેકણ-લાકડી જેમ ગુલામી ભોગવવી નથી પડતી?

તો શું આઘાતમય રહેવું?

તેનો જવાબ શોધીએ તે પહેલાં એક ઘટનાથી તેને સમજવા પ્રયત્ન કરીએ.

પુપુલ જયકરે કૃષ્ણમૂર્તિનું જીવનચરિત્ર લખ્યું છે. તેમાં એક બનાવ નોંધ્યો છે. તેમનાં માતુશ્રી તેના પતિના મૃત્યુના કારણે શોકગ્રસ્ત હતાં. પતિના મૃત્યુને ઘણો સમય વીતી ગયો હતો. છતાં હજી તે શોકમાંથી મુક્ત થયાં ન હતાં. તેથી એક વધુ આશ્વાસન લેવા કૃષ્ણમૂર્તિ પાસે આવ્યાં હતાં. તેમણે તેના પતિ વિશે વાતો કરી અને પછી પૂછ્યું કે તે તેના પતિને ફરી મળી શકશે, ભલે આવતા જન્મમાં પણ? પુપુલ જયકરને હતું કે હમણાં

કૃષ્ણમૂર્તિ આશ્વાસનના શબ્દોથી માતાને સંતોષ આપશે.

પણ કૃષ્ણમૂર્તિના જવાબથી બધા પર જાણે બૉમ્બ પડ્યો. તે બોલ્યા, 'હું દિલગીર છું, બહેનજી, તમે ખોટી વ્યક્તિ પાસે આવ્યાં છો. તમને જોઈએ છીએ એ આશ્વાસન હું નહીં આપી શકું. તમે તમારા પતિને ફરી મળવા માગો છો. પણ ક્યા પતિને મળવા માગો છો? તમે પરણ્યા ત્યારની વ્યક્તિને? તમે યુવાન હતા ત્યારના પતિને? મૃત્યુ પામ્યા તે વ્યક્તિને કે આજે જીવતા હોત તે માણસને? ક્યા પતિને મળવા માગો છો? કારણ કે પતિ મૃત્યુ પામ્યા તે તમને પરણ્યા તે પતિ ન હતા!'

પુપુલનાં માતા તો મૂંઝાઈ ગયાં. તે એ સ્વીકારવા તૈયાર ન હતાં કે પોતે જે વ્યક્તિને ચાહતાં હતાં તે સમય સાથે પરિવર્તન પામ્યા હતા.

કૃષ્ણમૂર્તિએ આગળ કહ્યું, 'પણ શા માટે તમે તેમને મળવા માગો છો? વાસ્તવમાં તમને અફસોસ એ નથી કે તમે તમારા પતિને ગુમાવ્યા છે, પણ અફસોસ એ વાતનો છે કે તમે તેમની સ્મૃતિ ગુમાવો છો.' પછી આગળ બોલ્યા, 'શા માટે તમે તેમની સ્મૃતિ સતત જીવંત રાખવા મથો છો? શા માટે તેમને તમારા મનમાં સાકાર રાખવા ઈચ્છો છો? શા માટે તે કારણે તમે શોકમાં જીવો છો? અને સતત જીવવા ઈચ્છો છો?'

ગાલ પર સતત થપ્પડ મારતા હોય તેવા શબ્દો છે આ, નહીં? કૃષ્ણમૂર્તિ આપણને ક્રૂર લાગે! આવો જવાબ અપાય? એક દુઃખી વ્યક્તિને આવો રુક્ષ જવાબ અપાય? આ તે કોઈ મહાન માણસના લક્ષણ છે?

ઉપરછલ્લી રીતે એવું લાગે. પણ તેમનો જવાબ નિર્ભેળ સત્ય છે. આપણે આશ્વાસનોના ઘેનથી એવા ટેવાઈ ગયા છીએ કે તેનું વ્યસન પડી ગયું છે. તેનું બંધન થઈ ગયું છે. તેના વિના જીવી શકાય તેવી કલ્પના જ નથી કરી શકાતી. તેના વિના જીવન હોઈ શકે તેમ માની નથી શકાતું.

પણ તેથી જીવન પંગુ થઈ જાય છે. મોટા ભાગની શોકગ્રસ્ત વ્યક્તિઓ તેથી જ સતત એકાકી જીવન જીવે છે. બાકીનાં જીવનને ખલાસ કરી નાખે છે. ક્યારેક એવું બનતું હશે કે સ્મૃતિ વ્યક્તિને પ્રેરણા આપે અને કશાક હેતુથી જીવે, જીવનને ઉદાત્ત બનાવે, પણ મોટા ભાગની વ્યક્તિઓ તો મનથી મૃત થઈ જાય છે.

તેને બદલે તેનું જો પૃથક્કરણ કરવામાં આવે, તો આશ્વાસન નહીં, સમાધાન મળશે. આશ્વાસન એ ઘેન છે. સમાધાન તર્કયુક્ત જવાબ છે. તેનાથી મગજ ધુમ્મસિયું નહીં બને. સ્પષ્ટ બનશે અને સ્વસ્થતા તરફ દોરાશે. તેમાંથી, પ્રથમ તો એ ખ્યાલ આવશે કે વ્યક્તિનું મૃત્યુ એ ભાન કરાવી ગયું કે પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ ન હતું. બીજા પર આધારિત થઈ વ્યક્તિ સમગ્ર જીવન જીવી. પોતાની અસ્મિતા પ્રગટાવી જ નહીં... અને હવે મૃત્યુએ ધક્કો માર્યો. હવે કોના આધારે જિવાશે! સતત આધારની ટેવ જીવનને માંદલું કરી નાખે છે. તે જ્યારે ખસી જાય છે, ત્યારે વ્યક્તિના જવાનો કે તેનો પ્રેમ ગુમાવ્યાનો આઘાત થવાના બદલે 'આધાર ગયાનો' મોટો આઘાત લાગે છે. કારણ કે જો કેવળ પ્રેમ હોય, તો વ્યક્તિ નિર્ગુણ સ્વરૂપમાં પણ વિચાર સ્વરૂપે હાજર હોય છે. તેના વિચારોની દોસ્તી, તેના પ્રેમની સુગંધ, જીવવાની પ્રેરણા આપે છે. પણ કેવળ દેહનો આધાર હોય તો વ્યક્તિ અસ્વસ્થ થઈ જાય છે. પછી તે આશ્વાસનો શોધે છે. કામ–સંતાનો–સામાજિક સેવા...વગેરેનો આશ્રય લે છે. પણ તે બધાં ટેકારૂપ થવાનાં. કોઈ કાયમી સમાધાન નથી આપી શકતાં. થોડો સમય ચિત્તભ્રમ પેદા કરી ભૂલવામાં સહાયરૂપ થાય છે. પણ ક્યારે આ ભ્રમ ઊડી જશે તે નક્કી ન હોવાથી મનમાં સતત ફડકો રહે છે. સમાધાન આ પંગુતાનું દર્શન કરાવે છે.

સમાધાન ઘણી વાર એક ન ગમે તેવી વાતને પણ કરાવશે. મૃત વ્યક્તિ જીવતી હતી ત્યારે તેના સાથે સ્વસ્થતાથી ન જીવાયું. બંને વચ્ચે મેળ ન હતો. ઝઘડા–મનભેદ વગેરેથી સતત ઉકળાટ રહ્યો. જીવનભર સાથે રહ્યાં પણ સહવાસ ન થયો. મનથી તો અલગ જ રહ્યાં. એટલે, મૃત્યુ પછી એક અપરાધભાવ પેદા થાય છે કે...'અરેરે! મેં તેને સુખ ન આપ્યું.' મૃત્યુ પછી વ્યક્તિ હંમેશાં મોટી બની જાય છે. તેનું મૂલ્ય વધી જાય છે. ત્યારે પોતા તરફથી અપાયેલ ઓછપ કઠે છે. મનમાં દ્વંદ્વ ઊભો થાય છે. એક બાજુ જીવતી હતી ત્યારની વ્યક્તિની અણગમતી બાબતોથી તેની સ્મૃતિ ઘટતી જાય છે કે ભૂલવાનો પ્રયત્ન કરાય છે, તો બીજી બાજુ અપરાધભાવવાળું મન તે સ્મૃતિને જીવંત રાખવા પ્રયાસ કરે છે. તેથી પણ અસ્વસ્થતા ઉત્પન્ન થાય છે. શોક મૃત્યુનો નથી, પોતે કશુંક ખોટું કર્યું છે તેનો છે.

પણ સમાધાન તો આ બન્નેને અતિક્રમશે. પંગુતા અને અપરાધભાવવાળાં મનને દૂર કરશે. તે લાવશે અખંડ જાગૃતિ. આ જાગૃતિ એક વાતનું ભાન કરાવશે કે જીવન સતત પરિવર્તનશીલ છે. બધું જ નાશવંત છે. તેથી જેટલી ક્ષણો, જેટલો સમય છે અને તેમાં જે વ્યક્તિ સાથે જીવવાનું છે, તેના સાથેનો આનંદ માણી લેવો. પૂરો સહવાસ માણવો. વ્યર્થ વાતો-વિવાદોમાં સમય ન બગાડવો. પૂર્ણ પ્રેમ કરી લેવો. જો આ કરી શકાય તો પછી અધૂરાશ નહીં લાગે. મૃત્યુ ગમશે નહીં, પણ પ્રેમની ઉષ્મા વ્યક્તિને સ્વસ્થ રાખશે.

જાગૃતિ બીજી એ બાબતનું ભાન કરાવશે કે જ્યારે બધું જ પરિવર્તનશીલ છે, તો પછી સ્થિરતા અને સાતત્યનો આગ્રહ જ વ્યર્થ છે. બધું હતું તેવું જ હોય એ શક્ય જ નથી. તેથી જેના સાથે સંપર્કમાં હોઈશું, તે ગમે ત્યારે જઈ શકે છે તેનું સતત ભાન રાખવાનું છે. અને જો આ ભાન રહેશે, તો તે વ્યક્તિ મૃત્યુ પામશે ત્યારે આઘાતની શક્યતા જ નહીં રહે. 'જાતસ્ય હી ધ્રુવોર્મૃત્યુ'– જન્મેલાનું મૃત્યુ નક્કી છે–ની અનુભૂતિ વ્યક્તિને સ્વસ્થ રાખશે. તેથી જીવંતતાની ક્ષણને માણી શકશે અને મૃત્યુની ક્ષણને સ્વસ્થતાથી સ્વીકારી શકશે.

તો શું આવી વ્યક્તિને આઘાત લાગશે જ નહીં?

આવેશના અર્થમાં જોઈએ તો નહીં લાગે. પણ તેથી તે જડ છે

એમ ન માનવું. તેની ઊંડી સંવેદનશીલતા સ્વસ્થ બની હોવાથી તે તથ્યને જોઈ શકશે. તેથી વ્યક્તિની ગેરહાજરી ન ગમવા છતાં તેને તે અસ્વસ્થ કરી શકશે નહીં. તે જીવનને અખિલાઈ (totality)ના સંદર્ભમાં જોતી હોવાથી આવાગમનને સ્વાભાવિક માનશે. આપણી ભાષામાં તે આઘાતને પચાવી જશે. તેની સમાજના અર્થમાં તે 'જે' છે તેને તેવું જ જોશે. તેમાં નહીં હોય આઘાત, નહીં પચાવવું પડે. માત્ર તથ્યનું દર્શન કરશે. તેમાં ભાવ કેવા હશે? નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધવા.' તથ્યની સ્મૃતિ સતત ઝળહળતી હશે તેના અંતરમાં.

તો કૃષ્ણમૂર્તિનો જવાબ સમજાઈ જશે.

અને અંતરમાં સમજનો દીવડો પ્રગટશે.

(સૌજન્ય 'નવચેતન') ✷✷✷

ન્યૂ મિન્ટ રોડ, ભૂજ, કચ્છ-૩૭૦ ૦૦૧

શ્રી શંકરરાવજીની જૈનસાધના-નિષ્પન્ન ચિત્ર-સર્જના : જિનવાણી

'સરસ્વતી સહસ્રદલ કમલ'માં તેનું સર્વોચ્ચ-સ્વરૂપ

□ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

શ્રી શંકરરાવ કર્ણાટકના રાયચુરમાં ઈ. સ. ૧૯૨૭માં જન્મેલા એક ક્ષત્રિયકુળમાં. અત્યંત ગરીબી પિતાશ્રી રાજારામ હુંડેકરની. આ કારણે શાળાનું શિક્ષણ પણ પૂર્ણ નહીં કરી શકેલા. શંકરરાવમાં ચિત્ર-પ્રતિભા તો નાનપણથી જ. માત્ર આઠ વર્ષની બાળવયે રાજા રામવર્માની ચિત્રશૈલીમાં ચિતરેલા તેમના એક ચિત્ર ('તારાનાથ' શીર્ષકના)એ તેમને મોટો પુરસ્કાર અપાવેલો. એ પછી તેઓ ચિત્રકલા શીખતા શીખતા `Diploma in Fine Arts' શાળાની ભૂમિકા વિના પણ મેળવી શકેલા ને ચિત્રો સર્જતા રહેલા. રાયચુર, હૈદ્રાબાદ ને પછી બેંગલોર આવીને વસ્યા-૧૯૩૦ થી.

તેમના ક્ષત્રિય પરિવારે જૈન ધર્મ અપનાવેલો. તેમના આ જૈન સંસ્કારોને દૃઢ કરવામાં, રાજસ્થાનની યાત્રાએ જતાં જૈનાચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે પોતાના વાત્સલ્યમય પ્રેમથી સારો ફાળો આપેલો. આ જ સંસ્કારો પછી આચાર્યશ્રી પૂર્ણાનંદસૂરીશ્વરજીની નિશ્રાની ઉપધાન તપ સાધના દરમ્યાન પૂર્ણરૂપે ખીલ્યા. તે એટલે સુધી કે ઉપધાનકાળ બાદ તેમના જિનપૂજા-પ્રતિક્રમણાદિના નિત્યના સાધનાક્રમમાં તેમણે દિવસભરની એકધારી એક બેઠકની ચિત્રકલા સાધના પછી રાતે સૂર્યાસ્ત પછી ચિત્ર-રંગ ભરવાનું ટાળ્યું હતું-રાતે એ રંગીન ચિત્રો પર ભૂલેચૂકે પણ કોઈ જીવજંતુ આવીને ચિપકી ન જાય અને જીવન રહિત થઈ ન જાય તેવી જીવદયાની કરુણાભાવનાથી! મેં આ નજરે નિહાળેલું. રાતે તેઓ પ્રતિક્રમણ અને ભક્તિ-સ્વાધ્યાય-ધર્મચર્ચા આદિમાં જ પ્રાયઃ વ્યસ્ત રહેતા.

આ ગાળામાં મુનિશ્રી કેવલવિજયજી, આચાર્યશ્રી ભુવનભાનુ સૂરિશ્વરજી અને કદાચ સૌથી વિશેષ આચાર્યશ્રી વિશાળસેન સૂરીશ્વરજીનાં શ્રી શંકરરાવજીને પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં રહ્યાં. ૧૯૬૦ થી બેંગલોરનું વિશ્વેશ્વરપુરમ્ જિનાલય નિકટનું સાવ નાનું ભાડાનું મકાન તેમના પાંચ પરિવારજનો-ત્રણ મેધાવી પુત્રીઓ અને પોતે દંપતીનું નિવાસસ્થાન બન્યું. પુણિયા શ્રાવકવત્ આ અકિંચન જીવનમાં પણ તેમની મસ્તી અને જિનભક્તિભરી કલા સાધના ચાલી. તેમણે વસ્તુપાળ-તેજપાળ, ધન્નાશાળીભદ્ર વગેરે ત્રીસથી વધુ જૈન કથા ચિત્રોની ચિરસ્મરણીય કલાશૃંખલા સર્જી જે જૈન મિશન સોસાયટી, મદ્રાસ દ્વારા પ્રકાશિત થયેલી. તેના ગણ્યા-ગાંઠ્યા વેરવિખેર ચિત્રો ઘણા પાસે છે અને ઘણા તેમના નામ (કોપીરાઈટ તો દૂર!)નો સૌજન્ય-ઉલ્લેખ કર્યા વિના ઉપયોગ કરે છે પુનર્મુદ્રણમાં! 'સચિત્ર નવકાર' જેવી પુસ્તિકામાં પણ તેમણે પોતાની જૈનકલા શૈલી પાથરી.

આ પછી તેમણે શ્રી સિદ્ધચક્રજી , શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, ભગવાન મહાવીર ઈત્યાદિ જૈનકલાના હૂબહૂ અભિગમો અને જૈનશિલ્પના 'સમચતુરસ્રસંસ્થાન' આદિ જિન-પ્રતિમાચિત્ર-સિદ્ધાંતો અનુસાર, ચિત્રિત કર્યાં એ આજે પણ બેંગલોરના ચિકપેટ જૈન મંદિરમાં સ્થાપિત છે. જ્યારે તેમની કેટલીક ઉત્તમ ઉપલબ્ધ કલાકૃતિઓ તેમના ઉપર્યુક્ત સર્વાધિક પ્રોત્સાહક અને કલા, કવિત્વ ને સંગીતના મર્મજ્ઞ એવા આચાર્યશ્રી વિશાળસેનસૂરીશ્વરજીના પાલીતાણા સ્થિત 'વિશાળ જૈન કલા સંગ્રહાલય' (Vishal Jain Museum)માં સચવાઈને પ્રદર્શિત કરાઈ છે. એ કલાચિત્ર કૃતિઓમાં મહત્ત્વપૂર્ણ અને ચિરંતન કૃતિ છે 'સહસ્રદલ સરસ્વતી'. આની બીજી હૂબહૂ સ્પષ્ટ વિશાળ કૃતિ આ લેખકના સાધનાકક્ષની દિવાલે વિરાજિત છે, જેની પ્રતિકૃતિ જૈન વિશ્વના તીર્થંકર 'ભગવાન મહાવીર' ચિત્ર સંપુટના અમર નિર્માણ સાહિત્યકલારત્ન પૂ. આ. શ્રી યશોદેવસૂરીશ્વરજીને પણ દર્શાવાતાં તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી. શ્રી શંકરરાવજીને તેમના સમક્ષ લાવવાનું મને કહ્યું હતું. એ કૃતિ તેમના આ ચિત્ર સંપુટ જોડે કલકત્તામાં ૨૦૦૧ના ૨૬૦૦માં 'મહાવીર જન્મોત્સવ'માં અમારું 'મહાવીર દર્શન'

મા-સરસ્વતી ચિત્ર

'પ્રબુદ્ધ જીવન' જુન ૨૦૧૧ અંક

'પ્રબુદ્ધ જીવન'ના ઉપરોક્ત અંકમાં પ્રકાશિત થયેલ મા સરસ્વતીના ચિત્ર વિષે વિશેષ વિગતોની જાણકારી બેંગલોરથી પ્રા. પ્રતાપકુમાર ટોલિયા દ્વારા અમને પ્રાપ્ત થઈ છે જે એઓશ્રીના ઋણ સ્વીકાર સાથે અમો અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

-તંત્રી

પ્રસ્તુત કરવા જતાં પ્રદર્શનમાં પણ મૂકાઈ હતી અને બંગાળના અનેક કલા-મર્મજ્ઞોએ ભારોભાર પ્રસંશી હતી. તેની પ્રતિઓ પણ અમારી પાસેથી પ્રેમથી પ્રાપ્ત કરી હતી.

હવે હાલમાં જ **'પ્રબુદ્ધ જીવન'**ના આર્ષદૃષ્ટિસંપન્ન તંત્રીશ્રીએ પત્રના મુખપૃષ્ઠ પર જે દુર્લભ અને કળામય સરસ્વતી ચિત્ર શૃંખલાનો સ્તુત્ય, અનુમોદનીય અભિગમ આરંભ્યો છે તે માટે આ **'સહસ્રદલ સરસ્વતી'** ચિત્ર તેમને મોકલવા મેં તત્પરતા સપ્રેમ દાખવી. તે હજુ મોકલું છું ત્યાં તો **'પ્રબુદ્ધ જીવન'ના જૂનના અંક પર આ જ** (સહેજ ઝાંખું છતાં) ચિત્ર જોતાં આનંદ થયો, તો સાથે સહેજ ખેદ પણ. ખેદ બે કારણે કે, એક તો ચિત્ર નીચે કલાકારનું નામ નથી અને બીજું એ 'કોઈ બ્રાહ્મણ ચિત્રકાર પાસે તૈયાર કરાવ્યા'નું અપૂર્ણ વિધાન સદ્‌ભાવી પ્રેષક-મિત્રે કર્યું છે તેથી. પૂ. આચાર્યશ્રી ભુવન ભાનુસૂરિજનો પણ બેંગલોરમાં નિકટનો પરિચય અમારો–શ્રી શંકરરાવજીનો અને મારો–બંનેનો રહ્યો છે. તેઓશ્રીએ શ્રી શંકરરાવજીને આ માટે કલ્પના આપી હોય તો જાણ નથી, પરંતુ તેમના શિષ્ય મુનિશ્રી નંદિભૂષણજીએ શ્રી શંકરરાવજીની એ ચિત્રના નિર્માતા તરીકે જાણ રાખી જણાતી નથી. ગમે તેમ, આ ચિત્રના સર્જક શ્રી શંકરરાવજી જ છે અને તેઓ ૧૯૯૧ ઈ.સ.માં ધર્મસમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા પછી તેમની સાધિકા સુપુત્રી કુ. ગીતાંજલિ શંકરરાવ જૈન અને વિશાળ જૈન કલા સંગ્રહાલય પાલીતાણા તેના સ્વાધિકાર ધરાવતા હોઈ ચિત્ર નીચે તેનો સ્પષ્ટ સૌજન્ય-સ્વીકાર સૌ કોઈ ઉપયોગ કર્તાઓએ કરવો ધાર્ય અને આવશ્યક છે–ખાસ કરીને જૈન સમાજે. ઉપર્યુક્ત તીર્થંકર મહાવીર ચિત્રસંપુટનો અને પૂ. આચાર્યશ્રી યશોદેવસૂરીશ્વરજીનો પણ આવો સૌજન્ય-સ્વીકાર ભાગ્યે જ થાય છે, એ અહોભાવથી પ્રતિકૃતિ કરવા છતાં નાની-શી નીતિધર્મ વિષયક આપણી ચ્યુતિ નથી? અસ્તુ.

સ્વ. શ્રી શંકરરાવજીની પ્રસ્તુત 'સહસ્રદલ સરસ્વતી' ચિત્રકૃતિના નિર્માણ સમયનો તેમનો આ કલ્યાણમિત્ર સાક્ષી રહેલ છે. તેમની આ પરિકલ્પના પાછળ બીજા તો જે કોઈ જૈન આચાર્ય ભગવંતોની કલ્પના-પ્રેરણા હોય તો હોય, પણ તેમની સાથે અવારનવારની જેમ આ ચિત્રકૃતિ વિષે પણ ચિંતના થયેલી તેની સ્પષ્ટ સ્મૃતિ છે. તેમાં જૈન યોગશાસ્ત્રોમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, હરિભદ્રસૂરિ, શુભચંદ્રાચાર્ય આદિએ યોગસાધનમાં જે સહસ્રદળ કમળની બ્રહ્મરંધ્રમાં વિભાવના કરી છે તેનો સંકેત છે. જૈન યોગસાધનમાં જિનાજ્ઞા-સદ્‌ગુરુ આજ્ઞાનું સાધકાત્માની વિકસિત અવસ્થા સુધી પ્રાધાન્ય છે કે જ્યાંસુધી તેનું નિજત્વ-શુદ્ધાત્મત્વ-જિનત્વ સમાન ન બની રહે. અહીં સહસ્રદળ કમળમાં આત્માની પ્રસ્થાપના પણ જિનાજ્ઞા, જિનવાણીને અનુસરીને થાય તેવી અપેક્ષા રહી છે. આથી એ 'જિનવાણી રૂપી સરસ્વતી' સહસ્રદળ કમળ ઉપર વિરાજિત કરી છે. ચિત્રકારે–સ્વયં આત્મસાધક એવા ચિત્રકાર શ્રી શંકરરાવે આ ભાવ આ ચિત્રમાં ભરવા મહિનાઓ સુધી પરિશ્રમ કર્યો હતો. સરસ્વતીના આસનમાં સહેજ નાનીશી ક્ષતિ રહી જવા સિવાય તેઓ આ ચિત્ર નિર્માણમાં, દેવગુરુ-અનુગ્રહથી, ભારે સફળ રહ્યા છે. ભવિષ્યનો કલા-મૂલ્યાંકન કરનાર જૈન સમાજ એની પ્રતીતિ કરશે. આજકાલના ચિત્રકારોના લાખો ડોલરમાં વેચાાત ચિત્રો કરતાં પણ આનું મૂલ્ય વધુ થવું જોઈએ અને તેવા મૂલ્યની પ્રાપ્તિ દ્વારા તેમની સાધિકાસુપુત્રી અને બીજી સાધ્વી પુત્રીને જૈન સમાજે બિરદાવવી–સન્માનવી જોઈએ. ભલે સ્વયં 'પુણિયા શ્રાવક કલાકાર શંકરરાવજી' પ્રતિકૂળ સંયોગોમાં જીવી ગયા! અત્યારે તેમની 'જૈનકલા' સંસ્થા તેમાંથી નિર્માણ થવી જોઈએ.

અહીં તેમની આ સ્વનામધન્યા સુપુત્રીઓનો ઉલ્લેખ કરી વિરમતાં પહેલાં અમારી મહત્ત્વની વાત પણ કરી લેવી આવશ્યક સમજું છું, કારણ કે અમારી વર્ધમાનભારતી જિનભારતીની પણ અનેક સંગીતકૃતિઓને તેમની દૃષ્ટિપૂત ચિત્રકલાનું સૌભાગ્ય સાંપડ્યું છે. અમારી સર્વ સ્વીકૃત સર્વપ્રથમ એલ.પી. રેકર્ડ 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના જેકેટ કવરને શ્રી શંકરરાવજીએ તેમાંની 'સર્વ જીવ છે સિદ્ધસમ' પંક્તિને જાણે સિદ્ધ કરતાં, સિદ્ધના આકારમાં કૃતિકર્તા શ્રીમદ્ રાજચંદ્રજીને ચિત્રિત કર્યા. તે જ રીતે તેમને જિનાજ્ઞા આધીન બતાવવા વિતરાગ મુદ્રા નીચે મૂક્યા 'પરમગુરુ પદ' કૃતિના જેકેટ પર. તો આબુ-અરવલ્લિ વન અને ગુફા દ્વારા પ્રતિષ્ઠિત કર્યા 'મહાયોગી આનંદઘનજી'ના જેકેટ પર. તે જ રીતે 'મહાવીર દર્શન' અને 'કલ્પસૂત્ર'ના જેકેટ કવરો પર ૧૪ સ્વપ્નો, અષ્ટમંગલ અને પાંચ કલ્યાણકો આલેખીને કૃતિ વિષયોને સાકાર કર્યા. અનેક રેકર્ડ કૃતિઓને તેમની ચિત્ર-વાણી જાણે આપી.

અંતમાં, આ મહાન જીવન-કલાકારે જૈન સમાજને આ ન માત્ર ચિત્ર-રત્નો આપ્યાં, પરંતુ તેમની ત્રણેય શીલસંપન્ન સુપુત્રીઓરૂપી સાધ્વી–સાધિકારત્નો પણ આપ્યાં. ઉપર્યુક્ત સાધિકા બાલ-બ્રહ્મચારિણી, કુમારી ગીતાંજલિથી બે મોટી બેનો સાધ્વી વિશાલનંદિની હમણાં જ વિરાર ચાતુર્માસ પછી માર્ગ અકસ્માત બાદ સ્વર્ગવાસી થયેલ છે અને બીજા સતત સ્વાધ્યાય-રત સાધ્વીશ્રી રાજનંદિની કે જેમણે ઉત્તરાધ્યયન સૂત્ર જેવા અનેક આગમગ્રંથો કંઠસ્થ કર્યા છે, પોતાનો અદ્‌ભુત રત્નત્રયી સાધ્વીધર્મ અજવાળી રહ્યાં છે. તેઓ અત્યારે પાલીતાણામાં ઉપર્યુક્ત વિશાળ જૈન કલા સંગ્રહાલયે જ સાધનારત છે. તેમના જીવન નિર્માણમાં જેટલો તેમના પિતાશ્રી શંકરરાવજીનો ફાળો છે, તેટલો જ તેમના દીક્ષા-પ્રદાતા ઉપકારક આચાર્યશ્રી વિશાળસેન સૂરીશ્વરજીનો. આ

વર્ધમાન ભારતી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન
પ્રભાત કૉમ્પલેક્ષ, કે. જી. રોડ, બેંગલોર–૫૬૦ ૦૦૯
૧૫૮૦, કુમારસ્વામી લેઆઉટ, બેંગલોર–૫૬૦ ૦૭૮
ફોન : ૦૮૦-૨૨૫૧૫૫૨, ૨૬૬૬૭૮૮૨.

જયભિખ્ખુ જીવનધારા : ૩૦

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક જયભિખ્ખુએ જીવનભર સરસ્વતીની ઉપાસના કરવાનું અસિધારા વ્રત લીધું હતું અને એને પરિણામે યુવાનીમાં આ સર્જકને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડ્યો. પોતાના સર્જનકાળના પ્રારંભમાં જયભિખ્ખુએ કરેલી મથામણ અને પ્રાપ્ત કરેલા અનુભવો જોઈએ આ ત્રીસમાં પ્રકરણમાં.]

સેવાધર્મ પરમ ગહનો

યુવાન સર્જક જયભિખ્ખુ વિપુલ જૈન સાહિત્યમાં નિહિત માનવમૂલ્યોની મહત્તા પર નજર ઠેરવે છે અને એમને એવો અનુભવ થાય છે કે આ કથાઓમાં તો વર્તમાન યુગને અનુરૂપ અને માર્ગદર્શક સંદેશ રહેલો છે, આથી આ શાશ્વત કે ઉપયોગી સંદેશને એમણે નવલકથા, નવલિકા, અને ચરિત્રો દ્વારા પ્રગટ કરવાનો પડકાર ઝીલી લીધો. એક સાવ નવી જ ભૂમિ પર કલમ-પ્રવાસ ખેડવાનું એમણે નક્કી કર્યું.

જયભિખ્ખુએ વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન શિવપુરીના ગુરુકુળમાં જૈન સાધુઓ પાસે અભ્યાસ કર્યો. સાધુપુરુષો સાથેના દીર્ઘ વિહારમાં એમની જીવનચર્યાને જોવાની અને એમનાં તપ-તિતિક્ષા જાણવાની તક મળી. જયભિખ્ખુએ આલેખેલાં સાધુઓનાં ચરિત્રોને કારણે એમને સાધુતા અને નિસ્પૃહીપણું જોવા મળ્યું. પરંતુ એ પછી સૌરાષ્ટ્રના ભાવનગર પાસે આવેલા સોનગઢના શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં જાય છે. અહીં જવાનો હેતુ એ હતો કે એમની બહેન હીરાબહેનને બરોળનો ભારે દુઃખાવો હતો અને તેઓ સોનગઢ આશ્રમમાં રહીને આશ્રમના અધિષ્ઠાતા શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ (બાપા)ની સારવાર લેતા હતા. પોતાની બહેનની તબિયત જોવા માટે અગાઉ એમના નાનાભાઈ છબીલભાઈ દેસાઈ ગયા હતા. જયભિખ્ખુએ ૨૦મી નવેમ્બરે વહેલી સવારે અમદાવાદના કાળુપુર સ્ટેશનેથી બેસીને સોનગઢનો પ્રવાસ શરૂ કર્યો. એમાં વચ્ચે બોટાદ આવતું હતું. અને આ બોટાદ ગામમાં ઝવેરચંદ મેઘાણી રહેતા હતા. તેઓ ઝવેરચંદ મેઘાણીને મળ્યા. બન્ને વચ્ચે આત્મીય સંબંધ હતો અને ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોનું પ્રૂફરિડીંગ પણ જયભિખ્ખુ સંભાળતા હતાં.

સોનગઢમાં કલ્યાણચંદ્રજી મહારાજનો મેળાપ થયો. તેઓ તેમની સેવાભાવનાને કારણે સર્વત્ર 'બાપા' તરીકે ઓળખાતા હતા. એમણે આ યુવાન લેખકને હૃદયના ઉમળકાથી આવકાર આપ્યો. પછીને દિવસે જયભિખ્ખુએ પૂજ્ય કલ્યાણચંદ્રજી મહારાજનું દવાખાનું અને ઔષધો જોયાં, ત્યારે એમને લોકકલ્યાણના પુણ્યપ્રવાસી એવા કલ્યાણચંદ્રજી મહારાજના કાર્યનો મનભર અનુભવ થયો. આજસુધી 'જયભિખ્ખુ'ને જે સાધુઓનો પરિચય હતો તેઓ કાં તો આત્મસાધક સાધુઓ હતા અથવા તો શાસ્ત્રજ્ઞ સાધુઓ હતા, પરંતુ લોકકલ્યાણને પોતાનું જીવનધ્યેય બનાવીને અને એ રીતે જૈનધર્મની અહિંસા અને કરુણાની ભાવનાને જીવંતરૂપે સાકાર કરનાર સાધુઓ એમણે જોયા નહોતા.

શ્રી કલ્યાણચંદ્રજી મહારાજને જોતાં એમને લાગ્યું કે જૈન ધર્મની દયા અને અહિંસાની ભાવનાને એમણે શોભાવી જાણી છે. એમણે મહારાજશ્રીનું માનવસેવા અને કરુણાથી નીતરતું ભીનું હૃદય જોયું અને બીજાની વેદના પોતના ચિત્તમાં ધારણ કરનારું મન જોયું. કોઈપણ દુઃખી કે રોગીને જુએ એટલે એમનું હૃદય પોકાર કરી ઊઠતું હતું. આવા દુઃખી અને રોગી માનવીઓને એ ઔષધો આપતા અને મોટા ભાગની દવાઓ પોતાની નજર અને માર્ગદર્શન હેઠળ તૈયાર કરાવતા હતા.

જયભિખ્ખુએ જોયું કે મહારાજશ્રીની કરુણા દૃષ્ટિ અને સારવારનો લાભ ગરીબ કે તવંગર સૌને સમાન રીતે મળતો હતો. લોકકલ્યાણનો અહર્નિશ પ્રયાસ કરતા આ સાધુને જોઈને જયભિખ્ખુને એક વિલક્ષણ અનુભવ થયો. એમના અંતરમાં ભાવનાઓ જાગી ઊઠી અને જીવનપર્યંત જળવાયેલા આ સંબંધના ઉઘાડના દિવસે, જયભિખ્ખુ ૧૯૪૫ની ૨૧મી નવેમ્બરે પોતાની રોજનીશીમાં નોંધે છે,

'સાધુતાનો અર્થ નિષ્ક્રિયતા, આભડછેટ દૂર થવો ઘટે. જે સાધુ લોકસેવા સાધે, તેને લોકોની સેવા કરવાનો હક્ક. આત્માના સાધનાર સ્વાર્થપ્રિય સાધુએ લોકો તરફના આદરનો લોભ ન રાખવો ઘટે.'

અહીં જયભિખ્ખુના ચિત્તમાં શ્રી કલ્યાણચંદ્રજી મહારાજના પ્રથમ મેળાપથી જાગેલા વિચારો પ્રગટ થયા છે. સાધુતાને સેવા, સક્રિયતા અને માનવતા સાથે સંલગ્ન જોઈને આવું બને એ સ્વાભાવિક હતું, કારણ કે સોનગઢના આ આશ્રમમાં ગરીબ દર્દીને પણ ઉત્તમ અને મોંઘી દવા એક પૈસો પણ લીધા વિના મળતી હતી. અહીં જાતિ કે આર્થિક સ્થિતિનો કોઈ ભેદ ન હતો. વળી એવું પણ બનતું કે કોઈ દર્દી અત્યંત ગરીબ હોય તો 'બિચારો દૂધ પણ ક્યાંથી લાવશે' એવા વિચારથી પ્રેરાઈને શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ એને મદદ કરવાનું સૂચવતા અને એને જરૂરી મદદ મળી રહે એની ખેવના રાખતા.

કલ્યાણચંદ્રજી મહારાજનો ભરાવદાર દેહ, લાંબી ફરકતી શ્વેત દાઢી, ગોળ મુખાકૃતિ, ચહેરા પર સદાય હાસ્ય અને નાની આંખોમાં

વિરાટ કરુણાનો અનુભવ થતો. એમની આપાસ સદૈવ વાત્સલ્યનું વાતાવરણ સર્જાઈ જતું. એક અર્થમાં તેઓ વિશાળ વડલાની શીતળ છાયા સમાન હતા. વિદ્વાનો અને કલાકારો પ્રત્યે એમને ભારે સ્નેહ હતો. એનો પ્રત્યક્ષ અનુભવ પહેલી જ મુલાકાતમાં જયભિખ્ખુને થયો અને એટલે જ જયભિખ્ખુએ થોડા દિવસ રહીને જે અનુભવ કર્યો, તેને અંતે તેઓ નોંધે છે:

'સોનગઢમાં બે આશ્રમ છે. એક દેહના દર્દનો છે. બીજો આત્માનો છે. દેહના સુખ-દુ:ખ દેખાય છે. આત્માને તો કોણે જોયો-જાણ્યો છે? આત્માને નામે આર્યાવર્તે શું અલ્પ ત્રાસ સહન કર્યા છે.'

સોનગઢમાં જયભિખ્ખુએ પૂજ્ય કાનજીસ્વામીના આશ્રમની મુલાકાત લીધી હતી, તેમજ તેમનાં વ્યાખ્યાન-શ્રવણનો લાભ લીધો હતો. પણ યુવાન જયભિખ્ખુને ચોમેર જોવા મળતી વેદના , બિમારી અને ભૂખમરો આ પ્રકારના ચિંતન તરફ પ્રેરે છે. એમાં સોનગઢના આશ્રમમાં જે રીતે બિમારની ચિંતા સેવતા શ્રી કલ્યાણચંદ્રજી મહારાજને જુએ છે, ત્યારે સાક્ષાત્ જીવંત કરુણાનો અનુભવ થાય છે. માનવતનાં મૂલ્યોની શોધ કરતા સર્જકના ચિત્તને માનવતાના કલ્યાણની ખેવના કરતી ધર્મપ્રવૃત્તિમાં વધુ આસ્થા પ્રગટે છે. આ પ્રસંગે એમના બહેન હીરાબહેનની તબિયત વધુ બગડે છે, ત્યારે બાપાના એક ડોઝથી એમને આરામ થઈ ગયો, એવી નોંધ મળે છે.

સર્જક જયભિખ્ખુને કલ્યાણચંદ્રજી બાપાના પ્રભાવનો અનુભવ થયો, પણ એની સાથોસાથ સોનગઢના સુંદર વાતાવરણનો એમના ચિત્ત પર પ્રભાવ પડ્યો. એમણે નોંધ્યું,

'સોનગઢનું વાતાવરણ સુંદર છે. વર્ષમાં બે એક માસ અત્રે રહેવા જેવું છે. નદીકિનારો, આંબાવાડિયાં, ખુલ્લાં તપતાં ખેતરો, સ્વચ્છંદ હવા અને સાથે સાથે નિર્જનતાને દૂર કરતા આશ્રમ, ગુરુકુળ, હાઈસ્કૂલ વગેરે.'

આ સમયે આશ્રમના મૂલ્યલક્ષી પાક્ષિક સામયિક 'સમયધર્મ'ને માટે જયભિખ્ખુએ વાર્તા લખવાના સૂચનનો પણ સ્વીકાર કર્યો અને પછી વખતોવખત જયભિખ્ખુ આ આશ્રમમાં આવતા હતા. શ્રી કલ્યાણચંદ્રજી મહારાજનો સત્સંગ સેવતા હતા. સાંજે આશ્રમની વચ્ચે આવેલા એક વૃક્ષ નીચે ડાયરો જામતો હતો, બધા અખબારો વાંચતા હોય. વિદ્યાર્થીઓ પ્રાંગણમાં ફૂટબૉલ ખેલતા હોય. મહારાજશ્રીની નજર ચાલતી વાતોની સાથે ખેલાતી ફૂટબૉલની રમત પર ઘૂમતી હોય. કોઈ ખેલાડી ખોટી રીતે ગોલ કરે, તો એને બોલાવીને ખેલદિલીનો ભંગ કરવા બદલ ઠપકો પણ આપતા હતા! પ્રાંગણમાં આવેલા વૃક્ષ નીચે બેસીને ક્યારેક શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ કોઈ પ્રસંગ કહેતા. એક વાર એમણે મામા-ભાણેજની વાર્તા કરી હતી, તો જયભિખ્ખુ પણ કોઈ કથાસાગરનું મોતી રજૂ કરતા હતા. આમાં 'કચ્છના મેઘાણી' સમા દુલેરાય કારાણી પણ બેઠા હોય અને કચ્છની વીરતાની કથાઓ એમના મુખેથી કચ્છી દુહા સાથે પ્રભાવક રીતે સાંભળવા મળતી, તે અનુભવ અનુપમ હતો.

એ પછી શ્રી કલ્યાણચંદ્રજી મહારાજ જ્યારે જ્યારે અમદાવાદ આવતા, ત્યારે વહેલી સવારે જયભિખ્ખુના ચંદ્રનગર સોસાયટીના નિવાસસ્થાને આવતા. એ સમયે જયભિખ્ખુના નિવાસસ્થાનની પાછળ ગીચ ઝાડીઓ હતી અને પછી સાબરમતી નદી હતી. સવારે શૌચ માટે ત્યાં જતા અને પછી જયભિખ્ખુના નિવાસસ્થાને સવારનો નાસ્તો કરતા. પૂજ્ય કલ્યાણચંદ્રજી મહારાજનું આગમન એક ઉત્સવ બની રહેતું. એમનું મંત્ર, તંત્ર અને અગમ્ય વિદ્યાનું જ્ઞાન પણ ઘણું.

એક વાર એમણે જયભિખ્ખુના નિવાસસ્થાને પ્રવેશતાં કહ્યું કે જરા એક પગથિયું વધારી દો, તો વધુ સારું અને જયભિખ્ખુએ પોતાના નિવાસસ્થાને પ્રવેશવાનું એક પગથિયું વધારી દીધું. આમાં પૂજ્ય કલ્યાણચંદ્રજી બાપા પ્રત્યેની શ્રદ્ધા પણ કારણભૂત હતી.

આશ્રમના સંસ્થાપક કલ્યાણચંદ્રજી બાપાનું મુંબઈમાં સન્માન કરવાનું આયોજન થયું. આયોજકોની એવી ઈચ્છા હતી કે જયભિખ્ખુની સાહિત્યિક કલમે એમનું માનપત્ર લખાય. શ્રી દુલેરાય કારાણીએ જયભિખ્ખુને વિનંતી કરી અને એમણે સ્વીકાર કર્યો. બન્યું એવું કે એ સમયે જયભિખ્ખુની તબિયત અસ્વસ્થ બની ગઈ. એકાએક ખૂબ તાવ આવ્યો. આમ છતાં એમણે પૂજ્ય કલ્યાણચંદ્રજી મહારાજની જીવનયાત્રા અને એમની સેવાવૃત્તિના વર્ણનનું સુંદર શબ્દચિત્રો સાથેનું માનપત્ર લખ્યું. કચ્છના લોકસાહિત્યના સમર્થ ભેખધારી શ્રી દુલેરાય કારાણીને આ પ્રસંગમાં જયભિખ્ખુની માનવતા

ડૉ. કુમારપાળ દેસાઈને ગુજરાત સરકાર તરફથી સાહિત્ય ગૌરવ પુરસ્કાર

ગુજરાતી સાહિત્ય અકાદમી-ગુજરાત સરકાર દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈને ૨૦૦૯ નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર અર્પણ કરવાની ગુજરાતે સરકારે તા. ૨૪ જૂને જાહેરાત કરી હતી.

ગુજરાતી ભાષા સાહિત્યના વિકાસ અને ઉત્કર્ષમાં પોતાના સર્જન, વિવેચન અને સંશોધન દ્વારા ઉત્તમ પ્રદાન કરનાર મૂર્ધન્ય સાહિત્યકારને તેમની લાંબા ગાળાની સાહિત્ય સેવાને નોંધમાં લઈ આ પુરસ્કાર ગુજરાત સરકાર તરફથી અર્પણ કરાય છે.

તા. ૯મી જુલાઈ ૨૦૧૧ના શનિવાર સાંજે સાડા છ વાગે ભાઈકાકા ભવન, અમદાવાદમાં ડૉ. કુમારપાળ દેસાઈને રૂા. એક લાખ, શાલ અને સન્માન પત્રથી આ પુરસ્કાર અર્પણ કરાયો.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અને સમગ્ર જૈન સમાજ ડૉ. કુમારપાળની યશસ્વી સાહિત્ય અને ચિંતનયાત્રાથી પરિચિત છે. આ ભવ્ય સન્માન માટે જૈન જગત ગૌરવની લાગણી અનુભવી ડૉ. કુમારપાળ દેસાઈને અંતરથી કોટિ કોટિ અભિનંદન વરસાવે છે.

–શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

અને મહાનુભાવનાના દર્શન થયા. આથી જ 'જયભિખ્ખુનો વિજયધ્વજ' નામના લેખમાં શ્રી દુલેરાય કારાણી લખે છે;

'એમની લેખિની–લેખનશૈલી રમતિયાળ છે, રઢિયાળી છે, રમઝમ કરતી મનોહર મુગ્ધા જેવી માનવતી છે, વાચકને પણ એ મસ્તીની મોજમાં લઈ જાય એવી શક્તિમાન છે. એમની કલમે ગુજરાતની જનતા પર જાણે કામણ કર્યું છે. એમને પોતાને તો ખ્યાલ પણ નથી કે હું એક મહાન ગ્રંથકાર છું–મહાન સાક્ષર છું. એક વિદ્વાન ગ્રંથકાર માટે આ મોટી વાત છે. હિંદી સાહિત્યના એક સાહિત્યકારનું કથન છે કે–

બલી ક્ષમી, નિર્મમ ધની, વિનમ્ર વિદ્યાવાન
જગમેં મિલના કઠિન હૈ, તીનોં એક સમાન.

'બળવાન માણસ ક્ષમાશીલ હોય, ધનવાન માણસ મમતારહિત હોય અને વિદ્વાન માણસ વિનમ્ર હોય – આ ત્રણે પુરુષો દુનિયામાં દુર્લભ છે.'

શ્રી જયભિખ્ખુજી એવા જ વિનમ્ર વિદ્યાવાન છે. નાના-મોટા સૌને સમદૃષ્ટિએ જોવાવાળા છે. સજ્જનતા અને સહૃદયતા એમની રગેરગમાં રમે છે. એટલે જ એક અતિ વિશાળ મિત્રવર્તુળની કુદરતે તેમને ભેટ આપેલ છે. સૌ કોઈના એ લાડીલા અને માનીતા મિત્ર બની રહે છે.'

સર્જકના ચિત્ત પર જીવનનો અનુભવ જુદી જુદી રેખા અને રંગ પૂરતો હોય છે. જયભિખ્ખુના જીવનનો આ અનુભવ એમને સાધુતાને જોવાની એક નવી દૃષ્ટિ આપે છે. અને તેને પરિણામે એમની નવલકથા અને વાર્તાઓમાં જૈન સાધુની આત્મસાધના સાથે પરોપકાર પરાયણતા પ્રગટ થાય છે.

'કાલની કોને ખબર છે.' એ વાક્ય જાણે સાર્થક બનતું હોય તે રીતે ૧૯૪૫ની ૨૯મી નવેમ્બરે બપોરે સવા ચારની ટ્રેનમાં તેઓ સોનગઢથી પાલીતાણા જવા નીકળે છે. સાંજના સાત વાગ્યે પાલીતાણા પહોંચે છે. એ સમયે પાલીતાણાની જસકોર ધર્મશાળામાં પૂજ્ય લબ્ધિશ્રીજી, ચંદનશ્રીજી, વલ્લભશ્રીજી અને જયંતિશ્રીજી વગેરે સાધ્વીઓને મળે છે. પછીને દિવસે વહેલી સવારે માધવલાલની ધર્મશાળામાં રાત રહીને શત્રુંજય તીર્થની યાત્રા કરે છે. નવટૂંકના દર્શન કરે છે. આદીશ્વર ભગવાનના મુખ્ય જિનાલયમાં સેવા-પૂજા કરે છે. આમ સાત વાગે ડુંગર ચડવાનું શરૂ કર્યું હતું અને બાર વાગ્યે પાછા આવ્યા. એ પછી સાધ્વીજી શ્રી લબ્ધિશ્રીજી મહારાજ સાથે વાર્તાલાપ કરે છે. આ શ્રી લબ્ધિશ્રીજી મહારાજ સંસારી દૃષ્ટિએ જયભિખ્ખુના પિતરાઈ ફૈબા હતા. એમનું સંસારી નામ લહેરીબા હતું. રતિભાઈના પિતાશ્રી દીપચંદભાઈના આ બાળવિધવા બહેને ભાઈની સાથે જ દીક્ષા ગ્રહણ કરી હતી.

અહીં સાધ્વીસમાજની વાસ્તવિક પરિસ્થિતિનો જયભિખ્ખુને પરિચય થાય છે. એમની વેદનાઓ, બંધનો, મુશ્કેલીઓ અને બંધિયાર પરિસ્થિતિને જાણે છે. આ અનુભવ વિશે તેઓ રોજનીશીમાં તેઓ લખે છે: 'સાધ્વી જીવન સાધુ, શ્રાવક કે શ્રાવિકા કરતાં વિશેષ દુ:ખદ દેખાયું.'

જીવનનો રઝળપાટ ચાલતો હતો, પણ સાથોસાથ જયભિખ્ખુના મનમાં કેટલાંક વિચારો જાગતા હતા. આટલી બધી સંસારિક દોડધામ વચ્ચે નિરાંતે સાહિત્ય સર્જન શક્ય છે ખરું? એક પછી એક સામાજિક પ્રસંગો ઊભા થતા હતા અને એને પરિણામે સમય અને શક્તિ બન્ને એમાં ખર્ચાઈ જતા. એની સાથોસાથ આર્થિક રીતે પણ મુશ્કેલી પડતી. ઉદાર સ્વભાવને કારણે કરકસર સ્વભાવ વિરુદ્ધ બની હતી, આ ખમીરવંતા સર્જક ૧૯૪૫ની પહેલી ડિસેમ્બરે એટલે કે વિક્રમ સંવત ૨૦૦૨ની કારતક વદ બારશના દિવસે નોંધે છે,

'નવા વર્ષ પછીના આજ સુધીના દિવસો મુખ્યત્વે કમાણી વગરના ગયા. નોકરી વગરનું આ રીતનું અર્થોપાર્જન મુશ્કેલ છે. તે માટે તરત વિચાર કરવો ઘટે, નહીં તો ભવિષ્ય ભારે થઈ જશે.'

આ રીતે ભવિષ્યની ચિંતા સતાવે છે, પરંતુ એ ચિંતા એમના જીવનને નિરુત્સાહી બનાવી શકતી નથી. જયભિખ્ખુનો મિજાજ જ એવો હતો કે આવી બધી ચિંતાઓ ચાલતી હોય, તો પણ એમના રોજિંદા જીવનમાં એ ક્યારેય પ્રગટ થતી નહીં. એમના નિકટના પરિચિતોને પણ એનો ખ્યાલ આવતો નહીં અને આથી કોઈ સારી ફિલ્મ હોય, મિત્રો કે કુટુંબ સાથે હોટલમાં ભોજન કરવાનું હોય કે પછી ક્રિકેટની મેચ હોય તો તે જોવાનું ચૂકતા નહીં.

અભ્યાસકાળમાં ગ્વાલિયર બાજુ રહ્યા હોવાથી એમને વિશેષ રસ હૉકીની રમતમાં હતો. ક્યારેક હૉકીના જાદુગર તરીકે ઓળખાયેલા ધ્યાનચંદની રમતની ખૂબીઓની રસભર વાતો કરતા હતા. અમદાવાદમાં ગુજરાત કૉલેજ પર ખેલાતી મૅચ જોવા જતા અને એ રીતે ૧૯૪૬ની છઠ્ઠી જાન્યુઆરીએ સિંધ અને ગુજરાત વચ્ચેની મૅચ જોવા ગયા હતા. આ અત્યંત રસાકસીભરી મૅચ હતી અને એમાં ગુજરાતની ટીમ પરાજિત થાય એવી પરિસ્થિતિ હતી તેમ છતાં અંતે ગુજરાતની ટીમનો વિજય થાય છે.

આનો અર્થ જ એ કે એમને મન જીવન એક આનંદયાત્રા હતી. કોઈ મદદ માગવા આવ્યા હોય, તો એને માત્ર મદદ તો કરતા જ, બલ્કે એને હિંમતથી જીવવાનો વિશ્વાસ પણ અર્પતા હતા. એમની આસપાસના મિત્રવર્તુળમાં એમનો આગવો પ્રભાવ એ રીતે પડતો કે તેઓ એમની વાતોથી, વ્યવહારથી, આતિથ્યથી તથા પરગજુપણાથી સહુનાં હૃદય જીતી લેતા હતાં. આથી એમના મિત્રવર્તુળોમાં સંતો, મહંતો હતા. લેખકો અને ચિત્રકારો હતા. સાધકો અને જાદુવિદ્યાના વિશારદો પણ હતા. જયભિખ્ખુ એ ડાયરાના માણસ હતા.

(ક્રમશ:)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૧૩)

જિનેશ્વર ભગવાનનો વિશ્વમાં જોટો ન જડે. ઉપાધ્યાય યશોવિજયજી કહે છે કે ભગવાનનું શરીર ગુણોમાંથી બન્યું છે. પ્રભુના પ્રત્યેક રોમરાજીમાંથી ઝરે છે તે શું છે? કરુણા અને પ્રેમ. જગતના સર્વ જીવો પર કરુણા અને જગતના સર્વ જીવો પર પ્રેમ.

જેના દર્શનથી આત્માની પાંખડી ખૂલી જાય તેવા જિનેશ્વર ભગવાનને સ્નાત્રપૂજામાં વંદન કરવામાં આવ્યા છે. 'કુસુમાભરણ' નામની ગાથામાં શી રીતે સ્નાત્ર ભણાવવાનું છે તેની સૂચના મળે છે. સ્નાત્રપૂજામાં શું અમૃત ભર્યું છે તે જાણી લો. ભગવાનને સિંહાસન પર બિરાજમાન કરશો ત્યારે પ્રતિમા પરથી પુષ્પો, આભૂષણો વગેરે ઉતારવાના છે. આ બધું કાર્ય વિવેકપૂર્વક કરવાનું છે.

વીર વિજયજી મહારાજ સ્નાત્રપૂજામાં શીખવે છે. ઉત્તમ ભાવના ભાવવાની છે. ક્યાંય વિવેક ચૂકવાનો નથી. સ્નાત્રપૂજા એટલે ભગવાનના જન્મોત્સવનું ગાન. વીર વિજયજી સ્વયં સાધુપુરુષ છે. સ્વયં મહાપુરુષ છે. ઉત્તમ ગ્રંથોના લેખક છે. દુનિયાને શ્રેષ્ઠ આપનારા છે. પહેલા શ્લોકમાં જિનેશ્વર ભગવાનનું વર્ણન છે. બીજા શ્લોકમાં કેવી રીતે વિધાન કરશો તે કહે છે. આ જિનેશ્વર ભગવાનની સ્નાત્રપૂજા છે. એ સરળતાથી વહે છે. મહાન રચનાકાર સુંદર વાર્તા કરતા જાય છે. ઓછા શબ્દોમાં ઘણું કહેવાનું કૌશલ્ય એમને હસ્તગત છે. સર્જન હંમેશાં પ્રગતિ કરે છે. આજના વિશ્વમાં એક નવો પ્રયોગ શરૂ થયો છે. છ જ અક્ષરોમાં આખી વાર્તા લખી નાખવાની આ કલા છે. લાઘવનું આ કલા કૌશલ્ય વીર વિજયજીને હસ્તગત છે.

સ્નાત્ર એટલે? સંસારી માટે સ્નાન પણ એ ભગવાનની વાત છે એટલે સ્નાત્રનો અર્થ છે અભિષેક.

ભગવાનનો અભિષેક કરીએ ત્યારે આપણામાં પણ તેવા ગુણો પ્રગટ થાય તે ભાવના જાગવી જોઈએ.

આદિનાથ ભગવાનના સમયમાં ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય હતું. આપણને એ આંકડો વિશાળ લાગે છે. અમેરિકાથી કમાઈને આવેલો માણસ ડોલરને ૫૦ રૂપિયામાં ગુણવા માંડે એના જેવું. અમેરિકામાં રહેનારાને તો ડૉલર રૂપિયા જેવો લાગે છે. આદિનાથ ભગવાનના જમાનામાં જે યુગલિકો હતા તેમની મહાનતા જુઓ: ૮૪ લાખ પૂર્વ જેટલા વિરાટ આયુષ્ય પછી પણ તેમનો આત્મા દૂર્ગતિમાં નથી જતો! એનો અર્થ એ થયો કે ૮૪ લાખ પૂર્વના વિરાટ આયુષ્યમાં એક પણ ખરાબ કામ નથી કરતા! એક પૂર્વ એટલે શું એ સમજી લો. ૮૪,૦૦૦ ને ૮૪,૦૦૦ સાથે ગુણીએ અને જે જવાબ આવે તેને એક પૂર્વ કહેવાય. આટલા વિરાટ આયુષ્યમાં આ જીવો એક પણ પાપ નથી કરતા!

અને, આપણી વાત શું કરવી? ૫૦ કે ૧૦૦ વર્ષના આપણાં આયુષ્યમાં દૂર્ગતિ થઈ જાય છે! એક વાર જાતને પૂછો ને, આપણે ક્યારે પાપ નથી કરતાં?

ચારિત્ર ઉદયમાં ક્યારે આવે? એ માટે સદ્‌ભાગ્ય જોઈએ.

રાજકુમાર નંદિષેણની વાત જાણો છો? એ જમાનામાં એના જેવો કોઈ વીણાવાદક નહોતો. જંગલમાં જઈને વીણા વગાડે તો તમામ પશુ-પંખી ભેગા થઈ જાય. નગરમાં આવીને વીણા વગાડે તો તમામ સ્ત્રીઓ પાગલ થઈ જાય. શ્રેણિક મહારાજાનો હાથી સેચનક ગાંડો થયો અને નંદિષેણની વીણા સાંભળી તો શાંત થઈ ગયો. આવા રાજકુમારને વૈરાગ્ય થયો એટલે રવાના. મહાવીર સ્વામી પાસે જઈને કહ્યું કે મને દીક્ષા આપો. સાધુપદ એટલે શું? એ સાધુ થાય એને ખબર પડે.

નંદિષેણ ઉત્તમ સાધુ બની ગયા. નંદિષેણની આરાધનાનો પ્રભાવ ફેલાયો. દેવતાઓએ તેમને લબ્ધિ આપી. એક દિવસ બપોરે નંદિષેણ વહોરવા નીકળ્યા. ઉનાળાનો તડકો કહે મારું કામ. રસ્તામાં એક વિશાળ ઘર આવ્યું. ગણિકાનું ઘર. ગણિકા ઝરૂખામાં ઉભેલી. ગણિકાએ સાધુને જોયા. દાસીને મોકલીને ઘરમાં તેડ્યા. નંદિષેણ મુનિ આવીને કહે, 'ધર્મલાભ'. ગણિકા કહે, 'મુનિ, અહીં ધર્મલાભ નહીં, અર્થલાભ જોઈએ.' એ હસી.

નંદિષેણે તેમાં પડકાર જોયો. દીવાલ પર બાંધેલો દોરીનો છેડો એમણે ખેંચ્યો તો લાખો સોનૈયાનો ઢગલો થયો!

ગણિકા ચમકી. એણે સાધુના પગ પકડી લીધા. કહ્યું કે 'તમને જવા નહીં દઉં. મારી સાથે લગ્ન કરો.' ગણિકાના દેહમાંથી લાવણ્ય ઝરતું હતું.

નંદિષેણ રોકાયા. પણ એમણે કહ્યું કે હું રોજ ૧૦ જણાંને ધર્મ માર્ગે વાળીશ. કલ્પના કરો કે નંદિષેણ કેવા પ્રવચન કુશળ હશે કે વેશ્યાના ઘરમાં હોવા છતાં દરરોજ ૧૦ જણાંને ધર્મમાર્ગે વાળે છે અને એ પણ લગાતાર ૧૨।। વર્ષ સુધી!

એક દિવસ નંદિષેણને એવો માણસ ભટકાયો કે તેમની વાત માનતો નથી! વેશ્યા બોલી : 'આજે દસમા તમે!'

અને, નંદિષેણનું આત્મસત્ત્વ

પર્યુષણ વ્યાખ્યાનમાળા–૨૦૧૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગુરુવાર તા. ૨૫–૮–૨૦૧૧ થી ગુરૂવાર તા. ૧–૯–૨૦૧૧ સુધી એમ આઠ દિવસની ૭૭ મી વ્યાખ્યાનમાળા, પાટકર હૉલ; ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. વિગતવાર કાર્યક્રમ ઑગસ્ટ ૨૦૧૧ના અંકમાં પ્રગટ થશે. જિજ્ઞાસુ શ્રોતાઓને લાભ લેવા વિનંતિ.

જાગી ગયું. જેનું આત્મસત્ત્વ ઝળહળે છે તેને સંસારનો કોઈ અંધકાર છૂપાવી શકતો નથી. નંદિષેણ પુનઃ સાધુ બનીને આત્મ કલ્યાણ પામી ગયા.

આપણું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે કે ૮૪ લાખ પૂર્વનું તે ભૂલી જાવ. માત્ર સારા કામ કરવાની ટેવ પાડો. ભગવાનના અને સદ્‌ગુરુના શરણમાં જાવ. સદ્‌વિચારના ચરણમાં જાવ. સદ્‌પ્રવૃત્તિના શરણમાં જાવ.

પૂજા સંગ્રહ સરસ ગ્રંથ છે. એમાં માત્ર પૂજાઓ નથી પણ ભગવાનનું ધર્મ તત્ત્વ, ભગવાને કહેલી કથાઓ, ધર્મનો સદુપદેશ વગેરે બધું જ એમાં છે.

તમે કલ્પના કરી શકો છો કે જૈન ધર્મ શા માટે છે? જૈન ધર્મ આત્માના કલ્યાણ માટે છે. સંસારી વાતને અહીં કોઈ સ્થાન નથી.

ભગવાન શું કહે છે? ભગવાન કહે છે કે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર, સમ્યક્‌તપની આરાધના કરીને કર્મમુક્ત થાઓ. ભગવાનનું વચન હોય પછી બીજું શું જોઈએ?

(૧૪)

પૂજા સંગ્રહમાં સૌથી પહેલી સ્નાત્રપૂજા છે. સ્નાત્રપૂજામાં ભગવાનના જન્માભિષેકનું વર્ણન છે. માત્ર જન્માભિષેકનું વર્ણન નથી પણ એ જીવાત્માએ શું શું કર્યું અને પરમાત્માના પદે કેવી રીતે પહોંચ્યા તેનું વર્ણન છે. વીરવિજયજી જ્ઞાની પુરુષ છે. વિદ્વાન સાધુ છે. આવા વિદ્વાન સાધુજનો વારંવાર મળતા નથી. વીરવિજયજી મહારાજ મહાન કવિ છે. ભગવાન વિશે વર્ણન કરતી વખતે પોતાને કવિકર્મ સિદ્ધહસ્ત છે તે પ્રગટાવે છે.

જિનેશ્વર ભગવાનની પૂજાથી શું થાય? ઉપસર્ગોનો નાશ થાય, વિઘ્નો ટળી જાય, મન પ્રસન્ન થાય.

મનની પ્રસન્નતા એ પૂજનનું ફળ છે એવું શ્રી આનંદઘનજી કહે છે. આ ઘણી મોટી પ્રાપ્તિ છે. ચોવીસ કલાક તમારું મન ભમે છે. આકુળવ્યાકુળ રહે છે. દુઃખી અને અતૃપ્ત રહે છે. એ સ્થિતિમાં મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય એ કેવી મોટી ઉપલબ્ધિ છે!

જિન પૂજા ભાવથી કરીએ તો ચિત્તની પ્રસન્નતા મળે.

કેટલાંય લોકો ધર્મના સ્થળે આવે છે. પ્રભુ પાસે જઈને પોતાનું દુઃખ ગાયા કરે છે. શું આ બરાબર છે?

ભગવાનને પૂછો કે અમારે શું કરવા જેવું છે? તો પ્રભુ કહેશે આત્મકલ્યાણ કરવા જેવું છે.

ભગવાનને પૂછો કે અમારે શું કરવા જેવું નથી? તો પ્રભુ કહેશે કર્મ બંધાય તેવું કરવા જેવું નથી.

ધન્ના શેઠની સ્ત્રી પોતાના પતિને સ્નાન કરાવે છે. એ રડે છે. કહે છે કે મારો ભાઈ દીક્ષા લેવાનો છે. એ રોજ એક એક પત્નીનો ત્યાગ કરી રહ્યો છે. ધન્ના શેઠ કહે એમાં શું? હિંમત હોય તો બધાનો એક સાથે ત્યાગ ન કરે! સુભદ્રાને ખોટું લાગ્યું. શાલિભદ્ર માટે, પોતાના ભાઈ માટે કોઈ બોલી જાય તે કેમ ચાલે? સુભદ્રા કહે કે વાતો કરવી સહેલી છે! તમે કરો ને!

અને ધન્ના શેઠ સડાક્‌ દઈને ઊભા થઈ ગયા. સુભદ્રાને કહ્યું કે ચાલ, બધું છોડ્યું. હું જાઉં છું!

સુભદ્રા અવાક્‌ થઈ ગઈ.

ધન્ના શેઠે શાલિભદ્રને બૂમ પાડી. અરે, હેઠો ઉતર! ત્યાગ તો એક ઝાટકે થાય.

ધર્મને કલેશ સાથે કાંઈ લેવા દેવા નથી. ભારતમાં આતંકવાદ ફૂલ્યો ફાલ્યો છે. કાશ્મીરમાં દેરાસર તોડ્યું. પ્રતિમાઓ અમદાવાદ લાવવામાં આવી. આ બધું શું છે? આ દેશના નેતાઓ નમાલા છે. દીર્ઘદૃષ્ટિ વિનાનો નેતા પોતે બેઆબરૂ થાય અને દેશને ડૂબાડે.

ઉદારતા મોટો સદ્‌ગુણ છે. યુધિષ્ઠિર રોજ દાન આપે છે, દેનાર અને લેનારની વચ્ચે બારી રાખી હતી. દાન આપવાનો નક્કી સમય હતો. એકવાર બારી બંધ થયા પછી કોઈ યાચક આવ્યો. યુધિષ્ઠિર કહે કે કાલે આવજે.

આ શબ્દો ભીમે સાંભળ્યા. એણે નગારા પર ઘાવ દીધો. યુધિષ્ઠિરે ભીમનો હાથ પકડી લીધો કહ્યું કે આ શું કરે છે? આ નગારે દાંડી તો જ પીટાય જો આપણે કોઈ યુદ્ધ જીત્યા હોઈએ!

ભીમ કહે, 'મોટાભાઈ, તમે ચોવીસ કલાક માટે કાળ પર વિજય ન મેળવ્યો?'

યુદ્ધિષ્ઠિરની આંખ ખૂલી ગઈ. ✷✷✷

[પૂજ્ય આચાર્યશ્રી ચાતુર્માસ દરમ્યાન સંતોષ ટાવર, લોખંડવાલા કોમ્પલેક્ષ, અંધેરી-મુંબઈમાં બિરાજમાન છે.]

કે. જે. સૌમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ

જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારાર્થે ગુજરાતી અને અંગ્રેજીમાં અભ્યાસક્રમ યોજે છે–

□ **ડિપ્લોમા કોર્સ ઈન જૈન ફિલોસોફી ઍન્ડ રિલીજિયન**
જુલાઈ ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨

□ **પોસ્ટ ડિપ્લોમા કોર્સ ઈન જૈન ફિલોસોફી, રિલીજિયન ઍન્ડ કલચરલ હિસ્ટરી**
જુલાઈ ૨૦૧૧ થી માર્ચ ૨૦૧૨

સપ્તાહમાં બે દિવસ પ્રત્યેક દિવસ બે કલાક માટે.

વધુ માહિતી માટે સંપર્ક કરો

મોબાઈલ : ૯૩૨૩૦૭૯૯૨૨ / ૯૭૫૭૧૨૪૨૮૨

ઑફિસ : ૨૧૦૨૩૨૦૯ /૬૭૨૮૩૦૭૪

ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન'ના જુન–૨૦૧૧ના અંકમાં લેખ નં. ૨ માં 'દિ. જૈન માતાજી (સાધ્વીજી) પ્રસન્ન માતાજીની કથા' માં **પ્રસન્નમતી** માતાજી વાંચવા વિનંતિ. ભૂલ માટે ક્ષમા પ્રાર્થના.

–તંત્રી

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **રૂપ-સ્વરૂપ**
અનુવાદક : **પ્રવીણા ભુતા**
પ્રકાશક : અશોક ધનજીભાઈ શાહ, નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૨.
મૂલ્ય : રૂ. ૧૫૦/- પાના : ૧૭૫.

પ્રવીણાભાઈ ભૂતાના આ કાવ્યસંગ્રહમાં ભારતીય અને વિદેશી કવિઓના કાવ્યોને તથા અજ્ઞાત કવિઓના કાવ્યોને ગુજરાતીમાં રૂપાંતરણ અથવા અનુવાદ કર્યા છે.

આ કાર્ય એમણે ખૂબ રસ, સૂઝ અને દિલથી કર્યું છે. આ કાવ્યો સહજ સ્ફૂરણાથી, અનાયાસ વહેતા હોય એમ લાગે છે. આ અનુવાદકાવ્યોની વિશેષતા એ છે કે તેમણે અંગ્રેજી શબ્દોના યોગ્ય ગુજરાતી પર્યાયોનો ઉપયોગ અને લય-લાલિત્ય જાળવીને કર્યો છે. પ્રવીણાભાઈ આંતરખોજના માણસ હોઈ તેમણે પસંદ કરેલા કાવ્યોમાં અધ્યાત્મની ઝંખનાની પ્રતીતિ થાય છે. પ્રવીણાભાઈ કાવ્યના મર્મને ગોપાવીને અનહદની વાત કરે છે, પ્રવિણાભાઈ પોતે કહે છે.

'મોટા ભાગના મૂળ કાવ્ય આખે આખા ગુજરાતીમાં ઉતાર્યા છે, કેટલાંક ટૂંકાવ્યા છે, કેટલાક ગદ્યમાં જ રૂપાંતરિત થયા છે.'

પ્રવિણભાઈનો આ પુરુષાર્થ આવકાર્ય છે.

x x x

પુસ્તકનું નામ : **મા**
સંકલન-આલેખન : **સુબોધભાઈ બી. શાહ**
પ્રકાશક : સુબોધભાઈ બી શાહ
૩૦૧, આંગી ફ્લેટ, નવા વિકાસ ગૃહ સામે, પાલડી-અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૦૭૯-૨૬૬૦૨૭૫૭.
મૂલ્ય : અમૂલ્ય, પાના : ૧૨+૧૦૮.

આ પુસ્તકમાં માતૃમહિમાની પંક્તિઓ, શબ્દાંજલિનું સંકલન કરવામાં આવ્યું છે જેમાં કવિઓ, લેખકો તથા સામયિકો વગેરેની રચનાઓ છે. આ રચનાઓ માતૃહૃદયની મહાનતાનો પરિચય કરાવે છે.

પદ્ય વિભાગમાં ૨૭ કવિતાઓ છે અને ગદ્ય વિભાગમાં ૨૮ થી ૬૧ પ્રસંગોનું સંકલન છે. સંકલનકારે કરેલી ગીતો-કાવ્યોની પસંદગી ઉડીને આંખે વળગે તેવી છે. ગુજરાતી ભાષાના માતૃવિષયક અત્યંત લોકપ્રિય એવા 'જનની જોડ', 'દેવના દીધેલ', 'આંધળી માનો કાગળ' જેવા કાવ્યો છે તો સાથે સાથે લોકજીભે રમતાં ફિલ્મી ગીતોને પણ એમણે પસંદ કર્યા છે.

ગદ્ય વિભાગમાં અમર માતૃભૂમિની કથાઓ, ગાંધીજી અને કાકાસાહેબ કાલેલકર, વિનોબા જેવા લેખકોની દૃષ્ટાંત કથાઓ લેખકે પસંદ કરી છે. રશિયાની, ભારતની, ચીન કે ઈંગ્લેન્ડનું પ્રેરક અને શ્રેષ્ઠ સાહિત્ય સંચિત કરી ગ્રંથસ્થ કર્યું છે.

એમનો આ સંગ્રહ 'માતૃતર્પણ' માટે લાગણીભીના પુત્રનું શબ્દનૈવેદ્ય છે. જેમને માતૃવંદનામાં રસ હોય તે સૌને સહભાગી બનાવે તેવું પ્રેરક આ પુસ્તક છે.

x x x

પુસ્તકનું નામ : **ઈચ્છાની પેલે પાર**
લેખક : **રમેશ ઠક્કર**
પ્રકાશક : **હેમેન્દ્ર ભોગીલાલ શાહ**
બુક શેલ્ફ, ૧૬, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી. જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯.
મૂલ્ય : રૂ. ૧૨૫/-, પાના : ૧૮૦.

રમેશ ઠક્કરની આ સંગ્રહની વાર્તાઓ જુદાં જુદાં સામયિકોમાં અને વર્તમાનપત્રોમાં, દિવાળી અંકોમાં પ્રગટ થયેલી તથા કેટલીક નવી અપ્રગટ છે. લેખકે વાચકને ગમે, સરળ લાગે તેવો પ્રયાસ કર્યો છે.

લેખકે આપેલી આ સંગ્રહની વીસ વાર્તાઓની ભાષા અને શબ્દશૈલી સરળ છે. વિષય વસ્તુ વાચકને જકડી રાખે તેવું છે અને તેની માવજત લેખકે સહજ રીતે કરી છે. આ વાર્તાઓમાં લેખકની રંગબેરંગી ભાવસૃષ્ટિ અને મૌલિક પરિવેશનો ભાવકને પરિચય થાય છે.

ગુજરાતી સાહિત્યમાં કાવ્યસંગ્રહ, લલિત નિબંધો, લઘુકથાઓ તથા વાર્તાઓ દ્વારા પોતાનું સ્થાન જમાવનાર લેખક રમેશ ઠક્કરનો વાર્તા સંગ્રહ 'ઈચ્છાની પેલે પાર' વાર્તાના રસિયા વાચકોને ગમી જાય તેવો છે. અને આવકાર્ય પણ છે.

x x x

પુસ્તકનું નામ : **કલ્યાણ સંદેશ**
લેખક : **આ. શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : **પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન,** રમેશભાઈ રીખવચંદ સંઘવી, ૩૦૧, સ્વયંસિદ્ધિ એપાર્ટમેન્ટ, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટરની સામે, પાર્લે પોઈન્ટ, સુરત-૩૯૫૦૦૭.
મૂલ્ય : રૂ. ૩૦/-, પાના : ૧૦૪+૮.

પૂ. આચાર્યદેવ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી જેવા વર્તમાન શ્રુતગંગાના પ્રેરક અને સિદ્ધહસ્ત લેખકની કલમે સરળ અને સુબોધ શૈલીમાં સૌ કોઈને સમજાય તેવી રીતે શાસ્ત્રના ગહન પદાર્થોને આ નાનકડા પુસ્તકમાં સમજાવવામાં આવ્યા છે.

આમ તો વર્તમાનકાળમાં સદ્વાચન સાહિત્યના ક્ષેત્રે ન પૂરી શકાય તેટલો મોટો શૂન્યાવકાશ સર્જાયો છે, કારણ કે ધર્મ-સંસ્કૃતિ અને સંસ્કારનો ધ્વંસ કરે એવું સાહિત્ય રોજ બરોજ પુષ્કળ પ્રમાણમાં ખડકાઈ રહ્યું છે. તેનાથી લોકમાનસ વિકૃત થાય છે. એવા સમયે સંસ્કૃત ભાષાના સુભાષિતો જેમાં ઋષિ-મુનિઓના અનુભવોનો ભંડાર ભરેલો છે. અનુભવોના અખૂટ ભંડાર અને તેને રજૂ કરવાની કળા, તથા તેના સમર્થન માટે સહાયક ઉપમાઓ અને દૃષ્ટાંતોનો એમની પાસે ભંડાર છે જેની પ્રતીતિ વર્ષો પછી પણ આવા સુભાષિતોના સંગ્રહમાંથી 'કલ્યાણ'નો સંદેશ સુણાવતા ૨૬ સુભાષિતો કરાવી રહ્યા છે.

અધ્યાત્મના રસિયા વાચકોને તેનું ચિંતન અને મનન તથા નિદિધ્યાસન કરવાનો અનોખો અવસર પ્રાપ્ત થશે.

x x x

પુસ્તકનું નામ : **નક્સલવાદ અને સર્વોદય**
લેખક : **કાન્તિ શાહ**
પ્રકાશક : પારુલ કાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડી, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧. મૂલ્ય : રૂ.૨૫/-, પાના : ૬૮.

વર્તમાન સમયમાં નક્સલવાદ એક યક્ષ પ્રશ્ન બનીને આપણી સામે ઊભો છે અને મોટા પ્રમાણમાં વકરી રહ્યો છે. તેને માટે જવાબદાર કોણ ? તેના પર કાબુ કેવી રીતે મેળવવો ? તેની નાગચૂડમાંથી સમાજને કેવી રીતે છોડાવી શકાય ? આ બધા વિશે શાંત અને સ્વસ્થ ચિત્તે વિચારવાની આવશ્યકતા છે. સમગ્ર સમાજ આ સ્થિતિને કારણે ત્રસ્ત છે. તેમાંથી માર્ગ શોધવાની, આ પ્રશ્નને ઊંડાણથી અને સૂક્ષ્મતાથી સમજવાની જરૂર છે. આ પુસ્તકમાંથી આ પ્રશ્નોના નિરાકરણનું વિચાર-ભાથું મળે તેમ છે. અને સાથે સાથે સર્વોદયની ભૂમિકા તેમ જ વિકાસની વિભાવના સમજવામાં પણ આનાનકડી પુસ્તિકા ઉપયોગી થાય તેમ છે.

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

નરસિંહાની હૂંડી

□ જિતેન્દ્ર શાહ

પરમ શક્તિ પ્રત્યેની આસ્થા જીવનમાં કેવા કેવા ચમત્કાર સર્જે છે તેનો જીવંત દાખલો જોવો હોય તો દુબઈ-સ્થિત સોનલ શુકલ સાથે મુલાકાત કરવી પડે. આવો, આપણે તે બહેનની વાત કાન દઈને સાંભળીએ.

'૯૮ની સાલની આ વાત છે. પતિની ગેરહાજરીમાં હું બન્ને પુત્રોનો એકલા હાથે ઉછેર કરી રહી હતી. બહુ મોટી ન કહી શકાય તેવી ધંધાકીય પ્રવૃત્તિ હું મારી રીતે દુબઈમાં સંભાળી રહી હતી.

સંતાનોના અભ્યાસ અને પ્રગતિ બાબત સીંગલ મધર હોવાને નાતે હું વિશેષ સભાન રહેતી હતી. પરવડતું ન હોવા છતાં બન્ને સંતાનોને અભ્યાસાર્થે કેનેડાની શાળામાં ભણવા મોકલ્યા. બન્ને બાળકોને કેનેડા મૂકીને પાછી દુબઈના એરપોર્ટ પર આવી ત્યારે બહુ ઓછી રકમ મારી પાસે બચી હતી. પરદેશ મોકલેલા પુત્રોના અભ્યાસને જરા પણ આંચ ન આવે તે માટે રાત-દિવસ મહેનત કરવાનો મેં મક્કમ નિર્ણય કર્યો.

એરપોર્ટ પરથી પાર્કિંગ લોટમાં જતાં જ મને મારો ડ્રાઈવર ચંદ્રભાણ સામો મળ્યો. ડૂસકો ભરતાં ભરતાં જ તેણે મને તેની કથની કહી. ભારતમાં રહેતા તેના પિતાનું દુઃખદ અવસાન થયું હતું. એક માત્ર પુત્ર હોવાને નાતે તેના માટે તાકીદે ભારત પહોંચવું અનિવાર્ય હતું. તેણે પગાર પેટે એડવાન્સ રકમ માંગી. કેનેડાથી પાછા આવતાં જે રકમ મારી પાસે બચી હતી તે તો તેના ટિકિટભાડામાં જ પૂરી થઈ જાય તેમ હતી. અગ્નિસંસ્કાર પછીના ક્રિયા કર્મ પતાવવા માટે તેની પાસે ફૂટી કોડી પણ ન હતી અને તેની જરૂરિયાત પાંચ હજાર દિરહામથી (રૂા. ૬૦,૦૦૦ થી ૬૫,૦૦૦) કમ ન હતી. કેનેડામાં ભણતા છોકરાઓ માટેની આર્થિક વ્યવસ્થા કરી લીધા પછી હું પોતે પણ ભીડમાં તો હતી જ. યક્ષપ્રશ્ન એ હતો કે હવે મારે કરવું શું ? મન વિચારે ચડી ગયું.

એક વિચાર એવો આવ્યો કે મારા સંતાનો પ્રત્યે જો મારી કોઈ જવાબદારી હોય તો મારા સ્ટાફ પ્રત્યે પણ મારી જવાબદારી કોઈ કમ તો નહોતી જ. તેમની કૌટુંબિક કટોકટીમાં તે મારા પ્રત્યે અપેક્ષાભરી નજર કરે તો તે અતિ સ્વાભાવિક ગણી શકાય.

મેં ચંદ્રભાણને ખાત્રી આપી કે ભારત જતી પહેલી ફ્લાઈટમાં હું તેને બેસાડી દઈશ અને તેને જોઈતી બાકીની રકમ હું બનતી તાકીદે ભારત પહોંચાડી દઈશ. હોંશભેર ખાત્રી તો આપી દીધી પણ હું પોતે પણ ક્યાં જાણતી હતી કે સાવ ટૂંકા સમયમાં હું આટલી રકમ મેળવીશ ક્યાંથી ? કોણ હરિનો લાલ મારો હાથ ઝાલશે ? હરિનો લાલ મળે કે ન પણ મળે પરંતુ મારો હરિ મારો હાથ ઝાલ્યા વગર રહેશે નહીં તેવી મનમાં એક દૃઢ શ્રદ્ધા હતી.

ચંદ્રભાણને ભારત રવાના કર્યો તેના ૪૮ કલાકમાં જ દુબઈની મારી એક બૅંકમાંથી મને પત્ર મળ્યો. આ બૅંકમાં મારું ખાતું જરૂર હતું પરંતુ તેમાં ખાસ લેવડ-દેવડ નહોતી થતી. મારો એવો ખ્યાલ હતો કે તેમાં પચાસ દિરહામથી વધારે રકમ જમા નહોતી. બૅંકનું જે સ્ટેટમેંટ મળ્યું તે બતાવતું હતું કે મારા ખાતામાં પાંચ હજાર દિરહામની માતબર રકમ જમા હતી. યોગાનુયોગ ગણો કે જે ગણો તે પરંતુ ચંદ્રભાણે મારી પાસે માંગી તેટલી જ રકમ મારા ખાતામાં જમા હતી તેમ મને જણાવવામાં આવ્યું. મને ચોક્કસ તો નહીં પરંતુ એવો ખ્યાલ હતો કે આટલી મોટી રકમ તે બૅંકના ખાતામાં જમા હોય તે શક્યતા નહીંવત્ હતી.

ચંદ્રભાણની આર્થિક જરૂરિયાત અને મેં તેને આપેલ વચન મારે પૂરું કરવાનું હતું તેનો પણ મને સ્પષ્ટ ખ્યાલ હતો જ. મેં રકમ બૅંકના મારા ખાતામાંથી ઉપાડી લેવાનો એક નિર્ણય કર્યો અને

પંથે પંથે પાથેય...

સાથોસાથ તે રકમ બનતી તાકીદે બૅંકને પાછી સોંપવાનો બીજો નિર્ણય પણ આપોઆપ લેવાઈ ગયો. બૅંકમાં જઈ મારા ખાતાની રકમ ઉપાડી લીધી. અને તે ખાતું બંધ કરી દીધું. પૂરી રકમ T.T. મારફતે ચંદ્રભાણને ભારત મોકલાવી આપી.

મેં બૅંકને રકમ પાછી આપવાનો જે નિર્ણય લીધો તેનો જાણે પડઘો પડતો હોય તેમ મારી ધંધાકીય પ્રવૃત્તિ અસાધારણ રીતે વિકસવા લાગી. દર મહિને થોડી થોડી રકમ બચાવીને હું ભેગી કરવા લાગી જેથી બૅંકનું ઋણ બને તેટલી જલ્દી પૂરું થઈ જાય.

બરાબર છ મહિના પછી મેં જે બૅંકનું ખાતું બંધ કર્યું હતું તેના મેનેજરનો મારા પર ફોન આવ્યો અને તે મારી સાથે એક મુલાકાત કરવા ચાહતો હતો તેમ તેણે મને ફોનમાં જણાવ્યું.

હું મેનેજરને મળી અને તેણે બૅંકના એક કર્મચારીએ કઈ રીતે ભૂલ કરી અને અન્યના ખાતાની રકમ મારા ખાતામાં કેમ જમા થઈ ગઈ તેની વિગતે વાત કરી. હું તે રકમ પરત ન કરું તો તે કર્મચારીને નોકરીથી હાથ ધોઈ બેસવાનો બૂરો વખત આવશે તેમ પણ તેણે જણાવ્યું. મારે ક્યાં કશું વિચારવાનું હતું ? પર્સમાંથી ચેકબૂક બહાર કાઢી અને પાંચ હજાર દિરહામનો ચેક લખી મેનેજરને સોંપી દીધો. પાછળથી જાણવા મળ્યું તે પ્રમાણે તે કર્મચારી પણ ભારતીય હતો અને ભારતમાં રહેતા તેના બહોળા પરિવારની એક માત્ર કમાતી વ્યક્તિ હતો.

હું દિલથી માનું છું કે સત્યનો સાથ હોય અને પરમાત્મા પ્રત્યે અસીમ આસ્થા હોય તો નરસિંહાની હૂંડીનો આજે પણ સ્વીકાર થાય છે !

* * *

'માતૃછાયા', ગ્રાઉન્ડ ફ્લોર,
૧૪, કસ્તુરબા નગર, અલકાપુરી,
વડોદરા-૩૯ ૦૦૦૭.

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Niroobeen Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પર્યુષણ પર્વ વિશેષાંક

જૈન સાહિત્ય કથા વિશ્વ

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૮-૯ • ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૧ • પાના ૬૮ • કીમત રૂા. ૩૦

જિન-વચન

સંયમનું સ્વરૂપ

જો જીવે વિ ન યાણતિ અજીવે વિ ન યાણતિ ।
જીવા ઽ જીવે અયાણંતો કહ સો નાહિઇ સંજમં ।।

દસવૈકાલિક-૪-૩૫

જે જીવોના સ્વરૂપને નથી જાણતા તથા અજીવોના સ્વરૂપને પણ નથી જાણતા, એમ જે જીવ અને અજીવ બંનેને નથી જાણતા તે સંયમના સ્વરૂપને કેવી રીતે જાણી શકે ?

One who does not know what life is also does not know what non-life is. Thus he being ignorant of what life is and what non-life is, how can he know what self-control is ?

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

'પ્રબુદ્ધ જીવન' જૈન સાહિત્ય કથા વિશ્વ વિશેષાંક

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	આ સંપાદન અંગે કિંચિત્	પ્રા.ડૉ. કાન્તિભાઈ બી. શાહ	૩
(૨)	આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક ડૉ. કાન્તિભાઈ બી. શાહ	ડૉ. ધનવંત શાહ	૫
(૩)	જૈન કથાસાહિત્ય-એક વિહંગાવલોકન	ડૉ. કાન્તિભાઈ બી. શાહ	૬
(૪)	બુદ્ધિચતુર બાળ રોહા	—	૧૦
(૫)	નિયમપાલનનાં મીઠાં ફળ : બે કથાઓ	—	૧૪
(૬)	ચાર પુત્રવધૂઓની પરીક્ષા	—	૧૮
(૭)	વિનયથી શોભતી વિદ્યા	—	૧૯
(૮)	સગાં જ સગાનો અનર્થ કરે : કથાસપ્તક	—	૨૧
(૯)	શ્રદ્ધા ડગે, સંશય વધે	—	૨૩
(૧૦)	દગલબાજ દોહું નમે (ચાર પાંખડીની કથા)	—	૨૬
(૧૧)	છીંક સમસ્યા	—	૨૭
(૧૨)	એક ભાગ્યહીનની આપત્તિઓ : અંતે છુટકારો	—	૨૮
(૧૩)	કેટલીક પ્રાણીકથાઓ	—	૩૦
(૧૪)	ધૂર્ત અને દ્રોહી મિત્રને પદાર્થપાઠ	—	૩૩
(૧૫)	ભણ્યા પણ ગણ્યા નહિ	—	૩૫
(૧૬)	કરકંડુની કથા	—	૩૬
(૧૭)	સાવધાની, સમતા, સહિષ્ણુતા – તે આનું નામ	—	૩૯
(૧૮)	ગુણાવળીની શીલરક્ષા	—	૪૦
(૧૯)	સૌજન્ય, સ્વપ્નદર્શન અને સંપ્રાપ્તિ	—	૪૨
(૨૦)	આરામશોભા	—	૪૪
(૨૧)	પરમહંસ અને ચેતના : એક વિશિષ્ટ રૂપકકથા	—	૪૭
(૨૨)	દાંતે દળ્યું ને જીભે ગળ્યું	—	૪૮
(૨૩)	આપમતિલાપણાનું દુષ્પરિણામ	—	૫૦
(૨૪)	વૃદ્ધજનની કોઠાસૂઝ	—	૫૪
(૨૫)	વૃદ્ધા-કથા	—	૫૫
(૨૬)	જા સા સા સા	—	૫૭
(૨૭)	પીડા વહેંચાય તો પાપ વહેંચાય	—	૫૮
(૨૮)	મુનિવર કેમ હસ્યા ?	—	૫૯
(૨૯)	બે લઘુ દૃષ્ટાંતકથાઓ	—	૬૦
(૩૦)	ઊંઘ વેચી ઉજાગરો	—	૬૧
(૩૧)	અધ્યાત્મ રસનું કુંડા ભરી પાન કરાવતી ગૌતમકથા	ગુણવંત બરવાળિયા	૬૧
(૩૨)	જયભિખ્ખુ જીવનધારા : ૩૧	ડૉ. કુમારપાળ દેસાઈ	૬૪

મુખપૃષ્ઠ સૌજન્ય :

(૧) સરસ્વતી, ૧૯મી સદી પૂર્વાર્ધ
(૨) આશ્રમ ઋષિ માર્કન્ડેય : બી. જે ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ – અમદાવાદ

બહેનશ્રી પુષ્પાબેન પરીખની પારિશ્રમિક નિરીક્ષણ દૃષ્ટિ અને શ્રી જવાહરભાઈ શુક્લનું કોમ્પ્યુટ શબ્દાંકન, મુદ્રણ અને સુશોભન દૃષ્ટિ આ સમૃદ્ધ અંકને પ્રાપ્ત થઈ છે. ધન્યવાદ. આભાર.....-તંત્રી.

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૮-૯ ● ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● શ્રાવણ-વદ-તિથિ-૩

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૩૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક

પ્રા. ડૉ. કાંતિભાઈ બી. શાહ

જૈન સાહિત્ય કથા વિશ્વ

સંપાદકિય...✍

આ સંપાદન અંગે કિંચિત્

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વિકાસાભિમુખ પ્રવૃત્તિઓ માટે સદા જાગ્રત અને 'પ્રબુદ્ધ જીવન'ના માનદ તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહનો ફેબ્રુઆરી '૧૧ની આખર તારીખોમાં પર્યુષણ વિશેષાંક – 'જૈન કથાઓ'ના સંપાદન કાર્ય અંગેનું નિમંત્રણ આપતો પત્ર આવી મળ્યો. વિષય તો રસરુચિવાળો હતો જ, કેમકે મારે હાથે જે કેટલુંક સંશોધન-સંપાદનનું કાર્ય થયું તે જૈન કથનાત્મક સાહિત્ય સંદર્ભે જ હતું. છતાં આ જવાબદારી સંભાળવા અંગે થોડીક અવઢવ હતી. કથાઓની પસંદગી, એના આધારસ્રોતોની ખોજ, ઉપયોગમાં લેવાનારાં પુસ્તકો હાથવગાં થવાં અને એને આધારે એ બધી કથાઓનું આલેખન. 'થશે આ બધું?' એમ થોડીક મથામણ થયા કરી. પણ ધનવંતભાઈનો સૌજન્યપૂર્ણ આગ્રહ અને મૂકેલો વિશ્વાસ–એની આગળ, બસ, ઝૂકી જવાયું. 'ના' કહેવાનું મુશ્કેલ બન્યું. અને સોંપાયેલું કામ પાર પાડવું જ એવા દૃઢ નિશ્ચયથી કામગીરી આરંભી.

જૈન કથાઓનો પટ કોઈ ઘૂઘવતા મહાસાગર સમો વિશાળ છે. આગમો, આગમેતર ગ્રંથો, વૃત્તિઓ અને ટીકાગ્રંથો, ઉપદેશાત્મક ગ્રંથો, કથાકોશો, બાલાવબોધો, કથનાત્મક રાસાઓ, પદ્યવાર્તાઓ – જ્યાં પણ નજર નાખો– નાનીમોટી કથાઓથી આ સાહિત્યસાગર છલકાઈ રહ્યો છે. અને તે પણ પાછો પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી જેવી એકાધિક ભાષાઓમાં. ગદ્યમાં અને પદ્યમાં પણ.

તીર્થંકરો, ચક્રવર્તીઓ, ગીતાર્થો, મુનિવરો, રાજવીઓ, શ્રેષ્ઠીઓ, સતી નારીઓની ચરિત્રકથાઓ, પશુ-પંખીઓની કથાઓ,

આ વિશિષ્ટ અંકના સૌજન્યદાતાઓ

ઑગસ્ટ ૨૦૧૧

સૌજન્યદાતા : શ્રીમતી કુમકુમબેન હર્ષદભાઈ દોશી
શ્રી રૂત્વિક હર્ષદભાઈ દોશી
સ્મૃતિ : સ્વ. માતુશ્રી લીલાવંતીબેન નીમચંદ દોશી
સ્વ. હર્ષદભાઈ દોશી

સપ્ટેમ્બર ૨૦૧૧

સૌજન્યદાતા : શ્રી વિનોદભાઈ એમ. શાહ
શ્રીમતી ભાનુબેન વિનોદભાઈ શાહ
સ્મૃતિ :
સ્વ. શ્રી સુબોધભાઈ એમ. શાહ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

દૃષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ, માર્મિક બોધકથાઓ–એમ વિષયવસ્તુ અને પ્રકાર દૃષ્ટિએ વિચારતાં કેટલું વૈવિધ્યપૂર્ણ આલેખન જોવા મળે!

આ વિશેષાંક સંદર્ભે ધનવંતભાઈને અને મને–બન્નેને જે અપેક્ષિત હતું તે અનુસાર જે જૈન કથાઓ ખૂબ જાણીતી અને પ્રચલિત છે તેવી કથાઓને અહીં સમાવી નથી. તેથી જ સ્થૂલિભદ્રની કે શાલિભદ્રની, નેમ–રાજુલની કે ચંદનબાળાની, મેઘકુમાર-વયરસ્વામી–પુણિયા શ્રાવક કે સનત્યકવર્તીની–આવી અતિપરિચિત કથાઓ અહીં જોવા નહિ મળે. એ જ રીતે 'સમરાઈચ્ચ કહા' કે 'વસુદેવહિંડી', 'પઉમચરિય' કે 'ઉપમિતિભવપ્રપંચા કથા', 'શ્રીપાળ રાજાનો રાસ' કે 'સુરસુંદરીરાસ'–આવાં દીર્ઘ કથાનકો પણ અહીં અપ્રસ્તુત જ હોય એ પણ સમજી શકાશે. પરંતુ જે જૈન કથાઓ જૈનેતરોને તો અપરિચિત હોય, પણ જૈન સમુદાયને પણ એકંદરે અપરિચિત સમી કે અલ્પપરિચિત હોય અને જે કથારંજકતાની સાથે માર્મિક બોધકતાયુક્ત પણ હોય એવી કથાઓને અહીં રજૂ કરાઈ છે.

જૈન કથાસાહિત્યનો જેમને વિશેષ અભ્યાસ છે કે એમાં વિશેષ રુચિ છે એવા અભ્યાસુઓમાંથી કોઇકને એમ પણ લાગવા સંભવ છે કે અહીં અમુક કથાનો સમાવેશ કરવા જેવો હતો પણ થયો નથી, અથવા તો આ કથા કરતાં ફલાણી કથા પસંદગી પામી હોત તો વધુ ઉચિત ગણાત. પણ આગળ કહ્યું તેમ સમગ્ર જૈન કથાસાહિત્યના પ્રદેશમાં વિહરવું એ સમુદ્રને બાથમાં લેવા જેવું કપરું કામ છે. અને વળી, એને એક માસિક અંકની ગાગરમાં સમાવી શકાય પણ શી રીતે?

છતાં અહીં કથાના આધારસ્રોતો, કથાનું વિષયવસ્તુ, કથાના પ્રકારો, કથાની રંજકતા–બોધકતાનું વૈવિધ્ય જળવાય એને ધ્યાનમાં રાખીને કથાપસંદગીનો પ્રયાસ કરાયો છે.

કથા એ વિવિધ પ્રદેશોમાં, વિવિધ ગ્રંથોમાં, વિવિધ લોકમુખે વિહરતો–વિચરતો પ્રકાર છે. તેથી તો એક જ વિષયવસ્તુ ધરાવતી કથા એકાધિક ગ્રંથોમાં સમાવેશ પામેલી જોઈ શકાય છે. અને કથા જ્યાં જ્યાં પહોંચી હોય છે ત્યાં ત્યાં પાત્રનામો, સ્થળનામો, કથાંશો, કથાઘટકો, શૈલી, ગદ્ય-પદ્યનાં માધ્યમ, આલેખનનો સંક્ષેપ કે વિસ્તાર–એમ નવનવા સ્વાંગમાં એ પ્રકટ થતી ભળાય છે. ઉદાહરણ તરીકે, જૈન સમુદાયમાં અત્યંત જાણીતા સ્થૂલિભદ્ર-કોશાના કથાનક સાથે સંકળાયેલા સિંહગુફાવાસી મુનિના કથાનકમાં, સ્થૂલિભદ્ર પરત્વેની ઈર્ષ્યા અને સ્પર્ધાથી પ્રેરાયેલા આ મુનિને 'ઉપદેશમાલા' અને 'ઉપદેશપદ' ગ્રંથોમાં કોશાની બહેન ઉપકોશાને ત્યાં જતા દર્શાવાયા છે, જ્યારે 'ઉપદેશપ્રાસાદ', 'શીલોપદેશમાલા' પરની 'શીલતરંગિણી વૃત્તિ' અને 'ઉત્તરાધ્યયન સૂત્ર'ની 'સુખબોધા વૃત્તિ'માં આ સિંહગુફાવાસી મુનિને કોશાને ત્યાં જતા બતાવાયા છે.

એટલે જ, એકાધિક ગ્રંથોમાં સ્થાન પામેલી કથાના સર્જકનું નહિ, કથા જે ગ્રંથમાં સમાવેશ પામી હોય એ ગ્રંથકર્તાનું નામ બતાવી શકાય. હા, ગ્રંથકારે ગદ્ય કે પદ્યના માધ્યમથી જે સ્વરૂપે એને શબ્દબદ્ધ કરી હોય એ મર્યાદામાં એનું કર્તૃત્વ ગણી શકાય.

આ વિશેષાંકના આરંભમાં મુકાયેલા અભ્યાસલેખ 'જૈન કથા-સાહિત્ય–એક વિહંગદર્શન'માં જૈન કથાસાહિત્ય કેટલા વિસ્તૃત પટ ઉપર પથરાયેલું છે એની ઝાંખી થઈ શકશે.

આ અંકમાં પ્રત્યેક કથાના પ્રારંભે ચોરસ કૌંસમાં કથાનો આધારસ્રોત-ગ્રંથ, ગ્રંથકર્તા, એનું રચનાવર્ષ વગેરે દર્શાવ્યા છે. ક્યાંક એકથી વધુ આધારગ્રંથોનો પણ ઉલ્લેખ કર્યો છે. તે પછી કથાલેખન માટે જે પુસ્તકને ઉપયોગમાં લીધું છે તેનું નામ, સંપાદન, પ્રકાશન, પ્રકાશનવર્ષ વગેરેની માહિતી આપી છે. કથાલેખનમાં જૈન પારિભાષિક શબ્દોનું ભારણ ન રહે એ ખ્યાલમાં રાખ્યું છે. ક્યાંક એવી ભાષા પ્રયોજાઈ હોય તો સરળ પર્યાય આપવાનો પ્રયાસ કર્યો છે.

અહીં અપાયેલી કથાઓ પૈકીની કેટલીકમાં હાસ્યની છાંટ, કેટલીકમાં કુતૂહલપ્રેરક ઘટનાક્રમ, કેટલીકમાં હૃદયસ્પર્શિતા, તો ક્યાંક સંકેત-સમસ્યા અને એનો ઉકેલ–આ બધું જોવા મળે. દેવ કે યક્ષ જેવા પાત્રો સાથે સંકળાતી કથામાં ચમત્કારિક તત્ત્વ પણ જોવા મળે, પણ કથા જે કહેવા જઈ રહી છે એ માટે એ તત્ત્વને એ કથાપ્રદેશના વાસ્તવ તરીકે સ્વીકારવું જોઈએ. છેવટે તો દૃષ્ટાંતરૂપે આલેખાયેલી આવી કથાઓમાંથી એનો વિસ્ફોટક મર્મબોધ ગ્રાહ્ય બનવો જોઈએ.

કથાનાં શીર્ષકો સંપાદકે આપેલાં છે.

વિશેષાંકના આ સમગ્ર કથાલેખનમાં કે કથાસંદર્ભે અપાયેલી માહિતીમાં ક્યાંય પણ શરતચૂક થઈ હોય કે ક્ષતિ રહી હોય તો તે માટે ક્ષમાપ્રાર્થી છું.

આ વિશેષાંક અંગે આપના પ્રતિભાવ/સૂચન જાણવાનું આ સંપાદકને જરૂરથી ગમશે. ધનવંતભાઈને તો એ ગમે જ. તેઓ તો હંમેશાં એની પ્રતીક્ષામાં રહેનારા છે.

આ વિશેષાંક–સંપાદનની જવાબદારી સોંપીને મને જૈન કથાના સાહિત્ય પ્રદેશમાં લટાર મારવાની તક પૂરી પાડી એ માટે હૃદયથી ધનવંતભાઈનો આભારી છું.

□ કાન્તિભાઈ બી. શાહ

'નિશિગંધા', ૭, કૃષ્ણ પાર્ક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૫૫૦૨૩૪૮.

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)

જૈન સાહિત્ય કથા વિશ્વ

આ વિશિષ્ટ અંકના માનદ સંપાદક
ડૉ. કાંતિભાઈ બી. શાહ

બહુશ્રુત, મિતભાષી, સુશ્રાવક ડૉ. કાંતિભાઈ બી. શાહનો પરિચય કરાવવો એટલે જ્ઞાનના ભંડારમાં પ્રવેશી જ્ઞાન સૌરભના અણુ-પરમાણુ લઈને બહાર આવવું.

આપણે એમને મળીએ એટલે એ પળે જ આપણે એમના આત્મિક સ્મિત અને ગોરંભાયેલા શુદ્ધ શબ્દ ધ્વનિના તરંગો અને એ તરંગોમાં ગુંજિત થયેલા જ્ઞાનમાં જકડાઈ જઈએ જ.

ગુજરાતના દહેગામ તાલુકાના રખીયાલી ગામે ૧૯૩૩માં જન્મેલા શ્રી કાંતિભાઈએ પ્રાથમિક શિક્ષણ વતનમાં લીધું, પછી માધ્યમિક શિક્ષણ અમદાવાદ શેઠ સી. એન. વિદ્યાલયમાં, બી.એ. સુધીનો અભ્યાસ અમદાવાદના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના છાત્રવાસમાં રહી ગુજરાત કૉલેજમાંથી કર્યો. જૈન વિદ્યાલયમાં નિવાસ સ્થાનને કારણે જૈન દર્શન-સાહિત્ય પ્રત્યે રસ-રુચિ કેળવાયા.

અમદાવાદમાં શ્રી ઉમાશંકર જોષીના અધ્યક્ષપદે શરૂ થયેલ ભાષા સાહિત્ય ભવનમાં અનુસ્નાતકનું શિક્ષણ લઈ ગુજરાતી-સંસ્કૃત વિષય સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી.

૧૯૬૬માં પ્રખર પંડિત અને સાહિત્ય મર્મજ્ઞ પ્રા. જયંત કોઠારીના માર્ગદર્શનથી 'સહજ સુંદરીકૃત ગુણરત્નાકર છંદ : એની સમીક્ષિત વાચના અને આલોચનાત્મક અભ્યાસ' એ શીર્ષકથી શોધપ્રબંધ લખી પીએચ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરી.

આવું ઉચ્ચત્તમ શિક્ષણ પ્રાપ્ત કરનાર ડૉ. કાંતિભાઈ આજીવન શિક્ષક બની રહ્યાં, અને સાડાત્રણ દાયકા સુધી શાળા, કૉલેજ અને સંશોધન સંસ્થામાં શિક્ષક, પ્રાધ્યાપક અને સંશોધક તરીકે એઓશ્રીએ સેવા આપી.

આ સારસ્વત દીર્ઘ કારકીર્દિ દરમિયાન એઓશ્રીએ ઉચ્ચતમ લેખન કાર્ય કર્યું અને વિવિધ લેખો લખ્યા, પરિસંવાદો અને વાર્તાલાપોમાં સક્રિય રહ્યા ઉપરાંત સંશોધિત, સંપાદિત, લિખિત અને અનુવાદિત એવા એમના ૨૪ ગ્રંથો પ્રકાશિત થયા છે. આ બધાં જ ગ્રંથો, લેખો સાહિત્ય અને જૈન જગત તેમજ વિદ્વાનોએ અંતરથી આવકાર્યા છે અને એ બધાં યશાધિકારી બન્યા છે.

'હસ્તપ્રતવિદ્યા' ઉપરાંત પ્રાચીન અને મધ્યકાલિન જૈન સાહિત્ય એઓશ્રીનો વિશેષ રૂચિનો વિષય છે અને આ ક્ષેત્રમાં એઓ સાહિત્ય જગતને મૂલ્યવાન સેવા આપી રહ્યા છે.

ડૉ. કાંતિભાઈની સાહિત્ય સિદ્ધિ લખવા બેસીએ તો એક વિપુલ નિબંધ લખાઈ જાય એવા આ વિદ્વાને 'પ્રબુદ્ધ જીવન'ના આ વિશિષ્ટ અંક માટે સંપાદન કાર્ય સ્વીકારી 'પ્ર.જી.'ના વાચકોને પરિશ્રમિક ઉત્તમ અને મર્મજ્ઞ રસથાળ આપ્યો છે એ માટે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો અને આ સંસ્થા એઓશ્રીની ઋણી રહેશે.

□ તંત્રી

જૈન કથાસાહિત્ય–એક વિહંગદર્શન

□ ડૉ. કાન્તિભાઈ બી. શાહ

કથાસાહિત્ય વિશેના આ નિબંધનો આરંભ પણ નાનકડાં દૃષ્ટાંતોથી જ કરું.

એક ધર્માનુરાગી શ્રેષ્ઠીનો પુત્ર અત્યંત નાસ્તિક. નગરમાં જૈન આચાર્ય પધાર્યા. શેઠની વિનંતીને ધ્યાનમાં લઈ મહાત્માએ પેલા શ્રેષ્ઠીપુત્ર સમક્ષ શાસ્ત્રકથિત સિદ્ધાંતો ઠાલવવા માંડ્યા. પેલાએ એક કાનેથી સાંભળી બીજે કાનેથી કાઢી નાંખ્યા. મહાત્માને થયું કે 'ઉજ્જડ ધરતી પર મેઘવર્ષા વ્યર્થ છે.' થોડા સમય પછી બીજા એક મહાત્માએ એ બીડું ઝડપ્યું. એમણે પેલા શ્રેષ્ઠીપુત્રને પાસે બેસાડી એક રસિક કથાથી આરંભ કર્યો. નાસ્તિક પુત્રને રસ પડવા માંડ્યો. ચોત્રીસ દિવસ સુધી મહાત્માએ રોજ એકેકી કથા કહી અને શ્રેષ્ઠીપુત્ર નાસ્તિકમાંથી આસ્તિક–ધર્માનુરાગી બની ગયો. આ છે 'વિનોદ ચોત્રીસી'નો કથાદોર.

x x x

સંસ્કૃતની એક જાણીતી કથા 'શુકસપ્તતિ'માં વિદેશ ગયેલા યુવાનની પત્ની જારકર્મ અર્થે રાત્રે બહાર જવા નીકળી. પાળેલા પોપટે સ્ત્રીનો ઈરાદો પારખી જઈને એને એક કથા સાંભળવા કહ્યું. સ્ત્રીને કથામાં રસ પડ્યો. રાત વીતી ગઈ. સ્ત્રીએ એની ભોગેચ્છા કાલ ઉપર મુલતવી. પેલા પોપટે પ્રત્યેક રાત્રીએ એકેકી કથા કહીને ૭૦ રાતો સુધી એને રોકી રાખી. પતિ પાછો આવ્યો. એની પત્ની શીલભ્રષ્ટ થતી બચી ગઈ.

x x x

શૈવધર્મી કુમારપાળ રાજાને હેમચંદ્રાચાર્યે જૈન ધર્મથી અવગત કરાવવા ૫૪ કથાઓ કહી. એ કથાશ્રવણ દ્વારા કુમારપાળ રાજા જૈન ધર્મથી પ્રભાવિત અને પ્રતિબોધિત થયા.

પહેલા દૃષ્ટાંતમાં જોઈ શકાશે કે સીધી સિદ્ધાંતચર્યા કે સીધા ધર્મોપદેશ જે ન કરી શક્યાં તે કથાએ કરી બતાવ્યું. બીજા દૃષ્ટાંતમાં કથાશ્રવણ આગળ પેલી સ્ત્રીનું જારકર્મનું પ્રયોજન ગૌણ બની ગયું. કથારસે એને શીલભ્રષ્ટતામાંથી ઉગારી લીધી. ત્રીજામાં કુમારપાળ રાજાને અહિંસા, દાન, દેવપૂજા, ચારિત્રવ્રતની કથાઓએ પલટાવી દીધા.

કથાનું માધ્યમ : આ છે કથાના માધ્યમની પ્રબળતા અને સક્ષમતા. એ માનવીના હૃદયને સોંસરી સ્પર્શે છે. મર્મસ્થલને ચોટ આપી વીંધી નાંખે છે. હા, શરત એટલી કે આ કથામાધ્યમ શુભ ઈરાદાથી પ્રયોજાયું હોય તો એની સત્ત્વશીલતા અને અસરકારકતા નિરપવાદ છે. અને તેથી જ જૈન, બ્રાહ્મણ કે બૌદ્ધ પરંપરામાં ધર્મકથાનું માધ્યમ પ્રચુર માત્રામાં પ્રયોજાયેલું જોવા મળે છે.

જૈન કથાસાહિત્યનો આધારસ્રોત : જેમ જૈન દર્શન અને જૈન જીવનશૈલીનો આધારસ્રોત આપણાં આગમો છે તેમ જૈન કથા સાહિત્યનો મુખ્ય આધારસ્રોત પણ આપણું આગમસાહિત્ય છે. આપણાં આગમસૂત્રો સમજવા માટે ચાર અનુયોગો પ્રસ્થાપિત થયા છે. ચરણકરણાનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ. આમ આપણા શ્રુતાભ્યાસમાં ધર્મકથાનું પાસું એક મહત્ત્વનું પરિબળ બની રહ્યું છે. આપણી દ્વાદશાંગીમાં છઠ્ઠું અંગ 'જ્ઞાતાધર્મકથાંગ' છે. જેમ આચારાંગસૂત્રમાં ચરણકરણાનુયોગની મુખ્યતા સ્વીકારાઈ છે તેમ આ છઠ્ઠા અંગમાં ધર્મકથાનુયોગની મુખ્યતા છે. પણ એનો અર્થ એ નથી કે અન્ય આગમગ્રંથોમાં ધર્મકથાનું આલેખન નથી થયું. તીર્થંકરો, ચક્રવર્તીઓ, સાધુમહાત્માઓ, સાધ્વીજીઓ, રાજાઓ, મંત્રીઓ, શ્રેષ્ઠીઓ, સતી સ્ત્રીઓ આદિ નિજી જૈન પરંપરાની તેમજ બ્રાહ્મણધારાની પુરાણકથાઓથી માંડીને લૌકિક સ્વરૂપની કથાઓ આપણાં એકાધિક આગમોમાં સમાવિષ્ટ થઈ છે.

પ્રથમ અંગ 'આચારાંગસૂત્ર'ની ત્રીજી ચૂલિકામાં ચ્યવનથી માંડી નિર્વાણ સુધીની શ્રી મહાવીરની જીવનઘટના પ્રાપ્ત થાય છે. પાંચમા અંગ 'વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ'માં જમાલિ અને ગોશાલકનાં ચરિત્રકથાનકો મળે છે. 'જ્ઞાતાધર્મકથાંગ' નામક છઠ્ઠા અંગમાં મહાવીરમુખે કહેવાતી કથાઓ છે. દૃષ્ટાંતકથાઓ, રૂપકકથાઓ, સાહસશૌર્યની કથાઓ, પુરાણકથાઓથી એ આગમ–અંગ સભર બન્યું છે. સાતમા અંગ 'ઉપાસકદશા'માં મહાવીરપ્રભુના આનંદ, કામદેવ, ચુલણીપિયા, સુરાદેવ આદિ દશ શ્રાવકોની કથાઓ ઉપલબ્ધ છે, જેઓ વિવિધ પ્રલોભનો અને ભૂત–પિશાચો દ્વારા પેદા કરાયેલાં વિઘ્નોને પાર કરીને દેવત્વને પ્રાપ્ત કરે છે. આ શ્રાવકો પોતાના ભોગ અને વ્યવસાયની મર્યાદા સ્વીકારીને એમનું સાત્ત્વિક જીવન જીવ્યા છે. આઠમા અંગ 'અંતકૃતદશા'માં જેમણે કર્મોનો અને એના ફલસ્વરૂપ સંસારનો નાશ કર્યો છે એવા ૧૦ અંતકૃત કેવલીના ચરિત્રોનું આલેખન થયું છે. એમાં ગજસુકુમાલ, અર્જુનમાલી, સુદર્શન વગેરેની રોચક કથાઓ છે. નવા અંગ 'અનુત્તરોપપાતિકદશા'માં પોતાનાં તપ–સંયમ દ્વારા અનુત્તર વિમાનલોકમાં પહોંચેલા વારિષેણ, અભયકુમાર, ધન્યકુમાર આદિ ૩૩ રાજકુમારોનાં કથાનકો નિરૂપાયાં છે. અગિયારમા 'કર્મવિપાક' અંગમાં કર્મવિપાકની કથાઓ છે. દુઃખવિપાકની કથાઓમાં પૂર્વભવમાં કરેલાં દુષ્કૃત્યોના માઠા પરિણામ દર્શાવાયા છે. એમાં આવતી મૃગાપુત્રની કથા તો રૂંવાડાં ઊભા કરી નાખે એવી છે. આ મૃગાપુત્ર અત્યંત દુર્ગંધ મારતા, દેહાકૃતિ વિનાના કેવળ માંસપિંડ રૂપે જન્મ્યાં છે.

આગમ–અંગોની જેમ એનાં ઉપાંગોમાં પણ અજાતશત્રુ, અરિષ્ટ નેમિ, પ્રદેશી રાજા અને કેશી ગણધરના કથાનકો તેમજ દેવદેવીઓના પૂર્વભવોની કથા મળે છે.

અન્ય આગમોમાં 'ઉત્તરાધ્યયનસૂત્ર' જે મૂળસૂત્ર ગણાયું છે તેમાં નમિ નામે પ્રત્યેકબુદ્ધની પ્રવ્રજ્યાકથા, કપિલમુનિનું ચરિત્ર, હરિકેશબલ સાધુનું ચરિત્ર, ઇષુકાર રામ, મૃગાપુત્ર, અનાથ મુનિ, સમુદ્રપાલ, રથનેમિની કથાઓ તેમજ પાર્શ્વનાથશિષ્ય કેશીકુમાર અને મહાવીરશિષ્ય ગૌતમ વચ્ચેની સંવાદકથા પ્રાપ્ત થાય છે.

વિવરણગ્રંથો અને ધર્મગ્રંથો અંતર્ગત : સમયાંતરે વિવિધ ગીતાર્થો દ્વારા આ આગમગ્રંથો ઉપર નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ, ટીકા અને વૃત્તિઓની રચના થઈ. આગમગ્રંથોમાં ઉલ્લેખાયેલી કથાઓનો આધાર લઈને જુદાજુદા વૃત્તિકારોએ એ કથાઓને વિસ્તૃતરૂપે આલેખેલી છે તેમજ અન્ય પૂરક કથાનકો પણ આ ટીકાગ્રંથોમાં સ્થાન પામ્યાં છે. જેમકે 'ઉત્તરાધ્યયન' પરના ટીકાગ્રંથોમાં ૨૨ પરીષહોની કથાઓ વિસ્તારથી મળે છે. 'નંદીસૂત્ર' પરની મલયગિરિની 'નંદી-અધ્યયનવૃત્તિ'માં બુદ્ધિના ચાર પ્રકારો પરની બુદ્ધિચાતુર્યની રસિક લૌકિક કથાઓ ઉપલબ્ધ છે.

જેમ આગમિક વિવરણગ્રંથોમાં તેમ આગમેતર ધર્મગ્રંથો અને તે-તે ધર્મગ્રંથો પરના ટીકાગ્રંથોમાં પણ થોકબંધ કથાઓ સમાવેશ પામી છે. જેમકે ધર્મદાસગણિનો 'ઉપદેશમાલા', હરિભદ્રસૂરિનો 'ઉપદેશપદ', જયકીર્તિનો 'શીલોપદેશમાલા', મલધારી હેમચંદ્રસૂરિનું 'પુષ્પમાલા પ્રકરણ', શાંતિસૂરિનું 'ધર્મરત્નપ્રકરણ' વગેરે ગ્રંથોમાં અનેક કથાઓ નિર્દિષ્ટ છે. આ ધર્મગ્રંથો પર રચાયેલા ટીકાગ્રંથોમાં એ કથાઓનો વ્યાપ વિસ્તરે છે. ધર્મદાસગણિના 'ઉપદેશમાલા' ઉપર ૧૦મીથી ૧૮મી સદી સુધીમાં વીસેક જેટલી સંસ્કૃત ટીકાઓ લખાઈ છે. એમાં સિદ્ધર્ષિગણિ કૃત 'હેયોપાદેય' ટીકામાં સંક્ષેપમાં જૈન પરંપરાના ચરિત્ર-કથાનકો મળે છે. પાછળથી વર્ધમાનસૂરિએ પ્રાકૃતમાં બીજા કથાનકો એમાં ઉમેર્યાં છે.

હરિભદ્રસૂરિની પ્રાકૃત રચના 'ઉપદેશપદ' પર વર્ધમાનસૂરિએ અને મુનિચંદ્રસૂરિએ ટીકાઓ લખી છે. આ ગ્રંથોમાં મનુષ્યભવની દુર્લભતાનાં દસ દૃષ્ટાંતો અપાયાં છે તેમજ ચાર પ્રકારની બુદ્ધિ – ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી – ને લગતી ૮૩ જેટલી દૃષ્ટાંતકથાઓ મળે છે. એમાં નટપુત્ર ભરત રોહાની ઔત્પત્તિકી બુદ્ધિનાં અપાયેલા દૃષ્ટાંતો અત્યંત રસિક છે. 'પુષ્પમાલા પ્રકરણ'ના ૨૦ અધિકારોમાં અહિંસા, જ્ઞાન, દાન, શીલ, તપ, ભાવના, ચારિત્રશુદ્ધિ વગેરેની પુષ્ટિ અર્થે દૃષ્ટાંતકથાઓ આપવામાં આવી છે. જયકીર્તિરચિત 'શીલોપદેશ-માલા'ની સોમતિલકસૂરિ રચિત 'શીલતરંગિણી' વૃત્તિમાં ૩૯ કથાઓ ઉપલબ્ધ છે. કલિકાલસર્વત્ર હેમચંદ્રાચાર્યે રચેલા 'યોગશાસ્ત્ર' અને એની સ્વોપજ્ઞ ટીકામાં ઋષભદેવ, મહાવીર સ્વામી વગેરે તીર્થંકરો, બ્રહ્મદત્ત, ભરત, સુભૂમ, સનત્કુમાર આદિ ચક્રવર્તીઓ, ચિલાતીપુત્ર, દૃઢપ્રહારી, સ્થૂલિભદ્ર આદિ સાધુ મહાત્માઓ, આનંદ, ચુલણીપિયા વગેરે શ્રાવકો, સુદર્શન શ્રેષ્ઠી વગેરેના કથાનકોનો સમાવેશ થાય છે.

કથાકોશો : સંસ્કૃત-પ્રાકૃતમાં કેટલાક કથાગ્રંથો એવા મળે છે જે કથાકોશની ગરજ સારે છે. હરિષેણનો 'બૃહત્કથાકોશ' પ્રાચીન કથા કોશ છે; જેમાં ૧૫૭ કથાઓ છે. એમાં ભદ્રબાહુની કથા નોંધપાત્ર બની છે. વિમલસૂરિનું 'પઉમચરિયં', જિનસેનનું 'હરિવંશપુરાણ', શીલાંકનું 'ચઉપન્નમહાપુરિસચરિયં', ભદ્રેશ્વર કૃત 'કથાવલિ', હેમચંદ્ર'નું ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', શુભશીલગણિની 'ભરતેશ્વર-બાહુબલિ વૃત્તિ', સોમપ્રભાચાર્યકૃત 'કુમારપાલ-પ્રતિબોધ', વિજયલક્ષ્મી કૃત 'ઉપદેશપ્રાસાદ' તેમજ ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે 'ઉપદેશમાલા', 'ઉપદેશપદ', 'શીલોપદેશમાલા' વગેરે કથાકોશ પ્રકારના કથાગ્રંથો છે.

'ત્રિષષ્ટિ'માં ૬૩ શલાકાપુરુષોનાં ચરિત્રો છે, જેમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ વાસુદેવ, ૯ બળદેવ અને ૯ પ્રતિવાસુદેવના ચરિત્રોનો સમાવેશ છે. આ ગ્રંથના ૧૩મા પર્વમાં મહાવીરચરિત્રની સાથે સાથે શ્રેણિક, કોણિક, ચેલ્લણા, મૃગાવતી, ધન્ના-શાલિભદ્ર, દર્દુશંક દેવ અને જાસા સાસાની કથાઓ પણ સંકળાયેલી છે.

વિજયલક્ષ્મીના 'ઉપદેશપ્રાસાદ'માં ૩૫૭ કથાનકો છે. જેમાં ૩૪૮ દૃષ્ટાંતકથાઓ અને ૯ પર્વકથાઓ છે. શુભશીલગણિની 'ભરતેશ્વર-બાહુબલિ વૃત્તિ' એ મૂળમાં તો ૧૩ ગાથાની 'ભરતેશ્વર-બાહુબલિ સજ્ઝાય'માં નિર્દેશાયેલા ધર્માત્માઓ અને સતી નારીઓના ચરિત્રાત્મક કથાનકોનો સંગ્રહ છે. જેમાં ભરતથી મેઘકુમાર સુધીના ૫૩ પુરુષો અને સુલસાથી માંડી રેણા સુધીની ૪૭ સતી સ્ત્રીઓની કથાઓ છે.

સ્વતંત્ર જૈન કથનાત્મક કૃતિઓ/રાસાઓ : અહીં સુધીમાં તો આપણે સમૂહમાં એકાધિક કથાઓ સંગ્રહાઈ હોય એવા આગમ અને આગમેતર સંસ્કૃત-પ્રાકૃત કથાગ્રંથો અને કથાકોશોની વાત કરી. પણ જૈન પરંપરાની આ બધી ચરિત્રકથાઓ નિરૂપતા સ્વતંત્ર ગ્રંથો પણ સંસ્કૃત-પ્રાકૃતમાં પ્રચુર માત્રામાં રચાયા છે. એક જ વિષય ઉપર અનેક ગ્રંથો રચાયા હોય એનું પ્રમાણ પણ સારું એવું છે. જૂજ અપવાદ સિવાય મોટા ભાગના તીર્થંકર ચરિત્રો મહદંશે પ્રાકૃતમાં રચાયા છે. એમાંયે 'સંતિનાહ ચરિય' કે 'મહાવીરચરિય' તો અનેક કવિઓને હાથે રચાયા છે. જૂની ગુજરાતીમાં પ્રવેશ કરીએ તો એ સાહિત્યનો આરંભ જ શાલિભદ્ર કૃત 'ભરતેશ્વર-બાહુબલિ રાસ' અને વજ્રસેનસૂરિકૃત 'ભરત-બાહુબલિઘોર'થી થયેલો છે. પ્રાચીન-મધ્યકાલીન આપણા જૈન સાધુકવિઓને માટે તો જૈન પરંપરાના ચરિત્રાત્મક કથાનકોએ એમની રાસાકૃતિઓ માટે મોટો ખજાનો ખોલી આપ્યો છે. જૂજ અપવાદ સિવાય લગભગ મધ્યકાળના બધા જ જૈન કવિઓએ કથનાત્મક રાસારચનાઓ આપી છે એની અહીં યાદી આપવી એ પણ સમુદ્ર ઉલેચવા જેવું કપરું કામ બની જાય. કેવળ રાસા-કૃતિઓમાં જ નહીં, ફાગુ, બારમાસી, સજ્ઝાય જેવા લઘુ પદ્યપ્રકારોમાં પણ આ કથાનકો સંક્ષિપ્ત સ્વરૂપે

નિરૂપાયાં છે.

શાલિભદ્રસૂરિ, લાવણ્યસમય, સહજસુંદર, જયવંતસૂરિ, કુશલલાભ, નયસુંદર, સમયસુંદર, ઋષભદાસ શ્રાવક, જિનહર્ષ, ઉપાધ્યાય યશોવિજયજી, જ્ઞાનવિમલ, ઉદયરત્ન, પદ્મવિજય, પં. વીરવિજય, ઉત્તમવિજય વગેરે જૈન કવિઓએ ઘણા મોટા પ્રમાણમાં આવું કથનાત્મક સાહિત્ય આપ્યું છે. એમાં જૈન પરંપરાના તીર્થંકરો, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી વગેરે ગણધરો, શ્રેણિક, અભયકુમાર, પ્રદેશી રાજા, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરે રાજપુરુષો, જંબૂસ્વામી, સ્થૂલિભદ્ર, નંદિષેણ, ચંદ્રકેવલિ, ઈલાચીકુમાર, વજ્રસ્વામી, મેતાર્યમુનિ વગેરે સાધુભગવંતો, સુદર્શન શેઠ, ધન્ના-શાલિભદ્ર આદિ શ્રેષ્ઠિઓ, ચંદનબાળા, અંજનાસતી, મૃગાવતી, ઋષિદત્તા વગેરે સતીનારીઓ જેવા ચરિત્રકથાનકો સમાવિષ્ટ છે.

જૈનેતર બ્રાહ્મણધારાની પુરાણકથાઓ : અહીં સુધીમાં આપણે મુખ્યત્વે નિજી જૈન ધારાના જ કથાસાહિત્યની વાત કરી. પણ આપણા જૈન સાધુ કવિઓએ બ્રાહ્મણધારાની જૈનેતર પુરાણ-કથાઓ, જેવી કે રામ, કૃષ્ણ અને પાંડવકથાઓને પણ વ્યાપક રીતે રૂપાંતરિત કરી જૈનાવતાર આપ્યો છે. આ સિલસીલો છેક આગમકાળથી જોવા મળે છે. દા. ત. 'જ્ઞાતાધર્મકથાંગ'માં દ્રૌપદી અને તેના પૂર્વભવની કથા મળે છે. પૂર્વજન્મની સુકુમાલિકાએ જુદા જુદા પાંચ પુરુષોને ભોગવતી ગણિકાને જોઈને પોતે પણ આવા સુખની મૃત્યુસમયે ઈચ્છા કરી, જે બીજે ભવે દ્રૌપદી રૂપે અવતરી પાંચ પતિને પામી. કૃષ્ણ અને નારદના ઉલ્લેખો પણ અહીં થયા છે. 'અંતકૃતદશાઃ' નામક આગમમાં પણ કૃષ્ણકથા આવે છે.

જૈનેતર પૌરાણિક રચનાઓમાં વિમલસૂરિની 'પઉમચરિયં' પ્રાકૃતમાં રચાયેલી સૌથી પ્રાચીન કૃતિ છે. એમાં રામનું નામ પદ્મ છે. અહીં રામકથાનો જૈનાવતાર થયો છે. આ કૃતિમાં રાવણ, કુંભકર્ણ, સુગ્રીવ, હનુમાન આદિ પાત્રોને રાક્ષસ કે પશુ રૂપે નહીં પણ મનુષ્ય રૂપે નિરૂપવામાં આવ્યા છે. આ જ પ્રાકૃત કૃતિની છાયા જેવી રવિષેણની સંસ્કૃતમાં 'પદ્મચરિત/પદ્મપુરાણ' રચના મળે છે. જિનસેનના 'હરિવંશપુરાણ'ને જૈન મહાભારત કહી શકાય એવી રચના છે. એમાં નેમિનાથનું ચરિત્ર મળે છે. પણ આ ધારાની અત્યંત લોકપ્રિય બનેલી કથાકૃતિ છે સંઘદાસગણિની 'વસુદેવ-હિંડી'. એમાં કૃષ્ણપિતા વસુદેવની દેશદેશાંતરની ભ્રમણયાત્રાનું વર્ણન છે. પણ આ કથા સાથે જૈન ધારાની તેમજ લૌકિક કથાઓ પણ મોટી સંખ્યામાં સમાવેશ પામી છે. આ કૃતિનો બીજો ખંડ ધર્મદાસગણિએ રચ્યો છે.

માણિક્યદેવે 'નલાયન' કથાગ્રંથમાં નળ-દમયંતીનું ચરિત્ર જૈન પરંપરાગત રીતે પ્રસ્તુત કર્યું છે. સંસ્કૃત-પ્રાકૃતમાં જ નળદમયંતી વિષયક ૧૩ જેટલી રચનાઓ થઈ છે. આ ઉપરાંત જૂની ગુજરાતીમાં ઋષિવર્ધન, નયસુંદર અને મેઘરાજ જેવા કવિઓ પાસેથી 'નલદમયંતી રાસ' મળે છે.

એ જ રીતે નયસુંદરનો 'પાંચ પાંડવચરિત્ર રાસ', સમયસુંદરનો 'સીતારામ ચોપાઈ રાસ' અને 'દ્રૌપદી ચોપાઈ', શાલિસૂરિનું 'વિરાટપર્વ', ધર્મસમુદ્રનો 'શકુંતલા રાસ' રચાયાં છે. આમ રામાયણ-મહાભારતની કથાઓની જૈન પરંપરા વ્યાપક સ્વરૂપે ઊભી થઈ છે.

કેટલાક મૂળભૂત સિદ્ધાંતો પરત્વે જૈન અને બૌદ્ધ મત સમાન વલણ ધરાવતા હોઈ, બૌદ્ધ ધર્મની જાતકતથાઓ અને અવદાન સાહિત્યની કથાઓ પણ જૈન કથાસાહિત્યમાં સમાવેશ પામી છે.

લૌકિક કથાધારા : ભારતીય કથાસાહિત્યની એક ધારા લૌકિક કથાઓની છે અને તે ખૂબ જ વ્યાપક બનેલી છે. આ કથાસાહિત્યનો પ્રાચીનતમ આકરગ્રંથ ગુણાઢ્યની 'બૃહત્કથા' છે. પણ એ ગ્રંથ લુપ્ત થયો છે. એમાંનો મોટો ભાગ 'બૃહત્કથા શ્લોકસંગ્રહ', ક્ષેમેન્દ્રકૃત 'બૃહત્કથામંજરી' અને સોમદેવકૃત 'કથાસરિત-સાગર'માં સંગ્રહીત છે. આ ગ્રંથો એ પાછળથી રચાયેલી લૌકિક કથાઓનો મોટો આધારસ્રોત ગણી શકાય.

આગમગ્રંથોથી માંડી પછીના અનેક કથાગ્રંથોમાં આ લૌકિક વાર્તાઓ પ્રવેશ પામી છે. હા, પાત્રો, પાત્રનામો કે પરિવેશ બદલાયાં હોય પણ એનો કથાઘટક એક સરખો હોય.

'જ્ઞાતાધર્મકથાંગ'માં સસરા પોતાની ચારેય પુત્રવધૂઓના બુદ્ધિચાતુર્યની કસોટી કરે છે. શેઠ અને ચોરની, કાચબાની કથા પણ અહીં જોવા મળે છે. 'ઉપદેશપદ' અને એની વૃત્તિમાં તેમજ 'નંદીસૂત્ર' અને 'નંદીઅધ્યયનવૃત્તિ'માં બુદ્ધિચાતુર્યની લૌકિક કથાઓ મળે છે. વર્ધમાનસૂરિકૃત 'મણોરમા કહા', શુભશીલગણિની 'વિક્રમાદિત્ય ચરિત્ર', વિજયભદ્રની 'હંસરાજ વચ્છરાજ ચોપાઈ', હીરાણંદની 'વિદ્યાવિલાસ પવાડુ', મલયચંદ્રની 'સિંહાસન બત્રીસી ચઉપઈ', સિંહકુશલની 'નંદબત્રીસી ચઉપઈ', જિનહર્ષ, રાજસિંહ આદિ પાંચ કવિઓએ રચેલી 'આરામશોભા', મતિસારની 'કર્પૂરમંજરી', કુશળલાભની 'માધવાનલ-કામકંદલા રાસ' તથા 'મારુ-ઢોલા ચુપઈ', હેમાણંદની 'વેતાલપંચવિંશતિ રાસ', રત્નસુંદરની 'શુકલહોતેરી', કીર્તિવર્ધનની 'સદયવત્સ સાવલિંગા રાસ' – આ બધી લૌકિક ધારાની વાર્તાઓ છે; જે જૈન સાધુ કવિઓની કલમે મધ્યકાળના વિવિધ તબક્કે રચાયેલી છે. જૈન સાધુકવિ હરજી મુનિએ 'ભરડક બત્રીસી' અને 'વિનોદ-ચોત્રીસી' એ બે હાસ્ય-વિનોદે રસાયેલી લૌકિક કથાઓને આવરી લેતી પદ્યવાર્તાઓ આપી છે.

ધર્મોપદેશના પ્રયોજનવાળી જૈન પરિવેશયુક્ત વાર્તાઓ : જૈન કવિઓને હાથે, જૈન પરિવેશ પામેલી અને ધર્મોપદેશના પ્રયોજને રચાયેલી વાર્તારચનાઓમાં પાદલિપ્તે રચેલી 'તરંગવતી' અને એના સંક્ષિપ્ત રૂપ સમી પ્રાકૃત કથા 'તરંગલોલા', હરિભદ્રસૂરિએ પ્રાકૃત ગદ્યમાં રચેલી 'સમરાઈચ્ચ કહા' તેમજ પદ્યમાં રચેલી 'ધૂર્તાખ્યાન' કથાઓ મળે છે. 'તરંગવતી' મૂળ રૂપે ઉપલબ્ધ નથી, પણ

'તરંગલોલા'માં એક શૃંગારકથા રૂપે એ મળે છે. સુવ્રતા સાધ્વી એક શ્રાવિકાને પોતાની જીવનકથા કહે છે એ પ્રકારની એની કથનરીતિ છે. સંસારી અવસ્થાની આ વણિકપુત્રીએ જાતિસ્મરણથી જાણ્યું કે પૂર્વભવમાં તે હંસયુગલ હતી ને એક શિકારીએ હંસને મારી નાખતાં પોતે બળી મરી હતી. પૂર્વ ભવના એના પતિને આ ભવમાં ખોળીને એની સાથે લગ્ન કરે છે. અંતમાં બન્ને સંસાર ત્યજી દીક્ષા ગ્રહણ કરે છે.

'સમરાઈચ્ચ કહા'માં સમરાદિત્ય અને ગિરિસેનના નવ માનવભવોની કથા કહેવાઈ છે; જેમાં અનેક અવાંતરકથાઓ પણ આવે છે. એમાંથી ચોથા ભવની અવાંતરકથા 'યશોધરચરિત' ઉપર તો ૨૪ થી વધુ કૃતિઓ સંસ્કૃત–પ્રાકૃત–અપભ્રંશમાં રચાઈ છે. એમાં હિંસાનો નિષેધ અને વ્યભિચારનું દુષ્પરિણામ દર્શાવાયા છે. 'ધૂર્તાખ્યાનમાં' ધૂર્તવિદ્યામાં પારંગત એવા પાંચ ધૂર્તોની કથા છે જેમાં એક સ્ત્રી-ધૂર્ત પણ છે. એ સ્ત્રી ચતુરાઈથી બાકીના ધૂર્તોને ભોજન કરાવે છે. બધા એની પ્રત્યુત્પન્નમતિની પ્રશંસા કરે છે.

સિદ્ધર્ષિગણિની 'ઉપમિતિભવપ્રપંચાકથા' જૈન પરંપરામાં અત્યંત સુપ્રસિદ્ધ બનેલી કથા છે. તે સંસ્કૃત ગદ્યકથા છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ – એ ચાર ભવોની વિસ્તારકથા અહીં રૂપકકથાની શૈલીએ કહેવાઈ છે. ડૉ. યાકોબીએ આ કથાની અંગ્રેજી પ્રસ્તાવનામાં કહ્યું છે કે, `It is the first allegorical work in Indian Literature.' આ કથાના અનેક સંક્ષેપો થયા છે. જૂની ગુજરાતીમાં આવી એક રૂપકકથા જયશેખરસૂરિની 'ત્રિભુવન દીપક પ્રબંધ' નામે મળે છે. આ કવિએ જ સંસ્કૃતમાં રચેલ 'પ્રબોધ ચિંતામણિ' ગ્રંથનું એ ગુજરાતી રૂપાંતર છે.

ઉદ્યોતનસૂરિની 'કુવલયમાલા' એ પ્રાકૃતમાં રચાયેલ ગદ્યપદ્ય મિશ્રિત કથા છે. ભવભ્રમણના કારણરૂપ ક્રોધ, માન, માયા, લોભ, મોહ આદિ કષાયોને સાંકળતી આ પણ એક રૂપકકથા છે. પૂર્વભવનો માનભટ્ટનો જીવ આ ભવે કુવલયચંદ્ર અને પૂર્વભવનો માયાદત્તનો જીવ આ ભવે રાજકુંવરી કુવલયમાલા તરીકે જન્મે છે. બન્ને લગ્ન કરી, સમય જતાં પુત્ર પૃથ્વીસારને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરે છે. જૂની ગુજરાતીમાં ઋષિદત્તા, નર્મદાસુંદરી, સુરસુંદરી, મનોરમા, મલયસુંદરી વગેરે નારીપાત્રોવાળી જૈન ધર્મોપદેશને બંધબેસતી કથાકૃતિઓ રચાઈ છે. જયવંતસૂરિએ 'શૃંગારમંજરી' નામક કૃતિમાં શીલવતીની કથા આલેખી છે. માણિક્યસુંદરે 'પૃથ્વીચંદ્રચરિત્ર' નામે ગદ્યકથા આપી છે જેમાં પઈઠાણ નરેશ પૃથ્વીચંદ્ર અને અયોધ્યાની રાજકુંવરીના થતાં લગ્ન વચ્ચે અનેક વિઘ્નો નડે છે અને એનું ચમત્કારયુક્ત રીતે નિવારણ પણ થાય છે. પુણ્યનો પ્રભાવ દર્શાવતી અને જૂની ગુજરાતી ભાષાની 'કાદંબરી' કથા સમી આ કથા નોંધપાત્ર બની છે.

બાલાવબોધો–અંતર્ગત કથાઓ : જેમ સંસ્કૃત–પ્રાકૃતમાં અનેક જૈન–જૈનેતર લૌકિક પરંપરાની કથાઓને સંગ્રહીત કરતા કથા-સંગ્રહો – કથાકોશો રચાયા છે તેમ સંસ્કૃત–પ્રાકૃત ધર્મગ્રંથો ઉપરના જૂની ગુજરાતીમાં રચાયેલા બાલાવબોધોએ પણ કથાકોશ બનવાનું કામ કર્યું છે.

ધર્મદાસગણિના પ્રાકૃત ગ્રંથ 'ઉપદેશમાલા' ઉપર સોમસુંદર-સૂરિએ સં. ૧૪૮૫માં રચેલા બાલાવબોધમાં નાની–મોટી થઈને ૮૩ કથાઓ મળે છે. 'ઉપદેશમાલા'ની ગાથામાં જેનો માત્ર ટૂંકો ઉલ્લેખ જ હોય ત્યાં બાલાવબોધકારે તે તે ગાથાના બાલાવબોધની નીચે વિસ્તારીને કથા કહી છે. એમાં મુનિમહાત્માઓની ચરિત્ર-કથાઓનું પ્રમાણ સવિશેષ છે. તે ઉપરાંત રાજાઓ, મહાસતીઓ, શ્રેષ્ઠીઓ, દેવો, ભીલ, માતંગ, રથકાર, ધૂર્ત, બ્રાહ્મણ, તેમજ પશુપંખીની કથા, રૂપકકથા, અન્યોક્તિ કથા, સમસ્યા અને એના ઉકેલ સમી કથા મળે છે. નિકટનાં સગાં જ સગાંનો અનર્થ કરે એ પ્રયોજનવાળી કથાઓનું તો આખું ગુચ્છ છે; જેમાં માતા પુત્રને, પિતા પુત્રને, પુત્ર પિતાને, ભાઈ ભાઈને, પત્ની પતિને, મિત્ર મિત્રને, સગો સગાને અનર્થ કરે છે.

આ જ રીતે 'પુષ્પમાલા પ્રકરણ', 'ષડાવશ્યક સૂત્ર', 'ભવ-ભાવના', 'શીલોપદેશમાલા' જેવા ગ્રંથોના બાલાવબોધોમાં આવી કથાઓ મળે છે.

જૈન કથાસાહિત્યનું પ્રયોજન : આ કથા સાહિત્યનું મુખ્ય પ્રયોજન ધર્મોપદેશનું રહ્યું છે. આ કથાસાહિત્ય ભાવકના કથારસને પણ પોષે છે, સાથે ધર્મોપદેશને મિષ્ટતાપૂર્વક હૃદયસ્થ કરવામાં સહાયક બને છે. પૂર્વભવોનાં કર્મોનો વિપાક અને એના સારાં–માઠાં ફળ દર્શાવવાના પ્રયોજનવાળી ભવભવાંતરની કથાઓની વિપુલતા જૈન કથાસાહિત્યમાં વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

મનુષ્યભવની દુર્લભતા, શીલ–ચારિત્ર–તપ–સંયમ–વૈરાગ્યનો મહિમા, કામક્રોધાદિ કષાયોના માઠાં ફળ, પરીષહ, હળુકર્મી અને ભારેકર્મી જીવો વચ્ચેનો ભેદ, નિષ્કામતા, ગુરુ પ્રત્યેનો વિવેક–વિનય, સુપાત્ર દાનનો મહિમા, અભયદાન, જીવદયા, જયણા, દેવપૂજા, વૈયાવૃત્યાદિ તપ, નવપદની આરાધના–જેવાં પ્રયોજનવાળી ધર્મ અને વૈરાગ્યપ્રેરક જીવનબોધક નાનીમોટી કથાઓથી જૈન કથાસાહિત્ય અત્યંત સમૃદ્ધ છે.

આવા સાહિત્યનું વધુ ને વધુ શ્રવણ–વાચન થાય, એ પ્રત્યેના રસરુચિ કેળવાય, અને એમાંથી ફલિત થતા મર્મ–બોધને આપણે હૃદયમાં ગ્રહણ કરીએ. એના ફલસ્વરૂપ આપણું જીવન શ્રેયઃ પથગામી બની રહો.

(પૂના–'વીરાલયમ્' ખાતે યોજાએલા ૧૯ મા જૈન સાહિત્ય સમારોહમાં તા. ૧૪–૨–૦૮ના રોજ 'જૈન કથા સાહિત્ય'ની બેઠકોના પ્રમુખસ્થાનેથી રજૂ થયેલો નિબંધ.) ✷ ✷ ✷

(અગાઉ પ્રકાશિત થયેલ 'પ્રબુદ્ધ જીવન' ૧૬, ફેબ્રુ. ૨૦૦૯ના અંકમાં.)

બુદ્ધિચતુર બાળ રોહા

માળવા દેશમાં ઉજ્જયિની નગરીની પાસે શિલાગ્રામ નામે એક નાનું ગામ હતું. એ ગામમાં ઘણા નટવાઓ રહેતા હતા. એ સૌમાં ભરત નામે એક નટ પણ એની પત્ની અને પુત્ર સાથે રહેતો હતો. પત્નીનું નામ પ્રેમવતી અને પુત્રનું નામ રોહા. આ પુત્ર વયમાં નાનો પણ ઘણો જ બુદ્ધિમંત હતો.

સમય જતાં, એક દિવસ રોહાની માતા મૃત્યુ પામી. બાપે બીજી સ્ત્રી સાથે લગ્ન કરતાં રોહાને તો સાવકી મા ઘરમાં આવી. આ નવી મા રોહાની કાંઈ જ સારસંભાળ લેતી નહિ, વેળા થયે સરખું જમવા પણ આપે નહિ અને ઓરમાન પુત્ર સાથે તુચ્છકારભર્યું વર્તન કરતી.

એક દિવસ સાવકી માને આ બાળ રોહાએ મોંઢામોંઢ સંભળાવી દીધું, 'મને તું કશામાં ગણતી નથી. પણ હું તારી એવી વલે કરીશ કે તારે મારા પગે પડવું પડશે.'

પણ રીસે ભરાયેલી સાવકી માએ તો રોહાની અવગણના કરવાનું ચાલુ જ રાખ્યું.

એમ કરતાં કેટલાક દિવસો વીત્યા. રોહાએ મનમાં એક યુક્તિ વિચારી. એક દિવસ રાતને સમયે બારણું ઉઘાડી લઘુશંકાને નિમિત્તે તે ઘરની બહાર નીકળ્યો. ત્યારે ચંદ્રનું અજવાળું ધરતી પર પથરાયેલું હતું. રોહાએ ચંદ્રના અજવાળામાં ઊભા રહી પિતાને સાદ કર્યો, 'તમે ઉતાવળે અહીં આવો.' પિતા ભરત પુત્રનો સાદ સાંભળી જાગીને બહાર દોડી આવ્યો. દોડી આવેલા પિતાને રોહા કહે, 'આપણા ઘરમાંથી કોઈ માણસ બારણું ઉઘાડીને નાઠો.'

પુત્રના મોંએ આ વાત સાંભળીને પિતા નવી પત્ની પ્રત્યે શંકાશીલ બન્યો. અને તે દિવસથી પત્નીની ઉપેક્ષા કરવા લાગ્યો. સાવકી મા મનમાં સમજી ગઈ કે નક્કી, આ રોહાની જ પેરવી લાગે છે. એટલે એક દિવસ એણે રોહાને ઠપકો આપતાં કહ્યું, 'તારે કારણે જ પતિ મારાથી દૂર થઈ ગયા છે.'

રોહા કહે, 'જો તું મારી સારી દેખભાળ નહિ કરે તો આમ જ થશે.' ત્યારે ડરી ગયેલી મા ઢીલી પડી જઈને કહેવા લાગી, 'હવે પછી તું કહીશ તેમ જ કરીશ.'

સાવકી માને મોઢે આ વાત સાંભળી એટલે તરત રોહા કહે, 'જો એમ જ હોય તો હવે પછી મારા પિતાનો તારા પ્રત્યેનો સ્નેહ બેવડાઈ જાય એમ હું કરીશ.'

રોહાએ પિતાની શંકા દૂર કરવા વળી એક યુક્તિ કરી.

એક રાતે ચંદ્રના અજવાળામાં ઊભા રહી એણે પિતાને સાદ પાડીને બોલાવ્યા. દોડી આવેલા પિતાને રોહા કહે, 'બાપુ! તે દિવસે જે અજાણ્યો પુરુષ ઘરમાંથી નાઠેલો તે તમને બતાવું.' આમ કહીને રોહા પોતાનો જ પડછાયો પિતાને બતાવવા લાગ્યો. પુત્રનો જ પડછાયો જોઈને પિતા પસ્તાવો કરવા લાગ્યો. એને થયું કે 'રોહાએ તે દિવસે પણ એના જ પડછાયાને કોઈ પુરુષ સમજી લેવાની ભૂલ કરી લાગે છે. આજસુધી મેં ફોગટ જ પત્ની પ્રત્યે વહેમાઈને એની અવગણના કરી.'

આમ યુક્તિ અજમાવીને રોહાએ પિતાની શંકાને નિર્મૂળ કરી. માતા પણ હવે રોહાને બરાબર સાચવવા લાગી. એનો પડ્યો બોલ ઝીલવા લાગી. રોહા બુદ્ધિથી સાવકી માને ઠેકાણે તો લાવ્યો, તોપણ એ વિચારવા લાગ્યો કે 'આ સ્ત્રીનો શો વિશ્વાસ? એ મારા પ્રત્યે ઉપરથી ભલે સ્નેહ દાખવે પણ મનમાં તો દ્વેષ જ રાખતી હશે. કદાચ એ ઝેર આપીને મને મારી પણ નાખે.' એટલે સાવચેતી રૂપે તે હંમેશાં પિતાની સાથે જ જમવા લાગ્યો. પોતે એકલો કદી જમતો નહીં.

એક દિવસ પિતાએ રોહાને કહ્યું, 'રોહા, ચાલ, આજે આપણે ઉજ્જયિની જઈએ. તેં એ નગરી જોઈ નથી. તે તને આજે બતાવું. રાત સુધીમાં તો આપણે પાછા આવી જઈશું.'

રોહા તો પિતાની આ વાતથી ખૂબ આનંદમાં આવી ગયો. તે પિતાની સાથે ઉજ્જયિની જવા તૈયાર થઈ ગયો. પિતા-પુત્ર બન્ને ઉજ્જયિની આવ્યા. નગરીમાં ફર્યા અને કેટલીક ઘરવપરાશની સામગ્રી ખરીદીને નગરીના દરવાજા બહાર આવ્યા. પોરો ખાવા બેઠા. એટલામાં પિતાને યાદ આવી જતાં રોહાને કહે, 'બજારમાંથી કેટલીક વસ્તુઓ લેવાની ભુલાઈ ગઈ છે તે લઈને હું આવું છું ત્યાં સુધી તું આરામ કર.'

આમ કહીને પિતા નગરમાં ગયા ને રોહા ક્ષિપ્રા નદીને કાંઠે રોકાઈ ગયો. બેઠાં બેઠાં રોહાને એક તુક્કો સૂઝ્યો. આખો દિવસ ફરીને એણે જે ઉજ્જયિની નગરી જોઈ હતી તેને આ ક્ષિપ્રા નદીની રેતીમાં ચીતરવા બેઠો. નગરના

[આ કથાનો આધારસ્રોત-ગ્રંથ છે આચાર્ય હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિની 'સુખ-સંબોધની વૃત્તિ'. આચાર્ય હરિભદ્રસૂરિના મૂળ ગ્રંથ 'ઉપદેશપદ'ની ભાષા પ્રાકૃત છે, જ્યારે એના પરની વૃત્તિ સંસ્કૃત ભાષામાં છે. પણ વૃત્તિકાર શ્રી મુનિચંદ્રસૂરિએ એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં અને કેટલીક સંસ્કૃતમાં છે. આ ટીકાગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિની 'નંદી-અધ્યયન વૃત્તિ'માં પણ આ કથા મળે છે. આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિના ટીકાગ્રંથનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત થયો છે.

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.– અનુ. આચાર્ય હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચન્દ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચન્દ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૦૮ (ઈ. સ. ૧૯૭૨).

ઔત્પત્તિકી બુદ્ધિના દૃષ્ટાંત રૂપે આ કથા અપાઈ છે. કોઈ પદાર્થ વિશે કોઠાસૂઝથી યથાર્થ રીતે તત્ક્ષણ સ્ફૂર્ત થતી બુદ્ધિ તે ઔત્પત્તિકી બુદ્ધિ છે.]

ગઢ, દરવાજા, રાજભવન, ગોખ-જાળિયાં, મંદિર, બજાર, વાવ-કૂવા, બગીચા, પંખીઓ, પાણી ભરી જતી પનિહારીઓ–આ બધું જ રોહાએ સરસ રીતે રેતીમાં આલેખી દીધું.

એ દરમિયાન બન્યું એવું કે નગરીનો રાજા જિતશત્રુ રાજસવારીએ નીકળ્યો હતો. સૈન્ય સાથે લીધેલું. પણ રાજા સૈન્યને પાછળ રાખી દઈને એકલો ઘોડો દોડાવતો રોહા જ્યાં બેઠો હતો ત્યાં આવી ચડ્યો. રોહાને થયું કે આ ઘોડેસવાર મારી ચીતરેલી નગરીને કચડી નાખશે એટલે એણે એને અટકાવતાં કહ્યું, 'મેં આ નગરી અહીં આલેખી છે એટલે તું તારો ઘોડો અહીં જ રોકી રાખ. એમ નહીં થાય તો મારી આ કંડારેલી આખી નગરી કચડાઈ જશે.' રાજાને પણ રોહાએ કંડારેલી નગરી વિશે કુતૂહલ થયું. એટલે રાજા રોહાને કહે, 'તું મારો ઘોડો પકડી રાખ, જેથી હું તારી આ નગરી સારી રીતે જોઈ શકું.' રોહાને ખબર નહોતી કે પોતે જેની સાથે વાત કરી રહ્યો છે તે આ નગરીનો રાજા છે. એટલે નીડરતાથી કહે 'શું હું તારો ચાકર છું કે ઘોડાને પકડી રાખું?' રાજા પણ મનમાં હસતો હસતો રોહાની આલેખેલી નગરી જોવા લાગ્યો. એટલામાં રાજાની ભાળ મેળવતું આખું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું. રોહા પણ આ સૈન્યને જોઈને આશ્ચર્ય પામ્યો.

રાજાએ રોહાને પૂછ્યું, 'તેં અગાઉ આ નગરી જોઈ હતી?' રોહા કહે, 'મેં આજે જ પ્રથમ વાર આ નગરી જોઈ છે.' રાજા રોહાની કલા ઉપર વારી ગયો. રાજાએ રોહાનાં નામઠામ જાણી લીધાં. પછી રાજા સૈન્ય સાથે વિદાય થયો. અને બીજી બાજુ રોહાનો પિતા ભરત એનું કામ પતાવીને પાછો આવ્યો. પિતા-પુત્ર બન્ને પોતાને ઘેર જવા નીકળ્યા.

આ વાતને કેટલાક દિવસો પસાર થયા. એક દિવસ રાજાએ રાજસભામાં કહ્યું કે 'મારે એક પ્રધાન મંત્રીની જરૂર છે. જે બુદ્ધિમંત હશે તેને હું આ પદે નીમીશ. તે માટે મારે આ પદને યોગ્ય વ્યક્તિની બુદ્ધિપરીક્ષા કરવી પડશે.' પછી રાજાએ આ અંગેનો એક પત્ર પ્રધાન પાસે તૈયાર કરાવ્યો.

રાજાએ આ પત્ર નટવાઓ જે શિલાગ્રામમાં રહેતા હતા તે ગામે રવાના કરાવ્યો. એ પત્રમાં એવો આદેશ કરવામાં આવ્યો કે ગામની બહાર ક્ષિપ્રા નદીને તીરે ડુંગર સમી મોટી એક પ્રચંડ શિલા છે. એ શિલાને ખંડિત કર્યા વિના ત્યાં એક મંડપની રચના કરવી અને એ મંડપની ઉપર એ શિલા મૂકવી.

રાજાનો આદેશપત્ર મળતાં બધા ગ્રામવાસીઓ ભેગા મળ્યા. રાજાના આદેશનો અમલ તો કરવો જ પડે. જો એમ ન થાય તો રાજ્ય તરફથી ગામને મોટો અનર્થ થઈ જાય. પણ સૌને ચિંતા એ વાતની હતી કે આ કામ પાર પાડવું કઈ રીતે? આટલી મોટી વજનદાર શિલા ખંડિત કર્યા વિના મંડપને માથે ગોઠવવી કઈ રીતે? સવારના ભેગા મળેલા ગ્રામવાસીઓની આ ચર્ચા-વિચારણામાં જ બપોરની વેળા થઈ ગઈ.

અહીં ઘરે બાળ રોહા જમવામાં પિતાની રાહ જોતો હતો. પરંતુ પિતા મોડે સુધી ઘેર ન આવતાં તે પિતાને બોલાવવા માટે નીકળ્યો ને ગ્રામવાસીઓના સમુદાય પાસે પહોંચીને પિતાને કહેવા લાગ્યો, 'મને બહુ જ ભૂખ લાગી છે. તમે જાણો છો કે હું તમારા વિના જમતો નથી. એટલે તમને તેડવા આવ્યો છું.' ત્યારે પિતાએ રોહાને ગ્રામજનો જે મુશ્કેલીમાં મુકાયા છે તેની માંડીને વાત કરી. બાળ રોહા સૌને ધીરજ આપતાં કહે, 'તમે આ બાબતે નચિંત રહો. આ કામ આપણે ઝડપથી પાર પાડીશું.'

પછી રોહાએ પોતાની બુદ્ધિચતુરાઈથી ગ્રામજનોને એવો ઉકેલ બતાવ્યો કે સૌ રોહાની વાત સાંભળીને ચિંતામુક્ત બની ગયા, આનંદમાં આવી ગયા.

રોહાએ ગ્રામજનોને કહ્યું કે 'શિલા તો હલાવી પણ હાલે એમ નથી. એટલે એને તો જરીકેય ખસેડાય જ નહીં. પરંતુ તમે સૌ શિલાના ચારેય ખૂણાના ભાગે તળિયે ખોદી કાઢો. ત્યાં ચારેય ખૂણામાં પાયામાંથી થાંભલા ઊભા કરી મંડપની રચના કરો, જેથી આપોઆપ શિલા મંડપના ઉપરના ભાગે ગોઠવાયેલી રહેશે.' આ રીતે રોહાએ શિલાને ખંડિત કર્યા વિના કે ઊંચક્યા વિના જ યથાવત્ રાખીને મંડપની ઉપર શિલા રહે એમ શિલાના તળિયાના ભાગે મંડપરચનાનું આયોજન કરી બતાવ્યું.

તે પછી થોડાક દિવસોમાં ગામલોકોએ રોહાએ સૂચવ્યા મુજબની મંડપની રચના કરી. રાજાને કામ પાર પાડ્યાની જાણ કરવામાં આવી. રાજાએ પુછાવ્યું કે આ કામ કોની બુદ્ધિથી થયું? સૌએ બાળ રોહાના બુદ્ધિચાતુર્યની પ્રશંસા કરી. આ સાંભળીને રાજસભામાં પણ સૌ આશ્ચર્યચકિત બની ગયા.

ફરીથી રાજાએ રોહાની પરીક્ષા માટે નટવાઓના ગામ શિલાગ્રામે એક ઘેટું મોકલાવ્યું. ને સંદેશો કહેવડાવ્યો કે 'આ ઘેટાનું વજન કરેલું છે. એનું વજન લગીરેય ઓછુંવત્તું ન થાય એ રીતે એ ઘેટાને બીજા પખવાડિયામાં માગણી કરવામાં આવે ત્યારે પાછું મોકલી આપવું.'

ગામલોકો તો રાજાના આ સંદેશાથી વ્યગ્ર બની ગયા. સૌએ રોહાને તેડાવ્યો. અને રાજાનો વિચિત્ર આદેશ કહી સંભળાવ્યો. પછી બધાએ રોહાને આગ્રહ કર્યો, 'રોહા! આ કામ તારે જ પાર પાડવાનું છે. અમે બધા તને સર્વોપરિ તરીકે સ્થાપીએ છીએ.'

રોહાએ એ ઘેટાને પોતાને ત્યાં મંગાવી લીધું. રોહાએ ચતુરાઈ એ કરી કે ઘેટાની નજર સામે એણે એક વિકરાળ હિંસક પશુનું ચિત્ર મુકાવ્યું. રોહા દરરોજ ઘેટાને બળ વધારે તેવો ખોરાક નીરવા લાગ્યો. સારો આહાર લેવાથી એ દુર્બળ પણ નથી રહેતો અને સતત નજર સામે હિંસક પશુના ચિત્ર-દર્શનથી ડરનો માર્યો પુષ્ટ પણ નથી થતો. આમ કરતાં પખવાડિયું વીત્યું. રાજાએ ઘેટું પરત મંગાવ્યું. ઘેટાનું વજન કરી જોતાં તે જરાય ઓછુંવત્તું ન થયું. રાજાને થયું કે 'નક્કી, આ રોહાની જ બુદ્ધિ.'

થોડાક દિવસ પછી રાજાએ એ જ ગામે એક કૂકડો મોકલ્યો ને કહાવ્યું કે 'બીજા કૂકડાની સહાય વિના જ એને લડતાં શીખવજો.'

આખા ગામે ભેગા મળી રોહાને આનો ઉપાય પૂછ્યો. રોહાએ એક મોટું દર્પણ લાવીને કૂકડાની સામે મૂક્યું. દર્પણમાં પોતાનું પ્રતિબિંબ જોઈને એ પ્રતિબિંબને જ અન્ય કૂકડો સમજી તે એ પ્રતિબિંબની સાથે યુદ્ધ કરવા લાગ્યો. આ રીતે કૂકડાને લડતાં શીખવીને રાજા પાસે પાછો મોકલવામાં આવ્યો. રાજાએ આની ખાતરી કરી જોઈ. રાજાને પ્રતીતિ થઈ કે ખરેખર આ બાળક અત્યંત બુદ્ધિશાળી છે.

થોડા દિવસ ગયા ને રાજાએ વળી પાછો એક એવો તુક્કો શોધી કાઢ્યો કે જેમાં રોહાને સફળ થવું મુશ્કેલ બને. ગ્રામજનો પર રાજાનો સંદેશો આવ્યો કે 'કૂવામાંથી પાણી ખેંચવા માટે દોરડાની જરૂર છે. તો તમારા ગામમાં જે સુકોમળ રેતી છે એના દોરડાં વણીને મોકલી આપો.'

રાજાનો આ આદેશ મળતાં બધાએ રોહાને તેડી મંગાવ્યો. રોહાએ રાજાનો સંદેશો લઈ આવનારને કહ્યું, 'તમારા રાજાને કહેજો કે અમે નટવા તો નાટકચેટક કરી જાણીએ, હાસ્ય-વિનોદ કરી જાણીએ. રેતીનું દોરડું બનાવવાનું જ્ઞાન અમારી પાસે નથી. છતાંયે રાજાજીનો આદેશ તો માનવો જ રહ્યો. તો અમને આવો રેતીના દોરડાનો એક નમૂનો મોકલાવી આપો. તેને અનુસરીને અમે તેવાંજ રેતીનાં દોરડાં બનાવીશું.' સંદેશવાહકે ગામલોકનો આ સંદેશો રાજાને પહોંચાડ્યો. રાજા મનમાં હર્ષ પામ્યો.

વળી કેટલાક દિવસ વીત્યા. રાજાએ એક નવી યુક્તિ વિચારી. એના પ્રાણીસંગ્રહમાં એક ઘરડો હાથી હતો. એની રોગગ્રસ્ત કાયા ક્ષીણ થઈ ગઈ હતી. બેચાર દિવસનું તેનું આયુષ્ય હતું. એથી વિશેષ બચવાની એની કોઈ આશા નહોતી. આ હાથીને રોહાને ગામ મોકલી આપ્યો અને કહેવડાવ્યું કે 'આ માંદા હાથીને ખવડાવી-પીવડાવીને સાજો કરજો. કદાચ જો એ મૃત્યુ પામે તો એવા એના મરણના સમાચાર કહેવા નહિ ને સાચા સમાચાર કહ્યા વિના રહેવું પણ નહીં.'

બધા રોહા પાસે આવ્યા. એને રાજસંદેશની સઘળી વાત કરી. રોહા કહે, 'અત્યારે તો એ હાથીને ખૂબ જ ચારો-પાણી આપો. એમ કરતાં પણ એ મરશે તો પછી વિચારીશું.'

ગ્રામવાસીઓએ રોહાની સૂચના પ્રમાણે કર્યું, પણ એ રાતે જ હાથી મૃત્યુ પામ્યો. બધા રોહાને ઘેર ગયા. રોહાએ વિચારીને કહ્યું, 'ચાલો, આપણે બધા રાજા પાસે જઈએ.'

બધા રાજા પાસે પહોંચ્યા. બુદ્ધિથી કામ લેવાનું હતું. હાથી મરી ગયાનો સીધો ઉલ્લેખ કર્યા વિના, હાથી મર્યાની જાણ તો કરવાની જ હતી. રોહાએ સૂચવ્યા પ્રમાણે ગ્રામજનો રાજાને કહે, 'હે સ્વામી! આપે જે હાથી મોકલ્યો હતો તે એક ક્ષણ પણ ઊઠતો-બેસતો નથી, આહાર-નિહાર કરતો નથી, શ્વાસોચ્છ્વાસ લેતો નથી, ગુસ્સે થવાની કાંઈ ચેષ્ટા કરતો નથી.' રાજા વળતો પૂછી બેઠો, 'શું હાથી મૃત્યુ પામ્યો?' બધા કહે 'તમે કહો (અનુમાન કરો), અમે નહિ કહીએ.'

રાજા આ જવાબ સાંભળીને ખૂબ સંતુષ્ટ થયો. સૌ પોતાને ગામ પાછા ફર્યા.

થોડા દિવસ પછી રાજાએ નવો ઉપાય વિચાર્યો. એણે કહેવડાવ્યું કે 'તમારા ગામમાં કૂવાનું પાણી ખૂબ મીઠું છે, એમ સાંભળ્યું છે. એ કૂવાને અહીં મોકલી આપો, નહીં તો આખા ગામને દંડ કરવામાં આવશે.'

આ સંદેશો સાંભળી ગામલોકો રોહા પાસે આવ્યા. રોહા કહે 'તમે બધા રાજાને કહેવડાવો કે અમારા ગામનો કૂવો ખૂબ જ ડરપોક અને શરમાળ છે. ગામલોકો જો ભયભીત હોય તો કૂવો કેમ ન હોય? આ કૂવાને સ્વજાતિ વિના કોઈનામાં વિશ્વાસ આવતો નથી. એટલે આપ આપના નગરમાંથી એક ચતુર કૂઈને તેડવા મોકલો. એટલે અમારા ગામનો કૂવો એની પાછળ ચાલ્યો આવશે.'

રાજાને આવો સંદેશો મળ્યા પછી તેઓ કંઈ કૂવાને તેડવા કોઈ કૂઈ મોકલી શકે એમ હતા નહીં, એટલે શિલાગ્રામના લોકો પણ કૂવો ન મોકલવાના અપરાધમાંથી બચી ગયા.

કેટલાક દિવસ પસાર થયા પછી રાજાએ વળી સંદેશો મોકલાવ્યો કે 'તમારા ગામમાં જે બગીચો છે તે પશ્ચિમ દિશામાં છે એને પશ્ચિમને બદલે પૂર્વ દિશામાં ફેરવો.'

ગામલોકો વિમાસણમાં પડી ગયા. ગામની પશ્ચિમે આવેલા બગીચાને ખસેડીને સામે છેડે પૂર્વદિશામાં કઈ રીતે ફેરવવો? રોહાએ કહ્યું, 'અરે, આમાં મુંઝાવ છો શા માટે? ગામના બધા લોકો બગીચાની પશ્ચિમ દિશામાં આવી વસો. જેથી બગીચો આપોઆપ પૂર્વ દિશામાં થઈ જશે.' ગામલોકોએ વસવાટ બદલવાનું આ આયોજન રાજાને કહી સંભળાવ્યું. રાજા ખૂબ જ પ્રસન્ન થયો. મનમાં વિચારવા લાગ્યો કે 'રોહા બુદ્ધિનો ભંડાર છે. મેં જે-જે આદેશો આપ્યા એ તમામને એણે સિદ્ધ કરી બતાવ્યા.'

પછી રાજાએ રોહાને પોતાને મળવા માટે ઉતાવળે બોલાવ્યો. પણ અહીં એણે કેવી રીતે આવવું એની કેટલીક શરતો મૂકી. શુક્લ પક્ષમાંયે નહીં ને કૃષ્ણ પક્ષમાંયે નહીં, રાતેય નહીં ને દિવસેય નહીં, છાયામાંયે નહીં ને તડકામાંયે નહીં, સવારી કરીનેય નહીં ને પગપાળાયે નહીં, માર્ગમાંયે નહીં ને માર્ગ વિના પણ નહીં, સ્નાન કરીનેય નહીં ને સ્નાન વિના પણ નહીં–એ રીતે રોહાએ રાજાને મળવા આવવું.

વળતો રોહાએ પણ બરાબરનો બુદ્ધિપ્રપંચ આદર્યો. એણે મસ્તક સિવાયના શરીરે અંગપ્રક્ષાલન કર્યું, શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષના સંધિ-દિવસ અમાવસ્યાની સાંજે પ્રસ્થાન કર્યું, ગાડાનો ચીલો છે ત્યાં વચ્ચે રહીને પ્રવાસ આદર્યો. બકરા પર સવાર થયો જેથી એના અડધા પગ જમીન સાથે ઘસાતા રહે. માથે ચાળણી મૂકી એટલે કેવળ તડકો કે છાંયો ન પામે. આ પ્રકારે બુદ્ધિ વાપરીને રોહા ઉજ્જયિની પહોંચ્યો.

રાજા પાસે આવીને રોહાએ ભેટ ધરી. રાજાએ પૂછ્યું, 'તું શી ભેટ લાવ્યો છે?' રોહા કહે, 'તમે તો પૃથ્વીના સ્વામી છો. ઠાલે હાથે તમને મસ્તક શેં નમાવાય? એમ જાણીને હું આ પૃથ્વીપિંડ (માટી)ની ભેટ તમને ધરું છું.' રાજા ઘણું હર્ષ પામ્યો. રાજાએ

રોહાને પોતાના અંગસેવક તરીકે મહેલમાં જ રોકી રાખ્યો.

રાજાએ પ્રથમ રાત્રિથી જ રોહાની પરીક્ષા કરવાનું વિચાર્યું. સાંજને સમયે રાજા રોહાને કહે, 'હે રોહા! તું રાત્રિના ચારેય પ્રહર મારા નિવાસના દરવાજે જાગતો બેસી રહેજે.'

રોહા રાત્રિના એક પ્રહર સુધી તો જાગ્યો, પણ પછી ઘસઘસાટ ઊંઘી ગયો. રાજાએ મોટા અવાજે રોહાને સાદ કર્યો પણ રોહા સહેજ પણ બોલતો નથી. રાજાએ આવીને જોયું તો તેને સૂતેલો દીઠો. રાજાએ રોહાને સોટીના પ્રહારથી જગાડ્યો. રોહા વળતો બોલ્યો, 'હે રાજા, હું ઊંઘતો નહોતો, પણ મને મનમાં એક ચિંતા થતી હતી.' રાજા કહે, 'શી ચિંતા થતી હતી તે મને કહે.' રોહા બોલ્યો, 'પીપળાના વૃક્ષનાં જે પાંદડાં છે એમાં શિખા અને દંડમાં દીર્ઘ કોણ?' રાજાને પણ સંદેહ થતાં કહે, 'તારા વિના આનો ઉત્તર કોણ આપે? તું જ આનો જવાબ આપ.' રોહા કહે, 'જ્યાં સુધી પાંદડું લીલું હોય ત્યાં સુધી શિખા ને દંડ સરખાં જ હોય.'

વળી પાછા રાજા ને રોહા બંને ગાઢ નિદ્રામાં સરી પડ્યા. જ્યારે રાત્રિનો બીજો પ્રહર પૂરો થયો ત્યારે રાજાએ રોહાને બોલાવ્યો.

રાજા : 'તું જાગે છે કે સૂતો છે?'

રોહા : 'જાગું છું; પણ એક ચિંતા છે.'

રાજા : 'શી ચિંતા છે તે મને ઝટ કહે.'

રોહા : 'હે સ્વામી, મને પ્રશ્ન એ થાય છે કે બીજાં પ્રાણીઓ પ્રૌઢ મળત્યાગ કરે છે, જ્યારે બકરી લિંડીઓ કેમ મૂકે છે?'

રાજા : 'રોહા, આનો જવાબ તું જ શોધી કાઢ.'

રોહા : 'બકરીના જઠરમાં સંવર્તક વાયુને લઈને એવી ગોળાકાર લીંડીઓ થાય છે.'

પછી બંને સૂઈ ગયા. ત્રીજા પહોરે રાજા ઊઠીને રોહાને પૂછે છે, 'જાગે છે કે ઊંઘે છે?' રોહા કહે, 'સ્વામી! હું જાગું તો છું, પણ મને એક પ્રશ્ન સતાવે છે.' રાજા પૂછ છે 'શો?' રોહા કહે, 'ખિસકોલીની પૂંછડી અને એનું શરીર એ બેમાં મોટું કોણ અને નાનું કોણ?' રાજા કહે, 'આનો નિર્ણય પણ તું જ કર.' રોહાનો ઉત્તર : 'બંને સરખાં જ હોય છે.'

વળી પાછા બન્ને સૂઈ ગયા. ચોથા પ્રહરે રાજા જાગ્યો ને રોહાને સૂતેલો જોતાં જગાડવા લાગ્યો. પણ રોહા જાગ્યો નહીં. એટલે રાજાએ રોહાને ચૂંટિયો ખણીને પૂછ્યું, 'જાગે છે કે ઊંઘે છે?' ત્યારે સત્વરે જાગીને રોહાએ કહ્યું, 'હે રાજા! મને તો ઊંઘ જ આવતી નથી. મને એક મોટી મૂંઝવણ થઈ છે. પણ આવી મૂંઝવણ મારે તમને કેમ કરીને કહેવી? હવે તો તમારા તરફથી ખાતરી મળે તો જ મારાથી કહેવાય.'

રાજો વચન આપ્યું એટલે રોહાએ એની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, 'હે રાજા, તમારે કેટલા બાપ છે?'

રાજા કહે, 'રોહા, તું બુદ્ધિવંત ખરો, પણ લાજમર્યાદા લોપીને હવે તો તું માથે ચઢી બેઠો. ગરીબને ધન મળે એટલે સૌને ઘાસ બરાબર ગણવા માંડે. કારેલીનો છોડ ને પાછો લીમડે ચડ્યો એટલે અધિક કડવો બન્યો–આવો તું બન્યો જણાય છે.'

રોહા કહે, 'હું જે કાંઈ કહું છું તે સત્ય જ કહું છું.' ત્યારે રાજાએ પૂછ્યું, 'રોહા, તું જ કહે કે હું કેટલા બાપનું બાળક છું. અને તેઓ કોણ કોણ છે?'

રોહા બોલ્યો, 'તમારે પાંચ પિતા છે. ભૂપાલ, કુબેર દેવ, ચાંડાલ, ધોબી અને વીંછી એ પાંચ તમારા પિતા.' રાજા પૂછે છે, 'રોહા, તેં કયા સંકેતથી આ વાત જાણી?' રોહા બોલ્યો, 'ભૂપાલની જેમ તમે પણ પ્રજાનું ન્યાયપૂર્વક પાલન કરો છો. કુબેરની જેમ તમે પણ દાતા તરીકે દાન આપીને સેવા કરો છો, મોટા દાની છો. ચાંડાલ જેમ નિર્દય હોય તેમ રણસંગ્રામમાં શત્રુ સામે તમે નિર્દય બનો છો. ધોબી જેમ વસ્ત્રને ચોળીને ધૂએ છે તેમ તમે પ્રજા પાસેથી સઘળી વસૂલાત કરો છો અને અપરાધીનું ધન નીચોવી લો છો. વીંછી નાના-મોટાની બીક રાખ્યા વિના સૌને ડંખ મારે છે તેમ તમે પણ નાના-મોટા કોઈને છોડતા નથી. જુઓ, મારા જેવા બાળકને પણ તમે ચડકો દીધો જ ને! હે રાજા! મેં તમને આ સાચી વાત કહી. તમને મારી વાત માન્યામાં ન આવે તો આપનાં માતાને પૂછી જુઓ.'

રાજા રોહાની બધી વાત સાંભળી રહ્યો. સવાર થયું એટલે રાજા માતા પાસે ગયો. માતાને પગે લાગીને પૂછવા લાગ્યો, 'માતા! મને સાચું કહો, હું કેટલા પિતાનો પુત્ર છું?'

માતા બોલી. 'આવું પૂછતાં તને શરમ-સંકોચ થવાં જોઈએ. છતાં આમ કેમ પૂછવું પડ્યું?'

રાજાએ રોહાની બધી વાત માતાને માંડીને કહી સંભળાવી. પછી માતા રાજાને કહેવા લાગી, 'સુરતકાળે બીજ-નિક્ષેપ કરનારા રાજા-તારા પિતા તે પહેલા પિતા. જ્યારે તું ગર્ભમાં હતો ત્યારે મને કુબેર દેવના સ્થાનકે જઈ પૂજા કરવાની ઈચ્છા થઈ. પ્રતિમાનું સ્વરૂપ એટલું સુંદર હતું કે એનાથી આકર્ષાયેલા ચિત્તવાળી મેં કુબેરની પ્રતિમાને સર્વાંગે આલિંગન કર્યું. પૂજા કરી હું પાછી વળતી હતી ત્યાં માર્ગમાં ચાંડાલ મળ્યો. તેનું સુકુમાર સ્વરૂપ જોઈ હું એની સામે નિહાળી જ રહી. ત્યાંથી ઉતાવળે ઘરે આવવા નીકળી ત્યાં એક ધોબી એકલો આવતો હતો. એના રૂપથી પણ મારું મન પરવશ બન્યું. પછી ઘેર આવી. બેઠી ત્યાં જ એક વીંછીએ મને ચટકો ભર્યો. આમ હે પુત્ર! સ્પર્શ કે જોવા માત્રથી મને ભોગેચ્છા-તૃપ્તિનો અનુભવ થયો હતો. એ રીતે રોહા સાચો છે. બાકી તો તારા પિતા વિના મારા જીવનમાં બીજું કોઈ નથી.'

રાજા માતાને પ્રણામ કરી રોહા પાસે આવ્યો. એની પ્રશંસા કરી રાજાએ કહ્યું, 'રોહા, તેં જે વાત કહી એ સાચી છે. મારી માતાને પૂછતાં તારાં જ કહેલાં નામો મારી માતાએ પણ કબૂલ્યાં.'

પછી જિતશત્રુ રાજાએ એના પાંચસો મંત્રીઓમાં રોહાને મુખ્ય મંત્રી બનાવ્યો અને એને સર્વ રાજ્યાધિકાર સોંપ્યો. ત્યારબાદ રોહાને પૂછીને જ રાજ્યનું બધું કામ થવા લાગ્યું. આ બધો રોહાના બુદ્ધિચાતુર્યનો પ્રતાપ. ✷ ✷ ✷

નિયમપાલનનાં મીઠાં ફળ : બે કથાઓ

(૧)

રથનૂપુર નામનું એક નગર છે. એમાં વિમલયશ નામનો રાજા રાજ્ય કરે છે. સુમંગલા એની પટ્ટરાણી છે. તેની કૂખે એક પુત્રી અને એક પુત્ર–એમ બે સંતાનોએ જન્મ લીધો છે. પુત્રીનું નામ વંકચૂલા અને પુત્રનું નામ વંકચૂલ છે. વંકચૂલ જ્યારે યુવાન વયનો થયો ત્યારે એક સ્વરૂપવાન ગુણિયલ કન્યા સાથે એનું લગ્ન કરવામાં આવ્યું. આ વંકચૂલ ઉદ્ધત, ખરાબ ચરિત્રનો અને નિર્ગુણી હતો. આ કારણે એને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો. આ દરમિયાન બાળવૈધવ્યને પામેલી બહેન વંકચૂલા પણ ભાઈની સાથે જ ચાલી નીકળી.

રખડતો રખડતો વંકચૂલ એક મોટા જંગલમાં આવી ચઢ્યો. ત્યાં કેટલાક ધનુર્ધારી ભીલોને એણે જોયા. વંકચૂલ એમની નજીક ગયો. પેલા ભીલો પણ સ્વરૂપવાન અને રાજકુમાર જેવા આ વંકચૂલને જોઈ નવાઈ પામ્યા. સૌએ વંકચૂલને નમસ્કાર કરી અહીં આવવાનું કારણ પુછ્યું. વંકચૂલે પોતાને ઘરમાંથી કાઢી મુકાયો હોવાની આત્મકથની જણાવી. આ સાંભળી ભીલોએ કહ્યું, 'અમારો સ્વામી તાજેતરમાં જ મૃત્યુ પામ્યો છે. તો તમે જ એ સ્વામીપદ સંભાળો.'

વંકચૂલ તે ભીલોની સાથે એમની પલ્લીમાં ગયો અને પલ્લીપતિ બનીને એમની સાથે રહેવા લાગ્યો. પેલા ભીલોની સાથે એ પણ લૂંટ કરવા નીકળી પડતો. એમ કરતાં જતે દિવસે તે એક નામચીન લૂંટારા તરીકે પ્રસિદ્ધ થયો.

હવે એક વખત ચંદ્રયશ નામે એક આચાર્ય ભગવંત સાત સાધુઓ સાથે વિહારમાં ભૂલા પડીને ભમતાં ભમતાં ભીલોની આ પલ્લી પાસે આવી ચડ્યા. ચોમાસું એકદમ નજીકમાં જ હતું. આકાશ પણ વાદળોથી ઘેરાવા માંડ્યું હતું. ધરતી પર નવા તૃણાંકુરો ફૂટી નીકળ્યા હતા. નાના જીવોના સંચારથી રસ્તાઓ ઉભરાવા લાગ્યા હતા. એટલે આગળનો વિહાર કરવો યોગ્ય નથી એમ આચાર્ય ભગવંતને જણાતાં તેઓ એમના સમુદાય સાથે ભીલોની પલ્લીમાં આવી પહોંચ્યા. ભીલોના અધિપતિ વંકચૂલે આ સાધુમહાત્માઓને વંદન કર્યાં. સાધુઓએ વળતા 'ધર્મલાભ' કહી, અહીં વસતિ (રહેઠાણ) માટે પૃચ્છા કરી. વંકચૂલે પણ મહાત્માઓની પરિસ્થિતિ અને સંજોગોનો વિચાર કરીને એમની માગણી સ્વીકારી અને ચોમાસામાં યોગ્ય સ્થળે એમને ઊતરવાની સગવડ કરી આપવા તૈયારી દર્શાવી. પણ સામે એણે એક શરત મૂકી. 'મહેરબાની કરીને તમારે અમને ક્યારેય ધર્મનો ઉપદેશ આપવો નહીં. કેમકે અમારો લૂંટફાટનો ધંધો જ અમારા પેટગુજારાનું સાધન છે.'

સાધુ ભગવંતો તો નિરાસક્ત હતા. જેમને ધર્મને માટે કશી રુચિ જ નથી એમને ઉપદેશની વર્ષા કરવાથી પણ શું ? એટલે તેઓએ શરત કબૂલ રાખી. યોગ્ય સ્થળ શોધી ત્યાં નિવાસ કરી પોતાની રોજિંદી ધર્મક્રિયાઓમાં અને ધર્માચરણમાં વ્યસ્ત રહી ચોમાસાના દિવસો વીતાવવા લાગ્યા. એમ કરતાં છેવટે ચોમાસાના ચાર માસ પૂરા થયા. એટલે સર્વ સાધુસમુદાયે વિહાર કરવાની તૈયારી કરી. પલ્લીપતિ વંકચૂલને પણ એની જાણ કરી. વંકચૂલ પણ, આ સાધુઓએ પોતે મૂકેલી શરતનું ઉચિત પાલન કર્યું છે અને કશો ધર્મોપદેશ કર્યો નથી એથી ઘણો ખુશ હતો. વિહાર માટે પ્રસ્થાન કરતા સાધુઓને વળાવવા માટે વંકચૂલ પલ્લીપ્રદેશના સીમાડા સુધી ગયો.

જે સ્થાનેથી વંકચૂલે પાછા ફરવાનું હતું તે સ્થાને ઊભા રહીને આચાર્ય ભગવંતે મધુર વાણીથી કહ્યું કે 'અમે તારા પલ્લીપ્રદેશમાં આવ્યા, તેં અમને ચોમાસાના સ્થિરવાસની સગવડ કરી આપી અને ધર્મ-આરાધનામાં અમારું ચોમાસું સારી રીતે પસાર થયું એમાં તારી સહાય અમને મળી છે તેથી તારે માટે મારા મનમાં એક ઈચ્છા જાગી છે.' વંકચૂલને પણ એ ઈચ્છા જાણવાનું કુતૂહલ થયું. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું, 'ભલે બીજી રીતે તું ધર્મપાલન કરી શકે એમ ન હોય તોપણ તારો આ લોક અને પરલોક સફળ બને એ માટે તું કંઈક નિયમ ગ્રહણ કર.' વંકચૂલે લાચારી દર્શાવતાં કહ્યું, 'આવો કોઈ નિયમ મારાથી શી રીતે પાળી શકાશે ?' ત્યારે મહાત્માએ શક્તિ અનુસાર નિયમ ધારણ કરવા કહ્યું. અંતે વંકચૂલ સંમત થતાં એની પાસે આ પ્રમાણે નિયમ ગ્રહણ કરાવ્યું. ૧. અજાણ્યું ફળ ખાવું નહીં. ૨. કોઈ જીવની હિંસા કે વધ કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠીને પછી તેનો અમલ કરવો. ૩. રાજાની પટ્ટરાણીને માતા સમાન ગણવી. ૪. કદી કાગડાનું માંસ ખાવું નહીં.

આ ચાર નિયમોનો વંકચૂલે મહાત્માના પ્રસાદ રૂપે સ્વીકાર કર્યો અને સાધુભગવંતો

[આ પ્રથમ કથાનો આધારસ્રોત આચાર્યશ્રી જયકીર્તિસૂરિ વિરચિત 'શીલોપદેશમાલા' પરની આચાર્યશ્રી સોમતિલકસૂરિ-(અપરનામ) વિદ્યાતિલકસૂરિએ રચેલી 'શીલતરંગિણી વૃત્તિ' છે. મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષામાં છે. એની વૃત્તિ સંસ્કૃતમાં છે. આ વૃત્તિ-ગ્રંથની રચના વિ. સં. ૧૩૯૨/૧૩૯૭માં થઈ છે. એનો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયો છે:

પુસ્તક : 'શ્રી શીલોપદેશમાલા-ભાષાંતર', અનુ. વિદ્યાશાળાના અધિકૃત શાસ્ત્રીજી, પ્રકા. શ્રી જૈન વિદ્યાશાળા, અમદાવાદ. ઈ. સ. ૧૯૦૦].

ત્યાંથી આગળ વિહાર કરી ગયા.

હવે એકવાર ઉનાળાની ઋતુમાં વંકચૂલ પોતાના કેટલાક સાથીદારોને લઈને કોઈ એક ગામમાં લૂંટ કરવા નીકળ્યો. પણ ગામના લોકોને આગોતરી જાણ થઈ જવાથી ધન આદિ દ્રવ્ય લઈને ગામમાંથી નીકળી ગયા હતા. આથી વંકચૂલની ટોળીને કાંઈ હાથ લાગ્યું નહીં. બપોરની વેળાએ પાછા ફરતાં બરાબરના ભૂખ્યા-તરસ્યા થયા હતા. કેટલાક સાથીદારો રસ્તામાં એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠા, તો કેટલાક ફળ અને પાણીની શોધમાં નીકળ્યા. તેમણે એક વૃક્ષ જોયું. એની ડાળીઓ નીચી નમેલી હતી. અને ત્યાં સરસ મઝાનાં પાકાં ફળો ઝૂલતાં હતાં. પેલા સાથીઓએ તે ફળો લાવીને વંકચૂલ આગળ મૂક્યાં. વંકચૂલ ભૂખ્યો તો હતો જ, પણ એને તત્ક્ષણ વિહાર કરતા મહાત્મા સમક્ષ લીધેલો સંકલ્પ યાદ આવ્યો. એણે સાથીઓને ફળોનું નામ પૂછ્યું. તેમણે કહ્યું, 'નામ તો અમે જાણતા નથી, પણ ફળો મીઠાં જણાય છે.' વંકચૂલે કહ્યું, 'હું અજાણ્યા ફળ ખાતો નથી.' સાથીઓએ ફળો ખાવા માટે આગ્રહ કરતાં કહ્યું, 'જીવતાં રહીશું તો નિયમ તો ફરીથી પણ લેવાશે. અત્યારે તો આપણે ભૂખે મરી રહ્યા છીએ. પણ વંકચૂલ નિયમપાલનમાં અડગ જ રહ્યો. બાકીના બધા સાથીઓએ ફળ ખાધાં. ખાઈને સૂઈ ગયા. માત્ર વંકચૂલ અને એના નિકટતમ સેવકે એ ખાધાં નહીં.

થોડોક સમય વીત્યા પછી વકંચૂલે સૂતેલા સાથીઓને જગાડવા માટે એના સેવકને કહ્યું. સેવકે જગાડવાનો ખૂબ પ્રયત્ન કરતાં એ જાગ્યા નહિ. ધ્યાનથી જોયું તો એ બધાને મરેલા દીઠા. સેવકે વંકચૂલને આની જાણ કરી. વંકચૂલ પણ નવાઈ પામી ગયો. એક બાજુથી સાથીઓ મૃત્યુ પામ્યા એનો શોક અને બીજી બાજુ પોતે મહાત્મા પાસે લીધેલા સંકલ્પથી જીવતો રહી શક્યો એનો આનંદ – આ બે મિશ્ર લાગણીઓ વચ્ચે, હાથમાં ખુલ્લી તલવાર સાથે તે પોતાના નિવાસે પહોંચ્યો.

ઘેર પહોંચ્યો ત્યારે ઘરનાં દ્વાર બંધ હતાં. એક નાના છિદ્રમાંથી એણે અંદર ડોકિયું કર્યું. દીવો બળતો હતો. એણે પોતાની સ્ત્રીને કોઈ પુરુષ સાથે સૂતેલી દીઠી. ચિત્તમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. છાપરા પર થઈને તે ઘરમાં ઊતર્યો. તલવાર ઉગામી સૂતેલાં સ્ત્રી-પુરુષ ઉપર ઘા કરવા તત્પર થયો. પણ તે જ ક્ષણે મહાત્માએ લેવડાવેલો બીજો નિયમ એને યાદ આવી ગયો. 'કોઈની હિંસા કે હત્યા કરતાં પહેલાં સાત ડગલાં પાછા હઠી જવું.' આ નિયમને અનુસરી વંકચૂલ સાત ડગલાં પાછો હઠ્યો. આમ કરતાં બન્યું એવું કે ઉગામેલી તલવાર ઘરના બારણા સાથે અથડાઈ. એનો અવાજ થયો. એ અવાજથી જાગી ઊઠેલી વંકચૂલા (વંકચૂલની બહેન)એ બૂમ પાડી, 'કોણ છે? કેમ આવ્યો છે?' વંકચૂલે બહેનનો અવાજ ઓળખ્યો.

હકીકત એવી હતી કે વંકચૂલની બહેન પુરુષવેશ ધારણ કરીને ભાભી સાથે સૂઈ ગઈ હતી. વંકચૂલે તલવાર સંતાડી બહેનને પુરુષવેશ ધારણ કરવાનું કારણ પછ્યું. ત્યારે વંકચૂલાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે 'ગામમાં નટ લોકો નૃત્ય કરવા આવ્યા હતા. પણ કદાચ તેઓ નટોના સ્વાંગમાં ગામને રેઢું જાણીને લૂંટ કરવા આવેલા લૂંટારા પણ હોય એવી શંકાથી હું તારા વસ્ત્રો પહેરીને પુરુષવેશમાં નટ લોકોની સભામાં નૃત્ય જોવા ગઈ હતી. એમને ઘટતું દ્રવ્ય વગેરે આપી ઘેર આવી ને મોડું થઈ જવાથી પહેરેલે કપડે જ ભાભીની સાથે સૂઈ ગઈ હતી.'

વંકચૂલે નિયમ આપનાર મહાત્મા પ્રત્યે ઉપકારવશતાની લાગણી અનુભવી. જો આ નિયમ ન લેવાયો હોત અને લીધા પછી એનું પાલન ન થયું હોત તો આજે મારે હાથે જ પત્નીની હત્યા થઈ ગઈ હોત. મહાત્માએ મને આવી સ્ત્રીહત્યાથી બચાવ્યો છે.

વંકચૂલના સાથીદારો અજાણ્યાં ફળ ખાવાને કારણે મૃત્યુ પામ્યા હોવાથી વંકચૂલ એકલો પડ્યો. એટલે શત્રુના આક્રમણના ભયથી પલ્લીનો ત્યાગ કરી ઉજ્જયિની નગરી આવ્યો. કોઈ શેઠને ત્યાં બહેન અને પત્નીને કામે મૂકીને પોતે ચોરીનો ધંધો કરવા માંડ્યો. ચોરી કરવામાં પૂરતી કુશળતા પ્રાપ્ત કરી લીધી એટલે ગર્ભશ્રીમંતોને ત્યાં જ એ ખાતર પાડતો, પણ કદી પકડાતો નહીં. ધીમેધીમે તે વેપારીઓ, બ્રાહ્મણો, સોનીઓ અને વેશ્યાઓના ધનને ધિક્કારતો થયો હતો એટલે હવેથી ચોરી કરવી તો રાજાને ત્યાં જ કરવી એવું વિચારવા લાગ્યો હતો.

ચોમાસામાં જંગલમાંથી તે એક ધોને પકડી લાવ્યો. એક દિવસ એ ધોને મહેલના ઝરૂખે વળગાડી એનું પૂંછડું પકડી મહેલ ઉપર ચડી ગયો. ત્યાંથી તે રાજાના રહેવાના એક ઓરડા સુધી પહોંચ્યો. ત્યાં એક સ્વરૂપવાન સ્ત્રી બેઠી હતી. તેણે વંકચૂલને જોયો. પૂછ્યું, 'તું કોણ છે?' વંકચૂલે ઉત્તર આપ્યો, 'હું ચોર છું.' સ્ત્રીએ પૂછ્યું, 'શું લેવાની ઈચ્છા છે?' વંકચૂલનો જવાબ: 'હીરા-રત્ન-મણિ-માણેક'. પેલી સ્ત્રીએ કહ્યું, 'બીજા ચોરો તો ભલે હીરા-માણેક ચોરી લેતા હોય, પણ તેં તો મારું ચિત્ત ચોરી લીધું છે. એટલે સાચો ચોર તો તું છે.' આમ કહીને પેલી સ્ત્રીએ પોતાની સાથે કામક્રીડા માટે વંકચૂલને ઈજન આપ્યું. વંકચૂલે પૂછ્યું, 'તું કોણ છે?' સ્ત્રીએ કહ્યું, 'હું રાજાની પટરાણી છું. પણ અત્યારે રાજા મારા ઉપર ખફા છે. અને તું નારીસૌંદર્યથી વંચિત છે. તો તું મારો અંગીકાર કરી તારા જીવનને સફળ કર.' સહજમાં લપસી પડાય એવી નાજુક ક્ષણો સર્જાઈ હતી, પણ તે જ ક્ષણે એને મહાત્માએ આપેલો ત્રીજો નિયમ સાંભરી આવ્યો: 'રાજાની પટરાણીને માતા સમાન ગણવી.' આ નિયમને વળગી રહીને વંકચૂલે રાણીને કહ્યું, 'તમે સર્વ પ્રકારે મારી માતા સમાન છો.' રાણીએ જીદ કરી કહ્યું, 'મૂર્ખ, તું વૃથા ઉપેક્ષા ન કર.' પણ વંકચૂલ ડગ્યો નહીં. રાણીએ ગુસ્સે થઈ કહ્યું, 'જો તું મારી ઈચ્છા પૂરી નહીં કરે તો તારું મોત નિકટ છે એમ સમજી લેજે.'

હવે જોગાનુજોગ આ બધી વાત રાજા નીચેની મેડીએ સૂતો

સૂતો સાંભળતો હતો. રાણીએ પોતાના નખ વડે શરીરે ઉઝરડા કર્યા ને બૂમરાણ મચાવવા લાગી, 'કોઈ ચોર પ્રવેશ્યો છે ને મને પરેશાન કરી રહ્યો છે.' રક્ષક દોડી આવ્યા. રાજાએ સુભટોને આજ્ઞા કરી, 'એને મારશો નહીં. માત્ર બાંધી રાખો.'

બીજે દિવસે સવારે સભામાં ચોરને બોલાવ્યો. પૂછ્યું, 'તું મારા મહેલમાં કેમ પ્રવેશ્યો હતો?' વંકચૂલ કહે, 'વેપારી, બ્રાહ્મણ, સોની, વેશ્યા આદિનું દ્રવ્ય મને અસ્વીકાર્ય હતું એટલે દ્રવ્યના મોહથી આપના મહેલમાં પ્રવેશ્યો હતો, પણ રાણી મને જોઈ ગયા. એટલે ચોરી કરવામાં નિષ્ફળ રહ્યો. રાજાએ કહ્યું, 'હું તારા ઉપર પ્રસન્ન છું. અને મારી પટરાણી તને આપું છું.' વંકચૂલ કહે, 'આપની પટરાણી મારે માતા સમાન છે.' રાજાએ હુકમ કરતાં કહ્યું, 'આ ચોર મારા પ્રસ્તાવને સ્વીકારતો નથી એટલે એને શૂળીએ ચડાવો.' જોકે રાજાએ તો એની પરીક્ષા લેવા જ આવો હુકમ કર્યો હતો. અને સુભટોના નાયકને ગુપ્ત રીતે કહી રાખ્યું હતું કે એને મારવો નહીં, કેવળ ભય જ દેખાડવો. વંકચૂલને શૂળી પાસે લવાયો. ફાંસીનો માંચડો તૈયાર કરાયો. પણ વંકચૂલ એના નિયમને વળગી રહ્યો.

સુભટો વંકચૂલને રાજા પાસે પરત લઈ આવ્યા. રાજાએ પ્રસન્ન થઈ, એને પુત્ર સમાન માની યુવરાજ પદવી આપી. વંકચૂલ પોતાની પત્ની અને બહેન સાથે સુખેથી રહેવા લાગ્યો. આટલા અનુભવો પછી એનામાં ઘણું પરિવર્તન આવ્યું હતું. એને પોતાનો જન્મ સફળ થયેલો લાગ્યો. મનમાં એવો પણ અભિલાષ જાગ્યો કે જો હું તે મહાત્માને ફરીથી મળું તો તેમની પાસે ઉત્તમ ધર્મ આદરું.

હવે બન્યું એવું કે જે મહાત્માનો એ કૃતજ્ઞ હતો તે જ મહાત્મા વિહાર કરતા આ નગરીમાં આવ્યા. વંકચૂલ તેમને વંદન કરવા ગયો અને ધર્મોપદેશ સાંભળ્યો. ત્યાર પછી વંકચૂલ શ્રાવક ધર્મનું પાલન કરવા લાગ્યો. આ વંકચૂલને ઉજ્જયિની પાસેના શાલી ગામમાં રહેતા જિનદાસ નામના શ્રાવક સાથે મિત્રતા થઈ.

એક વખત કોઈ શક્તિશાળી પલ્લીપતિ સાથે વંકચૂલને યુદ્ધ થયું. પેલો પલ્લીપતિ તો યુદ્ધમાં મરાયો, પણ વંકચૂલ પોતે પણ ઘણો જખમી થયો. ઘણાં ઔષધો કર્યાં પણ અંગ પરના ઘા રુઝતા નહોતા. ઘાની પીડા ઓછી થઈ નહીં ત્યારે વૈદ્યોએ કહ્યું કે જો આ યુવરાજને કાગડાનું માંસ ખવડાવવામાં આવે તો ઘા રુઝાઈ જશે. રાજાએ કાગડાનું માંસ લાવવાનો હુકમ કર્યો. વંકચૂલે કહ્યું, 'કાગડાનું માંસ ન ખાવાનો મારે સંકલ્પ છે.' રાજાએ એને ઘણી રીતે સમજાવ્યો પણ વંકચૂલ અડગ રહ્યો.

રાજાને થયું કે યુવરાજના કોઈ અંગત મિત્રની સમજાવટ કદાચ કામે લાગે. એટલે સેવકોને પૂછી જોયું કે 'આ યુવરાજનો નજીકનો મિત્ર કોઈ છે?' સેવકોએ શાલી ગામના જિનદાસ શ્રાવકનું નામ આપ્યું. રાજાએ તેને બોલાવી લાવવા સેવકને મોકલ્યો. જિનદાસ યુવરાજને મળવા નીકળ્યો. રસ્તામાં એક વૃક્ષ નીચે બેસીને બે સ્ત્રીઓ રુદન કરતી હતી. એમને રડતી જોઈ જિનદાસે રડવાનું કારણ પૂછ્યું. પેલી સ્ત્રીઓ કહે, 'અમે દેવલોકની દેવીઓ છીએ. તમારો મિત્ર વંકચૂલ જો કાગનું માંસ ભક્ષણ કર્યા વિના મરશે તો અમારો પતિ થવાનો છે, પરંતુ જો માંસભક્ષણ કરશે તો પતિ થશે નહીં એવા ભયથી અમને રડવું આવે છે.' જિનદાસે એ બન્નેને ખાતરી આપી કે 'વંકચૂલ કાગડાનું માંસભક્ષણ કરે એમ હું નહીં થવા દઉં.' જિનદાસ વંકચૂલ અને રાજાને મળ્યો. રાજાએ જિનદાસને વિનંતી કરી કે તે મિત્રને સૂચિત ઔષધ લેવા સમજાવે. જિનદાસે કહ્યું, 'આને તમામ ઔષધ નિરર્થક છે. કેવળ ધર્મરૂપ ઔષધ જ યોગ્ય છે અને એમાં વિલંબ કરવો નહીં.'

પછી ધર્મની આરાધના કરતો, દુષ્કૃત્યોની નિંદા કરતો, જીવોની ક્ષમાયાચના કરતો વંકચૂલ મૃત્યુ પામીને દેવલોકમાં ગયો.

(૨)

[પ્રથમ કથાના જ કથામર્મને પ્રગટ કરતી આ બીજી કથા ઉપકેશગચ્છની દ્વિવંદણિક શાખાના જૈન સાધુ શ્રી હરજી મુનિ રચિત 'વિનોદચોત્રીસી'માં મળે છે. 'વિનોદચોત્રીસી' મધ્યકાલીન ગુજરાતી ભાષામાં પદ્યમાં રચાયેલી કથામાલાનો ગ્રંથ છે. રચના વિ. સં. ૧૬૪૧માં થઈ છે. અહીં પ્રસ્તુત કથાની વિશેષતા એ છે કે એનું કથાવસ્તુ હાસ્યરસે રસિત થયું છે.

પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]

શ્રીપુર નગરમાં સાધુ મહાત્માએ શ્રીપતિ શેઠના નાસ્તિક પુત્ર કમલને દરરોજ એકેકી એમ ચોત્રીસ દિવસ સુધી ચોત્રીસ કથાઓ કહીને બોધ પમાડી ધર્માભિમુખ કર્યો. પછી મહાત્મા વિહાર કરવા માટે ઉત્સુક થયા. સકલ સંઘે ગુરુજીને રોકાઈ જવા ખૂબ આગ્રહ કર્યો પણ ગુરુજી પોતાના નિર્ણયમાં દૃઢ રહ્યા.

શ્રેષ્ઠીપુત્ર કમલને હવે મહાત્મા પ્રત્યે ઘણો જ ભક્તિભાવ જાગ્યો. તેથી જ્યારે એમણે વિહાર કરવાનો નિર્ણય લીધો ત્યારે કમલને ઘણું જ દુ:ખ થયું. તે ગુરુજીને કહેવા લાગ્યો, 'હે ગુરુજી, તમારી અમૃતવાણી હવે મને ક્યાં સાંભળવા મળશે? તમારા જેવા પરોપકારી મને બીજે ક્યાં સાંપડશે?' આમ કહીને તે અશ્રુપાત કરવા લાગ્યો. ગુરુએ કમલને આશ્વાસન આપતાં કહ્યું, 'વળી ક્યારેક અમે પાછા આવીશું.'

સઘળો સંઘ ગુરુજીને વળાવવા ગયો. કમલ પણ એમાં સાથે હતો. ગુરુજીએ સઘળાં સંઘને વિદાયવચન સંભળાવ્યાં, 'આ ભવસાગર તરી

જવાંય એવો કોઈ નિયમ તમે ગ્રહણ કરો.' સૌ પોતપોતાની શક્તિ અનુસાર નિયમ ગ્રહણ કરી પાછા વળવા માંડ્યા. પછી ગુરુજીએ કમલને બોલાવીને કહ્યું, 'મને એવી હોંશ છે કે તું પણ કાંઈક નિયમ ગ્રહણ કર.'

ત્યારે વળતો કમલ કહેવા લાગ્યો, 'ગુરુજી, સંયમપાલન સોહ્યલું છે, પણ નિયમપાલન દોહ્યલું છે. મારે માટે તો એ ઘણું કપરું કામ છે. એટલે મને એમાંથી મુક્ત રાખો.'

મહાત્મા કહે, 'તું કહે છે તે બધું સાચું, પણ અમારી વિદાય વેળાનું આટલું વચન તો તું પાળ.'

કમલ કહે, 'જુઓ ગુરુજી, હું ભાવપૂર્વક દાન કરું છું, અમુક પકવાન્નનું ભોજન નથી કરતો, પૂજા-સત્કાર માટેનું દૂધ હોય તો તેની ખીર નથી આરોગતો, આખું નાળિયેર ખાવાનો ત્યાગ હોવાથી ભાંગીને જ આહાર કરું છું–હવે બોલો, આ સિવાય વળી પાછો બીજો શો નિયમ લઉં?'

મહાત્મા કહે, 'આ કંઈ હંસી-મજાકનો અવસર નથી. આ પ્રસંગે તારે કોઈ નિયમરત્નનો સ્વીકાર તો કરવો જ રહ્યો.' ત્યારે કમલ કહે છે, 'જુઓ ગુરુજી, જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, ધ્યાન, જપ, તપ – આમાંનો કોઈપણ નિયમ હું લઉં પણ એ મારાથી સંપૂર્ણપણે કદાચ પાળી શકાય નહીં એવો મને ડર છે. પણ હા, એક નિયમ એવો છે જે મારાથી પાળી શકાશે ખરો.' મહાત્માએ એ નિયમ જાણવા માગ્યો. કમલે કહ્યું, 'મારા ઘર આગળ એક કુંભાર રહે છે. તેને માથે મોટી ટાલ છે. સૂર્યનાં કિરણો એના માથા પર પડતાં એ ટાલ એવી તો ઝગી ઊઠે છે! ગુરુજી, કુંભારની એ ટાલ જોઈને હું રોજ ભોજન લેવાનું રાખીશ. આ એક નિયમ હું પાળી શકીશ. બીજા કોઈ નિયમ પાળવા અંગે મને શંકા છે.'

આમ તો કમલના આ નિયમની વાત થોડી રમૂજી લાગે એવી હતી. તોપણ મહાત્માએ મનમાં વિચાર કરીને કમલની આ વાતને સંમતિ આપી. એમને થયું કે આમ કરતાંયે જો આ જીવ ઠેકાણે આવતો હોય તો એનું કામ સિદ્ધ થયું ગણાય. કમલ પાસે આ નિયમ ગ્રહણ કરાવીને ગુરુજી ત્યાંથી વિહાર કરી ગયા.

હવે, કમલ પોતે લીધેલા નિયમનું દરરોજ પાલન કરવા લાગ્યો. આમ કરતાં કેટલાક દિવસ પસાર થયા. એક દિવસ રાજદરબારેથી કાંઈક કામ પતાવીને ઘેર પાછા ફરતાં કમલને ઘણું મોડું થયું. રોજિંદો ભોજનનો સમય ક્યારનોય વીતી ચૂક્યો હતો. ભૂખ પણ કડકડીને લાગી હતી. એટલે ઉતાવળે કમલ જેવો ભોજન કરવા બેસે છે ત્યાં જ એને પોતાનો નિયમ સાંભર્યો. એટલે તરત જ તે આસનેથી ઊભો થઈ ગયો ને કુંભારને ઘેર પહોંચ્યો. પણ કુંભાર ઘરમાં હતો નહીં. એની પત્નીને પૂછતાં કુંભારણ કહે કે એનો વર તો માટી લેવા ખાણ તરફ ગયો છે. એટલે કમલ તરત જ ધસમસતો સરોવર તીરે આવ્યો, જ્યાં નજીકમાં જ આવેલી ખાણમાં પેલો કુંભાર માટી ખોદી રહ્યો હતો.

હવે બન્યું એવું કે ખોદકામ કરતાં કુંભારને સુવર્ણદ્રવ્યથી ભરેલી એક મોટી કડાઈ જમીનમાં દટાયેલી નજરે પડી. કુંભાર એ કડાઈને ચૂપચાપ બહાર કાઢતો હતો. બરાબર એ જ વખતે કમલ ત્યાં ખાણની ઉપલી ધાર પરના સ્થળે ધસી આવ્યો ને 'દીઠી, દીઠી' એમ મોટે અવાજે બોલવા લાગ્યો. નીચે ખાણમાં પેલા કુંભારે આ અવાજ સાંભળ્યો. જેવો તે ઊંચે નજર કરે છે તો એણે કમલને જોયો. પેલા કુંભારને થયું કે 'અરે, આ દુષ્ટ આ જ સમયે ક્યાંથી આવ્યો? નક્કી એણે પેલી સુવર્ણદ્રવ્યથી ભરેલી કડાઈને જોઈ લીધી.'

પણ વાસ્તવમાં તો કમલ કુંભારની ટાલ જોઈને બોલી ઊઠેલો કે 'દીઠી, દીઠી.' પણ કુંભારે જુદું જ ધારી લીધું. એટલે એણે વિચાર્યું કે આ પાપિયો કડાઈને જોઈ ગયો છે તો એનું મોં બંધ રાખવા મળેલા સુવર્ણનો અડધો ભાગ એને આપું જેથી તે આખી વાત ગુપ્ત રાખે. આમ વિચારી કુંભાર કમલને કહેવા લાગ્યો, 'તમે મોટેથી બોલો નહીં. તમે જેમ કહેશો તેમ હું કરીશ. ઈશ્વરની સાક્ષીએ આ કડાઈનો અડધો ભાગ તમે લો, પણ કૃપા કરી આ વાત કોઈને કહેશો નહીં, છાની રાખજો.'

કુંભારને ડર એ હતો કે રખે આ બધું કોઈ સાંભળી કે જોઈ જાય ને નગરના રાજા સુધી વાત પહોંચી જાય તો રાજા મને દોષી ઠેરવે, કદાચ મારા ઉપર એવો આરોપ મૂકે કે આ માણસ રોજ છાનોમાનો થોડું થોડું ધન લઈ જતો હશે. અને એ રીતે સઘળું સુવર્ણ જ જપ્ત થઈ જાય.

કમલ ખાણમાં નીચે ઊતરીને કુંભારની પાસે આવ્યો. સુવર્ણદ્રવ્યથી ભરેલી કડાઈ એણે જોઈ. બન્ને ગુપ્ત રીતે કડાઈને ઘેર લાવ્યા ને અડધું અડધું દ્રવ્ય વહેંચી લીધું.

બીજી દિવસે સવારે ઊઠીને કમલ વિચારે છે કે ગુરુજીનો આગ્રહ થવાથી મેં તો માત્ર રમૂજમાં ખપે એવી હળવાશથી જ આ નિયમ ગ્રહણ કર્યો હતો. પરંતુ એવા નિયમપાલનથીયે મને કેટલું મોટું ફળ પ્રાપ્ત થયું! હું કેટલું અઢળક ધન પામ્યો!

આમ વિચારતાં ગુરુનો અપાર મહિમા એને પ્રતીત થયો. ગુરુ નાવની પેઠે તરણતારણ છે. ભવસમુદ્રમાં પડેલાને તે ઉગારે છે.

* * *

- *ગુણોથી સાધુ થવાય છે અને અવગુણોથી અસાધુ થવાય છે, માટે સાધુ-ગુણોને (સાધુતાને) ગ્રહણ કરો અને અસાધુગુણોનો (અસાધુતાનો) ત્યાગ કરો. આત્માને આત્મા વડે જાણીને જે રાગ તથા દ્વેષમાં સમભાવ ધારણ કરે છે તે પૂજનીય બને છે.*
- *ક્રોધ પ્રીતિનો નાશ કરે છે; માન વિનયનો નાશ કરે છે; માયા-કપટ મિત્રતાનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશ કરે છે.*

ચાર પુત્રવધૂઓની પરીક્ષા

સુધર્માસ્વામી જંબૂસ્વામીને કથા સંભળાવે છે–

રાજગૃહ નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. એ નગરીમાં ધન્ય નામે એક વણિક રહે છે. પત્નીનું નામ ભદ્રા છે. આ દંપતીને સંતાનમાં ચાર પુત્રો છે. ધનપાલ, ધનદેવ, ધનગોપ અને ધનરક્ષિત. આ ચારેય પુત્રોનાં લગ્ન થઈ ગયાં છે. એમની પત્નીઓનાં નામ અનુક્રમે ઉજ્ઝિકા, ભોગવતી, રક્ષિકા અને રોહિણી છે.

ધન્ય શેઠ વૃદ્ધ થયા હોવાથી એક વાર વિચાર કરવા લાગ્યા કે રાજાથી માંડીને બધી જાતિના લોકો બધા પ્રકારનાં કામોમાં મારી સલાહ લે છે. પરંતુ મારી બીમારી, અપંગતા કે મૃત્યુને લઈને આ ઘરને કોણ સાચવશે ? ચારેય પુત્રવધૂઓમાંથી કઈ વહુ ઘરનો ભાર વહન કરી શકશે ?

આમ વિચારી એમણે બીજે દિવસે સર્વ સ્વજનો-સ્નેહીજનોની ઉપસ્થિતિમાં ચારેય પુત્રવધૂઓની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

બીજે દિવસે સૌને પોતાને આંગણે આમંત્રિત કર્યાં, ભોજન આદિથી સૌનો સત્કાર કર્યો. પછી બધાંની હાજરીમાં સૌ પ્રથમ મોટી પુત્રવધૂ ઉજ્ઝિકાને બોલાવી. એને ધન્ય શેઠે ચોખાના પાંચ દાણા આપી કહ્યું કે 'તું આને સાચવજે. અને હું જ્યારે માગું ત્યારે એ પાંચ દાણા મને પાછા આપજે.'

ઉજ્ઝિકાએ એ પાંચ દાણાનો સૌની હાજરીમાં સ્વીકાર તો કર્યો, પછી એકાંતમાં જઈ વિચાર્યું કે આપણા ઘરમાં તો ચોખાના કોઠાર ભરેલા છે. આ પાંચ દાણા સાચવી રાખવાનો કાંઈ અર્થ નથી. સસરાજી માગશે ત્યારે કોઠારમાંથી ચોખાના બીજા પાંચ દાણા કાઢીને આપી દઈશ. આમ વિચારીને એણે સસરાએ આપેલા દાણા ફેંકી દીધા.

સસરાએ બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવીને ઉજ્ઝિકાને જે સૂચન સહિત પાંચ દાણા આપ્યા હતા તે જ પ્રમાણે બીજી વહુને આપ્યા. ભોગવતી ત્યાંથી એકાંતમાં જઈ ચોખાના એ પાંચ દાણા ખાઈ ગઈ ને કામે લાગી ગઈ.

ત્રીજી પુત્રવધૂ રક્ષિકાને જ્યારે અગાઉની બે પુત્રવધૂઓની જેમ પાંચ દાણા આપવામાં આવ્યા ત્યારે એને વિચાર થયો કે સસરાજીએ સૌ સગાંસ્નેહીઓની હાજરીમાં મને બોલાવીને આ દાણા સાચવી રાખવા આપ્યા છે તો એનું કાંઈ ચોક્કસ કારણ હોવું જોઈએ. એમ વિચારીને રક્ષિકાએ આ પાંચ દાણા સાચવીને એક દાબડીમાં મૂકી દીધા. અને રોજ એ દાબડીની સંભાળ રાખવાનું નક્કી કર્યું.

પછી ધન્ય શેઠે ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવી અગાઉની સૂચના પ્રમાણે પાંચ દાણા આપ્યા. ચોથી વહુ રોહિણી ઘણી સમજદાર હતી. એણે વિચાર્યું કે 'આ પાંચ દાણાની કેવળ જાળવણી જ શા માટે ? એની વૃદ્ધિ પણ કરું.' આમ વિચારીને રોહિણીએ એના પિયરપક્ષના કુટુંબીઓને બોલાવ્યાં ને કહ્યું કે 'મારા સસરાજીએ આપેલા આ પાંચ દાણા તમે એક નાની કયારીમાં વાવજો. ઊગે એટલે એને પુનઃ બીજી જગાએ રોપજો. અને એ રીતે એનું સંવર્ધન કરજો.'

રોહિણીના કુટુંબીજનોએ એ દાણા સ્વીકારીને સૂચનાનું બરાબર પાલન કર્યું. વર્ષાઋતુના પ્રારંભમાં નાની ક્યારી બનાવી એમાં દાણા વાવ્યા. બીજી-ત્રીજી વાર રોપણી કરતાં કરતાં ચોખાના છોડને પાન-ડુંડાં આવ્યાં. દાણા પ્રગટ થયા. પાક તૈયાર થતાં એની લણણી કરી, સૂપડાથી સાફ કરી ઘડામાં ભરી દીધા. બીજું ચોમાસું આવતાં ઘડામાં એકત્ર કરેલા ચોખાની પુનઃ વાવણી કરી. પછી તો ત્રીજી, ચોથી, પાંચમી વર્ષાઋતુ આવી ત્યાં સુધીમાં તો સેંકડો કુંભ ચોખાથી ભરાઈ ગયા.

પાંચમે વર્ષે ધન્ય શેઠે ચારેય પુત્રવધૂઓની કસોટી કરવાનું નક્કી કર્યું. એક દિવસ અગાઉની જેમ સર્વ સગાંવહાલાંને નિમંત્રીને એ સૌની હાજરીમાં પહેલી પુત્રવધૂને બોલાવી. અને કહ્યું કે 'હે પુત્રી, આજથી પાંચ વર્ષ અગાઉ મેં તમને ચોખાના પાંચ દાણા સાચવી રાખવા આપ્યા હતા એ દાણા લાવીને પાછા આપો.'

ત્યારે ઉજ્ઝિકાએ કોઠારમાંથી બીજા જ પાંચ દાણા લાવીને સસરાના હાથમાં મૂક્યા. સસરાએ પૂછ્યું, 'તમે સોગંદપૂર્વક મને કહો કે અગાઉ મેં તમને આપેલા એ જ દાણા આ છે ? કે પછી બીજા છે ?'

ઉજ્ઝિકાએ કહ્યું, 'હે પિતાજી, તમે મને જે દાણા આપેલા તે મેં સ્વીકાર્યા હતા તે સાચું, પણ પછી મને વિચાર આવેલો કે કોઠારમાં તો ઢગલો ચોખા પડેલા છે. એમાંથી જ્યારે માગશે ત્યારે આપી દઈશ. એમ વિચારી એ દાણા મેં ફેંકી દીધા છે. એટલે આ દાણા બીજા જ છે.'

બીજી પુત્રવધૂ ભોગવતીને બોલાવીને દાણા પરત માગતાં એણે એ દાણા ખાઈ ગઈ હોવાનું કબૂલ્યું.

ત્રીજી રક્ષિતાને બોલાવીને દાણા પરત માગતાં એણે દાબડીમાં સાચવી રાખેલા દાણા સસરાજીને સોંપ્યા. અને સ્પષ્ટતા કરી કે આ દાણા

[આ કથાનો મૂળ આધાર છઠ્ઠું અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગ' છે. એના સાતમા 'રોહિણીજ્ઞાત અધ્યયન'માં આ કથા મળે છે. આગમગ્રંથની ભાષા પ્રાકૃત છે.

આચાર્ય મુનિચંદ્ર સૂરિ રચિત 'ઉપદેશપદ-સુખસંબોધની વૃત્તિ'માં પણ આ કથા મળે છે. આ વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે.

પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' (ગુજરાતી અનુવાદ), અનુ. મ. સાધ્વીજી શ્રી વનિતાબાઈ, સંપા. શોભાચંદ્ર ભારીલ્લ, પ્રકા. પ્રેમ-જિનાગમ પ્રકાશન સમિતિ, મુંબઈ, સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧]..

દાબડીમાં રાખી સતત એની સારસંભાળ રાખતી રહી છું.

હવે છેલ્લે ચોથી પુત્રવધૂ રોહિણીને બોલાવીને એ પાંચ દાણા પરત કરવાની ધન્ય શેઠે માગણી કરી ત્યારે રોહિણીએ કહ્યું, 'પિતાજી, એ દાણા પરત કરવા માટે મારે ઘણાં ગાડાંની જરૂર પડશે.' શેઠે નવાઈ પામી પૂછ્યું, 'પાંચ દાણા માટે ગાડાંની જરૂર કેવી રીતે ? મને કાંઈ સમજાયું નહીં.' ત્યારે રોહિણીએ રહસ્ય પ્રગટ કરતાં, આ પાંચ વર્ષ દરમ્યાન પોતાના કુટુંબીજનોએ વાવેતર દ્વારા ચોખાના પાકની કરેલી અનેકગણી બુદ્ધિની વાત જણાવી.

ધન્ય શેઠે ગાડાં મોકલવાનો પ્રબંધ કર્યો. રોહિણી પોતાને પિયર આવી અને પાંચ દાણામાંથી વૃદ્ધિ પામેલું સઘળું અનાજ ગાડામાં ભરાવીને સ્વસુરગૃહે પહોંચતું કરાવ્યું.

રાજગૃહ નગરના લોકો રોહિણીની પ્રશંસા કરવા લાગ્યા.

આ ચારેય પુત્રવધૂઓની પરીક્ષા લીધા પછી ધન્ય શેઠે એ ચારેયને અનુરૂપ કામોની વહેંચણી કરી.

પહેલી પુત્રવધૂ ઉજ્ઝિકા જેણે દાણા ફેંકી દીધા હતા તેને કચરો કાઢવાનું, છાણાં થાપવાનું, સ્નાન આદિ માટે પાણી લાવી આપવાનું જેવાં નિમ્ન કક્ષાના કામો માટે નિયુક્ત કરી.

બીજી પુત્રવધૂ ભોગવતી જે દાણા ખાઈ ગઈ હતી તેને દળવા-ખાંડવાના, રાંધવા-પીરસવાના કામ માટે નિયુક્ત કરી.

ત્રીજી પુત્રવધૂ રક્ષિકા જેણે દાણા સાચવી રાખ્યા હતા તેના પ્રત્યે સંતુષ્ટ થઈને હીરા-માણેક-મોતી-સુવર્ણના અલંકારો, મૂલ્યવાન વાસણો અને રેશમી વસ્ત્રોની સાચવણીનું કામ સોંપ્યું.

ચોથી પુત્રવધૂ રોહિણી જેણે આ પાંચ દાણામાંથી અનેકગણી વૃદ્ધિ કરી હતી તેને સમગ્ર કુટુંબના શ્રેયાર્થે સલાહકાર–માર્ગદર્શક તરીકે નિયુક્ત કરી.

શ્રમણ-શ્રમણી સમુદાયના સંદર્ભમાં આ કથા એક રૂપકકથા તરીકે કહેવાઈ છે.

દીક્ષિત જીવન સ્વીકારીને જે શ્રમણ-શ્રમણી પ્રથમ પુત્રવધૂની જેમ પાંચ દાણા સમાન પાંચ મહાવ્રતો (સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય)નો પરિત્યાગ કરે છે તે આ ભવમાં જ અવહેલનાનું પાત્ર બને છે.

જે શ્રમણ-શ્રમણી બીજી પુત્રવધૂની જેમ રસેન્દ્રિયને વશીભૂત થઈને પાંચ મહાવર્તોને નષ્ટ કરે છે તેઓ પણ આ લોકમાં ઉપેક્ષાપાત્ર બને છે.

જે શ્રમણ-શ્રમણી ત્રીજી પુત્રવધૂની જેમ પાંચ મહાવ્રતોની રક્ષા કરે છે તેઓ આ લોકમાં સૌનાં આદરપાત્ર અને પૂજ્ય બને છે.

જે શ્રમણ-શ્રમણી ચોથી પુત્રવધૂની જેમ પાંચ મહાવ્રતોનું સંવર્ધન કરે છે તેઓ આ લોકમાં તો સૌના આદરપાત્ર અને પૂજ્ય બને જ છે, સાથે આ ભવાટવીથી પણ મુક્ત બને છે.

✷ ✷ ✷

વિનયથી શોભતી વિદ્યા

[આ કથાનો આધારસ્રોત છે આચાર્યશ્રી હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ શ્રી મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત છે, વૃત્તિની ભાષા સંસ્કૃત છે. પણ વૃત્તિકારે એમાં આપેલી દૃષ્ટાંતકથાઓ બહુધા પ્રાકૃતમાં છે. આ વૃત્તિ–ગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિકૃત નંદિ-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃત ભાષા)માં પણ આ કથા મળે છે. વૈનયિકી (વિનયથી ઉત્પન્ન થતી) બુદ્ધિના દૃષ્ટાંત રૂપે આ કથા પ્રસ્તુત છે.

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમગ્રંથમાલા વતી ચંદ્રકાન્ત સાકરચંદ ઝવેરી, મુંબઈ–૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ.૧૯૭૨)]

અમરતિલક નામે નગર હતું. એમાં સિદ્ધદેવ નામે એક ભટ્ટ વસે. તે આગમો-વેદો-પુરાણોના જાણકાર પંડિત હતા. એમની પાસે રહીને બે વિદ્યાર્થીઓ શાસ્ત્રાભ્યાસ કરતા હતા. એકનું નામ દિનકર, બીજાનું શશિકર.

શશિકર ખૂબ જ વિનીત અને સેવાભાવી હતો. શાસ્ત્રાધ્યયનમાં એની જિજ્ઞાસાવૃત્તિ ઘણી તીવ્ર હતી. અભ્યાસમાં કાંઈ પણ સંદેહ પેદા થતાં તરત જ ગુરુ પાસે આવી વિનયપૂર્વક પ્રશ્ન કરે અને ગુરુ પાસેથી એનું નિવારણ પ્રાપ્ત કરે. એની આવી વિનયપૂર્વકની અધ્યયનશીલતાને કારણે ગુરુને પણ એ ઘણો પ્રિય થઈ પડ્યો હતો. જ્યારે, બીજો શિષ્ય દિનકર ગુરુ પ્રત્યે અવિનયી અને અવિવેકી હતો. ગમે તેમ બોલી નાખતાં એને કાંઈ સંકોચ થતો નહીં. વળી, શાસ્ત્રાભ્યાસમાં પણ તે ઘણો નબળો હતો.

એક દિવસ કોઈ કામ અંગે ગુરુએ આ બંને શિષ્યોને બાજુના ગામે મોકલ્યા. બંને શિષ્યો ચાલતા ચાલતા જતા હતા. ત્યાં જમીન પરનાં મોટાં પગલાં જોઈ દિનકરે શશિકરને પૂછ્યું, 'આ પગલાં કોનાં છે ?'

શશિકર : 'એ હાથીનાં પગલાં છે.'

દિનકર : 'એ હાથીની એંધાણી–ઓળખ તું આપી શકે ?'

શશિકર : 'હા, પહેલી વાત તો એ કે એ હાથણી છે. બીજું એ હાથણીને ડાબી આંખ નથી.

દિનકર : 'એ હાથણી ઉપર કોઈ બેઠેલું ? બેઠેલું હોય તો કોણ બેઠું હશે ?'

શશિકર : 'એ હાથી ઉપર રાજાની રાણી બેઠેલી હશે.'

દિનકર : એ રાણી કેવી હશે એની કોઈ સંજ્ઞા તું આપી શકે છે ?

શશિકર : 'એ રાણી સગર્ભા છે. એને પૂરા દિવસ જાય છે. આજ સાંજે કે કાલ સવાર સુધીમાં તો તેને પ્રસવ થશે અને એને જન્મેલું બાળક પુત્ર હશે.'

દિનકર : 'આ બધું જો નજરે જોવા મળે તો તારી વાત સાચી માનું.'

રસ્તામાં આમ વાર્તાલાપ કરતા તે બન્ને શિષ્યો બાજુના ગામ પાસે આવી પહોંચ્યા. ગામની બહાર આવેલા સરોવરને કાંઠે તે બંને રોકાયા. ત્યાં જ તેમણે પેલી હાથણીને જોઈ. એને ડાબી આંખ નહોતી. રાણી જમીન પર બેઠી હતી. આડો વસ્ત્રનો પડદો કરેલો હતો. ને તે જ સમયે એક દાસી દોડીને રાણીને પુત્રપ્રસવ થયાની રાજાને વધામણી કરવા જતી હતી.

દિનકરે શશિકરને કહ્યું, 'તારું જ્ઞાન સાચું ઠર્યું.'

બંને શિષ્યો વડના ઝાડ નીચે વાર્તાવિનોદ કરી રહ્યા હતા. એવામાં એક વૃદ્ધા સરોવરનું જળ ભરવા માટે ત્યાં આવી. તેણે જળભરેલો કુંભ માથે ચઢાવ્યો. પછી એ વૃદ્ધાની નજર બાજુના વડ તરફ જતાં એણે પેલા બે શિષ્યોને જોયા. એ બંનેને પંડિત જેવા જાણીને વૃદ્ધા તેમની પાસે આવી. હાથ જોડીને ઊભી રહી. પછી કહેવા લાગી, 'મારો પુત્ર પરદેશ ગયો છે. કૃપા કરી મને કહો કે તે પાછો ક્યારે આવશે ?'

વૃદ્ધા આ પ્રશ્ન પૂછી રહી હતી ત્યારે જ એના માથેથી પાણીનો ઘડો જમીન પર પડ્યો ને એના ટુકડેટુકડા થઈ ગયા.

પેલો અવિનયી શિષ્ય દિનકર વૃદ્ધાને કહેવા લાગ્યો, 'માજી, તારો પુત્ર તો મૃત્યુ પામ્યો છે એમાં કોઈ સંદેહ નથી.' આ સાંભળી તરત જ વિનયી શિષ્ય શશિકર દિનકરને ઠપકો આપતાં કહે છે,

'અરે, તું આવું અવિચારી કેમ બોલે છે ?' પછી શશિકર પેલી વૃદ્ધાને આશ્વાસન આપતાં કહેવા લાગ્યો, 'માતા, તમારો પુત્ર ક્ષેમકુશળ છે. એટલું જ નહીં, તે ઘણું દ્રવ્ય લઈને ઘેર પણ આવી પહોંચ્યો છે. એટલે તમે પુત્રવિયોગનો શોક દૂર કરીને ઘેર જાવ. તમે તમારા પુત્રને ઘેર આવેલો જરૂર જોશો.'

પેલી વૃદ્ધા શશિકરને આશીર્વાદ આપીને હર્ષથી પુલકિત થતી ઘેર ગઈ, તો ત્યાં સાચે જ એના પુત્રને એણે બેઠેલો જોયો. વૃદ્ધાના આનંદનો પાર ન રહ્યો.

આ બાજુ પેલી વૃદ્ધાના ગયા પછી દિનકર મનમાં ખેદ પામવા લાગ્યો. પોતાની અણઆવડતનો દોષ જોવાને બદલે તેને ગુરુનો વાંક દેખાવા લાગ્યો. એને થયું કે 'ગુરુએ જેવો શશિકરને ભણાવ્યો એવો મને બરાબર ભણાવ્યો નહીં.'

ગુરુએ સોંપેલું કામ પતાવીને બંને જણા પાછા વળ્યા. ગુરુને ચરણે શશિકરે મસ્તક ટેકવ્યું, જ્યારે દિનકર થાંભલાની જેમ ઊભો જ રહ્યો. ગુરુને પ્રણામ કરવા જેટલો વિનય દાખવવાનું તો એક બાજુ રહ્યું, પણ ઊલટાનો ગુસ્સે થઈને ગુરુને કહેવા લાગ્યો, 'તમે મને કાંઈ ભણાવ્યો નહીં.'

ગુરુએ શાંત અને સ્વસ્થ ચિત્તે દિનકરને પ્રશ્ન કર્યો, 'એવી, શી ઘટના પરથી તને લાગ્યું કે મેં તને કાંઈ જ વિદ્યા આપી નહીં?'

દિનકર કહે, 'અમે બીજે ગામ ગયા તેમાં મારી વાત ખોટી ઠરી, જ્યારે શશિકરે જે જે અનુમાનો કર્યાં તે બધાં જ સાચાં પડ્યાં.' આમ કહીને બીજે ગામ પહોંચતા સુધીમાં જે જે ઘટનાઓ બની હતી તે બધી હકીકત દિનકરે ગુરુને વર્ણવી બતાવી.

ગુરુએ વિનયવંત શિષ્ય શશિકરને પાસે બોલાવ્યો. પછી બોલ્યા, 'અરે વત્સ ! જે જે ઘટનાઓ બની તેની આગોતરી અટકળો તેં શાને આધારે કરી હતી તે મને કહે.'

શશિકરે અત્યંત વિનયપૂર્વક પહેલાં તો એમ જ કહ્યું કે 'મને આ બધું જ્ઞાન ગુરુકૃપાએ પ્રાપ્ત થયું છે.' પછી એણે કરેલી તમામ આગાહીઓના ઉકેલ દર્શાવ્યા.

પહેલાં તો એણે પગલાં જોઈ હાથણી પસાર થયાની આગાહી કરી હતી. નર હાથીની લઘુશંકા હંમેશાં પગ બહાર થાય, પણ એણે પગની વચ્ચે લઘુશંકા થયેલી જોઈ એ એંધાણીએ એણે નિર્ણય બાંધ્યો કે એ હાથણી હતી. રસ્તામાં આવતાં જમણી તરફના બધાં વેલ-પાન હાથણીએ ઉઝરડી લીધાં હતાં ને એ તરફનાં ઘણાં ડાળ-પાંદડાં જમીન પર વેરાયેલાં હતાં, જ્યારે ડાબી તરફના વેલ-પાન અને વૃક્ષડાળ સુરક્ષિત હતાં. એ પરથી એણે નક્કી કર્યું કે એ હાથણીની ડાબી આંખ નથી. વૃક્ષની શાખાઓ ઉપર એણે રેશમ-જરીના તાર ભરાયેલા જોયા એ પરથી એને થયું કે ઉપર બેઠેલી સ્ત્રી રાજરાણી હશે. આ સ્ત્રી લઘુશંકા માટે હેઠે ઊતરી હશે ત્યારે એના બંને હાથ ભોંય ઉપર ટેકવેલા હતા. એ નિશાની જોઈને એને લાગ્યું કે એ સ્ત્રી સગર્ભા હોવી જોઈએ. વળી ત્યાં રેતીમાં એ સ્ત્રીનો જમણો પગ જે રીતે મુકાયેલો હતો એ પરથી એણે નિર્ણય કર્યો કે એને પુત્ર જ જન્મશે.

શશિકરની આટલી વાત સાંભળ્યા પછી ગુરુએ પ્રશ્ન કર્યો, 'પેલી વૃદ્ધા સ્ત્રીનો પુત્ર ઘેર આવ્યો છે એ તેં કેવી રીતે જાણ્યું ?'

ગુરુના આ પ્રશ્નના જવાબમાં શશિકર કહે, જુઓ ગુરુજી ! ઘડો માટીમાંથી બને છે. પેલા વૃદ્ધા માજીનો ઘડો ભાંગતાં એ જેમાંથી નીપજ્યો હતો તે માટીમાં પાછો મળી ગયો. એ એંધાણીએ મને લાગ્યું કે એ માજીનો પુત્ર પણ જ્યાંથી નીકળ્યો હતો તે જ સ્થાને પાછો ફર્યો છે.'

શશિકરની આ વાતો સાંભળી ગુરુએ એની પ્રશંસા કરી. પછી તેઓ દિનકરને કહેવા લાગ્યો કે 'વિદ્યા તો તમે બંને સરખી ભણ્યા છો. મેં તમારા બેમાંથી એકને વધારે ને બીજાને ઓછી વિદ્યા આપવાનો ભેદભાવ કર્યો નથી. પણ હે દિનકર ! તારામાં જ રહેલા અવિનય જેવા દોષોને કારણે તેં કદી વિદ્યાની પરખ જાણી નહીં. જે ગુરુ પ્રત્યે વિનયવંત નથી રહેતો તેની વિદ્યાથી કોઈ અર્થ સરતો નથી. હવે કહે કે તને વિદ્યા ન ફળી એમાં ગુરુનો શો દોષ ?'

ગુરુનાં આ વચનો સાંભળીને દિનકર શરમિંદો બની ગયો.✷

સગાં જ સગાંનો અનર્થ કરે : કથાસપ્તક

(૧)

માતા પુત્રનો અનર્થ કરે

કાંપિલ્યપુર નામે નગરી હતી. એમાં બ્રહ્મ નામે રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ ચુલણી હતું. એમને સંતાનમાં બ્રહ્મદત્ત નામે પુત્ર હતો. આ બ્રહ્મ રાજાનું મસ્તકના રોગને લઈને મૃત્યુ થયું. એટલે પડોશી રાજ્યનો દીર્ઘ રાજા જે બ્રહ્મ રાજાનો મિત્ર પણ હતો તે રાજ્યની સંભાળ લેવા માટે કાંપિલ્યપુરમાં આવીને રહ્યો. આ ગાળામાં બ્રહ્મ રાજાની વિધવા રાણી ચુલણી અને રાજ્યભાર સંભાળી રહેલા મિત્ર રાજા પરસ્પર કામાસક્ત થયાં. સમય જતાં પુત્ર બ્રહ્મદત્તને માતાના આ દુશ્ચારિત્રની જાણ થઈ. બ્રહ્મદત્ત પણ હવે યુવાન વયમાં આવ્યો હતો. એટલે એ માતા પ્રત્યે ક્રોધવશ તો થયો, પણ માતાને એ સીધો ઠપકો તો શી રીતે આપે! એટલે આ અનૈતિક સંબંધ પરત્વે માતાનું ધ્યાન સાંકેતિક રીતે દોરી શકાય એવી યોજના એણે બનાવી.

પુત્ર બ્રહ્મદત્તે એક દિવસ કાગ અને કોયલનો સમાગમ કરાવી વિપરીત આચરણ કરતાં બતાવ્યાં. પછી માતાને કહ્યું કે આ બંને વિરુદ્ધ આચરણ કરનારા છે એમને હું શિક્ષા કરીશ.' આમ કહીને બ્રહ્મદત્તે ખડગથી કાગ અને કોયલને મારી નાખ્યાં. આ પ્રસંગથી અહીં આવી વસેલો દીર્ઘરાજા આનો સંકેત પામી ગયો. એણે ચુલણી રાણીને ચેતવતાં કહ્યું કે, 'તારો પુત્ર જે કાંઈ બોલ્યો છે એનું પરિણામ આપણે માટે અશુભ સમજવું.' પછી સલાહ આપતાં કહે, 'તું તારા પુત્રને કોઈ પણ રીતે મારી નાખવાની યોજના કર.'

માતાએ પોતાના કામુક સંબંધ આડે પુત્રનો અંતરાય દૂર કરવા પ્રપંચ આદર્યો. એણે એક લાક્ષાગૃહ તૈયાર કરાવ્યું. પછી એક દિવસ પુત્રને એ લાક્ષાગૃહમાં રહેવા મોકલી આપ્યો. રાત્રે એ લાક્ષાગૃહને આગ લગાડવામાં આવી; એ પ્રયોજનથી કે એ આગમાં જ પુત્ર બળીને મૃત્યુ પામે. પરંતુ, રાજ્યને વફાદાર ધનુ મહેતાએ અગમચેતી વાપરીને લાક્ષાગૃહથી નગરની બહાર નીકળી શકાય એવી એક સુરંગ ગુપ્ત રીતે બનાવી રાખી હતી. ધનુ મહેતાનો પુત્ર વરધનુ જે કુમારની સહાયમાં હતો એણે બ્રહ્મદત્તને પગની પાનીથી જમીન ઉપર પ્રહાર કરવાનું સૂચવ્યું. એમ કરતાં જ ખોદેલી સુરંગનો માર્ગ મળી આવ્યો. બ્રહ્મદત્ત અને વરધનુ બન્ને એ સુરંગ દ્વારા નાસી છૂટ્યા.

સમય જતાં બ્રહ્મદત્ત દીર્ઘરાજાને હરાવી, દિગ્વિજય કરી ચક્રવર્તી બન્યો.

[આ વિષયવસ્તુવાળી સાત કથાઓના કથાગુચ્છનો આધારસ્રોત છે શ્રી ધર્મદાસગણિવિરચિત 'ઉપદેશમાલા'. પ્રાકૃતમાં રચાયેલી ૫૪૪ ગાથાઓવાળી પદ્યબદ્ધ ઉપદેશપ્રધાન આ રચનામાં ૧૪૫ થી ૧૫૧ સુધીની સાત ગાથાઓમાં આ વિષયને લગતાં સાત દૃષ્ટાંતોનો નિર્દેશ કરાયો છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિગણિની સંસ્કૃતમાં રચાયેલી 'હેયોપાદેયા ટીકા'માં આ કથાઓ સંક્ષેપમાં મળે છે. ટીકાગ્રંથની રચના વિ. સં. ૯૭૪ની છે. વિ. સં. ૧૦૫૫માં આ. વર્ધમાનસૂરિએ પ્રાકૃતમાં આ કથાનકોને વિસ્તૃત સ્વરૂપે આલેખ્યાં છે. આ. સોમસુંદર સૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ'માં પણ મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કથાઓ મળે છે. રચના વિ. સં. ૧૪૮૫ની છે. આ કથાઓ છૂટી છૂટી એકાધિક ધર્મગ્રંથો-ટીકાગ્રંથોમાં મળે છે, જેમ કે આ સપ્તકની બીજી કથા 'જ્ઞાનાધર્મકથાંગ'ના ૧૪મા તેતલિપુત્ર અધ્યયનમાં મળે છે. પણ સાત કથાઓનું આખું કથાગુચ્છ 'ઉપદેશમાલા'માં છે. પુસ્તક : 'શ્રી સોમસુંદરસૂરિકૃત ઉપદેશમાલા બાલાવબોધ', સંશો-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.]

(૨)

પિતા પુત્રનો અનર્થ કરે

તેતલિપુત્ર નગરમાં કનકકેતુ રાજા રાજ્ય કરતો હતો. એની રાણીને જે કોઈ પુત્ર જન્મે એના અંગો છેદીને રાજા એને વિકલાંગ કરી મૂકતો. આનું કારણ હતું રાજાની પ્રબળ રાજ્યતૃષ્ણા. રાજાનો સત્તાલોભ એટલો તીવ્ર હતો કે એને સતત એક ભય સતાવ્યા કરતો કે રખેને મારો પુત્ર મારું રાજ્ય છીનવી લે. તેથી તે પ્રત્યેક નવજાત પુત્રને વિકલાંગ બનાવી દેતો.

હવે બન્યું એવું કે એની પદ્માવતી રાણીએ રાજાને ખબર ન પડે એમ પોતાના એક નવજાત પુત્રને ગુપ્ત રીતે તેતલિપુત્ર નામના મંત્રીને સોંપી દીધો. જોગાનુજોગ તે જ સમયે મંત્રીની પોટિલા નામની પત્નીને પુત્ર જન્મી હતી. એટલે મંત્રીએ એ પુત્રીને લાવીને 'રાણીને પુત્રી જન્મી છે' એમ જાહેર કર્યું. બીજા બાજુ રાણીનો પુત્ર ગુપ્ત રીતે મોટો થવા લાગ્યો. સમય જતાં કનકકેતુ રાજા મૃત્યુ પામ્યો. ત્યારે યુવાન બનેલો એનો પુત્ર કનકધ્વજ તેતલિપુર નગરનો રાજા બન્યો.

(૩)

ભાઈ ભાઈનો અનર્થ કરે

પ્રથમ તીર્થંકર ઋષભદેવ એમની સંસારી અવસ્થામાં અયોધ્યાના રાજા હતા. તેમને સુમંગલા રાણીથી ભરત અને સુનંદા રાણીથી બાહુબલિ એમ બે બળવાન પુત્રો થયા. આ સિવાય અન્ય ૯૮ પુત્રો એમને હતા. પિતાએ રાજગાદી ભરતને સોંપી સંયમ અંગીકાર કર્યો. ચક્રવર્તી થવાની મહત્ત્વાકાંક્ષાથી ભરતે

દિગ્વિજય કર્યો. આથી અન્ય ભાઈઓએ ભરતની આણ સ્વીકારી, પણ બાહુબલિએ ભરતની આણ સ્વીકારી નહીં. એટલે ભરત બાહુબલિ સામે યુદ્ધે ચડ્યો. બન્ને ભાઈઓ વચ્ચે મોટું દ્વંદ્વયુદ્ધ થયું. આ યુદ્ધમાં બાહુબલિના મુષ્ટિપ્રહારથી ક્રોધે ભરાઈને ભરતે બાહુબલિને મારવા માટે ચક્ર મોકલ્યું.

જોકે પાછળથી ભરતને પશ્ચાત્તાપ થયો અને બાહુબલિએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

(૪)

પત્ની પતિનો અનર્થ કરે

શ્વેતાંબિકા નગરીમાં પ્રદેશી રાજા રાજ્ય કરતા હતા. આ રાજાને સૂર્યકાન્તા નામે રાણી હતી. આ રાજા ઘણા નાસ્તિક હતા. એક વાર કેશી ગણધર નગર બહારની વનભૂમિમાં પધાર્યા. રાજાના ચિત્ર નામે મહેતા હતા તે ખૂબ જ ધર્માનુરાગી હતા. એટલે તેઓ રાજાને ઘોડા ખેલાવવાના બહાને વનમાં પધારેલા કેશી ગણધર પાસે લઈ ગયા. ત્યાં ગુરુમુખે ધર્મદેશના સાંભળીને રાજા નાસ્તિક મટીને ધર્માભિમુખ બની ગયા. શ્રાવકના બાર વ્રતો પૈકીનું એક પૌષધવ્રત એમણે લીધું. આ વ્રતમાં ધર્મની પુષ્ટિ અર્થે સાંસારિક પ્રવૃત્તિઓથી વિમુખ થઈને ઉપાશ્રયમાં સાધુ જેવો સંયમ પાળવાનો હોય છે. આ પૌષધવ્રતના પારણાના દિવસે રાજાની પત્ની સૂર્યકાન્તાએ અન્ય પુરુષ પ્રત્યેની આસક્તિને લઈને પોતાના જ પતિને પારણા નિમિત્તેના આહારમાં વિષ આપ્યું. જોકે કેશી ગણધરના સંયોગને કારણે પ્રદેશી રાજા સદ્‌ગતિને પામ્યા.

(૫)

પુત્ર પિતાનો અનર્થ કરે

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. એમને ચેલ્લણા રાણીની કૂખે જન્મેલો કોણિક નામે પુત્ર હતો. જ્યારે અન્ય રાણીથી થયેલા બે પુત્ર હલ્લ અને વિહલ્લ હતા. શ્રેણિક રાજાએ હલ્લ અને વિહલ્લને દેવતાઓએ આપેલા હાર, કુંડળ જેવા અલંકારો અને સેચનક હાથી ભેટમાં આપ્યા. એ સમયે કોણિકને રાજ્ય આપવું એવી શ્રેણિક રાજાએ મનથી ઈચ્છા કરી. પરંતુ હલ્લ-વિહલ્લ એ બે ભાઈઓને અપાયેલી ભેટ જોઈને કોણિકના મનમાં ઈર્ષ્યા પેદા થઈ. એટણે એણે રાજ્યના બધા સામંતોને વશ કરી લીધા અને પિતાને કાષ્ઠપિંજરમાં કેદ કરી દીધા. એટલું જ નહીં, આ પુત્ર પિતાને રોજ પાંચસો ફટકા મરાવવા લાગ્યો.

થોડાક સમય પછી કોણિકની પત્નીએ પુત્ર પ્રસવ્યો. એક દિવસ કોણિક પોતાના પુત્રને ખોળામાં બેસાડી ભોજન કરતો હતો. ત્યારે પુત્રે પિતા કોણિકના ભાણામાં પેશાબ કર્યો. કોણિક નજીકમાં બેઠેલી પોતાની માતા ચેલ્લણાને મોં મલકાવીને કહેવા લાગ્યો, 'માતા! જોયોને મારો પુત્રપ્રેમ! મારા પુત્રે ભાણામાં પેશાબ કરવા છતાં મને જરાય ગુસ્સો આવ્યો જ નહીં.'

માતા ચેલ્લણા ગદ્‌ગદ્ સ્વરે કહેવા લાગી, 'બેટા! તારો પુત્રપ્રેમ તો શી વિસાતમાં છે? પુત્રપ્રેમ તો તારા પિતાનો તારા માટે હતો–' પછી માતા અતીતની ઘટનાને તાજી કરીને કહેવા લાગી, 'બેટા! તું જ્યારે ગર્ભમાં હતો ત્યારે મને પાછલા ભવના વૈરસંબંધને કારણે પતિના આંતરડાં ખાવાનો દોહદ થયેલો. અભયકુમારે કૃત્રિમ આંતરડાં લાવીને એ દોહદ પૂરો કરેલો. તારો જન્મ થયો. પણ મને આવો દુષ્ટ દોહદ થવા બદલ તારા તરફ તિરસ્કાર પેદા થતાં મેં તને ઉકરડે નંખાવ્યો. ત્યાં તારી એક આંગળી કૂકડાએ કરડી ખાધી. તારા પિતાને જાણ થતાં જ ઉકરડેથી તને ઘેર પાછો લઈ આવવામાં આવ્યો. કૂકડાએ કરડી ખાધેલી આંગળી કોહી જવાથી ત્યાં પરુ ઝરતું હતું. એની પીડાને લઈને તું ખૂબ રડતો હતો. તારા પિતાએ તારી પરુ ઝરતી આંગળી મોઢામાં લઈને ચૂસી લીધી અને એ રીતે તને રડતો અટકાવ્યો હતો.'

આ વૃત્તાંત માતાના મુખે સાંભળીને કોણિકનું હૃદય પીગળ્યું. કાષ્ઠપિંજરનું બંધ દ્વાર ખોલી નાખવા અને પિતાને મુક્ત કરવા એ ફરસી લઈને દોડ્યો. પિતાએ પુત્રને ફરસી સાથે દોડી આવતો જોઈને વિચાર્યું કે નક્કી, મારો પુત્ર મારી હત્યા કરવા ધસી આવે છે. એટલે શ્રેણિક રાજાએ આંગળીની વીંટીમાં છુપાવેલું તાલપુટ વિષ ખાઈ લઈને આત્મહત્યા કરી લીધી. જે ભવિતવ્ય હતું તે થઈને જ રહ્યું.

(૬)

મિત્ર મિત્રનો અનર્થ કરે

ચાણક્ય નામના બ્રાહ્મણે પર્વતક નામે રાજાને પોતાનો મિત્ર બનાવ્યો. પછી મિત્રના સહયોગમાં સેના લઈને પાટલિપુત્રના નંદ રાજાને હરાવીને રાજ્ય પડાવી લીધું. યુદ્ધ જીતવામાં અને નંદ રાજાને હરાવવામાં પર્વતક રાજાએ ચાણક્યને સહાય કરી હોઈ પાટલિપુત્રના અડધા રાજ્યનો તે લેણદાર બન્યો. ચાણક્યને આ ગમતી વાત નહોતી. એટલે ચાણક્યે એક યુક્તિ કરી. નંદરાજાની એક પુત્રી વિષકન્યાના લક્ષણો ધરાવે છે એ જાણી લઈને ચાણક્યે એ કન્યાને પર્વતક સાથે પરણાવી. અને એ વિષકન્યા દ્વારા મિત્ર ઉપર જ વિષયોપચાર કરાવ્યો. પરિણામે પર્વતક રાજા આ વિષપ્રયોગથી મૃત્યુ પામ્યો. ત્યારપછી ચાણક્યે પાટલિપુત્રનું સઘળું રાજ્ય પોતાને અંકે કરી લીધું.

(૭)

સ્વજન સ્વજનનો અનર્થ કરે

ગજપુર નગરમાં અનંતવીર્ય નામે ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો. એ રાજાની જે રાણી હતી એની બહેન રેણુકા બ્રાહ્મણકુળના જમદગ્નિ તાપસને પરણી. એક વાર આ રેણુકા પોતાની બહેનને મળવા ગજપુર આવી. ત્યાં પોતાના બનેવી અનંતવીર્ય સાથે દેહસંબંધ બાંધી બેઠી. એનાથી રેણુકાને એક પુત્ર જન્મ્યો. જમદગ્નિ ઋષિ પત્ની રેણુકાને પાછી લઈ આવ્યા. જમદગ્નિના પ્રથમ પુત્ર રામને વિદ્યાધર દ્વારા

પરશુવિદ્યા પ્રાપ્ત થઈ હતી. એને કારણે રામ પરશુરામ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તેણે પોતાની કલંકિની માતા રેણુકા અને અનંતવીર્યથી જન્મેલા પુત્રની પરશુથી હત્યા કરી.

એ પછી તો 'વેરનો બદલો વેર' એ સિલસિલો અટક્યો જ નહીં. અનંતવીર્ય રાજાએ જમદગ્નિના આશ્રમને નષ્ટ કર્યો. એટલે પરશુરામે અનંતવીર્યનો શિરચ્છેદ કર્યો. અનંતવીર્યનો પુત્ર કાર્તવીર્ય હવે ગજપુરની ગાદીએ બેઠો. અને પિતાની હત્યાનો બદલો લેવા એણે પરશુરામના પિતા જમદગ્નિ ઋષિની હત્યા કરી. એટલે પરશુરામે કાર્તવીર્યની હત્યા કરીને ગજપુરનું રાજ્ય પડાવી લીધું.

મરાયેલા કાર્તવીર્યની સગર્ભા પત્ની તારાએ એક તાપસની ઝૂંપડીમાં પુત્ર પ્રસવ્યો. એનું સુભૂમ નામ પાડ્યું.

પરશુરામે સાત વાર પૃથ્વી નક્ષત્રી કરી. પછી એણે જ્યોતિષીને પૂછ્યું કે પોતાનું મરણ કોને હાથે થશે? જ્યોતિષીએ કહ્યું કે 'ક્ષત્રીની દાઢ ભરીને થાળ મૂકજે. જેના આવવાથી થાળમાં ખીર થઈ જાય અને જે જમે તેને હાથે તારું મૃત્યુ થશે.'

જ્યોતિષીના કહ્યા પ્રમાણે પરશુરામે થાળ મુકાવ્યો. દરમિયાન કાર્તવીર્યના હવે મોટા થયેલા અને તાપસની ઝૂંપડીમાં ઊછરેલા પુત્ર સુભૂમે માતા પાસેથી સઘળો વૃત્તાંત જાણીને તે ગજપુર ગયો. ત્યાં દાઢ ભરેલો થાળ હતો તેની ખીર થઈ. સિંહાસને બેસી તે ખીર ખાવા લાગ્યો. પરશુરામ સેના સાથે આવ્યો. સુભૂમના વિદ્યાબળે પેલો થાળ ચક્રરત્નમાં ફેરવાયો અને એ ચક્રરત્નથી પરશુરામનું મસ્તક છેદાઈ ગયું. આમ સુભૂમે એકવીસવાર પૃથ્વી નિઃબ્રાહ્મણી કરી.

x x x

આવી છે આ સગાં દ્વારા જ સગાં પ્રત્યે થતા અનર્થોની પરંપરા. આ કથાસપ્તકનો પ્રતિબોધ એ છે કે આવા કલુષિતતાઓ અને વિષમતાઓથી ખરડાયેલા આ સંસાર પ્રત્યેના રાગ-આસક્તિથી જ મુક્ત થવું. ✷✷✷

શ્રદ્ધા ડગે, સંશય વધે

વત્સાભૂમિમાં આચાર્ય આષાઢભૂતિ અનેક શિષ્યો ધરાવતા હતા. સમુદાયના કોઈ પણ સાધુના અંતસમયે તેઓ કહેતા કે 'તમારે દેવલોકમાં જઈને દેવ બન્યા પછી મને દર્શન દેવું.' પણ પછી કોઈ પણ સાધુ સ્વર્ગે ગયા પછી આચાર્યને દર્શન દેવા ન આવે. તે ઉપરથી આચાર્યને પરલોક વિશે મનમાં શંકા થવા માંડી.

એક સમયે આચાર્યનો એક શિષ્ય મરણશય્યાએ હતો. ત્યારે એને પણ આચાર્યે એ જ પ્રમાણે કહ્યું કે 'તારે સ્વર્ગે જઈ દેવ થયા પછી મને દર્શન દેવું. પ્રમાદ ન કરવો.' શિષ્યએ ગુરુની વાત કબૂલી. મરીને તે દેવ પણ થયો. પણ દિવ્યલોકનાં નાટ્યાદિ જોવામાં વ્યસ્ત રહેતાં તે ગુરુને દર્શન દેવા ન આવ્યો. ગુરુજીને થયું કે પરલોક જેવું કાંઈ છે જ નહીં. તેથી જ કોઈ પાછું આવતું નથી. જો પરલોક હોય તો મારો શિષ્ય પ્રતિજ્ઞા લઈને ગયો છે તે મને દર્શન કેમ ન આપે? મે વ્રત પાળ્યાં, તપ કર્યાં, કષ્ટ વેઠ્યાં, શું એ તમામ વ્યર્થ?-આમ આ બધા સંશયો વચ્ચે તેઓ મિથ્યાત્વી બની ગયા. ગચ્છ (સમુદાય)નો ત્યાગ કરી એકલવાસી મહાત્મા બની ગયા.

કેટલોક સમય પસાર થયા પછી દિવ્યલોકમાં ગયેલા પેલા શિષ્યને ગુરુનું સ્મરણ થતાં દર્શન દેવા અહીં આવ્યો. પણ એણે ગુરુને મિથ્યાત્વી બની ગયેલા દીઠા. એટલે એણે ગુરુને પ્રતિબોધ પમાડવા માટે કોઈ ગામની સીમમાં નાટ્યપ્રયોગ આદર્યા. ગુરુ છ મહિના સુધી આ નાટકાદિ જોતા રહ્યા. તેમાં એમને ભૂખતરસનું પણ ભાન ન રહ્યું. જ્યારે શિષ્યે નાટ્યપ્રયોગો બંધ કર્યા ત્યારે તેઓ આગળ ચાલ્યા.

હવે તે શિષ્યે ગુરુના સંયમની પરીક્ષા કરવા માટે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ (હલનચલન કરી શકનાર) કાયા ધરાવતા છ કુમારો ઉત્પન્ન કર્યા જે સર્વ અલંકારોથી વિભૂષિત હતા.

પહેલો પૃથ્વીકાયિક કુમાર આચાર્યની નજરે પડ્યો. એટલે એમણે કુમારને કહ્યું, 'તારાં આ આભૂષણો મને આપી દે.' કુમારે ન આપ્યાં એટલે સૂરિએ તેને ગળેથી પકડ્યો. એટલે ભયભીત બની કુમાર બોલ્યો, 'હું પૃથ્વીકાયિક કુમાર છું. આ અટવીમાં હું તમારે શરણે, તમારા આશ્રયે છું. તો આમ કરવું તમને યોગ્ય નથી. હું એક કથા કહું તે તમે સાંભળો.'

પછી કુમારે કથા માંડી –

એક કુંભાર ખાણમાં માટી ખોદતો હતો. ભેખડ ધસી પડતાં માટી નીચે દબાયો. કુંભારે વિચાર્યું, 'જેણે મને જન્મથી પોષ્યો, જેને લઈને મારો ગુજારો થયો એ માટી જ મને દાટી રહી છે? જેને શરણે હતો એનો જ ભય?'

કથા કહીને કુમાર કહે, 'આ રીતે હું તમારો શરણાગત અને તમે જ મારો પરાભવ કરો

[આ કથાનો આધારસ્રોત છે શ્રી સુધર્માસ્વામી પ્રણીત આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિ વિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત, ટીકાગ્રંથની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૭૪૫. સૂત્રના બીજા 'પરિષહ' અધ્યયન ટીકામાં આ કથા મળે છે. પંન્યાસ મહાબોધિવિજયજી કૃત 'દુઃખથી ડરે તે બીજા' પુસ્તકમાં પણ આ કથા મળે છે. પુસ્તક: 'શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્' (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ સહિત), પ્રકા. પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.]

છો.' પણ આચાર્યે કુમારની વાત કાને ધરી નહિ. એમણે કુમારના સઘળાં આભરણ લઈ લીધાં અને પોતાના પાત્રામાં નાખી દીધાં.

આગળ ચાલતાં અપ્કાયિક (જળતત્ત્વની કાયાવાળો) કુમાર મળ્યો. આચાર્યે એની પાસે પણ અગાઉની જેમ જ આભૂષણોની માગણી કરી. એટલે એ કુમારે કથા કહી સંભળાવી–

એક પાટલ નામનો જળચર જીવ ગંગાના પ્રવાહમાં પેઠો. પણ તણાવા લાગ્યો. એટલે એણે વિચાર્યું 'જે જળથી બધાં બીજ ઊગે છે ને બધાં પ્રાણીઓ જેનાથી જીવે છે તે જળની મધ્યમાં જ તણાવાને કારણે મારું મોત થશે. જેનું શરણું લીધું એનાથી જ ભય પેદા થયો.'

કુમારે કહેલી કથાની સૂરિ ઉપર કાંઈ જ અસર થઈ નહીં. એનાં બધા અલંકારો ઉતારી પાત્રામાં નાખી આગળ ચાલતા થયા.

પછી આગળ ચાલતાં અગ્નિકાયિક કુમાર મળ્યો. એની પાસે પણ આચાર્યની એ જ માગણી. એટલે એ કુમારે આચાર્યનું શરણું મેળવવા કથા માંડી–

એક તપસ્વીની ઝૂંપડી અગ્નિથી બળી ગઈ. ત્યારે એ તપસ્વીએ વિચાર્યું, 'જે અગ્નિને મેં રાત્રે ને દિવસે ઘી વગેરે વડે તૃપ્ત કર્યો, તે જ અગ્નિએ મારું ઝૂંપડું બાળી નાખ્યું. જેનું શરણ એનો જ ભય.' પછી બીજું દૃષ્ટાંત આપતાં કુમારે કહ્યું, 'એક પથિકે વાઘના ભયથી બચવા અગ્નિનો ભડકો કર્યો પણ એની જ્વાળાઓથી જ એ દાઝી ગયો.

આચાર્ય ઉપર કથાની કાંઈ જ અસર ન થઈ. એના પણ અલંકારો પડાવી, પાત્રામાં નાખી આગળ ચાલતા થયા.

આગળ જતાં વાયુકુમાર મળ્યો. એને પણ સૂરિજીએ ભયભીત કર્યો. ત્યારે વાયુકુમારે કથા માંડી–

કોઈ એક હૃષ્ટપુષ્ટ દેહવાળો માણસ જતો હતો ત્યારે વાયુના પ્રકોપથી એનું શરીર ભગ્ન થયું. હાથમાં લાકડીનો ટેકો લઈ એ આગળ ચાલવા માંડ્યો. કોઈકે એને પૂછ્યું, 'તું આમ કેમ થઈ ગયો?' ત્યારે એ બોલ્યો, 'આષાઢમાં જે વાયુ સુખકર હોય તેણે જ મારું શરીર ભાંગી નાખ્યું. જેનું શરણ એનો જ ભય.'

કથા પૂરી થતાં, આચાર્યએ એની ડોક મરડી, ઘરેણાં કાઢી લીધાં, પાત્રામાં નાખી આગળ ચાલ્યા.

આગળ જતાં વનસ્પતિકાયિક કુમાર મળ્યો. એને પણ આચાર્યે ભયભીત કર્યો. આચાર્યનું શરણું ઈચ્છતા કુમારે કથા કહી–

એક વૃક્ષમાં કેટલાંક પક્ષીઓ રહે. એમાં કેટલાંકને તો બચ્ચાં જન્મ્યાં હતાં. એ વૃક્ષના મૂળમાંથી એક વેલ પાંગરીને વૃક્ષને ચારે બાજુથી વીંટળાતી છેક ઝાડની ઉપલી ટોચે પહોંચી. તે સમયે એક સાપ પેલી વેલ પર ચઢીને પક્ષીઓના માળામાં રહેલાં બચ્ચાંઓનું ભક્ષણ કરી ગયો. ત્યારે એનાં માવતર બોલ્યાં, 'એક સમયે આ વૃક્ષ અમારું શરણું હતું. ત્યાં જ ઉપદ્રવ સર્જાયો.'

કુમારે કથા પૂરી કરી. આચાર્ય જરાય પીગળ્યા નહિ. કુમારનાં ઘરેણાં ઉતારી આગળ ચાલતા થયા.

આગળ જતાં ત્રસકાયિક કુમાર મળ્યો. અલંકારો પડાવવા એને પણ આચાર્યે ભય દેખાડ્યો એટલે રક્ષણ ઈચ્છતા કુમારે કથા માંડી–

એક નગર પર પડોશી પ્રદેશનો રાજા ચડી આવ્યો. આ આક્રમણથી ડરી જઈને જે હલકી વર્ણના લોકો નગર બહાર રહેતા હતા તે સંરક્ષણ અર્થે નગરની અંદર પ્રવેશવા લાગ્યા. ત્યારે એ નગરવાસીઓએ જ અનાજ-પાણી ખૂટી જવાના ભયથી એમને આશ્રય આપવાને બદલે નગર બહાર હાંકી કાઢ્યા. આ જોઈને કેટલાક તટસ્થ જનોને થયું કે 'આ તો શરણસ્થાનમાં જ ભય પેદા થયો.'

આ કથાની આચાર્ય ઉપર કાંઈ અસર ન થઈ. એટલે કુમારે બીજી કથા માંડી–

એક નગરમાં રાજા સ્વયં ચોર હતો. અને રાજ્યનો પુરોહિત તરકટી અને ફંદાબાજ હતો. તે બન્નેના અન્યાય અને ભ્રષ્ટાચારથી તંગ આવી ગયેલા લોકો કહેતા કે 'જ્યાં રાજા સ્વયં ચોર ભ્રષ્ટાચારી હોય, પુરોહિત તરકટી હોય ત્યાં નાગરિકો કોનું શરણું શોધે? વાડ જ ચીભડાં ગળે એના જેવું આ થયું.'

આ કથાની પણ આચાર્ય ઉપર કાંઈ જ અસર ન થઈ. એટલે કુમારે ત્રીજી કથા માંડી–

એક ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે દુરાચારી હતો. પોતાની સ્વરૂપવાન પુત્રી પ્રત્યે પણ એ કામુક દૃષ્ટિ ધરાવતો હતો. આમ થવાથી તે મનમાં ને મનમાં શોષાતો હતો. એટલે પત્નીએ એક દિવસ પતિની મૂંઝવણ અંગે પૂછતાછ કરી. પ્રત્યુત્તરમાં પતિએ પોતાના મનમાં જે ગડમથલ ચાલતી હતી તે કહી સંભળાવી. પત્નીએ પતિને હૈયાધારણ આપતાં કહ્યું, 'તમારા મનમાં જે ઈચ્છા જાગી છે તે પૂરી કરવામાં હું તમને સહાય કરીશ.'

પછી એક દિવસ લાગ જોઈને માતાએ પુત્રીને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'હે દીકરી, તું હવે પરણવાને યોગ્ય થઈ છે. આપણા કુળની એ પરંપરા છે કે લગ્ન પૂર્વે પુત્રીને પહેલાં યક્ષ ભોગવે છે. પછી કન્યા વરને અપાય છે. તે અનુસાર કૃષ્ણપક્ષની ચૌદશની રાત્રિએ તારા શયનખંડમાં યક્ષ આવશે. એને તું અપમાનિત કરતી નહીં. અને દીવો પણ પેટાવીશ નહીં.'

આમ પતિની કામુક વૃત્તિના સંતોષ અર્થે ખુદ પત્નીએ જ એક તરકટ રચી આપ્યું. નિર્ધારિત રાત્રિએ પિતા પુત્રીના શયનખંડમાં પ્રવેશ્યો. પુત્રીએ દીવો પેટાવ્યો હતો પણ આવરણથી એને ઢાંકેલો રાખ્યો હતો. એટલે કશું સ્પષ્ટ જોઈ શકાય એમ નહોતું. પિતાએ પુત્રીને ભોગવવાની પોતાની કામેચ્છા પૂરી કરી. પછી કામભોગથી શ્રમિત થયેલો તે ત્યાં જ નિદ્રાધીન થયો.

પુત્રીએ કુતૂહલથી દીવા પરનું ઢાંકણ દૂર કરીને અજવાળામાં જોયું તો યક્ષને સ્થાને એણે પોતાના પિતાને જોયો. માતાએ પોતાની

સાથે કરેલા કપટને એ પામી ગઈ.

સવારે મોડે સુધી બંને જાગ્યાં નહીં એટલે માતા ત્યાં આવી એ બંનેને જગાડવા લાગી, 'સૂર્ય ઊગ્યો, કાગડા બોલ્યા, ભીંતે તડકા ચડ્યા તો પણ સુખિયાં જણ ઊઠતાં નથી. જ્યારે પતિના વિરહમાં દુ:ખી થયેલી સ્ત્રી રાત્રે નિદ્રા જ પામી નથી.'

આ સાંભળીને જાગી ગયેલી પુત્રીએ માતાને વ્યંગમાં સંભળાવ્યું, 'હે મા! તેં જ મને કહેલું કે યક્ષનું અપમાન કરીશ નહીં. હવે અહીં સૂતેલો પુરુષ યક્ષ થયો. એટલે મારો બીજો બાપ તું ખોળી લેજે.'

માતા કહે, 'મેં જેને નવ માસ ઉદરમાં રાખી, જેના મળમૂત્ર ધોયાં, તેણે જ ઘરનો ભર્તા હરી લીધો. જેનું શરણું હતું એનો જ ભય મને થયો.'

આટલી કથા કહી પેલો ત્રસકાયિક કુમાર આચાર્યને કહે છે, 'જેમ આ કથામાં પેલાં માતાપિતાએ પુત્રીનો વિનાશ કર્યો તેમ તમે પણ માબાપ સમાન થઈને વિનાશ કરો છો.' આ કથાની પણ આચાર્ય ઉપર કોઈ અસર ન થઈ ત્યારે કુમારે ચોથી કથા કહેવી શરૂ કરી–

એક ગામમાં એક બ્રાહ્મણે યજ્ઞ અર્થે તળાવ ગળાવ્યું. તળાવની સમીપે વનરાજિ ઉગાડી. યજ્ઞમાં અનેક પશુઓનો વધ કરાવતો. જ્યારે યજ્ઞ કરાવનાર તે પુરૂષનું મૃત્યુ થયું ત્યારે વાસનાબળે તે જ ગામમાં બકરો થઈને અવતર્યો. ચરવા માટે એ બહાર જાય ત્યારે પૂર્વભવના સંસ્કારોને કારણે પોતે કરાવેલા તળાવને તથા વનરાજિને જોયા કરતો.

એક વખત એ બકરાના પૂર્વભવના પુત્રે યજ્ઞનો આરંભ કર્યો. ત્યારે એ પુત્ર આ બકરાને (જે પૂર્વભવમાં એનો પિતા હતો) યજ્ઞબલિ માટે લઈ જવા માંડ્યો ત્યારે તે બકરો મોટે અવાજે બે બેં કરવા માંડ્યો. કોઈ મુનિએ આ દૃશ્ય જોયું. પછી પેલા બકરાને ઉદ્દેશીને કહ્યું, 'તેં જ તળાવ કરાવ્યું, તેં જ યજ્ઞ મંડાવ્યો, તેં જ પશુબલિ અપાવ્યા, હવે હે મૂર્ખ! બેં બેં શું કરે છે?' આ સાંભળીને પૂર્વભવનું સ્મરણ થતાં તે મૌન બની ગયો. યજ્ઞ માંડનાર પુત્રે મુનિને પૂછ્યું, 'આ બકરો બરાડા પાડતો હતો. હવે મૌન કેમ થઈ ગયો?' મુનિ બોલ્યા, આ તારો પૂર્વભવનો પિતા છે.' પછી કથાનું સમાપન કરતાં કુમાર આચાર્યને કહે છે, 'આ રીતે જે બ્રાહ્મણે વિચારેલું કે યજ્ઞ મને શરણરૂપ બનશે એ જ એના બકરાના અવતારમાં વધસ્થંભ રૂપ બન્યો. એ જ રીતે હે મહાત્મા, હું તમારો શરણાગત છું. પણ તમે શરણું બનવાને બદલે અનર્થકારી બની રહ્યા છો.'

આમ છઠ્ઠા ત્રસકાયિક કુમારે કહેલી ચાર ચાર કથાઓની પણ કંઈ અસર આચાર્ય ઉપર થઈ નહીં. એના પણ અલંકારો પાત્રામાં નાખી તેઓ આગળ ચાલ્યા.

ત્યારે દિવ્યલોકમાંથી આવેલા પેલા શિષ્ય-દેવે ગુરુની પુનઃ પરીક્ષા કરવા એક સાધ્વીસ્વરૂપા સ્ત્રીને અલંકાર વિભૂષિત થયેલી દર્શાવી. તેને જોઈને સૂરિ બોલ્યા, 'અમારા માર્ગમાં વિઘ્નકારી એવી હે સ્ત્રી! તું દૂર ચાલી જા. અહીં તારું મુખ બતાવીશ નહીં.' ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું, 'આપ રાઈ અને સરસવ જેવડાં નાનાં પારકાં છિદ્રો જુઓ છો પણ આપના મોટાં બિલાં જેવડાં છિદ્રો જોઈ શકતા નથી.' આમ સાધ્વી-સ્ત્રીએ આપેલા ઠપકાને પણ સૂરિ ન સમજ્યા. અને આગળ ચાલ્યા.

સામેથી તે પ્રદેશના રાજા એમના સૈન્ય સાથે આવી રહ્યા હતા. રાજાએ આ મહાત્માને જોતાં વંદન કર્યાં. પછી કહ્યું, 'હે મહાત્મા! તમારું પાત્ર ધરો. હું આપને ઉત્તમ મોદક વહોરાવું.' પણ પાત્રમાં તો અલંકારો ભરેલા હતા તે દેખાઈ ન જાય તે ભયથી મહાત્માએ કહ્યું, 'આજે મારે આહાર કરવાનો નથી.' પણ રાજાએ આગ્રહ કરીને ઝોળીમાંથી પાત્ર ખેંચ્યું તો તેમાં આભૂષણો જોયાં. એ જોતાં વેંત રાજા ચોંકીને બોલી ઊઠ્યા, 'તો પછી શું તમે જ મારા છયે પુત્રોને મારીને આ આભૂષણો લઈ લીધાં છે?' રાજાનાં આવાં વચનો સાંભળીને સૂરિ ભયભીત બન્યા અને કાંઈ જ બોલી ન શક્યા.

પછી તે જ સમયે પોતે પાથરેલી આ બધી માયાજાળ સંકેલીને દિવ્યલોકમાંથી આવેલો શિષ્યદેવ પ્રગટ થયો. એણે પોતાનું સમગ્ર વૃત્તાંત કહી સંભળાવ્યું અને ગુરુને પ્રતિબોધ કર્યો કે, 'હે પ્રભો! જેમ આપને નાટક જોતાં ભૂખ-તરસની ખબર ન રહી તેમ દેવ પણ દિવ્ય નાટકો જોતાં કોઈ પણ સંભારતા નથી અને આ મનુષ્યલોકમાં આવવાનો ઉત્સાહ પણ રાખતા નથી.'

ગુરુ પ્રતિબોધિત થયા. સત્ય દર્શન પ્રત્યેની એમની શ્રદ્ધા ડગી જવાથી, મનમાં સંશયો જાગવાથી તેઓ મિથ્યાત્વી બની ગયા હતા. તે સંશય નિર્મૂળ થતાં સત્ય દર્શન પ્રત્યેની, સિદ્ધાંત-શ્રુત પ્રત્યેની એમની શ્રદ્ધા સ્થિર થઈ. જ્યારે શ્રદ્ધાથી વિચલિત થયા હતા ત્યારે વિવિધ કાયા ધરાવતા છ કુમારોએ કહેલી કથાઓની માર્મિકતા પણ એમને સમજાઈ નહોતી. એટલે કોઈ પણ જીવે સત્ય દર્શનથી-સાચી શ્રદ્ધાથી વિચલિત થવું નહીં.

✷ ✷ ✷

- *ધર્મને સાંભળીને મનુષ્ય કલ્યાણકારી શું છે તે જાણે છે. વળી તે ધર્મને સાંભળીને પાપ શું છે તે જાણે છે. આમ ધર્મશ્રવણ દ્વારા તે બંનેને જાણીને જે શ્રેય હોય છે તેનું તેણે આચરણ કરવું.*
- *આ સંસારમાં જીવને માટે ચાર પરમ વસ્તુઓ અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યજન્મ, (૨) શ્રુતિ એટલે શાસ્ત્રશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમપાલન માટે વીર્ય એટલે આત્મબળ.*

દગલબાજ દોટું નમે (ચાર પાખંડીની કથા)

વારાણસી નગરીમાં કમઠ નામે એક શેઠ રહેતા હતા. એમને પદ્મિની નામે એક પુત્રી હતી. એ હતી તો મિષ્ટભાષી, પણ કપટની ખાણ સમી. માતાપિતાને પોતાની આ દીકરી પ્રત્યે એટલી બધી આસક્તિ કે તેઓ એને હંમેશને માટે પોતાની પાસે જ રાખવા ઇચ્છતાં હતાં. આ કારણે પદ્મિનીનું સગપણ એમણે ચંદ્ર નામના એક એવા ગરીબ વણિક યુવાન સાથે કર્યું જે ઘરજમાઈ તરીકે રહેવા કબૂલ થયો હતો. લગ્ન પછી એ યુવાન કમઠ શેઠને ત્યાં જ રહેવા લાગ્યો અને શેઠની સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી બન્યો. વળી પત્નીની પોતાના પ્રત્યેની (કપટ) ભક્તિથી પણ તે ઘણો ખુશ હતો.

સમય જતાં કમઠ શેઠ મૃત્યુ પામ્યો. બેત્રણ માસના અંતરે પદ્મિનીનાં માતા પણ ગુજરી ગયાં. પુત્રીએ દુ:ખી થયાનો રડારોળ કરીને દેખાવ તો કર્યો, પણ અંદરખાનેથી પોતે નિરંકુશ બની છે તે માટે ઘણી ખુશ હતી. પદ્મિની દુરાચારી હતી. અન્ય પુરુષો સાથે સંબંધ રાખતી છતાં દેખાવ શીલવતીનો કરતી.

જતે દિવસે પદ્મિનીએ એક પુત્રને જન્મ આપ્યો. પણ એ પુત્રને સ્તનપાન કરાવવાનો ઈન્કાર કર્યો. કારણ? કારણ એ કે પોતે ભલે એની જન્મદાત્રી પણ બાળક પુરુષ છે એટલે એના અંગસ્પર્શથી તેનું સતીત્વ દૂષિત બને. એના પતિ ચંદ્રને આ વાતનું આશ્ચર્ય થયું. કોઈ સતી વિશે એણે એવું સાંભળ્યું નહોતું કે જેણે પોતાના પુત્રને સ્તનપાન કરાવી ચારિત્ર દૂષિત થયાનું માન્યું હોય. ચંદ્ર પોતાની પત્નીને સતી જ નહીં, ઉચ્ચ કોટિની સતી માનવા લાગ્યો. પત્નીના સૂચન અનુસાર પતિએ પુત્રના ઉછેર માટે ધાવમાતા રોકી લીધી. બાળક ધાવમાતા પાસે રહે અને ચંદ્ર દુકાને જાય, તે દરમિયાન પદ્મિનીનો નિરંકુશ વ્યવહાર ચાલતો રહ્યો.

ચંદ્ર શેઠે દુકાનના આગલા ભાગમાં ઘાસનું છાપરું બનાવડાવ્યું હતું, જેથી ત્યાંથી પસાર થનાર વટેમાર્ગુ આરામ કરી શકે. એક દિવસ દુકાને એક બ્રાહ્મણ આવ્યો. તે કહે કે 'શેઠ! તમારા છાપરાનો એક ટુકડો મારા માથા પર પડ્યો છે તે તમને પરત આપવા આવ્યો છું.' ચંદ્રે જોયું તો તે છાપરાના ઘાસની કેવળ સળી જ હતી. ચંદ્રે પેલા બ્રાહ્મણને કહ્યું, 'અરે, આમાં પાછું શું આપવાનું! સળીને ફેંકી દેવી હતી.' બ્રાહ્મણ કહે, 'હું મફતમાં કોઈનું કાંઈ જ લેતો નથી. સળી પણ નહીં. લઉં તો મારો નિયમ ભાંગે. પછી જાણે પોતાને હાથે પાપ થઈ ગયું હોય એમ બ્રાહ્મણે કટારી કાઢી ને પોતાની ગરદન પર મૂકી. ચંદ્ર શેઠ નવાઈ પામી ગયો. અકસ્માતે માથા ઉપર પડેલા ઘાસના તણખલાનું આટલું મોટું પ્રાયશ્ચિત્ત?' પછી ખૂબ સમજાવ્યો ત્યારે બ્રાહ્મણે ગરદન પરથી કટારી હઠાવી. વાતવાતમાં ચંદ્રે એ પણ જાણી લીધું કે આ બ્રાહ્મણ બ્રહ્મચારી હતો.

ચંદ્ર શેઠને આ માણસની પવિત્રતા પ્રત્યે ખૂબ માન થયું. એના પ્રત્યેના અહોભાવથી એ બ્રાહ્મણને પોતાના ઘરમાં રાખવા વિચાર્યું. ચંદ્રે વિનંતી કરી, 'તમે મારે ઘેર રહો. તમારા આગમને મારું ઘર પવિત્ર થઈ જશે.'

બ્રાહ્મણ કહે, 'હું તો બ્રહ્મચારી. અમને તો અરણ્ય જ ઠીક રહે. ઘરમાં તો ગૃહિણીનો વાસ હોય. અમારે માટે સ્ત્રી તો વિષ સમાન.'

ચંદ્ર શેઠ કહે, 'ઝેરનો પ્રયોગ કરાય ત્યારે જ તેનો દુષ્પ્રભાવ બતાવે. પરંતુ મારી સ્ત્રી તો પરમ સતી છે. એટલે તમારી સાધનામાં કોઈ વિઘ્ન નહીં આવે.' શેઠના આગ્રહથી બ્રાહ્મણ એમને ઘેર રહેવા આવ્યો.

ઘરમાં બ્રાહ્મણ આવતાં પદ્મિનીને તો 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' એના જેવું થયું.' એને તો દુરાચરણની એક વધુ સગવડ થઈ. વળી, હકીકતે તો પેલો આગંતુક પણ મહાપાખંડી જ હતો. એટલે એની અને પદ્મિની વચ્ચે ગાઢ સંબંધ બંધાયો.

એક વાર ચંદ્ર વેપાર અર્થે કુસુમપુર નામે અન્ય ગામે ગયો. ત્યાં પહોંચીને નગર બહાર બગીચામાં આરામ કરવા બેઠો. ત્યાં તેણે એક પક્ષી જોયું. તે લાકડાની જેમ સ્થિર થઈને એક સ્થાને ખડું રહેતું. લોકો એને તપસ્વી માનીને પૂજતા. પણ જેવું એકાતંમળે એટલે અન્ય પક્ષીઓના માળામાં જઈને તે પક્ષીઓએ મૂકેલાં ઈંડાં ખાઈ જતું. ચંદ્રને આ જોઈને કુતૂહલ થયું.

એટલામાં કેટલીક કિશોરીઓ બગીચામાં આવી તેમાં એક રાજકુમારી પણ હતી. તેણે બગીચાના એક ખૂણે એક તાપસને ધ્યાનસ્થ મુદ્રામાં ઊભેલો જોયો. એટલે એ રાજકુમારી સખીઓથી અળગી થઈને પેલા તાપસને વંદન કરવા ગઈ. જેવી રાજકુમારી વંદન કરવા ઝૂકી કે પેલા તાપસે તેની ડોક મરડી નાખી. રાજકુમારી નિર્જીવ બની ગઈ. તાપસે ઝડપથી એના દેહ પરના અલંકારો ઉતારી એક ખાડામાં દાટી દીધા ને ત્યાંથી થોડેક દૂર જઈ પુનઃ ધ્યાનસ્થ મુદ્રામાં ઊભો રહી ગયો. ચંદ્રે આ ઘટના નજરે જોઈ ને ચોંકી ઊઠ્યો.

રાજકુમારી ગુમ થયેલી જાણી રાજાએ એની શોધ આદરી. શોધી આપનારને એક હજાર સોનામહોરનું ઈનામ આપવાની ઘોષણા કરી. રાજસેવકો શોધ કરતા કરતા ચંદ્ર પાસે આવ્યા.

[આ કથાનો આધારસ્રોત છે મલધારી હેમચંદ્રસૂરિકૃત 'ભવભાવના વૃત્તિ' (સંસ્કૃત, રચનાવર્ષ?). 'જૈનકથારત્નદોશ ભા-૬માં આ કથા સમાવિષ્ટ છે.

પુસ્તક : 'મધ્યકાલીન ગુજરાતી કથાકોશ' ખંડ-૨, સંપા. શ્રી હરિવલ્લભ ભાયાણી, પ્રકા. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ઈ. સ. ૨૦૦૦].

ચંદ્રે નજરે જોયેલી આખી ઘટના કહી બતાવી. રાજપુત્રીનો મૃતદેહ મળી આવ્યો. અપરાધી તાપસને રાજા સમક્ષ રજૂ કરવામાં આવ્યો. એને મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવી.

નજરે જોયેલી ઘટનાથી ચંદ્ર હચમચી ગયો. જગત સમક્ષ તપસ્વી તરીકેનો દેખાવ કરનાર માનવીનો આવો દંભ! આવું પાખંડ!

ધીમે ધીમે પાછલી ઘટનાઓ પરત્વે એનું મન ચગડોળે ચડ્યું. પેલું પક્ષી જેની લોકો પૂજા કરતા તે છાનેમાને અન્ય પંખીઓનાં ઈંડાનો ભક્ષ કરી લેતું. ચંદ્રની વિચારધારા આગળ ચાલી. તો પછી...પોતાને ઘેર રહેલો પેલો બ્રાહ્મણ આશ્ચર્ય પમાડે એ હદે એના નિયમોની, આદર્શોની, બ્રહ્મચર્યની વાતો કરે છે...અને...પોતાની પત્ની જેની તે જન્મદાત્રી છે એવા પુત્રને સ્તનપાન કરાવવામાં સતીત્વને દૂષિત થતું ગણાવે છે–આ બધો એમનો પાખંડ તો નથીને? આમ ચંદ્ર બગીચામાં નજરે જોયેલી ઘટનાની અસર તળે પત્ની અને આગંતુક બ્રાહ્મણના આચાર પરત્વે સંશયમાં પડી ગયો.

તે પરગામેથી વારાણસી પાછો આવ્યો. ઘેર પહોંચ્યો. ગુપ્ત રીતે ઘરમાં જોયું તો પત્ની અને પેલો બ્રાહ્મણ પ્રણયક્રીડા કરી રહ્યાં હતાં.

ચંદ્ર શેઠે મોટેથી એક શ્લોક ઉચ્ચાર્યો. એનો સાર આ પ્રમાણે હતો–

'મેં મારી આંખે ચાર આશ્ચર્યો જોયાં. ૧. પોતાના બાળકનો પણ સ્પર્શ ન પામતી સ્ત્રી, ૨. ઘાસનાં તણખલા માટે આત્મહત્યા કરવા તત્પર બ્રાહ્મણ, ૩. લાકડા જેમ નિશ્ચેષ્ટ રહેતું પંખી, ૪. સુવર્ણ માટે હત્યા કરતો ધ્યાનસ્થ તપસ્વી. આવાં આશ્ચર્યો જોઈ કોણ પોતાનું મન શાંત રાખી શકે?'

પત્ની આ શ્લોકોદ્‌ગારનું રહસ્ય પામી ગઈ. એને થયું કે પતિ બધી વાત જાણી ગયો લાગે છે. ત્યારે એ કપટી સ્ત્રીએ તરત ઊભી થઈ પેલા બ્રાહ્મણને ઘરની બહાર કાઢી મૂક્યો; જાણે પોતે તો નિર્દોષ છે તે બતાવવા માટે.

ચંદ્ર શેઠ સંસારની ઘટનાઓથી વિરક્ત બન્યો. એક સાધુ પાસે દીક્ષિત થયો અને સંયમ સ્વીકાર કરીને આયુષ્ય પૂર્ણ કર્યું. જ્યારે પદ્મિનીના દુરાચારને લઈને એની સંપત્તિ નષ્ટ થઈ. એવી જ હીન દશા પેલા બ્રાહ્મણની પણ થઈ. બન્ને રંક અવસ્થામાં અન્યોની સેવાચાકરી કરી પેટ ભરવા લાગ્યાં ✷✷✷

છીંક–સમસ્યા

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. એક દિવસ નગર બહાર આવેલા ગુણશીલ નામક ચૈત્યમાં મહાવીર પ્રભુ પધાર્યા. શ્રેણિક રાજા સૈન્ય સાથે સપરિવાર મહાવીર પ્રભુને વંદન કરવા ગયા. રાજા પ્રભુની સામે બેઠા હતા તે સમયે કોઈ કોઢિયો પણ છેક પ્રભુની પાસે આવીને બેઠો અને પોતાના અંગ પરની કોઢની રસી પ્રભુને પગે ચોપડવા લાગ્યો. શ્રેણિક રાજા આ જોઈને મનમાં ગુસ્સે થયા. એટલામાં મહાવીર પ્રભુને છીંક આવી. ત્યારે તે કોઢિયાએ કહ્યું, 'પરમેશ્વર તમે મરો.' થોડી વારે શ્રેણિક રાજાને છીંક આવી. ત્યારે તે કોઢિયાએ કહ્યું, 'મહારાજા, તમે ચિરકાળ જીવો.' થોડી વારે શ્રેણિક રાજાની નજીકમાં બેઠેલા અભયકુમારને છીંક આવી. એટલે કોઢિયો બોલ્યો 'તમે ભાવથી જીવો પણ અને ભાવથી મરો પણ.' તેટલામાં સભામાં આવેલા કાલસૌરિક કસાઈને છીંક આવી. એટલે કોઢિયો બોલી ઊઠ્યો, 'તું' જીવ પણ નહીં અને મર પણ નહીં.'

ચાર જુદી જુદી છીંક વખતે કોઢિયાના આ ઉદ્‌ગારો સાંભળીને શ્રેણિક રાજા વિમાસણમાં પડી ગયા. આ કોઢિયો કોઈને કહે છે 'મરો' તો કોઈને કહે છે 'જીવો', કોઈને કહે છે 'જીવો અને મરો' તો કોઈને કહે છે 'જીવ નહીં ને મર નહીં.' એમાંયે વળી ખુદ ભગવંતને છીંક આવતાં 'મરો' એમ કહ્યું એથી તો શ્રેણિક રાજા વધુ ક્રોધે ભરાયા. તેમણે

[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે શ્રી ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા'. ગ્રંથની ભાષા પ્રાકૃત છે. રચના પદ્યબદ્ધ છે. કર્તા વીરસંવત ૫૨૦ પછીના ગાળામાં થયાનું ઇતિહાસવિદો માને છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિગણીની સંસ્કૃતમાં રચાયેલી હેયોપાદેયા ટીકા'માં આ કથા મળે છે. ટીકાગ્રંથની રચના વિ. સં. ૯૭૪ની છે. આ સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ'માં પણ આ કથા મળે છે. બાલાવબોધની ભાષા જૂની ગુજરાતી છે અને રચના વર્ષ વિ. સં. ૧૪૮૫ છે.

આ. વિજયલક્ષ્મી-વિરચિત 'ઉપદેશપ્રાસાદ'માં ચોથા વ્યાખ્યાન રૂપે આ કથા ઉપલબ્ધ છે. મૂળ ગ્રંથ સંસ્કૃત ભાષામાં છે અને રચનાવર્ષ વિ. સં. ૧૮૪૩ છે.

આ કથામાં આવતા દર્દુરાંક દેવના બે પૂર્વભવની કથા છઠ્ઠા અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગના' પ્રથમ શ્રુતસ્કંધના ૧૩મા અધ્યયનમાં પ્રાપ્ત થાય છે. ભાષા પ્રાકૃત છે.

પુસ્તક : ૧. 'શ્રી ઉપદેશપ્રાસાદ–ભાષાંતર', અનુ. શ્રી કુંવરજી આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, પુનર્મુદ્રણ: જૈન બૂક ડીપો, અમદાવાદ-૧, ઈ. સ. ૨૦૦૧.

૨. શ્રી સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ', સંપા.–સંશો. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.]

સેવકોને આજ્ઞા કરી કે આ કોઢિયો જેવો સમવસરણ (પ્રભુની પર્ષદા–સભા)ની બહાર નીકળે એને પકડી લેજો. સૂચના મુજબ રાજસેવકો જેવા પેલા કોઢિયાને પકડવા ગયા કે સત્વરે તે આકાશમાર્ગે ઊડીને જતો રહ્યો.

શ્રેણિક રાજાએ કુતૂહલવશ પ્રભુને પૂછ્યું, 'તે કોણ હતો? અને એણે આવી ચેષ્ટા કેમ કરી?' પ્રભુએ કહ્યું, 'તે કુષ્ઠી કોઈ મનુષ્ય નહોતો, પણ દર્દુરાંક દેવ હતો. એણે તો બાવનચંદના વડે મારાં ચરણોની પૂજા કરી છે. પણ તમને દૈવી માયાથી કોઢની રસીની ભ્રાંતિ થઈ છે.

પછી શ્રેણિકે પૂછ્યું, 'તે દેવ કેવી રીતે બન્યો?' તેના પ્રત્યુત્તરમાં મહાવીર પ્રભુએ દર્દુરાંક દેવના બે પૂર્વભવની વાત કરી. દેવ બન્યા અગાઉના ભવમાં તે દેડકો હતો અને દેડકાના પૂર્વભવમાં તે નંદ મણિયાર શ્રેષ્ઠી હતો. નંદ મણિયારના ભવમાં તેણે શ્રાવકનાં વ્રતો સ્વીકાર્યા પછી તે મિથ્યાદૃષ્ટિ બની જવાને કારણે એણે જ બંધાવેલી નંદા પુષ્કરિણી (વાવડી)માં પછીના ભવમાં તે દેડકા તરીકે ઉત્પન્ન થયો.

જ્યારે રાજગૃહી નગરીમાં અહીં અમારું સમવસરણ થયું ત્યારે પનિહારીઓ દ્વારા અમારા આગમનની વાતો સાંભળીને દેડકાને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવનું જ્ઞાન) થયું. તે દેડકાને સમવસરણમાં આવવાનો અને અમને વંદન કરવાનો અભિલાષ જાગ્યો. એટલે તે વાવમાંથી બહાર નીકળી કૂદતો કૂદતો આવતો હતો. તેવામાં તમારી સવારી પણ સમવસરણમાં આવી રહી હતી. એ સવારીમાં ઘોડેસવારો પણ હતા. એ પૈકીના એક ઘોડાના પગ નીચે તે દેડકો કચડાઈ ગયો. મરતાં અગાઉ એણે સર્વ તીર્થંકર ભગવંતોને નમસ્કાર કર્યા, આહારત્યાગ, જીવહિંસાત્યાગ અને સમસ્ત પરિગ્રહત્યાગનો નિયમ ગ્રહણ કર્યો. અને આમ અનશન કરીને મૃત્યુ પામ્યો. મરીને તે દેવલોકમાં દર્દુરાંક દેવ તરીકે ઉત્પન્ન થયો. તે આજે તારી પરીક્ષા કરવા આવ્યો હતો. અહીં આવીને એણે કોઢની રસીને મિષે ચંદન વડે અમારી ભક્તિ કરી.

શ્રેણિક રાજાએ કુષ્ઠી બનીને આવેલા દેવનો પરિચય તો મેળવ્યો પણ ચાર જણાને આવેલી છીંકો વખતે એણે જે જુદા જુદ ઉદ્‌ગારો કાઢ્યા હતા એ સમસ્યાનો ઉકેલ પ્રભુજી પાસેથી જાણવાનો બાકી હતો. આ ઉદ્‌ગારોનો સૂચિતાર્થ શ્રેણિક રાજાએ ભગવાનને પૂછ્યો. મહાવીર પ્રભુ કહે, 'અમને સંસારમાં દેહનું કષ્ટ છે, અને મર્યા પછી તો મોક્ષે જતાં અનંત સુખ છે એટલે અમને 'મરો' એમ કહ્યું. હે શ્રેણિક, તને અહીં જીવતાં સુખ જ સુખ છે, પણ મર્યા પછી તો તું નરકમાં જવાનો, એટલે તને 'ચિરકાળ જીવો' એમ કહ્યું. અભયકુમાર જીવતાં પણ સુખ ભોગવે છે ને મરીને દેવ થનાર છે એટલે એને 'ભાવથી જીવો અને ભાવથી મરો' એમ કહ્યું. કાલસૌરિક કસાઈ જીવતો રહી જીવહિંસાના અસંખ્ય પાપ કરે છે અને મરીને એનું સ્થાન નરકમાં છે એટલે એને 'જીવ પણ નહીં અને મર પણ નહીં' એમ કહ્યું.

આમ દર્દુરાંક દેવના કથન પ્રમાણે કોઈને માટે મરવું રૂડું છે, કોઈને માટે જીવવું રૂડું છે, કોઈને માટે જીવવું-મરવું બન્ને રૂડું છે તો કોઈને માટે જીવવું-મરવું બન્ને ખરાબ છે. જીવો આવા ચાર પ્રકારના છે. મળ્યો ને આ છીંક-સમસ્યાનો ઉકેલ? ✷ ✷ ✷

એક ભાગ્યહીનની આપત્તિઓ : અંતે છુટકારો

[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિરચિત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં. શ્રી મલયગિરિકૃત 'નંદી-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃતમાં) પણ આ કથા મળે છે.

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.–અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા.–પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]

કોઈ એક ગામમાં એક ગરીબ દુર્ભાગી ખેડૂત રહેતો હતો. પહેલાં તો તે ખેતીકામ કરતો અને ઢોરઢાંખર પણ રાખતો. પણ સમય જતાં આર્થિક સંકટને લઈને એણે બધાં ઢોર વેચી નાખ્યાં. પરિણામે ખેતીકામ પણ બંધ થયું અને અંતે કારમી ગરીબીમાં ધકેલાઈ ગયો.

ખેતર ખેડવાના દિવસો નજીક આવતા ગયા. પણ ખેડ કરવા માટે બળદ પણ આ ખેડૂત પાસે હતા નહીં. ત્યારે મનોમન એ વિચારવા લાગ્યો, 'આપત્તિમાં મિત્ર કામમાં આવે. જોકે આ કળિયુગમાં તો મિત્ર પણ દુશ્મન બની જતા હોય છે. પણ બધા જ મિત્રો કાંઈ એકસરખા હોતા નથી. એટલે મિત્રને ત્યાં જાઉં ને જો એનું મન વળી માને તો મને ખેતી કાજે એક-બે દિવસ માટે એના બળદ આપે. જો આ રીતે પણ થોડીઘણી ખેતી થાય તો મારો ગુજારો થઈ જાય, ને આ વર્ષ પૂરતું આર્થિક કઠણાઈમાંથી ઊગરી જવાય.'

આમ વિચારી, મિત્રની મદદ મળવાની હોંશ ધરીને તે મિત્રને ઘેર ગયો. મિત્રને સઘળી વાત કરી. મિત્રને પણ દયા આવી અને એણે એના બળદ આ ખેડૂતને આપ્યા.

ખેતરમાં ખેડ કરવાનું કામ પતાવીને આ ખેડૂત એક સાંજે બળદ પાછા આપવા માટે મિત્રને ત્યાં આવ્યો. એ વખતે મિત્ર ઘરમાં જમવા બેઠો હતો. એટલે ખેડૂતને છેક એની પાસે જઈને વાત કરતાં સંકોચ થયો. તેથી

ઘર પાસે ઢોરનો જ્યાં વાડો હતો ત્યાં બળદને બેસાડ્યા. મિત્રે ભોજન કરતાં જોયું પણ ખરું કે ખેડૂતમિત્ર બળદ વાડામાં પાછા મૂકી ગયો છે. પછી ખેડૂત ત્યાંથી નીકળી ગયો.

હવે બન્યું એવું કે પેલા વાડામાં બેસાડેલા બળદ, ખેડૂતે બળદને પાણી પાયેલું ન હોઈ અને ચારો નીરેલો ન હોઈ, વાડામાંથી ઊભા થઈને છીંડામાંથી બહાર નીકળી ગયા. બળદોનું બહાર નીકળવું અને એજ સમયે સામેથી ચોરનું આવવું. એટલે એ ચોર બળદને લઈ ગયો ને કશેક છુપાવી દીધા.

હવે બળદનો માલિક-મિત્ર જ્યારે જમીને બહાર આવ્યો ત્યારે એણે વાડામાં બળદોને જોયા નહીં એટલે તરત જ તે ખેડૂત-મિત્રને મળીને કહે, 'વાડામાં બળદ છે નહીં. મને મારા બળદ આપી દે.' ખેડૂત કહે, 'હું તો બળદ લઈને આવ્યો જ હતો. અને વાડામાં એમને મૂક્યા હતા.' ખેડૂત માને છે કે મેં બળદ પરત આપી દીધા અને એનો મિત્ર માને છે કે જ્યાં સુધી હાથોહાથ મને બળદ સોંપાયા નથી ત્યાં સુધી પરત આપ્યા ન ગણાય. આમ બંને વચ્ચે કલહ વધી પડ્યો. બંને રાજમંત્રી પાસે આનો ન્યાય કરાવવા રાજદરબારે જવા નીકળ્યા. રસ્તામાં પેલો મિત્ર ખેડૂત સાથે ઝઘડતો રહ્યો, 'હું મારા બળદ શાના જતા કરું? જો તેં મને સાચવીને પાછા આપ્યા હોત તો હું કશો દાવો ન કરત.'

આમ બળદ ગુમ થવાથી ખેડૂતને માથે મોટી આફત આવી પડી. તે ભારે ચિંતામાં મૂકાઈ ગયો. પણ એને બિચારાને ખબર નથી કે હજી આગળ બીજી આફતો પણ એને માથે ત્રાટકવાની છે.

બંને જણા ચાલતા જતા હતા ત્યાં એક તાજી ઘટના બની. એક ઘોડાએ એના અસવારને નીચે પાડી દીધો. ઘોડો દોડવા લાગ્યો. એટલે ઘોડાની પાછળ ધસી આવતો એનો ઘોડેસવાર મોટે સાદે કહેવા લાગ્યો, 'ઘોડાને કોઈ પકડો. એને મારીને પણ કાબૂમાં લો. હું તમારો ઉપકાર માનીશ.'

ઘોડો આ બંને મિત્રોની દિશામાં દોડતો આવતો હતો. એટલે પેલો ખેડૂત ઘોડેસવારની કાકલૂદીથી દ્રવી જઈને ઘોડા સામે ધસી ગયો અને એને કાબૂમાં લેવા એક લાકડું ઉપાડીને ઘોડાના માથે ફટકાર્યું. બન્યું એવું કે લાકડું ઘોડાના મર્મસ્થળે વાગવાથી ઘોડો તત્કાળ મૃત્યુ પામ્યો.

પેલો ઘોડેસવાર ખેડૂતને ઠપકો આપતાં કહેવા લાગ્યો, 'અરે મૂર્ખ, આ તેં શું કર્યું?' ખેડૂત કહે તમે કહ્યું હતું તેમ જ મેં તો કર્યું. હવે એમાં મારો શો દોષ?'

ઘોડેસવાર કહે, 'અરે મેં તો તને ઘોડાને મારી તરફ વાળવાનું કહ્યું હતું. એ માટે જરૂર પડ્યે એને મારવો પડે. પણ કાંઈ એને મારી નાખવાનું નહોતું કહ્યું. હવે બધી વાત રહેવા દે ને મને મારો ઘોડો આપી દે.'

કહેવત છે ને કે 'દાઝ્યા પર ડામ' તે આનું નામ. બળદની તો આફત હતી, એમાં વળી આ ઘોડાની આફત.

ખેડૂત કહે, 'આપણે રાજમંત્રી પાસે જઈએ. એ જે ન્યાય કરે તે સાચો.' ઘોડેસવાર ખેડૂતની વાત સાથે સંમત થયો. આમ હવે રાજદરબારે જતા આ બે મિત્રો સાથે ત્રીજો ઘોડેસવાર પણ જોડાયો.

આ દુનિયામાં જે ભાગ્યહીન–પુણ્યહીન છે તે સવળું કરવા જાય તોયે અવળું પડે. ખેડૂત અત્યારે બરાબર આવી જ સ્થિતિમાં મુકાયો હતો. હજી એની આફતનો અંત ક્યાં હતો?

આ ત્રણે રાજનગરમાં પહોંચ્યા. ત્યારે અંધારું ઊતરી આવ્યું હતું. નગરનું દ્વાર વસાઈ ગયું હતું. એટલે નગરદ્વાર પાસે આવેલી એક ધર્મશાળામાં ત્રણે જણા રાતવાસો રોકાયા. આ ધર્મશાળામાં ઘણા નટ લોકો પણ પરગામેથી આવીને અહીં સૂતેલા હતા.

પેલા અભાગી ખેડૂતને રાત્રે ઊંઘ તો શાની જ આવે! તે મનમાં વિચારવા લાગ્યો, 'કાલે સવારે રાજદરબારમાં ન્યાય-અન્યાયનો નિર્ણય થશે. પણ મારા જેવા ગરીબની વાત કોણ માનશે? સામાવાળા આ બે જણાનો બોલ જ ખરો ગણાશે. બળદના માલિક પાસે ધનનું જોર છે, અને આ ઘોડેસવાર રાજ્યનો સેવક છે. એટલે નક્કી, એમનું જ ધાર્યું થશે. અને મારું કાંઈ ઊપજશે નહીં. મને બંધન કે વધ જેવી મોટી સજા ફટકારશે તો હું કોને કહેવા જઈશ? માટે હવે તો આત્મહત્યા કરીને આ ઝંઝટમાંથી છૂટું.'

આ રીતે મનોમન આત્મહત્યાનો નિશ્ચય કરીને એ ખેડૂત ધર્મશાળાના પ્રાંગણમાં આવેલા એક ઝાડ પર ચઢ્યો. ઝાડની ડાળીએ માથા પરનું ફાળિયું બાંધ્યું. આમ ગળાફાંસો ખાવાની ખેડૂતે પૂરી તૈયારી કરી લીધી. પછી ખેડૂત જેવો ગળાફાંસો ખાવા જાય છે ત્યાં તો ફાળિયાનું વસ્ત્ર જર્જરિત હોવાથી તે વચ્ચેથી તૂટી પડ્યું. હવે આ ઝાડ નીચે પરગામથી આવેલા નટ લોકો સૂતેલા હતા. એમની સાથે એ નટવાઓનો મુખિયો પણ સૂતો હતો. વસ્ત્ર ફાટી જવાથી પેલો ખેડૂત ધબ્બ દઈને બરાબર પેલા સૂતેલા નટોના મુખિયા ઉપર પટકાયો. અને ખેડૂતના ભારથી એ મુખિયો તત્કાળ મૃત્યુ પામ્યો. બધા નટવાઓમાં તો હાહાકાર મચી ગયો.

વિધિની અકળ લીલા જુઓ. જેને મરવું હતું તે જીવી ગયો ને પેલો મુખિયો અણચિંતવ્યા મોતને ભેટ્યો. 'કર્મની ગતિ ન્યારી' તે આનું નામ.

બધા નટોએ ભેગા થઈને ખેડૂતને પકડી લીધો. એને માથે એક વધુ આફતનો ઉમેરો.

સવાર થયું. બધા રાજદરબારે પહોંચ્યા. સૌએ રાજ્યમંત્રી સમક્ષ પોતપોતાની ફરિયાદ કહી સંભળાવી. મંત્રીએ પેલા ખેડૂતને બોલાવ્યો. એની સામે થયેલી ફરિયાદો વિશે આનો જવાબ માગ્યો.

ખેડૂતે કહ્યું, 'અહીં જે કહેવામાં આવ્યું છે અને જે ઘટનાઓ બની છે તે સત્ય છે. પણ એમાં મારો કોઈ દોષ નથી. આ ત્રણેય ઘટનાઓમાં કોઈને જરીકેય નુકસાન પહોંચે એવો મારો કોઈ જ

આશય ન હતો. નિખાલસ રીતે હું મિત્રના લીધેલા બળદ કામ પત્યે પરત આપવા ગયો, તેમને વાડામાં બેસાડ્યા ને માલિક એમને સરખી રીતે બાંધે એ પહેલાં ચોરાઈ ગયા. પરોપકાર ભાવે ઘોડેસવારનો ઘોડો રોકવા ગયો ને લાકડાના ફટકાથી અકસ્માતે તે મરી ગયો. વળી, હું પોતે આત્મહત્યા કરવા ગયો ને વસ્ત્ર ફાટી જવાથી પટકાવાને કારણે નટવાઓનો મુખિયો મૃત્યુ પામ્યો. હું શું કરું? મારું નસીબ જ વાંકું. રૂડું કરવા ગયો ને ભૂંડું થયું.'

ખેડૂતનો આ ખુલાસો સાંભળીને રાજ્યમંત્રી સઘળી વાત પામી ગયો. એને ખાતરી થઈ કે જે ઘટનાઓ બની એ પાછળ ખેડૂતના દિલમાં કશો જ કપટભાવ નહોતો. એટલે રાજ્યમંત્રીના દિલમાં ખેડૂત પ્રત્યે ઊલટાનો દયાનો ભાવ પેદા થયો.

મંત્રીએ સૌ પહેલા બળદના માલિકને બોલાવ્યો. પછી એને કહે, 'જો, આ ખેડૂત તારે ઘેર તારા બળદ લઈને આવ્યો. વાડામાં મૂક્યા. હવે તને પૂછું કે તારી દૃષ્ટિએ એ લવાયેલા બળદ જોયા કે નહિ?' માલિક કહે, 'હા.' મંત્રી ન્યાય તોળતાં કહે, 'તો પછી તારી આંખો આ ખેડૂતને આપ, અને એ તને તારા બળદ આપશે.' પેલો મિત્ર શું બોલે? એ મૌન રહ્યો.

પછી મંત્રીએ ઘોડેસવારને બોલાવ્યો. પછી એને કહે, 'તેં જેમ તારી જીભથી કહ્યું હતું એમ એણે કર્યું એમાં એનો શું વાંક? જે જીભ મારવાનું બોલી હતી એ જીભનો છેદ કરી એને આપ, એ તને તારો ઘોડો આપશે.' પેલો ઘોડેસવાર પણ અનુત્તર રહ્યો.

પછી મંત્રીએ નટોને બોલાવ્યા. મંત્રી કહે, 'આ ગરીબ માણસ તમને આપી શકે તેવું એની પાસે કાંઈ જ નથી. હવે હું કહું તેમ તમે કરો. આ ખેડૂતને તમારા મુખિયાની જેમ જ ઝાડ નીચે સુવાડો. અને એની ઉપર તમારામાંથી કોઈ ગળાફાંસો ખાવ. એના ઉપર જો તમે પડશો તો સાટે સાટું વળી જશે.'

આ સાંભળી નટોને થયું કે આપણી કોઈની પાઘડી પેલા ખેડૂત જેવી જીર્ણ નથી. સાટું વાળવા જતાં ગળાફાંસાથી મરવાનું તો આપણે જ આવે. એટલે તેઓ પણ મૌન બની ગયા.

છેવટે સૌ પોતપોતાને સ્થાને વિદાય થયા.

પેલા ખેડૂતના નસીબમાં જ્યાં સુધી પાછલાં કર્મો ભોગવવાનાં હતાં ત્યાં સુધી એને માથે આફતો ખડકાયે જ ગઈ. પણ જ્યારે પુણ્યોદય થયો ત્યારે રાજ્યમંત્રીના બુદ્ધિચાતુર્યને નિમિત્તે એ આફતોમાંથી એનો છુટકારો થયો.

કેટલીક પ્રાણીકથાઓ

(૧) મોરનાં ઈંડાની કથા

ચંપાનગરીમાં જિનદત્ત અને સાગરદત્ત નામના બે શ્રેષ્ઠીઓ રહેતા હતા. તે બન્નેને એક એક પુત્ર હતો. આ બન્ને સમવયસ્ક હતા. બે વચ્ચે ગાઢ મૈત્રી. સાથે જ સમય પસાર કરે. બધાં કામ સાથે જ કરે, સાથે જ રહે. લગ્ન પણ સાથે જ કર્યાં.

એક દિવસ તે બન્ને મિત્રો ચંપાનગરીના સુભૂમિભાગ નામના ઉદ્યાનની શોભા નીરખવા રથમાં આરૂઢ થઈને નીકળ્યા. ત્યાં પહોંચીને બંનેએ જલક્રીડા કરી. પછી ઉદ્યાનના વિવિધ વૃક્ષાચ્છાદિત મંડપોમાં અને લતામંડપોમાં વિહરવા લાગ્યા. એ ઉદ્યાનના એક ભાગમાં વનમયૂરી આશ્રય કરીને રહેતી હતી. તે આ બન્ને યુવાનોને નજીક આવતા જોઈને ગભરાઈ ગઈ અને મોટેથી અવાજ કરવા લાગી. પછી ભયભીત થયેલી તે વૃક્ષની એક ડાળ ઉપર બેસી ગઈ.

બંને મિત્રોને થયું કે આ વનમયૂરી એકદમ જ ડરી જઈને વૃક્ષ ઉપર ચડી ગઈ છે અને મોટેથી અવાજ કરી રહી છે, તો એનું કોઈ ખાસ કારણ હોવું જોઈએ. તેમણે ઝીણવટથી આસપાસ જોયું તો આ મયૂરીએ મૂકેલાં બે ઈંડાં એમની નજરે પડ્યાં. બંને મિત્રોએ પરસ્પર મંત્રણા કરીને નક્કી કર્યું કે આ ઈંડાંને પોતાના નિવાસસ્થાને લઈ જવાં ને મરઘીનાં ઈંડાં ભેગાં મૂકી દેવાં. મરઘી એનાં ઈંડાંની સાથે સાથે આ બે ઈંડાંનું પણ એની પાંખોની હવાથી રક્ષણ કરશે. જતે દિવસે આપણને આ બે ઇંડાંમાંથી બે સુંદર મયૂરનાં બચ્ચાં પ્રાપ્ત થશે.

આમ નક્કી કરીને તે બંને મિત્રો ઈંડાં પોતાની સાથે ઘેર લઈ ગયા અને નોકરવર્ગને સૂચના આપી તે ઈંડાંને મરઘીનાં ઈંડાં સાથે મુકાવી દીધાં.

હવે એક દિવસ બે મિત્રોમાંથી જે સાગરદત્તનો પુત્ર હતો તે મયૂરીનાં ઈંડાં પાસે ગયો. એક ઈંડું હાથમાં લઈને એને વિશે જાતજાતની શંકા કરવા લાગ્યો. આ ઈંડામાં બચ્ચું હશે તો ખરું ને? એ ઊછરતું હશે? એ બચ્ચું પ્રાપ્ત તો થશે ને? એ ક્યારે પેદા થશે? એ મયૂરબાળ સાથે ક્રીડા કરવા મળશે કે નહીં?–આમ જાતજાતની શંકા કરતો એ મિત્ર ઈંડાને હાથમાં ઉપર નીચે ઊલટસૂલટ કરીને ફેરવવા લાગ્યો, કાન પાસે લઈ જઈને ખખડાવવા લાગ્યો, હાથથી દબાવવા લાગ્યો. પરિણામે એ ઈંડું પોચું પડી ગયું. તત્કાળ તો એને આની

[૧. મોરનાં ઈંડાંની કથા અને ૨. કાચબાની કથા–આ બે કથાનો આધારસ્રોત છે. છઠ્ઠું અંગ-આગમ 'જ્ઞાતાધર્મકથાંગ.' ગ્રંથની ભાષા પ્રાકૃત. પહેલી કથા ગ્રંથના ત્રીજા 'અંડક અધ્યયન'માં અને બીજી કથા ચોથા 'કૂર્મ અધ્યયન'માં મળે છે.
પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' અનુ. મ. સાધ્વીજી શ્રી વનિતાબાઈ, સંપા. પં. શોભચંદ્ર ભારીલ્લ, પ્રકા. પ્રેમ–જિનાગમ પ્ર. સમિતિ, મુંબઈ, વિ. સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧.)]

કાંઈ ખબર ન પડી, પણ થોડોક સમય વીત્યા પછી એ ઈંડા પાસે ગયો ત્યારે એ ઈંડું સાવ પોચું પડી ગયેલું જોયું. પરિણામે એ મિત્ર ખિન્ન થઈ ગયો ને દુઃખ વ્યક્ત કરવા લાગ્યોકે આ ઈંડામાંથી હવે મયૂરબાળ મને ક્રીડા કરવા નહિ મળે.

હવે બીજો સાથી જિનદત્તપુત્ર એક દિવસ મયૂરીના ઈંડા પાસે ગયો. ઈંડા વિશે કોઈ પણ પ્રકારની શંકા કર્યા વિના નિશ્ચિંત મને શ્રદ્ધાપૂર્વક વિચારવા લાગ્યો કે આ ઈંડામાંથી સરસ મઝાનું મયૂરબાળ જન્મશે. આમ વિચારીને એણે ઈંડાને જરા પણ ઊલટસૂલટ કર્યું નહીં. પરિણામે સમય પાક્યે ઈંડું ફૂટ્યું ને સરસ મઝાના મયૂરબાળનો જન્મ થયો. જિનદત્તપુત્રે ખૂબ કાળજીપૂર્વક એને ઊછરવા દીધું. જેમ જેમ તે મોટું થતું ગયું તેમ તેમ રંગબેરંગી પીંછાંનો ગુચ્છ પણ વૃદ્ધિ પામવા લાગ્યો અને કુદરતી રીતે નૃત્ય કરવામાં પણ નિપુણ બની ગયું. વળી, સરસ મઝાનો કેકારવ કરતું થયું. જતે દિવસે તે મયૂર ચંપાનગરીના માર્ગો ઉપર અનેક સ્પર્ધાઓમાં વિજય પ્રાપ્ત કરવા લાગ્યો.

આ દૃષ્ટાંત દ્વારા એ સૂચિત થાય છે કે જે લોકો ભગવાનની વાણીમાં શંકા કરે છે તેઓ આત્મકલ્યાણનું સાચું સુખ ગુમાવે છે. ને આ ભવાટવીના પરિભ્રમણ સિવાય કશું હાંસલ કરતા નથી. જ્યારે, જે લોકો પ્રભુજીની વાણીમાં નિઃશંક બની શ્રદ્ધા કેળવે છે તેઓ સંસારસાગર પાર કરીને સમ્યક્ સુખની પ્રાપ્તિ કરે છે.

(૨) કાચબાની કથા

વારાણસી નગરીને અડીને ગંગા નદીનો વિશાળ પટ આવેલો હતો. એ પટમાં એક ધરો હતો. એનું પાણી ખૂબ ઊંડું અને શીતળ હતું. આ ધરો કમલપત્રોથી અને પુષ્પપાંદડીઓથી આચ્છાદિત રહેતો હતો. આ કારણે એ ધરાની જગા અત્યંત શોભાયમાન લાગતી હતી. એ ધરામાં અસંખ્ય માછલાં, કાચબા, મગર જેવાં જલચર પ્રાણીઓ વસતાં હતાં.

આ ધરાની નજીકમાં એક મોટો માલુકાકચ્છ નામનો ભૂપ્રદેશ હતો. તેમાં બે પાપી શિયાળ રહેતા હતા. એ બંનેનું ચિત્ત હંમેશાં સારો શિકાર મેળવવામાં જ રોકાયેલું રહેતું. તેઓ ભયંકર માંસલાલચી હતા. દિવસે તેઓ છુપાઈ રહેતા અને રાત્રિએ ભક્ષણની શોધમાં નીકળી પડતા.

રોજિંદા ક્રમ પ્રમાણે એક રાત્રે તે બંને શિયાળ પોતાના સ્થાનકેથી બહાર નીકળીને પેલા ધરા પાસે પહોંચ્યા. ત્યાં જઈને ચારે તરફ નજર ફેરવવા લાગ્યા.

રાતને સમયે જ્યારે સૌ પુરવાસીઓની ચહલપહલ ગંગા કાંઠે અટકી ગઈ હતી ત્યારે ધરામાં વસતા બે કાચબા આહારની આશાએ બહાર આવી ધરાની આસપાસ પેલા ભૂપ્રદેશની ધારે ફરવા લાગ્યા. પેલા બે શિયાળોએ આ કાચબાઓને જોયા. અને એમના તરફ ધસી જવા લાગ્યા. આ કાચબાઓ શિયાળોને પોતાની તરફ આવતા જોઈ, ભયભીત બનીને ધરા તરફ ભાગ્યા અને પોતાના જે અંગો હાથ-પગ-ડોક ઈત્યાદિ બહાર કાઢ્યાં હતાં તેને કવચમાં ગોપવી દીધાં. શિયાળ એમનું કવચ છેદવામાં સફળ થયા નહીં. તેથી તેઓ ત્યાંથી દૂર ચાલ્યા ગયા.

બંને શિયાળો દૂર ચાલ્યા ગયા છે એ જાણીને બેમાંથી એક કાચબાએ ધીમે ધીમે એના પગ કવચમાંથી બહાર કાઢ્યા. દૂરથી વેધક નજરે શિકારને જોઈ રહેલા બે શિયાળો એક કાચબાનાં પગ ગ્રીવા આદિ અંગોને બહાર આવેલાં જોઈ ચપળ ગતિએ છલાંગ લગાવી કાચબાનાં બહાર આવેલા અંગોને ત્વરાથી મોઢામાં પકડી લીધાં અને એનો આહાર કરી ગયા. પછી તે બંને શિયાળો બીજા કાચબાને ઝડપવાની કોશિશ કરવા લાગ્યા. પણ તે કાચબાએ કોઈપણ રીતે, કવચમાં ગોપવેલાં અંગોને બહાર કાઢ્યાં નહિ એટલે પેલા શિયાળો એ કાચબાનું ભક્ષણ કરવામાં સફળ થયા નહીં. અને નિરાશ થઈને પાછા ચાલ્યા ગયા. ત્યાર પછી તે બીજા કાચબાએ ધીમેથી પોતાની ડોક બહાર કાઢીને જાણી લીધું કે પેલા શિયાળો દૂર ચાલ્યા ગયા છે એટલે પોતાના ચારે પગ બહાર કાઢી તીવ્ર ગતિથી ધરામાં પહોંચી ગયો અને સ્વજનોના સમૂહમાં ભળી ગયો.

આ રીતે જે મનુષ્ય પેલા બીજા કાચબાની જેમ પોતાની પાંચે ઈંદ્રિયોનું ગોપન કરે છે, વશમાં રાખવાની સમર્થતા દાખવે છે તે સંસાર તરી જાય છે; પણ જે પહેલા કાચબાની જેમ પાંચેય ઈન્દ્રિયોને છૂટી મૂકે છે–બહેકાવે છે તે વિનાશ નોતરે છે.

(૩) બે શુકબંધુઓની કથા

[આ કથાનો આધારસ્રોત છે શ્રી ધર્મદાસગણિવિરચિત 'ઉપદેશમાલા' પરની સિદ્ધર્ષિગણિની 'હેયોપાદેયા ટીકા'. મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત, ટીકાની ભાષા સંસ્કૃત. રચના વિ. સં. ૯૭૪. પં. વીરવિજયજીકૃત 'ધમ્મિલકુમાર રાસ'માં પણ આ કથા મળે છે.

પુસ્તક : 'શ્રી સોમસુંદરસૂરિકૃત ઉપદેશમાલા બાલાવબોધ', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, ઘાટકોપર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૧.]

કાદંબરી અટવીમાં બે સૂડા (પોપટ) સગા ભાઈ હતા. એમાંથી એક સૂડાને ભીલે પકડીને પર્વત પર બાંધી રાખ્યો. તે ગિરિશુક કહેવાયો. બીજાને એક તાપસે પોતાની વાડીમાં રાખ્યો. તે પુષ્પશુક કહેવાયો.

એક વાર વસંતપુર નગરનો રાજા ઘોડેસ્વાર થઈને નગર બહાર વિહાર અર્થે નીકળ્યો. પણ ઘોડો રાજાને અવળે માર્ગે છેક અટવીમાં લઈ ગયો. રાજાને જંગલમાં આવેલો જોઈ ભીલની પલ્લીમાં રહેલા ગિરિશુકે મોટેથી ભીલને કહ્યું, 'દોડો, દોડો. આભૂષણોથી સજીધજીને આવેલો રાજા અહીંથી જઈ રહ્યો છે.' રાજા સમજી ગયો

કે આ શુક એના માલિકને મારા અલંકારો લૂંટી લેવાનો સંકેત આપી રહ્યો છે. એટલે બચવા માટે એ ઝડપથી નજીકમાં આવેલા એક તાપસના આશ્રમમાં પ્રવેશ્યો. આ તાપસના આશ્રમમાં જે પુષ્પશુક હતો તેણે પારખી લીધું કે અહીં રાજા પધાર્યા લાગે છે. એટલે તરત જ પુષ્પશુક મોટે અવાજે બોલ્યો, 'અરે, તાપસજી, ઊઠો, ઊઠો, તમારા અતિથિ રાજા પધાર્યા છે. એમનું આસન માંડી યોગ્ય આતિથ્ય કરો.'

રાજા નવાઈ પામી ગયો. એને થયું કે ભીલના નિવાસસ્થાનનો પોપટ અને આ તાપસ-આશ્રમનો પોપટ આમ તો બન્ને સરખા જ લાગે છે. છતાં એક એના સ્વામીને મને લૂંટી લેવાનો સંકેત કરતો હતો જ્યારે આ બીજો એના સ્વામીને મારું આતિથ્ય કરવાનો સંકેત કરી રહ્યો છે. એટલે રાજાએ પુષ્પશુકને પૂછ્યું, 'તમે બન્ને આમ તો સરખા દેખાવ છો, તોપણ તમારાં વાણી-વર્તાવમાં આટલો ભેદ કેમ છે?'

પુષ્પશુકે ઉત્તર આપતાં કહ્યું, 'રાજન્, એ સંસર્ગનું પરિણામ છે. બાકી તો અમે બે ભાઈઓ છીએ.'

આમ ગુણ-દોષ સંસર્ગજન્ય પણ હોય છે. 'સોબત તેવી અસર.'

(૪) શિયાળની કથા

[આ કથાનો આધારસ્રોત છે આ. શ્રી જયકીર્તિવિરચિત 'શીલોપદેશમાલા' પરની આ. શ્રી સોમતિલકસૂરિ-(અપરનામ) વિદ્યાતિલકસૂરિ રચિત 'શીલતરંગિણી વૃત્તિ'. મૂળ ગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૩૯૨/૧૩૯૭. નૂપુરમંડિતાની કથા અંતર્ગત આ કથા મળે છે.

પુસ્તક : 'શ્રી શીલોપદેશમાલા-ભાષાંતર', અનુ. વિદ્યાશાળાના અધિકૃત શાસ્ત્રીજી, પ્રકા. જૈન વિદ્યાશાળા, અમદાવાદ, ઈ.સ. ૧૯૦૦.]

એક નિર્જન પ્રદેશમાં શિયાળ રહેતું હતું. સવાર પડે ને શિયાળ શિકારની શોધમાં નીકળી પડતું. આવી જ એક સવારે એક કૂમળા પ્રાણીનો શિકાર કરી એના માંસનો એક ટુકડો મોઢામાં મૂકી તે નદીને કિનારે પહોંચ્યું. ત્યાં નદીના પ્રવાહમાં જળની સપાટી ઉપર પોતાનું મુખ ઊંચું રાખી રહેલા એક માછલાને એણે જોયું. એટલે શિયાળને એ માછલાનું ભક્ષણ કરવાની લાલચ થઈ. તેથી મોંઢામાં રાખેલા માંસના ટુકડાને નદીના કિનારા ઉપર રાખીને તે માછલાને પકડવા માટે દોડ્યું. પણ શિયાળને પોતાના તરફ ધસી આવતું જોઈને માછલું ત્વરિત ગતિથી પાણીમાં પેસી ગયું. શિયાળ એના નવા શિકારમાં નિષ્ફળ જતાં નિરાશ બનીને પાછું નદીને કાંઠે આવ્યું. કાંઠે મૂકેલા પેલા માંસના ટુકડાને શોધવા લાગ્યું. પણ બન્યું હતું એવું કે જ્યારે શિયાળ માછલાને પકડવા દોડ્યું હતું એ સમયગાળામાં એક સમડી આવીને પેલો ટુકડો ઉપાડી ગઈ હતી. આમ શિયાળે લાલચમાં ને લાચમાં અનિશ્ચિત તો ગુમાવ્યું જ, પણ જે પ્રાપ્ત કરેલું હતું એ પણ ગુમાવ્યું.

આ દૃશ્ય નદીકાંઠે પોતાના જાર-પુરુષની રાહ જોઈ રહેલી સ્ત્રીએ જોયું. એણે પેલા શિયાળને કહ્યું કે 'તેં બંને બાજુથી ગુમાવ્યું છે.' ત્યારે શિયાળે કહ્યું કે, 'પતિનો ત્યાગ કરીને પરપુરુષ પ્રત્યે આસક્ત થયેલી તારી પણ મારા જેવી જ દશા છે ને! તું પણ બંને બાજુથી ભ્રષ્ટ થઈ છે.'

શું શિયાળ આ સ્ત્રીની જીવનકથની જાણતું હતું? હા.

વાત એમ હતી કે એ સ્ત્રી પોતાના પતિ સાથે નીકળી હતી. રસ્તામાં અંધારું થતાં એક નિર્જન સ્થાને પતિ-પત્નીએ મુકામ કર્યો. રાત્રે એક ચોર ત્યાં આવ્યો. પતિ ઊંઘતો રહ્યો, પણ પેલી સ્ત્રી ચોરના આગમનથી જાગી ગઈ. ચોરે એની મૂંઝવણ રજૂ કરતાં કહ્યું, 'હું ચોર છું. રાજ્યના રક્ષકો મારી પાછળ પડ્યા છે. તમે મને આશરો આપી ઉગારી લો.'

પેલી સ્ત્રી કહે, 'હું તારા પર આસક્ત થઈ છું. જો તું મારી ઈચ્છા સંતોષવા કબૂલ થતો હોય તો હું તને જરૂર ઉગારી લઈશ.' ચોરે એ સ્ત્રીની વાત કબૂલ રાખી.

સવારે રક્ષકો ચોરને શોધતા ત્યાં આવી પહોંચ્યા. એટલે પેલી સ્ત્રીએ ચોરની ઓળખ પોતાના પતિ તરીકે આપી. રક્ષકોને પણ થયું કે જે પુરુષની પાસે આવું તેજસ્વી સ્વરૂપવાન સ્ત્રીરત્ન હોય એ પુરુષ ચોર કેવી રીતે હોય? એટલે જે ખરેખરો ચોર હતો એને મુક્ત રાખ્યો. અને એ સ્ત્રીના ખરા પતિને ચોર માનીને રક્ષકો પકડીને લઈ ગયા. આમ સાચા ચોરને બદલે પતિને મૃત્યુદંડ મળ્યો.

ચોર અને સ્ત્રી બન્ને ત્યાંથી નીકળ્યાં. રસ્તામાં નદી આવી. એમાં ભારે પૂર આવેલું હતું. પેલો ચોર સ્ત્રીને કહે, 'તારાં સઘળાં વસ્ત્રો-અલંકારો સહિત તને પૂરમાંથી સામે કાંઠે લઈ જવા હું શક્તિમાન નથી. એટલે પહેલાં હું તારા સમગ્ર વસ્ત્રો-અલંકારોનું પોટલું હું તરીને સામે કાંઠે મૂકી આવું. પછી બીજા ફેરામાં હું તને ખભે બેસાડીને લઈ જઈશ. પેલી સ્ત્રી ચોરની વાત સાથે સંમત થઈ. એણે બધાં જ વસ્ત્રો-અલંકારો ચોરને ધરી દીધાં ને નિર્વસ્ત્ર અવસ્થામાં બાણોના સમૂહમાં દેહને ઢાંકીને એના જારપુરુષની રાહ જોતી છુપાઈને બેઠી.

હવે પેલા ચોરને સામે કાંઠે જઈને વિચાર આવ્યો કે 'આ સ્ત્રીએ મારા ઉપરની આસક્તિને લઈને પોતાના પતિને પણ તરછોડ્યો અને મરાવી નાખ્યો. આ સ્ત્રીનો ભરોસો શો?' આમ વિચાર કરતો એ સામે કાંઠેથી પેલી સ્ત્રીના બધા વસ્ત્રાલંકારો સાથે ભાગી ગયો.

પેલી સ્ત્રી સામે કાંઠેથી ચોરને નાસી જતો જોઈ રહી. આમ આ દુરાચારિણી સ્ત્રી બંને બાજુથી ભ્રષ્ટ થઈ. પતિ પણ ખોયો અને જારને પણ ખોયો.

માટે પેલા શિયાળે સ્ત્રીને વળતો ટોણો મારતાં કહ્યું કે 'તારી દશા મારા જેવી જ છે.' આ શિયાળ તે પેલી સ્ત્રીનો મૃત્યુદંડ પામેલો પતિ જ હતો. તે મૃત્યુની અંતિમ ક્ષણોમાં ઈશ્વરસ્મરણ દ્વારા ધર્મકૃપાએ

દેવલોકને પામ્યો હતો. અને એની દુરાચારી સ્ત્રીને પ્રતિબોધિત કરવા શિયાળનું સ્વરૂપ ધારણ કરીને આવ્યો હતો.

(૫) સેચનક હાથીની કથા

[આ કથાનો આધારસ્રોત છે આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિવિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત, ટીકાની ભાષા સંસ્કૃત. રચના વર્ષ વિ. સં. ૧૭૪૫. સૂત્રના પ્રથમ 'વિનયશ્રુત અધ્યયન'માં આ કથા મળે છે.

પુસ્તક : 'શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્ (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ), પ્રકા. પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.]

એક જંગલમાં મોટું હાથીનું ટોળું હતું. એ ટોળાનો અધિપતિ એક મદમત્ત હાથી હતો. ટોળાની હાથણીઓ જે જે બચ્ચાંને જન્મ આપે તેને પેલો અધિપતિ હાથી મારી નાખતો. ટોળામાંની એક હાથણી ગર્ભિણી થઈ. તેણે વિચાર્યું કે મને જે બાળ-હાથી જન્મશે તેને આ અધિપતિ હાથી મારી નાખશે. તેથી તે અવારનવાર આ ટોળામાંથી છૂટી પડી જતી અને જ્યારે પેલો ગજજૂથપતિ આવવાનો હોય ત્યારે ટોળામાં પાછી આવી જતી. આમ કરતાં આ હાથણીએ એક મુનિનો આશ્રમ જોયો. ત્યાં ગુપ્ત સ્થાનમાં હાથણીએ એક નાના ગજબાળને જન્મ આપ્યો. આશ્રમમાં જ્યારે એ ગજબાળ થોડો મોટો થયો ત્યારે મુનિકુમારોની સાથે આશ્રમના ઉદ્યાનમાં વૃક્ષોનું સેચનકાર્ય (પાણી પાવાનું કામ) કરવા લાગ્યો. આથી બધા મુનિઓએ એ હાથીનું નામ સેચનક પાડ્યું. એક વખત ફરતાં ફરતાં આ સેચનક હાથીને પેલા ગજજૂથપતિ હાથીનો ભેટો થયો. આ સેચનકે પેલા જૂથપતિને મારી નાખ્યો અને પોતે જ હવે હાથીઓના ટોળાનો અધિપતિ બની ગયો. પણ આટલેથી ન અટકતાં એણે મુનિઓના આશ્રમનો પણ વિનાશ કર્યો. એટલા માટે કે પોતાની માતા ગર્ભાવસ્થામાં આવા ગુપ્ત સ્થાનમાં આવીને રહી હતી.

આશ્રમ નષ્ટ થતાં બધા ઋષિમુનિઓ હાથમાં પુષ્પફલાદિક લઈને રાજગૃહીના શ્રેણિક રાજા પાસે ગયા. અને ફરિયાદ કરી કે સેચનક નામનો હાથી વનમાં રહી તોડફોડ કરી રહ્યો છે. શ્રેણિક રાજાએ મોટું સૈન્ય લઈ જઈ વનમાંથી એ હાથીને પકડી લાવીને બાંધ્યો. ઋષિમુનિઓએ ત્યાં આવી એ હાથીને કહ્યું કે, 'હે ગજરાજ! હવે તારું સામર્થ્ય ક્યાં ગયું? અમારા પ્રત્યે અવિનય દાખવ્યો એનું ફળ તને મળ્યું છે.'

આ સાંભળી સેચનક હાથી વધુ રોષે ભરાયો અને જ્યાં એને બાંધવામાં આવ્યો હતો એ થાંભલાને ભાંગીને ઋષિઓની પાછળ દોડ્યો. અને તે બધા મુનિઓને અધમૂઆ સરખા રગદોળીને જંગલમાં જઈ ફરીથી મુનિઓના આશ્રમમાં તોડફોડ કરવા લાગ્યો. એટલે ફરીથી શ્રેણિક રાજા તેને પકડવા ગયા. ત્યારે તે સેચનક હાથીના પૂર્વભવના સમાગમી દેવે તેને કહ્યું કે 'હે વત્સ! પારકાને હાથે દમન કે બંધન પામવા કરતાં જાતે જ દમન પામવું શ્રેષ્ઠ છે.' આવું દેવનું વચન સાંભળતાની સાથે તે હાથી સ્વયં બંધનસ્થંભે બંધાઈ ગયો. સ્વયંદમનથી હાથીને લાભ જ થયો. કેમકે રાજા શ્રેણિકના સૈનિકોના હાથે ભાલાનો માર ખાવામાંથી ઊગરી ગયો.

આ રીતે ઈંદ્રિયો પર, કષાયો પર તપ અને સંયમ દ્વારા સ્વયંદમનથી ગુણપ્રાપ્તિ થાય છે. ✷✷✷

ધૂર્ત અને દ્રોહી મિત્રને પદાર્થપાઠ

કનકાપુરી નગરીમાં કનકચંદ્ર રાજા રાજ્ય કરતો હતો. એ નગરીમાં બે વણિક રહેતા હતા. તે બંનેને એક એક પુત્ર. એકનું નામ ધર્મસેન, બીજાનું નામ વીરસેન. બન્ને વચ્ચે મૈત્રી એવી ગાઢ બંધાયેલી કે ઘડી માટે પણ તેઓ એકબીજાથી અળગા ન રહી શકે. મળે એટલે પરસ્પરને પોતાના સુખદુ:ખની સઘળી વાતો કર્યા કરે.

પણ આ બે મિત્રોમાં ધર્મસેન મનનો ખૂબ કપટી હતો. જ્યારે વીરસેન અત્યંત ભદ્ર પ્રકૃતિનો હતો.

એક દિવસ બંને મિત્રો વનક્રીડા અર્થે નગરીની બહાર નીકળ્યા. વનમાં ફરતાં

[આ કથાનો આધારસ્રોત છે આચાર્ય હરિભદ્રસૂરિ વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત છે. વૃત્તિ સંસ્કૃતમાં છે. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં છે. આ વૃત્તિગ્રંથની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે. શ્રી મલયગિરિની 'નદી-અધ્યયન વૃત્તિ' (સંસ્કૃત)તેમજ હરજી મુનિ કૃત 'વિનોદચોત્રીસી'માં જૂની ગુજરાતી ભાષામાં આ કથા મળે છે.

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાન્ત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]

ફરતાં એક સ્થાને એમણે એક બખોલ જોઈ. એમાં શું છે એ જોવા માટે એમણે કુતૂહલવશ સ્હેજ ખોદકામ કર્યું. તો એમના આશ્ચર્ય વચ્ચે એ બખોલમાંથી વિપુલ ધનરાશિ એમને સંપન્ન થયો.

ધર્મસેન વીરસેનને કહે, 'આ ધનરાશિને આપણે ઉતાવળે ઘેર નથી લઈ જવો. પરંતુ સારું મુહૂર્ત જોઈને લઈ જઈશું જેથી આ ધનની પ્રાપ્તિ આપણને ભવિષ્યમાં નસીબવંતી અને સાનુકૂળ રહે.'

નિખાલસ પ્રકૃતિનો વીરસેન ધર્મસેનની વાત સાથે સંમત થયો. બંને જણા એ ધનરાશિને સંતાડીને ઘેર આવ્યા.

પણ ઘેર આવ્યા પછી કપટી ધર્મસેનના મનમાં આ પ્રાપ્ત થયેલું સઘળુંયે ધન હડપ કરી જવાનો દુર્ભાવ પેદા થયો. અને એનો અમલ કેવી રીતે કરવો એ અંગે વિચારવા લાગ્યો.

સૂર્યાસ્ત થયો. રાત પડી. એટલે અંધારાનો લાભ લઈને ધર્મસેન પેલું ધન જ્યાં છુપાવ્યું હતું ત્યાં પહોંચી ગયો. એણે પાત્રમાંથી બધું ધન એક ઝોળીમાં ઠાલવી લીધું. અને એ પાત્રમાં ધનના સ્થાને અંગારા ભરીને મૂક્યા. સઘળું ધન લઈને ધર્મસેન ચૂપચાપ ઘેર આવ્યો.

બીજે દિવસે સવારે બંને મિત્રો ભેગા મળ્યા ને નક્કી કર્યું કે આજે શુભ મુહૂર્તમાં સંતાડેલું ધન લઈ આવીએ. ઈષ્ટ દેવને પ્રણામ કરીને બંને મિત્રો ધનરાશિ જ્યાં સંતાડ્યો હતો ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો પાત્રમાંથી બધું દ્રવ્ય ગાયબ થયેલું અને એને સ્થાને અંગારા ભરેલા. બંનેના પેટમાં ફાળ પડી. એમાંયે કપટી ધર્મસેન તો આક્રંદ કરવા ને હૈયું કૂટવા લાગ્યો. જોકે આ બધો તો એનો ઉપર-ઉપરનો દેખાવ જ હતો.

પણ વીરસેન બુદ્ધિશાળી હતો. ધર્મસેને કરેલી ધૂર્તતાનો અને પોતાની સાથે કરેલા દગાનો અણસાર એને આવી ગયો. 'નક્કી, ધન આણે જ હરી લીધું છે' એમ મનમાં નિર્ણય થયો. પણ તત્કાળ તો વીરસેન ધર્મસેનને કાંઈ કહી શકે એમ નહોતું. પણ મનમાં ગાંઠ વાળી કે હું ગમે તે યુક્તિ કરીને પણ મારો ભાગ મેળવીશ જ. પછી એણે કપટી ધર્મસેનને ખેદ ન કરવા ને છાનો રહેવા સમજાવ્યો. બન્ને મિત્રો ઘેર પાછા ફર્યા.

હવે વીરસેને એક યુક્તિ આદરી.

એણે એક મનુષ્યકદની પ્રતિમા તૈયાર કરી. એ પ્રતિમાનો ચહેરો, શરીર, રૂપરંગ બધું પેલા ધર્મસેનને મળતું આવે એમ કર્યું. તે પ્રતિમાને વસ્ત્રો પહેરાવ્યાં.

થોડા સમય પછી વીરસેન બે બાળ-માંકડાંને લઈ આવ્યો. દરરોજ પેલી ધર્મસેનની પ્રતિમાના કોઈ એક ભાગે ખોરાક મૂકી વીરસેન પેલાં બે માંકડાને છૂટાં મૂકી દેતો. એટલે તે માંકડાં પેલી પ્રતિમાના હાથે, પગે, ખભે, મસ્તકે ચડી બેસીને ત્યાં મુકાયેલો આહાર કરવા લાગ્યાં. સમય જતાં એ બંને બાળ-મર્કટ મોટાં થયાં.

હવે કોઈ એક પર્વને દિવસે વીરસેન ધર્મસેનને ત્યાં ગયો અને કહ્યું કે, 'તારા બે પુત્રોને મારે ત્યાં આજના પર્વ પ્રસંગે ભોજન માટે મોકલ.' ધર્મસેને વીરસેનની વાત સ્વીકારીને બંને પુત્રોને મિત્રની સાથે મોકલ્યા. વીરસેન એ બન્ને બાળકોને ઘેર તેડી લાવ્યો. ભોજન કરાવ્યું અને પછી બન્નેને ગુપ્ત રીતે સંતાડી દીધા. પછી તરત જ વીરસેન ધર્મસેનને ત્યાં ગયો ને કહેવા લાગ્યો કે 'હે બંધુ! એક અસંભવિત ઘટના બની ગઈ છે. તું જલદી ઊભો થા ને મારે ઘેર ચાલ.'

વીરસેન ઉતાવળે ધર્મસેનને પોતાને ઘેર તેડી લાવ્યો. ધર્મસેન શું અસંભવિત બની ગયું છે એ જાણવા તલપાપડ થઈ રહ્યો હતો. પછી વીરસેને ધર્મસેનને કહ્યું, 'જોને, આ તારા બંને પુત્રો જમતાં જમતાં જ મર્કટ બની ગયા છે. ધર્મસેનને આ વાત સાંભળતાં સૌ પ્રથમ આંચકો તો લાગ્યો, પણ પછી આખી વાતને એણે હસવામાં જ ગણી લીધી. એ વીરસેનને કહે, 'તારી આ વાત શી રીતે માની શકાય?'

હવે વીરસેને એવો પ્રપંચ કર્યો કે જ્યાં ધર્મસેનની પ્રતિમા રાખી હતી તે પ્રતિમાને ખસેડી લીધી ને બરાબર એ જ જગાએ ધર્મસેનને બેસાડ્યો. પછી પેલાં બે માંકડાને એણે છૂટાં મૂક્યાં. રોજ ધર્મસેનની પ્રતિમાથી હેવાયેલાં એ બંને માંકડાં પ્રતિમા અને ખરેખરા ધર્મસેન વચ્ચેનો ફરક નહિ સમજવાથી અને બન્ને રૂપેરંગે, ચહેરેમહોરે એક સરખાં લાગવાથી ધર્મસેનના ખોળામાં આવીને બેસી ગયાં અને એના શરીર ઉપર ચડઊતર કરવા લાગ્યાં.

વીરસેન ધર્મસેનને કહેવા લાગ્યો, 'જો મિત્ર! તારાં બન્ને બાળકો ભલે માનવીમાંથી મર્કટ બની ગયાં, પણ તેથી કાંઈ તારા પ્રત્યેની એમની માયા છૂટી નથી. પિતાને જોતાં જ બન્ને બાળકો કેવાં ગેલ કરે છે!'

ધર્મસેન કહે, 'પણ તું મને એ કહીશ કે આમ કોઈ માનવ મર્કટ કેવી રીતે બની જાય?'

ત્યારે વીરસેન હસીને બોલ્યો, 'જો માનવ–બાળ મર્કટ ન બને તો સુવર્ણ અંગારા કેવી રીતે બને? પણ હા, કર્મ આડાં આવે ત્યારે હાથમાં આવેલું ધન પણ ચાલ્યું જાય.'

ધર્મસેન વીરસેનનાં આ મર્મવચન બરાબર પામી ગયો. એણે મનોમન નિશ્ચય કરી લીધો કે હવે આ વીરસેનની આગળ સાચી વાત કબૂલવી જ પડશે. જો ના પાડીશ તો રાડારાડ થશે અને છેક રાજા સુધી વાત પહોંચશે તો બધું જ ધન ચાલ્યું જશે. વળી બે પુત્રોને પણ પાછા મેળવવાના હતા. આમ વિચારીને ધર્મસેને કહ્યું, 'હે વીરસેન! મેં સાચે જ મિત્રદ્રોહ કર્યો છે. ધૂર્તપણું આચરીને મેં પાપીએ તને છેતર્યો છે. પણ આ વાત હવે તું કોઈને કહીશ નહીં.'

પછી ધર્મસેન છુપાવેલું ધન લઈ આવ્યો. બન્ને મિત્રોએ સરખે ભાગે વહેંચી લીધું. અને વીરસેને પણ ધર્મસેનને એના સંતાડી રાખેલા પુત્રો હેમખેમ પાછા સોંપ્યા. ✷✷✷

- *લોભી માણસને કદાચ કૈલાસ પર્વત જેવા સોના અને ચાંદીના અસંખ્ય પર્વત મળી જાય તો પણ તેને સંતોષ થતો નથી, કારણ કે ઇચ્છા આકાશની જેમ અનંત છે.*
- *મનુષ્ય જ્ઞાનથી પદાર્થને જાણે છે, દર્શનથી શ્રદ્ધા રાખે છે, ચારિત્રથી નિગ્રહ કરે છે અને તપથી પરિશુદ્ધ થાય છે.*

ભણ્યા પણ ગણ્યા નહિ

અષ્ટાપદ નામે એક નગર છે. એમાં કુલશેખર નામે રાજા રાજ્ય કરે છે. એને સુબુદ્ધિ નામે પ્રધાન છે, અને ચંદ્રયશ નામે રાજપુરોહિત છે. એ નગરમાં કમલગુપ્ત નામનો શ્રેષ્ઠી વસે છે.

આ રાજા-પ્રધાન-પુરોહિત અને શ્રેષ્ઠીના ચારેય પુત્રો એક જ પંડિતની પાસે અભ્યાસ કરે છે. રાજપુત્ર સામુદ્રિક શાસ્ત્રની, પ્રધાનપુત્ર વૈદ્યકશાસ્ત્રની, પુરોહિતપુત્ર પ્રમાણશાસ્ત્રની અને શ્રેષ્ઠીપુત્ર જ્યોતિષ શાસ્ત્રની વિદ્યા ગ્રહણ કરે છે.

સમય જતાં આ ચારેય પુત્રો ભણીગણીને પોતપોતાની વિદ્યામાં પારંગત બન્યા. રાજા તો પોતાના કુંવરને શાસ્ત્રપારંગત થયેલો જોઈને ખુશ થઈ ગયો, અને પુત્રની પ્રશંસા કરવા લાગ્યો. ત્યારે મંત્રીએ કહ્યું કે 'શાસ્ત્રવિદ્યામાં ગમે તેટલી નિપુણતા મેળવી હોય પણ જ્યાંસુધી લોકાચારનું, લોકવ્યવહારનું જ્ઞાન ન મેળવ્યું હોય ત્યાંસુધી સાચું ભણ્યું ગણાય નહીં. જે સારી રીતે લોકવ્યવહાર જાણે છે તે જ આ જગતમાં જશ પામે છે. માટે હે રાજા, જો આપને મંજૂર હોય તો આપણે એમની પરીક્ષા કરીએ. અને એ માટે આપણા ચારેય પુત્રોને આપણાથી વેગળા કરીને બહાર મોકલીએ. રાજા મંત્રીની વાત સાથે સંમત થયા.

હવે આ ચારેય મિત્રો બળદ જોડેલા એક વાહનમાં બેસી નગરથી દૂરના સ્થળે જવા નીકળી પડ્યા. રસ્તામાં એક ગધેડો મળ્યો. શાસ્ત્રમાં એવું ભણેલા કે માર્ગમાં જે મળે એને બાંધવ ગણાવો જોઈએ. એટલે એમણે આ ગધેડાને બાંધવ ગણી પકડી લીધો. એના ગળે વસ્ત્ર બાંધી પોતાની સાથે દોરવા લાગ્યા. પછી આગળ જતાં રસ્તામાં એક ઊંચી-મોટી કાયાવાળું ઊંટ મળ્યું. એટલે આ ચારેય મિત્રો અંદરોઅંદર પ્રશ્ન કરવા લાગ્યા કે 'આ કોણ છે?' પછી એમણે નિર્ણય કર્યો કે આ જીવ કોઈ ધર્મનું રૂપ લાગે છે. કારણકે ધર્મના જેવી જ એની શીઘ્ર ગતિ છે. પછી એ મિત્રોએ ઊંટને પણ પોતાની સાથે લીધું. એમણે વિચાર્યું કે શાસ્ત્રમાં પાંચ પ્રકારના બાંધવો કહ્યા છે. સહોદર, સહાધ્યાયી, મિત્ર, રોગમારક અને માર્ગમાં મળેલ સખા. એ રીતે આ બન્ને ગુણવાન બાંધવો આપણને પ્રાપ્ત થયા છે.

આમ કરતાં તેઓ એક ગામ પાસે આવ્યા. વાહનમાંથી ઊતરી ગામની બહાર તેઓ રોકાયા. ચારેયને કકડીને ભૂખ લાગી હતી. એટલે તેઓ ભોજનનો વિચાર કરવા લાગ્યા.

જ્યોતિષ-પારંગતે વાહનની રખેવાળી સ્વીકારી. પ્રમાણશાસ્ત્રીએ ઘીની વ્યવસ્થા સ્વીકારી. વૈદ્યકવિદ્યા ભણેલાએ શાકભાજી લાવવાનું સ્વીકાર્યું ને સામુદ્રિકશાસ્ત્ર-પારંગત રસોઈની વ્યવસ્થામાં રોકાયો.

એ ગાળામાં કોઈ ચોરલોકો આવીને સાથેના બળદ આદિ પશુઓને ચોરી ગયા. જેણે રખેવાળીની જવાબદારી સ્વીકારી હતી તે જ્યોતિષ-પારંગત બળદની શોધ માટે દોડી જવાને બદલે ટીપણું ખોલીને ફુંડળી જોવા બેઠો.

ઘી લેવા ગયેલો પ્રમાણશાસ્ત્રી ઘી લઈને પાછો આવતો હતો ત્યારે રસ્તામાં એને વિચાર આવ્યો કે ઘીના આધારે આ પાત્ર છે કે પાત્રને આધારે ઘી છે? આ સંશય ટાળવા માટે એણે પાત્રને ઉલટાવ્યું. તરત જ બધું ઘી ઢોળાઈ ગયું.

શાકભાજી લેવા ગયેલા વૈદ્યકશાસ્ત્રીને બધાંજ શાકભાજી વાયુ-પિત્ત-સળેખમ કરનારા જણાયાં. એટલે માત્ર લીમડાનાં પાન લઈને તે પાછો આવ્યો.

જે મિત્ર રસોઈના કામમાં રોકાયો હતો એ ચૂલા પર ખદબદતી રસોઈનો અવાજ સાંભળી વિચારમાં પડ્યો કે 'આ અપશબ્દો શાના સંભળાય છે?' એટલે હાથમાં એક મોટો દાંડો લઈ એણે ચૂલે મૂકેલા વાસણ પર ફટકાર્યો. વાસણ ભાંગીને ટુકડા થઈ ગયું. આમ મૂર્ખામીને લઈને ચારેય જણા ભૂખ્યા રહ્યા.

બળદ અને ગર્દભ–ઊંટ તો ચોરાઈ ગયાં હતાં. એટલે ચારેય મિત્રો પગપાળા આગળ વધ્યા. થોડેક દૂર જતાં એક ગામ આવ્યું. ત્યાં બજારની વચ્ચે જઈને રોજની જેમ ઊભા રહ્યા. આ અજાણ્યા યુવાનોને આ રીતે ઊભેલા જોઈને એક ગ્રામવાસીએ કુતૂહલથી એમને વિશે પૂછપરછ કરી. ત્યારે ખબર પડી કે એ ચારેય જણા ખૂબ ભૂખ્યા છે, એટલે એના મનમાં દયા જાગવાથી એ ચારેયને પોતાને ઘેર લઈ ગયો, અને પેટ ભરીને જમાડ્યા. જમીને સંતુષ્ટ થયેલા આ યુવાનોએ યજમાનને કહ્યું કે, 'અમારા ઉપર તમે ઘણો ઉપકાર કર્યો છે. અમને કોઈક રીતે ઋણમુક્ત કરો.'

એમની વિનંતી સ્વીકારીને યજમાન ગૃહસ્થે ચારેયને કાંઈક ને કાંઈક કામની સોંપણી કરી. એકને કૂંડીમાં ઘી ભરીને વેચવા મોકલ્યો. સાથે શિખામણ આપી કે રસ્તામાં ચોરનું ધ્યાન

[આ કથા જૈન સાધુકવિ હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી'માં મળે છે. કૃતિ પદ્યબદ્ધ છે અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં વિ. સં. ૧૬૪૧ (ઈ. ૧૫૮૫)માં રચાઈ છે. આ કથાને મળતી ચાર મૂર્ખાઓની અવાંતર-કથા પં. વીરવિજયજીકૃત 'સુરસુંદરીનો રાસ'ના ચોથા ખંડની ૧૪મી ઢાળમાં અપાઈ છે. ભાષા મધ્યકાલીન ગુજરાતી. રચના વિ. સં. ૧૮૫૭ (ઈ. ૧૮૦૧).

પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]

રાખવું. બીજા બે જણાને ગાડું જોડીને લાકડાં લઈ આવવાનું કામ સોંપ્યું. ઘરમાં યજમાનના ઘરડાં માજી હતાં. એ રોગથી પીડાતાં હતાં. અને પથારીવશ હતાં. એટલે યજમાને ચોથા યુવાનને વીંઝણાથી પવન નાખી માજીના શરીર પરથી માંખો ઉડાડવાનું કામ સોંપ્યું.

જે યુવાન ઘી વેચવા ગયો તે રસ્તામાં ક્યાંય ચોર છે કે કેમ તે જોવા લાગ્યો. ક્યાંયે ચોર દેખાયો નહિ એટલે એણે મનમાં ગાંઠ વાળી કે નક્કી ચોર ઘીની કૂંડીમાં જ પેઠો હશે. એણે વાસણને વાંકું વાળ્યું ને તરત જ બધું ઘી ઢળી ગયું. એણે વિચાર્યું કે કૂંડીમાંથી હવે ચોર અવશ્ય નીકળી ગયો.

જે બે મિત્રો લાકડાં લેવા ગયા હતા તે ગાડામાં લાકડાં ભરીને પાછા વળતા હતા. ત્યારે ગાડાની ધરીનો ચિચૂટાડ સાંભળીને એમને થયું કે નક્કી આ ગાડાને સનેપાત ઊપડ્યો છે, ને ભારે તાવ ચઢ્યો લાગે છે. એટલે એમણે ગાડાને છાંયડામાં ખડું કર્યું. થોડા સમયમાં ધરીને ટાઢી થયેલી જોઈને એ બન્નેએ વિચાર્યું કે ગાડું તો સાવ ઠંડુગાર થઈ ગયું છે એટલે નક્કી તે મરી ગયું લાગે છે. આમ જાણીને એ મૂર્ખાઓએ ગાડાને એ સ્થાને જ બાળી મૂક્યું. ગાડાનાં લોહ-અસ્થિને નદીમાં પધરાવ્યાં. અને સ્નાન કરીને પરત જવા નીકળ્યા. એટલામાં ઘી વેચવા નીકળેલો ત્રીજો મિત્ર ત્યાં જ મળી ગયો. પેલા બે મિત્રોએ આ ત્રીજાને પણ સ્નાન કરાવ્યું.

હવે આ બાજુ યજમાનને ઘેર માજીની સેવામાં રહેલા ચોથા મિત્રનું કૌતુક જુઓ. માખીને ઉડાડવા છતાં એક માખી ફરીફરીને માજીના શરીર પર આવીને બેસતી હતી. એટલે પેલા યુવાને ગુસ્સે ભરાઈને ત્યાં પડેલું એક લાકડું ઘરડાં માજીના મોં પર છૂટું ફેંક્યું. લાકાડના ઘાથી માજી તત્કાળ મૃત્યુ પામ્યાં. આખા ઘરમાં કોલાહલ મચી ગયો. માજીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. અંતિમ વિધિ પતાવીને ઘરનાં બધાં ભેગાં મળીને બેઠાં હતાં, તેવામાં ગાડાનો અંતિમ સંસ્કાર કરીને પાછા ફરેલા પેલા ત્રણ મિત્રો ગાડાના મૃત્યુના શોકમાં યજમાન ગૃહસ્થની સામે બેસીને રડવા લાગ્યા. યજમાનને થયું કે આ ત્રણે જણા માજીના મૃત્યુના સમાચાર જાણીને મરણશોકમાં રડી રહ્યા છે. એટલે યજમાને એ ત્રણેને સામેથી આશ્વાસન આપતાં કહ્યું, 'માજી ઘરડાં હતાં, થવાનું થઈ ગયું. હવે એનો આટલો બધો શોક ન કરશો.'

પેલા મૂર્ખાઓ કહે, 'શેઠ, ગાડું સનેપાતમાં ને કાલજ્વરમાં મરી ગયું. એનો અગ્નિસંસ્કાર કરી, એનાં રાખ-અસ્થિ નદીમાં પધરાવીને અમે આવ્યા છીએ.' વળી, પેલો ઘી વેચવાનું કામ લઈને નીકળેલો યુવાન કહે, 'મેં ચોરને ઘીના વાસણમાં જોયો. વાસણ વાંકું વાળતાં તે નીકળી ગયો છે.'

યજમાન ગૃહસ્થ આ ચારેય યુવાનોની મૂર્ખાઈ બરાબર પામી ગયો.

પેલી બાજુ રાજા-મંત્રી-પુરોહિત અને શ્રેષ્ઠીએ પરીક્ષા અર્થે બહાર કાઢેલા આ ચારેય પુત્રોની ભાળ મેળવીને એમને પાછા તેડાવી લીધા. અને લોકાચાર અને લોકવ્યવહાર સારી રીતે શીખે એ રીતે એમને ફરી ભણાવ્યા. ✷✷✷

કરકંડુની કથા

ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. રાણીનું નામ પદ્માવતી, જે ચેટક મહારાજાની પુત્રી હતી. રાણી પદ્માવતી સગર્ભા થઈ ત્યારે તેને એક વખત એવો દોહદ જાગ્યો કે પોતે પુરુષનો વેશ ધારણ કરે અને પતિદેવ પોતાને હાથી ઉપર બેસાડી, માથે છત્ર ધરીને બગીચામાં લઈ જાય. પરંતુ પદ્માવતી સંકોચને કારણે આ દોહદ રાજાને કહી શકતી નહોતી. પરિણામે દિન-પ્રતિદિન શરીરે દૂબળી થતી જતી હતી. આ જોઈને એક દિવસ રાજાએ રાણીને દુર્બળતાનું કારણ પૂછ્યું. ત્યારે રાણીએ સગર્ભાવસ્થામાં પોતાને જાગેલો મનોરથ કહી બતાવ્યો. આ સાંભળી રાજાને તો આનંદ જ થયો.

એક દિવસ રાણીને હાથી ઉપર બેસાડી, પોતે રાણીને માથે છત્ર ધરી રાણીની પાછળ હાથી ઉપર બેસી વનમાં વિહાર કરવા નીકળ્યો. તે સમયે વર્ષાની ધીમી ફરફર ચાલુ થઈ. નવવર્ષાના જળથી ભીંજાયેલી ધરતીની માટીની મહેકથી અને વિવિધ વૃક્ષો પરના પુષ્પોની સુગંધથી હાથી વિહ્વળ અને મદોન્મત્ત બની પોતાના મૂળ નિવાસ સમી અટવી ભણી દોડવા લાગ્યો. હાથીને તદ્દન નિર્જન જંગલ તરફ દોડતો જોઈ સગર્ભા રાણી ગભરાવા લાગી. સામે એક વડનું ઝાડ આવતું જોઈ રાજા રાણીને કહેવા લાગ્યો, 'હે પ્રિયે, આગળ જે વડ આવે છે તેની એક શાખા પકડીને તું ટીંગાઈ જજે. હું પણ એમ જ કરીશ. પછી હાથી ભલે ચાલ્યો જતો.' આમ કહી વડનું વૃક્ષ આવતાં રાજાએ એની એક ડાળ પકડી લીધી. પણ ગભરાઈ ગયેલી રાણી એમ ન કરી શકી. પરિણામે એકલી રાણીને લઈને હાથી જંગલ ભણી દોડી ગયો. રાજા વડની ડાળીએથી

[આ કથાનો આધારસ્રોત છે આગમગ્રંથ 'ઉત્તરાધ્યયન સૂત્ર' પરની શ્રી લક્ષ્મીવલ્લભગણિ-વિરચિત અર્થદીપિકા ટીકા. મૂળ સૂત્રની ભાષા પ્રાકૃત. ટીકા ગ્રંથની ભાષા સંસ્કૃત. રચનાવર્ષ વિ. સં. ૧૭૪૫. મૂળ સૂત્રના ૯મા અધ્યયન 'નમિપ્રવ્રજ્યા'માં આ કથા મળે છે.

પુસ્તક : શ્રીમદ્ ઉત્તરાધ્યયન સૂત્રમ્' (ટીકા તથા ગુજરાતી ભાષાનુવાદ સહિત.) પ્રકા. પંડિત હીરાલાલ હંસરાજ (જામનગરવાળા), ઈ. સ. ૧૯૩૫.]

હેઠો ઊતરી પાછળ રહી ગયેલા સૈન્યને મળ્યો અને પત્નીવિયોગમાં દુ:ખી થઈને ચંપાનગરીમાં પાછો આવ્યો.

ગાઢ જંગલમાં પહોંચેલો હાથી તરસ્યો થયો હતો. ત્યાં એક સરોવર પાસે તરસ છીપાવવા નીચાણમાં ઊતરવા જાય છે તે વેળાએ રાણી એક ઝાડનું આલંબન લઈને હાથીની પીઠ પરથી નીચે ઊતરી ગઈ. એક બાજુ શ્રમિત અને તૃષાતુર થયેલો હાથી સરોવરમાં પ્રવેશ્યો. બીજી બાજુ ભયભીત થયેલી રાણી વિચારચગડોળે ચડી ગઈ. થોડા સમય પહેલાં પોતે કેવા સુખમાં વિહરતી હતી! અને અત્યારે ક્યાંથી ક્યાં કેવી સ્થિતિમાં મુકાઈ ગઈ. કોઈ હિંસક પ્રાણીના હુમલાથી મૃત્યુ પણ ગમે ત્યારે આવી લાગે એમ વિચારી ઈષ્ટદેવનું સ્મરણ કરતી, સર્વ જીવોની ક્ષમા માગતી કોઈ એક દિશામાં ચાલતી હતી. થોડેક આગળ જતાં એક મુનિને જોયા. એ મુનિએ રાણીને પૂછ્યું, 'તું કોની પુત્રી છે? કોની પત્ની છે? તારી આકૃતિ પરથી તો તું ઘણી ભાગ્યવતી જણાય છે. તારી આ અવસ્થા કેમ થઈ? અહીં કેવી રીતે આવી ચડી? તું અમારો કશો ભય રાખ્યા વિના બધી વાત કર.' રાણીએ પણ મુનિની નિર્મળતાને પામીને પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. મુનિ રાણીના પિતા ચેટકરાજાના નિકટના પરિચિત હતા. તેઓ રાણીને આશ્વાસન આપી પોતાના આશ્રમે લઈ ગયા. ભોજન કરાવ્યું.

પછી મુનિ વનપ્રદેશના અમુક સીમાડા સુધી રાણીની સાથે જઈ એને કહ્યું કે 'અહીંથી હળ વડે ખેડેલી જમીન સદોષ હોવાથી અમે ઓળંગી શકીએ નહીં. એટલે હું અહીંથી પાછો વળીશ. પણ તું આ માર્ગે દંતપુર નગરે જા. ત્યાંથી સારો સાથ મળ્યે તું ચંપાનગરી પહોંચી જજે.'

રાણી દંતપુર પહોંચી. ત્યાં સાધ્વીજીઓના એક ઉપાશ્રય પાસે થોભી. એક સાધ્વીજી રાણીને પૂછગાછ કરતાં રાણીએ સઘળો વૃત્તાંત કહ્યો. સાધ્વીએ રાણીને સંસારની અસારતા સમજાવી અને ધર્મોપદેશ દ્વારા પ્રતિબોધ પમાડી. રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તે દીક્ષા લેવા તત્પર બની. હવે જો પોતાની સગર્ભાવસ્થાની વાત કરે તો દીક્ષાવ્રતમાં વિઘ્ન આવે એમ સમજી પોતાની સગર્ભાવસ્થા રાણીએ સાધ્વીને જણાવી નહિ અને દીક્ષા ગ્રહણ કરી લીધી.

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આ નવદીક્ષિતાનું ઉદર વિકસિત થતું જોઈ પેલાં સાધ્વીએ પ્રશ્ન કર્યો, 'આ શું?' ત્યારે તેણે દીક્ષા સમયે પોતાની સગર્ભાવસ્થાની વાત કહી. એણે કબૂલ્યું કે દીક્ષાગ્રહણમાં વિઘ્નના ભયથી પોતે આ વાત છુપાવી હતી. સમગ્ર પરિસ્થિતિ પારખી જઈને પેલા સાધ્વીજીએ આ નવદીક્ષિતા માટે એકાંત સ્થળે રહેવાની વ્યવસ્થા કરી. દિવસો વીતતા ગયા. પ્રસૂતિની વેળા આવી પહોંચી. અને રાણીએ સ્વીકારેલા એકાંતવાસમાં પુત્રને જન્મ આપ્યો. પછી તેણે પુત્રને એક કંબલમાં વીંટાળ્યો, પિતાનું નામ મુદ્રાંકિત કર્યું અને ઝટ નજીકના સ્મશાનમાં મૂકી દીધો. સ્મશાનની જાળવણી કરનાર ચાંડાલ ત્યાં આવ્યો ત્યારે તેણે કંબલમાં લપેટેલું બાળક જોયું. તેણે અવલોકન કરતાં જણાયું કે આ કોઈ સ્ત્રીએ ત્યજી દીધેલો પુત્ર હતો. એને ઘેર લઈ જઈને ચાંડાલે એ પુત્ર પત્નીને સોંપ્યો. પત્ની નિ:સંતાન હોવાથી ઘણી ખુશ થઈ.

હવે રાણી (નવદીક્ષિતા સાધ્વી) પુત્રને ત્યજ્યા પછી સ્મશાનમાં સંતાઈને ઊભી હતી. તેણે ચાંડાલ પુત્રને ઉઠાવીને ઘેર લઈ ગયો તે જોયું. પછી ઉપાશ્રયમાં જઈ મોટાં સાધ્વીને કહ્યું કે પોતાને મરેલો બાળક જન્મ્યો હોવાથી એને ત્યજી દીધો છે.

ચાંડાલને ઘરે એ સ્વરૂપવાન બાળક મોટો થવા લાગ્યો. તે નજીકના છોકરાઓ સાથે રમતો ત્યારે પણ 'હું રાજા છું, તમે મારા સામંત છો' એમ હુકમ ચલાવતો. એને આખા શરીરે નાની વયથી જ ચળનો ઉપદ્રવ હતો. એટલે એ સાથી બાળકોને હુકમ કરતો કે 'તમારે મને કર આપવો જોઈએ. તમે મારા શરીરે ખંજવાળો એ તમારો કર.' આ ઉપરથી સહુએ એનું નામ 'કરકંડૂ' પાડ્યું. સાધ્વી બનેલી એની માતા વહોરવા જાય ત્યારે મોદક કે અન્ય મિષ્ટાન્ન મળ્યું હોય તે ચાંડાલના રહેઠાણ પાસે જઈ એના બાળકને આપતી આવે. 'આ મારી માતા છે' એમ નહિ જાણતો આ બાળક પણ સહજ રીતે સાધ્વી પ્રત્યે વિનય અને પ્રીતિ રાખતો હતો. ધીમે ધીમે મોટો થયેલો આ કરકંડૂ સ્મશાનની સુરક્ષાનું કામ સંભાળવા લાગ્યો.

એક દિવસ સ્મશાન આગળથી બે સાધુ પસાર થતા હતા. ત્યાં ઊગેલો વાંસ જોઈને એક સાધુ બીજા સાધુને કહેવા લાગ્યા, 'આ વાંસને મૂળમાંથી ચાર આંગળ જેટલો કાપી જે પોતાની પાસે રાખે તે ભવિષ્યમાં અચૂક રાજા થાય.'

મહાત્માના આ શબ્દો ત્યાં ઊભેલા કરકંડૂએ તેમ જ એક બ્રાહ્મણે સાંભળ્યા. બ્રાહ્મણે તો તરત જ વાંસને મૂળમાંથી ચાર આંગળ કાપી લીધો અને પોતાની સાથે લઈ જતો હતો તે વખતે કરકંડૂએ એ વાંસનો ટુકડો બ્રાહ્મણ પાસેથી ઝૂંટવી લીધો, અને કહેવા લાગ્યો, 'આ વાંસ મારા બાપની સ્મશાનભૂમિમાં ઊગેલો છે એ હું તને નહિ લેવા દઉં.'

બન્ને જણા વાંસદંડ અંગે વિવાદ કરવા લાગ્યા. છેવટે બન્ને ફેંસલા માટે નગરના અધિકારી પાસે પહોંચ્યા. અધિકારી કરકંડૂને કહે, 'આ વાંસનું તારે શું કામ છે?' કરકંડૂ કહે, 'આ વાંસ મને રાજ્ય અપાવશે.' અધિકારી હસી પડ્યા. અને કહેવા લાગ્યા, 'ભલે, આ વાંસ તું લઈ જા. અને જ્યારે તને રાજ્ય મળે ત્યારે એક ગામ આ બ્રાહ્મણને આપજે હોંને!' કરકંડૂ કબૂલ થયો. અને વાંસદંડ લઈને ઘેર ગયો. પેલા બ્રાહ્મણે વૈરવૃત્તિ રાખીને કરકંડૂને મારવાની તૈયારી કરી. ચાંડાલ પિતાને આ વાતની ખબર પડતાં તે આ ગામ છોડી અન્ય પ્રદેશમાં રહેવા ચાલી ગયો.

ચાંડાલ કાંચનપુર નામના નગરમાં આવી પહોંચ્યો. તે જ સમયે

એક ઘટના બની. ત્યાંનો રાજા અપુત્ર મૃત્યુ પામતાં મંત્રીઓએ રાજાના ઘોડાને છૂટો મૂક્યો હતો. એ ઘોડો ફરતો ફરતો જ્યાં કરકંડૂ એના ચાંડાલ પિતા સાથે નગર બહાર સૂતો હતો ત્યાં આવી હેષારવ (હણહણાટ) કરવા લાગ્યો. પ્રજાએ તરત જ આ છોકરાને લક્ષણવંતો માની જયજયનાદ કર્યો. મંત્રીઓએ કરકંડૂને એ ઘોડા ઉપર બેસાડી નગર પ્રવેશ કરાવ્યો. દેવોએ પણ તેના મસ્તક પર પુષ્પવૃષ્ટિ કરી. મંત્રીઓએ કરકંડૂને રાજગાદીએ બેસાડ્યો. સમય જતાં તે રાજ્યનો મહાપ્રતાપી રાજા બન્યો.

હવે એક દિવસ વંશદંડ માટે વિવાદ કરનારો બ્રાહ્મણ કરકંડૂ પાસે આવી ચડ્યો. કરકંડૂએ તેને ઓળખ્યો અને પૂર્વે આપેલા વચન પ્રમાણે તેને એક ગામ આપવા તૈયાર થયો.

બ્રાહ્મણે કહ્યું, 'ચંપાનગરીમાં મારું ઘર છે. એટલે એ પ્રદેશમાં એક ગામની ઈચ્છા રાખું છું.'

આ ચંપાનગરી એટલે કરકંડૂના ખરા પિતા દધિવાહન રાજાની નગરી. કરકંડૂ એના ખરા પિતાથી તો અજાણ હતો. એણે દધિવાહન રાજા ઉપર એક આજ્ઞાપત્ર લખ્યો કે 'તમારા પ્રદેશમાં, આવેલ બ્રાહ્મણને એક ગામ આપજો.' આ આજ્ઞાપત્ર એણે એના દૂત સાથે મોકલાવ્યો. દૂતે ચંપાનગરી પહોંચી આજ્ઞાપત્ર દધિવાહન રાજાને સોંપ્યો. પત્ર વાંચી રાજા ગુસ્સે ભરાયો, 'મૃગલા જેવો એક મ્લેચ્છ બાળક સિંહતુલ્ય મારા જેવાને આજ્ઞા કરે!' આમ કહી દધિવાહને દૂતને ધૂત્કારી કાઢ્યો. દૂતે કરકંડૂને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. આથી ક્રોધિત થઈને કરકંડૂ સૈન્ય સાથે ચંપાપુરી પાસે આવી પડાવ નાખ્યો. બન્ને પક્ષે યુદ્ધની તૈયારી થવા લાગી. એ જ સમયે કરકંડૂની ખરી માતા (સાધ્વી) પુત્રના પડાવ પાસે આવી પહોંચી અને કરકંડૂને કહેવા લાગી, 'હે કરકંડૂ રાજા, તમે તમારા પિતાની સામે યુદ્ધે કેમ ચડો છો?' કરકંડૂએ પૂછ્યું, 'હે સાધ્વીજી, દધિવાહન રાજા મારા પિતા શી રીતે?' ત્યારે સાધ્વીએ પુત્રને પોતાનો સઘળો પૂર્વવૃત્તાંત કહી સંભળાવ્યો.

કરકંડૂ પોતાના સાચાં માતાપિતાથી જ્ઞાત થયો. મનમાં આનંદ પણ થયો. પણ અહં હજી છૂટ્યો નહોતો. પિતાને પણ નમતું આપવા એ તૈયાર નહોતો. ત્યારે સાધ્વી માતા દધિવાહનના મહેલે પહોંચી. સૌ સેવકોએ સાધ્વીવેશમાં પણ રાણીમાતાને ઓળખી લીધા. રાજાને રાણીના આગમનની વધામણી આપી. રાજાએ સાધ્વીસ્વરૂપા રાણીને ઓળખ્યાં અને વંદન કર્યા.

વનમાં રાજાથી વિખૂટા પડી જવું, સગર્ભા અવસ્થા, દીક્ષિત થવું, પુત્રજન્મ ઘટનાઓથી સાધ્વીએ રાજાને પરિચિત કર્યા. અને કહ્યું કે 'આ કરકંડૂ તમારો જ પુત્ર. એની સામે યુદ્ધે ચડશો?'

દધિવાહન પ્રસન્ન થયો. પગે ચાલીને કરકંડૂ પાસે ગયો. પુત્રને આલિંગનમાં લીધો. મસ્તકે સૂંઘ્યો, હર્ષનાં આંસુ વહાવ્યાં અને પુત્રને ચંપાનગરીના રાજ્ય ઉપર અભિષિક્ત કર્યો. દધિવાહને દીક્ષા ગ્રહણ કરી.

કરકંડૂ કાંચનપુર અને ચંપાનગરી બન્ને રાજ્યો, ચંપાનગરીમાં રહીને, સંભાળી રહ્યા છે. આ કરકંડૂને ગાયોનાં ટોળાં ખૂબ ગમતાં. એમના શિંગડાં, પુચ્છ, મુખાકૃતિ વગેરેની શોભા એમને ખૂબ ગમતી. એક દિવસ એ ગાયોના ટોળામાં સુંદર વર્ણનો સ્ફટિક સમો શોભાયમાન વાછડો એમના જોવામાં આવ્યો. એટલે ગોવાળોને એમણે ભલાણ કરી કે આ વાછડાને પેટ ભરીને ગાયમાતાનું દૂધપાન કરાવવું અને સારી રીતે ઉછેર કરવો. ગોવાળો વાછડાનું વિશેષ ધ્યાન રાખવા લાગ્યા. એથી થોડા જ સમયમાં વાછડો શરીરે ખૂબ માંસલ, હૃષ્ટપુષ્ટ બની ગયો. અન્ય વાછડાંને ગર્જના કરીને ત્રાસ આપતો, તોયે રાજા એના પ્રત્યે પ્રીતિમાન જ રહેતા.

હવે રાજકાજમાં અત્યંત વ્યસ્ત રહેવાને કારણે રાજા ગૌધામમાં નિરીક્ષણ કરવા કેટલાંક વર્ષો સુધી જઈ જ ન શક્યા. એક દિવસ ઓચિંતા જ એમને પેલા વાછડાની યાદ આવી. એના શોભાયમાન દેહને નીરખવા રાજા ગૌધામમાં પહોંચ્યાં. અને ગોવાળોને એ વાછડાને પોતાની પાસે લઈ આવવા કહ્યું. રાજાએ ત્યાં શું જોયું? એક અત્યંત ઘરડો થયેલો, પડી ગયેલા દાંતવાળો, ખૂબ જ દૂબળી કાયાવાળો બળદ જોયો. ગોવાળોએ કહ્યું, 'આપ જેને જોવા ઈચ્છો છો તે જ આ વાછરડો છે.'

રાજા વિચારે ચઢી ગયો, 'આ સંસારદશા કેટલી વિષમ છે! ક્યાં આ પ્રાણીની પૂર્વની મનોહર અવસ્થા અને ક્યાં આજની વૃદ્ધાવસ્થા! આ સંસારચક્રમાં, ભવાટવીમાં આમ જ જીવો નવી નવી અવસ્થાને પામે છે. શાશ્વત સુખમય અવસ્થા હોય તો તે કેવળ મોક્ષ જ છે.'

આ રીતે કરકંડૂ રાજા વૃદ્ધ બળદના દર્શનનું નિમિત્ત પ્રાપ્ત થતાં પૂર્વભવના સંસ્કારોના ઉદયથી વૈરાગ્ય-અભિમુખ બન્યા, પ્રતિબુદ્ધ થયા, રાજ્યનો પરિત્યાગ કરી, દીક્ષિત થઈ સંયમપંથે સંચર્યા. ✷

- *ગુરુ અને વૃદ્ધોની સેવા કરવી, અજ્ઞાની જીવોના સંગથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, સૂત્રાર્થનું સારી રીતે ચિંતન કરવું, એકાંતમાં રહેવું અને ધૈર્ય ધારણ કરવું એ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.*
- *સરળ મનુષ્યની શુદ્ધિ થાય છે. શુદ્ધ માણસમાં જ ધર્મ સ્થિર થાય છે. ઘીથી સિંચાયેલા અગ્નિની જેમ શુદ્ધ થઈ તે મનુષ્ય પરમ મુક્તિ પામે છે.*
- *પાંચ ઇન્દ્રિયો તથા ક્રોધ, માન, માયા અને લોભને જીતવાં કઠિન છે. આત્માને જીતવો તેથી પણ વધુ કઠિન છે; પરંતુ આત્માને જીતવાથી સર્વ જીતી લેવાય છે.*

સાવધાની, સમતા, સહિષ્ણુતા – તે આનું નામ

મગધ દેશમાં નંદિ નામના ગામમાં ગૌતમ નામનો બ્રાહ્મણ હતો. તે ભિક્ષાચર તરીકે વિવિધ ગામોમાં ભિક્ષા અર્થે ભ્રમણ કરતો. તેને ધારિણી નામની પત્ની હતી. કેટલોક સમય વીત્યા પછી ધારિણી સગર્ભા થઈ. પણ ગર્ભાવસ્થાના છ મહિના થયા હતા ત્યાં પતિનું અવસાન થયું. પછી પ્રસવકાળે પુત્રને જન્મ આપી ધારિણી પણ મૃત્યુ પામી. આથી માતા-પિતાનું છત્ર ગુમાવી બેઠેલો આ પુત્ર મામાને ત્યાં મોટો થવા લાગ્યો. એનું નામ નંદિષેણ રાખવામાં આવ્યું. નંદિષેણ મામાને ત્યાં ખેતી, પશુપાલન આદિ કામોમાં મદદરૂપ થતો. એ રીતે મામાનો બોજ પણ થોડો હળવો થયો.

એ ગામમાં કેટલાક ઈર્ષ્યાળુ લોકો હતા. તેઓ આ નંદિષેણની કાનભંભેરણી કરવા લાગ્યા, 'તું આ મામાનાં ગમે તેટલાં વૈતરાં કરીશ અને તેઓ ગમે તેટલા ધનસંપન્ન થશે તોપણ તને કશો લાભ થવાનો નથી.' સતત થતી કાનભંભેરણીથી નંદિષેણના કાર્યમાં મંદતા આવી. તે અગાઉ કરતાં ઓછું કામ કરવા લાગ્યો. મામાને આનો અણસાર આવી જતાં એમણે નંદિષેણને સમજાવ્યો કે 'કેટલાક લોકોને પારકાં ઘર ભાંગવામાં આનંદ આવતો હોય છે. આવા લોકો તને નાહકના ભરમાવી રહ્યા છે.' પછી એમણે નંદિષેણનો ઉત્સાહ વધારવા કહ્યું, 'મારી ત્રણ પુત્રીઓમાંથી સૌથી મોટી પુત્રી યૌવનવયમાં આવશે એટલે એનાં લગ્ન હું તારી સાથે કરીશ.' આ વાતથી પ્રોત્સાહિત થઈને નંદિષેણ ઘરના તમામ કામ અગાઉની જેમ કરવા લાગ્યો.

હવે મોટી પુત્રી જ્યારે વયમાં આવી ત્યારે એણે નંદિષેણ સાથે લગ્ન કરવાની પિતા સમક્ષ અનિચ્છા પ્રગટ કરી. પુત્રીએ કારણ એ આપ્યું કે નંદિષેણ દેખાવે કદરૂપો હતો અને તેને એ જરાયે ગમતો નહોતો.

હતાશ થઈને નંદિષેણ ઘરકામમાં વળી પાછો પ્રમાદ કરવા લાગ્યો. ત્યારે મામાએ એને પુનઃ સમજાવ્યો કે આ મોટી પુત્રીએ ભલે લગ્નનો ઈન્કાર કર્યો, પણ બીજી પુત્રીને હું તારી સાથે પરણાવીશ. પણ સમય જતાં બીજી પુત્રીએ પણ નંદિષેણને પરણવાની અનિચ્છા પ્રગટ કરી. એટલે મામાએ ત્રીજી પુત્રી આપવાનું જણાવ્યું. પરંતુ આ ત્રીજી પુત્રીએ પણ નંદિષેણ સાથેના લગ્નની ના પાડી દીધી.

ઉપરાછાપરી બનેલી લગ્નઈન્કારની આ ઘટનાઓથી નંદિષેણના જીવનમાં વૈરાગ્ય પેદા થયો. મામાના ઘરેથી નીકળી જઈને નંદિવર્ધન નામના આચાર્ય પાસે જઈ એણે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષિત થયા પછી એણે નિર્ણય કર્યો કે પૂર્વભવમાં જે પાપકર્મો મેં કર્યાં છે એ કર્મોના ક્ષય માટે હું હવે મારા આ સાધુજીવનમાં તપશ્ચર્યાનો માર્ગ ગ્રહણ કરીશ. આમ નિશ્ચય કરીને તેઓ છઠ્ઠ (સળંગ બે ઉપવાસ)ને પારણે છઠ્ઠનો તપ કરવા લાગ્યા. તે ઉપરાંત એમણે બાળ-રોગી-વૃદ્ધ સાધુજનોની સાધનામાં સહાયરૂપ બનવારૂપ (વૈયાવચ્ચનો) અભિગ્રહ લીધો. એમના આવા સાધુવર્ગની સેવાના અભિગ્રહ માટે તેઓ ખૂબ જાણીતા બન્યા. ઠેકઠેકાણેથી નંદિષેણ મુનિના આ ગુણની પ્રશંસા થવા લાગી.

નંદિષેણ મુનિના આ વૈયાવચ્ચ તપની પ્રતીતિ કરવાનું એક દેવે વિચાર્યું. એ દેવે માયાજાળથી બે સાધુ પેદા કર્યાં. એક સાધુને રોગી તરીકે વનપ્રદેશમાં રાખ્યા. અને બીજા સાધુને નંદિષેણ મુનિ પાસે મોકલ્યા. નંદિષેણ પાસે આવી આ સાધુ કહેવા લાગ્યા, 'વનમાં એક બીમાર સાધુ છે. તેમની સેવાશુશ્રૂષા કરવાના અભિલાષાવાળા જે હોય તે સત્વરે ત્યાં પહોંચે. નંદિષેણ મુનિ આ સમયે છઠ્ઠના તપનું પારણું કરવા બેઠા હતા. હજી તો પહેલો કોળિયો હાથમાં હતો. ત્યાં જ આ સાધુના બોલ કાને પડતાં જ ઊભા થઈ ગયા ને પૂછવા લાગ્યા, 'ત્યાં બીમાર સાધુને કઈ વસ્તુનો ખપ છે?' આગંતુક સાધુ કહે, 'ત્યાં પાણીની જરૂર છે.' નંદિષેણ મુનિ પાણી માટે ઉપાશ્રયેથી નીકળ્યા. પણ પરીક્ષા લઈ રહેલ પેલા દેવે માયાજાળ પાથરીને જ્યાં જ્યાં નંદિષેણ જાય ત્યાં પાણી અશુદ્ધ કરી નાખતા. આહાર-પાણીની શુદ્ધિ માટે સાવધાની રાખનાર આ મુનિ અશુદ્ધ પાણી ગ્રહણ કરતા નથી. આમ એક વાર, બે વાર ને છેવટે ત્રીજી વારના ભ્રમણ સમયે શુદ્ધ પાણી મેળવી શક્યા.

પછી નંદિષેણ મુનિ સત્વરે વનમાં રહેલા માંદા સાધુ પાસે પહોંચી ગયા. મુનિના ત્યાં જતાંવેંત જ તે સાધુ આક્રોશપૂર્વક કઠોર વેણ સંભળાવવા લાગ્યા. 'તું સાધુઓની વૈયાવચ્ચ કરનાર છે એમ કહેવાય છે અને તું એમ માને છે, પણ એ માત્ર નામનું જ છે. તારામાં એવા કોઈ ગુણ તો દેખાતા નથી. તેં અહીં આવવામાં કેટલો વિલંબ કર્યો. ભોજન કરીને આવ્યો જણાય છે. મારી માંદગીનો તો તેં કંઈ ખ્યાલ રાખ્યો જ નથી.'

[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત. વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં છે. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪માં થઈ છે 'ઉપદેશમાલા'ની 'હેયોપાદેયાટીકા'માં પણ આ કથા મળે છે.

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ'. સંપા.–અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા.–પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨, વિ. સં. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨).]

નંદિષેણ મુનિએ સાધુના આવાં આકરાં વેણને પણ અમૃતસમાન ગણી સહી લીધાં. મુનિ સાધુના પગમાં પડ્યા. અપરાધ માટે ક્ષમા માગી. પછી તરત જ મુનિ સાધુના મલ-મૂત્રથી ખરડાયેલાં વસ્ત્રો ધોઈને સાફ કરવા લાગ્યા. પછી માંદા સાધુને કહેવા લાગ્યા, 'આપ ઊભા થાવ. આપણે વસતિવાળા સ્થાને જઈએ. ત્યાં આપનું સ્વાસ્થ્ય સારું થશે.' સાધુ કહે, 'આ સ્થાનેથી ક્યાંય પણ જઈ શકવાની મારી શક્તિ નથી.' મુનિ કહે, 'હું આપને મારી પીઠ ઉપર બેસાડીને લઈ જઈશ. પછી તે સાધુ મુનિના ખભે બેસી ગયા. નંદિષેણ સાધુને ખભે બેસાડી ઝડપથી ચાલવા માંડ્યા. દૈવી માયાથી મલ-મૂત્રની પ્રસરી રહેલી દુર્ગંધ મુનિ સહન કરતા રહ્યા. વળી, આખા રસ્તે બીમાર સાધુનો આક્રોશ અને કઠોર વચનો તો ચાલુ જ હતાં, 'હું ખૂબ જ પીડા અનુભવું છું. તું ખાડાટેકરાવાળા રસ્તે ચાલે છે જે મને પીડા પહોંચાડે છે. તને ધિક્કાર છે.' મુનિ અત્યંત સમતાભાવે આ કઠોર વચનો સાંભળતા રહ્યા. તેઓ આ કઠોર વાણીને જરા ય મન ઉપર લેતા નથી. સાધુ પ્રત્યે એમના મનમાં સહેજ પણ દુર્ભાવ કે કટુતા પેદા થતાં નથી. જે દુર્ગંધ પ્રસરી રહી છે એને ચંદનસુવાસ સમી માની રહ્યા છે. અને સાધુને પીડા થવામાં પોતાના દ્વારા જે કાંઈ પ્રમાદ થતો હોય તેની મનોમન ક્ષમાયાચના કરી રહ્યા છે.

જે દેવ આ મુનિની પરીક્ષા લઈ રહ્યા છે તે જરાપણ એમને ક્ષોભ પમાડવામાં કે એમના અભિગ્રહમાંથી, તપમાંથી, શુદ્ધિના આગ્રહમાંથી વિચલિત કરવામાં સમર્થ થયા નહીં. ત્યારે તે દેવે માયા સંકેલી લીધી. અને નંદિષેણ મુનિની સ્તુતિ કરવા લાગ્યા કે 'ખરેખર, તમે તમારું જીવન ધન્ય બનાવ્યું છે.' મુનિએ ઉપાશ્રયે પાછા આવી ગુરુ સમક્ષ બનેલી ઘટના કહી સંભળાવી. ગુરુએ પણ નંદિષેણ મુનિની પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા. શુદ્ધ આહાર-પાણી માટેની સાવધાની, સમતા અને સહિષ્ણુતા તે આનું નામ.✷ ✷

ગુણાવળીની શીલરક્ષા

વિશ્વપુર નામે નગર છે. એમાં ગુણસાગર નામે શ્રેષ્ઠી રહે છે. આ શ્રેષ્ઠીને શીલવતી, સદાચારી, લાવણ્યવતી અને ગુણિયલ એવી ગુણાવળી નામે કન્યા છે. પિતાએ આ કન્યાના લગ્ન રાજપુર નગરના ધનવંત શ્રેષ્ઠીના ગુણસંપન્ન પુત્ર જયવંત સાથે કર્યાં. ધર્મ-આરાધના કરતાં કરતાં આ નવયુગલ દાંપત્યસુખમાં દિવસો પસાર કરી રહ્યું છે.

થોડોક સમય વીત્યા પછી આ નગરમાં એક ધન નામનો યુવાન ધંધા અર્થે આવ્યો અને નગરના ચૌટામાં એનો વેપાર શરૂ કર્યો. આ ધન સાથે જયવંતને મૈત્રી થવાથી એને જયવંતે પોતાના ઘરમાં ઉતારો આપ્યો. ઘરમાં નિકટતાથી જયવંતની સ્વરૂપવાન પત્ની ગુણાવળીને જોઈને આ ધન વેપારી એના પ્રત્યે કામાસક્ત બન્યો. ગુણાવળી તો નિર્દોષ અને નિખાલસ હતી. ધનની આ મનોવૃત્તિથી તે સાવ અજાણ હતી.

ગુણાવળીને વશ કરવા માટે ધને દરરોજ ફૂલ આપવા આવતી માલણને સાધી. માલણને ધને દૂનીકર્મ સોંપ્યું. માલણ ફૂલ લઈને ગુણાવળી પાસે જવા લાગી. અને લાગ જોઈને એક દિવસ ધનનો સંદેશો ગુણાવળીને કહી સંભળાવ્યો. ગુણાવળીએ દૂનીની વાતને કાંઈ ગણનામાં લીધી નહિ.

ધન માલણ સાથે અવારનવાર સંદેશા અને અવનવી ભેટો મોકલતો હતો. ઘરમાંથી ખસવાનું નામ પણ લેતો નહોતો. એટલે ગુણાવળીએ આ ધનને ચતુરાઈથી પાઠ ભણાવવાનો નિર્ણય કર્યો.

એક દિવસ માલણ ગુણાવળી પાસે આવીને કહેવા લાગી, 'આ ધનનું આમંત્રણ તમે સ્વીકારશો તો એ એની બધી જ ધનદોલત તમારા ચરણે ધરી દેશે. વળી, તમે જો એને નહીં મળો તો એ મરવા પણ તૈયાર થયો છે. એટલે એક વાર તમે મારી સાથે ચાલો. મેં ધનને વચન આપ્યું છે કે હું ગુણાવળીને તમારી પાસે લઈ આવીશ.'

ગુણાવળી બોલી, 'એને કહેજો કે મરી જવાની જરૂર નથી. હું રાત્રે ધનને મળવા જરૂર આવીશ.' માલણે ગુણાવળીનો આ સંદેશો ધનને પહોંચાડ્યો. ધન ઘણો ખુશ થયો. ગુણાવળીની પ્રતીક્ષા કરવા લાગ્યો. સાથે ગુણાવળીને લઈને પોતાને દેશ જવાની પણ તૈયારી કરી લીધી.

આ બાજુ, ગુણાવળીએ પતિ જયંવતને કહ્યું, 'આજે હું મારે પિયર જાઉં છું.' પછી તે માલણની સાથે સંકેત પ્રમાણે યક્ષમંદિરે પહોંચી. ધન તે સ્થળે સઘળું દ્રવ્ય લઈ સાંઢણી પર સવાર થઈને આવ્યો. ગુણાવળીએ માલણને વિદાય કરી. પોતે ધનની સાંઢણી પર સવાર થઈ. અને ધન એની સાથે સાથે પગપાળો ચાલવા લાગ્યો.

થોડેક દૂર ગયા પછી ગુણાવળીએ સાંઢણી થોભાવી. ધનને કહે, 'હું અહીંથી આગળ નહિ આવું.' ધન કહે, 'કેમ ના પાડો છો ?'

ગુણાવળી : 'હું મારા એક પગનું ઝાંઝર ઉતાવળે ભૂલી ગઈ. એક ઝાંઝરે હું ન આવું.'

ધન : 'મારે નગર જઈને હું તમને બીજાં ઝાંઝર લાવી દઈશ.'

[આ કથા પં. વીરવિજયજીકૃત 'ચંદ્રશેખર રાજાનો રાસ'ના ત્રીજા ખંડની દ્રુહી ઢાળમાં છે. રાસ મધ્યકાલીન ગુજરાતી ભાષામાં છે અને એની રચના વિ. સં. ૧૯૦૨ (ઈ. સ. ૧૮૪૬)માં થઈ છે.

પુસ્તક : 'શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ', અનુ.-સંપા. સાધ્વીજી શ્રી જિતકલ્પાશ્રીજી, પ્રકા. શ્રી વડાચૌટા સંવેગી જૈન મોટા ઉપાશ્રય, સુરત–ઉ. ઈ. સ. ૨૦૦૪.]

ગુણાવળી : 'ના, મારે તો આ જ જોઈએ. બીજું ઝાંઝર પલંગ પર પડ્યું છે તે લઈ આવો.' આમ ગુણાવળીએ હઠ પકડી ત્યારે ધન ઝાંઝર લઈ આવવા તૈયાર થયો. ધનની પીઠ દેખાતી બંધ થઈ એટલે ગુણાવળીએ સાંઢણીને આગળ દોડાવી દીધી.

મધરાતે ગુણાવળીને એક ચોર મળ્યો. પહેલાં તો સાંઢણી પર લાદેલો સામાન જોઈને હરખાયો. પછી એકલી સ્વરૂપવાન સ્ત્રીને જોઈને. ગુણાવળી પેલા ચોરની મનોવૃત્તિ પામી ગઈ. પછી કહે, 'મારાં ધન્યભાગ્ય કે તમારો સથવારો મળ્યો.'

ચોર સાંઢણીની લગામ પકડી ચાલવા લાગ્યો. રસ્તામાં ગુણાવળી સાથે વાતોએ વળગ્યો. પછી ધીમેથી પોતાનું પોત પ્રકાશતો હોય એમ કહે, 'આજે તું મારી ઈચ્છા પૂરી કર.'

ગુણાવળી : 'હું ગઈકાલની નીકળી છું. ભોજન કર્યું નથી. ભૂખી છું.' ચોર એને માટે કશાક આહારની સગવડ માટે નીકળ્યો. ગુણાવળી એક વડલા નીચે પોરો ખાવા બેઠી.

એ વખતે આ વનપ્રદેશ જે રાજ્યમાં આવેલો હતો ત્યાંનો રાજા વનવિહાર અર્થે નીકળ્યો હતો. વનભૂમિના પાલકે રાજાને વધામણી આપી કે વડલા હેઠે એક રૂપાળી સ્ત્રી બેઠી છે. રાજા સ્ત્રીલંપટ હતો. રાજસેવક સાથે રાજાએ એવો સંદેશ મોકલ્યો કે એ સ્ત્રી રાજસેવકની સાથે રાજમહેલે પધારે. રાજસેવકે ગુણાવળી પાસે આવી રાજાનો સંદેશો કહ્યો. સમય પારખીને ગુણાવળી રાજસેવકના સથવારે સાંઢણી ઉપર સવાર થઈને રાજમહેલે પહોંચી. રાજાએ એને મહેલમાં ઉતારો આપ્યો. એની તમામ સગવડ સચવાય એવી વ્યવસ્થા કરી.

રાત્રે રાજા ગુણાવળીના આશ્રય-ખંડમાં પ્રવેશ્યો. ગુણાવળી આગળ રાજાએ પોતાની ભોગેચ્છા પ્રગટ કરી.

ગુણાવળી કહે, 'હે રાજા! ઉતાવળ ન કરો. મારું વ્રત પૂરું ન થાય ત્યાં સુધી હું આપને આધીન થઈ શકું નહિ.'

રાજા કહે, 'તું તો સામેથી અહીં આવી છો. તારે વળી વ્રત કેવું?'

ગુણાવળીઃ 'મારે નગર બહાર આવેલા મહાદેવના મંદિરે દર્શન-પૂજા કરવાનું વ્રત છે.'

પછી રાજાએ ગુણાવળી માટે મંદિરે જવા રથ તૈયાર કરાવ્યો. ગુણાવળીએ રાજાને કહ્યું, 'મારો અભિગ્રહ પૂર્ણ કરીને પાછી આવું છું. સાંઢણી મારા વિના એકલી રહેશે નહિ એટલે એને પણ મારી સાથે મોકલો.' રાજાએ ગુણાવળીને મૂલ્યવાન આભૂષણો અને સાંઢણી સહિત વ્રત પૂર્ણ કરવા વિદાય આપી.

ગુણાવળી રથમાં બેસી છેક એને સાસરે રાજપુર પહોંચી. નગર બહાર રથને થોભાવ્યો. પછી રથચાલકને અને સાથેના સૈનિકને વિદાય કર્યા. અને ગુણાવળી સાંઢણી સાથે પતિગૃહે પહોંચી ગઈ.

હવે સામે પક્ષે શી ઘટના બની તે જુઓ.

રાજાને જ્યારે રથચાલકે અને સૈનિકે ગુણાવળીનો સઘળો વૃત્તાંત કહ્યો ત્યારે રાજાને ખાતરી થઈ કે પોતે છેતરાયો છે. મૂલ્યવાન આભૂષણો સાથે ગુણાવળીને વિદાય કરી હોવાથી પોતે લૂંટાયો પણ છે એવો અહેસાસ થયો. આથી વૈરાગ્ય આવતાં તે રાજ્ય છોડી દઈને યોગી બની ગયો અને જંગલની વાટ પકડી લીધી.

ગુણાવળીનું ઝાંઝર લેવા ગયેલો પેલો ધન વેપારી જ્યારે પાછો આવ્યો ત્યારે ગુણાવળીને કે સાંઢણીને ન જોતાં એને પણ ખાતરી થઈ કે પોતે છેતરાયો છે. પરિણામે એ પણ સંસાર ત્યજીને વૈરાગી બની ગયો.

પેલો ચોર ગુણાવળી માટે ભોજન લઈને આવ્યો ત્યારે ગુણાવળીને ન જોતાં એને પણ ઠગાયાની ખાતરી થઈ. એ પણ સંસાર ત્યજી બાવો બની ગયો.

રાજપુરમાં જ્યારે ગુણાવળીના પતિ જયવંતને ખબર પડી કે પત્ની પિયરનું બહાનું કાઢી બીજે ચાલી ગઈ છે ત્યારે એ પણ દુઃખી દુઃખી થઈ ગયો. અને ખૂબ જ લાગી આવવાથી એ પણ સાધુ બની ગયો.

હવે એક વખત આ ચારેય યોગીઓ (અગાઉના રાજા, ચોર, ધન અને જયવંત) જંગલમાં ફરતા ફરતા એક સરોવરકાંઠે ભેગા થઈ ગયા. ભિક્ષા દ્વારા માગી આણેલાં દાલ-રોટી આરોગવા બેઠા. ચારેય જણા અંદરોઅંદરો બીજાઓને પૂછવા લાગ્યા કે તમે બાવા કેમ બન્યા?

ધન કહે, 'જે સ્ત્રીના પતિના ઘરમાં હું રહેતો હતો તે સ્ત્રી તરફ હું આકર્ષાયો. મેં મારો મનોરથ એક દૂતી સાથે એ સ્ત્રીને કહાવ્યો. એ સ્ત્રી મારી સાથે આવવા નીકળી. પણ એણે મને રસ્તામાં ચતુરાઈથી છેતર્યો. મારું સઘળું ઝવેરાત લઈ એ ચાલી ગઈ.'

ચોર કહે, 'સાંઢણી ઉપર બેસીને એકલી પ્રવાસ કરી રહેલી એક સ્ત્રી પ્રત્યે હું કામાંધ બન્યો. મને ભોજનની વ્યવસ્થા કરવાનું કહીને, મને છેતરીને ચાલી ગઈ. રાજા કહે, 'એક સ્ત્રી સાંઢણી સાથે મારા મહેલમાં આવી. મેં એની આગળ મારી ભોગેચ્છા પ્રગટ કરી. પણ એ સ્ત્રી એનું વ્રત પૂરું કરવાનું બહાનું કાઢી, મારું કરોડોનું દ્રવ્ય લઈ ચાલી ગઈ. છેક રાજપુર પહોંચી ગઈ ને રથચાલકને એમ કહીને પાછો વાળ્યો કે રાજાએ મને સાસરે વળાવી છે.'

ત્રણ યોગીઓની વાત ચોથા યોગીએ (પૂર્વે જે ગુણાવળીનો પતિ હતો તે જયવંતે) સાંભળી. એ ત્રણે યોગીઓની વાત સાંભળી દંગ જ રહી ગયો. એને સમજાઈ ગયું કે આ ત્રણે જણાએ જે-જે સ્ત્રીથી છેતરાયાની વાત કરી એ એની પત્ની ગુણાવળી જ હતી. અને એણે આ બધું કર્યું એ તો એની શીલરક્ષા માટે કર્યું હતું.

હવે ત્રણે યોગીઓની વાત પછી વાત કરવાનો વારો જયવંતનો હતો. પણ પોતે તે ચારિત્ર્યવાન પત્ની પ્રત્યે ખોટી શંકા અને ગેરસમજ કરી બેઠો હતો. એ હવે પેલા યોગીઓ આગળ શું બોલે? ક્યો રહસ્યસ્ફોટ કરે? આ ચોથો યોગી (જયવંત) 'અલખ નિરંજન' બોલી ઊભો થઈ ગયો અને પોતાના ઘરભણી પહોંચવા ઉત્સુકતાથી ચાલી નીકળ્યો. ✷✷✷

સૌજન્ય, સ્વપ્નદર્શન અને સંપ્રાપ્તિ

અવંતી દેશમાં ઉજ્જયિની નગરીમાં દેવદત્તા નામની ગણિકા રહેતી હતી. આ નગરીમાં મૂલદેવ નામનો એક યુવાન આમ તો રાજકુળમાં જન્મેલો, સાધનસંપન્ન હતો પણ દ્યૂત આદિ ઉન્માર્ગે ચડી ગયો હતો. તે યુવાન દેવદત્તા ગણિકાને ત્યાં પણ જતો અને વિષયસુખ ભોગવી એના દિવસો આનંદમાં પસાર કરતો.

અચલ નામના એક બીજા યુવાને કોઈક વસંત-મહોત્સવમાં દેવદત્તા ગણિકાને જોઈ અને એના પ્રત્યે તીવ્ર અનુરાગવાળો બન્યો. જાતભાતની ભેટસોગાદો મોકલી છેવટે દેવદત્તાને અને એની માતાને વશ કરી. અચલ પણ હવે દેવદત્તા પાસે ભોગવિલાસ અર્થે આવવા માંડ્યો. જોકે દેવદત્તા ગણિકા હૃદયથી તો મૂલદેવ પ્રત્યે જ પ્રીતિ ધરાવતી હતી. પણ મૂલદેવ હવે પૈસેટકે ખુવાર થયો હોઈ દેવદત્તાની માતા મૂલદેવને પ્રવેશ કરાવતી ન હતી. અને એમ કરવામાં દેવદત્તાને મૂલદેવની નિર્ધનતાનું કારણ આપતી હતી.

એક વાર દેવદત્તાએ માતાને કહ્યું કે 'હું ધનની લોભી નથી. મૂલદેવ ભલે ધનથી ખુવાર હશે પણ એ વિવેકી અને ગુણસંપન્ન છે.' પણ માતા તો અચલનો જ પક્ષ લેતી રહી. ત્યારે દેવદત્તા બોલી, 'આપણે બન્નેની પરીક્ષા કરીએ.'

પછી દેવદત્તાએ દાસી સાથે અચલને સંદેશો મોકલાવ્યો કે 'તારી વલ્લભાને શેરડી ખાવાનો મનોરથ થયો છે.' આ સંદેશો મળતાં સાધનસંપન્ન અચલે હર્ષવિભોર બની શેરડી ભરેલાં એકાધિક ગાડાં મોકલી આપ્યાં.

માતા દેવદત્તાને કહે, 'જો, અચલ કેટલો બધો ઉદાર છે. તારી એક સામાન્ય માગણી ઉપર એણે કેટલું ધન ખર્ચી નાંખ્યું!' ત્યારે નાખુશી પ્રગટ કરતાં દેવદત્તા બોલી, 'શું હું હાથણી છું? પાંદડાં સમેત છોલ્યા-સમાર્યા વિના સાંઠાઓ એણે મોકલાવી આપ્યા, જાણે કોઈ પશુને આહાર કરવાનો ન હોય!'

પછી દેવદત્તાએ દાસી દ્વારા મૂલદેવને એવો જ સંદેશો મોકલાવ્યો. એટલે મૂલદેવે જરૂર પૂરતી જ શેરડી ખરીદી. છરીથી એને છોલીને સારી રીતે સમારી, રસસભર ટુકડાઓ ઉપર તજ, એલચી, ચારોળી વિગેરે સુગંધી વસ્તુઓ ભભરાવી, કોડિયામાં ગોઠવીને એ શેરડી દાસી સાથે મોકલાવી. દેવદત્તાએ માતાને કહ્યું, 'મૂલદેવનું સૌજન્ય અને વિનય તું જો. વગર મહેનતે ખાઈ શકાય એ રીતે એણે શેરડી મોકલાવી છે.' માતાને થયું કે દેવદત્તા અચલના ધન કરતાં મૂલદેવના ગુણને જ વિશેષ જોનારી છે.'

પછી ધનની લાલચુ માતાએ મૂલદેવનો કાંટો શી રીતે દૂર કરી શકાય એવી યુક્તિ વિચારવા માંડી. એણે અચલને શીખવાડી રાખ્યું કે 'હું બહારગામ જાઉં છું' એમ દેવદત્તાને જૂઠો સંદેશો મોકલવો. અચલ એ કપટને અનુસર્યો. અચલની ગેરહાજરીમાં દેવદત્તાએ મૂલદેવને આમંત્ર્યો. મૂલદેવના આવ્યા પછી થોડી જ વારમાં અચલ પણ ત્યાં આવી ચડ્યો. દેવદત્તા દ્વારા પલંગ પર નીચે સંતાડાયેલા મૂલદેવને અચલે માથાના વાળ પકડી ઊભો કર્યો. લજ્જિત થયેલો મૂલદેવ ત્યાંથી ચાલ્યો ગયો.

પોતાના જ દુશ્ચારિત્ર્યનું પરિણામ પોતે ભોગવી રહ્યો છે એવો કલંકિત ભાવ અનુભવતો મૂલદેવ ઉજ્જયિની નગરી ત્યજીને બેન્નાતટ નગરી તરફ જવા માટે નીકળી પડ્યો. સાથે રસ્તામાં ખાવા કાંઈ ભાતું પણ લીધું નહોતું. ચાલતો ચાલતો વનપ્રદેશ આગળ પહોંચ્યો ત્યાં એક પ્રવાસીનો એને ભેટો થયો જે એ જ માર્ગે આગળ જવાનો હતો. વળી એની પાસે ભાતું પણ હતું. મૂલદેવને થયું આ પ્રવાસીના સંગાથમાં આ વન પાર કરી શકાશે અને એની પાસેના ભાતાથી આહાર પણ કરી શકાશે.

આમ બંને જણા વાતો કરતા ચાલતા હતા. રસ્તે એક જળાશય આવ્યું ત્યાં વિશ્રામ માટે બંને થોભ્યા. પેલા પ્રવાસીએ એનું ભાતું બહાર કાઢ્યું અને એકલાએ જ એનો આહાર કર્યો. મૂલદેવ સામે જ બેઠો હતો. પણ એને ભાતું ખાવા માટે એક શબ્દ માત્રનો પણ ઉપચાર કર્યો નહીં.

ગુણસંપન્ન મૂલદેવે વિચાર્યું કે ભલે, આજે તો તે મને આમંત્રવાનું ભૂલી ગયો હશે પણ કાલે તો એ મને જરૂરથી આહાર માટે બોલાવશે.' પણ બીજે અને ત્રીજે દિવસે પણ, વનપ્રદેશ પૂરો થયો ત્યાં સુધીમાં એક પણ વખત પેલા પ્રવાસીએ જમવા માટેનો શિષ્ટાચાર કર્યો નહીં. તોપણ મૂલદેવે તો એની સૌજન્યશીલતાને કારણે એમ જ વિચાર્યું કે 'આનો મને સથવારો મળ્યો તેથી એ મારો ઉપકારી જ છે.'

પછી વસ્તીવાળા પ્રદેશમાં આવી જતાં બન્ને છૂટા પડ્યા. મધ્યાહ્નનો સમય હતો. મૂલદેવે મનથી સહેજ પણ કલેશ પામ્યા વિના હાથમાં

[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિ-વિરચિત ગ્રંથ, 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળ ગ્રંથની ભાષા પ્રાકૃત. વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં જે કથાઓ આપી છે તે બહુધા પ્રાકૃતમાં છે. વૃત્તિની રચના વિ. સં. ૧૧૭૪.

આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ-રચિત 'પાઠશાળા ગ્રંથ-૧'માં પણ આ કથા 'હે માનવ, બન તું હંસ' એ શીર્ષક હેઠળ અપાઈ છે. (ઈ. ૨૦૦૫).

પુસ્તક : 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.-અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ-૨. વિ. સ. ૨૦૨૮ (ઈ. સ. ૧૯૭૨.)]

પડિયો લઈને ભિક્ષા માટે નગરમાં પ્રવેશ્યો. બાફેલા અડદના બાકળાથી એનો પડિયો ભરાઈ ગયો. ભૂખ બરાબરની લાગી હતી. ભોજન અર્થે તે એક તળાવના કિનારા નજીક ગયો. તે જ સમયે એક મુનિને ગામ તરફ જતા મૂલદેવે જોયો. તેઓ સળંગ એક માસના ઉપવાસની તપશ્ચર્યાના પારણા અર્થે વહોરવા જતા હતા. આવા મુનિને જોતાં જ એને થયું કે મારા પુણ્ય બળવાન છે, જેથી ભોજન સમયે આવા મુનિનો યોગ થયો. એણે મુનિને વિનંતી કરી, 'હે ભગવંત! કરુણા કરી મારા આ બાકળા આપ સ્વીકારો.' મુનિએ પાત્રમાં બાકળા ગ્રહણ કર્યા.

એટલામાં મૂલદેવના અંતરના આવા સાત્ત્વિક ભાવ જાણીને મુનિભક્ત દેવી બોલી, 'તું વરદાન માગ.' ત્યારે મૂલદેવે દેવદત્તા, હજાર હાથી અને રાજ્યની માગણી કરી. પછી વહોરાવતાં વધેલા બાકળાથી પોતે ત્રણ દિવસના ઉપવાસનું પારણું કર્યું. જાણે અમૃતભોજન કર્યું હોય એવી તૃપ્તિ એણે અનુભવી.

પછી સાંજે બેન્નાતટની કોઈ ધર્મશાળામાં જઈને ત્યાં સૂઈ ગયો. વહેલી પરોઢે એણે એવું સ્વપ્ન જોયું જેમાં આકાશમાં સર્વ દિશાઓને પ્રકાશિત કરનાર પૂર્ણ ચંદ્રનું પોતે પાન કર્યું. એવું જ સ્વપ્ન સાથેના બીજા એક મુસાફરે પણ જોયું. બંને સાથે જાગ્યા. પેલા સાથેના જે મુસાફરને સ્વપ્ન આવ્યું હતું તેનું શું ફળ હોઈ શકે એ વિશે અન્ય મુસાફરોને તે પૂછવા લાગ્યો. ત્યારે એક મુસાફરે કહ્યું કે 'ઘી-ગોળવાળો પુડલો પ્રાપ્ત થશે.' એ રીતે એને એક વ્યક્તિને ત્યાંથી આવો પુડલો મળ્યો. મૂલદેવે વિચાર્યું કે જે સ્વપ્ન આવ્યું છે એનો માત્ર આટલો ફલાદેશ ન હોઈ શકે. પછી તે સ્વપ્નનો ફલાદેશ કહેનાર એક શાસ્ત્રાભ્યાસી પાસે ગયો. પછી પ્રણામ કરી તેને ચંદ્રપાનના સ્વપ્નદર્શનનો ફલાદેશ પૂછ્યો. સ્વપ્નશાસ્ત્રીએ રાજ્યપ્રાપ્તિનો ફલાદેશ પહેલાં જાણી લીધો. પછી તે મૂલદેવને કહે, 'તમે મારા જમાઈ બનવાના હો એ શરતે તમને ફલાદેશ કહું. મૂલદેવે સંમતિ આપતાં સ્વપ્નશાસ્ત્રીએ કહ્યું કે 'સાત દિવસમાં તમને રાજ્યપ્રાપ્તિ થશે.'

હવે બન્યું એવું કે નગરનો રાજા શૂળ-વેદનાથી અપુત્ર મરણ પામ્યો. નવો રાજા શોધવા માટે પાંચ દિવ્યો–હાથી, ઘોડો, છત્ર, ચામર અને કળશ–તૈયાર કરવામાં આવ્યાં. આ દિવ્યો નગરમાં પરિભ્રમણ કરતાં કરતાં મૂલદેવની નજીક આવ્યાં. ત્યાં હાથીએ કળશ ગ્રહણ કરી મૂલદેવનો અભિષેક કર્યો. ઘોડાએ હેષારવ કર્યો. ચામરો વીંઝાવા લાગ્યા. અને છત્ર એની ઉપર સ્થિર થયું. રાજ્યના મંત્રી-સામંતોએ મૂલદેવનું સ્વાગત કર્યું. મૂલદેવ રાજા બનીને સિંહાસને બિરાજમાન થયો.

આ વાત જાણીને પેલા ધર્મશાળાના મુસાફરને આવું જ સ્વપ્ન આવેલું તે વસવસો કરવા લાગ્યો કે અમને બન્નેને એકસરખું જ સ્વપ્ન આવેલું તો મને રાજ્ય કેમ ન મળ્યું? લોકોએ એને સમજાવીને શાંત કર્યો.

મૂલદેવને થયું કે મને રાજ્ય મળ્યું, હજાર હાથીઓ મળ્યા, પણ હજી દેવદત્તા બાકી રહી. એટલે એણે ઉજ્જયિનીના રાજાને દાન-માનથી હેતપ્રીતથી વશ કર્યો. અંતે રાજાએ દેવદત્તા એને સમર્પિત કરી.

હવે પેલો વનપ્રદેશનો પ્રવાસી જેણે ત્રણ દિવસ સુધીમાં એક પણ વખત મૂલદેવને આહાર માટેનો શિષ્ટાચાર નહોતો કર્યો, એને જાણ થઈ કે આ મૂલદેવ રાજા બન્યો છે એટલે તે રાજભવનમાં મૂલદેવને મળવા આવ્યો. મૂલદેવે એને ઓળખ્યો. એનો આદર કર્યો. વનપ્રદેશમાં એનો સથવારો મળેલો એ બાબતે પોતે એનો ઉપકારવશ છે તેમ કહીને એને એક સારું ગામ ભેટમાં આપ્યું.

હવે પેલી બાજુ દેવદત્તા ગણિકાના સહવાસ માટે મૂલદેવની ઈર્ષ્યા કરનાર અચલ ધન-ઉપાર્જન અર્થે દેશાંતરે ગયો. ત્યાંથી ઘણું ધન રળીને, કરિયાણાના ગાડાં ભરીને દૈવયોગે બેન્નાતટ નગરે આવ્યો. ત્યાં દાણ બચાવવા માટે કરિયાણાના કીમતી પદાર્થો છુપાવી રાખ્યા. એની આ દાણચોરી પકડાઈ જતાં એને રાજા પાસે લઈ જવામાં આવ્યો. ભયભીત થયેલા અચલને મૂલદેવે ઓળખ્યો. પોતાને ઉજ્જયિની છોડવામાં નિમિત્ત બનનાર આ અચલ પ્રત્યે મૂલદેવના મનમાં કશો વૈરભાવ-દુર્ભાવ જાગ્યો નહિ. ઊલટાનો એને સંતુષ્ટ કરી માનભેર વિદાય કર્યો. અચલે ઉજ્જયિની આવી અપકારની સામે ઉપકાર કરનાર સૌજન્યશીલ, ગુણસંપન્ન મૂલદેવની ભરપેટ પ્રશંસા કરી. ✷✷✷

- *અજ્ઞાની માણસ એમ માને છે કે ધનસંપત્તિ, પશુઓ અને જ્ઞાતિબંધુઓ એ બધાં પોતાને રક્ષણ આપવાવાળાં છે, કારણ કે 'તેઓ મારાં છે અને હું તેઓનો છું.' પરંતુ એ બધાં તેનાં રક્ષક નથી કે શરણરૂપ નથી.*
- *અજ્ઞાની જીવો કર્મોનો ક્ષય કરી શકતા નથી. ધીર પુરુષો અકર્મથી કર્મનો ક્ષય કરે છે. બુદ્ધિમાન પુરુષો લોભ અને ભયથી દૂર રહે છે. તેઓ સંતોષી હોય છે અને તેથી પાપકર્મ કરતા નથી.*
- *જેઓ ક્રોધી, અજ્ઞાની, અહંકારી, અપ્રિય વચન બોલનારા, માયાવી અને શઠ હોય છે તે અવિનીતાત્મા પાણીના પ્રવાહમાં જેમ લાકડું તણાય તેમ સંસારમાં તણાય છે.*
- *જે ભાષા બોલવાથી બીજાને અપ્રીતિ કે અવિશ્વાસ ઉત્પન્ન થાય અથવા બીજાને તરત ગુસ્સો થાય એવી અહિતકર ભાષા ક્યારેય ન બોલવી.*

આરામશોભા

ભરતક્ષેત્રમાં કુશાવર્ત્ત દેશમાં સ્થલાશ્રય નામે એક ગામ છે. એ ગામની આસપાસની ભૂમિ તદ્દન વૃક્ષ-વનસ્પતિ વિનાની છે. કેવળ ઘાસ સિવાય કોઈ અન્ન ત્યાં પેદા થતું નથી.

એ ગામમાં અગ્નિશર્મા નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને જ્વલનશિખા નામે પત્ની હતી. પત્નીની કૂખે એક પુત્રીનો જન્મ થયો હતો. તેનું નામ વિદ્યુત્પ્રભા રાખવામાં આવ્યું હતું. પુત્રી રૂપવાન અને ગુણસંપન્ન હતી. આ પુત્રી જ્યારે આઠ વર્ષની થઈ ત્યારે માતા એક ભયંકર વ્યાધિમાં સપડાઈને મૃત્યુ પામી. પરિણામે નાની વયમાંજ પુત્રીને ઘરના કામકાજનો બોજ માથે ઉપાડવાનો થયો. સવારે ઊઠીને તે ગાયો દોહતી, ગાયોને ચરાવવા લઈ જતી, છાણ એકઠું કરતી, પિતાને જમાડતી. આ બધા કામો ખડે પગે તે સંભાળતી.

એક દિવસ આ કામોથી અત્યંત શ્રમિત થઈને પુત્રીએ પિતાને પોતાને માટે માતા લાવવાનું કહ્યું. પુત્રીની પરિસ્થિતિ પારખીને પિતા એક સ્ત્રીને પત્ની તરીકે ઘરમાં લઈ આવ્યા. પણ આ સાવકી મા તો પુત્રીનો બોજ હળવો કરવાને બદલે એને બધાં કામો વળગાડી પોતે સ્નાન-વિલેપન-વસ્ત્રાલંકારમાં રચીપચી રહેવા લાગી. પુત્રીને થયું કે પોતે ઊલટાની ઉલમાંથી ચૂલમાં પડી. એનો સંતાપ બેવડાયો.

કામ માટે રોજ સવારે તે બહાર જાય. ભોજન સમયે ઘેર આવે ત્યારે વધ્યું-ઘટ્યું ખાવા પામે. પછી પાછી કામે જાય તે રાત્રે પાછી આવે. આમ દુઃખના દહાડા પસાર કરતી તે મોટી થવા લાગી.

એક દિવસ ગાયો ચરાવવા ગયેલી વિદ્યુત્પ્રભા ઘાસની વચ્ચે સૂતી હતી. ત્યાં એક નાગ આવ્યો. એ નાગે મનુષ્યવાણીમાં વિદ્યુત્પ્રભાને ઉઠાડી. નાગ કહે, 'દીકરી, ડરનો માર્યો હું અહીં આવ્યો છું. દુષ્ટ ગારુડીઓ મારી પાછળ પડ્યા છે. તો તારી ઓઢણીથી ઢાંકીને તું મારી રક્ષા કર. તું મારો જરા પણ ભય રાખીશ નહીં.'

આ બાળાએ નાગને છુપાવી દીધો. થોડીવારમાં ગારુડીઓ નાગને શોધતા ત્યાં આવ્યાં. એમને થયું કે જો આ બાલિકાએ નાગને જોયો હોત તો એણે ચીસાચીસ કરી હોત. એટલે નાગને ન જોતાં તે ગારુડીઓ ત્યાંથી ચાલ્યા ગયા.

પછી બાળાએ નાગને બહાર નીકળવા કહ્યું. ત્યારે તે નાગ હવે દેવસ્વરૂપે પ્રગટ થઈને કહેવા લાગ્યો, 'બેટા, હું તારા પરોપકાર અને ધૈર્યયુક્ત આચરણથી પ્રસન્ન થયો છું. તો તું વરદાન માગ.'

બાળાએ કહ્યું 'જો પ્રસન્ન થયા હો તો આ વૃક્ષ વિનાની ભૂમિમાં મારી ઉપર છાંયડો કરો જેથી હું સુખેથી ગાયોને ચરાવી શકું.' ત્યારે નાગદેવે એની ઉપર એક ઉદ્યાન (આરામ)નું નિર્માણ કર્યું. એવો ઉદ્યાન જે અનેક વૃક્ષોથી સભર અને પુષ્પોથી સુવાસિત હતો. પછી નાગદેવે કહ્યું, 'આ ઉદ્યાન તું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં તારા ઉપર છવાયેલો રહેશે. ઘેર જતાં એ તારી ઇચ્છાથી સંકોચાઈને નાનો બની તારા ઘર ઉપર સ્થિર થશે. તને કોઈ પણ આફત આવે ત્યારે તું મારું સ્મરણ કરજે.' આમ કહી નાગદેવ અદૃશ્ય થયો.

વિદ્યુત્પ્રભા મોડી સાંજ સુધી ત્યાં જ રોકાઈ. પ્રગટ થયેલાં ઉદ્યાનના વિવિધ ફળોથી એની ભૂખ-તરસ છીપાવી. પછી ગાયોને લઈ ઘેર ગઈ. ઉદ્યાન પણ એની સાથે સાથે આવી ઘર ઉપર છવાયો. સાવકી માતાએ જમવાનું કહેતાં 'ભૂખ નથી' કહીને સૂઈ ગઈ.

રોજિંદા ક્રમ પ્રમાણે વિદ્યુત્પ્રભા એક દિવસ વગડામાં ઉદ્યાન નીચે સૂતી હતી ત્યાં પાટલિપુત્રનો જિતશત્રુ રાજા એના મંત્રી અને સૈન્ય સાથે ત્યાં આવી ચડ્યો. તેણે આ ઉદ્યાન જોયો એટલે ત્યાં જ પડાવ નાંખ્યો. સૈન્યના અને હાથીઓના અવાજથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ. હાથીઓના ભયથી એની ગાયોને દૂર ચાલી ગયેલી એણે જોઈ. એટલે એ ગાયોને પાછી વાળવા માટે દોડી.

હવે બન્યું એવું કે એના દોડવા સાથે આખો ઉદ્યાન પણ એની સાથે ખસવા લાગ્યો. રાજા, મંત્રી અને સૌ સાથીઓ આ જોઈ નવાઈ પામી ગયા. એમને તો આ એક ઈન્દ્રજાળ જેવું લાગ્યું. મંત્રીએ કહ્યું કે 'આ બાળાની સાથે સાથે ઉદ્યાન ચાલી નીકળ્યો હતો. એટલે આ છોકરીનો કોઈ પ્રભાવ જણાય છે.'

મંત્રીએ છોકરીને નજીક બોલાવી. વિદ્યુત્પ્રભા પાછી આવી એની સાથે ઉદ્યાન પણ પાછો આવ્યો. રાજા આ છોકરીની દૈવી લબ્ધિ જોઈને એના પ્રત્યે અનુરક્ત થયો. મંત્રી રાજાની ઈચ્છા કળી જઈ વિદ્યુત્પ્રભાને કહે,

[આ કથાનો આધારસ્રોત છે આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ-વિરચિત 'મૂલશુદ્ધિ પ્રકરણ' પરની આચાર્ય દેવેન્દ્રસૂરિ-વિરચિત વૃત્તિ. મૂળ ગ્રંથ પ્રાકૃતમાં છે, વૃત્તિ સંસ્કૃતમાં છે. પણ એ વૃત્તિ-અંતર્ગત મળતી આ કથા પ્રાકૃત ભાષામાં છે. કથાનક ગદ્યપદ્યમિશ્રિત છે. રચનાવર્ષ ઈ. સ. ૧૦૮૯ છે.

આ કથા સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં રચાયેલા છએક ગ્રંથોમાં મળે છે. ઉપરાંત મધ્યકાલીન ગુજરાતી ભાષામાં છએક જૈન સાધુકવિઓએ આ કથાની રચના કરી છે. પરંતુ એ બધામાં આચાર્ય દેવચન્દ્રસૂરિ રચિત વૃત્તિમાં મળતી કથા સૌથી પ્રાચીન છે.

પુસ્તક : 'આરામશોભા રાસમાળા', સંપા. જયંત કોઠારી, પ્રકા. પ્રાકૃત જૈન વિદ્યા વિકાસ ફંડ, અમદાવાદ-૧૫, ઈ. સ. ૧૯૮૯.]

'આ રાજાનો તું ભર્તાર તરીકે સ્વીકાર કર.'

વિદ્યુત્પ્રભા કહે, 'હું સ્વતંત્ર નથી. ઘેર માતાપિતા છે.' મંત્રીએ એને બધી પૂછતાછ કરી ઘરનો પરિચય મેળવી લીધો. મંત્રી ગામમાં ગયો અને અગ્નિશર્મા બ્રાહ્મણ પાસે એની પુત્રીનું રાજા માટે માગું કર્યું. પિતા કબૂલ થયો. મંત્રી એને રાજા પાસે લઈ આવ્યો. પછી રાજાએ ગાંધર્વવિવાહથી વિદ્યુત્પ્રભા સાથે લગ્ન કર્યાં. લગ્ન પછી એનું નામ બદલીને આરામશોભા રાખવામાં આવ્યું; કેમકે એની ઉપર આરામ (ઉદ્યાન) શોભાયમાન-વિરાજમાન હતો.

જિતશત્રુ રાજા જ્યારે આરામશોભાને લઈને પાટલિપુત્ર પહોંચ્યો ત્યારે નગરની સમગ્ર પ્રજા રાજારાણીને વધાવવા ઘર બહાર નીકળી આવી. સૌ આ નવી રાણીની પ્રશંસા કરવા લાગ્યાં. વળી હાથી ઉપર બિરાજેલ રાણીને માથે નાનકડો ઉદ્યાન જોઈ કુતૂહલ વ્યક્ત કરવા લાગ્યાં.

પછી રાજારાણીને વિષયસુખ ભોગવતાં ઘણો સમય વીતી ગયો.

હવે આ બાજુ, આરામશોભાની સાવકી માતાએ પુત્રીને જન્મ આપ્યો. પુત્રી વયમાં આવી ત્યારે માતાએ વિચાર્યું કે જો કોઈ રીતે આરામશોભાની હયાતી ન હોય તો રાજા મારી પુત્રીને પરણે. આમ વિચારી એણે આરામશોભાનો કાંટો કાઢવા પ્રપંચ આદર્યો.

એક દિવસ તે પતિને કહેવા લાગી, 'તમે આરામશોભાને ભેટમાં કાંઈ ભાતું કેમ મોકલતા નથી? ભલે એને ત્યાં કશી કમી નથી, પણ આપણા ચિત્તના સંતોષ માટે એમ કરવું જોઈએ.' બ્રાહ્મણ પત્નીની વાત સાથે સંમત થયો.

સાવકી માએ મસાલાથી ભરપૂર સિંહકેસર લાડુ બનાવ્યા. એમાં એણે વિષ ભેળવ્યું. પછી એક ઘડામાં મૂકી પતિને આરામશોભાને ત્યાં મોકલ્યો. સાથે એવી સૂચના આપી કે 'આ લાડુ માત્ર આરામશોભાએ જ ખાવાના છે.' એ માટે એણે દલીલ એવી કરી કે 'જો રાજકુળમાં બીજા ખાય તો આપણી તુચ્છતા હાંસીપાત્ર બને.'

સરળ સ્વભાવનો બ્રાહ્મણ પત્નીનો દુષ્ટ ઈરાદો કળી શક્યો નહીં. લાડુ ભરેલો ઘડો લઈ તે પાટલિપુત્ર પહોંચ્યો. થાક્યો હોવાથી નગર બહાર એક વડના ઝાડ નીચે સૂતો.

ત્યાં રહેલા પેલા નાગદેવે જાણી લીધું કે આ લાડુમાં ઝેર ભેળવેલું છે. આ લાડુ જો ખાય તો આરામશોભા મરી જ જાય. એટલે એણે પોતાની દૈવી શક્તિથી ઝેરના લાડુને સ્થાને અમૃતના લાડુ મૂકી દીધા.

બ્રાહ્મણ જાગી ગયા પછી રાજમહેલે ગયો. રાજાને સંદેશો મોકલાવ્યો કે રાણીના પિતા મળવા આવ્યા છે. રાજાએ અગ્નિશર્માને મહેલમાં તેડાવ્યો. પછી બ્રાહ્મણે આરામશોભાને ભેટ ધરીને કહ્યું, 'તારી માતાએ પ્રેમથી આ ભાતું મોકલ્યું છે. બધામાં હાંસીપાત્ર ન બનું એટલે આ ભેટ કેવળ તારા માટે જ છે.'

આરામશોભાએ રાજાની સંમતિ લઈને જેવો ઘડો ખોલ્યો કે એમાંથી મીઠી સુગંધ પ્રસરી રહી. રાજા કૌતુકથી લાડુ જોવા લાગ્યો. એટલું જ નહિ, લાડુ પ્રેમથી આરોગ્યા પણ ખરા. રાજાએ રસમધુર લાડુની ખૂબ પ્રશંસા કરી. વળી, અન્ય રાણીઓને પણ એકેક લાડુ મોકલાવ્યા. સૌએ આરામશોભાની માતાની આવડતને વખાણી.

પછી બ્રાહ્મણે પોતાની પુત્રીને થોડા સમય માટે પિયર મોકલવાની રાજાને વિનંતી કરી. ત્યારે રાજાએ કહ્યું, 'રાજરાણી સૂર્યથી ઓઝલમાં રહે છે.' આમ રાજાની 'ના' થવાથી પિતા એકલો પાછો ફર્યો. ઘેર પહોંચીને બધો વૃત્તાંત કહ્યો. ત્યારે પત્ની પોતાનું કાવતરું નિષ્ફળ જવાથી નિરાશ થઈ. પછી નિર્ણય કર્યો કે 'બીજી વાર વધારે અસરકારક ઝેર ભેળવીશ.'

થોડાક દિવસો પછી સાવકી માએ વિષમિશ્રિત સૂતરફેણીનો કરંડિયો આરામશોભાને ભેટ ધરવા પતિ સાથે મોકલ્યો. બ્રાહ્મણ પહેલાંની જેમ જ નગર બહારના વડ પાસે પહોંચ્યો. નાગદેવે તેને જોયો. દૈવી વિદ્યાથી સત્ય જાણી લીધું. એટલે મીઠાઈમાંથી વિષ દૂર કર્યું. બ્રાહ્મણે મહેલે જઈને ભેટ ધરી. પહેલાંની જેમ જ આરામશોભાની માતાની સૌએ પ્રશંસા કરી. આ વખતે આરામશોભા સગર્ભા હતી. પિતાએ ઘેર પહોંચી આ સમાચાર પત્નીને કહ્યા.

થોડા સમય પછી માતાએ ત્રીજી વાર પતિને મીઠાઈ સાથે પાટલિપુત્ર મોકલ્યો. અને પતિને ખાસ સૂચના આપી રાખી કે સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે અહીં લઈ આવવી અને રાજા ન માને તો બ્રાહ્મતેજ બતાવવું.

આ વખતે પણ વડ પાસે નાગદેવે મીઠાઈમાંથી વિષ હરી લીધું. બ્રાહ્મણે રાજમહેલે જઈ મીઠાઈની ભેટ ધરીને પછી સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે પિયર મોકલવા રાજાને વિનંતી કરી. રાજાએ ના પાડી એટલે તરત જ પિતાએ પોતાના પેટ ઉપર છરી મૂકીને કહ્યું, 'જો પુત્રીને નહિ મોકલો તો હું બ્રહ્મહત્યા કરીશ.' ત્યારે રાજાએ મંત્રીનું સમર્થન લઈને આરામશોભાને ઘણી સામગ્રી તેમજ પરિચારિકાઓ સાથે પિયર મોકલી.

પતિ આરામશોભાને લઈને ઘેર આવી રહ્યો છે એની જાણ થતાં ઘરની પાછળ એક કૂવો ખોદાવ્યો. પછી, પોતાની વયમાં આવેલી સગી પુત્રીને છાની રીતે એક ભોંયરામાં રાખી.

આરામશોભા રાજવી ઠાઠપૂર્વક આવી. થોડા સમય પછી આરામશોભાએ એક સ્વરૂપવાન બાળકને જન્મ આપ્યો.

એક દિવસ લાગ જોઈને માતા આરામશોભાને કુદરતી હાજતે પાછલા દરવાજેથી લઈ ગઈ. કૂવા તરફ એની નજર જતાં કુતૂહલથી એણે કૂવામાં ડોકિયું કર્યું. ત્યારે માતાએ એને નિર્દયતાથી કૂવામાં ધકેલી દીધી. આરામશોભા ઊંધે મોંએ કૂવામાં પડી. પડતાં વેંત એણે નાગદેવે આપેલી સલાહ અનુસાર દેવનું સ્મરણ કર્યું. ત્યારે તે નાગદેવે પોતાની હથેળીમાં તેને ઝીલી લીધી. અને કૂવામાં એક પાતાલભવન બનાવી એમાં એને રાખી. આરામશોભા ત્યાં સુખેથી

રહેવા લાગી. ઉદ્યાન પણ એની સાથે સાથે કૂવામાં પેઠો. નાગદેવ સાવકી માતા પ્રત્યે ગુસ્સે થયો પણ આરામશોભાએ દેવને શાંત કર્યા.

હવે સાવકી માતાએ પોતાની સગી પુત્રીને સુવાવડીનો વેશ પહેરાવી આરામશોભાને સ્થાને ગોઠવી દીધી.

રાજાએ મોકલેલી પરિચારિકાઓ પથારીમાં આ યુવતીને જોઈને બોલી ઊઠી, 'સ્વામિની, તમારો દેહ કેમ જુદો દેખાય છે?' પેલી કહે 'મારા શરીરે ઠીક નથી'

માતા પણ કપટથી દુ:ખ વ્યક્ત કરવા લાગી, 'મારી આ (આરામશોભા) દીકરીને કોઈની નજર લાગી છે? શું એને કોઈ રોગ લાગુ પડ્યો છે?' પરિચારિકાઓ પણ રાજાના ભયથી ફફડવા લાગી. એટલામાં તો રાજમંત્રી પોતે અહીં આવી પહોંચ્યા અને રાજાજ્ઞા ફરમાવી કે 'રાણીએ હવે નવજાત કુમારને લઈને જલદી પાટલિપુત્ર આવવું.'

પ્રસ્થાનની ઘડી આવી. ત્યારે અન્ય સહુને નવાઈ લાગી કે આરામશોભાને માથે રહેલો ઉદ્યાન ક્યાં ગયો? માતાએ ખુલાસો કર્યો કે 'ઘરના કૂવામાં પાણી પીવા માટે ઉદ્યાનને મૂક્યો છે. તમે બધાં ચાલવા માંડો.'

નકલી રાણી અને કુમાર પાટલિપુત્ર પહોંચ્યાં. પ્રજાએ બન્નેનું ભવ્ય સ્વાગત કર્યું. રાજાએ પણ રાણી અને કુમારને જોયા. ત્યારે રાજાએ નવાઈ પામી રાણીને પછ્યું, 'તારો દેહ મને કેમ જુદો લાગે છે?' ત્યારે નકલી રાણી બનેલી, સાવકી માતાની દીકરીએ કહ્યું, 'પ્રસૂતિરોગને લીધે શરીર આવું થઈ ગયું છે.' પછી રાજાએ પૂછ્યું, 'ઉદ્યાન કેમ દેખાતો નથી?' ત્યારે એણે કહ્યું, 'તે કૂવામાં પાણી પી રહ્યો છે.' તોપણ રાજાના મનમાંથી સંશય ગયો નહીં. એને સતત થયા કરતું કે આ કોઈ બીજી જ સ્ત્રી લાગે છે.

હવે પિયરમાં રહેલી આરામશોભાએ નાગદેવને વિનંતી કરી કે પુત્રનો વિરહ પોતાને ખૂબ જ સતાવે છે. ત્યારે દેવે કહ્યુ, 'તું મારી શક્તિથી કુમાર પાસે જઈ શકીશ. પણ એને જોઈને સૂર્યોદય થતા પહેલાં તું અચૂક પાછી ફરી જજે. જો તું એમ નહિ કરે અને આવવામાં વિલંબ થશે તો મારું મૃત્યુ થશે. અને તારા કેશપાશમાંથી મરેલા નાગ રૂપે તું મને જોઈશ.'

દેવના પ્રભાવથી આરામશોભા ક્ષણમાત્રમાં પાટલિપુત્ર પહોંચી. રાજાને અને પોતાની સાવકી બહેનને પલંગમાં સૂતેલાં જોયાં. પછી પારણામાં પુત્રને સૂતેલો જોયો. પુત્રને ખૂબ રમાડી, ખૂબ વહાલ કરી, પોતાના ઉદ્યાનનાં ફળફૂલ એની પાસે મૂકી આરામશોભા સમયસર પાછી ફરી. સવારે કુમારની આયાએ રાજાને જાણ કરી કે કોઈ કુમારની પાસે ફળફૂલ મૂકી ગયું છે. રાજાએ જાતે જઈને એની ખાતરી કરી. રાણીને પૂછ્યું, 'આ શું છે?' નકલી રાણી જૂઠું બોલી, 'મેં રાત્રે સ્મરણ કરીને ઉદ્યાનમાંથી આ ફળફૂલ આણ્યાં છે.'

બીજે દિવસે પણ એમ જ થયું. આરામશોભા દૈવી શક્તિથી રાત્રે અહીં આવી, પુત્રને રમાડી, ફળફૂલ મૂકી વિદાય થઈ. એટલે રાજા ત્રીજી રાતે હાથમાં ખડ્ગ રાખી ગુપ્ત રીતે શું બને છે તે જોવા ઊભો રહ્યો. ત્યારે રાત્રે સાચી આરામશોભા આવી. રાજાને ખાતરી થઈ કે આ જ મારી સાચી પત્ની છે. પેલી તો કોઈ બીજી છે. આરામશોભા પુત્રને રમાડી પાછી ચાલી ગઈ. સવારે રાજાએ રાણીને ફરજ પાડી કે તારે આજે ઉદ્યાન અહીં લાવવાનો છે. ત્યારે રાણીનો ચહેરો નિસ્તેજ બની ગયો.

ચોથી રાતે જ્યારે આરામશોભા આવી ત્યારે રાજાએ એનો હાથ પકડી કહ્યું, 'તું કેમ મારી વંચના કરે છે?' ત્યારે એણે કહ્યું, 'હું કાલે કહીશ.' અત્યારે તો મને જવા દો.' પણ રાજાએ એને બળપૂર્વક રોકી રાખી. ત્યારે આરામશોભા કહે, 'આમ કરશો તો તમને ભારે પસ્તાવો થશે.' રાજાએ એનું કારણ જાણવા માગ્યું.

પછી આરામશોભાએ મૂળથી સાવકી માતાના દુર્વ્યવહારનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યાં સુધીમાં અરુણોદય થઈ જતાં એના ચોટલામાંથી મરેલો સાપ નીચે પડ્યો. આરામશોભા આ જોઈ મૂર્ચ્છાવશ બની ગઈ. પછી ભાનમાં આવી રાજાને કહ્યું, 'મારી સહાયમાં રહેતા નાગદેવની આજ્ઞાનો મારે હાથે ભંગ થયો એનું આ પરિણામ.'

પછી આરામશોભા ત્યાં જ રહી ગઈ. રાજાએ નકલી રાણીને બંધનમાં નાખી. ત્યારે આરામશોભાએ રાજાને વિનંતી કરી બહેનને બંધનમુક્ત કરાવી. અને બહેન ગણીને પોતાની પાસે રાખી. પછી રાજાએ આરામશોભાની સાવકી માતાના નાક-કાન કાપી એને અને બ્રાહ્મણને દેશમાંથી હાંકી કાઢવાનું ફરમાન કર્યું. પણ આરામશોભાએ કરુણાભાવે એ ફરમાન પણ રદ કરાવ્યું.

પછી એક વખત નગરના ઉદ્યાનમાં વીરચંદ્ર નામના મહાત્મા વિશાળ સાધુ સમુદાય સાથે પધાર્યા. આરામશોભા રાજાને લઈ ઉદ્યાનમાં ગઈ. મહાત્મા ત્યારે ધર્મોપદેશ આપી રહ્યા હતા. સત્કર્મો અને દુષ્કર્મોનો વિપાક (પરિણામ) સમજાવી રહ્યા હતા.

ધર્મોપદેશ પત્યા પછી આરામશોભા અને રાજા મહાત્માની પાસે જઈ વંદન કરી નજીકમાં એમની સામે જઈને બેઠાં. પછી આરામશોભાએ આ જન્મમાં એને થયેલા દુ:ખસુખના અનુભવો કેવાં કર્મોનું પરિણામ છે એ વિશે મહાત્માને પૃચ્છા કરી.

ત્યારે મહાત્માએ આરામશોભાના પૂર્વભવનો વિસ્તારથી સઘળો વૃત્તાંત કહ્યો–

પૂર્વભવમાં પોતે એના પિતાની અણગમતી આઠમી પુત્રી હતી. પિતાએ એને જે યુવક સાથે પરણાવી હતી તે એને રસ્તામાં ત્યજીને ચાલ્યો ગયો હતો. માણિભદ્ર નામના એક શેઠે એને પોતાની દીકરી જેવી ગણી આશ્રય આપ્યો. પોતાના પાલક પિતા એવા આ શેઠને ત્યાં એ ધર્મ-આરાધના કરવા લાગી. અને પોતાના શીલના પ્રભાવથી

શેઠની ઉજ્જડ થયેલી વાડી એણે નવપલ્લવિત કરી આપી હતી. પછી ઉગ્ર તપશ્ચર્યા કરી તે મૃત્યુ પામી. અને એણે જે નવો જન્મ લીધો તે જ આ ભવની આરામશોભા. પાલક પિતા માણિભદ્ર શેઠ તે આ ભવના નાગદેવ. શીલના પ્રભાવથી વાડી નવપલ્લવિત કરેલી એના પ્રતાપે એને દેવદીધા ઉદ્યાનની પ્રાપ્તિ થઈ.

પોતાનો પૂર્વભવ તાજો થતાં આરામશોભાએ મહાત્માના ચરણોમાં ઝૂકી પ્રણામ કર્યાં. એનું ચિત્ત પ્રબળ વિરક્તિભાવ અનુભવવા લાગ્યું. રાજાએ પણ તત્ક્ષણ નિશ્ચય કરીને કહ્યું, 'હું પણ પુત્રનો રાજ્યાભિષેક કરી તમારી સાથે જ દીક્ષિત થઈ સંયમમાર્ગ સ્વીકારીશ.'

પછી રાજા અને રાણીએ રાજભવનમાં જઈ કુમારનો રાજ્યાભિષેક કર્યો અને પછી આ મહાત્મા પાસે બંનેએ દીક્ષા ગ્રહણ કરી. સમય જતાં બંને ગીતાર્થ બન્યાં. ભવ્ય જીવોને ધર્મોપદેશ કરી, અંતે અનશન સ્વીકારી બંને સ્વર્ગે ગયાં. ✷✷✷

પરમહંસ અને ચેતના: એક વિશિષ્ટ રૂપકકથા

પરમહંસ નામનો રાજા ત્રિભુવનનું સામ્રાજ્ય ધરાવે છે. તેને ચેતના નામે રાણી છે. બંનેની પરસ્પર ગાઢ પ્રીતિ છે. એક દિવસ એક શ્યામવર્ણી પણ મોહાકર્ષક વિકારી દૃષ્ટિવાળી માયા નામની નવયૌવના રાજાની નજરે ચઢી. પરમહંસ રાજા એ માયા સ્ત્રીમાં લુબ્ધ થયા. ચેતના રાણીએ રાજાને ઘણું સમજાવ્યા પણ પતિની માયાવશતા આગળ ચેતના ફાવી નહીં. ચેતનાએ ત્યાર પછી પરમહંસને મળવાનું બંધ કર્યું. માયાને તો એ જ જોઈતું હતું. તે હવે પરમહંસની માનીતી રાણી થઈ બેઠી.

મોહજાળમાં ફસાયેલા રાજાએ નવી કાયાનગરી વસાવી. મન નામના અમાત્યને રાજ્યનો સઘળો કારોબાર સોંપી રાજા માયા સાથે સતત ભોગવિલાસમાં રત બની ગયો.

ભાન ભૂલેલા રાજાને ખબર ન રહી કે મન અમાત્ય અને માયા રાણી એક થઈ ગયાં છે. તે બંનેએ મળીને પરમહંસને પાપની બેડીએ બાંધીને કેદમાં નાંખ્યો. હવે મન અમાત્યે પોતે જ રાજમુગટ પહેરી લીધો. હવે મનની ઈચ્છાએ રાજ્ય ચાલવા લાગ્યું.

હવે આ મન રાજા બે રાણીઓને પરણ્યો : પ્રવૃત્તિ અને નિવૃત્તિ. પ્રવૃત્તિથી મોહ પુત્રનો જન્મ થયો, નિવૃત્તિએ વિવેક પુત્રને જન્મ આપ્યો. પ્રવૃત્તિને નિવૃત્તિ આંખના કણાની જેમ ખૂંચતી. શોક્યનું સાલ કાઢવા તે પતિના કાન ભંભેરવા લાગી. પ્રવૃત્તિની ચઢવણીથી મન રાજાએ નિવૃત્તિ રાણી અને પુત્ર વિવેકને દેશવટો આપી દીધો. શોક્યનું સાલ દૂર થતાં પ્રવૃત્તિએ પતિને ફોસલાવીને પુત્ર મોહને રાજગાદીએ બેસાડ્યો.

આ મોહરાજાએ અવિદ્યા નામની નગરી વસાવી એને પોતાની રાજધાની બનાવી. મોહરાજા દુર્ગતિ નામની યુવતીને પરણ્યો. એનાથી એને જતે દિવસે છ સંતાનો થયાં. કામ, રાગ અને દ્વેષ એ ત્રણ કુંવરો અને નિદ્રા, અધૃતિ અને મારિ એ ત્રણ કુંવરીનો એ પિતા બન્યો.

હવે દેશવટો પામેલ માતા-પુત્ર નિવૃત્તિ અને વિવેક ભમતાં ભમતાં પ્રવચનપુરી નગરી પાસેના આત્મારામ વનમાં વસતા વિમલબોધને ત્યાં જઈ ચઢ્યાં. વિમલબોધે એમને રહેવાની વ્યવસ્થા કરી આપી. એટલું જ નહીં, વિવેકનાં ઉત્તમ લક્ષણો જોઈ સુમતિ નામની કન્યાને વિવેક સાથે પરણાવી. પછી માતા નિવૃત્તિ, પુત્ર વિવેક અને પુત્રવધૂ સુમતિ એ ત્રણે નજીકની પ્રવચનપુરીમાં જઈ વસ્યા. વિવેકે ત્યાંના અરિહંત રાયના દરબારમાં જઈ પ્રવૃત્તિપુત્ર મોહરાજાના અત્યાચારોની વાત કરી. અરિહંતે વિવેકને સલાહ આપી કે જે લોકો મોહત્રસ્ત થયા હોય તેમને લઈ આવીને આપણા પ્રદેશમાં મુક્તિપુરી વસાવવી. વિવેકે સુપેરે એનો અમલ કરતાં અરિહંત રાય તરફથી પુણ્યરંગપટ્ટણની જાગીર પ્રાપ્ત થઈ.

વિવેક હવે પુણ્યરંગપટ્ટણમાં રાજ્ય કરવા લાગ્યો. ત્યાં એક દિવસ મોહરાજાના ત્રણ જાસૂસો દંભ, કદાગ્રહ અને પાખંડ અહીં આવી પહોંચ્યા. જ્ઞાન નામના કોટવાળે એમને વિદેશી જાણી નગરીમાં પેસવા દીધા નહિ. એટલે કદાગ્રહ અને પાખંડ પાછા વળી ગયા. પણ દંભ વેશપલટો કરી નગરીમાં પ્રવેશી ગયો. અહીં એણે વિવેકરાયનો પ્રતાપ નિહાળ્યો. દંભે

[આ રૂપકકથાનો મૂળ આધારસ્રોત છે જૈન સાધુકવિ શ્રી જયશેખરસૂરિએ સંસ્કૃત ભાષામાં પદ્યમાં રચેલું રૂપકકાવ્ય 'પ્રબોધ ચિન્તામણિ.' એનું રચનાવર્ષ છે વિ. સં. ૧૪૬૨ (ઈ. સ. ૧૪૦૬). આ કવિએ એમની જ રચેલી સંસ્કૃત કૃતિનો આધાર લઈ સંક્ષેપથી પ્રાચીન ગુજરાતી ભાષામાં 'ત્રિભુવનદીપક પ્રબંધ' નામના રૂપકકાવ્યની રચના કરી. કાવ્ય ચોપાઈ અને દુહા છંદમાં ૪૪૨ કડીમાં રચાયું છે.

પુસ્તક : ૧. 'પંદરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય', સંપા. કે. હ. ધ્રુવ, પ્રકા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ , ઈ. સ. ૧૯૨૭.

પુસ્તક : ૨. 'મહાકવિ શ્રી જયશેખરસૂરિ ભા ૧-૨', લે. સાધ્વીજીશ્રી મોક્ષગુણાશ્રીજી, પ્રકા. આર્ય જયકલ્યાણ કેન્દ્ર, મુંબઈ, ઈ. સ. ૧૯૯૧.

(ડૉ. રમણલાલ ચી. શાહના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ, મુંબઈ યુનિ.ની પી.એચડી.ની પદવી માટેના આ મહા નિબંધના ભા-૨માં નિબંધલેખિકા દ્વારા 'ત્રિભુવનદીપક પ્રબંધ' કાવ્યની સંપૂર્ણ વાચના સંપાદિત થયેલી છે.)]

છૂપી જાસૂસી કરી એ જાણી લીધું કે વિવેકરાય મોહરાજાને જીતવા માટે સમકિત નામના મંત્રી સાથે મસલત કરી રહ્યા છે. દંભ જાસૂસે પરત આવી મોહરાજાને બધી વાત નિવેદિત કરી. મોહરાજા ભય પામી ગયો. વિવેકને દેશવટે જીવતો જવા દેવા માટે સંતાપ પામ્યો. એના ત્રણ કુંવરો પૈકીના મોટા કુંવર કામે પિતાને ધીરજ આપતાં કહ્યું કે 'ચિંતા ન કરો. વસંત આવતા હું દિગ્વિજયની સવારીએ નીકળું છું. એ સમયે હું વિવેકનો પરાજય કરીશ.'

પછી પાટવીકુંવર કામ યુવતીઓની સવારી લઈને વિજયયાત્રાએ નીકળ્યો. તેણે બ્રહ્મલોકમાં બ્રહ્મર્ષિઓને જીત્યા, ભૂલોકમાં કાલિંદીને કાંઠે સોળ સહસ્ર ગોપીઓની ફોજથી કૃષ્ણને ઘેર્યા, ઉત્તરમાં કૈલાસ પર્વતે પહોંચી શંકર પાસે પાર્વતીનું પાણિગ્રહણ કરાવ્યું. આ સર્વના અનુસરણમાં વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવા તપસ્વીઓએ કામના શાસનને માન આપી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો.

આમ દેશદોશાંતર જીતીને કામકુમાર વિવેકની રાજધાની પુણ્યરંગપટ્ટણ તરફ જઈ રહ્યો હતો. એક બાજુથી કામ આ તરફ આવી રહ્યાના સમાચાર મળ્યા, તો બીજી બાજુએ અરિહંત પ્રભુનો સંદેશો મળ્યો કે વિવેકે ઝડપથી પુણ્યરંગથી નીકળી પ્રવચનપુરી પહોંચી જવું. વિવેક પ્રવચનપુરી જવા નીકળ્યો. એનો મિત્ર વસ્તુવિચાર પુણ્યરંગ નગરીની સઘળી પ્રજાને પણ પ્રવચનપુરી લઈ ગયો. કામકુમાર અને એના સૈન્યે નગરીમાં દાખલ થઈને જોયું તો નગરી ખાલીખમ. કામકુમારે માન્યું કે વિવેક બીકનો માર્યો નાસી ગયો, એટલે પોતે ગર્વથી ફુલાઈ ગયો. ત્યાં જે થોડાઘણા પ્રમાદી લોકો રહી ગયા હતા તેમને બંદીવાન કરી અવિદ્યા નગરીમાં કામ પાછો ફર્યો. પિતા મોહ અને માતા દુર્ગતિએ કામને વધાવ્યો.

મોહરાજાના મનમાં વિવેક છટકી ગયાનો ખટકો હતો. એવામાં દ્વારપાળે આવીને કહ્યું કે કોઈ સશક્ત યોદ્ધો આપને મળવા માગે છે. મોહરાજાએ એને અંદર બોલાવ્યો. પરિચય માગતાં આગંતુકે કહ્યું કે 'હું તમારા શત્રુઓનો કાળ છું. મને સૌ કળિકાળ કહે છે. હું વિવેકને હણી નાખીશ. અને પ્રવચનપુરીને ઉજાડી નાખીશ.' મોહરાજાએ એને રોકી લીધો.

મોહરાજાના કિંકર કળિકાળે કંઈક ને લૂંટ્યા, કંઈકને બંદીવાન કર્યા, કેટલાંય ગામો ને આશ્રમો ઉજાડ્યા. મોહરાજાના કિંકરે વર્તાવેલા કેરના સમાચાર પ્રવચનપુરી પહોંચ્યા.

તે સમયે પ્રવચનપુરીમાં સંયમશ્રી કન્યાના સ્વયંવરની ધામધૂમ ચાલતી હતી. ત્યાં ભરી રાજસભામાં અરિહંતરાય સમક્ષ વિવેકે પાંચ અપૂર્વ પરાક્રમો કરી બતાવ્યાં. એટલે સંયમશ્રીએ વિવેકના કંઠમાં વરમાળા આરોપી. પછી તરત જ અરિહંત પ્રભુનો આદેશ લઈને વિવેક સંયમશ્રીને સાથે લઈને, મોહને જીતવા સૈન્ય સહિત નીકળ્યો.

વિવેકને આવતો જાણી મોહ રાજા પણ મોટું લશ્કર લઈ મેદાને પડ્યો. બન્ને પક્ષો જીવસટોસટની લડાઈ લડતા હતા. વિવેકે આગળ આવી મોહને આંતર્યો. બન્ને વચ્ચે યુદ્ધ જામ્યું. છેવટે વિવેકે બ્રહ્માસ્ત્ર છોડી મોહને હણ્યો.

મોહ હણાતાં એની માતા પ્રવૃત્તિ ઝૂરી મરી. પિતા મનરાજા પણ દુઃખી થયો. ત્યારે વિવેકે પિતાને કષાયો ત્યજીને શમરસના પૂરમાં સ્નાન કરવાને પ્રતિબોધિત કર્યા. મનરાજાએ પુત્રની વાત સ્વીકારીને અંતે શુકલધ્યાનમાં મગ્ન બન્યા.

આ બધો સમય પરમહંસની રાણી ચેતના, પતિદેવ માયાનગરીમાં લુબ્ધ થવાને કારણે, અજ્ઞાતવાસમાં ચાલી ગઈ હતી. તે માયાનો પક્ષ તૂટી રહ્યાનું જાણી પરમહંસ પાસે આવી અને પતિદેવને વિનંતી કરવા લાગી, 'હે સ્વામી, આ અનેક ઉપદ્રવોથી ભરેલી કાયાનગરીમાં હવે તમારો વાસ શોભે નહીં. તમે તમારું પરમ ઐશ્વર્ય પ્રગટ કરો, તમારું મહાન તેજ પ્રકાશો.'

હવે માયાના બંધનમાંથી મુક્ત થયેલા પરમહંસ રાજાના હૃદયને ચેતના રાણીના વચનો સ્પર્શી ગયાં. તેમણે કાયાનગરીનો ત્યાગ કર્યો અને પુનઃ પરમહંસે પરમાત્મપદને સિદ્ધ કર્યું. ✷ ✷ ✷

દાંતે દળ્યું ને જીભે ગળ્યું

[આ કથા જૈન સાધુકવિ શ્રી હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' નામની પદ્યવાર્તામાં મળે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કૃતિની રચના વિ. સ. ૧૬૪૧ (ઈ. સ. ૧૫૮૫)માં થઈ છે.

પુસ્તક : 'હરજી મુનિકૃત વિનોદચોત્રીસી', સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]

ધારાપુર નામે નગર હતું. એમાં ધરવીર નામે રાજા રાજ્ય કરે. એની આજ્ઞા કોઈ ઉથાપી ન શકે. આ રાજા શૂરવીર, બળવાન અને વિક્રમ રાજા જેવો દાની હતો.

આ નગરમાં કુબેર નામે એક વેપારી રહેતો હતો. એની પાસે લક્ષ્મીની તો કોઈ મણા જ નહોતી. પણ તે એવો તો કંજૂસ કે એના હાથથી ધન છૂટે જ નહિ. વળી દેખાવે તો ઘણો જ કદરૂપો હતો. એની વાણી અત્યંત કર્કશ હતી. અને હૃદયનો પણ તેવો જ કઠોર હતો. કોઈ તેનું મન પારખી શકતું નહીં. કંજૂસાઈના કારણે તે કોઈપણ પ્રકારનાં સુખોથી દૂર જ રહેતો. પોતાના શરીરનું જતન પણ સરખી રીતે કરતો નહીં. સરખું સ્નાન કરવાનું ટાળે, બીજે ગામ ગયો હોય ને ભૂખ લાગી હોય તોયે કોડી પણ ખરચે નહીં ને ભૂખ વેઠી લે. એને આંગણે કોઈ અતિથિ-અભ્યાગતપણ આવતા નહીં. કદાચ કોઈ ભિક્ષુક આવી ગયો હોય તો દૂરથી જ એને પાછો કાઢે. આમ રખેને એનું ધન ઓછું થઈ જાય એમ બધા સંબંધો ટાળે ને ભૂખ-તરસના દુઃખ વેઠી લે.

એક દિવસ આ કંજૂસ વેપારીને એવો વિચાર આવ્યો કે મેં જે ધન ભેગું કર્યું છે તે એક ચરુમાં ભરીને જંગલમાં જઈ સંતાડી દઉં. જ્યારે ઘડપણ આવશે ત્યારે એ સંતાડી રાખેલું ધન મારા ખપમાં આવશે. ભવિષ્યમાં કોઈ મને પાણી પણ ન પાય એ પહેલાં બુદ્ધિપૂર્વક અગાથથી જ મારું ધાર્યું કરું.

આમ વિચારીને એક દિવસ કોઈ જાણે નહિ તેમ મણિ-માણેક-રત્નો સહિતનું સારું એવું ધન એક ચરુમાં ભર્યું. પછી રાતને સમયે એ ચરુ માથે ચડાવી તે નગર બહાર ગયો. વનમાં જઈને ચરુ છુપાવવા માટેની એક જગા એણે પસંદ કરી. એ જગાને ખોદીને ધન ભરેલો ચરુ એમાં સંતાડી દીધો. પછી એ જગાને ઓળખવા માટે એણે એંધાણી કરી. નિરાંતનો દમ લેતાં થયું 'મેં રાતને સમયે ગુપ્ત રીતે આ કામ કર્યું છે એટલે ભાગ્યે જ કોઈને એની જાણ થઈ હોય.' પણ આ તો માનવીનું મન! અને એમાંયે આ કંજૂસ વેપારીનું. એનું મન વળી પાછું અનેક શંકા-કુશંકા કરવા લાગી ગયું. એને એવી ભ્રાંતિ થઈ કે 'પોતે જમીન ખોદતો હતો ત્યારે થોડો ધબધબ અવાજ થતો. જમીન ખોદવાનો આ અવાજ કોઈએ સાંભળ્યો તો નહિ હોય? હું અહીંથી ઘેર જાઉં ને કોઈ છાનુંમાનું આવી આ ચરુ કાઢીને લઈ જાય તો?' આમ શંકા કરતા એ કુબેર શેઠે આટલામાં કોઈ છે તો નહિ ને? એ જોવા માટે ચારે બાજુ નજર નાખવા માંડી. એમ કરતાં નજીકમાં જ એક દેવસ્થાન એની નજરે પડ્યુંય

હવે બન્યું એવું કે આ દેવસ્થાનમાં અન્ય પ્રદેશમાંથી ફરતો ફરતો એક સાધુ ત્યાં આવેલો હતો. આવીને તે અહીં જ રહી પડ્યો હતો. દિવસે તે નગરમાં જઈ ભિક્ષા માગી લાવતો ને રાત્રે આ નિર્જન એવા દેવસ્થાનમાં સૂઈ જતો. આ સાધુ કેવળ વેશધારી જ હતો. સાધુવેશમાં તે મોટો ધૂર્ત હતો. પેલો વેપારી જ્યારે ચરુ સંતાડી રહ્યો હતો ત્યારે તે જાગતો હતો અને જમીન ખોદાતી હતી એનો અવાજ એણે સાંભળ્યો હતો.

પેલો વેપારી ધીમે પગલે ચાલતો દેવસ્થાનમાં આવ્યો. પેલા ધૂર્ત સાધુએ આ વેપારીને અહીં આવતો જોયો. એટલે એને પાકી ખાતરી થઈ ગઈ કે આ માણસે જ અહીં નજીકમાં ધન સંતાડ્યું લાગે છે.

વેપારીને પોતાની તરફ આવતો જોઈને એ સાધુ પોતાના શ્વાસ રૂંધીને હલનચલન કર્યા વગર પડી રહ્યો. બાળપણથી જ એણે પવનસાધનાનો અભ્યાસ કરેલો હતો. એણે પોતાની કાયાને જાણે કે શબવત્ બનાવી દીધી. વેપારીએ સૂતેલા સાધુ પાસે આવી એની નાડી પકડીને તપાસી તો તે સાધુ એને મરી ગયેલા સમો જણાયો. તોયે એ વેપારીને પૂરતો વિશ્વાસ બેઠો નહીં. એટલે એ મૃત્યુ પામ્યો છે એની ખાતરી કરવા એણે સાધુનું નાક છેદી નાંખ્યું. પછી બંને કાન છેદી નાખ્યા. તોપણ પેલો સાધુ જરીકેય હાલ્યો નહીં. અને શ્વાસ રૂંધીને પડ્યો જ રહ્યો. ત્યારે વેપારીને પૂરતો વિશ્વાસ બેઠો કે એ સાધુ મૃત્યુ પામ્યો છે. એટલે હાશ અનુભવીને તે ઘેર પાછો ફર્યો અને સંતોષપૂર્વક સૂઈ ગયો.

વેપારીના ચાલ્યા ગયા પછી પેલો સાધુ ઊભો થયો ને જે દિશામાંથી ધબધબ અવાજ આવતો એણે સાંભળ્યો હતો એ દિશામાં ગયો. કંજૂસ કુબેરે જ્યાં ધન દાટ્યાની એંધાણી કરી હતી તે એણે પારખી કાઢી. પછી જમીન ખોદીને મણિ-માણેક-રત્નોથી ભરેલો ચરુ એણે બહાર કાઢ્યો. એના તો હરખનો પાર જ ન રહ્યો. ચરુ લઈને એ કોઈ બીજે જ સ્થળે ચાલ્યો ગયો. એમાંનું કેટલુંક દ્રવ્ય પોતાની પાસે રાખ્યું અને બાકીનું ગુપ્ત રીતે સંતાડી દીધું. ચરુને છુપાવીને એણે તે સ્થાને નિશાની કરી લીધી.

ધન પ્રાપ્ત થતાં આ સાધુ ગણિકાગૃહે ગયો ને ત્યાં રહીને ભોગવિલાસ કરવા લાગ્યો. આ રંગરાગ માણવામાં રાતદિવસ ક્યારે પસાર થાય છે એની પણ એને કાંઈ ખબર રહેતી નથી. આમ કરતાં કેટલોક સમય પસાર થયો.

આ સાધુએ ચરુમાંથી જે કેટલુંક દ્રવ્ય મોજશોખ અર્થે કાઢી લીધું હતું એમાં એ વેપારીની એક વીંટી પણ હતી. એ વીંટી ઉપર એ વેપારીનું નામ અંકિત કરેલું હતું જેની એ સાધુને કાંઈ સરત રહી નહોતી.

સાધુ એક દિવસ નગરમાં આવી ઝવેરીની દુકાને એ વીંટી વેચવા ગયો. ઝવેરીને કહે, 'આ વીંટીનું મૂલ કરો.'

હવે બન્યું એવું કે એ ઝવેરીની દૂકાને એ જ સમયે વીંટીનો અસલ માલિક પેલો કંજૂસ વેપારી ત્યાં બેઠો હતો. એણે પેલી વીંટી જોઈ. એ વીંટી પોતાના જેવી લાગતાં એણે એ જોવા માગી. હાથમાં લઈ આમતેમ વીંટીને જોતાં એના ઉપર પોતાનું નામ અંકિત થયેલું જોઈને તે ચમકી ગયો. એને ખાતરી થઈ કે આ તે જ સાધુ છે જેનાં મેં નાક-કાન છેદી નાખ્યાં હતાં. મનોમન એને બધી ગડ બેસી ગઈ. 'આને મેં મરેલો જાણીને જવા દીધો હતો પણ નક્કી એ જાગતો શ્વાસ રૂંધીને પડી રહ્યો હશે. અને લોભને વશ થઈને નાક-કાન છેદાવાની પીડા પણ સહી લીધી હશે.'

વેપારીએ એ ઠગને ત્યાં જ પકડી લીધો. પછી તેને નગરના રાજા પાસે લઈ જઈને ખડો કર્યો. પછી એ વેપારીએ અત્યાર સુધીની બનેલી ઘટના ફરિયાદ રૂપે રાજાને કહી સંભળાવી.

રાજાએ જ્યારે એ વીંટી જોઈ ત્યારે એમને પણ આ સાધુ ચોર હોવાની પાકી ખાતરી થઈ. રાજાએ એ સાધુને પ્રશ્ન કર્યો કે 'તેં ચોરી શા માટે ને કેવી રીતે કરી?' ત્યારે પેલો સાધુ કહેવા લાગ્યો,

'હે રાજા! હું કહું તે ધ્યાનથી સાંભળો. જે માણસ પોતાની વસ્તુ આપીને સામાની વસ્તુ લે એ ચોર કેવી રીતે કહેવાય?'

ત્યારે રાજાએ પછ્યું, 'શું તમે માંહોમાંહે કોઈ વસ્તુની આપ-લે કરી છે?' જવાબમાં સાધુ કહે, 'હું પરદેશી અવધૂત છું. ભમતો ભમતો આ નગરમાં આવ્યો. નગરમાં દિવસે ભિક્ષા માંગીને રાત્રે નગર બહાર મંદિરમાં સૂઈ જતો. એક દિવસ મધ્યરાત્રિએ આ શેઠ

મંદિરમાં આવ્યા. હું ભરઊંઘમાં હતો ત્યારે એમણે મારાં નાક-કાન છેદી નાંખીને મને ભારે પીડા ઉપજાવી. શેઠ એમને ઘેર ગયા. તે પછી મેં શેઠે છુપાવેલું ધન જમીનમાંથી કાઢીને લઈ લીધું. હવે એ શેઠ મને ચોર કહે છે. તો આપ સાચો ન્યાય તોળજો. મારે આપને એ કહેવું છે કે તેઓ મને મારી વસ્તુ (છેદેલાં નાક-કાન) પાછા આપે અને હું એમને એમની વસ્તુ સંભાળીને પાછી આપું.

સાધુની આ વાત સાંભળી આખી રાજસભા હસી પડી. રાજાએ પણ એ જ ન્યાય તોળ્યો. એટલે પેલા કંજૂસ વેપારીનું મોં કાળું મેંશ થઈ ગયું. કેમકે સાધુનાં છેદેલાં નાક-કાન તો એ ક્યાં પરત કરી શકે એમ જ હતો! પેલો ઠગ સાધુ હર્ષભેર ચાલતો થયો.

રાજસભામાં બેઠેલા સૌ માંહોમાંહે આ કંજૂસ વેપારીનું ટીખળ કરતાં કહેવા લાગ્યા, 'આ તો દાંતે દળ્યું ને જીભે ગળ્યું એના જેવો ઘાટ થયો. ઉંદરે ખોદી ખોદીને દર બનાવ્યું ને સાપ એમાં પ્રવેશીને દરને ભોગવવા લાગ્યો. કંજૂસના ધનના આવા હાલ થાય.' ✷✷

આપમતિલાપણાનું દુષ્પરિણામ

૧. અરિદમન રાજાની કથા

ત્રંબાવતી નગરીમાં અરિદમન નામે રાજા હતો. એને પ્રીતિમતી નામે રાણી હતી. રાજા પોતાની આ રાણી પ્રત્યે અપાર પ્રેમ ધરાવતો હતો. રાજાને ધનપતિ નામે શ્રેષ્ઠી નાનપણનો મિત્ર હતો. આ ધનપતિ શ્રેષ્ઠીને ધનવસુ નામે પુત્ર હતો. આ ધનપતિના ઘરે એક ગરીબ છોકરો રહેતો હતો. એના માબાપ એની બાળવયમાં જ મૃત્યુ પામ્યાં હતાં. આ છોકરો ચોખા ખાંડવાની કામગીરી સંભાળતો. આ કામ કરતાં એ ચોખાના ફુકસા ખાતો. એથી બધા એને કોકાસ કહીને બોલાવતા. શ્રેષ્ઠીપુત્ર ધનવસુનો પણ એ સમાન વયને કારણે મિત્ર જેવો બની ગયો હતો.

એક વખત શ્રેષ્ઠીપુત્ર ધનવસુ વેપાર અર્થે યવનદ્વીપ જવા નીકળ્યો ત્યારે એણે કોકાસને પણ સાથે લીધો. કેટલાક દિવસ પછી એમના માલ ભરેલાં વહાણ યવનદ્વીપના બારામાં પહોંચ્યાં. ધનવસુ ત્યાં વેપાર અર્થે કેટલાક દિવસ રોકાયો. તે ગાળામાં કોકાસ આ નગરના એક રથકારના પરિચયમાં આવ્યો. આ રથકાર ઘણી કળાઓનો જાણકાર હતો. કોકાસ એની પાસે કાષ્ઠકામની કળા શીખવા લાગ્યો. અને પોતે એમાં પારંગત બની ગયો. એમાં એક અજબની કળા એ શીખ્યો. લાકડાના હાથી, ઘોડા, માછલી એમ જુદા જુદા આકારનું નાનું વિમાન બનાવી એમાં એવી કળ ગોઠવે કે જેથી એ કાષ્ઠ-સાધન આકાશમાં વિહરવા લાગે.

ધનવસુ જ્યારે માલનું ખરીદ-વેચાણ કરી, અઢળક ધન કમાઈ વતનમાં પાછા ફરવાને તૈયાર થયો ત્યારે કોકાસ પણ એના કલાવિદ ગુરુની આજ્ઞા લઈ મિત્રની સાથે પાછો આવવા નીકળ્યો. બન્ને હેમખેમ ત્રંબાવતી નગરી પરત આવી ગયા. કોકાસે પણ આ ગાળામાં એની કલાકારીગરીથી થોડુંઘણું ધન ઉપાર્જિત કર્યું હતું. ધનવસુએ પણ એને કેટલીક ધનસહાય કરી હતી. એટલે કોકાસ હવે પોતાના અલગ ઘરમાં રહેવા ગયો.

એણે વિચાર્યું કે હવે મારી કળાનો એવો ચમત્કાર બતાવું કે નગરનો રાજા પણ ખુશ થઈ જાય. એણે કાષ્ઠનાં બે કબૂતર બનાવ્યાં. એમાં એવા કળ-સંચ ગોઠવ્યાં જેથી એ કબૂતર આકાશમાં ઊડવા લાગ્યાં. એ કબૂતરો રાજાના મહેલની અગાશીમાં સૂખવેલા ચોખા પણ એકત્ર કરી લેતાં. એ જ રીતે ખેતરો અને ખળામાંથી પણ અનાજ હરી લેતાં. ધીમે ધીમે ખેડૂતોની ફરિયાદ રાજાને કાને પહોંચી. રાજાએ મંત્રીને આની તપાસ કરવા હુકમ કર્યો. તપાસ કરતાં જાણવા મળ્યું કે કોકાસે બનાવેલાં કાષ્ઠ-કબૂતરો મહેલની અગાશીમાંથી અને ખેતરમાંથી ધાન્ય હરી જાય છે. રાજા તો આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યો. લાકડાનાં કબૂતરો આકાશમાં ઊડે એ કેવી કળા! રાજાએ કોકાસને બોલાવી એની કળાની પ્રશંસા કરી. પછી રાજાએ કોકાસને કહ્યું, 'તું એવું યંત્ર બનાવ જેમાં હું અને તું આકાશમાં ઊડી શકીએ.' રાજાએ એને પ્રસન્ન થઈ વસ્ત્રાદિની ભેટ ધરી.

કોકાસે થોડા દિવસમાં બે જણા બેસી શકે એવું કાષ્ઠવિમાન તૈયાર કર્યું. વિમાન નાવ આકારનું હતું અને એમા કળ-સંચ ગોઠવ્યાં હતાં. તૈયાર થયેલું વિમાન એણે રાજાને બતાવ્યું. પછી રાજા અને કોકાસ એમાં ગોઠવાયા અને બન્ને વિદ્યાધરની માફક ગગનમાં વિહરવા લાગ્યા. લટાર મારીને બન્ને પાછા રાજમહેલે આવી ગયા. આ રીતે રોજ બન્ને આકાશની સહેલ કરીને આનંદ માણવા લાગ્યા.

થોડાક દિવસ પછી એકવાર રાણી પ્રીતિમતી રાજાને કહે, 'હે સ્વામી, તમે રોજ નવાં નવાં સ્થાનોએ આકાશમાં ઊડીને ફરવા જાઓ છો, તો અમે શો અપરાધ કર્યો છે?' રાણીનાં આ વચનો સાંભળીને રાજાને પણ થયું કે મારે રાણીને પણ આકાશગમનનો આનંદ કરાવવો જોઈએ.

[આ કથામર્મને રજૂ કરતી બંને કથાઓ પં. વીર વિજયજીકૃત 'ધમ્મિલકુમાર રાસ'ના ખંડ-૪ની ઢાળ ૬-૭માં મળે છે. રાસની ભાષા મધ્યકાલીન ગુજરાતી છે અને રચના વર્ષ વિ. સં. ૧૮૯૬ (ઈ. સ. ૧૮૪૦) છે.

પુસ્તક : 'ધમ્મિલકુમાર રાસ' (ગદ્યાનુવાદ સહિત), સંપા. સાધ્વીજીશ્રી જિતકલ્પાશ્રીજી, સહસંપા. સા. શ્રી વિરાગરસાશ્રીજી અને સા. શ્રી ધૈર્યસાશ્રીજી, પ્રકા. શ્રી દેવી-કમલ સ્વાધ્યાય મંદિર, પાલડી, અમદાવાદ-૭. ઈ. સ. ૨૦૦૯.]

આ વાત રાજાએ કોકાસને કહી, 'કોકાસ! રાણીને પણ આકાશ-ઉડ્ડયનની મઝા માણવી છે. તો આજે આપણી સાથે રાણી પણ આવશે.'

કોકાસ કહે, 'રાજાજી આ કાષ્ઠનાવમાં માત્ર બેનો જ સમાવેશ થઈ શકે એમ છે. વળી ભાર પણ એ બે જણનો જ સહી શકે એમ છે. જો ત્રણ જણ બેસવા જાય તો તે વધુ વજનથી તૂટી જશે. પણ રાણી પ્રત્યેના અનુરાગથી અને વિશેષ તો આપમતિલા સ્વભાવને કારણે રાજાએ રાણીને સાથે લઈ જવાની જીદ ચાલુ રાખી. પણ રાજાને કોણ સમજાવે ને મનાવે! કેમેય કર્યું આ હઠીલું દંપતી માન્યું જ નહીં.

કોકાસની સલાહને ગાંઠ્યા વિના રાજા-રાણી કાષ્ઠનાવમાં સંકડાઈને બેસી ગયાં. રાજાની આજ્ઞા થતાં કોકાસે વિમાન ચલાવ્યું. વિમાન પક્ષીની જેમ આકાશમાર્ગે ઊડવા લાગ્યું. તે એક હજાર કોશ પહોંચ્યું હશે ને વિમાનમાં કીલિકા, કળ, સંચ વગેરે ધીમે ધીમે ઘસાવા લાગ્યાં. અને છેવટે વિમાન નીચે પડ્યું. નીચે સરોવર હતું. એની મધ્યમાં કાષ્ઠનાવ ખાબડ્યું. મહામહેનતે ત્રણે જણાં સરોવરની બહાર નીકળ્યાં.

હવે કોકાસ રાજાને કહે, 'આપ બન્ને અહીં બેસો. હું નજીકના ગામે કોઈ સુથારને શોધી કાઢું છું. સમારકામ માટે નાનાંમોટાં સાધન જોઈએ તે લઈને આવું છું.'

રાજા-રાણી સરોવરપાળે બેઠાં. કોકાસ બાજુના સલીપુર નગરમાં પહોંચ્યો. એક સુથારને શોધી કાઢ્યો. એની પાસે કેટલાંક જરૂરી સાધનો માંગ્યાં. તે સુથાર કહે, 'હું હમણાં મારાં સાધનો આપી શકું એમ નથી. કેમકે અહીંના રાજાનો રથ સજ્જ કરવામાં હું વ્યસ્ત છું.'

કોકાસ કહે, 'મને રથ બતાવો. એ સજ્જ કરવામાં હું તમને મદદ કરીશ.' પછી કોકાસે એની કાર્યદક્ષતાથી થોડા જ સમયમાં રથને તૈયાર કરી દીધો. કોકાસની કળા જોઈ પેલો સુથાર પણ આશ્ચર્ય પામ્યો. પછી એને શંકા પડી કે આવો કળાનિપુણ આ પરદેશી કોકાસ જ હોવો જોઈએ. કોકાસની ખ્યાતિથી એ પરિચિત હતો. પૂછતાછ કરતાં ખાતરી થઈ કે એ કોકાસ જ છે.

એ સુથાર કોકાસને કહે, 'તમે અહીં બેસો. હું ઘેર જઈને વધુ સારાં ઓજારો લઈ આવું.' આમ કહીને એ સુથાર ખરેખર ઘેર જવાને બદલે રાજા પાસે પહોંચ્યો અને કહ્યું કે 'ત્રંબાવતીનો કોકાસ અહીં આવ્યો છે.' પછી એણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો.

કાકજંઘ રાજાએ સુભટો મોકલીને કોકાસને રાજદરબારે બોલાવ્યો. કોકાસને કાકજંઘે પૂછ્યું, 'તારો રાજા ક્યાં છે? મને ખાતરી છે કે તારો રાજા પણ આટલે દૂર તારી સાથે આવ્યો હશે જ.' કોકાસને ખબર નથી કે આ રાજા અરિદમન વિશે કેમ પૂછે છે? એટલે એણે તો સહજ ભાવે કહી દીધું કે એ સરોવરની પાળે બેઠા છે.

હકીકતમાં આ કાકજંઘ રાજાને અરિદમન સાથે જૂની અદાવત હતી. એટલે એણે સુભટોને સરોવરપાળે મોકલ્યા. આ સુભટો અરિદમનને અને રાણીને કેદ કરી પોતાના રાજા પાસે લઈ આવ્યા. એણે અરિદમનને કેદખાનામાં ધકેલ્યો અને એની રાણીને અંતઃપુરમાં મોકલી આપી.

પછી કાકજંઘે કોકાસને વિનંતી કરી કે તારી અપૂર્વ કળા મારા રાજકુંવરોને શીખવ.' ત્યારે કોકાસ કહે, 'રાજકુંવરને સુથારીકામ શીખવું ઉચિત નથી.' પણ રાજાએ બળજબરીથી કોકાસને એમ કરવા ફરજ પાડી.

એટલે કોકાસે રાજાના કુંવરોને કળા શીખવવા માંડી. એમ કરતાં એણે સુંદર મઝાના બે ઘોડા બનાવ્યા. એમાં યંત્રો ગોઠવ્યાં. કળ ગોઠવાઈ ગઈ. પણ હજી કળ ફેરવવાની સંપૂર્ણ કળા શીખવાની કુંવરોને બાકી હતી.

એક રાતે કોકાસ નિરાંતે સૂતો હતો. એણે તૈયાર કરેલા બે ઘોડા એની નજીકમાં જ હતા. ત્યારે રાજાના બે કુમારો ઊઠીને પેલા બે ઘોડા હતા તેની ઉપર સવાર થયા. કળથી એને ચાલુ કર્યા ને ગગનમાર્ગે ઊડવા લાગ્યા.

ઊંઘ પૂરી થતાં કોકાસ જાગ્યો. બાકીના કુંવરોને પૂછ્યું કે અહીં રાખેલા બે ઘોડા ક્યાં ગયા? ત્યારે તેમણે કહ્યું કે 'અમારા ભાઈઓ અશ્વ ઉપર બેસીને આકાશમાં ગયા.' કોકાસ કહે, 'ભારે ભૂંડું થયું. તમારા એ ભાઈઓ જીવતા પાછાં આવશે નહીં. કેમકે ઘોડાના યંત્રની કળ હરેક પરિસ્થિતિમાં કેમ ચલાવવી તેનું મૂળ તેઓ જાણતા નથી.'

કુમારો વિમાસણમાં પડ્યા. આ વાત પિતા જાણશે ત્યારે શું થશે? નક્કી પિતા ગુસ્સે થશે. અને આ કોકાસને પણ શૂળીએ ચઢાવશે.

આ વાતચીત કોકાસે સાંભળી. એણે પણ એક યુક્તિ કરી. એક ચક્રયંત્ર તૈયાર કરેલું હતું એમાં બાકીના કુંવરોને બેસાડ્યા. અને કહ્યું કે પોતે શંખધ્વનિ કરે ત્યારે ચક્રની મધ્યમાં રહેલી ખીલી ઠોકજો એટલે ચક્ર તમને ગગનમંડળમાં લઈ જશે.

હવે રાજાને ખબર પડી કે અશ્વ ઉપર ઊડીને ગયેલા પોતાના કુંવરો પાછા ફરવાના નથી ત્યારે ક્રોધે ભરાયેલા કાકજંઘે કોકાસને શૂળીએ ચઢાવવાનો હુકમ કર્યો. રાજસેવકોએ આવી કોકાસને પકડ્યો અને વધસ્થાને લઈ જવાનો રાજાનો હુકમ સંભળાવ્યો. ત્યારે કોકાસે શંખનાદ કર્યો એટલે એ સાંભળી ચક્રયંત્રમાં બેઠેલા કુંવરોએ મધ્યની ખીલી ઠોકી. તરત જ યંત્ર આકાશમાં ઊડ્યું. એમાં રહેલી શૂલથી સર્વ ભેદાયા અને ત્યાં જ મૃત્યુ પામ્યા.

અહીં કોકાસને વધસ્થંભે ચડાવાયો અને મારી નંખાયો. રાજકુંવરો પણ સર્વે મરાયા. રાજા પુત્રોના મરણની વાત જાણી

મૂર્ચ્છાવશ બન્યો. પછી મૂર્ચ્છા વળતાં બેબાકળા બનેલા રાજાએ આપઘાત કરી લીધો. અરિદમન રાજા કારાગૃહમાં જ મૃત્યુ પામ્યો.

આમ, કોકાસની સ્પષ્ટ ના છતાં અરિદમન રાજાની જીદ અને સ્વચ્છંદી આપમતિલાપણાનું કેવું ભયંકર દુષ્પરિણામ આવ્યું!

૨. વસુદત્તાની કથા

ઉજ્જયિની નગરીમાં વસુમિત્ર નામે એક ધનાઢ્ય પુરોહિત રહેતો હતો. એની પત્નીનું નામ ધનશ્રી હતું. સંસારસુખ ભોગવતાં આ દંપતીને એક પુત્ર અને એક પુત્રીની પ્રાપ્તિ થઈ. પુત્રનું નામ ધનવસુ, પુત્રીનું નામ વસુદત્તા. વસુદત્તા રૂપે તો જાણે રંભાના અવતાર સમી. વસુદત્તા યુવાન વયમાં આવી હતી.

કોસંબી નગરીથી ધનદેવ નામનો એક વેપારી વેપાર અર્થે ઉજ્જયિની આવ્યો. વસુમિત્ર સાથે એનો પરિચય હોવાથી એને ઘેર આવીને રહ્યો. ધનદેવ અને વસુદત્તા સરખેસરખી વયનાં હોવાથી અને નિકટના સહવાસથી બન્ને સ્નેહની ગાઠથી બંધાઈ ગયાં. વસુમિત્રે આ બન્ને વચ્ચે પ્રેમ પાંગરેલો જોઈને એમનાં લગ્ન કરી આપ્યાં. ધનદેવ વેપારનું કામ પતાવી નવોઢા વસુદત્તાને લઈને કોસંબી નગરી પોતાને ઘેર આવ્યો. ધનદેવના માતાપિતા પણ આ નવપરિણીતાને જોઈને ખૂબ હર્ષ પામ્યાં.

સમય પસાર થતો ગયો. દાંપત્યસુખ ભોગવતાં વસુદત્તાને બે પુત્રની પ્રાપ્તિ થઈ. અને ત્રીજી વખત એ સગર્ભા બની.

આ ગાળામાં પતિ ધનદેવને વેપાર અર્થે પરદેશ જવાનું થયું. આવી વિયોગાવસ્થામાં અને સગર્ભાવસ્થામાં એને પિયરની યાદ આવી ગઈ. માતાપિતાને મળવા માટે તે ખૂબ અધીરી બની ગઈ. પણ જવું કેવી રીતે આ પ્રશ્ન હતો. એવામાં એને જાણવા મળ્યું કે નગર બહાર કોઈ સમુદાય ઊતરેલો છે અને તે ઉજ્જયિની જઈ રહ્યો છે. વસુદત્તાએ આ સમુદાય સાથે પિયર જવા મનમાં વિચાર્યું. સાસુ-સસરાને આ અંગે વાત કરતાં એમણે વસુદત્તાને તદ્દન અજાણ્યા સમૂહ સાથે જવું યોગ્ય નથી એવી સલાહ આપી. પછી કહ્યું કે 'કોઈ કારણે એ લોકોથી છૂટી પડી જઈશ તો મુશ્કેલીમાં મુકાઈ જઈશ. એના કરતાં ધનદેવ પાછો આવી જાય એ પછી તું એની સાથે જાય તે યોગ્ય રહેશે.'

વસુદત્તા કહે, 'સસરાજી, મારા પતિ ક્યારે આવે ને શો નિર્ણય કરે એની શી ખબર પડે? મને માતાપિતાને મળવાની ખૂબ જ ઉત્સુકતા છે.'

સસરાએ એને ઘણી સમજાવી પણ આપમતિલી વસુદત્તા વડીલની સલાહ-સમજાવટને અવગણીને બન્ને પુત્રોને લઈને પિયર જવા ઘેરથી નીકળી ગઈ. નગર બહાર પહોંચીને ઉજ્જયિની જનારા સમુદાયની તપાસ કરી તો જાણવા મળ્યું કે એ સમુદાય તો અહીંથી વિદાય થઈ ગયો છે ને ચારેક કોસ જેટલે દૂર પહોંચ્યો છે.

વસુદત્તાએ વિચાર્યું કે ઝડપથી ચાલીને એ કાફલાની સાથે જોડાઈ જઈશ. પછી ચાલતાં ચાલતાં આગળ ઉપર બે માર્ગ આવ્યા. ભૂલથી ઉજ્જયિનીનો માર્ગ લેવાને બદલે બીજા માર્ગ ઉપર તે ચડી ગઈ. અને પરિણામે ભૂલી પડી.

આ બાજુ ધનદેવ પરદેશથી ઘેર આવ્યો. પત્ની અને બે પુત્રોને ન જોતાં માતાપિતાને પૂછવા લાગ્યો. ત્યારે એમણે કહ્યું, 'બેટા! અમે વહુને ઘણું સમજાવી. પણ એણે અમારી કોઈ વાત માની નહિ અને બે બાળકોને લઈને હઠ કરીને પિયર જવા નીકળી ગઈ છે. જે અજાણ્યા સમૂહ સાથે જવાની હતી એનો એને ભેટો થયો કે કેમ એની પણ ખબર નથી.'

આ સાંભળીને ધનદેવે તરત જ ઉજ્જયિનીની વાટ પકડી. એ માર્ગે તો ક્યાંય વસુદત્તા મળી નહિ. એટલે એણે બીજા વેરાન પ્રદેશનો માર્ગ લીધો. એ રસ્તે આગળ જતાં છેવટે એને વસુદત્તા અને બે બાળકોનો ભેટો થયો. વનવગડાનો પ્રદેશ હતો. બધાં ભૂખ્યાં-તરસ્યાં હતાં. બાળકો રડતાં હતાં. છેવટે એક વૃક્ષ નીચે બધાં રોકાયાં. અહીં રાતવાસો કરીને સવારે આગળ જવાનું ધનદેવે વિચાર્યું. વસુદત્તાને પતિનું મિલન થતાં આનંદ તો થયો પણ આફતોએ એમનો પીછો છોડ્યો નહોતો.

વસુદત્તાને પેટમાં સખત પીડા ઊપડી. ધનદેવે આમતેમથી પાંદડાં ભેગાં કરી પત્નીને એના ઉપર સુવાડી. હકીકતમાં એ પીડા પ્રસવપીડા હતી. દર્દ વધતું ગયું ને છેવટે વસુદત્તાએ આ વનપ્રદેશમાં જ પુત્રને જન્મ આપ્યો. પાણી વિના પ્રસવશુદ્ધિ પણ ન થઈ શકી.

તાજી પ્રસૂતિના રુધિરની ગંધ મૃગલાના માંસ જેવી હોય છે. આવી ગંધ ચોમેર વ્યાપી ગઈ. આવી ગંધથી ખેંચાઈને એક વાઘ ત્યાં આવી ચડ્યો. વાઘની ગર્જનાથી ભયગ્રસ્ત બનેલાં પતિપત્ની કાંઈપણ વિચારે એ પહેલાં તો વાઘ ધનદેવને ઉપાડીને ત્યાંથી ભાગી ગયો. વસુદત્તા કાંઈ પણ કરવા નિરુપાય અને લાચાર હતી. વિલાપ કરવા લાગી. મૂર્ચ્છાવશ બની ગઈ. મૂર્ચ્છા ટળી, પણ ભયગ્રસ્ત થઈ જવાથી દેહ એવો તપ્ત થઈ ગયો હતો કે સ્તનનું દૂધ પણ બળી ગયું. નવજાત શિશુને દૂધ ન મળવાથી એ પણ મૃત્યુ પામ્યો.

રડતી-કકળતી વસુદત્તાએ જેમતેમ કરી ત્યાં રાત વીતાવી. પછી સવાર થતાં બન્ને બાળકોને લઈને આગળ ચાલવા લાગી. અધૂરામાં પૂરું વરસાદે પણ ધોધમાર વરસવાનું શરૂ કર્યું. આગળ જતાં એક નદી આવી. ખૂબ વરસાદ વરસી જવાથી નદી બન્ને કાંઠે વહેતી થઈ હતી. વસુદત્તા વિમાસણમાં પડી કે નદી ઓળંગી સામે કાંઠે બાળકોને લઈને પહોંચવું શી રીતે? થોડોક સમય તો શૂન્યમનસ્ક સમી બેઠી જ રહી. પછી નદીના જળ સહેજ ઓછાં થતાં તે એક પુત્રને સામે કાંઠે મૂકીને પાછી આવી. પછી બીજા બાળકને લઈને નદી ઓળંગવા લાગી. નદીની મધ્યમાં આવી ત્યાં નદીપટની વચ્ચે રહેલો એક પથ્થર

અથડાવાથી એણે પકડી રાખેલો બાળકનો હાથ છૂટી ગયો. બાળક પાણીમાં તણાવા લાગ્યો. પોતે પણ તણાવા લાગી. તણાતો બાળક નદીના પ્રવાહ સામે ઝીંક ઝીલી ન શકવાથી છેવટે તણાઈને મૃત્યુ પામ્યો. સામે કાંઠે રહેલો બાળક, માતા-બાળકને નદીના પ્રવાહમાં તણાતાં જોઈ એમને મળવા અધીરો થઈને નદીમાં કૂદી પડ્યો. અને તે પણ મૃત્યુ પામ્યો.

સાવ એકલી રહેલી વસુદત્તા તણાતી હતી ત્યાં એક આડા પડેલા વૃક્ષનો સહારો મળતાં તણાતી અટકી ગઈ. પાણીનો વેગ ઓછો થતાં ધીમે ધીમે સામે કાંઠે પહોંચી. હવે એ તદ્દન નિઃસહાય હતી. પતિ, બે બાળકો અને નવજાત શિશુ–બધાં જ મરણને શરણ થયાં હતાં.

એકલી-અટૂલી ચાલી જતી વસુદત્તાને રસ્તામાં ચોરલોકો મળ્યા. તેમણે વસુદત્તાને પકડી લીધી. પછી ચોરો એને પોતાના સ્વામી પાસે નજીકની પલ્લીમાં લઈ ગયા. સ્વામીને આ યુવાન સ્ત્રીની ભેટ ધરી.

ચોરોના સ્વામીનું નામ કાલદંડ હતું. એ તો વસુદત્તાનું રૂપ જોઈને આશ્ચર્યચકિત બની ગયો. એણે વસુદત્તાને પોતાની પટરાણી બનાવી. વસુદત્તાને આ પરિસ્થિતિનો સ્વીકાર કર્યા વિના છૂટકો જ ન હતો. કાલદંડ આ વસુદત્તામાં એવો તો આસક્ત બન્યો કે એની બીજી પત્નીઓની તદ્દન અવગણના કરવા લાગ્યો. આથી એ બધી પત્નીઓ વસુદત્તાની ઈર્ષ્યા કરવા લાગી અને વિચારવા લાગી કે આ નવી શોક્યનું કોઈક છિદ્ર હાથ લાગે તો આપણું કામ થાય.

આમ કરતાં વરસ ઉપરનો સમય વીતી ગયો. વસુદત્તાએ એક કાલદંડથી થયેલા એક પુત્રને જન્મ આપ્યો. વસુદત્તા સૌંદર્યવતી હતી એટલે એનો પુત્ર પણ રૂપ રૂપનો અંબાર હતો. કાલદંડની અન્ય સ્ત્રીઓને પતિની કાનભંભેરણી કરવાનું એક મઝાનું નિમિત્ત મળી ગયું. એ બધીએ ભેગી થઈને કાલદંડને કહ્યું કે 'પુત્ર હંમેશાં પિતા સરખો હોય અને પુત્રી માતા સરખી હોય. એટલે આ નવજાત પુત્ર તમારો નથી લાગતો. આ પુત્રના રૂપ ઉપરથી લાગે છે કે આ સ્ત્રી કોઈ અન્ય પુરુષને છાનીછપની ભોગવનારી છે.' કાલદંડ પોતે કાળો ને કદરૂપો હતો. એટલે એના મનમાં શંકાનું વિષ રેડાયું. અન્ય પત્નીઓની વાત એને ઠસી ગઈ. એ વસુદત્તા ઉપર ક્રોધે ભરાયો. પુત્રને જોવા માટે એ ખુલ્લી તલવારે વસુદત્તા પાસે દોડી ગયો. પુત્રને એણે જોયો. ચળકતી તલવારમાં પોતાનું શ્યામ મુખ એને દેખાયું અને બાળકનું ધવલ ચંદ્રમા જેવું મુખ દેખાયું. પછી એણે બાળકના હાથ, પગ, અન્ય અંગો જોયાં. ઊગતા સૂર્ય સમાં એ અંગો કેવાં કુમકુમવર્ણાં હતાં. જ્યારે પોતાનો દેહ! કેવો શ્યામવર્ણ! કેવો કુરૂપ! ઉગામેલી તલવારના એક જ પ્રહારે એણે નવજાત બાળકને હણી નાખ્યો.

જે વસુદત્તા આ કાલદંડને સૌથી માનીતી હતી એ હવે અળખામણી બની ગઈ. માથું મુંડાવી, પલ્લીથી દૂર કોઈ વૃક્ષની શાખાએ વસુદત્તાને બાંધી દેવાની એણે આજ્ઞા ફરમાવી. એના સાગરીતોએ સ્વામીની આજ્ઞાનો અમલ કર્યો.

વસુદત્તા વિચારે ચઢી. કેવા કર્મના ખેલ! પોતે શું હતી અને આજે કેવી દશામાં મુકાઈ ગઈ! પોતાની ભૂલ પણ એને સમજાઈ. વડીલની સલાહને અવગણીને એ ઘેરથી નીકળી ગઈ હતી.

આમ અત્યંત ખેદ કરતી એ વૃક્ષની ડાળીએ લટકી રહી છે. એ સમયે કોઈ શ્રેષ્ઠીના વિશાળ કાફલાએ ત્યાં પડાવ નાંખ્યો. આ સમૂહ ઉજ્જયિની તરફ જ જઈ રહ્યો હતો. એ લોકોએ વસુદત્તાને વૃક્ષની ડાળીએ બાંધેલી જોઈ. એટલે દયા આવવાથી બંધનો છોડીને એને નીચે ઉતારી. પછી બધા એને એમના શ્રેષ્ઠી પાસે લઈ આવ્યા. શ્રેષ્ઠીએ વસુદત્તાને આશ્વાસન આપ્યું. જમાડી. પછી એ થોડીક સ્વસ્થ થતાં શ્રેષ્ઠીએ વસુદત્તાને એની આવી દશા થવાનું કારણ પૂછ્યું. વસુદત્તાએ રડતાં રડતાં પોતાનો સઘળો વૃત્તાંત સંક્ષેપમાં કહી બતાવ્યો. શ્રેષ્ઠીએ એને આશ્વાસન આપતાં કહ્યું કે, 'બહેન, તું જરા પણ ભય પામીશ નહિ. અહીં તું નિર્ભય છે. મને તારો ભાઈ જ સમજજે.'

પછી કાફલો ત્યાંથી રવાના થયો. વસુદત્તા પણ એમાં શામેલ થઈ. આ સમુદાયમાં કેટલાંક સાધ્વીજીઓ પણ હતાં. તેઓ સર્વ ઉજ્જયિનીમાં પ્રભુદર્શનાર્થે આ કાફલામાં જોડાયાં હતાં. આ સાધ્વીજી મહારાજનો સંગ વસુદત્તાને થયો. એમની પાસે વસુદત્તા સંસારની અસારતાનો બોધ પામી. પછી વસુદત્તાએ કાફલાના શ્રેષ્ઠીબંધુની અનુમતિ લઈને સાધ્વીવૃંદના ગુરુણીજી સુવ્રતા સાધ્વીજી પાસે દીક્ષા અંગીકાર કરી.

આખો સમુદાય ઉજ્જયિની પહોંચ્યો. ત્યાં નવદીક્ષિતા વસુદત્તા ગુરુણીની આજ્ઞા લઇને સંસારી માતા-પિતા-બાંધવ આદિને મળી. પોતાની આત્મકથની કહી સંભળાવી. એનાથી પ્રતિબોધિત થઈને સૌ કુટબીજનોએ પણ ધર્મનું શરણું સ્વીકાર્યું. ✷ ✷ ✷

- *ખાતર પાડવાનું પાપકર્મ કરનાર ચોર જેમ પકડાઈ જાય છે અને પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે, તેમ પાપ કરનાર જીવ આ લોકમાં કે પરલોકમાં તેનું ફળ ભોગવે છે. કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છુટકારો નથી.*
- *જો કોઈ એક માણસને સમૃદ્ધિથી પૂર્ણ એવો આખો લોક આપી દેવામાં આવે તો પણ તેને એનાથી સંતોષ થશે નહિ. જીવની તૃષ્ણા આવી રીતે સંતોષાવી ઘણી કઠિન છે.*
- *જેવી રીતે જંગલમાં વિચરનાર હરણ વગેરે નાનાં પશુઓ ભયની શંકાથી સિંહથી દૂર રહે છે, તેવી રીતે મેધાવી પુરુષે ધર્મના તત્ત્વની સમીક્ષા કરીને પાપ કરવાથી દૂર રહેવું જોઈએ.*

વૃદ્ધજનની કોઠાસૂઝ

ચંદ્રાવતી નામે નગરીમાં રત્નશેખર નામે રાજા રાજ્ય કરતો હતો. એને મદનસેન નામે એક પુત્ર હતો. રાજા જ્યારે વૃદ્ધ થયો ત્યારે એણે પુત્રને રાજગાદીએ બેસાડ્યો, અને પોતે તાપસ બનીને રાજમહેલ છોડી વનમાં ચાલ્યો ગયો.

હવે રાજ્યમાં યુવાન મદનસેનની આણ વર્તવા લાગી. પણ મદનસેન રાજકાજનો પૂરતો અનુભવી નહિ હોઈ, મંત્રી, પુરોહિત વગેરે તેના સલાહકારો હતા. એક દિવસ મંત્રી યુવાન રાજાને કહે છે, 'હે રાજા, અહીં જે વૃદ્ધ પુરુષો આપની અને રાજ્યવહીવટની સેવામાં આવે છે તે ઘણુંજ અયોગ્ય છે. કેમકે એ વૃદ્ધજનોની આંખો નિસ્તેજ બની છે, એમના મોઢામાંથી લાળ ગળે છે, ગળામાંથી કફ નીકળે છે અને તેઓ સતત નાક છીંક્યા કરે છે. એમના શરીર શિથિલ થયાં છે અને મોં ફિક્કાં પડી ગયાં છે. આવા ઘરડેરાઓથી આપણી રાજસભા શોભતી નથી. માટે એમને હવે સેવામાંથી છૂટા કરવા જોઈએ.'

બિનઅનુભવી યુવાન રાજાને મંત્રીની આ સલાહ ગળે ઊતરી ગઈ, અને એણે તરત જ એનો અમલ પણ કરી દીધો. ફરમાન કાઢીને જે જે વૃદ્ધ સેવકો હતા તેમને દૂર કરી દીધા. અને પ્રતિહારને સૂચના આપી કે વૃદ્ધોને રાજદારબારને બારણે આવવા દેવા નહીં.

હવે રાજદરબારમાં કેવળ યુવાનો જ નજરે પડતા હતા. રાજા પણ એના દિવસો સુખેથી પસાર કરતો હતો.

હવે એક દિવસ બન્યું એવું કે યુવાન રાજા મદનસેન અને એની રાણી એમના અંતઃપુરમાં સોગઠાંબાજી રમતાં હતાં. ત્યારે રાણીએ મસ્તી-આવેશમાં આવીને રાજાને ચરણપ્રહાર કર્યો. રાજાને માટે આ નવાઈભર્યું હતું.

આ ઘટના બન્યા પછી રાજા રાત્રિના પાછલા પહોરે વિચારતરંગે ચઢી ગયો. રાણીએ મારા પ્રતિ ચરણપ્રહારની ચેષ્ટા કેમ કરી? આનો સાચો જવાબ મને કોણ આપી શકે? એ વિશે વિચાર કરતાં કરતાં રાજ્યમાં એણે રાજસભામાંથી સઘળા વૃદ્ધોને દૂર કરવાનો કરેલો અમલ યાદ આવ્યો. એને થયું કે 'મારા દરબારમાં બધા યુવાનો જ છે. હવે દૈવવશાત્ મારે માથે કોઈ દુશ્મનનું સંકટ આવી પડે તો એ સંકટમાંથી માર્ગ કેમ કાઢવો? સાચો માર્ગ કોણ બતાવી શકે?'

બીજે દિવસે સવારે મદનસેન સભા ભરીને બેઠો. એણે આખીયે રાજસભાને સંબોધીને પ્રશ્ન કર્યો કે 'કોઈ વ્યક્તિ મને ચરણપ્રહાર કરે તો તેને મારે શો દંડ કરવો? તમે વિચારીને મને કહો.'

બધા જુવાનિયા કહેવા લાગ્યા, 'અરે સ્વામી! જે વ્યક્તિ આપને ચરણપ્રહાર કરે એના ચરણના તો ટુકડેટુકડા કરી નાખવા જોઈએ.'

પણ રાજાએ આ વાત માની નહીં. તે કહે, 'જે કોઈ વિચાર કરીને મને સાચો જવાબ આપશે તેને હું રાજ્યનો મુખ્યમંત્રી બનાવીશ.'

સભા વિખરાઈ. સૌ પોતપોતાને ઘેર ગયા. બધા જ મનોમન એકસરખું વિચારવા લાગ્યા કે વૃદ્ધજન સિવાય આનો જવાબ કોઈ કહી શકે નહીં.

એક સદસ્ય પોતાને ઘેર આવ્યો ત્યારે એની રાહ જોઈને બેઠેલા એના વૃદ્ધ પિતા કહે, 'દીકરા! આજે તારે સભામાંથી આવતાં મોડું કેમ થયું? જમવાની વેળા પણ વીતી ગઈ. તારી સાથે જ હું જમું છું એ તો તું જાણે છે ને? આ મારો રોજનો નિયમ છે. પણ જો તું આમ મોડું કરે તો પછી મારો નિયમ પણ તૂટે.'

પુત્ર કહે, 'પિતાજી, સભામાં આજે એક વાત બની તે સાંભળો.' પછી એણે રાજસભામાં જે કાંઈ બન્યું હતું તે પિતાને કહી સંભળાવ્યું.

પિતા હસીને કહે, 'તું કશી ચિંતા કરીશ નહીં. આપણે પહેલાં ભોજન કરી લઈએ. સવારે તું સભામાં જઈને રાજાને કહેજે કે આપના પ્રશ્નનો જવાબ મારા પિતા આપશે. જો રાજા સંમત થાય તો મને સભામાં તેડાવી લેજે.' પુત્ર આનંદ પામ્યો.

બીજે દિવસે સવારે રાજસભામાં જઈને તેણે રાજાને કહ્યું કે, 'આપના પ્રશ્નનો જવાબ મારા પિતા કહેશે.'

રાજા પહેલાં તો થોડી અવઢવમાં પડી ગયો. કેમકે એણે જ વૃદ્ધજનોને રાજસભાના બારણે પણ ઠૂંકવાનો પ્રતિબંધ લાદ્યો હતો. છતાં એને થયું કે આ વૃદ્ધજનની પરીક્ષા તો કરું. એટલે રાજાએ એ યુવાન સદસ્યના પિતાને સભામાં તેડાવી મંગાવ્યા.

સભામાં આવેલા વૃદ્ધ પિતા કહે, 'આપનો આદેશ હોય તો હું મારું મંતવ્ય જણાવું.' રાજાએ આદેશ આપ્યો.

વૃદ્ધ પિતા કહે, 'હે રાજા! આપને જે વ્યક્તિ ચરણપ્રહાર કરે એનું તો મૂલ્યવાન મણિ-માણેક-રત્ન અને વસ્ત્રાલંકારોથી બહુમાન

[આ કથાનો આધારસ્રોત છે આ. હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ.' મૂળગ્રંથ પ્રાકૃતમાં, વૃત્તિની ભાષા સંસ્કૃત. પણ વૃત્તિકારે એમાં આપેલી કથાઓ બહુધા પ્રાકૃતમાં. વૃત્તિની રચના ઈ.સ. ૧૧૭૪માં. શ્રી મલયગિરિકૃત 'નંદી-અધ્યયનવૃત્તિ' (સંસ્કૃત)માં, આ. શાંતિસૂરિકૃત 'ધર્મરત્ન પ્રકરણની સ્વોપજ્ઞ વૃત્તિ' (સંસ્કૃત)માં તથા હરજી મુનિકૃત 'વિનોદ ચોત્રીસી' (મધ્યકાલીન ગુજરાતી)માં પણ આ કથા મળે છે.

પુસ્તક : 'વિનોદ ચોત્રીસી' (હરજી મુનિકૃત), સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ– ૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ–૮૬, ઈ. સ. ૨૦૦૫.]

કરવું.'

રાજાએ પૂછ્યું, 'એમ શા માટે?' ત્યારે વૃદ્ધ કહે, 'હે રાજા! આપને ચરણપ્રહાર કરવાની હિંમત કોણ કરે? જે આપને ખૂબ પ્રિય હોય એ જ. અને પ્રેમાળ પત્ની વિના આવું કોણ કરે? રતિકલહની વેળાએ કે મોજમસ્તીના સમયમાં પત્ની જ આ ચેષ્ટા કરે. અને આવી ચેષ્ટા એ તો પતિ પ્રત્યેના પ્રેમની અભિવ્યક્તિ છે.'

રાજાએ વૃદ્ધની વાત માન્ય રાખી. આ વૃદ્ધનું તો સન્માન કર્યું જ, પણ પોતે વૃદ્ધજનોને રાજસભામાંથી દૂર કરવાનો લાદેલો અમલ રદ કર્યો. રાજસભામાં પુનઃ વૃદ્ધજનો પ્રવેશ પામ્યા.

રાજાને પણ પ્રતીત થયું કે વૃદ્ધજનોનું અનુભવજ્ઞાન અને કોઠાસૂઝ ગજબનાં હોય છે. તેથી કરીને યુવાનોએ વૃદ્ધજનોની સંગતિ ટાળવી જોઈએ નહીં.

વૃદ્ધા-કથા

૧. લોભને થોભ નહીં

તિલકનગરમાં બે ડોશીઓ રહેતી હતી. એકનું નામ બુદ્ધિ, બીજીનું નામ સિદ્ધિ. બંને વચ્ચે ગાઢ સખી પણાં હતાં. પણ બંનેના ઘરમાં અપાર ગરીબી. બંનેને મનમાં ગરીબીનું દુઃખ રહ્યા કરે.

નગર બહાર ભોલક યક્ષ નામે એક દેવ હતા. તે ગામના અધિષ્ઠાયક (રક્ષક તરીકે સ્થાપેલા) દેવ ગણાતા. એમની આરાધના કરવાથી સઘળી આપત્તિ ટળી જાય છે એવી વાત સાંભળી એક દિવસ બુદ્ધિ ડોશી એકલી ભોલક યક્ષના સ્થાનકે પહોંચી અને તેમની ભક્તિ કરવા લાગી. પછી તો રોજ ત્યાં જઈને યક્ષની ત્રિકાળપૂજા કરે, સ્તુતિપાઠ કરે અને નૈવેદ્ય ધરાવે.

બુદ્ધિની આવી ભક્તિથી યક્ષ પ્રસન્ન થયા. અને એને જે જોઈએ તે માગી લેવા કહ્યું. બુદ્ધિ કહે, 'હે દેવ, જો તમે પ્રસન્ન થયા હો તો મને ધનસંપત્તિનું સુખ આપી મારી ગરીબી દૂર કરો.'

યક્ષ કહે, 'તું દરરોજ આવીને એકેક દીનાર લઈ જજે.'

પછી તો આ બુદ્ધિ દરરોજ યક્ષના સ્થાનકે જઈને દીનાર મેળવવા લાગી. એની ગરીબી દૂર થઈ ને તે સુખસમૃદ્ધિ ભોગવવા લાગી. સુંદર વસ્ત્રો, સ્વાદિષ્ટ ભોજન, રહેવાને મઝાનું ઘર. કોઈ વાતે મણા જ ન રહી. અગાઉ દળણાં-ખાંડણાં કરનારી આ બુદ્ધિ ડોશી ઘરમાં કામ અર્થે ચાકરાણી રાખતી થઈ ગઈ.

બુદ્ધિની આ સમૃદ્ધિ જોઈને સિદ્ધિ ડોશીને ઈર્ષ્યા થઈ. એક વાર લાગ જોઈએ સિદ્ધિએ બુદ્ધિને ઉમળકો આણીને પૂછ્યું, 'અલી બુદ્ધિ! કહે તો ખરી કે એવો તો તેં શો કમિયો કર્યો કે તું આ વૈભવ પામી શકી?'

બુદ્ધિ દિલની થોડી ભોળી હતી. એણે તો યક્ષદેવની ભક્તિ-ઉપાસનાની બધી વાત માંડીને સિદ્ધિને કહી સંભળાવી. બુદ્ધિની સમૃદ્ધિનું આ રહસ્ય જાણીને સિદ્ધિ પોતાને ઘેર ગઈ. એ પણ હવે યક્ષની ભક્તિ કરવા માટે ઉત્સુક બની.

સિદ્ધિ ડોશી યક્ષની પૂજા-ભક્તિ કરવા લાગી. યક્ષદેવ સિદ્ધિને પણ પ્રસન્ન થયા, અને એને વરદાન માગવા કહ્યું. સિદ્ધિ કહે, 'હે દેવ! તમે મારી સખી બુદ્ધિને જે આપ્યું તેનાથી બમણું મને આપો.' યક્ષ કહે, 'ભલે. તું દરરોજ અહીં આવીને બે દીનાર લઈ જજે.' આમ જતે દિવસે સિદ્ધિ બુદ્ધિથી પણ બેવડી સમૃદ્ધિ ભોગવવા લાગી.

બુદ્ધિ ડોશીએ સિદ્ધિનું આ પરિવર્તન જોયું. આમ કેમ બન્યું હશે એનો ભેદ એને સમજાઈ ગયો. પછી બુદ્ધિ યક્ષમંદિરે જઈને વળી પાછી યક્ષની સેવા-પૂજા કરવા લાગી. યક્ષ બુદ્ધિ પર પ્રસન્ન થયા એટલે બુદ્ધિએ યક્ષ પાસે સિદ્ધિથીયે બેવડું ધન માગ્યું.

સિદ્ધિને આ વાતની જાણ થઈ એટલે એણે પણ વળી પાછી યક્ષની આરાધના શરૂ કરી. યક્ષ ફરી સિદ્ધિ ઉપર પ્રસન્ન થયા, ને જે જોઈએ તે માગવા કહ્યું.

સિદ્ધિ ડોશીને વિચાર આવ્યો કે 'હું જે માગીશ એનાથી બુદ્ધિ બમણું માગશે. મારી હરીફાઈ તે જરૂર કરશે. એટલે હવે તો એવું કંઈક માગું કે જેથી બુદ્ધિ ખૂબ જ દુઃખ પામે. મારાથી બમણું માગવા જતાં એ દુઃખી દુઃખી થઈ જાય.'

આમ વિચારીને સિદ્ધિએ યક્ષને કહ્યું, 'હે દેવ! મારી એક આંખ કાણી કરી નાખો.' યક્ષે 'તથાસ્તુ' કહીને સિદ્ધિની એક આંખ કાણી કરી નાખી.

સિદ્ધિએ પુનઃ યક્ષની આરાધના શરૂ કરી છે એવી ખબર પડતાં જ બુદ્ધિ ડોશી સત્વરે યક્ષ પાસે પહોંચી. બુદ્ધિની ભક્તિથી પ્રસન્ન થઈને યક્ષે એને વરદાન માગવા કહ્યું. બુદ્ધિ કહે, 'હે દેવ! સિદ્ધિએ જે માગ્યું એનાથી મને બમણું આપો.'

યક્ષે તો બુદ્ધિ માગ્યા પ્રમાણે જ કર્યું. પરિણામ એ આવ્યું કે સિદ્ધિની તો એક આંખ ગઈ હતી, પણ બુદ્ધિની બંને આંખો ચાલી ગઈ. અને અતિલોભમાં તે સાવ આંધળી બની ગઈ.

[વૃદ્ધ સ્ત્રીઓની આ ત્રણકથાઓ જૈન સાધુકવિ શ્રી હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' નામની પદ્યવાર્તામાં મળે છે. મધ્યકાલીન ગુજરાતી ભાષામાં આ કૃતિની રચના વિ. સં. ૧૬૪૧ (ઈ. સ. ૧૫૮૫)માં થઈ છે. આમાંની ૧લી કથા ઉપા. યશોવિજયજીકૃત 'જંબૂસ્વામી રાસ' ની ૨૫મી ઢાળમાં પણ મળે છે.

પુસ્તક : 'હરજી મુનિકૃત 'વિનોદચોત્રીસી' સંશો.-સંપા. કાન્તિભાઈ બી. શાહ, પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯ અને સૌ. કે. પ્રાણગુરુ જૈન ફિલો. એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર, મુંબઈ-૮૬, ઈ. સ. ૨૦૦૫.]

૨. માગ્યા મેહ વરસે નહીં.

વૈરાટપુર નામે નગર હતું. ત્યાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. રાજા અને પ્રજા

સુખમાં દિવસો પસાર કરતાં હતાં. એ નગરમાં ધનાવહ નામે એક વણિક હતો. એક દિવસ એ વણિકને ઘેર શ્રી મહાવીર સ્વામી પારણું કરવા પધાર્યા. ધનાવહે અત્યંત ભાવપૂર્વક પ્રભુજીને પારણું કરાવ્યું. એ અવસરે એ વણિકને ત્યાં સાડા બાર કરોડ સૌનૈયાની વૃષ્ટિ થઈ, દુંદુભિનાદ થયો અને સુરવરોએ આકાશમાંથી પુષ્પવૃદ્ધિ કરી. સર્વત્ર જયજયકાર પ્રવર્ત્યો. પછી પ્રભુ મહાવીર ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.

આ ધનાવહ વણિકની નજીકમાં જ એક ડોશી રહેતી હતી. ઘડપણને લઈને એની કાયા સાવ કૃશ થઈ ગઈ હતી. ધનાવહને ત્યાં પ્રભુજીએ કરેલા પારણાનો પ્રસંગ એણે નજરે જોયો. વણિકને ત્યાં થયેલી સુવર્ણવૃષ્ટિ જોઈને આ ડોશીને પણ લોભ લાગ્યો. એણે વિચાર્યું કે 'એક દિવસ મારે ત્યાં પણ કોઈ સાધુમહાત્માને પારણું કરાવું, તો મને પણ પેલા વણિકની જેમ અઢળક ધનની પ્રાપ્તિ થાય.'

આ વાતને દસ-બાર દિવસ થયા હશે. એવામાં આ ડોશીએ એક સાધુને જોયો. એ સાધુ વેશધારી હતો. શરીરે હૃષ્ટપુષ્ટ હતો. આ સાધુને જોઈ ડોશી તો આનંદમાં આવી ગઈ. એ તો એમ જ માનતી હતી કે બધા તાપસો એક સરખા જ હોય. એટલે ડોશીએ પેલા સાધુને પોતાને આંગણે નોંતરીને મિષ્ટાન્ન-ભોજન કરાવવાનું નક્કી કર્યું.

ડોશી એ સાધુ પાસે પહોંચી અને પોતાને ઘેર ભોજન માટે પધારવા આમંત્રણ આપ્યું. પેલો સાધુ તો આવી તક શાની જતી કરે? ડોશી એને પોતાને ઘેર તેડી લાવી અને સાધુને ભાવતાં ભોજન જમાડ્યાં. સાધુ પણ ખૂબ સંતુષ્ટ થયો.

સાધુ જમી રહ્યો એટલે ડોશી વારંવાર આકાશ તરફ મીટ માંડીને જોવા લાગી. સાધુ સાથે કાંઈક વાત કરતી જાય ને વળી પાછી આકાશ તરફ ઊંચી ડોક કરીને નજર નાખતી જાય. ત્યારે પેલા સાધુએ પૂછ્યું કે, 'માજી, વારે વારે તમે આકાશમાં શું જુઓ છો?'

ડોશી કહે, 'હું એ જોયા કરું છું કે આકાશમાંથી મારા આંગણામાં હજી સુવર્ણવૃષ્ટિ કેમ થતી નથી?' આમ કહીને એણે ધનાવહ વણિકને ત્યાં મહાવીર પ્રભુના પારણાનો જે પ્રસંગ બનેલો એની માંડીને બધી વાત કરી.

આ સાંભળીને આ જટાધારી સાધુને માજીએ ભોજન માટે આપેલા નોતરાનું રહસ્ય સમજાઈ ગયું. તે ડોશીના મનને બરાબર પામી ગયો.

એ સાધુ ડોશીને કહેવા લાગ્યો, 'માજી, મારું માનો તો તમે અહીં આંગણામાં ઊભા રહેવાને બદલે ઘરમાં જતા રહો. તમારી જે 'શ્રદ્ધા' છે, અને મારું જે 'તપ' છે એનાથી તો અહીં આકાશમાંથી વરસશે તો પથરા ને અંગારાનો વરસાદ વરસશે, સોનૈયાનો નહીં.'

આ મર્મવાણી ઉચ્ચારીને સાધુ ચાલતો થયો. ડોશીનું મોં ઝંખવાઈ ગયું.

૩. હાથે તે જ સાથે

કનકપુર નામે નગરમાંએક વૃદ્ધા સ્ત્રી રહેતી હતી. એને ચાર દીકરા. ચારે દીકરાને વહુઓ. કુટુંબ સુખમાં દિવસો પસાર કરતું હતું.

એક દિવસ ઘરડી સાસુએ ચારેય વહુઓને પોતાની પાસે બોલાવી. દરેકને સોનાની એક એક વસ્તુ સાચવવા આપી. પહેલી વહુને સુવર્ણસાંકળી આપી. બીજી વહુને સોનાની અંગૂથલી (વીંટી) આપી. ત્રીજી વહુને સાંકળું આપ્યું અને ચોથી વહુને ત્રણસો સોનૈયા આપ્યા. પછી ચારેય વહુઓને કહેવા લાગી, 'જ્યારે મારે કામ પડશે ત્યારે તમને આપેલી વસ્તુ હું પાછી માગી લઈશ.'

પણ ચારેય વહુઓનું ચિત્ત સોનું જોઈને ચલિત થયું. તેમણે નિશ્ચય કર્યો કે સાસુએ સાચવી રાખવા આપેલું ઘરેણું પાછું આપવું નહીં.

આમ કરતાં ઘણો સમય વીતી ગયો. ઘરડી સાસુ રોગમાં પટકાઈ. શરીરે ઘણી જ પીડા ઉપડી. વૈદ્યે આવી વૃદ્ધાની નાડી તપાસી. પછી કહ્યું કે 'માજીનો રોગ અસાધ્ય છે. એટલે હવે કંઈક ધર્મ-ઔષધ કરો.'

પછી ડોશી થોડીક ભાનમાં આવી ત્યારે એને થયું કે 'હવે મારે કાંઈક દાન-પુણ્ય કરી લેવું જોઈએ. મેં વહુઓને જે દ્રવ્ય સાચવવા આપ્યું છે તે પાછું મેળવીને એનો હવે દાન રૂપે સદ્વ્યય કરું.'

આમ વિચારીને માજીએ અતિ મંદ સ્વરે મોટી વહુને પોતાની પાસે બોલાવી ને એને સોંપેલી સુવર્ણસાંકળી માગી. માજીની આખર અવસ્થા જાણીને ખબર કાઢવા આવેલાં સગાંવહાલાં ત્યાં બેઠેલાં હતાં. તે સૌ પેલી મોટી વહુને પૂછવા લાગ્યાં કે 'માજી તારી પાસે કાંઈક માગતાં લાગે છે. એ શું માગે છે?'

એટલે મોટી વહુ કહેવા લાગી, 'સાસુજી 'સાંગરી' માગે છે જે એમને પહેલાં ખૂબ ભાવતી હતી.' આમ વહુએ 'સાંકળી'ને સ્થાને 'સાંગરી'નું જૂઠ ચલાવ્યું.

પછી બીજી વહુને બોલાવીને સાસુએ અંગૂથલી માગી. બધાંએ આ બીજી વહુને પૂછ્યું કે 'માજી શું માગે છે?' બીજી વહુ કહે 'સાસુમા એમ કહે છે કે હવે જીવ જવાની વેળાએ મારું 'અંગ ઊથલી' પડે છે. આમ બીજી વહુએ પણ ઉચ્ચારસામ્યથી વાત પલટાવી નાખી.

વૃદ્ધાએ ત્રીજી વહુને બોલાવી એને આપી રાખેલું સાંકળું માગ્યું. ત્યારે એ ત્રીજી વહુ સૌ સગાંવહાલાંને કહેવા લાગી કે 'સાસુમા કહે છે કે અહીં મને 'સાંકડું' લાગે છે.'

ચોથી વહુ પાસે સાસુએ ત્રણસો સૌનૈયા માગ્યા. ત્યારે એ વહુએ બધાંને કહ્યું કે 'માજી 'ટીંડશ શાક' માગે છે.

આમ ચારેય વહુઓએ મળીને વૃદ્ધ સાસુની દાન-પુણ્યની આશા ફળવા દીધી નહિ. વૃદ્ધાવસ્થામાં દ્રવ્યનો સદ્વ્યય કરી પુણ્ય-ઉપાર્જનનો માજીનો મનોરથ મનમાં ને મનમાં જ રહી ગયો. છેવટે માજી થોડા સમયમાં મૃત્યુ પામ્યાં.

જાતે જે ખાધું ને વાપર્યું તે જ ગાંઠે બાંધ્યું એમ માનવું. હાથે તે જ સાથે. ✷ ✷ ✷

જા સા સા સા

વસંતપુર નામે નગરમાં અનંગસેન નામે એક સુવર્ણકાર રહેતો હતો. એ અત્યંત સ્ત્રીલંપટ હતો. તેને પાંચસો પત્નીઓ હતી. અનંગસેન એવો વહેમી કે એકેય સ્ત્રીને કદી ઘરની બહાર નીકળવા ન દે. એક વખત અનંગસેનના એક મિત્રે કોઈક અવસર નિમિત્તે આ બધી સ્ત્રીઓને પોતાને ત્યાં આવવાનું નિમંત્રણ આપ્યું. અનંગસેનની બધી સ્ત્રીઓ સ્નાન-વિલેપન કરી, મૂલ્યવાન વસ્ત્રાલંકારોથી સજ્જ થવા લાગી. હાથમાં દર્પણ ધરી રાખીને સૌ પોતપોતાનો શણગાર નીરખતી હતી. એવામાં જ આ સ્ત્રીઓનો પતિ ઘેર આવ્યો. સ્ત્રીઓને આ રીતે સજ્જ થતી જોઈને ગુસ્સે ભરાયેલા એણે એક સ્ત્રી ઉપર જોરથી ઘાતક પ્રહાર કરીને એની હત્યા કરી નાખી. એટલે બીજી પત્નીઓ પતિના આવા દુષ્કૃત્યથી એટલી ભયભીત બની ગઈ કે એમણે સ્વબચાવમાં હાથમાં ધરી રાખેલાં દર્પણો પતિની સામે ફેંક્યાં. આ દર્પણોના પ્રહારોથી અનંગસેન તત્કાલ મૃત્યુ પામ્યો. પતિની હત્યા અને લોકાપવાદના ડરની મારી આ સઘળીયે સ્ત્રીઓ પતિની પાછળ અગ્નિપ્રવેશ કરીને બળી મરી.

હવે જે સ્ત્રી પહેલી મરી હતી તે બીજા ભવમાં એક ગામમાં કોઈના પુત્ર તરીકે જન્મી. જ્યારે પતિ અનંગસેને મૃત્યુ પામીને, જે કુટુંબમાં એની પત્ની પુત્ર તરીકે જન્મી હતી એની જ બહેન તરીકે જન્મ લીધો. આમ પાછલા જન્મનાં પતિ-પત્ની નવા ભવમાં અનુક્રમે બહેન અને ભાઈ તરીકે જન્મ્યા. જ્યારે બળી મરેલી બાકીની સ્ત્રીઓ એકસાથે એક નાના ગામમાં ચોરોના સમુદાયરૂપે જન્મ પામી.

પૂર્વભવમાં પેલા અનંગસેનને સ્ત્રી પ્રત્યેની એટલી તીવ્ર આસક્તિ હતી કે એ આસક્તિના કુસંસ્કારથી આ ભવમાં પુત્રી તરીકે જન્મેલી તે સતત રુદન કરવા લાગી. કેમેય કરતાં છાની રહે નહીં. પણ એક વાર સગા ભાઈ (પૂર્વભવની અનંગસેનની પત્ની)ના હાથનો બહેનના ગુહ્ય સ્થાને સ્પર્શ થતાં જ બહેન (પૂર્વભવનો અનંગસેન) તરત જ રડતી છાની રહી ગઈ. ભાઈએ બહેનને રડતી છાની રાખવાનો આ ઉપાય જાણી લીધો. એટલે જ્યારે જ્યારે બહેન રડે ત્યારે તે બહેનના ગુહ્ય ભાગે હાથનો સ્પર્શ કરી બહેનને છાની રાખે. માતાપિતા પોતાના પુત્રની વારંવારની આવી કુચેષ્ટા જોઈને લજ્જા પામ્યાં અને પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો. બહેન પણ થોડી મોટી થતાં ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ.

માતાપિતાએ ઘરમાંથી કાઢી મૂકેલો પુત્ર રખડતો પેલા પાંચસો ચોરો (અનંગસેનની પૂર્વભવની પત્નીઓ)ના ગામમાં પહોંચ્યો અને ચોરોના સમુદાયમાં ભળી ગયો. પછી તે એ સમુદાયનો અગ્રેસર-પલ્લીપતિ બની ગયો.

એક દિવસ આ ચોરો ધાડ પાડવા માટે ગયા. એ ચોરોએ જે સ્થળે ધાડ પાડી તે સ્થળે તેમણે એક યૌવનપ્રાપ્ત કન્યાને જોઈ. તેઓ એ કન્યાને પોતાની પલ્લીમાં લઈને આવ્યા. થોડા સમયમાં તે કન્યા પલ્લીપતિ સમેત પાંચસો ચોરોની પત્ની બનીને એમની સાથે રહેવા લાગી.

થોડા સમય પછી આ ચોરો એક બીજી સ્ત્રીને દયાભાવથી આ સ્થાને લઈને આવ્યા. પણ અગાઉ ધાડ પાડીને આણેલી સ્ત્રી પોતાની અતિ તીવ્ર રાગવૃત્તિને લઈને આ બીજી સ્ત્રીના આગમનને સહન કરી શકી નહીં. એને થયું કે આ બીજી આગંતુક સ્ત્રી મારા રતિસુખમાં વિઘ્નરૂપ થશે. પરિણામે પહેલી સ્ત્રીએ એક દિવસ આ બીજી સ્ત્રીને ભોળવીને કૂવામાં ફેંકી દીધી.

પેલી પ્રથમ આણેલી યૌવનાનો આવો ઉત્કટ રાગાવેગ જોઈને પલ્લીપતિ બનેલા ભાઈના ચિત્તમાં વિચાર સ્ફુર્યો કે 'શું આ કન્યા એ મારી નાનપણની બહેન તો નથી?' કેમકે નાની હતી ત્યારે એના ગુહ્ય સ્થાને થતા પોતાના કરસ્પર્શથી એ રડતી છાની રહી જતી હતી.

આ પલ્લીપતિના ચિત્તમાં આવું મંથન

[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા' ગ્રંથ પરનો શ્રી સિદ્ધર્ષિગણિનો 'હેયોપાદેયા ટીકા'–ગ્રંથ. 'ઉપદેશમાલા' મૂળ ગ્રંથ પ્રાકૃત ભાષાની ૫૪૩ (૫૪૪) ગાથાઓમાં રચાયો છે. એના પરની 'હેયોપાદેયા ટીકા' સંસ્કૃતમાં રચાઈ છે. એનું રચનાવર્ષ વિ. સં. ૯૭૪ છે. એમાં આ કથા સંક્ષિપ્ત સ્વરૂપે મળે છે. વિ. સં. ૧૦૫૫માં આ. વર્ધમાનસૂરિએ 'હેયોપાદેયા ટીકા' ને સ્વીકારીને એના કથાનકોને પ્રાકૃતમાં વિસ્તૃત સ્વરૂપે આલેખ્યાં છે.

આ ઉપરાંત આ. હરિભદ્રસૂરિરચિત 'ઉપદેશપદ' પરની આ. મુનિચંદ્રસૂરિની 'સુખ સંબોધની વૃત્તિ' (રચના વર્ષ ૧૧૭૪)માં તથા કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના ૧૦મા પર્વમાં પણ આ કથા સમાવિષ્ટ છે.

પુસ્તક : ૧. 'ઉપદેશમાલા (હેયોપાદેયાવૃત્તિ સહિતા)', સંપા. આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિજી મહારાજ, સહયોગી સાધ્વીજી ચંદનબાલાશ્રી, પ્રકા. શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા, અમદાવાદ-૧૪, વિ. સં. ૨૦૬૨ (ઈ. સ. ૨૦૦૬).

૨. 'ઉપદેશપદનો ગૂર્જર અનુવાદ', સંપા.–અનુ. આ. હેમસાગરસૂરિ, સહસંપા. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રકા. આનન્દ-હેમ-ગ્રંથમાલા વતી ચંદ્રકાંત સાકરચંદ ઝવેરી, મુંબઈ–૨, વિ. સં. ૨૦૨૮. (ઈ. સ. ૧૯૭૨).]

ચાલતું હતું તેવામાં જ ભગવાન મહાવીર નજીકમાં પધાર્યા છે તે જાણીને એ પલ્લીપતિ પ્રભુ મહાવીરના સમવસરણમાં જઈ પહોંચ્યો. પેલી કન્યાની ઓળખ અંગેની જિજ્ઞાસા તીવ્ર હતી, અને પ્રભુ સર્વજ્ઞ છે એમ જાણીને ભગવાનને સાંકેતિક વાણીમાં જ પ્રશ્ન કર્યો 'યા(જા) સા સા સા?' અર્થાત્ 'જે એ છે તે તે જ છે?' એટલેકે 'ઉત્કટ રાગાવેગ ધરાવતી જે સ્ત્રી તે શું મારી બહેન છે?' ત્યારે પ્રભુએ પણ એ પ્રશ્નનો એવો જ સાંકેતિક પ્રત્યુત્તર આપતાં કહ્યું, 'યા સા સા સા.' અર્થાત્ 'હા, જે એ છે તે તે જ છે.' એટલે કે 'એ સ્ત્રી જે છે તે તારી બહેન જ છે.' પછી પ્રતિબોધિત થયેલો તે પલ્લીપતિ ત્યાંથી વિદાય થયો.

ત્યાં બેઠેલા ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે પેલા આગંતુકે સંકેતથી તમને શું પૂછ્યું? ત્યારે પ્રભુજીએ એના ઉત્તરરૂપે પલ્લીપતિની એના પૂર્વભવ સહિતની કથની કહી.

આ આખી કથા આપણા મર્મ સ્થાનને સ્પર્શી જાય એવી છે.

પલ્લીમાં આણેલી કન્યા જે પોતાની બહેન જ હતી તેની સાથે પોતે કરેલું સહશયન એ પલ્લીપતિના જીવનમાં આચરાયેલું એવું અધમ પાપકર્મ હતું કે એ પોતાના દોષ પ્રભુજી આગળ પ્રકાશી પણ ન શક્યો અને કેવળ સાંકેતિક પ્રશ્ન કરીને જ અટકી ગયો.

જીવનમાં એવાં અધમ પાપકૃત્યો માનવી કરી બેસે છે જે પ્રગટ વાચાસ્વરૂપે કહી શકાય એવાં પણ નથી હોતાં, એ આ દૃષ્ટાંતકથાનો મર્મબોધ છે.

✷ ✷ ✷

પીડા વહેંચાય તો પાપ વહેંચાય

રાજગૃહી નગરીમાં કાલસૌરિક નામે એક કસાઈ રહેતો હતો. એ હંમેશાં પાંચસો પાડાનો વધ કરતો. એક વાર શ્રેણિક રાજાએ એને કૂવામાં નાખ્યો તો ત્યાં પણ આદતથી મજબૂર એવો તે કસાઈ માટીના પાંચસો પાડા બનાવી તેનો વધ કરતો. આવાં જીવહિંસાનાં પામપકર્મોથી એ જ્યારે રોગગ્રસ્ત થયો ત્યારે આખા શરીરે અત્યંત દાહ અને બળતરાનો અનુભવ કરવા લાગ્યો.

આ કાલસૌરિક કસાઈને સુલસ નામે પુત્ર હતો. એણે પિતાને સાજા કરવા માટે અનેક ઉપચારો કર્યા પણ કાલસૌરિક રોગમુક્ત થયો નહીં. છેવટે તે મૃત્યુ પામ્યો અને એનાં પાપકર્મોને લઈને નરકમાં ગયો.

આ કસાઈપુત્ર સુલસને અભયકુમાર મંત્રી સાથે મૈત્રી હતી. અભયકુમારની સોબતથી સુલસમાં જીવદયાના સંસ્કારો દૃઢ થયા હતા.

હવે પિતાના મૃત્યુ પછી સુલસનાં તમામ કુટુંબીજનો એકઠાં થઈને સુલસને સમજાવવા લાગ્યાં, 'પિતાનો વ્યવસાય પુત્રએ સંભાળી લેવો જોઈએ. એ રીતે હે સુલસ! તું પણ તારા પિતાનો ખાટકીનો વ્યવસાય સંભાળી લે અને પિતાના મૃત્યુના શોકમાંથી બહાર આવ.' કુટુંબીઓ કહેવા લાગ્યાં, 'ઈચ્છા-અનિચ્છાની અહીં વાત જ નથી. બાપનો વ્યવસાય સંભાળી લેવાની અને એને ચાલુ રાખવાની પુત્ર તરીકે તારી જવાબદારી છે.' પણ અભયકુમાર સાથેની મૈત્રીને કારણે એનામાં જીવદયાના સંસ્કારો એવા બળવત્તર થયા હતા કે એ ટસનો મસ ન થયો અને ફરી ફરીને પરિવારને કહેવા લાગ્યો કે 'અબોલ પ્રાણીવધનું આવું ઘોર પાપકૃત્ય હું નહીં જ કરું.'

ત્યારે સુલસને ભેગા થયેલાં સગાં કહેવા લાગ્યાં, 'જો બાપદાદાનો આ વ્યવસાય ચાલુ રાખવામાં તને પાપનો ડર લાગતો હોય તો અમે બધાં તારું પાપ થોડું થોડું વહેંચી લઈશું.' આમ કહીને સુલસનાં સગાંઓએ સુલસના હાથમાં કુહાડી પકડાવી, અને કહ્યું કે 'તું પહેલો ઘા કર પછી અમે બધાં એમ કરીશું.'

સુલસે કુહાડી ઉપાડી. પણ એ ઉપાડેલી કુહાડીથી અબોલ પ્રાણી ઉપર ઘા કરવાને બદલે એણે પોતાના પગ ઉપર ઘા કર્યો. પગમાંથી લોહી વહેલા લાગ્યું. સગાંઓ ચોંકી ઊઠયાં. કહેવા લાગ્યાં, 'અરે મૂરખ! આ તેં શું કર્યું?' સુલસ કહે, 'મને ખૂબ જ પીડા થઈ રહી છે. તમે બધાં મારા પગે થઈ રહેલી આ પીડા થોડી થોડી વહેંચી લો.' સગાં કહે, 'અરે સુલસ! કેવી ગાંડી વાત કરે છે! તને થતી પીડા અમે શી રીતે લઈ શકવાના? કોઈની પીડા બીજા કોઈથી લેવાય નહીં.'

ત્યારે સુલસે જવાબમાં કહ્યું, 'જો કોઈની પીડા બીજાઓને નથી વહેંચી શકાતી, તો કોઈએ કરેલું પાપ પણ બીજાઓને શી રીતે વહેંચી શકાય?'

ભેગાં થયેલાં કુટુંબીજનો પાસે આનો કોઈ ઉત્તર નહોતો. આપણા કોઈની પાસે પણ છે ખરો?

✷ ✷ ✷

[આ કથાનો આધારસ્રોત ગ્રંથ છે ધર્મદાસગણિ-વિરચિત 'ઉપદેશમાલા'. ગ્રંથ પદ્યબદ્ધ અને પ્રાકૃત ભાષામાં છે. આ ગ્રંથ પરની શ્રી સિદ્ધર્ષિ ગણિની 'હેયોપાદેય ટીકા' (ભાષા સંસ્કૃત, રચના વિ. સં. ૯૭૪) માં આ કથા મળે છે. આચાર્ય સોમસુંદરસૂરિકૃત 'ઉપદેશમાલા બાલાવબોધ' (ભાષા મધ્યકાલીન ગુજરાતી, રચના વિ. સં. ૧૪૮૫)માં તથા આચાર્ય વિજયલક્ષ્મીસૂરિકૃત 'ઉપદેશ પ્રાસાદ' (ભાષા સંસ્કૃત, રચના વિ. સં. ૧૮૪૩)માં પણ આ કથા ઉપલબ્ધ છે.

પુસ્તક : 'શ્રી ઉપદેશપ્રાસાદ-ભાષાંતર', અનુ. શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, પુનઃ પ્રકાશન શ્રી જૈન બૂક ડીપો, અમદાવાદ, ઈ. સ. ૨૦૦૧.]

મુનિવર કેમ હસ્યા ?

[આ કથા આચાર્યશ્રી પ્રેમપ્રભસાગરજી-'વાત્સલ્યદીપ'કૃત 'પ્રેરક જૈન કથાઓ' પુસ્તકમાંથી લીધી છે. કથાલેખન યથાવત્ રાખ્યું છે. પ્રકા. શ્રી વાત્સલ્યદીપ ફાઉન્ડેશન, અમદાવાદ-૧૩, ઈ. સ. ૨૦૦૧]

નાગદત્ત શેઠ નગરમાં જાણીતા શ્રેષ્ઠી હતા. સુખથી જીવે. પોતાના માટે સુંદર મહેલનું નિર્માણ કરાવી રહ્યા હતા. રંગારાને એ સૂચના આપી રહ્યા હતા કે, એવો રંગ થવો જોઈએ કે વર્ષો સુધી ઝાંખો ન પડે.

રંગારો કહે, 'ચિંતા ન કરો શેઠ, એમ જ થશે.'

એ વખતે ત્યાંથી એક તપસ્વી મુનિરાજ પસાર થયા. એમણે આ જોયું ને સાંભળ્યું. એ હસી પડ્યા.

નાગદત્ત શેઠને મનમાં વિચાર તો થયો જ કે એ સંસારત્યાગી મુનિવર હસ્યા કેમ હશે ? કિંતુ એમણે ઝાઝું મહત્ત્વ ન આપ્યું.

બપોરની વેળા હતી. નાગદત્ત શેઠ જમવા બેઠેલા. પારણામાં એમનો પુત્ર ઝૂલે. એણે લઘુશંકા કરી ને શેઠની થાળીમાં થોડા છાંટા ઊડ્યા. શેઠે પરવા ન કરી. જમવાનું ચાલુ રાખ્યું.

એ જ મુનિરાજ ત્યારે ત્યાં વહોરવા આવેલા. એમણે આ જોયું. એ હસી પડ્યા.

શેઠ વળી ચમક્યા.

નાગદત્ત શેઠ દુકાને બેઠેલા. ઘરાકી ચાલુ હતી તેવે સમયે એક બોકડો દુકાનમાં ચડી ગયો. શેઠે તેને બહાર કઢાવ્યો. નોકરે માર્યો. કસાઈ તેને પરાણે ઉપાડી ગયો. બોકડાની આંખમાંથી પાણી વહે ! પેલા મુનિવરને એ જ વખતે વળી ત્યાંથી પસાર થવાનું થયું. એમણે આ જોયું. એ હસી પડ્યા !

નાગદત્ત શેઠ ચમક્યા. આ મુનિરાજ હસ્યા કેમ ? કોઈ કારણ હશે જ.

શેઠ પહોંચ્યા ઉપાશ્રયે. સાંજ ઢળી ગયેલી. મુનિવરને વિધિવત્ વંદીને શેઠે જે મનમાં હતું તે પૂછ્યું, 'આજ આપ ત્રણ વાર હસ્યા. તેનું કારણ શું હશે ?'

મુનિ મહારાજ ગંભીર થઈ ગયા. કહે, 'શેઠ, સંસારની અસારતા જોઈ હસી જવાયું હતું.'

'મને કહેવા કૃપા કરશો ?'

'જી, પણ છાતી મજબૂત રાખજો.'

'ભલે.' શેઠ સાવધ થઈ ગયા.

મુનિ: 'શેઠ સવારે તમે રંગારાને સૂચના આપતા હતા કે રંગ કદી જવો ન જોઈએ.'

'ખરું.'

મુનિ: 'શેઠ, ભાગ્યની કરામત અકળ હોય છે. તમારું આયુષ્ય હવે માત્ર સાત જ દિવસનું બાકી છે.'

'હેં !'

મુનિ: બપોરના બાળકની લઘુશંકાના છાંટા પણ તમને ભોજનમાં અણગમો પ્રેરતા નહોતા.'

'ખરું.'

મુનિ: બાળક એ જ જીવ છે કે જે તમારી પત્નીનો જાર હતો ને તમે મરાવી નાખેલો. એ તમારે ત્યાં પુત્ર રૂપે જન્મ્યો છે.'

'હેં !'

મુનિ : 'સાંજના બોકડાને તમે પરાણે દુકાનમાંથી બહાર કઢાવતા હતા. એ તમારા પિતાનો જીવ હતો. દુકાન જોઈ, તમને જોયા ને એ જીવને જાતિસ્મરણ (પૂર્વભવનું) જ્ઞાન થયું. તમારે ત્યાં આશ્રય અર્થે આવી ચડ્યો. તીવ્ર આસક્તિના કારણે એ મૃત્યુ પામીને તિર્યંચ બન્યો. જાતિસ્મરણથી જાણીને તમારે ત્યાં આવ્યો પણ...'

'હેં ?' શેઠ ઊભા થઈ ગયા. 'હું પહેલાં એને કસાઈને ત્યાંથી છોડાવી લાવું.' શેઠ દોડ્યા. કસાઈને ત્યાં પહોંચ્યા. ત્યારે એ બોકડાને વધેરીને હાથ લૂછતો હતો.

નાગદત્ત શેઠ હૈયાફાટ રડી રહ્યા. રે ! કેવો છે આ સંસાર ! એ પુનઃ ઉપાશ્રયે આવ્યા. ત્યાગી સાધુજનના ચરણ ઝાલ્યા. 'હે ગુરુદેવ, હવે મારું શું થશે ? મારો ઉદ્ધાર કરો. મારું કલ્યાણ કરો.'

મુનિ : 'શેઠ, જે જીવ કર્મ બાંધે, એ જ જીવ પુરુષાર્થ કરીને મુક્ત પણ થાય. તમે મોહ-માયાનો ત્યાગ કરીને ધર્મના, ત્યાગના, સદ્‌ગુરુના શરણે જાવ. તમારું શ્રેય થશે જ .એક દિનનું શુદ્ધ ચારિત્ર પણ જીવને સદ્‌ગતિ આપે. તમારે તો સાત દિન બાકી છે.'

સંસારની અસારતા પારખી ગયેલ નાગદત્ત શેઠે દીક્ષા લીધી. વૈરાગ્યના પંથે એમને સદ્‌ગતિ આપી. ✷ ✷ ✷

- *દુ:ખ આવી પડે ત્યારે મનુષ્ય તે એકલો જ ભોગવે છે. મૃત્યુ આવે ત્યારે જીવ એકલો જ પરભવમાં જાય છે. એટલા માટે જ્ઞાની માણસો કોઈ પણ વસ્તુને પોતાના શરણરૂપ માનતા નથી.*
- *ઉત્સાહી માણસ ધન કે બીજા કશા સ્વાર્થની આશામાં લોઢાના કાંટા (ખીલા) સહન કરી શકે છે, પરંતુ કોઈ પણ જાતની આશા રાખ્યા વગર વચનરૂપી કાંટા જે સહન કરે છે તે પૂજ્ય છે.*
- *બીજાઓનો તિરસ્કાર ન કરવો તથા પોતાનું ચડિયાતાપણું ન બતાવવું. પોતાનાં શ્રુતજ્ઞાન, લાભ, જાતિ, તપ અને બુદ્ધિનું અભિમાન ન કરવું.*

બે લઘુ દૃષ્ટાંતકથાઓ

૧. તુંબડાની કથા

[આ દૃષ્ટાંત કથા આગમગ્રંથ 'જ્ઞાતાધર્મકથાંગ'ના છઠ્ઠા તુંબક અધ્યયનમાં મળે છે. ભાષા પ્રાકૃત.

પુસ્તક : 'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર' (ગુજરાતી અનુવાદ), અનુ. મ. સાધ્વીજી શ્રી વિનિતાબાઈ, સંપા. પં. શોભાચંદ્ર ભારીલ્લ, પ્રકા. પ્રેમ-જિનાગમ પ્ર. સમિતિ, મુંબઈ, સં. ૨૦૩૭ (ઈ. સ. ૧૯૮૧).]

એક વખત ભગવાન મહાવીરના અંતેવાસી એવા જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ અણગારે (ગૌતમે) ભગવાનને પ્રશ્ન કર્યો કે ક્યા કારણે જીવ ભારેખમપણાને કે હળવાપણાને પ્રાપ્ત કરી શકે ?

પ્રત્યુત્તરમાં ભગવાન મહાવીરે ગૌતમને આ દૃષ્ટાંત કહ્યું.

એક મોટું સુકાયેલું છિદ્રરહિત તુંબડું હોય. એને કોઈ માણસ ઘાસથી લપેટે, તુંબડાના ફરતો બધી બાજુએ માટીનો લેપ કરે. એને સુકવવા મૂકે. પછી ફરીથી ઘાસથી લપેટી માટીનો લેપ કરે. પછી સૂકવે. આમ ફરી ફરી આઠ વાર તુંબડાને ઘાસ-માટીથી લપેટી પછી એ તુંબડાને ઊંડાં જળમાં નાખે ત્યારે એ તુંબડું જે મૂળમાં તદ્દન હળવું હતું તે વારંવારના માટીના લેપને કારણે ભારે થઈ જવાથી તરી શકે નહીં. અને જળાશયના ઊંડા પાણીમાં છેક તળિયે સ્થિત થઈ જાય.

હવે તે તુંબડાનો ઉપરનો માટીનો લેપ ભીનો થઈ જેમ જેમ ઓગળતો જાય તેમ તેમ તુંબડું વજનમાં હળવું થતું જઈ જળમાં ઉપર આવતું જાય. ક્રમશઃ આઠેય ઘાસ-માટીના લેપ દૂર થતા જાય અને છેવટે માટીના લેપથી તદ્દન બંધનમુક્ત થયેલું તુંબડું પુનઃ જલસપાટી પર આવી તરતું થઈ જાય.

આ પ્રમાણે શુદ્ધ આત્મા ઉપર અસંખ્ય પાપકર્મોના સેવનથી આઠ પ્રકારની કર્મપ્રકૃતિઓનો લેપ ચડ્યા કરે. પરિણામે એના ભારેખમપણાને લઈને જીવ નરકતલમાં પહોંચી જાય. પછી જ્યારે મનુષ્ય એનાં કર્મોનો ક્ષય કરી હળવો બને છે અને આત્માને સંપૂર્ણ કર્મમુકત કરે છે ત્યારે આ સંસારસાગરને તરી જાય છે. ✷ ✷ ✷

૨. કડવી તુંબડીની કથા

[આ દૃષ્ટાંત કથા આ. વિજયલક્ષ્મીસૂરિ-વિરચિત 'ઉપદેશ પ્રાસાદ' ગ્રંથમાં વ્યાખ્યાનમાં છે. ગ્રંથની ભાષા સંસ્કૃત. રચના વર્ષ સં. ૧૮૪૩.

પુસ્તક : 'શ્રી ઉપદેશપ્રાસાદ-ભાષાંતર', અનુ. શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઈ, પ્રકા. શ્રી જૈન ધર્મ પ્ર. સભા, ભાવનગર, પુનઃ પ્રકા. જૈન બૂક ડીપો. અમદાવાદ-૧, ઈ. સ. ૨૦૦૧.]

વિષ્ણુસ્થળ નગરમાં એક શેઠ રહેતા હતા. પત્નીનું નામ ગોમતી. એમને ગોવિંદ નામનો પુત્ર હતો. એ પુત્ર કેવળ દંભ અને બાહ્યાચારમાં નિપુણ હતો. અન્યોને યાત્રાપ્રવાસે જતા જોઈને એને પણ તીર્થયાત્રાએ જવાની અને સરિતાસ્નાનની ઈચ્છા થઈ. યાત્રાએ જતા પુત્રને માતાએ કહ્યું કે ગંગા, ગોદાવરી, ત્રિવેણી સંગમ જેવાં સરિતા સ્થાનોમાં કેવળ સ્નાન કરવાથી બંધાયેલાં પાપોનો નાશ થતો નથી. પણ પુત્રે પોતાનો આગ્રહ ત્યજ્યો નહીં. એટલે માતાએ એને બોધ પમાડવા એક કડવી તુંબડી આપીને કહ્યું કે તું જે જે સ્થળોએ સ્નાન કરે ત્યાં આ તુંબડીને પણ સ્નાન કરાવજે.

માતાનું આટલું વચન સ્વીકારીને પુત્ર તીર્થયાત્રાએ ગયો. જ્યાં જ્યાં સરિતાસ્નાન કર્યું ત્યાં ત્યાં તુંબડીને પણ સ્નાન કરાવતો હતો. થોડાક દિવસે પુત્ર પાછો આવ્યો. જમવા બેઠો. માતાએ પેલી તુંબડીનું શાક પીરસ્યું. પુત્રે એ શાક મોઢામાં મૂક્યું કે તરત જ બોલી ઊઠ્યો, 'અરે, આ તો કડવું ઝેર છે. ખાઈ શકાય એમ જ નથી.' માતા કહે, 'જે તુંબડીને તેં સ્નાન કરાવ્યાં છે તે તુંબડીમાં કડવાશ ક્યાંથી?' ત્યારે ગોવિંદ બોલ્યો, 'માતા, જળમાં સ્નાન કરાવવાથી તુંબડીની અંદરની કડવાશ શી રીતે દૂર થયા?' ત્યારે માતા કહે, 'દીકરા, મારે તને એ જ તો સમજણ આપવી હતી. જેમ પવિત્ર ગણાતી નદીઓમાં સ્નાન કરાવ્યા છતાં આ તુંબડીનો કટુદોષ ગયો નહીં, એમ હિંસા, અસત્ય, ચોરી, મૈથુન જેવાં પાપકર્મોનો સમૂહ કેવળ સરિતાસ્નાન કરવાથી દૂર થાય નહીં. કષાયોની મલિનતા નિવાર્યા સિવાય જીવની શુદ્ધિ થતી નથી.' ✷ ✷ ✷

- *જે પાછળથી બીજાની નિંદા નથી કરતા, જે કોઈની હાજરીમાં વિરોધવાળાં વચન નથી બોલતા, જે નિશ્ચયકારી (આગ્રહી) અથવા અપ્રિયકારી ભાષા નથી બોલતા તે સદા પૂજ્ય છે.*
- *સામેથી આવતા વચનરૂપી પ્રહારો કાનમાં વાગે છે ત્યારે તે મનમાં ખેદ ઉત્પન્ન કરે છે, પરંતુ જેઓ ધર્મમાર્ગમાં શૂરવીર છે અને જિતેન્દ્રિય છે તથા 'આ મારો ધર્મ છે' એમ માનીને તે સહન કરે છે તેઓ પૂજ્ય છે.*
- *બાળક હોય કે મોટા માણસ, સ્ત્રી હોય કે પુરુષ, દીક્ષિત હોય કે ગૃહસ્થ, ગમે તે હોય, પરંતુ જેઓ કોઈની નિંદા કરતા નથી કે તિરસ્કાર કરતા નથી, તેમ જ જેઓ ક્રોધ કે માનનો ત્યાગ કરે છે તેઓ પૂજ્ય છે.*

ઊંઘ વેચી ઉજાગરો

નારી સન્માન સંદર્ભે એક મધ્યકાલીન દૃષ્ટાંતકથા

[આ કથાનો આધાર છે પં. વીરવિજયજીકૃત 'ચંદ્રશેખર રાજાનો રાસ.' રાસ પદ્યબદ્ધ છે અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં વિ. સં. ૧૯૦૨માં એની રચના થઈ છે. દીર્ઘ રાસના ત્રીજા ખંડની ૧૧મી ઢાળમાં આ દૃષ્ટાંતકથા આલેખાઈ છે.

પુસ્તક : 'શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ', અનુ.-સંપા. સાધ્વીજી શ્રી જિતકલ્પાશ્રીજી, પ્રકા. શ્રી વડા ચૌટા સંવેગી જૈન મોટા ઉપાશ્રય, સુરત-૩, ઈ. સ. ૨૦૦૪.]

નાનકડું એક નગર હતું. એ નગરનો એક રાજા હતો. રાજાના મહેલમાં એક મજાનો વછેરો હતો. એ વછેરો ખચ્ચર અને ઘોડીના સમાગમથી પેદા થયેલો હતો. એ વછેરાનું નામ ઉજાગરો હતું.

આ જ નગરમાં મધુ ભટ કરીને એક બ્રાહ્મણ હતો. એને ત્યાં એક ભેંસ હતી. એ ભેંસ એવી તંદુરસ્ત હતી કે એક ટંકે એક મણ દૂધ આપતી હતી. એ દૂધમાંથી ઘી બનાવીને મધુ ભટ એનું વેચાણ કરતો હતો. એ રીતે એની આજીવિકા ચાલતી હતી. આ ભેંસનું નામ ઊંઘ રાખવામાં આવ્યું હતું.

એક દિવસ આ બ્રાહ્મણ ઘી વેચવા માટે રાજમહેલે ગયો. રાજમહેલમાં રાજાનો કુંવર હાજર હતો. એ રાજકુંવરને ઘી વેચીને બ્રાહ્મણે એના દામ માગ્યા. જેટલી રકમ આપવાની થતી હતી એટલી રકમના સિક્કા રાજકુંવરે ઉપલી મેડીએથી નીચે ફેંક્યા.એ સિક્કા એને ત્યાં બાંધેલા પેલા વછેરાની લાદમાં પડ્યા. એટલે કુંવરે નીચે આવી લાદમાંથી સિક્કા વીણીને પેલા બ્રાહ્મણને આપ્યા. એ બ્રાહ્મણે સિક્કા નીચે ફેંકાતા જોયેલા નહીં. એટલે કુંવરને લાદમાંથી સિક્કા એકઠા કરતો બ્રાહ્મણે જોયો ત્યારે એને કુતૂહલ થયું કે 'લાદમાંથી સિક્કા!' બ્રાહ્મણે પોતાનું કુતૂહલ શમાવવા રાજકુંવરને પૂછતાછ કરી. એટલે કુંવરે કહ્યું કે 'અમારા આ અશ્વની લાદ લક્ષ્મીમય છે. આ વછેરાના ભાગ્યથી અમારી ધનસંપત્તિ વધી છે.'

બ્રાહ્મણે લાલચમાં આવી જઈ રાજકુંવરને આજીજી કરી, 'આપ આ વછેરો મને બ્રાહ્મણને દાનમાં આપો. આમ કરવાથી આપને અઢળક પુણ્ય મળશે.'

આના જવાબમાં રાજકુંવરે બ્રાહ્મણને કહ્યું, 'જો તમે તમારી ભેંસ મને આપો તો બદલામાં હું તમને મારો વછેરો આપું.'

બ્રાહ્મણે લોભવશ થઈને પોતાની ભેંસ (ઊંઘ) કુંવરને આપી અને બદલામાં કુંવરનો વછેરો (ઉજાગરો) પોતે લીધો.

ઘેર જઈને બ્રાહ્મણે વછેરાની ખૂબ જ સારસંભાળ લેવા માંડી. અને નિયમિત રીતે ખૂબ દાણા નીરવા લાગ્યો. અને પ્રતીક્ષા કરવા લાગ્યો કે વછેરાની લાદમાંથી સિક્કા ક્યારે મળે છે. પણ પેલા વછેરાની લાદ એમ કંઈ નાણું આપે? વછેરો આ બ્રાહ્મણને કાંઈ ઉપયોગનો જ ન રહ્યો. ને ભેંસ આપી દેવાને કારણે ઊલટાની એની આજીવિકા સમૂળી છીનવાઈ ગઈ. આ રીતે આ મંદમતિ બ્રાહ્મણે ઊંઘ વેચીને ઉજાગરો લીધો.

આ દૃષ્ટાંતકથાની વિશેષતા એ છે કે કવિએ એનું આલેખન નારીસન્માનના સંદર્ભમાં કર્યું છે.

નારી ઘરની લક્ષ્મી છે. જે પુરુષ ઘરની સ્ત્રી પ્રત્યે દાક્ષિણ્ય અને સન્માન જાળવવાને બદલે એની ઉપેક્ષા કરે, એની સાથે કલેશ કરે અને રીસ કરી ઘરની બહાર ત્યજી દે છે અને પરસ્ત્રીમાં રમણા કરવાની વૃત્તિ રાખે છે એની સ્થિતિ પેલા બ્રાહ્મણની પેઠે ઊંઘ વેચીને ઉજાગરો લીધા જેવી થાય છે.

* * *

અધ્યાત્મ રસનું કુંડા ભરી પાન કરાવતી ગૌતમકથા

□ ગુણવંત બરવાળિયા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાહિત્ય, અધ્યાત્મ અને જનકલ્યાણ ક્ષેત્રની સફળ પ્રયોગશાળા છે. પુનઃ ગૌતમકથાનો સફળ પ્રયોગ કરવા બદલ પ્રયોગવીર ડૉ. ધનવંત શાહ આપણા સૌના અભિનંદનના અધિકારી બન્યા છે.

સંઘે, સાહિત્યક્ષેત્રે ઉત્કૃષ્ટ સાહિત્યસ્વામીઓની કૃતિના રસદર્શન કરાવતાં પરિસંવાદો કે પ્રવચનોનું આયોજન, જૈન હસ્તપ્રત વિદ્યા લિપિ વાંચન અંગેની શિબિર, અધ્યાત્મક્ષેત્રે વ્યાખ્યાનમાળા અને અધ્યાત્મ ગ્રંથોનું પ્રકાશન, જનકલ્યાણ ક્ષેત્રે જરૂરિયાતવાળી ગુજરાતની અનેક શૈક્ષણિક સંસ્થાઓ માટે દાન એકત્ર કરી કરોડો રૂપિયાનું અનુદાન પહોંચાડ્યું છે. શ્રી યુવક સંઘના આ સફળ પ્રયોગો ધર્મનું અને સાહિત્ય ક્ષેત્રનું સંવર્ધન કરનારા અને સામાજિક ક્ષેત્રે કલ્યાણનું કારણ બની ગયા છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સર્જક અને ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ત્રિદિવસીય ગૌતમકથા દ્વારા આપણને અનુપમ જ્ઞાનાનંદની અનુભૂતિ કરાવી. મહાવીર કથાની શૃંખલામાં ત્રણ દિવસની ગૌતમકથા આપણા સૌના માટે અવિસ્મરણીય બની ગઈ.

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કથાની પૂર્વભૂમિકામાં તે સમયની વૈદિક અને શ્રમણ સંસ્કૃતિની ધારાનો આછો ચિતાર આપ્યો હતો.

વિક્રમ સંવત પૂર્વ ૫૫૦માં માતા પૃથ્વીદેવીની કૂખે જન્મેલા ઈન્દ્ર જેવું રૂપ અને તેજ ધરાવતા હોવાથી એનું નામ ઈન્દ્રભૂતિ

રાખવામાં આવ્યું. નાની વયે જ મગધ દેશના સમર્થ પંડિતોમાં ઈન્દ્રભૂતિ ગણધરની ગણના થવા લાગી. વાદવિદ્યામાં પારંગત હોવાને કારણે તેમની સાથે વાદ કરવા આવેલા પરાજિત થઈને પાછા જતા. તે કેવા હતા? સાત હાથ જેટલી ઊંચી કાયા, મજબૂત શરીર, મોહક દેખાવ, તેજસ્વી વદન અને જીભ પર સરસ્વતીનો વાસ. ડૉ. કુમારપાળ દેસાઈએ ગૌતમસ્વામીની વિરાટ પ્રતિભાનું જે શબ્દચિત્ર ખડું કર્યું તેનાથી પ્રેક્ષકોને જાણે સાક્ષાત્ ગૌતમસ્વામીના પાવન દર્શનની અનુભૂતિ થઈ.

જે સમયે સોમિલ બ્રાહ્મણે મહાયજ્ઞ આરંભ્યો એ જ સમયે અપાપાપુરીમાં કેવળજ્ઞાની પ્રભુ મહાવીર ઉપદેશ આપી રહ્યા હતા. ભગવાન મહાવીરને મહાસેન વનમાં પરાજિત કરવા જતા ઈન્દ્રભૂતિ ગૌતમ વિચારે છે કે આ જગત પર મારા જેવો મહાજ્ઞાની હોય ત્યાં સર્વજ્ઞ કોઈ હોઈ શકે જ નહિ. શું આકાશમાં બે સૂર્ય, એક ગુફામાં બે સિંહ કે એક મ્યાનમાં બે તલવાર રહી શકે? ના, આ કોઈ લોકોને ઠગનારો લાગે છે. એમણે પાંચસો શિષ્યો સાથે પડકાર ફેંકવાની ઈચ્છા સાથે સમવસરણમાં પ્રવેશ કર્યો. પણ અહીં તો શાંતિનું સામ્રાજ્ય પથરાયેલું હતું. મહાવીરની આંખોમાં કરુણા હતી. ગાય અને સિંહ એક સાથે ઉપદેશનું પાન કરતાં હતાં. મહાવીરનું પ્રશાંત રૂપ, અઢળક આત્મવૈભવ અને દિવ્ય તેજ જોયું. કોઈપણને પરમ શાંતિ પમાડે તેવી સૌમ્ય કાંતિ જોઈ.

વાત્સલ્ય નીતરતી વાણીમાં મહાવીરે કહ્યું, 'હે ગૌતમ! પધારો. તમારું સ્વાગત છે.' પોતાનું નામ સાંભળીને ઈન્દ્રભૂતિને વિસ્મય થયું, સાચે જ આ સર્વજ્ઞ લાગે છે. વળી મનમાં વિચાર્યું કે મારા જેવા મહા પંડિતને બધા જ ઓળખતા હોય. નામથી બોલાવ્યો, એમાં કશું જ આશ્ચર્ય પામવા જેવું નથી. પછી આસનપર બિરાજમાન થતાં વિચારે છે કે, મારા મનમાં જે સંશય છે તે પ્રશ્ન પૂછી હું તેને મુંઝવીશ. ત્યાં તો મહાવીરે કહ્યું:

'આત્મા છે કે નહિ એવો સંશય તમને થયો છે અને વેદપદોનું અયોગ્ય અર્થઘટન કરવાથી 'આત્મા નથી' એવી તમારી માન્યતા દૃઢ થઈ છે.' આ સાંભળતાં ઈન્દ્રભૂતિના ચિત્તમાં મહાવિસ્ફોટ સર્જાયો.

મહાવીર સ્વામી એને મિથ્યા કે મુર્ખ નથી કહેતા પરંતુ વેદવાક્યનું વિશિષ્ટ અર્થઘટન કરીને સંશય પામેલા ઈન્દ્રભૂતિને પરમ સત્ય તરફ લઈ જાય છે

'विज्ञानधन एव एतेभ्यो भूतेभ्य: समुत्थाय,
तान्ये वानु विनश्यति, न प्रेत्यस ज्ञाडस्ती.'

આનો અર્થ એ છે કે આત્મા કાળાંતરે વિવિધ દેહ ધારણ કરે છે જે વિશિષ્ટ સંજ્ઞાથી ઓળખાય છે પણ આત્મા કદી નાશ પામતો નથી. આત્મા ધ્રુવ અને નિત્ય જ રહે છે.

સર્વજ્ઞને દેખાય છે માટે માનવું જોઈએ. આત્મા પ્રત્યક્ષ દેખાય નહિ પણ પ્રક્રિયાથી જાણી શકાય. બુદ્ધિને કાઢીને નથી બતાવી શકાતી છતાં બુદ્ધિશાળીને માનીએ છીએ. દાંત દુ:ખે ત્યારે જે વેદના થાય તે બતાવી શકતી નથી છતાં વેદના છે જ. જીવંત અને મૃતદેહમાં ભેદ શો. મૃત્યુ પછી હલનચલન નથી તો શું ગયું? આત્મા.

ઈન્દ્રભૂતિ ગૌતમનો શંકાનો કીડો દૂર થયો. એમના હાથ જોડાઈ ગયા અને બોલ્યા, 'આપ ખરેખર સર્વજ્ઞ છો. આપ આપના શિષ્ય તરીકે મને અને મારા પાંચસો શિષ્યોનો સ્વીકાર કરશો?'

ભગવાન કહે છે, 'હે! ઈન્દ્રભૂતિ ગૌતમ! આ બધામાં હું ભાવિ શુભ યોગનું અને ધર્મશાસનના પ્રભાવનું દર્શન કરું છું. તમારી ઋજુતાને કારણે તમારા એ જ્ઞાનનો વિશેષ ઉપયોગ થશે. આપણે સાથે રહીને ધર્મ તીર્થની પ્રભાવના કરીશું.'

ડૉ. કુમારપાળે આ આખાયે પ્રસંગનું એટલી ભાવવાહી અને રસયુક્ત શૈલીમાં નિરૂપણ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા.

ઈન્દ્રભૂતિ ગૌતમ પાછા ન આવતા તેમના ભાઈ અગ્નિભૂતિ મહાવીરને જીતવા ચાલ્યા. ભગવાને અગ્નિભૂતિની કર્મ વિશેની શંકાનું નિવારણ કર્યું. વાયુભૂતિ, સુધર્મા, મૌર્યપુત્ર અંકપિત, અચલભ્રાતા, મેતાર્ય, પ્રભાસ વિગેરેની વિવિધ શંકાઓનું સમાધાન કર્યું. આ તમામ પંડિતો ૪૪૧૧ શિષ્યો સાથે ભગવાન મહાવીરનો ઉપદેશ સ્વીકારતાં ધર્મક્ષેત્રે ચમત્કારરૂપ ઘટના બની. અને ભગવાન મહાવીરનો અગિયાર પંડિતો સાથેનો આ વાર્તાલાપ 'ગણધરવાદ' નામે જાણીતો બન્યો.

ડૉ. કુમારપાળભાઈએ એક ખૂણાનો અને અઘરો વિષય પસંદ કર્યો છે. જૈન આગમોનો અભ્યાસ કરતાં જણાશે કે ભગવાન

11 ગૌતમકથા 11

ગૌતમકથા D.V.D.

ડૉ. કુમારપાળ દેસાઈની પ્રભાવક અને હૃદય સ્પર્શી વાણીમાં ત્રણે દિવસની ગૌતમ કથાને જીવંત માણો ત્રણ ડી.વી.ડી.માં.
પ્રત્યેક ડી.વી.ડી. કથા-ચિંતન-ગીત-સંગીત અઢી કલાક
ત્રણે ડી.વી.ડી. એક સાથે એક આકર્ષક પેકિંગમાં
એક સેટ રૂા. ૩૦૦/-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યો અને પેટ્રનો તેમજ છાત્રાલયો અને પુસ્તકાલયો, દેરાસર અને ઉપાશ્રયોને રૂા. ૨૭૦/- એક સાથે દશ ડી.વી.ડી. સેટ લેનારને એક ડી.વી.ડી. સેટ પ્રભાવના સ્વરૂપે.

બૅંક ઓફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના CD A/C No. 003920100020260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠા આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારોને આ જ્ઞાનની ભેટ અર્પણ કરી જ્ઞાનકર્મનું પુણ્ય પ્રાપ્ત કરો. પરિવાર અને મિત્રો સાથે બેસીને આ ડી.વી.ડી. દ્વારા ગૌતમકથાનું દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે-અમૂલ્ય છે-શાશ્વત છે.

મહાવીરના ગણધરો વિશે બહુ જ ઓછી માહિતી છે. તેમણે આ અઘરા વિષયની બહોળા શ્રોતાવર્ગ સમક્ષ સરળતાથી રજૂઆત કરી છે. વળી તેમની ગણધરવાદની આલેખન શૈલી વિશિષ્ટ પ્રકારની છે. સામાન્ય રીતે ગુરુ શિષ્ય પાસે તત્ત્વ સંબંધી પોતાનો પ્રશ્ન કરે અને ગુરુ તેનો ઉત્તર આપી તેની જિજ્ઞાસા સંતોષે. કથાનકો અને દર્શનસાહિત્ય દ્વારા જાણવા મળે છે કે સોક્રેટીસ અને પ્લેટો, આનંદ અને ભગવાન બુદ્ધ, શ્રીકૃષ્ણ અને અર્જુનની વચ્ચે આવી પ્રશ્નોત્તરી થઈ હતી. જ્યારે ગણધરવાદમાં શંકા અને સમાધાન બન્ને ભગવાન મહાવીર બતાવે છે. બ્રાહ્મણ પંડિતોના ચિત્તમાં રહેલા સંશયને પ્રથમ સ્વયં પ્રગટ કરે છે અને પછી તેના ઉત્તર દ્વારા સમાધાન કરે છે.

ભારત વર્ષની દાર્શનિક પરંપરામાં તે વખતે વિરોધીઓનું ખંડન અને સ્વમતનું મંડન કરી પોતાના મતની સ્થાપના કરાતી જ્યારે ભગવાને વિરોધી મતની ક્યાંય ટીકા નથી કરી જ્યારે અનેકાંતને અનુસરતી, તત્ત્વદૃષ્ટિ કે સમન્વયાત્મક દૃષ્ટિ ગણધરવાદમાં જોવા મળે છે.

મહાવીર અને ગૌતમના ભાવ સંબંધો ભવોભવથી હતા. મહાવીરના ત્રીજા મરીચીના ભવમાં એમનો મેળાપ થયો હતો. છેલ્લા ભવમાં તીર્થંકર અને ગણધર તરીકે રહેલ ગૌતમને પ્રભુ કહે છે.

'હે ગૌતમ આ ભવ પુરો કરીને ઉપર મોક્ષમાં જઈને પણ આપણે સદાને માટે બન્ને સરખા થઈ જશું અને સદા સાથે જ રહીશું.'

ડૉ. કુમારપાળ દેસાઈએ ગૌતમ કથામાં એ સુપેરે ચરિતાર્થ કર્યું કે ગૌતમ એક મહાન જિજ્ઞાસુ અને પાત્ર શિષ્ય હતા. અધ્યાત્મ જગતનું એ એવા પ્રતીક હતા કે અનેક વિષયમાં જિજ્ઞાસા પ્રગટ કરી ભગવાન પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતા એટલે જ ભગવતી સૂત્ર, ગૌતમ સ્વામી અને ભગવાનના પ્રશ્નોત્તરીના જ્ઞાન સાગરથી પૂર્ણ બન્યું. કુલ છવ્વીસ હજાર પ્રશ્નોના સમાધાનનો વિપુલ જ્ઞાનભંડાર સર્જાયો.

ગુરુ ગૌતમસ્વામી જ્ઞાન અને શરીરથી પ્રભાવશાળી હતા માટે ભગવાન મહાવીર ધર્મકાર્ય તરીકે સંદેશવાહક મોકલવાની જરૂર પડે ત્યારે ગૌતમસ્વામીને મોકલતા.

ગૌતમસ્વામીની સાધનાને કારણે તેનામાં સ્વલબ્ધિ પ્રગટી તે અઠ્યાવીશ લબ્ધિની નોંધ આગમ સૂત્રોમાંથી જાણવા મળે છે.

ગૌતમસ્વામી ચરણલબ્ધિથી વાયુવેગે સૂર્યના કિરણો પકડી અષ્ટાપદ તીર્થ પર ચડી ગયા હતા ત્યાં એમણે જગચિંતામણી સૂત્રની રચના કરી. વળતા પંદરસોત્રણ તાપસોને એક પાત્રમાં ખીર લઈ અંગૂઠો પાત્રમાં રાખી પારણું કરાવ્યું. રસ્તામાં ગુરુ ભગવાનનું વર્ણન સાંભળતા ૫૦૧ તાપસોને કેવળજ્ઞાન થયું. ૫૦૧ને સમવસરણની શોભા જોઈ અને ૫૦૧ને મહાવીરના મુખારવિંદના દર્શન કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

પાર્શ્વ પરંપરાના કેશીકુમાર અને ગૌતમસ્વામીની મુલાકાતના પ્રસંગનું ડૉ. કુમારપાળે સુંદર નિરૂપણ કર્યું.

ગણધર ગૌતમ સર્વોચ્ચ સ્થાને બિરાજમાન થતાં જાતે પાતરાં લઈને પારણાના દિવસે સ્વયં પ્રભુની આજ્ઞા લઈને ગોચરી માટે જતાં. ગોચરી માટે એક પ્રહરથી વધુ સમય ન લેતા, લુખ્ખો સુક્કો જે આહાર મળે તેને પ્રસન્નતાપૂર્વક સ્વીકારતાં. સાધુ સમાજમાં આજે પણ ગોચરી વાપરતાં ગૌતમ ગણધરનું સ્મરણ કરાય છે તેનો મુખ્ય હેતુ આહાર સંજ્ઞા તોડવાનો છે.

ગોચરી માટે ઉતાવળ નહીં. રસ્તામાં આર્દ્રકુમાર કે અતિમુક્ત મળે, સમ્રાટ કે ભિખારી મળે સર્વને ભગવાન મહાવીરનો સંદેશો કહે.

ગૌતમ કથાનું શ્રવણ કરતાં આવા એકમેવ અદ્વિતીય અને અનુપમ ગૌતમસ્વામીનું શ્રોતાની કલ્પનાસૃષ્ટિમાં સ્મરણ સ્થિર થઈ જાય. હાલિક, સાલ-મહાસાલ અને આનંદ શ્રાવકના જીવનની ઘટનાના પ્રસંગો સાંભળતા શ્રોતાજનોના હૃદય દ્રવી ઉઠે.

ભગવાન મહાવીરે ગૌતમસ્વામીને સંકેત આપ્યો કે મોહના અંશથી ભરેલી નાની સરખી ગાંઠ છૂટી જશે એટલે તમારો નિસ્તાર થશે. એ પછી ભગવાન મહાવીરના મહાનિર્વાણની રાત્રિની ઘટનાનું વર્ણન કર્યું જે શ્રોતાજનોની આંખો આંસુભીની થાય એ રીતે કર્યું. ગૌતમસ્વામીના મિલાપના કરૂણ વર્ણનને અંતે જ્યોતમાંથી જ્યોત પ્રગટે તેમ મહાવીર નિર્વાણ ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનનું નિમિત્ત બને છે અને સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે તેનું સાદૃશ્ય ચિત્ર ખડું થયું. તેમનો આત્મા નિર્મળ થતાં દેવોએ દુદુંભિ વગાડ્યા અને માનવીઓએ મહોત્સવ રચ્યો. વિક્રમ સં. પૂર્વે ૪૭૦ વર્ષે આસોવદી અમાવાસ્ય રાત્રિના પાછલા પહોરે બનેલી આ ઘટના દીપાવલીએ પ્રભુ મહાવીરના નિર્વાણનું સ્મરણ કરાવે છે અને ગૌતમ સ્વામીના કેવળજ્ઞાનની સ્મૃતિ જગાવે છે.

તીર્થંકર મહાવીર પછી જૈન પરંપરામાં જે કોઈ છવાયેલી વિભૂતિ હોય તો તે ગણધર ગૌતમસ્વામી છે.

આ ત્રણ દિવસની ગૌતમ કથામાં શ્રોતાઓએ અધ્યાત્મરસનું કુંડા ભરીને પાન કર્યું.

પ્રથમ વાર આવી ગૌતમકથા તત્ત્વચિંતન સભર અને હૃદયસ્પર્શી, લોકભોગ્ય વાણીમાં સાંભળવાનો આનંદ મળ્યો.

અત્યાર સુધી આપણે દિવાળીમાં ચોપડા પૂજન કરતી વખતે 'ગૌતમ સ્વામીની લબ્ધિ હજો'થી સ્મરણ કરતાં ગણધરવાદ અને ગૌતમપૃછા શબ્દથી જ માત્ર પરિચિત હતા. પરંતુ આ કથા દ્વારા વિશેષ જાણકારી મળી. વળી આ કથાની વિશિષ્ટતા ગૌતમ સ્વામીના જીવનના વણસ્પર્શ્યા પાસાનું દર્શન કરાવવાની હતી.

ઑડિટોરિયમ અને સ્ટેજની સજાવટ એ ગૌતમ કથાની ભવ્યતા હતી તો ડૉ. કુમારપાળભાઈનું સચોટ વક્તવ્ય, ડૉ. ધનવંતભાઈનું પ્રાક્કથનઅને મહાવીર શાહનું ભક્તિ સંગીત આ કથાની દિવ્યતા હતી.

હવે, આ ક્ષેત્રના નિષ્ણાત રાજેશ પટેલની DVD દ્વારા ગૌતમ કથાને માણવાનો લ્હાવો મળી શકશે.

આવા સુંદર આયોજન બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અધિકારીઓ અને સહયોગીઓ સૌની અભિવંદના કરું છું.* * *

૬૦૧, સ્મિત ઍપાર્ટમેન્ટ, ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઈ.)
મો.: ૦૯૮૨૦૨૧૫૫૪૨

જયભિખ્ખુ જીવનધારા : ૩૧

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[સર્જકના જીવનમાં અપાર સંઘર્ષો આવતા હોય છે અને એમાં પણ સર્જકનો ઉદાર સ્વભાવ, એમનાં સંવેદનશીલ હૃદય અને પરગજુ વૃત્તિ ક્વચિત્ આર્થિક સંકડામણ ઊભી કરતાં હોય છે. ગુજરાતી સાહિત્યના સર્જક જયભિખ્ખુ ચિત્રપટજગતની એક ભિન્ન દુનિયામાં પ્રવેશે છે. એની અનુભવકથા જોઈએ આ એકત્રીસમા પ્રકરણમાં.]

ચલચિત્રની દુનિયામાં ડોકિયું

'ચાલો ત્યારે, આ અફવાની ઉજવણી કરીએ.'

ગાંધી રોડ પર આવેલા શારદા પ્રેસમાં જયભિખ્ખુ, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ, મનુભાઈ જોધાણી, ગૂર્જરના ગોવિંદભાઈ અને શંભુભાઈ તથા બીજા મિત્રોની મંડળી જામી હતી. નજીકમાં આવેલી ચંદ્રવિલાસ હૉટલમાંથી ફાફડા અને જલેબીની મિજબાની સાથે એક ખાસ પ્રકારની ચાના ઘૂંટ સહુ ભરી રહ્યા હતા. એ સમયે ચંદ્રવિલાસના ચા-ઉકાળો-મિક્સ ખૂબ જાણીતા હતા અને આ મંડળીનું એ પ્રિય પીણું હતું.

અફવાની ઉજવણી એટલે શું? વાત એમ બનેલી કે એ સમયે અમદાવાદમાં એવી ચોતરફ અફવા ફેલાઈ હતી કે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈ પુનર્લગ્ન કરવાના છે! જયભિખ્ખુએ હસતા હસતા પોતાના હેતાળ મિત્રને આ અફવાની વાત કરી. મનુભાઈ જોધાણીએ એમના ધીર-ગંભીર અવાજમાં કહ્યું, 'હા, મેં પણ આવી વાત સાંભળી છે.' અને ગોવિંદભાઈ અને શંભુભાઈ ધીમું ધીમું હસી રહ્યા!

ત્યાં પોતાની પાતળી મુઠ્ઠી પછાડીને કનુ દેસાઈએ કહ્યું કે આ અફવા હોય તો ભલે અફવા રહી, પણ એની ઉજવણી કરીએ. ફરી ચા-ઉકાળો-મિક્સ મંગાવીને આ કાલ્પનિક પ્રસંગની હાસ્યસભર ઉજવણી કરવામાં આવી.

સાહિત્યકારની મૈત્રી સાહિત્યકાર સાથે હોય તે સ્વાભાવિક છે, જ્યારે સાહિત્યકાર અને કલાકારની મૈત્રી વિરલ હોય છે. જયભિખ્ખુ અને કનુ દેસાઈની મૈત્રી અત્યંત ગાઢ હતી.

એમની પહેલી મુલાકાત ૧૯૪૧-૪૨માં અમદાવાદના સૂર્યપ્રકાશ પ્રેસમાં થઈ હતી. એ સમયે જયભિખ્ખુ 'વિદ્યાર્થી' સાપ્તાહિકનું સંપાદન કરતા હતા. આ સાપ્તાહિકમાં એમણે કનુ દેસાઈની કલા વિશે લખ્યું અને વિશેષ તો કનુભાઈની કલાસાધનાના પ્રારંભકાળની સંઘર્ષગાથા લખી હતી. માતા હીરાબહેનનું અવસાન થતાં કનુ દેસાઈ અમદાવાદ આવ્યા. મામાને ઘરે રહ્યા અને ઘરકામથી માંડીને બહારની ખરીદી સુધીના બધાં કામ ઉપાડી લીધાં. લોટ દળ્યો, વાસીદાં વાળ્યાં; શ્રમ કરવામાં શરમ ન રાખી. આવા કનુભાઈ પ્રોપ્રાયટરી હાઈસ્કૂલમાં ભણ્યા અને ત્યાંથી શાંતિનિકેતન ગયા. આ શાંતિનિકેતન એમને જીવનની આકાંક્ષાઓ વિસ્તારવાની મુક્ત ભોમકા સમું લાગ્યું. એ આર્થિક સંકડાશ ભૂલી ગયા અને પુસ્તકો, ડ્રોઇંગ-પેપર તથા સાબુ જેવી જરૂરિયાતોને માટે એક ટંક જમવાની અને એક ટંક ભૂખ્યા રહેવાની પ્રક્રિયા શરૂ કરી. વિદ્યાપીઠ તરફથી છાત્રવૃત્તિ મળતી હતી, પરંતુ એ ઘણી ઓછી હતી. એ સમયે કલકત્તામાં રહેતા 'નવચેતન'ના આદ્યતંત્રી મુરબ્બી શ્રી ચાંપશીભાઈ ઉદેશીએ એમને મદદ કરી. કલાકારોના કદરદાન અને આશ્રયદાતા ચાંપશીભાઈએ એમને અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ અને ત્યાંથી કવિવર રવીન્દ્રનાથ ટાગોર સુધીના મહાનુભાવોનો મેળાપ કરાવ્યો. આ સમયે કનુભાઈ પાસે એક ઓઢવાનું અને એક પાથરવાનું હતું. બહુ ઠંડી પડે ત્યારે જાડું પાથરણું ઓઢવાનું બની જાય! એક ધોતી અને એક કુરતું અને માથે સુતી વખતે પુસ્તકોનો તકિયો. પરંતુ કનુભાઈને એ તપ ફળ્યું અને દેશના મહાન ચિત્રકાર બન્યા. આ વાત જયભિખ્ખુએ 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં લખી હતી. બંને સૂર્યપ્રકાશ પ્રેસમાં મળ્યા અને એમની દોસ્તી જામી ગઈ. કનુભાઈ આ મૈત્રીને દિલોજાની કહેતા.

એ પછી તો દર રવિવારે અમદાવાદમાં કનુભાઈના નિવાસસ્થાન 'દીપિકા'માં મિત્રોનો મેળો જામતો અને ત્યારે જયભિખ્ખુ ક્યારેક સાહિત્યની વાત કરતા તો ક્યારેક પોતાના શોખના વિષય ચલચિત્રની વાત કરતા.

કનુ દેસાઈનાં પત્ની ભદ્રાબહેન જયભિખ્ખુની કલમના ચાહક હતા. આથી જયભિખ્ખુનો લેખ હાથ ચડે કે તરત જ એને વાંચી લેતાં; એટલું જ નહીં પણ એ વિશેનો પોતાનો નિખાલસ અભિપ્રાય પહેલાં કનુભાઈને ને પછી રવિવારે જયભિખ્ખુ આવે ત્યારે એમને કહેતાં. સમય જતાં આ ડાયરાનું સ્થળ શારદા પ્રેસ બન્યું. ૧૯૪૬ની અઢારમી ફેબ્રુઆરીએ પંડિત ભગવાનદાસભાઈની ભાગીદારીમાં શારદા પ્રેસનું મુહૂર્ત થયું અને ત્યારે એ મુહૂર્તમાં જયભિખ્ખુની સાથે ચિત્રકાર કનુ દેસાઈ પણ આવ્યા હતા.

૧૯મી ફેબ્રુઆરીના રોજ જયભિખ્ખુ અમદાવાદમાં મળેલી મહાકવિ ન્હાનાલાલના સ્મારક અંગેની સભામાં ગયા. શિવપુરીમાં અભ્યાસ કરતા હતા, ત્યારથી મહાકવિ ન્હાનાલાલની કવિતાનું એમણે આકંઠ પાન કર્યું હતું. આ સભામાં મહાકવિનું કઈ રીતે સ્મારક રચવું એની ચર્ચા ચાલી. એમાં જે વિચારો વ્યક્ત થયા, એનાથી જયભિખ્ખુનું હૃદય દુભાયું. ગુજરાતના આવા સમર્થ કવિના સ્મારક અંગે જે ઉમંગ અને ઊલટ હોવાં જોઈએ, એનો અભાવ

દેખાયો. કોઈ સ્મારકની વાત પર ઠંડું પાણી રેડતા હોય એમ લાગ્યું, તો કોઈ કવિ સાથેના કડવાશભર્યા સંબંધોને કારણે નીરસ લાગ્યા. કેટલીયે વાર જેમની કવિકલ્પનાની પાંખે ઉડ્ડયન કર્યું હતું અને ગુજરાત કૉલેજના રેલવે-ક્રોસિંગ પાસે ફરવા જતાં જેમના આદરપૂર્વક દર્શન કર્યાં હતાં, એમના સ્મારક અંગેની સભામાં આયોજનનો અભાવ લાગ્યો. પણ એથીયે વિશેષ સાહિત્યકારોના ગમા-અણગમા આટલા બધા તીવ્ર હોય છે એનો પહેલી વાર ખ્યાલ આવ્યો. શિવપુરીની ધરતી પર ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર' વાંચનારા જયભિખ્ખુના હૃદયમાં સારસ્વતો માટે અગાધ આદર હતો, પરંતુ આ સભામાં જે રીતે ચર્ચા-વિચારણા થઈ, એનાથી એમને આઘાત થયો. તેઓ પોતાની રોજનીશીમાં માર્મિક રીતે નોંધે છે,

'મહાકવિ ન્હાનાલાલનું સ્મારક કરવા માટે મળેલી સભામાં ગયા. અર્ધા તો 'મન વિનાનું ખાવું ને રાગ વિનાનું ગાવું' જેવું કરતા હતા.'

આ જયભિખ્ખુને સાહિત્યસર્જન માટેની તાલાવેલી પરેશાન કરે છે. મધ્યપ્રદેશના શિવપુરીમાં હતા, ત્યારે જયભિખ્ખુએ એમની પહેલી નવલિકા 'સમાજ સામે સત્યાગ્રહ' લખી હતી. એ સમયે 'વીસમી સદી' સાપ્તાહિકમાં મોકલી હતી અને તે ૨૪-૧-૧૯૩૨ના અંકમાં પ્રગટ થઈ હતી. જયભિખ્ખુની આ પહેલી નવલિકા હતી. એ પછી લેખનકાર્ય તો ચાલ્યું અને ૧૯૪૬ની પહેલી માર્ચે જયભિખ્ખુએ એક મહિના માટે ગોવિંદભાઈ અને શંભુભાઈના સ્નેહને વશ થઈને શારદા પ્રેસમાં જવાનું નક્કી કર્યું અને ઘણાં વર્ષે એમને પુનઃ પ્રેસની જિંદગી મળી.

આ શારદા પ્રેસમાં ધીરે ધીરે સાહિત્યકારોનો ડાયરો જામવા લાગ્યો. મિત્ર કનુભાઈ દેસાઈ એ પછી અમદાવાદ છોડીને મુંબઈ ગયા અને મુંબઈમાં ફિલ્મઉદ્યોગક્ષેત્રે કલાનિર્દેશક તરીકે જોડાયા. કનુ દેસાઈએ ગુજરાતની કલાદૃષ્ટિમાં એક આગવું પરિવર્તન આણ્યું અને એમણે પંદર હજારથી વધારે ચિત્રો અને ત્રીસ જેટલા સંપુટો આપ્યા. આ કનુ દેસાઈ અમદાવાદમાં બે-ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હોય તોપણ સાંજે શારદા પ્રેસમાં આવે અને ધૂમકેતુ, જયભિખ્ખુ અને ગુણવંતરાય આચાર્યની હાજરીમાં ડાયરામાં ચલચિત્રજગતની ખાટી-મીઠી વાતો કરે. ધીરે ધીરે જયભિખ્ખુના બહોળા મિત્રવર્ગમાં કનુ દેસાઈ એકરૂપ બની ગયા. એ પછી તો કનુભાઈનો આગ્રહ રહેતો કે એમના ચિત્રસંપુટોમાં જયભિખ્ખુ પ્રસ્તાવના લખે. પોતાના આ મિત્ર વિશે એમના ષષ્ટિપૂર્તિના પ્રસંગે કનુ દેસાઈએ લખ્યું:

'એમના (જયભિખ્ખુના) મિત્રવર્ગમાં માત્ર સાહિત્યકારો નથી, પણ વિવિધ શ્રેણીના માણસો છે. તેમાં ચિત્રકારો સાથેનો તેમનો સંબંધ અતિ ગાઢ છે. તેઓ ચિત્રકળાના ખૂબ જ રસિયા છે, માર્ગસૂચનથી અને પોતાની આગવી કળાસૂઝથી શ્રી જયભિખ્ખુએ અનેક ચિત્રકારોની પીંછીમાં પ્રાણ પૂર્યા છે. 'મંગલમંદિર', 'શૃંગારિકા', પ્રણયમાધુરી' જેવા મારાં ચિત્રસંપુટોનું મૂલ્ય જે વધ્યું છે, તે એમની પ્રેરક વાણીને આભારી છે. શ્રી જયભિખ્ખુની પ્રેરક પ્રસ્તાવનાને પ્રતાપે આ ચિત્રસંપુટો આદરણીય થયા છે.'

આ રીતે લેખક અને ચિત્રકારની આ મૈત્રી સતત વૃદ્ધિ પામતી રહી. જયભિખ્ખુએ કનુ દેસાઈના કલાસંપુટ વિશે આકર્ષક શૈલીમાં રસપ્રદ આમુખ લખ્યું તો જયભિખ્ખુએ લખેલી 'પ્રેમભક્ત કવિ જયદેવ' નવલકથાને કનુ દેસાઈએ એ 'કવિ જયદેવ' નામે ચિત્રપટ રૂપે રજૂ કરવાનો નિર્ણય કર્યો. આ ચિત્રપટનું નિર્માણ કનુ દેસાઈ પ્રોડક્શન હેઠળ થયું અને તેનું દિગ્દર્શન રામચંદ્ર ઠાકુરે કર્યું. સંગીત જ્ઞાન દત્તે આપ્યું અને એ ૧૯૪૭માં છબીઘરોમાં પ્રદર્શિત થયું.

આ નિમિત્તે જયભિખ્ખુને ચિત્રપટની દુનિયાની ઝાંખી કરવાની તક મળી. ૧૯૪૬ની ઓગણીસમી સપ્ટેમ્બરે જયભિખ્ખુ આ નવી દુનિયા નિહાળે છે. 'કવિ જયદેવ' ચિત્રપટ નિમિત્તે એ મુંબઈ જાય છે અને મુંબઈમાં એમના પરમ મિત્ર કનુ દેસાઈ સાથે દાદરમાં આવેલા અમર સ્ટુડિયોમાં જાય છે. આ અમર સ્ટુડિયોમાં જયદેવ ચિત્રપટના બે ગીતોનું 'ટેઈક' હતું અને ફિલ્મના શોખીન યુવાન જયભિખ્ખુને આ દુનિયાનો તાદૃશ અનુભવ થાય છે. કનુ દેસાઈ સાથે જે ટ્રેનમાં ગયા, ત્યાં એમને પ્રેમ અદીબ નામના કલાકારનો પરિચય થયો. એમનો સુંદર ચહેરો, સૌમ્ય વર્તન અને કાશ્મીરી દેહ જયભિખ્ખુને આકર્ષી ગયા. તેર વર્ષે ચલચિત્રજગતમા પદાર્પણ કરનાર પ્રેમ અદીબે 'ઘૂંઘટવાલી', 'ભોલેભાલે' જેવી ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને ત્રણેક ચિત્રપટોનું નિર્માણ કર્યું હતું. એ પછી અમર સ્ટુડિયોમાં ગયા ત્યારે ચિનુભાઈ દેસાઈ, ચીમનલાલ દેસાઈ, સુરેન્દ્ર, અભિનેત્રી નલિની જયવંતના પતિ વીરેન્દ્ર દેસાઈ વગેરેને મળ્યા. અહીં એમણે લીલા દેસાઈ અને અમીરબાઈને પણ જોયા. 'રતન' ફિલ્મના અભિનેતા કરણ દીવાન પણ મળ્યા અને મૂળ ઈડરના એવા રામચંદ્ર ઠાકુર સાથે વાર્તાલાપ થયો. આ બધા કલાકારોને જયભિખ્ખુ જુએ છે, મળે છે. એમની સાથે વાતચીત કરે છે અને નવીન સૃષ્ટિનો અનુભવ મેળવે છે.

કનુ દેસાઈએ ચુનીભાઈ દેસાઈને 'પ્રેમભક્ત કવિ જયદેવ' નવકથાના લેખક જયભિખ્ખુનો પરિચય કરાવ્યો. આ પુસ્તકના કથાનકનો ઉપયોગ કરવા માટે ચુનીભાઈએ જયભિખ્ખુને પાંચસો રૂપિયાનો પુરસ્કાર આપ્યો. એક લેખક કોઈ જુદી જ દુનિયામાં આવ્યા હોય એવો એમને અનુભવ થાય છે અને સાથોસાથ જીવનમૂલ્યો ધરાવતા આ સર્જકને આ રૂપેરી દુનિયાના રૂપની પાછળની કુરૂપતા પણ દેખાય છે. આ અનુભવ પછી તેઓ નોંધે છે, 'સ્ટુડિયોની દુનિયા અદ્‌ભુત છે. અહીં પૈસો એ પ્રેમ છે. પ્રેમ એ લગ્ન છે. લગ્નને અને વ્યભિચારને અથવા લગ્નમાં વ્યભિચારને કંઈ છેટું નથી.'

એ પછીને દિવસે 'પ્રેમભક્ત કવિ જયદેવ' પુસ્તકના ફિલ્મ-અધિકાર કનુ દેસાઈ પ્રોડક્શનને આપવાનો કરાર પણ કર્યો અને ફરી દાદરના અમર સ્ટુડિયોમાં ગયા. અહીં એમણે જે સૃષ્ટિ જોઈ એને વિશે તેઓ લખે છે.

'એક બાનુ પતંગિયાં જેવાં બનીને આવ્યાં. અહીં ચારે તરફ પતંગિયાં જ ઊડ્યાં કરે છે. ભમરા પણ ફરતા જ હોય છે.'

બીજી બાજુ ફિલ્મ નિર્માણની ટૅક્નૉલોજી વિશે આ યુવાનને એમ થાય છે કે આ કૅમેરાએ તો સામાન્યમાંથી અસામાન્ય સૃષ્ટિ સર્જી દીધી છે. માત્ર એટલું કે સાઉન્ડપ્રુફ કેમેરાથી ખૂબ ગરમી લાગે છે. એમાં સુધારો કરવો જોઈએ. અમર સ્ટુડિયોના એક સેટ પર 'સરાઈ કી બહાર' નામની ફિલ્મના શૉટ્સ જોયા અને શમશાદ બેગમ અને રાજકુમારીનાં ગાયનો સાંભળ્યાં.

આમ ચિત્રકારની મૈત્રી જયભિખ્ખુને એક જુદા જગતમાં લઈ જાય છે અને એને પરિણામે એ પછી ચલચિત્રની દુનિયાની ઝાકઝમાળ અંગે જયભિખ્ખુએ કેટલાંક કૉલમ લખ્યાં અને કેટલીક નવલિકાઓ પણ સર્જી.

જયભિખ્ખુના પુસ્તકનું મુખપૃષ્ઠ કનુ દેસાઈનું જ હોય. આમ આ કલાકાર અને સર્જકનો મેળાપ એક નવી કેડી કંડારે છે. આ બંનેએ પોતાની કલા માટે આકરાં તપ કર્યાં હતાં. કનુ દેસાઈનો આનંદી સ્વભાવ એમના પત્રોમાં પણ પ્રગટ થાય છે. ૧૯૫૮ની તેવીસમી જુલાઈએ જયભિખ્ખુને લખેલા પત્રના પ્રારંભમાં લખે છેઃ

'હો! શ્રીમાનજી! ઈંટ ઔર ઈમારત બનાનેવાલે! થોડા યાદ તો કર ભલા.

વર્ષો થયાં લાગે છે કે આપનો પત્ર નથી! ભૂલી તો ગયા જ હશો તેમ છતાં સ્મૃતિપટ યાદ કરશો, બાપલા! તમને હવે કોઈ કામના નહીં. એટલે ખોખલા પંડ્યા જેવા અમે શેના યાદ આવીએ?– ભલે બાપા–ભલે! એની યાદ કરાવવા હવે–પોતે–જાતે–પંડે– રવિવારે નીકળી સોમવારે આપને ત્યાં લાંઘણ કરનાર છીએ તે જાણશો.'

આ રીતે પત્રનો પ્રારંભ કરે છે અને એમાં એમની ગાઢ મૈત્રી જોવા મળે છે.

૧૯૪૬માં આ સમયે મુંબઈમાં કોમી રમખાણ ફાટી નીકળ્યાં. હિંદુ અને મુસલમાન વચ્ચેના વૈમનસ્યે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું. ચોતરફ દહેશત હતી અને ત્યારે કોણ હુલ્લડના સપાટામાં આવી જશે એની કલ્પના કરવી મુશ્કેલ હતી. અંધાધૂંધી અને અરાજકતાનો સમય હતો. આ સમયે કપરી પરિસ્થિતિની વચ્ચે ઘેરાયેલા જયભિખ્ખુ હુલ્લડના સપાટામાં આવી જાય તો પોતાના સ્વજનોએ શું કરવું એની ચિંતા થતાં નોંધ કરે છે. આ નોંધ લખવાનો ઉદ્દેશ એટલો હતો કે પોતાના અણધાર્યા મૃત્યુ પછી કુટુંબીજનોને કોઈ મુશ્કેલી આવે નહીં.

૧૯૪૬ની ઓગણીસમી ઑગસ્ટે બપોરે એક વાગ્યે પોતાનો અંતિમ સંદેશ આલેખતા હોય એ રીતે જયભિખ્ખુ પોતાને કંઈ થાય તો શું કરવું એ વિશે આ પ્રમાણે સાત મુદ્દા નોંધે છેઃ (૧) રોકકળ ન કરવી. (૨) શાંતિથી ધર્મપ્રવૃત્તિ કરવી. (૩) મારા નિમિત્તે વિધવાવેશ ન પહેરાવવો. (૪) ખૂણાની પ્રથા બંધ રાખીને રડવું–કૂટવું નહીં. (૫) મારા પુસ્તકો, મારા લખાણો સંગ્રહિત કરી છપાવવા-વેચવા ને પાછળનાનું પોષણ કરવું. (૬) મારા પિતાની મિલકતમાં મારો લાગભાગ નથી. (૭) મેતારજ સ્થૂલિભદ્ર સિવાય બધા પુસ્તકોના કૉપીરાઈટ મારા છે. આનાથી વિરુદ્ધ વર્તવા ઈચ્છનારને ચાર હત્યાનું પાપ છે!

આ લખ્યા પછીને દિવસે જ એમને જાણવા મળ્યું કે સોળમી ઑગસ્ટે કલકત્તામાં શરૂ થયેલા કોમી રમખાણમાં પાંચથી સાત હજાર લોકો મૃત્યુ પામ્યા છે અને દસેક હજાર ઘાયલ થયા છે.

કોમી રમખાણની આ ઘટનાઓએ જયભિખ્ખુના ચિત્તને ઊંડો આઘાત આપ્યો. એક બાજુ રાષ્ટ્રપ્રેમની કથાઓ આલેખતું 'માદરે વતન' તૈયાર થતું હતું અને બીજી બાજુ માદરે વતનની આ દુઃખદ સ્થતિ હૃદયને કોરી ખાતી હતી. આવતી કાલે શું થશે એની ચિંતા માથા પર ઝળૂંબતી હતી અને એનાથીય વધારે મોટી ચિંતા તો એ હતી કે સર્જનકાર્ય માટે જે એકાંત જોઈએ, એ એકાંત સાંપડતું નહોતું. વારંવાર નિશ્ચય કરતા કે અમુક સમય સુધીમાં આ સર્જનો પૂર્ણ કરવા છે, પરંતુ બીજી બાજુ એમના સ્વભાવનું પરગજુપણું એમને પગ વાળીને બેસવા દેતું નહોતું. ઘરમાં અતિથિઓની વણજાર ચાલુ રહેતી અને કુટુંબીજનો પણ ઈચ્છતા કે એમની મુશ્કેલીમાં જયભિખ્ખુનું માર્ગદર્શન સાંપડે. ખર્ચો વધતો જતો હતો. એની ચિંતાને પરિણામે મન અતિ વ્યાકુળ રહેતું હતું અને એને પરિણામે ઘરમાં લેખનયોગ્ય વાતાવરણ મળતું નહોતું. 'પૈસો પાસે નથી, અવળ-સવળ ચાલે છે.' એમ વિચારતા આ યુવાન લેખકને એમ થાય છે કે હવે કરવું શું? ૧૯૪૬ની તેવીસમી ફેબ્રુઆરીએ પોતાની આ અંતરવ્યથા આલેખતાં લખે છેઃ

'આ શંભુમેળામાં સાહિત્ય સર્જનની કલ્પના, હે ઈશ્વર! મનને થાક ચઢાવે છે, પણ તનનેય દુર્બળ બનાવે છે. વાહ રે સમાજ!

આવતી કાલે કંટાળીને લેખનકાર્ય છોડી દઉં તો આટલા બધામાંથી કોઈને અફસોસ નહીં થાય. પૈસા માત્રના આ પૂજારીઓ છે. કોઈને ઉચ્ચ ધ્યેય, ઊંચા વિચાર સાથે લેશમાત્ર લેવાદેવા નથી. પેટ ભરનારાઓનું પેડું (ટોળું) છે. કેટલીક વાર તો એવી ઈચ્છા થાય છે કે ઈશ્વર આયુષ્યનો દોર આટલાથી કાપીને નવેસર નવી જિંદગી આપે, જેમાં ખૂબ સાહિત્યસાધના કરી શકાય.'

આ રીતે એક બાજુથી આર્થિક મૂંઝવણ અને બીજી બાજુથી સાહિત્યસર્જનની પ્રબળ ઈચ્છા વચ્ચે અવિરત સંઘર્ષ ચાલતો રહ્યો. ઉદાર સ્વભાવ, પરગજુવૃત્તિ અને બહોળા મિત્ર-સમુદાયને કારણે આ આર્થિક ચિંતા વધુ ભીંસ ઊભી કરતી. પરંતુ એ આર્થિક ચિંતા એમના આનંદી સ્વભાવને ઓછો કરી શકતી નહીં. એમના વ્યવહાર પરથી ભાગ્યે જ કોઈને ખ્યાલ આવે કે તેઓ આવી કપરી પરસ્થિતિ વચ્ચે સંઘર્ષમય જીવન જીવી રહ્યા છે.

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

પર્યુષણ પર્વ નિમિત્તે કુલ રૂા. એકહજારના પુસ્તકો ખરીદનારને
રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧	૨૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૨	૨૦
૧૪	જિન તત્ત્વ ભાગ-૪	૨૦
૧૫	જિન તત્ત્વ ભાગ-૫	૫૦
૧૬	જિન તત્ત્વ ભાગ-૬	૨૦
૧૭	જિન તત્ત્વ ભાગ-૭	૫૦
૧૮	જિન તત્ત્વ ભાગ-૮	૫૦
૧૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૨૦	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૨૧	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૨૨	વંદનિય હૃદયસ્પર્શ –	૫૦
૨૩	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૨૪	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૨૫	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૨૬	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૦૦
૨૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧	૨૦
૨૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૨	૨૦
૨૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૩	૨૦
૩૦	પ્રભાવક સ્થવિરો ભાગ-૪	૨૦
૩૧	પ્રભાવક સ્થવિરો ભાગ-૫	૨૦
૩૨	નમો તિત્થરસ	૧૪૦
૩૩	જ્ઞાનસાર	૧૦૦
૩૪	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૩૫	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૩૬	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૩૭	ન્યૂ ઝીલેન્ડ (પુસ્તિકા)	૬
૩૮	બેરથી બ્રિગેડિયર	૬૦
૩૯	ઑસ્ટ્રેલિયા	૬
૪૦	સાંપ્રત સહચિંતન ભાગ-૨	૨૫
૪૧	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૪૨	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૪૩	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૪૪	સાંપ્રત સહચિંતન ભાગ-૭	૨૫
૪૫	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૪૬	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૪૭	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૪૮	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૨૫
૪૯	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૫૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૫૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
૫૨	સાંપ્રત સહચિંતન ભાગ-૧૫	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૫૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૫૪	પ્રબુદ્ધ ચરણે	૫૦
૫૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૫૬	આપણા તીર્થંકરો	૧૦૦
૫૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૫૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. શાહ લિખિત	
૫૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૬૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૧૧

આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી **વ્યાખ્યાનમાળા આ વર્ષે ૭૭મા વર્ષમાં પ્રવેશે છે.**

ગુરુવાર, ૨૫-૮-૨૦૧૧ થી ગુરૂવાર તા. ૦૧-૯-૨૦૧૧ સુધી રોજ બે વ્યાખ્યાનો.

સ્થળ : પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮-૩૦ થી ૯-૧૫. દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯-૩૦ થી ૧૦-૧૫

પ્રમુખ સ્થાન : ડૉ. ધનવંત શાહ

દિવસ તારીખ	સમય	વ્યાખ્યાતાનું નામ	વિષય
ગુરૂવાર ૨૫-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રી શશીકાંત મહેતા પ. પૂ. આ.અમોઘકીર્તિ સાગરજી મ.સા.	કાયોત્સર્ગ : મુક્તિની ચાવી आत्माकी कर्म यात्रा
શુક્રવાર ૨૬-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રીમતિ અંજનાબેન શાહ શ્રી કૃષ્ણચંદ ચોરડિયા	પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય जैन धर्म में नयवाद-व्यवहार नय -निश्चयनय
શનિવાર ૨૭-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. જે. જે. રાવલ ડૉ. રામજી સિંગ	ઈશ્વર નથી ? जैन दर्शन की पृष्ट भूमि में गांधी जीवन दर्शन
રવિવાર ૨૮-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રી વલ્લભભાઈ ભંશાલી ડૉ. ગુણવંત શાહ	વ્યવસાય, અનાસક્તિ અને સંપન્નતા બટકુ રોટલો બીજા માટે
સોમવાર ૨૯-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રી અર્વદ પરવેઝ પજાન ડૉ. નરેશ વેદ	જરથોસ્તિ ધર્મ બ્રહ્મ સૂત્ર (મહર્ષિ બાદરાયણ)
મંગળવાર ૩૦-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. મોહનભાઈ પટેલ ડૉ. મહેબુબ દેસાઈ	વ્યાપારે વસતિ વિદ્યા ગીતા અને કુરાન
બુધવાર ૩૧-૮-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	શ્રી દિનકર જોષી શ્રી ભાગ્યેશ જહાં	બુદ્ધં શરણં ગચ્છામિ तमसो मा ज्योतिर्गमय
ગુરૂવાર ૧-૯-૨૦૧૧	૮-૩૦ થી ૯-૧૫ ૯-૩૦ થી ૧૦-૧૫	ડૉ. રશ્મિકાંત ઝવેરી શ્રીમતી છાયાબેન શાહ	ભગવાન મહાવીરનું વસિયતનામું મોક્ષનું સ્વરૂપ સમજીએ

ભજનો સવારે ૭-૩૦ થી ૮-૨૫. **સંચાલન : શ્રીમતી નીરૂબેન એસ. શાહ.** ભજનો રજૂ કરશે અનુક્રમે (૧) લલિતભાઈ દમણિયા (૨) કુ. ધ્વનિ પંડ્યા (૩) શ્રી ગૌતમ કામત (૪) શ્રીમતી ઝરણા વ્યાસ (૫) કુ. વૈશાલી કેલકર (૬) ડૉ. શરદ શાહ (૭) કુ. શર્મિલા શાહ અને (૮) શ્રીમતી ગાયત્રી કામત. પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાનો તેમ જ ભક્તિ સંગીતની સી. ડી. **શ્રી કાંતિલાલ રમણલાલ પરીખ (દિલ્હીવાળા)** તરફથી બીજે દિવસે પધારનાર સર્વ શ્રોતાઓને પ્રભાવના સ્વરૂપે અર્પણ કરવામાં આવશે. આ સર્વે વ્યાખ્યાનો યુવક સંઘની વેબ સાઈટ ઉપર આપ સાંભળી શકશો.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.

ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી	ચંદ્રકાન્ત દીપચંદ શાહ	રસિકલાલ લહેરચંદ શાહ	નિરુબેન એસ. શાહ	વર્ષાબહેન રજનીભાઈ શાહ
કોષાધ્યક્ષ	ઉપપ્રમુખ	પ્રમુખ	ધનવંત ટી. શાહ	સહમંત્રી
			મંત્રીઓ	

+ પર્યુષણ પર્વ દરમ્યાન દર વર્ષે સંઘની કાર્યવાહક સમિતિએ નક્કી કરેલી સંસ્થા માટે અનુદાન કરવાની વિનંતિ કરવામાં આવે છે.
+ આ વર્ષે સંધે વિચરતા સમુદાય સમર્થન મંચને આર્થિક સહાય કરવી એમ ઠરાવ્યું છે તેના માટે ટહેલ નાખવામાં આવે છે.
+ સંઘ તરફથી ૧૯૮૫ થી આ પ્રથા શરૂ કરી, ૨૬ સંસ્થાઓને આજ સુધી આશરે રૂા. ૩.૬૦ કરોડ જેવી માતબર રકમ સહાય તરીકે મેળવી આપી છે.
+ દાન આપનારને આવકવેરાની કલમ 80 G અન્વયે કરમુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Niroobeen Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૧૦ • ઓક્ટોબર, ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

જિન-વચન

અવિનીતાત્મા સંસારમાં તણાય છે

भासमाणो ण भासेज्जा णो य बंफेज्ज मम्मयं ।
माइट्ठाणं विवज्जेज्जा अणुवीइ वीयागरे ।।

દસવૈકાલિક (૯-(૨)-૩)

જેઓ ક્રોધી, અજ્ઞાની, અહંકારી, અપ્રિય વચન બોલનારા, માયાવી અને શઠ હોય છે તે અવિનીતાત્મા પાણીના પ્રવાહમાં જેમ લાકડું તણાય તેમ સંસારમાં તણાય છે.

Those who are hot-tempered, ignorant, egoistic, uttering bitter words, deceitful and roguish, are indisciplined. They are carried away in the strong current of Samsara like a piece of wood.

(ડૉ. રમણલાલ ચી. શાહ સંપાદિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

ગાંધીજી પાકા વાણિયા

મહાપુરુષો પોતાની બુદ્ધિમત્તાથી સહજમાં પોતાનું ધાર્યું કામ કરાવી લે છે અને એ માટે કોઈ એમની મજા ઉડાવે તો ય નારાજ થતા નથી, પણ મજાક સામે મજાક કરીને આનંદ દ્વિગુણીત કરે છે.

કલકત્તામાં ગાંધીજી ખાદી-પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા હતા ત્યારે એ બોલ્યા, 'આજે જે કોઈ ખાદી ખરીદશે તેનો કેશમેમો હું બનાવીશ.'

જોતજોતામાં લોકોની ભીડ જામી ગઈ અને થોડી જ વારમાં અઢી હજાર રૂપિયાની ખાદી વેચાઈ ગઈ.

આચાર્ય કૃપલાનીએ આ ચમત્કાર જોયો અને મજાકમાં કહ્યું, 'આપવાનું-લેવાનું કંઈ નહીં અને વાણિયાએ અઢી હજાર રૂપિયા મારી લીધા.'

ગાંધીજી તો હાજર જવાબી મહાત્મા હતા. એ તરત બોલ્યા, 'આ કામ મારા જેવા વાણિયા જ કરી શકે, પ્રોફેસરનું કામ નહિ.

-લઘુગોવિંદ

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મ સિદ્ધિ શાસ્ત્ર : મહાકવિ રવીન્દ્રનાથ ટાગોર સર્જિત શાંતિ નિકેતન	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ગાંધીજી અને મહાદેવ દેસાઈનું પ્રથમ મિલન	શાંતિલાલ ગઢિયા	૭
(૩)	ગીતા અને કુરાન	ડૉ. મહેબૂબ દેસાઈ	૮
(૪)	માનવ કેટલો બુદ્ધિશાળી ?	કાકુલાલ સી. મહેતા	૧૫
(૫)	શ્રી નયવિજયજી રચિત શ્રી ગૌતમસ્વામી સ્તવન	સુમનભાઈ શાહ	૧૭
(૬)	અશાંતને સુખ ક્યાંથી હોય ?	શશિકાંત લ. વૈદ્ય	૧૮
(૭)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત ૭૭ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	—	૨૦
(૮)	મુનિશ્રી સંતબાલજીની ભૂમિમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન થયું	ગુણવંત બરવાળિયા	૨૨
(૯)	જયભિખ્ખુ જીવનધારા : ૩૨	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૪
(૧૦)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૬
(૧૧)	શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાની વૈજ્ઞાનિકતા	શ્રી રાજેન્દ્રકુમાર સારાભાઈ મહેતા	૨૭
(૧૨)	પેકબંધ બાટલીથી તોબા	પુષ્પા પરીખ	૨૮
(૧૩)	ઉસામાની ગાય	ડૉ. ગુણવંત શાહ	૨૯
(૧૩)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૦
(૧૪)	વિચરતા સમુદાય સમર્થન મંચ (અનુદાનની યાદી)	—	૩૧
(૧૫)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મે-૨૦૧૧ પશ્ચાત પ્રાપ્ત થયેલ અનુદાન	—	૩૪
(૧૬)	પંથે પંથે પાથેય	અવંતિકા ગુણવંત	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય :
પૂ. મુનિશ્રી કુલચંદ્ર વિજયજી સંપાદિત 'સચિત્ર સરસ્વતી પ્રાસાદ' ગ્રંથ પ્રકાશન સંવત ૨૦૫૫

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૧૦ ● ઑક્ટોબર ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૭ ● વીર સંવત ૨૫૩૭ ● આસો વદ–તિથિ-૪ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત
આત્મસિદ્ધિ શાસ્ત્ર

●

મહાકવિ રવીન્દ્રનાથ ટાગોર સર્જિત
શાંતિનિકેતન

આ બેઉ અમૂલ્ય સર્જન વિશે કશું પણ લખવાની આ લખનારની કોઈ પાત્રતા નથી જ. પરંતુ આ બન્ને તત્ત્વોએ મારા જીવનમાં વારે વારે કોઈ અલૌકિક ઘટનાઓ સર્જી છે એટલે, અને હમણાં જે ઘટના બની એ હૃદયમાંથી પુનઃ પુનઃ ડોકિયું કરે છે, કહો કે ઉછળે છે, અને બુદ્ધિ એ ઘટનાને પ્રગટ કરવાની અનુમતિ નથી આપતી છતાં આપની પાસે એ કહેવા હૃદય ઉત્સુક બન્યું છે! કારણ શોધું છું, મળતું નથી, પરંતુ કાંઈક તો રહસ્ય હશે જ એવું મન કહ્યાં કરે છે. કોઈ સત્ય શોધક બળ કામ કરી રહ્યું હશે જ. કોઈ શ્રદ્ધાની મહોર ઉતાવળી થઈ હશે, કોઈ યોગાનુયોગનું ગણિત દાખલાના સત્ય પાસે પહોંચવા આતુર હશે જ. જે હોય તે, અત્યારે તો એક સત્યાનુભૂતિનો હું મુગ્ધ સાક્ષી માત્ર છું.

આ અંકના સૌજન્યદાતા

શ્રી દિગંત મધુસુદનભાઈ શાહ
અને શ્રીમતી પૌલા દિગંત શાહ
સ્મૃતિ :
પિતાશ્રી સ્વ. મધુસુદનભાઈ હીરાલાલ શાહ
અને સ્વ. સુહાસીનીબેન મધુસુદનભાઈ શાહ

(૧)

શાળા જીવન સોનગઢ ગુરુકુળ હાઈસ્કૂલમાં, એ પૂરી 'આર્ય સમાજ' સંસ્થા, અમારી એ શાળામાં મિતભાષી એવા અમારા વિજ્ઞાનના શિક્ષક, અમે એમને આદરથી એચ. જે. શાહ કહેતા. નખશિખ સૌજન્યતાની મૂર્તિ!

જે આશ્રમમાં અમારો નિવાસ એ શ્રી મહાવીર જૈન ચરિત્ર રત્ન કલ્યાણ આશ્રમ ગામના એક છેવાડે, એટલે સ્ટેશન પાસે, અને બીજા છેવાડે આ ગુરુકુળ હાઈસ્કૂલ અને વચમાં પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીજીનું સ્વાધ્યાય અને દિગંબર જિન મંદિર. ક્યારેક સવારે કે સાંજે પૂ. કાનજી સ્વામીજી સાથે ફરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય, તો ક્યારેક સર્વ ધર્મ સમન્વયકારી પૂ. કલ્યાણજી બાપા સાથે નદી કિનારે ફરવાનો યોગ પ્રાપ્ત થાય. ત્યારે તો આ બેઉ કેટલી મહાન વિભૂતિઓ છે એની અમને કાંઈ જ ખબર નહિ. આ બેઉ વિભૂતિને બાળ-વિદ્યાર્થીઓ ખૂબ જ વ્હાલા લાગે, એટલે બાળવયે આ મહાલાભ અમને મળ્યો. આમ ત્રણ વિચાર ભાવો વચ્ચે અમારો ઉછેર.

ઉત્સવ પ્રસંગે અમે વિદ્યાર્થીઓ એ સ્વાધ્યાય મંદિરમાં જઈએ. મને એટલી સ્મૃતિ છે કે ત્યાં જ્યારે માનસ સ્તંભની પ્રતિષ્ઠા થઈ ત્યારે અમે બધાં વિદ્યાર્થીઓ એ ઉત્સવમાં સામેલ થયેલા.

એક રવિવારના બપોરે મહેમાન સાથે મારે એ સ્વાધ્યાય મંદિરમાં જવાનું થયું. મારા આશ્ચર્ય વચ્ચે અમારા એ વિજ્ઞાનના શિક્ષક શ્રી એચ. જે.

શાહ વચ્ચે સ્થાન ગ્રહણ કરી એક પુસ્તકમાંથી જિજ્ઞાસુઓને સ્વાધ્યાય કરાવતા હતા. અહીં એઓશ્રી પંડિતજી હતા – પછી ખબર પડી હતી કે એઓ પૂ. બહેનશ્રી બહેનના ભાઈ હતા અને જૈન તત્ત્વના પ્રખર પંડિત હતા. આ દૃશ્યથી મારા મસ્તિકમાં વિજ્ઞાન અને ધર્મ-તત્ત્વ પ્રત્યે સંઘર્ષ જાગ્યો. સ્વાધ્યાય પૂરો થયા પછી સમૂહમાં એક દીર્ઘ સ્તોત્રનું ગાન ગૂંજ્યું.

'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ના શબ્દો અને ધ્વનિનો મને આ પહેલો પરિચય. કાંઈ સમજાયું ન હતું, પણ ગમ્યું હતું. મન પ્રસન્ન જરૂર થયું હતું. અજાણપણે કોઈ બીજ આત્માના ઊંડાણમાં રોપાઈ ગયું હતું.

વરસો પસાર થતાં ગયાં. કોઈ જગ્યાએથી પસાર થાઉં અને એ ગાનનો ધ્વનિ સંભળાય, તો, ત્યારે પગ થંભી જતા.

એમ.એ.માં મારો વિષય સાહિત્ય સાથે લીંગવિસ્ટીક (Lingvistic) ભાષાશાસ્ત્ર. ડૉ. કલાબેન અને હું અમે યુનિવર્સિટીના આ વિષયમાં પહેલાં બે જ વિદ્યાર્થીઓ. ડૉ. ગજેન્દ્ર ગડકર અમારા પ્રાધ્યાપક. આ વિષયમાં શબ્દ અને શબ્દના ધ્વનિની ચિરંજીવતા અને શરીર-મન ઉપર થતી એની અસર વિશે ભણ્યા. અને ત્યારે વારે વારે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નો ધ્વનિ મન ઉપર ઉપસી આવે.

આ સ્તોત્રગાનની વિવિધ કેસેટો અને સી.ડી. એકત્ર કરી, પણ ધ્યાનપૂર્વક સાંભળવાનો અવસર ન મળ્યો. પરમ મિત્ર પ્રા. પ્રતાપભાઈ ટોલિયાએ તો આ સ્તોત્રના થયેલા સાત ભાષાના અનુવાદનું પુસ્તક અને એમના કંઠે ગવાયેલ સી. ડી. પણ પ્રેમભાવે મોકલી હતી.

અમારા પૂ. રમણભાઈ કહેતા કે આગમ ન વાંચી શકે એમણે આ સ્તોત્રના ઊંડાણમાં જવું અને આ સ્તોત્ર વિશે જ્યાં જ્યાં જે લખાયું હોય એનું અધ્યયન કરવું, એથી મન શુભભાવમાં રમણ કરતું રહેશે. શ્રીમદ્‌જી પોતે પણ પત્રમાં લખતા કે, 'અમે આ કહ્યું છે તે આગમ છે. આગમમાંથી આ વાત મળી રહેશે. કદાચ ન મળે તો અમે કહ્યું તે આગમ છે.'

આ સ્તોત્ર વિશે સંત વિદ્વાનોએ લખેલા લગભગ દશ ગ્રંથો હમણાં ચાર માસ પહેલાં ભેગા કર્યા. દૃષ્ટિ સમક્ષ મૂકી રાખ્યા છે, પણ હજી એ વાંચી શકું એવો પુણ્યોદય નથી થયો! અફસોસ તો છે જ, પરંતુ આત્મા અને મન અભાનપણે આ સ્તોત્રમાં જડાઈ અને જોડાઈ ગયા છે એની આનંદ પ્રતીતિ થઈ રહી છે.

(૨)

શાળા જીવન દરમિયાન સાહિત્ય ક્ષેત્રે અમારા યુગ ઉપર ક. મા. મુનશી, રમણલાલ દેસાઈ વગેરે લેખકોનો પ્રભાવ તો ખરો જ, ઉપરાંત પરભાષી લેખકો, વી. સ. ખાંડેકર, શરદબાબુ અને ટાગોરનો પ્રભાવ તો એટલી હદે કે એ સર્જકો ગુજરાતી જ લાગે એટલા આત્મસાત્ થયેલા.

ટાગોર મને વિશેષ ગમે. અમારા સુપ્રિન્ટેન્ડેન્ટ અને કચ્છના મેઘાણી જેવા કવિ સાહિત્યકાર પૂ. દુલેરાય કારાણી અમને એમના લહેકામાં ભાવવાહી ધ્વનિથી 'ગીતાંજલી'ના કાવ્યો સંભળાવે ત્યારે એના દિવ્ય અર્થો ન સમજાય છતાં હૃદયમાં એક ભાવભર્યું મુગ્ધ વાતાવરણ સર્જાઈ જાય જ. આ ભાવમાં મન મગ્ન હતું ત્યારે એક વખત ભાવનગરથી કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી આશ્રમમાં પધાર્યા અને ગીતાંજલી, ટાગોર અને શાંતિ નિકેતનની પોતાની ભાવવાહી બાનીમાં વિગતે વાતો કરી અને મારી આંખમાં શાંતિનિકેતન ભણવા જવાનું અંજન અંજાયું.

મેં તો દૃઢ નિશ્ચય જ કરી લીધો અને જેવું એસ.એસ.સી.નું પરિણામ આવ્યું એટલે તરત જ શાંતિનિકેતનનું ફોર્મ ભર્યું. સદ્‌નસીબે પ્રવેશની 'હા' મળી. મારું મન તો નાચી ઊઠ્યું.

પરંતુ બધાનાં બધાં સ્વપ્ના ક્યાં સાચા પડે છે? ટાગોર જે ધરતી ઉપર વિહર્યા હતા, જ્યાં એમણે નર્તન કર્યું હતું, જ્યાં એમની કવિતા મ્હોરી હતી, એ ધરતીને ભેટવા મન તડપ્યું હતું. પણ પરિવારની સંમતિ ન મળી. ઘણી મથામણ અને દલીલો થઈ પણ આપણને કોણ 'સમજે'? વણિક જનો તો ધન વેપારને જ મહત્ત્વ આપે ને!!

શાંતિનિકેતન ચિત્તમાંથી ખસતું ન હતું. ક્યારે એ ધરતીના દર્શન થશે? જાણે ટાગોરનું ભૂત ભરાયું. આ નિષ્ફળતા દૂર કરવા કૉલેજના શિક્ષણ સાથે ટાગોરનું ફરી વાચન કર્યું. મુંબઈના બાબુલનાથ પાસે બંગાળી કલાસ ચાલતા હતાં ત્યાં એક મિત્ર સાથે બંગાળી શીખવાનું શરૂ કર્યું. રવીન્દ્ર સંગીત અને બંગાળી 'બાઉલ' ગીતો જ્યાં જ્યાં પ્રસ્તુત થાય, ત્યાં મન દોડી જતું. બેબ્રોન સ્ટેડિયમમાં ટાગોરની શતાબ્દી ઉજવાઈ ત્યારે 'રક્તકરોબી' અને 'ક્ષુધિત પાષાણ' જેવા નાટકો જોયા. ટાગોરની નવલકથા ઉપરથી બનેલી ફિલ્મો જોઈ આત્સાત કરી.

શાંતિનિકેતનના દર્શન કરવાની ઈચ્છા પ્રબળ થતી ગઈ પણ પચાસ વરસના સમયમાં અવસર ન જ મળ્યો. ઈચ્છા તો તીવ્રતર થતી જ ગઈ.

(૩)

આ જુલાઈના બીજા અઠવાડિયાની એક મોડી રાત્રે આત્મબંધુ જેવા પરમ મિત્ર શ્રી બિપીનભાઈ જૈન અને એમની સુપુત્રી રેશમાનો ફોન આવ્યો, અને પ્રેમ હુકમ કર્યો કે અઠવાડિયા પછી આપણે ત્રણે ભૂતાન જઈએ છીએ અને ત્યાંથી શાંતિનિકેતન જઈશું.

ઘણાં વરસોથી જે સ્થળે જવાની તીવ્ર ઈચ્છા હોય, એવી જગ્યાએ જવાનું આવા સહૃદયી સ્વજનનું આમંત્રણ મળે, એમાં મને તો મારી શાંતિનિકેતનના દર્શનની ફળતી શ્રદ્ધાનો અનુભવ થયો.

કોઈ પણ પ્રકારનો ઔપચારિક વાર્તાલાપ ન કરતા, ભૂતાન માટે મેં મારી અશક્તિ–પ્રતિકૂળતા દર્શાવી, પણ સાથે શાંતિનિકેતન દર્શન માટે ત્વરિત હા પાડી.

શાંતિનિકેતન જેવું સ્થળ હોય, સાથે આત્મબંધુ જેવા સ્નેહાળ મિત્ર બિપીનભાઈ હોય અને એમની સરસ્વતી સ્વરૂપા તેજસ્વી અને ભાવુક પુત્રી રેશમા હોય, તો આ ત્રિવેણી સંગમમાં ડૂબકી મારવાનું

મન કોને ન થાય?

અને ૨૦ જુલાઈની સાંજની ફ્લાઈટમાં હું કલકત્તા પહોંચ્યો. ૨૧ મીએ સવારે અમે ત્રિપુટી ઉપરાંત શ્રી બિપીનભાઈના કલકત્તા નિવાસી મિત્ર નિતીનભાઈ બાવીશી સાથે શાંતિનિકેતનની જાત્રાએ ઉપડ્યા. મૂશળધાર વરસાદ, સ્નેહીઓનો સાથ અને ઈચ્છિત સ્થળના દર્શનની ઉત્કંઠા, વાતાવરણ મનભર અને મનહર હતું.

ચાર કલાકનો રસ્તો, જાતજાતની વાત ગોષ્ટિ કરી અને બિપીનભાઈએ થોડાં છંદો બદ્ધ ગીતો ગાઈને 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'નું ગાન ઉપાડ્યું. રેશ્માએ મધુર કંઠે પોતાનો સાથ પૂરાવ્યો. જે ધ્વનિ મારા રોમે રોમમાં વર્ષોથી ગુંજી રહ્યો હતો, અને જે સ્થળના દર્શનની વરસોથી ઝંખના હતી, આ બેઉ પળે મને ધન્યતાનો અનુભવ કરાવ્યો.

અમારી ત્રિપુટીએ શાંતિનિકેતનમાં પ્રવેશ કર્યો. આ નામ સાથે શ્રીનિકેતન અને વિશ્વભારતી નામ પણ જોડાયેલું છે. આપણા ઉમાશંકર જોષી–જેમની અત્યારે શતાબ્દી ઉજવાઈ રહી છે–એક વખત આ યુનિવર્સિટીના કુલપતિ હતા. આ સંકૂલને આદરથી 'વિશ્વ-તીર્થ' પણ કહેવાય છે. આ અતિ વિશાળ સંકૂલમાં અનેક ભવનો છે, જેમાં વિવિધ પ્રકારનું શિક્ષણ અપાય છે. અત્યારે ટાગોરની ૧૫૦ વર્ષની જન્મ જયંતિ ભારત ઉજવી રહ્યું છે. પ્ર.જી.ને તો મે-૨૦૧૦નો ટાગોર અંક પ્રગટ કરી ૧૫૦મી શતાબ્દીના શ્રી ગણેશ માંડી દીધાં જ હતા.'આત્મસિદ્ધિ' શાસ્ત્રના સર્જનને ૧૧૫ વર્ષ થઈ ગયા. આ બધાં કેટલા શુભ યોગાનુયોગ!

આ શાંતિનિકેતન વિશે તો માહિતીસભર એક દીર્ઘ લેખ લખી શકાય, પરંતુ અત્યારે તો આ તીર્થના સ્પર્શથી અમારા હૃદયમાં જન્મેલા અગણિત દિવ્ય આનંદની અનુભૂતિ અહીં થોડાં જ શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કરવો છે.

અહીંના અણુએ અણુમાં ટાગોરની દિવ્યતાની આજે ય અનુભૂતિ થાય છે. ટાગોરનું રહેઠાણ, ખુલ્લી હવામાં વૃક્ષ નીચે બેસી અપાતું શિક્ષણ, ટાગોરનું મહાપુરુષો સાથેનું મિલન, બસ, આ સ્થળના અણુ અણુમાં એકરસ થઈ જવું એ અમૂલ્ય અને અમૃતતૂલ્ય અનુભૂતિ છે. વરસતા વરસાદમાં અમે છત્રી વગર એક સ્થળેથી બીજા સ્થળે દોડ્યા હતા, ત્યારે શિશુવય મસ્તક ઉપર બિરાજી ગયું હતું. બિપિનભાઈ મરક મરક હાસ્ય વેરતા સ્થિતપ્રજ્ઞ ભાવે આ બધું અનુભવતા હતા, એઓ તત્ત્વ પામે ઘણું, સત્ત્વ પીવે ઘણું, અને પ્રેમ તો અઢળક પીવડાવે, પણ આ બધું સ્વસ્થ ભાવે જ. મારા માટે આવો સ્વસ્થ ભાવ શક્ય જ ન હતો, મારા વર્ષો ક્યાં ખોવાઈ ગયા એની સ્મૃતિ જ ન રહી. અને રેશ્મા તો મુગ્ધ ભાવે આનંદવિભોર થઈને બસ જાણે મન અને આંખોથી નર્તન કરતી હોય!! મેં કહ્યું નક્કી એક ભવમાં તું અહીં આવીને ટાગોર પાસે રહી હશે, અને ટાગોરની 'ચિત્રાંગદા' જેવી નૃત્ય નાટિકાની નાયિકા થઈ હશે.

શાંતિનિકેતનના આવા સૂક્ષ્મ આંદોલનો તો અગણિત છે, એને શબ્દસ્થ કરવા શક્ય નથી.

અમારી ત્રિપુટીની આ શાંતિનિકેતન યાત્રા અવિસ્મરણિય રહી, અનેક રીતે.

અમને ગાઈડ પણ સારો મળ્યો હતો. અમારા બિપીનભાઈએ છૂટા પડતા એને પૂછ્યું: 'તું માંસાહારી છે?' પેલાએ હા પાડી, એટલે બિપીનભાઈ કહે જો હું તને રોજના સો રૂપિયા આપું તો એક દિવસ તું માંસાહાર છોડે?' પેલાએ હા પાડી, એટલે બિપીનભાઈએ તરત જ એક હજાર એ ગાઈડને આપ્યા, અને દશ દિવસ માંસાહાર ન કરવાનું વચન લીધું. ત્રણ દિવસના સાથ દરમિયાન ડ્રાઈવર વગેરે જે જે મળે એ બધાંને બિપીનભાઈએ રકમ આપી આવા સંકલ્પો કરાવ્યા. વ્યક્તિનો ભાવ અને ઈચ્છા હોય તો શુભ કર્મોના માર્ગ આપોઆપ મળી જાય છે.

ચાર કલાકના શાંતિનિકેતનના દર્શન પછી કલકત્તા પહોંચવા અમે ગાડીમાં ગોઠવાયા. રસ્તામાં અવરોધને કારણે લગભગ આઠ-નવ કલાકની મુસાફરી કરી મોડી રાત્રે અમે કલકત્તા પહોંચ્યા. આ અવરોધની પણ એક રસપ્રદ કહાણી છે, પણ અત્યારે એ અસ્થાને છે.

પાછા ફરતા સફરમાં ફરી બિપીનભાઈ અને રેશ્માએ 'આત્મ સિદ્ધિ'નું ગાન શરૂ કર્યું. લગભગ બધી જ ૧૪૨ ગાથાનું ગાન પિતા-પુત્રીને કંઠસ્થ, એ પણ ભાવવાહી સ્વરે એનું ગાન.

સફરમાં આવતા-જતા શ્રવણ કરેલું આ સ્તોત્ર હવે તો મારા મનમસ્તિષ્ક અને હૃદય તેમજ આત્માના અણુએ અણુમાં સ્થિર થયું, અને એનું પ્રતિગુંજન હૃદયમાં થવા લાગ્યું.

વરસો પહેલાં આ સ્તોત્રનું બીજ રોપાયું હતું, એ આજે જાણે જીવનમાં વિરાટ વૃક્ષ જેવું બની ગયું હોય એવી અનુભૂતિ થઈ. ક્યારેક કોઈ પુણ્યકર્મ કર્યું હશે એટલે આવો પુણ્યયોગ પ્રાપ્ત થયો. આ નિમિત્તનો શો સંકેત હશે? શો હેતુ હશે?

(૪)

શાંતિનિકેતનના દર્શન કરી ૨૨ જુલાઈના કલકત્તામાં અમે મહર્ષિ અરવિંદના નિવાસના દર્શન કર્યા અને એજ સાંજની ફ્લાઈટમાં હું અને બિપીનભાઈ મુંબઈ પરત થયા. એ શુક્રવાર હતો. બીજે દિવસે સવારે મારે બોરીવલીથી શતાબ્દીમાં બેસી અમદાવાદ પહોંચી ત્યાં તે દિવસે રાત્રે ટાગોરનું 'કાબુલીવાલા' જોવાનું હતું. એના નિર્માતા-દિગ્દર્શક નિમીષ દેસાઈને મેં વચન આપ્યું હતું કે બે મહિના પહેલાંના શોમાં પહોંચી શક્યો ન હતો, પણ આ શો વખતે જરૂર પહોંચીશ–કાબુલીવાલાનું નાટ્યાંતર મેં કરેલું, એટલે એ જોવાનું મન થાય એ સ્વાભાવિક છે, વળી ટાગોરના માહોલમાં જ તો હું હતો જ.

શુક્રવારે રાત્રે 'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ-સપ્ટેમ્બરના અંકની મેટર તૈયાર કરી પેકેટ બનાવી દીધું.

શનિવારે સવારે વહેલો તો ઊઠ્યો, મનમાં 'આત્મસિદ્ધિ'નું રટણ અનાયાસે ગુંજતું હતું. બાથરૂમમાં ગયો અને ફસડાઈ પડ્યો. શતાબ્દી ચૂકી ગયો. પંદરેક મિનિટે સ્વસ્થ થયો. અમદાવાદ પહોંચવા ફ્લાઈટની ટિકિટ મંગાવી. થોડી વાર આરામ કર્યો. અંતરમાં સ્તોત્રનું ગુંજન ચાલુ જ હતું. પિતાપુત્રીના ભાવવાહી શબ્દોના આંદોલનો અંતરમાં અવિરત ધ્વનિત-પ્રતિધ્વનિત થતા રહેતા હતા. બપોરે ફરી બેચેની થઈ અને ફ્લાઈટમાં જવાનું કેન્સલ કર્યું. 'કાબુલીવાલા'માં ન પહોંચવાનો અફસોસ મનને વિંટળાઈ વળ્યો.

શનિ પસાર થયો, રવિ પણ પસાર થયો, સોમવારે સાંજે બેચેની વધી, અને ડૉક્ટર પાસે દોડ્યા. તરત જ બધાં રિપોર્ટ કાઢી તપાસીને ડૉક્ટર ગણેશ કુમાર કહે, 'મેસિવ એટેક પછી આટલા બધાં કલાક તમે જીવી કેમ શક્યા? શક્ય જ નથી.' હું શું કહું? એમને સ્તોત્ર અને શ્રદ્ધા સાથે શો સંબંધ?

પછી તો આઈ.સી.યુ. અને સારવારની ને ડૉક્ટરોની ફોજ. હૃદયની એક નસ પૂરી બ્લોક, એન્જોપ્લાસ્ટિ–એક સ્ટેન્ટ મૂકાવ્યું અને ત્રણ સપ્તાહ હોસ્પિટલનો મહેમાન બની ઘરના દર્શન થયા.

બિપીનભાઈ–નિલમબેન અને રેશ્મા દોડી આવ્યા. એમના મનમાં ભાર વધી ગયો, પણ એમના સ્તોત્ર ગુંજને તો મને બચાવ્યો હતો. નિમિત્ત અને સંકેતનું રહસ્ય ત્યારે ઊઘડ્યું.

પરિવાર અને મિત્રો સાથે અમારા યુવક સંઘના મુરબ્બી સભ્યો દોડી આવ્યા. રસિકભાઈ પોતે હૉસ્પિટલમાં અને ત્યાંથી મારી ચિંતા કરે. ચંદ્રકાંતભાઈ, ભૂપેન્દ્રભાઈ, લલિતભાઈ, નિતીનભાઈ, મથુરાદાસભાઈ, નીરુબેન, પુષ્પાબેન, ગુલાબભાઈ-કુસુમબેન, સી. જે. શાહ, રસિકભાઈ દોશી, યુવક સંઘના પૂર્વ મંત્રી શ્રી ધીરજલાલ ફૂલચંદ દોશી, અમદાવાદથી કુમારપાળભાઈ અને જિતુભાઈ, તેમ જ યુ.કે.થી માણેક સંગોઈ મારી તબિયતની ચિંતા કરી. આચાર્યશ્રી પૂજ્ય વાત્સલ્યદીપજીએ આશીર્વાદ પાઠવ્યા. કોને કોને યાદ કરું? જવાહરભાઈએ આવીને 'પ્રબુદ્ધ જીવન'ના સંયુક્ત અંકના મુદ્રણ અને સુશોભન માટે મને ચિંતામુક્ત કરી દીધો. કોના સ્નેહ અને સોજન્યને સંભારું? લલિતભાઈને વ્યાખ્યાનમાળાની ચિંતા થઈ. મેં કહ્યું, બધું ગોઠવાઈ ગયું છે, ચિંતા ન કરો અને હજુ ત્રણ સપ્તાહ આપણી પાસે છે. હું જરૂર આવી શકીશ. અને યુવક સંઘના આશીર્વાદે હું વ્યાખ્યાનમાળામાં જઈ પણ શક્યો. નિતીનભાઈ સોનાવાલાએ વ્યાખ્યાનમાળામાં વક્તાઓનો પરિચય આપી મારા શ્રમને હળવો કર્યો. આ બધાંનો અખૂટ પ્રેમ અને સદ્‌ભાવના મને ઋણ ભાવ પાસે લઈ જાય છે. આભારથી આ ભાર ઓછો થાય એમ નથી જ. કેટલાંક 'ભારો' આપણા હૃદયમાં ચિરંજીવ બની જાય એ જ આપણા ઉત્તર જીવનનું પાથેય છે.

કોઈ માને કે ન માને, પણ શબ્દ અને સ્તોત્રમાં શી શક્તિ છે, એ તો અનુભવે જ સમજાય–રહેવું સદા શુભ ભાવમાં!

હવે 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપરના દશ ગ્રંથો મને બોલાવી રહ્યાં છે. એ જ મને અવકાશ આપશે, શક્તિ આપશે, દર્શન આપશે.

મેં ઘણી અંગત વાતો લખી, 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોનો સમય અને 'પ્રબુદ્ધ જીવન'ના પાનાનો ઉપયોગ કર્યો છે. આપને એ યોગ્ય ન લાગે તો મને ક્ષમા કરશો. લેખક બીજા માટે લખે છે, તો ક્યારેક એ પોતાની અનુભૂતિ ઠાલવે, તો એટલો હક તો એને આપ આપશો ને? આપ એટલા ઉદાર છો જ.

મહાકવિ ટાગોરનું એક કાવ્ય :

મન જરીયે નથી આજ મરવાનું
ગમે છે સુંદર આ વિશ્વે ફરવાનું,
રહેવું છે માનવો વચ્ચે
સૂરજ–તેજની સાખે.
ફૂલો પ્રફુલ્લ વચ્ચે
ને
અવસર મળે તો
પ્રેમીજનના હૃદયકમળે.

□ધનવંત શાહ
drdtshah@hotmail.com

આત્મસિદ્ધિ શાસ્ત્ર આચમન

જે સ્વરૂપ સમજ્યા વિના,
પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું,
શ્રી સદ્‌ગુરુ ભગવંત. (૧)

'આત્મા છે', 'તે નિત્ય છે',
'છે કર્તા નિજકર્મ';
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે',
'મોક્ષ ઉપાય સુધર્મ.' (૪૩)

કેવળ નિજસ્વભાવનું,
અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે,
દેહ છતાં નિર્વાણ. (૧૧૩)

દયા, શાંતિ, સમતા, ક્ષમા.
સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટ વિષે,
એહ સદાય સુજાગ્ય. (૧૩૮)

સેવે સદ્‌ગુરુ ચરણને
ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને,
નિજપદનો લે લક્ષ. (૯)

રાગ, દ્વેષ, અજ્ઞાન એ,
મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી,
તે જ મોક્ષનો પંથ. (૧૦૦)

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન,
સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહીએ કેટલું?
કર વિચાર તો પામ. (૧૧૭)

દેહ છતાં જેની દશા,
વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં,
હો વંદન અગણિત. (૧૪૨)

ગાંધીજી અને મહાદેવ દેસાઈનું પ્રથમ મિલન

❑ શાંતિલાલ ગઢિયા

[ઑક્ટોબર માસ પૂ. ગાંધીજીને, એમના જીવનને સ્મરણમાં લાવવાનો માસ. પૂ. બાપુને આ લેખથી શ્રદ્ધાંજલિ.]

દેશ આઝાદ થયો એના બરાબર પાંચ વર્ષ પહેલાં, એ જ તારીખે એક શીલધર્મી કર્મવીર માતૃભૂમિને અલવિદા કરી ગયો. ગાંધીજીએ બ્રિટીશ સરકાર સામે 'ભારત છોડો' ચળવળ (૧૯૪૨) શરૂ કરી, તેને અઠવાડિયું જ થયું હતું અને આ આઘાતજનક ઘટના બની. દેશ આખો સ્તબ્ધ બની ગયો.

નામ એમનું નામ મહાદેવ હરિભાઈ દેસાઈ. ગાંધીજીના સચિવ, સાથીદાર, અંગત દૂત–જે કહો તે, મહાદેવભાઈ હતા. પુત્ર સમાન એમને પ્યારા હતા. ૧૮૯૨ થી ૧૯૪૨, પચાસ વર્ષનો એમનો જીવનકાળ. એમાંથી ૨૫ વર્ષ ગાંધીજીના સાંનિધ્યમાં ગાળ્યા. સુરત જિલ્લાના દિહેણ ગામમાં જન્મ. માતા જમનાબહેનના સંતાનો જન્મ પછી તુરંત મૃત્યુ પામતા. તેથી મહાદેવના જન્મ પહેલાં માતા શંકર ભગવાનની નિયમિત પૂજા-અર્ચના કરતાં. તેમની ભાવના ફળી. એટલે બાળકનું નામ રાખ્યું 'મહાદેવ', સુરતમાં હાઈસ્કુલનો અભ્યાસ પૂરો કરી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી.એ. થયા. ત્યારબાદ એલ.એલ.બી. થયા. અમદાવાદમાં પ્રેકટિસ કરતા હતા, તે દરમિયાન નરહરિભાઈ પરીખનો પરિચય થયો. આ પરિચય ગાંધીજી સાથેના મેળાપનું નિમિત્ત બન્યો. બન્યું એવું કે ૧૯૧૫માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા હતા અને અમદાવાદમાં કોચરબ આશ્રમની સ્થાપના કરી હતી. આશ્રમના સંચાલન અંગેના નિયમો ઘડવા ગાંધીજી ગુજરાત કલબમાં વકીલોનો સંપર્ક કરતા. નરહરિભાઈ કલબના સભ્ય હોઈ એક વાર નિયમોના કાચા મુસદ્દાની નકલ એમના જોવામાં આવી. મહાદેવભાઇએ પણ જોઈ. પછી બંનેએ સંયુક્ત રીતે પોતાનો અભિપ્રાય ગાંધીજીને લખી મોકલ્યો. જવાબ ન આવ્યો. ગાંધીજીને પ્રત્યક્ષ મળવાનો આની પાછળ સંકેત હશે. અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં ગાંધીજીનું પ્રવચન હતું. બંને મિત્રોએ પ્રવચન સાંભળ્યું. પછી ગાંધીજી આશ્રમ તરફ ચાલતા જતા હતા. એ સમયે એમને મળવાની તક મિત્રોએ ઝડપી લીધી. બંનેએ પેલા પત્રની યાદ દેવડાવી ગાંધીજી સાથે વાત માંડી. ગાંધીજીએ કહ્યું કે તમારો પત્ર મળ્યો છે. ચાલો, એ બારામાં વાત કરીએ. બંને આશ્રમમાં ગયા. ગાંધીજી સાથે લંબાણપૂર્વક ચર્ચા કરી. વિદાય લીધી. રસ્તામાં મહાદેવ નરહરિભાઈને કહે, 'મને તો આ પુરુષના ચરણે બેસી જવાનું મન થાય છે.' વાહ, લવ એટ ફર્સ્ટ સાઈટ!

૧૯૧૭માં મુંબઈમાં મહાદેવભાઈ ગાંધીજીને મળ્યા. ખૂબ વાતો થઈ. સળંગ ત્રણ દિવસ મળવાનું ચાલુ રહ્યું. આખરે ગાંધીજીએ મનની વાત મહાદેવભાઈને કહી દીધી,

'તમારે મારી પાસે આવી રહેવાનું છે. આટલા દિવસોમાં તમારું ઝવેર મેં જોઈ લીધું છે. હું જેવા જુવાનની શોધમાં હતો, તે મને મળી રહ્યો છે. તમે માનશો? જેને મારું કામકાજ સોંપી દઈ કોઈ દહાડો નિરાંતે બેસું, જેને હું સુખેથી લટકી પડી શકું, એવો માણસ મને જોઈતો હતો, અને તમે મને મળી ગયા છો. બધું મૂકી દઈને મારી પાસે જ આવવાની તમારે તૈયારી કરવાની છે..'

આ જ વર્ષે નવેમ્બરની ૩–૪–૫ તારીખે ગોધરામાં પ્રથમ રાજકીય પરિષદ ભરાવાની હતી, તેમાં મહાદેવભાઈ પત્ની દુર્ગાબહેન સાથે હાજર રહ્યા. ગાંધીજીએ મહાદેવભાઈને પૂછ્યું, 'ક્યારથી જોડાવ છો?'

'આપ કહો ત્યારથી.'

'પરિષદ પછી ચંપારણ પ્રવાસમાં જોડાઈ શકશો?'

'જરૂર.'

'તે પહેલાં થોડા દિવસ મારી સાથે રહી જુઓ'

આમ બે પ્રેમીઓની પ્રેમયાત્રા શરૂ થઈ. આશક માશૂકથી ૨૩ વર્ષ મોટો. વિરલ જોડી હતી. જગતમાં એનો જોટો જડવો મુશ્કેલ. મહાદેવ બાળક જેવા ભોળા, નિર્દોષ અને ઋજુ હૃદયના હતા. જાણે ભાવનાઓનો પિંડ જોઈ લ્યો, તેથી ગાંધીજી કહેતા કે 'મહાદેવ લિવ્ડ ઓન લિઝ ઈમોશન્સ.' વિનોબા ભાવેને પણ એમના સંવેદનશીલ હૃદયનો પરિચય થયો હતો. એક દિવસ સાબરમતી નદીના કિનારે બેસીને વિનોબા કોઈક ભજન ગાતા હતા. એટલામાં એ બાજુથી કોઈના રડવાનો અવાજ સંભળાયો. જોયું તો મહાદેવભાઈ! ભજનના શબ્દો, એનો ધ્વનિ મહાદેવભાઈના હૃદયને ભીંજવી રહ્યા હતા.

ગાંધીજી અને મહાદેવભાઈના પચીસ વર્ષના અતૂટ સંબંધમાં એક પણ પ્રસંગ એવો બન્યો નથી કે જ્યારે ગાંધીજીની આજ્ઞા મહાદેવભાઈએ ઉથાપી હોય. તેથી જ તો અંતિમ પળોમાં મહાદેવભાઈની બંધ આંખો સામે જોઈ શોકાતુર ગાંધીજી વિચારતા હતા કે એક વાર મહાદેવની આંખ તેમની આંખો સાથે મળે તો મહાદેવ ઊઠીને બેઠા થાય; પણ એમ ના થયું. સુશીલા નય્યરે લખ્યું છે, બાપુના ઉપવાસની ચિંતા મહાદેવભાઈના મન પર હંમેશાં સવાર રહેતી. તેમણે અનેક વાર મને કહ્યું છે કે ઈશ્વરને પ્રાર્થના કરું છું કે મને બાપુની પહેલાં ઉઠાવી લે. ઈશ્વરે મારી પ્રાર્થના કદી તરછોડી નથી. હંમેશાં પૂરી કરી છે.' ✱✱✱

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૭. ફોન : ૦૨૬૫–૨૪૮૧૬૮૦

બળબળતો ઉનાળો હતો. બાપુજી બપોરે જરી આડે પડખે થયા. એમના જુવાન સાથી મહાદેવભાઈ એમને પંખો નાખવા લાગ્યા. કેટલાક સમય પછી મહાદેવભાઈ આંખ ખોલે છે તો શું જુએ છે? બાપુજી એમને પંખો નાખી રહ્યા હતા!

ગીતા અને કુરાન

❑ ડૉ. મહેબૂબ દેસાઇ

[વિદ્વાન લેખક ભાવનગર યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રાધ્યાપક તેમજ ઇતિહાસ પરિષદના પૂર્વ પ્રમુખ અને અનેક ગ્રંથોના સર્જક છે.]

૧. ભૂમિકા :

વિનોબા ભાવે ગાંધીયુગના એવા ચિંતક હતા કે જેમણે ગીતા અને કુરાનનું ઊંડાણથી અધ્યન કર્યું હતું. ગીતાના શ્લોક જેટલા શુદ્ધ ઉચ્ચારો સાથે તે બોલતા એટલી જ કુરાનની આયાતો પણ શુદ્ધ એરેબીક ઉચ્ચારો સાથે પઢતા. અબુલ કલામ આઝાદ એકવાર વર્ધામાં ગાંધીજીને મળવા આવ્યા, ત્યારે ગાંધીજીએ વિનોબાને કુરાનનો પાઠ કરવા કહ્યું. વિનોબાજીએ એવી સુંદર લઢણ અને શુદ્ધ ઉચ્ચારો સાથે કુરાનની આયાતો પઢી કે મૌલાના આઝાદ દંગ રહી ગયા. એ યુગમાં એક અનુયાયીએ વિનોબાજીને પૂછ્યું,

'આજકાલ તમે આધ્યાત્મનો વિશેષ ઉલ્લેખ કરો છો. આ આધ્યાત્મ એટલે શું ?'

વિનોબાએ તેનો ઉત્તર આપતા કહ્યું, **'આધ્યાત્મ એટલે**

૧. સર્વોચ્ચ નૈતિક મૂલ્યો

૨. નૈતિક જીવન વિશેની અતુટ શ્રદ્ધા

૩. જીવન માત્રની જ્ઞાન અને ભાન રાખનારી નિર્મળ શ્રદ્ધા

૪. મૃત્યુ પછી જીવન સાતત્ય અંગેનો અતુટ વિશ્વાસ.' (૧)

વિનોબાજીના ઉપરોક્ત આધ્યાત્મ વિચારોના કેન્દ્રમાં આપણા બે મહાન ગ્રંથો ગીતા અને કુરાન પડ્યા છે. જેમાં ધર્મના ક્રિયાકાંડોથી પર માત્રને માત્ર મુલ્ય નિષ્ઠ વિચારો અભિવ્યક્ત થયા છે. જો કે અત્રે એ વિચારોનો પૂર્ણ તુલનાત્મક અભ્યાસ કરવો સંભવ નથી. પણ તેના થોડા છાંટાઓનું આપને આચમન કરાવવાનું પ્રયોજન છે.

૩. ગ્રંથ અને રચયતા :

ભગવદ્ ગીતા ૧૮ અધ્યાયોમાં પ્રસરેલ છે. તેના કુલ ૭૦૦ શ્લોકોમાં ભગવાન શ્રી કૃષ્ણના મુખે ૫૭૩ શ્લોકો ઉચ્ચાર્યા છે. અર્જુનના મુખે ૮૫ શ્લોકો છે. ૪૧ શ્લોક સંજયના મુખે છે. જ્યારે ધૃતરાષ્ટ્રના મુખે એક જ શ્લોક મુકાયો છે, જેના દ્વારા ગીતાનો આરંભ થાય છે. કુરાને શરીફ ૩૦ પારા (પ્રકરણો)માં પથરાયેલ છે. અને તેમાં કુલ ૬૬૬૬ આયાતો છે. બંને મહાન ધર્મગ્રંથોના સર્જકોને દેવી દરજ્જો પ્રાપ્ત છે. લગભગ ૧૨૫ વર્ષનું આયુષ્ય ભોગવનાર ભગવાન શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ રમતિયાળ અને ગુઢ હતું. હઝરત મહંમદ પયગમ્બર (ઈ. સ. ૫૭૧-૬૩૨) સાહેબ (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ) નું વ્યક્તિત્વ અંતર્મુખી, માનવીય અને સાદગીના અભિગમથી તરબતર હતું. બંનેના ઉપદેશોમાં મુલ્યનિષ્ઠ ધર્મ કેન્દ્રમાં છે. કૃષ્ણ જેવું બુદ્ધિતત્ત્વ પામેલી બહુ આયામી વ્યક્તિ એ પરમાત્મા તરફથી સમગ્ર માનવજાતને મળેલી અનમોલ ભેટ છે. ૬૧ વર્ષનું આયુષ્ય ભોગવનાર હઝરત મહંમદ પયગમ્બર (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ) સાહેબ પણ માનવજાતીના મસીહા બની ખુદાના અંતિમ પયગમ્બર તરીકે અવતર્યા હતા. જેમણે અરબસ્તાનની જંગલી અને અંધશ્રદ્ધામાં જીવતી પ્રજાને ખુદાનો સંદેશ સંભળાવી, માનવતાના પાઠ ભણાવ્યા હતા. તેમને ખુદા તરફથી 'વહી' દ્વારા મળેલ ઉપદેશોનો સંગ્રહ એ જ કુરાને શરીફ. બંને દેવી પુરુષોનું જીવન સામ્ય પણ જાણવા જેવું છે. શ્રીકૃષ્ણ પૂર્ણ સંસારી હતા. તેમણે ન તો સંસારનો વિરોધ કર્યો હતો, ન સન્યાસ્તની પક્કડમાં આવ્યા હતા. તેમણે આઠ લગ્નો કર્યા હતા. તેમની પત્નીઓના નામ રુકમણી, જાંબુવતી, સત્યભામા, ભદ્રા, મિત્રવૃંદા, સત્યા, કાલિંદી અને લક્ષ્મણા હતા. (૨) મહંમદ સાહેબ (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ) પણ સંસારી હતા. તેમણે દસ નિકાહ કર્યા હતા. તેમની પ્રથમ પત્ની ખદીજા તેમના કરતા ઉંમરમાં ૧૫ વર્ષ મોટા હતા. એ પછી હઝરત આયશા, હઝરત સવદા, હઝરત હફઝા, હઝરત હિંદ, હઝરત ઝેનબ, હઝરત જુવેરીયા, હઝરત સફિયા, હઝરત ઉમ્મા-હબીબા અને હઝરત મેમુના સાથે તેમના નિકાહ થયા હતા. (૩) મહંમદ સાહેબના પ્રથમ નિકાહને બાદ કરતા બાકીના તમામ નિકાહ એ સમયની સામાજિક અને રાજકીય જરૂરીયાતનું પરિણામ હતા. આમ બંને મહાપુરુષો સંસારી હોવા છતાં તેમની ઈબાદત અને આધ્યાત્મિક ઊંચાઈ અદ્‌ભૂત હતી. એ તેમના ઉપદેશોમાંથી ફલિત થાય છે.

૩. પ્રથમ શબ્દ અને પ્રથમ શ્લોક :

ગીતાનો આરંભ 'ધર્મક્ષેત્ર' અથવા 'ધરૂમભૂમિ' શબ્દથી થાય છે. જ્યારે કુરાને શરીફનો આરંભ 'બિસ્મિલ્લાહ અર્રહેમાન નીર્રહીમ' શબ્દથી થાય છે. બંને શબ્દો આધ્યાત્મિક અભિગમનું પ્રતિક છે. ગીતાનો પ્રથમ શ્લોક અંધ ધૃતરાષ્ટ્રના મુખે મુકાયેલો છે. આ પ્રથમ શ્લોકમાં ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે,

'હે સંજય, ધર્મક્ષેત્ર એવા કુરુક્ષેત્રના યુદ્ધમાં, યુદ્ધ કરવાની ઈચ્છાવાળા મારા પાંડુઓના પુત્રોએ ભેગા થઈને શું કર્યું ?' (૪)

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણએ ધર્મની પરિભાષા બહુ વિસ્તૃત રીતે કરી છે. તેનો આરંભ આ શ્લોકથી થાય છે. ધર્મ-અધર્મની વિશાદ છણાવટ ગીતાના ઉપદેશનો કેન્દ્રિય વિચાર છે.

[આ વ્યાખ્યાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વેબ સાઈટ www.mumbai_jainyuvaksangh.com *ઉપર લેખકના સ્વમુખે સાંભળી શકશો.વેબ સંપાદક : હિતેશ માયાણી .મો. નં. ૯૮૨૦૩૪૭૯૯૦.]*

કર્મ, અકર્મ અને વિકર્મને કેન્દ્રમાં રાખી શ્રીકૃષ્ણએ ધર્મની વિભાવના સમગ્ર ગીતામાં સમજાવી છે. ગીતામાં શ્રીકૃષ્ણએ જે ધર્મની વાત કરી છે, તે કોઈ સંપ્રદાય નથી. તે તો માનવધર્મ છે. માનવી તરીકેના કર્તવ્યની વાત છે. એ અર્થમાં ધર્મક્ષેત્રની વિભાવના સમજાવવાનો આ પ્રથમ શ્લોકમાં આરંભ થયો છે. શાબ્દિક દૃષ્ટિએ જોઈએ તો આ શ્લોકમાં કુરુક્ષેત્રના મેદાનને ધર્મભૂમિ તરીકે મૂલવવામાં આવી છે. જ્યાં ધર્મ અને અધર્મ, સત્ય અને અસત્યનું યુદ્ધ આકાર પામવાનું છે.

એજ રીતે કુરાનનો પ્રથમ શબ્દ છે 'બિસ્મિલ્લાહ અર્રહેમાન નીર્રહીમ' અર્થાત્ 'શરુ કરું છું અલ્લાહના નામે જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે' એ પછી ઉતરેલી કુરાનની પ્રથમ આયાત ઈસ્લામની કોઈ ક્રિયા. ઈબાદત પદ્ધતિ કે નિયમને વ્યક્ત કરતી નથી. એમાં માત્ર ઈશ્વર ખુદાના ગુણગાન સાથે ભક્ત પોતાને સદ્ માર્ગે ચલાવવાની ખુદાને પ્રાર્થના કરે છે. એ પ્રાર્થનામાં કહ્યું છે,

'પ્રશંસા એક માત્ર અલ્લાહ માટે જ છે. જે સમગ્ર સૃષ્ટિનો રબ (ખુદા) છે, ન્યાયના દિવસનો માલિક છે. અમે તારી જ ઈબાદત કરીએ છીએ, અને તારી જ મદદ માંગીએ છીએ, અમને સીધો માર્ગ બતાવ, એ લોકોનો માર્ગ જેની ઉપર તે કૃપા કરી છે, જે તારા પ્રકોપનો ભોગ બન્યા નથી. જે પદભ્રષ્ટ નથી (૫)

ઉપરોક્ત આયાતમાં એક વાક્ય **'રબ્બીલ આલમીન'** આવે છે. જેનો અર્થ 'સમગ્ર સૃષ્ટિનો રબ' થાય છે. અર્થાત સમગ્ર માનવ જાતનો રબ-ખુદા-ઈશ્વર. અહિંયા **'રબ્બિલ મુસ્લિમ'** માત્ર 'મુસ્લિમોનો ખુદા' શબ્દ વપરાયો નથી. એ બાબત દર્શાવે છે કે ઈશ્વર એક છે, અને તે કોઈ એક કોમ કે સંપ્રદાયનો નથી. પણ સમગ્ર માનવજાતનો છે.

૪. યુદ્ધના સમાન ઉદ્દેશો:

ઈસ્લામના ઈતિહાસમાં કરબલાના યુદ્ધ (ઈ. સ. ૬૮૦)નું અત્યંત મહત્ત્વ છે. પણ તેનો ઉલ્લેખ સુદ્ધા કુરાને શરીફમાં નથી. કારણ કે કરબલાનું યુદ્ધ મહંમદ સાહેબના અવસાન (ઈ. સ.૬૩૨) પછી ૪૮ વર્ષે લડાયું હતું. કુરાને શરીફમાં વિસ્તૃત રીતે માત્ર બે જ યુદ્ધોનો ઉલ્લેખ છે. જંબેબદ્ધ અને જંગેઅહદ કુરાને શરીફમાં જેનો સૌ પ્રથમ ઉલ્લેખ છે તે જંગેબદ્ધ ૧૩ માર્ગ ઈ. સ. ૬૨૪ (૧૭ રમઝાન હિજરી ૨) બદ્ર (સાઉદી અરબિયા) નામની હરિયાળી ખીણમાં વસંત ઋતુમાં લડાયેલ, કુરુક્ષેત્ર જેવું જ યુદ્ધ છે. જે રીતે કૌરવોએ પાંડવો ઉપર અત્યાચારો કર્યા, તેમની મિલકત પડાવી લીધી. તેમને ઝેર આપવાનો પ્રયાસ કર્યો. તેમના ઘરોને આગ લગાડી દીધી. અને ૧૨ વર્ષના વનવાસ અને એક વર્ષના ગુપ્તવાસ એમ ૧૩ વર્ષનો દેશ નિકાલ કર્યો. એ જ પ્રમાણે મક્કાના કુરેશીઓએ મહંમદ સાહેબ તથા તેમના અનુયાયીઓને ઉપરોક્ત તમામ યાતનાઓ ૧૩ વર્ષ સુધી આપી હતી. મહંમદ સાહેબ અને તેમના અનુયાયીઓએ અત્યંત સબ્રથી તે સહન કરી. પણ જ્યારે અત્યાચારોની પરાકાષ્ટા આવી ગઈ ત્યારે મહંમદ સાહેબે પોતાના અનુયાયીઓ સાથે મક્કાથી મદીના હિજરત (પ્રયાણ) કરી. (૬) આમ છતાં મક્કાના કુરેશીઓએ મહંમદ સાહેબ પર અત્યાચાર કરવાનું ચાલુ રાખ્યું. તેમણે મહંમદ સાહેબે જ્યાં આશ્રય લીધો હતો, તે મદીના પર વિશાળ લશ્કર સાથે ચડાઈ કરી. એ સમયે કુરેશીઓ પાસે ૭૦૦ ઊંટ, ૧૦૦ ઘોડા અને ૧૦૦૦ સૈનિકો હતા. જ્યારે મહંમદ સાહેબના પક્ષે માત્ર ૩૧૫ અનુયાયીઓ હતા.

ગીતામાં કૌરવોને **'આતતાયી'** (૭) કહેવામાં આવ્યા છે. મનુસ્મૃતિમાં અને અન્ય ગ્રંથોમાં આતતાયી શબ્દ એવા લોકો માટે વપરાયો છે. જેઓ આગ લગાડે છે. ઝેર આપે છે. લુંટ ચલાવે છે. અન્યની ભૂમિ કે સ્ત્રીનું હરણ કરે છે. મહંમદ સાહેબ અને તેમના અનુયાયીઓ પર કુરેશીઓએ આવા જ જુલમ કર્યા હતા. તેના માટે કુરાને શરીફમાં **'કાફિર'** શબ્દ વાપરવામાં આવ્યો છે. કાફિર એટલે નાસ્તિક, નગુણો. ખુદા (ઈશ્વર)ની રહેમતો (કૃપાઓ)નો ઈન્કાર કરનાર આવા કાફિરો સામે સૌ પ્રથમવાર યુદ્ધ કરવાની પરવાનગી આપતા કુરાને શરીફમાં કહ્યું છે,

'લડાઈ કાજે જેમના પર આક્રમણ કરવામાં આવે છે તેમને લડાઈ કરવાની પરવાનગી આપવામાં આવે છે. કારણ કે તેમના પર આ જુલમ છે. અને નિસંદેહ છે કે અલ્લાહ તેમની મદદ માટે પુરતો છે.' (૮)

બંને લશ્કરો એક બીજા સામે યુદ્ધ કરવા ઉભા હતા. એ સ્થિતિ પણ ગીતા અને કુરાને શરીફની સમાનતાનું ઉત્તમ ઉદાહરણ છે. કૌરવો અને પાંડવો જેમ જ આ બદ્રના યુદ્ધમાં પણ બંને પક્ષે એક બીજાના સગાઓ ઉભા હતા. કોઈના કાકા, મામા, ભાઈ, સસરા દૃષ્ટિ ગોચર થતા હતા. ગીતામાં પોતાના સગા સંબંધીઓને જોઈ અર્જુનનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. તેણે લડવાની ના પાડી દીધી હતી. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું હતું.

'હે અર્જુન, આવું નપુંસક વર્તન તારા જેવા વીર પુરુષને શોભતું નથી. તારા જેવા વીરને માટે આ શબ્દો કોઈ પણ સમયે યોગ્ય નથી. આ શુદ્રપણું, આ હૃદયની દુર્બળતા ત્યજી દે અને યુદ્ધ કરવા માટે ઉભો થા' (૯)

બરાબર એ જ રીતે કુરાને શરીફમાં યુદ્ધની સંમતિ મળવા છતાં અનેક મુસ્લિમોએ પોતાના સગા સબંધીઓ સામે લડવાની મહંમદ સાહેબને ના પાડી દીધી હતી. એ અંગે કુરાને શરીફમાં કહ્યું છે,

'આપના પરવરદિગારે આપને મદીનાથી હિકમત સાથે બદ્ર તરફ મોકલ્યા હતા. પણ મુસલમાનોનું એક જૂથ તેને ના પસંદ કરતું હતું' (૧૦)

યુદ્ધ માટે ઈન્કાર કરતા અનુયાયીઓને સમજાવવા મહંમદ સાહેબે ઉપવાસ કર્યા. ખુદાને પ્રાર્થના કરી. ત્યારે મહંમદ સાહેબ પર કુરાને શરીફની નીચેની આયાત ઉતરી હતી. જેમાં કહ્યું હતું,

તમારા પર જિહાદ (ધર્મયુદ્ધ) ફરજ કરવામાં આવેલ છે. તેથી તેનો ઈન્કાર કરવો તે યોગ્ય નથી. સંભવ છે કે જે વાત તમને યોગ્ય ન લાગતી

હોય, તે જ વાત તમારા હિતમાં નિવડે અને જે વાત તમને યોગ્ય લાગતી હોય તે તમારા માટે અહિતની સાબિત થાય. અલ્લાહ દરેક બાબત સારી રીતે જાણે છે. પણ તમે જાણતા નથી' (૧૧)

'તમે એવા લોકો સાથે કેમ લડતા નથી, જેઓએ પોતાના સૌગંદ તોડી નાખ્યા અને રસુલ (મહંમદ સાહેબ)ને મક્કાથી હાંકી કાઢવાની તજવીજ કરી. અને તેઓ એ જ પ્રથમ લડવાની તમને ફરજ પાડી છે. (૧૨)

અને આમ બદ્રની હરિયાળી ખીણમાં બંને ફોજો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. કુરુક્ષેત્રના યુદ્ધ જેમ જ મહંમદ સાહેબની ફોજમાં ધર્મ અને ન્યાય માટે લડવાનો અદભૂત જુસ્સો હતો. તેનું એક ઉત્તમ ઉદાહરણ ઈસ્લામી હદીસમાં નોંધાયેલું છે. યુદ્ધમાં મહંમદ સાહેબના પક્ષે મુસ્લિમોની સંખ્યા અત્યંત ઓછી હતી. જ્યારે કુરેશીઓ પાસે સંખ્યા બળ અને લશ્કરી સરંજામ વધુ હતો. એવા સમયે મહંમદ સાહેબના લશ્કરમાં એક વ્યક્તિ પણ વધે તો તેનું ઘણું મહત્ત્વ હતું. એવા કપરા સમયે બે મુસ્લિમો હિજેફ બિન યમન અને અબુ હુસૈન મહંમદ સાહેબ (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ) પાસે આવ્યા અને કહ્યું,

'હે રસૂલ, અમે મક્કાથી આવતા હતા ત્યારે રસ્તામાં અમને કુરેશીઓએ પકડી લીધા હતા. અમને એ શરતે છોડ્યા છે કે અમે લડાઈમાં આપને સહકાર ન આપીએ. અમે મજબુરીમાં તેમની એ શરત સ્વીકારી હતી, પણ અમે તમારા પક્ષે લડવા તૈયાર છીએ.'

મહંમદ સાહેબ તેમની વાત એક ધ્યાને સાંભળી રહ્યા પછી ફરમાવ્યું,

'હરગીઝ નહિ. તમે તમારો વાયદો પાળો અને યુદ્ધથી દૂર રહો. અમે કાફરો સામે અવશ્ય લડીશું. અમને ખુદા જરૂર મદદ કરશે.' (૧૩)

આમ મુલ્યોના આધારે લડાયેલ આ યુદ્ધમાં કુરેશીઓ પાસે વિશાળ લશ્કર હોવા છતાં તેમને રણક્ષેત્ર છોડી ભાગવું પડ્યું. મહંમદ સાહેબના ૧૪ અને કુરેશીના ૪૯ માણસો યુદ્ધમાં હણાયા. અને તેટલા જ કેદ પકડાયા.

૫. ઈશ્વર–ખુદાની પરિકલ્પના :

ગીતા અને કુરાનની આટલી પ્રાથમિક ભૂમિકા પછી બંનેના તાત્ત્વિક અને અધ્યાત્મિક વિચારોમાં રહેલ સામ્યતા પર થોડી નજર કરીએ. ગીતા અને કુરાને શરીફમાં ઈશ્વર કે ખુદાના વિચાર અંગેની સમાનતા નોંધનીય છે. ગીતાના અનેક શ્લોકોમાં ઈશ્વર માટે 'જ્યોતિષામપિતુજ્જયોતિ' (૧૩.૧૭) અર્થાત્ 'પ્રકાશોમાનો પ્રકાશ'શબ્દ વપરાયો છે. કુરાને શરીફમાં 'નુરૂનઅલાનુર' (નુર ૩૫) શબ્દ પ્રયોજાયો છે. જેનો અર્થ થાય છે 'પ્રકાશનો પ્રકાશ' એ જ રીતે કુરાને શરીફમાં એક જગ્યાએ 'નુરસ સમાવત વલ અરદે' શબ્દ પ્રયોજાયો છે. તેમાં ખુદાને 'ધરતી અને આકાશનો પ્રકાશ' કહેવામાં આવેલ છે. ઈશ્વર–ખુદાના કાર્યને વ્યક્ત કરતા ગીતામાં કહ્યું છે,

'હે પાર્થ, તેઓ ઉપર કૃપા કરવાને તેમના અંતકરણમાં બેઠેલો હું ઐક્યભાવથી સ્થિર છું. તેના અંતરમાં જો અજ્ઞાન રૂપી તમસ ઉત્પન્ન થાય તો હું મારા દિવ્ય તત્ત્વજ્ઞાનના દીપક વડે તે તમસને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશથી જ્યોત પ્રગટાવું છું. જેથી અજ્ઞાનના અંધકારનો નાશ થાય છે.' (૧૪)

કુરાને શરીફમાં પણ આ જ વિચારને આગળ ધપાવતા લખ્યું છે,

'જે લોકો ઈમાન લાવે તેમનો સહાયક અલ્લાહ છે. તે તેમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ આવે છે.' (૧૫)

ઉપનિષદમાં પણ આ જ વાત કહેવામાં આવી છે. 'તમસો મા જ્યોતિર્મય' 'અમને તીમીરમાંથી જ્યોતિ તરફ લઈ જા.' મહંમદ સાહેબની પ્રાર્થનામાં પણ આ જ વાતનો ઉલ્લેખ જોવા મળે છે. 'હે અલ્લાહ મને પ્રકાશ આપ' ખુદા-ઈશ્વર સર્વવ્યાપી છે. તે ચારે દિશામાં પોતાની દૃષ્ટિ રાખે છે. તેની નજરથી કશું દૂર નથી. ગીતાના દસમાં અધ્યાયના ૩૩મા શ્લોકમાં ઈશ્વર માટે **'વિશ્વતોમુખ'** શબ્દ પ્રયોજાયો છે. અર્થાત્ ઈશ્વર સર્વ તરફ દૃષ્ટિ રાખનાર છે. કુરાને શરીફમાં પણ આ જ વિચારને સાકાર કરતા કહ્યું છે,

'પૂર્વ અને પશ્ચિમ સર્વ દિશાઓ અલ્લાહની જ છે. માટે તમે જે દિશા તરફ મુખ કરો છો તે દિશા તરફ અલ્લાહ પોતાની રહેમત (કૃપા) કરે છે.' (૧૬)

૬. કર્મ અર્થાત આમાલનો સિદ્ધાંત :

ઈસ્લામ અને હિંદુ બંને ધર્મમાં કર્મનો સિદ્ધાંત પાયામાં છે. માનવીના કર્મના આધારે જ ઈસ્લામમાં જન્નત અને દોઝકનો વિચાર કુરાને શરીફમાં આપવામાં આવ્યો છે. એ જ રીતે હિંદુ ધર્મમાં પણ સ્વર્ગ અને નર્કની પરિકલ્પનાના મૂળમાં પણ કર્મનો સિદ્ધાંત પડેલો છે. આ વિચારને આધ્યાત્મિક અભિગમથી ગીતામાં સમજાવવામાં આવ્યો છે. ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મયોગ તરીકે તેનું વિસ્તૃત આલેખન થયું છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે તેમાં અલૌકિક અને તલસ્પર્શી શૈલીમાં કર્મનો સિદ્ધાંત સમજાવ્યો છે. કર્મનો સિદ્ધાંત ને સાકાર કરતો જે શ્લોક વિશ્વભરમાં પ્રસિદ્ધ છે તે ગીતાનો બીજા અધ્યાયનો ૪૭મો શ્લોક છે. તેમાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે.

'કર્મણ્યેવાધીકારસ્તે મા ફલેષુ કદાચન,
મા કર્મફલહેતુર્ભુમા તે સંગોડસત્વકર્મણી.'

આ એક શ્લોકમાં શ્રીકૃષ્ણ ચાર બાબતો તરફ નિર્દેશ કરે છે

૧. કર્મ કરવા તું સ્વતંત્ર છે.

૨. પરંતુ તેનું ફળ ભોગવવા તું પરતંત્ર છે.

૩. ફળનો હેતુ જ લક્ષમાં રાખીને કર્મ ન કરીશ.

૪. તારો અકર્મમાં સંગ ના થશો. (૧૭)

અર્થાત ફળની અપેક્ષા રાખ્યા વગર કર્મ કરીએ જા. કારણ કે સારા કે ખરાબ કર્મ કરવાનું તારા હાથમાં છે. તેનું ફળ તારા હાથમાં

નથી. તનો તારા કર્મનું ફળ તારા ફળને અનુરૂપ ઈશ્વર આપશે.ઈસ્લામમાં કર્મને **'આમાલ'** કહેલ છે. કુરાને શરીફમાં એક વાક્ય વારંવાર આવે છે. **'અલ આમલ બીન નિયતે'** અર્થાત 'સદ્ કાર્યોનો વિચાર માત્ર પુણ્ય છે.' દા. ત. મારી પાસે જે થોડા નાણા છે તે મારી જરૂરિયાત માટે છે. પણ જો તેની મારે જરૂરત ન હોત અથવા તે મારી જરૂરત કરતા વધારે હોત તો હું તે કોઈ જરૂરતમંદને અવશ્ય આપી દેત. આવો વિચાર માત્ર પુણ્ય-સવાબ છે. એ જ રીતે અન્ય એક શબ્દ પણ કુરાને શરીફમાં વારંવાર વપરાયો છે. તે છે 'ફી સબીલિલ્લાહ' અર્થાત **'ખુદાના માર્ગે કર્મ કર'** અને તારા એ નેક-સદ્કર્મનું અનેકગણું ફળ તને મળશે. કુરાને શરીફમાં આ અંગે કહ્યું છે,

'અને જે શખ્સ દુનિયામાં પોતાના કર્મોનો બદલો ચાહે છે તેને અમે તેનો બદલો અહિંયા જ આપીએ છીએ. અને જે શખ્સ આખિરતમાં પોતાના કર્મોનો બદલો ઈચ્છે છે, અમે તેને તેનો બદલો ત્યાં જ આપીશું.

અને જે લોકો પોતાના કર્મોના બદલા માટે માત્ર અલ્લાહના શુકગુઝાર છે તેમને અમે તેનો તુરત બદલો આપીશું' (૧૮)

'જે કોઈ એક નેકી લાવશે તેને તેથી દસ ગણું મળશે, અને જે કોઈ એક બદી લાવશે, તેને તેના પ્રમાણમાં સજા મળશે. પણ તેના ઉપર ઝુલ્મ કરવામાં આવશે નહિં' (૧૯)

'એ લોકોને એવો જ બદલો આપવામાં આવશે જેવા કામ તેમણે કર્યા હશે' (૨૦)

ગીતામાં આ જ વાતને વ્યક્ત કરતા કહેવામાં આવ્યું છે,

'આલોકમાં કર્મના ફળ ઈચ્છનારાઓ દેવતાઓને પુજે છે, કેમ કે મનુષ્યલોકમાં કર્મથી ઉત્પન્ન થનારી સિદ્ધિ તરત પ્રાપ્ત થાય છે.' (૨૧)

૭. એકેશ્વરવાદ અર્થાત તોહીદ :

ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતોમાં બે બાબતો પાયાની છે.

૧. તોહીદ એટલે એકેશ્વરવાદ.

તોહીદ એટલે એકેશ્વરવાદ ઈસ્લામનો સૌથી મોટો સિદ્ધાંત છે. અને કુરાનના બધા જ ઉપદેશોનો અર્ક છે. ઈસ્લામના પ્રથમ કલમામાં જ કહ્યું છે **'લાહી લાહા ઈલલ્લાહ મહંમદુર રસૂલીલ્લાહ'** અર્થાત ઈશ્વર એક છે અને મહંમદ તેના પયગમ્બર છે. પણ આ માન્યતાને અન્ય ધર્મીઓ પર બળજબરીથી લાદવાની ઈસ્લામમાં સખત મનાઈ કરવામાં આવેલ છે. કુરાને શરીફમાં એ માટે ખાસ કહ્યું છે,

'લા ઈકરા ફીદ્દીન' અર્થાત ધર્મની બાબતમાં કોઈ પણ પ્રકારની જબરજસ્તી ન કરશો.' (૨૨)

ગીતાના ભક્તિયોગ અધ્યાય ૭ થી ૧૨મા પણ એકેશ્વરવાદ ને પ્રધાન્ય આપેલ છે. સર્વ શક્તિમાન એક માત્ર ઈશ્વર છે. તેને ગમે તે સ્વરૂપે કે નામે પૂજો કે ઈબાદત કરો, તે તમને સાંભળે છે, તમારી મદદ કરે છે. ગીતાના નવમાં અધ્યાયના ૨૩મા શ્લોકમાં કહ્યું છે.

'હે કુંતી પુત્ર, જે ભક્તો શ્રદ્ધાથી યુક્ત થઈ બીજા દેવોને પુજે છે. તેઓ પણ અવિધિપૂર્વક મને જ પૂજે છે.'

અર્થાત શાસ્ત્રોમા જે જે દેવોનું વર્ણન આવે છે તે તમામ દેવો આખરે તો પરમાત્માના અંગભૂત છે. પરમાત્મા જ આ તમામ દેવોના સ્વામી છે. (૨૩) અવતારો, પયગમ્બરો દરેક યુગમાં પ્રજાને ધર્મનો માર્ગ ચીંધવા પૃથ્વી પર અવતર્યા છે. અલબત્ત તેમના નામ, સ્વરૂપ, સમાજ, સ્થાન અને યુગ ભિન્ન છે. પણ તેમનું મુખ્ય કાર્ય માનવજાતને સદ્ માર્ગે ચલાવવાનું છે. કુરાને શરીફમાં આ જ અર્થને સાકાર કરતી આયાતોમાં કહ્યું છે,

'દરેક ઉમ્મત માટે પયગમ્બર અને ધર્મનો માર્ગ દેખાડનાર થયા છે'

'અને જે પયગમ્બર જે પ્રજા માટે મોકલવામાં આવેલ છે તેને તે પ્રજાની ભાષામાં સંદેશ આપીને મોકલવામાં આવેલ છે, જેથી તે સ્પષ્ટ રીતે સમજાવી શકે.' (૨૪)

ઈશ્વરની એકતા સાથે ઈબાદત-ભક્તિની રીત પણ દરેક ધર્મમાં ભિન્ન છે. તેનો ઉલ્લેખ પણ ગીતાના આ શ્લોકમાં સ્પષ્ટ થાય છે.

'જેઓ જે પ્રકારે (રીતે) મારે શરણે આવે છે, તેમને તે જ પ્રકારે હું ભજું છું. અર્થાત ફળ આપું છું. હે પાર્થ મનુષ્ય સર્વ પ્રકારે મારો માર્ગ અનુસરે છે. (૨૫)

કુરાને શરીફમાં આ જ વિચારને સાકાર કરતા કહ્યું છે,

'અલ્લાહે સર્વ માટે નિતનિરાળા રીતરિવાજો તથા પૂજા વિધિઓ નિર્માણ કરી છે. અલ્લાહની ઈચ્છા હોત તો તમને સૌને એક જ કોમના બનાવી દેત. પરંતુ અલ્લાહની ઈચ્છા હતી કે જેને જે માર્ગ દેખાડ્યો છે તે રસ્તે તે ચાલે. તેથી ભેદભાવોમાં ન પડો ને સત્કાર્યોની હોડ કરો. સર્વને અંતે તો અલ્લાહની શરણમાં જ જવાનું છે.' (૨૬)

૮. ઈલ્મ કે જ્ઞાનનો મહિમા :

ગીતા અને કુરાન બંનેમાં જ્ઞાનનો મહિમા વ્યક્ત થયો છે. જ્ઞાન, વગરનો માનવી ધર્મ કે સમાજના વિકાસમાં સહભાગી બની શકતો નથી. કુરાનમાં તો ઈલ્મ અર્થાત્ જ્ઞાનનું મૂલ્ય મહંમદ સાહેબે તેમના પર ઉતરેલ પ્રથમ આયાતમાં જ વ્યક્ત કર્યું છે. મહંમદ સાહેબ હંમેશા રમઝાન માસમાં સારથી અલગ થઈ ગારે હીરા જેવા એકાંત સ્થાન પર ખુદાની ઈબાદતમાં ગુજારતા. દર વર્ષની જેમ એ રમઝાન માસમાં પણ મહંમદ સાહેબ રમઝાન માસના આરંભે જ ગારે હીરામાં આવી ચડ્યા હતા. મહંમદ સાહેબ પર વહી ઉતરવાના એક દિવસ પૂર્વે તેમના વ્હાલસોયા પુત્ર કાસીમનું અવસાન થયું હતું. છતાં પુત્રના અવસાનના ગમમાં જરા પણ વિચલિત થયા વગર તેઓ ખુદાની ઈબાદતમાં રત રહ્યા. અને ત્યારે મહંમદ સાહેબ પર રમઝાન ૨૧ મંગળવાર, ૧૦ ઑગસ્ટ ઈ. સ. ૬૧૧ના રોજ પ્રથમ વહી ઉતારી. 'વહી' એટલે છુપી વાતચીત, ઈશારો, ઈસ્લામિક સંદર્ભમાં વહી એટલે ખુદા તરફથી આપવામાં આવેલ સંદેશ, પયગામ. અંગ્રેજીમાં તેને રીવીલેશન (Revelation) અર્થાત સાક્ષાત્કાર કહે છે. એ મનઝર ઈસ્લામિક ઇતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં નોંધાયેલ છે. એ સમયે મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની વય ૪૦ વર્ષ, ૬ માસ અને ૧૨ દિવસની હતી. રમજાન માસનો

એકવીસમો રોજો હતો. રસૂલે પાક (સ.અ.વ.) હંમેશ મુજબ ગારેહિરામાં આખી રાત ખુદાની ઇબાદત કરી આરામ ફરમાવી રહ્યા હતા ચારે તરફ એકાંત અને સન્નાટો હતો. પ્રભાતનું ઝાંખું અજવાળું ધરતીના સીના પર રેલાઈ રહ્યું હતું. બરાબર એ સમયે ગારેહિરામાં અલ્લાહના ફરિશ્તા જિબ્રાઈલ આવી ચડ્યા. હઝરત જિબ્રીલ અલ્લાહના સૌથી માનીતા ફરિશ્તા હતા. સમગ્ર ફરિશ્તાઓના સરદાર હતા. કુરાને શરીફમાં તેમને 'રુહુલ કુદ્સ' અને 'રુહુલ અમીન' કહેલ છે. રુહુલ કુદ્સ અર્થાત પાક રૂહ. પવિત્ર આત્મા. એવા ઈલ્મ અને શક્તિના શ્રોત હઝરત જિબ્રીલે ગારે હીરામાં આવી મહંમદ સાહેબને કહ્યું. 'ઇકરાહ'. એ ઘટનાનું વર્ણન કરતા ઈબ્ને હિશામી તેમના ગ્રંથ 'સીરતુન-નબી'માં લખે છે.

'ત્યારે આવ્યા જિબ્રીલ મારી પાસે તે વેળા હું ઊંઘમાં હતો. તેઓ એક રેશમી કપડું લાવ્યા હતા. તેમાં કંઈક લખેલું હતું. પછી તેમણે મને કહ્યું. પઢો (ઈકરાહ). મેં કહ્યું હું પઢેલો નથી. ત્યારે તેમણે મને પકડીને ભીંસમાં લીધો. ત્યાં સુધી કે મને થયું હું જાનથી ગયો. પછી તેમણે મને છોડી દીધો. અને ફરીવાર કહ્યું કે પઢો. મેં કહ્યું કે કેવી રીતે પઢું ? મને પઢતા નથી આવડતું ('મા અના તિ-કારિ-ઇન)' (૨૭)

આવું ત્રણ વાર થયું. ચોથીવાર ફરિશ્તાએ આખી આયાત સંભળાવી અને તે પઢવા મહંમદ સાહેબ (સ.અ.વ.) ને કહ્યું. ફરિશ્તા જિબ્રાઈલ દ્વારા ખુદાએ હજરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પર ઉતારેલી એ સૌથી પ્રથમ આયાત માત્ર મુસ્લિમો માટે જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે ઈલ્મ-જ્ઞાનનો ઉપદેશ આપે છે. એ આયાત ન તો ઈસ્લામના નિયમો વ્યક્ત કરે છે. ન ઈબાદતની ક્રિયા. એ આયાતમાં કોઈ ધાર્મિક રીતરીવાજો કે ક્રીયાકાંડોની વાત નથી. એ આયાત માત્રને માત્ર ખુદાએ કરેલ વિશ્વ અને માનવીના સર્જન સાથે શિક્ષણ અને જ્ઞાનને વાચા આપે છે. તે તરફ ચાલવાનો માનવીને આદેશ આપે છે. એ પ્રથમ આયાતમાં કહ્યું છે,

'પઢ-વાંચ પોતાના ખુદાના નામે જેમણે આખા વિશ્વનું સર્જન કર્યું છે. જેણે લોહીના એક બુંદમાંથી ઈન્સાનનું સર્જન કર્યું છે, એ જ તારો પાલનહાર ખુદા છે. જેણે ઈન્સાનને કલમ દ્વારા જ્ઞાન આપ્યું છે. અને ઈન્સાન જે વસ્તુ નહોતો જાણતો, જેનાથી તે અજ્ઞાન હતો તે તમામ તેને શીખવી છે.' (૨૮)

એજ બાબત ગીતામાં પણ વ્યક્ત થયેલી છે. ગીતાના ૧૩ થી ૧૮મા અધ્યાયને જ્ઞાનયોગ કહ્યો છે. તેમાં જ્ઞાનીના લક્ષણોની ચર્ચા ૧૩મા અધ્યાયના ૮ થી ૧૨ શ્લોકોમાં વિસ્તૃત રીતે કરવામાં આવી છે. એ મુખ્ય લક્ષણોમાં અદંભીપણું, ક્ષમા, અનાસક્તિ, સરળતા, ચિત્તની શાંતિ, નિરાભિમાની, સ્થિરતા, પવિત્રતા, અહિંસાનો સમાવેશ થાય છે. (૨૯) એ જ રીતે કર્મયોગમાં પણ વારંવાર જ્ઞાનની વાત કરેલી છે. ચોથા અધ્યાયના ૩૭ થી ૪૨ના અંતિમ અધ્યાયમાં જ્ઞાન અંગેના શ્લોકો જોવા મળે છે. એ બાબત સૂચવે છે કે ગીતા અને કુરાન એ માત્ર ધર્મગ્રંથો નથી. પણ જીવન જીવવાની કળા શીખવતા આધ્યાત્મિક ગ્રંથો છે. ગીતાના ચોથા અધ્યાયના કેટલાક શ્લોકો કુરાનની મહંમદ સાહેબ પર ઉતરેલ ઉપરોક્ત પ્રથમ આયાતની વધુ નજીક લાગે છે. એ શ્લોકોમાં કહ્યું છે,

'હે પરંતપ, દ્રવ્યમય યજ્ઞ કરતા જ્ઞાનમય યજ્ઞ વધારે ઉત્તમ છે, કારણ કે હે પાર્થ, સર્વ સંપૂર્ણ કર્મો જ્ઞાનમાં સમાય જાય છે.'

'કારણ કે જગતમાં જ્ઞાન જેવું પવિત્ર કશું જ નથી. તે જ્ઞાનને યોગ વડે સદ્ધ થયેલો પુરુષ કાળે કરી આપોઆપ પોતામાં પામે છે.' (૩૦)

૯. માનવીય અભિગમ :

આમ તો દરેક ધર્મ અને તેના ગ્રંથોમાં માનવ અને માનવતા કેન્દ્રમાં છે. પણ તેની અભિવ્યક્તિ જુદા જુદા શબ્દો અને વિચાર દ્વારા થઈ છે. ગીતાના ૧૬મા અધ્યાયના પ્રથમ ત્રણ શ્લોકોમાં દૈવી સંપત્તિ વાળા માનવીના લક્ષણો આલેખ્યા છે. એ લક્ષણો માનવીને માનવતા તરફ દોરે છે. નિર્ભયતા, જ્ઞાન, સંયમ, અહિંસા, અક્રોધ, શાંતિ, સ્વાધ્યાય, દાન, નિષ્ઠા અને સરળતા જેવા ગુનો માનવીને દૈવી પુરુષ બનાવવા કરતા માનવી બનાવવા તરફ નિર્દેશ કરે છે. પ્રભુને પામવાની સૌ પ્રથમ શરત માનવ માનવ વચ્ચે પ્રેમ છે. એ વાતને સાકાર કરતા ગીતાના કેટલાક શ્લોક જાણવા જેવા છે.

'હે પાંડવ, જે મારો ભક્ત મારા માટે કાર્ય કરનારો, મારે પરાયણ રહેનારો, આસ્તિક વિનાનો અને સર્વ પ્રત્યે વેર રહિત હોઈ, તે મને પામે છે. (૩૧)

અર્થાત તે જ માનવી પ્રભુ નજદીક પહોંચી શકે છે જે પ્રાણી માત્રથી વેર રાખતો નથી.

'સૃષ્ટિના આરંભમાં ઈશ્વરે યજ્ઞ દ્વારા સર્વ પ્રાણીમાત્રને ઉત્પન્ન કરી, તેમને કહ્યું કે અ યજ્ઞથી જ (એટલે એકમેકની ભલાઈના કર્મોથી જ) સમૃદ્ધ થજો. ભલાઈના કર્મો જ તમને સારી સારી વસ્તુઓ અપાવનારા નીવડશે.' (૩૨)

ઈસ્લામમાં આવી જ વિભાવનાને હઝરત મહંમદ (સ.અ.વ.) સાહેબ અને બીજા અનેક સંતોએ સાકાર કરી છે. હદીસોમાં મહંમદ સાહેબના માનવીય વ્યવહારના અનેક દૃષ્ટાંતો જોવા મળે છે.

એકવાર એક અનુયાયીએ મહંમદ સાહેબને પૂછ્યું,

'હે પયગમ્બર, ઈસ્લામની સૌથી મોટી ઓળખ કઈ ?'

મહંમદ સાહેબે ફરમાવ્યું,

'ભૂખ્યાને ભોજન આપવું અને જાણીતા કે અજાણ્યા સૌનું ભલું ઈચ્છવું.'

મહંમદ સાહેબ હંમેશા કહેતા,

'પોતાનો પડોશી ભૂખ્યો હોઈ ત્યારે જે માણસ પેટ ભરીને જમે તે મોમીન (મુસ્લિમ) નથી.' (૩૩)

અલબત્ત ઈસ્લામના અન્ય સંતોમાં સૂફીસંતોનો માનવીય અભિગમ જાણીતો છે. તેમના જીવન કવનનો અભ્યાસ કરતા તેમની કેટલીક વિશિષ્ટતાઓ તરફ આપણું ધ્યાન જાય છે. જેમ કે,

૧. સાદગી પૂર્ણ જીવન

૨. સંયમી શુદ્ધ ચારિત્ર

૩. સ્વાભાવી વૃત્તિ

૪. નિસ્વાર્થ અને પરોપકારિતા

૫. સામાજિક-ધાર્મિક-સમાનતા (૩૪)

મુસ્લિમ સંતોના આ લક્ષણો કુરાનમાં વ્યક્ત થયેલા અનેક માનવીય આયોતોના મુળમાં છે. કુરાનમાં **'ઈનલ્લાહ યુહીબ્બલ મુહ્સનીન'** અર્થાત ખરેખર ખુદા તેને જ ચાહે છે જે બીજાની સાથે ભલાઈથી વર્તે છે. આ જ વિચાર કુરાનની અનેક આયાતોમાં વ્યક્ત થયો છે.

'આ એ લોકો છે જે ખુશી અને ગમ દરેક હાલતમાં ખુદાના નામે, ખુદાના માર્ગે ખર્ચ કરે છે અને ક્રોધને કાબુમાં રાખે છે. અને લોકોને ક્ષમા આપે છે. ભલાઈ કરનાર આવા લોકોને જ અલ્લાહ ચાહે છે, પ્રેમ કરે છે' (૩૫)

'અલ્લાહ એ આપેલ રોઝી રોટી ખાઓ અને જમીન (દુનિયા-સમાજ)માં ફસાદ ન કરો' (૩૬)

'નિસંદેહ, મુસલમાન, યહુદી, ઇસાઈ, સાબીઈ આમાંથી જે લોકો એ અલ્લાહ અને તેના અંતિમ ન્યાયના દિવસ પર વિશ્વાસ કર્યો અને સદ્કાર્યો કર્યા તેને તેના ખુદા દ્વારા અવશ્ય પ્રતિફળ મળશે.' (૩૭)

'જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા તેઓને અલ્લાહે વાયદો કર્યો છે કે તેઓના ગુનાહોને માફ કરી દેશે અને તેઓને પુણ્યના હક્કદાર બનાવશે' (૩૮)

ઈસ્લામમાં માનવીય સિદ્ધાંતને સાકાર કરવાના ઉદ્દેશથી જ ઝકાત અને ખૈરાતને સ્વીકારવામાં આવેલ છે. ઝકાત એટલે ફરજીયાત દાન. જ્યારે ખેરાત એ મરજિયાત દાન છે. દરેક મુસ્લિમે પોતાની વાર્ષિક જંગમ અને સ્થાવર મિલકતના કુલ અઢી ટકા ઝકાત તરીકે ફરજીયાત કાઢવાના હોય છે.

ફરજીયાત દાન આપવાના આ સિદ્ધાંતમાં પણ માનવતાને કેન્દ્રમાં રાખવામાં આવે છે. કુરાને શરીફમાં કહ્યું છે,

'જે લોકો અલ્લાહના માર્ગ પર પોતાનો માલ ખર્ચે છે (દાન આપે છે), અને લેનાર પર અહેસાન જતાવતા નથી તે જ ખુદા પાસેથી તેનો બદલો પામે છે' (૩૯)

'જે વ્યક્તિ માંગનાર સાથે નમ્રતાથી વર્તન કરે છે અને માંગનાર દુરાગ્રહ કરે તો પણ તેને દરગુજર કરે છે તે દાન કરતા પણ વિશેષ પુણ્યનો હક્કદાર બને છે.' (૪૦)

આ નિયમનો ઉદ્દેશ પણ જરૂરતમંદો સુધી જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડવાનો છે. એ દ્વારા સમાન સમાજ રચનાનો આદર્શ પણ સાકાર કરવાનો નેમ તેમાં રહેલો છે.

૧૦. ઈન્દ્રિયો પર સંયમ :

ઈબાદત કે ભક્તિનો મહિમા બન્ને ગ્રંથોમાં વિશેષ આંકવામાં આવ્યો છે. ઈબાદત કે ભક્તિના મીઠા ફળ ત્યારે જ પ્રાપ્ત થયા છે જ્યારે માનવ ઈન્દ્રિયો પર સંયમ કેળવવામાં આવે. અને એટલે જ માનવીના કામ, ક્રોધ પર કાબુ રાખવા અંગે પણ બંને ગ્રંથોમાં ઉલ્લેખ જોવા મળે છે. માનવ ઈન્દ્રિયોને વશ કરવા અંગે ગીતામાં કહ્યું છે,

'તે સર્વ ઈન્દ્રિયોને વશ કરી યોગીએ મારામાં લીન રહેવું, કેમ કે જેની ઈન્દ્રિયો વશ (કાબુમાં) મા હોય છે, તેની બુદ્ધિ સ્થિર હોય છે.' (૪૧)

કુરાનમાં આ જ વિચારને સાકાર કરતા કહ્યું છે,

'જેઓ સુખમાં અને દુ:ખમાં પણ દાન આપે છે અને ક્રોધ પી જાય છે, તેમજ લોકોના અપરાધોને માફ કરે છે, અલ્લાહ એવા ભલાઈ કરનારાઓને ચાહે છે.' (૪૨)

'અલ્લાહ ઈચ્છે છે કે તમારા પર દયા કરે પરંતુ જેઓ વાસનાઓની પાછળ પડ્યા છે. તેઓ ઈચ્છે છે કે તમે ખુદાના માર્ગેથી ઉલટા માર્ગે ભટકતા રહો.' (૪૩)

એક હદીસમાં પણ મહંમદ સાહેબે ફરમાવ્યું છે.

'બળવાન તે નથી જે બીજાઓને નીચે પાડી નાખે છે, આપણામાં બળવાન એ છે જે પોતાના ગુસ્સાને કાબુમાં રાખે છે' (૪૪)

આ જ વાતને ગીતાના નીચેના શ્લોકમાં વ્યક્ત કરતા કહેવામાં આવ્યું છે,

'ઈન્દ્રિયો એવી મંથન કરનારી છે કે નિગ્રહનો પ્રયત્ન કરતા વિદ્વાન પુરુષોના મનને પણ તેઓ બળાત્કારે વાસનાઓ તરફ ખેંચે છે.' (૪૫)

ખુદા કે ઈશ્વરની ઈબાદત-ભક્તિ માટે ઇંદ્રિયોને વશમાં રાખવી કે તેના પર સંયમ રાખવો એ બન્ને ધર્મ ગ્રંથોનો હાર્દ છે. અને તો જ ઈશ્વર કે ખુદાની નજીક જવાનો માર્ગ મોકળો બને છે. એ સત્યને વાચા આપતા આ ગ્રંથો ભલે ભિન્ન સંપ્રદાયના હોય પણ તેમનો ઉદ્દેશ એક જ છે.

૧૧. કથા સામ્ય :

ગીતા અને કુરાનની કથાઓમાં પણ સામ્યતા ઉડીને આંખે વળગે છે. તેનું એક દ્રષ્ટાંત અત્રે આપી આ અલ્પ તુલના પર પૂર્ણ વિરામ મુકીશ. ગીતાના કેન્દ્રમાં માત્ર ઉપદેશ છે. તેમાં કોઈ કથા કે પાત્રોના વિવરણને સ્થાન નથી. પણ તેના પાત્રોની કથાઓ મહાભારત સાથે આનુષંગી રીતે જોડાયેલી છે. એવી જ એક કથા છે કર્ણની. કર્ણના માતુશ્રી કુંતી મહાભારતનું અદભૂત પાત્ર છે. દત્તક પિતા કુંતીભોજને ત્યાં ઉછરેલી કુંતીએ યજ્ઞ માટે પધારેલ ઋષિ દુર્વાસાની ખુબ સેવા કરી. તેના બદલામાં ઋષિ દુર્વાસાએ કુંવારી કુંતીને વરદાન આપ્યું.

'તું જે દેવનું સ્મરણ કરીશ તે દેવ તારા ઉદરમાં પોતાના જેવો જ દેવી પુત્ર નિર્માણ કરશે.' (૪૬)

અને કુંવારી કુંતીને સુર્યદેવના માત્ર સ્મરણથી કર્ણ નામક પુત્રનો જન્મ થયો. આમ કોઈ પણ પુરુષના સ્પર્શ વગર પુત્રની પ્રાપ્તિ કુંતીને થઈ. કુરાને શરીફમાં આવી જ ઘટના હઝરત મરિયમ સાથે ઘટે છે. જેનું વર્ણન કુરાનના પ્રકરણ-૩ની સુરે આલે ઈમરાનમાં આપવામાં આવ્યું છે જેમાં લખ્યું છે.

'અને જ્યારે ફરિશ્તાએ કહ્યું 'હે મરિયમ અલ્લાહ તને એક ફરમાનથી ખુશ ખબર આપે છે. તને એક પુત્ર થશે. તેનું નામ ઈસા

ઈબ્ને મરિયમ હશે. દુનિયા અને આખિરતમાં સન્માનિત થશે. અલ્લાહના સમીપવર્તી બંદાઓમાં તેને ગણવામાં આવશે આ સાંભળી મરીયમે કહ્યું, 'પરવરદિગાર, મને પુત્ર કેવી રીતે થશે ? મને તો કોઈ પુરુષે હાથ સુદ્ધા અડાડ્યો નથી.' ઉત્તર મળ્યો: 'આવું જ થશે. અલ્લાહ જે ચાહે છે તે પૈદા કરે છે. તે જ્યારે કોઈ કામ કરવાનો નિર્ણય કરે છે ત્યારે માત્ર કહે છે થઈ જા (કુન) અને તે થઈ જાય છે.' (૪૭)

અને આમ દુનિયામાં હઝરત ઇસા અલ્સ્સલ્લામનો જન્મ થયો. અલબત્ત કર્ણ અને ઇસા મસીહાની તુલના ન કરી શકાય. કારણ કે બંનેની ભૂમિકા અને સ્થાન ભિન્ન છે. હઝરત ઇસા મસીહા ઇસ્લામના મોટા પયગમ્બર છે. અને ખ્રિસ્તી ધર્મના ભગવાન ઈસુ છે. પણ અત્રે તો તેમનો ઉલ્લેખ અને ગ્રંથોમાં વ્યક્ત થયેલી કથાની સામ્યતા ને વ્યક્ત કરવા પુરતો જ કરવામાં આવ્યો છે.

૧૨. તારતમ્ય :

ગીતા અને કુરાનની આ અલ્પ તુલનામાંથી પ્રાપ્ત થતી હકીકતો બંને ગ્રંથો વચ્ચેની સમાનતાને સાકાર કરે છે. આ તુલના પાછળનો મકસદ ભારતની સાંસ્કૃતિક વિરાસતમાં વ્યક્ત થતી સદ્‌ભાવના અને એકતા છે. જે દર્શાવે છે કે દરેક ધર્મના કેન્દ્રમાં માનવતા રહેલી છે. તેને ઉજાગર કરવાનું કાર્ય જે તે ધર્મના જાણકારો અને આલિમો-વિદ્વાનોનું છે. જો તેઓ તેને ઉત્તમ રીતે સાકાર કરશે તો ધર્મના નામે સમાજમાં ઉત્પન્ન થતા ભેદભરમો કે વિવાદો ભારતમાંથી અવશ્ય નિવારી શકશે. એ જ ઉદ્દેશને સાકાર કરતા આ લેખને પૂર્ણ કરતાં અંતમાં એટલું જ કહીશ,

'ચાહે ગીતા વાંચીએ, યા પઢિયે કુરાન,
તેરા મેરા પ્રેમ હી હર પુસ્તક કા જ્ઞાન.' અસ્તુ. ✷ ✷ ✷

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત ૭૭ મી વ્યાખ્યાનમાળામાં તા. ૩૦-૮-૨૦૧૧ લેખકના સ્વમુખે પ્રગટ થયેલ વ્યાખ્યાન.]

લેખકનું સરનામુ : ડૉ. મહેબૂબ દેસાઈ, 'સુકુન', ૪૦૫, પ્રભુદાસ તળાવ સર્કલ, ભાવનગર-૩૬૪૦૦૧. મો. નં. : ૦૯૮૨૫૧૧૪૮૪૮

પાદટીપ

૧. વિનોબા, કુરાનસાર, યજ્ઞ પ્રકાશન, વડોદરા, ૧૯૯૪, પૃ. ૧૮.
૨. દેરાસરી, ડાહ્યાભાઈ બેરિસ્ટર, પૌરાણિક કથા કોશ, ખંડ-૧, ગ્રંથલોક અમદાવાદ, જુન ૧૯૮૮, પૃ. ૧૫૮.
૩. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૬૪, પૃ. ૧૦૬-૧૧૨.
૪. ઠક્કર હીરાભાઈ, શ્રીમદ્ ભગવદગીતા ભાવાર્થ, અધ્યાય-૧, શ્લોક-૩૬, કુસુમ પ્રકાશન, અમદાવાદ. ૨૦૦૧, પૃ. ૧.
૫. દિવ્ય કુરાન (ગુજરાતી), અનુ. શેખ ઝહીરુદ્દીન, પ્ર.ઈસ્લામી સાહિત્ય પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૬, પૃ. ૫૨, ૫૩.
૬. ત્યારથી હિજરી સંવતનો આરંભ થયો
૭. ઠક્કર હીરાભાઈ, શ્રીમદ્ ભગવદગીતા ભાવાર્થ, અધ્યાય-૧, શ્લોક-૩૬, કુસુમ પ્રકાશન, અમદાવાદ. ૨૦૦૧, પૃ. ૧.
૮. કુરાન-એ-શરીફ, પારા-૨૨, સૂરે હજ્જ, આયાત-૩૯.
૯. સોની ગુલાબરાય દેવજી, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૨૨
૧૦. કુરાન-એ-શરીફ, પારા-૮, સૂર-એ-અન્ફાલ, આયાત-૫
૧૧. કુરાન-એ-શરીફ, પારા-૨, સૂર-એ-બકારહ, આયાત-૨૧૬
૧૨. કુરાન-એ-શરીફ, પારા-૯, સૂર-એ-તવબહ, આયાત-૧૨
૧૩. હઈ, ડૉ. મુહંમદ અબ્દુલ (અનુ. નદવી અહમદ નદીમ), ઉસ્વા-એ-રસૂલ અકરમ, ઈદારા ઈશાઅતે દીનીયત, દિલ્હી, ૨૦૦૯, પૃ. ૩૦
૧૪. સોની, ગુલાબરાય દેવજી, શ્રીમદ્ ભગવત ગીતા, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ-૨૦૧૧, પૃ.
૧૫. કુરાન-એ-શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૨૫૭.
૧૬. કુરાન-એ-શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૧૧૫.
૧૭. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ-૧ થી ૬, પૃ. ૧૩૭.
૧૮. કુરાન-એ-શરીફ, પારા-૩, સૂરે આલે ઈમરાન, આયાત-૧૪૫.
૧૯. કુરાન-એ-શરીફ, પારા-૬, સૂરે અનઆમ, આયાત-૧૬૦.
૨૦. કુરાન-એ-શરીફ, પારા-૭, સૂરે અઅરફ, આયાત-૧૪૭.
૨૧. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ-૧ થી ૬, પૃ. ૨૮૩.
૨૨. કુરાન-એ-શરીફ, પારા-૨, સૂરે બકારહ, આયાત-૨૫૬.
૨૩. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ-૭ થી ૧૨, પૃ. ૧૪૬.
૨૪. દિવ્ય કુરાન (ગુજરાતી), અનુ. શેખ ઝહીરુદ્દીન, પૂર્વોક્ત ગ્રંથ, પૃ. ૪૪૨ અને ૪૮૮.
૨૫. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ-૧ થી ૬, પૃ. ૨૮૧.
૨૬. કુરાન-એ-શરીફ, પારા-૫, સૂરે માદઈહ, આયાત-૪૮.
૨૭. ઈબ્ન હિશામી, સીરતુન નબી-૧, નથુરાની અહમદ મુહંમદ (અનુવાદક-સંપાદક), પ્ર. મહંમ યુસુફ સીદાત ચાસવાલા, સુરત, ૨૦૦૨, પૃ. ૨૨૩.
૨૮. દેસાઈ મહેબૂબ, મુલ્યનિષ્ઠ મઝહબ ઈસ્લામ, ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ-૨૦૦૪, પૃ. ૨૧૭.
૨૯. દવે રક્ષાબહેન, ગીતા સુગીતા કર્તવ્યા, પ્ર. લેખક, ૨૦૦૪, પૃ. ૪૦.
૩૦. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ-૧ થી ૬, પૃ. ૩૧૩ અને ૩૪૧.
૩૧. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ ૨ થી ૬, પૃ. ૩૩.
૩૨. પંડિત સુંદરલાલ, (અનુ. ભટ્ટ ગોકુલભાઈ દોલતભાઈ), ગીતા અને કુરાન. નવજીવન પ્રકાશન, અમદાવાદ. ૧૯૬૩. પૃ. ૩૮.
૩૩. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. ૧૯૬૪. પૃ. ૧૩૧.
૩૪. પાઠક જગજીવન કાલિદાસ, મુસ્લિમ મહાત્માઓ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૦. પુસ્તકમાં આપેલ સૂફી સંતોના જીવન ચરિત્રોના અભ્યાસનું તારણ.
૩૫. કુરાને શરીફ, પારા-૪, આલી ઈમરાન, આયાત-૧૩૪.
૩૬. કુરાને શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૬૦.
૩૭. કુરાને શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૬૨.
૩૮. કુરાને શરીફ, પારા-૨, સૂરે માઈદહ, આયાત-૬૨.
૩૯. કુરાને શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૨૬૧.
૪૦. કુરાને શરીફ, પારા-૨, સૂરે બકરાહ, આયાત-૨૬૨.
૪૧. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ ૧ થી ૬, પૃ. ૧૬૬.
૪૨. કુરાને શરીફ, પારા-૩, સૂરે આલે ઈમરાન, આયાત-૧૩૪.
૪૩. કુરાને શરીફ, પારા-૪, સૂરે નિસાઅ, આયાત-૨૭.
૪૪. પંડિત સુંદરલાલ, હઝરત મહંમદ અને ઈસ્લામ, પૃ. ૧૩૧.
૪૫. ઠક્કર હીરાભાઈ, પૂર્વોક્ત ગ્રંથ, ભાગ ૧ થી ૬, પૃ. ૧૬૫.
૪૬. દેરાસરી ડાહ્યાભાઈ બેરિસ્ટર, પૌરાણિક કથા કોશ, ખંડ-૧, ગ્રંથલોક અમદાવાદ, જુન ૧૯૮૮, પૃ. ૧૪૨.
૪૭. કુરાને શરીફ, પારા-૩, સૂરે આલે ઈમરાન, આયાત ૪૪ થી ૪૭.

માનવી કેટલો બુદ્ધિશાળી?

❑ કાકુલાલ સી. મહેતા

'તમનેએક નાનીશી વાર્તા કહું. મને એ બહુ ગમે છે અને ખબર નહિ દેશભરમાં મેં કેટલા બધા માણસો વચ્ચે એ કહી છે.

ઈશ્વરને એમ લાગ્યું કે મનુષ્યને આ શું થઈ ગયું છે? એટલે દુનિયાના ત્રણ મહાન પ્રમુખ રાષ્ટ્રોના પ્રતિનિધીઓને એમણે આમંત્રણ આપીને પોતાને મળવા બોલાવ્યા. આવા ઈશ્વર ક્યાંય નથી. એવા કોઈ ઈશ્વર ક્યાંય નથી કે જે કોઈને બોલાવે. એક કાલ્પનિક અને જૂઠી વાર્તા આપને કહું છું.

ઈશ્વરે દુનિયાના ત્રણ મહાન રાષ્ટ્રો, અમેરિકા, રશિયા અને બ્રિટનના પ્રતિનિધીઓને બોલાવ્યા અને કહ્યું કે તમે ઘણી શક્તિ ઉત્પન્ન કરી લીધી છે પણ આ શક્તિથી તમે કાંઈ સર્જન નથી કરી શક્યા. તમે ઘણી શક્તિ કેળવી છે પણ એથી જીવનના વિકાસ માટે તમે સહભાગી નથી થઈ શકતા. તમારી શક્તિ જ તમારા મૃત્યુનું કારણ બની જાય એ તો આશ્ચર્યજનક લાગે છે! અગર હું તમોને કાંઈ ઉપયોગી થઈ શકું, અગર મારું વરદાન તમોને લાબદાયક લાગે તો માગી લો.

અમેરિકાના પ્રતિનિધીએ કહ્યું કે 'એક જ વરદાન માગું છું, એક નાનું શું વરદાન આપો તો અમોને સંતોષ થઈ જાશે.' ઈશ્વરે ખુશ થઈને કહ્યું કે માગો. અમેરિકાના પ્રતિનિધીએ કહ્યું: 'અમારી એક અભિલાષા છે કે પૃથ્વી તો બચે પરંતુ પૃથ્વી પર રશિયાનું નામોનિશાન ન રહે.' ઈશ્વરે ઘણા વરદાન તો આપ્યા હશે. ઈશ્વરે ઘણા વરદાનો આપ્યાની વાતો આપણે જાણીએ છીએ પરંતુ આવું વરદાન તો કોઈએ માગ્યું નહોતું. ઈશ્વરે ઉદાસ નજરે રશિયાના પ્રતિનિધી તરફ જોયું. રશિયાના પ્રતિનિધીએ કહ્યું: 'મહાનુભાવ, એક તો અમોને વિશ્વાસ નથી કે તમે કાંઈ કરી શકો. તમારી કોઈ સત્તા જ નથી. અમે માનતા જ નથી કે ઈશ્વર છે. અને પાંચસો વરસોથી અમે ઈશ્વરને આરામ મંદિર, મસ્જીદ, દેવળોમાંથી બહાર કાઢી મૂક્યા છે. પરંતુ અમે આપને ફરીથી પ્રસ્થાપિત કરીશું, આપની મૂર્તિઓની સામે ધૂપ-દીપ જલાવીશું અગર એક નાની શી વાત બની જાય તો અમે માનશું કે ઈશ્વર છે.' ઈશ્વરે પૂછ્યું શું? રશિયાના પ્રતિનિધીએ કહ્યું: 'એક સામાન્ય વાત. પૃથ્વીના નકશા ઉપર અમેરિકાની કોઈ રંગ-રેખા ન રહે.' ઈશ્વરે ગભરાતા દિલે બ્રિટનના પ્રતિનિધી તરફ જોયું અને એમણે જે કહ્યું તે મનમાં રાખી લેવા જેવું છે. એમણે કહ્યું: 'પ્રભુ અમારી પોતાની કોઈ ઈચ્છા નથી, અભિલાષા નથી. આ બન્નેની ઈચ્છાઓ એક સાથે પૂરી થઈ જાય તો અમારે માટે એટલું જ બસ છે.'

આ વાત હસવા જેવી લાગે છે પરંતુ હસવા જેવી નથી, રડવા જેવી છે. આથી વધારે દુ:ખદ વાત બીજી કોઈ હોય ન શકે. આ વાત મેં મનમાં અનેકવાર ઘોળી છે. મને હસવાનું મન થાય છે પણ હસી નથી શકતો મારું હૃદય આંસુઓથી છલકાય છે. મેં પહેલા જ કીધું કે આ વાત જૂઠી છે, કાલ્પનિક છે પણ આ વાત જૂઠી નથી, આ વાત એકદમ સાચી છે. આ વાત એટલા માટે સાચી છે કે આજે આપણી આજ આકાંક્ષા રહી છે. આપણે ચાહીએ છીએ કે બીજા ભલે મરે અને આપણે બચીએ. આ ભૂલ છે. પાગલપણું છે. જીવનનું રહસ્ય એમાં છે કે બીજાના જીવનનો ઉત્કર્ષ થાય. આપણે જો આપણો ઉત્કર્ષ ઈચ્છતા હોઈએ તો આપણે બીજાના જીવનના ઉત્કર્ષમાં ભાગીદાર બનવું પડશે. જે બીજાનું મોત ઈચ્છે છે તે

વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૯-૧૧-૨૦૧૧ના રોજ સાંજના ૫-૦૦ કલાકે **મારવાડી વિદ્યાલય** હાઈસ્કૂલ, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ખાતે મળશે જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વર્ષ ૨૦૧૦-૧૧ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વૃત્તાંત તથા ઑડિટેડ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૩) સને ૨૦૧૧-૧૨ ની સાલ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નિમણૂંક કરવી.

(૪) સને ૨૦૧૧-૧૨ ની સાલ માટે સંઘ માટે ઑડિટરની નિમણૂંક કરવી.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના ઑડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૪-૧૧-૨૦૧૧ થી તા. ૧૭-૧૧-૨૦૧૧ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૬ સુધીમાં સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લેખિત મોકલવા તેઓને વિનંતી.

જે સભ્યોને ઑડિટ કરેલા હિસાબોની નકલ જોઇએ તો તેમની લેખિત અરજી મળતાં નકલ મોકલવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

કાર્યાલયનું કામચલાઉ સરનામું :
૩૩, મહંમદી મીનાર, ભોંયતળિયે,
૧૪મી ખેતવાડી,
A.B.C.ટ્રાન્સપોર્ટની
બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪.

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

પોતાના જ મોતને નિમંત્રણ આપે છે.'

સન ૧૯૬૫માં, મુંબઈની ચોપાટીમાં, મહાવીરની જન્મજયંતિ પ્રસંગે, વ્યાખ્યાન આપતા, આ વાત 'ઓશો'એ કરી. એ વાતને આજે ૪૫-૪૬ વર્ષ વીતી ચૂક્યા છે. સમય અને પરિવર્તન સતત ચાલ્યા કરે એવો એક સૃષ્ટિનો નિયમ છે. તો શું બદલાયું. અણુબોમ્બ ધરાવતી પાંચ ત્તાઓ ઉપરાંત આજે ઈઝરાઈલ, ભારત, પાકિસ્તાન અને બીજા કોઈ કોઈ દેશોએ પણ આવી શક્તિ કેળવી છે કે કેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. ૧૯૪૫માં જાપાનમાં હિરોશીમા અને નાગાસીકીમાં બે બોમ્બ ફૂટ્યા. લાખો માણસો પળભરમાં મૃત્યુદેવના મુખમાં વિલિન થઈ ગયા. એ વખતે હું ભણતો હતો. વર્તમાન પત્રોમાં વાંચેલું કે આ બે શહેરોમાં પડેલા બોમ્બથી એટલી ગરમી પેદા થઈ કે માણસો કપડાં ફેંકીને ભાગ્યા અને કેટલાક તો પીગળી જ ગયા. એની યાદથી આજે પણ ધ્રુજી જવાય છે.

વિજ્ઞાન કહે છે કે ૧૦૦ ડીગ્રી તાપમાને પાણીનું બાસ્પીભવન થઈ જાય છે, વરાળ બનીને ઊડ જાય છે. ૧૫૦૦ ડીગ્રી તાપમાને લોઢું પીગળી જાય છે અને ૨૫૦૦ ડીગ્રીએ લોહ પણ વરાળ બનીને ઊડી જાય છે.હાયડ્રોજનનો એક બોમ્બ ૧૦ કરોડ ડીગ્રી ગરમી ઉત્પન્ન કરે છે. કહો એમાં શું બચી શકે ? આવા તો હજારો બોમ્બ મહાન ગણાતા દેશો પાસે છે. આવા થોડાક જ બોમ્બ આપણી આ દુનિયાને ક્ષણભરમાં સંપૂર્ણ ખાક બનાવી શકે છે, સદંતર નષ્ટ કરી શકે છે. હાલમાં જ જાપાનમાં જે ભૂકંપ થયો અને સાથે સાથે ત્સુનામી પણ આવ્યું ત્યારે જાપાને કેટલું સહન કર્યું ? બીજા વિશ્વ યુદ્ધના અંત પહેલા જાપાને જે ખુવારી અનુભવી તેથી અને બીજા પણ કારણોસર જાપાને અણુબોમ્બ નજ બનાવવો એવો નિર્ણય કર્યો હતો. પરંતુ બદલાયેલી પરિસ્થિતિમાં ત્યાં પણ એક અવાજ ઊઠેલો કે જાપાને અણુબોમ્બની શક્તિ કેળવવી જોઈએ. કદાચ હાલના છેલ્લા અનુભવે અને આર્થિક દૃષ્ટિએ વહે જૂના ધ્યેયને વળગી રહેવાનું જ વયાજબી ગણાય. જેમની પાસે અણુબોમ્બ છે એમને પણ બોમ્બને સુરક્ષિત રાખવાનો ભારે ખર્ચ ભોગવવો પડે છે. ઉપરાંત જાપાનની જેમ અકસ્માત થાય તો શું એની પણ ચિંતા છે પછી ભલે સબસલામતની પોકળ વાતો કરે. અકસ્માત એ અકસ્માત છે. અણધાર્યો અને અણકલ્પેલો. એનાથી કોણ બચાવી શકે ? કોણ જવાબદારી લઈ શકે ? સકળ જીવ સૃષ્ટિની વાત છોડો, મનુષ્ય જાતિ પણ બચી શકશે ? છતાં અણુશસ્ત્રોનો નાશ કરવાનું કોઈ વિચારતું નથી અને જેની પાસે બચાવની શક્તિ નથી એને માટે અણુબોમ્બ બનાવવાનું અનિવાર્ય બની જાય છે. બીજા દેશોને પાયમાલ કરી પોતાનું હિત સાધવાનું સંભવે ખરું ? હિંસા દિવસ પાળવો એ કેવળ પ્રતિક છે. એથી કશુંયે પ્રાપ્ત થવાનું નથી. પળેપળે, રોજેરોજ, બારેમાસ અહિંસાનો એટલે કુદરતે રચેલી આ સૃષ્ટિના સંવર્ધનનો ખ્યાલ રહે ત્યારે જ તો અહિંસાનું સંધાન થાય. અહિંસા એટલે પૂર્ણપણે પ્રકૃતિ પ્રત્યે પ્રેમ. વિજ્ઞાન પણ હવે કહે છે કે ભૌતિકની જોડે અધ્યાત્મની પણ આવશ્યકતા છે.

આઈન્સ્ટાઈનને કોઈએ પૂછ્યું કે ત્રીજું વિશ્વયુદ્ધ કેવું હશે ? આઈન્સ્ટાઈને જવાબ આપ્યો કે ત્રીજા વિશ્વયુદ્ધની તો ખબર નથી પણ ચોથા યુદ્ધ ની વાત કરે છે ? પ્રશ્નાર્થરૂપે એણે આઈન્સ્ટાઈન તરફ જોયું. આઈન્સ્ટાઈને કહ્યું કે ચોથું યુદ્ધ થશે કે નહિં એ ખબર નથી પણ કદાચ થાય તો એ પથ્થરના શસ્ત્રોથી લડશે, અગર પૃથ્વી ઉપર જીવન બચે તો.

આ વિશ્વમાં પશુ-પક્ષી ઉપરાંત અનેકવિધ જીવસૃષ્ટિ વસેલી છે. પશુ-પક્ષીની કોઈ પણ જાત પોતાની જાતનો વધ કરતી નથી. બીજા વિશ્વયુદ્ધમાં કહે છે કે માનવજાતીએ જ બે કરોડ માનવીનો ભોગ લીધો છે. રોજબરોજના જીવનમાં પણ આપણે જોઈએ છીએ કે માનવીના કેટલા ખૂબ માનવીના હાથે થઈ રહ્યા છે. અને કતલખાનામાં રોજ કેટલા જીવોનો ભોગ અપાય રહ્યો છે. આપણે માનવપશુ વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પ્રાણી હોવાનું ગૌરવ લઈએ છીએ કારણ કે આપણને બુદ્ધિ અને લાગણીનું વરદાન મળેલ છે. આપણે વિચારી શકીએ છીએ, બોલી શકીએ છીએ, આપણે ભાષા વિકસાવી છે, વિચારોને વ્યક્ત કરી શકીએ છીએ, સાચુ અને સારું શું એનું વિશ્લેષણ કરી શકીએ છીએ. તો વાચક યુવા મિત્રો, જરા વિચારો કે આપણે કેટલા બુદ્ધિશાળી ?આ પ્રશ્ન મારી મુંઝવણનો નથી, સારી દુનિયાનો છે, તમને લાગુ પડે છે અને ભવિષ્યની પેઢીને, તમારા પુત્ર-પુત્રીને પણ. તમને એટલા માટે કે એનો ભોગ તમે પોતે જ સૌથી પહેલાબનો છો. ભૂતકાળમાં જે બની ગયું તેને આપણે બદલી શકવાના નથી પણ એના પરિણામ આપણે ભોગવીએ છીએ. એજ રીતે આજે તમે જે વિચારશો, આચરશો એથી તમારું અને ભાવિ પેઢીનું ઘડતર થવાનું છે માટે વાત તમારા હાથમાં છે અને થોડીક અપેક્ષા આપણા સાધુ-સંતો પાસેથી પણ છે. સંયમી છે, અપરિગ્રહી છે તો ઘણું બધું કરી પણ શકે. તો ફરીથી વિચારશો કે આપણે કેટલા બુદ્ધિશાળી ?મહાવીરે ગૌતમને કહ્યું: समयं गोयम, मा पमाए । ક્ષણ ક્ષણ જાય છે, પ્રમાદ ન કર. તો અહિંસાને જીવનમાં વિકસાવવા શું કરશો ? (મુખ્યત્વે શ્રી ઓશોના પુસ્તક મહાવીનાશના આધારે અને આભારસહ સર્વહિતાર્થે લખ્યું છે. દૃષ્ટી ભૂલની ક્ષમા માગું છું.)

(યુવા વાચક મિત્રોના મંતવ્ય આવકાર્ય અને અપેક્ષિત) ✷ ✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર–૨, ૧૨૦, ન્યુ લીંક રોડ, ચીકુ વાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨. ફોન : ૦૨૨ ૨૮૯૮૮૮૭૮

બહેનોની પવિત્રતાને માટે આટલી બધી દૂષિત ચિંતા શાને છે ? બહેનોની પવિત્રતાના રખવાળ બનવાના હકનો બોજો પુરુષોએ પોતાને માથે લઈને શાને ફરવું જોઈએ ? પુરુષોની પવિત્રતાની બાબતમાં બહેનોનો કશો અવાજ છે ખરો ? **□ મો. ક. ગાંધી** ['સિલેક્શન્સ ફ્રોમ ગાંધી']

શ્રી નયવિજયજી રચિત શ્રી ગૌતમસ્વામી સ્તવન

❑ સુમનભાઈ શાહ

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ, હરણ પ્રવર સમીર રે. વીર. ૧
પંચ ભૂત થકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે, ન પરભવ સંજ્ઞાન રે. વીર. ૨
વેદપદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાનઘન પદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે. વીર. ૩
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે. વીર. ૪
જિહાં જેહવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યથી, હોય ઉત્તમ જ્ઞાન રે. વીર. ૫
એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે;
ઇણિપરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે. વીર. ૬
દિપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમસ્વામી રે;
અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કરે પ્રણામ રે. વીર. ૭

ભાવાર્થ

સ્તવનની સાત ગાથામાં શ્રી નયવિજયજીએ શ્રી મહાવીર પ્રભુના પ્રમુખ ગણધર શ્રી ગૌતમસ્વામીને જે વેદવાક્યના આધારે મિથ્યામય ભ્રાંતિ હતી તેનું સમાધાન પ્રભુએ કેવું કર્યું તે પ્રકાશિત કરેલું જણાય છે. ઈંદ્રભૂતિ અને મહાવીરસ્વામીની પ્રથમ મુલાકાત વખતના પ્રસંગની કલ્પસૂત્રના ગણધરવાદ પ્રકરણમાં વિસ્તૃત માહિતી પ્રકાશિત થયેલી છે, જેના આધારે પ્રસ્તુત ભાવાર્થ સ્વાધ્યાયથી થયલો છે. ઈંદ્રભૂતિ વેદોના પ્રખર પંડિત હતા અને શાસ્ત્રાર્થ કરી મહાવીર પ્રભુને હરાવવાના ઇરાદે સમવસરણમાં જઈ ચઢ્યા અને પ્રભુનું તેજસ્વી અને ભવ્ય મુખારવિંદ જોઈ દંગ થયા તથા તેઓના હવાઈ તરંગો ઊડી ગયા. પ્રભુએ ઈંદ્રભૂતિને નામથી આવકાર્યા અને જે વેદવાક્યથી સંશય થયો હતો તે જાહેરમાં વ્યક્ત કર્યો અને સંશયનું સમાધાન કર્યું, જેની સંક્ષિપ્ત વિગત પ્રસ્તુત સ્તવનમાં શ્રી નયવિજયજીએ પ્રકાશિત કરેલી જણાય છે.

શ્રી અરિહંત પ્રભુની સ્યાદ્‌વાદમયી મધુર ધર્મદેશના પાંત્રીસ અતિશયોથી ભરપૂર હોય છે. આવી અપૂર્વ વાણી અર્થ ગંભીર, શ્રોતાજનોને ગ્રાહ્ય, પ્રશ્નોનું નિરાકરણ કરનારી, જીવ-અજીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ પ્રકાશિત કરનાર, અવિરોધાભાષી વગેરે હોય છે. આવી વાણીના શ્રવણથી શ્રોતાજનોના સ્થૂળ અને સૂક્ષ્મ સંદેહો આપોઆપ નિર્મૂળ થાય છે. હવે સ્તવનનો ભાવાર્થ જોઈએ.

૧. ઈંદ્રભૂતિથી થયેલ વેદવાક્યનું સંશયાત્મક અર્થઘટન:

વિજ્ઞાનઘન એવૈતેભ્યો ભૂતેભ્યઃ સમુત્થાય
તાન્યેવાનુ વિનશ્યતિ, ન પ્રેત સંજ્ઞાસ્તિ...વેદવાક્ય

ઈંદ્રભૂતિને શ્રી મહાવીરસ્વામીએ કેવો સંશય ઉપરના વેદવાક્યમાં વર્તે છે તે જણાવતાં કહ્યું કે 'હે ઈંદ્રભૂતિ તેં એવું અર્થઘટન વેદવાક્યનું કર્યું છે કે વિજ્ઞાનોનો સમુદાય પંચમહાભૂતોમાંથી ઉત્પન્ન થઈ પાછો તેમાં જ લય પામે છે માટે પરલોકની સંજ્ઞા નથી. એટલે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એવા પંચભૂતોમાંથી જ જ્ઞાનનો સમુદાય ઉત્પન્ન થાય છે, જેથી જ્ઞાનનો આધર પંચભૂતો છે એમ જ માનવું જોઈએ. એટલે આત્મા નામક કોઈ સ્વતંત્ર પદાર્થ, દ્રવ્ય કે તત્ત્વ નથી, માટે પરલોક જેવી સંજ્ઞા નથી અથવા પુનર્જન્મ નથી. હે ઈંદ્રભૂતિ! તું એવું પણ માને છે કે પ્રત્યક્ષ પ્રમાણથી, સ્પર્શાદિ અનુભવથી, ઉપમાથી અને અનુમાનથી આત્મા જણાતો કે દેખાતો નથી. ઉપરાંત જ્ઞાન એ પંચભૂતનો ગુણધર્મ છે, જેમ કે ઘી, દૂધ, પૌષ્ટિક ખાદ્ય પદાર્થો વગેરેના ઉપયોગથી શરીરની પુષ્ટિ વધે છે, તેથી જ્ઞાન સતેજ થાય છે.'

૨. ઉપરના સંશયાત્મક અર્થઘટનનું પ્રભુએ કરેલું સમાધાન :

દૃશ્યો, જ્ઞેયો (જાણવાલાયક પદાર્થો) અને સંજોગોની સાપેક્ષતાથી (હાજરી) સાંસારિક જીવને જ્ઞાન-દર્શન ગુણોનો પ્રયોગ (ઉપયોગ) પોતાની ક્ષયોપશમતા મુજબ વીર્યગુણના ઉદાસીન નિમિત્તરૂપ સદ્‌ભાવથી થાય છે. આવા ઉપયોગથી જ્ઞાન-દર્શનગુણોનું પરિણામન પર્યાયોના ઉત્પાદ્–વ્યયથી થાય છે, જેને વિશિષ્ટ જ્ઞાન કે વિજ્ઞાન કહેવામાં આવે છે. આવા ઉપયોગ વખતે પણ ધ્રુવત્વ (જ્ઞાન-દર્શનગુણનું) કે નિત્યતા કાયમી વર્તે છે માટે જ આત્મદ્રવ્યને ઉત્પાદ્–વ્યય–ધ્રુવ છે એવું કહેવાય છે. આત્મદ્રવ્યનો પ્રમુખ જ્ઞાન અને દર્શનગુણ (જોવા-જાણવાદિ કાર્યમાં) છે અને સંજોગોની સાપેક્ષતામાં વિજ્ઞાન ઉત્પન્ન થાય છે માટે જ આત્માને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. જીવથી થતા દર્શન અને જ્ઞાનોપયોગ વખતે ગુણપર્યાયો કાર્યપણે આવિર્ભાવ (ઉત્પાદ્) પામે છે અને તિરોભાવે લય (વ્યય) પામે છે. આવા ઉત્પાદ્ અને વ્યય વખતે પણ જ્ઞાન અને દર્શનગુણની ધ્રુવતા કાયમી હોય છે (નિત્યતા).

ચૈતન્યમય અરૂપી આત્મા (ચેતન) અસંખ્યાત પ્રદેશાત્મક છે. એટલે અસંખ્યાત આત્મપ્રદેશો સાંસારિક જીવના શરીરમાં વ્યાપ્તિ પામેલા છે. આત્મપ્રદેશ એ આત્માનું અવિભાજ્ય અરૂપી અંગ છે અને દરેકે દરેક પ્રદેશે જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણોના અનંતા પર્યાયો રહેલા છે. ચોક્કસ પ્રકારનું કાર્ય કરવાનું સામર્થ્ય ધરાવનાર અનંતા પર્યાયોના અખંડ સમુદાયને ગુણ કહેવામાં આવે છે. આત્મા અને તેના જ્ઞાનદર્શનાદિ ગુણોમાં સદૈવ અભિન્નતા કે અભેદતા વર્તે છે. એટલે ગુણો અને ગુણી એવા આત્માને જુદા કરી શકાતા નથી. ગુણોના પરિણામન વખતે પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ્

થાય છે અને છતાં પણ ધ્રુવતા કાયમી હોય છે. જ્યારે પ્રાપ્ત સંયોગનો વિયોગ થાય છે કે સંજોગ રહેતો નથી ત્યારે ગુણોનું ઉપયોગરૂપ પરિણામન રહેતું નથી. માટે ઉપરના વેદવાક્યમાં કહ્યું છે કે પ્રેતસંજ્ઞા રહેતી નથી. આમ આત્મા નિત્ય અને અવિનાશી છે, માટે જ સંસાર વ્યવહારમાં જીવને પુનર્જન્મ છે.

આત્માને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે કારણ કે એકબાજુ જ્ઞાનદર્શનાદિ ગુણપર્યાયોનું સ્વાભાવિક પરિણામન સમયે-સમયે અસ્ખલિતપણે ષટ્સ્થાન હાનિ-વૃદ્ધિના નિર્ધારિત ક્રમ મુજબ (સ્વભાવ પર્યાય) અગુરુલઘુ ગુણના નિમિત્તે થયા કરે છે અને બીજી બાજુ સંજોગોના નિમિત્તે ઉપયોગથી જીવની ક્ષયોપશમતા મુજબ જ્ઞાનાદિ ગુણોનું પરિણામન (વિભાવ પર્યાય) થાય છે. આમ એવું કહી શકાય કે જ્ઞાન જ આત્મા છે. આમ જ્ઞાન જ જ્યારે પ્રત્યક્ષ છે ત્યારે તેનાથી અભિન્ન એવો આત્મા પણ પ્રત્યક્ષ છે એમ માનવું રહ્યું. વ્યવહારમાં પણ 'હું' શબ્દનો પ્રયોગ ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ વિષે કરાય છે જેથી પ્રતીતિ થાય છે કે આત્મા ત્રિકાળી છે, અમૂર્ત છે અને ચૈતન્યમય છે. આની સામે શરીર મૂર્ત અને જડ છે, તેથી પંચભૂતોનો આધાર આત્મા કેવી રીતે હોઈ શકે ? દાખલા તરીકે અગ્નિના તીવ્ર પ્રયોગથી ચોક્કસ પ્રકારની ખનીજમાંથી સોનું કાઢી શકાય છે પરંતુ એવું ન કહી શકાય કે અગ્નિમાંથી સોનું ઉત્પન્ન થાય છે. મૃતદેહમાં ચેતનતા હોતી નથી માટે દેહમાંથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી પરંતુ તેનાથી જુદા એવા દ્રવ્ય કે તત્ત્વમાંથી જ્ઞાન ઉત્પન્ન થાય છે અને તે દ્રવ્ય કે તત્ત્વને આત્મા કહેવામાં આવે છે.

શ્રી મહાવીર પ્રભુની આવી હૃદયંગમ વાણીથી સમાધાન થતાં ઇંદ્રભૂતિ સર્વસમર્પિત થઈ દીક્ષિત થયા અને પ્રભુના પ્રમુખ ગણધર પદનું કાર્ય શોભાયમાન કર્યું. શ્રી ગૌતમસ્વામીના જીવને શ્રી મહાવીર પ્રભુના જીવ સાથે અનેક પૂર્વભવોથી સંબંધ ચાલ્યો આવતો હતો. ઇંદ્રભૂતિના ચરમ-શરીરી અવસ્થામાં તેઓને શ્રી મહાવીર પ્રભુ સાથે પ્રશસ્ત રાગ હતો. ભગવાન મહાવીરના દેહનું નિર્વાણ થયું ત્યારે જ આવો પ્રશસ્ત રાગ નિર્મૂળ થયો અને તેઓને દીપાવલી પર્વના દિવસે કેવળજ્ઞાન પ્રગટ થયું. અનુક્રમે ગૌતમસ્વામીને સિદ્ધપદની પ્રાપ્તિ થઈ. આવા અનંત લબ્ધિવંત ગૌતમસ્વામીને શ્રી નયવિજયજીના સાદર પ્રણામ. ✷✷✷

૫૬૩, આનંદવન સોસાયટી, ન્યૂ સમા રોડ,
વડોદરા-૩૯૦૦૨૦

અશાંતને સુખ ક્યાંથી હોય ?

❑ શશિકાંત લ. વૈદ્ય

વિશ્વ નિયંતાએ માણસને જો મહાન ભેટ આપી હોય તો તે છે બુદ્ધિ. બુદ્ધિ દ્વારા માણસે ઘણી પ્રગતિ કરી-ભૌતિક અને આધ્યાત્મિક...પણ ભૌતિક સમૃદ્ધિથી માણસ તૃપ્ત થયો નથી. બસ, આગળ વધે જ જાય છે...વધે જ જાય છે. તેની શોધ છેક દરિયાના ઊંડાણ સુધી થઈ અને પછી તે અવકાશમાં પણ પહોંચ્યો...છતાં તે તૃપ્ત ન થયો-અતૃપ્ત જ રહ્યો. શાસ્ત્રો કહે છે કે ઈચ્છાઓ કદાપિ પૂર્ણ રીતે સંતોષાતી જ નથી. આ તેનો મૂળ સ્વભાવ છે. સાચી વાત તો તે છે કે જો આપણે શાંત ચિત્તે વિચારીએ તો જવાબ એ મળે કે પ્રભુએ બુદ્ધિ સાથે વિચારવાની પણ શક્તિ આપણને આપી જ છે, એટલે સારા-જૂઠાનો ખ્યાલ આપણે કરી શકીએ...જેને આપણે વિવેક કહીએ. વિવેકશૂન્ય માણસ યોગ્ય રીતે વિચારી શકતો નથી...બસ, તે ફક્ત ભૌતિક સુખમાં જ ડૂબેલો રહે છે. પરિણામે તે અશાંતિ ભોગવે છે. અશાંત માણસ સુખનો અનુભવ કરી શકે જ નહિ. ગીતાનું ચિંતન-વાક્ય કહે છે કે '।। અશાંતસ્ય કુતઃ સુખમ્ ।। '-'અશાંતને સુખ ક્યાંથી હોય ?' (અધ્યાય-૨, શ્લોક ૬૬).

માણસ માત્ર બહારના શત્રુનો ખ્યાલ રાખે છે. ઘણીવાર મિત્ર પણ શત્રુ બની જાય ત્યારે ભય વધારે રહે અને સદાય મન અશાંત રહે. જરા ઊંડો વિચાર કરીશું તો સમજાશે કે બહારના શત્રુ કરતાં આપણી અંદર જ જે શત્રુ છે તેનો ખ્યાલ વધુ કરવા જેવો છે. આ શત્રુ ક્યાં છે ?

આપણી અંદર જ છૂપો છે, જેને આપણે જાણતા નથી. બસ, આ શત્રુને ઓળખીશું તો પછી આપણે જીવન ક્ષેત્રે ઘણી હકારાત્મક પ્રગતિ કરી શકીશું. 'ગીતા'નો સંદર્ભ આપણને ખૂબ સહાયરૂપ બની શકે તેમ છે.

'त्रिविध नरकस्यदं द्वारं नाशनमात्मनः।
कामः क्रोधस्तथा लोभस्त स्मादेतत्त्रयं त्यजेत्।।'

અર્થ :- 'કામ, ક્રોધ તથા લોભ-એ આત્માનો નાશ કરનારા (અર્થાત્ તેને અધોગતિમાં લઈ જનારા) ત્રણ પ્રકારના નરકના દ્વાર છે-માટે એ ત્રણને ત્યજી દેવાં જોઈએ.' (ગીતા અધ્યાય ૧૬ શ્લોક ૨૧)

માણસ જ્યારે ફક્ત વિષયોનું જ ચિંતન કરે છે ત્યારે તેમાં તેને આસક્તિ થાય છે (જે તે પદાર્થમાં), આસક્તિથી કામના થાય છે અને કામનાથી ક્રોધ જન્મે છે. ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિ ભ્રમ થાય છે, સ્મૃતિ ભ્રમ થવાથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી મનુષ્ય **સંપૂર્ણ નાશ પામે છે.** ('ગીતા'-સાંખ્યયોગ). બુદ્ધિ શાંતિના નાશનું કારણ બને છે. ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ તેને મોહાંધ બનાવે છે-અને તેને સાચી દિશા દેખાતી જ નથી...પરિણામે સમગ્ર કુળનો નાશ થયો. ઉપરના શ્લોકનું 'લોજિક' તર્કયુક્ત છે અને પૂર્ણ સત્ય પણ છે, જે વિષયને સમજાવે છે.

આ પછી આપણને સમજાય છે કે આપણી અંદર જે શત્રુ છે, તેના પર વિજય મેળવવો જોઈએ. બુદ્ધ, મહાવીર અને બીજા આવા ઘણા સંતોએ શત્રુઓ પર વિજય મેળવ્યો હતો...મુખ્ય શત્રુ છે **ક્રોધ.** શાસ્ત્રો ક્રોધને **'ક્રોધાગ્નિ' પણ કહે છે.** બુદ્ધિનાશનું કારણ ક્રોધ જ છે. જેણે ક્રોધ પર વિજય મેળવ્યો, તે જગ જીતી ગયો. જેણે ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો તે સાચા અર્થમાં મહાવીર બન્યો. મહાત્મા ગાંધી જેવી મહાન વિભૂતિએ ક્રોધ પર વિજય મેળવેલો...જોકે આ ખૂબ કઠિન છે, પણ અશક્ય નથી. (લેખક આમાં સંપૂર્ણ સફળ રહ્યા નથી, છતાં સત્યનો સ્વીકાર કરવો રહ્યો.) પ્રયત્નથી સફળતા મળે જ. ઘણીવાર નિષ્ફળતા પણ મળે, પણ પ્રયત્ન ચાલુ રાખવાથી વહેલી મોડી સફળતા મળે જ. આ દિશાનો પુરુષાર્થ છોડવાની જરૂર નથી.

યાદ રહે, ધર્મ પુરુષાર્થનો વિરોધી નથી. ધર્મ તો પુરુષાર્થનો માર્ગ સૂચવે છે. માણસ નસીબવાદી બન્યો એટલે આવા લોકોએ પ્રારબ્ધને પુરુષાર્થ આગળ મૂકી દીધું...આ ભૂલને પરિણામે દેશ ગરીબ રહ્યો. ગુજરાતના વિચાર પુરુષ શ્રી ગુણવંત શાહ કહે છે, 'કર્મનો કાયદો માણસને ખુમારીની દીક્ષા આપનારો છે. એ કાયદામાં ભગવાન પણ માથું નથી મારતા. આવા કાયદામાં બુદ્ધ અને મહાવીર જેવા નિરીશ્વરવાદીઓને પણ શ્રદ્ધા હતી. એમાં પરાક્રમનું અને પ્રયાસનું અભિવાદન છે...ગાડી તો ઘોડાની પાછળ જ શોભે. પ્રારબ્ધની વાત પુરુષાર્થની પાછળ ભલે રહી...યાદ રહે કૃષ્ણનો એમાં કોઈ વાંક નથી. નરસિંહ મહેતા સાવ સાચું કહી ગયા: 'અમે અપરાધી કંઈ ન સમજ્યા, ન ઓળખ્યા ભગવંતને!'

ક્રોધ પર વિજય મેળવવાનો પુરુષાર્થ કરવો જ રહ્યો–જો શાંતિ પ્રાપ્ત કરવી હોય તો. માણસ જ્યારે ક્રોધના આવેશમાં હોય છે ત્યારે તે વિવેકબુદ્ધિ ગુમાવી દે છે અને તે અંધ બને છે...સાચા અર્થમાં ત્રાસવાદી બને છે...અને ન ધારેલું કરે છે. જો આ પળે કોઈ તેને સાચવી લે તો અઘટીત ઘટના બનતી અટકી જાય છે...અને જો તેને કોઈ રોકનાર ન મળે તો ન–બનવાનું બની જાય છે. આવી જ ઘટનાનો હું પોતે જ સાક્ષી છું. આ રહી તે ઘટના. લગભગ ચાલીસ વર્ષ પહેલાં હું અમદાવાદમાં (શાહપુરમાં) રહેતો. મારી સામે જ એક ભાઈ રહેતા હતા. એક રાત્રે લગભગ બાર વાગ્યાના સુમારે તે ઘરમાં રડારડ થઈ ગઈ. બાળકોની બૂમાબૂમ થઈ. 'કોઈ આવો..કોઈ આવો...બચાવો'...વગેરે. હું જાગી ગયો અને મારી પત્નીને લઈને ત્યાં જતો હતો ત્યારે મને એક પ્રૌઢ વ્યક્તિએ કહ્યું, 'ભાઈ, ત્યાં ન જશો. આ તો દરરોજનું છે. જો તમે ત્યાં જશો તો તમારું અપમાન થશે.' આવું કહ્યા છતાં પણ હું ત્યાં ગયો અને ખરેખર પેલા ઘરના મુખ્ય માણસે મારું અપમાન કર્યું જ. છતાં પણ હું ઉપર ગયો. ઉપર ગયો ત્યારે ફક્ત કેરોસિનની જ વાસ આવતી હતી. એક છોકરી આવીને મને કહે છે કે કાકા મારી મમ્મીએ શરીર પર કેરોસિન છાંટ્યું છે અને બળી મરે છે...તેનો પતિ જોઈ રહેલો...મેં અને મારી પત્નીએ તેની પાસેથી દીવાસળીની પેટી લઈ લીધી. તેને શાંત પાડી...રાત્રે જ તેને કપડાં કાઢીને સ્નાન કરાવ્યું...વાત ખૂબ નાની હતી. ઘરના માણસના ન કહેવા છતાં પણ પત્નીએ કંઈ ખરીદી કરેલી. ક્રોધનું આ મૂળ કારણ હતું. રાત્રે અમે બેઠા. સૌને શાંત કર્યા...પેલા ભાઈએ મને કહ્યું, 'સાહેબ, તમારું અપમાન કરવા બદલ હું આપની ક્ષમા યાચું છું.' ત્યાર બાદ તો તે મારા મિત્ર બન્યા. જો મને ત્યાં જવાની બુદ્ધિ પ્રભુએ ન સૂઝાડી હોત તો કદાચ પરિણામ વિપરીત આવ્યું હોત...પેલી બહેનનું જીવન બુઝાઈ જાત!!

આંગ્લ ચિંતક પોલ બ્રાન્ટ કહે છે, 'હિન્દુસ્તાન અને આપણામાં ફરક એટલો જ છે કે દરેક યુગમાં તેમની પાસે **આધ્યાત્મિક નેતા** હોય છે અને આપણે ત્યાં એક નેતા હાકલ મારીને દસ-પંદર લાખને યુદ્ધમાં ધકેલે છે, જેનું પરિણામ વિનાશ હોય છે.'...શાંતિ માટે બહાર ખોજ નથી કરવાની, પણ આપણી અંદર જ ડોકિયું કરવાનું છે. `Seek and you will find it.' આ બાયબલનું મહાકાવ્ય ઉપનિષદની જ વાણી ઉચ્ચારે છે.–`know thyself'–બસ, જાતને ઓળખો–'સ્વને' પામો એટલે પરમ શાંતિનો અનુભવ થશે જ. જે જાતને જાણે તે જ સાચા અર્થમાં જ્ઞાની છે, ડાહ્યો છે. આ માટે આપણે અંતર્મુખ બનવું રહ્યું.

મન શુદ્ધિ વિના અને ઈન્દ્રિય નિગ્રહ વિના આધ્યાત્મિક ઉન્નતિ શક્ય નથી...અને આધ્યાત્મિક ઉન્નતિ સિવાય પરમની અનુભૂતિ થતી જ નથી....આ પછી જ બુદ્ધિ નિર્મળ બને. બસ, પછી બધે નારાયણ જ દેખાય. પછી **અશાંતિ અદૃશ્ય** અને **પૂર્ણ શાંતિના દર્શન થાય.** ।। **હરિ ૐ** ।। ✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ,
અરુણોદય સર્કલ પાસે, અલકાપુરી,
વડોદરા–૩૯૦ ૦૦૭.

અમેરિકામાં પ્રથમવાર યોજાયેલી ગૌતમકથા

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને એ જાણીને આનંદ થશે કે ગયા વર્ષે પર્યુષણ દરમિયાન લૉસ એન્જલસના જૈન સેન્ટર ઑફ સધર્ન કેલિફોર્નિયામાં જૈન દર્શનના ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની 'ગૌતમ કથા'નું આયોજન થયું હતું. જૈન સેન્ટરના પ્રમુખ ડૉ. જયેશભાઈ શાહના આગ્રહને પરિણામે સતત ચાર દિવસ સુધી 'ગૌતમ કથા' યોજવામાં આવી હતી. આ પ્રસંગે તેઓએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'ના નવતર કાર્યનો ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ જેવી સંસ્થાએ આવી એક વિશિષ્ટ કથા યોજીને જનસામાન્યને જૈન ધર્મના મહત્ત્વના પાસાંઓ વિશે વિશેષ અભિમુખ કર્યાં છે. એમણે કહ્યું હતું કે અમેરિકામાં પ્રથમ વાર આ પ્રકારે યોજાયેલી 'ગૌતમ કથા'થી ભગવાન મહાવીરના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીના અલૌકિક જીવનનો અમને હૃદયસ્પર્શી ખ્યાલ આવ્યો છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

(તા. ૨૫ મી ઑગસ્ટ ૨૦૧૧ થી તા. ૧ લી સપ્ટેમ્બર ૨૦૧૧)

તપ, જ્ઞાન અને સંયમના ત્રિવેણી સંગમ સમાન પર્વાધિરાજ પર્યુષણ નિમિત્તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૭મી વ્યાખ્યાનમાળા જૈન ધર્મના અભ્યાસુ અને સાહિત્યકાર ડૉ. ધનવંતભાઈ શાહની અધ્યક્ષતા હેઠળ ગત ૨૫મી ઑગસ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી મરીન લાઈન્સ સ્થિત પાટકર હૉલમાં યોજાઈ હતી. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગ વડે યોજાયેલી આ વ્યાખ્યાનમાળા જ્ઞાનપિપાસુઓ માટે જ્ઞાન, આરાધના અને ભક્તિરસની પરબ બની હતી.

પર્યુષણ દરમિયાન તીર્થંકરોની ઉપાસનાની સાથે ગુજરાતના અંતરિયાળ અને પછાત વિસ્તારોમાં રહિતો અને વંચિતો માટે સેવાપ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થાઓ માટે નાણાંભંડોળ એકત્રિત કરવાનો અનોખો સેવાયજ્ઞ 'સંઘે' ઈ. સ. ૧૯૮૫થી આદર્યો છે. તેના ભાગરૂપે આ વખતે ગુજરાતમાં ભટકતી જાતિઓના કલ્યાણ માટે કાર્યરત સંસ્થા 'વિચરતા સમુદાય સમર્થન મંચ'ને મદદ કરવાની ટહેલ નાખવામાં આવી હતી. તેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. આ સંસ્થા માટે લગભગ ૫૦ લાખ રૂપિયા એકઠા કરી શકાયા છે.

વ્યાખ્યાનમાળામાં પ્રથમ દિવસે ડૉ. ધનવંતભાઈ શાહે ઉપસ્થિત શ્રોતાઓનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે પર્યુષણ એ આત્મદર્શન, આત્મચિંતન, આત્મસાધના, આત્મશુદ્ધિ અને પછી આત્મસિદ્ધિનું પર્વ છે. શુભકર્મનો ઉદય થયો હોય ત્યારે આપણે અહીં એકઠા થઈએ છીએ. જેઓથી તપ ન થઈ શકતું હોય તેઓએ દરરોજ એક સામાયિક કરવું જોઈએ. વિધિપૂર્વક સામાયિક ન થઈ શકતું હોય તો એક કલાક સ્વાધ્યાય કરવો જોઈએ. આ નિયમ હશે તો તે દિવસ અશુભ તત્ત્વથી દૂર થશે, એમ ડૉ. ધનવંતભાઈએ ઉમેર્યું હતું.

'સંઘ'ના ઉપપ્રમુખ ચંદ્રકાંત ડી. શાહે શ્રોતાઓને વિચરતા સમુદાય સમર્થન મંચ માટે ઉદાર હાથે મદદ કરવાનો અનુરોધ કર્યો હતો. ખજાનચી ભૂપેન્દ્ર જવેરીએ દાતાઓના નામની વિગતો વાંચી સંભળાવી હતી. મંત્રી શ્રીમતી નીરુબહેન શાહે પોતાની વિશિષ્ટ શૈલીમાં આભારદર્શન કર્યું હતું. આઠેય દિવસની વ્યાખ્યાનમાળામાં વિદ્વાન વક્તાઓનો પરિચય સંઘની કમિટિના સભ્ય નિતીન સોનાવાલાએ આપ્યો હતો. પ્રફુલ્લાબહેન લલિતભાઈ શાહ દ્વારા 'મોટી શાંતિ સ્તોત્ર'ના ગાન સાથે વ્યાખ્યાનમાળા પૂર્ણ થઈ હતી.

આ વ્યાખ્યાનમાળા દરમિયાન લલિત દમણીયા, કુ. ધ્વનિ પંડ્યા, ગૌતમ કામત, શ્રીમતી ઝરણા વ્યાસ, કુ. વૈશાલી કેલકર, ડૉ. શરદ શાહ, કુ. શર્મિલા શાહ અને ગાયત્રી કામતે ભજનો રજૂ કર્યા હતા.

(૧) કાયોત્સર્ગમાં સફળ થવા પ્રાયશ્ચિત્ત તપ અને વિશુદ્ધિકરણ આવશ્યક

શશિકાંત મહેતાએ 'કાયોત્સર્ગ : મુક્તિની ચાવી' એ વિશે જણાવ્યું હતું કે અંતર (Distance) યાત્રા એટલે કાયોત્સર્ગ. દુનિયાના શ્રેષ્ઠ યોગોમાં તેનો સમાવેશ થાય છે. આ ક્રિયા અનુત્તર ક્રિયા છે. તેના પછી બીજી ક્રિયા કરવાની જરૂર નથી. કાયોત્સર્ગમાં સફળ થવા માટે પ્રાયશ્ચિત્ત તપ અને વિશુદ્ધિકરણ એ જરૂરિયાત હોય છે. પ્રાયશ્ચિત્ત તપમાં ચિત્તને શુદ્ધ કરવાનું હોય છે. જીવનમાં આપણે શરીર, સંપત્તિ અને સંતતિ મારા નથી એ હકીકતનો સ્વીકાર કરતા નથી અને તેના કૃત્રિમ માલિક બની બેઠેલા છીએ. આ બાબત અહંકારને પુષ્ટિ આપે છે. આ કૃત્રિમ માલિકી પ્રભુને સોંપી દેવી જોઈએ. તેના થકી જ દેહ દેવળ બની શકે. હું દેવ છું અને દેહ આંગી છે. જે રોજ ચઢે અને ઉતરે છે. વિશુદ્ધિકરણ અને નમસ્કારમંત્ર આપણી ચેતનામાં વસવો જોઈએ. સાધનાનું લક્ષ્ય સાધક સાધ્ય સાથે ભળે એમાં રહેલું છે. મન, વચન અને કાયા એકતા અનુભવે તે ક્રિયા છે. શલ્યરહિત થવું તે આરાધના છે. માયા, નિધાન અને મિથ્યાત્વ આ શલ્યો અંતઃકરણને પીડે છે. તેમાંથી બહાર નીકળવા અમન્સ્કયોગ છે. જ્ઞાન પૃથ્થકરણ કરે છે. ભાવ એકીકરણ કરે છે. જીવનમાં જ્યારે પ્રતિકૂળતા આવે ત્યારે ત્યારે જૈન વિચાર કરે છે કે તેમાં સામી વ્યક્તિનો વાંક નથી પરંતુ મારું પુણ્ય અને પવિત્રતા ઘટી તેનું આ પરિણામ છે.

[રાજકોટમાં વસતા ૮૩ વર્ષીય શશિકાંતભાઈ મહેતા ૫૦ વર્ષથી નવકારમંત્રના ઉપાસક છે. તેમના શ્વાસ, વાણી, વર્તન અને શ્રદ્ધામાં નવકારમંત્ર છે. તેઓએ ૧૪ વર્ષ પહેલાં ૨૦ વર્ષ સુધી આ વ્યાખ્યાનમાળામાં નવકારમંત્ર વિશે વક્તવ્ય આપ્યું હતું. આ લાંબા સમય પછી તેઓ પુનઃ પધાર્યા હતા.]

(૨) જ્ઞાની હંમેશાં પુરુષાર્થ કરે છે

પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૮ અમોઘકીર્તિ સાગરજી મહારાજ સાહેબે 'આત્માની કર્મયાત્રા' વિશે જણાવ્યું હતું કે બધા જીવોમાં દેખાતો નથી તે આત્મા છે. બધા આત્મામાં જ્ઞાન, શાંતિ અને સુખ હોય છે.

તા. ૨૫-૮-૨૦૧૧: ગુરુવાર	: પ્રથમ વ્યાખ્યાનઃ શ્રી શશિકાંત મહેતાઃ વિષય : કાયોત્સર્ગઃ મુક્તિની ચાવી
	બીજું વ્યાખ્યાનઃ પ.પૂ.આ. અમોઘકીર્તિ સાગરજી મ. સા. : વિષય : આત્માકી કર્મયાત્રા
તા. ૨૬-૮-૨૦૧૧: શુક્રવાર	: પ્રથમ વ્યાખ્યાનઃ શ્રીમતી અંજનાબહેન શાહ : વિષય : પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય
	બીજું વ્યાખ્યાનઃ શ્રી કૃષ્ણચંદ્ર ચોરડિયા : વિષય : जैन धर्म में नयवाद–व्यवहार नय–निश्चयनय

આત્મા સાથે વાસના અને કર્મકલુષિતતા જેવા વિકાર પણ જોડાયેલા હોય છે. આપણી ઈચ્છાથી સ્ત્રી, પુરુષ કે પશુ બની શકાતું નથી. માણસ બનવું કે જાનવર તે કર્મ ઉપર નિર્ભર છે. જ્ઞાની હંમેશાં પુરુષાર્થ કરે છે. કોઈ વ્યક્તિ જન્મથી વીર કે મહાવીર કે ગૌતમ હોતી નથી. જન્મ સમયે પ્રત્યેક બાળક રડે છે પરંતુ બાદમાં તે વિચારે છે કે મારે ક્યાં હોવું જોઈએ. માત્ર પ્રારબ્ધને આધારે બેસી રહેવું કે અકર્મક રહેવું તે કાયરતા છે. નદી માટે વહેવું એ જીવન છે. નદી માટે વહેવું આનંદ છે. તેથી વહેતા જળમાં શીતળતા અને સ્વચ્છતા હોય છે. તે પથ્થરથી ટકરાઈને કષ્ટ સહન કરે છે. પણ અટક્યા વિના આગળ વહે છે. આ પ્રકારની વૃત્તિથી જ જીવનમાં નિખાર આવે છે. જે દિવસો વીતી ગયા તેના ઉપર વારંવાર મોઢું ફેરવીને જોવું નહીં.જે કંઈ થઈ ચૂક્યું છે તેનું માત્ર પ્રાયશ્ચિત્ત થઈ શકે છે. જે પ્રકારે આપેલી અંજલિ પાછી લઈ શકાતી નથી એ રીતે સમય પાછો આવતો નથી. તેથી ભવિષ્ય ભણી નજર રાખવી જોઈએ. સદ્ માર્ગે કરેલો પુરુષાર્થ ઉત્થાન ભણી લઈ જાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

[મહારાષ્ટ્ર ધૂલિયામાં પિતા અરવિંદ જૈન અને માતા કનકમાલાને ત્યાં જન્મેલા નયન જૈને ૧૯૯૯માં આચાર્ય શ્રી ૧૦૮ દેવનંદીજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેમણે પંદરમા વર્ષે ઘર છોડ્યા પછી ૧૯મા વર્ષે દિગંબર દીક્ષા લીધી હતી. તેઓ હિન્દી, મરાઠી, કન્નડ, ગુજરાતી એને અંગ્રેજી ભાષાના જ્ઞાતા છે.]

(૩) પ્રેક્ષાધ્યાનમાં આધ્યાત્મ, યોગ અને વિજ્ઞાનનો સમન્વય

શ્રીમતી અંજનાબહેન શાહે 'પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય' વિશે જણાવ્યું હતું કે કસ્નો અર્થ સંસાર અને આયનો અર્થ આવ થાય છે. તેથી સંસાર વધારે તે કસાય છે. જૈન શાસ્ત્રોમાં કષાયનો ત્યાગ કરવાનો નહીં પરંતુ તેને શત્રુ ગણીને વિજય મેળવવાનો બોધ આપવામાં આવ્યો છે. કષાય રાગ-દ્વેષનાં સંતાન છે. તેને જીવનમાં ઘટાડવા જોઈએ. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મહત્ત્વના કષાય છે. ક્રોધ ભોળો અને બાહ્ય કષાય છે. તેને જોઈ શકાય છે. ક્રોધ જે કરે અને જેના પ્રત્યે કરવામાં આવે તે બંનેને તે ગમતું નથી. ક્રોધ સમગ્ર પરિવારને નષ્ટ કરી શકે છે. પ્રયત્નો વડે તેને ઘટાડી શકાય છે. હૃદયમાં વાત્સલ્ય, કરુણા, મૈત્રી અને ક્ષમાભાવ જગાડીને ક્રોધ ઘટાડી શકાય છે. બીજો કષાય માન મીઠો અને સૂક્ષ્મ છે. તે મોક્ષમાં બાધક છે. વિનયભાવ કેળવીને અને અન્યોના સારા કામોની પ્રશંસા કરવાથી પણ તેને ઘટાડી શકાય. ત્રીજો કષાય માયા છે. તે આંતરિક અને મીઠો છે. તેમાં આપણે જેવા નથી એવા દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેના વડે પાપ બાંધીએ છીએ. જીવનમાં સરળતા-પારદર્શકતા લાવીને તેને ઘટાડી શકાય છે. ચોથો કષાય લોભ છે. તે અતિસૂક્ષ્મ છે. ઈચ્છા-લાલસા સાથે તેની તુલના થઈ શકે. સંતોષની ભાવના કેળવીને આ કષાયને દૂર રાખી શકાય. પ્રેક્ષાધ્યાનમાં આધ્યાત્મ, યોગ અને વિજ્ઞાનનો સમન્વય થયો છે. પ્રેક્ષા એટલે કે રાગ-દ્વેષ વિના જોવું. કોઈ વસ્તુને જોવા કે સમજવા તેનાથી અંતર રાખવું જરૂરી છે. આચાર્ય મહાપ્રજ્ઞજીએ ભાવનાત્મક અસ્તિત્વની વાત કરી છે. વ્યક્તિનો જેવો ભાવ એવો સ્વભાવ. વિચાર કરીએ એવા કર્મ અને એવું વ્યક્તિત્વ બને છે. ધર્મની ક્રિયા છતાં ક્રોધ, મોહ અને લોભ યથાવત્ છે. યુવાવર્ગ અને બાળકોમાં આવેગ અને આવેશને લીધે તેઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધ્યું છે. કેરિયરની ચિંતા સહુ કોઈ કરે છે. કેરેકટરની ચિંતા થતી નથી.

[શ્રીમતી અંજનાબહેન શાહે જૈન ફિલોસોફીના વિષય સાથે અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે. તેઓ પ્રેક્ષાધ્યાન અને 'સાયન્સ ઑફ લિવિંગ'ના વર્ગો ચલાવે છે. આચાર્ય મહાપ્રજ્ઞાજીએ તેમનું 'શ્રદ્ધાકી પ્રતિમૂર્તિ' એવૉર્ડ આપી સન્માન કર્યું છે.]

(૪) નયવાદ સમજાય તો સમાજમાંથી આડંબર ઘટી શકે

જાણીતા ચિંતક કૃષ્ણચંદ્ર ચોરડિયાએ 'જૈન ધર્મ મેં નયવાદ-વ્યવહારનય–નિશ્ચયનય' વિશે જણાવ્યું હતું કે જીવનમાં આપણે જે વસ્તુને જોઈએ છે તેના એકાદ પાસા ઉપર ધ્યાન આપીએ છીએ પરંતુ તેના અન્ય પાસા કે દૃષ્ટિકોણને નકારતા નથી. સોનાના માત્ર પીળા રંગ વિશે વાત કરીએ ત્યારે તેના વજન કે અન્ય ગુણધર્મો ઉપર ધ્યાન આપતા નથી. તે નય છે. એક વસ્તુને તબક્કાવાર સમજીએ તે નયવાદ છે. આ પદ્ધતિ જૈન ધર્મ સિવાય બીજે ક્યાંય નથી. નયવાદને સમજવા અનેકાંતવાદને સમજવો આવશ્યક છે. જેના એક કરતાં વધારે અંત છે અથવા બીજાના દૃષ્ટિકોણને સમજવો તે અનેકાંતવાદ છે. નયવાદ સમજાય તો સમાજમાંથી આડંબર ઘટી શકે. વ્યક્તિ અને તેનું નામ દાયકાઓ સુધી એક જ હોય છે. પરંતુ તે બાળક, યુવાન અને પછી વૃદ્ધ થાય છે. તે વ્યક્તિ તરીકેની ઓળખ દાયકાઓ સુધી યથાવત્ રાખે છે પણ તેની અવસ્થા બદલાતી જાય છે. આ પરિસ્થિતિનો સ્વીકાર તે અનેકાંતવાદનું ઉદાહરણ છે. દૂધમાંથી દહીં, છાશ અને માખણ પછી ઘી બને છે. દૂધમાં ઘી હોય છે પરંતુ તે દેખાતું નથી. જૈન ધર્મે જ્ઞાનને દેખાડવા માટે આ વર્ગીકરણ કર્યું છે. નિશ્ચયનય એટલે આપણે વસ્તુના સ્વરૂપને ઓળખીએ છીએ. આપણે કહીએ છીએ કે આ કાચની બરણી છે. આ કાયમી વાસ્તવિકતા છે. જોકે તેમાં માખણ ભર્યું હોય તો આપણે કહીશું કે આ માખણની બરણી છે. વ્યવહારિકતામાં આપણે કાચને નહીં પણ માખણને મહત્ત્વ આપ્યું છે. તે કાચની બરણી છે તે હકીકતને નકારી નથી. તે વ્યવહારનય છે.

[મૂળ રાજસ્થાનના ઓસવાલ જૈન પરિવારના કિશનચંદ ચોરડિયાનો જન્મ તામીલનાડુમાં થયો હતો. તેમણે તામીલ સાહિત્યમાં બી. એ.ની ડિગ્રી અને જૈનોલોજીમાં એમ.એ., એમ.ફીલ.ની ડિગ્રી મેળવી છે. તેમણે ૮૨ એકર ભૂમિમાં 'ચંદ્રપ્રભુ વેજિટેરિયન વિલેજીસ'ની સ્થાપના કરી છે. તામીલનાડુ સરકાર પર પ્રભાવ પાડીને કતલખાનું શરૂ થતું અટકાવ્યું હતું.]

(પર્યુષણ વ્યાખ્યાનમાળાના અન્યવ્યાખ્યાનો હવે પછી ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.) ✷ ✷ ✷

મુનિશ્રી સંતબાલજીની ભૂમિમાં જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સંપન્ન થયું

□ ગુણવંત બરવાળિયા

અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી સેંટર દ્વારા પારસધામ ટ્રસ્ટ પ્રેરિત જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૮નું આયોજન કરવામાં આવ્યું હતું.

યુગદિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા., પૂ. શ્રી પીયૂષમુનિજી તથા પૂ. શ્રી પ્રાણકુંવરબાઈ મ.સ.ના પાવન સાન્નિધ્યે ચીંચણમાં કુદરતી સૌંદર્ય સાથે અધ્યાત્મ સંગમ એક અનેરી અનુભૂતિ કરાવી ગયું. પૂ. ગુરુદેવના શ્રીમુખેથી ઉચ્ચારાયેલા શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રથી વાતાવરણમાં દિવ્યતા વ્યાપી ગઈ હતી.

જૈન સાહિત્ય જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન શ્રીમદ્ રાજચંદ્ર મીશન ધરમપુરના પ્રણેતા પરમ શ્રદ્ધેય ડૉ. શ્રી રાકેશભાઈ ઝવેરી દ્વારા ગુણવંત બરવાળિયા સંપાદિત જ્ઞાનધારા ગ્રંથના વિમોચનથી કરવામાં આવ્યું હતું. શ્રી મહેન્દ્રભાઈ પારેખે ગ્રંથ પૂજ્ય ગુરુદેવને અને શ્રી ચમનભાઈ વોરાએ ગ્રંથ પૂ. મહાસતીજીને અર્પણ કરેલ.

સેંટરના ટ્રસ્ટી અને સંયોજક ગુણવંતભાઈ બરવાળિયાએ સ્વાગત પ્રવચનમાં અધ્યાત્મ યોગિની પૂ. બાપજીના શિષ્યા પૂ ડૉ. તરુલતાબાઈ મહાસતીજીની પ્રેરણાથી સ્થપાયેલ આ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિની વિગતે વાત કરી હતી. વધુમાં જણાવેલ કે મુનિશ્રી સંતબાલજીની સેવા અને સાધનાની ભૂમિમાં, યુગ દિવાકર પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિની પાવન નિશ્રામાં પરમ શ્રદ્ધેય પૂ. રાકેશભાઈની ઉપસ્થિતિ સહિત ભારતભરમાંથી મોટી સંખ્યામાં પધારેલા વિદ્વાનોએ અહીં કાંચનમણી યોગનું સર્જન કર્યું છે.

ઉદ્‌ઘાટન પ્રવચનમાં પૂ. શ્રી રાકેશભાઈ ઝવેરીએ જણાવ્યું હતું કે મુનિશ્રી સંતબાલજીની પવિત્ર ભૂમિમાં પૂજ્ય નમ્રમુનિજીની નિશ્રામાં જ્ઞાનસત્રમાં અહીં આવવાનું થયું તે અમારા માટે એક આનંદ અને ગૌરવની ઘટના છે. તેમણે શ્રીમદ્ રાજચંદ્રજીના પત્રમાં વ્યક્ત થતાં આત્મચિંતન પર ચિંતનસભર પ્રવચન આપ્યું હતું. શ્રીમદ્‌જીના ઉપદેશમાં રહેલી પ્રભાવકતા અને આજના સંદર્ભમાં તેના મહત્ત્વ વિશે વિશદ છણાવટ કરી હતી.

જ્ઞાનસત્રના અધ્યક્ષસ્થાને એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટના ડાયરેક્ટર ડૉ. જિતેન્દ્ર બી. શાહ હતા. જિન શાસનની સાંપ્રત સ્થિતિ પર વક્તવ્ય આપતાં તેમણે જણાવ્યું હતું કે જૈન ધર્મતત્ત્વો વૈશ્વિક કક્ષાએ સ્વીકાર્ય છે. તેમના મતે સંસ્કૃતિના ત્રણ આધાર ભોજન, ભાષા અને પહેરવેશ. અત્યારે આ ત્રણે આધારો પર આક્રમણ થઈ રહ્યું છે. આમ જ આપણે નવા પ્રવાહો તરફ વળી જઈશું તો આપણી ઓળખ ગુમાવી દઈશું. જૈન જીવન શૈલી આદર્શ છે. પર્યાવરણ સંતુલન માટે 'ઈરિયાવહિયં' સૂત્ર સુધી જવું પડશે.

લાખો હસ્તપ્રતો અને તાડપત્રીય ગ્રંથોમાં જૈન ધર્મનું ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન સચવાયેલું પડ્યું છે. વિદ્વાનોનું કામ તેમનું સંપાદન-સંશોધન કરી લોકો સુધી પહોંચાડવાનું છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.એ મંગલ પ્રવચનમાં ફરમાવેલ કે જ્ઞાનસત્રનો હેતુ જ્ઞાન ઉપાર્જન કે જ્ઞાનવૃદ્ધિનો છે એ સાચું પણ એ જ્ઞાન આચરણામાં મૂકીએ તો જ કલ્યાણકારી બને. પૂ. ગુરુદેવે માહિતી અને જ્ઞાનનો તફાવત સ્પષ્ટ કરી સમ્યક્‌જ્ઞાન જ આત્માના ઉર્ધ્વગમન માટે ઉપકારી બને તે દર્શાવ્યું હતું. આ સત્ર યોજવા પાછળનો હેતુ એ જ છે. કંઈક સર્જવું છે, વિકાસ કરવો છે. ભગવાન મહાવીરના વિચારો અને સિદ્ધાંતોને વિશ્વના ફલક સુધી વિસ્તારવા છે કેમકે સંત બધે પહોંચી શકતા નથી. પરંતુ વિદ્વાનો, અનુયાયીઓ, કે ધર્મ પ્રચારક કે ધર્મ પ્રભાવકો દ્વારા મહાવીર દરેકને મળી જાય તો દરેકની આત્મદશા ઉચ્ચતમ દશા સુધી પહોંચી શકે કેમકે જે વીતરાગને પામ્યા છે એનો સંતોષ કરતાં પણ જે નથી પામ્યા તેનો અફસોસ થાય તો સર્વ પામી જાય એવી ભાવના દરેકના હૃદય સુધી પહોંચી શકે.

વધુમાં પૂજ્ય ગુરુદેવે જણાવ્યું હતું કે આપણા જિનાગમો ભારત અને વિશ્વના દરેક ગ્રંથાલય કે લાયબ્રેરીમાં હોવા જોઈએ. પૂજ્યશ્રીએ આગમોનો ઈંગ્લીશમાં અનુવાદ કરવા જણાવ્યું હતું. આગમોનો અનુવાદ સર્વમાન્ય બને તે માટે વિદ્વાનોને અંગ્રેજીમાં આગમોના અનુવાદ કરવા માટે પોતાની સેવા આપવા અનુરોધ કર્યો હતો.

શ્રીમદ્ રાજચંદ્રજીના પત્ર અને કાવ્ય કૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન વિષયમાં ૧. ડૉ. નિલેષ દલાલ, ૨. યોગેશભાઈ બાવીસી, ૩. પ્રવિણભાઈ શાહ-અમદાવાદ, ૪. ડૉ. રેખાબેન ગોસલીયા, ૫. ડૉ. કોકિલાબેન શાહ, ૬. ફાલ્ગુનીબેન શાહ, ૭. રમેશભાઈ ગાંધી, ૮. પ્રદીપભાઈ શાહ અને ૯. ડૉ. હંસાબેન ગાલાએ એક એક પત્ર અને એક એક કાવ્યકૃતિ પર રસદર્શન કરાવ્યું હતું. ઉપરાંત ૧૦. નરેન્દ્ર દોશી અને ૧૧. ડૉ. નવનીત શાહે કાવ્યકૃતિનો આસ્વાદ પાઠવ્યો હતો.

જૈનકથાનુયોગમાં વ્યક્ત થતું નીતિ, સદાચાર અને ધર્મદર્શન એ વિષયની બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. કાંતિભાઈ બી. શાહે સંભાળ્યું હતું. આ બેઠકમાં–૧. ડૉ. કાંતિભાઈ બી. શાહ, ૨. સેજલબેન શાહ, ૩. જશવંતભાઈ શાહ, ૪. ડૉ. કવિન શાહ-બિલીમોરા, ૫. ડૉ. રમણીકભાઈ પારેખ-અમદાવાદ, ૬. ડૉ. ભાનુમતી શાહ, ૭. ડૉ. રશ્મિબેન ભેદા, ૮. જયશ્રીબેન દોશી, ૯. ડૉ. અભય દોશીએ એક એક કથાનક સંક્ષિપ્તમાં રજૂ કરી અને તેનો આસ્વાદ કરાવી તેમાં વ્યક્ત થતાં ધર્મચિંતનનું નિરૂપણ કર્યું હતું.

મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબાજી અને મુનિશ્રી સંતબાલજીના સર્વધર્મ સમભાવ તથા સર્વધર્મ સમન્વયના વિચારો વિષયની બેઠકના

સત્રપ્રમુખસ્થાને ડૉ. ગીતાબહેન મહેતા હતા. પ્રસ્તુત બેઠકમાં–૧. ડૉ. ગીતાબહેન મહેતા, ૨. ધનલક્ષ્મીબેન બદાણી-નાગપુર, ૩. સમીર શાહ, ૪. હરજીવનભાઈ મહેતા અને ૫. ડૉ. રસિકભાઈ મહેતાએ પોતાના નિબંધો પ્રસ્તુત કર્યા હતા. ઉપરાંત આ વિષયમાં ૬. ડૉ. વર્ષાબેન ગાંધી સૂરત અને ૭. ડૉ. અનિલભાઈ દેસાઈએ પોતાના શોધપત્રો આપેલા.

જ્ઞાનસત્રના બીજા દિવસે કોઈપણ એક ઉત્તમ શ્રાવક કે શ્રાવિકાનું જીવન અને કાર્ય એ વિષય પરની બેઠક ડૉ. અભય દોશીના સત્રપ્રમુખસ્થાને શરૂ થઈ હતી. આ સત્રમાં ૧. ડૉ. અભય દોશી, ૨. ડૉ. રતનબેન છાડવા, ૩. ડૉ. રેણુકાબેન પોરવાલ, ૪. પ્રો. નવીનભાઈ કુબાડીયા, ૫. ડૉ. હિમંતભાઈ મહેતા, ૬. ડૉ. રશ્મિભાઈ ઝવેરી, ૭. ડૉ. ઉત્પલાબેન મોદીએ એક એક શ્રાવક અને એક એક શ્રાવિકાના જીવન અને કાર્ય પર પ્રકાશ પાડતાં નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

વર્તમાન સમયના સંદર્ભમાં જૈન ધર્મના પ્રચાર અને પ્રસાર માટે ધર્મપ્રભાવક શ્રેણીનું સ્વરૂપ અને મહત્ત્વ વિષય પર–૧. ગિરીશભાઈ શાહ (અમેરિકા)એ વિદેશોમાં જૈન ધર્મની પ્રવૃત્તિના સંદર્ભે આ વિષયમાં પ્રકાશ પાડ્યો હતો. ૨. બીનાબેન ગાંધી અને ૩. કિશોરભાઈ બાટવીયા (ભાવનગર)એ પોતાના નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

શ્રી પ્રાણગુરુ જૈન સેંટર દ્વારા પ્રકાશિત ડૉ. રશ્મિભાઈ ઝવેરી દ્વારા લિખિત પુસ્તક-'ભગવાન મહાવીરનું વસિયતનામું' અને 'હા પસ્તાવો...' ડૉ. જિતેન્દ્ર બી. શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ડૉ. કાંતિભાઈ બી. શાહે હસ્તપ્રત સંશોધન સંપાદનની પ્રક્રિયા પર વિશ્લેષણ કરતું પ્રવચન આપ્યું હતું.

ડૉ. બિપીન દોશીએ મહારાષ્ટ્રના જૈન મંદિરોની વિશિષ્ટતા પર પાવર પોઈંટ પ્રેઝન્ટેશનની સી.ડી. અર્પણ કરી હતી.

પ્રથમ દિવસે રાત્રિના 'કર્મનું વિષચક્ર અને પ્રેક્ષાધ્યાન' વિષય પર ડૉ. રશ્મિભાઈ ઝવેરીએ પાવર પોઈંટ પ્રેન્ટેશન કર્યું હતું. ડૉ. રસિકભાઈ મહેતાએ લોકસાહિત્ય વિષય પર પ્રકાશ પાડી સૌને ભાવવિભોર કરી દીધા હતા.

કાર્યક્રમનું સંચાલન સુરેશભાઈ કોઠારી–અમદાવાદ (પૂર્વ પ્રમુખ જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન)એ સુંદર રીતે કર્યું હતું.

જ્ઞાનસત્રના સંયોજક ગુણવંતભાઈ બરવાળિયાએ ઉપસ્થિત સર્વ વિદ્વાનો અને મહેમાનોનો આભાર માન્યો હતો અને આ મંચ પરથી જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઈ બોલાયું હોય તો મિચ્છામી દુક્કડમ્ કહ્યું હતું. પૂ. ગુરુદેવના માંગલિકથી જ્ઞાનસત્રની સમાપ્તિ થઈ હતી.

આશ્રમમાં વિદ્વાનો અને મહેમાનો માટે સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઉપરાંત તમામ વિદ્વાનોને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ. દરેકે દરિયા કિનારે મુનિશ્રી સંતબાલજીની સમાધિના દર્શન કર્યા હતા.

આ જ્ઞાનસત્રને યશસ્વી, યાદગાર અને અવિસ્મરણીય બનાવવા માટે જ્ઞાનસત્ર આયોજન સમિતિના સભ્યો સર્વશ્રી ગુણવતંભાઈ બરવાળિયા, પ્રવિણભાઈ પારેખ, યોગેશભાઈ બાવીસી, ડૉ. રસિકભાઈ મહેતા, પ્રકાશભાઈ શાહ, સુરેશભાઈ પંચમીયા અને પ્રદીપભાઈ શાહે ભારે જહમત ઉઠાવી હતી.

✷ ✷ ✷

૬૦૧, સ્મિત,
ઉપાશ્રય લેન,
ઘાટકોપર (ઈસ્ટ)
gunvant.barvalia@gmail.com
Mobile : 09820215542

એક સંશ્લિષ્ઠ કાર્યકરની વસમી વિદાય

શ્રી ગાંગજીભાઈ શેઠિયા

શ્રી ગાંગજીભાઈ શેઠિયા અરિહંતશરણ થયા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે એના એક સંશ્લિષ્ઠ અને સક્રિય સાથીને ગુમાવ્યા છે.

શ્રી ગાંગજીભાઈ એટલે સદાય હસતા અને હસાવતા એક ઝિંદાદિલ માનવી. ગુજરાતી અને હિંદી સાહિત્યની ઉત્તમ કવિતાઓ એમના મુખમાંથી સરિતાના ઝરણાંની જેમ વહે. પ્રવાસમાં ગાંગજીભાઈનો સાથ હોય એટલે એ પ્રવાસ ચેતનવંતો બની જાય. આ સંસ્થાની કોઈપણ પ્રવૃત્તિમાં એમનો તન–મન–ધનથી સાથ હોય જ. આ સંસ્થાના નવા મકાનના નવનિર્માણ માટે પૂંજી એકત્ર કરવા એમણે સફળ યોજના બનાવી હતી. ચિંતનશીલ અને સર્જનાત્મક વિચારોથી એઓ વિભૂષિત હતા.

મોઢામાં ચાંદીના ચમચા સાથે એઓ જન્મ્યા ન હતા, પરંતુ પ્રબળ પુરુષાર્થ અને પ્રમાણિકતાથી એમણે પોતાના જીવનને સમૃદ્ધ બનાવ્યું હતું. પોતાના જીવનની ગઈકાલ એ ક્યારેય ભૂલ્યા ન હતા, એટલે જ એમના વર્તમાન અને ભવિષ્ય સુગંધી બન્યા હતા.

આ સહૃદયી સજ્જન આ સંસ્થા ઉપરાંત જૈન આધ્યાત્મ સ્ટડી સર્કલ, લાફ્ટર ક્લબ અને અન્ય સંસ્થાઓના પોતાના સેવા કાર્યથી પ્રાણ બની ગયા હતા.

સંગીત, કવિતા અને પ્રવાસના શોખીન ગાંગજીભાઈ વિશ્વ પ્રવાસી હતા, તેમજ સર્વ ધર્મ સમન્વયના ચિંતક હતા.

'પ્રબુદ્ધ જીવન'માં પંથે પંથે પાથેયમાં પ્રગટ થયેલ એમના સત્ય જીવન પ્રસંગોને પ્રબુદ્ધ જીવનના વાચક તરફથી ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો હતો. એ પ્રસંગોમાં સત્ય અને સંઘર્ષનો સમન્વય હતો.

આવા ઉમદા માનવીનનું આપણી વચ્ચેથી ઊઠીને ચાલ્યા જવું એ પળ એમના ચાહકો અને સંબંધીઓ માટે કેટલી બધી વસમી બની હશે એ હકીકત તો કલ્પનાતીત છે.

પ્રભુ આ શુભ આત્માને શાંતિ અર્પો.

□ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર

જયભિખ્ખુ જીવનધારા : ૩૨

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[વિપુલ જૈન કથાસાગરમાં ડૂબકી મારીને એનાં તેજસ્વી મોતી દ્વારા માનવતાનો ઝળહળાટ વેરવાનો સર્જનપુરુષાર્થ યુવાન સર્જક જયભિખ્ખુ આરંભે છે. તેઓ કઈ રીતે રૂઢ પરંપરાગત અને નિરસ શૈલીથી લખાયેલા કથાનકોને નવું રૂપ આપે છે તે જોઈએ આ બત્રીસમા પ્રકરણમાં.]

માનવતાનો સંસ્પર્શ

યુવાન સર્જક જયભિખ્ખુના જીવનને કલમની દિશા મળી. ઊંડા અભ્યાસે સર્જનનો વિષય મળ્યો અને અનુભવો પાસેથી આલેખનની આગવી દૃષ્ટિ સાંપડી. જયભિખ્ખુએ જૈનકથાઓ અને ચરિત્રોના વિશાળ સાગરમાંથી મોતીની ખેપ કરવાનું નક્કી કર્યું. એમાં એમને નવા અને કલ્પનાને ઉત્તેજક વિષયો મળી આવ્યા, એટલું જ નહીં, પણ આ એવા વિષયો હતા કે જે વિષય પર માત્ર પરિભાષાથી ખીચોખીચ અને સંસ્કૃત-પ્રાકૃત કથાનાં નિરસ અનુવાદ જેવી કથાઓ ગુજરાતી ગ્રંથોમાં લખાયેલી હતી. જયભિખ્ખુની કલમના જાદુથી આ નિરસ કથાસૃષ્ટિ રસથી તરબતર બની જવા લાગી. એમનો સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી અને ઉર્દૂ ભાષાનો અભ્યાસ કથાનકની ભાવસૃષ્ટિ અને વર્ણ્ય વિષયમાં નવાં રંગો પૂરવા લાગ્યો. એક સર્જક તરીકે આ બધું સાહજિક હતું, પરંતુ એમની સામે સૌથી મોટો પડકાર તો સાંપ્રદાયિક સંકીર્ણતાને બદલે વ્યાપક માનવમૂલ્યોની નવીન સૃષ્ટિ રચવાનો હતો, આથી પ્રસંગોની પસંદગી અને આલેખન રીતિમાં એમણે એવો કસબ અજમાવ્યો કે આ કૃતિઓ એની સર્જનાત્મકતા અને વ્યાપકતાને કારણે જૈન–જૈનેતર સહુ કોઈ વાંચી શકે અને એના મૂળમાં ધરબાયેલી મનવતાનો સંસ્પર્શ પામી શકે.

જૈનકથાનકો અને ચરિત્રો ધાર્મિક પરિભાષા અને ધાર્મિક ક્રિયાકાંડોની બહુલતા ધરાવતા હતા. રૂઢ આલેખન શૈલીમાં અને એક નિશ્ચિત ચોકઠા મુજબ જ એનું આલેખન થતું હતું. અરે! વ્યક્તિ કે વિભૂતિને માટેનાં વિશેષણો પણ નિશ્ચિત અને નિર્ધારિત હતા! જયભિખ્ખુ આવા પરંપરાગત કથાનકો વાંચે છે. એને વિશે પોતાની નોટબુકમાં નોંધ કરે છે અને પછી એ નોંધના મુદ્દાને આધારે આગવી કથાસૃષ્ટિનું સર્જન કરે છે.

સંસ્કૃત અને ઉર્દૂ સાહિત્યના અભ્યાસને કારણે એમનાં પાત્રોની દેહછટાનું અને પરિસ્થિતિનું વર્ણન તેઓ કુશળ રીતે કરી શકે છે. ૧૯૪૦માં જયભિખ્ખુની 'કામવિજેતા સ્થુલિભદ્ર' પ્રગટ થાય છે. આની પાછળનો એમનો ઉદ્દેશ એ હતો કે જૈનોના કથાસાગરમાં પડેલા અમૂલખ મોતીમાંથી કેટલાકનું પૂર્વગ્રહરહિતતાથી આલેખન કરવું. તેઓ સ્પષ્ટતા કરે છે કે આજે જૈન શબ્દ જાતિવાચક બની ગયો છે. એવો જાતિવાચક એ ધર્મ નહોતો, અને તેથી આ કથાને જૈનકથા માનવાની કોઈ ભૂલ ન કરે. વળી સ્પષ્ટરૂપે 'કામવિજેતા સ્થુલિભદ્ર'ની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં નોંધે છે,

'વર્ણથી જૈન ધર્મને નિસ્બત જ નહોતી, એક બ્રાહ્મણ રહીને પણ જૈન બની શકતો. અહિંસા, સત્ય અને તપમાં શ્રદ્ધા ધરાવનાર, જીવ માત્રને સમાન કલ્પનાર; દર્શન, જ્ઞાન અને ચારિત્રનો પિપાસુ, આત્માના પુરુષાર્થથી જ આત્માના ઉદ્ધારમાં શ્રદ્ધા ધરાવનાર, કોઈ પણ રાય કે રંક, નીચ કે ઊંચ, ક્ષત્રિય, વૈશ્ય કે શૂદ્ર, આ પતિતપાવન ધર્મનો ઉપાસક બની શકતો, એને કોઈ અંતરાય ન નડતો.'

લેખક એવી પણ 'ચોખવટ' કરે છે કે જૈન ધર્મની ઈતિશ્રી કોઈ જાતિ કે સમૂહમાં નથી, તેથી જૈન અને બ્રાહ્મણ એવા ભેદનો કોઈ અર્થ નથી. જયભિખ્ખુનો બાળપણાનો ગોઠિયો બ્રાહ્મણ હતો અને વિદ્યાર્થીકાળનો સાથી પઠાણ હતો, આથી એમના ચિત્તમાં આપોઆપ વર્ણ કે જાતિનો કોઈ મહિમા નહોતો.

પોતાની નવલકથાનું વસ્તુ કઈ રીતે પસંદ કરવું? એમણે જોયું કે વ્યક્તિ જગતમાં બધું જીતી શકે છે, પણ કામને જીતવો મુશ્કેલ છે. જેણે કામને જીત્યો, એને સંસારમાં જીતવા જેવું ઓછું બાકી રહે છે. આવી કામવિજયની કથા માટે સ્થૂલિભદ્ર અને કોશાની કથાથી બીજો ક્યો વિષય આકર્ષક હોઈ શકે! માનવીની મર્યાદા કે ક્ષતિઓની સાથોસાથ એના દોષો પ્રત્યે ઘૃણા કે ધિક્કાર રાખવાને બદલે સહાનૂભૂતિ અને સંવેદના ધારણ કરવાનું સર્જક કહે છે. કામરાગમાં લિપ્ત એવો માનવી સર્પ કાંચળી ફગાવે તેમ, જીવનના ભોગવિલાસોને ફગાવી મુનિઓમાં મહાન પણ બની શકે છે.

નવલકથાનો મુખ્ય આશય તો એ છે કે પતિતનો ધિક્કાર કરવાને બદલે એના પ્રત્યે સમભાવ રાખવો જોઈએ, કારણ એટલું જ કે માનવીના હૃદયમાં સત્ અને અસત્ એમ બંને વસેલા હોય છે. માત્ર અસત્નો અંધકાર હોતો નથી. એનામાં સત્નો દીવો પણ પેટાવી શકાય છે.

આ કૃતિમાં એકબાજુ સ્થૂલિભદ્ર અને રૂપકોશાની પ્રણયકથા છે, તો બીજીબાજુ પાટલીપુત્રમાં ચાલતી રાજનીતિ, શાસક અને પ્રજાનાં બદલાતા વિચારો અને દૃષ્ટિબિંદુઓની કશમકશ છે. પ્રેમનો પ્રબળ ઉછાળ અને રાજનીતિનો પ્રખર પ્રપંચ – એમ બંનેને ગૂંથવાનો પ્રયાસ કર્યો છે. કથાનો સમય થોડે અંશે ઐતિહાસિક અને થોડે અંશે પ્રાગ્ ઐતિહાસિક છે. આમ લેખક એક વિશિષ્ટ કથાવસ્તુ પર પસંદગી ઢોળે છે. આ પૂર્વે ગુજરાતી સાહિત્યમાં 'ગુલાબસિંહ' કે 'યોગિનીકુમારી' જેવી નવલકથાની રચના ધાર્મિક કથાવસ્તુને કેંદ્રમાં રાખીને કરવામાં આવી હતી, પરંતુ પહેલી જ વાર જૈન સાહિત્યમાં રહેલી કથાને

નવલકથાનું રૂપ આપવાનો પ્રયાસ આ યુવાન સર્જક કરે છે.

ઈતિહાસની નાનામાં નાની વિગતોની નોંધ પોતાની નોંધપોથીમાં રાખતા જયભિખ્ખુને માટે રાજમહેલો, રંગશાળાઓ, ઉદ્યાનો, ગાલીચા, વેશભૂષા – આ બધાનાં વર્ણનો કરવા સરળ અને સહજ છે અને એ રીતે એમની વર્ણનકલાથી એ વાતાવરણને જીવંત કરી શકે છે. કામવિજેતા સ્થૂલિભદ્રમાં આવતાં વર્ણનો વિશે નવલકથાના 'આમુખ'માં પ્રો. રવિશંકર જોષી લખે છે – 'તે યુગમાં આવાં કંઈ કંઈ દૃશ્યો રજૂ કરી તેવીસસો-ચોવીસસો વર્ષ પહેલાનાં સ્થળ-કાળને લેખક પોતાની અદ્‌ભુત પ્રતિભાશક્તિથી વાચકની કલ્પનામાં જીવંત રમતાં કરી મૂકે છે, એ નાનીસૂની સાહિત્ય – સિદ્ધિ નથી.'

નવલકથાના કથાવસ્તુ માટે ઐતિહાસિક તથ્યો અને ધર્મગ્રંથોનાં કથાનકોનો લેખકે ઉપયોગ કર્યો છે. સ્થૂલિભદ્ર, મહામંત્રી શકટાલ, નંદરાજ, મૌર્ય ચંદ્રગુપ્ત, ચાણક્ય એનાં મુખ્ય પાત્રો છે અને લેખકની એક વિશેષતા એ છે કે નવલથામાં એમણે કોઈ કાલ્પનિક પાત્રનું સર્જન કરીને એનો મહિમા કર્યો નથી. પાત્રના આલેખનમાં ભાવનાના રંગ પૂરે છે, પરંતુ એની ઐતિહાસિકતા પૂરેપૂરી જાળવી છે. સ્થૂલિભદ્રના પાત્રના આંતરસંઘર્ષનું નિરૂપણ કરીને લેખકે રાગ અને વિરાગ વચ્ચે ઝૂલતા માનવીની વાત કરી છે. આમાં ભગવાન મહાવીરના ઉપદેશો એવી સરળ ભાષામાં રજૂ થયા છે કે ક્યાંય એમાં સાંપ્રદાયિકતા લાગતી નથી. વર્ણન અને સંવાદોમાં લેખકની આગવી હથોટી પ્રગટ થાય છે, પરંતુ એની સાથોસાથ લેખકની નારી ગૌરવની ભાવના પણ વ્યક્ત થઈ છે.

યુવાન જયભિખ્ખુએ ઘણી નાની વયે પોતાની આસપાસના સમાજમાં થતી નારીની અવહેલના જોઈ હતી. એના પર સમાજ રૂઢિઓની એવી ભીંસ હતી કે એને માટે આત્મહત્યા એ જ અંતિમ શાંતિસ્થાન બનતું. એમની આ નવલકથામાં નારીની સ્થિતિ પ્રત્યેની એમની હમદર્દી આગવી રીતે પ્રગટ થઈ છે. કોશા એ ગણિકા છે અને તેમ છતાં એનામાં રહેલા ઉદાત્ત નારીતત્ત્વને એવી રીતે લેખકે પ્રગટ કર્યું છે કે વાચકને આ ગણિકા પ્રત્યે લેશમાત્ર નફરત થાય નહીં. મુનિ સ્થૂલિભદ્રને પોતાના રૂપ-શૃંગારથી આસક્ત કરવા ચાહતી કોશાના આલેખનમાં ક્યાંય સ્થૂળતા, જુગુપ્સા કે અશ્લીલતા જોવા મળતી નથી. કામાસક્ત કોશાના પાત્ર પ્રત્યે એક નવા જ પ્રકારનું આલેખન મળે છે. એ પોતાના શીલને હોડમાં મૂકવાને બદલે સદાય પોતાના ગૌરવને અક્ષત રાખે છે અને એમ પણ કહે છે –

'સ્ત્રી સદા અપયશની ભાગી બનતી આવી છે, પણ જો કોઈ સમજી શકે તો સ્ત્રી સંજીવની છે અને એ વાત જ્યારે સમજાશે ત્યારે મોતના મુખમાંથી છૂટવા વલખાં મારતું જગત નવજીવન પામશે. (પૃ. ૪૨)'

આ જ રીતે પ્રણયની સાથોસાથ રાષ્ટ્રપ્રેમનું આલેખન પણ આ કૃતિમાં મળે છે અને ક્યાંક લેખકની પ્રવાહી શૈલીમાંથી સુંદર અલંકારસૃષ્ટિ પણ પ્રગટે છે, જેમકે લેખકે પ્રયોજેલો આ ઉત્પ્રેક્ષા અલંકાર જોઈએ :

'સ્થૂલિભદ્રને વિરામાસન પર બેસાડી એના સ્કંધ સાથે પોતાના સ્કંધ અડાડી કોશા બેઠી. હિમવંત પાસે જાણે ઉષા ઉગી! (પૃ. ૭૮)'

તો ક્યાંય આવાં માર્મિક વાક્યો પણ મળે છે :

'શું વિલાસ તે કોઈ અનન્તકાલીન ભૂખ્યું ભિક્ષાપાત્ર છે?(પૃ. ૧૯૩)'

'પ્રીતથી પ્રીત એ સાધુધર્મ, ભયથી પ્રીત એ રાજધર્મ. (પૃ. ૨૦૬)'

સર્જક જયભિખ્ખુ એ જીવનધર્મી સર્જક છે અને તેથી 'કામવિજેતા શ્રી સ્થૂલિભદ્ર' દ્વારા સત્તા અને ભોગવિલાસ તરફ વેગથી ધસી રહેલા આ યુગને સંયમ અને ત્યાગ તરફ વાળવાનો એમનો પ્રયત્ન છે. આ નવલકથા દ્વારા લેખક ધાર્મિક તત્ત્વોને માનવતાના વિશાળ ફલક પર આલેખીને વર્તમાન યુગને આવો સંદેશો આપવા માગે છે. આ નવલકથા સારી એવી લોકચાહના જગાડે છે, એટલું જ નહીં, પણ એ સમયે સમાજમાં એને આદર પ્રાપ્ત થાય છે, જે આ યુવાન લેખકના સર્જનમાં નવું બળ બની રહે છે; પરંતુ કામવિજેતા શ્રી સ્થૂલિભદ્ર નવલકથાને દુર્ભાગ્યે વિવેચકોની ઉપેક્ષા મળે છે.

આ નવલકથાની પ્રસ્તાવનામાં લેખકે ભય સેવ્યો હતો કે આ નવલકથાને કોઈ જૈનનવલકથા ગણીને વાંચવાનું ટાળશે. એ ભય એમણે ધાર્યો હતો તેના કરતાંય વધુ સાચો ઠર્યો. એ પછીની નવલકથા 'મહર્ષિ મેતારજ' (જેની 'સંસારસેતુ'ના નામે ચોથી આવૃત્તિ પ્રગટ થઈ)માં તેઓ લખે છે – 'આજે પરિણામ આવ્યું છે કે વિવેચકો સારા કે નરસા પણ સંપ્રદાયને લગતા એવા પુસ્તકને જોઈને – 'રાતું કપડું જોઈ ભેંસ ભડકે' એમ ભડકી ઊઠે છે. તેઓ સારાં પુસ્તકને પણ તુચ્છકારીને અવહેલનાની ટોપલીને હવાલે કરે છે.'

લેખકના ચિત્તમાં એવો વિચાર હતો કે જૈન કથાસાહિત્યની વિષયવસ્તુને બદલે કોઈ અન્ય વિષયવસ્તુ પર કલમ ચલાવવી. કોઈ ઐતિહાસિક કથાનું આલેખન કરવું કે પછી કોઈ અન્ય ધર્મનું કથાનક લેવું, પરંતુ એ સમયે લેખકના સ્વાધ્યાય દરમ્યાન એક નવી હકીકત હાથ લાગી. એમને એક અંત્યજ મુનિની કથા મળી અને એક બાજુ 'કામવિજેતા સ્થૂલિભદ્ર'નું સર્જન થતું જાય, તો બીજીબાજુ એક સાપ્તાહિક-પત્રમાં મહર્ષિ મેતારજની સળંગ કથા કલમમાંથી વહેવા લાગી.

સ્થૂલિભદ્રના પાત્રની અનેક વિગતો અને ઘટનાઓ મળતી હતી. એમના જીવનપલટાની રોચક કથા પ્રસિદ્ધ હતી. જ્યારે આ અંત્યજ મુનિ મેતારજના જીવન વિશે માત્ર ઝાંખી-પાંખી રેખાઓ મળતી હતી. કામવિજેતા સ્થૂલિભદ્રના સમયગાળાનો એક છેડો છેક પ્રાગૈતિહાસિક સમય સુધી પહોંચતો હતો, જ્યારે મહર્ષિ મેતારજનું કથાનક અઢી હજાર વર્ષ પૂર્વેનું હતું. આમ છતાં આ મુનિ વિશે બહુ ઓછી માહિતી મળતી હતી.

યુવાન જયભિખ્ખુએ એ સમયે ઘણા ગ્રંથો ઉથલાવ્યા, પરંતુ એકાદ બે અધૂરી સજ્ઝાયો અને થોડી તૂટક-છૂટક માહિતી સિવાય કંઈ મળ્યું

નહીં. પરંતુ સર્જકના ચિત્ત પર મહર્ષિ મેતારજનું પાત્ર એવું છવાઈ ગયું હતું કે એમાંથી એમને 'નવક્રાંતિનાં અનેક બળોનું દર્શન' લાધ્યું, એ સમયનું ભગવાન મહાવીરના જીવનકાળનું વાતાવરણ પણ એમને માટે પ્રબળ આકર્ષણનો વિષય બન્યું. સ્યાદ્‌વાદના પરમ ધારક જ્ઞાતપુત્ર મહાવીરની ઉપદેશધારા ક્યાં ક્યાં અને કેવી રીતે વહી, એનું સળંગ દર્શન આલેખવાનું આ યુવાન સર્જકને મન એ માટે થયું કે એના દ્વારા જૈન ધર્મની વિશાળતાને દર્શાવી શકાય.

મનમાં એવો પણ વિચાર આવ્યો કે જાતિ, મહત્તા અને ધર્મજડતાએ મહર્ષિ..મેતારજના જીવનને બને એટલું ગોપવ્યું હશે અથવા તો રૂઢિગ્રસ્તતાએ એને ગૌણ બનાવી દીધું હશે, તો શા માટે આ ચરિત્ર આલેખીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થને દર્શાવતા આ અંત્યજ મુનિનાં પ્રમાણમાં અજ્ઞાત રહેલા પણ અતિ તેજસ્વી ચરિત્રને કેમ ન આલેખવું ? આમ મુનિ સ્થૂલિભદ્રના જીવનને આલેખનારી કલમ હવે મુનિ મેતારજના અલ્પપ્રસિદ્ધ જીવનને આલેખવા માટે ઉત્સુક બની. જેવું આકર્ષણ મુનિ મેતારજનું હતું, એવું જ આકર્ષણ મહાવીર અને બુદ્ધના એ સમર્પણશીલ કાળનું હતું અને તેથી આમાં કર્મશૂર અને ધર્મશૂર રોહિણેય, અલબેલી વિરૂપા, છેલછબીલો માતંગ અને નૃત્યકુશળ દેવદત્તા, પ્રબળ પરાક્રમી મગધેશ્વર ને બુદ્ધિનિધાન મહામંત્રી અભય જેવાં પાત્રો નવલકથામાં આલેખાયા છે.

કવિશ્રી 'સુંદરમ્'એ જ્ઞાતપુત્ર મહાવીર અને પ્રતિનાયક રોહિણેયનાં પાત્રો જે રીતે આલેખાયાં છે તેના વિશે લખ્યું છે કે ગુજરાતી સાહિત્યમાં મહાવીરનું આવું સજીવ ચિત્ર બીજું ભાગ્યે જ હશે. એથીય વિશેષ આ નવલકથામાં રોહિણેયના પાત્ર વિશે કવિ સુંદરમ્ નોંધે છે –

'રોહિણેયનું પાત્ર લેખકની શક્તિનું એક અનોખું સર્જન કહેવાય તેવું છે. એની અજેય સ્વસ્થતા, અખૂટ શારીરિક શક્તિ, બુદ્ધિશીલતા તેમ જ એની પરાક્રમગાથા તેને અસ્વાભાવિકતાની હદે પહોંચતી, પરીકથામાં સંભવે તેવી ગુણવત્તાથી ભરી દે છે, છતાં એની રંગદર્શિતા ખરેખર આલ્હાદક બને છે. વાર્તાના રસનું – એ રસ આખી વાર્તામાં ગૌણ છે, છતાં પ્રધાન આધાન આ પાત્ર બની રહે છે.'

આમાંના કાવ્યરસિક પ્રસંગો ઉત્તમ ઊર્મિકવિતાની છટાએ પહોંચી શક્યા એવું નોંધીને કવિ સુંદરમ્ કહે છે કે આમાં લેખકના અભ્યાસનો પરિપાક અને કલ્પનાની સૌંદર્યસર્જક શક્તિ બતાવી શક્યા છે. આમાં પણ લેખકની આલેખન શૈલી દ્વારા ભારતની ભવ્ય ત્યાગપ્રધાન સંસ્કૃતિનું એક સુંદર ચિત્ર ઉપસી આવે છે. ✷✷✷

(ક્રમશઃ)

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૧૫)

બાર વ્રતની પૂજામાં એક પંક્તિ આવે છે કે

જૂઠાં નરપત, ભૂમિ ભોજન
જળ છંટકાવ કર્યો રે !
મોહન મેરો, મુગતિ સે જાઈ મિલ્યો !

આ પંક્તિઓમાં એક સુંદર કથા છે. એક હરિજન સ્ત્રી કોઈ વૃક્ષની નીચે જમવા બેસે છે. તેની પાસે બે પતરાળાં છે. ભોજનમાં માંસ છે. એ જમીન શુદ્ધ કરે છે કેમકે જમવા બેસવું છે. એ સમયે ત્યાંથી એક બ્રાહ્મણ પસાર થાય છે. એ શૂદ્ર સ્ત્રીને આમ કરતી જોઈને પૂછે છે કે તારે માંસનું ભક્ષણ કરવાનું છે અને રક્તનું પાન કરવાનું છે પછી જમીન સાફ કરવાની શી જરૂર ?

બ્રાહ્મણ મજાકમાં હસે છે.

એ સમયે શૂદ્ર સ્ત્રી કહે છેઃ

'હે બ્રહ્મદેવતા, મારે માંસનું ભક્ષણ કરવાનું અને રક્તનું પાન કરવાનું એ તો મારા કર્મનો પ્રતાપ છે. એનું મને દુઃખ પણ છે. પણ હું આ જમીન એટલા માટે શુદ્ધ કરું છું કે આ રસ્તા પરથી અનેક જૂઠાં, પાપી, અનીતિવાન, વ્યભિચારી માણસો પસાર થાય છે એના પુદ્‌ગલો મને અડી ન જાય અને હું એમના જેવી ખરાબ ન થઈ જાઉં !'

ધર્મ યાદ આવે તે પુણ્ય છે. પૈસા વધે ત્યારે ભગવાન ભૂલાઈ જાય છે. સુખમાં સોની યાદ આવે છે. દુઃખમાં રામ યાદ આવે છે.

પ્રત્યેક જીવ હીરા જેવો છે. એ એવો હીરો છે કે તેના પર સંસ્કારની પહેલ પડવાની બાકી છે.

પ્રત્યેક પળે ભગવાનને હૃદયમાં રાખો. ક્લેશ અને ઝગડાથી દૂર રહો.

ક્લેશથી ભરેલું મન એટલે સંસાર. ક્લેશથી મુક્ત મન એટલે ભવ પાર.

(૧૬)

જ્યારે પણ સમય મળે ત્યારે સારા કામ કરો. સજ્જનનો ધર્મ શું ?

તમારો દુશ્મન કોણ ? તમે પોતે. કર્મ તમારો દુશ્મન નથી. કર્મને તમારી સાથે વેર શા માટે હોય ? તમારું કામકાજ જ એવું છે કે પાપ કર્મ બંધાય છે. તમારું કામકાજ સુધારો. પછી કોઈને દોષ આપવો નહીં પડે.

મરીચી મુનિએ વિચિત્ર વેશ ધારણ કરેલો. એ બિમાર પડ્યા. આદિનાથ પ્રભુના કોઈ સાધુએ તેમની સેવા કરી નહીં. મરીચી મનથી નિરાશ થઈ ગયા. એ સમયે કપિલ નામનો એક રાજકુમાર તેમની

પાસે આવ્યો. મરીચીએ ધર્મોપદેશ આપ્યો. કપિલે કહ્યું કે મને દીક્ષા આપો. મરીચી કહે કે દીક્ષા લેવા માટે ભગવાન પાસે જા. કપિલે ગજબ સવાલ પૂછ્યોઃ

'તમે જે જીવન જીવો છો તેમાં ધર્મ નથી?'

મરીચી હા કહે તો ઉત્સૂત્ર ભાષણ થાય. ભગવાનથી વિરુદ્ધ કથન કર્યાનું ભયાનક પાપ લાગે. અને ના કહે તો કપિલ સામે આબરુ જાય.

સાચું બોલવાની હિંમત જોઈએ. જૈન સંઘમાં આજે પણ અસત્ય અને અભિમાનને કારણે પ્રગટેલા અનેક વિવાદો આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યાં છીએ.

મરીચીએ એવું કહ્યું કેઃ 'અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે!'

આટલું જ વચન અને મરીચીનો કેટલો સંસાર વધી ગયો.

સત્યના સ્વીકાર માટે હિંમત જોઈએ.

આપણે શ્રેષ્ઠ સંસ્કારોથી વંચિત કેમ રહીએ છીએ? જે નમ્ર છે તેને સદ્‌વિચાર ગમે છે. સંસ્કારના રસ્તે ચડ્યા વિના કોઈ આરો નથી. જ્યાં સંસ્કાર નથી ત્યાં ધર્મ નથી. સંસ્કારનો પાયો મજબૂત હશે તો ધર્મની ભવ્ય ઈમારત ખડી થશે. ✷ ✷ ✷

સંતોષ ટાવર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, અંધેરી, મુંબઈ.

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાની વૈજ્ઞાનિકતા

❑ શ્રી રાજેન્દ્રકુમાર સારાભાઈ મહેતા

'મંત્ર' એટલે નિશ્ચિત પ્રકારના હ્રસ્વ, દીર્ઘ, ગુરુ, લઘુ ઉચ્ચારણો ધરાવતા, અમુક નિશ્ચિત પ્રકારના અક્ષરોનો સુઆયોજિત સમૂહ. આ વ્યાખ્યા શ્રી નમસ્કાર મહામંત્ર, શ્રી ભક્તામર મંત્ર, કે શ્રી ગાયત્રી મહામંત્ર કે અન્ય કોઈ પણ મહામંત્રને લાગુ પાડી શકાય છે. આ મંત્રબીજાક્ષરોમાં જ મહામંત્રોની વૈજ્ઞાનિકતા સમાયેલ છે. આજના ક્રાંતિકારી વિજ્ઞાનયુગમાં પણ, વિજ્ઞાનની કસોટીઓમાં પરીક્ષણ પામી, મંત્રામ્નાયો સત્ય સાબિત થઈ શકે છે.

વિજ્ઞાનવાદના પ્રભાવથી અંજાયેલ આજના યુવાનવર્ગને, સમજણપૂર્વકની સાચી શ્રદ્ધા ઉત્પન્ન કરવા, શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના વિધિ અને તેની ફલશ્રુતિની વૈજ્ઞાનિકતા સમજાવવાની જરૂર છે.

આજનું વિજ્ઞાન 'ધ્વનિની શક્તિ'નો સ્વીકાર કરે છે. વિજ્ઞાનના નિયમ અનુસાર, કોઈ પણ બે પદાર્થોના અથડાવાથી, પ્રતિ સેકંડ ૧૬ જેટલા કંપનો ઉત્પન્ન થાય તો 'ધ્વનિ' સર્જાય છે. જેમ કંપનોની સંખ્યા વધારે સર્જાય છે, તેમ 'ઘોંઘાટ'ની માત્રા વધે છે. પરંતુ જો પ્રતિ સેકંડ ૪૦,૦૦૦ થી વધારે કંપનો સર્જાય, તો ધ્વનિ 'અશ્રાવ્ય' બની જાય છે. વિજ્ઞાન તેને 'પેરાસોનિક સાઉન્ડ' નામે ઓળખે છે. આ સાઉન્ડની શક્તિ એટલી બધી તીવ્ર હોય છે, કે તે દરેક પ્રકારના વિઘ્નોનું છેદન-ભેદન કરીને, અતિ તીવ્ર ઝડપે, નિર્ધારિત સ્થળે પહોંચી જાય છે. અવકાશયાત્રીઓ આ સાઉન્ડની મદદથી, પૃથ્વીલોક જોડે વાતચીત કરી શકે છે.

મનુષ્ય જ્યારે કોઈ પણ મંત્રની આરાધના કરે, ત્યારે તેની જીભ હોંઠ અને તાળવાના હલનચલનથી, સ્મરણ કરાતા વિવિધ શબ્દોના ઉચ્ચારણ અનુસાર, વિવિધ પ્રકારના કંપનો ઉત્પન્ન થાય છે. આરાધક જેમ મંત્રજાપ વધારે સંખ્યામાં કરે, તેમ ધ્વનિકંપનોના સર્જનની માત્રા વધતી જાય છે. અંતે આ ધ્વનિકંપનો 'પેરાસોનિક સાઉન્ડ એનર્જી' ઉત્પન્ન કરે છે. આ એનર્જીની મદદથી આરાધક અમુક નિશ્ચિત અંતરે આવેલ દેવલોકમાં, નિશ્ચિત સ્થળે વસતા 'ઈષ્ટદેવ'ને તેનો સંદેશો પહોંચાડી શકે છે. જૈનશાસ્ત્રો દેવલોકની ભૌગોલિક પરિસ્થિતિ અને અંતરનું વિસ્તારથી વર્ણન કરે છે. દરેક દેવની 'પરિસ્થિતિ' એકબીજાથી ભિન્ન પ્રકારની હોય છે. આથી જૈન શાસ્ત્રો પ્રત્યેક દેવની આરાધના માટે અલગ અલગ પ્રકારના મંત્રાક્ષરો, તથા તેના જાપની સંખ્યા વર્ણવે છે.

આજનું વિજ્ઞાન પણ `UFO' ના દૃષ્ટિકોણથી GOD અને Miraclesનો સ્વીકાર કરે છે. આમ મંત્રના જાપ અને તેની ફલશ્રુતિરૂપે પ્રાપ્ત થતી 'ઈષ્ટસિદ્ધિ' વૈજ્ઞાનિક સત્ય હકીકત છે.

શ્રી નમસ્કાર મહામંત્ર, ૬૮ અક્ષરો અને ઉચ્ચારણોનો સમૂહ છે. તેમાં મુખ્યત્વે પરમ મંગલકારી પંચપરમેષ્ટિને નમસ્કાર કરવામાં આવ્યા હોવા છતાં, મહાશક્તિશાળી ણકાર, બીજા મંત્રબીજાક્ષરો, અનેક સ્વર અને વ્યંજન, હ્રસ્વ-દીર્ઘ ઉચ્ચારણો તો સમાયેલ છે જ. પરમ મંગલકારી પંચપરમેષ્ટિની પવિત્રતા લક્ષ્યમાં રાખીને આરાધક, તેની 'શક્તિઓ'નો સદુપયોગ કરે, તે જ નમસ્કાર મહામંત્રના જાપનો મૂળભૂત આશય છે.

મંત્રામ્નાયોના પ્રાચીન ગ્રંથોમાં શ્રી પંચપરમેષ્ટિના નામાક્ષરો 'અસિઆઉસા'નો ઉપયોગ કરી, વશીકરણ-મારણ-કામ્ય પ્રયોગો વર્ણવાયેલ છે જ. પરંતુ તેનો મૂળભૂત આશય, આરાધક અનિવાર્ય સંજોગોમાં ધર્મમાર્ગને સરળ બનાવવા, દુષ્ટ તત્ત્વોના નિયંત્રણનો જ છે.

આમ છતાં પણ શ્રી નમસ્કાર મહામંત્ર 'સ્વયં શક્તિનો સ્રોત' છે, તે વૈજ્ઞાનિક કસોટીઓથી ચકાસી શકાય, તેવું સત્ય છે. ✷ ✷ ✷

૧૭૨૪, બાવળિયા ખાંચા નાકે, શામળાની પોળ, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧.

પેકબંધ બાટલીથી તોબા

❑ લેખક–અરૂણા કટિયાર (હિંદી) ❑ અનુવાદ: પુષ્પા પરીખ

(ઑસ્ટ્રેલિયાના બુંડાનન નામના ગામમાં પૅકબંધ પાણીની બાટલીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સંભવતઃ આખી દુનિયામાં આ એક જ એવું સ્થળ હશે જ્યાં આટલું કઠોર અને સાહસી પગલું ભરવામાં આવ્યું હોય. આજ પ્રમાણે ન્યૂ સાઉથ વેલ્સમાં પણ સરકારી વિભાગો તથા એજન્સીઓને પેકબંધ પાણી ખરીદવાની મનાઈ છે. આ પગલું ખરેખર પ્રશંસનીય છે અને આ પગલાંને અનુસરવું એ પણ એક ઉત્તમ વિચાર છે.)

આપણા સમાજમાંથી ઘણી વ્યક્તિઓ ઉચ્ચ પરિષદોમાં તથા ઉચ્ચ સ્તરની સભાઓમાં જતી હોય છે. આવી સભાઓમાં વાતાનુકૂળ હૉલમાં સુસજ્જ ટેબલો પર આવી બાટલીઓ તથા ગ્લાસ મૂકેલા જોઈએ છીએ. આ બાટલીઓ ઈંતેજારીપૂર્વક રાહ જોતી હોય કે ક્યારે એવી સમર્થ અને કુશળ વ્યક્તિઓ આવે અને અમારામાંથી થોડું પાણી પી તૃષા છીપાવે અને કોર્પોરેટ જગતની રણનીતિઓ, રાજકાજની યોજનાઓ, કંપનીઓના અટપટા પરિણામો અને વિકાસના સ્થાયિત્વ પર ચર્ચા કરે.

પરંતુ વાસ્તવમાં થાય છે શું ? પોતાના સ્થાને બિરાજમાન વ્યક્તિઓ સીલબંધ બાટલીઓ ખોલીને કદાચ એકાદ-બે ઘૂંટડા જ પાણી પીએ છે. સભા પૂર્ણ થયા બાદ બાટલીઓ ત્યાં જ સભાકક્ષમાં પડેલી હોય છે. થોડીજ વારમાં ઑફિસમાં કામ કરતા છોકરાઓ આવીને બાટલીઓ ઊંચકી, પાણી ફેંકી કચરાપેટીમાં ફેંકી દે છે. કિંમતી પાણી પાઈપો વાટે વહી જાય છે અને એથી પણ બદતર તો, પ્લાસ્ટીકની બાટલીઓને કચરા ભેગી મેદાનમાં ફગાવી દેવામાં આવે છે.

આ તો હજુ એક જ હિસ્સો છે જે આપણને નરી આંખે દેખાય છે; પરંતુ આજે આપણે એ ઉર્જા શક્તિ પર વિચાર કરીએ કે જે બાટલીઓમાં પાણી ભરી આપણા સુધી લાવવામાં વપરાઈ હોય. અલબત્ત આ બધી ઉર્જા તો ઘડીના છઠ્ઠા ભાગમાં વપરાઈ જાય. પીવાના પાણીને બંધ કરવાની મહત્તા વિષે કોઈ ઈન્કાર નથી કરતું. પાણી દુષિત ન થાય અને જાણે અજાણે પણ એનો દુરૂપયોગ થતો અટકાવી આપની પાસે બિલકુલ શુદ્ધ સ્વરૂપે પહોંચે એ માટે એનું ઉચિત પેકીંગ તો જરૂરી છે જ. ખરાબ પરિવહન વ્યવસ્થા અને અશુદ્ધ રીતભાતથી તો કદાચ વધુ નુકશાન થાય.

આ રીતે આપણે જોઈ શકીએ છીએ કે અત્રે ત્રણ સમૂહોના હિત સચવાય છે–ઉપભોક્તા, વ્યાપારી અને સરકાર (પર્યાવરણીય પ્રભાવોના સંબંધમાં પણ આનો જ પ્રબંધ કરવો રહ્યો). આ જરૂરિયાતોની પૂર્તિ કરવા આ ત્રણ મુદ્દાઓ માટે ખાસ પ્રચાર કરવાની જરૂર છે. આને માટે પેકેજીંગ પર્યાવરણ શુદ્ધ હોય, પેકબંધ પાણીનો વપરાશ બને તેટલો ઓછો કરવો અને બાટલીઓના પાણીનો બગાડ બને તેટલો ઓછો થાય એ આપણે સુનિશ્ચિતરૂપે કરવું જોઈએ. જો કે આ કંઈ સહેલું નથી. આ કાર્ય માટે ઉપભોક્તાઓ અને કાનૂની બાબતમાં વ્યાપક ક્રાંતિની આવશ્કતા છે. સાચી વાત તો એ છે કે પૅકબંધ પાણી જેટલું લોકપ્રિય બને તેટલી જ એની સમસ્યા પણ વ્યાપક થતી જાય.

આનો એક ઉપાય બેંગલોરની જાણીતી ઔદ્યોગિક કંપની 'વિપ્રો'એ શોધ્યો છે. ઇલેકટ્રોનિક શહેરના વિશાળકાય પરિસરમાં એમની બધી કૉન્ફરન્સ રૂમોમાં આગંતુકોને માટે દેખાય એવા ટેબલો રાખવામાં આવ્યા છે. એના ઉપર સ્વચ્છ જગમાં ઢાંકીને પાણી રાખવામાં આવે છે, સાથે જ સ્વચ્છ પ્યાલાઓ પણ મૂકવામાં આવે છે અને સાથે એક સંદેશો પણ લખવામાં આવે છે કે–'આ પીવાનું પાણી બિલકુલ સુરક્ષિત છે. આ પાણી 'વિપ્રો'ના જ જલશુદ્ધિકરણ યંત્રમાં શુદ્ધ કરવામાં આવ્યું છે. આનો ઉપયોગ કરવાથી પાણી બચાવવાની ઝુંબેશમાં મદદ થશે.'

પર્યાવરણ સંબંધિત તમામ પ્રશ્નોના સમાધાન માટે આ અચૂક બહુ જ વિવેકભર્યો ઉપાય છે. દરેક નાના ઔદ્યોગિક સમુદાયે આ તરીકો અપનાવ્યો છે. બસ, જરૂર છે કે મોટા વ્યાપારિક સમુદાયો પણ આનું અનુકરણ કરવાનું સાહસ કરે. આજે ભલે કોર્પોરેટ જગતમાં (બીસલેરી) પૅક બોટલનું પાણી સ્વીકાર્ય છે પરંતુ જેમ ધુમ્રપાન અસ્વીકાર્ય છે તેમજ આ પણ અસ્વીકાર્ય બની શકે. આની શરૂઆત આજથી જ થવી જોઈએ.

પર્યાવરણને લઈને વિપ્રો પ્રતિબદ્ધ રહ્યું છે અને આ પ્રતિબદ્ધતા એમની અમુક સાધારણ ચીજો પર પણ નજરે પડે છે. પારસ્પરિક સહયોગની ભાવના નિરંતર એમને ત્યાં ઝલકતી જણાય છે. અઝીમ પ્રેમજી મનુષ્ય, લાભ અને ધરતી ત્રણે પર ધ્યાન કેન્દ્રિત કરવાનું આહ્વાન કરે છે.

આ ક્રાન્તિને આગળ ધપાવવા માટે આપણે સૌએ પ્રથમ કિંમતી પાણીને બચાવવું પડશે અથવા પાણીની પૅક બૉટલને લીધે નીકળતા બાટલીના કચરાને કોઈ પણ બહાને ઓછો કરવો પડશે અથવા એના પરિવહન પર થતો ખર્ચો સીમિત કરવો પડશે. આ ક્રાન્તિની શરૂઆત કશેકથી તો કરવી જ પડશે. સ્થાનિક અથવા સરકારી નિયમોને લઈને, ઉપભોક્તાના દબાવથી અથવા કિંમત નિયંત્રણના દબાવથી આ ક્રાન્તિની શરૂઆત કરી શકાય. પરંતુ અસલી ઉપાય તો આથી પણ વધુ આસાન છે. શરૂઆત સ્વયંથી કરીએ. પ્લાસ્ટીકની હલકી ફુસ બાટલી કરતાં ટકાઉ બાટલી આપણી સાથે રાખીએ કે જે વધુ વખત વાપરી શકાય. એને કૉન્ફરન્સ રૂમમાં કોઈ સંકોચ વગર તમારી સામે મૂકો અને ગર્વથી એમાંથી ગ્લાસમાં પાણી કાઢીને વાપરો.

ગ્રામીણ ઑસ્ટ્રેલિયામાં બુંડાનુન નામનું એક નાનું ગામ છે. ત્યાં હાલમાં જ પૅકબંધ પાણી પર પ્રતિબંધ લગાવ્યો છે. સંભવતઃ પુરા વિશ્વમાં આજ એવું સ્થળ છે જ્યાં આટલું કઠોર પગલું ભરવામાં આવ્યું હોય. જેમ બુંડાનૂનના નિવાસીઓ માને છે કે આ પગલા પાછળ એમનું મુખ્ય ધ્યેય ધરતી અને પોતાના ખીસા ખર્ચને બચાવવાનું છે; ત્યાં ન્યૂસાઉથવેલ્સમાં અમલમાં મૂકાયેલ પ્રતિબંધને લીધે સરકારી વિભાગ અને એજન્સીઓ પૅકબંધ પાણીની બાટલીઓ નથી ખરીદી શકતાં. આ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૩)

ઉસામાની ગાય...

❑ ડૉ. ગુણવંત શાહ

જે લોકો મોંઘીદાટ હૉટેલના આછા અંધારામાં સંભળાતા સંગીતના સૂર સાથે માંસાહારી વાનગીઓનો સ્વાદ માણે છે એમને વિચારમાં નાખી દે એવી થોડીક વાતો કરવી છે. ગાયના માંસને બીફ કહે છે. એ જ રીતે સુવ્વરના માંસને પોર્ક કહે છે. ચિકનસૂપનો સ્વાદ માણતી વખતે કોઈને એ સૂપના બાઉલમાં સંતાયેલી ભૂતપૂર્વ મરઘીની કારમી ચીસ નથી સંભળાતી. બાકી, ચીસનો સ્વાદ મીઠો નથી હોતો.

અત્યારે મારા હાથમાં અમેરિકાનું સુપ્રતિષ્ઠિત સામયિક Scientific American રાખીને લખવા બેઠો છું. વર્ષ ૨૦૦૯ના ફેબ્રુઆરીના અંકમાં ૭૨-૭૩મા પાના પર ગાયનું ચિત્ર જોવા મળે છે. એ પાના પર યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયામાં ડૉક્ટરેટ કરનારા નાથન ફિઆલાનો લેખ પ્રગટ થયો છે. ગ્રીનહાઉસ ગેસને કારણે વિશ્વનું સરેરાશ તાપમાન વધી રહ્યું છે. પરિણામે ધ્રુવ પ્રદેશમાં આવેલી હિમશિલાઓ પીગળી રહી છે અને દરિયાની સપાટી ઊંચે આવી રહી છે. જોખમ રોકડું છે. એ જોખમનું નામ છેઃ ગ્લોબલ વૉર્મિંગ.

આ ગ્લૉબલ વૉર્મિંગ સાથે ગાયને કોઈ સંબંધ ખરો ?

સંબંધ છે અને એ સમજવા જેવો છે. ખાસ યાદ રાખવાનું છે કે વિશ્વના તાપમાનનો સીધો સંબંધ કાર્બન ડાયોક્સાઈડ (Co_2) સાથે રહેલો છે. જો Co_2 નું પ્રમાણ વધી જાય તો આપણા આંગણામાં પણ દરિયાના પાણી આવી શકે. આવી આપત્તિ આપણે માનીએ એટલી દૂર નથી. આજથી જાગીએ તો બચી શકાય તેમ છે. અરે! પણ આમાં બિચારી ગાયમાતા ક્યાં આવી? સાંભળો કાન દઈને...

યુએનઓનું એક અગત્યનું ડિપાર્ટમેન્ટ છેઃ Food and Agricultural Organization (FAO). આપણા ખોરાકમાં જે માંસ ખવાય છે એને કારણે ગ્રીનહાઉસ ગૅસિસ (કાર્બન ડાયોક્સાઈડ, મિથેન, નાઈટ્રસ ઑક્સાઈડ ઈત્યાદિ) વાતાવરણમાં પહોંચે છે. વાહનોને કારણે કે ઉદ્યોગોને કારણે પહોંચે એના કરતાંય વધારે ગ્રીનહાઉસ ગૅસિસ માંસાહારને કારણે પેદા થાય છે. આ વાયુઓ સૂર્યશક્તિ સાથે ભળીને પૃથ્વીની સપાટીને ગરમ કરે છે. ટૂંકમાં, આપણું ખરું જોર કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ઓછું રહે તે જ મુદ્દા પર લગાવવાનું છે. આ પ્રમાણનો સીધો સંબંધ માંસાહાર સાથે રહેલો છે.

ખરી વાત હવે આવે છે. FAOનો હેવાલ જણાવે છે કે કુલ ૩૬ અબજ ટન જેટલા Co_2ના જથ્થાના ૧૪થી બાવીસ ટકા જેટલો જથ્થો દર વર્ષે માંસાહારને કારણે પેદા થાય છે. એનો અર્થ એ થયો કે જો કોઈકને લંચમાં અડધા પાઉન્ડનું હેમબર્ગર અને માંસની બે પટ્ટી ખવડાવવામાં આવે તો એને પરિણામે ૩૦૦૦ પાઉન્ડના વજનની કાર દસ માઈલ ચાલે એમાં જે ગ્રીનહાઉસ ગૅસિસ પેદા થાય એટલો જ જથ્થો એક માણસે લંચ લઈને પેદા કર્યો!

દુનિયામાં વધારે ને વધારે લોકો ગોમાંસ (બીફ) ખાતા થયા છે. સરેરાશ અમેરિકન નાગરિક જેટલું બીફ પ્રતિ વર્ષ ખાય છે એના દ્વારા જે ગ્રીનહાઉસ ગૅસ પેદા થાય એ ૧૮૦૦ માઈલ દોડતી કારને લીધે પેદા થતા ગ્રીનહાઉસ ગૅસ જેટલો છે. આમ જોઈએ તો અન્ય પ્રાણીઓનાં માંસની સરખામણીમાં ગોમાંસ દ્વારા થતા નુકસાનનું પ્રમાણ ઘણું વધારે છે. સુવ્વરનું એક પાઉન્ડ માંસ ૩.૮ પાઉન્ડ Co_2 અને મરઘીનું એક પાઉન્ડ માંસ ૧.૧ પાઉન્ડ Co_2 પેદા કરે છે. એક પાઉન્ડ જેટલું ગોમાંસ ૧૪.૮ પાઉન્ડ Co_2 પેદા કરે છે. વાતનો સાર એટલો જ કે ગ્લોબલ વૉર્મિંગ ઘટાડવા માટે માંસાહારનો ત્યાગ કરવા જેવો છે અને એમાંય ગાયના માંસનો ત્યાગ તો અવશ્ય કરવા જેવો છે. નોબેલ પારિતોષિક વિજેતા રાજેન્દ્ર પચુરીએ પણ ગ્લોબલ વૉર્મિંગ ઘટાડવા માટે માંસાહાર ઓછો કરવાની વાત કહેલી. શ્રી શ્રી રવિશંકરે પણ એ જ વાત જાહેરમાં કરી હતી. આ વાત કેવળ જૈનો માટે જ મહત્ત્વની નથી, સૌ વિશ્વનાગરિકો માટે પણ છે.

પાકિસ્તાનના જાણીતા પત્રકાર મરિઆના બાબરે ઉસામા વિશે એક રસપ્રદ વાત કહી છે.

ઉસામા બિન લાદેન એની ત્રણ પત્ની સાથે એબટાબાદના મોટામસ બંગલામાં રહેતો હતો. બંગલાના એક ઓરડામાં બ્લૅક બોર્ડ હતું. ત્રણમાંની એક પત્ની કૅમ્પસ પરનાં ૧૪ બાળકને અરબીમાં ભણાવતી હતી. એ પત્ની ઈસ્લામી અભ્યાસ સાથે પીએચ.ડી.ની ડિગ્રી ધરાવતી હતી. બધાં ૧૪ બાળક ઉસામાના નહોતાં. કદાચ ઉસામાના બે કુરિયરનાં પણ કેટલાંક બાળકો હશે.

ઘરના વાડામાં લગભગ ૧૦૦ મરઘી હતી. પરિવારને ઈંડાં ભાવતાં હતાં. બંગલાના કિચન ગાર્ડનમાં બે ગાય પણ રહેતી હતી. જેનું દૂધ ઉસામાના પરિવાર માટે પૂરતું હતું. પરિવારની જરૂરિયાતો માટે બહારની સપ્લાય પર આધાર રાખવો ન પડે એ માટે આવી સ્વાવલંબી વ્યવસ્થા જરૂરી હતી. રસોડાની અભરાઈ પર બદામ, કાજુ, ખજૂર અને સૂકું માંસ કાયમ ઉપલબ્ધ રહે એવી ગોઠવણ હતી. ઓલિવ ઑઈલનો ઉપયોગ રાંખવામાં થતો.

અત્યારે ઉસામાની એ બે ગાય ક્યાં છે? આજકાલ એ બન્ને ગાય પાસે આવેલા મિલિટરી ડેરી ફાર્મ પર મોજથી જીવે છે.

મુખ્ય વાત એટલી જ કે ઉસામા અને એનો પરિવાર ગાયનું દૂધ પીતો હતો!

–સૌજન્ય : ચિત્રલેખા

✷ ✷ ✷

પુસ્તકનું નામ : **અધ્યાત્મશુદ્ધિ**
લેખક : **મુનિરાજ શ્રી સંયમકીર્તિ વિ. મ.સા.**
પ્રકાશક:**નરેશભાઈ નવસારીવાળા-સન્માર્ગ પ્રકાશન**
પ્રાપ્તિસ્થાન : (૧) **સેવંતીલાલ જૈન**, ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર, ૧લી પાંજરાપોળ ગલી, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૨૨૪૦૪૭૧૭
(૨) **નૃપેનભાઈ આર. શાહ,** ૪, સરગમ ફ્લેટ, વી. આર. શાહ સ્કૂલની બાજુમાં, વિકાસગૃહ, પાલડી, અમદાવાદ-૭. મો. : ૯૪૨૭૪૯૦૧૨૦.
પાના : ૩૪૪. આવૃત્તિ-પ્રથમ વિ. સં. ૨૦૬૬.

ગ્રંથકારે ગ્રંથના પ્રારંભમાં જણાવ્યું છે કે, 'શાસ્ત્ર, સુવિહિત મહાપુરુષોની પરંપરા અને સ્વાનુભવથી મેં જે અધ્યાત્મનું સ્વરૂપ અને તેના ઉપાયો અંગે જે જાણ્યું છે, જે તે જ આ ગ્રંથમાં વર્ણવ્યું છું.' ગુરુદેવનો આ ખુલાસો ગ્રંથના એક એક વચનની શાસ્ત્ર સાપેક્ષતા અને તારકતાની ગવાહી પૂરવાર કરે છે.

સાચા સુખની દિશાનો નિર્ણય કરવા માટે અને નિહિત થયેલી દિશામાં તેની શોધનો પ્રારંભ કરવો તે અર્થે અધ્યાત્મ શાસ્ત્રકથિત પદાર્થોનું પુનઃ પુનઃ પરિશીલન કરવું જરૂરી છે. યોગ-અધ્યાત્મવેત્તા શાસ્ત્રકાર મહર્ષિઓએ ભિન્ન ભિન્ન શૈલીથી યોગ અધ્યાત્મ પર પ્રકાશ પાડ્યો છે.

અધ્યાત્મસાર ગ્રંથમાં અધ્યાત્મનું સ્વરૂપ વર્ણવીને અધ્યાત્મપ્રાપ્તિના ઉપાયો વર્ણવ્યા છે. તેમાં વીસમા અધિકારના અંતમાં ગ્રંથકાર મહર્ષિએ અધ્યાત્મપ્રાપ્તિના-શુદ્ધિના ૩૩ ઉપાયો વર્ણવ્યા છે. તે ઉપાયોના માધ્યમે જે વ્યાખ્યાનો થયા હતાં તેનું સંકલન આ પુસ્તકમાં છે.

ગુરુદેવનો આ પ્રયાસ સર્વ જીવોને અધ્યાત્મની પ્રાપ્તિ અને શુદ્ધિ દ્વારા મુક્તિ સુખને પ્રાપ્ત કરાવે તેવો છે.

X X X

પુસ્તકનું નામ :**કલ્યાણ ભાવના**
લેખક : **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચંદ્રસુરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, સુમંગલમ્ કાર્યાલય, ૧૦/૩૨૬૮-એ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત. મૂલ્ય : રૂા. ૩૦/-; પાના : ૧૨+૧૦૦ આવૃત્તિ-પ્રથમ, ૨૦૬૭.
પ્રાપ્તિસ્થાન : **રમેશભાઈ રીખવચંદ સંઘવી,** ૩૦૧, સ્વયંસિદ્ધિ એપાર્ટમેન્ટ, દેવદીપ સોસાયટી, સરગમ શોપિંગ સેન્ટરની સામે, પાર્લે પોઈન્ટ, સુરત-૩૯૫૦૦૭.
મો. : ૯૩૭૬૭૭૦૭૭૭.
મુંબઈ : જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવળ, મુંબઈ-૪.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

ફોન : (૦૨૨) ૨૩૮૬૧૮૪૩.

સદ્વાચન માટે સાહિત્ય ક્ષેત્રે ન પૂરી શકાય તેટલી ખોટ પડી છે. ધર્મ અને સંસ્કૃતિનો ધ્વંસ કરે તેવું અઢળક સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં પ્રગટ થઈ રહ્યું છે. એવા વાતાવરણમાં આપણે યાદ રાખવું જોઈએ કે પૂર્વકાળના ઋષિમુનિઓએ સંસ્કૃત ભાષાના સુંદર સુભાષિતોનો આશરો લઈને આંખનું અંજન અને મનનું મંજન કરે તેવું સાહિત્ય સર્જન કરીને આપણને આપેલું છે. મહાપુરુષોનો આપણા પર આ બહુ મોટો ઉપકાર છે.

આ દુનિયાના દેદારને કળવો અતિ મુશ્કેલ છે. ઘણીવાર જે દેખાય છે એના કરતાં હકીકત જુદી જ હોય છે. સાચી હકીકતનું દર્શન થતું જ નથી. એથી સત્યનો સાક્ષાત્કાર પામવા સંસ્કૃત સુભાષિતોનો સહારો લેવો અનિવાર્ય બની જતો હોય છે. આવી સમર્થતા ધરાવતા સુભાષિતોમાંથી 'કલ્યાણ'ની ભાવનાની પ્રભાવના કરતા ૨૫ સુભાષિતો કલ્યાણભાવનાના યથાર્થ નામે અહીં આ પુસ્તકમાં રજૂ થયાં છે.

ધર્મ અને સંસ્કૃતિના વારસાને જાળવી રાખતા સદ્ભાવ-સદ્વિચારનું ઝરણું સુંદર અને સર્વોત્તમ સાહિત્યનો રસથાળ છે. તેનું આચમન સર્વને તૃપ્તિ કરાવશે.

X X X

પુસ્તકનું નામ : **કલ્યાણ કામના**
લેખક : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયપૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક : પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન, સુમંગલમ્ કાર્યાલય, ૧૦/૩૨૬૮-એ, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત.
પ્રાપ્તિસ્થાન : જિતેન્દ્ર જ્વેલર્સ,૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવળ, મુંબઈ-૪. ફોન: ૨૩૮૬૧૮૪૩.
અમદાવાદ-કેતનભાઈ કપાસી
નરોડા, અમદાવાદ. મો : ૯૯૨૫૧૩૩૭૦૭.

સમગ્ર જગતમાં સદ્ભાવ-સત્ક્રિયા અને સદ્વિચારનું ઝરણું જીવંત રાખવા માટે જો કોઈ પણ આધાર હોય તો તે સત્સાહિત્યનો છે. મહાપુરુષો શાસ્ત્રના ગહન પદાર્થોને સરળ અને સુબોધ શૈલીમાં સામાન્યજનોને પણ સમજાય તે રીતે અભિવ્યક્ત કરતા હોય છે. આ પ્રકારના સાહિત્યને આધારે જ ધર્મ અને સંસ્કૃતિનો વારસો જળવાઈ રહે છે.

આ પ્રકારનું-સદ્ભાવનું સાહિત્ય આપણાં પૂર્વજોએ રચેલા સુભાષિતો છે. આ સંસ્કૃત સુભાષિતો અક્ષરના આંગણે અનુપ્રાસોના આસોપાલવ બાંધવામાં નથી માનતા; શબ્દોના સ્વસ્તિકો રચવામાં સાર્થકતા નથી સમજતા પણ જીવનયાત્રામાં ઉપયોગી થાય એવું પ્રેરણાનું પાથેય પીરસવું એ જ એનું ધ્યેય છે. આવા સુભાષિતોના સાગરમાંથી 'કલ્યાણ'ની કામના વ્યક્ત કરતા ૨૬ સુભાષિતો 'કલ્યાણકામના'ના નામે અહીં ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. જેનું આચમન કરી હૃદયને તૃપ્ત કરીએ એ જ મનોકામના.

X X X

પુસ્તકનું નામ : ગુજરાતી પત્રકારત્વ અને વિજ્ઞાપન
લેખક : ડૉ. શર્મિષ્ઠા ચુનીલાલ શાહ
પ્રકાશક અને વિક્રેતા : એન. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.
પ્રાપ્તિસ્થાન:ડૉ. શર્મિષ્ઠા ચુનીલાલ શાહ
૯, નટરાજ, ૧૧મો રસ્તો, મધુ પાર્કની સામે, ખાર, પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૨. મૂલ્ય : રૂા. ૩૫૦, પાના : ૪૦૪. આવૃત્તિ-૧-૨૦૧૧.

ડૉ. શર્મિષ્ઠા શાહે આ શોધ નિબંધ પ્રકાશિત કરીને ગુજરાતી પત્રકારત્વના ક્ષેત્રે એક વિશિષ્ટ પ્રદાન કર્યું છે. ૪૦૦ પાનાના આ દળદાર ગ્રંથમાં તર્ક, ચર્ચા અને દલીલો દૃષ્ટાંતો સાથે ગુજરાતી પત્રકારત્વ અને વિજ્ઞાપન વિશે વ્યક્ત થયેલ છે. ગ્રંથની ભાષા સરળ અને રસભરી હોવાથી વાચકને વાંચવો ગમે તેવો બન્યો છે.

આ મહાનિબંધમાં ત્રાજવાના બે પલ્લામાં બે વિષયો છે, પત્રકારત્વ અને વિજ્ઞાપન. આ બંને વિષયને લેખિકાએ પૂરેપૂરો ન્યાય આપી બન્નેને એકબીજાના પૂરક સાબિત કર્યા છે. ગુજરાતી પત્રકારત્વના વિભાગમાં પત્રકારત્વની ભૂમિકા, ભારતનું પત્રકારત્વ, ગુજરાતી ભાષાના પત્રકારત્વનો ઉદ્ગમ અને વિકાસ, વિજ્ઞાપન ક્ષેત્રે વિજ્ઞાપનની ભૂમિકા, વિકાસ તથા વિવિધ પાસાઓની સમીક્ષા કરી લેખિકાએ ઊંડું અને વિદ્વતાભર્યું સંશોધન કર્યું છે.

પુસ્તકના કવર પેજ પર આપેલા વિજ્ઞાપનોના જૂના નમૂનાઓ તે સમયના વિજ્ઞાપનોની માહિતી આપે છે.

આ ગ્રંથ ગુજરાતી પત્રકારજગતમાં સીમાચિહ્ન બની રહે તેવો છે અને દરેક પત્રકારે વાંચવો જરૂરી પણ છે. ✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 65509477.

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે ૨૦૧૧ની ૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન વિચરતા સમુદાય સમર્થન મંચને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે કે આશરે રૂપિયા એકાવન લાખ જેવી માતબર રકમ આવી છે. એ માટે દાતાઓના અમે ખૂબ ઋણી છીએ. યાદી નીચે મુજબ છે. હજી પણ ધનનો પ્રવાહ આવી રહ્યો છે જે આવતા અંકે પ્રગટ થશે.

રૂપિયા	નામ
૧૧૦૦૦૦૦	જ્વેલેક્ષ ફાઉન્ડેશન
૫૦૦૦૦૦	દિનેશભાઈ તારાચંદ શાહ
૨૦૦૦૦૦	સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
૧૫૧૦૦૦	બિપિનભાઈ કાનજીભાઈ જૈન – નાની ખાખરવાલા–કચ્છ
૧૨૫૦૦૦	પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
૧૧૧૧૧૧	માતુશ્રી રતનબાઈ લખમશી ઘેલાભાઈ સાવલા પરિવાર– નવા વાસ–કચ્છ
૧૦૦૦૦૦	હરેશભાઈ શાંતિલાલ મહેતા ઑનવર્ડ ફાઉન્ડેશન
૧૦૦૦૦૦	કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા)
૧૦૦૦૦૦	એક્સેલન્ટ એન્જિનિયરિંગ કોર્પોરેશન
૧૦૦૦૦૦	અનિસ પુષ્પાબેન ઝવેરી
૧૦૦૦૦૦	સ્વ. જયંતીલાલ રસિકલાલ કોઠારી હસ્તે:નીરા દિલીપ મહેતા (દેવલાલી)
૫૧૦૦૦	દીમા પ્રોડક્ટસ
૫૧૦૦૦	દીમા પ્રોડક્ટસ
૫૧૦૦૦	કાંતિલાલ આર. પરીખ HUF (દિલ્હીવાળા)
૫૧૦૦૦	કોન્વેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦૦	કંપાની ચેરિટેબલ ટ્રસ્ટ
૫૧૦૦૦	અરુણા એન. કંપાની
૫૦૦૦૦	નવનીત પબ્લિકેશન પ્રા. લિ.
૫૦૦૦૦	લાયન્સ ક્લબ ઑફ બૉમ્બે હાર્બર હસ્તે : ડૉ. વિક્રમ એમ મહેતા
૨૫૦૦૦	એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ (હસમુખભાઈ)
૨૫૦૦૦	એન્કરવાલા પરિવાર હસ્તે : દામજીભાઈ & જાદવજી-ભાઈ લાલજી શાહ
૨૫૦૦૦	શામજીભાઈ ટી. વોરા (અમરસન્સ ફાઉન્ડેશન)
૨૫૦૦૧	સુરેશ એચ. સંઘરાજકા
૨૫૦૦૦	જયંત શામજી છેડા ચેરિટેબલ ટ્રસ્ટ (પ્રિન્સ પ્લાસ્ટીક્સ)
૨૫૦૦૦	મણિલાલ ટી. શાહ
૨૫૦૦૦	મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન
૨૫૦૦૦	અનેરી જ્યોતિ ટ્રસ્ટ હસ્તે-ઈન્દુબેન ઉમેદભાઈ દોશી
૨૫૦૦૦	સ્વ. વસંતબેન રસિકલાલ શાહ
૨૫૦૦૦	ન્યોટેરીક ઈન્ફરમેટીક લિ. હસ્તે-હર્ષદભાઈ દીપચંદ શાહ
૨૫૦૦૦	કાંતાબેન નંદલાલ વોરા ફેમિલી ટ્રસ્ટ
૨૫૦૦૦	હંસીકા આયર
૨૫૦૦૦	જિતેન્દ્ર કીર્તિલાલ ભણસાલી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૧૦૦૦	શાંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૧૦૦૦	એક ભાઈ
૨૦૦૦૦	એક બહેન
૨૦૦૦૦	વીણાબેન સુરેશભાઈ ચોકસી વીસપાર ઘંટીવાલા
૨૦૦૦૦	વસંતલાલ કાંતિલાલ શાહ
૧૫૦૦૦	નિતીનભાઈ સોનાવાલા
૧૫૦૦૦	જનકભાઈ પંકજભાઈ દોશી
૧૫૦૦૦	ચંદ્રકાંત ખંડેરીયા
૧૫૦૦૦	અરુણા અજિત ચોકસી
૧૫૦૦૦	દીપાલી સંજય મહેતા
૧૫૦૦૦	શ્રી શાંતિલાલ ઉજમશીભાઈ ઍન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૬૦૧	મનુભાઈ રવિચંદભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૧૧૧	સ્વ. રાકેશ ખુશાલચંદ ગડા હસ્તે-ખુશાલચંદ સોજપાર ગડા
૧૧૧૧૧	ચંદ્રિકા મહેન્દ્ર વોરા
૧૧૧૧૧	શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૧૧૧૧	ગજેન્દ્ર આર. કપાસી HUF
૧૧૧૧૧	નગીનદાસ ગોવિંદજી લાઠિયા
૧૧૧૧૧	નીલા વિનોદ ઝવેરચંદ વસા ફાઉન્ડેશન
૧૧૦૦૦	શર્મી પ્રવીણભાઈ ભણશાલી
૧૧૦૦૦	શર્મી પ્રવીણભાઈ ભણશાલી
૧૧૦૦૦	રોહન ચંદ્રકાંત નિર્મલ પરિવાર હસ્તે-તૃપ્તિ નિર્મલ
૧૧૦૦૦	પ્રતાપભાઈ ભોગીલાલ
૧૧૦૦૦	મંજુલા ચીનુભાઈ એચ. શાહ ટ્રસ્ટ
૧૧૦૦૦	રમણીકલાલ એસ. ગોસલિયા & Co.
૧૧૦૦૦	અમોલ કેપીટલ માર્કેટ પ્રા. લિ.
૧૧૦૦૦	રતનચંદ ભોગીલાલ પારેખ
૧૧૦૦૦	સ્પેક્ટ્રા કનેક્ટ્રોનિક્સ પ્રા. લિ.
૧૧૦૦૦	જયાબેન ડી. વિસરીયા
૧૧૦૦૦	ઈન્દુબેન પારસભાઈ દોશીના સ્મરણાર્થે હસ્તે : પારસભાઈ ભાઈદાસ દોશી
૧૧૦૦૦	અમિષિ એન. કંપાની
૧૦૦૦૦	રસિકલાલ લહેરચંદ શાહ
૧૦૦૦૦	ચંદ્રકાંત દીપચંદ શાહ
૧૦૦૦૦	ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી
૧૦૦૦૦	નીરૂબેન સુબોધભાઈ શાહ
૧૦૦૦૦	વર્ષાબેન રજજુભાઈ શાહ
૧૦૦૦૦	દિલીપભાઈ એમ. શાહ
૧૦૦૦૦	રમાબેન જયસુખલાલ વોરા
૧૦૦૦૦	રમાબેન વિનોદભાઈ મહેતા
૧૦૦૦૦	ઉષાબેન પ્રવીણભાઈ શાહ
૧૦૦૦૦	દિલીપભાઈ કાકાબળીયા
૧૦૦૦૦	લીના વી. શાહ
૧૦૦૦૦	મીર મહેતા
૧૦૦૦૦	અજિત આર. ચોકસી
૧૦૦૦૦	દીગંત મધુસુદન શાહ
૧૦૦૦૦	એક બહેન
૧૦૦૦૦	અમિત જે. મહેતા
૧૦૦૦૦	દેવચંદ ઘેલાભાઈ શાહ
૧૦૦૦૦	એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦	હર્ષદભાઈ બી. દોશી
૧૦૦૦૦	સ્વ. રમીલાબેન ભરતકુમાર શાહ હસ્તે: મે. પ્રભાત ટી. એન્ડ ટેક્સટાઈલ્સ પ્રા. લિ.

રૂપિયા	નામ
૧૦૦૦૦	ચંદ્રકાંત કે. શાહ
૧૦૦૦૦	ઉષાબેન ચંદ્રકાંતભાઈ સોઢા
૧૦૦૦૦	કૃણાલ વી. શાહ
૯૦૦૦	સૂર્યકાંત સોમચંદ શાહ
૮૦૦૦	પી. ડી. શાહ
૮૦૦૦	પુષ્પા વિજયકુમાર શાહ
૭૦૦૦	જવલ્યા જય સોનાવાલા
૬૫૦૦	ઓજસ અરવિંદ લુખી
૬૫૦૦	વિરલ અરવિંદ લુખી
૬૦૦૦	પ્રકાશ ઝવેરી
૬૦૦૦	જયવંતીબેન જોરમલભાઈ મહેતા
૬૦૦૦	અંજન ઈન્દ્રવદન ડાંગરવાલા
૬૦૦૦	સ્વ. સરલાબેન અને શાંતિલાલ દોશી હસ્તે : પ્રકાશ એસ. દોશી
૫૫૫૫	ચંદુલાલ ગાંગજી ફેમવાલા
૫૫૦૧	નિતીનભાઈ કુવાડીયા
૫૫૦૧	નીલાબેન નિતીનભાઈ કુવાડીયા
૫૪૦૦	એક ભાઈ
૫૪૦૦	એક ભાઈ
૫૦૦૦	ધનવંતભાઈ ટી. શાહ
૫૦૦૦	અનીશ શૈલેશભાઈ કોઠારી
૫૦૦૦	તારાબેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ
૫૦૦૦	મહેન્દ્રભાઈ ગોસર (ત્રિશલા)
૫૦૦૦	હર્ષ નિતીન સોનાવાલા
૫૦૦૦	વસુબેન ચંદુલાલ ભણસાલી
૫૦૦૦	કલાવતી એસ. મહેતા
૫૦૦૦	સ્વ. માતુશ્રી દેવકાબેન કરમશી ગોસર હસ્તેઃ શાંતિલાલ કે. ગોસર (ત્રિશલા)
૫૦૦૦	જસવંતલાલ વી. શાહ
૫૦૦૦	જસવંતી પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	રવીન્દ્ર સાંકળીયા
૫૦૦૦	પુષ્પાબેન સુરેશભાઈ ભણસાલી
૫૦૦૦	ડૉ. સ્નેહલ સંઘવી
૫૦૦૦	સુહાસીનીબેન રમેશભાઈ કોઠારી
૫૦૦૦	માતુશ્રી પાંચીબાઈ ભીમજી પાસુ (ધરોડ) શાહ હસ્તેઃ ઝવેરબેન જે. કે. શાહ
૫૦૦૦	વિજયકુમાર કરસનદાસ શાહ
૫૦૦૦	રોનક હર્ષદ શાહ
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	દીનેશ ભાણજીભાઈ દેઢિયા
૫૦૦૦	મહાવીર ઈલેક્ટ્રોનિક્સ
૫૦૦૦	નિર્મલા વી. શાહ
૫૦૦૦	ભગવતીબેન પી. સોનાવાલા
૫૦૦૦	સ્મિથ ઍન્જિનિયરિંગ કું.
૫૦૦૦	સ્મિથ ઈન્ડસ્ટ્રીયલ એન્ટરપ્રાઈઝ
૫૦૦૦	મહેશ કે. મહેતા
૫૦૦૦	તરુણાબેન વીપિનભાઈ શાહ
૫૦૦૦	ભારતી દિલીપ શાહ
૫૦૦૦	કાંતાબેન જમનાદાસ શાહ
૫૦૦૦	રસીલા જે. પારેખ
૫૦૦૦	ઉષા રમેશભાઈ ઝવેરી
૫૦૦૦	સંજય મહેતા
૫૦૦૦	શારદાબેન બાબુભાઈ શાહ
૫૦૦૦	ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ
૫૦૦૦	શરદ શેઠ
૫૦૦૦	ભારતી મઝુમદાર
૫૦૦૦	ડૉ. કે. કે. શાહ
૫૦૦૦	સરલા કાંતિલાલ શાહ
૫૦૦૦	રસિકલાલ છોટાલાલ શાહ
૫૦૦૦	સરસ્વતીબેન રસિકલાલ શાહ
૫૦૦૦	બાબુલાલ છોટાલાલ શાહ
૫૦૦૦	મહેન્દ્ર શાહ
૫૦૦૦	ભોગીભાઈ સુખલાલ શાહ હસ્તે : લતા શાહ
૫૦૦૦	ભદ્રાબેન વી. શાહ
૫૦૦૦	શાંતાબેન લવચંદ વોરા
૫૦૦૦	નીલા શાહ
૫૦૦૦	પરાગ શેઠ
૫૦૦૦	સુચિત દોશી
૫૦૦૦	પાનબાઈ ડુંગરશી શાહ
૫૦૦૧	નવકાર કલેક્શન
૫૦૦૦	દર્શના એચ. મહેતા
૫૦૦૦	નલિની ઝેડ, મહેતા
૫૦૦૦	જે. કે. ફાઉન્ડેશન
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	સ્વ. મગનલાલ જગજીવન શેઠના સ્મરણાર્થે હસ્તે : હર્ષદ એમ. શેઠ
૫૦૦૦	ડોલર એમ. શેઠ
૫૦૦૦	નર્મદાબેન એમ. શેઠ
૫૦૦૦	અરુણા દિલીપ સોલંકી
૫૦૦૦	મનોજ નેમચંદ શાહ
૫૦૦૦	રક્ષા એચ. કુવાડિયા
૫૦૦૦	ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	સ્વ. જશુમતી એચ. કુવાડિયાના સ્મરણાર્થે હસ્તેઃ ડૉ. હેમંત એચ. કુવાડિયા
૫૦૦૦	ડૉ. હસમુખ સી. કુવાડિયા
૫૦૦૦	વિક્રમ વી. શાહ
૫૦૦૦	વિરેન્દ્ર વી. શાહ
૫૦૦૦	નિર્મળા પ્રેમજી નંદુ
૫૦૦૦	કાંતિલાલ ખીમજી સેઠિયા
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	હરીલાલ તારાચંદ શાહ કોલીયાકવાલા
૫૦૦૦	ગુલાબદાસ એન્ડ કું.
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	મંજુબેન અવનીભાઈ મહેતા
૫૦૦૦	શકુન્તલા મહેન્દ્રભાઈ શાહ
૫૦૦૦	કેશવલાલ ઉમેદચંદ મોરખિયા
૫૦૦૦	પૂર્વી ધૈવતકુમાર કોરા
૫૦૦૦	કેશવલાલ કિલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	સ્વ. મેઘજી ખીમજી સંગોઈ હસ્તે : કુણાલ સંગોઈ
૫૦૦૦	ગિરિશભાઈ પટેલ (મંથન)
૫૦૦૦	નિર્મળાબેન સી. રાવલ (મંથન)
૫૦૦૦	એમ. સંઘવી એસોસિએટસ
૫૦૦૦	દેવકુંવરબેન જેશંગ રાંભિયા
૫૦૦૧	પ્રેમજી રાયશી ગાલા
૫૦૦૦	રંજનબેન મહાસુખલાલ શાહ
૫૦૦૦	ડૉ. શાંતિલાલ ધનજી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	અપૂર્વ રવીન્દ્ર મહેતા
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	શશિકાંત સ્વરૂપચંદ શાહ
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	શાંતિલાલ પોપટલાલ વોરા
૫૦૦૦	શુચિસ્મિતા સુધીર મોદી
૫૦૦૦	એક બહેન
૫૦૦૦	સ્મિતાબેન શીરીશભાઈ ગાંધી
૫૦૦૦	સ્વ.હેમકુંવરબેન લક્ષ્મીચંદ શાહ (કોલકાતા)
૫૦૦૦	સ્વ.શાંતાબેન રાયચંદ શાહ (કોલકાતા)
૫૦૦૦	સ્વ.ધનલક્ષ્મીબેન વૃજલાલ શાહ (કોલકાતા)
૫૦૦૦	સ્વ. સુમનબેન કીરીટ શાહ (કોલકાતા)

રૂપિયા	નામ
૫૦૦૦	સ્વ. જવલબેન રામચંદ શાહ
૫૦૦૦	છોટાલાલ કેશવલાલ ડેલીવાલા ટ્રસ્ટ
૫૦૦૦	પ્રમોદચંદ્ર સોમચંદ શાહ
૫૦૦૦	વી. યુ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે : રાજુલબેન શાહ
૫૦૦૦	બિંદુબેન શાહ
૫૦૦૦	સાધના ટ્રસ્ટ
૫૦૦૦	પ્રવીણા એ. મહેતા
૫૦૦૦	પ્રતિમા એસ. ચક્રવર્તિ
૫૦૦૦	સ્વ. પ્રમિલાબેન રમેશચંદ્ર દલાલ હસ્તે : વર્ષા રમેશચંદ્ર દલાલ
૫૦૦૦	કલ્યાણજી કે. શાહ
૫૦૦૦	જ્યુપીટર એક્સપોર્ટ્સ હસ્તે : કોકિલાબેન હેમંતભાઈ શાહ
૫૦૦૦	ડૉ. જસવંતરાય આર. શાહ હસ્તે : રંજનબેન
૫૦૦૦	નિરંજન સી. મહેતા
૫૦૦૦	વિનીતાબેન જયંત શાહ
૫૦૦૦	હિતેન વસા
૫૦૦૦	સ્વ. પૂ. પિતાશ્રી તારાચંદ ટોકરશી શેઠ અને સ્વ. પૂ. માતુશ્રી ચંચળબેન તારાચંદ શેઠ હસ્તે : ભાઈલાલ તારાચંદ શેઠ
૫૦૦૦	વિદ્યાબેન મહેન્દ્ર મહેતા
૫૦૦૦	કલ્યાણજી છેડા
૫૦૦૦	રસિકલાલ ક. શાહ
૫૦૦૦	વસંતલાલ નગીનદાસ સંઘવી
૫૦૦૦	નૌકાબેન કોઠારી
૫૦૦૦	જે. સી. સંઘવી અને યુ. જે. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ (વેન્ગાર્ડ સ્ટુડિઓ)
૫૦૦૦	મહેન્દ્ર અમૃતલાલ શાહ
૫૦૦૦	વિરાગ પંકજભાઈ ખારા
૫૦૦૦	વર્ષા કનૈયાલાલ બક્ષી
૫૦૦૦	હસમુખલાલ વનેચંદ માટલિયા
૫૦૦૦	સી એન્ડ રિફ્રુટ પ્રા. લિમિટેડ (મહેન્દ્રભાઈ સંગોઈ)
૫૦૦૦	ડૉ. ભરત જે. ભીમાણી
૫૦૦૦	વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	હસમુખભાઈ એચ. દોઢીવાલા
૫૦૦૦	રતિલાલ ઓધવજી ગોહીલ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	સંતોકબા જેઠાલાલ દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	સોનલબેન દેવાંગભાઈ નગરશેઠ
૫૦૦૧	માનસિન્ડિકેટ
૫૦૦૦	શારદાબેન રમણીકલાલ મુની
૫૦૦૦	ડૉ. જયંત એસ. શાહ હસ્તે : ડૉ. જ્યોતિબેન જે. શાહ
૫૦૦૦	હેમીનાબેન મનોજભાઈ મહેતા
૫૦૦૦	સાબરી છાત્રાલય, કપરાડા (વિદ્યાર્થીઓનો ફાળો)
૫૦૦૦	એક ભાઈ
૫૦૦૦	વિનોદ ડી. ખન્ના
૫૦૦૦	નયન ચંદ્રકાંત શાહ
૫૦૦૦	રામપ્રકાશ પોદાર ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦	કીર્તિલાલ કે. દોશી
૫૦૦૦	જયંતીલાલ જે. ગાંધી (જે. જે. ગાંધી એન્ડ કું.)
૫૦૦૦	ડૉ. કે. ડી. શાહ
૫૦૦૦	હંસાબેન કે. શાહ
૪૫૦૦	કિરણ શેઠ
૪૦૦૦	પ્રવીણભાઈ જમનાદાસ શાહ
૩૫૦૦	મુક્તાબેન લાભુભાઈ સંઘવી
૩૧૦૦	ઈન્દુમતીબેન હરકિશન ઉદાણી
૩૦૦૦	નિરંજન હરગોવિંદદાસ ભણસાલી
૩૦૦૦	મનીષા ધીરેન ભણસાલી
૩૦૦૦	રમેશચંદ્ર જે. શાહ
૩૦૦૦	યાન્ત્રિક એમ. ઝવેરી
૩૦૦૦	પ્રદીપ ડી. કોઠારી
૩૦૦૦	સ્વ. અમૃતલાલ નેમચંદ શાહના સ્મરણાર્થે હસ્તે : પરિવાર
૩૦૦૦	સુજાતા જયેશ ગાંધી
૩૦૦૦	જયેશ ડી. ગાંધી
૩૦૦૦	સ્વ. રમણીકલાલ પ્રેમચંદ શાહના સ્મરણાર્થે. હસ્તે : મિતા શાહ
૩૦૦૦	કાંતિલાલ આશુ શાહ
૩૦૦૦	વિનોદચંદ્ર હરિલાલ મહેતા
૩૦૦૦	ભારતીબેન બિપિનભાઈ શાહ
૩૦૦૦	એક ભાઈ
૩૦૦૦	રમેશચંદ પી. શાહ
૩૦૦૦	ભાનુબેન આર. મહેતા
૨૫૦૦	સ્વ. સોનક પરેશભાઈ ચૌધરી
૨૫૦૦	અતુલભાઈ શાહ
૨૫૦૦	ઈન્દુબેન સુમનભાઈ શાહ
૨૫૦૦	પૂર્ણિમા વી. શાહ
૨૦૦૦	મધુસુદન ગાંધી
૨૦૦૦	આશિષ પંકજ શાહ
૨૦૦૦	મહેન્દ્ર ચીમનલાલ ગાંધી
૨૦૦૦	રચના પ્રવીણચંદ્ર શાહ
૧૫૦૧	કાંતિલાલ જગજીવન શાહ
૧૫૦૦	હેતલ જગદીપ જવેરી
૧૫૦૦	નેહલ જગદીપ જવેરી
૧૨૨૫	રાયચંદ એચ. ધરમશી
૧૧૧૧	રેખા રતિલાલ સાવલા
૧૦૦૦	સ્વ. પ્રવીણચંદ્ર ખેમચંદ મહેતાના સ્મરણાર્થે હસ્તે : સંયુક્તાબેન
૧૦૦૦	કૃષ્ણકાંત મફતલાલ પટેલ
૧૦૦૦	એક બહેન
૧૦૦૦	પ્રકાશ ગાંધી
૧૦૦૦	સ્વ. લીલાબેન નગીનદાસ શાહ હસ્તે : વિનોદભાઈ શાહ
૧૦૦૦	જિતેન્દ્ર કરીયા
૧૦૦૦	નીતા જૈન
૨૦૦૧	એક હજારથી ઓછાનો સરવાળો
૫૦૨૧૧૭૮	**કુલ રૂપિયા**

પેકબંધ બાટલીથી તોબા
(અનુસંધાન પૃષ્ટ ૨૮થી ચાલુ)

પગલું ખર્ચામાં કાપ મૂકવા તથા પ્રાકૃતિક સંસાધનોને બચાવવા માટે લેવામાં આવ્યું છે. આ નિશ્ચિત રૂપે પ્રશંસાને પાત્ર છે. આ વિચાર સાથે સંમત થઈ અનુસરવું એ પણ પ્રશંસાને પાત્ર છે. એ લોકોએ આમ કેમ કર્યું એ જાણવા માટે આપણા નેતાઓએ કે પ્રતિનિધિ મંડળોએ ન તો ઑસ્ટ્રેલિયા જવાની જરૂરત છે કે ન તો અમેરિકા. જો આપણા એકાદ મંત્રી પણ કોઈ એકાદિ સભામાં પૅકબંધ બાટલીનું પાણી લેવાનો ઈન્કાર કરી દે તો એ બહુ મોટી હિંમત ગણાય. આ ભલે એક નાનું પગલું કહેવાય. પરંતુ આની અસર ઘણી વ્યાપક થશે.

કંપનીઓ પોતાની વેબસાઈટો અને વાર્ષિક રીપોર્ટમાં દાવા સાથે જણાવી શકશે કે તેઓ તેમનો ધંધો કરતા કરતા પર્યાવરણ બાબત પર પણ સતર્ક રહે છે. આને માટે એમના એક્ઝિક્યુટીવના પરદેશગમન પર કાપ લાવી શકે છે પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઉદ્યોગો ચલાવી શકે છે. પરંતુ જો એમના ટેબલો પર હજુ પણ પૅકબંધ પાણીની બાટલીઓ દેખાય તો એનો અર્થ એ કે હજુ પણ તેઓ મૂળ વાતનો મર્મ સમજ્યા નથી. ✷ ✷ ✷

(ગીતા જૈન સંપાદિત 'સંવાદ'ના સૌજન્યથી)

૬,બી, કેનવે હાઉસ, વી. એ. પટેલ માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૦૨૨-૨૩૮૭૩૬૧૧.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મે-૨૦૧૧ પશ્ચાત પ્રાપ્ત થયેલ અનુદાન

પર્યુષણ વ્યાખ્યાનમાળા-કોરપસ ફંડ

નામ	રૂપિયા
આગળના રૂા.	૧૨,૫૦,૦૦૦
સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ	૨,૫૦,૦૦૦
	૧૫,૦૦,૦૦૦

૭૭ મી પર્યુષણ વ્યાખ્યાન સમયે ભક્તિ સંગીત અને ૧૬ વક્તાઓના વક્તવ્યની સી. ડી. પ્રભાવના સ્વરૂપે પ્રત્યેક શ્રોતાને અર્પણ

નામ	રૂપિયા
કાંતિલાલ આર. પરીખ (H.U.F.)	૬૫૦૦૦
ટોટલ	૬૫૦૦૦

રસધારા નવનિર્માણ મકાન ફંડ

નામ	રૂપિયા
મે-૨૦૧૧ સુધી	૭૨૦૦૦
વોરા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે- કાકુલાલ દલપતરામ વોરા પૂ. માતુશ્રી સુરજબેન અને પૂ. પિતાશ્રી દલપતરામ જટાશંકર વોરા	૧૦૦૦૦૧
પાનાચંદ પી. ગાલા	૫૦૦૦
એન. ડી. શાહ ફેમિલી ટ્રસ્ટ	૫૦૦૦
એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ	૫૦૦૦
ચંદ્રકાંત ડી. શાહ	૧૦૦૧
	૨૯૯૧૧૩

આજીવન સભ્ય પૂરક રકમ તેમજ નવા સભ્યો

નામ	રૂપિયા
મે-૨૦૧૧ સુધી	૧૨,૪૭,૦૨૮
ધરમચંદ એમ. કોઠારી (નવા)	૫૦૦૦
ડૉ. રેણુકા જીતેન્દ્ર પોરવાળ	૫૦૦૦
પ્રવિણભાઈ એમ. શાહ	૫૦૦૦
ચંદ્રકાંત કે. શાહ	૪૭૫૦
રાયચંદ એમ. ધરમશી	૪૫૦૦
	૧૨૭૦૨૭૮

પ્રેમળ જ્યોતિ

નામ	રૂપિયા
કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ	૨૫૦૦૦
ચંદ્રાબેન પિયૂષભાઈ કોઠારી	૨૦૦૦૦
	૪૫૦૦૦

કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

નામ	રૂપિયા
મે-૨૦૧૧ સુધીનો સરવાળો	૭૦૦૦
કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ	૨૬૦૦૦
વિનોદભાઈ જે. મહેતા	૨૫૦૦૦
ઈન્ડસ્ટ્રીયલ મેટલ (ફેનીલ ટિમ્બડીયા)	૨૫૦૦૦
ભાનુબેન પટેલ	૬૦૦૦
ભારતીબેન કામદાર	૫૦૦૦
પ્રેમજી રાયસી ગાલા	૨૫૦૧
ટોટલ	૭૬૫૦૧

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

નામ	રૂપિયા
દિગંત મધુસદનભાઈ શાહ	૨૦૦૦૦
નયના પ્રવીણચંદ્ર કોન્ટ્રેક્ટર	૨૦૦૦૦
ટોટલ	૪૦૦૦૦

પ્રબુદ્ધ જીવન નિધી ફંડ

નામ	રૂપિયા
મે-૨૦૧૧ સુધીનો સરવાળો	૧૩૬૫૪૫૬
એક ભાઈ તરફથી	૫૦૦૦
હીના જયેશ શાહ	૫૦૦૦
નીલા જીતેન્દ્ર શાહ	૧૦૦૧
રશ્મિકાન્ત દેસાઈ	૧૦૦૦
કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ	૧૦૦૦
કુમાર મરચન્ટ	૫૦૦
	૧૩૭૮૯૫૭

જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

નામ	રૂપિયા
ઉષાબેન પ્રવીણભાઈ શાહ	૨૫૦૦૦
	૨૫૦૦૦

૭૭ મી પર્યુષણ વ્યાખ્યાન માળા સમયે સંઘને મળેલ અનુદાન

નામ	રૂપિયા
હરીશભાઈ શાંતિલાલ મહેતા (ઓનવર્ડ ફાઉન્ડેશન)	૨૫૦૦૦
અમોલ કેપીટલ માર્કેટ પ્રા. લી.	૧૧૦૦૦
નિતીનભાઈ સોનાવાલા	૧૦૦૦૦
નવનીત પબ્લિકેશન ઈન્ડિયા પ્રા.લી.	૧૦૦૦૦
રસિકલાલ લહેરચંદ શાહ	૫૦૦૦
ચંદ્રકાંત દીપચંદ શાહ	૫૦૦૦
દિલીપભાઈ એમ. શાહ	૫૦૦૦
ઉષાબેન પ્રવીણભાઈ શાહ	૫૦૦૦
રમાબેન વિનોદભાઈ મહેતા	૫૦૦૦
દિલીપભાઈ કાકાબળીયા	૫૦૦૦
પ્રકાશભાઈ ઝવેરી	૫૦૦૦
શાંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ	૫૦૦૦
અરૂણા એ. ચોકસી	૫૦૦૦
શર્મી પ્રવિણભાઈ ભણશાલી	૫૦૦૦
જે. કે. ફાઉન્ડેશન	૫૦૦૦
વસંતભાઈ કાંતિલાલ શાહ	૫૦૦૦
શાંતિલાલ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ	૫૦૦૦
વસુબેન સી. ભણશાલી	૩૦૦૦
કલાવતી એ. મહેતા	૩૦૦૦
પુષ્પાબેન સુરેશભાઈ ભણશાલી	૩૦૦૦
પી. ડી. શાહ	૩૦૦૦
શૈલેશભાઈ કોઠારી	૨૫૦૦
સુચિત દોશી	૨૫૦૦
નીરૂબેન એસ. શાહ	૨૦૦૦
રમાબેન જયસુખલાલ વોરા	૨૦૦૦
ભરતભાઈ કેશવલાલ શાહ	૧૦૦૦
વીરબાલા શાહ	૧૦૦૦
સરલાબન બાબુભાઈ શાહ	૧૦૦૦
નરેન્દ્ર સાવલા	૨૫૦
	૧૪૫૨૫૦

આચાર્ય ભગવંતશ્રી દુર્લભસાગરસૂરીશ્વરજી એવૉર્ડ (સન ૨૦૧૧)

પ. પૂ. પ્રવચન પ્રભાવક, આચાર્ય ભગવંત શ્રી પ્રેમપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. (વાત્સલ્યદીપ) ની પ્રેરણાથી સ્થપાયેલ ઉપરોક્ત એવૉર્ડ આ વરસે નીચે જણાવેલ વિદુષી પ્રાધ્યાપિકાઓને અર્પણ થયેલ છે.

૧. ડૉ. કલાબેન શાહ

૨. ડૉ. કોકિલાબેન શાહ

આ એવૉર્ડ તા. ૯-૧૦-૨૦૧૧ના અંધેરી લોખંડવાલા કોમ્પ્લેક્ષના બ્રુડીલ ટાવરમાં શેઠશ્રી નવનીતલાલ ચીમનલાલ અને શેઠશ્રી શાંતિલાલ પરમારના વરદ્ હસ્તે અર્પણ કરાયો હતો. આ પ્રસંગે પૂ. વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ. સા. લિખિત 'અમૃત ધારે વરસો' ગ્રંથનું વિમોચન શેઠશ્રી ધીરજલાલ શાહના હસ્તે થયું હતું.

જૈન ધર્મ અને જૈન સાહિત્ય વિશે છેલ્લા ૩૦ વર્ષથી આ બન્ને વિદુષી શ્રાવિકાએ નોંધપાત્ર કાર્ય કર્યું છે અને આ પ્રત્યેક વિદુષી પ્રાધ્યાપિકાના માર્ગદર્શન નીચે કુલ લગભગ ૨૫ થી વધુ વિદ્યાર્થી-સાધ્વીશ્રીઓએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે તેમ જ આ વિદુષી બહેનોએ અનેક ગ્રંથોનું સર્જન પણ કર્યું છે. 'પ્રબુદ્ધ જીવન' અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આ વિદુષી શ્રાવિકા બહેનોને અભિનંદન.



શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧	૨૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૨	૨૦
૧૪	જિન તત્ત્વ ભાગ-૪	૨૦
૧૫	જિન તત્ત્વ ભાગ-૫	૫૦
૧૮	જિન તત્ત્વ ભાગ-૮	૫૦
૧૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૨૦	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૨૧	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૨૨	વંદનિય હૃદયસ્પર્શ –	૫૦
૨૩	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૨૪	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૨૫	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૨૬	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧	૨૦
૨૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૨	૨૦
૨૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૩	૨૦
૩૦	પ્રભાવક સ્થવિરો ભાગ-૪	૨૦
૩૨	નમો તિત્થસ્સ	૧૪૦
૩૩	જ્ઞાનસાર	૧૦૦
૩૪	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૩૫	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૩૬	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૩૭	ન્યૂ ઝીલેન્ડ (પુસ્તિકા)	૬
૩૮	બેરસ્થી બ્રિગેડિયર	૬૦
૩૯	ઑસ્ટ્રેલિયા	૬
૪૧	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૪૨	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૪૩	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૪૫	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૪૬	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૪૭	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૪૮	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૪૯	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૫૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૫૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૫૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૫૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૫૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૫૬	આપણા તીર્થંકરો	૧૦૦
૫૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૫૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૫૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૬૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

ચિત્ત ભયશૂન્ય બન્યું

□ અવંતિકા ગુણવંત

દસેક વર્ષ પહેલાંની વાત છે. વિશાખાબહેન અને એમના પતિ રજતભાઈ સમેત શિખરની યાત્રાએ નીકળ્યાં હતાં. લાંબી મુસાફરી હતી, એમની સાથે એમના ડબ્બામાં નીતેશ નામનો એક બિહારી યુવક હતો. એ વિવેકી, વિનયી, સેવાભાવી અને મળતાવડા સ્વભાવનો હતો.

વાત વાતમાં એ યુવાને જાણ્યું કે વિશાખાબહેન તથા રજતભાઈ યાત્રાએ નીકળ્યાં છે, તેઓ સૌથી પહેલાં સમેતશિખર જશે પછી જગન્નાથપુરી, પછી કોણાર્કનું સૂર્યમંદિર વગેરે સ્થળે જશે.

નીતેશે પૂછ્યું, 'તમે પટણા જશો ને?

વિશાખાબહેન બોલ્યાં, 'ના, 'અમે બિહાર-પટણા નથી જવાના.'

પેલા યુવકે પુછ્યું, 'કેમ? કેમ તમે બિહાર નથી જવાનાં?'

'ત્યાં લૉ અને ઑર્ડર નથી, કોઈ સલામતી નથી ત્યાં ના જવાય.' વિશાખાબહેને જવાબ આપ્યો.

'તમે તો યાત્રાએ નીકળ્યાં છો, તો પછી ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની ભૂમિ પર નહિ જાઓ? માણસજાતને દુ:ખમાંથી ઊંચા ઊઠવાનો એમણે માર્ગ બતાવ્યો છે. જે ભૂમિ પર ભગવાન ફર્યા હોય એ પુણ્યભૂમિના દર્શન નહિ કરો તો યાત્રા અધૂરી નહિ રહે?'

'જવાનું મન તો છે પણ બધાં કહે છે કે ત્યાં સલામતી નથી.' વિશાખાબહેન બોલ્યા.

'ઈશ્વરનાં દર્શન કરવા નીકળ્યાં છો ને આવી વાણી કેમ ઉચ્ચારો છો? તમને ઈશ્વરમાં શ્રદ્ધા નથી? મહાવીર અને બુદ્ધ પોતાના રાજપાટ, મહેલ, કુટુંબ છોડીને પોતાની સાથે કશું ય લીધા વગર નીકળી પડ્યા હતા, અને તે પણ પોતાના માટે નહિ પણ જન સામાન્ય માટે. હું તો વિચાર કરતાં ય તાજ્જુબ થઈ જાઉં છું કે કોઈપણ શંકા, કુશંકા કે ડર વિના તેઓ કઈ શ્રદ્ધાએ બધું છોડીને ચાલી નીકળ્યા હતા! અને તમે? ડરો છો?' નીતેશે પૂછ્યું.

વિશાખાબહેન અને રજતભાઈ કંઈ બોલ્યાં નહિ પણ એમના હૈયા પર નીતેશનો પ્રશ્ન સતત ટકોરા મારતો રહ્યો કે 'તમે ડરો છો?' અને એમના મનમાં મંથન ચાલતું રહ્યું, કે શું કરવું. શ્રદ્ધા રાખીને બિહાર જવું જોઈએ કે નહિ?

તીર્થંકર ભગવાને જનચેતનામાં જીવન પ્રત્યે આસ્થા જગાવી હતી. ભગવાનના સ્મરણથી આપણા ચિત્તમાં ઈશ્વરી ચેતનાનો અંશ આવિર્ભૂત થાય છે અને આપણને જીવનની પૂર્ણતાનું ભાન થાય છે. અમે જો આ પુણ્ય ભૂમિના દર્શને નહિ જઈએ તો અમને જીવનની પૂર્ણતાનું, પવિત્રતાનું, ગહનતાનું ભાન નહિ થાય. જીવનની મહાનતા અનુભવવાનો એક અનુભવ એટલો અધૂરો રહેશે. અનુભવનું એક ક્ષેત્ર સાવ કોરુંધાકોર રહી જશે.

આ બહારના ભૌતિક વિશ્વ કરતાં તદ્દન ભિન્ન પ્રકારનું વિશ્વ આપણી અંદર છે, તેનો અનુભવ ભગવાનની ઉપાસના દ્વારા થાય છે અને એક વાર એ વિશ્વમાં આપણો પ્રવેશ કરીએ તો જ આપણને આપણી આંતરિક તાકાતનું ભાન થાય અને આપણો આ ભય, આ શંકા કુશંકા, નિર્બળતા નાશ પામે.

તો શું કરવું બિહાર જવું? આ યુવકે તો આપણને વિચાર કરતા કરી મૂક્યા છે. વિશાખાબહેન અને રજતભાઈને ઈશ્વરમાં અસીમ શ્રદ્ધા છે.

જ્યારે જ્યારે તેઓ મૂંઝાય અને કંઈ માર્ગ ના સૂઝે ત્યારે અનાયાસ એમના દ્વારા ઈશ્વરનું સ્મરણ થવા માંડે. બેઉની દૃષ્ટિ ભીતરની બાજુ વળી અને એમણે ઈશ્વરનો સ્પર્શ અનુભવ્યો.

અને એમના ચિત્ત પરનો બોજો જતો રહ્યો. હૃદય, મનમાં આનંદ પ્રસરી ગયો. અને સમેત શિખરથી ગુજરાત પાછા ફરતાં એમણે ભગવાનની ભૂમિના દર્શને જવાનું નક્કી કર્યું.

રજતભાઈએ એ યુવકને કહ્યું, 'ભાઈ, તેં અમને સાચા રસ્તે જવાની દૃષ્ટિ આપી, બળ આપ્યું. તું અમારો ગુરુ બન્યો.'

'અરે અંકલ, હું તો તમારો દીકરો છું, ગુરુ નહિ.' સંકોચ પામતા એ બિહારી યુવકે કહ્યું.

વિશાખાબહેન બોલ્યાં, 'કોઈ સાધુ સંત જ ગુરુ બની શકે એવું કોણે કહ્યું? જે માર્ગ બતાવે એ ગુરુ. દીકરા, તેં અમારા અંત:કરણને જાગૃત કર્યું.'

રજતભાઈએ વિશાખાબહેનને કહ્યું, વિનોબાજીએ કહ્યું હતું કે આ વિજ્ઞાન યુગમાં ભક્તિનો ખ્યાલ સાવ બદલાઈ ગયો છે. આપણે સહુ સાથે મળીને ભગવાનને કહીએ કે ભગવાન હવે તમારે અવતાર લઈને પૃથ્વી પર આવવાની જરૂર નથી. આ અંધકારમાં અમે જ અમારો ઉદ્ધાર કરીશું અને ઊંચે ચઢીને તમારી પાસે આવીશું. તમારે ઉપરથી એટલે કે સ્વર્ગમાંથી નીચે પૃથ્વી પર આવવાની જરૂર નથી. અમને દુ:ખમાંથી ઉગારવા તમારે જ નીચે આવવું પડે એમાં તમારી શોભા નહીં અને અમે તમારા બાળકો પણ એટલા કાચા જ રહી જઈશું.

વિશાખાબહેન બોલ્યાં, 'આધુનિક વિજ્ઞાને આપણી કેટલી બધી ખોટી માન્યતાઓને દૂર કરી છે. અને એટલે આપણા કેટલા બધા ડર દૂર થયા છે. આપણને આપણી આંતરિક શક્તિનું ભાન થયું છે. આપણે દૃઢ સંકલ્પ કરીએ તો આપણે આપણી સામાન્યત: માન્યતામાંથી મુક્ત થઈ શકીએ.'

'અરે આધુનિક વિજ્ઞાન અને આત્મજ્ઞાન તો આપણી બે પાંખો છે, એ બે પાંખો વડે આપણે આકાશમાં ઊડતાં શીખી લેવું જોઈએ.'

'વાત તો સાચી છે, આપણે અત્યારે સતત કોઈ અજ્ઞાત ભયથી ચિંતામાં જીવીએ છીએ તેથી નિરાંત નથી અનુભવી શકતાં. આપણે શાંતિ, સલામતી, પ્રગતિ, વિકાસ ઈચ્છીએ છીએ, આનંદ અને પ્રસન્નતાને પોકાર પાડીએ છીએ પણ ભય હોય ત્યાં પ્રસન્નતા કેવી રીતે સંભવી શકે? માટે આપણા હૃદય મનમાં કોઈ ભય ના હોવો જોઈએ. જો કોઈ પણ પ્રકારનો ભય નહિ હોય તો વિશુદ્ધ આનંદથી આપણે છલકાઈ ઊઠીશું. આપણું જીવન ઉન્નત અને સમૃદ્ધ થશે.

'આપણે સમૃદ્ધ થવા બહાર નજર નથી દોડાવવાની, પણ ભીતર જોવાનું છે, આપણા આંતર મનને સમૃદ્ધ કરવાનું છે, અને એના માટે સંસાર છોડવાની જરૂર નથી, માત્ર જાગૃત થવાનું છે, અને પૂરી શ્રદ્ધાથી, નિર્ભય બનીને પ્રગતિના પંથે ડગ ભરવાના છે, એક ભવ્ય યુગ આપણી રાહ જોઈ રહ્યો છે.

'આપણે કેવી શુભ ઘડીએ યાત્રા પર નીકળ્યાં હોઈશું કે આપણને આ બિહારી યુવક મળ્યો ને આપણી દૃષ્ટિ જ ફેરવી નાંખી. કોઈ અલૌકિક પ્રસન્નતાથી હૃદય મન છલકાઈ ઊઠ્યાં છે.'

* * *

'શાશ્વત', કે. એસ. જૈન ઉપાશ્રય સામે, ઑપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિફોન: ૦૭૯-૨૬૬૧૨૫૦૫.

પંથે પંથે પાથેય...

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૧૧ • નવેમ્બર, ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦



तमिलनाडु में जैन सरस्वती

જિન-વચન

સંયમમાં સ્થિરતા પ્રાપ્તિ

પઢમં નાણં તઓ દયા એવં ચિટ્ઠઇ સવ્વસંજએ ।
અન્નાણી કિં કાહી કિં વા નાહિઇ છેય પાવગં ।।

દસવૈકાલિક (૪-૩૩)

પહેલાં જ્ઞાન અને પછી દયા. આ રીતે સર્વ સાધુઓ સંયમમાં સ્થિર થઈ શકે છે. અજ્ઞાની શું કરી શકશે ? પોતાને માટે શું શ્રેય છે અને શું પાપ છે તે એ કેવી રીતે જાણી શકશે ?

First there must be knowledge and then compassion. This is how all monks achieve self-control. What can an ignorant person do ? How can he know what is good for him and what sin is?

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮માં વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

આપે તે દેવ અને રાખે તે રાક્ષસ

સંત વિનોબાજીએ માતાને 'આચાર્ય' કહ્યા છે. આચાર્યનો અર્થ એ કે જે પોતે જાતે કઠણ કામ કરી જુએ, એનું આચરણ કરે અને પછી બીજાને એ વિષે કહે.

સંત વિનોબાના માતા, પડોશીની પત્ની બહારગામ ગયા હોવાથી પોતાની રસોઈ બનાવીને પડોશીને ત્યાં રસોઈ બનાવવા જતા હતા.

એક દિવસ વિનોબાએ પોતાના માતાને પૂછ્યું, 'મા, પહેલાં તું આપણા ઘરની રસોઈ બનાવે છે અને પછી પડોશીના ઘરની રસોઈ બનાવે છે, એ સ્વાર્થ ન કહેવાય ? પોતાનો સ્વાર્થ પૂરો કર્યા પછી પરમાર્થ થઈ શકે ખરો ?'

માતાએ જવાબ આપ્યો, 'બેટા, પહેલાં આપણા ઘરની રસોઈ બનાવીને પછી એમને ત્યાં જાઉં છું, જેથી એમને ઠંડું ખાવું ન પડે. ગરમ ભોજન મળે.'

વિનોબાજીના ઘરના વાડામાં ફણસનું ઝાડ હતું. એને રોજ પાણી પાય અને ક્યારે એ મોટું થાય અને પોતાને ફળ ખાવા મળે તેની વિનોબાજી રાહ જોતા હતા. ફણસનું ઝાડ મોટું થયું. થોડા દિવસો પછી માતાની સંમતિ મેળવીને વિનોબાએ ઝાડ પરથી ફણસ ઉતાર્યું અને સમાર્યું. ત્યારે તેમની માતાએ કહ્યું, 'પહેલું ફળ તો (ભગવાનને આપીને) વહેંચીને ખવાય.'

વિનોબાજી અને તેમના મિત્રો તો ફણસના રસાદાર ટુકડા ખાવા માટે ઉત્સુક હતા. ત્યારે એમના માતાએ પ્રશ્ન કર્યો, 'તમને દેવ ગમે કે રાક્ષસ ?'

વિનોબાજી અને એમના મિત્રોએ એક અવાજે 'દેવ' કહ્યું. એટલે એમની માતાએ કહ્યું, 'જે આપે એ દેવ અને જે રાખે તે રાક્ષસ.'

માતાની વાત સાંભળતાં બધાં બાળકો ફણસના રસાદાર ટુકડા લઈને એને વહેંચવા નીકળી પડ્યાં.

વિનોબાજીના માતા કશું ભણ્યાં નહોતાં. લખતાં-વાંચતાં પણ આવડતું નહોતું, પરંતુ બાળકોને ઘડવા માટેની ઊંડી સૂઝ હતી. માતાનું આચરણ એ જ બાળકની પાઠશાળા હતી.

સૌજન્ય : 'જીવનદૃષ્ટિ'

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	અમારા રસિકભાઈ	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	સમ્રાટ સંપ્રતિ મૌર્યે નિર્માણ કરેલા અમૂલ્ય જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર	—	૫
(૩)	ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા કથિતઃ 'શ્રી મહાવીર કથા-દર્શન'	સતિષભાઈ એફ. કામદાર	૬
(૪)	પ્રબુદ્ધ જીવન : કથા વિશેષાંક પ્રતિભાવ	ડૉ. કવિન શાહ, અંજની મહેતા ડૉ. હિંમતભાઈ શાહ	૭
(૫)	પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય	અંજના કિરણ શાહ	૯
(૬)	અણ્ણા હઝારે અને તેની ટીમને તથા દેશના ટોચના વકીલા અનેનેતાઓનેઆમ જનતાનો અપેક્ષિત એજન્ડા	વી. આર. ઘેલાણી	૧૩
(૭)	સમતાના મેરુ – કુરઘડુ	ડૉ. ગુલાબ દેઢિયા	૧૫
(૮)	તક્તીનું આયુષ્ય કેટલું ?	પન્નાલાલ ખીમજી છેડા	૧૭
(૯)	રખોપાં કોને સોંપવાં હો જી ?	પ્રા. પ્રતાપકુમાર ટોલિયા	૨૦
(૧૦)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત ૭૭ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન	—	૨૩
(૧૧)	જયભિખ્ખુ જીવનધારા : ૩૩	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૫
(૧૨)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૮
(૧૩)	સ્ત્રીશિક્ષણમાંથી જાગતી સમસ્યા	કાકુલાલ સી. મહેતા	૩૧
(૧૪)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૨
(૧૫)	પંથે પંથે પાથેય	જિતેન્દ્ર એ. શાહ– મનસુખલાલ પ્રવીણ ઉપાધ્યાય	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય : દેવી સરસ્વતી પ્રાચીન ચિત્ર : 'જૈન તીર્થ વંદના' સામયિક

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૧૧ ● નવેમ્બર ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● કારતક વદ–તિથિ-૫ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

અમારા રસિકભાઈ

રસિકભાઈ એટલે એક ફૂલ-ગુલાબી વ્યક્તિત્વ. પ્રત્યેક પાનખરે એ વંસત જેવા લાગે એવા નિરોગી અને સ્ફૂર્તિના ફુવારા જેવા. એમને મળો એટલે આપણી અંદર છૂપાયેલો વિશાદ ઓગળી જાય અને આપણને સ્મિત ઓઢાડી દે એવા એ ઉષ્માભર્યા. માત્ર જ્ઞાતિ અને સ્વધર્મીજનો જ નહિ પણ માનવ માત્ર માટે મદદ માટે તૈયાર, પોતાની પાસેથી આપવાનું ઓછું પડે તો ઝોળી લઈને અન્ય કાજે માગવા ઉત્સાહભેર નીકળી પડે. 'પરકાજે માગવામાં શરમ શેની?' એ એમનો સેવા મંત્ર, અને દાતા પણ હસતા હસતા એમની ઝોળી છલકાવી દે એવા આ સંસ્કાર મૂર્તિ. મસ્તકથી ચળકતા બૂટ સુધી જેટલા સુઘડ અને સ્વચ્છ એટલાં જ નહિ, એથી યે વિશેષ 'અંદર'થી સ્વચ્છ, પારદર્શી વ્યક્તિત્વ. નામ પ્રમાણે રસિક અને રસજ્ઞ પણ એટલા જ, અને આ રસિકતામાંય એમનું આભિજાત્ય છલકે એવા એ 'ઈસમ'. ખોટું કે અન્યાય સહન કરે નહિ, અને કોઈ હૃદય કે બુદ્ધિને ન સ્પર્શે એવું બોલે, એવી વાત કરે તો કોઈ પણ શેહશરમ રાખ્યા વગર પોતાને 'સાચું' લાગે એ 'રોકડું' પરખાવી દે એવા આ કાઠિયાવાડી મરદ માણસ. ક્રિયામાં ન માને પણ કર્મ અને પુરુષાર્થમાં જ માનવું એ જ એમનો ધર્મ. જન્મે જૈન પણ 'સમજણ'થી પૂરા બુદ્ધિવાદી અને પાક્કા 'રેશનાલિસ્ટ'. વાંચન વિશાળ પણ બુદ્ધિ સંમત થાય એ 'વાત'ને જ માને. સંગીતના જાણતલ આ ઈન્સાનનું જીવન પણ સંવાદો અને તાલથી ભર્યુંભર્યું હતું, અને અતિથિ દેવો ભવઃ એ સૂત્ર તો એમની અને એમના પરિવારની નસેનસમાં ધબકતું હતું.

અમારા ડૉ. રમણલાલ ચી. શાહ આ સંસ્થાના પ્રમુખ તરીકે ૧૪ વર્ષ રહ્યા અને ૭૦ની વય થતાં, એઓશ્રીએ પ્રતિજ્ઞા લીધેલ કે હવે દરેક હોદ્દા પરથી નિવૃત્તિ લેવી, એ સિદ્ધાંતે તા. ૭–૧૨–૧૯૯૬માં પોતાની દીર્ઘદૃષ્ટિથી અને સર્વ સંમતિથી આ સંસ્થાનું પ્રમુખ પદ અમારા રસિકભાઈને સોંપ્યું. માનવ કલ્યાણ અને જ્ઞાનની વિવિધ પ્રવૃત્તિથી આ સંસ્થાને એક ઊંચી ઊંચાઈએ ડૉ. રમણભાઈએ પહોંચાડી અને એ ઊંચાઈની લગામ પ્રેમાગ્રહથી, રસિકભાઈની ઈચ્છા ન હોવા છતાં, રસિકભાઈને સોંપી અને શ્રી રસિકભાઈ આ સંસ્થાના પ્રમુખસ્થાને જીવનના છેલ્લા શ્વાસ સુધી, ૧૫ વર્ષ રહી આ સંસ્થાને ડૉ. રમણભાઈએ યોજેલ પ્રવૃત્તિ યથાતથ રાખી નવી સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ ઊમેરી આ સંસ્થાને સર્વના સાથ સહકાર થકી એક વિશેષ ઊંચાઈએ રસિકભાઈ લઈ ગયા.

રસિકભાઈની સેવા પ્રવૃત્તિનો વ્યાપ માત્ર આ સંસ્થા પૂરતો જ મર્યાદિત ન હતો. અનેક સામાજિક સંસ્થાની પ્રવૃત્તિઓ સાથે તન, મન અને ધનનું યોગદાન આપી એઓ સંકળાયેલ હતા. રાણપુર પ્રજા મંડળ, રાણપુર એજ્યુકેશન સોસાયટી, રાણપુર પાંજરાપોળ, રાણપુર હૉસ્પિટલ, વિકાસ વિદ્યાલય-વઢવાણ-જૈન સોશ્યલ ગ્રુપ

આ અંકના સૌજન્યદાતા

શ્રીમતી કેતકી રાજ વાધવા

સ્મૃતિ :

સ્વ. રાજ લાલચંદ વાધવા

ફેડરેશનના પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રુપ-માટુંગા અને ઝાલાવાડી સભા અને ઝાલાવાડની અન્ય સંસ્થાઓ, કેટકેટલી સંસ્થાઓને યાદ કરીએ? જૈન સોશ્યલ ગ્રુપ-મુંબઈ સાઉથના તો ફાઉન્ડર પ્રેસિડેન્ટ હતા. એટલું જ નહિ, આ સંસ્થાના પ્રમુખપદે પાંચ વર્ષ પછી રીટાયર થવું જોઈએ, પણ સર્વે સભ્યોના અતિ પ્રેમાગ્રહથી ફરી બીજા પાંચ વર્ષ પ્રમુખસ્થાને બિરાજ્યા, અને આ 'બાપા'ને કોઈએ રીટાયર થવા ન દીધાં. આટલી બધી ચાહના તેઓ ભાગ્યશાળી હતા.

૧૯૨૩માં સૌરાષ્ટ્રના રાણપુરમાં જન્મેલા રસિકભાઈએ શાળા શિક્ષણ વઢવાણ અને અમદાવાદમાં લીધું.

મુંબઈ આવી આપ બળે લોખંડનો વ્યાપાર શરૂ કર્યો અને પોતાની પેઢી એચ. રસિકલાલને એક માનભરી ઊંચાઈ આપી, યોગ્ય સમયે એઓ નિવૃત્ત થયા અને એ નિવૃત્ત જીવન સામાજિક સંસ્થાઓને અર્પણ કર્યું.

મારો એમની સાથેનો સંબંધ પંદરેક વર્ષથી, આ સંસ્થાને કારણે જ, ઊંમરમાં મારાથી ખૂબ જ મોટા પણ પોતાની બધી 'મોટાઈ'ને ઓગાળીને મારી સાથે મિત્રભાવે ચર્ચા કરે અને વડિલજેષ્ટ બંધુ જેટલો મને પ્રેમ આપે. આ સંસ્થા માટેની મારી દરેક યોજના પ્રેમથી સાંભળે, એનું વિશ્લેષણ કરે, સૂચનો કરે અને પ્રોત્સાહન આપે. હું ક્યાંક નિરાશ થાઉં તો હિંમત આપે. થોડા દિવસ પહેલાં હું હૉસ્પિટલમાં હતો, ત્યારે એઓ પણ હૉસ્પિટલમાં હતા, પરંતુ ત્યાંથી મારી ચિંતા કરે અને મારા પરિવારને હુંફાળી હિંમત આપે. મારા માટે તો મને એક પિતાની ખોટ પડી છે. મારા વિચારને સૂક્ષ્મતાથી સમજે, આપણને સમજનારની જીવનમાંથી બાદબાકી થઈ જાય ત્યારે એ આંતરવેદનાને સમજાવવા ક્યા સમજદાર પાસે જવું? આ શૂન્યાવકાશ ન જ પૂરાય.

સંસ્થાઓને અનુદાન આપવા અમો બહારગામ જઈએ ત્યારે એમની સાથે પ્રવાસ કરવો એ એક લહાવો બની જાય. જ્યાં અંધશ્રદ્ધા જૂએ ત્યાં એમનો પુણ્ય પ્રકોપ વરસી જાય. એઓ વક્તવ્ય એવું આપે કે વ્યંગાત્મક રમુજની છોળો વરસે. અમારા બધાના વ્યક્તવ્યો ઝાંખા પડે અને એઓ મેદાન સર કરી જાય. વક્તવ્ય પછી બધાં એમને ઘેરી વળે ત્યારે અમારા મનમાં મીઠી ઈર્ષા જાગે એવા એ ચેતનવંતા અને જીવંત.

લગભગ ત્રણ અઠવાડિયા પહેલાં હું અમારા ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ સાથે એમની ખબર કાઢવા એમના ઘરે ગયો, ત્યારે બિમારીમાં પણ ચેતનવંતા લાગે. આ વરસે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અમે જે સંસ્થાના અનુદાન માટે–વિચરતા સમુદાય સમર્થન મંચ– સમાજને વિનંતિ કરેલી, એના ફળ સ્વરૂપે આ વખતે પંચાવન લાખથી વધુ રકમ એકત્ર થઈ છે એ સાંભળ્યું ત્યારે ગંભીર માંદગીમાં પણ એઓ ચેતનવંતા થઈ બોલી ઊઠ્યા, 'આ વરસે તો યુવક સંઘે 'ધજાગરો' ફરકાવ્યો, વાહ...' આ સંસ્થા પ્રત્યે આવો ઉમદા એમનો પ્રેમ.

૮૮ વર્ષની વયે રસિકભાઈ અમારાથી દેહથી જ અલગ થયા છે, પરંતુ આત્માથી તો દરેક પ્રવૃત્તિમાં અમારી સાથે જ છે. એમણે તો માત્ર ખોળિયું બદલ્યું છે.

શ્રી રસિકભાઈના પરિવારજનો ધર્મપત્ની રસિલાબેન, સુપુત્ર ભદ્રેશભાઈ અને સર્વ પરિવારજનો, અમે સૌએ એ એક વડલા જેવા હુંફાળા વડીલને દેહથી જ ગુમાવ્યા છે. આવી 'ઊમદા' અને 'સાચકલી' વ્યક્તિના આત્માની શાંતિ માટે આપણી પ્રાર્થના સર્વદા ગુંજતી અને ગોરંભાતી રહો!

ૐ શાંતિઃ અર્હત નમઃ

□ધનવંત શાહ
અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર
drdtshah@hotmail.com

આત્મસિદ્ધિ શાસ્ત્ર આચમન

વર્તમાન આ કાળમાં,
મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થીને,
ભાખ્યો અત્ર અગોપ્ય. (૨)

બાહ્ય ક્રિયામાં રાચતા,
અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા,
તેહ ક્રિયાજડ આંઈ. (૪)

આત્મજ્ઞાન સમદર્શિતા,
વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત,
સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. (૧૦)

સદ્‌ગુરુના ઉપદેશ વણ,
સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો?
સમજ્યે જિનસ્વરૂપ. (૧૨)

કોઈ ક્રિયાજડ થઈ રહ્યા,
શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો,
કરુણા ઊપજે જોઈ. (૩)

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે,
તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે,
આત્માર્થી જન એહ. (૮)

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં,
પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના,
ઊગે ન આત્મવિચાર. (૧૧)

નહિ કષાય–ઉપશાંતતા,
નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા,
એ મતાર્થી દુર્ભાગ્ય. (૩૨)

● **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫/–**(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦/–**(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦/–**(U.S. $ 65)
● **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦/–**(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/–**(U.S. $ 150)

સમ્રાટ સમ્પ્રતિ મૌર્યે નિર્માણ કરેલા અમૂલ્ય જૈન મંદિરોનો જીર્ણોધ્ધાર

આપણા પ્રતિષ્ઠિત જૈન તત્ત્વચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને મુંબઈના જૈનરત્ન શ્રી સી. જે. શાહના માર્ગદર્શન હેઠળ રાજસ્થાનના કુંભલ ગઢમાં ૨૨૦૦ વર્ષ પહેલા જૈન સમ્રાટ સમ્પ્રતિ નિર્મિત જૈન મંદિરોનો અભ્યાસ કરવા તા. ૨૮ સપ્ટેમ્બરથી ૨જી ઑક્ટોબર એમ પાંચ દિવસ ભગવાન મહાવીર સેવા સંઘ અને શ્રી વાલકેશ્વર પાટણ જૈન મિત્ર મંડળ દ્વારા આયોજિત એક હેરિટેજ અને રિસર્ચ ટૂરનું આયોજન થયું. આ સંશોધન પ્રવાસમાં ૨૮ જૈન જિજ્ઞાસુઓએ સાથ આપ્યો.

થોડાં વરસો પહેલાં આવી રીતે જ કૈલાસ માનસરોવર પાસે જૈન તીર્થ અષ્ટાપદની શોધ કરવા જૈન સંશોધક વિદ્વાનોની એક ટૂકડી માનસરોવર ગઈ હતી. આ રીતે આવા તીર્થ સંશોધન માટે જૈન જિજ્ઞાસુઓમાં જાગૃતિ આવી છે એ આવકાર પાત્ર છે.

સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિ મહારાજે જૈન ધર્મ સ્વીકાર્યો હતો અને ગુરુ આજ્ઞાથી લગભગ એક કરોડથી વધુ જૈન મૂર્તિઓનું માત્ર ભારતમાં જ નહિ વિદેશમાં પણ સ્થાપન કરી જૈન સ્થાપત્યોનું નિર્માણ કર્યું હતું. આ ભવ્ય ઈતિહાસ માટે તો ઘણું ઘણું લખી શકાય. જૈન સાહિત્યમાં પણ આ ઘટનાઓનો યશસ્વી ઉલ્લેખ છે. જૈન વિદુષી ડૉ. કલાબેન શાહે આ વિષય ઉપર સંશોધનાત્મક પુસ્તિકા લખી છે જેનું ટૂંક સમયમાં પ્રકાશન થશે.

આપણે એટલા ભાગ્યશાળી છીએ કે આ તીર્થોમાંથી ભારતમાં વર્તમાનમાં અત્યારે આપણા રાજસ્થાનના કુંભલ ગઢમાં ૩૦૦ જૈન મંદિરો કાળનો સામનો કરીને આજે પણ ઊભા છે. પરંતુ એ જીર્ણદશામાં છે અને આ ભવ્ય અમૂલ્ય અને પવિત્ર મંદિરો ભારત સરકારના પુરાતત્ત્વ ખાતા પાસે સચવાયેલા છે. આ મંદિરોમાં અત્યારે મૂર્તિઓ નથી. કદાચ એ રક્ષણ માટે ત્યાં જ દટાયેલી હોય અથવા અન્યત્ર સ્થળાંતર થઈ હોય. જૈનોની આ ભવ્ય વિરાસત છે.

શ્રી સી. જે. શાહે આ પ્રવાસની ડી.વી.ડી. શ્રી મનસુખ મહેતા દ્વારા તૈયાર કરાવી. આ ડી.વી.ડી. જોતાં આપણા જૈન તીર્થોની ભવ્યતાનો પરિચય થાય છે, સાથોસાથ આપણે કોઈ ફરજ ચૂકી ગયા છીએ એનો ખેદ પણ મનમાં થાય છે. એમાંય ત્યાંના બાવન જિનાલયનું દૃશ્ય જોવાથી તો અંતર અહોભાવ પાસે પહોંચી જાય છે.

ત્રીસ એકરમાં પથરાયેલા આ ૩૦૦ મંદિરોનો જીર્ણોધ્ધાર કરવાનો હજુ સુધી કોઈ જૈન સંઘ કે શ્રાવકને વિચાર કેમ નહિ આવ્યો હોય? આટલી ભવ્ય સંપત્તિ અપૂજ અવસ્થામાં ભારત સરકારના અધિકારીઓ પાસે? જે ખરેખર તો જૈન શ્રાવકો પાસે હોવી જોઈએ.

કાળ પાકે ત્યારે નવનિર્માણના સંજોગો ઊભા થાય છે. આ સ્થાપત્યના ઉધ્ધારનો કાળ પાક્યો હશે એટલે સી. જે. શાહ જેવા શ્રાવકને આ વિચાર આવ્યો અને એમણે સર્વ જિજ્ઞાસુઓને એકત્ર કર્યા. આપણે સૌ માત્ર એમને અભિનંદન આપીને વિરામ ન લેતા એમના અભિયાનમાં પૂરો સાથ આપીએ. (9323237023). Email : cjshah@moonindia.com

નવા નવા તીર્થોનું ભલે સર્જન કરીએ, પણ જે વિદ્યમાન છે એની અવહેલના કરવી એ આશાતના છે જ. આપણા આચાર્યો અને સાધુ ભગવંતો, જૈન સંઘો અને શ્રેષ્ઠિઓ આ તીર્થોધ્ધાર માટે જાગ્રત થાય તો આ જીર્ણ પથ્થરો પાંચ વર્ષમાં નવપલ્લવિત થઈ જાય અને જૈનોને એક જીવંત મહાતીર્થ પ્રાપ્ત થાય.

આપણો એક એક સંઘ એક એક મંદિરના જીર્ણોધ્ધારની જવાબદારી લે તો આ શુભ કાર્ય કઠિન નથી જ. આપણા સંઘો પાસેના અનામત દેવદ્રવ્યનો શુભ ઉપયોગ થાય.

નજીક નજીક સ્થપાયેલા આ ત્રણસો મંદિરોની એક જ સમયે આરતીની ઝાલરો ગૂંજે તો જૈન શાસનના પડઘા કેટલા દૂર દૂર સંભળાય! આ શ્રવણ-દૃશ્ય કેટલું આલ્લાદિય અને રોમાંચિત બને!

આ દિશામાં વ્યવસ્થિત આયોજન થાય અને એ શુભ દિનનો મંગળધ્વનિ સંભળાય એવી અંતરની ભાવના.

–ધ.

મુંબઈમાં જૈનપીડિયાની વેબસાઈટનું વિમોચન

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (લંડન) દ્વારા તૈયાર થયેલી જૈનપીડિયાની વેબસાઈટનું ૧૪મી ઑક્ટોબર ૨૦૧૧, શુક્રવારના રોજ મુંબઈ રેસકોર્સ પર આવેલા ગૅલોપ બૅન્કવેટ હૉલમાં વિધિવત્ વિમોચન કરવામાં આવ્યું.

આ પ્રસંગે કૉમ્પ્યુટર સાયન્સના ગ્રેજ્યુએટ અને જૈન ધર્મમાં ડૉક્ટરેટની પદવી ધરાવનાર ડૉ. મેહુલ સંઘરાજકાએ 'જૈનપીડિયા' વિશે વિસ્તૃત માહિતી આપી. જૈન ધર્મના એન્સાઈક્લોપીડિયા જેવા આ વિરાટ પ્રોજેક્ટમાં જૈન ધર્મવિષયક ગ્રંથો, સ્થાપત્ય, ચિત્રકલા, ઈતિહાસ, વિવિધ ધાર્મિક ક્રિયાઓ તથા તીર્થોની માહિતી આપવામાં આવી છે. વળી એની ટર્નિંગ પેઈજ ટેકનોલોજી દ્વારા પુસ્તકનું પૃષ્ઠ આપોઆપ ફરે છે અને એમાં મંત્રો, સ્તવનો, ગીતો પણ મળી શકે છે. આ પ્રોજેક્ટમાં ડાયરેક્ટર ડૉ. મેહુલ સંઘરાજકા ઉપરાંત છ ફૂલટાઈમ અને બે પાર્ટટાઈમ તજજ્ઞો કામ કરી રહ્યા છે.

જાણીતા સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાનો પરિચય આપ્યો હતો. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહે જૈનપીડિયાનું મહત્ત્વ દર્શાવ્યું હતું અને એ પછી પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે ડૉ. રેખા વોરાએ મંગલાચરણ કર્યું હતું તેમ જ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આગવી છટાથી જાણીતા વિદ્વાન શ્રી ગુણવંત બરવાળિયાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચૅરમૅન શ્રી રતિભાઈ ચંદરયા, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી નેમુ ચંદરયા, ટ્રસ્ટી શ્રી જયસુખભાઈ મહેતા, શ્રી મનુભાઈ શાહ (રૂબી મિલ્સ), શ્રી કીર્તિલાલ દોશી, શ્રી મહેશ ગાંધી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ દ્વારા કથિત : 'શ્રી મહાવીર કથા-દર્શન'

□ સતિષભાઈ એફ. કામદાર

શ્રી ગુજરાતી કેળવણી મંડળ-માટુંગા, શ્રી માનવ સેવા સંઘ-સાયન, શ્રી જૈન સોશ્યલ ગ્રુપ-માટુંગા, શ્રી જૈન સોશ્યલ ગ્રુપ-સાયન, શ્રી જૈન જાગૃતિ સેન્ટર-માટુંગા-સાયન દ્વારા યોજાતી શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન છેલ્લા ૫૧ વર્ષથી નિયમિત થાય છે. એના વિસ્તરણ રૂપે આ વર્ષના તા. ૭, ૮ અને ૯ ઑક્ટોબરના રોજ શ્રીમતી સમતાબાઈ સભાગૃહમાં (A/C હૉલ) એક અનેરો મૂલ્યવાન પ્રયોગ શ્રી કુમારપાળ દેસાઈ દ્વારા ઉજવાયો.

આ પ્રસંગે ત્રણેય દિવસ 'શ્રી મહાવીર કથા-દર્શન'નું સુંદર રસતરબોળ આયોજન થયું, એની સાથે ત્રણેય દિવસ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ સાયનના સભ્યોએ સુમધુર ભજનોના સૂરો દ્વારા આ પ્રસંગને અનુરૂપ સૂરો રેલાવ્યાં. આ પર્વના ત્રણેય દિવસ ભરચક શ્રોતાજનોએ ડૉ. કુમારપાળ દેસાઈની વિદ્વતા ભરેલી જ્ઞાનવર્ધક વાણીને ખૂબ જ સંતોષભાવે માણી. સૌ શ્રોતાગણોએ શ્રી કુમારપાળભાઈ અને આયોજકોને ધન્યવાદ આપ્યા. સાથે એમણે આવી નવીન તરાહની વધુ ને વધુ કથાઓનું ભવિષ્યમાં આયોજન થાય એવી ઈચ્છા વ્યક્ત કરી.

'શ્રી મહાવીર કથા-દર્શન'નો મુખ્ય આશય એ છે કે ભગવાન મહાવીર સ્વામીના જીવનની વૈશ્વિક સંદર્ભમાં વિશેષતા, એમના સાધનાકાળની ગરિમા, એમના જીવનની અજાણ કે ઓછી જાણીતી ઘટનાઓ દ્વારા મળતા સંદેશને આમ પ્રજાને પહોંચાડવો. શ્રી મહાવીર સ્વામીના એ સમયના ક્રાંતિકારી વિચારો આજના વર્તમાન સમયમાં પણ એટલા શાશ્વત, આવશ્યક અને વિશ્વકલ્યાણકારી છે. માત્ર ત્યાગ કે વૈરાગ્ય નહીં પણ સમગ્ર સૃષ્ટિના જીવોને સામાજીક, આર્થિક કે રાજકીય દૃષ્ટિએ ઉપયોગી અને પ્રભાવશાળી છે

આ કથાના નવીન વિચારનું આયોજન પ્રયોગ રૂપે શ્રી કુમારપાળ દેસાઈ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા અગાઉ થયું હતું. આ નવા પ્રયોગને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો, તેથી એમાંથી પ્રેરણા મેળવી માટુંગામાં આયોજન થયું, જેનો શ્રેય શ્રી કુમારપાળભાઈ અને સર્વે આયોજકોને જાય છે. જે સફળ આયોજન થયું એનાથી આવા વધુ પ્રયોગો આપણા પૂજ્ય તીર્થંકરોના જીવન પ્રસંગો અને એમના અમૂલ્ય બોધ રસમય સરળવાણીમાં પ્રસારિત થાય તો, ચોક્કસ જૈન સમાજ અને અન્ય ધર્મના ભાઈઓને ઉપયોગી અને જ્ઞાનમાં સ્મરણ કરવા યોગ્ય બને.

શ્રી કુમારપાળ દેસાઈ ધર્મજ્ઞાનનો અમૂલ્ય ખજાનો ધરાવે છે. એમના જીવનનું આચરણ એક સાચા શ્રાવકે કેમ જીવવું એ જવલંત ઉદાહરણ રૂપ છે. તેઓ છેલ્લા ૪૦થી વધારે વર્ષોથી અવિરત લખાણ અને વ્યાખ્યાન દ્વારા દેશ-વિદેશમાં સુંદર ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. જેના ફળ સ્વરૂપે આવી સુંદર 'શ્રી મહાવીર કથા-દર્શન'ની ભેટ મળી. એમની રજૂઆત અત્યંત રસમય અને ભાવવિભોર છે. ભવિષ્યમાં વધારે ને વધારે જ્ઞાનમય વિષયો દ્વારા જૈન ધર્મનો સંદેશો મળતો જાય એવી ઈચ્છા અસ્થાને નથી. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ સમાજના અને દેશના 'જૈનરત્ન' છે. એમનું સામાજીક યોગદાન સૌ કોઈને ઉદાહરણ રૂપ છે.

ટૂંકમાં ભવિષ્યમાં જ્યાં પણ આવા વિષયોનું યોગ્ય આયોજન થાય તો ધર્મજ્ઞાન રસિક શ્રોતાજનો અને શ્રાવકો આનો લાભ અવશ્ય લઈ શકે. જેથી આ જુદી રજૂઆત દ્વારા આપણે શ્રી મહાવીર સ્વામી અને અન્ય પૂજ્ય તીર્થંકરોના મહામૂલ્ય ગુણોનો આસ્વાદ માણી શકીએ. શ્રોતાઓને ત્રણ દિવસનો અમૂલ્ય લ્હાવો મળ્યો જેથી સૌના હૃદય પાવન થયા અને અમોએ સંતોષ અનુભવ્યો.

ત્રીજા દિવસ, રવિવાર સવારના કથા દરમ્યાન વચમાં ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા લખાયેલ 'મહાયોગી આનંદઘન' (જીવન-કવન-સંશોધન)ના પુસ્તકનું વિમોચન સંસ્થાના પ્રમુખશ્રી પ્રવીણભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું અને આ પુસ્તકને જાહેર વેચાણમાં મુકવામાં આવ્યું.

ત્યારબાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીશ્રી અને 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીશ્રી ડૉ. ધનવંતભાઈ શાહે આ પ્રસંગને અનુસરતું અને સંસ્થા દ્વારા આવા પ્રયોગો શરૂ કરવા બાબતે ખાસ અભિનંદન અને શુભેચ્છા પાઠવતું મનનીય પ્રવચન આપેલ અને સંસ્થાને અને સર્વે કાર્યકર ભાઈઓને ખાસ અભિનંદન આપી ભવિષ્યમાં 'ગૌતમ-કથા' રજૂ કરવા વિનંતિ કરેલ. વિશેષમાં ડૉ. ધનવંત શાહે કહ્યું હતું કે વર્તમાન વાતાવરણમાં ધર્મતત્ત્વને કથાના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે તો એ પ્રતિતીકારક બનશે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી સી. ડી. શાહ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ-આભાર. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખશ્રી પ્રવીણભાઈ શાહે આજના કથાકાર ડૉ. કુમારપાળભાઈ દેસાઈનો ત્રણ દિવસ માટે મહાવીર કથા-દર્શન રજૂ કરવા માટે ખાસ સર્વે સંસ્થાઓ વતી અંતઃકરણપૂર્વક આવકાર અને અભિવાદન કરેલ.

વ્યાખ્યાનમાળા કમિટિના ચેરમેન શ્રી મહાસુખભાઈ કામદારે આ મહાવીર કથાને સારો એવો આવકાર મળવાથી સર્વે ગુણીજનોનો ખાસ આભાર વ્યક્ત કરેલ અને આવતા સમયમાં 'ગૌતમ-કથા' વિ. અનેક જ્ઞાનદાયક કથાઓ રજૂ કરવા માટેનું ડૉ. કુમારપાળભાઈને ખાસ આમંત્રણ આપેલ.

કન્વીનર શ્રી પંકજભાઈ સંઘવી, ભદ્રેશભાઈ, રાજેનભાઈ, શ્રી નવિનભાઈ શાહ તથા ગુજરતી કેળવણી મંડળના મંત્રીશ્રી હસમુખભાઈ શાહનો ખાસ ઉલ્લેખ કરી તેઓના સાથ અને સહકાર બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ. સ્ટેજ પરનું સુંદર અને પાવનકારી વાતાવરણ ઊભું કરવામાં ભાઈશ્રી જતીનભાઈનો (ચિત્તરંજન ડેકોરેટર્સ) ખાસ ઉલ્લેખ કરી આભાર વ્યક્ત કરેલ.

રવિવારના બપોરના લગભગ એક વાગે મહાવીર કથા-દર્શન માણી પ્રભુની પ્રસાદી રૂપે સાથે ભોજન કરી સૌ છૂટા પડેલ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજે છે : નમસ્કાર મહામંત્ર આધારિત દ્વિદિવસીય વિશિષ્ટ

કાયોત્સર્ગ ધ્યાન શિબિર

આરાધક : નમસ્કાર મહામંત્રના આજીવન ઉપાસક સુશ્રાવક શ્રી શશિકાંતભાઈ મહેતા

તા. ૨૫, શુક્રવાર અને તા. ૨૬ શનિવાર નવેમ્બર-૨૦૧૧. ● સમય : સાંજે છ વાગે. સ્થળ : પ્રેમપુરી આશ્રમ–બાબુલનાથ મુંબઈ

માત્ર મર્યાદિત સંખ્યામાં પ્રવેશ હોવાથી આપનું નામ આજે જ કાર્યાલયમાં ફોન કરી રજીસ્ટર કરાવો. ફોન : ૨૩૮૨૦૨૯૬

નમસ્કાર મહામંત્ર આધારિત કાયોત્સર્ગ ધ્યાન અને કાયોત્સર્ગ વિધાન

ભગવાન મહાવીરે એક જ ભવમાં અને તે પણ ફક્ત ૧૨॥ વર્ષની સાધનામાં કૈવલ્યજ્ઞાન મેળવ્યું તે કયું તપ હતું ?

- ૬ બાહ્યતપ તો દેહને સંયમિત રાખવા માટે છે.
- જ્યારે ૬ અભ્યંતર તપમાં છઠ્ઠું અને શ્રેષ્ઠ તપ કાયોત્સર્ગ ધ્યાન છે, જે કોઈ પણ સાધક એક જ ભવમાં આરાધના કરી મુક્તિના ગર્ભદ્વારમાં પ્રવેશી શકે છે.
- જરૂર છે માત્ર સંનિષ્ઠ પ્રયોગની.
- નમસ્કાર મંત્રના શબ્દો જ્યારે પણ સાથે ગણવામાં આવે છે (વિકલ્પે લોગસ્સ સૂત્ર પણ ગણી શકાય) ત્યારે આ શબ્દો એક તેજોવર્તુળ બની, દેહની અશુદ્ધિઓને બાળી નાંખે છે.
- કાયોત્સર્ગધ્યાન એ વિશ્વયોગ છે. It is a Yoga of the Earth. અલબત્ત આ યોગ-સાધના માટે કાયોત્સર્ગનું વિધાન પણ સમજવું જરૂરી છે.
- જેમ સૂરિ મંત્રની આરાધના પાંચ પીઠની હોય છે તેમ નમસ્કાર મંત્ર ગર્ભિત કાયોત્સર્ગની સાધનાનું પણ એ વિધાન, જે પંચપીઠમાં વિગત જાણી શકાય : એક જ સામાયિકમાં, આ વિધાન સહિત કાયોત્સર્ગ ધ્યાન થઈ શકે.
- એક એક પીઠમાં વિવિધ રીતે, નમસ્કાર મંત્રને માત્ર અને માત્ર વર્તમાન ક્ષણમાં જીવવાનું આ અમૃતમયી વિધાન છે.
- કાયોત્સર્ગ એટલે કાયાનો ઉત્સર્ગ નહિ પણ કાયા સાથે જોડાયેલ અહંતા–મમતા ત્યજવાની સાધના
- પ્રભુ મહાવીર પ્રેરિત આ કાયોત્સર્ગ ધ્યાન અદ્‌ભુત છે.
  મનોગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ-ત્રિગુપ્તિ સહિત થતું ધ્યાન એટલે કાયોત્સર્ગ
- જે કર્મો અજ્ઞાનીને ખપાવતાં ક્રોડો વર્ષ લાગે, તે કર્મોને, ત્રિગુપ્તિ સહિતના જ્ઞાનીને માત્ર એક શ્વાસોશ્વાસ જોઈએ.
- આજે પણ આ સાધના જીવંત છે, જવલંત છે, જયવંતિ છે.
- વિશ્વના સર્વયોગોમાં તે શ્રેષ્ઠ છે.
- યોગીઓ માટેનો આ માર્ગ, શ્રાવક-શ્રાવિકાઓ માટે સુલભ છે.
- યુગોનું કાર્ય, એક જ ભવમાં થઈ શકે.
- આમ્નાયપૂર્વક (શાસ્ત્રનિર્દિષ્ટ વિધિથી) કાયોત્સર્ગ શું છે ? એની પૂર્વ સેવા કઈ છે ? તેની વિધિ શું છે ? તેને જીવન સાધનાનું અવિભાજ્ય અંગ કેવી રીતે બનાવી શકાય, તેને પ્રયોગાત્મક રીતે સમજવા/જાણવા
  બે દિવસીય (રોજ ૨ કલાક) કાયોત્સર્ગ વિધાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.
- પ્રબુદ્ધ સુજ્ઞ આરાધકોને પધારવા આમંત્રણ છે. આ અવસર ન ચૂકવા જિજ્ઞાસુજનોને વિનંતિ છે.
- **આરાધના શ્રી શશિકાંતભાઈ મહેતા (રાજકોટ) (ઉ. વ. ૮૩) કરાવશે.**

પ્રબુદ્ધ જીવન : કથા વિશેષાંક પ્રતિભાવ

❑ ડૉ. કવિન શાહ – અંજની મહેતા – ડૉ. હિંમતભાઈ શાહ

['પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક માટે રૂબરૂ, ફોન અને પત્ર દ્વારા અમને ઘણાં અભિનંદન પત્રો પ્રાપ્ત થયા છે. આવા હૃદયસ્પર્શી હુંફાળા પ્રતિભાવ માટે અમે સર્વેનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. ડૉ. કે. બી. શાહ અભિનંદનના વિશેષ અધિકારી છે. ત્રણેક પત્રાંશો અત્રે પ્રસ્તુત છે.]

કથા વિશેષાંકનું પ્રકાશન આવકારદાયક

જૈન તત્ત્વજ્ઞાન આત્મસાત્ કરવા માટે કથાનુયોગ સર્વસાધારણ વર્ગને ઉપકારક છે. તેનાથી પ્રાપ્ત થતો બોધ ધર્માભિમુખ થવા માટે પ્રેરક નિમિત્ત છે. કથાનુયોગનો મૂળ સંદર્ભ આગમ ગ્રંથો છે. કથા વિશેષાંકની ૨૪ કથાઓ પ્રાચીન મધ્યકાલીન તથા અર્વાચીન સમયને સ્પર્શે છે. કથાના પાત્રો દ્વારા તત્ત્વની વાત જાણવા મળે છે. મોટે ભાગે વાચક વર્ગ પાત્રોને યાદ રાખે છે પણ તેની સાથે તેમાંથી પ્રગટ થતા તત્ત્વજ્ઞાનને વધુ મહત્ત્વનું ગણવાનું છે. કથાઓ સમય પસાર કરવાનું સાધન નથી પણ આત્મ વિકાસનો માર્ગ દર્શાવે છે તે રીતે અધ્યયન થવું જોઈએ.

ડૉ. કાંતિભાઈએ કથાના આધારનો ઉલ્લેખ કરીને તેની પ્રાચીનતા પણ દર્શાવી છે એટલે કથાઓ માટે ધર્મની દૃષ્ટિએ આદરભાવ થાય

તેમ છે. કેટલીક કથાઓના શીર્ષકની યોજનાથી તેમાં રહેલી તાત્ત્વિક માહિતી સમજી શકાય છે. લઘુકથા, રૂપકકથા અને અન્ય કથાઓથી આ અંક સમૃદ્ધ બન્યો છે. ધર્મની જિજ્ઞાસાવાળા વાચક વર્ગને અન્ય ગ્રંથોની કથાઓ વાંચવા માટે આ અંક પ્રેરણાદાયક બન્યો છે. કથારસથી થાક ઉતરી જાય અને ધર્મમાં ઉત્સાહ વધે તેવી વિવિધ કથાઓનું સંકલન આવકારદાયક છે. ડૉ. કાંતિભાઈને આ પ્રવૃત્તિ માટે વિશેષ અભિનંદન પાઠવવામાં આવે છે. કથાને અંતે સારભૂત વિચારની નોંધ કરવામાં આવી હોત તો સામાન્ય વાચકને તત્ત્વબોધ પામવાની તક મળે તેમ હતી. આ કથાઓ જૈન દર્શનના ધાર્મિક વારસાના અમૂલ્ય વૈભવનું પ્રતિનિધિત્વ કરે છે. તદુપરાંત ભારતીય સંસ્કૃતિનું પણ ગૌરવ ચરિતાર્થ થયું છે. ધાર્મિક સાહિત્યનું અંતિમ લક્ષ આત્મકલ્યાણ છે તેનો પણ કથાઓ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પરિચય થાય છે. 'પ્રબુદ્ધ જીવન' દ્વારા આ વિશેષાંકનું પ્રકાશન પણ આવકારદાયક છે. ભવિષ્યમાં જૈન દર્શનને સ્પર્શતા સર્વ સાધારણ જનતા આસ્વાદ કરી શકે તેવા વિશેષાંકનું પ્રકાશન થાય એવી શુભ ભાવના વ્યક્ત કરું છું. આભાર–અનુમોદના.

□ડૉ. કવિન શાહ, બીલીમોરા

x x x

એક યાદગાર સંભારણું

પર્યુષણ વિશેષાંક હાથમાં આવતાં પહેલી નજરે જ મનને રોચક લાગે એવું કલાત્મક મુખપૃષ્ઠ એનાં આકર્ષણનું કેન્દ્ર બને છે એટલું જ નહીં, આ અંકની ભીતરની દુનિયામાં પ્રવેશવાનું સહજ ઈજન, ખાસ કરી જૈનેતર વાચકોને જૈન સાહિત્ય કથાઓની દુનિયામાં વિહરવા તથા રસ ધરાવતા અન્ય ઉત્સુકોના આનંદને દ્વિગુણિત કરવાનું નિમિત્ત પણ બને છે.

આ અંક અંતર્ગત સૌથી વિલક્ષણ પદ્ધતિએ ઉપસી આવતી જૈન સાહિત્ય કથાવિશ્વના માનદ સંપાદક પ્રા. ડૉ. કાંતિભાઈ બી. શાહ વડે થયેલા સંપાદન કાર્ય અંગેની છે. જૈન કથા સાહિત્ય અંગેનું એમની કલમે કરાવવામાં આવેલું વિહંગાવલોકન રસપ્રદ તો છે જ પરંતુ તે સાથે એમના સંપાદન હેઠળ જૈન સાહિત્ય કથાવિશ્વમાંથી જે કથાઓ ખાસ જાણીતી નથી તેવી કથાઓને પસંદ કરી, એને પ્રકાશમાં લાવવાનું અત્યંત સફળ રીતે નિર્વિવાદ સાહસ કર્યું છે, તે સંપાદકને હાર્દિક અભિનંદનના અધિકારી બનાવે છે. પસંદગી પામેલી આ અંકની જૈન કથાઓનો આધરસ્રોત, મૂળગ્રંથો, રચનાકારો, રચનાઓની મૂળભાષા, એ પરથી થયેલા ગુજરાતી ભાષામાં તથા અન્ય ભાષાના અનુવાદો, પ્રકાશિત થયેલા સંપાદનો, પ્રાપ્ત થયેલી વાર્તાઓનાં સ્થળ-સ્થાન, રચનાકાળ આદિ જેવી વિગતો જણાવી છે. આ વિગતો સંશોધન અને સંપાદન પ્રવૃત્તિમાં રસ ધરાવનાર અભ્યાસુઓને અત્યંત ઉપયોગી નીવડે તેટલી પથદર્શક જણાય છે.

પસંદગી પામેલી પ્રત્યેક વાર્તા લેખનની મધ્યમાં સર્વ વિગતોને ચોરસ આકારમાં અલાયદી ઉપસાવીને પ્રકાશિત કરી છે. એટલું જ નહીં સંપાદકશ્રીએ એકે એક વાર્તાઓને સુયોગ્ય એવાં અર્થસૂચક શિર્ષકો આપ્યાં છે જે, વાચકોને વાર્તાના મર્મને અને તેમાં પ્રસ્તુત વસ્તુ વિગતમાં વિહરવા પ્રેરક બને છે.

એક વાચક તરીકે નમ્રસૂચન કરવાનું મન રોકી શકાતું નથી કે આવું પ્રશંસનીય સંપાદન અલાયદા, એક સ્વતંત્ર પુસ્તક તરીકે પ્રકાશિત થઈ શકે તેટલી ગુંજાયશ ધરાવે છે.

જૈન સાહિત્ય કથા-વિશ્વનો અમૂલખ પરિચય કરાવવા 'પ્રબુદ્ધ જીવન'ના માનનીય તંત્રીશ્રી ડૉ. ધનવંત શાહે ડૉ. શ્રી કાંતિભાઈ બી. શાહની સુયોગ્ય પસંદગી કરી છે. 'પ્રબુદ્ધ જીવન' અર્ધશતાબ્દિ ઉપરાંત વર્ષો વીતાવી ચૂકેલું, યશોજ્જવલ માસિક છે. એની વિકાસ યાત્રાનો વર્ષ ૫૮, અંક ૮-૯ મો અંક પર્યુષણ પર્વનો સાચા સમય સંદર્ભમાં વિલક્ષણ વિશેષાંક થઈને રહ્યો છે. અંકના ૩૧, ૩૨મા ક્રમે આવતા બન્ને પ્રકરણોમાંની રસપ્રદ અને માહિતીપ્રચૂર વિગતો સાથે મહત્ત્વની બાબતો ઉપર પ્રકાશ પાડ્યો છે તેમાં શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ ડૉ. કુમારપાળ દેસાઈની ડી.વી.ડી જેવા માધ્યમમાં હૃદયવેધક વાણીમાં કહેવાયેલી ગૌતમમુનિની કથા ઉપરાંત અન્ય વિગતો ધ્યાનપાત્ર બની છે. તો ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સાહિત્યકાર સ્વ. શ્રી જયભિખ્ખુના ચિત્રપટ જગતના સંઘર્ષને પ્રગટ કરતી જાણકારીમાં ખાસ તો સ્વ. શ્રી જયભિખ્ખુના સંઘર્ષ વચ્ચે ફોરમતું એમના ઉદાર સ્વભાવથી આલેખાતું વિરલ વ્યક્તિત્વ પોતાના સારસ્વત પુત્ર ડૉ. શ્રી કુમારપાળ દેસાઈની કલમે સ્વ. પિતાને આદરાયેલી નિવાપાંજલિરૂપ નીવડ્યું છે.

આવા વિલક્ષણ વિશેષાંકના તંત્રીશ્રી અને માનદ સંપાદકશ્રીના ઉત્તમોત્તમ સાહિત્યરૂચિ સંયોગથી તથા પરસ્પરની જૈન સાહિત્ય વિશ્વ પ્રત્યેની અભ્યાસ પ્રીતિ તથા શ્રમસાધ્ય કર્તવ્યનિષ્ઠાને પરિણામે વાચકોને અલભ્ય લાભ સાંપડ્યો છે એ આ અંકની નોંધપાત્ર ઘટના છે. આ અંકના ગૌરવનું પ્રધાન નિમિત્ત આ બન્ને સારસ્વતો હોતાં અભિનંદનના હકદાર બનીને 'પ્રબુદ્ધ જીવન'ના ગૌરવને આથી વર્ધમાન કર્યું છે. અભિનંદન.

□અંજની મહેતા,અમદાવાદ

x x x

મારા હૃદયપૂર્વકના તમને અભિનંદન!

'પ્રબુદ્ધ જીવન'નો ઑગસ્ટ-સપ્ટેમ્બરનો અંક મળ્યો, જેમાં ડૉ. શ્રી કાંતિભાઈ બી. શાહે ખાસ જહેમત લઈ આ અંકને સમૃદ્ધ બનાવ્યો છે. તેઓશ્રીને ખૂબ ખૂબ અભિનંદન સાથે મારો પ્રતિભાવ દર્શાવું છું.

ચાર અનુયોગોમાં કથાનુયોગ દરેકને અતિપ્રિય છે અને આ અંકમાં કથાઓનું વાંચન કરતા ઘણું જ જાણવા મળ્યું છે અને દરેક ઉમરના માનવોને આ કથાઓ અતિપ્રિય બની રહે તેવી છે. તેઓશ્રીની મહેનત વંદનીય, પ્રશંસનીય અને સત્ત્વથી ભરેલી છે. તેઓશ્રી ઉચ્ચ સાહિત્યના વિદ્વાન છે અને આ અંક સંપૂર્ણ તેમની કથાઓથી શોભી રહે છે. મારા હૃદયપૂર્વકના તેમને અભિનંદન.

□ડૉ. હિંમતભાઈ એ. શાહ, મુંબઈ

પ્રેક્ષાધ્યાન અને કષાય વિજય

□ શ્રીમતી અંજના કિરણ શાહ

વિદુષી લેખિકા આચાર્ય મહાપ્રજ્ઞના શિષ્યા છે અને મુંબઈના વિલેપારલેમાં નિયમિત પ્રેક્ષાધ્યાનની શિબિરનું યશસ્વી સંચાલન કરે છે

આપણે સમગ્ર વિશ્વધર્મોનો અભ્યાસ કરીએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે દરેક ધર્મમાં એક પરમ તત્ત્વ છે. જેનું એક વિશેષ નામ છે. અને તેને તે ધર્મ સંપ્રદાયના લોકો પૂજે છે, ભજે છે, પ્રાર્થના કરે છે. જેમ કે હિંદુ ધર્મમાં તે પરમ તત્ત્વને ઈશ્વર, ભગવાન, દેવ વગેરે કહે છે. અને તેની પૂજા, ભક્તિ, પ્રાર્થના, અર્ચના કરે છે. ઈસ્લામ ધર્મમાં તે પરમ તત્ત્વને અલ્લાહ, ખુદા કે પયગંબર કહે છે. જેની તેઓ બંદગી, ઈબાદત કરે છે. ક્રિશ્ચીયન ધર્મમાં તેને God કહે છે. જેની તેઓ Prayer કરે છે. તે જ રીતે જૈન દર્શનમાં તે પરમ તત્ત્વને તીર્થંકર, અરિહંત, જિન કે વીતરાગ કહે છે. જેની આપણે સૌ પૂજા, ભક્તિ, સ્તવના કરીએ છીએ. જૈનદર્શનમાં આ જે વિવિધ નામ છે તેના અર્થનો વિચાર કરીએ તો એક વિશેષ તથ્ય નજર સામે આવે છે. જિન એટલે જેણે રાગ-દ્વેષ રૂપી શત્રુઓને જીત્યા છે તે. અરિહંત એટલે જેણે રાગ-દ્વેષ રૂપી શત્રુઓને હણ્યા છે તે અને વીતરાગ એટલે વિગતો રાગો યસ્માત્ વીતરાગ:। જેનો રાગ પણ સંપૂર્ણપણે નાશ થયો છે તે. આ અર્થો ઉપરથી એક વાત જરૂર સ્પષ્ટ થાય છે. જૈનધર્મમાં આ પરમ તત્ત્વને પામવા માટે રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ અનિવાર્ય આવશ્યક છે. હવે આપણે એ જિનના માર્ગે ચાલનારા જૈન હોઈએ કે વિતરાગ પંથના પથિક હોઈએ તો આપણે આપણું વિશ્લેષણ કરવું જરૂરી છે. અને તે પણ પર્યુષણ પર્વમાં કે જે આત્મવિશ્લેષણનું પર્વ છે. આપણે આટઆટલા વર્ષોથી નાની-મોટી ધાર્મિક ક્રિયાઓ, સત્સંગ વગેરે શક્તિ પ્રમાણે કરીએ છીએ તો ઉંમર વધતા આ રાગદ્વેષ વધ્યા છે કે ઘટ્યા છે? ક્રોધના આવેગ આવેશ ઘટ્યા કે વધ્યા? અહમ્, હું પણું, આગ્રહો ઘટ્યા કે વધ્યા? ઈચ્છાઓ કે પરિગ્રહ ઘટ્યો કે વધ્યો? જો ઉત્તર વધ્યા છે તેવો હોય તો તો આપણે અવળી દિશામાં જઈ રહ્યા છીએ. અને કદાચ ઘટ્યા હોય તો હજુ પણ વધુ ઘટાડવા જરૂરી છે. બન્ને પરિસ્થિતિના ઉપાય રૂપે આજનો વિષય ઘણો જ ઉપયોગી સાબિત થઈ શકે. કારણ કે જે કષાય વિજયની વાત કરવી છે તે ક્રોધ, માન, માયા, લોભ આ રાગદ્વેષના જ સંતાન છે. તેનો જ પરિવાર છે.

જૈન ધર્મમાં આ પરમ તત્ત્વને પ્રાપ્ત કરવા માટે પાંચ બાધક તત્ત્વો દર્શાવ્યા છે. મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય અને યોગ. આ પાંચની મંડળી છે તેનો નાયક છે કષાય. તે gang leader છે. જો તેને જીતી લઈએ તો બાકીના ચાર સહેલાઈથી જીતી શકાય એમ છે. આ કષાયોને કારણે આપણું સંસારનું પરિભ્રમણ વધે છે. તેથી જે 'અધ્યાત્મ કલ્પદ્રુમ'માં કહ્યું છે કે મુલં હી સંસારતરો: કષાયા:। એટલે કે સંસારરૂપી વૃક્ષનું મૂળ જ કષાય છે. કષાય શબ્દનો અર્થ પણ એ જ છે કે સંસારનો લાભ કરાવે તે. આ રીતે સંસારનું પરિભ્રમણ ઘટાડવા માટે કષાય વિજય જરૂરી છે.

આપણે ઘણીવાર જીવનમાં જોઈએ છીએ કે આ કષાયોને કારણે અનેકવાર મિત્રતા શત્રુતામાં, યશ અપયશમાં, કિર્તી , અપકિર્તીમાં, સુકૃત દુષ્કૃતમાં, કરેલું પુણ્યદાન પાપદાનમાં પલટાઈ જાય છે. આ કષાય કેવળ પારમાર્થિક જીવન નહિ આપણું વ્યવહારિક જીવન પણ કલુષિત કરી નાંખે છે. એક પણ કષાય જીવનને કલુષિત કરવા સમર્થ છે. એક શાયરે સરસ કહ્યું છે:-

एक टूटी हुई ईंट दीवार को गीरा सकती है
एक फटी हुई जेब दीनार को गीरा सकती है ।
यदी एक कमी इन्सान में घर कर गई तो
इन्सान को इन्सानियत से गीरा सकती है।

આપણે કષાય વિજય કરવો છે તો રણનીતિ કહે છે કે જો યુદ્ધ જીતવું હોય તો શત્રુઓની સંખ્યા અને તાકાતને જાણવી ખૂબ જરૂરી છે. તો જો આપણે કષાય રૂપી શત્રુઓ પર વિજય મેળવવો હોય તો તેના પ્રકાર અને સ્વરૂપ સમજવું જરૂરી છે.

સ્થાનાંગસૂત્ર અને પ્રજ્ઞાપનાસૂત્રમાં મુખ્ય ચાર કષાય ક્રોધ, માન, માયા અને લોભ અને તેની તારતમ્યતા (intensity) ને આધારે ૧૬ ભેદ દર્શાવ્યા છે.

અનંતાનુબંધી ક્રોધ માન, માયા, લોભ.
અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ.
પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ.
સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ.

આ પ્રમાણે ૧૬ પ્રકાર, ૯ નોકષાય જેવા કે હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંચ્છા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ. આ રીતે ૨૫ કષાય એટલે કે રાગ-દ્વેષનો સંપૂર્ણ પરિવાર. હવે તેના મુખ્ય ચાર સભ્યોનો પરિચય કરીએ.

૧. **ક્રોધ કષાય :** શાસ્ત્રકારો આ કષાયને બાહ્ય, મોળો અને કડવો કષાય કહે છે. જ્યારે વ્યક્તિને ક્રોધ આવે છે ત્યારે તે બહાર દેખાય છે. એટલે કે બાહ્ય છે. પણ મોળો એટલે છે કે માન, માયા, લોભ ખરા culprit છે. તે instigator છે જે ક્રોધને ઉત્તેજીત કરે છે. બીચારો પકડાઈ જાય છે અને કડવો છે કારણ કે જે કરે છે અને જેના ઉપર કરીએ છીએ તે બન્નેને ગમતો નથી.

આ કષાયને શાસ્ત્રોમાં જુદી જુદી ઉપમાઓ દ્વારા તે કેવો નુકશાનકારક છે, ભયંકર છે, તેનો ખ્યાલ આપે છે. તેને વિષધર સર્પ કહ્યો છે. તેને વિષ પણ કહે છે. જેમ ઝેરનું એક ટીપું સમગ્ર પદાર્થને નષ્ટ કરી દે છે તે રીતે આવેગ-આવેશની એક ક્ષણ સમગ્ર જીવનને, પરિવારને નષ્ટ કરી દે છે. કોહ સમો વેરી ણત્થિ । એટલે કે ક્રોધ જેવો આપણો કોઈ વેરી નથી. તો વાચક ઉમાસ્વાતિ તેને તાવ (તાપ) સાથે સરખાવે છે. તાપ જેવા જ લક્ષણો જેવા કે શરીર ગરમ, લાલ થઈ જાય છે. ધ્રુજે છે. મોઢું સૂકાઈ જાય છે. બડબડાટ કરવા લાગે છે. ક્રોધમાં પણ તેવા જ લક્ષણો દેખાય છે. અને જેમ

તાવ શરીર માટે નુકશાનકર્તા છે તેવી જ રીતે ક્રોધ પણ સ્વાસ્થ્ય બગાડે છે.

આ ક્રોધના તેની ડીગ્રી એટલે કે intensity પ્રમાણે ચાર પ્રકારો દર્શાવ્યા છે. અને તે જુદી જુદી Perfect ઉપમા કે ઉદાહરણોથી શાસ્ત્રકારે દર્શાવ્યા છે જે ખૂબ જ મનનીય છે.

૧. અનંતાનુબંધી ક્રોધ : જે તીવ્રતમ અવસ્થા છે. પત્થરમાં કરેલી લીટી જેવો છે. જે ઘણા પ્રયત્નોથી પણ ભૂંસાતી નથી. તેની સ્થિતિ જીવનપર્યંત છે.

૨. અપ્રત્યાખાની ક્રોધ : જે તીવ્રતર અવસ્થા છે. જમીનની માટી સૂકાઈને જે તીરાડ પડે તેના જેવો આ ક્રોધ જેમ વર્ષા આવે ને આ તીરાડ ચાલી જાય છે, તેમ થોડા પ્રયત્નોથી આ ક્રોધ શાંત થઈ જાય છે. તેની સ્થિતિ એક વર્ષની છે.

૩. પ્રત્યાખાની ક્રોધ : આ તીવ્ર અવસ્થા છે. જે રેતીમાં લીટી કરીએ જે સહેલાઈથી પૂરી શકાય છે. તે રીતે આ ક્રોધ થોડા પ્રયત્નોથી શાંત થઈ જાય છે. સ્થિતિ ૪ મહિનાની છે.

૪. સંજ્વલન ક્રોધ : જે મંદ અવસ્થા છે. જે રીતે પાણીમાં લીટી કરીએ જે તુરંત ચાલી જાય છે. તેમ આવો ક્રોધ તરત જ શાંત થઈ જાય છે. જેની સ્થિતિ ૧ દિવસથી ૧૫ દિવસની છે.

આવા ક્રોધને કઈ રીતે શાંત કરવો ? તો તેનો ઉપાય જૈન દર્શનમાં આપ્યો છે. ક્ષમાની ભાવના દ્વારા ક્રોધનું ઉપશમન થઈ શકે છે. ક્ષમા આપવી સહેલી નથી. તે ત્યારે જ આપી શકીએ જો હૃદયમાં વિશાળતા હોય, હૈયામાં વાત્સલ્ય ભાવ, કરૂણાભાવ હોય તો જ થાય છે. તેથી જ તો જૈન દર્શનમાં ક્ષમા વીરસ્ય ભૂષણમ્ કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રે ક્ષમાને મોક્ષનો ભવ્ય દરવાજો કહ્યો છે. આપણા શાસ્ત્રમાં ઉત્તમ ઉદાહરણ છે ચંડકૌશિક સર્પનો ક્રોધ અને ભગવાન મહાવીરની ભવ્ય ક્ષમા.

૨. **માન કષાય :** માન એટલે અહમ્, હું પણું, ego - proud વગેરે. આ કષાયને શાસ્ત્રકારો આંતરિક અને મીઠો કહે છે. આ કષાય એટલો સૂક્ષ્મ છે કે આપણે બીજાનો અહમ્ તો નથી જાણી શકતા પણ ઘણીવાર તો આપણે પોતાના અહમ્ને પણ પકડી શકતા નથી. મને અહમ્ નથી તેનો અહમ્ હોય છે. વળી તે મીઠો છે. માન કોઈ આપે તો અભિમાન કરવામાં લહેજત આવે છે. ખૂબ મીઠો લાગે છે. શાસ્ત્રકાર આ માનને ગજ (હાથી) જોડે સરખાવે છે. જેમ હાથી ડોલે છે તેમ આપણે પણ અભિમાનથી ડોલીએ છીએ. શાસ્ત્રમાં બાહુબલીજીનું દૃષ્ટાંત ખૂબ સુંદર છે. જેમણે એક વર્ષની ઘોર તપસ્યા કરી, શરીરની આજુબાજુ વેલીઓ વીંટળાઈ ગઈ, મસ્તક ઉપર પક્ષીઓએ માળા બાંધ્યા. છતાં પણ કેવળજ્ઞાન ન થયું. ત્યાં તેની બે બહેનો બ્રાહ્મી-સુંદરી આવે છે અને કહે છે કે વીરા મારા ગજ થકી ઉતરો, ગજ પર કેવળજ્ઞાન ન હોયે રે. જેવી શબ્દોની ચોટ લાગી ભીતરનો અહમ્ ગયો અને જ્ઞાન પ્રગટ થયું. તેથી જ તો શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે માન ના હોત તો મોક્ષ અહીં જ હોત. આ માનના ચાર પ્રકાર છે. જેની સરખામણી જુદા જુદા સ્તંભ (થાંભલા) જોડે કરી છે.

૧. અનંતાનુબંધી માન : આ તીવ્રતમ અવસ્થા છે. તેને પત્થરના સ્તંભ જોડે સરખાવ્યો છે. જે ઘણાં ઘણાં પ્રયત્નોથી તૂટતો નથી. આવું અભિમાન જીવ જાય પણ છૂટતું કે તૂટતું નથી. તેની સ્થિતિ જીવનપર્યંત છે.

૨. અપ્રત્યાખાની માન : તીવ્રતર અવસ્થા છે જેને હાડકાના સ્તંભ જોડે સરખાવેલ છે. જે ઘણા પ્રયત્નો પછી તૂટે છે. તેની સ્થિતિ ૧ વર્ષની છે.

૩. પ્રત્યાખાની માન : તીવ્રતર અવસ્થા છે. જેને લાકડાના સ્તંભ સાથે સરખાવ્યો છે. જે થોડા પ્રયત્નથી તૂટી જાય છે. આ માન પ્રયત્નોથી તૂટી જાય છે. સ્થિતિ ૪ મહિનાની છે.

૪. સંજ્વલન માન : જે મંદ અવસ્થા છે. જેને કેળવૃક્ષના થડ સાથે સરખાવ્યું છે. જે સહેલાઈથી તોડી શકાય છે. તેની સ્થિતિ ૧ થી ૧૫ દિવસની છે.

આ કષાય ઉપર વિજય મેળવવો ખૂબ કઠીન છે. પરંતુ જૈન દર્શનમાં વિનય ગુણ દ્વારા તેનું ઉપશમન શક્ય છે. જીવનમાં જેમ મૃદુતા, નમ્રતા આવતી જાય તેમ આ કષાય દૂર થતા જાય છે. તેથી જ ઉત્તરાધ્યયનસૂત્રમાં 'વિનય અધ્યયન' છે કે જેના અભ્યાસથી મૃદુતા વધે. આ ઉપરાંત મૈત્રીભાવ અને પ્રમોદભાવથી પણ અહમ્ ઘટે છે. બીજાના ગુણો જોઈ આનંદ થવો અને તેને appreciate કરવું. જેમ જીવનમાં જાગૃતતા વધતી જાય છે તેમ આ કષાયને જીતી શકાય છે.

૩. **માયા કષાય :** માયા એટલે વક્રતા, દંભ, લુચ્ચાઈ hippocracy cunningness વગેરે વગેરે. એક જ વાક્યમાં કહી શકાય કે જેવા આપણે નથી તેવું દેખાડવું અને જેવા છીએ તે છુપાવવું. આ કષાય પણ આંતરિક અને મીઠો છે. માયાવી વ્યક્તિને જલ્દી પકડી શકતો નથી. તેનો તાગ મેળવવો અઘરો છે. અને લુચ્ચાઈ કરીને–છેતરીને એટલો તો આનંદ આવે કે કેવા બનાવ્યા ? આ માયાવી જીવ સૌથી વધુ પાપકર્મ બાંધે છે. તેથી ૧૮ પાપસ્થાનકમાં માયા અને માયામૃષા એમ બે સ્થાન છે. સામાન્ય રીતે વ્યવહારિક જીવનમાં કરેલા પાપ કર્મ અને સેવાના ક્ષેત્રથી ઓછા કરી શકાય પણ આજે ધર્મ અને સેવાના ક્ષેત્રમાં પણ માયા કરીએ છીએ તો ક્યાંથી છૂટશું ? આ માયાના ચાર પ્રકાર છેઃ

૧. અનંતાનુબંધી માયા : તીવ્રતમ અવસ્થા છે. આવી માયાને વાંસની જડ સાથે સરખાવી છે જે ગૂંચભરેલી છે. જેનો આદિ કે અંત પકડાતો નથી તે રીતે આવી માયાનો તાગ મેળવવો અને દૂર કરવી ખૂબ મુશ્કેલ છે. તેની સ્થિતિ જીવનપર્યંત છે.

૨. અપ્રત્યાખાની માયા : તીવ્રતર અવસ્થા છે. આવી માયાની સરખામણી ઘેટાના શીંગડા સાથે કરી છે જે ગોળ ગોળ છે. છતાં પણ શરૂઆત અને અંત શોધી શકાય છે. તેને પ્રયત્નોથી ઓછી કરી શકાય. તેની સ્થિતિ ૧ વર્ષની છે.

૩. પ્રત્યાખાની માયા : તીવ્ર અવસ્થા છે. તેને ચાલતા બળદના મૂત્રની ધાર સાથે સરખાવી છે. આ ધાર બળદ ચાલે ત્યારે વાંકી ચૂંકી છે પણ બળદ ઊભો રહે તો તરત જ સીધી થઈ જાય છે તેમ આ માયાને સહેલાઈથી દૂર કરી શકાય છે.

૪. સંજ્વલન માયા : મંદ અવસ્થા છે. તેને વાંસની છાલ સાથે

સરખાવી છે જે સહેલાઈથી સીધી થઈ શકે છે. નેતરની ગૂંથણી પણ કરી શકાય છે. એ રીતે આ માયાથી જલ્દી છૂટી શકાય છે. તેની સ્થિતિ ૧ થી ૧૫ દિવસની છે.

આ માયાના પાસથી કઈ રીતે છુટવું ? તો જૈનદર્શન કહે છે કે સરળતાના ગુણ દ્વારા તેનો ઉપશમ થઈ શકે છે. ઋજુતાથી માયા દૂર થઈ શકે છે. સરળતા તો ધર્મનું બીજ છે. તેથી જ તો ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે–

ઉજ્જુય ભુયસ્સ ધમ્મો તસ્સ ચિટ્ઠઈ । અર્થાત્ સરલ હૃદયમાં ધર્મ વસે છે. 'જો બનો સરળ તો મોક્ષ આવે તરત'.

૪. લોભ કષાય : લોભનો એક અર્થ છે પરિગ્રહ તો સૂક્ષ્મ અર્થ છે ઈચ્છા. જૈન દર્શનમાં લોભનું સૂક્ષ્મ સ્વરૂપ છે ઈચ્છા. આ લોભને પાપનું મૂળ કહેવાય છે. વાચક ઉમાસ્વાતિ કહે છે કે ક્રોધથી પ્રીતિનો, માનથી વિનયનો, માયાથી સરળતાનો ગુણ જાય છે. પરંતુ લોભથી તો સર્વગુણનો નાશ થાય છે. સર્વગુણવિનાશનમ્ લોભાત્। એક લોભના જાગવાથી બધા જ કષાય આવી જાય છે. તેને માટે ચૂર્ણિકારે ખૂબ જ સુંદર દૃષ્ટાંત આપ્યું છે. એક ધનવાન પિતાના પુત્રની પિતાની સંપત્તિ મેળવવાની ઈચ્છા થઈ પરંતુ પિતાજીએ કોઈ કારણોસર એ સમયે આપવાની ના કહી. તરત જ પુત્રને ક્રોધ આવ્યો કે કેમ નથી આપતા ? તરત જ અહમ્ જાગ્યો કે જોઉં છું કે કેમ ન આપે ? હું કોઈપણ રીતે મેળવીશ. કાવાદાવા કરી સંપત્તિ મેળવી એટલે કે માયા આવી ગઈ અને પછી ખુશ થાય કે કેવી મેળવી ? ચતુરાઈથી ! ટુંકમાં એક લોભ ઉત્પન્ન થવાથી ક્રોધ, માયા, અહમ્ બધા જ દુર્ગુણ આવી ગયા, અને પિતા તરફનો પ્રેમ, માન ચાલી ગયા.

લોભને અગ્યારમો પ્રાણ કહ્યો છે એટલે કે દશ પ્રાણ જતા હોય તો પણ લોભ જતો નથી. એક વણિક મૃત્યુશય્યા પર હતો. તેનો મોટો વેપાર હતો. જે તેના ચાર પુત્રો ચલાવતા હતા. છેલ્લી ઘડીએ એક એક પુત્રને બોલાવે છે. અંતે જ્યારે જોયું કે ચારે પુત્રો તેની અંતિમ ઘડી હોવાથી તેની સાથે જ છે તો ગુસ્સો કરી બરાડી ઊઠ્યો કે બધા અહીં છો તો દુકાને કોણ છે ? આ રીતે અંતિમ ઘડીએ પણ લોભ છૂટતો નથી. અરે અંતિમ ઘડીની ક્યાં વાત કરો છો. મર્યા પછી પણ લોભ જતો નથી. એકવાર એક વણિકનું મૃત્યુ થયું. યમરાજ તેને લેવા આવ્યો. થોડે આગળ ગયા પછી યમરાજે પૂછ્યું કે વણિક પ્રવર તમારે ક્યાં જવું છે નરકમાં કે સ્વર્ગમાં ? તો વણિક બોલી ઊઠે છે કે પૂછવાનું શું હોય જ્યાં બે આનાની કમાણી હોય ત્યાં મને લઈ જા. આ લોભના ચાર પ્રકાર છે.

૧. અનંતાનુબંધી લોભ : આ તીવ્રતમ અવસ્થા છે. પ્રાણ જાય, જીવન પૂરું થઈ જાય પણ લોભ ના જાય. તેને કપડાના કીરમજી રંગના ડાઘ સાથે સરખાવ્યું છે. આ ડાઘ કપડું ફાટે તો પણ જતો નથી. તેમ આવો લોભ જીવનપર્યંત રહે છે.

૨. અપ્રત્યાખાની લોભ : તીવ્રતર અવસ્થા છે. તેને કપડાના કાદવ-કીચડના ડાઘ સાથે સરખાવ્યો છે. આ ડાઘ પ્રયત્નો પછી જાય છે. તેમ આવો લોભ કાઢવો મુશ્કેલ છે. તેની સ્થિતિ ૧ વર્ષની છે.

૩. પ્રત્યાખાની લોભ : તીવ્ર અવસ્થા છે. ગાડાનું ખંજનના ડાઘ કપડામાં પડે તો થોડા પ્રયત્નથી નીકળી જાય છે. તેમ આવો લોભ થોડા પ્રયત્નોથી દૂર થાય છે. સ્થિતિ ૪ મહિનાની છે.

૪. સંજ્વલન લોભ : આ મંદ અવસ્થા છે. તેને કપડામાંના હળદરના ડાઘ સાથે સરખાવ્યો છે. જેને સૂર્યતાપમાં રાખવાથી તરત દૂર થઈ જાય છે. તેની સ્થિતિ ૧ થી ૧૫ દિવસની છે.

આ લોભ કષાય અતિ સૂક્ષ્મ છે. જે બધા કષાય પછી જાય છે. તેને સંતોષના ગુણની સ્થાપના કરી દૂર કરી શકાય છે. જેમ સંતોષ આવે તેમ ઈચ્છાઓ ઓછી થતી જાય છે. તેથી જ તો કહ્યું છે કે 'સંતોષ' ધન આવે સબ ધન આવે'. તો ભર્તૃહરી કહે છે કે મન સિ ચ પરિતુષ્ટે કો અર્થવાન કો દરિદ્રા ।

આ રીતે જૈન ધર્મમાં **ક્ષમા દ્વારા ક્રોધને, મૃદુતા અને વિનય દ્વારા માનને, સરળતા, ઋજુતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા લોભ કષાયનો ઉપશમ કરી વિજય મેળવી શકાય છે.** આ ઉપરાંત એક બીજો ઉપાય છે કે જેનો દૈનિક જીવનમાં ઉપયોગ કરી શકાય છે અને તે છે ષડ્આવશ્યક એટલે કે પ્રતિક્રમણનો.

જૈન ધર્મની માન્યતા અનુસાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભની સ્થિતિ જીવનપર્યંત છે. જો તેની હાજરીમાં આયુષ્યનો બંધ થાય તો તે નરકગતિનો છે. અને તે હોય ત્યાં સુધી સમકિત કે સમ્યક્દર્શન જીવને પ્રાપ્ત થતું નથી.

અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભની સ્થિતિ ૧ વર્ષની છે. તેની હાજરીમાં આયુષ્યબંધ થાય તો તે તિર્યંચ ગતિનો છે. વળી તેની હાજરીમાં શ્રાવકધર્મમાં વ્રત, પચ્ચખાણ જીવ લઈ શકતો નથી.

પ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભની સ્થિતિ ૪ મહિનાની છે. તેની હાજરીમાં આયુષ્યનો બંધ મનુષ્યગતિનો છે. અને તે સાધુત્વમાં બાધક છે એટલે જીવ દીક્ષા લઈ શકતો નથી.

સંજ્વલનક્રોધ, માન, માયા, લોભ-૧ સ્થિતિ ૧ થી ૧૫ દિવસની છે. તેની હાજરીમાં આયુષ્યબંધ દેવગતિનો થાય છે. તે વિતરાગતામાં બાધક છે. એટલે કે કેવળજ્ઞાન પ્રાપ્ત ન થઈ શકે.

આ માન્યતાને આધારે જૈનધર્મમાં પ્રતિક્રમણની ક્રિયા દર્શાવી છે. વ્યક્તિએ રોજ અને નહીં તો પાક્ષિક પ્રતિક્રમણ કરવું આવશ્યક છે. જેથી સંજ્વલન કષાય પ્રત્યાખ્યાની કષાયમાં રૂપાંતરીત ના થાય અને એ ના થાય તો ચૌમાસિક પ્રતિક્રમણ કરવું જરૂરી છે. પ્રત્યાખ્યાની કષાય, અપ્રત્યાખ્યાની કષાય ના બને અને એ ના થઈ શકે તો છેવટે વર્ષમાં એકવાર એટલે કે સંવત્સરી પ્રતિક્રમણ અત્યંત આવશ્યક છે. જેથી અનંતાનુબંધી કષાય ના થઈ જાય કે આપણે સમકિતથી પણ વંચિત રહીએ અને નરકગતિમાંથી બચી શકીએ.

આ રીતે જૈનધર્મમાં તો કષાય વિજયના ઉપાયો દર્શાવ્યા જ છે પરંતુ આવો જ એક અદ્ભુત ઉપાય પ્રેક્ષાપ્રણેતા આ. મહાપ્રજ્ઞજીએ 'પ્રેક્ષાધ્યાન સાધના પદ્ધતિ' દ્વારા આપ્યો છે. આ પદ્ધતિમાં જૈનધર્મના સિદ્ધાંતો, યોગ અને આધુનિક શરીર વિજ્ઞાન, મનોવિજ્ઞાનનો અદ્ભુત સમન્વય કરવામાં આવ્યો છે. ટૂંકમાં આ. મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાનમાં ધર્મના સિદ્ધાંતો, યોગ અને વિજ્ઞાનનો ત્રિવેણી સંગમ દર્શાવ્યો છે.

પ્રેક્ષાધ્યાનમાં ધ્યાન શબ્દનો અર્થ તો મન, વચન, કાયાની

એકાગ્રતા તે તો સામાન્ય રીતે બધાને જ ખબર છે. પરંતુ જે **પ્રેક્ષા શબ્દ છે તે ઘણો જ અર્થસૂચક છે. જેનો અર્થ છે રાગ-દ્વેષ વિના જોવું.** પ્રિય-અપ્રિય ભાવ વિના જોવું. જૈન ધર્મમાં સમભાવ કે વિતરાગભાવનું ઘણું મહત્ત્વ છે. તો ગીતામાં અનાસક્તભાવ કે સ્થિતપ્રજ્ઞભાવનું મહત્ત્વ છે. પરંતુ સવાલ એ છે કે તે કઈ રીતે જીવનમાં લાવવા, તેની ટેકનિક શું ? અને આ જ સવાલોનો ઉત્તર પ્રેક્ષાધ્યાનમાં જુદા જુદા પ્રયોગો કરી ચિત્તને સમભાવથી જોવાની ટ્રેનિંગ આપવામાં આવે છે. જેમ જેમ આ ટ્રેનિંગ સઘન બનતી જાય છે તેમ તેમ સાધક-જીવનના દરેક ક્ષેત્રમાં સમભાવથી તટસ્થ ભાવથી કે સાક્ષીભાવથી જોઈ શકે છે. અને પરિણામે કષાયના આવેગ-આવેશ ઘટતા જાય છે. દરેક પરિસ્થિતિમાં તે વિવેકબુદ્ધિથી સંતુલીતતા જાળવી શકે છે. આ રીતે આ પદ્ધતિનો હેતુ મુખ્યત્વે કષાય વિજયનો જ છે.

જૈન ધર્મમાં ભાવનું ઘણું જ મહત્ત્વ છે. એથી જ બધા જ જૈનોને આ દોહો ખૂબ જ પ્રિય છે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,
ભાવે જીનવર આરાધીયે, ભાવે કેવલજ્ઞાન.

આ ભાવ, કષાય, લાગણી, Feelings, Emotions વગેરે વગેરે સમાનાર્થી શબ્દો છે. આ. મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાનમાં ભાવનું ઘણું જ મહત્ત્વ દર્શાવ્યું છે. આ ભાવજગત અને તેના પ્રયોગો પ્રેક્ષાધ્યાનની વિશેષતા છે. આચાર્યશ્રી કહે છે જેવો ભાવ તેવો સ્વભાવ. આપણા જેવા ભાવ તેવી વૃત્તિ, વૃત્તિ તેવી પ્રવૃત્તિ અને પ્રવૃત્તિઓની પુનરાવૃત્તિ એટલે આપણું વ્યક્તિત્વ કે સ્વભાવ એટલે કે જેવા Emotions તેવા thoughts અને તેવા action અને તેવી personality or nature.

આજનો આપણો યુગ છે તે તનાવોનો યુગ છે. આજે stress ને કારણે આવેગ-આવેશો impulses વધતા જાય છે. અને ખાસ કરીને બાળકો-યુવાનોમાં હત્યા-આત્મહત્યાનું પ્રમાણ વધતું જાય છે. જે ચિંતાજનક છે. આજે education થી I. Q. ઘણોવધી જાય છે. પરંતુ emotional quotient અને spiritual quotient ઘટતો જાય છે. આ. મહાપ્રજ્ઞજીનું માનવું છે કે આજનું જે સ્પર્ધાત્મક વાતાવરણ છે તેમાં S. Q. વિના ટકવું ઘણું મુશ્કેલ છે. આજના યુગની માગ છે આધ્યાત્મિક વૈજ્ઞાનિક વ્યક્તિત્વની. આજના યુવાનો-બાળકોની જ પરિસ્થિતિ આવી નથી. આપણે સૌ વધતા જતા stress-tensionને કારણે આવેગ-આવેશ સામે આપણે પણ લાચારી અનુભવીએ છીએ. મેડીકલ સાયન્સ કહે છે કે ૯૦% રોગો આને કારણે છે. આપણે ગમે તેટલો સંકલ્પ કરીએ છીએ પણ જ્યાં પરિસ્થિતિ સામે આવે છે ત્યાં આવેગ-આવેશને આધીન થઈ જઈએ છીએ. આપણે તો સામાન્ય માનવી છીએ પણ ક્યારેક જ્ઞાની ધાર્મિક વ્યક્તિઓમાં પણ આવેગ-આવેશ-અહમ્ દેખાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે શું કારણ છે ? આ પ્રશ્નનો જવાબ આજના મેડીકલ સાયન્સને આધારે આચાર્યશ્રીએ પ્રેક્ષાધ્યાનમાં આપવા પ્રયત્ન કર્યો છે.

આજનું શરીર વિજ્ઞાન કહે છે કે જ્ઞાન-સત્સંગ-સંકલ્પ વગેરેનો સંબંધ મગજ (Brain) સાથે છે જે નાડીતંત્ર (nervous system) સાથે સંકળાયેલ છે. જ્યારે કષાય-ભાવ જેવા કે ક્રોધ, માન, માયા, લોભનો સંબંધ ગ્રંથીઓના સ્રાવ (hormonal secretion) કે જે ગ્રંથિતંત્ર (endocrine system) સાથે છે. જો આપણે આ તંત્રને સંતુલીત કરી શકીએ તો સ્વભાવમાં સંતુલન આવી શકે. તેથી જ આ. મહાપ્રજ્ઞજીએ આ તંત્રને આધારીત ચૈતન્ય કેન્દ્ર પ્રેક્ષાનો પ્રયોગ આપ્યો છે. આ પ્રયોગથી ગ્રંથિઓ ઉપર પ્રેક્ષા કરી તેને સંતુલીત કરી શકાય છે.

આજના મેડીકલ સાયન્સમાં આ ગ્રંથિતંત્રનું મહત્ત્વ બે ઉદાહરણથી દર્શાવાય છે જેમકે વૃક્ષનું મૂળ અથવા તો બિલ્ડીંગનું ફાઉન્ડેશન, વ્યક્તિત્વની ઊંચાઈ, વિકાસ અને સંતુલીતતાનો આધાર ગ્રંથિતંત્ર છે. આપણા શરીરમાં જુદી જુદી સાત ગ્રંથિઓ જુદા જુદા સ્થાને, જુદા જુદા આકારમાં અને જુદા જુદા હોર્મોન્સ ઉત્પન્ન કરે છે. અને એક ઑરકેસ્ટ્રાની જેમ એકબીજા સાથે તાલ-સૂર મેળવી કામ કરે છે. દા. ત. જ્યારે ક્રોધની પરિસ્થિતિ સામે આવે તો તેનો stress આપણા હાયપોથેલેમસ ઉપર આવે છે. જે પીચ્યુટરી ગ્રંથિને સક્રિય કરે છે, જે ACTH નામનું હોર્મોન છોડે છે જે એડ્રીનલમાંથી adrinalin સીક્રીટ કરે છે જે તરત જ ક્રોધની પ્રવૃત્તિ શરૂ કરે છે. આ બધું fraction of secondsમાં થાય છે. તેથી આપણે જાગૃત થઈએ તે પહેલા જ ક્રોધ ના કરવો હોય તો પણ આવી જાય છે. આ જ રીતે કામેચ્છા માટે gonotrophin, આનંદ માટે એન્ડોર્ફીન-સેરેટોનીન છે. ભય માટે એડ્રીનાલીન છે.

ચૈતન્ય કેન્દ્ર પ્રેક્ષાના પ્રયોગમાં મુખ્યત્વે ૧૩ કેન્દ્રો છે. જ્યાં ૬ કેન્દ્રો સાથે ૭ ગ્રંથિઓ સંકળાયેલ છે. અને બાકીના ૭ કેન્દ્રો powerful electro magnetic field છે. જ્યાં ચેતનાનો સઘન પ્રવાહ વહે છે. અને તેની પ્રેક્ષા કરતા સ્રાવો સંતુલીત થાય છે. જેને લીધે આવેગ-આવેશ impulses-ઓછા થાય છે. પહેલાં કષાયોની તીવ્રતા ઓછી થાય છે. પછી frequency ઓછી થાય છે. આ રીતે આ પ્રયોગથી કષાયવિજય સરળતાથી થઈ શકે છે.

આ ઉપરાંત લેશ્યાધ્યાનનો પ્રયોગ પણ કષાય વિજય માટે આપ્યો છે. જૈનધર્મના લેશ્યાના સિદ્ધાંત ઉપર તે આધારીત છે. આ પ્રયોગમાં ભાવ હજુ તરંગો રૂપે લેશ્યા (aura)માં હોય ત્યાં જ તેને શુભ રંગોના તરંગો દ્વારા રૂપાંતરીત કરી અશુભ ભાવને શુભ કે શુદ્ધ કરી શકાય છે.

આ પ્રયોગોની સાથે સાથે આપણે આગળ જે કષાયોનું ઉપશમન તેના પ્રતિપક્ષી ગુણોથી કરવાનું જોયું તે સિદ્ધાંત પર આધારીત 'અનુપ્રેક્ષા'નો પ્રયોગ પણ કષાયને જીતવા માટે આપ્યો છે.

આ રીતે આ. મહાપ્રજ્ઞજીએ પ્રેક્ષાધ્યાન દ્વારા કષાયવિજયના સર્વાંગીણ પ્રયોગો આપ્યા છે. જેના દ્વારા આપણે સૌ ક્રોધ, માન, માયા, લોભને સ્થાને ક્ષમા, મૃદુતા, સરળતા અને સંતોષને સ્થાપીએ જે જીવનનું અમૃત છે. જીવનનું અવલંબન છે. જેના દ્વારા આપણા વ્યવહારિક જીવનમાં સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરીએ અને પારમાર્થિક જ્યોતને પણ શુદ્ધ કરી આપણે સૌ સાચા અર્થમાં વિતરાગપંથના સહપથિક બનીએ તેવી મંગળ ભાવના સાથે-ૐ અર્હમ્ ।। ✷ ✷ ✷

૩૭૭, સ્મિત કિરણ, એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.
ટે.નં. ૨૬૧૩૩૯૯૩. મો.૯૯૨૦૦૫૧૫૪૯

અણ્ણા હઝારે અને તેની ટીમને તથા દેશના ટોચના વકીલો અને નેતાઓને આમ જનતાનો અપેક્ષિત એજન્ડા

□ વી. આર. ઘેલાણી

[વિદ્વાન લેખક સિનિયર ટૅક્સ કન્સલ્ટન્ટ અને કાયદાના સલાહકાર છે. તેઓ સામાજિક કાર્યકર તેમજ આ સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્ય અને સંનિષ્ઠ કાર્યકર્તા છે.]

અણ્ણા હઝારેએ દિલ્હીના રામલીલા મેદાનમાં ૧૬ ઑગસ્ટ, ૨૦૧૧થી બાર દિવસના ઉપવાસ કરી, જન લોકપાલ બીલમાં ન્યાયતંત્ર તથા વડા પ્રધાનને પણ આવરી લેવાનો આગ્રહ રાખી, ઉચ્ચ કક્ષાએ થતા કરોડોના કૌભાંડોનો સીલસીલો ઓછો થાય તે માટે કરેલ પ્રયત્નોમાં આમ જનતાએ જબરદસ્ત સાથ આપી, કેન્દ્ર સરકારને ઝૂકાવી તેથી આમ જનતામાં જાગૃતિ જરૂર આવી છે, પણ તેને ટકાવી રાખવા માટે સાચી દિશાસૂઝની જરૂર છે.

અંગ્રેજો દ્વારા નિમવામાં આવેલી ભારતની બંધારણ સભાએ ઘડેલું ભારતનું નવું બંધારણ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ અમલમાં આવ્યું તે અગાઉ ભારતમાં બ્રિટીશ સંસદનું રાજ્ય ચાલતું હતું અને તેમાં પ્રજાને ગુલામ રાખવા તથા તેનું શોષણ કરવા ઘણાં બધા કાયદાઓ અમલમાં હતા અને બ્રિટીશરો દ્વારા ભારતમાં આ કાયદાઓના અમલ માટે અદાલતોની સ્થાપના કરવામાં આવી હતી. જૂના અનેક કાયદાઓ નવા બંધારણ મુજબના પ્રજાની સ્વતંત્રતા તથા મૂળભૂત અધિકારોનો ભંગ કરતા હોવાનું જણાતા તેને રદ કરવાની જોગવાઈ બંધારણની કલમ નંબર ૩૯૫માં કરવામાં આવી હતી. પરંતુ સ્વતંત્ર ભારતની સરકારે આ કાયદાઓ રદ કરવાને બદલે જેમના તેમ જ ચાલુ રાખ્યા હતા અને જે સત્તા અંગ્રેજ શાસકો ભોગવતા હતા તે ચાલુ રાખવાના હેતુથી બંધારણની ૩૭૨મી કલમમાં લખવામાં આવ્યું છે કે:

'આ બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં ભારતમાં જેટલા કાયદાઓ અમલમાં હતા તેમને જ્યાં સુધી રદ કરવામાં કે સુધારવામાં ન આવે ત્યાં સુધી તે બધા ચાલુ જ રહેશે.' તેથી હાલના કાયદાઓમાં જરૂરી સુધારાઓ તાત્કાલિક કરવાની જરૂર છે. જેની યાદી અણ્ણાજી તથા તેમના ટોચના સહયોગીઓ ઍડવોકેટ પ્રશાંત ભૂષણ, શાંતિ ભૂષણ તથા દેશના ટોચના વકીલો ફલી નરીમાન, રામ જેઠમલાની, અશોક દેસાઈ અને દેશના કાયદા પ્રધાન અને નેતાઓ માટે ક્રમવાર અહીં નીચે જણાવેલ છે.

(બંધારણની કલમ=બંધારણનો આર્ટીકલ એમ સમજવું.)

(૧) સુપ્રીમ કોર્ટની બેન્ચોની ચાર ઝોનમાં સ્થાપના :

સૌ પ્રથમ તો દિલ્હીમાં કાર્યરત સુપ્રીમ કોર્ટની બેન્ચ મુંબઈ, કોલકતા અને ચેન્નઈમાં હોવી ખૂબ જ જરૂરી છે. જેથી સામાન્ય જનતાને સર્વોચ્ચ અદાલતના આખરી ન્યાય મેળવવા માટે છેક દિલ્હી જવાનું મુશ્કેલ બને છે તેમાં મોટી રાહત થઈ શકે અને જનતાને ઘર-આંગણે જે વકીલે હાઈકોર્ટ સુધી કેસ લડવામાં સાથ સહકાર આપ્યો હોય તે વકીલ, કેસની બધી જ વિગતો બરાબર જાણતો હોવાથી, જરૂર પડ્યે સિનિયર કાઉન્સેલની મદદથી ઓછા ખર્ચે આસાનીથી સુપ્રિમ કોર્ટની બેન્ચ સમક્ષ પોતાના અસીલના કેસની રજૂઆત કરી ન્યાય અપાવી શકે. હાલમાં તે શક્ય નથી. મુંબઈ હાઈકોર્ટની પણ આવી બેન્ચો નાગપુર, ઔરંગાબાદ તથા ગોવામાં કાર્યરત છે. અન્ય હાઈકોર્ટોની પણ બેન્ચો છે અને તેથી આમ જનતાને ઘણી રાહત છે. પરંતુ સુપ્રીમ કોર્ટની ઝોન પ્રમાણેની બેન્ચોના અભાવે સામાન્ય માણસને ખરા અર્થમાં આખરી ન્યાય મેળવવાનું ખૂબ જ મુશ્કેલ બને છે.

● નામાંકિત વકીલો જાગો, સાચી આઝાદી માગો. સરકારને પાંચ મુદ્દે ઝુકાવી, જનતાની ભૂખ ભાંગો

આ માટેની સત્તા આપણાં દેશના બંધારણની કલમ નં. ૧૩૦ મુજબ, ફક્ત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાને જ છે અને તેમણે આ માટે પ્રેસિડેન્ટની સંમતી મેળવવી જરૂરી છે. આ માટે પાર્લામેન્ટના સંસદ સભ્યોની મંજૂરી મેળવવા માટેની લાંબી લડાઈ લડવાની જરૂર નથી અને દેશની આમ જનતાને ન્યાય મેળવવા માટેનો ભરપૂર લાભ મળી શકે તેમ છે. આ માટેની બંધારણની કલમ નં. ૧૩૦ ટૂંકી અને સરળ ભાષામાં નીચે મુજબની છે:

`Article 130. Seat of Supreme Court :-

The Supreme Court shall sit in Delhi or in such other place or places, as the Chief Justice of India may, with the approval of the President, from time to time appoint.'

ઉપરોક્ત કલમ મુજબ ચીફ જસ્ટીસને આ સત્તા છે તેથી તેની જવાબદારી પણ બને છે કે, તેમણે હાલના કૉમ્પ્યુટર અને આધુનિક સંદેશા વ્યવહારના યુગમાં સુપ્રીમ કોર્ટની બેન્ચો સ્થાપવી જોઈએ. એક સર્વે મુજબ હાલ સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ કેસોમાં લગભગ પચાસ (૫૦) ટકા કેસો મુંબઈ–મહારાષ્ટ્રના જ છે તેથી શરૂઆત સુપ્રીમ કોર્ટની મુંબઈ બેન્ચની સ્થાપનાથી કરી શકાય. આ માટેનું સૂચન ખ્યાતનામ ઍડવોકેટ ફલી નરીમાન, અશોક દેસાઈ, એમ. પી. વસી તથા ડૉ. કે. શીવરામ વગેરેએ ઘણાં વખતથી કરેલ છે. આમાં કાયદો ઘડવાની કે કાયદામાં સુધારાની જરૂરત નથી. આમ જનતાએ ફક્ત ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા પાસે જવાબ માંગવાનો છે કે સુપ્રીમ કોર્ટની બેન્ચની ઝોન પ્રમાણે સ્થાપના ક્યારે કરો છો? આ માટે

અણ્ણા હઝારે જેવા લીડરની જરૂર છે.

(૨) જુવેનાઈલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૦૦ માં સુધારો :-

હાલમાં જ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે કહ્યું છે કે, 'સીમા પર આતંકવાદી છાવણીઓ ધમધમે છે અને અનેક સક્રિય આતંકવાદીઓ રાજ્યમાં ઘુસણખોરી માટે સજ્જ હોવાની ચેતવણી આપી છે' પણ તેથી શું ? ધમકીભરી આતંકવાદી જુથની ઈ-મેઈલ મળે એટલે તેમાં લખેલ સ્થળે દોડાદોડી અને બંદોબસ્ત વધારી દેવાનો, એટલે કામ પત્યું. આ તો 'ખાળે ડૂચા અને દરવાજા મોકળા' જેવો ઘાટ છે. કેન્દ્રીય સરકારની કેબિનેટ અને ખાસ કરીને ગૃહમંત્રી તથા કાયદા પ્રધાને વિચાર્યું છે કે જો આતંકવાદીઓ ૧૫ થી ૧૭ વર્ષની વયના 'એડોલેસન્ટ' યુવક–યુવતીઓને તાલીમ આપી કસબની જેમ દેશમાં ઘુસાડે અને તેઓ બેફામ અંધાધુંધ આધુનિક ઘાતક શસ્ત્રોથી હુમલો કરે અને પછીથી સામેથી શરણાગતી સ્વીકારી લઈ, સાથે રાખેલ પુરાવાઓ રજૂ કરે કે પોતે ૧૮ વર્ષની અંદરની ઉંમરના છે એટલે તેમને 'જુવેનાઈલ એક્ટ' મુજબ જેલને બદલે બાળ સુધાર કેન્દ્રમાં રાખવા પડે અને વધુમાં વધુ તેમને સુધારવાની કોશિષ માટે બે વર્ષ સુધાર ગૃહમાં રાખી છોડી દેવા પડે. આતંવાદી અજમલ કસબના કેસમાં પણ પોતે સગીર છે એવો બચાવ કરવામાં આવેલ તેથી સરકારે ચેતી જઈ આ માટે તુરંત જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ૨૦૦૦ માં 'જુવેનાઈલ' એટલે 'ચાઈલ્ડ'ની વ્યાખ્યામાં સત્વરે સુધારો કરવો જરૂરી છે. જે વ્યક્તિ ઉપર ખૂનના ગૂનાનો આરોપ હોય તેવી વ્યક્તિ ફક્ત બાર વર્ષની અંદરની ઉંમરની હોય તો જ તેને જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ૨૦૦૦ની જોગવાઈ લાગુ પડે એવો સુધારો કરવો જોઈએ. હાલ આ ઉંમર ૧૮ વર્ષની અંદરની છે. આ કાયદાની કલમ 2kમાં આપેલ વ્યાખ્યા નીચે મુજબ છેઃ-

`Juvenile' or `Child' means a person who has not completed eighteenth year of age.'

તેમાં નીચે પ્રમાણે ઉમેરો કરી તાત્કાલિક ઘટતું કરવું જોઈએ.

`and in case of a person who is alleged to have commited an offence/crime of murder has not completed twelth year of age.'

આ બાબત એડવોકેટ ફલી નરીમાન, રામ જેઠમલાની તથા શાંતિ ભૂષણ જેવા લોકો સરકાર સાથે મસલત કરી ઘટતું કરે એવી જનતાની અપેક્ષા છે. આતંકવાદી માટે ઘુસવાનો આ દરવાજો મોકળો-ખુલ્લો છે તેને વહેલી તકે બંધ કરવાની જવાબદારી ગૃહમંત્રી તેમજ સરકારની છે.

(૩) દેશના બંધારણની કલમ નં. ૭૨માં જરૂરી સુધારો :-

બંધારણની કલમ નં. ૭૨ (૧) હેઠળ રાષ્ટ્રપતિ ઈચ્છે તો ફાંસીની સજા પામેલા કેદીને તેણે કરેલ દયાની અરજી ધ્યાનમાં લઈ ફાંસીની સજા માફ કરી શકે છે અને રાષ્ટ્રપતિએ કેન્દ્ર સરકારની ભલામણને અનુસરવાનું હોય છે. પરંતુ આ કમલમાં રાષ્ટ્રપતિએ આવી દયાની અરજીનો કેટલા સમયમાં નિકાલ કરવો તે સ્પષ્ટતા ન હોવાથી હાલ રાજીવ ગાંધીના હત્યારાઓની દયાની અરજી બાબત તેમજ અફઝલ ગુરુની ફાંસીની સજામાં દયાની અરજી બાબત અજુગતા વિલંબને કારણે જે પરિસ્થિતિ સર્જાઈ છે તેને માટે આ કલમ નં. ૭૨માં તથા, કેન્દ્ર સરકારે આ બાબત રાષ્ટ્રપતિને ભલામણ કરવા અંગે પણ સમય મર્યાદાની જોગવાઈ કરતો સુધારો તાત્કાલિક કરવાની જરૂર છે. સરકાર કરોડોના કૌભાંડો કરવામાં મશગુલ છે તેને ઢંઢોળી આ બાબત કાર્યરત કરવાની જરૂર છે.

(૪) દેશના બંધારણની કલમ નં. ૩૧-બી ને રદ કરવી જોઈએ.

ઉપરોક્ત કલમ નં. ૩૧-બી બંધારણના ફર્સ્ટ એમેન્ડમેન્ટ એક્ટ, ૧૯૫૧ના સેક્શન ૫ થી અમલમાં આવી છે. આ કલમ મુજબ સરકાર કે સંસદ, ગેરબંધારણીય કાયદાઓ ઘડીને અથવા સુપ્રીમ કોર્ટ જે કાયદા ગેરબંધારણીય ઠરાવે તેવા કાયદાઓને બહુમતિના જોરે આ કલમ ૩૧-બી ની જોગવાઈ મુજબ તેનો સમાવેશ બંધારણના નવમા શેડ્યુલમાં કરી દેવામાં આવે છે. જેથી સુપ્રીમ કોર્ટ પણ તેવા ગેરબંધારણીય કાયદાઓ રદ કરી શકતી નથી. આવા તો હાલ કુલ ૨૮૪ કાયદાઓ બંધારણના નવમા શેડ્યુલમાં નાખી સંસદે અને સરકારે સુપ્રીમ કોર્ટની તથા બંધારણની ઠેકડી ઉડાડી છે. આ કલમનો ભરપૂર દુરુપયોગ થાય છે તેથી આ કલમ રદ ન થાય ત્યાં સુધી આપણે ખરા અર્થમાં લોકશાહી કે આઝાદી હાંસલ કરી છે એમ કહી શકાય નહીં. માટે આ કલમ ૩૧-બી સત્વરે રદ કરવા માટે સરકારને ફરજ પાડવી જોઈએ.

> ● ભ્રષ્ટાચારમાં ભાન ભૂલી, ડોલે રાજકારણીઓ આજ
> પાંચ મુદ્દાનો અમલ કરાવી લાવો સાચું સ્વરાજ

સરકારે ઈ. સ. ૧૯૭૬માં શહેરી જમીન ટોચમર્યાદા ધારો ઘડ્યો હતો. ઈ. સ. ૧૯૮૫માં સુપ્રીમ કોર્ટે આ કાયદાને રદ કરવાનો આદેશ કર્યો હતો, પરંતુ તેને પછીથી સરકારે કલમ ૩૧-બીનો લાભ (હકીકતમાં ગેરલાભ) ઉઠાવી આ કાળા કાયદાને નવમાં સેડ્યુલમાં નાંખીને ચાલુ રાખી ભરચક ભ્રષ્ટાચાર થવા દીધો. પછી જ્યારે વાત વધીને મર્યાદા બહાર ગઈ ત્યારે જનતાના દબાણથી આ કાયદાને થોડા વર્ષ પહેલાં જ રદ્દ કરવામાં આવ્યો.

તાજેતરમાં દિલ્હીમાં રાજકારણીઓનાં ગેરકાયદે બાંધકામોને કારણે મોટો વિવાદ થયો હતો. સુપ્રીમ કોર્ટે આ તમામ બાંધકામો તાત્કાલિક તોડી પાડવાનો હુકમ કર્યો. એને કારણે તમામ પક્ષોના રાજકારણીઓના આ બાંધકામને બચાવવા સંસદમાં ખાસ કાયદો ઘડવામાં આવ્યો હતો અને તેનો સમાવેશ બંધારણના નવમાં શેડ્યુલમાં કરી દેવામાં આવ્યો હતો અને સુપ્રીમ કોર્ટના ચુકાદાને નકામો બનાવી દેવામાં આવ્યો હતો. તામિલનાડુની સરકારે ઈ. સ. ૧૯૯૪માં સરકારી નોકરીમાં તમામ પ્રકારની અનામતની સંખ્યા કોઈપણ સંજોગોમાં ૪૯ ટકાથી વધવી ન જોઈએ એવો સુપ્રીમ કોર્ટનો ચુકાદો હોવાથી પોતાનો ૬૪ ટકા અનામતનો કાયદો સુપ્રીમ કોર્ટ રદ ન કરી નાંખે માટે તેનો સમાવેશ પણ નવમાં શેડ્યુલમાં કરી દેવામાં આવ્યો. આવા તો હાલ કુલ ૨૮૪ થી પણ વધુ કાયદાઓ

બંધારણની આ કલમ નં. ૩૧-બીનો સહારો લઈ બંધારણના આ નવમાં શેડ્યુલમાં નાંખી સંસદે અને સરકારે બંધારણની ઉપરવટ જઈને પોતાની મનમાની કરેલ છે અને હજુ પણ કરી શકે છે.

ટૂંકમાં આપણા દેશનું બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજથી અમલમાં આવ્યું તેના પછી એક વર્ષના ટૂંકા ગાળામાં જ સરકારે તેમાં સૌથી પહેલો બંધારણ સુધારો કરી આ કલમ નં. ૩૧-બી ઉમેરી દઈ પોતે સરમુખત્યાર હોઈ એ રીતની સત્તા હાંસલ કરી લીધી અને જનતાની આઝાદી ચાલાકીથી છીનવી લીધી જેની જનતાને ખબર પણ ન પડી. આજે લગભગ ૬૦ વર્ષ પહેલાંનો આ બંધારણ સુધારો છે. તે વખતે બ્રિટીશરોથી આઝાદી મળ્યાનો તાજો આનંદ હતો અને જવાહરલાલ નહેરુનો જનતા ઉપર જાદુઈ પ્રભાવ હતો. તેથી જ્યારે બંધારણમાં આ કલમ ૩૧-બી ઉમેરાય ગઈ ત્યારે ખાસ વિરોધ થયો ન પણ હોય, પણ ત્યાર પછીના આ ૬૦ વર્ષના ગાળામાં ખ્યાતનામ સિનિયર વકીલો, દેશના નેતાઓ કે પછી સુપ્રીમ કોર્ટના જજો કે જેઓ કોઈની અરજી વગર પોતે (suo-moto) પણ આ બાબત વિચારણા કરી ઘટતું કરી શકવાની સત્તા ધરાવે છે. તેમાંથી કોઈએ પણ હજુ સુધી અવાજ ઉઠાવ્યો નથી તેથી તેઓ બધા જ પોતાની ફરજ ચૂકી ગયા છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી. જ્યાં સુધી સરકારનો કાન પકડી આ કલમ ૩૧-બી રદ કરવામાં ન આવે ત્યાં સુધી સરકાર બંધારણની ઉપરવટ જઈ કાયદા બનાવતી રહેશે અને તેથી સાચી આઝાદી હાંસલ કરવી હોય તો આ કલમ રદ થવી જ જોઈએ.

(૫) લોકસભાની, વિધાનસભાની તથા અન્ય ચૂંટણીઓને લગતા સુધારા :

વર્તમાન સરકારની ડામાડોળ સ્થિતિ જોઈને ઘણાંને થાય છે કે આના કરતાં તો અમેરિકા જેવી પ્રમુખ પદ્ધતિ હોય તો સરકાર ઉપર દરરોજ ભયની તલવાર લટકતી ન હોય, અને એ દેશના પ્રશ્નો અંગે હિંમતથી ઝડપભેર નિર્ણયો લઈ શકે. અમેરિકી પ્રમુખ પદ્ધતિમાં પ્રમુખની સીધી ચૂંટણી થાય છે એટલે ચાર વર્ષની મુદત સુધી દેશમાં સ્થિર શાસન ચાલે છે. એની બીજી ખૂબી એમ છે કે પ્રમુખ જે પ્રધાનો પસંદ કરે એ સંસદ સભ્ય નહીં હોવો જોઈએ. આથી શાસન કરનાર પ્રધાનો રાજકારણી નહીં પણ, પોત પોતાના ક્ષેત્રના નિષ્ણાતો હોય છે. તે ઉપરાંત બીજા ઘણાં ફાયદાઓ છે. પણ હાલની બ્રિટીશ પદ્ધતિની ચૂંટણી બદલે કોણ? એક સમયે શ્રીમતી ઈંદિરા ગાંધીએ આ અંગે વિચાર કરેલ પણ પાછળથી તેને પડતો મૂકેલ. આ બાબત હાલ શક્ય નથી તો પછી હાલની ચૂંટણી પદ્ધતિમાં નીચે મુજબના સુધારાઓ કરવા જોઈએ.

● જાગો, જનતા જાગો, દેશ આખાને જગાડો, કલમ ૩૧–બી રદ કરાવી, આઝાદી પાછી લાવો.

(i) રાઈટ ટુ રીજેક્ટ અને રાઈટ ટુ રીકોલ માટે વિચારી શકાય. તે માટે કયા નિયમો હોવા જોઈએ અને તેનો અમલ કરવામાં મુશ્કેલીઓ પડી શકે તેમ છે. તે સિવાય-

(ii) સરકારી અમલદારોની જેમ ઉમેદવારની વય મર્યાદા હોવી જોઈએ.

(iii) દેશનો વહીવટ ચલાવવા માટેનું અમુક મિનિમમ ક્વોલિફિકેશન હોવું જોઈએ.

(iv) ઉમેદવારને બે જગ્યાએથી ઉમેદવારી કરવાની છૂટ ન આપવી અને તેમ ન થઈ શકતું હોય તો બંન્ને જગ્યાએથી ચૂંટાઈ આવેલ ઉમેદવાર જે સીટ ઉપરથી રાજીનામું આપે ત્યાં ફરી ચૂંટણી કરવાને બદલે બીજા ઉમેદવારને જેને વધુ મત મળ્યા હોય તેને ચૂંટાઈ આવેલ જાહેર કરવો જોઈએ.

(v) પોલિટીકલ પાર્ટીઓને મળતા ડોનેશનો તથા તેમાંથી ચૂંટણી લડવા માટે કરેલા ખર્ચનો ઑડિટેડ હિસાબ દર વર્ષે જનતા સમક્ષ રજૂ થવો જોઈએ. હાલમાં આવું બંધન ન હોવાથી ભ્રષ્ટાચારમાં ભડકો થયેલ છે અને ચૂંટણી લડવા માટે દરેક પક્ષ કરોડોનું ભંડોળ ભેગું કરવા માટે કરોડોના કૌભાંડો કરે છે, જેથી મોંઘવારી વધે છે અને જનતા માથે આડેધડ ટેક્ષ નાંખી તેની વસુલાત કરવામાં આવે છે. માટે ઉપરોક્ત સુધારાઓ વિચારી ઘટતું કરી શકાય.

* * *

લેખકનો Mobile : **9819093717**

સમતાના મેરુ – કુરઘડુ

□ ગુલાબ દેઢિયા

વિદ્વાન લેખકે સ્વામી આનંદના જીવન અને સાહિત્ય ઉપર શોધ પ્રબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે, ઉત્તમ નિબંધકાર, વક્તા અને અધ્યાપક છે.

મનને ચંચળ ભલે કહીએ પણ મન તો ક્યાં ને ક્યાં બંધાયું હોય છે. મનનો કબજો લઈ લે છે, કોઈ વિચાર, કોઈકનો ઠપકો, કોઈકે કરેલ વખાણ, કોઈ પ્રસંગ, કોઈના કઠણ વેણ, કોઈ જૂની યાદ. મન એ વાતને ઘૂંટ્યા કરે છે.

આજે મારા મનનો કબજો કુરઘડુ મુનિએ લીધો છે. ભિક્ષા વહોરવા જતા, ભાત વહોરીને આવતા, અન્ય તપસ્વી મુનિઓને વિનયપૂર્વક પૂછતા, તિરસ્કારનો ભોગ બનતા, ભાતના પાત્રમાં તપસ્વી સાધુઓનું થૂંકવું, મધ્યાહ્નનો તડકો, ઉપાશ્રયની શાંતિ બધું ચિત્રવત્ દેખાયા કરે છે.

વાર્તા શરૂ થાય છે દૃષ્ટિવિષ સર્પથી. જેની દૃષ્ટિના ઝેરથી જોનાર મરણને શરણ થાય. આ સર્પને જાતિસ્મરણ જ્ઞાન થવાથી આ દૃષ્ટિવિષયપણાની ભયંકરતા યાદ આવી. કોઈનો ઘાત ન થાય

માટે મોઢું દરમાં જ રાખવા લાગ્યો. પૂંછડી દરની બહાર.

બનવાકાળ એવો કે તે સમયમાં કુંભ રાજાના કુંવરને કોઈ સાપે ડંખ દીધો, કુંવર મૃત્યુ પામ્યો. કોપિત રાજાએ હુકમ કર્યો બધા સાપને પકડી પકડીને મારી નાખો. મરેલો સાપ લાવનારને સાપ દીઠ એક એક સોનામહોરનું ઈનામ.

સર્પની શોધખોળ કરનાર કોઈ માણસને દૃષ્ટિવિષ સર્પની પૂંછડી દરમાં દેખાઈ. ખેંચવા લાગ્યો. સાપ સમજીને બહાર ન આવ્યો. અપાર વેદના થઈ. પૂંછડી તૂટી ગઈ. વેદના સહન કરી. સાપે દેહ છોડ્યો.

બીજી તરફ કુંભ રાજા ચિંતીત છે. પુત્ર નથી, વારસ નથી, એ ચિંતા કોરી ખાતી હતી. સ્વપ્ન આવ્યું, 'હવે તું એવી પ્રતિજ્ઞા લે કે હું કોઈને પણ સાપ મારવાની આજ્ઞા નહિ કરું, સર્પહત્યા રોકી દઈશ તો તને પુત્રરત્નની પ્રાપ્તિ થશે.' કુંભ રાજાએ એમ કર્યું.

દૃષ્ટિવિષ સર્પ મરીને કુંભની રાણીના પટે અવતર્યો. નાગદત્ત એનું નામ પાડ્યું. યુવાવસ્થાએ પહોંચતાં નાગદત્ત કુંવરે ગોખ-માંથી જૈન સાધુને દીઠા. જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવ્યો. સાધુ મહારાજને વંદન કરી દીક્ષા લેવા તૈયાર થયો. માતપિતાએ રોક્યો, સમજાવ્યો, પણ વૈરાગી નાગદત્ત દીક્ષા અંગીકાર કરે છે.

તિર્યંચ યોનિમાંથી આવેલા હોવાથી અને વેદનીય કર્મનો ઉદય હોવાથી ભૂખ સહન કરી શકતા નથી. તેથી પોરસી માત્રનું પણ પચ્ચક્ખાણ નથી કરી શકતા. આપણને આપણી દશા યાદ આવે. કયો કર્મ નહિ, કયા કર્મોના ઉદય ચાલી રહ્યા છે!

ગુરુ મહારાજે મુનિની પ્રકૃતિ જાણી ઉપદેશ આપ્યો, 'જો તારાથી તપશ્ચર્યા નથી થઈ શકતી તો તારે સમતા અંગીકાર કરવી જોઈએ.' સરળ સ્વભાવી નાગદત્ત મુનિએ ગુરુની વાતને મનમાં સ્થાપી દીધી. નિર્ગ્રંથ સાધુએ સમતાની ગાંઠ બાંધી દીધી.

દરરોજ સવારે એક ઘડુઆ (એક વાસણ) ભરીને કુર (ભાત) વહોરી લાવીને વાપરે ત્યારે જ હોશકોશ આવે. દરરોજની આ ભૂખની પીડાએ 'કુરઘડુ' નામ છપાવી દીધું.

કુરઘડુની ભોજનપ્રીતિ સામે અન્ય સહવર્તી ચાર સાધુઓ મહા તપસ્વી હતા. માસક્ષમણ તપ કરી લેતા. ચારે આહારવિજયી તપસ્વી સાધુઓ કુરઘડુ મુનિને 'નિત્ય ખાઉ', 'ખાઉધરો' જેવા વિશેષણોથી નવાજતા, તેની નિંદા કરતા, તેને તુચ્છ સમજતા. કુરઘડુ મુનિ તો સમતાની સાથે મૈત્રી કરી બેઠા હતા. બધા ઉપાલંભ, દ્વેષ, નિંદા, તિરસ્કાર સહી લેતા. એ અપમાનના શબ્દોને મન સુધી પહોંચવા જ ન દેતા.

મહાપર્વનો દિવસ, ચારે ચાર તપસ્વી મુનિરાજો તો તપમાં શૂરા. લાચાર પેલા કુરઘડુ! ભૂખ પાસે લાચાર. ગોચરી વહોરી લાવ્યા. જૈન આચાર પ્રમાણે કુરઘડુ મુનિએ તપસ્વી મુનિરાજોને પાત્ર બતાવી નમ્રતાથી કહ્યું, 'આપને આમાંથી કંઈક વાપરવાની અભિલાષા હોય તો વાપરો.'

મધ્યાહ્નના તાપ જેવો ક્રોધ તપસ્વી મુનિઓમાં ભભૂકી ઊઠ્યો. ચારે દિશામાંથી ચારે તપસ્વી ક્રોધાયમાન થઈ બોલી ઊઠ્યા, 'કુરઘડુ! આવા મહા પર્વના દિવસે પણ તમે તપ નથી કરતા? ધિક્કાર છે તમને! અને ઉપરથી અમને વાપરવાનું કહો છો?'

રાતાપીળા તપસ્વીઓ આટલેથી ન અટક્યા. ક્રોધ સાતમા આસમાને હતો. 'હાક્...થૂં' કહી કુરઘડુના લંબાવેલા પાતરામાં થૂંક્યા. ઉપાશ્રય ગુસ્સાના લાલ રંગે ધગધગી ઊઠ્યો.

આટલું હળાહળ અપમાન થયું. ચારે તપસ્વીઓએ ધિક્કાર્યા છતાં કુરઘડુ તો ઠંડા ને ઠંડા! સમતાનો સાથ એમણે ન છોડ્યો કે સમતાએ એમનો સાથ ન છોડ્યો. કહેવું મુશ્કેલ!

કુરઘડુ મનમાં વિચારે છે, 'ધિક્કાર છે મને! હું નાનું સરખું તપ નથી કરી શકતો, ભૂખને રોકી નથી શકતો, હું પ્રમાદને વશ છું. આજે આ તપસ્વી મુનિરાજોના ક્રોધનું સાધન-નિમિત્ત હું બન્યો' પાત્રનો આહાર વાપર્યો. શુક્લધ્યાનમાં પહોંચી જતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

કેવળજ્ઞાનનો મહોત્સવ ઊજવવા દેવતાઓ વિમાને ચડીને આવ્યા. તપસ્વી મુનિઓ સમજ્યા દેવ અમારે માટે આવ્યા છે પણ અહીં તો જુદી જ વાત બની.

તપસ્વી મુનિઓને પણ સમજાયું કે અમે દ્રવ્ય તપસ્વી રહ્યા જ્યારે કુરઘડુ તો ભાવ તપસ્વી છે. કુરઘડુને ખમાવ્યા. છેવટે એ ચારે ક્ષમાપ્રાર્થી મુનિઓને પણ કેવળજ્ઞાન થયું.

કુરઘડુની તો મુક્તિ થઈ પણ એ પાત્ર મનમાંથી ખસતું નથી. કસોટીની પરાકાષ્ઠા તો જુઓ! અપમાનની ચરમ સીમા પણ એ અપમાનની આગ કુરઘડુને ન અડી શકી કારણ કે એ તો સમતાના મેરુ પર બિરાજમાન હતા.

તપસ્વી મુનિઓનું ક્રોધિત થવું માનવસહજ હતું. તિરસ્કારનો ભાવ આવે જ. કુરઘડુ તરફની ઘૃણા કેવી તીવ્ર હતી. પોતે તપસ્વી ને પેલો ખાઉધરો, સરખામણી. કુરઘડુ ભૂખ પાસે નબળા પણ ક્રોધ કષાય સામે સબળા. આ સહનશીલતા, નમ્રતા, વિનય શ્વાસમાં હતાં, લોહીમાં હતાં. સહજ હતાં. અંતરંગ હતાં. કંઈ નવું ન લાગ્યું. એ સ્વભાવ હતો. સ્વનો ભાવ જ આખરે જીતે છે.

હજી પેલું પાત્ર દેખાય છે. થૂંક મિશ્રીત આહાર કેમ ગળી શક્યા હશે? વિચારતાં કંપારી છૂટે છે. જૈન ધર્મમાં આવી આકરી સામા છેડાની કસોટીઓ છે. સ્થૂલીભદ્ર યાદ આવે ને! દૃષ્ટિવિષ સર્પનો જીવ, ક્રોધ કે કષાયના વિષને જીતી કેવા અચળ આસને બિરાજમાન થઈ ગયો!

સમતાની સાધના આપણામાં પ્રગટે, આપણો સ્વભાવ બને એ પ્રાર્થના કરીએ. ✷✷✷

(કથાનો આધાર : વરજીવનદાસ વાડીલાલ શાહ લિખીત 'જૈન શાસનના ચમકતા સિતારા' પુસ્તકમાંથી)

૧૬/૪૧, મહંત કૃપા, મનીષનગર, ચાર બંગલા,
અંધેરી (પ.) , મુંબઈ-૪૦૦ ૦૫૩. Mo. : 9820611852

તક્તીનું આયુષ્ય કેટલું ?

□ પન્નાલાલ ખીમજી છેડા

વિદ્વાન લેખક ચિંતક, સામાજિક કાર્યકર અને કચ્છી જૈન સમાજના અગ્રણી છે.

દર શનિવારે 'મુંબઈ સમાચાર'માં પ્રસિદ્ધ થતી શ્રી ધીરજભાઈ રાંભિયા લિખિત 'જન જાગે તો જ સવાર' કોલમમાં તા. ૩૦-૭-૧૧ના પ્રસિદ્ધ થયેલ ઘટના પરથી મારા મનમાં ઉદ્‌ભવેલ પ્રશ્નને અહીં વાચા આપવાનો પ્રયત્ન કરું છું. આશા રાખું છું કે, વાચકો આ પ્રશ્ન પર તેમનું મંતવ્ય દર્શાવશે.

સ્પષ્ટતા કરું છું કે, શ્રી ધીરજભાઈના લેખમાં ભોરારાના શ્રી ચુનીલાલ ભીમશી છેડાએ માગેલા તેમના અધિકાર સંબંધે લખવાનો મારો હેતુ નથી, એ પરિવાર મારા સ્નેહીજનો છે.

ભોરારા ગામની શાળા પરથી રંગકામ થતી વખતે તેમના વડીલોનું ભૂંસાઈ ગયેલું નામ અને ધરતીકંપ પછી જર્જરિત થઈ ગયેલ શાળા નવી બનાવવામાં આવી ત્યારે મજકૂર શાળા પર મૂળ દાતાના નામની તકતી લગાડવામાં ન આવી એ માટે માહિતી અધિકાર કાયદા ૨૦૦૫ અન્વયે તેમણે ચલાવેલી લડત પરથી દાનની તકતીનું આયુષ્ય કેટલું હોવું જોઈએ? કેટલું હોઈ શકે? દાતા કે સમાજને કેટલું સ્વીકાર્ય હોઈ શકે તે વિષે આજની પરિસ્થિતિ અને સમયના સંદર્ભમાં ઉદ્‌ભવેલ વિચારો અહીં દર્શાવું છું.

ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, તબીબી વગેરે અનેક ક્ષેત્રોમાં ઉદારચિત દાતાઓ પોતાનું દ્રવ્ય અર્પણ કરી, કીર્તિદાનની ઈચ્છાએ સ્વજનોના નામને ચિરંજીવ બનાવવાનો સંતોષ મેળવે છે. સામાજિક દૃષ્ટિએ આ વિચાર અયોગ્ય ન ગણાય. એવી જ રીતે સંસ્થાઓએ નક્કી કરેલ રકમનું દાન આપી ઈચ્છિત તિથિઓ લખાવે છે.

આ બન્ને પ્રકારોમાં દાનનું સ્વરૂપ સરખું છે. ભારતમાં હજારો વર્ષ જૂના મંદિરો અસ્તિત્વમાં છે. આ મંદિરોનું નિર્માણ કરનારાઓના નામ ઈતિહાસમાં કંડારાયેલા હોઈ આજ દિવસ સુધી એ મંદિરો તેના નિર્માણદાતાઓના નામથી ઓળખાય છે, જેમકે, વસ્તુપાળ-તેજપાળના દે'રાં, વગેરે. બીજી બાજુ સ્થળ કે તીર્થંકર ભગવંતોના નામથી પ્રસિદ્ધ થતાં દેરાસરો જેમકે, રાણકપુર, પાવાપુરી, શંખેશ્વર પાર્શ્વનાથ, અંતરિક્ષ પાર્શ્વનાથ, ગોડીજી પાર્શ્વનાથ વગેરે વગેરે.

સદીઓ જૂના આ મંદિરોને જ્યારે કાળની થપાટ પડે છે અને આ મંદિરોના જીર્ણોધ્ધારની જરૂર પડે છે ત્યારે દેરાસરોમાં સંચિત થયેલું દેવદ્રવ્ય વહારે આવે છે. ભાવિકોની શ્રદ્ધા અને પૂજ્યભાવને કારણે મળતું દાન ઉપયોગી બને છે અને જીર્ણોધ્ધાર પામેલું મંદિર જૂના નામે ઓળખાતું રહે છે.

અહીં દેવદ્રવ્ય અને શ્રદ્ધાભાવ ઉપયોગી બન્યાં. હવે શાળા, કૉલેજ, હૉસ્પિટલ, અતિથિગૃહો, ઉપાશ્રયો, જ્ઞાનમંદિર, ચબુતરા, પરબ અને તેવી સ્થળ કે સંતોના નામ ધરાવતી સામાજિક કે ધાર્મિક સંસ્થાઓના પુનઃનિર્માણનું શું ?

જે સંસ્થાઓના નામ સાથે સ્થળ, સંત કે કોઈ વિચારધારાનું નામ જોડાયેલું હશે તેનું પુનઃનિર્માણ તો લોકશક્તિ દ્વારા શક્ય બનશે પણ જે સ્થળની સાથે કોઈ દાતાનું નામ જોડાયેલું હશે તે સંસ્થાની પુનઃસ્થાપના હવે કોણ કરશે ? કોઈ પણ નવા દાતા માતબર દાન આપશે તો એ પોતાનું નામ રાખવાનો આગ્રહ રાખશે, એ આગ્રહ પણ ઉચિત હશે. આવા સમયે જીર્ણતા પામેલા સ્થળ કે તે સંસ્થાની ઉપયોગિતા અને જરૂરિયાતના ધોરણે મેળવાતાં દાન સિવાય એનો કોઈ ઉપાય નહિ હોય.

આવું જ બને છે તિથિઓ વિષે. જૈન સમાજમાં વિવિધ સ્થળોએ દરરોજની, આઠમ-ચૌદસ કે પક્ષની, જિનાલયોમાં વિવિધ પૂજાઓની કે ભોજનાલયોમાં ભોજનની કાયમી તિથિઓની રકમ નક્કી થાય છે. જે જે સમયે આવા દાનની રકમ નક્કી થતી હોય તે તે સમયે એ રકમ યોગ્ય ગણાય છે, પરંતુ, સમય જતાં રૂપિયાનું મૂલ્ય ઘટી જાય, **મોંઘવારી વધી જાય ત્યારે જૂના સમયનો રૂપિયો નાનો બનતો જાય છે.**

જે વિસ્તારમાં ધર્મની પ્રભાવના વધી જાય ત્યારે તે સમયે લખાવેલા નાણાનું-રકમનું મહત્ત્વ અત્યંત નજીવું બની જતાં તે તે પ્રવૃત્તિઓ માટે સહાયક દાતાઓ શોધવા પડે છે. અથવા તો મૂળ દાતા કે તેમના પરિવારજનોને અગાઉ આપેલી રકમમાં વધારો કરવા વિનંતી કરવી પડે છે.

શક્ય છે કે, એ સમયે દાતાના પરિવારજનોની સ્થિતિ કે સંજોગો મૂળ રકમમાં વધારો કરી શકે તેવી ન હોય, દાતાના પરિવારજનોનું તે પરિસરમાં અસ્તિત્વ જ ન હોય કે પછી બરોબર હોવા છતાં મૂળ રકમના દાનમાં વધારો કરવા ડાંડાઈ કરતાં હોય તો શું કરવું ? એકાદ કિસ્સામાં કોઈ ધાર્મિક સંસ્થાએ મૂળ દાતાને જણાવ્યા વિના સહાયક દાતાનું નામ લખતાં, મૂળદાતાએ સંસ્થાને ન્યાયાલય ભણી ઘસડી ગયાનો દાખલો પણ સાંભળવા મળ્યો છે.

અનેક વિદ્યાલયો શાળા કે મહાશાળામાં પ્રથમ કક્ષાએ પાસ થતાં વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક કે રજતચંદ્રક માટે વર્ષો પૂર્વે દાતાઓએ કાયમી દાન આપ્યું છે. મેં કોઈક અહેવાલમાં વાંચ્યું હતું કે આપણા એક સુપ્રસિદ્ધ વિદ્યાલયમાં લગભગ સોએક વર્ષ પહેલાં મેટ્રિકમાં પ્રથમ આવનાર છાત્રને એક તોલાનો સુવર્ણચંદ્રક

આપવા માટે તે સમય પ્રમાણે એક દાતાએ કાયમી દાન આપેલ. એ સમયે સોનાનો ભાવ કદાચ દસ રૂપિયે તોલાનો હશે. વર્ષો સુધી કાયમી રકમના વ્યાજમાંથી સુવર્ણચંદ્રક જરૂર અપાયો હશે, સ્વાભાવિક છે કે, આજે એ વ્યાજની રકમમાંથી ઝવેરી બજાર સુધી પહોંચવાનું બસ ભાડું પણ નીકળતું નહિ હોય.

લગભગ સાત-આઠ વર્ષ પહેલાં આપણાં મૂર્ધન્ય ધર્મચિંતક, મારા ગુરુવર્ય ડૉ. રમણલાલ સી. શાહે મહાવીર જૈન વિદ્યાલયની વિવિધ શાખાઓમાં પ્રથમ ક્રમાંકે આવનાર છાત્રોને પાંચ રજતચંદ્રકો માટે કાયમી દાનની રકમ જાહેર કરેલ. આ ચંદ્રકો બનાવવા માટે તેમણે મને કહેલ ત્યારે સ્વાભાવિક રીતે મારી સાથે તેમની ચર્ચા થતાં એમણે દાનની રકમ મને જણાવી હતી. વર્ષો પછી આ રકમ પર્યાપ્ત થશે કે કેમ તેવી શંકા વ્યક્ત કરી આ વિષયમાં સાહેબ સાથે ઉપરોક્ત વિષયોની ચર્ચા પણ કરી હતી. ફળસ્વરૂપ બીજે જ દિવસે મને ફોન કરી તેમણે જાહેર કરેલી રકમમાં બીજા એક લાખ રૂપિયા ઉમેર્યાની મને જાણ કરી હતી.

આજે પૂ. રમણભાઈ તો હયાત નથી પણ, હું માનું છું તેમ કૂદકે ને ભૂસ્કે વધતાં જતાં ચાંદીના ભાવ તેમણે આપેલી કાયમી રકમના વ્યાજમાંથી નિશ્ચિત કરેલા વજનના ચંદ્રકો તો નહિ જ બનાવવા મળે. જેમ મોંઘવારી વધે તેમ હરીફાઈને કારણે હોટલવાળા જૂના ભાવમાં ઈડલી તો બનાવી આપે પણ તેનું કદ અને વજન તો ઘટી જ ગયું હોય તેમ સંસ્થાઓને પણ ન છૂટકે આવા અખતરા કરવાની જરૂર પડશે.

ઉપરોક્ત દૃષ્ટાંતો દ્વારા સુનામી, વાવાઝોડું કે ધરતીકંપ વગેરે આસમાની સુલતાની થતાં વર્ષો સુધી ટકેલું બાંધકામ ધરાબોળ થઈ જાય કે સમય જતાં અત્યંત જીર્ણ થઈ જાય કે પછી મોંઘવારી વગેરેને કારણે નાણાંનું કદ ઘટી જાય તે માટે **સંસ્થાઓએ દાતા દ્વારા અર્પણ થયેલાં દાન વિષે અરસપરસ યોગ્ય લખાણ કરવું જોઈએ. સમાજે પણ દાન લેતી વખતે આવનારા સમયનો ખૂબ લાંબો વિચાર કરવો જોઈએ.**

જ્યારે દાતા દાન જાહેર કરે છે ત્યારે સંસ્થા માટે તો તે સમયનું વરદાન બની રહે છે. બન્નેની પ્રતિષ્ઠામાં વધારો કરનારું બની રહે છે. આવા સમયે વર્ષો પછી બદલનારા સંજોગોમાં સંસ્થાના અનુગામીઓ કે વપરાશકારો માટે તે દાન ફળીભૂત રહેશે કે કેમ તેનો વિચાર કરવો જોઈએ.

આ પ્રશ્ન કઈ રીતે હલ થઈ શકે તેનો વિચાર કરીએ;

પ્રવૃત્તિ સાથે ઈમારત પર નામ આપવા માટે જ્યારે દાતા વચન આપે ત્યારે તેમાંથી નિર્માણ થનારી ઈમારતનું અસ્તિત્વ જ્યાં સુધી રહે ત્યાં સુધી જ દાતાના નામની તકતી મજકૂર જગ્યા પર રહે. અલબત્ત, સમયોચિત સમારકામ વગેરે સંસ્થા કરે પણ અંતે તો એક દિવસ જર્જરિત બની ખંડેર બની જાય ત્યારે ઈમારત કે પ્રવૃત્તિની તકતીનો અધિકાર પૂરો થયેલો ગણાય.

અહીં કવિ 'તેજ'ની કચ્છી બોલીમાં લખેલી બે પંક્તિ યાદ આવે છે;

'ગજધરે ચ્યાં અસીં મકાન નેહુ બંધીબો,

એ સોંણી ખંઢેર ખેંલી પ્યા.'

અર્થાત્ 'સ્થપતિઓએ કહ્યું કે અમે ઈમારત મજબૂત બાંધશું એ સાંભળીને ખંડેરો હસી પડ્યાં.'

હજી ઉદ્‌ઘાટનની શાહી પણ ન સૂકાઈ હોય અને **કુદરતના કોપને કારણે નવી નક્કોર ઈમારત પણ ભાંગીને ભૂકો થઈ જાય એવા સમયે પણ દાતાની તકતીનો અધિકાર ત્યાં પૂરો થઈ જાય.**

ઉપર મુજબ કોઈ પણ ઘટના સર્જાય અથવા પ્રવૃત્તિઓ માટે નવી ઈમારતનું નિર્માણ થાય એ સમયે મૂળ દાતાનું દાન, હેતુ વગેરેનો લોકોને ખ્યાલ આવે તે માટે નવી ઈમારતમાં **જૂના દાતાના નામની તકતી, પ્રવૃત્તિના ઈતિહાસ સાથે યોગ્ય સ્થળે પ્રદર્શિત થાય તેવો સમજૂતી કરાર (MOU) સંસ્થા અને દાતા વચ્ચે થવો જોઈએ.**

મજકૂર કરારમાં દાનની અપીલ, હેતુ, શરતો, સંસ્થાકીય માન્યતાઓ ઉપરાંત તેમાંથી ફલિત થતાં મુદ્દાઓ વગેરે વિષયોનો તેમજ ઉપર દર્શાવેલ સંજોગોમાં મૂળ દાતાના દાનનો ગૌરવપૂર્ણ ઉલ્લેખનો સમાવેશ થઈ જવો જોઈએ જેથી ભવિષ્યમાં કોઈપણ સમયે મડાગાંઠ ઊભી થાય ત્યારે પ્રશ્નનો નીવેડો હાથવગો અને સરળ બની રહે.

દાતા પોતાના દ્રવ્ય વડે મકાન વગેરેનું નિર્માણ જાતે કરી આપે ને સંસ્થાને અર્પણ કરે, એવી જ રીતે **એમાં રાચરચીલું, ઉપકરણો વગેરેના દાતા જુદાં જુદાં હોય ત્યારે દાનની જાહેર અપીલમાં અને સમજૂતી કરારમાં આ મુદ્દાઓનો ઉલ્લેખ થવો જોઈએ.**

અતિથિગૃહો, શાળા-કૉલેજમાં રાચરચીલું કે ઉપકરણોના દાતાઓની તક્તીઓ જુદી આપવામાં આવે છે. **અતિથિગૃહમાં પલંગ, ખુરશી કે કબાટ જેવી ચીજોનું આયુષ્ય કેટલું ? બહુ બહુ તો દસ વર્ષ.** જ્યારે એ રાચરચીલું ભંગારમાં વેચાવા જેવું થાય **ત્યારે નવા રાચરચીલા માટે બીજા દાતાની તકતી લગાડી શકાય. આવા સંજોગોના કારણે જૂના દાતાનું નામ યોગ્ય જગ્યાએ ખસેડાઈ જાય તેનો વાંધો મૂળ દાતાને હોવો ન જોઈએ.** વિકલ્પે જો તે જ દાતા ફરી બધું રાચરચીલું વસાવી આપે તો તક્તી ઠેરની ઠેર રહે એ યોગ્ય ગણાય.

તિથિઓના દાતા માટે નિશ્ચિત કરેલી રકમના વ્યાજમાંથી જ્યારે પૂરું ન થાય ત્યારે સંસ્થા ફરી તે તિથિ માટે નવી રકમ જાહેર કરે. મૂળ દાતા જો પોતે આપેલી રકમમાં ઘટતી રકમનો ઉમેરો કરી આપે તો તે તિથિ ફરી તેમની જ ગણાય; પણ જો તેમ થવું શક્ય ન હોય તો **'સહાયક દાતા' લેવાનો અબાધિત અધિકાર સંસ્થાને રહે તેવી સ્પષ્ટ વાત દાનની અપીલમાં થઈ જવી જરૂરી છે.** આશા રાખીએ કે આજનો ભણેલ ગણેલ દાતા આ વાતનો વિરોધ નહીં કરે.

ઉપરની બન્ને કલમોમાં મૂળ દાતાએ અર્પણ કરેલા દાનનો

કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર થયેલો હોય અને **સંજોવશાત નવા દાતાની તકતી લાગવાની હોય ત્યારે જૂની તક્તીઓ યોગ્ય જગ્યાએ પ્રદર્શિત થાય તેવી રીતે લગાડવી જોઈએ જેથી મૂળ દાતાના હૃદયમાં કે તેમના વારસોમાં સંસ્થાનું સ્થાન જળવાઈ રહે.**

દરેક કાળા વાદળને રૂપેરી કોર હોય છે તેમ હજારો દાતાઓમાંથી એકાદ દાતા મુઠ્ઠી ઊંચેરા પણ મળી આવે છે. તેનું દૃષ્ટાંત આપીશ. શ્રી કચ્છી વીસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન–મુંબઈએ પાલીતાણા બજારમાં સ્થિત તેમની માતુશ્રી પુરબાઈ ધર્મશાળા અનિવાર્ય સંજોગોને કારણે વેચી. ભરબજારમાં આવેલી ધર્મશાળા કોઈ ધર્મશીલ વ્યક્તિ સારા હેતુઓ માટે લે એવી ટ્રસ્ટીઓની ઈચ્છા બર આવે તેવી ઘટના બની.

કચ્છના સુથરી ગામના વતની અને હાલે વરલી રહેતા શ્રી રાયચંદભાઈ ધરમશીએ આ ધર્મશાળા સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે ખરીદી, તેના પર પુષ્કળ ખર્ચો કરી અનેક સુવિધાઓ વધારી. સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચમાં ક્યાંય ખામી ન રહે તેની પૂરેપૂરી કાળજી લીધી.

આશ્ચર્યની વાત તો એ હતી કે મબલખ રકમનો ખર્ચ કરી ઉત્તમ હેતુ માટે લીધેલી **માતુશ્રી પુરબાઈ ધર્મશાળાનું તેમણે નામ ન બદલ્યું, માતુશ્રી પુરબાઈની મોટા કદની તસ્વીર નવી બનાવીને મૂળ સ્થાને રાખી, એટલું જ નહિ, ધર્મશાળાના તમામ ઓરડાઓની બહાર મૂકેલી, અત્યારે મામુલી ગણાય તેવી રકમોના દાનની તક્તીઓ ત્યાં જ રહેવા લીધી. આમ એક સાચા દાતા અને શ્રાવક ધર્મનું તેમણે નિષ્ઠાપૂર્વક પાલન કર્યું;** કદાચ આવા મહાન દાતાઓને કારણે જ જૈન ધર્મની અદ્‌ભુત અને વિશિષ્ઠ પ્રભાવના થતી રહી છે.

વાત કરીએ પ્રવૃત્તિના દાનની, અનેક સંસ્થાઓમાં ધાર્મિક, શૈક્ષણિક, તબીબી, જીવદયા વગેરેની પ્રવૃત્તિઓ થતી હોય છે. જો સારું દાન મળે તો નિર્ધારિત પ્રવૃત્તિનો વિકાસ થાય, સંસ્થા અને દાતા યશસ્વી બની રહે તે દૃષ્ટિએ તેમના દ્વારા થતી **ચોક્કસ પ્રવૃત્તિને કાયમી દાન આપનારા દાતાનું નામ યાવચ્ચંદ્રિદિવાકરો પ્રવૃત્તિ સાથે જોડાયેલું રહે તેવું દાન મેળવે.**

આ દાનની તક્તીમાં એક વિશિષ્ટતા છે, સતત ચાલતી પ્રવૃત્તિઓનું ઉર્ધ્વારોહણ થતું હોય છે. લોકજીભે તે પ્રવૃત્તિના નામ સામે દાતાનું નામ જોડાઈ જાય છે. અહીં સ્થળ, સમય કે સંજોગોનું મહત્ત્વ નથી તેમ છતાં સમજુતી કરાર (MOU)માં દાતાનું યોગ્ય પ્રતિનિધિત્વ કે એકમેકને માન્ય રહે તેવી શરતો જરૂર હોઈ શકે છે તેમ કરવું ઉચિત પણ છે.

પ્રતિનિધિત્વની વાત કરીએ છીએ ત્યારે લાંબો વિચાર કરવો પડે છે. વ્યક્તિ શાશ્વત નથી હોતી જ્યારે સંસ્થાઓ દીર્ઘજીવી હોય છે. સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિઓમાં દાતાનું પ્રતિનિધિત્વ સંસ્થાના કદ અને પ્રવૃત્તિના પ્રમાણમાં કદાચ ઓછું અસરકારક હોય તેમ છતાં મૂળ દાતા તેની સાથેના સમજૂતી કરારમાં સંસ્થાનું હિત જાળવી સમય અને સંજોગો પ્રમાણે તેનું ઉત્તરદાયિત્વ પોતાના પરિવારની યોગ્ય વ્યક્તિને સોંપે તે જરૂરી છે. જો કે આ પ્રશ્નનો ઉકેલ કાળબળ પ્રમાણે અનિશ્ચિત જ રહેવાનો.

દૂરંદેશી દાતા કર્મ સંજોગોની ગતિને ખ્યાલમાં રાખી આવા સમયે સમાજમાંથી પ્રવૃત્તિને યોગ્ય પ્રતિભા ધરાવતા વ્યક્તિત્વની પસંદગી થાય તેવું વલણ ધરાવે તો સંસ્થા અને સમાજને ઉપકારક બને.

સમગ્ર લેખમાં દાન અને દાતાને સ્પર્શીને જુદાં જુદા સવાલ અહીં ઉપસ્થિત કર્યાં છે. આપણી નાની મોટી સંસ્થાઓ, ટ્રસ્ટો, ગામના મહાજનો, સંઘો બધાંને આમાંથી પોતાને ચિંતવતા પ્રશ્નો મળશે. એમને મૂંઝવતા પ્રશ્નોનો નિવેડો લાવવા દાતા પરિવારો સાથે બેસી, ચર્ચા કરી નિર્ણય કરશો તો સમજૂતીના યોગ્ય કરારો તેમને નિશ્ચિત રાહે જવા માર્ગદર્શન આપશે જેના ફળસ્વરૂપે દાતા કે સંસ્થાઓને ન્યાયાલયના માર્ગે જવું નહિ પડે.

બાળપણમાં કોઈક ધર્મના પુસ્તકમાં વાંચેલું કે વટેમાર્ગુઓને રસ્તામાં પીવાનું પાણી મળે અને તરસ છીપાય તે માટે કોઈ એક શ્રેષ્ઠિએ બંધાવેલી વાવનું મીઠું જળ દાયકાઓ પછી તેના એક વારસે કુવા કાંઠે બેસી વેચવાનું શરૂ કર્યું. આવો ઈતિહાસ આપણા સમાજે ક્યારેય આલેખવો ન પડે તે માટે **આજે મળતાં મબલખ દાનનો સ્વીકાર કરતાં પહેલાં આવનારા ભવિષ્યને નજરમાં રાખી તેની યોગ્ય રૂપરેખા આંકી રાખવી જોઈએ, જેથી સંસ્થા અને દાતા એ બન્નેનું ગૌરવ જળવાઈ રહે.**

આ પ્રમાણે સ્વીકૃત દાન ધીરે ધીરે સમાજની પ્રણાલિકા બની જાય ત્યારે અન્ય જ્ઞાતિ કે સમાજો માટે આપણો સમાજ પથદર્શક બની રહે. **તક્તીનું આયુષ્ય ભલે સ્થૂળ રહ્યું પણ દાતા ધારે તો તેની ઔદાર્યપૂર્ણ સમાજ દ્વારા સંસ્થા અને સમાજના હિતમાં નવો અભિગમ અપનાવી તકતીના આયુષ્યને ચિરંતન બનાવી શકશે.**

ધર્મ, તત્ત્વજ્ઞાન, ચિંતન, સાહિત્ય, સંશોધન, પ્રવાસ વગેરે વિષયક લગભગ સવાસો જેટલાં પુસ્તકોના સર્જક ડૉ. રમણલાલ સી. શાહે ૧૯૯૨માં પોતાના લખેલાં પુસ્તકોના કૉપીરાઈટનું વિસર્જન કરતાં લખ્યું હતું કે, 'મારા પ્રગટ થયેલાં સર્વ ગ્રંથો અને અન્ય લખાણોના અનુવાદ, સંક્ષેપ, સંપાદન કે પુનઃ પ્રકાશન ઈત્યાદિ માટે કોઈ પણ પ્રકારનો કૉપીરાઈટ હવેથી રહેશે નહિ.'

સર્જકની ઉદારતાના સંદર્ભમાં આજના યુગમાં આ અજોડ દૃષ્ટાંત છે. **આપણાં દાતા સમજૂતીના કરારમાં આવી ઉદારતા દાખવશે ત્યારે સમાજમાં દાનની દિશા અવશ્ય બદલી જશે અને સાથે સંપત્તિને બદલે ગુણગ્રાહી દૃષ્ટિનો વિકાસ થશે.**

* * *

–સૌજન્ય **'પગદંડી'**
મોબાઈલઃ ૯૮૨૦૨૮૪૦૪૪

રખોપાં કોને સોંપવાં હો જી?

□ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા

વિદ્વાન લેખક, કેળવણીકાર, ચિંતક, આત્મસિધ્ધિ શાસ્ત્રના સાત ભાષાના અનુવાદક, ધ્યાનસંગીતજ્ઞ, જૈન સ્તોત્રોનું સી. ડી.માં અવતરણ કરનાર અને સંગીતમય મહાવીર કથાના પ્રવર્તક છે.

મારા ભંડારમાં અઢળક નાણાં, રખોપાં કોને સોંપવાં હો જી?
મારી તિજોરીમાં અઢળક સંપદા, ચાવિયું કોને સોંપવી હો જી?'
-ભક્તકવિશ્રી દુલા ભાયા કાગ

શ્રુતદેવી જિનવાણી મા સરસ્વતીના આજીવન અપ્રમત્ત ઉપાસક એવા પ્રજ્ઞાચક્ષુ પૂ. પં. સુખલાલજીને મળવા અને દિલ ઠાલવવા આવેલા, લોક સાહિત્ય-લોકભાષાના સરસ્વતી પુત્ર કવિશ્રી દુલાકાગ એક દિવસ સરિતકુંજના પ્રશાંત વાતાવરણમાં પોતાના બુલંદ અને ગળગળા સ્વરે પંડિતજીને આ ગીત ગાઈને પોતાની અંતરવેદના ઠાલવી વ્યક્ત કરી રહ્યા હતા. તેમના આર્ત્તહૃદયે ગાયેલું અને તેવા જ પ્રતિભાવ-સદ્‌ભાવથી પંડિતજીએ એકાગ્ર શ્રવણ કરેલું આ માર્મિક પદ અને એ ગંભીર વાતાવરણ એવું ને એવું સ્મરણના લોકમાં સચવાઈ રહ્યું છે.

સરસ્વતીની આજીવન ઉપાસના કરનારને જીવનસંધ્યા નિકટ આવતાં પોતાનો દીર્ઘસર્જનનો વારસો ક્યા સુપાત્ર ઝીલનારને સોંપવો તેની અંતરવ્યથા થાય અને તેવી શોધ ચાલે એ સ્વાભાવિક છે.

આવો જ અંતર અજંપો એક મહાન જૈનાચાર્યને થયાની સત્યકથા જૈન સંસ્કૃતિના ઉજ્જવળ ઇતિહાસ-પૃષ્ઠે નોંધાયેલી છે. એ આચાર્યવર્યને ઘણા શિષ્યો. પણ તેમાંથી પોતાના સાધેલા શ્રુત-સાહિત્ય, સર્જન કરેલા સાહિત્યને ગ્રહણ કરી શકે તેવો સુયોગ્ય, સમર્થ ઝીલનાર કોણ? સર્વે શિષ્યોના નિરીક્ષણ-અવલોકન પછી પણ તેઓ આ નિર્ણય કરી શક્યા નહીં. અંતે તેમણે સારી રાત્રિની એકાગ્ર સાધના કરીને વહેલી પરોઢે શ્રુતદેવી માતા સરસ્વતીને સાક્ષાત્ સ્વ-સન્મુખ ઊતાર્યાં. વિનયપૂર્વક તેમને પોતાની અંતરવેદના વિદિત કરી પોતાના સઘળા શિષ્યોમાંથી સુયોગ્ય શિષ્ય કોણ, ક્યો? એ નિર્ણય કરી આપવા વિનંતિ કરી.

પ્રભુ મહાવીર ભગવંતે સ્વજીવન-સંધ્યા પૂર્વના ઉત્તરાધ્યયન સૂત્રમાં વિનયનો જે વિશદ મહિમા વર્ણવ્યો છે તેની સ્મૃતિ જાણે આપીને માતા શ્રુતદેવીએ પણ તેમને વિનયસહ આ અનુરોધ કરીને તેમની આજ્ઞા જે 'તહત્તિ' કહી પ્રશ્નહીનપણે, તત્કાળ ઉઠાવે તેને, પ્રત્યક્ષ સદ્‌ગુરુનો ત્રિવિધે આજ્ઞાંકિત બની રહે તેને, સક્ષમ-સુપાત્ર સમજી પોતાનો શ્રુત સાહિત્ય સર્જનનો વારસો સોંપવા કહેતાં, વિનયી શિષ્યના લક્ષણની સ્મૃતિ આપી :

'પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રાપ્તિનો ગણે પરમ ઉપકાર
ત્રણે યોગ એકત્વથી વર્તે આજ્ઞાધાર...'
(આત્મસિદ્ધિ શાસ્ત્રઃ ૩૫)

અને આમ વિનયપૂર્વક, સ્વીકારપૂર્વક જે શિષ્ય તુરત, અત્યારે જ તેમની આજ્ઞાનું પાલન કરે તેને તત્કાળ આરોગી જવા માટે એક મોદક આપ્યો. જે શિષ્ય 'ગુરુણામ્ આજ્ઞા અવિચારણીયા' સમજી, પોતાનું સિદ્ધાંત-આચારનું જ્ઞાન વચ્ચે લાવ્યા વિના, અત્યારે રાત્રિભોજન વ્રત ભંગ કર્યાનો પણ વિકલ્પ કર્યા વિના, આ લાડુ આરોગી જાય, 'તેને હે આચાર્યપ્રવર! આપનું વારસાગત શિષ્યત્વ-સર્જકત્વ ફળશે.' આમ કહી, એ દુર્લભ મોદક આપી, શ્રુતદેવી મા સરસ્વતી અંતર્ધાન થયાં.

હજુ તો પ્હો ફાટ્યું ન હતું. પ્રભાતને, સૂર્યોદયને ય હજુ વાર હતી ત્યાં નવકારશી આવ્યાનો તો પ્રશ્ન જ ક્યાં? આવા સમયે સાધુ-નિયમોને જાણનારા-પાળનારા શિષ્યોમાંથી કોણ આ લાડુ ખાઈ જવાનું માનશે? આવો સહજ પ્રશ્ન આચાર્યશ્રીને ઉદ્‌ભવ્યો. તેમણે પરીક્ષા કરતાં કરતાં પોતાની પ્રાતઃવંદના કરવા આવતા પ્રત્યેક શિષ્યને આ માટે કહ્યા કર્યું. જલ્દી કોઈ તૈયાર ન થયા. પણ એક શિષ્યે 'પછી તે આરોગી લઈશું' તેમ મનમાં વિચારીને, પણ ગુરુદેવ પાસેથી ત્યારે એ લાડુ લઈને પોતાના પાત્રામાં સંતાડીને એક પાટ નીચે મૂકીને, બહાર ઠલ્લા-માત્રા-દિશાએ જવા નીકળી ગયા. આચાર્યશ્રીને આ ખબર પડી નહીં.

એ જ સમયે ત્યાં ઉપાશ્રય વાળવા આચાર્યશ્રીનો પરમ વિનયવંત ચાલીસ ચાલીસ વર્ષથી આજીવન સેવા કરનાર શ્રમિક-સેવક શ્રાવક ઋષભદાસ આવ્યો અને નિત્ય નિયમ મુજબ આચાર્યશ્રીની વંદના કરીને ઉપાશ્રયની સફાઈ કરવા, 'કાજો' કાઢવા લાગ્યો. પોતે તદ્દન અભણ, પણ ભક્તિ, સેવા, વિનયથી ભરપુર. વયોવૃદ્ધ, શય્યાવશ આચાર્ય ભગવંત અને સર્વ સાધુઓની એ હૃદયપૂર્વક દિન-રાત સેવા-સુશ્રૂષા-વૈયાવચ્ચ કરે. સુદીર્ઘ સહવાસને કારણે સારી યે મુનિચર્યા, સાધુઓના નિયમો, સાધુ સમાચારી એ પૂરેપૂરી જાણે. અત્યારે કાજો કાઢતાં કાઢતાં, પેલા મુનિવરે પાત્રામાં સંતાડીને પાટ નીચે મૂકેલા લાડુ સુધી તેનું ઝાડું પહોંચ્યું અને લાડુ પાત્રામાંથી બહાર પડી ગયો. મુનિ-આચાર નિયમોના જ્ઞાતાભલા ભોળા ઋષભદાસને થયું કે આ સાધુએ પાછલી સાંજે ગોચરીમાં વધી પડેલ આ લાડુ સંતાડી રાખેલ છે, જેની જાણ જો આચાર્ય મહારાજને

થશે તો તેમને શિક્ષા–પ્રાયશ્ચિત્ત રૂપે ઉપવાસ વગેરે તપ આપી દેશે. આવી દયાભાવનાથી, પોતાની રસલુબ્ધિની કોઈ વૃત્તિ વિના, તુરત જ તેણે નવકાર ગણીને એ લાડુ ત્યાં આરોગી લીધો! આખરે તો એ શ્રુતદેવી મા સરસ્વતી-પ્રદાત્ત અસમાન્ય મોદક!! એને આરોગતાં જ એની જિલ્વાગ્રે સરસ્વતી વિરાજમાન થયા!!! તુરત પ્રસ્ફુરિત થવા લાગી સ્તુતિઓ, થોયો, સ્તવનો...અભણ ઋષભદાસ પણ એ બધાં ઉચ્ચાર-શુદ્ધ પદો સુમધુર સ્વરે, ભાવ ભરી ભરીને કોઈ આશુ-કવિની અદાથી ગાઈ રહ્યો હતો...એ વિશાળ ઉપાશ્રયની મેડી ઉપર બિરાજેલા આચાર્ય ભગવંતના કાને એ અભૂતપૂર્વ જિનભક્તિના પદો અથડાતાં તેઓ આનંદવિભોર બની ગયા. થયું નક્કી પોતાના એ સાધુ-શિષ્યે, પોતે આપેલો સરસ્વતી-પ્રસાદ આરોગી લીધો છે અને તેના શ્રીકંઠેથી શ્રુતદેવી પ્રકટ થઈ રહી છે. તેઓ ઉપરથી નીચે આવ્યા તો શું જુએ છે? પેલા મુનિને બદલે આ અભણ શ્રાવક-સેવક એ ગાઈ રહ્યો છે! ભારે આશ્ચર્યથી પૂછી ઊઠ્યાઃ

'ઋષભદાસ તું?'

'હા ભગવંત! આપની કૃપાથી મારી અંદરથી મા સરસ્વતી ગાઈ ગવડાવી રહી છે...' કહીને તેણે આચાર્યશ્રીને ત્રિકાળ વંદના કરતાં કરતાં સરળ, નિખાલસ ભાવે, કશુંય છુપાવ્યા વિના, પોતે લાડુ કેમ આરોગી લીધો, એ બધું કહ્યું અને પોતાના આ દોષ-કૃત્ય માટે પ્રાયશ્ચિત્ત પણ માગ્યું. ઋષભદાસને જીવનભર જાણનારા આચાર્ય પ્રવરે આ સારી યે ઘટનામાં શ્રુતદેવીનો કોઈ સંકેત જોયો. અભણ છતાં, દીન-દરિદ્ર છતાં મુનિ નહીં હોવા છતાં સદા આજ્ઞા ઉઠાવતા ને વિનય ભક્તિ વૈયાવચ્ચ કરતા ઋષભદેવની યોગ્યતા નિહાળીને તેને પ્રાયશ્ચિત્તને બદલે અંતરના ધર્મલાભ-આશીર્વાદ આપ્યા. પોતાનો સારો યે વિદ્યા-વારસો, પોતાની આજ્ઞા ઊઠાવવામાં વચ્ચે સ્વયંનું ડહાપણ વાપરનારા સારા યે સાધુ-શિષ્યોને બદલે, આ વિનયવંત, આજ્ઞાંકિત, ભલાભોળા, અભણ, દીન શ્રાવકને સોંપ્યો. આજ્ઞા ઉથાપનારા શિષ્યોને અવિચારણીયા-નિઃસંશયા ગુરુઆજ્ઞાનો, 'આણાએ ધમ્મો'નો, 'વિનય વડો સંસારમાં' અને 'રે જીવ માન ન કીજિએ, માને વિનય ન આવે' જેવી સજ્ઝાયોનો અને ભગવાન મહાવીરની 'વિનય સૂત્ર'ની અંતિમ દેશનાનો આચાર્ય ભગવંતે જાણે પરોક્ષ સંકેત આપ્યો અને પછી પોતે પોતાની ઈપ્સિત ઉત્તમ શાંતિ-સમાધિપૂર્વક જગતથી વિદાય થતા ઊર્ધ્વગમન કરી ગયા! એમણે જાણે પ્રભુની જ વિનય-મહત્તાની, આજ્ઞારાધનાની પ્રતિધ્વનિ જતાં જતાં સંભળાવીઃ

'એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો સમજે કોઈ સુભાગ્ય.'

(શ્રી આત્સિદ્ધિ શાસ્ત્ર :૨૦)

આ બાજુ ઋષભદાસે **'ઋષભ કહે ભવ ક્રોડનાં કર્મ ખપાવે તેહ'**ના દુહા જેવા અનેક પદો શાસનને આપ્યાં.

પોતાના જીવનભરના વિદ્યાવારસાના રખોપાં સોંપનાર આવા અનેક આચાર્યો, મહાગુરુઓની સ્મૃતિ, આ સત્યઘટના સાથે શ્રી દુલા કાગના પેલા ભજવનના સંદર્ભમાં, મારા સ્મૃતિલોકમાં ફરી વળી. પ્રાક્કાલીન–વર્તમાનકાલીન અનેક આજ્ઞા-ચ્યુત, આજ્ઞા-વિરાધક અને આજ્ઞા-આરાધક ઉભય પ્રકારનાં સંતો, સાધકો, સત્પુરુષો, સુશિષ્યો સામે દેખાયાં. પ્રભુ ઋષભદેવની આજ્ઞાથી વંચિત મરીચિ અને બાહુબલીની કથાઓથી માંડીને આચાર્ય ભદ્રબાહુના નિશ્રાગત અને મહાન કામ-વિજેતા છતાં થોડા-શા અહંકાર-પ્રદર્શનઃ માન-કષાય-આવરિત સ્થૂળીભદ્રના ઘટના-પ્રસંગો અને તેના પરિણામે ચૌદેવ પૂર્વોના પૂરા જ્ઞાનથી જૈન શાસન વંચિત રહી ગયાના બનાવો, સદ્ગુરુ આજ્ઞા-જિનાજ્ઞાના પાલનની મહત્તા અને અનિવાર્ય આવશ્યકતા વિષે ઘણું કહી ગયાં. સાચે જ યુગપ્રધાન ચૌદ પૂર્વધર આચાર્ય ભદ્રબાહુના મહાજ્ઞાન વારસાથી જૈન શાસનને કેટલું વંચિત રહી જવું પડ્યું! તેનાં દુર્લભ 'રખોપાં' કરી શકનાર, સિંહણ-સુત સમ ઝાલી રાખનાર સક્ષમ, સુયોગ્ય શિષ્યો પછી શાસનમાં ક્યાં, કેટલા રહ્યાં? પરવર્તી મહાન આચાર્યોમાં 'કલિકાલ સર્વજ્ઞ' બિરુદે પહોંચેલા ને સેંકડો ગ્રંથોના મહાસર્જનને વરેલા આચાર્યશ્રી હેમચંદ્રસૂરિ જેવાએ તો પોતાની લઘુતા દર્શાવી ભગવાન મહાવીરના શાસનના એક સામાન્ય સૈનિક તરીકે પોતાની ઓળખાણ કરાવી! તેમના જેવાં અનેક સુયોગ્ય શાસન-જ્યોતિર્ધરોએ પોતાની વિનય લઘુતાભરી સુપાત્રતા જાળવી રાખી. મહાયોગી આનંદઘનજી જેવાએ પણ 'વીર જિનેશ્વરને ચરણે' લાગીને પોતાને ગુણવિહીન અને પ્રભુને 'ગુણ–ગગન–પ્રવીણા' કહીને પોતાની વિનમ્રતા ગાયા કરી. આ કાળમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ 'જિનેશ્વર મહિમા' અને 'સદ્ગુરુ ભક્તિ રહસ્ય' ગાતાં ગાતાં પ્રથમ તો પોતાને 'અધમાધમ અધિકો પતિત' કહીને અને 'પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ'ની વિનયભક્તિ દાખવીને અને પછી 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ'ની દશા પણ 'પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો' કહીને સાધી અને ઊર્ધ્વગમન પ્રાપ્ત કર્યું! તેમના આ પ્રભુ વીર પ્રત્યેના વિનય-લાઘવમાંથી જ ૨૫૦૦ વર્ષ પૂર્વની તેમની, પ્રભુના 'લઘુ શિષ્ય' તરીકેની યોગ્યતા તેમણે સિદ્ધ કરી અને પ્રભુના જ્ઞાન-વારસાના જાણે રખોપાં જેવું ને 'ગણધરવાદ'ના પ્રતિધ્વનિ સમું 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' જગતને આપતા ગયા!!

ફરી નિકટના જ, શ્રીમદ્-પરવર્તીકાળ પર દૃષ્ટિ ફેરવતાં તેમના જ પ્રત્યક્ષ-પ્રભાવિત પ્રભુશ્રી લઘુરાજજી સ્વામી અને પરોક્ષ-પ્રભાવિત યોગીન્દ્ર શ્રી સહજાનંદઘનજી (ભદ્રમુનિ) જાણે પ્રભુ-વિનય, સદ્ગુરુ વિનયભક્તિઃ આજ્ઞાભક્તિનાં ઉજ્જવળ દૃષ્ટાંત સ્પષ્ટપણે જગતને આપે છે. સહજાનંદઘનજીની વિનયાજ્ઞાભક્તિ

રતં હંપીના આત્મજ્ઞામાતાજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની વિનયસભર સેવામાં બાવીસ બાવીસ વર્ષ રહ્યા છતાં બાવીસ મિનિટ પણ ગુરુદેવ સાથે વાત નહીં કરતા મૌનપણે તેમની આજ્ઞા ઊઠાવતા ગુરુદયાલ મલ્લિકજી કે જેમને આ લખનારે નજરે નિહાળ્યાં છે, તેમને સંભારું છું ત્યારે આ કાળમાં પણ કેવા લઘુતાધારી, મહાવિનય આજ્ઞાંકિત શિષ્યો પડ્યા છે અને તેઓ જ પેલા ઋષભદાસની જેમ અભણ છતાં મહા-પંડિતોથી પણ વિશેષ પામી જાય છે અને પરમગુરુઓના જ્ઞાન-સંસ્કાર વારસાનું સાચું રખોપું કરી રહે છે એ સ્પષ્ટ થાય છે. અહીં 'લઘુતા મેં પ્રભુતાઈ હૈ, પ્રભુતા સે પ્રભુ દૂર' અને 'ઢાઈ અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોઈ' કહેતા સંત કબીર તેમજ આ જ વાતને પોતાની ભાષામાં કહેતા કવિશ્રી દુલા કાગ ફરી યાદ આવે છે-

'કાગ કહે અભણ ભૂલ્યા 'ભણેલ'ને ભરોસે રે;
અભણે 'ભણેલ'ને જઈ પૂછ્યું, ઈશ્વર છેટા કેટલા રે જી?'

સંક્ષેપમાં, પ્રાચીનકાળથી અર્વાચીન કાળ સુધીમાં જે મુક્તિમાર્ગ, 'એક હોય ત્રણ કાળમાં'ના ન્યાયે એક સમાન રહ્યો છે, તેમાં મહત્તા સદા રહી છે-પંડિતાઈ-જ્ઞાન ગુમાનુવ્રતઅભિમાન આદિની ઉપરે અંતરવૃત્તિની વિશુદ્ધિની, વિનયની, લઘુતાની, આજ્ઞાભક્તિને આદરવાની-અપનાવવાની. આવાં સુભાગીજનો જ સત્પુરુષોનો જ્ઞાન, સંસ્કારવારસો જાળવી શકે, તેનું રખોપું કરી શકે. છેલ્લે આવું થોડી-શી સ્વકથા પર.

પરોક્ષપણે પ્રથમ ભક્તિપદો તેમજ 'મોક્ષમાળા' અને પછી 'આત્મસિદ્ધિ'ની અવગાહના દ્વારા નિકટતા આપવાનો પરમ અનુગ્રહ કરનાર પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજી, આનંદઘનજીનો પ્રથમ આતમરંગ લગાડનાર ઉપકારક મુનિશ્રી ભુવનવિજયજી (આ. ભુવનરત્નસૂરિ), ચૌદ ચૌદ વર્ષનું સુદીર્ઘ વત્સલ સાન્નિધ્ય આપી અંતર્દૃષ્ટિ પ્રદાન કરનાર પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, પંડિતાઈની ઉપરે 'પ્રેમ' ને વિનય-લઘુતા શીખવનાર આચાર્ય ગુરુદયાલ મલ્લિકજી, 'પ્રાર્થના-મંદિર'માં ભક્તિલીનતા કરાવનાર મુનિશ્રી નાનચંદ્રજી–સંતબાલજી, 'ભક્તામર'ની આરાધના દ્વારા જીવનભરની જિનભક્તિ પ્રેરનાર આચાર્યશ્રી પૂર્ણાનંદસૂરીસ્વરજી, સાહિત્ય-સંગીતાદિ કલા દ્વારા 'જૈન વિદ્યા'ના અધ્યયનમાં પ્રોત્સાહન આપનાર આચાર્યશ્રી યશોદેવસૂરીશ્વરજી, પંદર વર્ષની કુમાર વયે પંદર દિવસ સુધી પૂનામાં એક છાત્ર-સ્વયંસેવક તરીકે સાન્નિધ્ય આપનાર સ્વયં મહાત્મા ગાંધીજી, છ છ વર્ષ સુધી પૂર્વ, દક્ષિણ ભારત અને ગુજરાતમાં પદયાત્રાઓમાં સમાગમ અને ઉપનિષદ-જ્ઞાન આપી છેવટે 'ઈશોપનિષદ–ૐતત્ સત્'ના ચિરંતન રેકર્ડીંગની પણ પ્રેરણા આપનાર આચાર્ય વિનોબાજી-બાળકોબાજી, સંગીત સાધનામાં અસમાન્ય વિદ્યાદાન આપનારા ઋષિ સંગીતગુરુ 'નાદોનંદ' બાપુરાવજી, અઢાર દિવસની અદ્‌ભુત અભૂતપૂર્વ નિશ્રા દ્વારા અગમ-નિગમના ચેતના-ચૈતન્ય લોકમાં વિહરાવનાર જ્ઞાનયોગિની ચિન્નત્મા માતા, સ્વયંની કિંચિત્ ધ્યાન-સાધનાને સંપ્રદાયાતીત બનીને વેગ આપનાર દિગંબરાચાર્ય શ્રી નિર્મલસાગરજી, વિદેશોમાં સ્વયંના ત્રિવિધ કાર્યક્રમોને વેગ આપનાર આ. શ્રી સુશીલકુમારજી, સર્વે સંતો–સત્પુરુષોના સાર-સમન્વય રૂપ સ્વાધ્યાય-ધ્યાન-ભક્તિની ત્રિવિધ સાધનામાં યોજી ભક્તિની શક્તિ, ધ્યાનની અંતર્દૃષ્ટિ અને પરમગુરુઓની પરાભક્તિમાં પ્રવેશ કરાવનાર યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજી અને આત્મજ્ઞા માતાજી ધનદેવીજી તેમજ શ્રી જે. કૃષ્ણમૂર્તિનો પણ પ્રત્યક્ષ પરિચય કરાવી તેમની અને શ્રીમદ્ રાજચંદ્રજીની અંતર્સાધના ધારાની સજાગતા ને અપ્રમત્તાવસ્થાનું અનુસંધાન કરાવનાર સિદ્ધયોગિની દીદી વિમલાતાઈ–આમ ઉત્તરોત્તર એક પછી એક કેટલા બધા મહત્ પુરુષોનું સત્ સાન્નિધ્ય આ અલ્પાત્માને આ જીવનમાં સતત મળતું રહ્યું છે. એ સર્વેનો કેટ કેટલો ઉપકાર ને અનુગ્રહ! કેટકેટલું તારક નિમિત્ત-કારણ!! કોઈ કવિના શબ્દોમાં, 'સારું થયું કે આપના નામથી આ અલ્પ પણ તરી રહ્યો, નહીં તો કળિયુગમાં આવા પથરા તરે નહીં!' કહીને અત્યારે તો પોતાના જ ભણી આંગળી ચીંધીને એટલું જ કહેવાનું કે આ સર્વ સદ્‌ગુરુ-સત્પુરુષોએ પરમ અનુગ્રહ કરી કેટલો મોટો જ્ઞાન-સંસ્કાર–સંગીત-વિદ્યા-યોગ-કળા વારસો આપ્યો છે, સ્વયંની અપાત્રતા કે અલ્પપાત્રતા છતાં ખોબે ખોબે ! એ સર્વને કેટલો ગ્રહ્યો ને સાચવ્યો ? કેટલું એનું રખોપું કર્યું ? આ સ્વનિરીક્ષણ હજુ થઈ રહ્યું છે. ✷✷✷

પારુલ', જિનભારતી, ૧૫૮૦ કુમારસ્વામી લેઆઉટ, બેંગલોર-૫૬૦૦૭૮
ફોન : ૦૮૦-૬૫૯૫૩૪૪૦. મોબાઈલ : ૦૯૬૧૧૨૩૧૫૮૦.
E-mail : pratapkumartoliya@gmail.com

ભૂલસુધાર

'પ્રબુદ્ધ જીવન'ના ઑક્ટોબર-૨૦૧૧ના અંકમાં પાના ૧૭ ઉપર 'શ્રી નયવિજયજી રચિત' લખ્યું છે, આ સ્થાને શ્રી નયવિમલજી વાંચવું. પૂજ્ય નયવિમલજીને આચાર્ય પદવી પ્રાપ્ત થયા પછી એઓ જ્ઞાનવિમલ સૂરિ નામથી પ્રસિદ્ધ થયા.
સૌજન્ય: ડૉ. અભય દોશી

● ઈશ્વર દરેક માણસને પૃથ્વી પર મોકલતી વખતે તેના કાનમાં એક અત્યંત ખાનગી વાત કહે છે: 'મેં જગતમાં તારા જેવો બીજો કોઈ જ આદમી નથી મોકલ્યો.'

□ ગુણવંત શાહ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

(તા. ૨૫ મી ઑગસ્ટ ૨૦૧૧ થી તા. ૧ લી સપ્ટેમ્બર ૨૦૧૧)

વ્યાખ્યાન પાંચમું : ધર્મ વિજ્ઞાનના ચળકાટને વધારે છે

ખગોળ વિજ્ઞાની ડૉ. જે. જે. રાવલે 'ઈશ્વર નથી' એ વિશે જણાવ્યું હતું કે નિર્ધન અને તવંગર બધાં જ અનેક વિટંબણાઓ સહન કરતા હોય છે. હુંફની બધાને જરૂર હોય છે. તે હુંફ ઈશ્વરના રૂપમાં મળે છે. ઈશ્વરની વિભાવના ન હોત તો કેટલાય લોકોએ દુઃખોથી કંટાળીને આત્મહત્યા કરી હોત. નોબેલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિક ચંદ્રશેખરે પણ કહ્યું છે કે ઈશ્વરમાં ન માનીએ તેના કરતાં માનીએ તે વધારે સારું છે. તેના કારણે આપણા પર અંકુશ રહે અને આપણે શિસ્તમાં રહીએ છીએ. આપણે ઈશ્વરને દેખાડી શકીએ એટલી હદ સુધી વિજ્ઞાન વિકસ્યું નથી. વિજ્ઞાન અનુસાર કોઈપણ નિયમ બધે એક સરખો લાગુ પડવો જોઈએ. જે સર્વશક્તિમાન અને બધાનો આધાર છે તેને આપણે કેવી રીતે પાટલે બેસાડી શકીએ? જે બધાંને અન્ન પૂરું પાડે છે તેને નૈવેધ કેવી રીતે ધરી શકીએ? જે સ્વયં પ્રકાશિત છે તેની આરતી કેવી રીતે કરવી? ઈશ્વરની હાજરીનો પુરાવો નથી તેનો અર્થ એવો થતો નથી તે ગેરહાજર છે. તે અંગે શંકાનો લાભ પણ આપી શકાય. સત્ય ઘણાં માર્ગે પ્રાપ્ત થઈ શકે છે. આમ આદમી ઈશ્વર એ કુદરત છે એમ પણ માને છે. ઈશ્વર માત્ર સુખો ને સફળતા માગવા માટે નથી. તે આધ્યાત્મિકતા માટે છે. અજ્ઞાનથી જ્ઞાન ઢંકાય તે માયા છે. શંકરાચાર્યે કહ્યું છે કે બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે. આત્મા એક શરીર છોડી બીજા શરીરમાં પ્રવેશે પછી તેમાં વધારો થાય છે કે કેમ તે વિજ્ઞાન કહી શકે એમ નથી. આમ છતાં વિજ્ઞાન એ ધર્મ વિરોધી નથી પણ તેનું રક્ષણ કરે છે. વિજ્ઞાન ધર્મના ચળકાટને વધારવાનું કામ કરે છે.

[ગુજરાતમાં હળવદના વતની ડૉ. જે. જે. રાવલે મુંબઈ યુનિવર્સિટીમાંથી ખગોળ-ભૌતિકશાસ્ત્રમાં પીએચ.ડી.ની પદવી મેળવી છે. તેઓ વરલીના નહેરુ પ્લેનેટોરીયમના સંશોધનખાતાના ડિરેક્ટરપદેથી નિવૃત્ત થયા હતા. 'જન્મભૂમિ-પ્રવાસી'માં તેઓ ખગોળવિજ્ઞાન વિશે કટાર લખે છે. તેઓ હાલ ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી નામક સંસ્થા સાથે કાર્યરત છે.]

વ્યાખ્યાન છઠ્ઠું :

માનવતા પર ભૌતિકવાદના સંકટમાંથી જૈન ધર્મ જ ઉગારી શકે

જાણીતા ચિંતક ડૉ. રામજી સિંગે 'જૈન દર્શન કી પૃષ્ઠભૂમિ મેં ગાંધીજીવન દર્શન' વિશે જણાવ્યું હતું કે વિશ્વમાં ભૌતિકવાદના વાવાઝોડામાં માનવતા ઉપર સંકટ આવી પડ્યું છે. તેમાં જૈન ધર્મ સંજીવની પુરવાર થઈ શકે છે. ગાંધીજીને જૈન ધર્મના દર્શનમાંથી મળેલી પ્રેરણા અને જૈન સમાજને ગાંધીજી પાસેથી મળેલી પ્રેરણાની વિગતો સુપ્રસિદ્ધ વિદ્વાન-ચિંતક સુખલાલજીના પુસ્તકમાં છે. લોકમાન્ય ટિળકને પણ પહેલા જણાયું હતું કે ગાંધીજી જૈન છે. પરોપકાર એ પુણ્ય અને પરપીડન એ પાપ છે તે ભાવના અનુસાર ગાંધીજીએ સર્વોદય એટલે કે સર્વના કલ્યાણની વાત કરી હતી. આ શબ્દનો ઉલ્લેખ આચાર્ય સમન્ત ભદ્રના પુસ્તક 'યુક્તાનુશાસન'માં આવે છે. ગાંધીજી વર્ષ ૧૯૦૫માં જ વ્યક્તિગત સંપત્તિ તજીને અપરિગ્રહી બન્યા હતા. આપણામાંના ઘણાએ વ્યાપાર અને ધર્મને અલગ રાખ્યા છે. ગાંધીજીના જીવનમાં ધર્મ બધા જ કામોમાં સમાયેલો હતો. મહાવીરે સત્યને વ્યક્તિગત નહીં પણ સામાજીક સ્વરૂપ આપ્યું હતું. તેમણે વૈદિક સંસ્કૃતિમાં પ્રવેશેલી કુપ્રથાઓ–જાતિ પ્રથા અને હિંસા (યજ્ઞમાં બલિદાન આપવું) ઉપર પ્રહાર કર્યો હતો. ગાંધીજીએ હિન્દુ સમાજની અસ્પૃશ્યતાને દૂર કરવાનો ભેખ લીધો હતો. જીવનના ચાર સ્તંભ–ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં ધર્મ સહુપ્રથમ આવે છે. ધર્મ વિનાનો અર્થ એ અનર્થ છે. ધર્મયુક્ત રાજનીતિ એ રાજધર્મ છે. ધર્મથી અલગ રાજનીતિ એ પ્રપંચ છે. ધર્મના બે હિસ્સા છે. મંદિર, તીર્થસ્થાન, શાસ્ત્ર, પુસ્તક પ્રવચન અને તહેવાર બાહ્યધર્મ છે. જયારે આધ્યાત્મ, તપ, ઉપવાસ અને સંયમ એ આંતરિક ધર્મ છે. મૌન એ વાણીની પરેજી છે. ઉપવાસ એ આત્માની શોધ છે.

[ડૉ. રામજી સિંગ ભૂતપૂર્વ સાંસદ, લાડનુ સ્થિત જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટમાં ઉપકુલપતિ, વારાણસી સ્થિત ગાંધીયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટડીઝના નિર્દેશક જેવી જવાબદારીઓ શોભાવી ચૂક્યા છે. તેમણે જૈન ધર્મ અને ગાંધીવાદ વિશે પુસ્તકો લખ્યા છે.]

તા. ૨૭-૮-૨૦૧૧: શનિવાર: પ્રથમ વ્યાખ્યાનઃ ડૉ. જે. જે. રાવલ : વિષય : ઈશ્વર નથી?
બીજું વ્યાખ્યાનઃ ડૉ. રામજી સીંગ : વિષય : જૈન દર્શન કી પૃષ્ટ ભૂમિ મેં ગાંધી જીવન દર્શન।
તા. ૨૮-૮-૨૦૧૧: રવિવાર : પ્રથમ વ્યાખ્યાનઃ શ્રી વલ્લભ ભંશાલી : વિષય : વ્યવસાય, અનાસક્તિ અને સંપન્નતા.
બીજું વ્યાખ્યાનઃ ડૉ. ગુણવંત શાહ : વિષય : બટકું રોટલો બીજા માટે.
તા. ૨૯-૮-૨૦૧૧: સોમવાર: પ્રથમ વ્યાખ્યાનઃ શ્રી એર્વદ પરવેઝ બજાન : વિષય : જરથોસ્તિ ધર્મ.
બીજું વ્યાખ્યાનઃ ડૉ. નરેશ વેદ : વિષય : બ્રહ્મ-સૂત્ર (મહર્ષિ બાદરાયણ)

વ્યાખ્યાન સાતમું :

આપણે શરીર અને બુદ્ધિના ટ્રસ્ટી તરીકે કામ કરવું જોઈએ

વલ્લભ ભણશાળીએ 'વ્યવસાય, અનાસક્તિ અને સંપન્નતા' એ વિષય ઉપર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે જીવનમાં ત્યાગીને ભોગવવાનું છે. જીવનમાં જે મળ્યું તેમાંથી આસક્તિ જાય તો ભોગવી શકશો. જૈનોની સંપન્નતા માટે દાનની પરંપરા કારણભૂત છે. દાનને કારણે આશીર્વાદ મળે છે. છઠ્ઠી ઈન્દ્રિય (સિક્સ્થસેન્સ) આવે છે. આપણને ઈશ્વરે શરીર, બુદ્ધિ અને યોનિ આપી છે. આપણે તેના ટ્રસ્ટી છીએ એમ સમજીને ઉપયોગ કરવાનો છે. સંપત્તિવાન થવા પ્રયાસ કરવાને બદલે પોતાની જાતને શ્રેષ્ઠતા સુધી લઈ જવા પ્રયત્ન કરવો જોઈએ. વિશ્વના અતિ ધનાઢ્ય વોરેન બુફટે કહ્યું છે કે મને જે સફળતા મળી છે તે સંયોગ માત્ર છે. હું અફઘાનિસ્તાનમાં જન્મ્યો હોત તો ? સફળ વ્યક્તિ ભાગ્યે જ આવું વિચારી શકે. ભગવાન મહાવીરે કહ્યું છે કે સાધકે ૨૪ કલાક જાગૃત રહેવું જોઈએ અને પ્રમાદમાં એક ક્ષણ પણ બગાડવી નહીં. બાહ્ય તપ કરતાં અંદરનું તપ મહત્વનું છે. બાહ્ય તપ એ અંદરના તપને મદદ કરવા માટે છે. પ્રકૃતિમાં ઈન્દ્રિયોના આકર્ષણોમાં આસક્તિ થાય નહીં તેનું ધ્યાન રાખીને વીરક્તિ ભણી ગતિ કરવાની છે. દુર્યોધનને સત્તા માટે આસક્તિ હોવાથી તેની પડતી થઈ. ભગવાન મહાવીરે અંદરની દુનિયાને જોઈને તેની વાતો જગત સમક્ષ મૂકી છે. પર્યુષણ એ સત્ય શોધવાનું પર્વ છે. અંદર અને બહારનું એમ બે સત્યો હોય છે. રાગદ્વેષ અને આસક્તિને ચોંટવાની વૃત્તિથી બચવું જોઈએ. જે કાયમી છે તેના માટે જ કામ કરવું. આપણે પૂર્વના કર્મ અનુસાર જ જીવતા હોઈએ છીએ. આપણે જીવનમાં ન્યાયપૂર્ણ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ અને બીજાના પરાભવ માટે પ્રયત્ન ન કરવાથી દૂર રહેવું જોઈએ.

[વલ્લભ ભણશાળી શેર બ્રોકરના વ્યવસાયમાં ગળાડૂબ હોવા છતાં ધર્મમાં પણ ઊંડા ઉતર્યા છે. જૈન ધર્મમાં ગાઢ આસ્થા અને પુષ્કળ જાણકારી માટેનો શ્રેય તેઓ પોતાના પિતાને આપે છે. નાણાંકીય બાબતો વિશે વક્તવ્ય આપે છે અને સાથોસાથ વિપશ્યનાની શિબિરમાં પણ ભાગ લે છે.]

વ્યાખ્યાન આઠમું :

ત્યાગીને આપણે વાસ્તવમાં કશુંક મેળવીએ છીએ

અતિ વર્ષાના કારણે છેલ્લી ઘડીએ વિમાનની સેવા અલભ્ય થવાને કારણે ડૉ. ગુણવંત શાહ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. ડૉ. ગુણવંત શાહના ચાહકો દૂર દૂરથી એમને સાંભળવા આવ્યા હતા, એઓ નિરાશ ન થાય એટલે વ્યાખ્યાનના સમયે જ વડોદરાથી ડૉ. ગુણવંત શાહે પોતાના ઘરેથી વક્તવ્ય આપ્યું જે એ જ સમયે યાંત્રિક સાધનો દ્વારા શ્રોતાઓને સંભળાવાયું, દૃષ્ટોદૃષ્ટની જેમ જ મુંબઈ, પાટકર હૉલમાં બેઠેલા ૬૦૦ શ્રોતાઓએ આ વ્યાખ્યાન શાંતિથી મનભરીને માણ્યું. આ નવતર પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો.

જાણીતા ચિંતક ડૉ. ગુણવંત શાહે 'બટકું રોટલો બીજા માટે' વિશે જણાવ્યું હતું કે શ્રીકૃષ્ણે ગીતામાં અર્જુનને કહ્યા અનુસાર જે મનુષ્ય માત્ર પોતાના માટે ભોજન રાંધે છે તે પાપી પાપ ખાય છે. સ્વાર્થી મનુષ્ય બીજાનો વિચાર કરતો નથી. બીજા માટેની ચિંતા એ જ ધર્મ છે. સ્વાર્થના સામ્રાજ્યમાં બીજા માટે ઘસાઈ છૂટવાની વૃત્તિ રહી નથી. આ જમાનામાં બીજા માટે ઘસાઈ છૂટે તો તે સાધુ ન હોય તો પણ અડધો સાધુ કહેવાય. આપણે જ્યારે ત્યાગ કરીએ છીએ ત્યારે વાસ્તવમાં કશુંક મેળવીએ છીએ. સત્કર્મો વડે પુણ્યની બેલેન્સ વધે છે. તેથી પુણ્યની બેલેન્સ વધે એવા કર્મો કાળજીપૂર્વક અને વિચારપૂર્વક કરવા જોઈએ. ગીતા, ઉપનિષદ, બાઈબલ અને કુરાનમાંથી હું સમજ્યો છું કે બીજા માટે કોઈને બટકું રોટલો આપવાની ભાવના મનમાં જાગે તેની સામે બીજા સુખ તકલાદી છે. વ્હીસ્કીના એક પેગમાં ૧૦૦ માણસોને બટકું રોટલો આપી શકાય. આપણાં બાળકો ભૂખે મરે એટલું નહીં પણ આપણા રોટલામાંથી શેર કરવાની આ વાત છે. હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મના પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતોમાં ઘણી સમાનતા છે. કતલખાનું મનુષ્યની બર્બરતાનું પ્રતીક છે. ત્યાં પશુઓની થતી કતલ માંસાહારીઓને દેખાડવામાં આવે તો તેઓ માંસાહાર છોડી દે. તપ અને ઉપવાસ એ ઉર્જા છે. શુદ્ધ અંતઃકરણ એ તપશ્ચર્યા છે. આપણે જીવનને ઈર્ષ્યા, દ્વેષ, હિંસા, ક્રૂરતા અને પરિગ્રહથી દૂર રાખવાનું છે.

[ગુણવંત શાહે ૧૦૦ કરતાં વધુ પુસ્તકો લખ્યા છે. ગુજરાતી સાહિત્યમાં તેઓ 'બેસ્ટ સેલર' લેખક છે. સાચા બોલા અને આખા બોલા આ લેખકને આખા ગુજરાતે પુષ્કળ પ્રેમ કર્યો છે. આ જાગૃત સર્જકે તેમના પુસ્તકમાં ભગવાન મહાવીરના વિચારોને નવી વિભાવના આપી છે.

વ્યાખ્યાન નવમું :

જરથુસ્તી ધર્મમાં સારા વિચાર, સત્ય વચન અને સત્કર્મનો ઉપદેશ

એરવડ પરવેઝ મીનોયર બજાને 'જરથુસ્તી ધર્મ' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે અમારા ધર્મમાં સારા વિચાર, સત્ય બોલવું અને સત્કર્મ કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. સારા વિચાર કરીએ તો સારી વાણી બોલી શકાય. મન સારું હોય તો આપણે કામો પણ સારા કરી શકીએ. સત્ય બોલવાના જીવનમાં ઘણા ફાયદા છે. ઈર્ષ્યા, અભિમાન અને ગર્વ એ પડતીના કારણો છે. જરથુસ્તી ધર્મમાં સત્કાર્યો કરવાનો ઉપદેશ અપાયો છે. જૈનોની જેમ જરથુસ્તીઓએ પણ મુંબઈમાં પરોપકાર અને સખાવતના ઘણા કામો કર્યા છે. બધા પ્રાણીઓમાં મનુષ્ય ઉચ્ચ કક્ષાનું પ્રાણી છે તેથી પરોપકારના કાર્યો કરીને જીવનને સફળ બનાવવું જોઈએ. જરથુસ્તી ધર્મમાં ઉપવાસ કે દેહદમનનો ઉપદેશ અપાયો નથી. તેમાં જીવનમાં મોજમજા માણવાનો, દુર્ગુણોથી દૂર રહેવાનો તેમજ નાણાં રળવાનો ને સત્કાર્યો માટે દાન કરવાનો ઉપદેશ અપાયો છે.

દુષ્કૃત્યના ફળ જીવનમાં ભોગવવા પડે છે. પ્રાર્થના કરવાથી તે પાપ દૂર થતા નથી. શરીરની જેમ મનને પણ સ્વચ્છ રાખવું જોઈએ. જરથુસ્તીઓ ઈરાનના (અગાઉનું નામ પર્શીયા) ફાર્સ પ્રાંતમાંથી આવ્યા છે. તે નામ અપભ્રંશ થતાં પારસી શબ્દ પ્રચલિત થયો છે. *[એરવડ પરવેઝ મીનોયર બજાન ભાયખલા સ્થિત બી.એમ. મેવાવાલા દારેમહેરના ટ્રસ્ટી છે. તેઓ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં એન્શીયન્ટ ઈરાનીયન લેંગ્વેજના માનદ પ્રાધ્યાપક રહી ચૂક્યા છે. તેમણે જરથુસ્તી ધર્મ વિશે વ્યાખ્યાન આપવા અમેરિકા, કેનેડા અને દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ ખેડ્યો છે.]*

વ્યાખ્યાન દસમું :

ઘણાં જન્મોના પુણ્યને લીધે બ્રહ્મતત્ત્વને જાણવાની ઇચ્છા જાગે

ડૉ. નરેશ વેદે બ્રહ્મસૂત્ર અંગે જણાવ્યું હતું કે તેની રચના મહર્ષિ બાદરાયણે કરી હતી. મહર્ષિ બાદરાયણ પરાશરના પુત્ર છે. અમુક લોકોના મતે તેઓ જ વ્યાસમુનિ છે. તેના ૫૫૫ સૂત્રો છે. તેના ૧૯૧ અધિકરણો (વિષયો) છે. પ્રત્યેક અધિકરણ ચાર પાદમાં વિભાજિત છે. તેમાં પહેલો અધ્યાય સમન્વય છે. તેમાં શ્રુતિમાં જે કહેવાયું છે તેનો સમન્વય કરાયો છે. બીજા અવિરોધ અધ્યાયમાં ઉપરછલ્લો વિરોધ દેખાય છે પરંતુ વાસ્તવમાં તેમાં સંવાદિતા છે. ત્રીજો અધ્યાય સાધન છે. તેમાં બ્રહ્મજ્ઞાનની સાધના પ્રણાલિની વાત છે. ચોથો અધ્યાય ફલાધ્યાય છે. તેમાં મોક્ષ અને જીવનમુક્તિની વાત છે. બ્રહ્મ ઈન્દ્રિયોનો વિષય બની શકે એમ હોત તો તેને પ્રમાણી શકાયો હોત. બ્રહ્મ એ ઈન્દ્રિયાતીત બાબત છે. ઈન્દ્રિયો અને મન વડે બ્રહ્મત્વને સમજી લઈશું એ બાબત અસંભવ છે. અપરિછિન્ન બ્રહ્મને સમજવા માટેની શરૂઆત જિજ્ઞાસા છે. ઘણાં જન્મોના પુણ્યને લીધે જ બ્રહ્મતત્ત્વને જાણવાની ઈચ્છા જાગે છે. બ્રહ્મ સત્ય છે. પરંતુ આપણે જે સત્ય નથી તે ભ્રાંતિને સત્ય માનીએ છીએ.

શ્રુતિનું સાહિત્ય પણ કહે છે કે એકને જાણવા પછી બીજું કશું જાણવાની જરૂર નથી અને બધું જ જાણેલું લાગે તે બ્રહ્મ છે. બ્રહ્મસૂત્રમાં જણાવેલ છે કે આપણે વાસ્તવમાં બંધનમાં નથી. આપણે જન્મ્યા ત્યારથી ભુભુક્ષુ એટલે કે શરીર ટકાવવા માટે ભોજન લેતા રહીએ છીએ. આપણને ભુભુક્ષુમાંથી મુમુક્ષુ બનવા અને મૃણમયીમાંથી (માટીમાંથી બનેલા) ચિન્મયી બનવા માટેનો નકશો બ્રહ્મસૂત્રમાં અપાયો છે. ભક્ત નરસિંહ મહેતા, કબીર અને મીરાબાઈને બ્રહ્મનો અનુભવ થયો હતો. બ્રહ્મ એવું તત્ત્વ છે તેને દેશકાળની રજ લાગતી નથી. મહર્ષિ બાદરાયણે વેદાંત વિચારની કઠિનતાને દૂર કરવા અને સંવાદિતતાને સમજાવવા બ્રહ્મસૂત્રની રચના કરી છે. ઉપનિષદોમાં વેદાંતના વિચાર હતા તેનું ખંડન કરવા પ્રયત્નો થતા હતા તેના રક્ષણ માટે આ બ્રહ્મસૂત્ર ગ્રંથ રચવામાં આવ્યો છે.

[ડૉ. નરેશ વેદ ગુજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ, ભાવનગર વિદ્યાપીઠના કુલપતિ અને વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહી ચૂક્યા છે. હિન્દુ ધર્મ શાસ્ત્રોના પણ તેઓ ઊંડા અભ્યાસુ છે.]

(પર્યુષણ વ્યાખ્યાનમાળાના અન્યવ્યાખ્યાનો હવે પછી ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.)

જયભિખ્ખુ જીવનધારા : 33

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[ગુજરાતી સાહિત્યમાં મૂલ્યનિષ્ઠ સાહિત્ય સર્જન કરનાર અને ઝિંદાદિલીથી જીવન જીવનાર સર્જક જયભિખ્ખુએ ભરયુવાનીમાં નોકરી કરવાને બદલે જીવનભર સરસ્વતીની ઉપાસના કરવાનો સંકલ્પ કર્યો. આને પરિણામે અનેક આર્થિક વિટંબણાઓ, અને પરાવાર પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે જીવવાનું આવ્યું. કોઈનાયે સબળ સાથ-ટેકા વિના એમણે પોતાની મસ્તીથી સર્જનકાળના શ્રીગણેશ કર્યા. એ સર્જનયાત્રાની પ્રારંભકાળની વાત જોઈએ આ તેત્રીસમા પ્રકરણમાં.]

મળી માતૃભાષા મહાન

છત્રીસ વર્ષના યુવાન સર્જક જયભિખ્ખુની જીવનનૈયા કપરી પરિસ્થિતિના આઘાત-પ્રત્યાઘાતો વચ્ચે સફર કરતી રહી. એમનાં નવલકથા-સર્જનોમાં 'કામવિજેતા શ્રી સ્થૂલિભદ્ર'એ એના આકર્ષક કથા-વસ્તુ અને રંગદર્શી શૈલીને કારણે સાહિત્યજગતમાં એક નવી હવા જન્માવી હતી. ભગવાન મહાવીર અને કામવિજેતા સ્થૂલિભદ્રની કથાથી પરિચિત જૈનસમાજ આ લેખકની છટાદાર, રસભરી આલેખનશૈલીને આશ્ચર્યની નજરે નિહાળવા લાગ્યો. જૈન ધર્મમાં રહેલા માનવતાના વિશાળ આકાશ પર દૃષ્ટિ ઠેરવનારા આ સર્જકની લેખિની ધાર્મિક પરિભાષાખચિત રૂઢ ખ્યાલોને બદલે એના વ્યાપક અને ઉદાત્ત તત્ત્વોનું આલેખન કરવા લાગી. આ યુવાન સર્જકને આ ધર્મ જાતિ, જ્ઞાતિ અને વર્ણથી પર લાગ્યો અને તેને પરિણામે એમના પાસે આવતું પ્રત્યેક વિષયવસ્તુ નવું રૂપ, વિશિષ્ટ દર્શન અને આગવું આલેખન પામવા લાગ્યું. આવા વિશાળ દૃષ્ટિયુક્ત જૈનદર્શનને પોતાની કથાઓમાં પ્રગટ કરવા માટે આ યુવાન સર્જકે અપ્રતિમ પુરુષાર્થ ખેડ્યો.

કેટલીક રૂઢ ઘટનાઓના મર્મને પારખીને એનું નવી દૃષ્ટિ અને નવી શૈલીથી આલેખન કર્યું. વિષયની સાવ ભિન્ન અને જુદી તરાહથી માવજત કરવી પડી અને એમાં પ્રગટતા જીવનદર્શનને પોતીકી

શૈલીના જોરે ઉપસાવવું પડ્યું. પરિણામે આ નવલકથાઓ પ્રત્યે વ્યાપક વાચકવર્ગ આકર્ષાયો. આજ સુધી જૈન કથાનક ધરાવતી કૃતિઓનું વાચન જૈનસમાજ સુધી સીમિત હતું. હવે જૈન તીર્થંકરો, શ્રેષ્ઠીઓ કે વીર પુરુષોનાં જીવનમાં જનસામાન્યને રસ-રુચિ જાગ્યાં.

જયભિખ્ખુની સર્જનપ્રવૃત્તિ બે ધારામાં વહેવા લાગી. આ યુવાન લેખક વિશાળ ફલક ધરાવતી નવલકથાનું નિરાંતે સર્જન કરતા. એ માટે ક્યારેક દિવસોના દિવસો સુધી અમદાવાદ શહેર છોડીને સૌરાષ્ટ્રના બોટાદ કે રાણપુર જેવાં ગામમાં પ્રેમાળ સ્નેહીજનોને ત્યાં વસવા જતા અને એ રીતે પોતાની લેખનપ્રવૃત્તિ વિના અવરોધે ચાલતી રહે તે માટે પ્રયત્ન કરતા. કોઈ બીમારી બાદ લાંબા સમય સુધી આરામ કરવાની આવશ્યકતા હોય તો જયભિખ્ખુ આ ગામડાઓમાં ચાલ્યા જતા અને નવલકથાનું એક પછી એક પ્રકરણ લખતા હતા.

મોતીના દાણા જેવા અક્ષરથી, લીટી વિનાના કોરા કાગળ પર, કલમથી હારબંધ લખાણ લખાયે જતું. પહેલું લખાણ એ જ છેલ્લું લખાણ બનતું. એ જ પ્રેસ-કોપી તરીકે પ્રેસમાં જતું. એમાં ઉમેરણ કરવાનું કે સુધારા કરવાનું ભાગ્યે જ બનતું. કોઈ લખાણ લખ્યા પછી સમગ્ર લખાણ પુનઃ લખ્યું કે લખાવ્યું હોય તેવી એક પણ ઘટના સ્મરણમાં આવતી નથી. લખતી વખતે કેમલ શાહીનો ખડિયો અને કથાવસ્તુ અંગેની નોટમાં કરેલી ટૂંકી નોંધ સાથે હોય. એ સિવાય બીજું કંઈ ન મળે. જયભિખ્ખુ નિજાનંદ માટે નવલકથાનું સર્જન કરતા હતા, જ્યારે ટૂંકીવાર્તાનું સર્જન, ઘટનાત્મક પ્રસંગો કે વર્તમાન પરિસ્થિતિ પરના ચિંતનલેખો વગેરેનું લેખન આર્થિક ઉપાર્જન માટે થતું હતું. છેક બાળપણથી પોતાની આસપાસ બનતા બનાવોને નિહાળવાની રુચિ હતી પણ સાથોસાથ એ ઘટનાઓના આઘાત-પ્રત્યાઘાત ઝીલતું એમનું સંવેદનાતંત્ર એ ઘટનાઓ અંગે તત્કાળ અભિપ્રાય પણ આપતું. જડ રૂઢિ અને કુરિવાજોમાં જકડાઈને રાત-દિવસ શોષણ અને અત્યાચારોનો સામનો કરતી સ્ત્રીઓની સામાજિક અવદશા સામે એમનું હૈયું ચીસ પાડી ઊઠતું હતું. 'રવિવાર' અને અન્ય સામયિકોમાં વર્તમાન સમાજની દારુણ પરિસ્થિતિને અનુલક્ષીને કે પછી ઈતિહાસની ઘટનાઓને નજરમાં રાખીને તેઓ લેખો, પ્રસંગલેખો, ચરિત્રકથાઓ કે નવલિકાઓનું સર્જન કરતા હતા.

નવલકથા, ટૂંકીવાર્તા, ચરિત્ર, પ્રૌઢસાહિત્ય, બાલસાહિત્ય જેવાં વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં લેખન કરનાર જયભિખ્ખુની લેખનયાત્રાનો પ્રારંભ થયો નવલિકાથી. માત્ર ૨૪ વર્ષની વયે જૈન ગુરુકુળમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી 'જયભિખ્ખુ'એ સામાજિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને 'સમાજ સામે સત્યાગ્રહ' નામની પ્રથમ નવલિકા લખી. શિવપુરીના અભ્યાસકાળ દરમિયાન એમણે લખેલી આ પ્રથમ નવિલકા પત્રકાર શ્રી હાજી મહંમદ અલારખિયા શીવજીના 'વીસમી સદી' સાપ્તાહિકમાં પ્રગટ થઈ હતી એવી નોંધ મળે છે. 'રવિવાર' સાપ્તાહિકમાં એમની કથાઓ પ્રગટ થતી રહી. ક્યારેક સહજ આવી પડેલાં સામાજિક કે ધાર્મિક વિશેષાંકોના સંપાદનોમાં પણ એમણે લેખો લખ્યા. 'જૈન જ્યોતિ' અને 'વિદ્યાર્થી' એ બે સાપ્તાહિકોમાં પણ લેખો અને કથાઓ પ્રગટ થતાં હતાં.

આ યુવાન લેખકનું ચિત્ત ક્યારેક એમ પણ વિચારે છે કે ચૌદ ચૌદ વર્ષ સુધી સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યના અધ્યયન પાછળ જીવન ગાળ્યું. બાર-બાર વર્ષ સુધી ગુજરાતથી ઘણે દૂર એવા મધ્ય હિંદના ગ્વાલિયર પાસેના શિવપુરી ગુરુકુળમાં વનવાસ સેવવાનું બન્યું. તાલીમ તો 'પંડિત' અને 'પંતુજી' બનવા માટે મેળવી હતી. અને અહીં આશય તો વિદ્યાર્થી ગુરુકુળમાં અભ્યાસ કરીને દેશ-વિદેશમાં જૈનધાર્મિક શિક્ષણ આપે એવો રખાયો હતો. એમાંથી ગુજરાતી ભાષામાં સાહિત્યસર્જન ગંગોત્રી કઈ રીતે પ્રગટ થઈ? એકાએક ક્યા પ્રેરણાબળે ગુજરાતીમાં સર્જન કરવાનું બન્યું એની સ્વયં જયભિખ્ખુને પણ ખોજ હતી.

ક્યારેક વિચારતા કે આ સૌરાષ્ટ્રની ભૂમિના સંસ્કારો હશે? કદીક એમ થતું કે ગોવર્ધનરામ પાસેથી અખૂટ પ્રેરણા પામનાર અને પ્રિય નવલ 'સરસ્વતીચંદ્ર' પ્રત્યેની અથાગ ચાહનાને કારણે માતૃભાષામાં સર્જનની સરસ્વતી-પ્રીતિ જાગી હશે? કે પછી મહાત્મા ગાંધી અને બીજા ગુજરાતી લેખકોનાં લખાણમાંથી આ લેખનની પ્રેરણા મળી હશે? પોતાના પ્રથમ વાર્તાસંગ્રહ 'ઉપવન'ના 'પ્રાસ્તાવિક'માં એમણે આ વિચારો રજૂ કર્યા છે. પંડિતમાંથી લેખકનાં થયેલા પરિવર્તનનાં કારણોની એમના મનમાં અવિરત શોધ ચાલતી હતી.

બાળપણમાં ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ જગાડે એવા કોઈ શિક્ષક મળ્યા નહોતા. માતા, પિતા, દાદા-દાદીના કોઈ ભાષા-સાહિત્યના સંસ્કાર મળ્યા નહોતા. બાળપણની ભૂમિ વીંછીયા, બોટાદ કે સાયલામાં સાહિત્યનું કોઈ વાતાવરણ નહોતું. શિવપુરીમાં ગુજરાતી સાહિત્યનાં પુસ્તકો મેળવવાં એ જ અતિ કઠિન કાર્ય હતું. એક માત્ર 'અભિન્નહૃદય બંધુ' શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ એમના લેખનને પ્રમાણતા હતા. એ જ એમને માટે એક ઉત્સાહ કેન્દ્ર હતું. આમ માતૃભાષાના પ્રેમને કારણે સંસ્કૃતના આ વિદ્વાન ગુજરાતની ભાષામાં સાહિત્ય સર્જન કરે છે. ૧૯૩૨માં પહેલી નવલિકા લખી અને એ પછીની લખાયેલી વાર્તાઓનો સંગ્રહ ૧૯૪૪માં 'ઉપવન'ને નામે પ્રગટ થાય છે. આ સમયે જયભિખ્ખુ નોંધે છે કે, 'ટૂંકી વાર્તાઓ મેં ઘણી લખી છે, પ્રિય પણ થઈ છે, પણ પુસ્તકાકારે મારો આ સર્વ પ્રથમ સંગ્રહ છે એટલે એ અંગે કંઈ પણ કહ્યા સિવાય વાચકોના

નીરક્ષીરવિવેક પર મૂકીને હું મૌન ધારણ કરું છું.'

'ઉપવન' વાર્તાસંગ્રહની ચોવીસ વાર્તાઓ એ કોઈ કાલ્પનિક કથાઓ નથી, પરંતુ પ્રાચીન અને અર્વાચીન કાળની ઐતિહાસિક પ્રતિભાઓને આલેખતી કથાઓ છે. ૧૯૪૪માં પ્રગટ થયેલા 'ઉપવન' વાર્તાસંગ્રહમાં સૌથી વિશેષ ધ્યાન ખેંચતી બાબત એ પુરાણ કાળ અને વર્તમાન કાળના ઈતિહાસ પર ફરી વળેલી લેખકની વ્યાપક દૃષ્ટિ છે. કામદેવ, શકુંતલા, બાણાવળી કર્ણ, નેમ-રાજુલની કથાઓની સાથોસાથ સમ્રાટ અશોક, દુર્ધર-દૃઢ પ્રહારી, અમીચંદ, ઔરંગઝેબ અને શિવાજીના જીવનપ્રસંગો મળે છે, તો નાનાસાહેબ પેશ્વા, વિવેકાનંદ અને ઝંડુ ભટ્ટજીના જીવનની પ્રેરક ઘટનાઓ પ્રાપ્ત થાય છે. આ વ્યક્તિઓના સમગ્ર ચરિત્રને આલેખવાને બદલે એના જીવનઈતિહાસના બહુ ઓછા જાણીતા અંશને પ્રગટ કરવાનો જયભિખ્ખુએ પ્રયાસ કર્યો છે. વાચકને પ્રસંગ-પ્રવાહમાં જકડી રાખતી એમની શૈલીનો અહીં ચમકારો જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં આ સમયે પાશ્ચાત્ય સંસ્કારોના સ્પર્શવાળું ટૂંકી વાર્તાનું સ્વરૂપ સારી રીતે વિકસ્યું હતું; પરંતુ જયભિખ્ખુએ નવી ટૅક્નિકથી વાર્તાસર્જન કરવાને બદલે પોતાની રીતે જ વાર્તાલેખન કરવાનું સ્વીકાર્યું. 'ધૂમકેતુ', ઝવેરચંદ મેઘાણી, મનુભાઈ જોધાણી જેવા સર્જકો સાથે જયભિખ્ખુને ગાઢ મૈત્રી હતી. આ સર્જકો પણ પોતાની આગવી રીતે વાર્તા-સહિત્યનું ખેડાણ કરતા હતા. એ જ રીતે જયભિખ્ખુએ પણ પોતાની વાર્તાલેખનની પ્રસ્તુતિ અને શૈલીમાં કોઈ પરિવર્તન આણ્યું નહીં. ૧૯૪૪માં પ્રગટ થયેલો 'ઉપવન' વાર્તાસંગ્રહ શ્રી જયભિખ્ખુએ 'રવિવાર' સાપ્તાહિકના તંત્રી શ્રી ઉષાકાંત જે. પંડ્યા અને માલિક નારણજીભાઈ શુક્લને અર્પણ કરતાં લખ્યું કે, 'સાહિત્ય-જીવનના પ્રવેશદ્વારે જેઓએ મને સાચા સ્નેહ અને દ્રવ્યથી સત્કાર્યો.'

એ હકીકત હતી કે 'રવિવાર' સાપ્તાહિકના પ્રથમ પાને પ્રગટ થતો લેખ એ જયભિખ્ખુને માટે એમની દીર્ઘ સાહિત્યસર્જનની ગંગોત્રી ગણાય. જયભિખ્ખુના જીવનના પ્રારંભમાં 'રવિવાર'ના હપ્તાનો પુરસ્કાર ઘણો મૂલ્યવાન હતો. ક્યારેક પૈસાની વધુ જરૂર હોય તો તે પણ મળી રહેતા. ૧૯૪૫ની ૧૩મી ડિસેમ્બર ને ગુરુવારે તેઓ નોંધે છે કે, 'રવિવાર કાર્યાલય તરફથી એકસો નવ રૂ. ને આઠ આના મનીઑર્ડરથી આવ્યા. આખા વર્ષના લખાણના બસો રૂ. થતા હતા, તેમાંથી નેવું રૂ. ને આઠ આના અગાઉ ઉધાર લીધા હતા, તે બાદ કર્યા હતા.' આમ જરૂર પડે આગળથી રકમ લેવાનો સ્નેહપૂર્ણ મીઠો વ્યવહાર પણ તંત્રી અને લેખક વચ્ચે હતો. 'રવિવાર'ના ઉષાકાંત જે. પંડ્યા અને એમનાં પત્ની કપિલાબેન સાથે જયભિખ્ખુના પારિવારિક સંબંધો જીવનના અંત સુધી જળવાઈ રહ્યા હતા. શ્રી ઉષાકાંત જે. પંડ્યાએ આનંદભેર નોંધ્યું કે, 'બ્રાહ્મણ-શ્રમણનાં કુટુંબો એકાત્મભાવ અનુભવવા લાગ્યાં.' ૧૯૩૭ના ઑગસ્ટમાં ઉષાકાંત પંડ્યાએ અધ્યાત્મ અને અગોચર વિષયના 'કિસ્મત' માસિકનો પ્રારંભ કર્યો. તેમાં પણ જયભિખ્ખુના અધ્યાત્મવાદ વિષયના લેખો પ્રગટ થતા રહ્યા. બહોળા સ્નેહીવર્ગ અને વિશાળ મિત્રમંડળને કારણે ક્યારેક એમના લેખનમાં મુશ્કેલી આવતી હશે એવું ઉષાકાંતભાઈને લાગતું હતું. એમણે નોંધ્યું છે કે, 'શ્રી જયભિખ્ખુના સર્વાંગી વિકાસમાં એમની આથિત્ય-સત્કારની ભાવના ખૂબ કારણભૂત બની હોય એમ લાગે છે. એમનાં સાહિત્ય-સર્જનમાં કોઈ વાર એ તત્ત્વ અંતરાયરૂપ પણ બન્યું હશે! છતાં એમનું ચાહક શુભેચ્છક મંડળ તો વધતું જ રહ્યું!' (સ્મારકગ્રંથ : ૧૩૨)

લેખક જેને 'ઈતિહાસની વાર્તાઓ' કહે છે એ 'ઉપવન' પછી બે વર્ષે (૧૯૪૬) એમનો બીજો વાર્તાસંગ્રહ મળે છે, 'પારકા ઘરની લક્ષ્મી.' લેખકની સામાજિક નિસબત આ પચીસ વાર્તાઓમાં પ્રગટ થાય છે. એ એક બાજુથી એવો સમાજ જુએ છે કે જે જુનવાણી વિચારો અને પ્રથાઓથી બંધાયેલો છે ને બીજી બાજુ એક એવો સમાજ જુએ છે જ્યાં નવા વિચારોને કારણે નવયુગનાં એંધાણ એમને દેખાય છે અને આથી જ 'પારકા ઘરની લક્ષ્મી'ની વાર્તાઓને લેખકે બે ખંડમાં વહેંચી છે. એક ખંડનું શીર્ષક છે 'જુનવાણી' અને બીજા ખંડની નવ વાર્તાઓનું શીર્ષક છે 'નવયુગ'. વિષયની દૃષ્ટિએ કરેલા વિભાજનમાં લેખકની દૃષ્ટિનો પરિચય થાય છે અને જ્ઞાતિનાં બંધન, દીકરીના બાપની મજબૂર સ્થિતિ, વાસનાની આગમાં પીડાઈને વારંવાર લગ્ન કરતા પુરુષો, કદરૂપી છોકરીની દયનીય હાલત – એ વિષય પરની વાર્તાઓ મળે છે.

લેખક સૌરાષ્ટ્રના હોવાથી કાઠિયાવાડી સમાજના દોષો વધુ ઉપસી આવ્યા છે. માત્ર ક્યારેક જ આ સમાજની આતિથ્યભાવના, પુરુષાર્થ કે એની ધરતીના ખમીરની વાત મળે છે. જ્યારે બીજા ખંડમાં લેખક આધુનિક સમાજમાં પાંગરતા પ્રણય અને લગ્નજીવનનો ચિતાર આપે છે. લેખક જુએ છે કે પ્રાચીન હોય કે અર્વાચીન, પણ નારી તો વેદનામૂર્તિ જ રહી છે.

એક સમયે એ સામાજિક બંધનો અને અંધશ્રદ્ધાના અત્યાચારોનો એ શિકાર હતી, તો હવે એ આધુનિકતાના અનાચારનો શિકાર બની છે. યુવાન સર્જક 'જયભિખ્ખુ'ની વાર્તાઓમાં સામાન્ય રીતે જીવનનું માંગલ્યદર્શન હોય છે, આવતી કાલ માટે આશાવાદ હોય છે. પરંતુ આ વાર્તાસંગ્રહમાં સમાજની કઠોર-નઠોર વાસ્તવિકતાને લેખકે એ જ રૂપે આલેખી છે. આનું કારણ શું હશે ? જીવનના અનેક સંઘર્ષો અને અનુભવમાંથી ઘડાયેલી નારી વિશેની લેખકની આગવી વિભાવના, જે હવે પછી જોઈશું. **(ક્રમશઃ)**

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૧૭)

શ્રી વીર વિજયજી કૃત શ્રી સ્નાત્ર પૂજામાં પ્રારંભમાં આવતી ૩જી ગાથાથી ૧૬મી ગાથા સુધી કુસુમાંજલિ અર્પણ કરવાની છે. સ્નાત્રપૂજામાં વિવેકધારા સતત વહેતી જોવા મળે છે. શ્રી આદિનાથ પ્રભુથી આરંભીને, સર્વ જિણંદા સુધી કુસુમાંજલિ અર્પણ કરવાનો ક્રમ, એક અનોખું સંસ્કાર શિક્ષણ આપે છે. શ્રી આદિનાથ પ્રભુથી શરૂ કરીને સર્વ જિનેશ્વરોની પૂજા શીખવે છે કે આ સ્નાત્રપૂજા સર્વજિન પૂજા છે, પણ સર્વેનો વિનયપૂર્વક ભક્તિ અને વંદનાનો ધર્મ સાચવવાનો છે.

આ પછી ચૈત્યવંદન કરવાનું છે.

એ પછી, ખરેખર, શ્રી સ્નાત્રપૂજાનો પ્રારંભ થાય છેઃ

સયલ જિણેસર પાય નમિ, કલ્યાણક વિધિ તાસ;
વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ.

શ્રી વીર વિજયજી મહારાજ કહે છે કે સર્વ જિનેશ્વર ભગવંતોના પદકમળમાં પ્રણામ કરીને હું જન્મકલ્યાણકનું વર્ણન કરું છું. આ વર્ણન જે કરશે અને જે સાંભળશે તે સૌની આશા પૂર્ણ થશે.

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા;
વીશ સ્થાનક વિધિએ તપ કરી, એસી ભાવદયા દિલમાં ધરી. ૧
જો હોવે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરું શાસનનરસી;
શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર નામ નિકાચતાં. ૨
સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી;
ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવી કુળે. ૩
પટરાણી કૂખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો;
સુખ શય્યાએ રજની શેષે ઊતરતાં ચઉદ સુપન દેખે. ૪

ઉપરની કડીઓમાં તીર્થંકર ભગવંતનો આત્મા જે વિકાસ પ્રાપ્ત કરે છે તેનો સંપૂર્ણ આલેખ છે. સમ્યક્ત્વ મેળવ્યા પછી સંયમ પ્રાપ્ત કરીને તેમાં ઓતપ્રોત થઈ જાય છે. વીશ સ્થાનક તપ કરે છે. તે સમયે તેમનો આત્મા એવી ઉત્તમ ભાવદયા ભાવે છે કે જો મને શક્તિ પ્રાપ્ત થાય તો જગતના સર્વ જીવોને જિનશાસનના ઉપાસક બનાવીને મોક્ષે પહોંચાડું. અહીં જગત એટલે ચૌદ રાજલોક સમજવાનું છે. જગતના સર્વ જીવોને કલ્યાણ પ્રાપ્ત થાય તેવી ભાવનામાં વૈરાગ્યનો રસ સીંચ્યો અને તીર્થંકર નામ નિકાચીત કર્યું. સંયમ પાલન ઈચ્છાપૂર્વક કર્યું, નિરતિચાર કર્યું, મૃત્યુ પામીને દેવ થયા અને ત્યાંથી રાજકુળમાં ચ્યવન પામીને પધાર્યા. માનસરોવરમાં જેમ હંસ વિહરે તેમ એ પવિત્ર આત્મા પટરાણીની કુક્ષીમાં વિહરે છે. સુખપૂર્વક જીવતાં એ માતાને તે સમયે ચૌદ સ્વપ્નો દેખાય છે.

શ્રી વીરવિજયજી જે ચૌદ સ્વપ્નોની વાત કરે છે તે તમે સૌ જાણો છો. એક વાત સ્પષ્ટ કરી દઉં. પ્રભુજીની માતા ચૌદમા સ્વપ્નમાં અગ્નિશિખા જુએ છે. આ અગ્નિશિખા વિશિષ્ટ છે. ધૂમાડા રહિત છે. આવા દિવ્ય સ્વપ્નો નિહાળ્યા પછી માતા રાજા પાસે જાય છે. રાજા કહે છે, 'હે દેવાનુપ્રિય, તમને પુત્રની પ્રાપ્તિ થશે, તે તીર્થંકર થશે, ત્રિભુવન તેને નમશે. સૌના મનોરથ ફળશે.'

રાજા કેવા ઉત્તમ શબ્દોમાં કથન કરે છે!

જે બોલીએ, જે વિચારીએ તેમાં ભાષા ઉત્તમ જોઈએ. સારી ભાષા તે સારા સંસ્કારનો પડઘો છે.

શુભ લગ્ને જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત;
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઆ જગત ઉદ્યોત.

શુભમુહૂર્તે પ્રભુ જન્મ્યા. નરકના જીવોને પણ સુખની પ્રાપ્તિ થઈ. ત્રણે ભુવનના સર્વ જીવો સુખ પામ્યા. જગતમાં ઉદ્યોત ફેલાયો.

એ પછી, છપ્પન દિક્કુમારીઓ ઊત્સવ કરવા આવે છે. ભાવપૂર્વક એ સુકૃત્ય કરે છે. પ્રભુજીની બહેન બનીને ભગવાનના હાથે રાખડી બાંધે છે. માતાજી પાસે પ્રભુને પાછા મૂકવા જાય છે ત્યારે કહે છે કે જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર અને મેરુ છે ત્યાં સુધી પ્રભુજી જીવશે! બહેન તો પોતાના ભાઈ માટે આ જ ભાવના ભાવે ને!

પ્રભુના ગુણ ગાતી ગાતી એ દેવકુમારીઓ પાછી વળે છે.

ઈન્દ્ર મહારાજનું આસન કંપે છે.

ઈન્દ્ર મહારાજા અવધિજ્ઞાનથી જાણે છે કે ભગવાનનો જન્મ થયો. ઈન્દ્રને અપાર હર્ષ થયો તેણે સુઘોષા ઘંટ વગડાવ્યો. દેવલોકમાં જાણ કરી કે પ્રભુજીનો જન્મ થયો છે. સૌ ચાલો મેરુશિખર ઉપર, પાંડુકવનમાં જવાનું છે, પ્રભુજીનો જન્મોત્સવ કરવાનો છે.

ઈન્દ્ર મહારાજા પ્રભુજીની માતા પાસે પહોંચે છે. માતા અને પુત્રને પ્રણામ કરે છે. પ્રભુનું બિંબ સ્થાપીને, પ્રભુને હાથમાં ગ્રહણ કરે છે. પાંચ રૂપ ધારણ કરે છે. પાંડુકવનમાં જઈને સિંહાસન પર બેસે છે. પ્રભુજીને ખોળામાં લીધા છે. ચોસઠ ઈન્દ્રો અને અસંખ્ય દેવતાઓ અભિષેક કરવા ટોળે વળ્યા છે. ઉત્તમ જળ આણ્યું છે. શ્રેષ્ઠ ઔષધિ આણી છે. વિશાળ કળશો, વાજિંત્રો, નૃત્યો ચોતરફ વેરાયા છે. સૌ પ્રભુજીને નિહાળીને આનંદ પામે છે. પ્રભુના ગુણ ગાય છે.

લોકોને ભૂલ કરતી અટકાવવા એ લોકશાહી સરકારનું કામ નથી, પણ સરકારને ભૂલ કરતી અટકાવવી એ લોકશાહીમાં લોકોનું કામ છે.

□ રોબર્ટ જેક્સન

પ્રભુનું કીર્તન કરવું એ જીવનનો સૌભાગ્યશાળી અવસર છે. એ અવસર પૂરેપૂરો માણીને દેવતાઓ પોતાને ધન્ય કરી રહ્યાં છે.

(૧૮)

પાયાના સંસ્કારો કેળવો. નમ્ર થાઓ. અભિમાન છોડો. ભક્તિ કરો. આ પાયાના સંસ્કારો છે. પાયાના સંસ્કારોની જે કાંઈ વાત કરીએ છીએ તે જરૂરી છે. એમ ન માનો કે આ બધી વાતો નાની છે. ના, આ વાતો નાની નથી મોટી છે. ઘણી કામની છે.

ધર્મની વાતો કર્યા કરવાથી મહાન બની જવાશે નહીં, સારો માણસ જ એ છે જે સાચું બોલે છે. મનુષ્ય જીવન સામાન્ય વસ્તુ નથી. મનુષ્યમાંથી ભગવાન થવાય છે.

સાચો જૈન કોને કહેવાય? જેને ભગવાનનું શરણું ગમે, જેને ધર્મ ગમે, જેને આત્મકલ્યાણની ભાવના જાગે તે જૈન કહેવાય.

જે કર્મમાં શૂરવીર છે તે ધર્મમાં શૂરવીર છે. આવા ઉત્તમ લોકો સંસાર સાગરથી પાર પડે છે.

દેવતાઓ જન્માભિષેક કરવા જાય છે તેમનો પુણ્યોદય છે. ભગવાનની સ્નાત્રપૂજાનો પ્રારંભ કેવી રીતે કરવામાં આવે છે? વિવેકપૂર્વક કરવામાં આવે છે. જે વિવેકથી થાય છે તે શોભે છે.

વિવેક વિના કરીએ તો શું થાય? જિનેશ્વર ભગવાનની અવજ્ઞાનું પાપ લાગે.

વીર વિજયજી મહારાજ સ્નાત્રપૂજામાં અઢીસો અભિષેકનું વર્ણન કરે છે. તે આ મુજબ છે.

આતમભક્તિ મલ્યા કેઈ દેવા, મિત્તનુજાઈ,
નારી પ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મ સખાઈ;
જોઈસ વ્યંતર ભુવનપતિના, વૈમાનિક સૂર આવે,
અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે. ૧.

અડમતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો,
ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો;
સાઠ લાખ ઉપર એક કોડી, કલશાનો અધિકાર,
બાસઠ ઈન્દ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર. ૨.

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ રવિશ્રેણિ નરલોકો,
ગુરુસ્થાનક સૂરકેરો એક જ, સામાનિકનો એકો;
સોહમપતિ ઈશાનપતિની ઈન્દ્રાણીના સોળ,
અસુરની દશ ઈન્દ્રાણી નામની, બાર કરે કલ્લોલ. ૩.

જ્યોતિષ વ્યંતર ઈન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો,
કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો;
પરચુરણ સૂરનો એક છેલ્લો, એ એઢીસેં અભિષેકો,
ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો. ૪.

તવ તસ ખોળે ઠવી અરિહાને સોહમપતિ મનરંગે,
વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે;
પુષ્પાદિક પૂજીને છાંટે કરી કેશર રંગરોલે,
મંગળદીવો આરતી કરતાં, સુરવર જય જય બોલે. ૫.

શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજાની ઉપરની ભાવવાહી કડીઓમાં ઈન્દ્રો અને દેવતાઓ દ્વારા પ્રભુજીને થતો જન્માભિષેક વર્ણવાયો છે.

આકાશમાં જાણે ટ્રાફિક જામ થયો છે. દેવતાઓની ભીડ જામી છે. જે દેવતાઓ મેરુ શિખર તરફ જઈ રહ્યાં છે તેમાં જ્યોતિષ, વ્યંતર, ભુવનપતિ, વૈમાનિક એમ ચારે નિકાયના દેવો અને દેવીઓ પોતપોતાના વાહનો સાથે મેરુ શિખર તરફ દોડે છે. સૌને પાંડુકવનમાં પહોંચવાની ઉતાવળ છે. ઈન્દ્ર મહારાજાનો ઓર્ડર છે માટે સૌ દોડતા નથી, પરંતુ કેટલાક આત્મકલ્યાણ માટે જઈ રહ્યાં છે. કેટલાક મિત્રોના કહેવાથી જઈ રહ્યાં છે. કેટલાક સ્ત્રીઓના કહેવાથી જઈ રહ્યાં છે. સ્ત્રીઓનું વર્ચસ્વ બધે જ હોય છે. જે પ્રોબ્લેમ અહીં છે તે ઉપર પણ છે! કેટલાક કુળના સંસ્કારને કારણે દોડે છે. કેટલાક ધર્મીજનોના સૂચનથી દોડે છે. સૌને પ્રભુજીના જન્માભિષેકનો લાભ લેવાનો છે. એક કરોડ ને ૬૦ લાખ અભિષેક કુલ થાય છે. ભક્તિપૂર્વક અને કર્મબદ્ધ દેવતાઓ તે કરે છે. તેનું ક્રમશઃ વર્ણન ઉપર્યુક્ત પંક્તિઓમાં છે. ૨૫૦ અભિષેકમાં છેલ્લો અભિષેક ગજબ છે. એ પંક્તિ બરાબર વાંચોઃ

'પરચુરણ સૂરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો!'–

આપણા વતી પણ આવો એક અભિષેક થઈ જાય તો કેવું સારું! ✷✷✷

સંતોષ ટાવર, લોખંડવાલા કોમ્પલેક્સ, અંધેરી (પશ્ચિમ), મુબઈ.

રસધારા નવનિર્માણ મકાન ફંડ

(ગતાંકમાં પાના નંબર ૩૪ પર પ્રગટ થયેલ ઉપરોક્ત શીર્ષક બાબતમાં ક્ષતિ થયેલ હોઈ અત્રે પુનઃ પ્રગટ કરેલ છે.)

નામ	રૂપિયા
મે–૨૦૧૧ સુધી	૭૨૦૦૦
વોરા ચેરિટેબલ ટ્રસ્ટ,	૧૧૧૧૧૧
હસ્તે–કાકુલાલ દલપતરામ વોરા	
પૂ. માતુશ્રી સુરજબેન અને	
પૂ. પિતાશ્રી દલપતરામ જટાશંકર વોરા	
કુસુમબેન નરેન્દ્રભાઈ ભાઉ	૧૦૦૦૦૧
પાનાચંદ પી. ગાલા	૫૦૦૦
એન. ડી. શાહ ફેમિલી ટ્રસ્ટ	૫૦૦૦
એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ	૫૦૦૦
ચંદ્રકાંત ડી. શાહ	૧૦૦૧
	૨૯૯૧૧૩

પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

સસરા અરવિંદ પૈ પણ પરોપકારના કાર્યમાં ગળાડૂબ રહેતા. તેઓના પેથોલોજી ક્લિનિકમાં તમે દાખલ થાઓ તો ડૉ.ની ખુરસી પાસેની દિવાલ પર એક સૂત્ર આજ પણ સૌનું ધ્યાન ખેંચે છે-'હે પરમાત્મા કોઈ પણ દર્દીને મારા દવાખાનામાં ફરી આવવાની તક આપતો નહિ'. ડૉક્ટર દર્દીની આવી ખેવના રાખે એ આજના યુગમાં અચરજ પમાડે તેવું છે!

ડૉ. સ્વાતિ એમના પુત્રવધૂ-એમનામાં કૅન્સરના દર્દીને કોઈ પણ હિસાબે સહાય રૂપ બનવું, એને માટે કર્તવ્યશીલ રહેવું અને શક્ય હોય તો સેવા દ્વારા દર્દીના દર્દને દૂર કરવાનો પ્રયાસ કરવો. ભારતમાં આવા અગણિત ડૉક્ટર સતત પરોપકારના પંથે રહી પોતાના દર્દીઓની અંતરની વાણી સમજી ઉપાય યોજે છે.

ડૉ. સ્વાતિ પાસે ઘણાય દર્દીઓ આવે છે. દર્દીઓને હૉસ્પિટલનો ઈલાજ પણ ઘણો ખર્ચાળ છે. ડૉ. સ્વાતિ સૌની પડખે સ્નેહપૂર્વક ઊભા રહેવા-તેને યેનકેન પ્રકારેણ મદદરૂપ થવા પ્રયત્નશીલ રહે. દર્દી સાજો થાય કે ન થાય સ્વાતિનો સ્નેહભાજન જરૂર બને.

હૉસ્પિટલમાં દર્દીનો ધસારો ખૂબ જ રહે એટલે બ્લડટેસ્ટ કરાવવા માટેનો સમય લાગે અથવા ધરમનો ધક્કો પણ થાય.

મહારાષ્ટ્રના અંતરિયાળ ગામથી વામન પોતાના દાદા-આજોબા સાથે સવારના આવીને બેઠો હતો. બ્લડ ટેસ્ટના વારા માટે તે બેઠો હતો. વારો તો ન આવ્યો પણ પાંચ વાગ્યે બ્લડ ટેસ્ટની લેબોરેટરી બંધ થવા લાગી. એ બ્લડ ટેસ્ટ કરનાર ડૉક્ટરને કે ટેકનિશિયનને વારંવાર કરગરી રહ્યો: 'મારો ટેસ્ટ કરી લ્યો, હું મહારાષ્ટ્રના ગામડેથી આવું છું.'

'પણ સમય પૂરો થઈ ગયો છે. કાલે આવજે. હવે તારો વારો કાલે.' ચલણી જવાબ મળતો.

વામનની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આવડા મોટા મુંબઈમાં-શહેરમાં રહેવા ઠેકાણું નહિ. ગામડામાં રોજની રોજી કરવી પડે. મજૂરી કે કામ કરે એટલે દનૈયું મળે. આજોબા-દાદા બે વરસથી માંદા હતા. વામને રોટલા મેળવવા મજૂરી કરવી પડતી. હૉસ્પિટલ એટલે હૉસ્પિટલ. ત્યાં તો કોઈનું ક્યાંથી ચાલે? પૈસા દેનાર થોડીક સગવડતા મેળવે જ્યારે ગરીબને તો સદાય હડસેલાં મળે. પરંતુ ડૉ. સ્વાતિના કાર્યમાં એને પણ ટેસ્ટ કરનારા ઉપર આધાર રાખવો પડે છે.

વામનને સ્વાતિ ઓળખતી હતી. વામન એની પાસે ગયો. ડૉક્ટરે પર્સમાંથી થોડા રૂપિયા કાઢી કહ્યું: 'આ લે, આજે ચાલશે, કાલે આવજે.'

વામને ના પાડી. રૂપિયા ન લીધા. આજોબા અને બાળક ડૉક્ટરને નમસ્કાર કરી ચાલી નીકળ્યા.

સ્વાતિ એ બાળક અને આજોબાના સ્વમાનને મનપૂર્વક નમન કરી રહી હતી.

હૉસ્પિટલના નિયમોના ચકરાવામાં એનું શું ચાલે?

(૨)

ઉત્તર પ્રદેશનો રહેવાસી સુખરામ એનું ઘરબાર, વાડી, ઢોર-ઢાંખર બધું જ વેચીને પોતાના એકના એક પુત્ર મંગળરામની દવા કરાવવા ટાટા હૉસ્પિટલમાં-મુંબઈ આવેલો. દીકરા માટે જીવનનું સર્વસ્વ ત્યાગવાની તમન્નાવાળો સુખરામ દીકરા મંગળરામ સાથે ડૉ. સ્વાતિને મળ્યો હતો.

એણે ડૉક્ટર સ્વાતિને કહ્યું: 'ડૉક્ટર સાહિબા મારો દીકરો મંગતરામ એકનો એક છે. એ મારા જેવાની લાકડી છે. મારું જીવન છે. એને કોઈ પણ રીતે સાજો કરજો.' રોજ રોજ સુખરામ ડૉક્ટર સ્વાતિને એ કરગરતો, વાત કરતો હતો.

સ્વાતિના હૈયે વેદના આળોટતી હતી. એને ખબર હતી કે દર્દ જીવલેણ છે. પરમાત્માની કૃપા મળે તો જ મંગતરામ લ્યુકેમિયાથી બચી શકે. પણ ડૉક્ટર તરીકે દર્દીના હૈયાને ઠેસ ન લાગે-એમના વડીલને વેદના ન ડંખે એ માટે એ સતત જવાબ આપતી હતી: 'મંગતરામને દર્દથી બચાવવા હું બનતી કોશિષ કરીશ. પણ ભાઈ સુખરામ-તમે બધુંય વેચી સાટીને આવ્યા છો તો દેશમાં પાછા જશો તો ખાશો શું?'

સુખરામે કહ્યું: 'ડૉક્ટર સાહેબ, ભગવાને બે હાથ આપ્યા છે. મહેનત કરી ધૂળમાંથી ધાન નીપજાવશું. એક વાર મારી આંખના રતન મંગતરામને સાજો નરવો કરો. પછી હું છું અને મારી મહેનત છે.'

ગરીબડો સુખરામ કૅન્સરની મોંઘીદાટ દવા ખરીદવા ડૉક્ટર સ્વાતિ પાસેથી નિયમિત મદદ મેળવતો હતો. સ્વાતિ મંગતરામને માટે શક્ય હોય તે રીતે મદદ કરતી હતી, પરંતુ એકવાર મંગતરામ ડૉક્ટરને આવીને પગે પડ્યો. એણે કહ્યું: 'ડૉક્ટર સાહિબા તમારી ચિઠ્ઠીથી ધર્માદા ટ્રસ્ટવાળાએ મારી દવાનો ખરચો ઉપાડી લીધો છે. મારા સદ્‌ભાગ્ય અને તમારો સ્નેહ મને હવે ઉપયોગી થઈ પડ્યો છે. મને જે કંઈ રકમ-પૈસા આપતા હતા તે મારી જેવા કોઈ બીજાને જરૂર હોય તો આપજો.'

ડૉ. સ્વાતિના અંતરે મૂંગી આશિષ વહેતી થઈ રહી હતી. કાળ ક્યારે કયો વેશ ભજવે તેથી આપણે સૌ અજાણ છીએ. આપણે તો પળને પણ પામવા માટે વલખા મારવા પડે છે. સ્વાતિનું અંતર પણ જીવલેણ રોગી મંગતરામની મનોભાવનાથી ભીંજાવાઈ રહ્યું હતું.

આવા તો કેટલાય કિસ્સાઓ વર્ણવી શકાય. રોગીઓનો પણ કરુણાભર્યો આત્મા સતત ધબકે છે. એના રોગની ક્રૂરતાથી અજાણ એ જીવ બસ જીવન જીવવા માટે તલપાપડ રહે છે. રોગી-દોગી-સાજા સારા નિરોગી સૌ કોઈ મરણના વિચાર માત્રથી હલબલી જાય છે. માટે જ આજની ઘડી રળિયામણી ગણી જીવનના શ્વાસને સુગંધિત કરતા રહેવામાં કંઈ ઓર મજા છે. ભવિષ્યની ફિકર ભય પેદા કરે છે. ભૂતકાળનો પ્રસંગ ક્યારેક પ્રેમને પાંગળો બનાવે છે. હૈયે વેદનાના પલિતા પણ ચાંપે છે. કારણ કે રોગ શ્રીમંત-ગરીબ-નાતજાત-લિંગ કે રૂપ ગુણને જોતો નથી. કોઈને છોડતો નથી. પણ કટોકટી સમયે માણસની શ્રદ્ધા, હિંમત, નિયત અને નેકદિલી પરખાઈ આવે છે.

માટે જ કાલેલકરે 'મૃત્યુને સખા' તરીકે ગણ્યો છે! ✷ ✷ ✷

૧૩ A, આશીર્વાદ, પ્લોટ નં. ૩૬૩ B/14, વલ્લભબાગ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ટેલિ. ઘર: ૨૫૦૬૯૧૨૫.

● પરમેશ્વરે જીભ આપી માણસને બોલતો કર્યો, ત્યારે મૂઢ માણસે એ જ જીભથી પ્રશ્ન કર્યો: 'અરે, ક્યાં છે પરમેશ્વર?' ❑ **વિલિયમ બ્લેક**

● ઈશ્વર જેને પ્રેમ કરે છે તેને બહુ જ દુ:ખી કરે છે. ❑ **બાઈબલ**

● ઈશ્વરની ઘંટી ધીમેથી જરૂર દળે છે, પણ તે અત્યંત ઝીણું દળે છે. ❑ **વૉ ન લાગો**

સ્ત્રીશિક્ષણમાંથી જાગતી સમસ્યા

❑ કાકુભાઈ સી. મહેતા

સ્ત્રીશિક્ષણની આવશ્યકતા વિષે કોઈ શંકાને સ્થાન નથી. એથી આગળ વધીને તેની અનિવાર્યતા અને ગતિવિધિ વિષે વિચારવું જરૂરી છે. સ્ત્રીશિક્ષણથી કેવળ સ્ત્રીનેજ લાભ થાય છે એવું નથી. શિક્ષિત સ્ત્રી પોતાના બાળકોને ભણાવશે એ પણ નિહિત છે તો સાથે સાથે કુટુંબ-પરિવારમાં પણ સ્નેહ-સમર્પણની ભાવના જગાડશે અને સામાજિક સંબંધોમાં પણ મીઠાશ રેડી શકે છે. શક્ય હોય તો સમાજના ઉત્કર્ષમાં યોગદાન આપી શકે છે. એક જમાનો હતો કે જ્યારે સ્ત્રીને ઘરસંસાર સંભાળવાનો હોઈ શિક્ષણની જરૂરત નથી એમ મનાતું પણ એ સમય વીતી ચૂક્યો છે. આજે છોકરીઓ ખુદ શિક્ષણ પામવાનો આગ્રહ રાખી રહી છે એટલું જ નહિ પણ કેટલાક ક્ષેત્રોમાં છોકરાઓ કરતાં પણ આગળ વધી રહી છે. આ એક શુભ ચિહ્ન છે. મોટા શહેરોમાં જ નહિ પણ નાના શહેરોમાં અને ગામડાઓમાં પણ શિક્ષણનો પ્રસાર વધ્યો છે. આધુનિક શિક્ષણે, સ્ત્રીઓ માટે આર્થિક સ્વતંત્રતાના દ્વાર ખોલી આપ્યા છે. સારા પગારે નોકરી કરે છે, કમાણી કરે છે અને કુટુંબને એથી સહાય પણ મળે છે. પરંતુ અંગ્રેજીના માધ્યમે એમને માતૃભાષા અને આપણી સંસ્કૃતિથી વંચિત કરી દીધી છે અને પશ્ચિમની સંસ્કૃતિ અને જીવન શૈલીને અપનાવી લીધી છે. આ ગંભીર વિષમતા વિષે જાગૃત થવું જરૂરી છે.

પ્રખ્યાત ગઝલ ગાયક જગજિત સિંહની એક ગઝલનું ધ્રુવપદ છે 'એ ખુદા મુઝે દો જિંદગાની દે'. ગઝલકાર ખુદાને વિનવે છે કે હે ખુદા મને બે જિંદગી આપ કેમકે એક જિંદગી પ્યાર કરવા માટે ઓછી પડે છે. કોઈને બે જિંદગી મળતી નથી એ સર્વ વિદિત છે. પણ વિચારીશું તો જણાશે કે આપણે એક સાથે બે જાતનું જીવન જીવીએ છીએ. એક છે બહારનું, સ્વાર્થનું, સમાજનું, વ્યવહારનું અર્થાત્ ધન-દોલતનું. બીજું છે અંતરનું, લાગણીનું, ભાવનાનું અર્થાત્ અધ્યાત્મનું-આત્માનું. આપણા જાગૃત જીવનનો ઘણો ભાગ બાહ્ય જીવનમાં જ પસાર થાય છે પરંતુ જીવનમાં એવી પળો પણ આવે છે જ્યારે આપણું મન જીવનનો તાગ મેળવવા જીવનના રહસ્યને પામવા ઝંખે છે. માનવ જીવનમાં રહેલી આ સંભાવના આપણા જીવનને સ્પર્શે છે, વિસ્મય પમાડે છે પરંતુ એ તરફ જોવાની આપણને ફુરસદ હોતી નથી અને તેમાંથી જન્મે છે વિષમતા. શિક્ષણમાં આર્થિકથીયે વિશેષ ધ્યાન જીવનના ઉત્કર્ષ ઉપર હોવું જરૂરી છે. એ વિના સુખ શાંતિનો અનુભવ થવો મુશ્કેલ છે.

કુદરતે સ્ત્રી–પુરુષને આંખ, કાન, નાક, હાથ-પગ વગેરે સમાન આપ્યા છતાં સ્ત્રી અને પુરુષના શરીરમાં ભેદ પણ રાખેલ છે. પુરુષ હોય કે સ્ત્રી, કુદરતે બન્નેને બુદ્ધિ સાથે લાગણી પણ આપેલ છે. આમ છતાં પણ પુરુષ મહદ અંશે બુદ્ધિથી દોરવાય છે જ્યારે સ્ત્રી લાગણીથી. બુદ્ધિ અને લાગણીના સંઘર્ષમાંથી જન્મે છે વિષમતા. જરૂરત છે બનેના ઉચિત સમન્વયની.

આટલી પ્રસ્તાવના પછી મૂળ વાત ઉપર આવીએ. સ્ત્રી જ્યારે આધુનિક શિક્ષણ પામીને આર્થિક ક્ષેત્રે પગલા માંડે છે ત્યારે અંતરના ઊંડાણમાં છૂપાયેલી લાગણીને દબાવીને, અવગણીને બધું જ ધ્યાન કેવળ આર્થિક ઉપાર્જન પ્રતિ કેંદ્રિત કરે છે. કદાચ આ એક સંજોગવશાત્ ઉપસ્થિત થયેલી આવશ્યકતા હોય એનો ઈન્કાર નથી પણ એક તો ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ૨૦-૨૨ વર્ષ વીતી જાય છે અને પછી ચાર-પાંચ વર્ષ કારકિર્દી વિકસાવવામાં વીતી જાય છે ત્યારે આંતરિક ભાવના પ્રબળ થાય છે પણ સમય વીતી ચૂક્યો હોય છે. યોગ્ય પાત્ર મળતું નથી. ઉપરાંત બુદ્ધિનો ઘમંડ વધી ગયો હોય છે, ઈચ્છા-અપેક્ષાઓ વધી ગઈ હોય છે અને બાંધ છોડ કરવાની માનસિકતા પણ જતી રહી હોય છે. પરિણામે લગ્ન કરવાની વૃત્તિને જ દબાવી દઈ, લગ્ન ન કરવાનું વિચારે છે, માંડી વાળે છે પણ એથી કાંઈ આંતરિક ભાવ સમાપ્ત નથી થતો. અહિંથી જાગે છે મનોરોગો, ડીપ્રેશન, ઉત્તેજક દવાઓ અને પીણાં અને એની આડઅસરો. જીવન ખુદ બની જાય છે એક સમસ્યા. સ્ત્રી- પુરુષના સંબોધોમાં જે વિશ્વાસ હોવો જોઈએ તેના મૂળમાં જ ઘા. એક મંતવ્ય એવું પણ છે કે મોટી ઉંમરે લગ્ન કરનારને સમયાનુસાર સંતાન પ્રાપ્તિની શક્યતા ઓછી થતી જાય છે એટલે જો બાળક ન થાય તો પણ એ બાબત માનસિક અસંતોષનું કારણ બની જાય છે. સંતાનપ્રાપ્તિ માટે પણ દવાઓ લેવી પડે છે અને તેની આડઆસરના ભોગ પણ બનવું પડે છે. અહીં સુધી તો આપણે વ્યક્તિગત વાતનો વિચાર કર્યો.

વાત અહીં પૂરી નથી થતી. આ બધાની અસર સમાજજીવન પર પણ પડે છે. 'કોંટ્રાક્ટ લિવિંગ ટુગેધર' કરાર આધારિત સહજીવન એટલે મૂળમાં જ અવિશ્વાસ. કરાર ભંગ એટલે છૂટાછેડા. ફરી જ્યાં હતા ત્યાંના ત્યાં. નવો કરાર ? પછી... ? સ્ત્રીનો સ્વભાવ લાગણી પ્રધાન હોવાથી પરિણામ આપઘાત અથવા પુરુષજાતી પર નફરત. કરાર આધારિત સંબંધો એ કાનૂની વ્યભિચાર નહિ તો બીજું શું ? અને એનો ભોગ સ્ત્રી પોતે તો ખરી જ અને બાળકો તેમ જ સમાજ પણ.

વસ્તીગણતરીના આંકડાઓ મુજબ પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા પ્રમાણમાં ઠીકઠીક ઓછી છે. હાલની વસતીગણતરી મુજબ સ્ત્રીની સંખ્યામાં થોડોક સુધારો થયો છે પણ પર્યાપ્ત તો નહિ જ. પરંતુ અગર શિક્ષિત બહેનો લગ્ન ન કરે કે ન કરી શકે તો પુરુષો, એમના સ્વભાવમાં રહેલા તત્ત્વોને કારણે સ્ત્રી પ્રતિ અત્યાચાર આચરે (અને એવું તો રોજ બને છે; અરે, નિર્દોષ અને તદ્દન ભોળી બાળાઓ પર થતા અત્યાચારો અને નિર્દય ખૂનોની વાતો તો પ્રતિદિન છાપામાં વાંચવા મળે જ છેને ?) તો એની ઘેરી અસર સમાજ જીવન પર પડે કે નહિ ? માતાપિતાની સાથે સમાજની એ જવાબદારી છે કે આ બધું વિચારે અને યોગ્ય માર્ગ શોધે. જીવનમાં આર્થિક વિકાસનું મહત્ત્વ સ્વીકારવા છતાં કેવળ આર્થિક વિકાસમાં જ બધું સમાઈ જાય છે એ વાત સ્વીકાર્ય ન જ બની શકે, ન બનવી જોઈએ. જીવન જે કુદરતનો ઉપહાર છે, સ્નેહ-સમર્પણનું સ્થાન છે એને અવગણીને જે પ્રગતિ થશે એ વિનાશ તરફ દોરી જનારી જ હશે. આપણે જાગીશું, કાંઈ કરીશું ? આપણો અને આપણી ભાવી પેઢીનો સવાલ છે. ✷ ✷ ✷

૧૭૦૪, ગ્રીન રીડ્ઝ ટાવર–૨, ૧૨૦, લીંક રોડ, ચીકુવાડી, બોરીવલી (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૯૨.ફોન : ૦૨૨-૨૮૯૮૮૮૭૮.

પુસ્તકનું નામ : **તેજોવલય**
લેખક : **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ**
પ્રકાશક : પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન
સુમંગલમ્ કાર્યાલય, ૧૦/૩૨૬૮-એ,
કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત. મૂલ્ય : રૂા. ૩૦/-,
પાના : ૯+૯૫, આવૃત્તિ : ૧, નવેમ્બર ૨૦૧૦.

ચિંતન-મનનથી ભરપૂર સાહિત્ય ઉપરાંત જૈન શાસનમાં કથાનુયોગનું અદ્‌ભુત સ્થાન રહ્યું છે. સમગ્ર વિશ્વમાં સદ્‌ભાવ અને સદ્‌વિચારનું ઝરણું જીવંત રાખવા આવા સત્સાહિત્યનું સર્જન થાય છે. શાસ્ત્રના ગહન પદાર્થોને સરળ-સુબોધ શૈલીમાં કોઈને પણ સમજાય એવી રીતે આ કથા-સાહિત્યનું સર્જન થાય છે. જેના આધારે સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો જળવાઈ રહ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં એવી જૈન વાર્તાઓ સંગ્રહિત છે જેની અદ્‌ભુત કથાસૃષ્ટિના દર્શને વાચક વૈરાગ્યના રસથી રંગાઈ જાય છે. આ વાર્તા સંગ્રહમાં સર્વોત્તમ સાહિત્યનો રસથાળ સમાયો છે, જેમાં ભવ્ય ભૂતકાળને વર્તમાનકાળમાં સજીવન બનાવવાના સ્વપ્નો સમાયેલાં છે.

સાહિત્યના ક્ષેત્રે ન પૂરી શકાય એટલો મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. ધર્મ અને સંસ્કૃતિનો ધ્વંસ થાય એવું સાહિત્ય રોજ-બરોજ અઢળક પ્રમાણમાં ખડકાઈ રહ્યું છે ત્યારે આ 'તેજોલય'ની કથા-વાર્તાઓ નવો જ ઉજાસ પાથરે છે.

X X X

પુસ્તકનું નામ : **સંખ્યાત્મક કોશ**
લેખક : પ્રવર્તક **મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી**
પ્રકાશક : **શ્રુત રત્નાકર,**
૧૦૪, સારપ, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૪. મૂલ્ય : રૂા. ૧૦૦/-,
પાના : ૧૦૮, આવૃત્તિ : ૧લી – ૨૦૧૧.

ભારતીય સાહિત્યમાં વ્યાકરણશાસ્ત્ર અને કાવ્ય શાસ્ત્રની જેમ શબ્દકોશનું સ્થાન પણ મહત્વનું છે. ભારતીય સાહિત્યમાં પ્રાચીનકાળથી જાત જાતના શબ્દકોશોનું નિર્માણ થયું છે. સંસ્કૃતમાં એકાર્થક અને અનેકાર્થક એમ બે પ્રકારના શબ્દકોશોનું નિર્માણ જુદા જુદા વિષયનું થયું છે. જૈન આગમ ગ્રંથોમાં સ્થાનાંગ અને સમવાયાંગ આ પ્રકારના આગમ ગ્રંથો છે. જેમાં સંખ્યાના આધારે પદાર્થોની ગણના કરવામાં આવી છે.

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

જૈન પરંપરામાં પદાર્થો જાણવા સમજવા માટે મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજીએ આ ગ્રંથ દ્વારા સુંદર પ્રયાસ કર્યો છે. જેમાં મુનિશ્રીએ એકથી લઈને ૧૦૦૦ની સંખ્યા સુધીના પદાર્થોને સમાવ્યા છે. જૈન પરંપરામાં આ પ્રકારનો પ્રથમ કોશ છે. જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેવા ઉદ્દેશથી ઘણી જગ્યાએ શબ્દોના અર્થો પણ આપ્યા છે. વૈવિધ્ય સભર સંખ્યાત્મક શબ્દકોશમાં મુનિશ્રીએ જૈન શાસ્ત્રગ્રંથો, આગમગ્રંથો અને અન્ય શાસ્ત્રગ્રંથોમાંથી આધાર લઈ એક નવી ભાતનો કોશ તૈયાર કરેલ છે. ૧૮,૦૦૦ શીલાંગરથા, ચોર્યાશિલાખ જીવયોનિ, શૂન્ય, બિન્દુચક્ર, કલા વગેરેનો નિર્દેશ પણ કરેલો છે. આ સાંસ્કૃતિક શબ્દકોશ સાહિત્ય જગતની અમૂલ્ય નિધિ છે.

X X X

પુસ્તકનું નામ : **અમૃતધારે વરસો**
લેખક : **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ**
પ્રકાશક : **ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય,**
ગાંધી માર્ગ, રતનપોળ નાકા સામે, અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૫૦/-, પાના : ૮+૨૪૦=૨૪૮,
પ્રથમ આવૃત્તિ : જુલાઈ-૨૦૧૧.

જૈન સાહિત્યમાં કથાનુયોગના ક્ષેત્રે આગમકાળથી લઈને એકવીસમી સદી સુધીમાં વિપુલ સર્જન થયું છે. જૈન સાહિત્યના વાર્તાકારોમાં આચાર્ય વાત્સલ્યદીપ સૂરીશ્વરજીનું સ્થાન વિશિષ્ટ અને અતિ મહત્વનું છે. લગભગ વીસ વાર્તા સંગ્રહો તથા અન્ય ચિંતનાત્મક પુસ્તકોનું સર્જન કરીને આચાર્યશ્રીએ તેમની સાહિત્યિક ગુણવત્તાની પ્રતીતિ વાચક વર્ગને કરાવેલી છે.

જૈન સાહિત્યમાં રચાયેલી અઢળક પ્રાચીન તથા મધ્યકાલીન વાર્તાઓને અર્વાચીન ઢાંચામાં વાચકો સમક્ષ મૂકવાની એમની રીતિ-વાર્તાપ્રકૃતિ અત્યંત રસપ્રદ છે.

લેખકશ્રી પોતે આ વાર્તાઓ વિશે લખે છે: 'જ્યાંથી મળી ત્યાંથી ઉત્તમ વાતને ચૂંટીને તેમાંથી આ વાર્તાઓ ઘડી છે. મહદંશે આ વાર્તાઓ જૈન સાહિત્ય અને પરંપરાની છે. આ સંગ્રહની ૨૫ વાર્તાઓ માનવીના જીવનને ઘડે છે અને હૃદયને પવિત્ર બનાવે છે.

આ વાર્તા સંગ્રહની વિશેષતા એ છે કે દરેક વાર્તાનું શીર્ષક અત્યંત હૃદયસ્પર્શી છે અને વાર્તાને અંતે લેખકશ્રીએ કરેલ 'પ્રભાવના' પ્રેરક છે.

સૌના જીવન પંથમાં આ વાર્તાઓ પ્રેરણાનો પ્રકાશ પાથરે એવી મનોકામના.

X X X

પુસ્તકનું નામ : **ગુજરાતનાં શિક્ષણતીર્થો**
લેખક : **પ્રા. ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની**
પ્રકાશક : **ઉલ્લાસ મનુભાઈ શાહ**
ગુર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૦૦/-, પાના : ૧૨૦, આવૃત્તિ પ્રથમ જુલાઈ-૨૦૧૧.

આ પુસ્તકમાં લેખકે ગુજરાતના સ્વર્ણિમ વર્ષે ગુજરાતની અપ્રતિમ પ્રગતિના આધાર સમા શિક્ષણના પચાસ વર્ષોને પુસ્તક સ્વરૂપે મૂક્યા છે.

ગુજરાતના શિક્ષણતીર્થો એ એક પુસ્તક નથી, યાત્રા છે. અને આ યાત્રા ગુજરાત તથા ગુજરાતીને કરવી ગમે તેવી યાત્રા છે. પચાસ વર્ષોમાં એક જ્યોત દિન પ્રતિદિન પ્રજ્વલિત થતી ગઈ એ જ્યોત શિક્ષણ દીપની છે. અનેક શિક્ષણ સંસ્થાઓએ ઈ. સ. ૧૯૧૦ થી ૨૦૧૦ સુધીના સો વર્ષોમાં કેળવણીના ક્ષેત્રે બુનિયાદી પ્રદાન કર્યું છે. જ્યાં પ્રેમ-જ્ઞાન અને બંધુતાની નદી વહેતી હોય ત્યાં જે સ્થાનક હોય તેને 'તીર્થ' કહેવાય. ગુજરાતમાં આવા અસંખ્ય તીર્થો છે. મા સરસ્વતી નદીના કિનારે પાંગરેલા શિક્ષણતીર્થોની યાત્રા કરાવવાના ઉમદા ઉદ્દેશથી આ પુસ્તક તૈયાર થયું છે. ગુજરાતના શિક્ષણતીર્થોમાં કોઈ પ્રાચીન છે, કોઈ અર્વાચીન છે, કોઈ મહાવિદ્યાલય છે તો કોઈ વિશ્વ વિદ્યાલય છે, કોઈ ટેકનોલોજીના મંદિરો છે. ગુજરાતને રાષ્ટ્રના નકશામાં ગૌરવભેર મૂકી આપતી શિક્ષણ સંસ્થાઓની વિગતોને આ પુસ્તકમાં શબ્દબદ્ધ કરેલ છે.

આ શિક્ષણતીર્થોની યાત્રા કરી તેને આદરપૂર્વક સન્માન આપવું એ દરેક શિક્ષણશાસ્ત્રીનું ધ્યેય હોવું જોઈએ.

X X X

(૧) પુસ્તકનું નામ : ફૂલની આંખે, ઝાકળ મોતી
(૨) પુસ્તકનું નામ : ઝાકળ બન્યું મોતી
લેખક : **કુમારપાળ દેસાઈ**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર
૫, એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૨૬૩૦૪૨૫૯. મૂલ્ય : રૂા. ૮૦/-
પાના : ૧૬૦, આવૃત્તિ-૧-૨૦૧૧.
બન્નેનું મૂલ્ય : રૂા. ૮૦/-, બન્નેના પાના : ૧૬૦, બન્ને પુસ્તકની આવૃત્તિ-૧-૨૦૧૧.

સિદ્ધહસ્ત સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈએ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે કરેલ પ્રદાન વિશિષ્ટ અને અનોખું છે. તેઓ નિબંધ લખે, વાર્તે લખે કે પ્રસંગાલેખન કરે દરેકમાં તેઓની પોતાની એક વિશિષ્ટ છાપ મૂકે છે.

ઉપરોક્ત **બંને પુસ્તકો** કદમાં ભલે નાનકડાં છે પણ તેમાંની વિચાર સૃષ્ટિ મનનીય છે. લેખક પોતે જ કહે છે તે પ્રમાણે 'જુદા જુદા દર્શનનો અભ્યાસ કર્યો અને એમાંથી ઝાકળ બન્યું જેવા નાના પ્રસંગમાંથી મોતી સાંપડ્યા.'

બન્ને પુસ્તકોના કુલ ૧૫૨ પ્રસંગાલેખનમાંથી વાચકને વૈવિધ્યપૂર્ણ સૃષ્ટિમાં વિહરવાની તક પ્રાપ્ત થાય છે. આ સર્વે પ્રસંગો પ્રેરણાદાયી તો છે જ અને ચિંતનાત્મક પણ છે. આ પુસ્તકોની ખાસ વિશેષતા એ છે કે તેના સુંદર આકર્ષક હરિત કવર પેજ અને શીર્ષકો. દરેક પ્રસંગોના શીર્ષકો હૃદયસ્પર્શી છે. દા. ત.

ભક્તિમાં દર્શન હોય, પ્રદર્શન નહીં.
પરમાત્મા-શબ્દમાં કે હૃદયમાં ?
દેહ નાવ અને આત્મા નાવિક.
દેહનું ભાન ભુલાવે તે ભક્તિ.

આ પ્રસંગો જીવનની મૌલિક દૃષ્ટિ પ્રદાન કરે તેવા છે. વાચકોને આ પ્રસંગો જીવનનો અમૂલ્ય આનંદ આપે તેવા છે.

X X X

પુસ્તકનું નામ : સ્વરૂપ અવલોકન
સંપાદક : **સુનંદાબહેન વોહોરા**
પ્રકાશક : પાર્શ્વ ઈન્ટરનેશનલ શૈક્ષણિક તથા શોધનિષ્ઠ પ્રતિષ્ઠાન-અમદાવાદ.
ફોન નં. : ૨૬૭૪૯૨૨૦.
પ્રાપ્તિ સ્થાન : સુનંદાબહેન વોહોરા, ૫, મહાવીર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન (૦૭૯) ૨૬૫૮૭૯૫૪. સાંજે ૫ થી ૭ વાગ્યા સુધી.
મૂલ્ય : રૂા. ૬૦+૪૫ (પોસ્ટ કે કુરિયર),
પાના : ૨૭૦, આવૃત્તિ : પ્રથમ ઈ. સ. ૨૦૧૧.

આ પુસ્તક માટે આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિજી લખે છે, 'સુનંદાબહેન એક શુભવિચારની છાબ લઈને આવ્યા છે. આપણે સૌએ તેને સુસ્વાગતમ્ કહેવાનું છે, પ્રેમભર્યો આવકાર આપવાનો છે.'

સુનંદાબહેને ઈ. સ. ૧૯૫૦માં મુંબઈમાં સ્વ. પંડિતવર્ય પાનાચંદ શાહ પાસે કર્મગ્રંથનો અભ્યાસ કર્યો હતો. પંડિતજીની શિક્ષણ પદ્ધતિમાં માત્ર ગાથાર્થ જ ન હતો પણ ગાથાર્થમાંથી બોધની સરવાણી વહેતી હતી. તેઓ વિધેયક અને નિષેધક બંને પાસાઓ સમજાવતો. જીવનની અંતરંગ-દશામાં કેવી રીતે સુધારણા થાય તેને મહત્વ આપતા. ગાથા કે ગાથાર્થને ગૌણ કરી અંતર અવલોકનની મહત્તા આ ગ્રંથના લેખનમાં રહી છે; અહીં ગાથા અને ભાવાર્થને ગૌણ કર્યા છે. પણ અનેકવિધ પાસાઓથી જીવનની વાસ્તવિકતાઓનો ઉલ્લેખ કર્યો છે. આ પુસ્તકના આલેખનમાં તત્ત્વરૂપ વિચારણા સાથે સ્વરૂપ અવલોકનની વિશેષતા છે. જ્ઞાનીજનો ત્રણે કાળને વિશે જીવનવિષયક કેવું ઊંડાણ ધરાવતા હોય છે તેમાં ગુરુ પરંપરાનું મહાત્મ્ય છે.

આ પુસ્તકમાં સુનંદાબહેને પં. પાનાચંદ શાહના સાન્નિધ્યમાં ૧૯૫૦ થી ૧૯૫૩માં કરેલી સ્વાધ્યાયની નોંધોના સંગ્રહને પ્રકાશિત કરવામાં આવ્યો છે. વાચકને આ ગ્રંથનું વાચન આધ્યાત્મિક બોધ આપશે.

X X X

પુસ્તકનું નામ : સંયમવીર સ્થૂલિભદ્ર
સંપાદક : સુનંદાબહેન
પ્રકાશક : હરસુખભાઈ ભાયચંદ મહેતા
૨૦૩, વાલકેશ્વર રોડ, પેનોરમા,
મુંબઈ-૪૦૦૦૦૬. ફોન : ૨૩૬૯૦૬૦૩.
પ્રાપ્તિસ્થાન :સેવંતીલાલ વી. જૈન
ડી-૫૨, સર્વોદયનગર, પહેલી પાંજરાપોળ, ગ્રાઉન્ડ ફ્લોર, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૨૨૪૦૪૭૧૭.
મૂલ્ય : રૂા. ૩૫/-, પાના : ૧૩૪, આવૃત્તિ : ૧લી

તીર્થાધિપતિ, શાસનપતિ, વીતરાગ પરમાત્મા શ્રી મહાવીરસ્વામી અને અનંત લબ્ધિનિધાન ગણધર ગૌતમસ્વામી સાથે પૂર્વધર મહાત્મા કામવિજેતા-સંયમવીર-સ્થૂલિભદ્રજીનું નામ ઇતિહાસનું એક અનેરું અને અદકેરું પાત્ર છે.

સ્વભાવે વિનમ્ર, જૈન દર્શનના ઊંડા અભ્યાસી, અનેક કથાનકોના આલેખન-સંકલન અને વક્તવ્યો દ્વારા દેશ-પરદેશમાં ખૂબ જ લોકપ્રિય એવા સુનંદાબહેન વોહોરા દ્વારા તેમની આગવી શૈલીમાં આલેખાયેલ 'સંયમવીર સ્થૂલિભદ્ર' તમામ પાત્રોના જીવનના અથથી ઇતિ સુધીના વિવિધ પાસાઓને રજૂ કરતું પુસ્તક છે.

સાહિત્યના નવે રસોનો આનંદ, કામભોગ પર વિજય, કર્મવાદ, સંયમ, જ્ઞાન સાધના અને ધર્મના માધ્યમથી આત્માને ઉજાગર કરતું આ પુસ્તક એક વિશિષ્ટ કથાનક દ્વારા વાચકવર્ગને ધર્મભાવના અને સદ્‌ભાવનાનો પરિચય કરાવે છે.

નવલકથાનો આનંદ આપતી સંયમવીર સ્થૂલિભદ્રની આ કથાની ગહનતા પામવા જેવી છે.

X X X

પુસ્તકનું નામ : **બિંબ–પ્રતિબિંબ**
લેખક-સંપાદક : **પ્રવીણા ભુતા**
પ્રકાશક : **નવભારત સાહિત્ય મંદિર**
૧૩૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૧૭૨૧૩, ૨૨૦૮૫૫૯૩.
પ્રાપ્તિસ્થાન : **અશોક પ્રકાશન મંદિર,** પહેલે માળે, કસ્તુરબા ખાદી ભંડારની ઉપર, રતનપોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૨૧૪૦૭૭૦. મૂલ્ય : રૂા. ૧૫૦/-.
પાના : ૧૬૬, આવૃત્તિ : ૧લી, ૨૦૧૧.

પ્રવીણભાઈ ભુતા સાહિત્યિક રસિક જીવ છે. આ પુસ્તકમાં તેમણે અનેક કવિઓની ૪૩ કાવ્ય-કૃતિઓનો અનુવાદ સંગ્રહિત કર્યો છે. જેમાં રવિન્દ્રનાથ, પીટ્સ, રિલ્કે, ખલીલ જીબ્રાન, કિપલિંગ, શેક્સપિયર, ઉમ્મર ખયામ, ઝલાલુદીન રૂમી, ચાર્લ્સ લેમ્બ, ડોરોથી તથા ઘણાં અજ્ઞાત કવિઓના કાવ્યોના અનુવાદોનો સમાવેશ કર્યો છે.

પ્રવીણ ભુતાએ આ રૂપાંતરણ કે અનુવાદ કરવાનું કામ રસ, સૂઝ અને દિલથી કર્યું છે પ્રવીણભાઈ આંતરખોજના માણસ હોઈ તેમના કાવ્યોની પસંદગી પણ તેને અનુરૂપ છે. જેમાં અધ્યાત્મ ઝંખના વણાયેલી છે.

કવિતા મર્મની ભાષા છે. તે ટૂંકામાં ગોપાવીને અનહદની વાત કરે છે. મોટાભાગના કાવ્યો આખેઆખા ગુજરાતીમાં ઉતાર્યા છે. કેટલાક ટૂંકાવ્યા છે. આ કાવ્યો કવિતાના રસિયાઓને

આનંદ આપે તેવા જરૂર છે.

X X X

પુસ્તકનું નામ :
સંતબાલજી : જીવન કવન અને પ્રેરક પ્રસંગો
(ગુજરાતી, હિંદી અને અંગ્રેજી-ત્રણ પુસ્તિકાઓ)
લેખન-સંપાદન : **ગુણવંત બરવાળિયા**
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, માતૃસમાજ બિલ્ડીંગ, ઘાટકોપર, કિરોલ રોડ, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૩૫૪૪૪.

X X X

પુસ્તકનું નામ : **અરિહંત વંદનાવલી**
વ્યાખ્યાતા : **પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ મ.સા.**
સંપાદન : **ગુણવંત બરવાળિયા**
પ્રકાશન : **કલ્પતરુ સાધના કેન્દ્ર,** ૯૦૭, રાહેજા ચેમ્બર્સ, નરીમાન પોઈન્ટ, ફ્રી પ્રેસ જર્નલ માર્ગ, મુંબઈ-૪૦૦૦૨૧.
સંપર્ક સૂત્ર : ગુણવંત બરવાળિયા, ઘાટકોપર. મો.: ૦૯૮૨૦૨૧૫૫૪૨.

X X X

પુસ્તકનું નામ : **રંગીલાએ** રંગ રાખ્યો (કિશોરો માટે બોધદાયક કથાઓ અને પ્રેરણાત્મક પ્રસંગો)
લેખક : **મનસુખલાલ ઉપાધ્યાય-'પ્રવીણ'**
પ્રકાશક : **એન. એમ. ઠક્કરની કંપની,**
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.

X X X

પુસ્તકનું નામ : **ટોઈલેટની દુનિયા**
સંપાદક : **ડંકેશ ઓઝા**
ટ્રસ્ટી-નાસા ફાઉન્ડેશન
પ્રકાશક : નાસા ફાઉન્ડેશન, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં. : ૦૭૯-૨૫૫૦૩૯૯૬.

X X X

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા-૬-૭**
સંપાદન : **ગુણવંત બરવાળિયા**
પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર, અર્હમ્ સ્પીરીટ્યુખર સેન્ટર.

X X X

પુસ્તકનું નામ : **આત્મિક ગુણ વિકાસની ભૂમિકાઓ**
લેખક : **મુનિ અમરેન્દ્ર વિજયજી**
પ્રકાશક : જ્ઞાનજ્યોત ફાઉન્ડેશન ટ્રસ્ટ વહિવટી કાર્યાલય, C/o. દિનેશ એચ. દેઢિયા ૪૦૫, કમલાનગર, એમ. જી. રોડ, કાંદિવલી (વે.), મુંબઈ. ફોન : (૦૨૨) ૬૪૫૧૪૬૭૧, મૂલ્ય : રૂા. ૧૦/-

X X X

પુસ્તકનું નામ : પ્રાયશ્ચિત્તનું પ્રથમ પગલું
લેખક : **લીલાધર માણેક ગડા**
પ્રકાશક : **પારુલ દાંડીકર,** વિપુલ પ્રકાશન, વિચરતા સમુદાય, બી-૩, સહજાનંદ ટાવર્સ, જીવરાજ પાર્ક, ચાર રસ્તા, અમદાવાદ-૫૧. મૂલ્ય : રૂા. ૩૦/-

X X X

પુસ્તકનું નામ : **સુખમય**
લેખક : **અશોક ન. શાહ**
પ્રકાશક : દીપક સોમપુરા, વિચાર વલોણું પરિવાર ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨. ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬. મૂલ્ય : રૂા. ૨૦/-

X X X

પુસ્તકનું નામ : **કોમી સમસ્યાની ભીતરમાં**
લેખક : **શરીફા વિજળવાળા**
પ્રકાશક : **પારુલ દાંડીકર,** યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડીમાં, હુજરાત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.ફોન:૦૨૬૫-૨૪૩૭૯૫૭. મૂલ્ય : રૂા. ૧૫/-

X X X

પુસ્તકોના નામ : **(૧) અહિંસા પરમોધર્મ, (૨) સદ્‌વિચાર, (૩) Spiritual Thoughts**
લેખક-પ્રકાશક : **નવીનચંદ્ર કેશવલાલ કાપડિયા**
૩૨, વિઠ્ઠલદાસ રોડ, ૮, દેવકરણ મેન્શન, બીજે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૨૮૨૪. મૂલ્ય : સદ્‌ઉપયોગ

X X X

વિશ્વશાંતિના રાહબરો
નોબેલ શાંતિ પારિતોષિક મેળવનારા મહાનુભાવોના પ્રવચનો ભાગ-૧
વિચાર વલોણું પરિવાર પ્રકાશન, ૪૦૬, વિમૂર્તિ કોમ્પલેક્ષ, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨. મૂલ્ય : રૂા. ૩૫/-
ફોન : ૦૭૯-૩૦૧૨૨૭૩૬.

X X X

જિનેટિક્સ (પરિચય પુસ્તિકા)
સંપાદક-સુરેશ દલાલ
પરિચય ટ્રસ્ટ, મુંબઈ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૮૧૪૦૫૯
મૂલ્ય : રૂા. ૧૦/-

X X X

(૩) ન્યાય સહાયક વિજ્ઞાન (પરિચય પુસ્તિકા)
સંપાદક-સુરેશ દલાલ
પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૮૧૪૦૫૯.

X X X

(૪) સડકનો અભિમન્યુ (વાર્તા સંગ્રહ)
લેખક : અજીત સરૈયા
પ્રકાશક : સુમન બુક સેંટર, ૮૮ પ્રિન્સેસ સ્ટ્રીટ, આનંદ ભવન બિલ્ડીંગ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૫૬૩૦૫. મૂલ્ય : રૂા. ૯૦/-

* * *

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 65509477.

* * *

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

રૂપિયા	નામ
૫૦૨૧૧૭૮	આગળનો સરવાળો(ઑક્ટો. '૧૧)
૫૦૦૦	નંદિતા જયંત છેડા ટ્રસ્ટ
૫૦૦૦	ડિલક્સ એડવર્ટાઈઝીંગ એજન્સી
૫૦૦૦	કિશોરભાઈ કલ્યાણજીભાઈ સાવલા
૪૮૭૯	કિરણ શેઠ, યુ.એસ.એ.(૧૦૦ $)
૩૦૦૦	આકાર આર્ટ્સ
૨૫૦૧	આર. એ. સંઘવી
૫૦૪૬૫૫૮	

જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

રૂપિયા	નામ
૨૫૦૦૦	આગળનો સરવાળો(ઑક્ટો. '૧૧)
૫૦૦૦૦	મનહર સી. પારેખ, યુ.એસ.એ.
૫૦૦૦૦	મીનલબેન શાહ, યુ.એસ.એ.
૧૨૫૦૦૦	

સંઘને મળેલ અનુદાન

રૂપિયા	નામ
૧૪૫૨૫૦	આગળનો સરવાળો(ઑક્ટો. '૧૧)
૫૦૦૦	ઈલાબેન ચંપકલાલ મોદી
૧૫૦૨૫૦	



શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



- કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
- કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
- ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ
- બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧	૨૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૨	૨૦
૧૪	જિન તત્ત્વ ભાગ-૪	૨૦
૧૫	જિન તત્ત્વ ભાગ-૫	૫૦
૧૮	જિન તત્ત્વ ભાગ-૮	૫૦
૧૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૨૦	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૨૧	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૨૨	વંદનિય હૃદયસ્પર્શ –	૫૦
૨૩	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૨૪	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૨૫	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૨૬	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧	૨૦
૨૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૨	૨૦
૨૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૩	૨૦
૩૦	પ્રભાવક સ્થવિરો ભાગ-૪	૨૦
૩૨	નમો તિત્થરસ	૧૪૦
૩૩	જ્ઞાનસાર	૧૦૦
૩૪	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૩૫	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૩૬	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૩૭	ન્યૂ ઝીલેન્ડ (પુસ્તિકા)	૬
૩૮	બેરૂથી બ્રિગેડિયર	૬૦
૩૯	ઑસ્ટ્રેલિયા	૬
૪૧	સાંપ્રત સહચિંતન ભાગ-૪	૨૫
૪૨	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૪૩	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૪૫	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૪૬	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૪૭	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૪૮	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૪૯	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૫૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૫૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૫૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૫૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૫૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૫૬	આપણા તીર્થંકરો	૧૦૦
૫૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૫૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર હી. કાપડિયા લિખિત	
૫૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૬૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

જલકમલવત્

□ જિતેન્દ્ર એ. શાહ

એક પ્રશ્ન મનમાં ઊઠે છે; ઊઠતો જ રહે છે. કિશન-કૃષ્ણ નામને જ વરદાન છે કે તે નામધારી સંસારમાં રહેવા છતાં સંસારથી પરે રહી જીવનધર્મ પાળી શકે ?

આ વાત થઈ રહી છે કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખારોઈ ગામના વતની શ્રી કરશનભાઈની. તેઓ વિશા ઓસવાલ જ્ઞાતિના સ્થાનકવાસી જૈન.

બચપણમાં દીક્ષાના અદરેકા ભાવ છતાં માની અસંમતિ પારખી ગૃહસ્થ ધર્મના પાલન માટે કચવાતે મને પોતાની જાતને તૈયાર કરી. જબરી કોઠા-સૂઝના જણ. વ્યાયવસાયિક બાબત હોય, જનસેવા ખાસ કરી શિક્ષણના ક્ષેત્રમાં કરવાની હોય કે ધાર્મિક કાર્યો કરવાના હોય તે સદા-સર્વદા તૈયાર!

બહુ નાની ઉંમરે ચોથા વ્રતની બાધા લીધી અને સાથે સાથે પોતાના વ્યવસાયમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી. હવે જનસેવા અને ધર્મ સિવાય કશામાં પણ તેમને રસ રહ્યો નહીં. અગર જનસેવા તેમનું ગૌરવ હતું, તો ધર્મ તેમનું જીવન હતું. કોઈ સુગંધી પુષ્પ હોય તો તેની સુગંધ અને પુષ્પ વિશે આપણે અલગ અલગ ન વિચારી શકીએ. બસ, આ જ રીતે તેઓ ધર્મ સાથે અવિનાભાવે જોડાયેલા હતા.

બ્રહ્મમુહૂર્તમાં એટલે કે સવારે ચાર વાગે ઊઠી જાય અને ઉપાશ્રયે પહોંચી પ્રતિક્રમણ વિધિમાં લાગી જાય. ધાર્મિક-આધ્યાત્મિક વાંચન કરે અને ઉપાશ્રયમાં બિરાજતા મહારાજસાહેબ-મહાસતીઓના વ્યાખ્યાનનું એક ચિત્તે શ્રવણ કરે. તે પછી અનેકવિધ સંઘ તથા અ. ભા. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સાથે સંકળાયેલ હોઈ સંઘની ઑફિસમાં બેસી, કાર્યધુરા સંભાળી બાર-સાડાબાર વાગે ઘરે જવા પ્રયાણ કરે.

વર્ષોથી તેમનો આ જ ક્રમ અને તેમાં પરિવર્તનની કોઈ ગુંજાઈશ નહોતી, પરંતુ પરિવર્તન એ જ સૃષ્ટિનો નિયમ હોય તો કરશનભાઈ તેમાં શી રીતે અપવાદરૂપ બની શકે ?

એક વહેલી સવારે ઉપાશ્રયમાં પ્રતિક્રમણ પૂરું કર્યા પછી ઉપાશ્રયમાં બિરાજતા સાધુગણ પાસે ઘરે વહેલા જવાની રજા માંગી. સૂર્યની ચોકસાઈથી પોતાની દિનચર્યા પાળનાર આજે વહેલા જવાની રજા માગે ? સાધુગણ તદ્દન આશ્ચર્યચકિત ! મોટા મહારાજસાહેબે સ્વાભાવિક રીતે પૃચ્છા કરી– 'કરશનભાઈ, શું વાત છે ? આજે દિનચર્યામાં ફેરફાર શા કાજે ?' કરશનભાઈએ બે હાથ જોડી નતમસ્તકે ઉત્તર આપ્યો:- 'મહારાજસાહેબ, ઘરે અતિથિ પધાર્યા હતાં, તેમને વળાવવા ઘરે જવું પડે તેમ છે.'

તેઓ તો ઘરે ગયા. વ્યાખ્યાનનો સમય થયો પરંતુ ઉપાશ્રયમાં શ્રાવકોની હાજરી સાવ પાંખી. વ્યાખ્યાન પૂરું થતાં પૂ. મહારાજસાહેબે કાર્યકર્તાઓને કારણ પૂછ્યું. જાણવા મળ્યું કે રાત્રિના સમયે કરશનભાઈના જુવાનજોધ પુત્રનો દેહાંત થવાથી સહધર્મીભાઈઓ અગ્નિસંસ્કાર અર્થે સ્મશાને ગયા હતા.

પૂ. મહારાજસાહેબ કશું જ બોલી ન શક્યા, પરંતુ તેમના ચિત્તમાં એક ચમકારો થયો કે વહેલી સવારે કરશનભાઈ જે અતિથિવિદાયની વાત કરતાં હતાં તે તેમના જ પુત્રની ચિરવિદાયની વાત હતી! ધર્મ જેમની રગરગમાં ઊતરી ગયો હોય તે જ વ્યક્તિ આ રીતે અનાસક્ત અને અસંગ કરી શકે. ફરી સંધ્યાકાળ થયો અને ફરી કરશનભાઈ પ્રતિક્રમણ માટે ઉપાશ્રયમાં હાજર!

આ કરશનભાઈ તે બીજું કોઈ નહીં પરંતુ દાદર-મુંબઈમાં જે ઉપાશ્રયને તેમનું નામ આપવામાં આવ્યું છે તે કર્મયોગી કરનશભાઈ લધુભાઈ નિશર! * * *

૨૦૧, વસુંધરા એપાર્ટમેન્ટ, ૨૯-A, નૂતન ભારત સોસાયટી, અલકાપુરી, વડોદરા-૩૯૦૦૦૭. ટેલિ. ૦૨૬૫-૬૫૪૨૪૬૯.

પંથે પંથે પાથેય માટે નિમંત્રણ

પ્રત્યેકના જીવનમાં અનેક પ્રભાવિત અને પ્રેરણાત્મક ઘટનાઓ બનતી હોય છે જે પોતા માટે તેમજ અન્ય માટે જીવન પાથેય બની જતી હોય છે. ચમત્કૃતિ ભરી આવી સત્ય ઘટનાઓને અહીં પ્રસ્તુત કરવામાં આવે છે જેને ખૂબ જ સારો અને ઉમળકાભર્યો પ્રતિસાદ વાચકો તરફથી મળ્યો છે, કેટલાંક સુજ્ઞ વાચકો તો કહે છે કે 'પ્રબુદ્ધ જીવન' આવતા તરત જ પહેલાં અમે આ સત્ય ઘટના વાંચીએ છીએ, પછી જ બીજા લેખો નિરાંતે વંચાય છે. આનું કારણ આ ઘટનામાં ધબકતું 'સત્ય' છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આવી સત્ય ઘટના-કાલ્પનિક નહિ જ-મોકલવા અમે વિનંતિ કરીએ છીએ.

'સત્ય'ની અભિવ્યક્તિ માટે સારા લેખક હોવું જરૂરી નથી જ. 'સત્ય' પોતે જ 'સુંદર' બનીને આકાર પામે છે. અને એ વાચકના હૃદયમાં 'શીવ'–કલ્યાણનું સર્જન કરે છે.

□ તંત્રી

પંથે પંથે પાથેય...

X X X

કૅન્સરના રોગીની કરુણા

□ મનસુખલાલ પ્રવીણ ઉપાધ્યાય

(૧)

મૃત્યુની સમીપે ઊભેલો માણસ સમતા જાળવી શકતો નથી. અદમ્ય વૃત્તિ અને આવેગોનો શિકાર બનીને એ સમતુલા ગુમાવી બેસે છે, તો ઘણીવાર મૃત્યુનું દર્શન વ્યક્તિને પીઢ અને ધીર ગંભીર બનાવી દે છે.

'કૅન્સર' એટલે 'કૅન્સલ' એ હકીકત આજની આધુનિક તબીબીની શોધખોળના જમાનામાં પણ એટલી જ સાચી છે. તેમાં પણ 'લ્યુકેમિયા' લોહીના શ્વેત કણનું કૅન્સર ભલભલાના હાંજા ગગડાવી નાખે. ડૉ. સ્વાતિ કૅન્સર હૉસ્પિટલ ટાટામાં એ દર્દના ઉપાય માટે નિષ્ણાત છે. એમના

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૦મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.

પ્રબુદ્ધ જીવન

વર્ષ-૫૮ • અંક-૧૨ • ડિસેમ્બર, ૨૦૧૧ • પાના ૩૬ • કીમત રૂા. ૧૦

જિન-વચન

પૂર્વસંચિત કર્મોનો ક્ષય

खवेत्ता पुव्वकम्माइं संजमेण तवेण य ।
सिद्धिमग्गमणुप्पत्ता ताइणो परिनिव्वुड ।।
दसवैकालिक (३-१५)

સંયમ અને તપ દ્વારા પૂર્વસંચિત કર્મોનો ક્ષય કરીને સંયમી પુરુષો સિદ્ધિમાર્ગને પ્રાપ્ત કરીને પરિનિર્વૃત (મુક્ત) થાય છે.

Having destroyed all previous Karmas through self-control and penance, monks reach the path of liberation and attain Nirvana.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂકવું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

+ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૧ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક

+ ૨૦૧૧માં 'પ્રબુદ્ધ જીવન'નો ૫૮મા વર્ષમાં પ્રવેશ

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

આચમન

નવો દૃષ્ટિકોણ

એક માણસ પાસે સત્તર ઘોડા હતા. તેણે વિલ બનાવ્યું હતું કે 'સૌથી મોટાને મારા અડધા ઘોડા મળે, વચલાને ત્રીજો ભાગ આપવો અને નાનાને નવમો ભાગ આપવો.'

તેના મૃત્યુ પછી ત્રણેય ભાઈઓ વિચારમાં પડ્યા. સત્તર ઘોડાના અડધા કેવી રીતે કરવા? એમ કરવા જાય તો ઘોડાને મારીને એના ભાગ કરવા પડે. ઘણું વિચાર્યા પછી ત્રણેય ભાઈઓ ગામના મુખી પાસે પહોંચ્યા. દીકરાઓએ પોતાના પિતાની ઈચ્છા કહી અને આ સમસ્યાનો ઉકેલ કાઢવામાં મદદ માગી.

મુખીએ વિચાર કર્યો અને પછી કહ્યું, 'હું તમારા સત્તર ઘોડામાં મારો એક ઘોડો ઉમેરું છું.'

હવે થયા અઢાર ઘોડા. એના અડધા એટલે નવ ઘોડા મોટા ભાઈના થયા. અઢાર ઘોડાનો ત્રીજો ભાગ એટલે છ ઘોડા વચલા ભાઈના થયા. અઢારના નવમા ભાગ લેખે મુખીએ સૌથી નાના દીકરાને બે ઘોડા આપ્યા. મોટાને નવ, વચલાને છ અને નાનાને બે એમ મળીને કુલ સત્તર ઘોડા થયા. એક ઘોડો વધ્યો. મુખીએ પોતાનો એ ઘોડો પાછો લઈ લીધો.

આપણી બુદ્ધિ ન ચાલે ત્યારે શાણા માણસની સલાહ લેવી જોઈએ. એક જ દિશામાં વિચારવાને બદલે નવા દૃષ્ટિકોણથી વિચારીએ તો જરૂર ઉકેલ મળે.

સર્જન-સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
(૧)	એક વિરલ અનુભૂતિ : કાયોત્સર્ગ ધ્યાન શિબિર	ડૉ. ધનવંત શાહ	૩
(૨)	ધર્મમાં આધ્યાત્મિકતા	ડૉ. એ.પી. જે. કલામ	૬
(૩)	વ્યાપારે વસતિ વિદ્યા	ડૉ. મોહનભાઈ પટેલ	૯
(૪)	જરથોસ્તી ધર્મ	એરવડ પરવેઝ એમ. બજાન	૧૩
(૫)	ફ્લોરાઈડ ટૂથપેસ્ટ અને એટમબૉમ્બ	ગોર સ્મીથ	૧૬
(૬)	જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથ-૨૦ : શ્રી હેમચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્ર	ડૉ. કોકિલા એચ. શાહ	૧૮
(૭)	આદર્શ નાગરિકોનો ઊગમ સાચા શિક્ષણમાં	શાંતિલાલ ગઢિયા	૨૦
(૮)	શ્રીમદ્ રાજચંદ્રના પત્રો અને કાવ્યકૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન	ડૉ. રશ્મિ ભેદા	૨૨
(૯)	સંઘર્ષોનું કેન્દ્ર આપણું મન છે...	શશિકાંત લ. વૈદ્ય	૨૪
(૧૦)	માતૃ હસ્તેન ભોજનમ્ – માતૃ મુખેન શિક્ષણમ્	આચાર્ય વિનોબા ભાવે અનુવાદ : પુષ્પા પરીખ	૨૫
(૧૧)	જયતિખ્યુ જીવનધારા : ૩૪	ડૉ. કુમારપાળ દેસાઈ	૨૬
(૧૨)	શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો	પ. પૂ. આ. શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.	૨૯
(૧૩)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજિત ૭૭ મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન		૩૦
(૧૪)	શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ પ્રકીર્ણ અનુદાનની યાદી		૩૨
(૧૫)	સર્જન સ્વાગત	ડૉ. કલા શાહ	૩૩
(૧૬)	પંથે પંથે પાથેય	અવન્તિકા ગુણવન્ત	૩૬

મુખપૃષ્ઠ સૌજન્ય : સૂર્યવદન ઝવેરી સંપાદિત 'પરમપદદાયી આનંદઘન પદરેહ'

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ 'પ્રબુદ્ધ જીવન' : ૫૮ ● અંક : ૧૨ ● ડિસેમ્બર ૨૦૧૧ ● વિક્રમ સંવત ૨૦૬૮ ● વીર સંવત ૨૫૩૮ ● માગસર વદ-તિથિ-૬ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(૧૯૨૯ થી પ્રારંભ, ૮૨મા વર્ષમાં પ્રવેશ)

પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ●

● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

એક વિરલ અનુભૂતિ

કાયોત્સર્ગ ધ્યાન શિબિર

પ્રેમ, ભક્તિ અને મૃત્યુ આ ત્રણ દિવ્ય અનુભૂતિઓ છે. જે આ અનુભૂતિને પામે છે એ જીવ અને પુદ્‌ગલ બન્ને ધન્ય છે. આ ત્રણમાં પ્રેમ અને ભક્તિની અનુભૂતિ શબ્દ દ્વારા આપણી પાસે અવતરી છે, પરંતુ મૃત્યુની અનુભૂતિનું શબ્દમાં અવતરણ શક્ય જ નથી.

શબ્દ અને શ્વાસ દ્વારા નવકાર ભક્તિ અને પ્રાપ્તિનો વિરલ અનુભવ તા. ૨૫, ૨૬ નવેમ્બરના આ સંસ્થા દ્વારા મુંબઈના પ્રેમપુરી આશ્રમમાં યોજાયેલ કાયોત્સર્ગ ધ્યાન શિબિરમાં નવકાર મંત્રના આજીવન ઉપાસક પરમ આદરણીય પૂજ્ય શ્રી શશિકાંતભાઈ મહેતાએ લગભગ અઢીસો જિજ્ઞાસુઓને કરાવ્યો.

આ અંકના સૌજન્યદાતા

શ્રી લક્ષ્મીકાંતભાઈ જે. શાહ

શ્રીમતી વિભા સુનીલ શાહ

શ્રીમતી જીગ્ના રણજિત શાહ

શ્રીમતી વિશાખા ઓજસ શાહ

સ્મૃતિ :

સ્વ. સુમિત્રાબેન લક્ષ્મીકાંત જે. શાહ

સ્વ. તેજસ સુનીલ શાહ

શશિકાંતભાઈ મહેતા અને આ સંસ્થાનો સંબંધ દાયકાઓથી છે. પૂ. રમણભાઈના પ્રમુખસ્થાને પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાતી ત્યારે વરસો સુધી પ્રથમ વ્યાખ્યાન નવકાર મંત્ર ઉપર પૂ. શ્રી શશિકાંતભાઈનું જ હોય. છેલ્લા દશેક વરસથી એઓશ્રીની ઉંમરને કારણે અને રાજકોટથી મુંબઈનો પ્રવાસ કરવાની મુશ્કેલીને કારણે શ્રોતાઓને આ લાભ આપી શકતા ન હતા. પરંતુ આ વરસે આ સંસ્થાની ખાસ વિનંતિથી એઓ પર્યુષણ વ્યાખ્યાન-માળામાં પ્રથમ વ્યાખ્યાન આપવા પધાર્યા, અને શ્રોતાઓને અનુપમ તત્ત્વનો અનુભવ કરાવ્યો. (આ વ્યાખ્યાનની સી. ડી. ઉપલબ્ધ છે, તેમ જ આ સંસ્થાની વેબ સાઈટ ઉપર પણ અત્યારે આપ સાંભળી શકો છો.)

પૂ. શશિકાંતભાઈએ આજીવન નવકાર મંત્રનું ઉપાસન કર્યું છે. આ આરાધના દરમિયાન એઓશ્રીને ઘણાં અમૂલ્ય અને દિવ્ય અનુભવ થયા હોય જ, તેમ જ એક વિશિષ્ટ આરાધના પદ્ધતિનો અવિષ્કાર પણ થયો હોય. આ તેજસ વર્તુળની અન્ય સાધકોને પણ પ્રતીતિ થાય અને આ ઘટના ભવિષ્યની પેઢી માટે સચવાઈ રહે એ માટે આ વિશેની શિબિરનું આયોજન કરવાની આ સંસ્થાએ એઓશ્રીને વિનંતિ કરી, અને બે દિવસ માટે આ ૮૫ની ઉંમરે પણ મુંબઈ પધારી આ સાધનાનો લાભ આપવા એઓ સંમત થયા. આ સંસ્થા એઓશ્રીનો નત મસ્તકે પ્રણામ કરી ઋણભાવ વ્યક્ત કરે છે.

આ વિષે 'પ્રબુદ્ધ જીવન'માં ૧૬ નવેમ્બરે અમે વિગત પ્રગટ કરી હતી. મુંબઈ જેવા વ્યસ્ત શહેરમાં આવી શિબિરમાં કેટલા અને કોણ આવશે એવી દહેશત તો અમને હતી જ. ૨૫ વ્યક્તિઓ આવે તોય ભયો ભયો એવું આશ્વાસન અમે મેળવી લીધું હતું, પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે સાત જ દિવસમાં ૩૦૦ નામો રજીસ્ટર થઈ ગયા, અને ૨૫૦ જિજ્ઞાસુઓ શિબિરમાં પધાર્યા, એ સર્વને ધન્યવાદ, અભિનંદન અને આભાર.

બે દિવસ, સાંજે ૬ થી ૮, પૂ. શશિકાંતભાઈએ એક વિરલ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ઊર્ધ્વ યાત્રા કરાવી. નવકાર મહામંત્ર આત્મામાં તાદૃશ્ય થયો એવી અનુભૂતિ જિજ્ઞાસુઓને પ્રાપ્ત થઈ.

જિજ્ઞાસુને ધ્યાનમાં ઊંડા ઉતાર્યા, એથી તામસી વૃત્તિઓના વમળ શાંત થયા, અંતરનું ચૈતન્ય તત્ત્વ ખૂલ્યું, ખીલ્યું અને મહોર્યું. એક પરમ શાંતિનો અનુભવ થયો.

ૐકારમાં પંચ પરમેષ્ઠિ રહ્યાં છે અ=અરિહંત+અ=અશીરીરી સિદ્ધ+આ આચાર્ય+ઉ=ઉપાધ્યાય+મ=મુનિ તેમજ ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વરૂપ ત્રિપદી પણ તેમાં રહેલી છે. એટલે પંચાક્ષરોના સંયોજનથી બનતો ૐ એ પંચ પરમેષ્ઠિનો વાચક બીજ મંત્ર બને છે.

તેવી જ રીતે 'અર્હમ' એ સિદ્ધચક્રનો વાચક બીજમંત્ર છે. 'હ્રીં' એ બીજ મંત્રમાં ૨૪ તીર્થંકરો સમાયેલા છે. 'ઐં' એ સરસ્વતીનો વાચક બીજ મંત્ર છે. આ બીજ મંત્રોના શુદ્ધ વિધિપૂર્વક હ્રસ્વ, દીર્ઘ કે પ્લુતમાં કરાયેલા ઉચ્ચારણથી પ્રાણાયામ સહજ થાય છે. એના ધ્વનિ, આંદોલનોથી રોગીઓના રોગોનો પણ નાશ થઈ શકે છે. જેવી રીતે દવા પેટમાં નાખવાથી એની અસર કરે છે તેમ આ નાદ ધ્વનિના આંદોલનો શરીરની ભીતરમાં પ્રસરે છે અને રોગમુક્તિ થાય છે. ઉપરાંત મંત્રના આ આંદોલનો સાધકને પ્રસન્નતા પણ અર્પે છે. આ સાત્ત્વિક પ્રસન્નતા પણ રોગ પ્રતિકારક શક્તિ તરીકે કાર્ય કરે છે.

मननात् त्रायते यस्मात् तस्मान्मन्त्रः प्रकीर्तितः

મનન કરવાથી જે અક્ષરો આપણું રક્ષણ કરે છે, તે અક્ષરોને તે કારણે મંત્ર કહેવામાં આવે છે.

બાહ્ય તપ દેહને સંયમિત રાખે છે, જ્યારે આ જાપ અને અધ્યયનનું અભ્યાંતર તપ કાયોત્સર્ગ ધ્યાનમાં લઈ જઈ મનના કષાયોને બહાર કાઢી સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચરિત્રની યાત્રા કરાવે છે અને સાધકની આસપાસ એક તેજોમય વર્તુળનું નિર્માણ થાય છે. આ આભા આવતા બાહ્ય કષાયોને રોકે છે.

પૂ. શશિકાંતભાઈએ બે દિવસ જે આરાધના કરાવી એ શબ્દમાં અવતારવી શક્ય નથી. આ એક દિવ્ય અનુભવ છે.

આ સંસ્થાએ **આ ધ્યાન શિબિરની ડી.વી.ડી. તૈયાર કરી છે, જિજ્ઞાસુ યુવક સંઘના કાર્યાલયમાંથી એ પ્રાપ્ત કરી શકશે.**

આવી સાત્ત્વિક શિબિરો મુંબઈમાં પુનઃ પુનઃ યોજવાનું શક્ય ન બને, એટલે આવી ત્રિદિવસીય શિબિર જામનગરમાં ૨૬,૨૭,૨૮ જાન્યુઆરી ૨૦૧૨ના યોજવી એમ સર્વે સાધક જિજ્ઞાસુઓએ નક્કી કર્યું.

મુંબઈ બહાર આવી શિબિર યોજવા સંયોજકની જવાબદારી એક સાધક શ્રી યતિનભાઈ ઝવેરીએ સહર્ષ સ્વીકારી.

આગામી શિબિર જામનગરમાં જાન્યુ.માં યોજાશે. જિજ્ઞાસુઓ યતિનભાઈ ઝવેરીને 9223231470 ઉપર ઉપરાંત આ સંસ્થાના ઉપપ્રમુખ નીતિનભાઈ સોનાવાલાનો 9820061259 પર આ શિબિરમાં પ્રવેશવા સંપર્ક કરી શકે છે.

પૂ. શશિકાંતભાઈ આ ઉંમરે આવો લાભ આપે એ સર્વનું સૌભાગ્ય છે.

જિજ્ઞાસુઓને લાભ લેવા સ્વ-આત્મ અનુભવથી ભલામણ કરું છું. ઘણું છોડીને આવશો, અધિકુ અને સત્વભર્યું લઈને જશો જ એની ખાત્રી.

ૐ નમસ્કારાય નમઃ

□ધનવંત શાહ

drdtshah@hotmail.com

સામૂહિક નવકાર મંત્ર આરાધના

નમસ્કાર મંત્ર એ સામાજિક ચેતનાને ઉર્ધ્વીકરણ કરતી જીવંત શક્તિ છે. જેનાથી પ્રચંડ શુભનું સંક્રમણ પૃથ્વી ઉપર થાય છે.

નવકાર મંત્ર એ માત્ર જૈનોનો જ મંત્ર નથી. તેમાં રહેલા પંચપરમેષ્ઠી એ તો પાંચ વિભૂતિપદ છે. જગતમાં આ પદ ઉપર પ્રતિષ્ઠિત તમામ વિભૂતિઓનો તેમાં સમાવેશ થાય છે. નમસ્કાર મંત્ર આ રીતે વિશ્વપ્રાણ છે.

સામૂહિક નમસ્કાર મંત્રના જાપના કેટલાક સ્પષ્ટ ફાયદાઓ નીચે મુજબ છેઃ-

(૧) સામુદાયિક જાપ એ પ્રચંડ સામુદાયિક પુણ્યને ઉત્પન્ન કરે છે જે દરેક જાપકને એક રક્ષણાત્મક કવચ પૂરું પાડે છે.

(૨) સમૂહમાં થતાં જાપથી મિથ્યાત્વ અને માનસિક પ્રદૂષણ સત્વરે દૂર થાય છે.

(૩) નમસ્કાર મંત્ર સર્વ ફીરકાઓને માન્ય છે. જેથી તમામ જૈન સંપ્રદાયોના અનુયાયી એકત્ર મળી જાપમાં જોડાઈ શકે છે. સંઘમૈત્રીનું આ સર્વશ્રેષ્ઠ માધ્યમ બની જાય છે.

(૪) જે કાર્ય કરતા વર્ષો લાગે તે કલાકોમાં થાય.
પરસ્પર અનુમોદના દ્વારા આ લાભ દરેક જાપકને મળે છે.

(૫) ભાવજગતની એકતા હોવાથી, આવા સામૂહિક જાપથી સમાજનું પર્યાવરણ શુદ્ધ થાય છે.

(૬) સામૂહિક જાપથી પ્રકૃતિનું પર્યાવરણ પણ શુદ્ધ થાય છે. પ્રકૃતિ ઉપર પ્રભુત્વ એવં વર્ચસ્વ, વિશુદ્ધ ચેતનાનું જ છે જે પરમેષ્ઠી-મંત્રમાં વિપુલ અખંડ રીતે રહેલું છે જેની અસર પ્રકૃતિ ઉપર થાય જ છે.
પ્રકૃતિ નમસ્કૃતિને-પંચ પરમેષ્ઠી ભગવંતોને આધીન છે.

(૭) સામૂહિક જાપથી અરિહંતો અને પંચપરમેષ્ઠીમાં રહેલી આર્હન્તમયી ચેતનાનું અવતરણ પૃથ્વી પર થાય છે અને તત્કાળ અશુભનું વિદારણ થાય છે.

(૮) એક હૉલમાં એક સાધક ૧ દિવો પ્રગટાવે અને ૧૦૦૦ સાધકો દરેક પોતપોતાના દિવા પ્રગટાવે, પરંતુ દરેક સાધકને પ્રકાશ ૧૦૦૦ દિવાનો જ મળે.
એ રીતે સમૂહમાં થતો જાપ પ્રચંડ શક્તિ પ્રકાશને ઉત્પન્ન કરે છે અને સહુને અનેકગણો લાભદાયી બને છે.

(૯) નમસ્કાર મંત્રમાં રહેલા અચિન્ત્ય પ્રભાવને સામૂહિક જાપથી આપણે તાદૃશ્ય અનુભવી શકીએ છીએ. સામૂહિક નમસ્કાર મંત્રનો જાપ.
સર્વજન સુલભ, સર્વજન હિતકારી, સર્વતોભદ્ર,
સર્વથા મંગલ, શીઘ્રફલદાયી છે.
સામૂહિક જપ સાધના દ્વારા સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ અદા કરીએ એ જ ભાવના.

નમસ્કાર મહામંત્રનો સામૂહિક જાપ શું કરે છે?

- હૃદયને શુદ્ધ બનાવે છે.
- માનસિક શક્તિ સુદૃઢ બનાવે છે.
- ષડ્‌રિપુઓના નાશ કરે છે.
- આવાગમનના ફેરાનું નિવારણ કરે છે.
- પાપોના જથ્થાને બાળી નાખે છે.
- તમામ સંસ્કાર ભસ્મીભૂત થઈ જાય છે.
- સાધકના બંધનો છિન્ન-મસ્તક કરી નાખે છે.
- વૈરાગ્યનું અવતરણ થાય છે.
- આપણી અનિયંત્રિત અને વ્યર્થ ઈચ્છાઓનું દમન કરે છે.
- આપણને નિર્ભય બનાવે છે.
- આપણા ભ્રમોનું નિવારણ કરે છે.
- સાધકને અમર શાંતિ આપે છે.
- ભક્તનો ભગવાન સાથે સંયોગ કરાવી આપે છે.
- આરોગ્ય, ધન, શક્તિ અને દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ કરાવે છે.
- આપણને ઈશ્વરનું જ્ઞાન કરાવે છે.
- અનંત આનંદ આપે છે.
- કુંડલિની શક્તિ જાગ્રત થાય છે.
- આપણને અધ્યાત્મિકતામાં સ્થિર કરાવી દે છે.
- આપણા અન્નમય શરીરની રહસ્યાત્મક રીતે સફાઈ થાય છે.

(પૂજ્ય પં. ભદ્રંકરવિજયજીના લખાણોમાંથી સારભૂત જપ અંગેના વિધાનો)
(સંકલન : **શશિકાંત મહેતા**, રાજકોટ)

નમસ્કાર મંત્ર

સાધના – પંચપીઠ

સુદર્શન પીઠ
દેહને દેવળ બનાવો
દેહ રૂપી દેવળમાં દેવ પધરાવો
વજપંજર સ્તોત્ર : ન્યાસ વિજ્ઞાન

સુશ્રુત પીઠ
માતૃકાન્યાસ : પરમાક્ષર ન્યાસ
અનાદિ સિદ્ધ વર્ણ માતૃકા

સુમંગલા પીઠ
પંચ પરમેષ્ઠી પદોના અભિષેક

સુરક્ષા પીઠ
અક્ષમાલા જય વિધાન
સાધનાની ચક્રવર્તિ ચાવી

સુમેરુ પીઠ
કાયોત્સર્ગ વિધાન
સિદ્ધિનું ગર્ભદ્વાર

આગામી નમસ્કાર શિબિર

આરાધક : પૂ. શ્રી શશિકાંતભાઈ મહેતા

સ્થળ : જામનગર પાસે, આરાધનાધામ–નવકારપીઠ
તારીખ : ૨૬,૨૭,૨૮ જાન્યુઆરી, ૨૦૧૨.
સંપર્ક : **શ્રી યતિનભાઈ ઝવેરી** – ૯૨૨૩૨૩૧૪૭૦
: **શ્રી નીતિનભાઈ સોનાવાલા**– ૯૮૨૦૦૬૧૨૫૯



ધર્મમાં આધ્યાત્મિકતા

□ **પ્રવચન : ડૉ. એ.પી.જે. કલામ** (ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ)

[તા. ૧૧-૧૧-૨૦૧૧ના રોજ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી કલામ સાહેબ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની મુલાકાતે આવ્યા હતા. તે સમયે તેમણે ઈલેક્ટ્રોનિક લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રવચનનો ગુજરાતી અનુવાદ અહીં પ્રસ્તુત છે.]

આશ્રય વિનાનાનો હું આશ્રય બની શકું.
માર્ગે ચાલતા સર્વ પથિકોનો હું છું ભોમિયો;
ભવાટવી પાર કરવા ઈચ્છે તે સર્વેનો હું સેતુ બની શકું;
બની શકું તેમની એક હોડી અને જહાજ.

□ **આચાર્ય શાંતિદેવ**
(આઠમી સદીના બૌદ્ધગુરુ)

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની મુલાકાતનો અને સમ્માનનીય સદસ્યોને સંબોધવાનો મને આનંદ છે. પ્રાચીન ભારતીય હસ્તપ્રતોના સંચયનું રખોપું કરવા માટે પ્રતિબદ્ધ એવી આ સંસ્થા ૧૯૫૬ થી કાર્યરત છે એ જાણી મને પ્રસન્નતા થઈ છે. ભારતીય પ્રાચ્યવિદ્યાના સંશોધકોને માહિતી પ્રદાન કરવા માટેનું આ મહત્ત્વનું કાર્ય છે, વિશેષતઃ જૈન અને હિન્દુ તત્ત્વજ્ઞાન માટે. અહીં બેઠેલા સર્વને મારા અભિવાદન. મને 'ધર્મમાં આધ્યાત્મિકતા' એ વિષય પર વાત કરવી ગમશે.

બલ્ગેરિયામાં મારો અનુભવ

વહાલાં મિત્રો, આપની સંસ્થાનું મુખ્ય ધ્યાન ભારતીય પ્રાચ્યવિદ્યા પર છે. બલ્ગેરિયામાં આવેલી સોફિયા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યા વિભાગના વિદ્યાર્થીઓ સાથેની મુલાકાત મને યાદ આવે છે. સોફિયા યુનિવર્સિટીના પ્રાચ્યવિદ્યાના વિદ્યાર્થીઓ અને તે વિભાગના સમ્માનીય સદસ્યોને હું મળ્યો હતો અને ચર્ચા કરી હતી. હસ્તપ્રતો, સાહિત્ય, કલા અને સંગીતના પ્રાચીન ભારતીય વારસામાં આ વિદ્યાર્થીઓએ રસ દાખવ્યો હતો. બલ્ગેરિયા અને ભારતની સંસ્કૃતિ વચ્ચેની અગત્યની કડીઓ સમજવાનો તેઓ સુદૃઢ પ્રયાસ કરી રહ્યા છે. ભારતના જે વિશ્વવિદ્યાલયોમાં ભારતીય પ્રાચ્યવિદ્યાના અભ્યાસો થઈ રહ્યા છે તેની સાથે બલ્ગેરિયાના વિદ્યાર્થીઓ એનો સઘન સહયોગ રચવા માં બલ્ગેરિયાના વિદ્યાર્થીઓને સૂચવ્યું. આ એક એવો વિષય છે, જે દુનિયાને જોવાનો, નવી રીતે જોવાનો માર્ગ ખોલી આપશે. ભૂતકાળનો અનુબંધ વર્તમાન સાથે સ્થપાશે અને ભવિષ્યમાં બન્ને રાષ્ટ્રો વચ્ચે દ્વિપક્ષી સંબંધો રચાશે. પ્રાચ્યવિદ્યાના વિદ્યાર્થીઓએ એવું દર્શાવ્યું કે આધુનિકતાનો પક્ષપાત કરતા આજના યુવાનો પરંપરા અને તેના અભ્યાસને અવગણે છે. મેં જણાવ્યું કે આ બે દેખાતા વિરોધી શબ્દો વચ્ચે વાસ્તવમાં બહુ જ થોડો મૂળભૂત વિરોધ છે. ભારતીય અને બલ્ગેરિયન સમાજો નવા-આધુનિક-અને પરંપરાગત વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રહ્યા છે. આથી જ સોફિયા યુનિવર્સિટીનો પ્રાચ્યવિદ્યાનો વિભાગ અને દિલ્હીના સ્લાવ સંસ્કૃતિ અધ્યયન વિભાગોએ સાથે કાર્ય કરી પારસ્પરિક સંબંધો માટે લાભપ્રદ સ્થિરતા ઊભી કરી છે. રાષ્ટ્રો અને સમાજો વચ્ચે દ્વિપક્ષી અને બહુવિધ સંબંધોના ઘડતરમાં પ્રાચ્યવિદ્યાના વિભાગમાં સામર્થ્ય છે એમ આ અનુભવમાંથી મને સમજાયું છે.

સમ્યગ્-શ્રદ્ધા, સમ્યગ્-જ્ઞાન અને સમ્યગ્-આચરણ

વ્હાલાં મિત્રો, જ્યારે હું આપ સૌને જોઉં છું ત્યારે મને ભગવાન મહાવીરના તત્ત્વચિંતનની યાદ આવે છે-જેનો કેન્દ્રિય વિષય અહિંસા ધર્મ છે. ભગવાન મહાવીરે શીખવ્યું છે કે સમ્યગ્ શ્રદ્ધા, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ આ ત્રિરત્નો દ્વારા જે માનવ મુક્ત થઈ શકે છે તે વ્યક્તિ પાત્રતા-શીલ-પ્રાપ્ત કરે છે. મહાવીરે ભેદ પાડતી અને ઉણપોથી ભરેલી જ્ઞાતિ પ્રથાને ઈન્કારી હતી. તેમણે સર્વ પ્રકારની અસહિષ્ણુતા અને વિભાજનના સર્વ આયામો સામે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. તેમણે વિચારો, વાણી અને ક્રિયાની શુદ્ધતા વગરના કર્મકાંડોને અસરકારક રીતે ઈન્કાર્યા હતા અને તેનો પ્રતિકાર પણ કર્યો હતો. જૈન તત્ત્વજ્ઞાન અને નીતિશાસ્ત્ર વસ્તુતઃ અહિંસા સિદ્ધાંતનો જ પર્યાય છે. સુવર્ણસૂત્રની જેમ જૈન પરંપરામાં અહિંસા પરોવાયેલી છે. જૈન શ્રદ્ધાનું એક માત્ર કેન્દ્ર અહિંસા છે.

મહાન જૈન પરંપરાને મને યાદ કરવા દો. તે કહે છે, 'આત્મા, પોતે પરમાત્મા બને છે, કારણ આત્મામાં પૂરેપૂરું સામર્થ્ય રહેલું છે. આત્મા સ્વયમ્ સ્વામી, કર્તા અને ભોકતા છે.'

જીવનનો હેતુ

બિહારમાં આવેલા પાવાપુરીની મેં સન ૨૦૦૩માં મુલાકાત લીધી હતી. શાંત સરોવરની વચ્ચે શ્વેત આરસનું સુંદર દેવાલય હતું. આ પવિત્ર ભૂમિ પર ભગવાન મહાવીરના ચરણો પડ્યા હતા. હું ભગવાન મહાવીરના જીવનનો અભ્યાસ કરી રહ્યો હતો. આ જગત, તેઓ હવે છોડી જવાના હતા તેવું તેમણે અનુભવ્યું ત્યારે, જગતના સર્વ રાજાઓને તેમણે આઠ દિવસો સુધી ઉપદેશ આપ્યો. સૌ રાજાઓ, જૈન વિચારનો બોધ પામ્યા, વિશેષતઃ સર્વ જીવો જેમાં પ્રાણીઓ અને વનસ્પતિ સૃષ્ટિ પણ સમાય છે, તે સર્વેના

રક્ષણ માટે તેઓ ઉપદેશ આપતા હતા. મહાવીર એક મહાન ગુરુ હતા. તેમણે ઉપદેશ આપ્યો હતો કે મુક્ત થતાં પૂર્વે સૌએ ચાર તબક્કાઓમાંથી પસાર થવું પડે છે. સાધુ, ઉપાધ્યાય, આચાર્ય અને અર્હંત. માનવ આત્માનું કેવું સુંદર આરોહણ!

જ્યારે ધાર્મિક શ્લોકો દેવાલયમાં ગુંજી રહ્યા હતા ત્યારે મેં દેવાલયની પારંપરિક પરિક્રમા આરંભી. આ પરિક્રમા દરમ્યાન વિશાળ સરોવરમાં મારી ચોપાસ ખીલેલા કમળોને મેં જોયાં. મન જ્યારે પુષ્પોના સૌંદર્યમાં તન્મય હતું ત્યારે મને બે હજાર વર્ષ પૂર્વે વિખ્યાત તમિળ કવિ તિરુવલ્લુરના કાવ્યની એક પંક્તિ યાદ આવી ગઈ. આ પંક્તિમાં જીવનનું પરમ સત્ય રજૂ થયું છે.

જેનો અર્થ છેઃ તળાવનું ઊંડાણ કે સ્વચ્છતા ગમે તે હોય, પરંતુ કમળ તો ખીલી જ ઊઠે છે અને સૂર્ય તરફ પ્રભાવશાળી રીતે ઉન્મુખ બને છે. આજ રીતે, માનવજીવન પણ હેતૂપૂર્વક ઉચ્ચ જીવનમાં રૂપાંતરીત થઈ શકે છે. ભલે ગમે તેવી પરિસ્થિતિમાં હોવા છતાં જ્યારે વ્યક્તિનું મન મહાન ધ્યેય પર જ મંડાયેલું હોય ત્યારે.

ધમ્મ અને શિસ્ત તો માર્ગદર્શકો છે :

જ્યારે હું કુશીનગર ગયો, મેં મારી જાતને પૂછ્યું, મહાનિર્વાણ પામવા માટે, પોતાના મહાનિર્વાણ પૂર્વેના દિવસોમાં ભગવાન બુદ્ધે શા માટે નાનકડું ગામ પસંદ કર્યું હશે? પોતાના શિષ્ય આનંદને આજ પ્રશ્નનો તેમણે ઉત્તર આપ્યો હતો.

'ભૂતકાળની સિદ્ધિઓ પર કોઈપણ ભિખ્ખુ કાયમનો આશ્રિત રહી શકે નહીં. સંઘે જગતને મદદ કરવા અગ્રેસર થવું રહ્યું.' આથી જ કુશિનારા બૌદ્ધધર્મના પ્રસાર માટે પ્રબુદ્ધો માટેનું મહત્ત્વનું સ્થાનક છે. મેં જ્યારે **'કેરન આર્મસ્ટ્રોંગ'**નો **'બુદ્ધ'** પરનો ગ્રંથ વાંચ્યો, ત્યારે હું અંતરથી હાલી ઊઠ્યો હતો અને મને ભગવાન બુદ્ધના શિષ્ય દ્વારા વ્યક્ત કરવામાં આવેલા ભગવાન બુદ્ધના શબ્દોમાંથી પ્રેરણા મળી હતીઃ

'હે આનંદ, ગુરુના વચનો હવે ભૂતકાળની ઘટના છે, એવું તમે વિચારતા હશો. હવે આપણે ગુરુ વગરના છીએ. પરંતુ તેવું નથી. હું જ્યારે ન હોઉં ત્યારે મેં તમને પ્રબોધેલો ધમ્મ અને મેં શીખવેલી શિસ્ત એ જ તમારા ગુરુ છે.–માર્ગદર્શક છે.' આપણાં સહુ માટે અને વિશેષતઃ પવિત્ર ભિખ્ખુઓ માટે કેવો સુંદર દિવ્ય બોધ. મહાપુરુષોના જીવન અને ઉપદેશો ઘણા અગત્યના છે, આ વાત દુનિયાના અગ્રણી નેતાઓએ અનુભવવી પડશે અને તેઓએ શાંતિપૂર્ણ અને હેતૂપૂર્ણ જીવન જીવવા માટે આપણને માર્ગદર્શન આપવું પડશે. સમગ્ર માનવજાત માટે ભગવાન બુદ્ધના પોતાના શબ્દોમાંથી આ જ સંદેશ ફલિત થાય છે.

ચાર આર્ય સત્યો :

ભારતીય પ્રાચ્ય વિદ્યાના જે વિદ્વાનો અને ચિંતકો અહીં એકઠા થયા છે, તેઓ આ ચાર

લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ઈન્ડોલોજી

સંસ્થા પાસે દુર્લભ હસ્તપ્રત સંગ્રહ ઉપરાંત ૪૫,૦૦૦ છપાયેલા પુસ્તકોનું ગ્રંથાલય પણ છે જેમાં કેટલાંક દુર્લભ (Rare) પુસ્તકોનો સમાવેશ થાય છે. આ પુસ્તકોનો અભ્યાસ સંશોધન કરવા માટે દેશ પરદેશના વિદ્વાનો આવે છે અને પુસ્તકાલય તથા અન્ય સામગ્રીનો લાભ લે છે. સંસ્થાના ગ્રંથાલયમાં ભારતીય સંસ્કૃતિને લગતાં પુસ્તકોનો સમૃદ્ધ સંગ્રહ હોવાને કારણે ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટે આ ગ્રંથાલય ખૂબ જ જાણીતું છે. લા. દ. ઈન્સ્ટિટ્યૂટ ઈન્ડોલોજી તરફથી વિદ્વાનોના સંશોધન લેખોને સમાવી લેતું એક વાર્ષિક સામયિક 'સંબોધિ' પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ ઉપરાંત લા. દ. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી ભારતીય સંસ્કૃતિ ઉપર સંશોધન થયેલાં તેમજ પ્રાચીન દુર્લભ હસ્તપ્રતો ઉપરથી સંપાદિત કરેલા પુસ્તકો પ્રસિદ્ધ કરે છે. પ્રકાશનની એલ.ડી. સીરીઝમાં ૧૫૧ પુસ્તકો પ્રસિદ્ધ થયેલાં છે.

ઈલેક્ટ્રીક લાયબ્રેરીથી મૂળ દુર્લભ ગ્રંથોની જાળવણી સરળ બનશે. સંશોધકોને તે ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થશે. સંશોધન-સંપાદનની સંભાવના વધુ વેગવતી થશે અને સંશોધકોને ખૂબ જ ઓછા સમયમાં વધુ સારી સુવિધા પ્રાપ્ત થશે.

સંસ્થાના ઉપક્રમે 'સંગોષ્ઠી' પ્રવૃત્તિ આવે છે જેમાં ભારતીય સંસ્કૃતિને લગતા તથા અન્ય પ્રકારના વ્યાખ્યાનો વિદ્વાનો દ્વારા અપાય છે. આ ઉપરાંત સંસ્થામાં ત્રણ અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન શ્રેણીઓમાં ત્રિદિવસીય વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવે છે જેમાં સ્વ. મુનિશ્રી પુણ્ય વિજયજી શ્રેણી, સ્વ. શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ શ્રેણી તથા સ્વ. પ્રો. વી. એમ. શાહ તથા શાંતાબેન વી. શાહ શ્રેણીઓનો સમાવેશ થાય છે.

જૈન ધર્મ દુનિયાના અતિ પ્રાચીન ધર્મો પૈકીનો એક છે તેના સ્થાપન પાઠ ભણાવતો રહ્યો છે. હાલમાં વિશ્વભરમાં, ત્રાસવાદ, યુદ્ધો અને હિંસાનું વાતાવરણ ફેલાયેલું છે. તેમાં જૈનધર્મના સિદ્ધાંતો શાંતિ અને સમાનતાનો સંદેશ ફેલાવે છે. દેશમાં જાતિવાદ, કોમવાદ, સ્પૃશ્યાસ્પૃશ્ય, શોષણ જેવી અનેક સમસ્યાઓ છે તેનો ઉકેલ જૈનધર્મ દર્શાવે છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે ધર્મમાં આધ્યાત્મિકતા વિષે સૌને સંદેશ આપ્યો તે આપણા સૌના માટે સાચી શીખ અને સંસ્થા માટે ગૌરવનો વિષય છે.

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર
ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ઈન્ડિયા)
ફોન : ૨૬૩૦૨૪૬૩ ફેક્સ : ૨૬૩૦૭૩૨૬
E-mail : jitendrabshah@yahoo.com

આર્ય સત્યો શું છે તે જાણે છે. આ આર્ય સત્યો દિવ્ય સ્વરૂપે મારા મનમાં રણકી રહ્યા છે. તેમને મારે રજૂ કરવા જોઈએ તેવું મને લાગે છે.

પહેલું સત્ય દુ:ખ અંગે છે. જે કહે છે, જગતમાં બધું અનિત્ય છે અને દુ:ખમય છે. બીજું સત્ય છે, દુ:ખનુંમૂળ કારણ, એટલે ઈચ્છાનો સમુદાય. જો આપણે ઈચ્છાઓનો ત્યાગ કરીએ તો દુ:ખ જતું રહે છે. ત્રીજું સત્ય છે નિરોધ. ઈચ્છાને દૂર કરવા માટે ધમ્મના આર્ય અષ્ટાંગ માર્ગનું અનુસરણ કરવું એ ચોથું સત્ય છે. બૌદ્ધધર્મની ઈમારત ખરેખર આ ચાર મહાન સ્તંભો પર ઊભી છે. હવે મને બુદ્ધના પ્રેરક સંદેશ પર ચર્ચા કરવી ગમશે.

સત્ય–પરમ સર્વોચ્ચ છે

ભગવાન બુદ્ધ સર્વ અનિષ્ટની જડને શોધે છે. આ થકી જ તેઓ જગતને મુક્તિનો માર્ગ દર્શાવવા પ્રેરાયા. તેમના ઉપદેશે નિર્બળ, ચિંતાગ્રસ્ત, નિરાશ અને દુ:ખમાં ડૂબેલાને હિંમત આપી હતી. ઘવાયેલાઓ માટે બુદ્ધના વચનો લેપ સમાન હતા, અંધકારમાં અટવાયેલાં માટે તે જ્યોતિરૂપ હતા, સત્ય એ તેમના વચનોનું હાર્દ હતું. સનાતન સત્યો, એ સૌમ્ય વિશ્વવ્યવસ્થાનો આધાર છે. સત્ય સર્વ વ્યાપક છે, શાશ્વત અને સ્થિર છે. જેઓ, લોભ અને સત્તાના મદથી અંધ છે તેઓ આ જોઈ શકતા કે અનુભવી શકતા નથી તે માટે તેઓ છેક જ ગરીબડાં છે. જેઓ આ જોઈ શકે છે, આત્મસાત્ કરી શકે છે, તે પ્રમાણે જીવે છે તેઓ આશિષ પામેલા છે અને સાચા સુખ, શાંતિ અને કૃપાના ધની છે. તેમના શિષ્ય આનંદને ભગવાન બુદ્ધે ઉચ્ચારેલા અંતિમ વચનો અંતિમ સત્ય અંગેના તેમના દર્શનના નિચોડરૂપ છે–તે જગતને ભાવિ માર્ગનું દર્શન કરાવે છે. આ માર્ગ સ્પષ્ટ અને ક્ષતિરહીત છે, અંતરાય કે રૂકાવટ વગરનો, પૂર્ણ શાંતિ અને મુક્તિની પરમ અવસ્થા તરફનો તે નિર્દોષ માર્ગ છે. આ શબ્દો હતા 'હે આનંદ! તમે દ્વીપ સમા બની રહો! તમારું જ શરણું લો, તમારી જાતને અન્યને શરણે લઈ જશો નહીં. સત્યને દ્વીપ રૂપે જુઓ, સત્યને શરણે જાઓ. આટલું કરશો, એટલે હે આનંદ! આંસું સારશો નહીં, તમારી જાતને પીડા આપશો નહીં! જે આપણી નજીક છે, જે આપણું સહુથી વહાલું છે, અંતે તો એને છોડવાનું જ છે. વસ્તુઓનો આ સ્વભાવ છે, આવું મેં ઘણીવાર નથી કહ્યું! આ માટે છેવટે આપણે તૈયાર થવું જોઈએ. આ સિવાય બીજું શું હોઈ શકે? જે જન્મે છે, તે વિકસે છે. વસ્તુના ઘડતરમાં જ વિઘટનના મૂળ પડેલાં છે. જગતના અસ્તિત્વોનો આ સિવાયનો અન્ય કયો માર્ગ હોઈ શકે? અન્ય કોઈ પરિસ્થિતિ શક્ય નથી!' ચાલો આપણે મનની એકતા અંગે વિચારીએ.

મનોઐક્યની શોધ :

જગતમાં આજે છ અબજથી વધારે લોકોને શાંતિ અને સમૃદ્ધિની જરૂર છે. મનોઐક્ય એ તો આધાર છે. મનોઐક્ય કઈ રીતે પ્રાપ્ત કરવું? મિત્રો, આ દિશા પરત્વેના મારા અનુભવો તમને જણાવું.

તવાંગનો અનુભવ :

અરૂણાચલ પ્રદેશમાં ૩,૦૦૦ મીટરની ઊંચાઈએ, રમણીય અત્યંત રમણીય, ધુમ્મસવાળો આ પ્રદેશ છે. ત્યાં વસતા લોકો સાચે જ સુખી, શાંત, જગતના સૌથી પ્રાચીન બૌદ્ધ મઠોમાંના એકની છત્રછાયામાં જીવે છે. કેવળ શુભત્વની પેલી પાર રહેલી તવાંગની શાતાનું રહસ્ય શું એવું મેં એકવાર મારી મુલાકાત દરમિયાન, એ મઠના અધિપતિને પૂછ્યું હતું. મારા પ્રશ્નનો ઉત્તર ટાળતાં તેમણે કહ્યું હતું: 'આપ ભારતના રાષ્ટ્રપતિ છો. આપ તો સઘળું જાણો છો.' મેં વાતનો કેડો મૂક્યો નહીં. મઠના અધિપતિએ ત્રણસો જેટલા ભિખ્ખુઓને બોલાવ્યા, અને મનને જકડી રાખે એવી બુદ્ધની પ્રભાવક પ્રતિમાને ફરતે તે સર્વેને બેસવા જણાવ્યું. તેમણે મનોઐક્ય અંગે બોધ આપ્યો.

'જો કોઈ ભારતના ત્રણ હજાર વર્ષના ઈતિહાસ પર નજર નાંખશે તો, તેને જણાશે કે ભારત શાંતિનું પક્ષકાર છે. પરંતુ અત્યારના દિવસો આપણા મનમાં ઉચાટ અને અજંપો જન્માવે છે.' તેમણે પ્રશ્ન કર્યો આપણે શાંતિ પાછી કેવી રીતે લાવી શકીએ? સમગ્ર મઠમાં આ પ્રશ્ન પડઘાઈ રહ્યો. મઠાધિપતિ સુશ્રી પેંગ્યાલ રીપોન્ચીએ જગતના એક જુદા જ પરિમાણ

ઈલેક્ટ્રોનિક લાયબ્રેરી

પુસ્તકોને સ્કેન કરી કૉમ્પ્યુટર દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે તેવા પુસ્તકોને ઈબુક કહેવામાં આવે છે. આવી ઈબુકનો સંગ્રહ તેને ઈલેકટ્રોનિક લાયબ્રેરી કહેવામાં આવે છે. આજે વિશ્વમાં પુસ્તકોનો સંગ્રહ કરી રાખવા માટે ઘણી જ સમસ્યાઓ સર્જાઈ છે. પુસ્તકાલયો પણ નાના પડવા લાગ્યા છે. તેમજ પુસ્તકો છપાવવા માટે કાગળ વાપરવામાં આવે છે તે માટે વૃક્ષોનો નાશ થાય છે. તેવા સમયે ઈ લાયબ્રેરી એક આશીર્વાદરૂપ ઘટના છે. ઈ લાયબ્રેરીમાં પુસ્તકોને સ્કેન કરીને તેની કોપી રાખવામાં આવે છે તેથી તે મૂળ પુસ્તક સચવાય રહે છે, નષ્ટ થતાં અટકે છે, સરળતાથી ઉપલબ્ધ થાય છે અને તેની નકલ કરવી પણ સરળ છે.

લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદે પોથી સ્વરૂપે છપાયેલ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ તથા અનુવાદિત તમામ ગ્રંથોનું સ્કેનીંગ કરી ઈ લાયબ્રેરી શરૂ કરી છે. તેથી સંશોધકો, વિદ્વાનો અને જિજ્ઞાસુઓને લાભ થશે. આ લાયબ્રેરીનું ઉદ્‌ઘાટન ભારતના પૂર્વરાષ્ટ્રપતિ શ્રી અબ્દુલકલામ સાહેબના હસ્તે કરવામાં આવ્યું.

તરફ અમને દોર્યા. તેમણે કહ્યું: 'હું' અને 'મારું' – માનવના વ્યવહારોમાં પ્રભાવી ઘટક છે. આપણી વિચાર પ્રક્રિયામાં અને કર્મોમાં જો 'હું' અને 'મારું' ને આપણે દૂર કરીએ તો વ્યક્તિઓના 'અહમ્'નું નિરસન થઈ શકે. જો આપણે આપણા અહમ્ને નિર્મળ કરી શકીએ તો ધિક્કારનો લોપ થશે. ખરેખર ધિક્કાર એ જગતનું એક પ્રભાવી બળ છે. આપણા મનમાંથી આપણે ધિક્કારને દૂર કરી શકીશું ? જો, આપણે ધિક્કારને દૂર કરીશું, તો મનમાં રહેલી હિંસા અવશ્ય દૂર થશે. માનવો જે દિવસે મનમાં હિંસાને દૂર કરશે, ત્યારે માનવજાતમાં શાંતિ ખીલી ઉઠશે. આ મહાન સંદેશને હું મનની એકતા માટેનો 'તર્વાંગ સંદેશ' તરીકે કહું છું. ધિક્કાર અને શત્રુતાના એક માત્ર કારણ 'હું' અને 'મારું' ને આપણે કેવી રીતે દૂર કરીશું ? આપણી કેળવણીએ, યુવાનોને આવા મહાન વિચારો શીખવવા પડશે. બાળકોના મનમાં આનાથી મનોઐક્ય અને શાંતિના વાતાવરણનો ઉછેર થશે અને તેઓ પ્રબુદ્ધ નાગરિકો બનશે. જ્યારે હું એપ્રિલ ૨૬, ૨૦૦૭ના રોજ ગ્રીસમાં હતો ત્યારે ત્યાં 'હેલેનિક ફાઉન્ડેશન ફોર યુરોપિયન એન્ડ ફોરેન પોલીસી' (ELIAMEP) ના નેજા હેઠળ ગ્રીસના બૌદ્ધિકો અને અગ્રણી ચિંતકોની બેઠકમાં મેં આ જ વિચાર તેમની સમક્ષ રજૂ કર્યો. તેમાં ભાગ લેનાર સૌએ મને કાળજીપૂર્વક સાંભળ્યો. તર્વાંગના બોધ પર સઘન વિમર્શ થયો. આજના ગતિશીલ જગતમાં મનોઐક્ય એજ પ્રસ્તુત ઘટક છે એમ તેમને લાગ્યું.

નિષ્કર્ષ

હું જ્યારે પણ આચાર્ય મહાપ્રજ્ઞજીને મળ્યો છું ત્યારે આઠેક દસકાથી જેમણે 'તપ' કર્યું છે એવા એક મહાન સંતના મને દર્શન થયા છે. ઉગ્ર તપથી તેમણે પોતાના આવેગ, ક્રોધ, રાગ અને ધિક્કારને મુક્ત કર્યા છે. આપણા દેશના આવા મહાન આત્માઓના ઉપદેશથી, શાંતિ અવશ્ય પ્રવર્તશે અને નિશ્ચિંતપણે આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રસાર પામશે. તેઓ તો દીવાદાંડીના પ્રકાશ જેવા હતા, જેમણે નિમ્ન આત્માઓને પ્રબુદ્ધ આત્મા બનવા આકર્ષ્યા હતા.

તેમના તપની ત્રણ લાક્ષણિકતાઓ છે. ચાલતા રહો, ગ્રહણ કરતા રહો અને આપતા રહો. તેઓ દૃઢ સંકલ્પથી અને એકાગ્રતાથી ચાલતા રહ્યા. તેમને મળવા આવનારા સર્વ લોકો અને પ્રકૃતિમાંથી તેઓ જ્ઞાન ગ્રહણ કરતા રહ્યા. પોતાના લેખન, કાર્યો અને વ્યવહારથી તેઓ સમાજમાં આશા પ્રગટાવતા રહ્યા. તેમના સંપર્કમાં આવતા પ્રત્યેક આત્માની શુદ્ધિ કરનારાના તેઓ ઉચ્ચકોટીના જ્ઞાન પ્રવાહ રૂપ હતા. હું એમને મધરાતે મેહરોલીમાં આવેલા 'અધ્યાત્મ સાધના કેન્દ્ર'માં મળેલો અને મને પોતાને પણ આવી જ અનુભૂતિ થઈ હતી.

રાષ્ટ્ર અને લોકકલ્યાણ માટે તેઓ તેમના વિખ્યાત મુનિઓ સાથે ત્રણ વાર પ્રાર્થના કરતા હતા. મને હજી યાદ છે, પ્રાર્થના પછી તેમણે મને દિવ્ય ઉપદેશ આપ્યો હતો. આ ઉપદેશ હજી, મારા મનમાં ગુંજી રહ્યો છે. તેમણે કહ્યું હતું, 'કલામ, તમારા સાથીઓ સાથે રહી તમે જે કાર્ય કર્યું છે તે માટે ઈશ્વર તમને આશીર્વાદ અર્પો. સર્વ શક્તિમાન એવા ઈશ્વરે તમારે માટે ઊંચું 'મિશન' નિર્માણ કર્યું છે, આ જ કારણે આજે તમે અહીં મારી સન્મુખ છો. હું જાણું છું, હવે આપણું રાષ્ટ્ર અણુશક્તિ ધરાવતું રાષ્ટ્ર છે. તમે અને તમારા સાથીઓએ જે કાર્ય કર્યું છે, તેનાથી અદકેરું આ 'મિશન' છે. કોઈપણ માનવે ક્યારેય કર્યું હોય તેથી પણ મહાન; આ તમારું 'મિશન' છે. જગતમાં હજારો અણુશસ્ત્રો પ્રસરી રહ્યાં છે. સઘળા દૈવી આશીર્વાદ સાથે તમને અને તમને જ હું આગ્રહ કરું છું કે આ અણુશસ્ત્રોને બિન અસરકારક, નિરર્થક અને રાજકીય રીતે નિરુપયોગી બનાવશો. આ મારો તમને અને તમારા સાથીઓને અનુરોધ છે.'

જ્યારે આચાર્યજીએ તેમની મહાન શીખ પૂરી કરી ત્યારે નીરવ શાંતિ પ્રસરી રહી. મને એવું લાગ્યું કે જાણે સ્વર્ગીય અને સાધુબોધનું મિલન થયું ન હોય! મારી અડસઠ વર્ષની વયમાં, આ અનુરોધે મને પહેલીવાર હલબલાવી મૂક્યો (હવે હું એંસી વર્ષનો છું.) મારે માટે આ પડકારરૂપ છે અને મારા જીવનનો હવે એ મંત્ર બની ગયો છે.

બાવીસસો વર્ષ પહેલા તિરુવલ્લુવરે રચેલી મારી પસંદગીની 'થમિઝ' પંક્તિ ટાંકવા દેશો. ૧૩૩૦ કુરલમાંથી ૧૦ કુરલનું એક આંખું પ્રકરણ 'તપ' પર કવિએ લખ્યું છે.

એનો અર્થ છે, જો કોઈ પોતાના જીવનમાં રહેલી આસક્તિને ત્યજે અને 'હું' – 'અહંકાર'નો ત્યાગ કરે તો જગતના સર્વ જીવો તેને નમન કરશે. તે મનની એકતા સાધશે અને એવી એકતા ધર્મનું આધ્યાત્મિકતામાં રૂપાંતર કરશે.

આ શબ્દો સાથે, હું લાલભાઈ દલપતભાઈ ભારતીય પ્રાચ્યવિદ્યા મંદિરમાં e-Libraryને ખુલ્લી મુકું છું, અને ડૉ. હોમી ધલ્લાના પુસ્તક `Many Faces of Peace'ના ગુજરાતી અનુવાદનું વિમોચન કરું છું. જ્ઞાનના યજ્ઞમાં સાથ આપનાર સૌ સભ્યોનું હું અભિવાદન કરું છું. સર્વને ઈશ્વરના આશીર્વાદ સાંપડો. ✷ ✷ ✷

પ્રેષક-અનુવાદક : ડૉ. જિતેન્દ્ર બી. શાહ
લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૯. (ઈન્ડિયા)
ફોન : ૨૬૩૦૨૪૬૩ ફેક્સ : ૨૬૩૦૭૩૨૬.
E-mail : jitendrabshah@yahoo.com

- *બોલી નાંખ્યા પછી જ્યારે હું મારા બોલેલાનો વિચાર કરું છું, ત્યારે મને એવો પસ્તાવો થાય છે કે, મૂંગા માણસોની મને અદેખાઈ આવે છે.*
- *આજે કર્યા જેવું મેં શું ન કર્યું અને ન કરવા જેવું મેં શું કર્યું એનો જે સૂતાં-જાગતાં વિચાર કરે છે તેને કદી પસ્તાવાનો વખત આવતો નથી.*

‘વ્યાપારે વસતિ વિદ્યા’

□ ડૉ. મોહનભાઈ પટેલ

વિદ્વાન લેખક સફળ ઉદ્યોગપતિ, મુંબઈના ભૂતપૂર્વ શેરીફ, કેળવણીકાર, સામાજિક કાર્યકર, પ્રભાવંત વક્તા, ચિંતક, લેખક અને તદ્‌વિષયક પુસ્તકોના કર્તા છે.

પ્રિય મિત્ર ધનવંતભાઈ,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘના અન્ય સભ્યો,
ભાઈઓ અને બહેનો.

તમે મને આ વ્યાખ્યાનમાળામાં બોલાવ્યો, તે બદલ હું તમારો ખૂબ-ખૂબ આભારી છું. શ્રી મુંબઈ જૈન સંઘની આ પર્યુષણ વ્યાખ્યાનમાળા જે હવે, **૭૭મા વરસે પ્રવેશે છે** તેની શરૂઆત, તેનો મૂળ વિચાર જેણે રજૂ કર્યો એ પૂ. પરમાનંદ કાપડિયા અને ત્યાર પછીના જે વિદ્વાનોએ આ વ્યાખ્યાનમાળાનું સ્તર અને વ્યાપ વધાર્યા અને એમ કરતાં-કરતાં **૭૭ વરસ** સુધી અવિરત જ્ઞાનયાત્રા ચાલુ રહી તે બદલ હું શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

સામાન્યતઃ આપણને નકરાં મનોરંજન જોઈતાં હોય છે. હસાવનારા લોકો, કોમેડિયન કે ગાયકો કે સંગીતકારો કે પછી ખાણી-પીણીના જલસા. ત્યાં આપણું આકર્ષણ વધારે હોય છે. સાત્વિક જ્ઞાન પિપાસા ખૂબ ઓછી. મુંબઈ જૈન યુવક સંઘની આ પ્રવૃત્તિ, જ્ઞાન વહેંચવાની, સારા-સારા વક્તાઓને બોલાવીને તેમના અભ્યાસ અને અનુભવોની વાતો સાંભળવાની જે પ્રથા આપે પોષી છે, તેના એક ભાગ તરીકે આજે આપે મને અહીં બોલાવ્યો છે. વિષય છે જ્ઞાનનો, વિદ્યાનો. જેની વાતો વિદ્વાનો જ કરી શકે. જેનો ખૂબ ઊંડો અભ્યાસ હોય અને જે અભ્યાસ અને અનુભવોનો નિચોડ પોતાના શબ્દો દ્વારા શ્રોતાઓ સુધી સુપેરે પહોંચાડી શકે. એવા વિદ્વાનોનું આ મંચ ઉપર સ્થાન હોય.

હું મારી મર્યાદાઓ સમજું છું. તમારાં પરિમાણોને કેટલે અંશે હું પૂરા કરી શકીશ તે જાણતો નથી. પણ, એ તમારી ચિંતા. હું પોતે તો અહીં આવીને ખૂબ સુંદર રીતે લાભ્યો છું. તેનો આનંદ અનુભવી રહ્યો છું. અને એ છે, આ ભાઈ ધનવંત શાહ. નામ પ્રમાણે ધનવંત તો હશે જ, પણ વિદ્યાવંત તો છે જ તે આપણે સૌ જોણીએ છીએ. સાથે-સાથે સભાગૃહમાં બિરાજેલ કેટલાય વિદ્વતજનો, સજ્જનોનો સંસર્ગ. આ સંસર્ગનો લાભ જે મને મળ્યો છે તે મારા માટે ખૂબ અગત્યનો છે.

વિષય ઉપર આવું તે પહેલાં આ સંદર્ભમાં જ મોરોપંતની એક કેકાવલી હું તમને સંભળાવું.

તોયાચે પરિનાવ હી ન ઉરતે, સંતપ્ત લોહાવરી
તે ભાસે નલિની દલાવરી અહા, સન્મોક્તિકાચે પરી
તે સ્વાતી સ્તવ અબ્ધી શુકતી ફુટતે, મોતી ઘડે નેટકે
તે જાણા ઉત્તમ, મધ્યાળધમ દશા, સંસર્ગ યોગે ટીકે.

આવી ઘણી બધી પર્યુષણ માળાઓમાં મેં ભાગ લીધો છે. અને સાથે-સાથે લાભ પણ લીધો છે. જ્ઞાન સાથે સંસ્કાર સિંચન, ધર્મ અને તેના ઉપદેશો ઘણું બધું પ્રાપ્ત થાય છે. જૈન ધર્મની પણ વાતો સાંભળવા મળે.

અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ વિશે સાંભળવાનું, સમજવાનું મળે. તથા ભગવાન મહાવીરે આપેલા કલ્પસૂત્રો એ પણ આપણા કાને પડે.

મને આજે વિષય આપ્યો છે. **‘વ્યાપારે વસતિ વિદ્યા.’** વિષયની પસંદગી ધનવંતભાઈએ કરી છે. મારે તો માત્ર તેમની આજ્ઞાનું પાલન કરવાનું છે. જોઈએ, કેટલે અંશે તેમણે મારામાં મૂકેલા વિશ્વાસને હું ન્યાય આપી શકું છું.

મૂળ તો, ચાણક્યે કહ્યું; **‘વ્યાપારે વસતિ લક્ષ્મી.’** પણ, ચાણક્ય તો ખૂબ બુદ્ધિશાળી હતો. લક્ષ્મીની સાથે-સાથે વિદ્યાની અગત્યતા વિસારે મૂકે એવો નાસમજુ નહોતો. હકીકતમાં, સફળ વ્યાપાર કરવો એ વિદ્યાવિહીનોનું કામ જ નથી. કારણ કે, પહેલાં તો વિદ્યાની વ્યાખ્યા જુઓ; સામાન્યતઃ આપણે વિદ્યાને પુસ્તકીયા જ્ઞાન સાથે સરખાવીએ છીએ. જેને ભણતર કહીએ, જેને પુસ્તકીયું જ્ઞાન કહીએ. વર્ગખંડમાં જે ભણાવવામાં આવે તે તો ભણતર, પાઠ કરીએ અને અટકી જઈએ. ચાણક્યની ‘વિદ્યા’ તો ઘણું બધું આવરી લે છે. વિદ્યા શબ્દ માટે **He had very wide compass.** એણે તો કહ્યું;

येषां न विद्या व तपो न दानम्, ज्ञानं न शीलं न गुणो न धर्मः।
ते मर्त्य लोके भूविभारभूताः, मनुष्य रुपेण मृगाः श्चरिन्त।।

અને, વળી પાછું કહ્યું;

विद्या नाम नरस्य रुपं अधिकम् प्रछन्न गुप्तं धनम्
विद्या भोगकरी यशः सुखकरा विद्या गुरुणाम् गुरु ।
विद्या बंधुजनो विदेश गमने विद्या परा देवता
विद्या राजसु पूजिता न तु धनम् विद्या विहीनः पशुः।।

માત્ર પુસ્તકીયું જ્ઞાન ન ચાલે. આટલું બધું ઉપયોગી તેવું સાધન તે વિદ્યા, તે સીમિત ન હોય. વિદ્યા એટલે, **Knowledge-જ્ઞાન** જેને કહીએ. તે, વત્તા **આવડત, કોઠાસૂઝ, હુન્નર** અને **વિદ્યા મેળવવાની જ નહિ** પણ, તેને **સદુપયોગમાં લેવાની આવડત-કળા.** આ બધાનો જેમાં સમન્વય કરવામાં આવ્યો હોય તે બને ‘વિદ્યા’.

આપણે ત્યાં કહેવાયું છે કે, માણસને જરૂર છે **ભણતર, ગણતર** અને **ઘડતરની.** માત્ર ભણતર જ નહિ. તેને માટે તો આપણે **‘વેદિયો’** એવો શબ્દ વાપરીએ છીએ. માત્ર વેદ વાંચી જાણે. પણ, એમાં જે લખાયું અને જે વંચાયું. જેને જીવનવ્યવહારમાં મૂકવાની આવડત ન હોય તો એ વેદિયાથી જ અટકી જાય. અને બધી વાત ત્યાં જ પૂરી થઈ જાય. પણ, એ વિદ્યાનો જ્યારે ઉપયોગ કરવામાં આવે અને વિદ્યામાં જ્યારે પોતાને અનુકૂળ, પોતાને જોઈતી, પોતાને ખપતી એવી વધુ વિદ્યા મેળવવાની આવડત અને તત્પ્રમાણ અભિગમ હોય,

તે પણ વિદ્યાનું એક **Extension પૂરવણી સ્વરૂપ** છે. એટલે, સફળ ઉદ્યોગપતિ થવું હોય, સફળ વેપારી થવું હોય તો વિદ્યા વગર ચાલે જ નહિ. આજે તો વેપાર કરવો હોય તો જુદી-જુદી ભાષાઓનું જ્ઞાન હોવું જોઈએ.

જુદી-જુદી **Currencies,** જુદા-જુદા લોકોની **રીત-રસમો, વાહન વ્યવહારની માહિતી, કાયદાઓનું જ્ઞાન, Quality-માલની ગુણવત્તા.** ગમે તે વેપાર-ધંધો હોય પણ Quality માલની ગુણવત્તાનો અભ્યાસ, બજારોની રૂખ, બજાર ભાવોની માહિતી, વિશ્વભરમાં બનતા બનાવોની અસર આપણા વેપાર ઉપર કે આપણા ઉદ્યોગ ઉપર કેવી પડશે તેની જાણકારી–આ બધું જ જરૂરી છે.

હું એક ઉદ્યોજક તરીકે ઉત્પાદનના ક્ષેત્રમાં સંકળાયેલો છું. અમે, કહીએ કે, કોઈપણ ઉદ્યોગની સફળતા ત્રણ મુખ્ય પાયા ઉપર અવલંબે છે.

Quality, Competitiveness, Reliability.

આ ત્રણેય સાચવવાનાં હોય છે. અને આ સફળતાના ત્રણેય પાયા મજબૂત અને દીર્ઘજીવી ક્યારે બને ? કે એને અનુરૂપ આપણી પાસે વિદ્યા હોય.

અને, એ વિદ્યાનો યોગ્ય સમયે, યોગ્ય રીતે વાપરવાની પણ વિદ્યા, એ સૂઝ અને સમજ હોય. એટલે, હકીકતમાં **'વ્યાપારે વસતિ લક્ષ્મી' એ તો ખરેખર વ્યાપારે વસતિ વિદ્યાનું એક સૂક્ષ્મ સ્વરૂપ છે.** વ્યાપારે વસતિ વિદ્યાનું **Extension** છે. એનું **Appendix-પૂરવણી છે.** જુઓ, ચાણક્યને, એક ગુરુ તરીકે. એની વિદ્યા એ માત્ર પુસ્તકીયું જ્ઞાન નહોતું. પણ, જેને આપણે વેપાર કહીએ છીએ કે જીવનની જરૂરિયાતો જેને ખરીદવી અને પોતાને પોસાતા યોગ્ય ભાવે ખરીદવી અને એમાં ખર્ચાઓ-નફો વિગેરે...ચડાવી તેનું વિતરણ કરવું અને એ પ્રક્રિયાથી ધન કમાવું. ચાણક્યને તો લક્ષ્મીનું ઉપાર્જન કરવું એટલું જ માત્ર નહિ, પણ તે તો યુદ્ધ વિદ્યા પણ શીખવતો હતો. યુદ્ધ લડવાની આવડત તે પણ વિદ્યા. સારા-નરસા પ્રસંગોએ કુટિલ નીતિનો ઉપયોગ કરી અને એ પ્રસંગોમાંથી કેમ સાંગોપાંગ ક્ષતિરહિત બહાર નીકળવું એ વિદ્યા પણ શીખવતો હતો.

જુદા જુદા લોકોની જોડે કઈ-કઈ રીતે વ્યવહાર રાખવો અને સંબંધો સાચવવાની વિદ્યા પણ એ શીખવતો હતો. રાજા જોડે કેવો વ્યવહાર હોય, આપણા ઉપરીઓ જોડે કેવી રીતે વ્યવહાર થાય ? આપણા હાથ નીચેના હોય તેની જોડે કેવી રીતે વ્યવહાર કરવો. આ બધી જ વિદ્યા, રાજકારોબાર ચલાવવાની પણ વિદ્યા. રાજનીતિની વિદ્યામાં રાજકુમારો કે રાજાઓ હોંશિયાર, પારંગત ન બને તો તે રાજ્યનો કારભાર યોગ્ય રીતે ચલાવી ન શકે.

જુઓ, રાજાઓને રાજવહીવટની વિદ્યા અને કર ઉઘરાવવાની કલા શીખવતાં એ કહે છે;

यथा भ्रम्रर मधुसेवन्त
तथा नृपा:प्राप्तुनयात करान्

કેટલા કર આવ્યા ? આગલા વરસથી કેટલા ઓછા કે વધારે આવ્યા ? કોણે-કોણે ભર્યો, કોણે કોણે ન ભર્યો ? અને એ કરનો વિનિયોગ કેવી રીતે થયો ? This is all Information, Data.

એણે એ કર કઈ રીતે, ક્યાંથી-ક્યાંથી ઉઘરાવવા, કેટલા પ્રમાણમાં તેવી વિદ્યાનો પણ નિર્દેશ કર્યો છે. અને એ જ સાચી વિદ્યા. કરની જરૂર તો છે રાજાને રાજ્ય ચલાવવા માટે તો એ કર ઉઘરાવવા તે કઈ રીતે, એની સાચી રીત-રસમો એ વિદ્યા છે. અને ખાસ તો એ જ કે લોકોને સહેજ પણ દુ:ખ ન પડે. કારણ કે, વ્યાપાર હોય, પૈસાની વાત હોય, ધનના આવક-જાવકની વાતો હોય, વેપાર-ધંધામાં વધ-ઘટ, નફો-તોટો, કર વધ્યા કે ઘટ્યા એ બધો વ્યાપાર. એ વેપારનું વહન કરવું એ વ્યાપારનો વ્યવહાર કરવો અને સારામાં સારી રીતે, ઉત્તમ રીતે કરવો તેને માટે વિદ્યા જોઈએ. માટે ફરીથી એક વખત વ્યાપારે વસતિ વિદ્યા.

વેપારી પાસે પૈસાની સત્તા હોય છે. પણ, એને એ ધન, સત્તા મેળવી આપે છે વિદ્યા. એ ધનનો સદુપયોગ કરવો, પોતાના કર્મચારીઓને સારી રીતે સાચવવા, એમને સંતોષ આપીને તેમની પાસેથી કેમ વધારે કામ લેવું, કઈ રીતે એમની આપણા પ્રત્યેની વફાદારી જીતવી એ કામ વિદ્યા કરે છે. Tricks of the Trade જેને કહીએ છીએ. વિદ્યા વિશે કહેવાયું છે;

विद्या ददाति विनयं विनियाद याति पात्रताम् ।
पात्रतात् धनामाप्नोति, धनात् धर्म:, तत: सुखम्।।

પણ, તો સવાલ ઊભો થાય કે સુખ એટલે શું ? સુખનું મૂળ ક્યાં છે ? વિદ્યા થકી સુખ મળે, તો તેવી જ રીતે એ વિદ્યા કારણભૂત બને છે. આપણા જીવનના યોગ્ય ઘડતરની, આપણા એક સુસંસ્કૃત, વિનયશીલ, શિક્ષિત-પ્રશિક્ષિત નાગરિક તરીકેની. જુઓ, એ જ ચાણક્યે સુખની વ્યાખ્યા આપી છે:

सुखस्य मूलं किम ?....
सुखस्य मूलं धर्म:
धर्मस्य मूलं अर्थ:
अर्थस्य मूलं वाणिज्यम्
वाणिज्यस्य मूलं स्वातंत्र्यम्
स्वातंत्र्यस्य मूलं चारित्र्यम्

માટે જ **सुखस्य मूलं चारित्र्यम्** તો, ચારિત્ર્યનું મૂળ પણ વિદ્યા. સાચી વિદ્યા જ આપણને ચારિત્ર્યવાન બનાવે છે.

વિદ્યાનો અને વ્યાપારનો વિષય સદીઓ પુરાણો છે. હંમેશાં ચર્ચાતો રહ્યો છે. બે વચ્ચેનો સબંધ પણ માનવજાતના જન્મથી શરૂ થયો છે. કેટલા બધા વિદ્વાનોએ, ચિંતકોએ આ વિષય ઉપર ચિંતન-મનન કર્યું છે અને મિમાંસાઓ લખી છે. આચાર્ય તુલસીએ પણ વિદ્યા ઉપર ઘણું બધું ચિંતનપૂર્વક લખ્યું છે. પ્રવચનો પણ આપ્યાં છે.

આચાર્ય તુલસી કહે છે;

'विद्या मनुष्य की आंतरिक संपदा है ! इसका जीतना व्यय किया जाता है, यह उतनी ही बढती है!'

આચાર્ય તુલસીના વિચારો તૈત્તરીય ઋષિ મુનિના વિચારો સાથે બંધબેસે છે. જુઓ, બંનેના વિચારો કેટલા બધા મળતા આવે છે.

તૈત્તરીય ઉપનિષદમાં આપણને શીખવાડ્યું છે;

દેયં દેયં દેયં –
શ્રદ્ધા દેયં – Give with faith
શ્રિયા દેયં – Give with Plenty
હ્રિયા દેયં – Give with a feeling in your heart
સંવિદ્યા દેયં – Give with compassion-with vivek,
with Karuna, with humanity and wisdom.
દેયં દેયં દેયં

તો આ છે વેપારનો મહિમા. આ છે વિદ્યાનો મહિમા. એ આપણને શીખવાડે છે કે, આપણી પાસે જ્ઞાન હોય તો જ્ઞાન, રૂપિયા– પૈસા હોય તો પૈસા, અનુભવ-વાણી હોય તો એ આપતા રહો, દેતા જાઓ મબલખ પ્રમાણમાં.

પૈસો કે રાજસત્તા કે શારીરિક બળ આ સાચાં બળ નથી. આપણે ત્યાં કહેવાયું છે કે, **विद्या परं बलम् – we refer to vidya as the supreme knowledge & strength.**

જુઓ, લગભગ આજ શબ્દોમાં **Sir Francis Bacon ૧૬મી સદીમાં** એના પુસ્તક `**Meditations Sacrae' (1597)** માં એ વાત કરે છે. અને એના જ શબ્દોમાં કહું તો, વિદ્યા એટલે, **Logically Complete thought** અને તે પ્રત્યક્ષ અનુભૂતિથી હોઈ શકે કે, પરોક્ષ રીતે મેળવેલા, તો માત્ર વિચારો જ હોઈ શકે. Sir Francis નું સુંદર **શાબ્દિક સૂત્ર - Aphorism** એ **Knowledge is Power** થયું. આપણા શબ્દો હતા **'विद्या परं बलम्'** એ હવે Sir Francis Beconના નામે ચડ્યા. પણ એ વિવાદને બાજુએ મુકીએ. એટલી વાત તો ચોક્કસ કે વિશ્વના બધા તત્ત્વજ્ઞાનીઓ, ચિંતકો, ધર્માચાર્યોએ વિદ્યાની અગત્યતા–મહત્તાને સ્વીકારી છે.

જ્ઞાન અને વિદ્યા આ બંનેની વચ્ચે **Dividing Line** આ બંનેને **છૂટી પાડતી રેખા બહુ જ પાતળી છે.** આપણે ત્યાં મેં કહ્યું તેમ, ભારતીય સંસ્કૃતિમાં બે જાતના જ્ઞાનની વાત કરી છે. **પ્રત્યક્ષ જ્ઞાન** અને **પરોક્ષ જ્ઞાન.** વિદ્યા આ બંનેને સમજવાની, એને ઉપયોગમાં લેવાની આવડત આપે છે.

ઈસ્લામ ધર્મમાં વિદ્યા માટે **Ilm-'ઈલ્મ'** શબ્દ વાપર્યો છે. અને કુરાન પ્રમાણે **Hadith-'હદીસ'** આ વિદ્યા આપણને સીધી **'અલ્લાહ'** પાસેથી પ્રાપ્ત થાય છે. જુદા-જુદા **Hadith-'હદીસ'**ના માર્ગથી. એ વિદ્યા, ઈલ્મનો પ્રાપ્તિનો કાળ **કુરાન પ્રમાણે જન્મના દિવસથી મૃત્યુના ક્ષણ પર્યંત અસ્ખલિત પ્રવાહની માફક ચાલતો જ રહે છે.**

અને, એવા વિદ્યાવાન માણસોને ઈસ્લામ ધર્મના એટલે, પયગંબર મોહમ્મદ સાહેબના સીધા વારસ તરીકે ઓળખાવે છે.

Jewish-યહુદી પરંપરામાં પણ વિદ્યા માટે **da'ath-ડા'આથ'** શબ્દ વપરાયેલો છે. અને એની પ્રાર્થના Amidahમાં દિવસમાં ત્રણ-ત્રણ વખત ઉચ્ચારવામાં આવે છે. It says, **favour us lord with knowledge, understanding & discretion.**

ટૂંકમાં, **'પ્રભુ અમને વિદ્યા આપો.' You the gracious giver of knowledge** `**The Tanakh status-**'ધ તનખ સ્ટેટસ' એમનું પુસ્તક–ધાર્મિક ગ્રંથમાં કહ્યું છે કે;

`A wise man gains power & a man of knwoledge maintains power.'

ડહાપણથી સત્તા મળે પણ, વિદ્યાથી જ એ સત્તાને ટકાવી શકાય. અને એ વિદ્યાનું સ્થાન **સોના-Gold કરતાં** પણ ઊંચું છે. **`Knowledge is chosen above gold.' ૨૬૦૦૦ રૂપિયે** દશ ગ્રામ મળતું સોનું તો વિદ્યાની સામે કંઈ વિસાતમાં નથી.

શિક્ષકે, શિક્ષા આપવાની વિદ્યા.

શિક્ષક માટે માત્ર વિષયનું જ્ઞાન હોવું એ પૂરતું નથી. તેની પાસે એ જ્ઞાનનો કેવી રીતે સદુપયોગ કરવો, વિદ્યાર્થીઓમાં કેવી રીતે **નિરૂપણ** કરવું, તેને શિષ્યો સુધી કેમ પહોંચાડવું, વર્ગમાં કેમ શીખવવું તે પણ વિદ્યા. એટલે, વિદ્યા શબ્દનો ફલક ખૂબ મોટો છે.

અને, માટે જ જો, મને આજના વક્તવ્ય માટે **'व्यापारे वसति विद्या'** જેવો કઠિન વિષય આપ્યો હોય કે જેમાં મારી જ પરીક્ષા થવાની હોય, તો ભલે. હું તો માનું છું કે, ખૂબ વિચારીને સંચાલકોએ આ વિષય નક્કી કર્યો છે.

'व्यापारे वसति लक्ष्मी' એ તો એક કહેવત બની ગઈ. પણ, **'व्यापारे वसति विद्या'**માં **સાચી સમજ** અને **ઊંડાણ છે. સમજણની પરિપક્વતા, અસરકારકતા લક્ષ્મી કરતાં વિદ્યા શબ્દનો ઉપયોગ કરીએ તેમાં આવે. અને વિદ્યા એ માત્ર શોભાનું સાધન નથી.** માત્ર **શણગાર જ નથી. માનવ જીવનના સર્વાધિક વિકાસ અને પ્રગતિનું સોપાન છે.** માટે જ **'व्यापारे वसति विद्या'** તેમ કહેવું વધારે સાર્થક બને છે.

વ્યાપારે વસતિ વિદ્યા, એટલે Know thou તે હોય તો વ્યાપારમાં સફળતા મેળવી શકાય. અને સફળતાપૂર્વકનો જે વ્યાપાર ખેડ્યો હોય તેમાંથી લક્ષ્મી નિપજે. એટલે લક્ષ્મીનું ઉદ્‌ગમ સ્થાન તો વિદ્યા જ છે. વિદ્યા વગર લક્ષ્મી હોઈ શકે નહિ. અને કોઈક વખત જો લોટરી લાગી જાય અને વગર બુદ્ધિ, વગર આવડત, વિદ્યાના પ્રભાવ વિના એ ધન, પૈસો હાથમાં આવી તો જાય. પણ, એ **સમૃદ્ધિ ક્ષણજીવી હોય છે.** એવી લક્ષ્મી તો જેટલી ત્વરાથી-જલ્દીથી આવી એટલી જલદી ચાલી પણ જાય. **જ્યારે વિદ્યા શાશ્વત છે. વિદ્યા પરાદેવતા છે. વિદ્યા જ માણસનું સાચું આભૂષણ છે.** અને **વિદ્યા જ માણસના જીવન વ્યવહારનું અલંકાર છે.** અને માટે જ કહેવાયું છે કે;

केयुरा न विभूषयन्ति पुरुषं हार न चंद्रो ज्वला
न स्नानं न बिलेपनं न कुसुमं नालंकृता मुर्धजा।
वाण्येका समलं करोति पुरुषं या संस्कृता धार्य ते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ।।

અને એટલા જ માટે એ વિદ્યાને આપણે દેવી સ્વરૂપ આપ્યું. એની પૂજા-અર્ચના કરવી, આરાધના કરવી, એને વંદન કરતા આપણે ગાઈએ.

या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता
या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना।
या ब्रह्माच्युतशंकर प्रभृतिभिर्देवै सदा वन्दिता
सा मां पाहतु सरस्वती भगवती नि:शेष जाडयापहा।। (अस्तु)

(૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આપેલ વક્તવ્ય)

ચંદ્રિકા, ન્યૂ ઈન્ડિયા સોસાયટી, ૧૨મો રસ્તો, જુહુ સ્કીમ, મુંબઈ-૪૦૦૦૪૯.
મો.૯૮૨૦૦૭૪૮૩૩.ટે.૦૨૨ ૨૮૭૭૧૨૯૩

જરથોસ્તી ધર્મ

❑ એરવડ પરવેઝ એમ. બજાન

[વિદ્વાન લેખક આ ધર્મના ઊંડા અભ્યાસી, ચિંતક અને પ્રચારક છે. આ ધર્મ વિષયક દેશ-પરદેશમાં વ્યાખ્યાનો આપ્યા છે. મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ઈરાનીયન લેંગવેજના માનાદ્ પ્રાધ્યાપક હતા. મુંબઈમાં ભાયખલાની પારસી અગિયારીના મુખ્ય પ્રિસ્ટ છે.]

મનુષ્ય વિચાર કરતું પ્રાણી છે. ખુદાએ માનવીને વિચારશક્તિ, અક્કલ અને વાચા બક્ષી છે. આ બક્ષીસોને કારણે માનવી બીજી પેદાયશો કરતાં શ્રેષ્ઠ ગણાય છે. માણસ પોતાની અક્કલ કે સારા-નરસાનો તોલ કરીને પોતાની ફરજ બજાવી શકે છે. એટલા માટે દરેક માનવી જે કામ બજાવે તે માટે પોતે જવાબદાર ગણાય છે. માનવીને પોતાની ફરજ ઘટતી રીતે બજાવવાને માટે રહેમુનાઈ કરવા ધર્મ આપવામાં આવે છે.

ધર્મ એટલે શું ?

ધર્મ એટલે ફરજ. જે રસ્તે માનવી પોતાના ખોદા તરફની, પોતાની આજુબાજુનાઓ તરફની, અને પોતા તરફની ફરજ સમજી શકે, તે તેનો ધર્મ કહેવાય.

ધર્મ માટે અવસ્તા શબ્દ 'દએન' છે. 'દએન' અથવા 'દીન' એટલે માર્ગ દેખાડનાર, જેમ દુનિયાને લગતી જુદી જુદી બાબતોનું જ્ઞાન જુદી જુદી વિદ્યાઓ મારફતે મેળવી શકાય તેવી જ રીતે માનવી પોતે કોણ છે, ક્યાંથી આવ્યો છે, આ દુનિયામાં તેને જન્મ લેવાનું કારણ શું, મરણ પછી તેની શી ગતિ થાય છે, વગેરે માનવીની જિંદગી સાથ સંબંધ ધરાવતા બનાવોનું જ્ઞાન દુનિયાની કોઈ પણ વિદ્યાથી માનવીને સંપાદન થતું નથી. એ જ્ઞાન ફક્ત તેનો ધર્મ જ સમજાવી શકે છે. આ રીતે 'ધર્મ' અથવા 'દીન' માનવીને પોતાની અંદર રહેલા તથા પોતાની આસપાસની પેદાયશોમાં તથા આખીય સૃષ્ટિમાં વ્યાપી રહેલાં આત્મિક તત્ત્વનું જ્ઞાન આપે છે.

આત્માની અમર્ગી (અમરત્વ)

ધર્મ માનવીને શીખવે છે કે માનવી કાંઈ આ બહારનું દેખાતું શરીર નથી. શરીર એ આત્માનું ઘર છે. આત્મા શરીરરૂપી ઘરનો માલિક છે. શરીર ફેરફાર અને નાશને આધીન છે. જ્યારે આત્મા અમર છે. અવસ્તા ભાષામાં આત્માને 'ઉર્વન' યાને 'રવાન' કહ્યો છે. આ શરીરમાં રહીને રવાન જે કર્તવ્ય કરે તે માટે મરણ પછી તે જવાબદાર છે. આ જગતમાં માનવી જે ભલા કે બૂરા કર્તવ્ય કરે છે તે મુજબ તેને મરણ બાદ ભલો કે બૂરો બદલો મળે છે. મરણ બાદ રવાનને મળતો ભલો બદલો તે 'બહેશ્ત' (Heaven) કહેવાય છે, અને રવાનને મળતા બૂરા બદલાને 'દોજખ' (Hell) કહે છે.

અવસ્તામાં કહ્યું છે–

અકેમ અકાઈ, વંઘહુઈમ અષિમ વંઘહોવે

યાને બૂરાને બુરો અને ભલાને ભલો બદલો.

ધર્મની અગત્યતા અને તેના ફાયદા

માનવી શરીર અને આત્મા એ બે મુખ્ય ભાગોનો બનેલો છે. જેમ શરીરને ટેકવવાને માટે શુદ્ધ ખોરાકની જરૂર છે, તેમ આત્માને ટેકવવાને માટે ધર્મ અને ખુદાની બંદગીની જરૂર છે.

Religion to a man is like water to a fish.

યાને માછલીને જેટલી પાણીની જરૂર છે, તેટલી જ ઈન્સાનને ધર્મની જરૂર છે.

ધર્મની વ્યાખ્યા આપતાં કવિ જણાવે છે-

ધર્મ વિચારો રે ધર થકી, તજી કપટ તમામ,
પડતાં ધારે જે પાપમાં, ધર્મ તેનું છે નામ.

યાને 'માનવીને પાપમાં અટકાવે તે તેનો ધર્મ જ છે, માટે હે માણસો ! સઘળાં છળકપટ છોડી દઈ, શરૂઆતથી જ અને નાનપણથી જ ધર્મનો વિચાર કરતા રહો.'

અશોઈ વિષે જરથોસ્તી ધર્મનું શિક્ષણ

અવસ્તામાં કહ્યું છે–રસ્તો માત્ર એક જ છે અને તે અશોઈનો છે, બીજા બધા માર્ગ ખોટા છે.

'અશોઈ' એ ફારસી (Persian) શબ્દ છે. અને અવસ્તા શબ્દ 'અષ' છે. અશોઈ એટલે પવિત્રાઈ, સચ્ચાઈ, સફાઈ–સુધરાઈ અથવા વ્યવસ્થા. અશોઈ એ જરથોસ્તી ધર્મનો પાયો છે. અશોઈનું પાલન કરવું એ જરથોસ્તી ધર્મનું પાલન કરવા બરાબર છે.

અશોઈ બે પ્રકારની છે–

૧. તન યાને શરીરને લગતી પવિત્રાઈ.

૨. રવાન યાને જીવાત્માને લગતી પવિત્રાઈ

શરીરને સ્વચ્છ, નિરોગી અને મજબૂત રાખવા માટેના સઘળા નિયમો જાળવવાથી શરીરની પવિત્રાઈ જળવાય છે. જ્યારે મનને સ્વચ્છ, જ્ઞાની અને દૃઢ રાખવાના નિયમો જાળવવાથી રવાનની (યાને આત્માની) પવિત્રાઈ જળવાય છે. આપણા મનમાંથી તમામ બૂરા વિચારોને દૂર રાખવાથી અને અંતઃકરણને સઘળી બૂરી લાગણીઓને દૂર રાખવાથી, રવાનની પવિત્રાઈ જળવાય છે.

'હોશબામ્' નામની અવસ્તા બંદગીમાં કહ્યું છે–

અએ અહુરમજદ ! સૌથી સરસ અશોઈઓ કરીને તથા શ્રેષ્ઠ અશોઈઓ કરીને હમો તારા દર્શન કરીએ, હમો તારી નજદીક પહોંચીએ અને હમો હંમેશ સુધી તારા દોસ્ત થઈએ.

રવાન (યાને આત્મા)ની પવિત્રાઈ માટે માનવીએ પહેલાં પોતાના

મનને પવિત્ર કરવું જોઈએ. આપણી પાંચ જ્ઞાન ઈંદ્રિયો – આંખ, કાન, નાક, જીભ અને ચામડી – એ પાંચ દરવાજા છે. આપણી આસપાસના જગતનું જ્ઞાન આ પાંચ ઈંદ્રિયોથી આપણને થાય છે.

કામ (હવસ), ક્રોધ, લોભ, મોહ, મદ (અભિમાન) અને મત્સર (અદેખાઈ) એ આત્માના ૬ શત્રુઓ છે, જેઓને કાબુમાં રાખવાથી આત્માની પવિત્રાઈ થાય છે.

આપણી જિંદગીને પવિત્ર કરવા માટે અને બૂરાઈથી દૂર રહી, ભલાઈના રસ્તા ઉપર મક્કમ રહેવા માટે આત્મિક કૌવત મેળવવા, બંદગી (યાને પ્રાર્થના)ની જરૂર છે. જેમ શરીરને ટેકવવા ખોરાકની જરૂર છે, તેમ રવાનને (આત્માને) ટેકવવાને માટે બંદગીની જરૂર છે.

જરથોસ્તી ધર્મના ત્રણ મુખ્ય ફરમાનો

હુમત – હુખ્ત – હુવરશ્ત

જરથોસ્તી ધર્મનું નામ 'માઝદયસ્ની જરથોસ્તી દીન' છે. 'માઝદયસ્ની' યાને 'એક જ ખુદાને માનવાનું ફરમાન'. એ દીન પયગમ્બર જરથુસ્ત્ર સાહેબે શીખવ્યો હતો, તેથી એ ધર્મને 'જરથોસ્તી દીન' કહેવામાં આવે છે.

પયગમ્બર જરથુસ્ત્રે દુનિયાના લોકોને નીતિની રાહે ચલાવવાને માટે જે ત્રણ ફરમાનો આપ્યાં છે, તે હુમત, હુપત અને હવરશ્ત છે. જિંદગી ગુજારવા માટે આ ત્રણ ફરમાનો ઉપર અમલ કરવાની જરૂર છે. સઘળા સદ્‌ગુણો અને તમામ નીતિઓ આ ત્રણ ફરમાનોમાં સમાઈ જાય છે. આ ત્રણ ફરમાનોથી ઉલટા ત્રણ શબ્દો દુશ્મત, દુજુખ્ત અને દુજ્‌વરશ્તથી દૂર રહેવાનું ફરમાન છે.

'હુમત' એટલે સારા વિચાર, જેવા કે પ્રેમ, શાંતિ, સંતોષ, સબુરી, નમ્રતા વિગેરે. એથી ઉલટું દુશ્મત યાને ખરાબ વિચાર, જેવા કે (ખરાબ ઈચ્છા), ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે. માનવીમાં ઊભી થતી ધાસ્તી, ફિકર, ચિંતા એ પણ દુશ્મત ગણાય છે.

'દુશ્મત' એટલે ખરાબ વિચાર માનવીના શરીરને માટે ઝેરના ટીપાં બરાબર છે, જે આખરે શરીરનો નાશ કરે છે. માનવીની પાચન-શક્તિ બગાડે છે. ફિકર, ચિંતા તથા ધાસ્તીના વિચારો મનુષ્યની જિંદગી ઉપર કાતિલ અસર કરે છે.

એટલા માટે જ કવિએ કહ્યું છે-

'ચિંતા અઈસી ડાકણી, કાટ કલેજાં ખાય,
વૈદ્ય બિચારા ક્યા કરે, કહાં કહાં દવા લગાય.'

જરથોસ્તી ધર્મનું બીજું ફરમાન 'હુપત' એટલે 'સારા શબ્દ.' જેવા કે–સાચું બોલવું, નમ્રતા, વિવેક વિગેરે. એથી ઉલટો દુર્ગુણ 'દુજુપત' યાને 'ખરાબ' શબ્દો જેવા કે–જુઠું બોલવું, તોછડાઈ, અવિવેક, ગાળગલોચ, કડવા શબ્દો, નિંદા, મશ્કરી વગેરે.

સારા શબ્દો બોલનારને ઈજ્જત અને આબરૂ બક્ષે છે, જ્યારે ખરાબ શબ્દો બોલનાર પોતાની આબરૂ ગુમાવે છે, અને આજુબાજુ કજીયો-કંકાસ ફેલાવે છે.

જરથેસ્તી ધર્મનું ત્રીજું ફરમાન 'હવરશ્ત' યાને 'ભલું કામ.' એક દેશની આબાદી એ દેશના ભલાં કામો કરનારાઓથી જ છે. જે જિંદગી બીજાઓને નહિ ઉપયેગી થઈ પડે તે જિંદગી ખરેખરી નકામી સમજવી.

વિચારનું ફળ એ કર્મ છે. વચન એ ફૂલ છે, વિચાર પોતે બીજ છે. 'હવરશ્ત'થી ઉલટો દુર્ગુણ 'દુજવરશ્ત' યાને ખરાબ કામ, જેવા કે–આળસાઈ, અપ્રમાણિકપણું, બખીલાઈ, અપકાર, ઉડાઉપણું, દુર્ગુણી વર્તણૂક, ચોરી, લુચ્ચાઈ વગેરે.

જરથોસ્તી ધર્મના આ ત્રણ અચલ ફરમાનોનું તાત્પર્ય એ છે કે, માનવીએ આ દુનિયામાં ભલી, ઉદ્યોગી, નિર્દોષ, અને ઊચ્ચ પ્રકારની જિંદગી ગુજારવા માટે 'હુમત, હુપત, હવરશ્ત' અખત્યાર કરવા જોઈએ, જેથી તે પોતે સુખી બને અને બીજાંઓને સુખ આપી શકે.

અવસ્તાની નાની પ્રાર્થના 'વીસ્પ હુમત'માં કહ્યું છે કે તમામ ભલા વિચારો, ભલા શબ્દો અને ભલા કામો બુદ્ધિથી થાય છે અને તે માનવીને 'સ્વર્ગ' યાને સુખી હાલત તરફ પહોંચાડે છે. તમામ બૂરા વિચારો, બૂરા શબ્દો અને બૂરા કર્મો કુબુદ્ધિથી થાય છે, અને તે ઈન્સાનને 'નરક' યાને દુઃખી હાલત તરફ ખેંચી જાય છે.

મનુષ્ય જીવનની શ્રેષ્ઠતા અને માનવીની જવાબદારી

'નામ-સેતાયશ્ન' નામની નાની પાજંદ ભાષામાં લખાયેલી બંદગીમાં કહ્યું છે કે દાદાર અહુરમઝદે (યાને ઈશ્વરે) આ સૃષ્ટિ મધ્યેની તમામ પેદાયશો પેદા કીધા પછી છેવટે માનવીને પેદા કર્યો. તે દયાળુ ઈશ્વરે માનવીને અક્કલ અને વાચા બક્ષીને તમામ પેદાયશોની ઉપર સરદારી આપી. આ બક્ષીસોને કારણે માનવી આ સૃષ્ટિ ઉપરની સઘળી પેદાયશોને પોતાની મરજી મુજબ ઉપયોગ કરવાને સમર્થવાન થયો. જેમ માનવીને સરદારી મળી, તેમ તેની જોખમદારી અને જવાબદારીમાં પણ વધારો થયો. મનુષ્યને મરજીનું છુટાપણું મળેલું હોવાથી, તેણે પોતાને મળેલી અક્કલનો ઉપયોગ કરી, ખરા-ખોટાનો તોલ કરી જીંદગી ગુજારવાની છે.

જરથોસ્તી ધર્મ પ્રમાણે આપણી આ જીંદગી દરમ્યાન કીધેલાં કર્મો ઉપર આવતીકાલનો આધાર રહેલો છે. નેકી માનવીને સુખ તરફ લઈ જાય છે જ્યારે બદી મનુષ્યને દુઃખ તરફ ઘસડે છે.

જબ તું આયો જગતમેં, સબ હસે તું રોય,
કરણી ઐસી કર ચલો, તું હસે સબ રોય!

જરથોસ્તી ધર્મ–સાહિત્ય

જરથોસ્તીઓનું ધર્મ-શાસ્ત્ર 'ઝંદ-અવસ્તા' છે. વિદ્ એટલે 'જાણવું'. 'વેદ' શબ્દ પણ એજ ધાતુ ઉપરથી નીકળ્યો છે. અવસ્તા સાહિત્યમાં ધર્મ ઉપરાંત, તબીબી-વિદ્યા, ખગોળશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર વગેરે અનેક વિદ્યા-આલમની

બાબતોનો સમાવેશ છે. સંપૂર્ણ સાહિત્યને ૨૧ ભાગમાં (નુસ્ક)માં વહેંચવામાં આવ્યું છે અને ૨૧ નુસ્કોના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. ૧. ગાસાંનિક, ૨. દાતિક, ૩. હધમાન-સરિક.

ગાસાંનિક વર્ગમાં પયગમ્બરના ઉચ્ચ મુખ વચનો જેને ગાથા કહેવામાં આવે છે તેને લગતા ઉત્તમ નીતિ-વચનો અને શ્રેષ્ઠ પ્રકારનું આત્મ-જ્ઞાન સમાયેલું છે.

દાતિક વર્ગમાં ધર્મ, નીતિ અને સંસાર સંબંધી કાયદા કાનૂનો અને હધમાન-સરિક વિભાગમાં વિદ્યા, હુન્નર તથા મિનોઈ (spiritual) દુનિયાને લગતી બાબતો સમાયેલા છે.

હાલે આપણી પાસે આ ૨૧ નુસ્કોમાંથી ફક્ત એક અને બીજું થોડું બચેલું છે. બાકીના સર્વે નુસ્કો નાશ પામ્યા છે.

જરથોસ્તી ધર્મ એક ઈશ્વરવાદી

જરથોસ્તી ધર્મ કે જે આ ધરતી ઉપરના સર્વ ધર્મમાં સર્વથી પ્રાચીન છે એની સર્વથી મોટી ખૂબી એ છે કે તે હજારો વર્ષ ઉપર જાહેર થવા છતાં તે 'એક ઈશ્વરવાદી' (Monutheistic) છે. તેનો ખુદા–ઈશ્વર વિષેનો વિચાર અતિ સ્વચ્છ અને ઉત્તમ છે. જે જમાનામાં દુનિયાની તમામ પ્રજાઓ મૂર્તિપૂજામાં રોકાયેલી હતી ત્યારે પુરાતન ઈરાની પ્રજા એક ખુદાની પરસ્તેશ કરતી હતી.

યહુદી પ્રજાના પયગમ્બર મોઝીઝે ઈસુ ક્રાઈસ્ટની પૂર્વે ૧૬૦૦ વર્ષ ઉપર 'જેહોવા' (Jehova) એટલે 'એક જ ખુદાનો વિચાર' પોતાની પ્રજાને આપ્યો. ઈસ્લામના પયગમ્બર મહંમદે 'અલ્લાહ' સિવાય બીજો ખુદા નથી એવું શિક્ષણ આરબ પ્રજાને આપ્યું. પરંતુ આ સઘળાની હજારો વર્ષ પૂર્વે જરથુસ્ત્ર પયગમ્બરે ઈરાની પ્રજાને 'અહુરમઝદ'નો ખ્યાલ આપ્યો હતો.

આત્માની મુક્તિ અને કરણીનો કાયદો

જરથોસ્તી ધર્મ પ્રમાણે માનવીના આત્માની મુક્તિ, તેની કરણી ઉપર આધાર રાખે છે. દરેક માનવી જેવી કરણી કરશે તેવું તેનું ફળ મળશે.

ખુદાનું નામ દાદાર અહુરમઝદ

દાદાર એટલે 'પેદા કરનાર' અને **અહુરમઝદ** એટલે 'મહાજ્ઞાની, હસ્તીનો સાહેબ.' ખુદાએ સઘળી પેદાયશો પેદા કીધી છે તેથી તેને 'દાદાર' કહે છે. તે સઘળી હસ્તીનું મૂળ છે, તેથી તેને 'અહુર' કહે છે; તે સઘળું જાણનાર છે, માટે તેને 'મઝદા' કહે છે.

દાદાર અહુરમઝદની પેદાયશ ગેતી અને મીનો

દાદાર અહુરમઝદએ પેદા કરેલી તમામ પેદાયશો બે ભાગમાં વહેંચાય છે. ૧. ખાકી યાને ગેતીને લગતી અને ૨. મીનોઈ.

ખાકી પેદાયશોમાં માનવી, જાનવર, ઝાડપાન વગેરે નજરે દેખાતી અને માનવીની પાંચ ઈંદ્રિયો વડે જાહેર થતી સઘળી પેદાયશો સમાય છે. મીનોઈ પેદાયશોમાં અમેશાસ્પંદો, યઝદો, ફરોહરો વગેરે મીનોઈ શક્તિઓ તથા ગુજર પામેલાઓના રવાનો સમાય છે.

ખાકી યાને ગેતી - material world

મીનોઈ યાને - spiritual world

આજથી લગભગ ૩૫૦૦ વર્ષ પૂર્વે જરથુસ્ત્ર પયગમ્બરનો જન્મ ઈરાન દેશના રએ શહેરમાં થયો હતો. એઓએ ૧૦વર્ષ ઉષીદરેન નામના પહાડ ઉપર ખુદાની બંદગી કરી ધર્મ સંબંધી જ્ઞાન મેળવ્યું હતું અને તે જ્ઞાનનો ફેલાવો કર્યો હતો. તે જમાનામાં માનવીઓ માઝદયસ્ની ધર્મ કે જેમાં નહીં ઈચ્છવાજોગ જે તત્ત્વ હતા તેને સુધારી–સમારી, સ્વચ્છ 'માઝદયસ્ની જરથોસ્તી' ધર્મ ફેલાવ્યો.

જરથોસ્તી ધર્મનું રહસ્ય

આ જગતનો ફેરો સફળ કરવા માટે અને મીનોઈ (spiritual) જેહાનમાં જવા માટે સત્ય પ્રમાણે ચાલવું. મન, વચન અને કર્મથી પવિત્ર રહેવું. સંસારી જીંદગી ગુજારવી અને સાદી ઉદ્યોગી જિંદગી ગાળી દાદાર અહુરમઝદની હરહંમેશ બંદગી કરતા રહેવું.

પારસી સમાજ અને આતશ (અગ્નિ)ની પૂજા

પારસી-જરથોસ્તી સમાજ સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે નૂરમંદ પેદાયશો સામે ઊભા રહી ખુદાની બંદગી કરે છે. પૂરાતન જમાનાથી ઈરાની (Aryan) પ્રજા અગ્નિ (આતશ) તરફ માનથી જોતી હતી. આતશની સેતાયશ (બંદગી) કરવાની શરૂઆત ઘણા જ પુરાતન કાળથી પેશદાદીઅન વંશના રાજા હોશંગના વખતથી શરૂ થઈ હતી.

અગ્નિ યાને આતશ (Fire) એ એક ઈશ્વરનું જીવતું જાગતું સ્વરૂપ છે અને તેથી પારસીઓ અગ્નિને ખુદાના એક ચિહ્ન તરીકે ગણીને માન આપે છે.

નવજોત (જનોઈ)ની ક્રિયા

જરથોસ્તી ધર્મના ફરમાન મુજબ હરેક પારસી–ઈરાની જરથોસ્તી બાળક–છોકરો યા છોકરી–તેની નવજોત કરી તેને પવિત્ર ધર્મમાં લેવામાં આવે છે. નવજોત થતા બાળકની ઉંમર ૭ થી ૧૫ વર્ષની અંદર હોવી જરૂરી છે. નવજોત યાને 'નવો જોતી' યાને ધર્મમાં દાખલ થનાર (New Initiate). નવજોત વખતે બાળકને અવસ્તાના પવિત્ર મંત્રો ઉચ્ચાર સાથે સફેદ પહેરણ 'સદરો' કે જે ૯ ભાગોનો બનેલો હોય છે તે પહેરાવવામાં આવે છે. અને ત્યાર પછી ઘેટાંના ઊનની વણેલી જનોઈ જેને 'કુસ્તી' કહે છે તે અવસ્તાના કલામો સાથે કમર ઉપર ૩ આંટા ફેરવી બાંધવામાં આવે છે. આ પહેરણ 'સદરો-કુસ્તી' દરેક પારસી જરથોસ્તીઓને પોતાના શરીર પર જીંદગીના છેલ્લા શ્વાસ સુધી રાખવાનું ફરમાન ધર્મ આપે છે. કુસ્તી એક કમર-બંદ છે કે જે માનવીને હંમેશ યાદ અપાવે છે કે તે ખુદાનો બંદો યાને (Servant) છે અને તેને ખુદાનો ડર રાખી તેના અપાયેલા ધર્મના ફરમાનો ઉપર અમલ કરવાનો છે.

મરણ બાદ લાશને ઠેકાણે પાડવાની જરથોસ્તી ધર્મની સૂર્યદાની રૂઢી

મરણ બાદ માનવીનો આત્મા અમર છે કે જે મીનોઈ યાને Spiritual દુનિયા તરફ આગળ વધે છે જ્યારે તેનું નાશવંત શરીર કે જે

એક મુરદાર વસ્તુ બને છે તેને નસો (Putrefaction) કહે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે અગ્નિ, જમીન, પાણી, ઝાડપાન આ બધી ઈશ્વરની આપેલી ભલી પેદાયશો છે કે જેને આપણે ખરાબ કરી શકીએ નહીં. તેથી ધર્મના ફરમાન મુજબ એક જરથોસ્તીની લાશને અગ્નિદાહ, ભૂમિદાહ, જળદાહ કરવાની સખ્ત મનાઈ ફરમાવી છે.

શરીર નાશવંત છે તેથી તેનો ઊતાવળે જેમ બને તેમ જલ્દીથી તેનો નિકાલ કરવો જોઈએ કારણ કે મુરદાર શરીરમાં કોહવાટ શરૂ થાય છે. તેથી ધર્મ પ્રમાણે એક જરથોસ્તીની લાશને ગુજરવા બાદ સ્નાન કરાવી સદરો-કુસ્તી-કપડાં પહેરાવી, તેના ઉપર **અવસ્તા** શ્લોકના મંત્રોચ્ચાર કરી તેને પહાડની ઉપર બનાવેલી ઊંચી જગ્યા ઉપર બાંધેલા એક કુવા કે જેને **'દખ્મા'** કહે છે ત્યાં મૂકવામાં આવે છે. ત્યાં શરીરભક્ષી પક્ષીઓ ગીધ-સમડી વગેરે તેનો થોડા સમયમાં નાશ કરે છે. તે ઉપરાંત સૂર્યના કિરણો એ શરીરને ઊતાવળે સૂકવી નાંખે છે. આ રૂઢીને અવસ્તામાં 'ખુરશેદ-નગીરશની' યાને 'સૂર્યની નજર' કહે છે.

ખુરશેદ-નગીરશની કરી, માંસાહારી પક્ષીઓ પાસે લાશ ખવડાવી, લાશનો નિકાલ કરવાની રૂઢી એક તદ્દન કુદરતી રૂઢી છે અને એ હજારો વર્ષ પૂર્વે ઈરાન દેશમાં કે જ્યાં આર્યન પ્રજા વસતી હતી ત્યાં પણ આ રૂઢી જાયજ હતી.

આજથી ૧૫૦૦ વર્ષ પૂર્વે ઈરાન જમીન ઉપર આર્યન પ્રજા રાજ કરતી હતી અને તેઓ જરથોસ્તી મઝહબ (ધર્મ) પાળતા હતા. કમનસીબે, ૭મી સદીની શરૂઆતમાં એ આર્યન પ્રજા અરબ-મુસ્લિમોના હાથે પરાજય પામી અને જરથોસ્તી ધર્મ નાશ પામ્યો. એ ધર્મને જીવંત રાખવાને માટે તે વખતના અમારા પૂર્વજોએ ઈરાન છોડ્યું અને ધર્મની જાળવણીને ખાતર હિંદુસ્તાનની પાવન ભૂમિ ઉપર આશરો લીધો.

ઈરાનની ભૂમિ છોડી, હિંદ તરફ વહાણોમાં બેસી આવેલા આર્યનો જેઓ ઈરાનના પાર્સ પ્રાંતમાંથી આવ્યા હતા તેથી હિંદમાં આગમન બાદ તેઓ 'પારસી' કહેવાયા અને તેઓ જરથુસ્ત પયગમ્બરના–એક ઈશ્વરવાદી ધર્મના અનુયાયીઓ હોવાથી તેઓ 'જરથોસ્તી' કહેવાયા.

ઈરાન સરઝમીન છોડી, હિંદ ભૂમિ ઉપર આવનાર પારસી જરથોસ્તીઓએ હિંદ ભૂમિને પોતાની માતૃભૂમિ અને કર્મભૂમિ બનાવી અને દૂધમાં સાકર જેમ બીજી અન્ય કોમો સાથે ભળી ગયા.

✷ ✷✷

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત ૭૭મી વ્યાખ્યાનમાળામાં તા. ૨૯-૦૮-૨૦૧૧ ના રોજ આપેલ વ્યાખ્યાન.)

૨૨, હોરમઝ બિલ્ડિંગ, દાદોજી કોન્ડદેવ રોડ, ભાયખાલા,
મુંબઈ-૪૦૦ ૦૨૭. ફોન : ૦૨૨ ૨૩૭૧૬૭૯૯.
મોબાઈલ : ૦૯૮૨૦૩ ૭૯૭૮૧.

ફ્લોરાઈડ ટૂથપેસ્ટ અને એટમબૉમ્બ

□ ગોર સ્મીથ

[કેટલાક વર્ષો પહેલાં એ કલ્પના પણ નહોતી થઈ શકતી કે ટૂથપેસ્ટ અને એટમબૉમ્બ વચ્ચે આટલો નિકટનો સંબંધ હોઈ શકે છે. પરંતુ માણસના વિનાશ માટે બનેલા પદાર્થોનો કેટલી ચતુરાઈથી આપણા દૈનિક જીવનમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ છેલ્લી અડધી શતાબ્દીના સંઘર્ષે ફરી એકવાર સિદ્ધ કરી દીધું છે. જો અમેરિકા જેવા ટેકનિકલી શિક્ષિત અને વિજ્ઞાનને લીધે જાગૃત કહેવાતા સમાજની સાથે ત્યાંની કંપનીઓ આટલો ખતરનાક ખેલ ખેલી શકતી હોય તો તેઓ ભારત, એશિયા અને આફ્રિકાના ત્રીજી દુનિયાના દેશોની સાથે એવો વ્યવહાર કરતી જ હોય. પરમાણુ ટેકનીકની અમાનવીયતાને ઉજાગર કરતો મહત્ત્વપૂર્ણ લેખ. સં.]

'પ્રદૂષણ, પ્રદૂષણ! તમે નવી નવી ટૂથપેસ્ટનો ઉપયોગ કરો અને પછી તમારું મોં ઔદ્યોગિક કચરાથી ધોઈ નાંખો.' હાવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર અને વ્યંગકાર ટૉમ લેહરે જ્યારે આ લખ્યું હશે ત્યારે તેમને કદાચ એ વાતનો ખ્યાલ પણ નહીં હોય કે 'નવિનતમ ટૂથપેસ્ટ'નું એક મહત્ત્વપૂર્ણ અંગ ઔદ્યોગિક કચરો જ છે. ફ્લોરાઈડવાળી ટૂથપેસ્ટમાં સોડિયમ મોનોફ્લોરોફોસ્ફેટ હોય છે જેને એક વખત રાસાયણિક અસ્ત્ર માનવામાં આવતું હતું. આ ઉપરાંત થ્રૂરો સિલિસિક એસિડ જેનો ૯૦ ટકા ઉપયોગ સ્થાનિક સ્વયંશાસિત સંસ્થાઓ પીવાના પાણીની સફાઈ માટે કરે છે વાસ્તવમાં તે રાસાયણિક ખાતરના કારખાનાંઓની સફાઈમાંથી નીકળેલો હોય છે. એ પણ એક સત્ય છે કે આપણે જાતે બ્રશથી લઈને ફ્લશ સુધી અનેક પ્રકારની વિચિત્રતાઓથી ઘેરાયેલા છીએ.

અનેક વર્ષોથી વૈજ્ઞાનિકો અને દાંતના ડૉક્ટરો ટૂથપેસ્ટ અને પીવાના પાણીમાં થતા ફ્લોરાઈડના ઉપયોગને પ્રતિબંધિત કરવાની માંગણી કરી રહ્યા છે. છેવટે ૭ જાન્યુઆરી, ૨૦૧૧એ અમેરિકાના ખાદ્ય અને માનવસેવા વિભાગે (ડી.એચ.એચ.એસ.) આ સમસ્યા પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. દાંતોમાં ડાઘ પાડતા દંતફ્લોરોસીસ નામની મહામારીનું ઉદાહરણ આપતાં આ વિભાગે કહ્યું છે કે અમેરિકાના ૧૨ થી ૧૫ વર્ષની વચ્ચેના અંદાજે ૪૧ ટકા બાળકો દંતફ્લોરોસીસ નામની મહામારીથી પીડાય છે. આ વિભાગે માગણી

કરી છે કે પાણીમાં ફ્લોરાઈડની માત્રા લગભગ અડધી એટલે કે દર દસ લાખે (પીપીએમ) ૧.૨ ભાગ ઘટાડીને દર દસ લાખે ૦.૭ કરી દેવામાં આવે. આમ તો આ પ્રક્રિયામાં આટલો લાંબો સમય નહોતો લાગવો જોઈતો. ૧૯૯૧માં અમેરિકાના ખાદ્ય અને ઔષધિ સંસ્થા (એફ.ડી.એ.)એ ટૂથપેસ્ટ ટ્યૂબ ઉપર ચેતવણી લખી દીધી હતી– 'એને ગળવી નહીં અને ૬ વર્ષથી નીચેના બાળકોને માત્રા વટાણાના દાણા જેટલી જ પેસ્ટ આપવી.' આ ઉપરાંત કંઈ પણ થાય તો માતા–પિતાએ નજીકના વિષનિયંત્રણ કેન્દ્રનો સંપર્ક કરવો એવી સલાહ પણ આપી હતી. વટાણાના દાણા જેટલી પેસ્ટમાં દર દસ લાખે ૧૦૦૦મો ભાગ ફ્લોરાઈડ રહેતો હતો. તેથી ટૂથપેસ્ટ બનાવનારાઓએ દવાનો સ્વાદ લાગે એવી ટૂથપેસ્ટ બનાવવી જોઈતી હતી. પરંતુ તેમણે એને બદલે બાળકોને માટે હોવાથી એવી ટ્યૂબ બનાવી જેનો સ્વાદ સ્ટ્રોબેરી જેવો હતો.

પરંતુ ટૂથપેસ્ટનો ઉપયોગ કરીએ કે એનો ઉપયોગ ન કરીએ તો પણ આપણે ફ્લોરાઈડથી બચી શકતા નથી. કારણ કે આ રસાયણ તો પાણીના નળ દ્વારા પણ તમારા ઘરમાં આવી રહ્યું છે. અને અમેરિકામાં ૨/૩ ઘર એવાં છે જ્યાં આ પાણીનો ઉપયોગ થઈ રહ્યો છે. આનો પ્રચાર કરનારાઓનો દાવો છે કે ફ્લોરીડેશન (ફ્લોરિકરણ) સુરક્ષિત અને અસરકારક છે. પરંતુ એનું પ્રમાણ કહે છે કે બંને દાવા શંકાસ્પદ છે. આ ઉપરાંત એના આલોચકોનું કહેવું છે કે ફ્લોરિકરણનો માપદંડ સ્વાસ્થ્ય પ્રક્રિયાઓનું પણ ઉલ્લંઘન કરે છે. કોઈ એક વ્યક્તિને ડોઝ આપીએ એને બદલે વ્યાપક સ્તરે સામૂહિક દવાનો ડોઝ આપવાથી જુવાન, ઘરડાં, સ્વસ્થ અને રોગી બધાં પર અસર થાય છે.

જરા વિચારો, ફ્લોરાઈડયુક્ત પાણી પીવાથી તમારા દાંત સુરક્ષિત રહે છે તો શું શેમ્પુ પીવાથી તમારા વાળ ચમકવા માંડશે! (એમ આ તર્કને ધ્યાનમાં રાખીને નોવાર્ટિજ કંપનીએ અંગૂઠા પર થતા ફંગસના ઉપચાર માટે લોકોને લેમિસિલની ગોળીઓ ખાવાને માટે પ્રોત્સાહિત કર્યા પછી ખબર પડી કે આ ગોળીઓ કિડનીને પણ નુકસાન કરે છે.) આમ તો ડી.એચ.એચ.એસ.ની જાહેરાત પછી ફ્લોરિકરણની પ્રક્રિયાને ૧૯૬૨ પછી પહેલી વાર ધક્કો લાગ્યો છે. ત્યારે એની માત્રા ૧.૨ પીપીએમ નક્કી કરવામાં આવી હતી. ૧૯૬૨માં પેન્ટાગનના અધિકારી રિપ્પરે આખા અમેરિકામાં ફરીને ફ્લોરાઈડના દુર્ગુણોની વાતનો પ્રચાર કર્યો હતો. બીબીસીના સંવાદદાતા બ્રાઈસન અને એક ડૉક્ટર લેખક જોએલ ગ્રિફિથે 'ક્રિશ્ચિયન સાયન્સ મોનિટર'માં એક ગોપનીય દસ્તાવેજનો હવાલો આપીને લેખ લખ્યો કે ફ્લોરાઈડનો બદબૂ દૂર કરનારા પદાર્થ તરીકે પેન્ટાગને પરમાણુ બૉંબને પ્રોત્સાહિત કરતા શરૂઆતના કાર્યક્રમો સાથે જોડી દીધું.

આની પાછળની વાત સંક્ષિપ્તમાં જાણવી જરૂરી છે. પેન્ટાગનના બૉંબ બનાવનારાઓને યુરેનિયમ હેકસા ફ્લોરાઈડ બનાવવા માટે ફ્લોરિનની જરૂર હતી. ૧૯૪૬માં ન્યૂજર્સીના ડીપ વોટરમાં આવેલા ડ્યૂપોંટના ગુપ્ત હથિયાર બનાવતા કારખાનાઓમાં અકસ્માત થયો. પરિણામે કેટલાક ખેડૂતોએ એમના ખેતરો પ્રદૂષિત થયા હોવાથી કાયદાકીય કાર્યવાહી કરવા વિચાર્યું. આ કાયદાકીય દાવાનો મુકાબલો કરવા (બૉંબ બનાવવાના કાર્યક્રમને ગુપ્ત રાખવા માટે) પેન્ટાગને ફ્લોરાઈડ ઝમતું હતું તેને ષડયંત્રથી 'હિતેચ્છુ' કે માણસને અનુકૂળ કહીને ફરી વ્યાખ્યાયિત કરી દીધું. જૂના દસ્તાવેજો કહે છે કે સ્થાનિક લોકોને ફ્લોરાઈડના ડરથી ઉગારવા માટે ફ્લોરાઈડ દાંતના સ્વાસ્થ્ય માટે કેટલું ઉપયોગી છે એ વિષય પર વ્યાખ્યાનોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. મેનહટન યોજનાના ફ્લોરાઈડ વિષવિજ્ઞાની હેરાલ્ડ સી. હાજના દિમાગની આ ઉપજ હતી.

ફ્લોરિકરણની પ્રક્રિયાના સ્તરને અડધે લાવવામાં અડધી શતાબ્દીનો સમય લાગ્યો. પરંતુ સમીક્ષકોનો મત છે કે આ પણ ત્યાં સુધી જ રહેશે જ્યાં સુધી પીવાના પાણીનો રાષ્ટ્રીય વિભાગ એનો સ્વીકાર નહીં કરી લે. જો આવું થાય તો નવો માપદંડ નક્કી થાય, તો પણ અમેરિકામાં દર ૨૦૦ બાળકોમાંથી એકને દંત ફ્લોરોસીસની અસર રહેશે. રાષ્ટ્રીય શોધ પરિષદે (એન.આર.સી.) ફ્લોરાઈડને 'હાડકાં તૂટવા કે હાડકા વાંકાચૂકાં થઈ જવા સાથે જોડ્યું છે. એને સામાન્ય રીતે ભૂલથી 'સંધિવા' તરીકે ઓળખવામાં આવે છે.

ડી.એચ.એચ.એસ.ના ઐતિહાસિક ફૅંસલા પછી ફ્લોરાઈડ એક્સન નેટવર્કના નિર્દેશક અને 'ધ કેસ અગેન્સ્ટ ફ્લોરાઈડ' નામના પુસ્તકના લેખકને આશા છે કે હવે ફ્લોરાઈડના દિવસો ભરાઈ ચૂક્યા છે. એમનું કહેવું છે કે 'આપણે હવે પર્યાવરણ સંરક્ષણ એજન્સીના જળવિભાગ તરફ ધ્યાન આપવું જોઈએ. જેથી આપણે આપણું કામ ઈમાનદારીથી કરી શકીએ અને ફ્લોરાઈડે જે પરમાણુ હથિયારોને શક્ય બનાવ્યા તેને પણ સમાપ્ત કરી શકીએ. ✷ ✷

(સૌજન્ય : સર્વોદય પ્રેસ સર્વિસ, એમદાવાદ-૩૮૦ ૦૧૪)

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો (પૃષ્ટ ૨૯ થી ચાલુ)

સૌધર્મ દેવલોકના ઈન્દ્ર પ્રભુની ભક્તિમાં એકાકાર થઈ જાય છે. એ માટે વૃષભનું રૂપ લે છે. મસ્તક પરના શૃંગમાં જળ ભરે છે. પ્રભુને અભિષેક કરે છે. એક સર્વ શક્તિમાન દેવ પોતાનું પદ, પોતાની શક્તિ, પોતાનું સામર્થ્ય ભૂલીને પ્રભુભક્તિમાં લીન થઈ જાય છે. શા માટે? કેમ કે પ્રભુની ભક્તિનો આવો અવસર ફરી ક્યારે મળશે તેની ખબર નથી. પ્રભુ સાથેની હરપળ જીવનનો આનંદ આપે છે. કર્મનો ક્ષય આપે છે. આત્માનો ઉદ્ધાર આપે છે. આવો અપૂર્વ અવસર કેમ ચૂકાય? આ શ્રદ્ધા છે.

આવી શ્રદ્ધા જોઈએ. આવી ભક્તિ જોઈએ. ✷ ✷ ✷

સંતોષ ટાવર, લોખંડવાલા કોમ્પલેક્સ, અંધેરી, મુંબઈ.

જૈન સાહિત્ય ગ્રંથ ગૌરવ–૨૦

શ્રી હેમચંદ્રાચાર્ય રચિત યોગશાસ્ત્ર

❑ ડૉ. કોકિલા એચ. શાહ

વિદુષી લેખિકા મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ. ડી. વિદ્યાર્થીના માર્ગદર્શક અને સોમૈયા જૈન સેન્ટરના માનદ પ્રાધ્યાપિકા તેમ જ જૈન તત્ત્વચિંતનના ગુજરાતી તેમ જ અંગ્રેજી પુસ્તકોના કર્તા છે.

'કલિકાલ સર્વજ્ઞ' આચાર્ય હેમચંદ્ર એક મહાન, વિરલ વિભૂતિ હતા. તેમનું વ્યક્તિત્વ વિરાટ હતું. ગુજરાતની અસ્મિતાને જાગૃત કરવામાં તેમનો અનોખો ફાળો છે. ફક્ત ગુજરાતના ઈતિહાસમાં જ નહીં પરંતુ જૈન પરંપરામાં પણ તેમનું સ્થાન મહત્ત્વનું છે. વિદ્વાનોના મત પ્રમાણે તેઓ જ્ઞાનના મહાસાગર હતા, એક જીવંત શબ્દકોષ હતા. તેમણે નવું વ્યાકરણ રચ્યું, તર્કશાસ્ત્ર રચ્યું, છંદશાસ્ત્ર રચ્યું, અલંકાર શાસ્ત્ર રચ્યું, તીર્થંકર ચરિત્ર લખ્યું અને નવું યોગશાસ્ત્ર પણ પ્રગટ કર્યું. આમ જ્ઞાનની વિવિધ શાખામાં ડૂબકી મારી નિપુણતા પ્રાપ્ત કરી અને ૨૧ વર્ષની વયે આ જૈનસાધુએ સૂરિપદ પ્રાપ્ત કર્યું અને વિપુલ સાહિત્ય સર્જન કર્યું. કહેવાય છે કે તેમણે રચેલ શ્લોકોની સંખ્યા સાડાત્રણ કરોડથી પણ વધુ છે. વ્યાકરણ વિષેનો તેમનો 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથ પ્રખ્યાત છે. તેમના અન્ય ગ્રંથોમાં કાવ્યાનુશાસન, કુમારપાળ ચરિત્ર, પ્રમાણમીંમાસા, ત્રિશષ્ટિશલાકાપુરુષ, વીતરાગ સ્તોત્ર અને યોગશાસ્ત્ર નોંધપાત્ર છે. આમ તત્ત્વજ્ઞાન અને સાહિત્યના ક્ષેત્રમાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. તેમની જૈનશાસન પ્રભાવના નોંધપાત્ર છે. હેમચંદ્રાચાર્યના ઉપદેશથી મહારાજા કુમારપાળ ખરેખરી રીતે જૈન ધર્મી થયા હતા અને આખા ગુજરાતને પણ એક નમુનેદાર જૈન રાજ્ય બનાવવાનો તેમણે પ્રયાસ કર્યો હતો. આખા રાજ્યમાં સર્વને અભયદાન આપ્યું તેમજ લોકો મદ્યપાન અને માંસાહારનો ત્યાગ કરતા થયા.

કુમારપાળ મહારાજાની પ્રાર્થનાથી રાજાને સ્વાધ્યાય કરવા માટે હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રની રચના કરી જે અતિ મનોહર અને સાદી શૈલીમાં જૈનધર્મનું રહસ્ય દાખવનાર અને આત્માને ઉચ્ચ પરિણતિ પર લાવનાર વિલક્ષણ ગ્રંથ છે. આમ તો જૈન દર્શનમાં યોગવિષયક અનેક ગ્રંથો છે. પણ હેમચંદ્રાચાર્યે તેમના ગ્રંથમાં શ્રાવકાચારને મહત્ત્વ આપ્યું છે તથા સ્વાનુભવથી ધ્યાનની જે પ્રક્રિયા વર્ણવી છે તેને લીધે આ ગ્રંથ અદ્વિતીય બની રહે છે. ૧૨ પ્રકાશમાં વિભાજિત અને ૧૦૦૯ શ્લોકયુક્ત આ ગ્રંથમાં તેમણે યોગની મુક્તકંઠે પ્રશંસા કરી છે અને તેનો પ્રભાવ બતાવ્યો છે–'अहो योगस्य माहात्म्य.' જૈનશાસ્ત્રમાં આ 'યોગશાસ્ત્ર' પ્રસિદ્ધ છે. તેની ભાષા સંસ્કૃત છે. આ ગ્રંથનો મુખ્ય વિષય મન, વચન અને કાયાના યોગોને સ્થિર કરી મુમુક્ષુઓને મોક્ષમાર્ગ બતાવવાનો છે. ગ્રંથના પ્રથમ શ્લોકમાં યોગનો સાર બતાવતાં કહ્યું છે-'ઘણી મહેનતે દૂર કરી શકાય એવા રાગાદિ શત્રુઓના સમૂહનું નિવારણ કરનાર અર્હત્, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીરને નમસ્કાર કરું છું.'

મંગલાચરણ રૂપ આ સ્તુતિ શુભ ચારિત્રસૂચક છે. હિંદુ ધર્મમાં મહર્ષિ પંજતલિએ યોગના અષ્ટ અંગોનું વર્ણન કર્યું છે. આચાર્ય હેમચંદ્રે આ અષ્ટાંગયોગની જૈન પરંપરા અનુરૂપ યોજના કરી છે. સદાચાર યોગનો પાયો છે. યોગશાસ્ત્રમાં યમ અને નિયમ વ્રતોમાં આવી જાય છે. આસનનો પણ બંને પરંપરામાં સ્વીકાર છે. યોગશાસ્ત્રમાં પ્રાણાયામના પ્રકાર જણાવ્યા છે પરંતુ તેની આવશ્યકતા વિષે મતભેદ છે. પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિને પણ જૈનયોગમાં સ્થાન છે. બહિરાત્મદશા છોડી ધર્મધ્યાન માટે મનને નિશ્ચલ કરવું એમ યોગશાસ્ત્રમાં કહ્યું છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું વિગતવાર વર્ણન યોગશાસ્ત્રમાં છે. યોગસાધનાની વિવિધ પરંપરાઓ અને અનેક પદ્ધતિઓનું અંતિમ લક્ષ્ય આત્મભાવની પ્રાપ્તિ છે.

હેમચંદ્રાચાર્યના મત પ્રમાણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થોમાં મોક્ષ ઉત્તમ છે અને યોગ તેની પ્રાપ્તિમાં છે. યોગાભ્યાસ નિર્વાણસાધક છે. યોગ એટલે મોક્ષ સાથે યોજન કરાવનાર ધર્મવ્યાપાર. અર્થાત્ મોક્ષના સાધનરૂપ જે જે છે તે યોગ છે. આત્મામાં અનંત શક્તિ છે. આ શક્તિનો પૂર્ણ વિકાસ કરી પરમાત્મા બનવાની શક્તિ આત્મામાં રહેલી છે. આમ હેમચંદ્રાચાર્ય કહે છે કે આત્મશક્તિના પૂર્ણ વિકાસનું સાધન યોગ છે. જીવનનો પરમ પુરૂષાર્થ મોક્ષ છે. એની સાધનામાં જીવનમુક્ત દશા પ્રાપ્ત કરવી એ જ ધ્યેય છે. અર્થાત્ સાધનાનો મૂળ હેતુ જીવનશુદ્ધિ છે જે દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ શક્ય બને છે. યમ નિયમ આચારધર્મ સાથે સંબંધ ધરાવે છે, જેના દ્વારા વિકાસ પથમાં આગળ પ્રયાણ કરી શકાય છે. સાચું સુખ અંતરમાં છે. બાહ્ય પદાર્થોમાં નહીં. પરમ આનંદ પ્રાપ્ત કરવા માટે ચિત્તની પ્રસન્નતા, સ્થિરતા એક માત્ર ઉપાય છે. યોગ એ ધ્યાનમાં સ્થિર થવાની એક પ્રક્રિયા છે. અને એ દૃષ્ટિએ ધર્મમાં તેનું મહત્ત્વ છે. ધ્યાનનું ફળ સમતા છે. સમતા એ સર્વ જૈન આચારનો મૂળ પાયો છે. સમતાપ્રાપ્તિ માટે યોગસાધનાની આવશ્યકતા છે. વિશ્વના લગભગ બધા જ ધર્મો આ જ માર્ગથી દુઃખમાંથી મુક્ત થવાનો ઉપદેશ આપે છે.

પતંજલિએ યોગસૂત્રમાં 'योगश्चित्तवृत्ति निरोध' કહી ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહેલ છે. ગીતામાં કહ્યું છે–'समत्व योगमुच्यते'– સમતા એ જ યોગ છે. આમ બધા જ દર્શનોમાં યોગનો અર્થ એક જ છે. આધ્યાત્મિક સાધનાનું મૂળ સમતા છે. જૈન શાસ્ત્રોમાં ગુણસ્થાન ક્રમારોહનું ધ્યેય કષાયમુક્તિ છે જે સમતા ઉત્પન્ન કરે છે. સમતાપ્રાપ્ત કરવા માટે યોગ સર્વોત્કૃષ્ટ સાધન છે. યોગના સાચા અધિકારી થવા માટે સંસારનો બાહ્ય ત્યાગ એ કાંઈ અનિવાર્યપણે આવશ્યક વસ્તુ નથી પણ સાચું મુમુક્ષુપણું આવશ્યક છે. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ સાચો મુમુક્ષુ યથાયોગ્ય પણે યોગ સાધી શકે છે. હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર રાજર્ષિ કુમારપાળ માટે જ તૈયાર કરવામાં આવ્યું હતું અને એક રાજવીના જીવનમાં જો યોગનું સ્થાન હોય તો, ગૃહસ્થના જીવનમાં પણ તે અશક્ય નથી. 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં શ્રાવકાચાર–ગૃહસ્થના વ્રતો, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, ધ્યાન, કાયોત્સર્ગ વગેરે ક્રિયાઓનું વર્ણન કર્યું છે. યોગનો પ્રભાવ અપરંપાર છે. યોગીઓને લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. 'યોગના પ્રભાવે સર્વ વિપત્તિઓનો નાશ થાય અને મુક્તિરૂપી લક્ષ્મી પ્રાપ્ત થાય છે.' (૫) વળી એમ પણ કહ્યું છે–'ચિરકાળથી ઉપાર્જન કરેલાં પાપોને યોગ એવી રીતે નષ્ટ કરી દે છે જેવી રીતે ઘણા લાકડાઓના ગંજને અગ્નિ ક્ષણવારમાં ભસ્મ કરી નાંખે છે.

બાળકથી માંડીને મહાપંડિત સર્વને આ યોગશાસ્ત્ર ઉપયોગી છે. સંસારી જીવોને આચાર્યશ્રીએ મોક્ષનો માર્ગ બતાવ્યો છે. આ શાસ્ત્રની રચના ઘણી જ આકર્ષક છે. યોગશાસ્ત્ર પર પ્રાચીન ગુજરાતી ભાષામાં બાલાવબોધ ઉપલબ્ધ છે.

જૈન પરંપરામાં યોગસાધનાનું મહત્ત્વ છે. પ્રાચીન જૈનશાસ્ત્ર આચારાંગમાં સૂક્ષ્મતાથી યોગસાધનાનું વર્ણન જોવા મળે છે. સૂત્રકૃતાંગમાં પણ સાધનાપથ દર્શાવ્યો છે જેમાં વ્રતની મહત્તા પર વિશેષ ભાર મૂક્યો છે. કષાયવિજય જૈનયોગનો સાર છે. જેથી મન પર નિયંત્રણ આવશ્યક છે એમ કહ્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં દર્શન, જ્ઞાન, ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે. ઘણા જૈનાચાર્યોએ પણ યોગસાધના પર પ્રકાશ પાડ્યો છે. પરંતુ હેમચંદ્રાચાર્યનું યોગશાસ્ત્ર વિશિષ્ટ છે. તેમણે ઉમાસ્વાતિ પ્રણિત સાધનામાર્ગનું અનુસરણ કર્યું છે. પણ રત્નત્રયીની અજોડ પરિભાષા આપી છે. અને પોતાની આગવી શૈલીમાં સાધનાપથ રજૂ કર્યો છે અને 'યોગશાસ્ત્ર' નામ રાખ્યું છે જે સુસંગત છે. શરૂઆતમાં જ મોક્ષનો માર્ગ દર્શાવતા યોગ અને રત્નત્રયીની એકાત્મતા પ્રતિપાદિત કરવામાં આવી છે. (૧–૧૫). જૈન ધર્મની સાધનાપદ્ધતિ એટલે મોક્ષમાર્ગ જેના ત્રણ અંગ છે. (૧) સમ્યક્ દર્શન (૨) સમ્યક્ જ્ઞાન (૩) સમ્યક્ ચારિત્ર. શાસ્ત્રનો આધાર લઈ સ્વસંવેદનથી આ કૃતિ આચાર્યશ્રીએ લખી છે અને યોગનું સામર્થ્ય વર્ણવતા તેઓ કહે છે કે યોગ વિપત્તિઓનો નાશ કરનાર છે. અનેક લબ્ધિઓ યોગથી પ્રાપ્ત થાય છે–'અહો, योगस्य माहात्म्यं' કહી કહે છે–ભરતરાજા અરિસાભવનમાં યોગના પ્રભાવથી કેવલજ્ઞાન પામ્યા, મરૂદેવા યોગના સામર્થ્યથી પરમપદ પામ્યા. આમ કહી, યોગની આવશ્યકતા બતાવી છે. આમ કહી મહત્ત્વની વાત કહી છે–યોગ એટલે જ્ઞાનયોગ, દર્શનયોગ અને ચારિત્રયોગ. જ્ઞાનથી જાણેલ તત્ત્વો દર્શન–શ્રદ્ધાથી નિર્ણય કરેલ માર્ગ પ્રમાણે ક્રિયા કરવી–સર્વ પાપકાર્યોનો ત્યાગ કરવો એ ચારિત્રયોગ છે અને અહિંસાદિ વ્રતનું પાલન કરવું તે ચારિત્ર છે. દરેક વ્રતની ભાવનાઓની પણ ચર્ચા કરી છે. શ્રદ્ધા વિનાનું જ્ઞાન નિરર્થક છે અને ક્રિયાથી જ તે ફળદાયી બને છે. આમ 'ज्ञानक्रियाभ्यां मोक्षः' એ સિદ્ધાંત પ્રતિપાદિત થાય છે.

હવે યોગશાસ્ત્ર ગ્રંથની વિષયસંકલના વિષે સંક્ષેપમાં જોઈએ. આ શાસ્ત્ર કુલ ૧૨ પ્રકાશમાં વિભાજિત છે.

(૧,૨) પ્રથમ અને દ્વિતીય પ્રકાશમાં યોગને મોક્ષનું કારણ દર્શાવી જ્ઞાનયોગ, દર્શનયોગ અને ચારિત્રયોગનું વર્ણન છે, જેમાં નીતિશાસ્ત્ર, ચારિત્રધર્મનો સમાવેશ થઈ જાય છે. તેમજ વિસ્તારથી યોગનો મહિમા વર્ણવતાં લબ્ધિઓની ચર્ચા કરી છે.

(૩) ત્રીજા પ્રકાશમાં દિક્‌વ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતોનું વર્ણન છે. તે ઉપરાંત વ્યસન વિષે જે શાસ્ત્રોમાં કહ્યું છે તેની ચર્ચા પણ છે. માંસત્યાગ, મદિરાથી થતા દોષ, રાત્રિભોજન, સામાયિક વગેરેની ચર્ચા કરી છે. બાર વ્રતો અને તેના અતિચારોનું વર્ણન અને છેવટે શ્રાવકની દિનચર્યાનું વર્ણન છે.

(૪) ચોથા પ્રકાશમાં કષાયનું સ્વરૂપ અને તેના પર વિજય કેવી રીતે પ્રાપ્ત થાય, મનઃશુદ્ધિ તથા રાગદ્વેષ જીતવાના ઉપાયો, સમભાવ તેમ જ તેની નિષ્પત્તિ માટે બાર ભાવનાઓનું સુંદર વિવેચન છે. ત્યારબાદ મૈત્રી આદિ ચાર ભાવના, ધ્યાન અને આસન વિષે કહ્યું છે. અમુક જ આસન કરવું જોઈએ એવો કોઈ આગ્રહ નથી. સર્વ આસનોમાંથી પોતાને યોગ્ય કોઈપણ આસન લઈ શકાય.

(૫) પંચમ વિભાગમાં પ્રાણાયામ અને તેના પ્રકારો બતાવ્યા છે. મોક્ષ માટે પ્રાણાયામની અનિવાર્યતા નથી પરંતુ શરીર માટે તેની ઉપયોગિતા બતાવી છે. પ્રાણાયામના ફળસ્વરૂપે શરીરને થતા ફાયદાની ચર્ચા છે.

(૬) છઠ્ઠા પ્રકાશમાં પ્રત્યાહાર અને ધારણા વિષે છણાવટ કરી છે.

(૭) સાતથી અગિયાર પ્રકાશમાં ધ્યાન વિષે ધ્યાનના પ્રકારો વિષે–પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત તેમ જ આજ્ઞાવિચય વગેરે પ્રકારોની ચર્ચા છે. તે ઉપરાંત, મંત્રમયી દેવતાનું ધ્યાન, પંચપરમેષ્ઠિ મંત્રનું ધ્યાન, હ્રીંકાર વિદ્યાનું ધ્યાન વગેરેનું વર્ણન છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાનની ઉપાદેયતા વિષે ચર્ચા છે. જૈનદર્શન પ્રમાણે ધ્યાનયોગ શાસ્ત્રોનો સાર છે.

આ રીતે અગિયાર પ્રકાશમાં યોગના અંગોનું વિસ્તારથી વર્ણન કરી છેલ્લે ૧૨મા પ્રકાશમાં આ શાસ્ત્ર પૂર્ણ કરતાં સ્વાનુભવ પર આધારિત મનની ચાર અવસ્થાનું વર્ણન જોવા મળે છે. આત્માના

વિકાસક્રમમાં બહિરાત્મભાવ, અંતરાત્મા અને પરમાત્મસ્વરૂપ એવો ક્રમ બતાવ્યો છે.

ટૂંકમાં યોગમાર્ગનું તલસ્પર્શી વિવેચન 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં છે. શ્રાવકાચાર, નીતિશાસ્ત્ર, વ્રતો, નિયમો, સમિતિ, ગુપ્તિ આદિનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આ રીતે તેમણે યોગશાસ્ત્રમાં તત્ત્વજ્ઞાન અને દર્શનનો ભંડાર ઘણી ખૂબીથી ભરી દીધો છે અને યોગનો હેતુ સ્પષ્ટ કર્યો છે. યોગની સાધના દ્વારા સાધક અંતિમ ગુણસ્થાન સુધી પહોંચી શકે છે. અને ધ્યાનની તે અવસ્થા પ્રાપ્ત કરે છે જે થકી તે આત્મસમાધિમાં લીન બની જાય–જેને જૈન પરિભાષામાં શુક્લધ્યાન કહે છે. સાધક અહીં જીવનમુક્ત બની જાય છે. અંતમાં, સર્વદર્શનોમાં યોગનું શાસ્ત્ર સમાન છે, તેમાં કોઈપણ ભેદને અવકાશ નથી. 'જાતિવેષનો ભેદ નહીં કહ્યો માર્ગ જે હોય.' અને એની ફળશ્રુતિ છે 'અનંત સુખ સ્વરૂપ' આત્મપદની પ્રાપ્તિ. કહેલ બાહ્ય પદાર્થોમાં સુખની ભ્રાંતિથી નિવૃત્ત પામેલા યોગીઓ પોતાના આત્મસ્વરૂપમાં જ પરમાનંદ પામે છે. પછી ભલે, આ કાળમાં મોક્ષ મળે કે ન મળે, પણ ધ્યાનયોગથી જે પરમાનંદનો અનુભવ થાય છે તેની આગળ જગતના સમગ્ર સુખો તુચ્છ લાગે છે. એમ પણ કહ્યું છે–'જગતને પ્રસન્ન કરવાના પ્રયત્ન વગર પોતાના આત્માની પ્રસન્નતા વડે જ મોક્ષ-પરમપદ પ્રાપ્ત થાય છે. યોગનો મહિમા અપાર છે. યોગીજનો જે ઝંખે છે તે અનંત સુખ સ્વરૂપ આત્મપદ પમાડવું એ જ યોગનું પ્રયોજન છે.

આ રીતે શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર' ગ્રંથની રચના દ્વારા અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કર્યું છે. જેથી જિજ્ઞાસુઓ માટે તે સુગમ બને. આ ગ્રંથની અનેક વિશેષતાઓ છે. યોગસાધનાની પરંપરામાં વિશેષ સાધના પદ્ધતિઓનું માર્ગદર્શન આપતો ગ્રંથ શ્લોકરચના, વિષયસંકલન, ભાષા અને સ્વાનુભવથી વિશિષ્ટ કોટિનો બની રહે છે અને તે આચાર્યશ્રીનું ભારતીય પરંપરામાં અણમોલ પ્રદાન છે.

આપણે પણ 'યોગશાસ્ત્ર'નો અભ્યાસ કરી મમતા છોડી, સમતા ધારણ કરી આ મનુષ્યભવ સફળ બનાવીએ. ✷✷✷

બી-૧૪, કકડ નિકેતન, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭. મોબાઈલ નં ૯૩૨૩૦૭૯૯૨૨..

આદર્શ નાગરિકોનો ઊગમ સાચા શિક્ષણમાં

□ શાંતિલાલ ગઢિયા

સમાજમાં એક મોટી ફરિયાદ ઊઠતી જોવા મળે છે કે દીવો લઈને ગોતવા નીકળીએ ત્યારે માંડ જૂજ વ્યક્તિઓ આદર્શ નાગરિકો તરીકે જોવા મળે છે. કંઈક તથ્ય છે ફરિયાદમાં. આની પાછળ શું કારણ છે? જવાબ મળશે–સાચા શિક્ષણનો, આદર્શ શિક્ષણનો અભાવ.

એક દૃષ્ટાંતકથા યાદ આવે છે. એક જિજ્ઞાસુ કિશોર ગામથી દૂર આવેલા આશ્રમમાં જઈ પહોંચે છે. ગુરુજીને વિનંતી કરે છે કે એને આશ્રમમાં પ્રવેશ આપે. ગુરુજી કહે છે કે જરૂર તું અહીં સર્વે શિષ્યોની સાથે રહી શકે. કસોટી કરવા ખાતર ગુરુજી થોડા દિવસ માટે કિશોરને એક કામ સોંપે છે. આંગણામાં ઊગેલા એક છોડને રોજ પાણી પાવાનું. કિશોરને લાગે છે કે ઓહો, કેટલું સહેલું કામ! તકલીફ એ હતી કે કિશોર સ્વભાવે પ્રમાદી હતો. કળશ લઈને છોડ પાસે આવે. નીચા નમવાને બદલે ઉપર-ઉપરથી પાંદડા પર આમતેમ છંટકાવ કરે. રોજ આમ ચાલ્યા કરે. છોડની વૃદ્ધિ થાય નહિ. એક દિવસ કિશોરને વિચાર આવ્યો: રોજ આ શી માથાકૂટ? ચાલો, ડાળી પર પાણીની કોથળી લટકાવી દઉં. છોડને જોઈતું હશે એટલું પાણી મળતું રહેશે; અને ભાઈ તો લમણે હાથ દઈ બેસી રહે. ગુરુજી બધું જોયા કરે. પછી કિશોરને સમજાવ્યું કે જળસિંચનની આ સાચી રીત નથી, બેટા! મૂળમાં રોજેરોજ થોડું પાણી પાઈએ તો જ છોડ વિકસે.

આજનું શિક્ષણ છોડને લટકાવેલ પાણીની કોથળી છે. વિદ્યાર્થી પર કેટલો બધો ભાર! કદાચ ભૌતિક વજન ઊંચકવામાં બીજી વ્યક્તિ કે વાહન મદદરૂપ થઈ શકે, પણ એના મન-મસ્તિષ્ક પર જે અસહ્ય ભાર છે તેનું શું? વિરાટ અભ્યાસક્રમ અને માહિતીના ભંડારના ડુંગર નીચે કિશોરમન કચડાય છે. આવું શિક્ષણ ક્યાંથી આદર્શ નાગરિકો આપી શકે?

કોને કહીશું સાચું શિક્ષણ? ગાંધી વિચારના સમર્થક કેદારનાથજીના કહેવા પ્રમાણે શિક્ષણ એટલે એવી કેળવણી જે શરીર, મન એ આત્મામાં રહેલાં સર્વશ્રેષ્ઠ તત્ત્વોને બહાર આણે. આ કથનનો વિસ્તાર કરીએ તો સદ્ તત્ત્વોને બહાર લાવવામાં જે મદદરૂપ થાય એ સાચું શિક્ષણ, કારણ કે વ્યક્તિની અંદર આ તત્ત્વો હોય છે, પણ એનાથી એ સભાન હોતી નથી. જાતે એને ચરિતાર્થ કરી શકતી નથી. શિક્ષક એને પ્રોત્સાહિત કરે છે, પ્રેરિત કરે છે. અલબત્ત, આ માટે શિક્ષકે બાળકના હૃદય સુધી પહોંચવું પડે છે. સાચો શિક્ષક જ સાચું શિક્ષણ આપી શકે.

સ્વામી વિવેકાનંદનું ચિંતન આને જ મળતું આવે છે. તેઓ Perfection of Soul એટલે કે આત્માની પૂર્ણતામાં માને છે. દરેકમાં પૂર્ણ આત્મા બિરાજમાન છે. એ અવ્યક્ત છે એટલું જ. શિક્ષક એ પૂર્ણતાને–અખિલાઈને પ્રગટ કરવામાં મદદરૂપ થાય છે. વાસણના

તળિયે ચીટકેલ મલાઈ ઉખેડવા જેવું સરળ આ કામ નથી. ફરીથી કહું કે શિક્ષકે વિદ્યાર્થી સાથે તદ્રૂપ થવાનું હોય છે.

મેં એક વાર્તા લખી છેઃ 'પ્રાયશ્ચિત.' તેમાં એક આદર્શ શિક્ષકની વાત છે. શિક્ષક છાત્રાલયમાં ગૃહપતિ પણ છે. એક દિવસ બે વિદ્યાર્થીઓ ભોજન વેળા કુષ્ઠરોગી વિદ્યાર્થી પ્રત્યે ભેદભાવયુક્ત વ્યવહાર કરે છે. શિક્ષકને દુઃખ થાય છે. જમવાના આસન પરથી ઊભા થઈ જાય છે. ઉદાસ અને વિચારમગ્ન બની કાર્યાલયમાં બેસી રહે છે. પેલા બે છાત્રોને પાછળથી ભૂલ સમજાય છે. શિક્ષક પાસે આવે છે. શિક્ષક કહે છે કે મેં તમને હંમેશાં મારા સંતાન માન્યા છે. તમને પ્રેમ આપ્યો છે. કદાચ તેમાં કમી રહી ગઈ હશે. બાકી તમારું વર્તન આવું ન જ હોય. આટલું કહેતાં તેઓ ગળગળા થઈ જાય છે. વિદ્યાર્થીઓ ભૂલ કબૂલ કરી ક્ષમા માગે છે. શિક્ષક અનશન છોડે છે. વાર્તાનો કેન્દ્રસ્થ વિચાર છે કે શિક્ષકના વાત્સલ્યની અસર વિદ્યાર્થી પર પડે જ છે.

સાચા શિક્ષણની ઈમારતના ચાર પાયા છે. એક તો છે, માહિતી અથવા જ્ઞાન-Information. બીજો પાયો છે કૌશલ-Skill. માત્ર પુસ્તકનું જ્ઞાન પૂરતું નથી. એ ક્રિયામાં રૂપાંતરિત થઈ શકતું હોવું જોઈએ. Learning by doing–કાર્ય દ્વારા મળતું શિક્ષણ વ્યક્તિના શરીર અને મન સાથે હંમેશ માટે વણાઈ જાય છે. ત્રીજો પાયો એટલે દૂરદર્શિતા, અર્થાત્ અંગ્રેજીમાં જેને Vision કહે છે તે. કૌશલ્યયુક્ત જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વ્યક્તિની દૃષ્ટિ વ્યાપક થવી જોઈએ. વિચારશક્તિની ક્ષિતિજો વિસ્તરવી જોઈએ. વ્યક્તિ દૂરના ભાવિની સચોટ કલ્પના કરી શકતી હોવી જોઈએ; અને ચોથો પાયો છે અભિપ્રેરણા. એને આંતર ઊર્જા-Motivation કહી શકાય. વ્યક્તિને ગતિશીલ કરતું આંતરિક બળ વ્યક્તિની પોતાની મૂડી છે, જે શિક્ષણ પ્રાપ્ત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

વ્યક્તિમાં આદર્શ નાગરિક તરીકેના ગુણો ત્યારે જ વિકસશે, જ્યારે શિક્ષણનું માળખું, એનો ઢાંચો મૂળમાંથી બદલવામાં આવશે. આચાર્ય વિનોબા ભાવેનું શિક્ષણ વિષેનું મંતવ્ય આ દિશામાં દીવાદાંડીની ગરજ સારે તેવું છે. એમણે બહુ સરળ શબ્દોમાં (તેઓ મોટા ગજાના શબ્દસ્વામી હતા, શબ્દસમ્રાટ હતા) શિક્ષણનો ખ્યાલ સમજાવતાં કહ્યું છે કે શિક્ષણ ત્રિસૂત્રી પ્રક્રિયા છે. એ ત્રણ સૂત્રો એટલે યોગ, ઉદ્યોગ અને સહયોગ.

અહીં યોગ એટલે યોગસાધના કે ધ્યાનનો સંદર્ભ નથી. 'યોગ' શબ્દ 'યુજ્' ધાતુ પરથી બન્યો છે, જેનો અર્થ છે 'જોડવું'. કોને કોની સાથે જોડવું ? જીવન સાથે ગુણોને જોડવા. વિનોબા ગુણવિકાસ પર ભાર મૂકે છે. મુખ્ય ગુણો આટલા ગણાવી શકાય–અભય, આત્મવિદ્યા, પ્રજ્ઞા અને વિવેકભાવ. ઉદ્યોગ એટલે શ્રમ અથવા કર્મ. હમણાં જ આપણે કાર્ય દ્વારા શિક્ષણની વાત કરી. જ્યાં શ્રમકાર્ય નથી, એ શિક્ષણ વાંઝિયું છે. ત્રીજું સૂત્ર સહયોગ, અર્થાત્ સહજીવન-સમૂહભાવના. શિક્ષણનું આ મહત્ત્વનું અંગ છે. વ્યક્તિ વ્યક્તિકેન્દ્રી મટી સમાજકેન્દ્રી બને, સમૂહલક્ષી બને તો જ એનામાં નાગરિકધર્મ વિકસે. સમાજ થકી વ્યક્તિનું અસ્તિત્વ છે.

શિક્ષણમાં કંઈક ખૂટે છે, કારણ કે શિક્ષકમાં કંઈક ખૂટે છે. જ્યાં સુધી શિક્ષકમાં આદર્શ શિક્ષક તરીકેના ગુણો નહિ હોય, શિક્ષણમાં કચાશ રહેવાની. કોને કહેવો સાચો શિક્ષક ?

(૧) પોતાના વિષયજ્ઞાનમાં પારંગત હોવા ઉપરાંત જે પ્રેમાળ અને લાગણીશીલ હોય. શિક્ષકે માતાપિતાનું સ્થાન લેવાનું છે, કારણ કે બાળકના ઘડતરની અને સંસ્કાર સિંચનની જવાબદારી હવે તેણે ઉપાડવાની છે. જીવનને પંખીની ઉપમા આપીએ તો શિક્ષણ અને સંસ્કાર તેની બે પાંખો છે. સંસ્કાર વગરના એકલા શિક્ષણનું કોઈ મહત્ત્વ નથી, સંસ્કારયુક્ત શિક્ષણ જીવનને ઉન્નત ગગનગામી બનાવે છે. શિક્ષકે એક સત્ય બરાબર હૃદયસ્થ કરવાનું છે કે એની સામે ધાતુનું કે માટીનું વાસણ નથી કે ઓજારથી એને ઈચ્છાનુસાર ઘાટ આપી શકાય. એની સામે જીવંત પદાર્થ છે–બુદ્ધિ, લાગણી, મન ધરાવતો જીવંત પદાર્થ. અહીં સૌથી મોટું ઓજાર છે પ્રેમ. જે શિક્ષક પ્રેમ નથી આપી શકતો એ જ્ઞાન કેવી રીતે આપી શકે ?

(૨) શિક્ષક લોકશાહી વિચાર સરણીમાં માનતો હોવો જોઈએ. આપખુદ વલણ અપનાવવાને બદલે તે સમભાવપૂર્વક પ્રત્યેક વિદ્યાર્થીને સમજે, એનો અવાજ કાને ધરે. દરેક વિદ્યાર્થીના ગમા-અણગમા, એના વિચારો, સુષુપ્ત શક્તિઓને વ્યક્ત કરવાની છૂટ આપે.

(૩) શિક્ષક પોતાની લાગણીઓ અને આવેગો પર સંયમ રાખે. બેલગામ એમને વહેવા દેવા જોઈએ નહિ. જેને પોતાના આવેગો પર કાબૂ નથી, જે સ્થિર ચિત્ત નથી એ બીજાને આવેગ-નિયંત્રણના પાઠ કેવી રીતે ભણાવી શકે ? શિક્ષકને વ્યક્તિગત કે કૌટુંબિક સમસ્યાઓ હોઈ શકે, છતાં મનની સ્થિરતા સાથે, સંપૂર્ણ સ્વસ્થતા સાથે એણે શાળામાં આવવાનું છે. અન્યથા ડહોળાયેલું મન વાણીવર્તન પર વિપરીત અસર કરે છે.

શિક્ષણમાં એક પરિવર્તન અતિ આવશ્યક છે. આજે વિજ્ઞાનને, ટેકનોલોજીને બહુ મહત્ત્વ આપવામાં આવે છે. આઈ.ટી., મેનેજમેન્ટ, એન્જિનિયરીંગની બોલબાલામાં Humanities-માનવવિદ્યાઓ–હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. ભાષા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, નીતિશાસ્ત્ર વગેરેનો તેમાં સમાવેશ થાય છે. માણસને 'માનવ' બનાવતા આ જ્ઞાનક્ષેત્રનું મૂલ્ય ઓછું આંકવું જોઈએ નહિ.

✷✷✷

● *તા. ૧૧-૧૨-'૧૦ ના રોજ આકાશવાણી, વડોદરાકેન્દ્ર પર લેખકનો બ્રૉડકાસ્ટ થયેલો વાર્તાલાપ*

એ-૬, ગુરુકૃપા સોસાયટી, મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા–૩૯૦ ૦૦૬. ફોન : ૦૨૬૫–૨૪૮૧૬૮૦

શ્રીમદ્ રાજચંદ્રના પત્રો અને કાવ્યકૃતિમાં વ્યક્ત થતું આત્મચિંતન

❑ ડૉ. રશ્મિ ભેદા

વિદુષિ ગૃહિણી શ્રાવિકાએ 'મોક્ષ પ્રાપ્તિનો માર્ગ–યોગ' એ વિષય ઉપર મહાનિબંધ લખી ડૉક્ટરેટની ઉપાધિ પ્રાપ્ત કરી છે.

શ્રીમદ્ રાજચંદ્ર અનેક ભવોમાં સાધેલી સાધનાના ફળરૂપે આ ભવમાં આત્મસિદ્ધિ પ્રાપ્ત થયેલ અદ્‌ભુત યોગીશ્વર હતા. તેઓ અત્યંત નિષ્કષાયી ભાવનિર્ગ્રંથ હતા. આત્મભાવનાથી ભાવિત આત્મા હતા. તેઓ ગૃહસ્થપણે બાહ્યજીવન જીવતા હતા પણ અંતરંગમાં નિર્ગ્રંથભાવે નિર્લેપ રહેતા. બાહ્યઉપાધિમાં પણ અખંડ આત્મસમાધિ જાળવી રાખી હતી. એમનું જીવન એ આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ માટે સતત મથતા એક ઉચ્ચ કોટીના યોગીનું જીવન હતું. એમણે પોતાની તો આત્મોન્નતિ સાધી, સાથે નાની વયમાં જ બીજા આત્માર્થીઓ માટે મોક્ષમાર્ગ સરળ અને સ્પષ્ટપણે દર્શાવતું અદ્‌ભુત આધ્યાત્મિક સાહિત્ય તેમણે આપ્યું છે. જેમ જનક રાજા રાજ્ય કરવા છતાં વિદેહી દશામાં વર્તતા હતા, ત્યાગી સંન્યાસીઓ કરતા વધારે અસંગ દશામાં રહી આત્માનંદ અનુભવતા હતા તેમ આ મહાત્મા પણ આત્માનંદમાં લીન રહેતાં. સમયે સમયે એમનો આત્મભાવ વધતો જતો હતો. એવી જ્ઞાન વૈરાગ્યની એમની અખંડ અપ્રમત્ત ધારા તેમના સાહિત્યમાં આપણને દૃષ્ટિગોચર થાય છે. એમના ઉત્તરોત્તર આત્મવિકાસનો ખ્યાલ તેમના વચનામૃતથી મળી આવે છે.

એમનું લખેલ સાહિત્ય બે વિભાગમાં છે–ગદ્ય સાહિત્ય અને પદ્ય સાહિત્ય. એમના સાહિત્યનો મોટો ભાગ તેઓશ્રી દ્વારા લખાયેલ પત્રોનો છે. તેમનો પત્રસંગ્રહ તેમના સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેમણે જૂદી જૂદી વ્યક્તિઓને જૂદા જૂદા સ્થળેથી તત્ત્વવિચારણા સંબંધી પત્રો લખ્યા હતા. તેમાંથી ૮૫૦ જેટલા પત્રો ઉપલબ્ધ છે. શ્રીમદ્‌નું માર્ગદર્શન મેળવવા તેમના સત્સંગીઓ તેમને પત્રો લખતા અને શ્રીમદ્ તેમને વિવિધ દૃષ્ટિકોણથી તેમની કક્ષાને અનુરૂપ સરળ ભાષામાં તાત્ત્વિક માર્ગદર્શન આપતા. તેમના પત્રોમાં, આત્મસ્વરૂપ, મોક્ષ, મોક્ષમાર્ગ, ધર્મ, સદ્‌ગુરુનું માહાત્મ્ય, પ્રત્યક્ષ સત્પુરુષની આવશ્યકતા, આજ્ઞાભક્તિ, જ્ઞાનીદશા, જ્ઞાનીની ઓળખાણ, જીવની પાત્રતા ઈત્યાદિ વિષયો પર તેમણે આપેલો બોધ પ્રાપ્ત થાય છે. તેમના પત્રોમાં સદ્‌ગુરુનું અત્યંત મહત્ત્વ બતાવ્યું છે. આ પત્રોમાં તેમની ઊર્ધ્વગામી આત્મદશાની ઝાંખી થાય છે.

તેવી જ રીતે શ્રીમદે તેમના જીવનકાળ દરમ્યાન લખેલી વીસેક જેટલી પદ્યરચનાઓ ઉપલબ્ધ થાય છે. (તેમાંની કેટલીક હિંદી ભાષામાં પણ છે.) કેટલાક કાવ્યોમાં શ્રીમદ્‌ની અંતરંગ દશાનું વર્ણન છે. કેટલાકમાં તત્ત્વજ્ઞાનનો બોધ છે તો કેટલાકમાં મોક્ષમાર્ગનું નિરૂપણ છે. જેમાં 'આત્મસિદ્ધિશાસ્ત્ર' જેવી અનુપમ અને દીર્ઘ કૃતિ, 'મૂળ મારગ મોક્ષનો' જેવું મોક્ષમાર્ગ બતાવતું કાવ્ય તેમજ 'અપૂર્વ અવસર' અને 'પંથ પરમપદ બોધ્યો' એવી ઉત્તમ કાવ્યરચનાઓનો સમાવેશ થાય છે. આ બધી રચનાઓમાં જૈન દર્શન અનુસાર તત્ત્વ વિચારણા જોવા મળે છે. તેમજ જૈનદર્શન અનુસાર એમણે મોક્ષમાર્ગ વર્ણવ્યો છે. મોક્ષમાર્ગમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતાને મુખ્ય ગણાવેલ છે. એ ત્રણમાંથી કોઈને કોઈ તત્ત્વની વિચારણા આ પ્રત્યેક કાવ્યમાં જોવા મળે છે. 'મૂળમાર્ગ મોક્ષનો', 'પંથ પરમપદ બોધ્યો' આદિમાં આ ત્રણે તત્ત્વોની વિચારણા સંક્ષેપમાં રજૂ થઈ છે.

આ કાવ્યરચનામાં એક મહત્ત્વનો મુદ્દો છે, 'સદ્‌ગુરુનું મહત્ત્વ'. સદ્‌ગુરૂની કૃપા વિના મોક્ષમાર્ગ પ્રાપ્ત ન કરી શકાય. સદ્‌ગુરુનું માહાત્મ્ય કેવું છે તે તેઓશ્રીએ 'યમનિયમ', 'બિના નયન', 'લોકસ્વરૂપ રહસ્ય', 'મૂળમાર્ગ રહસ્ય', 'અંતિમ સંદેશો' આદિ રચનાઓમાં બતાવ્યું છે.

આમાંથી આજે મેં શ્રીમદ્‌ના અંતિમ સંદેશા તરીકે સુપ્રસિદ્ધ 'ઈચ્છે છે જે જન યોગી' આ રચના લીધી છે–આ કાવ્ય શ્રીમદ્ વિ. સં. ૧૯૫૭ના ચૈત્ર સુદ ૯ ના રોજ એટલે કે પોતાના અવસાન પહેલાં માત્ર દશ દિવસે લખાવ્યું હતું. તે વખતે તેમને એટલી બધી અશક્તિ પ્રવર્તતી હતી કે જાતે લખી શકે તેવી સ્થિતિ ન હતી. આ કાવ્ય નીચે મુજબ છે–

શ્રી જિન પરમાત્માને નમ:

(૧) ઈચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ, પ્રકાર.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહિત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.
ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્‌ગુરુ વડે, જિન દર્શન અનુયોગ.

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી[૧] આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ.
વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા,તેને યોગ અયોગ.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઈષ્ટ નહિ આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય.
નહિ તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ.

(૨) આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ.
ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર.

X X X

(૩) સુખ ધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ધ્યાનમહીં,
પરશાંતિ અનંત સુધામય, જે પ્રણમું પદ તે વર તે જય તે.

આ કાવ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર, જેઓને પોતાની બાહ્ય પરિણતિ ટાળીને જેમની અંતર પરિણતિ, અંતરવૃત્તિ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં જોડાઈ છે એવા યોગીઓની મોક્ષપદની ઈચ્છા બતાવી છે. તેવા મુમુક્ષુ યોગી મહાત્માઓ નિરંતર અનંત સુખસ્વરૂપ મોક્ષપદને ઈચ્છે છે. તે મોક્ષપદ કેવું છે, તેની પ્રાપ્તિ કઈ રીતે થાય અને તે માટે આત્માની કેવી યોગ્યતા હોવી જોઈએ તે અહીં બતાવ્યું છે. તે પદ શુદ્ધ આત્મસ્વરૂપ સિદ્ધપદ છે. આઠે કર્મ ક્ષય થઈ, દેહાદિથી મુક્ત થઈ અયોગી વિદેહમુક્ત એ શુદ્ધ આત્માનું સહજાત્મસ્વરૂપ પદ છે. તે પદ સયોગી સ્વરૂપે એટલે દેહધારી, જીવનમુક્ત, ચાર ઘાતીકર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટકધારી એવા અરિહંત જિન પરમાત્મા રૂપે છે. જિનસ્વરૂપ એટલે કે આત્માની પૂર્ણ શુદ્ધતા યોગીજન ઈચ્છે છે. અને શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ જોતા જિનનો કે અન્ય કોઈનો આત્મા એકસરખો જ છે.

'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ
લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાઈ.'

અર્થાત્ જિનપદ અને નિજપદની એકતા છે. તેમાં કાંઈ ભેદભાવ નથી. અને તે સમજાવવા માટે જ શાસ્ત્રોની રચના થઈ છે. આ શાસ્ત્રોનું રહસ્ય સદ્ગુરુનું આલંબન લેવાથી સમજી શકાય છે. અત્યંત ભક્તિપૂર્વક જિનચરણની ઉપાસના કરવી, મુનિજનોના સત્સંગમાં રતિ ધરવી, મન-વચન-કાયાના યોગનો યથાશક્તિ સંયમ કરવો, અતિશય ગુણપ્રમોદ ધારવો, અંતર્મુખ યોગ રાખવો. આમ કરનારને શ્રી સદ્ગુરુ દ્વારા જિન દર્શનના અનુયોગનું રહસ્ય પ્રાપ્ત થાય છે. જેમ તીર્થંકર પરમાત્મા દ્વારા માત્ર ત્રિપદીનો બોધ થતાં જ ગણધરોને તે ત્રિપદી ચૌદ પૂર્વનું જ્ઞાન પ્રગટાવવા લબ્ધિવાક્ય થતી તેમ જીવ સદ્ગુરુના બોધથી શાસ્ત્રસમુદ્રનો પાર પામે છે.

અહીં શ્રીમદે મોક્ષાર્થી જીવોની યોગ્યતા એની આંતરિક સ્થિતિ અનુસાર અલગ અલગ ભૂમિકા પ્રમાણે બતાવી છે. જેને પરિણામની વિષમતા હોય, સવિશેષ કષાય પ્રવર્તતા હોય, તેને સદ્ગુરુ અને સદ્ધર્મનો યોગ કે અયોગ સમાન જ છે. જેના કષાય મંદ થયા હોય તથા સરળતા, સુવિચાર, કરૂણા, કોમળતા અને આજ્ઞાપાલન આદિ ગુણ હોય તે પ્રથમ ભૂમિકામાં છે. જેણે વિષયને રૂંધ્યા છે, જે સંયમ પાલન કરે છે અને જેને આત્માથી કોઈ પણ પદાર્થ ઈષ્ટ લાગતો નથી તે મુમુક્ષુ મધ્યમ ભૂમિકામાં છે. પણ ઉત્તમ જીવ તો તે છે જેને...

નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણ યોગ નહીં ક્ષોભ,
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિનલોભ.

અર્થાત્ જેને જીવનની તૃષ્ણા નથી અને મરણનો યોગ પ્રાપ્ત થતા ક્ષોભ નથી તે માર્ગના મહાપાત્ર છે, લોભને જિતનાર પરમ યોગી છે.

આમ પહેલાં અગિયાર દોહરામાં શ્રીમદ્ રાજચંદ્ર મોક્ષમાર્ગ પામવા માટેના ત્રણ અનિવાર્ય તત્ત્વ સમજાવે છે-સદ્ધર્મ, સદ્ગુરુ અને જીવની પાત્રતા. આમાંથી એક પણ તત્ત્વ ઉણું હોય તો મોક્ષપ્રાપ્તિ થતી નથી.

આ સમસ્ત સંસારનું, જન્મમરણરૂપ પરિભ્રમણનું મૂળ કારણ મોહભાવ, પરમાં મમત્વભાવ અને તેના લીધે ઉત્પન્ન થતા રાગદ્વેષ રૂપ સંકલ્પવિકલ્પરૂપ વિભાવ છે. પરમાં કરાતા મમત્વભાવને લીધે જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી નિરંતર રાગદ્વેષાદિ વિકલ્પ કરે છે અને સંસાર પરિભ્રમણ ચાલુ રહે છે. તેનો ક્ષય કરવા માટે શ્રીમદ્ અહીં સૂર્યનું દૃષ્ટાંત આપે છે. જેમ મધ્યાહ્ને સૂર્ય સમ પ્રદેશમાં આવે ત્યારે સર્વ પદાર્થોની છાયા પોતામાં જ સમાઈ જાય છે. તેમ સદ્ગુરુની કૃપાથી જો જીવ આ બાહ્ય પરિણતિ છોડી અંતર્મુખ થાય તો અંતરંગમાં અનંત સુખનું ધામ એવું પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ રૂપ સિદ્ધપદ પ્રાપ્ત કરે, જે અનંત, અક્ષય, શાશ્વત સુખથી ભરેલું છે, જેને સમ્યક્દૃષ્ટિ આત્મારામી યોગી મહાપુરુષો નિરંતર ઈચ્છે છે.

આવી રીતે શ્રીમદ્ના આ અંતિમ કાવ્યમાં માત્ર ચૌદ દોહરામાં તત્ત્વજ્ઞાનનું સરળ નિરૂપણ કરેલું છે. આ કાવ્ય વાંચતાં શ્રીમદ્ની આત્મિક ઉચ્ચ દશાનો ખ્યાલ આવે છે. ✷✷✷

કાંતિ બિલ્ડિંગ, વૈકુંઠલાલ મહેતા રોડ, વિલેપારલે, (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૫૬. ટેલિ. ૦૨૨-૨૬૧૭૧૭૭૦.
મોબાઈલ : ૯૮૬૭૧૮૬૪૪૦.

સંઘર્ષોનું કેન્દ્ર આપણું મન છે...

❑ શશિકાંત લ. વૈદ્ય

અમેરિકામાં રહેતી એક દીકરી પિતાને મળવા ઘણાં લાંબા સમય પછી ભારતમાં આવે છે. દીકરી આવવાનો આનંદ પિતાશ્રીને ખૂબ છે, પણ દીકરી આવવાની હતી તેને આગલે દિવસે સવારમાં પિતાનું હાર્ટએટેકમાં મૃત્યુ થયું...દીકરી જ્યારે ઘેર આવે છે ત્યારે તે મૃત્યુ પામેલા પિતાને જુએ છે અને હૈયાફાટ રૂદન કરે છે...શું ધારેલું અને શું બન્યું...તેના વિચારમાં દીકરી દુ:ખમાં ડૂબી ગઈ. તેનો થોડી ક્ષણો સુધી તો જીવનમાંથી રસ જ ઊડી ગયો..તેને થયું શું ઈશ્વર આવો છે? તેને દયા પણ નથી?...પછી તો એણે કહ્યું, 'મારી તો પ્રભુમાંથી શ્રદ્ધા જ ઊડી ગઈ.' શું ઈશ્વર હોય તો આવું કરે ખરો? એક ઘટના જ માણસને હચમચાવી દે છે અને ઘણી વાર જીવનમાંથી પણ રસ ઉડાવી દે છે. આવું ત્યારે જ બને છે જ્યારે માણસ તટસ્થ રીતે વિચારી શકતો નથી. તે સદાય માને છે કે જીવનમાં સુખ જ હોવું જોઈએ. આવી વ્યક્તિ ક્યારેય જીવનને સાચા અર્થમાં માણી શકતી નથી. કોઈ માણસ ભાગ્યે જ એવો મળશે જેના જીવનમાં સંઘર્ષ યા દુ:ખદ ઘટના ન બની હોય. સુખ અને દુ:ખ એક સિક્કાની બે બાજુ છે. એટલે જ કવિએ એક ભજનમાં ગાયું છે કે 'સુખ-દુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં, ટાળ્યાં તે કોઈથી ન ટળે, રઘુનાથનાં જડીયાં...' આ પંક્તિમાં કવિએ-સુખદુ:ખની વાસ્તવિકતા દર્શાવી છે. યાદ રહે, આપણે પૂર્વના કર્મો સાથે જ જન્મીએ છીએ...જેને તમે બદલી શકતા નથી. તે બધું થઈને જ રહે છે...અરે, માનવ રૂપે જન્મેલા સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા પણ આમાંથી બચી શક્યા નથી...તો પછી આપણે તો સામાન્ય માણસ છીએ. જીવનમાં સાચા અર્થમાં સુખી થવું હોય તો જે કંઈ પરિસ્થિતિ નિર્માણ થાય તેને હસતાં હસતાં સ્વીકારવી જ રહી...મહાપુરુષોના જીવનમાં આ જોવા મળે છે. સોક્રેટિસ વિશ્વનો મહાન તત્ત્વવેત્તા હતો. પત્ની સદાય કંકાસ જ કરે, છતાં તે શાંતિથી જીવ્યો..યાદ રાખવા જેવી વાત એ છે કે સુખ અને દુ:ખ તમારા મન પર આધાર રાખે છે. એટલે 'ગીતા' અને 'ઉપનિષદ' જેવા ગ્રંથો કહે છે કે મનને કેળવો. મન કેળવેલું હશે તો જીવનમાં હતાશા નહિ આવે. નરસિંહ મહેતાના જીવનમાં વારંવાર દુ:ખદ ઘટનાઓ બનતી, છતાં પણ તેમની ઈશ્વર પરની શ્રદ્ધા ડગી નહિ...અને અંતે તો એમણે આનંદનો અનુભવ કર્યો..કારણ કે એમણે મનને કેળવ્યું હતું, તેથી ઝંઝાવાત સમયે પણ સ્થિર રહ્યા. એમનામાં વૈરાગ્યની દૃઢતા પણ હતી જ. બીજી રીતે કહીએ તો મનનું-'સમત્વ' હતું જે એમને વિપરીત સંજોગોમાં પણ 'સમતા' રાખવાનું માર્ગદર્શન પૂરું પાડતું...યાદ રહે, જે કંઈ જીવનમાં થાય છે તેનું મુખ્ય કારણ આપણું મન છે...જે સંકલ્પ-વિકલ્પ ઊભા કરીને દુ:ખી કરે છે. શાસ્ત્રો મનને માંકડા જેવું કહે છે...કારણ કે તે ભાગ્યે જ સ્થિર હોય છે...એટલે યોગમાં મનને સ્થિર કરવાનું કહે છે. (મનને પ્રભુ સાથે જોડવું તે જ યોગ)

મહાન તત્ત્વવેત્તા કૃષ્ણમૂર્તિ પણ મનને સમજવાની વાત કરે છે. આપણા વિચારોનું કેન્દ્ર મન છે, પણ જો તેની સંભાળ બરાબર ન રખાય તો મન કાબૂમાં રહેતું નથી અને જીવનમાં તોફાન સર્જે છે...જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ પણ મનને જીતવાનું કહે છે. અર્જુનની શંકાને દૂર કરતાં કૃષ્ણ કહે છે કે મન તો ચંચળ છે જ, પણ અભ્યાસ અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.

'સ્વ'ના જ્ઞાનને અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરી શકાય. શ્રેય માર્ગ ઉતમ માર્ગ છે...જે અંતમાં શાંતિ આપે છે. પ્રેય માર્ગ શરૂઆતમાં (ભૌતિક સુખનો માર્ગ) આનંદ આપે છે, પણ તેનો અંત સુખમય નથી, દુ:ખમય હોય છે. પ્રેય માર્ગી સ્વને પામતો નથી, કારણ કે તે સદાય આનાથી દૂર હોય છે...તેને સંસારના સુખમાં જ સુખ જણાય છે. તે કદાપિ સ્વને (પોતાનામાં રહેલું ચૈતન્ય) ઓળખી શકતો નથી...આથી જ શ્રેય માર્ગીને અભ્યાસ અને વૈરાગ્યની વાત કૃષ્ણે કરી છે...જ્યારે સંસારી વસ્તુઓ પરની આસક્તિ ઓછી થાય ત્યારે જ વૈરાગ્ય જન્મે છે. આ વૈરાગ્ય જ સાધકને સિદ્ધિ અપાવે છે...તે તેનું આત્મકલ્યાણ કરે છે.

રમણ મહર્ષિ કહે છે, 'જ્યારે પ્રારબ્ધ પૂરું થાય છે, અહંકાર તેની પાછળ કોઈ ચિહ્ન છોડ્યા વિના, સંપૂર્ણપણે ઓગળી જાય છે. આ 'નિર્વાણ' (અંતિમ મોક્ષ) છે. પ્રારબ્ધ પૂરું ન થયું હોય તો 'જીવન મુક્ત'ની બાબતમાં દેખાય છે, તેમ અહંકાર ફરી ઉદ્‌ભવશે.'...બસ, મન જીતો એટલે અહં પણ વિદાય લઈ લેશે. જ્ઞાની અહંકારને મૂળથી છેદી નાંખે છે. યાદ રહે, આપણા સુખદુ:ખનું કારણ મન જ છે... તે સાપેક્ષ પણ છે. મન સ્વચ્છ બને પછી બધું સરળ બની રહે છે. મનમાંથી બધા પૂર્વગ્રહો દૂર કરીને જ વિચારશો તો તમને સાચું દર્શન થશે. યાદ રહે જ્યારે મન પૂર્વગ્રહો વગરનું બને ત્યારે વ્યક્તિ તટસ્થ રીતે વિચારતો થાય છે અને ત્યારે જ તેને સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. સત્યનું દર્શન વિશુદ્ધ મનથી જ થાય...આ માટે સાધકે સતત જાગૃત રહીને સ્વાધ્યાય કરવો રહ્યો–શાંત ચિત્તે.

સ્વાધ્યાય એટલે સ્વને ચૈતન્ય (પ્રભુ સાથે) જોડવું. આવી સ્થિતિ આવ્યા પછી વ્યક્તિ બધે–પ્રાણી માત્રમાં–નારાયણ જ જુએ છે. કહે છે કે મહર્ષિ અરવિંદને જેલમાં બધે કૃષ્ણ જ દેખાતા...એવું કૃષ્ણત્વ પ્રાપ્ત કરેલું. વ્યક્તિ જ્યારે બધું સાક્ષીભાવે જ નિહાળે ત્યારે તેને દુ:ખનો અનુભવ પણ સ્પર્શતો નથી...તેમાં વિચારવાનું હોય છે કે 'હું શરીર નથી, પણ આત્મા છું...આત્મા નિર્લેપ છે...તેને કંઈ સ્પર્શે જ નહીં.' રમણ મહર્ષિની આ સ્થિતિ હતી, જ્યાં તેઓ સર્વમાં પ્રભુનો અંશ જોતા. ✷ ✷ ✷

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ, અરૂણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા–૩૯૦ ૦૦૭.

માતૃ હસ્તેન ભોજનમ્ — માતૃ મુખેન શિક્ષણમ્

❑ લેખક–આચાર્ય વિનોબા ભાવે (હિંદી) ❑ અનુવાદ : પુષ્પા પરીખ

ભગવાન કૃષ્ણ જ્યારે તેમના ગુરુગૃહેથી શિક્ષણ પૂર્ણ કરીને સ્વગૃહે પાછા ફરતા હતા ત્યારે ગુરુએ તેમને વરદાન માંગવા કહ્યું. ભગવાને 'માતૃ હસ્તેન ભોજનમ્'નું વરદાન માંગ્યું–'હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી મને માના હાથનું ભોજન મળે.' એમ કહેવાય છે કે જ્યાં સુધી ભગવાન જીવ્યા ત્યાં સુધી એમના માતા પણ જીવ્યા અને એમને માતાના હાથનું ભોજન પણ મળ્યું. જ્યારે જ્યારે હું આ વાર્તા સાંભળું છું ત્યારે મને વિચાર આવે છે કે જો મારે આવું વરદાન માંગવાનો વારો આવે તો 'માતૃહસ્તેન ભોજનમ્'ની સાથે 'માતૃ મુખેન શિક્ષણમ્' જોડી દઉં.

માતા તેના બાળકની સેવા રાત-દિન કરે છે તે છતાં જો કોઈ એને એની સેવાનો રીપોર્ટ પૂછવા જાય તો જરૂર એ એમ જ કહે 'મેં કંઈ નથી કર્યું!' માતાનો રીપોર્ટ આટલો નાનો કેમ? મને લાગે છે કે માતાના હૃદયમાં એના બાળક માટે જે પ્રેમ છે તેની સરખામણીમાં એની કંઈ સેવા થઈ નથી.

પોતાની પાસે ઓછું ખાવાનું હશે તો પોતે ભૂખી રહીને પણ બાળકને પહેલાં ખવડાવશે અને તે છતાં એના હૃદયમાં તો આનંદ જ હશે. આ જ માતાનું માતૃત્વ છે. આનો અર્થ એ થયો કે માતાની આ ભાવના એ એના બાળક સાથેની સર્વોદય ભાવના છે. નિઃસંદેહ તેનું સર્વસ્વ, તેનો સમાજ, તેની ભાવના બાળક સુધી જ મર્યાદિત છે અને તેથી તેની સર્વોદયની ભાવના પણ મર્યાદિત છે.

મને એક પ્રસંગ યાદ આવે છે. જ્યારે પણ કોઈને રસોઈની તકલીફ હોય તો મારી મા તરત જ ત્યાં પહોંચી જતી અને રસોઈ બનાવી આપતી. પોતાની રસોઈ તો પહેલાં જ બનાવી લેતી. તેથી એક દિવસ મેં પૂછ્યું, 'આવો સ્વાર્થ કેમ? પહેલાં અમારે માટે બનાવી અને પછી બીજાની રસોઈ બનાવે છે?' માએ સુંદર જવાબ આપ્યો. 'આ સ્વાર્થ નથી પણ પરમાર્થ જ છે. જો પહેલાં એમનું ખાવાનું બનાવું તો તેમના જમતા સુધીમાં તો રસોઈ ઠંડી થઈ જાય.' માતાનું અસલી માતૃત્વ રસોઈમાં જ છે. બાળકને ભાવે એવી રસોઈ બનાવવી અને પાછું પ્રેમથી જમાડવું. એમાં કેટલું જ્ઞાન અને પ્રેમભાવના ભર્યા છે!

બાળપણમાં એક વખત હું વર્ડઝવર્થની એક કવિતા મોટેથી વાંચી રહ્યો હતો. માએ સાંભળી લીધું અને મને કહે, 'અરે વિન્યા, સ્હવારે સ્હવારે આ યસફસ શું કરી રહ્યો છે?' મેં તરત જ પુસ્તક બંધ કરીને 'મનાચે શ્લોક' ગાવાનું શરૂ કર્યું. પછીથી માને વર્ડઝવર્થની કવિતાનો અર્થ સમજાવ્યો અને કહ્યું કે કવિતા ખરાબ નહોતી. ત્યારે માએ સમજાવ્યું કે મને ખબર છે, કવિતા ખરાબ હતી એવું મેં કહ્યું જ નથી પરંતુ એ બપોરે વાંચવી જોઈએ.

મારી મા એટલે મને સૌથી વધુ બળ આપનાર.

મારા જીવન ઘડતરમાં બીજી ઘણી વસ્તુઓ કે પ્રસંગો સાથે સાથે મારી માનો મારા પર અનંત ઉપકાર છે. મેં ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. આ બધા ગ્રંથોએ જરૂર મારા જ્ઞાનમાં ઘણો વધારો કર્યો છે. પરંતુ મારી માતા દ્વારા સાક્ષાત્ ભક્તિનું મને જે જ્ઞાન મળ્યું છે એ તો અનેક ગણું વધુ છે. જો આપણે એક પલ્લામાં ગ્રંથો દ્વારા મેળવેલું જ્ઞાન મૂકીએ અને બીજામાં માતા દ્વારા મેળવેલું શિક્ષણ મૂકીએ તો જરૂર બીજું પલ્લું જ નમેલું રહેશે. મારી મા પૂર્ણપણે સંસારી હતી પરંતુ એના મન અને વાણીમાં સંસાર નહોતો. તે પ્રભુભજન તો અત્યંત તલ્લીન થઈને ગાતી. મારા પ્રત્યે એને અદ્‌ભુત લાગણી હતી અને બાળપણથી જ મારામાં વૈરાગ્યની ભાવના એણે પ્રેરી હતી. મીઠાનો ત્યાગ, પથારીનો ત્યાગ, પગરખાંનો ત્યાગ વગેરે પ્રયોગો તો હું કાયમ કરતો રહ્યો. મારા આ જાતજાતના પ્રયોગો જોઈને મા મને કહેતી, 'વિન્યા, તું વૈરાગ્યના નાટક તો બહુ કરે છે, પરંતુ હું પરુષ હોત તો તને બતાવી દેત કે અસલી વૈરાગ્ય શેને કહેવાય?' મારા મત પ્રમાણે એ સ્ત્રી હોવાને નાતે પોતાના ધારવા પ્રમાણેનો વૈરાગ્ય પોતે સાધી શકી નહોતી. એના આ વિધાનમાં એ જમાનાની સ્ત્રીઓની પરિસ્થિતિને પણ ટકોર હતી. જો કે અમારા ઘરમાં પિતાજી તરફથી દરેકને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. મા મારફતે મને ઘણું બધું શીખવા મળ્યું તેથી હું દાવા સાથે કહી શકું કે શિક્ષણ તો માતૃમુખેથી જ મળવું જોઈએ.'

માતૃમુખેન શિક્ષણમ્:– બાળકને સૌ પ્રથમની તાલીમ મા જ આપે છે. મા જ તેનો પ્રથમ ગુરુ છે, જ્યારે પિતા અને ગુરુ તો પછી આવે. પરમેશ્વરની યોજના જ એ રીતની છે કે જ્યારે બાળકને ભૂખ આપી તો માના સ્તનમાં દૂધ ઉત્પન્ન કર્યું. આ રીતે બાળપણથી જ માતા દ્વારા પ્રેમની તાલીમ અપાતી આવી છે. બાળકને માતૃભાષા શીખવવા સરકાર કરોડો રૂપિયા ખર્ચે છે જ્યારે મા તો દૂધ પીવડાવતા પીવડાવતા બાળકને માતૃભાષા શીખવે છે. સમસ્ત દુનિયાના બાળકો મા પાસે જ ભાષા શીખે છે.

મારા અભિપ્રાય પ્રમાણે પ્રાથમિક શાળા તો સ્ત્રીઓના હાથમાં જ રહેવી જોઈએ અને તેમાં સહશિક્ષણ હોવું જોઈએ. અમુક સમાજને મર્યાદામાં રાખવાની શક્તિ પણ સ્ત્રીઓમાં આવશે. આજે જો એ યોગ્યતા કે શિક્ષણ આપણી સ્ત્રીઓમાં ન હોય તો પંચવર્ષીય યોજનામાં એની વ્યવસ્થા કરવી પડે. ખરેખર, પુરુષોમાં બાળકને તાલીમ આપવા લાયક ગુણ નથી. બાળકો મોટા થયા બાદ ભલે પુરુષો શિક્ષણ આપે પરંતુ પ્રાયમરી સ્કૂલના બાળકો સાથેનો વ્યવહાર તો સ્ત્રીઓ જ સાચવી શકે. સાહિત્ય, તાલીમ, ધર્મ વગેરેના આયોજનમાં સ્ત્રીઓને સ્થાન આપવું જોઈએ. ✱✱✱

કેનવે હાઉસ, ૬/બી, ૧લે માળે, વી. એ. પટેલ માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૪. ટે. નં. ૨૩૮૭૩૬૧૧.

જયભિખ્ખુ જીવનધારા : ૩૪

□ ડૉ. કુમારપાળ દેસાઈ

[પ્રસિદ્ધ લેખક જયભિખ્ખુના જીવનનો ઘડતરકાળ મધ્યપ્રદેશમાં ગ્વાલિયર પાસે આવેલા શિવપુરીમાં થયો. વિદ્યા પરપ્રાંતમાં મળી. જિગરજાન મિત્રો અને વિદ્યાગુરુ પણ મધ્યપ્રદેશમાં મળ્યા. આટલું બધું પામ્યા છતાં ગુજરાતનું સતત સ્મરણ રહેતું. એ મનોભાવનું સર્જન વિદ્યાર્થીકાળના એક પ્રસંગથી થયું. જેની વાત જોઈએ આ ચોત્રીસમા પ્રકરણમાં.]

મારો ગુજરાતી વીરો અહીં ક્યાંથી?

પ્રત્યેક સર્જકનું આગવું, અનોખું સ્વસર્જિત ભાવનાવિશ્વ હોય છે. એ ભાવનાવિશ્વનું સર્જન સ્વજીવનના અનુભવો, અધ્યયન અને આત્મચિંતનમાંથી પ્રગટે છે. પોતાની ચોપાસની સૃષ્ટિમાં હરતા-ફરતા-જીવતા માનવીઓને એ ગહેરાઈથી નીરખે છે અને વેધક પારદર્શી દૃષ્ટિથી એના આંતરસત્ત્વ અને હૃદયસંચાલનોને ઓળખે છે. સ્ત્રી હોય કે પુરુષ, પ્રકૃતિ હોય કે પરમાત્મા–એ એનો અભિગમ, ચિંતન અને આલેખન પોતાના ભાવનાવિશ્વમાં કલમ ઝબકોળીને કરે છે.

સર્જક જયભિખ્ખુને બાલ્યકાળમાં જ આસપાસના, કાઠિયાવાડના રૂઢિચૂસ્ત સમાજમાં વ્યથિત, શોષિત, સામાજિક બંધનોમાંથી જકડાયેલી અને પુરુષોથી પારાવાર પીડા પામતી સ્ત્રીઓ જોવા મળી. તો સામે પક્ષે એમના અંગત પરિચયમાં આવેલી સ્ત્રીઓમાં સૌજન્ય, ઔદાર્ય, વીરત્વ અને વૈરાગ્યનો પ્રેરક અનુભવ થયો.

આથી જ એમના સર્જનમાં 'જનમ જનમની દાસી' હોય તેવાં સ્ત્રીપાત્રોની કથા મળે છે અને 'જનમ જનમના સાથી' હોય તેવાં નારીપાત્રો પણ મળે છે! સાવ સામસામા છેડાના! લેખકની નારીજીવનની કથાઓના એક પુસ્તકનું શીર્ષક છેઃ 'દાસી જનમ જનમની, સાથી જનમ જનમનાં'

માત્ર ચાર વર્ષની વયે માતાનો ખોળો ગુમાવનાર આ બાળક અંધારી રાત્રે ઘરની બહાર ઢાળેલા ખાટલામાં સૂતો સૂતો આકાશી તારાઓમાં માતાનો ચહેરો શોધવા પ્રયત્ન કરતો હતો, પરંતુ એ પછી આ નમાયા બાળકને માસીના પરમ ઔદાર્યનો અનુભવ થયો. વહાલસોયી માસીના અવસાનની એ અંતિમ ક્ષણો બાળક જયભિખ્ખુના ચિત્તમાં જીવનભર જડાઈ રહી. અંતિમ સમયે માસીનો જીવ કેમેય જતો નહોતો. આ નમાયા છોકરા તરફ એના માસી એકીટસે જોતાં હતાં અને એમની આંખમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં! માસીના મનમાં ચિંતા હતી કે આ અળવીતરા, શરમાળ, ખાઉધરા, નબળા, કજિયાળા, બાળકને પોતાનાં મૃત્યુ પછી જાળવશે કોણ? એ વિચારતાં હતાં કે અંતરની લાગણી હોય તે જ, આ 'રીસના ઝાડ' જેવા છોકરાને ઉછેરી શકે! હવે એના પ્રત્યે કોણ એવી લાગણી દાખવીને એની સાર-સંભાળ લેશે? એ સમયે કોઈએ કહ્યું કે માસીનો જીવ આ છોકરામાં ભરાઈ ગયો હોવાથી જતો નથી. આવી માન્યતાને સ્વીકારવામાં તો આ સમાજ સદાય તત્પર રહેતો. આ બાળકને ગમતું ખાવાનું અને થોડાં રમકડાં આપીને મામાને ઘેર મોકલી આપ્યો!

બાળપણમાં છવાઈ ગયેલી માસીની એ હેતાળ તસવીરે બાળક જયભિખ્ખુના મનમાં નારીની મમતામયી છબી ઊભી કરી દીધી.

બાલ્યાવસ્થાનો બીજો અનુભવ તે ગામમાં શિક્ષિકા તરીકે આવેલાં હિન્દુ વિધવા નિમુબહેનનો થયો. આ નિમુબહેનના જીવનમાં એક પછી એક મુશ્કેલીઓ આવી અને રૂઢિગ્રસ્ત સમાજે ભણેલી-ગણેલી પણ વિધવા નારી પ્રત્યે જુલમ ગુજારવામાં કશું બાકી રાખ્યું નહીં. લેખકને 'સરસ્વતીચંદ્ર' જેવા મહાન ગ્રંથનો સાવ નાની વયે રસપ્રદ પરિચય કરાવનાર અને સાહિત્યને જીવનશોખ બનાવવામાં નિમિત્ત બનનાર શિક્ષિકા નિમુબહેનને પડેલાં દુઃખોએ જયભિખ્ખુને ઘણી નાની વયે હિંદુ સમાજમાં સ્ત્રીઓની થતી અવદશાનો અનુભવ આપ્યો. એ પછી પોતાની આસપાસના સમાજમાં સ્ત્રીઓ ઉપર થતા અત્યાચારો એ જુએ છે અને 'બેઠો બળવો' નામની નારીજીવનના પ્રસંગચિત્રો આલેખતી જુદી જુદી વાર્તાઓ સર્જે છે.

જેમાં હિંદુ સંસારની ચાર દીવાલની વચ્ચે સતત શેકાતી એવી શાંતા, ગજરા, કુસુમ અને સમજુમાનાં સંસારનાં વાસ્તવિક ચિત્રો આલેખે છે. જેમાં અનિચ્છાએ માતા-પિતાએ ચોટલે ઝાલીને પરણાવેલી ગજરાની વાત છે, તો રોજેરોજ પતિની મારઝૂડ સહન કરતી સુંદરાઓ અને બરડાને ફાડી નાખે તેવો સાસુનો માર સહેતી સ્ત્રીઓનું ચિત્રણ છે.

સ્ત્રી ભલે સમાજનું અર્ધું અંગ કહેવાતી, પરંતુ લેખક સ્પષ્ટ રૂપે માને છે કે પુરુષોએ આ અર્ધા અંગની લેશમાત્ર દરકાર કરી નથી, એથીય વિશેષ એને અપંગ બનાવવા સતત કોશિશ કરી છે! શાસ્ત્રોએ પણ સ્ત્રીને પરિગ્રહની વસ્તુ ગણી અને ચક્રવર્તીને એક લાખ વીસહજાર સ્ત્રીઓ હોય તેમ ધર્મશાસ્ત્રોએ કહ્યું. જેમ સ્ત્રીસંખ્યા વધુ, તેમ વધુ મહત્તા. બીજી તરફ પરિગ્રહ ઓછો કરવાની ભાવનાવાળા સાધુ-સંતોએ સ્ત્રીને ત્યજી ખરી, પણ એની સાથોસાથ સભ્ય પુરુષને પણ ન છાજે તેવી સ્ત્રીનિંદા કરી.

આમાંથી નારીને માટે મુક્ત થવાનો માર્ગ એક જ છે. લેખક માને છે કે સ્ત્રીએ પોતાનું સત્ત્વ પ્રગટ કરવું જોઈએ અને એ દર્શાવવા

એમણે નિર્મળાનું પાત્ર આલેખ્યું છે. આઝાદ નિર્મળાને લેખક પોતાનું કલ્પના સંતાન કહે છે. વિ. સં. ૧૯૯૪માં પ્રગટ થયેલી 'બેઠો બળવો'ના પુરોવચનમાં લેખક લખે છેઃ

'હિંદુસંસારની જ એકાદ મા, બહેન કે દીકરી નિરાધાર બની, ઠગાઈ, છેતરાઈ, વેશ્યાના પાટલે બેઠાના સમાચાર આજે ક્યાં નવા છે? નિઃસંતાન શ્રીમંત પત્નીઓ, નપુંસક પતિની નવવધૂઓ અને અંતઃપુરની રાણીઓનાં જીવન તો કોઈ લેખક ન લખી શકે કે કોઈ ચિતારો ન ચીતરી શકે એટલાં કલુષિત છે.

'બાળવિધવાઓ, ભ્રુણહત્યાઓ, આપઘાતો, ત્યકતાઓ તો આ સંસારની નિત્યપરિચિય વસ્તુઓ છે.

'આ અને આથીય વધુ ભયંકર અનાચારમાં અને અત્યાચારમાં હડસાયેલી સ્ત્રીઓનાં ચિત્રો જાણેલાં ને જોયેલાં છે. પણ ડર એ વાતનો છે, કે કદાચ એ ચિત્રના આલેખનને, આજનો સંસ્કૃતિ અને સભ્યતાનો ડોળઘાલુ સમાજ, ઘાસલેટિયું સાહિત્ય કહી, જોયા-જાણ્યા વગર ફેંકી દેશે.'

નારીજીવનનું હીર ચૂસી લેતો પુરુષસમાજ અને દુઃખોના મહાસાગરમાં ડુબાડતા રિવાજો, રૂઢિઓ અને માન્યતાઓ સામે લેખક કલમ ઉઠાવે છે. કોઈ સુધારકની માફક ઉપદેશ આપવાને બદલે નારીજીવનના વેદનાભર્યા વાસ્તવિક, અનુભવજનિત ચિત્રો આલેખે છે.

સૌરાષ્ટ્ર છોડીને જયભિખ્ખુ મધ્યપ્રદેશમાં આવે છે. ગ્વાલિયરના શિવપુરી ગુરુકુળમાં પ્રવેશ મેળવે છે. આ શિવપુરીમાં શિક્ષિકા નિમુબહેનનું પુનઃસ્મરણ થાય તેવા વિદુષી ડૉ. શારલૉટ ક્રાઉઝેને જુએ છે. આ જર્મન વિદુષી શ્રીમતી શારલૉટ ક્રાઉઝે શિવપુરી ગુરુકુળમાં જૈનસાહિત્યનો અભ્યાસ કરતાં હતાં. તેઓ 'સુભદ્રાબહેન' તરીકે ઓળખાતાં હતાં.

એક વાર શારલૉટ ક્રાઉઝે સાથે વિદ્યાર્થી જયભિખ્ખુ જગન્નાથપુરીની યાત્રા કરી ભુવેશ્વરનાં દર્શને ગયા. ત્યાંથી ખંડગિરિ અને ઉદયગિરિનો યાત્રાપ્રવાસ પૂરો કરી ચેન્નાઈ જવા માટે ગાડી પકડવાની હતી. બે-ત્રણ ટ્રેન પસાર થાય, તેવું નાનકડું સ્ટેશન અને એની બાજુમાં સાવ નાનકડું ગામડું હતું. જર્મન વિદુષી ડૉ. ક્રાઉઝે નિરામિષાહારી હતાં, પણ એમણે તો ફળફળાદિ આરોગીને ભોજન પતાવી લીધું, પણ વિદ્યાર્થી જયભિખ્ખુની ફળફળાદિથી કઈ રીતે ભોજનતૃપ્તિ થાય? આથી એ આ નાનકડા ગામમાં ભોજનની ખોજમાં નીકળ્યા.

હૉટલમાં તો માંસાહારી ભોજન મળતું હતું અને શાકાહારી દુકાનોમાં પણ આગળ માછલીના ઢગના ઢગ પડ્યા હોય. આથી આખરે કેળાં ખાઈને કકડીને લાગેલી ભૂખની આગને ઓલવવાનો વિચાર કર્યો.

એક દુકાને જઈને ભાવ પૂછ્યો, તો કેળાં વેચનારી સ્ત્રીએ વળતું પૂછ્યું કે એકાદ કેળું લેવું છે કે વધારે લેવાં છે? પણ વિદ્યાર્થી જયભિખ્ખુ એની ભાષા સમજે કઈ રીતે? કેળાં વેચનારી તો વિદ્યાર્થીને વારંવાર એક જ પ્રશ્ન પૂછવા લાગી. વિદ્યાર્થી મૂંઝાયો. કરવું શું? આવી માથાકૂટ ચાલતી હતી, ત્યાં પાછળથી એક મીઠો અવાજ આવ્યો, 'ભાઈ, તમારે શું લેવાનું છે?'

જ્યાં ગુજરાતનું પંખી જોવાનું પણ દુર્લભ હતું, ત્યાં આવી મીઠી, શુદ્ધ ગુજરાતી વાણી ક્યાંથી? એક સફેદ ધોતી પહેરેલી શ્યામ વર્ણની, સુરેખ વદના યુવતી આમ બોલીને આગળ આવી અને એને વિદ્યાર્થી જયભિખ્ખુએ ઊછળતા ઉત્સાહ અને પરમ આશ્ચર્ય સાથે પૂછ્યું,

'શું તમને ગુજરાતી આવડે છે?'

એના શ્યામ મુખ પર શ્વેત દંતપંક્તિ વીજળીની માફક ચમકી ઊઠી અને એ હસતાં-હસતાં બોલી, 'ગુજરાતી કેમ ન આવડે? હું તો ગુજરાતી છું.'

યુવતીનું શ્યામસૌંદર્ય વિલસી રહ્યું, પરંતુ વિદ્યાર્થી જયભિખ્ખુને એ સમયે શ્યામ રંગમાં સૌંદર્ય દેખાતું નહીં. વળી એના સૌંદર્યનું વિશ્લેષણ કરે એવી એમની સ્થિતિ પણ નહોતી.

વિદ્યાર્થી જયભિખ્ખુના પ્રશ્નમાં રહેલા સંદેહને પારખીને એ યુવતીએ કહ્યું, 'તમારે શું જોઈએ? કેટલાં કેળા લેવાં છે?'

ભૂખ્યા વિદ્યાર્થીને ભગવાન મળ્યા એવું લાગ્યું. એણે વિચાર્યું કે હવે ફળાહારી એકાદશીને બદલે ઉદરતૃપ્તિ માટે ભોજનપ્રાપ્તિની જાણકારી મેળવી લેવી.

વિદ્યાર્થીએ કહ્યું, 'કેળાં તો ઠીક, પણ મારી ઈચ્છા તો ભોજન કરવાની છે.'

પેલી સ્ત્રીએ સાહજિક વાણીમાં કહ્યું, 'તો જુઓ, આસપાસ આટલી બધી દુકાનો છે. બસ, ખાઓ-પીઓ.'

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'ના, પણ હું તો શાકાહારી છું અને અહીંની શાકાહારી દુકાનોમાં માંસ-માછલી વેચાય છે. ત્યાં મારાથી ખાઈ શકાય નહીં.'

'ના, એવું નથી. અહીં માંસની અને મચ્છીની દુકાનો જુદી જુદી છે. મચ્છીની દુકાને માંસ ન મળે. માંસની દુકાને બંને મળે. માછલી અહીં શાકાહાર ગણાય છે.'

યુવતી ચીપી ચીપીને ગુજરાતી બોલતી હતી અને શબ્દેશબ્દથી પોતાના ગુજરાતીપણાની છાપ પર મહોર લગાવતી હતી. જાણે પોતે ગુજરાતી છે એની પાકી ખાતરી કરાવવા ચાહતી ન હોય!

વિદ્યાર્થી જયભિખ્ખુ આશ્ચર્યથી બોલી ઊઠ્યા, 'અરે! માછલી શાકાહારમાં કઈ રીતે? અજાયબ દુનિયા છે આ!'

અરે! મારા ભાઈ!' શ્યામ યુવતી મધુર ગુજરાતી રણકા સાથે 'ભાઈ' શબ્દ બોલી, જે વિદ્યાર્થીના કાનમાં ગુંજવા લાગ્યો. એણે કહ્યું, 'માછલી તો જલડોડી કહેવાય. આપણે ત્યાં પેલું શાક...'

એ યુવતી શાકનું ઉડિયા નામ બોલી, પણ એ આ વિદ્યાર્થીને

સમજાયું નહીં. એને સમજાવવા માટે યુવતી ગુજરાતી શબ્દનો હૃદય-કોશ ઉખેળવા લાગી અને થોડી વારે બોલી,

'અરે ! શિંગવડાં...ના, ના. હા, હા, શિંગોડાં. જેમ શિંગોડા એમ આ માછલી. શાકાહાર કહેવાય.'

'ખોટી વાત છે ! ક્યાં શિંગોડાં ને ક્યાં માછલી?' વિદ્યાર્થીએ વિરોધ કર્યો. પણ યુવતીએ વાતને વાળી લેતાં કહ્યું, 'તમારે જમવું છે ને? ચાલો, મારી દુકાને.'

યુવતી દુકાને લઈ ગઈ. દુકાનના થડા પર એ પ્રદેશના રહેવાસી જેવો પુરુષ બેઠો હતો. આગળના ધૂળ-કાદવમાં એક છોકરી રમતી હતી.

યુવતીએ એ પુરુષને એની ભાષામાં કહ્યું. એને માટે સારા શબ્દો કહ્યા હશે, તેથી પેલા પુરુષે જૂનો ચાકળો કાઢીને આ વિદ્યાર્થીને બેસવા આપ્યો. એ ચાકળા પર મેના-પોપટનું ગુજરાતી ભરતકામ કરેલું હતું. પુરુષને ભાંગી-તૂટી થોડી હિંદી આવડતી હતી, તેથી એની સાથે વાતો શરૂ કરી. સારાંશમાં એટલું સમજાયું કે પુરુષનું નામ શિવલિંગમ્ મિશ્ર હતું. એની પત્નીનું નામ હીરા અને પુત્રીનું નામ પાર્વતી હતું.

આ વિદ્યાર્થીને એ જાણવાની પ્રબળ જિજ્ઞાસા જાગી કે આ લંકાની લાડી અને ઘોઘાનો વર, એ બંને ક્યાં અને કેવી રીતે મળ્યાં? પરંતુ શિવલિંગમ્ વિદ્યાર્થીના આ પ્રશ્નને બરાબર સમજી શક્યા નહીં. એમણે કંઈક ઉત્તર આપ્યો, તે આ વિદ્યાર્થીને સમજાયો નહીં. વિદ્યાર્થીનું રહસ્ય અકબંધ રહ્યું.

થોડી વારે હીરાએ જમવા માટે બોલાવ્યા. વિદ્યાર્થી વિચારવા લાગ્યો કે સહરાના રણમાં માણસને મીઠી વીરડી લાધે, એવી રીતે એને આ ભોજન મળી ગયું.

ભોજન કરતી વખતે વિદ્યાર્થીના મનમાં શંકા પણ જાગી કે આ કોઈ ચાલાક સ્ત્રી તો નહીં હોય ને, જે એને ફસાવવા માગતી હોય! કદાચ આ હૉટલ માટે ગ્રાહક મેળવવાની કોઈ નુસખાબાજ નારી તો નહીં હોય ને? પરંતુ ભૂખ એટલી હતી કે આ સઘળી શંકાઓ જઠરાગ્નિની આગમાં સળગીને ભસ્મ થઈ ગઈ. વળી યુવતીના ચહેરા પરના વ્હાલને જોતાં આવું વિચારવું ઉચિત લાગ્યું નહિ. એના હાથમાં નાળિયેરનાં પાનનો પંખો હતો અને વિદ્યાર્થીના ભોજન પર માખી બેસે નહીં, એ માટે એનાથી માખીઓ ઉડાડતી હતી. એના ચહેરા પર ઊમટી રહેલા સ્નેહને જોઈને એમ લાગ્યું કે ખરેખર આ યુવતી ગુજરાતની હશે અને એને જોઈને પોતાના પ્રિય વતનની યાદ આવી ગઈ હશે.

ભોજન કરતા કરતા વિદ્યાર્થી જયભિખ્ખુએ પૂછ્યું, 'હીરાબહેન, તમે ગુજરાતમાં ક્યાંના?'

'સુરત તરફના.'

'પણ અહીં ક્યાંથી?'

'કલકત્તા (કોલકાતા)માં રહેતી હતી. ગરીબ ઘરની હતી. આ શિવલિંગમ્ સાથે મારું નસીબ જોડાયું હશે એટલે અહીં આવી પડી. સંસારમાં લેણ-દેણ મોટી વસ્તુ છે. પરભવનું શિવલિંગમ્ સાથે મારે કોઈ દેવું હશે.'

'તમને ગુજરાત સાંભરે છે?'

'ભાઈ, ગુજરાત જેવો દેશ ક્યાં થવો છે? ગુજરાતી જેવા માણસો ક્યાં થવા છે? આ બધા તો જુઓને...'

અને આટલું બોલીને એણે પોતાની આસપાસ વસતા લોકોની ટીકા કરવા માંડી. વિદ્યાર્થી જયભિખ્ખુએ નિરાંતે પેટપૂજા કરી અને પૂછ્યું, 'ભોજનના કેટલા પૈસા થયા?' ત્યારે શિવલિંગમે પત્ની તરફ જોયું.

હીરાએ કહ્યું, 'કંઈ લેવાનું નથી.'

'એમ ન બને.'

'મારો ગુજરાતી વીરો અહીં ક્યાંથી?' હીરા આ શબ્દો ચીપી ચીપીને બોલી, પણ એમાં ભારોભાર સ્નેહ નીતરતો હતો.

'લેવા જ જોઈએ. એમ ન ચાલે.'

હીરાએ કહ્યું, 'ફરી આવશો ત્યારે લઈશ. અત્યારે બોલો તો આ દીકરીના સમ છે.

વિદ્યાર્થીને સમજાયું નહીં કે આ ખાલી શબ્દો હતા કે અખૂટ સ્નેહની વર્ષા હતી? એની આંખના ખૂણા ભીના થઈ ગયા. હવે શું કરવું તેના વિચારમાં હતા. પાકીટમાં ત્રણ રૂપિયા હતા, તેમાંથી બે રૂપિયા નાની પાર્વતીના હાથમાં મૂકી દીધા. હીરાએ એ લઈને પાછા આપ્યા.

વિદ્યાર્થી જયભિખ્ખુએ કહ્યું, 'મને ભાઈ ગણતા હો તો ના ન પાડો. ના પાડો તો ભાઈના સમ.'

હીરાના શ્યામ ચહેરા પર અજબ ભાવ ઊપસી આવ્યા. એણે અનિચ્છાએ સમ આપ્યા હોવાથી અનિચ્છાએ આ રકમ સ્વીકારી. એ સમયે બે રૂપિયા એ સામાન્ય રકમ ન હતી.

વિદ્યાર્થી જયભિખ્ખુને સ્ટેશને મૂકવા માટે શિવલિંગમ્, હીરા અને પાર્વતી ત્રણે આવ્યાં. એ ગાડીમાં બેઠાં ત્યારે બાજુમાં બેઠેલા કેટલાક ગ્રામજનોને શિવલિંગમે હીરાના ભાઈ તરીકે આ વિદ્યાર્થીની ઓળખ આપી અને રસ્તામાં સંભાળ લેવાની તાકીદ કરી, સાથે એ પણ કહ્યું કે તેઓ શાકાહારી છે, પણ માછલી ખાતા નથી.

ગાડી ઊપડી, શિવલિંગમે આવજો કહ્યું. હીરાની આંખમાં આંસુ હતાં અને આ વિદ્યાર્થીનું મન એક ગુર્જરીના સ્નેહભાવથી ભર્યું ભર્યું હતું ! (ક્રમશઃ)

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટેલિફોન : ૦૭૯–૨૬૬૦૨૫૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

શ્રી સ્નાત્ર પૂજાનાં રહસ્યો

□ પ. પૂ. આચાર્ય શ્રી 'વાત્સલ્યદીપ' સૂરીશ્વરજી મ.

(૧૯)

શ્રી વીરવિજયજીની સ્નાત્રપૂજાની આપણે વાતો કરી રહ્યાં છીએ. જિનેશ્વર ભગવાનની પૂજા કરે તેના મનને પ્રસન્નતા મળે. ચિત્તની પ્રસન્નતા એટલે પૂજાનું ફળ. જેટલા દિવસથી આ પ્રવચનો સાંભળો છો ત્યારથી તમારું મન પાપથી પાછું વળ્યું? સત્કર્મના પંથે ચાલ્યું?

જ્યારથી આ પ્રવચનો સાંભળો છો ત્યારથી આજસુધી કરેલા કાર્યોનો હિસાબ તપાસી જાવ. ક્યારેય વિચારોને કે કમ સે કમ બિનજરૂરી જૂઠ બોલવાનું બંધ કર્યું? અનાદિ કાળના પાપ આત્મા પરથી ખંખેરવા પડશે. જીવનની સુવાસ આરાધનાથી જ ફેલાય. સુવાસ પોતાનું સ્થાન સ્વયં ઊભું કરે છે.

ક્રૂરતા અને નિર્દયતા મનમાંથી આવે છે. આ જિંદગીમાં કોઈનું ખોટું કર્યું નથી છતાંય દુ:ખી છીએ એ વાત મનમાંથી કાઢી નાખો. તમે સજ્જન છો એ માત્ર તમે માનો એટલું પૂરતું નથી. તમારા વિશે બીજા શું માને છે તે પણ પ્રામાણિકપણે જાણી લો. કર્મ તમારું દુશ્મન નથી. તમે દુ:ખી એટલા માટે થાવ છો કે તમે પાપ કર્યું હતું. કર્મ સાથે તમારે શું સંબંધ? દુનિયાનું તંત્ર વિરાટ છે. કર્મ એકલે હાથે ચલાવે છે. કર્મનો કોઈ દુશ્મન નથી. નાની વાતોમાંથી માણસ મોટા પાપો બાંધે છે.

શ્રી ગૌતમસ્વામીએ એકદા પ્રભુને કહ્યું કે મેં એક બહુ દુ:ખી માણસ જોયો. આવો દુ:ખી માણસ આ દુનિયામાં કોઈ નહીં હોય! પ્રભુ કહે કે ના, એવું નથી. મૃગાવતી રાણીનો દીકરો જોઈ આવ પછી વાત કર.

શ્રી ગૌતમસ્વામી ઝડપથી ઉપડ્યા. ૨૦,૦૦૦ પગથિયાં ક્ષણમાં ઉતરી ગયા. આવું દિવસમાં ૨૫ વાર કરવું પડે તો પણ ગૌતમસ્વામીજી તૈયાર. તેમને થાક ન લાગે? ના, પ્રભુજીના અતિશયનો પુણ્ય પ્રભાવ ગજબ હોય છે!

મૃગાવતી રાણીના ઘરે જઈને કહ્યું કે તારો પુત્ર જોવો છે. મૃગાવતીની આંખમાં પાણી આવી ગયા. કહે કે મારા પુત્રની તમને ક્યાંથી ખબર? ગૌતમસ્વામીજી કહે કે પ્રભુએ કહ્યું. મૃગાવતી કહે કે નાક પર મુહપત્તિ બાંધી દો. મૃગાવતી રાણીએ ભોંયરાનું બારણું ખોલ્યું. દુર્ગંધનો ભયંકર સૂસવાટો બહાર આવ્યો. કોઈથી સહન ન થાય તેવી દુર્ગંધ હતી એ!

ગૌતમસ્વામીએ ભયંકર વિરોધાભાસ જોયો. સોનાની થાળી છે. તેમાં કેસરમિશ્રિત ઠંડું દૂધ છે. સોનાની થાળીમાં એક માંસનો પિંડો પડ્યો છે. આંખ, કાન, નાક, હાથ, પગ કશું જ નથી. માત્ર માંસનો પિંડો. દેહના છિદ્રો વડે એ દૂધ ગ્રહણ કરે છે. મૃગાવતી રાણીનો આ છે પુત્ર!

રાજકુળમાં જન્મ થયો છે. સોનાની થાળી છે. સર્વ વાતે સુખ છે અને છતાં ય આવું ભયંકર દુ:ખ છે. આનું નામ કર્મ!

ગૌતમસ્વામીએ પ્રભુને જઈને પૂછ્યું કે કેવું ભયાનક આ કર્મ! શાથી બંધાયું હશે આ કર્મ?

પ્રભુ કહે, 'પૂર્વે એ જીવ મનુષ્ય હતો. સુકૃત્યના પ્રતાપે માનવભવ પામ્યો, રાજકુળ પામ્યો, પરંતુ જીવનભર ચારિત્રવાન સાધુ-સાધ્વીની નિંદા કરી તેનું આ પરિણામ!'

જીવનમાં બધું કરો. કોઈનું ખરાબ ન બોલો. આંખથી ખરાબ જુઓ નહીં, કાનથી ખરાબ સાંભળો નહીં, મુખથી ખરાબ બોલો નહીં.

(૨૦)

શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજાની આપણે વાતો કરી રહ્યાં છીએ. જગતના સર્વ જીવોનું જેનાથી કલ્યાણ થાય તેનું નામ કલ્યાણક.

સ્નાત્રપૂજામાં સિંહાસન પર કોને બિરાજમાન કરીએ છીએ? મોટે ભાગે શ્રી શાંતિનાથ ભગવાનને. મહદ્ અંશે શાંતિનાથ ભગવાન એટલા માટે મુકાય છે કે તેઓ શાંતિના દેનારા છે એટલા માટે સૌના પ્યારા થઈ ગયા છે. અભૂતપૂર્વ શ્રદ્ધાને કારણે શાંતિનાથ ભગવાનને બિરાજમાન કરાય છે.

શ્રદ્ધા દિલમાંથી આવે. ખાનદાની દિલમાંથી આવે. સંસ્કાર દિલમાંથી આવે.

આકાશમાં દેવતાઓની ભીડ જામી હતી. મેરુ પર્વત પર દેવતાઓની ભીડ જામી હતી. દેવતાઓને કારણે આકાશ નાનું પડે છે એમ જિનેશ્વર ભગવાનના જન્મોત્સવનું વર્ણન કરવા માટે કવિને શબ્દો ઓછા પડે છે. કેવો ભક્તિમય માહોલ હશે! ભક્તિનો અવસર આવે ત્યારે સરસ મજાની તક પ્રાપ્ત થાય છે. આત્મકલ્યાણ માટેની તક છે એ. તે ચૂકી જઈએ તો કેમ ચાલે?

આપણે અઢીસો અભિષેકની વાત કરતાં હતાં. વીરવિજયજીની પંક્તિઓમાં અદ્‌ભુત વર્ણન છે. આ વર્ણન તન્મય થઈને સાંભળવાનું છે. ભગવાનના અઢીસો અભિષેક પૂર્ણ થયાં છે. પહેલેથી છેલ્લે સુધી સૌધર્મેન્દ્ર પાસે પ્રભુ રહ્યા. સમજો કે બધો જ લાભ એમને મળ્યો. ઈશાનેંદ્ર હવે કહે છે કે,

ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો.

-તમે તો ઘણો લાભ પામ્યા. ક્ષણવાર પ્રભુ મને પણ આપો.

સૌધર્મેન્દ્ર હા પાડે છે. ઈશાનેંદ્રના ખોળામાં પ્રભુને મૂકે છે.

હવે સૌધર્મેન્દ્રની ભક્તિ જુઓ:

તવ તસ ખોળે ઠવી અરિહાને, સોહમપતિ મનરંગે,

વૃષભરૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ટ ૧૭મું)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ૭૭મી પર્યુષણ વ્યાખ્યાનમાળા સંપન્ન

(તા. ૨૫ મી ઑગસ્ટ ૨૦૧૧ થી તા. ૧ લી સપ્ટેમ્બર ૨૦૧૧)

વ્યાખ્યાન અગિયારમું :
વ્યાપારમાં સફળ થવા વિદ્યા આવશ્યક

ઉદ્યોગપતિ ડૉ. મોહનભાઈ પટેલે 'વ્યાપારે વસતિ વિદ્યા' વિશે જણાવ્યું હતું કે વ્યાપારમાં સફળ થવા માટે વિદ્યા આવશ્યક છે. સફળ વેપારી થવા માટે બજારની રૂખ, વૈશ્વિક ઘટનાઓની વ્યાપાર ધંધા પર અસર, કાયદાનું જ્ઞાન, સંબંધોની જાળવણી, ભૌગોલિક બાબતો અને વાહનવ્યવહાર સંબંધી વિગતોની જાણકારી આવશ્યક છે. ઉદ્યોગમાં સફળ થવા માટે ઉત્તમ ગુણવત્તા, સ્પર્ધામાં ટકવાની ક્ષમતા અને વિશ્વસનીયતા એ ત્રણ બાબતો અગત્યની છે. તે રીતે વ્યાપારમાં સફળ થવા સત્તાધીશો અને હાથ નીચે કામ કરનારાઓ સાથે કેવો વ્યાપાર રાખવો, રાજકારભારની વિદ્યાની જાણકારી, સહવ્યાપારીઓ સાથે સંબંધ તેમજ નોકરોને સંતોષ આપીને વફાદારી જીતીને વધારે કામ કરાવવું જેવી બાબતો જરૂરી છે. ચાણક્યને તેમના શિષ્યએ પુછ્યું હતું કે સુખનું મૂળ શું છે? જવાબ મળ્યો કે સુખ મૂળ ધર્મ છે. ધર્મનો અર્થ માત્ર પૂજાપાઠ નહીં પણ પોતાની ફરજ અદા કરવી. ધર્મનું મૂળ અર્થ છે. અર્થનું મૂળ વાણિજ્ય છે. વાણિજ્યનું મૂળ સ્વાતંત્ર્ય છે અને સ્વાતંત્ર્યનું મૂળ ચારિત્ર્ય છે. વિદ્યા એટલે વિચારોની તર્કસંગત પૂર્ણતા. જીવનમાં સત્તા મેળવવા ડહાપણ અને તેને ટકાવવા વિદ્યા જોઈએ. વિદ્યા વિના ધન આવી શકે પણ લાંબો સમય ટકી ન શકે.

(દાનવીર ઉદ્યોગપતિ ડૉ. મોહનભાઈ પટેલ વિદેશમાં એન્જિનિયરીંગનો અભ્યાસ કર્યો પછી મુંબઈમાં ઔદ્યોગિક એકમનું સંચાલન કરે છે. તેઓ મુંબઈના ભૂતપૂર્વ શેરીફ છે અને શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.)

વ્યાખ્યાન બારમું :
મૂલ્યોમાં શ્રદ્ધા રાખે તે ધર્મ

ઈતિહાસના અભ્યાસુ ડૉ. મહેબૂબ દેસાઈએ 'ગીતા અને કુરાન' વિશે જણાવ્યું હતું કે આચાર્ય વિનોબા ભાવે લિખિત પુસ્તક 'ગીતા-કુરાન'માં આધ્યાત્મિકતાનો અર્થ જીવનમાં સર્વોચ્ચ નૈતિક મૂલ્યો અને તેમાં શ્રદ્ધા એવો કરવામાં આવ્યો છે. મૂલ્યોમાં શ્રદ્ધા રાખવી તે ધર્મ છે. હિન્દુ અને ઈસ્લામ બંને ધર્મો ઈશ્વર સર્વવ્યાપી હોવાનું કહે છે. ગીતા અને કુરાનમાં પણ કેટલાય સામ્ય છે. ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે. કુરાનમાં ૩૦ પારા અને ૬૬૬૬ આયાતો છે. ગીતાનું સર્જન જેમના મુખમાંથી થયું હતું તે પ્રભુ શ્રીકૃષ્ણ ૧૨૫ વર્ષ જીવ્યા હતા. તેઓ સંન્યાસી નહોતા પણ તેમણે આઠ લગ્ન કર્યા હતા. બહિર્મુખ અને આનંદી હતા. ગીતા હિન્દુ ધર્મના પાયા સમાનગ્રંથ છે. કુરાન રચીને હઝરત મહંમદ પયગમ્બર સાહેબે ઈસ્લામ ધર્મનું નવસર્જન કર્યું હતું. ૬૧ વર્ષના આયુષ્યમાં મહંમદ પયગમ્બરે દસ લગ્ન કર્યા હતા. તેઓ અંતર્મુખી હતા. જ્યારે શ્રીકૃષ્ણ આનંદી હતા. કુરુક્ષેત્રમાં સામે પક્ષે ઊભેલા સગાંસંબંધીઓ સાથે યુદ્ધ કરવામાં અર્જુનને મૂંઝવણ થઈ હતી તેવી મૂંઝવણ જંગ-એ-બદ્રમાં મહંમદ પયગમ્બરના અનુયાયીઓએ પણ અનુભવી હતી. પાંડવોએ બાર વર્ષ વનમાં અને એક વર્ષ અજ્ઞાતવાસમાં ગાળ્યા પછી કૌરવો સાથે યુદ્ધ કર્યું હતું. મહંમદ પયગમ્બરે પણ તેર વર્ષના ગાળા પછી યુદ્ધ કર્યું હતું. હિન્દુ અને મુસ્લિમ બંનેમાં સ્વર્ગની કલ્પના સમાન છે. ગીતામાં કહેવાયું છે કે જે મનુષ્ય બીજા દેવને પૂજે છે તે અવિધિપૂર્વક મને પૂજે છે. કુરાનમાં પણ કહેવાયું છે કે દરેક પ્રજામાં તેઓની ભાષામાં ઉપદેશ-સંદેશ આપવા પયગમ્બર મોકલવામાં આવ્યા છે.

(ડૉ. મહેબૂબ દેસાઈ ઈતિહાસના અભ્યાસુ છે અને ભાવનગર યુનિવર્સિટીમાં ઈતિહાસનું અધ્યાપનકાર્ય કરે છે. તેમને ૧૯૯૨માં પીએચ.ડી.ની ડીગ્રી મળી હતી. તેમણે ગુજરાતમાં પ્રવાસન તેમ જ ગુજરાત-સૌરાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય સંગ્રામ જેવા વિષયો ઉપર ૫૫ પુસ્તકો લખ્યા છે.)

વ્યાખ્યાન તેરમું :
દુષ્કૃત્ય કરવાના વિચારથી પણ પાપ ભોગવવું પડે

સાહિત્યકાર દિનકર જોશીએ 'બુદ્ધં શરણં ગચ્છામિ' વિશે જણાવ્યું હતું કે ભગવાન બુદ્ધે દીક્ષાર્થી શિષ્યને ઉપદેશ આપ્યો હતો કે તું જ તારો પ્રકાશ થાજે. ચોરી કે અન્ય કોઈ દુષ્કૃત્ય કરવાનો વિચાર આવે તો પણ તે કર્યાનું પાપ ભોગવવું પડે છે. જોકે સત્કર્મનો વિચાર માત્ર કરવાથી પુણ્ય પ્રાપ્ત થતું નથી. વેદિક અને શ્રમણ સંસ્કૃતિમાં ઉપવાસ અને દેહદમન કરવાનો કષ્ટદાયક માર્ગ ચીંધવામાં આવ્યો છે. પરંતુ બુદ્ધે મધ્યમ માર્ગ અપનાવવાનો ઉપદેશ આપ્યો છે. બુદ્ધ અને સોક્રેટીસની વિશિષ્ઠતા એ છે કે તેઓએ સંવાદો અને દૃષ્ટાંતો વડે ઉપદેશ આપ્યો છે. શિષ્યે એકવાર પ્રશ્ન કર્યો હતો કે તમે મને જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, પુનર્જન્મ અને ઈશ્વર વિશે જ્ઞાન આપશો એવી આશા તમારી સાથે જોડાયો ત્યારથી છે. બુદ્ધે જવાબ આપ્યો કે માર્ગમાં જતાં તને બાણ વાગે ત્યારે તું તે કોણે માર્યું, શા માટે માર્યું, તે વિષયુક્ત અને અણિયાળું હતું તે બાબતોની તપાસ કરીશ કે પછી વૈદને બોલાવીને ઈલાજ કરીશ. તે પ્રકારે જીવનનું છે. ઈશ્વર, પુનર્જન્મ અને મોક્ષની ચિંતાને તજીને સંસારના દુઃખોમાંથી મુક્ત થવા માટેનો ઉપાય શોધવો જોઈએ. જે પ્રાપ્ત થાય છે તેને સ્વીકારી લે. તૃષ્ણાનો ત્યાગ કર. બુદ્ધે ચોરને ઉપદેશ આપેલો કે જે કામ કરે તે નિષ્ઠા અને જાગરૂકતાથી કરજે. આ માલ કોનો છે તેનો વિચાર જાગરૂકતાથી કરીશ તો આ કામ ખોટું છે તે સમજાશે. બુદ્ધે શિષ્યોને ઉપદેશ આપતાં પુછ્યું હતું કે તમે અનુયાયીઓને મુક્તિ મળે તે માટે પ્રયત્ન કર્યો હતો? ભાગવતમાં બુદ્ધ વિશે શ્લોકો છે પરંતુ તેઓ વિશેના પુસ્તકો, ઉપદેશ અને દર્શનને હિન્દુઓએ આત્મસાત્ કર્યા નથી.

તા. ૩૦-૮-૨૦૧૧ : મંગળવાર	: પ્રથમ વ્યાખ્યાન : ડૉ.મોહનભાઈ પટેલ : વિષય : ઈશ્વર નથી?
	બીજું વ્યાખ્યાન : ડૉ. મહેબૂબ દેસાઈ : વિષય : ગીતા અને કુરાન
તા. ૩૧-૮-૨૦૧૧ : બુધવાર	: પ્રથમ વ્યાખ્યાન : શ્રી દિનકર જોષી : વિષય : બુદ્ધં શરણં ગચ્છામી
	બીજું વ્યાખ્યાન : શ્રી ભાગ્યેશ જહાઁ : વિષય : તમસો મા જ્યોતિર્ગમય
તા. ૦૧-૯-૨૦૧૧ : ગુરુવાર	: પ્રથમ વ્યાખ્યાન : ડૉ. રશ્મિકાંત ઝવેરી : વિષય : ભગવાન મહાવીરનું વસિયતનામું
	બીજું વ્યાખ્યાન : શ્રીમતી છાયાબહેન શાહ : વિષય : મોક્ષનું સ્વરૂપ સમજીએ

(ગુજરાતી ભાષાના સાહિત્યકાર દિનકર જોશીએ ૪૩ નવલકથાઓ, ૧૧ વાર્તાસંગ્રહો, ૪૩ નિબંધો અને પ્રસંગચિત્રો, ૧૬ સંશોધન ગ્રંથો તેમજ મહાભારતના ગુજરાતી અનુવાદના ૨૦ ગ્રંથો–એમ વિપુલ સર્જન કર્યું છે. મહાત્મા ગાંધીજીના મોટા પુત્ર હરિલાલ ગાંધીના જીવન આધારિત નવલકથાને કારણે તેમને ભારે પ્રસિદ્ધિ મળી છે.)

વ્યાખ્યાન ચૌદમું :

પર્યુષણ આત્માનો ઉદ્ધાર કરવામાં દુશ્મનોને ઓળખવાનું પર્વ

ભાગ્યેશ જહાંએ 'તમસો મા જ્યોર્તિગમય' વિશે જણાવ્યું હતું કે અંધકારમાંથી પ્રકાશમાં જવા માટે આપણી તસવીરો નહીં પરંતુ અરીસામાં એટલે કે આપણી પોતાની જાતને અંતર્મુખ થઈને જોવાની છે. બગીચાની સુંદરતાને જોવા-પામવા પણ પ્રકાશની આવશ્યકતા હોય છે. પ્રાર્થનામાં ગવાયું છે તેમ આપણી આસપાસનો અંધકાર સામાન્ય નથી. તે ઊંડા અંધારેથી પરમતેજમાં જવા માટે આપણા આત્માનો ઉદ્ધાર કરવામાં દુશ્મન કોણ છે તે નિર્દેશન કરે છે. આ પર્યુષણ પર્વમાં તેમને ઓળખવાના છે. બહાર જોવામાં વિજ્ઞાન અને અંદર જોવામાં અધ્યાત્મ મદદ કરે છે. દૃઢ નિર્ધાર સાથે કરાયેલા ઉપવાસની તાકાત સમાજસેવક હઝારેની બાબતમાં જોઈ છે. સલ્લીનતા એ અભ્યંતર તપનું પ્રવેશદ્વાર છે. કુદરતનો નિયમ એવો જણાય છે કે બધા સર્જન અંધારામાં થાય છે અને પછી પ્રકાશમાં આવે છે. ચયાપચયની ક્રિયા, હૃદયના ધબકાર અને ગર્ભનો વિકાસ, અંધારામાં થાય છે અને પછી પ્રકાશ પામે છે. પોતાને જગતની માયાજાળમાં ફસાતા રોકવા જાગૃતિ સાથે કર્મ અને જ્ઞાનની પણ જરૂર પડે છે. મૃત્યુ એ વાસ્તવિકતા હોવા છતાં તેની માત્ર કલ્પના જ થઈ શકે. તેનો અનુભવ કોઈ જણાવી શકે એમ નથી. તે મૃત્યુની સ્થિતિના અનુભવ માટે સમાધિની કલ્પના થઈ હશે. મૃત્યુ સુધી પહોંચવા ભક્તિનો માર્ગ છે. તેને હસતા સ્વીકારી શકાય એ સ્થિતિ અસાધારણ છે. ક્ષણભંગુરથી શાશ્વત તરફ પ્રયાણ કરવા સત્યની આરાધના કરવાની છે. સત્યનો ચહેરો ઢંકાયેલો છે અને તે આવરણ દૂર કરવાનું છે. તેના માટે પહેલા જાગવાનું અને પછી ઊઠીને પ્રયત્ન કરવાનો છે.

(ગુજરાતના સનદી અધિકારી ડૉ. ભાગ્યેશ જહાં સાંસ્કૃતિક ખાતાના સચિવ તરીકે કાર્ય કરે છે. તેમના બે કાવ્યસંગ્રહ પ્રગટ થઈ ચૂક્યા છે. વિશાળ વાંચન ધરાવતા હોવાથી અનેક વિષયો ઉપર વક્તવ્ય આપી શકે છે.)

વ્યાખ્યાન પંદરમું :

અહિંસા, સંયમ અને તપનું પાલન કરે તે

ભગવાન મહાવીરની સંપત્તિનો વારસ

જૈનધર્મના અભ્યાસુ ડૉ. રશ્મિકાંત ઝવેરીએ 'ભગવાન મહાવીરનું વસિયતનામું' એ વિશે જણાવ્યું હતું કે જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીરે જો પોતાનું વસિયતનામું બનાવ્યું હોત તો તે કેવું હોત? એવો વિચાર મને આવ્યો હતો. મહાવીરે વસિયતનામામાં લખ્યું હોત કે હું સ્વયં કેવળજ્ઞાની હોવાથી કોઈના દબાણ વિના વસિયતનામું કરું છું તેમાં મુખ્ય વહીવટકર્તા તરીકે ગણધર સુધર્માને નિયુક્ત કરું છું. તેઓ જે નિર્ણય લેશે તે મારા વંશવારસોને કબૂલ રહેશે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેય મારી સંપત્તિના વારસદારો છે. જે પાંચ મહાવ્રત અને અણુવ્રત શ્રાવકના નિયમો પાળશે તે મારા વારસદાર ગણાશે. અહિંસા, સંયમ અને તપ એ ત્રણ ધર્મનું આચરણ કરશે તે મારી સંપત્તિને પાત્ર બનશે. મારી સંપત્તિ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત શક્તિ છે. મેં કર્મનું દેવું ચૂકતે કર્યું છે. મારા વારસદારોમાં મારી સંપત્તિ છૂટે હાથે વહેંચવી અને તે ક્યારેય રતિભર ખૂટશે નહીં. મારા વારસદારો પાસે આ સંપત્તિ છે પરંતુ તેઓ તે હકીકતથી અજ્ઞાન છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું પૂર્ણપણે પાલન કરનારા સાધુઓ મારી સંપત્તિના પ્રથમ હક્કદાર રહેશે. વારસદાર શ્રાવકોમાં અહિંસા, દયા, અનુકંપા અને સંવેદનશીલતા ગુણો હોવા જોઈએ. તે પ્રત્યેક બાબતે સમ્યક્ દૃષ્ટિ અને હકારાત્મક વિચારો રાખશે. મારા વારસદારની આજીવિકા સમ્યક્ અને ઈમાનદારીસભર હશે. મારા વારસદારોએ 'સ્વ'ની ઓળખ કરીને હું આત્મા છું એ હકીકત સમજવાની રહેશે. મારી સંપત્તિ માટે દેશ, જાતિ, કુળ, રંગ, સ્ત્રીપુરુષ કે ટીલાટપકાના કોઈ ભેદભાવ નથી.

(વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રશ્મિકાંત ઝવેરી તેરાપંથ સંપ્રદાય (લાડનું) સાથે સંકળાયેલા છે. તેમના પિતાએ સંથારો લીધો હતો. તેમના લઘુબંધુએ જૈન ધર્મની દીક્ષા લીધી છે. જૈન ધર્મમાં ખૂબ ઊંડા ઉતરીને તેમણે પરિવારના સંસ્કારો ઓપાવ્યા છે.)

વ્યાખ્યાન સોળમું :

ઈન્દ્રિયોના ઉપભોગ વિના આનંદની અનુભૂતિ

એ જ આત્માનું સુખ

જૈનધર્મના અભ્યાસુ શ્રીમતી છાયાબહેન શાહે 'મોક્ષનું સ્વરૂપ સમજીએ' વિશે જણાવ્યું હતું કે નાની હતી ત્યારે પૂજા સમયે પિતાના કહેવા મુજબ સ્વસ્તિક અને તેના સિદ્ધશીલા બનાવતી હતી. મારા પિતા કહેતા આપણે આ ચાર ગતિમાંથી નીકળીને મોક્ષમાં જવાનું છે. ત્યારથી મને મોક્ષ વિશે જાણવાની જિજ્ઞાસા હતી. જિજ્ઞાસા સંતોષવા પુરુષાર્થ કર્યા પછી તેનું અલ્પસ્વરૂપ સમજાયું છે. આ શરીર છે તેથી ઈન્દ્રિયો છે. ઈન્દ્રિયોના ઉપભોગ વિના પણ આનંદની અનુભૂતિ થાય. તેને શાસ્ત્રો આત્માનું સુખ કહે છે. કબૂતરની પાંખમાં ફસાયેલી પતંગની દોરી કાઢવાથી કે કવિ અને મૂર્તિકારને પોતાના સર્જનને જોવાથી જે આનંદ પ્રાપ્ત થાય તે પરમ આનંદ હોય છે. ઘણાને આ સુખ દાઢમાં ભરાઈ જાય છે. તેઓને ઈન્દ્રિયોના સુખ ફિક્કા લાગે છે. તે ધીમે ધીમે તપ, સંયમ, અનુકંપા અને ક્ષમા કરતો જાય છે. ઈન્દ્રિયોના સુખોને તજીને કષાય, પ્રમાદ, અને મિથ્યાત્વના દ્વાર બંધ કરતો જાય છે. આત્મા પર લાગેલા ઘાતી કર્મોનો નાશ થાય છે. આત્મા શુદ્ધ થાય છે પણ તેના પર હજી દેહ હોય છે. આયુષ્ય પૂર્ણ થાય પછી ચાર અઘાતી કર્મો નાશ પામે છે. તે આત્મા લોકના અગ્રભાગે સ્થિર થાય છે તેને મોક્ષ કહે છે. તેમાં કોઈની કૃપા નથી, આત્મા સ્વયં પુરુષાર્થ કરે છે. તેમાં ભવોના ભવ લાગી જાય છે. આ ચરમ નિવૃત્તિ છે. આ સિદ્ધાત્માઓએ આઠ કર્મોની નિર્ઝરા કરી છે. સિદ્ધાત્માને કોઈ સ્વરૂપ હોતું નથી. સિદ્ધશીલા પર અનેક સિદ્ધાત્મા હોવા છતાં બધા તેમાં સમાઈ જાય છે. તેઓ આયુષ્ય કર્મનો ક્ષય કરે છે. આ ગુણને લીધે સિદ્ધાત્માને પાછું આવવું પડતું નથી. તેઓનો સહુથી મહત્ત્વનો ગુણ વેદનીય કર્મનો ક્ષય છે. જગતના બધા જીવોના સુખનો ગુણાકાર કરીએ તો પણ તે સિદ્ધાત્માના સુખનો એક અંશ પણ નથી.

(ડૉ. છાયાબહેન શાહે વર્ષ ૨૦૦૪માં પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. ખૂબ જ નાની વયે 'અગર મૈં વડાપ્રધાન હોતા' એ વિષય ઉપર ઉત્તમ નિબંધ લખવા બદલ તેમને તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરુને હસ્તે પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. તેમણે 'નવકારમંત્ર : એક અધ્યયન' અને 'દીવાદાંડીને અજવાળે' એ બે પુસ્તકો લખ્યા છે.)

કાંયોત્સર્ગ શિબિર માટે પ્રાપ્ત અનુદાન

રૂપિયા	નામ
૫૦૦૦	હેમન્ત ટુલ્સ પ્રા. લી. હસ્તે : યતિનભાઈ જવેરી
૩૦૦૦	એક ભાઈ તરફથી
૨૧૦૦	એક બહેન તરફથી
૧૦૦૧	નિપુણાબેન રજનીકાંતભાઈ શાહ
૧૦૦૦	પ્રકાશ ડી. શાહ
૧૦૦૧	કુસુમબેન ભગવાનદાસ દોશી
૫૦૦	નીરૂબહેન સુબોધભાઈ શાહ
૫૦૦	રમાબહેન જે. વોરા
૫૦૦	સુરેખાબેન શાહ
૫૦૧	સુર્યાબેન પ્રતાપ
૫૦૦	ચંદ્રિકાબેન કુંભાણી
૫૦૦	હેમંતિબેન જવેરી
૫૦૦	એક બહેન તરફથી
૫૦૦	એક બહેન તરફથી
૫૦૦	એક બહેન તરફથી
૧૦૧	મધુરીબેન
૧૦૧	રજનીકાન્ત મોદી
૧૭૮૦૫	

વિચરતા સમુદાય સમર્થન મંચ

(આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

૫૦૪૬૫૫૮	આગળનો સરવાળો નવે. '૧૧
૫૦૦૦	સુરેખા મહેશ શાહ
૫૦૦૦	સુધા જયગોપાલ ખન્ના
૫૦૦૦	પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, વલસાડ બંધુ ત્રિપુટી
૫૦૦૦	ગુરૂદેવ શ્રી ગુણભદ્ર વિજય સ્મારક ટ્રસ્ટ બંધુ ત્રિપુટી
૫૦૦૦	જેને ટેક લેબોરેટરીઝ લિ.
૫૦૭૧૫૫૮	

સુધારો :

૧૦૦૦૦૦	પુષ્પસેન ઝવેરીના બદલે પુષ્પાબેન ઝવેરી છપાયું હતું તે માટે અમે દિલગીર છીએ.

પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ

રૂપિયા	નામ
૧૩૭૮૯૫૭	આગળનો સરવાળો ઑક્ટો. '૧૧
૩૦૦૦૦	શ્રીમતિ ચંદ્રાબેન પીયૂષભાઈ કોઠારી
૩૦૦૦	શ્રીમતિ વર્ષા આર. શાહ
૫૦૦૦	એક બહેન તરફથી
૫૦૦૦	શ્રીમતિ કેતકી ડી. વિશરીયા
૩૦૦૦	શ્રીમતિ સુવર્ણાબેન
૧૦૦૦	શ્રી કનૈયાલાલ એચ. બક્ષી
૧૦૦૦	શ્રીમતિ મિતા શાહ
૧૪૨૬૯૫૭	

પ્રબુદ્ધ જીવન સૌજન્ય

રૂપિયા	નામ
૨૦૦૦૦	શ્રી લક્ષ્મીકાન્તભાઈ જે. શાહ

આજીવન સભ્ય પૂરક રકમ તેમજ નવા સભ્યો

રૂપિયા	નામ
૧૨૭૦૨૭૮	આગળનો સરવાળો ઑક્ટો. '૧૧
૨૫૦૦	ભૂપેન્દ્ર આર. શાહ
૫૦૦૦	વિનિત પ્રકાશ શેઠ (નવા)
૧૨૭૭૭૭૮	

* * *

● અભિમાની સાધુ કરતાં પશ્ચાતાપ કરીને પ્રભુથી ક્ષમા યાચનારો પાપી વધુ સારો છે.
❑ સેનેકા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : કાર્યવાહક સમિતિ ૨૦૧૧–૨૦૧૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૧૯–૧૧–૨૦૧૧ના રોજ તથા કાર્યવાહક સમિતિની સભા શુક્રવાર તા.૦૯-૧૨-૨૦૧૧ના મારવાડી વિદ્યાલય, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ મધ્યે મળી હતી. જેમાં સને ૨૦૧૧–૨૦૧૨ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, કોપ્ટ તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

હોદ્દેદારો

પ્રમુખ:
શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ
ઉપપ્રમુખ:
શ્રી નિતીનભાઈ કાંતિલાલ સોનાવાલા
મંત્રીઓ:
શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ
ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ
સહમંત્રી :
શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ
કોષાધ્યક્ષ :
શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી

સમિતી સભ્યો

શ્રી લલિતભાઈ પોપટલાલ શાહ
શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ
શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી
શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ
કુ. વસુબહેન ચંદુભાઈ ભણશાલી
કુ. મીનાબહેન શાહ
શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ
શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા
શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા
શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ
શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી
શ્રી પ્રેમળભાઈ એન. કાપડિયા
શ્રી પ્રવીણભાઈ કે. શાહ
કુ. રેશમા બી. જૈન

કો–ઓપ્ટ સભ્યો

શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ
શ્રી શૈલેષભાઈ હિંમતલાલ કોઠારી
શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા
શ્રી શાંતિલાલ મંગળજી મહેતા
શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ
શ્રી પન્નાલાલ કે. છેડા

નિમંત્રિત સભ્યો

શ્રી ભરતભાઈ મેઘજીભાઈ મામણિયા
શ્રી કાકુલાલ છગનલાલ મહેતા
શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા
શ્રીમતી શૈલજાબહેન ચેતનભાઈ શાહ
શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ
કુ. યશોમતીબહેન શાહ
શ્રીમતી કલાવતી શાંતિલાલ મહેતા
શ્રી મહેન્દ્રભાઈ શામજીભાઈ ગોસર
શ્રી શાન્તિભાઈ કરમશીભાઈ ગોસર
શ્રી માણેકલાલ એમ. સંગોઈ
શ્રી પ્રકાશભાઈ જીવનચંદ ઝવેરી
શ્રીમતી રેણુકા જિનેન્દ્ર પોરવાલ
શ્રી મનીષ મોદી

પુસ્તકનું નામ : **તિમિરનો વિચ્છેદ**
લેખક : **દિલીપ આર. પંચમીયા**
પ્રકાશક : દિલીપ આર. પંચમીયા
બી-૧/૬, ગોલ્ડન રોક, સુંદરનગર, કલીના, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૮.
મૂલ્ય : રૂા. ૩૦૦/-, પાના : ૧૯૦, આવૃત્તિ : પ્રથમ–૨૦૧૧.

લેખક દિલીપ પંચમીયા લેખિત 'તિમિરનો વિચ્છેદ' એક નવલકથાનું પુસ્તક છે. લેખક પોતે આ પુસ્તકને નવલિકા કહે છે.

કોઈપણ વ્યક્તિના જીવન દરમ્યાન જે જે વ્યક્તિઓએ પ્રભાવ પાડ્યો હોય તે દરેક તેના વિકાસમાં ભાગીદાર હોય છે. લેખકના જીવનમાં પણ તેમના સંપર્કમાં આવેલ વ્યક્તિઓનો પ્રભાવ એમના જીવન પર પડ્યો. આવા પ્રભાવ પડેલા પ્રસંગો અને કાર્યો તથા ઘટનાઓને એક વાર્તાનું સ્વરૂપ આપી મિત્રો સમક્ષ આ પુસ્તક દ્વારા મૂક્યા છે. આ પુસ્તકમાં સ્થાન પામેલ દરેક પ્રસંગ જીવનની વાસ્તવિકતાથી દૂર નથી.

લેખકની ખૂબી એ છે કે દરેક ઘટનાઓને એવી રીતે આલેખી છે કે વાચક એ પ્રસંગોમાં પોતે એકરૂપ થઈ જાય છે. ભાષા સરળ છે. જ્ઞાનપિપાસુ લેખકે આ પુસ્તકમાં વિવિધ સામાજિક પરિસ્થિતિઓને જોવા તથા સમજવા માટેના દૃષ્ટિબિંદુનું અનાવરણ કર્યું છે.

વાચકને પ્રેરણા આપે તેવું આ નવલ-નવલિકાનું પુસ્તક ગુજરાતી સાહિત્યક્ષેત્રે આવકાર્ય છે.

X X X

પુસ્તકનું નામ : **હા, પસ્તાવો વિપુલ ઝરણું**
લેખક : **ડૉ. રશ્મિભાઈ ઝવેરી**
પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રીસર્ચ સેન્ટર-ઘાટકોપર અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર.
મો.: ૯૮૨૦૨૧૫૫૪૨
Email:gunvantbarvalia.@gmail.com
મૂલ્ય : રૂા. ૨૦૦/-, પાના : ૨૩૨, આવૃત્તિ : પ્રથમ-૨૦૧૧.
પ્રાપ્તિસ્થાન : ડૉ. રશ્મિભાઈ ઝવેરી, ૨૬૬–અર્હમ્, રોડ નં. ૩૧, સાયન (ઈ), મુંબઈ.
ફોન નં. : ૯૮૨૧૬૮૧૦૪૬.
Email::rashmizaveri@yahoo.co.in

આ પુસ્તક 'હા પસ્તાવો વિપુલ ઝરણું'માં ગ્રંથસ્થ થયેલા લેખો દ્વારા ડૉ. રશ્મિભાઈ ઝવેરીના વિચારો, ચિંતન, મનન અને નિદિધ્યાસન કરતાં જીવનને સાચી દિશા બતાવે છે. લેખક સરળ અને પ્રભાવી ભાષા દ્વારા નીતિ, સદાચાર અને ધર્મના પાઠ સુંદર રીતે ભણાવે છે.

આ પુસ્તકમાં લેખોનું વૈવિધ્ય છે. ગંભીર વિષયના લેખો, કાવ્યવિવેચન, બોધકથાઓ, આગમકથાઓ, પ્રાસંગિક લેખો, તંત્રી લેખો, જૈન સિદ્ધાંતો, તાત્ત્વિક લેખો, વૈરાગ્યની ભાવનાઓ, સામાજિક તથા પારિવારિક જીવન પરના લેખો, રશ્મિભાઈ ઝવેરીએ વિવિધ પાક્ષિકો-માસિકો તથા અખબારોમાં પ્રગટ કરેલા તેનું સંકલન આ પુસ્તકમાં છે.

આ પુસ્તકના પાને પાને સંયમ ધર્મ, અધ્યાત્મ અને સુધારણાના ભાવો પ્રગટ થાય છે.

ડૉ. રશ્મિભાઈના આ લેખો સમાજચિંતન અને ધર્મચિંતનની સરિતાના મીઠા જળનું પાન વાચકને કરાવે છે.

X X X

પુસ્તકનું નામ : **મહાવીર દર્શન**
લેખક/કવિ : **શાંતિલાલ શાહ**
પ્રકાશક : **રાજેન્દ્ર ઝવેરી**
૬૨, ઝવેરી હાઉસ, ૧લે માળે, એન. એસ. પાટકર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
મો.:૯૮૨૦૦૬૭૬૧૫
મુખ્ય વિક્રેતા : હેમંત ઠક્કર, એન.એમ.ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૧૮.
મૂલ્ય : રૂા. ૧૦૦/-, પાના : ૮૨, આવૃત્તિ-૩, સં. ૨૦૬૭.

શ્રી શાંતિલાલ શાહનું સમગ્ર જીવન સંગીત ક્ષેત્રે વ્યતીત થયું છે. તેઓએ અસંખ્ય સ્વરચિત સ્તવનો રચીને તથા જૈન કથાગીતો સંગીતના સૂરોમાં સ્વકંઠે ગાઈને જૈન તથા જૈનેતરોના હૃદયમાં અનોખું અને આદરભર્યું સ્થાન મેળવ્યું છે.

આ પુસ્તકમાં શાંતિભાઈએ રચેલી રચનાઓ જૈનોના ચારેય ફિરકાઓમાં પ્રચલિત છે. શાંતિભાઈની આ રચના પાછળનો મુખ્ય ધ્યેય એ હતો કે જૈનોના જુદા જુદા સંપ્રદાયો એક છત હેઠળ એકઠા થાય અને જૈન ધર્મ તથા ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો પ્રચાર અને પ્રસાર સાચા અર્થમાં થાય.

શાંતિભાઈની આ રચનાઓ તેમના કંઠે જેણે માણી હતી તેઓ તેમને ક્યારેય ભૂલી શકે નહિ એવો મધુર તેમનો કંઠ હતો. હજારો લોકો તેમને સાંભળવા માટે એકઠા થતાં હતાં. સરળ શબ્દો દ્વારા જૈન ધર્મની આ રચનાઓ શ્રોતાઓને આજેય મંત્રમુગ્ધ કરી દે છે. જૈનોમાં કથાગીતોનો પ્રારંભ કરનાર શાંતિભાઈ પ્રથમ હતા.

શાંતિભાઈ દ્વારા રચિત 'મહાવીર દર્શન'ની રચનાઓ ભાવાત્મક શબ્દોના પ્રાસ અને કથાને અનુરૂપ ગીતોનો સુમેળ કાવ્યને ગેયતા બક્ષે છે.

X X X

પુસ્તકનું નામ : **સોના ભાઈ માનભાઈ**
સંપાદન : **મીરા ભટ્ટ**
પ્રકાશક : **શિશુ વિહાર**
કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧.
મૂલ્ય : રૂા. ૫૦/-, પાના : ૨૪૦, આવૃત્તિ ૧, ઑગસ્ટ-૨૦૦૭.

માનભાઈ ભટ્ટ ત્યાગ અને વૈરાગ્યની મૂર્તિ હતા. તેઓ સાદા અને તપસ્વી હતા. તેઓ પરોપકારી જીવન જીવ્યા. તેમના દૈનિક જીવનમાં મહાત્મા ગાંધીજીના ઉપદેશનો ઘણો પ્રભાવ હતો, તેમને બાળકો માટે વિશેષ પ્રેમ હતો.

ઑગસ્ટ-૨૦૦૭ થી ૨૦૦૮નું વર્ષ માનભાઈ ભટ્ટનું શતાબ્દી વર્ષ હતું. શતાબ્દી વર્ષ નિમિત્તે આ સ્મરણ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો હતો.

માનભાઈ અનેક માનવીઓ સાથે વિવિધ રીતે જોડાયેલા હતા. તેથી સંબોધન માટે 'ભાઈ' શબ્દ સ્થિર થયો. સંપાદક મીરા ભટ્ટે સપ્તપદીની રચના કરી તેમના વિશે લખાયેલા લેખોને સાત વિભાગમાં વિભાજિત કર્યા છે અને શતાબ્દી નિમિત્તે સો લેખોને સમાવ્યા છે. (૧) પારિવારિક જનોના લેખો, (૨) ઘડતર અને ચણતર, (૩) પાડોશીઓના લેખો, (૪) વિવિધ સાથીઓના લેખો, (૫) સામાજિક ક્ષેત્રે આપેલા યોગદાનના મહિમાવાળા લેખો, (૬) અંતરંગ ચરિત્ર, (૭) સાહિત્ય-સંગીતની કળાના પ્રયાસો.

આ લેખોમાં માનભાઈ ભટ્ટનું આગવું સ્પંદન છે. સો વર્ષના દીર્ઘ જીવનપટ પર વસેલાં

સર્જન-સ્વાગત

❑ ડૉ. કલા શાહ

તીર્થધામોનું વર્ણન છે. આવા પૂજનીય અને વંદનીય માનભાઈ ભટ્ટનો આ સ્મરણ ગ્રંથ તેમના સરળ, સાદા, પ્રેમાળ અને પરોપકારી વ્યક્તિત્વના ચિત્રણ દ્વારા પ્રેરણા આપે તેવો ગ્રંથ બન્યો છે.

X X X

પુસ્તકનું નામ : **શબ્દના આકાશમાં કૂદકો**
કવિ/લેખક : **સંસ્કૃતિરાણી દેસાઈ**
પ્રકાશક : **રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૧૦૦૮૧-૬૪.
ફેક્સ : ૦૭૯ ૨૨૧૪૬૧૦૯.
મૂલ્ય : રૂા. ૮૫/-, પાના : ૯૨,
પ્રથમ આવૃત્તિ- ૨૦૧૦.

સંસ્કૃતિરાણીનો આ બીજો કાવ્યસંગ્રહ છે. જેની બધી જ રચનાઓ અછાંદસ છે. કવિયિત્રીના આ કાવ્યોમાં શબ્દોની સાથે સંવેદનાના રસતંતુઓ ગુંથાયા છે જેમાં ઊંડાણ અને અગાધ-અપાર વ્યાપ છે. આ સંગ્રહના કાવ્યો સંસ્કૃતિરાણીના આત્મસંવેદનાના નકશા જેવા લાગે છે, જેમાં કલ્પનરસિત અભિવ્યક્તિ છે. તેમની અભિવ્યક્તિમાં ક્યાંક એકાંકીપણું, રૂક્ષતા કે સંદિગ્ધા છતાં કલ્પનાલીલાની સ્ફૂર્તિ છે.

સંસ્કૃતિરાણીની આ રચનાઓમાં એક નવા જ પ્રકારની તાજગી જોવા મળે છે. એ તાજગી કેવળ શબ્દરમતમાંથી જ નથી આવી પણ એ તો શબ્દબ્રહ્મમાંની શ્રદ્ધામાંથી આવી છે.

કવિ રાજેન્દ્ર શાહ આ કાવ્યસંગ્રહ માટે લખે છે-'તારી કવિતામાં સર્જન પ્રક્રિયાનો આવેગ છે ને સાથે તરંગાન્વિત કલ્પના-આવેગ-ધગશ તો ઉત્સાહનું જ સ્વરૂપ-એટલે ઉત્સાહ તને આગળ ને આગળ પ્રેરશે એ સ્વાભાવિક છે.'

'શબ્દના આકાશમાં કૂદકો' કાવ્યસંગ્રહ દ્વારા સંસ્કૃતિરાણીએ નિજનો રાણી છાપ સિક્કો સિદ્ધ કર્યો છે.

X X X

પુસ્તકનું નામ : **સર્વોદયના ૧૦૦ વરસ–એક દૃષ્ટિપાત**
લેખક : **કાન્તિ શાહ**
પ્રકાશક : **પારુલ દાંડીકર**
યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગલાજ માતાની વાડીમાં, હજરત પાગા, વડોદરા–૩૯૦ ૦૦૧.
ફોન (૦૨૬૫) ૨૪૩૭૯૫૭.
મૂલ્ય : રૂા. ૫૦/-, આવૃત્તિ પ્રથમ- ૨૦૧૧.

'સર્વોદય' ગાંધી-દીધો એક નવી વિચારણાનો શબ્દ છે. આ શબ્દમાં સર્વે સુખી થાઓ-સર્વનું હિત થાઓ એવી ભાવના વણાયેલી છે.

સર્વોદયની વિચારધારાનો ઉદ્‌ભવ ૧૯૦૮માં થયો ત્યારથી સાત-સાત દાયકા સુધી તેનું આંદોલન ચાલ્યું. ત્યાર પછીના ત્રણ દાયકામાં લોક-જાગૃતિ માટેના છૂટા-છવાયા પ્રયાસો થતા રહ્યા. સર્વોદય ક્યારેય નરી વિચારધારા નથી રહી પણ તેમાં કર્મયોગ-વ્યાપક લોક-સહયોગ સાથે ચાલતા રહ્યા. એ દર્શનને સમાજ જીવનમાં ઉતારવા એક આરોહણ થઈ રહ્યું છે.

આ પુસ્તકમાં સર્વોદય આરોહણના અત્યાર સુધીના ૧૦૦ વરસનું વિહંગાવલોકન લેવાનો અહીં પ્રયાસ થયો કે સર્વોદય આરોહણનો ઉદ્‌ગમ વીસમી સદીના આરંભે એક ભૌતિકવાદી ફિલસૂફીની ગતિવિધિના સંદર્ભમાં થયેલો. આજે પણ એ જ સંદર્ભ કાયમ છે.

સર્વોદય આરોહણને યથાતથ સમજવામાં આ પુસ્તક સહાયરૂપ બને તેમ છે.

X X X

સાભાર સ્વીકાર

(૧) **યોગદૃષ્ટિથી જીવન દૃષ્ટિ બદલીયે**
લેખક : **મુનિ સંયમકીર્તિ વિજય**
પ્રકાશક : **હરસુખભાઈ ભાયચંદભાઈ મહેતા પરિવાર**
૨૦૩, વાલકેશ્વર રોડ, પેનોરમા, છઠ્ઠો માળ, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૨૩૬૯૦૬૦૩ / ૨૩૬૯૦૬૦૮.

(૨) **દરિયા કિનારાના પ્રશ્નો**
લેખક : **પંક્તિ જોગ**
પ્રકાશક : **યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.**

(૩) **કાવ્યનું સંવેદન**
લેખક : **હરિવલ્લભ ભાયાણી**
પ્રકાશક : **ઈમેજ પબ્લિકેશન પ્રા. લી. મુંબઈ.**
૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.

(૪) **ચિત્રલેખા : પરિચય પુસ્તિકા**
સંકલન : **હિતેન આનંદપરા–ભરત ઘેલાણી**
સંપાદક : **સુરેશ દલાલ,**
પ્રકાશક : પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ-૪૦૦૦૦૨.

(૫) **ઈઝરાયલની ધર્મયાત્રા**
લેખક : **માધવપ્રિયદાસ સ્વામી,** SGVP, છારોડી
પ્રકાશક : **ઈમેજ પબ્લિકેશન પ્રા.લિ.**
૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન : ૨૨૦૦૨૬૯૧/૨૨૦૦૧૩૫૮.

(૬) **તથાપિ**–વર્ષ–૬, અંક–૨૨–૨૩, ડિસેમ્બર-ફેબ્રુઆરી, માર્ચ-મે, ૨૦૧૧
સંપાદક : **જયેશ ભોગાયતા**
પ્રકાશક : **દક્ષા જયેશ ભોગાયતા,** એ-૯, પાર્થ પાર્ક રોડ, રાણેધર મંદિરની પાછળ, વાસણા, વડોદરા-૩૯૦૦૧૨.

(૭) **અનુસંધાન :** ૫૪, ૫૫ અને ૫૬.
સંપાદક : **વિજયશીલચંદ્રસૂરિ**
પ્રકાશક : **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમી શતાબ્દી સ્મૃતિ સંસ્કાર શિક્ષણ નિધિ,** અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૯૮૧.

(૮) **શ્રમણ**–Vol. L XII, નં. ૨, એપ્રિલ-જુન-૨૦૧૧.
તંત્રી : **પ્રો. સુદર્શનલાલ જૈન**
પ્રકાશક : **પાર્શ્વનાથ વિદ્યાપીઠ,** વારાણસી, આઈ.ટી.આઈ. રોડ, કારાઉંડી, બનારસ-૨૨૧૦૦૫. ફોન : ૦૫૪૨-૨૫૭૫૮૯૦.

✷ ✷ ✷

પંથે પંથે પાથેય (પૃષ્ટ છેલ્લાથી ચાલુ)

ગુજરાત સરકાર તરફથી આ સંસ્થાને બે એકર જમીન મળી છે. આ સંસ્થાનું સરનામું છે- સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, જલારામ પેટ્રોલ પંપ સામે, મુળી રોડ, લોક વિદ્યાલયની બાજુમાં, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨.

મુંબઈના શ્રી નવિનભાઈ મણિયાર આ સંસ્થાના પ્રમુખ છે. એમનું સરનામું છે: Mahavir Refractories Corporation, Maker Bhuvan No. 2, 18 New Marine lines, Mumbai-400 020. Phone : 22011742, 22011934.

સેવાભાવી સદ્‌ગૃહસ્થો અને ઉદાર દાતાઓના સહયોગથી આ સંસ્થા ચાલે છે, આ સંસ્થાને ચાલતી રાખવી સમગ્ર સમાજની ફરજ છે. ✷ ✷ ✷

'શાશ્વત' બંગલો, કે.એમ. જૈન ઉપાશ્રય સામે, ઓપેરા સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
ટે.નં. : (૦૭૯) ૨૬૬૧ ૨૫૦૫.



શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત,
જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક
પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની
હૃદય સ્પર્શી પ્રભાવક વાણીમાં

મહાવીર કથા
બે ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૨૫૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)

ગૌતમ કથા
ત્રણ ડી.વી.ડી. સેટ
મૂલ્ય રૂા. ૩૦૦/-
(ડીલીવરી ખર્ચ સાથે)



+ કોઈ પણ એક સેટના દશ સેટ લેનારને એ વિષયની ડી.વી.ડી.નો એક સેટ પ્રભાવના સ્વરૂપે અપાશે.
+ કેળવણી સંસ્થા, દેરાસર અને ઉપાશ્રય માટે ૨૦% ડિસ્કાઉન્ટ
+ ધર્મ પ્રચાર અને નવા વરસ કે શુભ પ્રસંગે ભેટ આપવા માટે કોઈ પણ વિષયના એક સાથે ૫૦ સેટ લેનારને ૫૦% ડિસ્કાઉન્ટ
+ બૅંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ C.D. A/c. No. 0039201 000 20260 માં રકમ ભરી અમને એ સ્લીપ સાથે આપનું નામ, સરનામું જણાવો એટલે આપને ઘેર બેઠાં આ ડી.વી.ડી. પ્રાપ્ત થશે.

મિત્રો અને પરિવારને જ્ઞાનની આ ભેટ અર્પણ કરી જ્ઞાન કર્મનું પુણ્ય પ્રાપ્ત કરો.

પરિવાર અને મિત્રો સાથે બેસી આ 'મહાવીર કથા' અને 'ગૌતમ કથા'નું ડી.વી.ડી. દ્વારા દર્શન-શ્રવણ કરી સમૂહ સ્વાધ્યાય અને સામાયિકનું પુણ્ય કર્મ પ્રાપ્ત કરો.

મિત્રો, પરિવારને ભેટ આપવા માટે આથી વધુ ઉત્તમ શું હોઈ શકે ?

ડૉ. કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાન ભૂમિનું આત્મ સ્પર્શી દર્શન કરાવશે જ.

વસ્તુ કરતા વિચારદાન શ્રેષ્ઠ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	સાંપ્રત સમાજ દર્શન	૨૭૦
૭	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૮	જૈન આચાર દર્શન	૩૦૦
૯	જૈન ધર્મ દર્શન	૩૦૦
૧૦	ગુર્જર ફાગુ સાહિત્ય	૧૦૦
૧૧	જિન વચન	૨૫૦
૧૨	જિન તત્ત્વ ભાગ-૧	૨૦
૧૩	જિન તત્ત્વ ભાગ-૨	૨૦
૧૪	જિન તત્ત્વ ભાગ-૪	૨૦
૧૫	જિન તત્ત્વ ભાગ-૫	૫૦
૧૮	જિન તત્ત્વ ભાગ-૮	૫૦
૧૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૫	૩૦૦
૨૦	જિન તત્ત્વ ભાગ-૬ થી ૯	૨૪૦
૨૧	વીર પ્રભુના વચનો ભા. ૧	૮૦
૨૨	વંદનિય હૃદયસ્પર્શ –	૫૦
૨૩	વંદનિય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૨૪	શાશ્વત નવકાર મંત્ર	૧૫૦
૨૫	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૫	૧૫૦
૨૬	પ્રભાવક સ્થવિરો ભાગ-૧ થી ૬	૩૫૦
૨૭	પ્રભાવક સ્થવિરો ભાગ-૧	૨૦
૨૮	પ્રભાવક સ્થવિરો ભાગ-૨	૨૦
૨૯	પ્રભાવક સ્થવિરો ભાગ-૩	૨૦
૩૦	પ્રભાવક સ્થવિરો ભાગ-૪	૨૦
૩૨	નમો તિત્થરસ	૧૪૦
૩૩	જ્ઞાનસાર	૧૦૦
૩૪	પાસપોર્ટની પાંખે ભાગ-૧	૧૫૦
૩૫	પાસપોર્ટની પાંખે ભાગ-૨	૧૫૦
૩૬	પાસપોર્ટની પાંખે ભાગ-૩	૨૦૦
૩૭	ન્યૂ ઝીલેન્ડ (પુસ્તિકા)	૬
૩૮	બેરરથી બ્રિગેડિયર	૬૦
૩૯	ઑસ્ટ્રેલિયા	૬
૪૧	સાંપ્રત સહચિંતના ભાગ-૪	૨૫
૪૨	સાંપ્રત સહચિંતન ભાગ-૫	૨૫
૪૩	સાંપ્રત સહચિંતન ભાગ-૬	૨૫
૪૫	સાંપ્રત સહચિંતન ભાગ-૮	૨૫
૪૬	સાંપ્રત સહચિંતન ભાગ-૯	૨૫
૪૭	સાંપ્રત સહચિંતન ભાગ-૧૦	૨૫
૪૮	સાંપ્રત સહચિંતન ભાગ-૧૧	૩૦
૪૯	સાંપ્રત સહચિંતન ભાગ-૧૨	૫૦
૫૦	સાંપ્રત સહચિંતન ભાગ-૧૩	૮૦
૫૧	સાંપ્રત સહચિંતન ભાગ-૧૪	૮૦
	પ્રો. તારાબેન ર. શાહ લિખિત	
૫૩	શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા)	૪
૫૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૫૫	આર્ય વજ્રસ્વામી	૧૦
૫૬	આપણા તીર્થંકરો	૧૦૦
૫૭	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૫૮	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. બિપિનચન્દ્ર જી. કાપડિયા લિખિત	
૫૯	જૈન ધર્મના પુષ્પ ગુચ્છ	૧૦૦
૬૦	જૈન ધર્મના સ્વાધ્યાય સુમન	૧૦૦

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57.
Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month + Regd. No. MH / MR / SOUTH-146 / 2009-11

માબાપથી તરછોડાયેલી એ દીકરીઓનું આ શ્રયસ્થાન

□ અવંતિકા ગુણવંત

આ વાત છે, કંચનની-કાલાસર ગામમાં જન્મેલી કંચનની. કંચન દોઢ વર્ષની હતી ત્યારે એને ઓરી નીકળ્યાં અને એની બન્ને આંખોનાં તેજ આથમી ગયાં. કંચન ઊભી થઈને દોડે, દુનિયાને ઓળખે એ પહેલાં તો એ અંધકારથી ઘેરાઈ ગઈ.

કંચન ત્રણ વરસની હતી ત્યારે એની માને તાવ આવ્યો, સખત તાવ અને આંચકીમાં એ એવી સપડાઈ કે એનું મૃત્યુ થયું. કંચન પર બીજો જોરદાર ફટકો પડ્યો ત્યારે કંચનના ઘરમાં એનાથી એક મોટી બહેન હતી જે દસ વર્ષની હતી. એ બહેનના માથે ઘરની બધી જવાબદારી આવી પડી. કંચનના વૃદ્ધ દાદા ઘરનું ધ્યાન રાખતા હતા. આમ ભારે તકલીફમાં દિવસો વીતતા હતા.

હવે કંચનની મોટીબહેનના લગ્ન થયા પછી તો દાદાના માથે ઘરનો બધો ભાર આવી પડ્યો. દાદા ખૂબ લાગણીવાળા હતા પણ વૃદ્ધત્વના કારણે કારણે એમની શક્તિ ઓસરતી જતી હતી, કંચનને તેઓ સાચવી શકતા ન હતા. ત્યાં દાદાએ સુરેન્દ્રનગરની 'સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ' સંસ્થા વિશે સાંભળ્યું.

દાદાએ કંચનને એ સંસ્થામાં દાખલ કરી ત્યારે કંચનની ઉંમર હતી બાર વરસની. અહીંની બીજી અંધ છોકરીઓ પોતાનાં કામ પોતાની જાતે કરવા કેળવાયેલી હતી, તેઓ તદ્દન પરવશ ન હતી પણ કંચનને તો નહાવાની, વાળ ઓળવાની કે ખાવાની કંઈ સમજ પડતી ન હતી.

સંસ્થામાં આવતા ડૉક્ટરે કહ્યું કે કંચન માત્ર અંધ નથી પણ એ મંદબુદ્ધિની પણ છે તેથી કયું કામ ક્યારે કરવું, કેવી રીતે કરવું એ બધું શીખતાં એને વાર લાગશે. ડૉક્ટરના મોંએ પોતાના સંતાન વિશે આવો રિપોર્ટ સાંભળે તો કોઈપણ માની છાતીના પાટિયાં બેસી જાય.

પણ આ સંસ્થાના સંસ્થાપક મુક્તાબહેન ડગલી હિંમત હારે એવાં નથી. અત્યંત પ્રેમ અને સમજણપૂર્વક તેઓ કંચનને કેળવવા માંડ્યાં. અત્યારે સંસ્થામાં જેટલી દીકરીઓ છે એ બધીને મુક્તાબહેન પોતાની દીકરીઓ જ ગણે છે. મુક્તાબહેને પોતે પણ શૈશવાવસ્થામાં પોતાની આંખનું નૂર ગુમાવ્યું છે. અંધાપાને લીધે પડતી મુશ્કેલીઓનો તેઓને જાત અનુભવ છે.

તેઓ કહે છે કે મારી આ અઢીસો દીકરીઓના અંધાપાનું બધું દુઃખ પરમાત્મા જો મને આપે તો આ બધાનું દુઃખ હું લઈ લઉં અને પરમાત્માને વીનવું કે હવે મારી કોઈ દીકરીને અંધ ન બનાવીશ.

કંચન મુક્તાબહેનના પ્રેમભર્યા પ્રયાસોના કારણે જાતે નહાતાં, નાહ્યા પછી ધોયેલાં કપડાં પહેરતાં અને વાળ ઓળતાં શીખી. કંચન જાતે પોતાના મેલાં કપડાં ધોતાં શીખી. હૂંફાળા પાણીમાં સાબુની ભૂકી નાખી, ફીણ ચડાવીને કપડાં બોળીને અડધા પોણા કલાક કપડાં પલળવા દઈને ધોવાની કંચનમાં સમજ આવી.

પ્રેમ એવું અદ્‌ભુત રસાયણ છે કે મંદબુદ્ધિવાળા ય બુદ્ધિપૂર્વક કામ કરતાં થઈ જાય.

આ સંસ્થામાં જેટલી દીકરીઓ છે, એ સર્વની પોતાની અલગ કહાની છે. સુલુ જન્મથી જ બંને આંખે અંધ છે. એ બાર દિવસની થઈ એ દિવસે જ એની મા એને મુંબઈના વાત્સલ્યધામ આશ્રમમાં મૂકી ગઈ હતી. આશ્રમના કાર્યકરોને ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે સુલુની આંખો તો રોશનીહીન છે. સાથે સાથે એ મૂંગી અને મંદબુદ્ધિની છે. સુલુ આઠ વર્ષની થઈ ત્યારે વાત્સલ્યધામના સંચાલકે વિચાર્યું કે કોઈ અંધશાળામાં સુલુને મૂકવામાં આવે તો એનો એની ઉંમર વધવાની સાથે વિકાસ પણ થાય. પરંતુ સુલુ અંધ મૂંગી અને મંદબુદ્ધિવાળી હતી તેથી મુંબઈની કોઈપણ સંસ્થા એને રાખવા તૈયાર ન થઈ. સુલુ મંદબુદ્ધિવાળી હતી તેથી એનું કોઈ કામ એ જાતે કરી શકતી ન હતી.

વાત્સલ્યધામ આશ્રમના સંચાલકે મુંબઈ બહારની સંસ્થાઓમાં તપાસ કરી તો છેવટે સુરેન્દ્રનગરની સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજમાં સુલુને સ્થાન મળ્યું.

સુલુને સંડાસબાથરૂમની ય ખબર પડતી નહિ. સુલુની સંભાળ લેવાની (જવાબદારી) હિના અને નીલમને મુક્તાબહેને સોંપી.

પંથે પંથે પાથેય...

સુલુ અગિયાર વર્ષની થઈ તોય જાતે ખાઈ શકતી નહિ. દાળભાત કે ખીચડી-દૂધને ખૂબ ચોળીને એકરસ બનાવીને ગીતાબહેન એને જમાડતા. બીજા કોઈ અજાણ્યાના હાથે સુલુ જમતી નથી. જમવાનો સમય થાય ત્યારે ગીતાબહેન માના હેતથી સુલુનો હાથ પકડીને જમવા લઈ જાય. ખાતી વખતે સુલુનું મોં બહુ ખૂલતું નથી તેથી તેને દૂધ અથવા તો દાળભાત જેવું અર્ધપ્રવાહી ખાઈ શકે છે. સુલુને ચાલવું જરાય ગમતું નથી, એ આખો દિવસ એક ઠેકાણે બેસી જ રહે છે તેથી તેને ખાધેલું પચતું નથી અને ગેસ ચડે છે. તે સીધી ટટ્ટાર ઊભી પણ રહેતી નથી.

સુલુ સ્વભાવે જિદ્દી છે, એનું ધાર્યું ન થાય ત્યારે તે મોટે મોટેથી રડે છે, અને ત્યારે એના મોંમાંથી લાળ પડવા લાગે છે. અને ચીકણી ચીકણી લાળ ટપકતી જોઈને સામાન્ય રીતે આપણને બધાંને સૂગ ચડે, પણ આ સંસ્થાના પ્રેમાળ લોકો તો પ્રેમથી સુલુને પંપાળીને શાંત રાખવા પ્રયત્ન કરે છે.

એક સ્થાયી ફરિયાદ છે કે આજકાલ માબાપ પોતાના બાળકને ધીરજથી પ્રેમથી સમય આપતા નથી, બાળકને સમજવાના બદલે ઘાંટાઘાંટ કરી મૂકે છે જ્યારે અહીંના કર્મચારીઓ સુલુ અને અન્ય સર્વ બાળકીની પ્રેમથી સંભાળ લે છે.

વધારે સમજદાર બાળકીઓ ઓછી સમજદાર બાળકીની પ્રેમથી સંભાળ લે છે. આખી યે સંસ્થા એક પ્રેમાળ પરિવારની જેમ રહે છે. જે દીકરીઓને એમના સગા માબાપ ત્યજી દે છે એવી દીકરીઓને આ સંસ્થામાં માનો પ્રેમ મળે છે, ઘરની હૂંફ અને સલામતી મળે છે અને એ બાળકી વિકાસ સાધે છે. એ કંઈક બને છે, અને એનું જીવન સુખના પંથે આગળ વધે છે.

૧૯૯૬માં સુરેન્દ્રનગરમાં આ સંસ્થા શરૂ થઈ. બહેનોને રહેવા, જમવા, કપડાં, તબીબી સારવાર અને શૈક્ષણિક સુવિધા કોઈપણ મૂલ્ય ચૂકવ્યા વગર એમને મળે છે. આ સંસ્થામાં તૈયાર થયેલી દીકરીઓના લગ્ન કરાવાય છે, અને પછી પણ તેમની સંભાળ લેવાય છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૩૪મું)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Nirooben Subhodbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.